S'RĪMAD APPAYYADĪKṢITA'S

# SIDDHĀNTALEŚASAṄGRAHA

L. D. SERIES 114

GENERAL EDITORS

Dr. R S. BETAI

Dr. Y. S. SHASTRI

TRANSLATED BY

Dr ESTHER A. SOLOMON

L. D. INSTITUTE OF INDOLOGY, AHMEDABAD-380009

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

S'RĪMAD APPAYYADĪKṢITA'S

# SIDDHĀNTALES'ASAṄGRAHA

L. D. SERIES 114

GENERAL EDITORS

Dr. R. S. BETAI

Dr. Y. S. SHASTRI

TRANSLATED BY

Dr. ESTHER A. SOLOMON

L. D. INSTITUTE OF INDOLOGY, AHMEDABAD-380009

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

*Published by :*

**Dr. R. S. Betai**
Acting Director,
L. D. Institute of Indology,
Ahmedabad-380 009.

*Printed by :*

**Shri Swaminarayan Mudran Mandir,**
**Pro. K. Bhi. Bhavsar,**
**21, Purushottam Nagar, New Wadaj,**
**Ahmedabad-380 014.**

**FIRST EDITION**
**May, 1990**

**PRICE RUPEES** Rs 95 P =

L. D. Ins... 180 -=

**Published with the financial assistance of the Gujarat Sahitya Academy, Government of Gujarat, Gandhinagar.**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

श्रीमदप्पय्यदीक्षितविरचितः

# सिद्धान्तलेशसङ्ग्रहः

अनुवादकर्त्री
डॉ. अेस्तेर सोलोमन

प्रकाशक
लालभाई दलपतभाई भारतीय संस्कृति विद्यामंदिर, अहमदाबाद-३८०००९

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# સંપાદકીય

એક અતિ અગત્યનો અને ખ્યાત ગ્રંથ "**सिद्धान्तलेशसङ्ग्रह**" ગુજરાતી અનુવાદ અને વિવરણ સાથે અભ્યાસીઓ સમક્ષ મૂકતાં અમે સૌ ખૂબ આનંદ અનુભવીએ છીએ; આનન્દ વિશેષ એટલા માટે કે આ અનુવાદ તથા વિવરણનું કઠિન અને જવાબદારીભર્યું કામ બહેન શ્રી ડૉ. **એસ્તેરબહેન સોલોમન**ને હાથે થયું. જીવનભર જેમણે તત્ત્વજ્ઞાનનું, દર્શનનું, વેદાન્તનું અધ્યયન-અધ્યાપન કર્યું છે તેવાં **બહેનશ્રી એસ્તેરબહેન સોલોમન** કરતાં વિશેષ અધિકારી આ કામ માટે સંભવતઃ અન્ય કોઈ ન મળી શકે.

અમારી સંસ્થાનાં મૂલ્યવાન પ્રકાશનોમાં આ કૃતિથી એક નોંધપાત્ર વધારો થાય છે. આ સંસ્થા આવાં ઉચ્ચ કક્ષાનાં સંશોધનો તથા ગ્રંથો સતત આપ્યા કરે છે. ગયા વર્ષે અમારા આવા ચાર ગ્રન્થો પ્રગટ થયા. આવા સાત અન્ય ગ્રન્થો હાલ પ્રેસમાં છે, જે આગામી વર્ષમાં પ્રગટ થઈ જશે.

બહેનશ્રી ડૉ. એસ્તેરબહેને આ કામ પૂરું કરી આપ્યું તે બદલ અમે તેમના આભારી છીએ.

આ ગ્રંથના પ્રકાશન માટે ગુજરાત સાહિત્ય એકેડેમીએ સંસ્થાને ઉદાર પ્રકાશન-સહાય આપી છે તે બદલ અમે તેના આભારી છીએ.

**રમેશ બેટાઈ**
**યજ્ઞેશ્વર શાસ્ત્રી**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# આભારદર્શન

શ્રીમદ્ અપ્પય્ય દીક્ષિતના ગ્રંથ '**सिद्धान्तलेशसङ्ग्रह**'નું નામ અન્વર્થ છે કારણ કે તેમાં શ્રીમદ્ શંકરાચાર્યના ઉત્તરકાલમાં વિકસેલી કેવલાદ્વૈત–વેદાંતની પેટા વિચારસરણીઓ તેમ જ તેના મુખ્ય સિદ્ધાન્તોને યુક્તિયુક્ત રીતે સમજાવવાની વિવિધ પ્રક્રિયાઓનું નિરૂપણ છે. "શ્રી લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર"ના અધ્યક્ષશ્રીએ આ ગ્રંથનો ગુજરાતી અનુવાદ (પ્રસ્તાવના અને વિવરણ સાથે) તૈયાર કરવાનું કામ મને સોંપ્યું તે માટે હું અત્યંત આભારી છું. આ કામ કરવામાં મને ખૂબ આનંદ પ્રાપ્ત થયો છે. અચ્યુત કૃષ્ણાનંદની વ્યાખ્યા 'કૃષ્ણાલંકાર' ઉત્તમ કોટિની છે અને તેનો મેં પૂરતા પ્રમાણમાં લાભ લીધો છે, તેમ જ અભ્યાસી વાચકને તે મળે તે જોવાનો પ્રયત્ન કર્યો છે. આ કામમાં મેં ચૌખામ્બા સંસ્કૃત ગ્રંથમાલા, વારાણસીમાં ૧૯૧૬માં પ્રકાશિત પુસ્તકનો ઉપયોગ કર્યો છે. શ્રી સૂર્યનારાયણ શાસ્ત્રીના અંગ્રેજી અનુવાદ (મદ્રાસ યુનિવર્સિટી, ૧૯૩૫) અને શ્રી મૂલશંકર વ્યાસના હિંદી અનુવાદ (અચ્યુત ગ્રંથમાલા, કાશી, સંવત્ ૧૯૯૩)ની પણ મેં મદદ લીધી છે, જેનો આદરપૂર્વક ઉલ્લેખ કરીને મારો આભાર વ્યક્ત કરું છું.

મુ. શ્રી દલસુખભાઈ માલવણિયા, ડૉ. શ્રી નગીનભાઈ શાહ, ડૉ. શ્રી જ્ઞેશ્વર શાસ્ત્રી અને ડૉ. શ્રી રમેશભાઈ બેટાઈએ દાખવેલા સદ્ભાવ માટે હું તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

બનતી ઉતાવળે છાપવાનું કામ ઉત્સાહપૂર્વક અને છતાં ધીરજથી કરવા માટે શ્રીસ્વામિનારાયણ મુદ્રણ મંદિરના સૌ કાર્યકરોનો આભાર માનું છું.

આશા છે કે સૌ રસ ધરાવનાર અભ્યાસીઓને આ ગ્રંથ ઉપયોગી થશે.

એસ્તેર સોલોમન

૩૩, નહેરુનગર,
અમદાવાદ-૩૮૦ ૦૧૫.
તા. ૧૦-૪-૧૯૯૦.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પ્રસ્તાવના

**सिद्धान्तलेशसङ्ग्रहના કર્તા અપ્પય્ય દીક્ષિત —**

અપ્પય્ય દીક્ષિતનો જન્મ કાંચીની નજીકમાં અડયાપ્પલ અગ્રહારમાં થયો હતો. સામાન્ય રીતે તેમનો જીવનકાળ ઈ.સ. ૧૫૨૦–૧૫૯૩ માનવામાં આવે છે, જો કે કેટલાક ૧૫૫૨–૧૬૨૨ માને છે. અપ્પય્ય દીક્ષિતના વંશજ મહાલિંગ શાસ્ત્રી શિલાલેખ, સંપ્રદાય, સાહિત્ય આદિના આધારે તેમનો સમય ઈ.સ. ૧૫૨૦–૧૫૯૩ માને છે.*

અપ્પય્ય દીક્ષિતના પિતામહનું નામ આચાર્ય દીક્ષિત કે આમ્ચાન દીક્ષિત હતું. અપ્પય્ય દીક્ષિતે ન્યાયરક્ષામણિ ગ્રંથમાં પિતામહના નામનો નિર્દેશ કરીને તેમને નમસ્કાર કર્યાં છે—

"आसेतुबन्धतटमा च तुषारशैलादाचार्यदीक्षित इति प्रथिताभिधानम् ।
अद्वैतचित्सुखमहाम्बुधिमग्नभावमस्मत्पितामहमशेषगुरुं प्रपद्ये ॥ "

આચાર્ય દીક્ષિતને વક્ષસ્થલાચાર્ય પણ કહેતા. અપ્પય્ય દીક્ષિતની ચિત્રમીમાંસા કૃતિમાં તેને માટે પ્રમાણ મળે છે. સંદેહાલંકારધ્વનિના સંદર્ભમાં ઉદાહરણ આપતાં કહ્યું છે—यथाऽस्मत्कुलकूटस्थवक्षस्थलाचार्यविरचितवरदराजवसन्तोत्सवे—

काञ्चित् काञ्चनगौराङ्गीं वीक्ष्य साक्षादिव श्रियम् ।
वरदः संशयापन्नो वक्षःस्थलमवैक्षत ॥

આ બિરુદ તેમને વિજયનગરના રાજા કૃષ્ણરાજે આપેલું એમ મનાય છે. એમ કહેવાય છે કે વિજયનગરના રાજા પત્ની અને પરિવાર સાથે કાન્ચીનગરમાં આવ્યા ત્યારે રાણીને વરદરાજની બાજુમાં જોઈને આચાર્ય દીક્ષિતે काञ्चित् काञ्चन० એ શ્લોક ઉચ્ચાર્યો આથી પ્રસન્ન થયેલા રાજાએ આચાર્ય દીક્ષિતને 'વક્ષસ્થલાચાર્ય' તરીકે સંબોધ્યા. આચાર્ય દીક્ષિતને બે પત્નીઓ હતી. બીજી પત્ની શ્રી વૈષ્ણવ કુલતિલક શ્રી વેંકટાચાર્યના વંશજ શ્રી રંગરાજાચાર્યની પુત્રી નામે તોતારંબી હતી. તેનાથી આચાર્ય દીક્ષિતને ચાર પુત્રો પ્રાપ્ત થયા જેમાંના એકનું નામ રંગરાજ પાડવામાં આવ્યું અને તે રંગરાજાધ્વરી તરીકે પ્રસિદ્ધ થયો. આ રંગરાજાધ્વર તે અપ્પય્ય દીક્ષિતના પિતા. રંગરાજાધ્વરી અદ્વૈતમુકુર, વિવરણ-દર્પણ આદિ ગ્રંથોના કર્તા હતા અને સર્વવિદ્યા–વિશારદ હતા. આ માહિતી અપ્પય્ય દીક્ષિતના

---

* જુઓ 'Journal of Oriental Research, Madras', Vol. III, p. 160
સુરેન્દ્રનાથ દાસગુપ્ત અપ્પય્ય દીક્ષિતને ૧૬મા સૈકાના મધ્ય ભાગના માને છે. ('History of Indian Philosophy', Vol II, p. 230).

અપ્પય્ય દીક્ષિતના સમય અને જીવન આદિની વિગતો માટે જુઓ —

R. Thangaswami—'Advaita Vedānta Literature—A Bibliographical Survey' (pp. 271–278), University of Madras, 1980)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ન્યાયરક્ષામણિ** અને નીલકંઠ દીક્ષિતના **નલચરિત**માંથી મળે છે. રંગરાજાધ્વરીને બે પુત્રો હતા—અપ્પય્ય દીક્ષિત અને આચાર્ય દીક્ષિત (જે આચ્ચાન દીક્ષિત તરીકે પણ ઓળખાય છે).

**અપ્પય્ય દીક્ષિત**નાં નામ—નામકરણ સંસ્કાર પ્રસંગે તેમને 'વિનાયક' નામ આપવામાં આવેલું એમ મનાય છે. પણ પિતા લાડમાં તેમને 'અપ્પા' કે 'અય્યા' કહેતા, તેથી તેઓ અપ્પય્ય દીક્ષિત, અપ્પય દીક્ષિત કે અપ્પ દીક્ષિત કહેવાયા. દાસગુપ્ત નોંધે છે કે અપ્પય્યદીક્ષિતની **ન્યાયસિદ્ધાન્તમઞ્જરીવ્યાખ્યા** પરથી જણાય છે કે તેમનું એક નામ 'અવધાનિયજ્વા' પણ હતું.

**તેમના ગુરુઓ** :—અપ્પય્ય દીક્ષિતે તેમના પિતા રંગરાજાધ્વરી પાસેથી બધી વિદ્યા પ્રાપ્ત કરી હતી એમ માનવા માટે **ચિત્રમીમાંસા**નાં આવાં વચનો પ્રમાણભૂત છે—'तातचरणव्याख्यावचःख्यापितान्', 'विद्वद्गुरोर्विहितविश्वजिदध्वरस्य'. કેટલાક માને છે કે નૃસિંહાશ્રમી પણ તેમના ગુરુ હતા. વળી **પ્રાકૃતમણિદીપિકા** નામની કૃતિમાં 'ध्यायामि पादपद्मे सच्चिदानन्दशास्त्रिणः' એમ કહ્યું છે તેથી સચ્ચિદાનન્દ શાસ્ત્રી પણ તેમના ગુરુ હતા એમ કેટલાક માને છે, જો કે ઘણાના મતે 'પ્રાકૃતમણિદીપિકા' એ પ્રસિદ્ધ અપ્પય્ય દીક્ષિતની કૃતિ નથી. કેટલાક કહે છે કે સંન્યાસ ગ્રહણ કર્યો તે પહેલાં નૃસિંહાશ્રમીનું જ નામ સચ્ચિદાનન્દ શાસ્ત્રી હતું.

અપ્પય્ય દીક્ષિત વિજયનગરના અધીશ્વર ચિન્નબોમ્મ, નરસિંહદેવ અને વેંકટપતિરાયના સમકાલીન હતા એમ માનવાને માટે પ્રમાણ છે—

"हेमाभिषेकसमये परितो निषण्णसौवर्णसंहतिमिषात्किल चिन्नबोम्मभूपः ।
अप्पय्यदीक्षितमणेरनवद्यविद्याकल्पद्रुमस्य कुरुते कनकालवालम् ॥"

(—સમરપુંગવ દીક્ષિતનો **યાત્રાપ્રબંધ**)

"द्विर्भावः पुष्पकेतोर्विबुधविटपिनां पौनरुक्त्यं विकल्प-
श्चिन्तारत्नस्य वीप्सा तपनतनुभुवो वासवस्य द्विरुक्तिः ।
द्वैतं देवस्य दैत्याधिपमथनकलाकेलिकारस्य कुर्व-
न्नानन्दं कोविदानां जगति विजयते श्रीनृसिंहः क्षितीन्द्रः ॥"

(અપ્પય્ય દીક્ષિતકૃત **ચિત્રમીમાંસા**)

"अमुं कुवलयानन्दमकरोदप्पदीक्षितः ।
नियोगाद् व्यङ्कटपतेर्निरुपाधिकृपानिधेः ॥"

(અપ્પય્ય દીક્ષિતકૃત **કુવલયાનંદ**).

એવી એકકથા છે કે અપ્પય્ય દીક્ષિત ચિદંબર ક્ષેત્રમાં ગયા અને ત્યાં ચિદમ્બરેશની હાજરીમાં—

"आभाति हाटकसभानटपादपद्म-
ज्योतिर्मयो मनसि मे तरुणारुणोऽयम् ।"

"चिदम्बरमिदं पुरं प्रथितमेव पुण्यस्थलं
वयांसि मम सप्ततेरुपरि नैव भोगे स्पृहा ।
सुताश्च विनयोज्ज्वलाः सुकृतयश्च काश्चित्कृताः
न किञ्चिदहमर्थये शिवपदं दिदृक्षे परम् ॥"

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એમ બોલતા પરમ તત્ત્વ સાથે ઐક્યને પામ્યા આમ તેમને પ્રાર્થના કરતાંની સાથે જ સાયુજ્યસિદ્ધિ થઈ.

અપ્પય્ય દીક્ષિતના ભત્રીજા નીલકંઠ દીક્ષિતે પણ **શિવલીલાર્ણવ**ના પ્રથમ સર્ગમાં કહ્યું છે—+

"कालेन शुम्भुः किल तावताऽपि कलाश्चतुःषष्टिमिताः प्रणिन्ये ।
द्वासप्ततिं प्राप्य समाः प्रबन्धाञ्छतं व्यधादप्पयदीक्षितेन्दुः ॥"

આ પરથી એમ કહી શકાય કે અપ્પય્ય દીક્ષિત ૭૨ વર્ષની આયુ ભોગવીને અને સો (કે તેથી વધારે) ગ્રંથો રચીને અવસાન પામ્યા.

અપ્પય્ય દીક્ષિતના નાના ભાઈ આચાર્ય દીક્ષિતને પાંચ પુત્રો હતા; જેમાં બીજો પુત્ર નીલકંઠ દીક્ષિત **નીલકંઠ-વિજયચંપૂ** વગેરે ગ્રંથોના કર્તા તરીકે જાણીતો છે.

અપ્પય્યદીક્ષિતની પત્ની નામે મંગલનાયિકા પ્રસિદ્ધ રત્નખેટ શ્રીનિવાસ દીક્ષિતની પુત્રી હતી. અપ્પય્યદીક્ષિતને ત્રણ પુત્રો હતા—નીલકંઠ, ઉમામહેશ્વર અને ચંદ્રાવતંસ; અને બે પુત્રીઓ હતી—મરકતવલ્લી અને મંગલાંબા. અપ્પય્ય દીક્ષિતના શિષ્યોમાં **સિદ્ધાન્તકૌમુદી**ના રચયિતા ભટ્ટોજી દીક્ષિત પ્રસિદ્ધ છે, જેમણે તેમની પાસે અભ્યાસ કરીને અદ્વૈત-વેદાન્ત સંબંધી **તત્ત્વકૌસ્તુભ** નામનો ગ્રંથ લખ્યો. નીલકંઠ દીક્ષિત પણ તેમના ખ્યાતનામ શિષ્ય હતા.

**અપ્પય્ય દીક્ષિતના સમકાલીન કેટલાક વિદ્વાનો—**

(૧) **વિદ્યાપરિણય, જીવાનંદ** આદિના કર્તા આનંદરાય મખી;
(૨) **રત્નકેતૂદય, સુભદ્રાપરિણય** આદિના કર્તા વીરરાઘવયજ્વા ઉર્ફે બાલકવિ;
(૩) **મલ્લિકામારુત** આદિના કર્તા ઉદ્દંડ કે સાર્વભૌમકવિ;
(૪) શ્રી વૈષ્ણવ તાતાચાર્ય;
(૫) **ભાટ્ટરહસ્ય, ભાટ્ટદીપિકા** આદિના કર્તા અને પંડિતરાજ જગન્નાથના પિતા પેરુભટ્ટ;
(૬) સંન્યાસ પછી શ્રીધરેન્દ્ર તરીકે જાણીતા થયેલા ખંડદેવ;
(૭) **યાત્રાપ્રબંધ**ના કર્તા સમરપુંગવ દીક્ષિત;
(૮) **કમલિની-કલહંસ, આનંદરાઘવ, ભાવનાપુરુષોત્તમ, રુક્મિણીપરિણય, કાવ્યદર્પણ, તંત્રશિખામણિ** આદિ ગ્રંથોના કર્તા અને રત્નખેટ દીક્ષિતના પુત્ર રાજચૂડામણિ;
(૯) **વિશ્વગુણાદર્શ** ચમ્પૂ આદિના કર્તા વેંકટાધ્વરી;
(૧૦) **શતદૂષણી**ના વ્યાખ્યાકાર દોડુયાચાર્ય,
(૧૧) નીલકંઠ દીક્ષિતના મંત્રગુરુ ગીર્વાણયોગી;
(૧૨) **વાર્ત્તિકાભરણ**ના કર્તા અને નીલકંઠ દીક્ષિતના વિદ્યાગુરુ વેંકટેશ્વરમખી.

---

+ જુઓ અપ્પય્ય દીક્ષિત વિરચિત **सिद्धान्तलेशसङ्ग्रह** — શ્રી મૂલશંકર વ્યાસ રચિત હિંદી અનુવાદ અને ટિપ્પણ સાથે (ભૂમિકા પૃ. ૩, પાદટીપ) — અચ્યુત ગ્રંથમાળા, કાશી સંવત ૧૯૯૩.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કેટલાક માને છે કે **રસગંગાધર**ના કર્તા, **ચિત્રમીમાંસા**નું ખંડન કરનાર અને શાહજહાંના પ્રીતિપાત્ર જગન્નાથ પંડિત, અને **બ્રહ્મતત્ત્વપ્રકાશિકાકાર** સદાશિવબ્રહ્મેન્દ્ર પણ અપ્પય્ય દીક્ષિતના સમકાલીન વિદ્વાનો હતા.

શિવાદ્વૈતના પક્ષપાતી અને સર્વ શાસ્ત્ર-વિશારદ પ્રકાંડ પંડિત અપ્પય્ય દીક્ષિતને નૃસિંહાશ્રમીએ જ કેવલાદ્વૈત-વેદાન્તના પક્ષપાતી અને તેના પ્રચાર માટે કટિબદ્ધ બનાવ્યા એવી સાંપ્રદાયિક માન્યતા છે. અપ્પય્ય દીક્ષિતે યજ્ઞેશ્વર દીક્ષિત સાથે ન્યાયશાસ્ત્રનો પણ અભ્યાસ કર્યો એમ જાનકીનાથ કૃત **ન્યાયસિદ્ધાન્તમંજરી** નામના ગ્રંથની વ્યાખ્યા પરથી જણાય છે.

અપ્પય્ય દીક્ષિતે ૧૦૪ જેટલા ગ્રંથો લખ્યા હતા એવી પ્રસિદ્ધિ છે: તેમને કેટલીક જગ્યાએ **चतुरधिकशतप्रबन्धनिर्वाहकाचार्य** કહ્યા છે.

અદ્વૈત વેદાન્ત સંબંધી તેમના નીચેના ગ્રંથો ગણાવી શકાય :

(૧) **सिद्धान्तलेशसङ्ग्रह**—શંકરાચાર્યથી આરંભીને નૃસિંહાશ્રમી સુધીના આચાર્યોની પ્રક્રિયા અને સિદ્ધાન્તોનું પ્રતિપાદન કરતો આ ગ્રંથ ઐતિહાસિક દૃષ્ટિએ પણ મહત્ત્વનો છે, કારણ કે અદ્વૈત વેદાંત સંપ્રદાયમાં થયેલા તત્ત્વચિંતનના વિકાસનો અને ભિન્ન વિચાર-પ્રવાહોનો તે પરથી ખ્યાલ આવે છે. તેના પર નીચે જણાવેલ વ્યાખ્યાઓ છે :

(અ) અચ્યુત કૃષ્ણાનંદ કૃત **કૃષ્ણાલંકાર**, (બ) ગંગાધરેન્દ્ર કૃત **સિદ્ધાન્તકૌમુદી**, (ક) રામચંદ્રપૂજ્યપાદ કૃત **સિદ્ધાન્તસૂક્તિમંજરી**, (ડ) વિશ્વનાથ કૃત વ્યાખ્યા, (ઇ) વાસુદેવબ્રહ્મ કૃત **સંગ્રહસાર**. દાસગુપ્તે પ્રતિપાદન કર્યું છે કે ગંગાધરેન્દ્ર સરસ્વતીએ **સિદ્ધાન્તબિન્દુસાકર**, રામચન્દ્ર યજ્વાએ ગૂઢાર્થ પ્રકાશ અને વિશ્વનાથતીર્થે તેમજ અપ્પય્ય દીક્ષિતે વ્યાખ્યાઓ રચી હતી (History of Indian Philosophy, Vol. II, p. 220). કેટલાક માને છે કે મધુસૂદન સરસ્વતીએ પણ વ્યાખ્યા લખી હતી.

(૨) **(शारीरक)न्यायरक्षामणि**—આ ગ્રંથ બ્રહ્મસૂત્રવૃત્તિરૂપ છે અને **બ્રહ્મસૂત્રશાંકરભાષ્ય** અને વાચસ્પતિકૃત **ભામતી**ને અનુસરે છે. પ્રથમ અધ્યાયના અંત સુધી પ્રાપ્ત આ ગ્રંથ વાણીવિલાસ મુદ્રણાલય, શ્રીરંગમાં પ્રકાશિત થયો છે.

(૩) **परिमल—ભામતી**ની અમલાનંદ કૃત વ્યાખ્યા **કલ્પતરુ** છે તેની વ્યાખ્યા આ ગ્રંથમાં કરી છે. એનો 'સંગ્રહ' પણ છે.

(૪) **मध्वतन्त्रमुखमर्दन**—સ્રગ્ધરા છંદનાં પદ્યોમાં લખાયેલો આ ગ્રંથ મધ્વાચાર્યની દ્વૈત પરંપરાનું ખંડન કરે છે. તે **મધ્વમુખમર્દન**, **મધ્વમુખભંગ** એ નામે પ્રસિદ્ધ છે. મધ્વવિધ્વંસન નામની સ્વોપજ્ઞ વ્યાખ્યા પણ છે. વાણી વિલાસ મુદ્રણાલયમાં પ્રકાશિત થયેલો છે.

(૫) **मध्वविध्वंसन** (વાણી વિલાસમાં છપાયેલો છે).

(૬) **न्यायमञ्जरी**—અદ્વૈત મત અનુસાર સૂત્રના અર્થનું વિવરણ આ ગ્રંથમાં પ્રાપ્ત થાય છે. તેમાં ૧૮૨ પદ્યો છે અને અપ્પય્ય દીક્ષિત કૃત ચતુર્મતસારસંગ્રહના અન્તિમ ચતુર્થ

પરિચ્છેદરૂપ છે જેમાં સિદ્ધાન્ત તરીકે અદ્વૈત મતનું પ્રતિપાદન છે. આ ગ્રંથ વાણી વિલાસમા છપાયેલા છે.

(૭) **अधिकरणकुञ्चिका**—આ ગ્રંથ ભારતી સદન મુદ્રાક્ષર શાળામાં કાવેરટનગરમાં મુદ્રિત થયલો છે.

(૮) **चतुर्मतसारसङ्ग्रह**— તેમાં ચાર પરિચ્છેદો છે : ન્યાયમુક્તાવલી નામના પ્રથમ પરિચ્છેદમાં દ્વૈતીઓના મતનુ, નયમયૂખમાલિકા નામના દ્વિતીય પરિચ્છેદમાં વિશિષ્ટાદ્વૈત–મતનું, નયમણિમાલા નામના તૃતીય પરિચ્છેદમા શ્રીકંઠાચાર્યના મતનુ પ્રતિપાદન છે અને નયમઞ્જરી નામના ચતુર્થ પરિચ્છેદમાં સિદ્ધાન્તપદ્ધતિથી કેવલાદ્વૈત મતનું નિરૂપણ છે. વાણી વિલાસ પ્રેસમાં મુદ્રિત છે.

(૯) **वादनक्षत्रमालिका**—પૂર્વોત્તરમીમાંસાવાદનક્ષત્રમાલિકા તરીકે પ્રસિદ્ધ આ ગ્રંથ ૨૭ વાદ કોટિઓમાં રચાયલો છે. પ્રથમ આઠ કોટિઓવા પૂર્વમીમાંસા વિષયક પૂર્વપક્ષ–સિદ્ધાન્તોનું પ્રતિપાદન કર્યું છે, અને બીજી ૧૯ કોટિઓથી શાંકરભાષ્ય ઉપર પ્રવૃત્ત થયેલા પુર્વપક્ષોનું ખંડન કર્યું છે. આમ આ ગ્રંથનું નામ બરાબર જ અપાયું છે. વાણી વિલાસ પ્રેસમાં મુદ્રિત છે.

**અપ્પય્ય દીક્ષિતની બીજી કૃતિઓ—**

(૧) अद्वैतनिर्णयः, (२) अधिकरणमाला, (३) अधिकरणसारावलिः, (४) अनुग्रहाष्टकम्, (५) अमरकोशव्याख्या, (६) अरुणाचलेश्वरस्तुतिः, (७) आत्मार्पणस्तुतिः, (८) आदित्यस्तोत्ररत्नम्, (९) आनन्दलहरी, (१०) आनन्दलहरीव्याख्या चन्द्रिका, (११) आर्याशतकम् ; રાઘવશર્માએ તેની વ્યાખ્યા લખી છે જે પૂણેમા મુદ્રિત થયેલી છે. (१२) उपक्रमपराक्रमः, (१३) कुवलयानन्दः, (१४) कृष्णध्यानपद्धतिः, (१५) कृष्णध्यानपद्धतिव्याख्या, (१६) गङ्गाधराष्टकम्, (१७) चित्रपटः (लघुवार्त्तिकम्—Journal of Oriental Research, Vol. III, Madrasમાં પ્રકાશિત), (१८) चित्रमीमांसा, (१९) जयोल्लासनिधिः, (२०) तत्त्वसमर्थनम्, (२१) तत्त्वमुक्तावलिः, (२२) तप्तमुद्राविद्रावणम्, (२३) तान्त्रिकमीमांसा (Annals of Oriental Research, Vol VI, Madras), (२४) तिङन्तशेषसङ्ग्रहः, (२५) दशकुमारचरितसङ्ग्रहः, (२६) दशकोटिः, (२७) दुर्गाचन्द्रकलास्तुतिः, (२८) दुर्गाचन्द्रकलाविवरणम्, (२९) धर्ममीमांसापरिभाषा, (३०) नामसंग्रहमाला, (३१) नामसंग्रहमालाव्याख्या, (३२) निग्रहाष्टकम्, (३३) न्यायमुक्तावलिः, (३४) न्यायमुक्तावलीव्याख्या, (३५) न्यायरत्नमाला, (३६) न्यायरत्नमालाव्याख्या, (३७) पञ्चरत्नस्तुतिः, (३८) पञ्चरत्नस्तुतिव्याख्या, (३९) पद्मस्वरवृत्तिः, (४०) पादुकासहस्रव्याख्या, (४१) पूर्वमीमांसाविषयसङ्ग्रहदीपिका (Journal of Oriental Research, Vol. IX, Madras), (४२) प्रबोधचन्द्रोदयटीका, (४३) प्राकृतचन्द्रिका, (४४) ब्रह्मतर्कस्तवः, (४५) ब्रह्मतर्कस्तवविवरणम्, (४६) भक्तिशतकम्, (४७) भस्मवादावलिः, (४८) भारततात्पर्यसङ्ग्रहः, (४९) भारततात्पर्यसङ्ग्रहव्याख्या, (५०) मणिमालिका, (५१) मतसारार्थसंग्रहः, (५२) मार्गबन्धुचम्पूः, (५३) मार्गबन्धुपञ्चरत्नम्, (५४) मार्गसहायलिङ्गस्तुतिः, (५५) मार्गसहायस्तोत्रम्, (५६) मानसोल्लासः, (५७) यादवाभ्युदयव्याख्या,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(५८) योगमार्तण्डः, (५९) रत्नत्रयपरीक्षा, (६०) रत्नत्रयपरीक्षाव्याख्या चन्द्रिका, (६१) रामायणतात्पर्यसङ्ग्रहः, (६२) रामायणतात्पर्यसंग्रहव्याख्या, (६३) रामायणस्तवराजः, (६४) रामायणसारसङ्ग्रहः, (६५) रामायणतात्पर्यनिर्णयः, (६६) रामायणसारः, (६७) रामानुजमतखण्डनम्, (६८) रामानुजशृङ्गभङ्गः, (६९) लक्षणरत्नावली सव्याख्या (Journal of Oriental Research, Vol IV, Madras), (७०) वरदराजस्तवः, (७१) वरदराजस्तवविवरणम्, (७२) वसुमतीचित्रसेनविलासः, (७३) विधिरसायनम्, (७४) विधिरसायनव्याख्या सुखोपयोगिनी, (७५) विष्णुतत्त्वरहस्यम्, (७६) वीरशैवम्, (७७) वृत्तवार्त्तिकम्, (७८) व्याकरणवादनक्षत्रमाला, (७९) शब्दप्रकाशः, (८०) शान्तिस्तवः, (८१) शास्त्रदीपिकाव्याख्या, (८२) शिखरिणीमाला, (८३) शिवकर्णामृतम्, (८४) शिवकल्पद्रुमः, (८५) शिवतत्त्वविवेकः, (८६) शिवध्यानपद्धतिः, (८७) शिवध्यानपद्धतिव्याख्या, (८८) शिवपुराणतामसत्वखण्डनम्, (८९) शिवपूजाविधिः, (९०) शिवार्कमणिदीपिका, (९१) शिवार्चनाचन्द्रिका, (९२) शिवार्चनाचन्द्रिकाव्याख्या—बालचन्द्रिका, (९३) शिवाद्वैतनिर्णयः, (९४) शिवोत्कर्षचन्द्रिका, (९५) शिवोत्कर्षमञ्जरी, (९६) शैवकल्पद्रुमः, (९७) श्रीविद्यातत्त्वविवरणम्, (९८) सिद्धान्तरत्नाकरः, (९९) स्तोत्ररत्नाकरः, (१००) हरिवंशसारचरितव्याख्या, (१०१) हरिहरस्तुतिः, (१०२) हंससन्देशटीका.

**वसुमतीचित्रसेनविलासनाटक**—આ અપ્પય્યદીક્ષિતે રચેલું નથી, પરંતુ તંત્રસિદ્ધાન્તદીપિકા, દુરૂહશિક્ષા, પ્રાકૃતમણિદીપિકા, અતિદેશલક્ષણપુનરાક્ષેપ આદિના કર્તા અને પ્રસિદ્ધ અપ્પય્ય દીક્ષિતના પૌત્રની રચના છે એમ 'Annals of Oriental Research', Vol. VI, Madras અને 'Journal of Oriental Research', Vol. II, Madrasમાં પ્રતિપાદિત કર્યું છે. એ જ રીતે 'દશકુમારચરિતસાર' પણ અપ્પય્યદીક્ષિતના વંશજે રચ્યું છે એમ 'Annals of Oriental Research', Vol. VIમાં પ્રતિપાદિત કર્યું છે. અમુદ્રિત એવા જયોલ્લાસાનધિ નામના ભાગવતવ્યાખ્યાનમાં તેનો કર્તા શ્રીનિવાસનો પુત્ર અને શ્રીવત્સ ગોત્રમાં જન્મેલો અપ્પય્ય છે એમ જણાય છે (6742, Descriptive Catalogue, India Office Library, Vol II), જ્યારે પ્રસિદ્ધ અપ્પય્યદીક્ષિત તો ભારદ્વાજ ગોત્રના હતા. **णत्वसमर्थन** તો ક્યાંય મળતું નથી, પણ વેંકટેશકૃત સ્વાત્માનુભૂતિમણિદર્પણ (21. J. 2, Adyar Manuscripts Library)માં તેનો પરામર્શ છે. +

આમ જોઈ શકાય છે કે ભિન્ન ભિન્ન શાસ્ત્રોમાં અપ્પય્યદીક્ષિતનો પ્રવેશ હતો અને તેમની વિદ્વત્તા સર્વતોમુખી હતી.

**सिद्धान्तलेशसङ्ग्रह**માં પણ કેવલાદ્વૈત મતના શંકરાચાર્ય પછીના વિચારપ્રવાહોનું સંકલન વ્યવસ્થિત રીતે કર્યું છે જેથી અદ્વૈતવેદાંતના ઇતિહાસની દૃષ્ટિએ પણ આ ગ્રંથ ઘણો ઉપયોગી છે.

---

\+ અપ્પય્ય દીક્ષિત અને તેની કૃતિઓની માહિતી R. Thangaswami—'Advaita-Vedānta Literature — A Bibliographical Survey', pp. 270-278 (University of Madras, 1980)માંથી પ્રાપ્ત થઈ છે તેનો ઋણ સ્વીકારું છું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**सिद्धान्तलेशसङ्ग्रह** માં જેમના મત સંગૃહીત થયેલા છે અથવા જેમનો ઉલ્લેખ છે :

(૧) પ્રકટાર્થકાર અથવા પ્રકટાર્થ વિવરણકાર, (૨) વિવરણકાર, (૩) વિવરણના એકદેશીઓ; (૪) સંક્ષેપશારીરકકાર (૫) વાર્તિકકાર, (૬) વાચસ્પતિમિશ્ર, (૭) કૌમુદીકાર, (૮) માયા અને અવિદ્યાને ભિન્ન માનનારા, (૯) ઉક્ત ભેદવાદીઓના એકદેશી, (૧૦) માયા અને અવિદ્યાનો અભેદ માનનારા, (૧૧) પદાર્થતત્ત્વનિર્ણયકાર, (૧૨) વિવર્તવાદી, (૧૩) પરિણામવાદી, (૧૪) સિદ્ધાન્તમુક્તાવલીકાર, (૧૫) તત્ત્વવિવેકકાર, (૧૬) નૈષ્કર્મ્યસિદ્ધિકાર, (૧૭) દગ્દૃશ્યવિવેકકાર, (૧૮) કલ્પતરુકાર (૧૯) ભારતીતીર્થ, (૨૦) તત્ત્વશુદ્ધિકાર, (૨૧) ન્યાયચન્દ્રિકાકાર, (૨૨) પઞ્ચદશીકાર (૨૩) તત્ત્વપ્રદીપિકાકાર, (૨૪) કવિતાર્કિક (નૃસંહાશ્રમી) (૨૫) પઞ્ચપાદિકાકાર, (૨૬) ન્યાયસુધાકાર, (૨૭) વિવરણ–વાર્તિકકાર, (૨૮) શાસ્ત્રદીપિકાકાર, (૨૯) ન્યાયરત્નમાલાકાર, (૩૦) અદ્વૈતવિદ્યાચાર્ય, (૩૧) વિવરણોપન્યાસકાર, (૩૨) ન્યાયનિર્ણયકાર, (૩૩) વેદાન્તકૌમુદીકાર, (૩૪) શાસ્ત્રદર્પણકાર, (૩૫) ચિત્સુખાચાર્ય, (૩૬) રામાદ્વયાચાર્ય, (૩૭) આનંદબોધાચાર્ય, (૩૮) અદ્વૈતદીપિકાકાર, (૩૯) બ્રહ્મસિદ્ધિકાર, (૪૦) દૃષ્ટિસૃષ્ટિવાદી, (૪૧) સૃષ્ટિદૃષ્ટિવાદી.

શંકરાચાર્ય પછી તેમના સિદ્ધાન્ત અને તત્ત્વચિંતનને યુક્તિયુક્ત રીતે સમજાવવા માટે તેમના શિષ્યો અને ઉત્તરવર્તી ચિંતકોએ ભિન્ન ભિન્ન પ્રક્રિયાનો આશ્રય લીધો. કેટલાકે બ્રહ્મને અવિદ્યાનો આશ્રય અને વિષય માન્યું, બીજાઓએ જીવને અવિદ્યાનો આશ્રય માન્યો અને બ્રહ્મને અવિદ્યાનો વિષય માન્યું. કેટલાકે જીવનો સંબંધ અવિદ્યા દ્વારા બ્રહ્મ સાથે જોડયો, જ્યારે બીજાઓએ ઈશ્વર સાથે. કેટલાકે માયા અને અવિદ્યાનો ભેદ માન્યો, બીજાઓએ અભેદ. બ્રહ્મ–જીવ–ઈશ્વરની વિભાવના સમજાવતાં અવચ્છેદવાદ, પ્રતિબિંબવાદ અને આભાસવાદનાં પ્રસ્થાન કેવલાદ્વૈત વેદાંતમાં ઉદ્ભવ્યાં, અને કલ્પિત જગતને સમજાવવા માટે ઉપર્યુક્ત મતોની અપેક્ષાએ સૃષ્ટિદૃષ્ટિવાદ અને દૃષ્ટિસૃષ્ટિવાદનું પ્રતિપાદન થયું. મુખ્ય પ્રતિપાદ્ય તો સર્વ ચિંતકોનું એક જ હતું કે સચ્ચિદાનન્દરૂપ નિર્ગુણ નિર્વિશેષ કૂટસ્થ બ્રહ્મ એ જ પરમાર્થ છે, બાકી બધું અવિદ્યાપ્રત્યુપસ્થાપિત કે અવિદ્યાકલ્પિત છે. છતાં મુખ્ય આચાર્ય–ચિંતકોએ આ સત્ય યુક્તિયુક્ત રીતે સમજાવવાની, તેની ઉપપત્તિ બતાવવાની પ્રક્રિયા જુદી જુદી અપનાવી જેને પરિણામે એકજીવવાદ, અનેકજીવવાદ, સૃષ્ટિદૃષ્ટિવાદ, દૃષ્ટિસૃષ્ટિવાદ, મુક્તિના સ્વરૂપમાં દૃષ્ટિભેદ વગેરે થવા પામ્યા દરેક ચિંતકે આ રીતે પોતાની વિચારસરણીની સુસંગતિ જાળવીને પરમ સત્યનું પ્રતિપાદન કરવાનો પ્રયત્ન કર્યો. અપ્પય્ય દીક્ષિતે આમાંથી ઘણાખરા મતો અને વાદોનું સુંદર સંકલન કર્યું છે અને આ રીતે ગ્રંથનું નામ 'સિદ્ધાન્તલેશસંગ્રહ' અન્વર્થ ઠરે છે. અપ્પય્ય દીક્ષિતે તટસ્થ રીતે સર્વ મતોનું પ્રતિપાદન કર્યું છે, પોતાનો પક્ષપાત દાખવ્યો નથી. તેમને અચ્યુત કૃષ્ણાનંદ જેવા સૂક્ષ્મ વિવેચન કરનાર વ્યાખ્યાકાર સદ્ભાગ્યે મળ્યા જેમણે આ મતોમાં ક્યાં દોષ દેખાય છે તે પણ નિર્ભીકપણે બતાવ્યું અને સૂચન પણ કર્યું કે અપ્પય્ય દીક્ષિતને પણ અમુક રુચ્યું નહીં હોય તેથી એ જ મતનું બીજું ઉદાહરણ આપે છે કે એકદેશીનો કે કોઈ બીજાનો મત તેની પછી રજૂ કરે છે. ઉપર જે નામો ગણાવ્યાં છે તેમાં કેટલાકની દ્વિરુક્તિ છે, જેમ કે કૌમુદીકાર કે વેદાન્તકૌમુદીકાર કે રામાદ્વય એક જ છે. વાર્તિકકાર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને નૈષ્કર્મ્યસિદ્ધિકાર એક જ છે—સુરેશ્વરાચાર્ય. આ ચિંતકોની સંક્ષિપ્ત માહિતી નીચે આપી છે :

**બ્રહ્મસિદ્ધિકાર મંડનમિશ્ર (ઈ.સ. ૭૫૦–૮૫૦)**

સાંપ્રદાયિક માન્યતા અનુસાર મંડનમિશ્ર પહેલાં પૂર્વમીમાંસાના પંડિત અને કર્મનિષ્ઠ હતા, અને પાછળથી શંકરાચાર્યના સંપર્કમાં આવતાં તેમણે સંન્યાસ ગ્રહણ કર્યો અને સુરેશ્વરાચાર્ય તરીકે ઓળખાયા. વિદ્વાનોમાં આ અંગે મતભેદ છે. કેટલાક મંડનમિશ્ર અને સુરેશ્વરને એક માને છે પણ મોટા ભાગના તેમને જુદા માને છે કારણ કે વિચારોમાં ઘણું વૈલક્ષણ્ય છે. કેટલાક તો મંડનમિશ્રને શંકરાચાર્યના વૃદ્ધ સમકાલીન માને છે. વાચસ્પતિમિશ્રે બ્રહ્મતત્ત્વ-સમીક્ષા ગ્રંથ લખ્યો (—જે મળતો નથી પણ વાચસ્પતિએ પોતે તેનો ઉલ્લેખ કર્યો છે—) જે બ્રહ્મસિદ્ધિની વ્યાખ્યારૂપ હતો એમ મનાય છે વાચસ્પતિ પણ મંડનમિશ્રની જેમ જીવને અવિદ્યાનો આશ્રય માને છે, અને તેથી જ પ્રકટાર્થકાર અનુભૂતિસ્વરૂપ જેવા વાચસ્પતિને 'મંડનપૃષ્ઠસેવી' કહે છે. મંડનમિશ્રની પ્રતિભા અસામાન્ય હતી એમાં કોઈ શંકા નથી. તેમની આ કૃતિઓ જાણીતી છે :

(૧) **ब्रह्मसिद्धि** (આ ગ્રંથ Madras Govt. Oriental Manuscripts Library Series માં પ્રકાશિત થયો છે)—તેની વ્યાખ્યાઓ—વાચસ્પતિમિશ્રકૃત બ્રહ્મતત્ત્વસમીક્ષા, ચિત્સુખાચાર્યકૃત અભિપ્રાયપ્રકાશિકા, આનંદપૂર્ણકૃત ભાવશુદ્ધિ કે ટીકારત્ન અને શંખપાણિકૃત બ્રહ્મસિદ્ધિટીકા (૨) **विभ्रमविवेक**—૧૬૨ પદ્યોના આ ગ્રંથમાં પંચખ્યાતિનું પ્રતિપાદન છે. 'Journal of Oriental Research', Madrasમાં મુદ્રિત થયેલો છે.

બીજા પણ મીમાંસાશાસ્ત્ર સંબંધી તેમજ અન્ય ગ્રંથો તેમણે રચ્યા હતા.

**પઞ્ચપાદિકાકાર પદ્મપાદ અને વિવરણકાર પ્રકાશાત્મન્**

પદ્મપાદ શંકરાચાર્યના સાક્ષાત્ શિષ્ય હતા. એમ કહેવાય છે કે તેમણે પોતાના ગુરુ પાસેથી ત્રણ વાર બ્રહ્મસૂત્રશાંકરભાષ્યનો પાઠ ગ્રહણ કર્યો હતો. આચાર્યની અનુજ્ઞાથી તેમણે ભાષ્ય પર **पञ्चपादिका** નામની ટીકા લખી. એવી એક દંતકથા છે કે પૂર્વમીમાંસાના પંડિત અને કર્મનિષ્ઠ એવા પોતાના સગાને ત્યાં આ ટીકા મૂકીને પદ્મપાદ તીર્થયાત્રાએ ગયા. જુદા મતના હોવાને કારણે તે સગાને દ્વેષ થયો પણ લોકાપવાદની બીક હતી તેથી પંચપાદિકાને ભસ્મસાત્ કરવા ઇચ્છતા તેમણે પોતાનું ઘર જ બાળી નાખ્યું. આમ પંચપાદિકા નષ્ટ થઈ ગઈ, પણ ગુરુ શંકરાચાર્યે જેટલુ યાદ અપાવ્યું તે પદ્મપાદે ફરીથી લખ્યું. અને આમ અધ્યાસભાષ્ય અને પહેલા ચાર સૂત્રો પરના ભાષ્યની ટીકા રૂપે પંચપાદિકા મળે છે; તેના પર ઘણી વ્યાખ્યાઓ છે પરંતુ સૌથી મહત્ત્વની છે પ્રકાશાત્મયતિકૃત **पञ्चपादिका-विवरण** જેને લીધે વિવરણપ્રસ્થાન અસ્તિત્વમાં આવ્યું પદ્મપાદે બીજા ગ્રંથો પણ લખ્યા છે જેવા કે विज्ञानदीपिका, आत्मबोधव्याख्या વગેરે, પણ તેમના કર્તૃત્વ વિશે સબળ પ્રમાણ નથી.

પ્રકાશાત્મા (ઈ.સ ૧૦૦૦) અનન્યાનુભવના શિષ્ય અને તત્ત્વશુદ્ધિકાર જ્ઞાનઘનના સમકાલીન હતા. પ્રકાશાત્માએ પદ્મપાદની પંચપાદિકા પર વિવરણ લખ્યું. અદ્વૈતવેદાન્તના મુખ્ય બે પ્રસ્થાનના પ્રચારમાં ભામતીકાર વાચસ્પતિ અને વિવરણકાર પ્રકાશાત્મા કારણભૂત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બન્યા: તેઓ અનુક્રમે અવચ્છેદવાદ અને પ્રતિબિંબવાદના પુરસ્કર્તા છે. પંચપાદિકાવિવરણ પર અનેક વ્યાખ્યાઓ છે—અખણ્ડાનન્દમુનિકૃત તત્ત્વદીપન, અમલાનંદકૃત વિવરણદર્પણ, ચિત્સુખકૃત ભાવદ્યોતનિકા, આનંદપૂર્ણકૃત ટીકારત્ન, વિષ્ણુભટ્ટોપાધ્યાયકૃત ઋજુવિવરણ, વિદ્યારણ્યકૃત વિવરણપ્રમેયસંગ્રહ, નૃસિંહાશ્રમિકૃત ભાવપ્રકાશિકા, રામાનન્દ સરસ્વતીકૃત વિવરણોપન્યાસ યજ્ઞેશ્વરદીક્ષિતકૃત વિવરણોજ્જીવિની, રામતીર્થકૃત વ્યાખ્યા, કૃષ્ણકૃત વ્યાખ્યા, પરિવ્રાજકકૃત ભાવપ્રકાશિકા.

પ્રકાશાત્માની બીજી કૃતિઓ પણ છે — **शाब्दनिर्णय, शारीरकन्यायसङ्ग्रह, लौकिकन्यायसङ्ग्रह** (?)·

## વાર્તિકકાર નૈષ્કર્મ્યસિદ્ધિકાર સુરેશ્વરાચાર્ય (ઈસ. ૮૦૦-૯૦૦)

સુરેશ્વરાચાર્ય શંકરાચાર્યના સાક્ષાત્ શિષ્ય અને પદ્મપાદ, તોટક અને હસ્તામલકના સતીર્થ્ય હતા પૂર્વાશ્રમમાં તેઓ શોણા નદના તીરના વાસી, કુમારિલ ભટ્ટના જમાઈ અને કર્મકાંડના પ્રવર્તક મંડનમિશ્ર હતા એવી સાંપ્રદાયિક માન્યતા છે જેને કેટલાક વિદ્વાનો સ્વીકારે છે, અને માને છે કે મણ્ડનમિશ્ર, સુરેશ્વર અને વિશ્વરૂપ એક જ વ્યક્તિનાં નામ છે. વિદ્યારણ્યે, વિવરણપ્રમેયસંગ્રહમાં બૃહદારણ્યકોપનિષદ્ભાષ્યવાર્તિકમાંથી ઉદાહરણ આપ્યું છે ત્યાં સુરેશ્વરનો નિર્દેશ વિશ્વરૂપ શબ્દથી કર્યો છે. દાસગુપ્ત, કુપ્પુસ્વામી શાસ્ત્રી વગેરે સુરેશ્વર અને બ્રહ્મસિદ્ધિના કર્તા મંડનમિશ્રનો સિદ્ધાન્તગતભેદ છે એમ બતાવીને આ સ્વીકારવા તૈયાર નથી.

સુરેશ્વરની કૃતિઓ નીચે પ્રમાણે છે:

(૧) **तैत्तिरीयोपनिषद्भाष्यवार्त्तिक**—આ પદ્યમય ગ્રંથ તૈત્તિરીય ઉપનિષદ્ પરના શંકરાચાર્યના ભાષ્યના વાર્તિકરૂપ છે.

(૨) **नैष्कर्म्यसिद्धि**—આ ગ્રંથમાં સુરેશ્વરાચાર્ય એમ સિદ્ધ કરે છે કે કર્મને જ્ઞાનપ્રાપ્તિ કે મુક્તિ સાથે કોઈ સાક્ષાત્ સંબંધ નથી, તે ચિત્તશુદ્ધિ માટે જ છે અને જ્ઞાન પ્રાપ્ત થતાં કર્મને કોઈ સ્થાન નથી. શ્રવણથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. નૈષ્કર્મ્યની અવસ્થા તે જ મોક્ષ.

(૩) **बृहदारण्यकोपनिषद्भाष्यवार्तिक**—આ બૃહત્કાય પદ્યમય ગ્રંથ બૃહદારણ્યકોપનિષદ્ પરના શાંકરભાષ્યના વાર્તિકરૂપ છે. તેની વ્યાખ્યાઓ—આનંદગિરિકૃત શાસ્ત્રપ્રકાશિકા, આનંદપૂર્ણકૃત ન્યાયકલ્પલતિકા, નૃસિંહાશ્રમિકૃત ન્યાયતત્ત્વવિવરણ. વિદ્યારણ્યકૃત બૃહદારણ્યકવાર્તિકસાર, વિશ્વાનુભવકૃત સમ્બન્ધોક્તિ

(૪) पञ्चीकरणवार्तिक. (૫) प्रणवार्थकारिका:, (૬) માનસોલ્લાસ –શંકરાચાર્યના મનાતા દક્ષિણામૂર્તિસ્તોત્ર પર વ્યાખ્યાત્મક ગ્રંથ છે, (૭) **मोक्षनिर्णय** કે **काशीमोक्षनिर्णय**, (૮) **वेदान्तसारवार्तिकराजसंग्रह.**

નૈષ્કર્મ્યસિદ્ધિ, બૃહદારણ્યકોપનિષદ્ભાષ્યવાર્તિક અને તૈત્તિરીયોપનિષદ્ભાષ્યવાર્તિક ખૂબ પ્રખ્યાત ગ્રંથો છે અને સુરેશ્વર વાર્તિકકાર તરીકે ઓળખાય છે. રાજકુમાર શિકારીને ત્યાં ઊછર્યો હોય છે તેથી તેને પોતાની ઓળખ નથી હોતી અને પોતાને શિકારી માને છે પણ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જેવું તેને કહેવામાં આવે કે તું રાજકુલનો છે, તે જ ક્ષણે તે શિકારી મટી જાય છે અને તેને પોતાની સાચી ઓળખ થાય છે; તેવું જ જીવનું છે, તેને तत् त्वमसि ના શ્રવણથી अहं ब्रह्मास्मिની અનુભૂતિ થાય છે કે તરત જ તે જીવ મટી જાય છે. પોતાને ઓળખવાનું નામ જ મોક્ષ, તેમાં કશું કરવાપણું નથી હોતું એ તાત્પર્યની રજૂઆત તેમણે કરી છે.

**'ભામતી'ના કર્તા વાચસ્પતિમિશ્ર** (૯મી સદી)

વાચસ્પતિમિશ્ર 'સર્વતંત્ર સ્વતંત્ર' કહેવાય છે કારણ કે તટસ્થભાવે સર્વ દર્શનસંબંધી ગ્રંથો લખ્યા છે—ઉદ્દ્યોતકરના ન્યાયસૂત્રભાષ્યવાર્તિક પર **तात्पर्यटीका**, ઈશ્વરકૃષ્ણની સાંખ્યકારિકા પર **तत्त्वकौमुदी**, વ્યાસના યોગસૂત્રભાષ્ય પર **तत्त्ववैशारदी**, બ્રહ્મસૂત્રશાંકરભાષ્ય પર **भामती**. મંડનમિશ્રની બ્રહ્મસિદ્ધિ પર તેમણે **ब्रह्मतत्त्वसमीक्षा** નામનો વ્યાખ્યાત્મક ગ્રંથ રચ્યો હતો જેનો ઉલ્લેખ તાત્પર્યટીકા અને ભામતીમાં મળે છે, પણ આ બ્રહ્મતત્ત્વસમીક્ષા ઉપલબ્ધ નથી. વાચસ્પતિમિશ્રના બીજા ગ્રંથો છે—**न्यायसूचीनिबन्धन**, **तत्त्वबिन्दु**, **न्यायकणिका** વગેરે. આમ ન્યાય, સાંખ્ય, યોગ, મીમાંસા અને વેદાન્ત સંબંધી ગ્રંથો તેમણે રચ્યા અને દરેક દર્શનનું પક્ષપાત વિના વિદ્વતાપૂર્ણ પ્રતિપાદન કર્યું તેથી સર્વતંત્રસ્વતંત્ર કહેવાયા. તેઓ **બ્રહ્મસૂત્રશાંકરભાષ્ય**ની **ભામતી** નામની ટીકાના કર્તા તરીકે ખૂબ પ્રખ્યાત છે અને ભામતીપ્રસ્થાન તેમાંથી શરૂ થયું. તેઓ મંડનમિશ્રના મતને અનુસરીને જીવને અવિદ્યાનો આશ્રય માને છે; તેથી કેટલાક ચિંતકોએ (વિશેષ કરીને અનુભૂતિસ્વરૂપાચાર્યે) તેમનો '**मण्डनपृष्ठसेवी**' તરીકે ઉપહાસ કર્યો છે. પોતાની પત્નીના નામ પરથી भामती નામ રાખ્યું છે એવી માન્યતા છે. તેઓ અવચ્છેદવાદના પુરસ્કર્તા છે.

**પ્રકટાર્થકાર કે પ્રકટાર્થવિવરણકાર** : ગ્રંથમાં કર્તાના નામનો ઉલ્લેખ નથી; તેમ અન્ય ચિંતકો પણ તેમનો પ્રકટાર્થકાર કે પ્રકટાર્થવિવરણકાર તરીકે જ નિર્દેશ કરે છે. પણ હવે સંશોધનકારોએ સિદ્ધ કર્યું છે કે આ **પ્રકટાર્થ** નામના બ્રહ્મસૂત્રશાંકરભાષ્યવિવરણના કર્તા તે બીજા કોઈ નહીં પણ અનુભૂતિસ્વરૂપાચાર્ય. સદ્ગત વિદ્વાન ડૉ. વી રાઘવન્ એ અનુભૂતિસ્વરૂપાચાર્ય વિષે ખૂબ ઉપયોગી લેખ લખ્યો છે, જે 'Annals of the Bhandarkar Oriental Research Institute', Puneના રજતજયન્તીના અંકમાં પ્રસિદ્ધ થયેલો છે. અનુભૂતિસ્વરૂપાચાર્ય દાક્ષિણાત્ય હશે કારણ કે તેઓ પોતાના દરેક ગ્રંથમાં 'હયગ્રીવ'ને નમસ્કાર કરે છે અને આ વિશેષ કરીને દક્ષિણમાં પૂજાતા દેવ છે. તેમ છતાં તેઓ ગુજરાતના કાઠિયાવાડ પ્રદેશમાં ખાસ કરીને દ્વારકામાં રહ્યા હશે અને ત્યાં વિદ્યોપાસના તેમ જ વિદ્યાનું વિતરણ કર્યું હશે એમ માનવા માટે પુરાવા છે. તેઓ આનંદગિરિના વિદ્યાગુરુ હતા, કારણ કે જનાર્દન (આનંદગિરિનું સંન્યાસગ્રહણ પૂર્વનું નામ—)ના 'તત્ત્વાલોક'માં તેમને ગુરુ તરીકે વંદન કર્યાં છે, અને આનંદગિરિ દ્વારકાધીશને નમસ્કાર કરે છે તેથી કેટલાકના મતે તેઓ દ્વારકાની શારદાપીઠના અધીશ હતા. એટલું ચોક્કસ કહી શકાય કે ગુરુ-શિષ્ય બન્ને ગુજરાતમાં કેટલોક વખત રહ્યા હતા—વિશેષ કરીને દ્વારકામાં. અનુભૂતિસ્વરૂપાચાર્યની શ્રીહર્ષકૃત ખંડનખંડખાદ્ય પરની **શિષ્યહિતૈષિણી** ટીકાની હસ્તપ્રતો પાટણ અને જેસલમેરના ભંડારોમાં જળવાઈ રહી છે. અનુભૂતિસ્વરૂપાચાર્યનો સમય ઈ.સ. ૧૨મી સદીનો અંતભાગ કે ૧૩મી સદીનો પૂર્વ ભાગ માની શકાય. કેટલાક તેમને શ્રીહર્ષના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શિષ્ય માને છે, કારણ કે શ્રીહર્ષકૃત ખંડનખંડખાદ્ય પરની શિષ્યહિતૈષિણીમાં આદિ-અંતમાં અને વચ્ચે પણ ખૂબ આદરપૂર્વક શ્રીહર્ષને નમસ્કાર કર્યા છે અને આવું તેમના બીજા ટીકારૂપ ગ્રંથોમાં મૂળ કર્તા વિશે દેખાતું નથી.

તેમના ગ્રંથો નીચે પ્રમાણે છે : (૧) **सारस्वतसूत्रप्रक्रिया**—કેટલાકના મતે સારસ્વત સૂત્રો પણ તેમણે જ રચેલાં: (૨) **इष्टसिद्धिविवरण**, (૩) **गौडपादीयभाष्यटिप्पण**, (૪) આનંદબોધની કૃતિ **न्यायदीपावलि** પર વ્યાખ્યા—**चन्द्रिका**, (૫) આનંદબોધની **प्रमाणरत्नमाला** પર **निबन्धन**, (૬) **भगवद्गीताभाष्यटिप्पण**, (૭) **प्रकटार्थविवरण**—બ્રહ્મસૂત્ર-શાંકરભાષ્ય પર પ્રકટાર્થ નામનું વિવરણ, (૮) શ્રીહર્ષપ્રણીત **खण्डनखण्डखाद्य**ની ટીકા **शिष्यहितैषिणी**.

આ ગ્રંથોમાંથી કેવળ **सारस्वतसूत्रप्रक्रिया** અને **प्रकटार्थविवरण** (મદ્રાસ યુનિવર્સિટી દ્વારા બે ભાગમાં) પ્રકાશિત છે. અને **शिष्यहितैषिणी**નું પ્રકાશન હમણાં ગુજરાત યુનિવર્સિટીએ કર્યું.× પ્રકટાર્થવિવરણ અદ્વૈતવેદાંતના વિવરણ-પ્રસ્થાનને અનુસરનારો ગ્રંથ છે.

## **સંક્ષેપશારીરકકાર સર્વજ્ઞાત્મન્** (ઈ.સ. ૧૦૫૦)

સર્વજ્ઞાત્મમુનિ પોતાને માટે **श्रीदेवेश्वरपादपङ्कजरजःसम्पर्कपूताशयः** એમ કહે છે, તેથી એ દેવેશ્વરના શિષ્ય હતા એ નિશ્ચિત. કેટલાક કહે છે કે દેવેશ્વર એ જ સુરેશ્વર જે શંકરાચાર્યના સાક્ષાત શિષ્ય હતા. સર્વજ્ઞાત્મા કામકોટિપીઠના અધિષ્ઠાતા હતા એમ પણ કહેવાય છે. બીજા કેટલાક માને છે કે દેવેશ્વર એ સુરેશ્વર નહિ, પણ સર્વજ્ઞાત્માના **પ્રમાણલક્ષણ** ગ્રંથના પ્રમાણથી કહી શકાય કે એ શ્રેષ્ઠાનંદનો પ્રશિષ્ય અને દેવાનંદનો શિષ્ય દેવેશ્વર છે (જુઓ 'Indian Historical Quarterly,' Vol. XIV; Journal of Oriental Research, Madras, 1937). દાસગુપ્ત+ માને છે કે સંક્ષેપશારીરકના કર્તા સર્વજ્ઞાત્મા સુરેશ્વરાચાર્યના શિષ્ય જ છે, અને તેમનું બીજું નામ નિત્યબોધાચાર્ય હતું અને તેમનો સમય નવમો સૈકો હતો; શ્રીકંઠશાસ્ત્રીએ એવું પ્રતિપાદિત કર્યું છે કે સર્વજ્ઞાત્મા સુરેશ્વરના શિષ્ય નહોતા, પરંતુ ઇષ્ટસિદ્ધિના કર્તા વિમુક્તાત્માથી અર્વાચીન હતા. તેમની કૃતિઓ નીચે પ્રમાણે છે :

(૧) **सङ्क्षेपशारीरक**—આ ગ્રંથ પદ્યમય છે અને બ્રહ્મસૂત્રશાંકરભાષ્યના અર્થની વિચારણા કરે છે. તેના ચાર અધ્યાયો છે—સમન્વય, અવિરોધ, સાધન અને ફલ એ નામના. તેની વ્યાખ્યાઓ—નૃસિંહાશ્રમિકૃત તત્ત્વબોધિની, પુરુષોત્તમ દીક્ષિતકૃત સુબોધિની, પ્રત્યગ્વિષ્ણુકૃત વ્યાખ્યા, મધુસૂદન સરસ્વતીકૃત સારસંગ્રહ, રાઘવાનન્દકૃત વિદ્યામૃતવર્ષિણી, રામતીર્થકૃત અન્વયાર્થપ્રકાશિકા, વિશ્વદેવકૃત સિદ્ધાન્તદીપ, વેદાનન્દકૃત સંક્ષેપશારીરક-સંબન્ધોક્તિ.

(૨) **पञ्चप्रक्रिया**—દાસગુપ્ત માને છે કે આ સંક્ષેપશારીરકકારની કૃતિ નથી.

(૩) **प्रमाणलक्षण** (અપ્રકાશિત છે).

---

× શ્રી હર્ષપ્રણીત 'ખંડનખંડખાદ્ય' શિષ્યહિતૈષિણી ટીકા સાથે ગુજરાત યુનિવર્સિટીએ પ્રકાશિત કર્યું છે (૧૯૯૦) (સંપાદક-એસ્તેર સોલોમન).

+ S. N. Dasgupta—'History of Philosophy', Vol. II, p. 112.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**પદાર્થતત્ત્વનિર્ણયકાર આનંદાનુભવ (ઈ.સ. ૧૧૦૦–૧૨૦૦)**

આનંદાનુભવ પોતાના ગ્રંથોમાં નારાયણ-જ્યોતિષને વંદન કરે છે તેથી નારાયણ–જ્યોતિષના શિષ્ય હતા એમ નિશ્ચિત કહી શકાય. એવી સંભાવના સ્વીકારવામાં આવે છે કે સંન્યાસગ્રહણ પૂર્વે તેમનું નામ ગઙ્ગાપુરી ભટ્ટારક હતું. દાસગુપ્ત તેમનો સમય ઈ.સ ૯૫૦–૧૦૫૦ માને છે. વિમુક્તાત્માની ઇષ્ટસિદ્ધિ પર આનન્દાનુભવે વ્યાખ્યા રચી છે અને આનંદગિરિએ પદાર્થ-તત્ત્વનિર્ણય પર ટીકા લખી છે તેથી વિમુક્તાત્મા અને આનન્દગિરિની વચ્ચેનો તેમનો સમય હતો એ નિશ્ચિત છે. તેમના ગ્રંથો નીચે પ્રમાણે છે :

(૧) **पदार्थतत्त्वनिर्णय**—આ ગ્રંથ ન્યાયવૈશેષિકના પદાર્થોનું ખંડન કરે છે અને અદ્વૈત વેદાંતની દૃષ્ટિએ પદાર્થોનું પ્રતિપાદન કરે છે. તેની વ્યાખ્યા આનંદગિરિ અને આત્મસ્વરૂપે કરી છે.

(૨) **इष्टसिद्धिविवरण,**

(૩) **न्यायरत्नदीपावलि**—આ પ્રકરણ ગ્રંથના સમન્વય, અવિરોધ, સાધન અને ફલ નામના ચાર અધ્યાય છે અને તેના પર આનંદગિરિએ ટીકા લખી છે.

**વેદાંતકૌમુદીકાર રામાદ્વયાચાર્ય (ઈ.સ. ૧૩૦૦–૧૪૦૦)**

અદ્વયાશ્રમના શિષ્ય રામાદ્વયાચાર્ય પોતાના **वेदान्तकौमुदी** ગ્રંથમાં ૧૩મી સદીના ન્યાય–વેદાન્તના ચિંતકોનો ઉલ્લેખ કરે છે અને વેદાન્તકૌમુદી પરની સ્વોપજ્ઞ વ્યાખ્યામાં આનંદગિરિનો ઉલ્લેખ કરે છે. વેદાન્તકૌમુદી ગ્રંથમાં અમલાનંદના કલ્પતરુ, વિમુક્તાત્મન્‌ની ઇષ્ટસિદ્ધિ અને (અનુભૂતિસ્વરૂપાચાર્ય કે) પ્રકટાર્થકારનો નિર્દેશ હોઈ તે અગત્યનો ગ્રંથ છે. Madras University Sanskrit Seriesમાં આ પ્રકરણ ગ્રંથ પ્રકાશિત થયેલો છે.

**કલ્પતરુકાર અને શાસ્ત્રદર્પણકાર અમલાનંદ (ઈ.સ. ૧૨૪૭–૧૩૪૭)**

અમલાનંદનું બીજું નામ વ્યાસાશ્રમ હતું. તેમણે તેમના ગ્રંથોમાં નમસ્કાર કર્યા છે તે પરથી સિદ્ધ થાય છે કે અનુભવાનન્દ તેમના દીક્ષાગુરુ, આનન્દાત્મા દીક્ષાપ્રગુરુ, સુખપ્રકાશ વિદ્યાગુરુ અને ચિત્સુખ વિદ્યાપ્રગુરુ હતા. તેમના ગ્રંથો— (૧) **कल्पतरु**–વાચસ્પતિકૃત ભામતી ટીકાની વ્યાખ્યા છે જેમાં પ્રકટાર્થકારનું ખંડન કરીને ભામતીના મત અક્ષુણ્ણ સિદ્ધ કર્યા છે. તેના પર અપ્પય્ય દીક્ષિતે 'પરિમલ'ની રચના કરી છે. બીજી લક્ષ્મીનૃસિંહકૃત આભોગ અને વૈદ્યનાથકૃત કલ્પતરુમન્દારમઞ્જરી વ્યાખ્યા પણ છે (નિર્ણયસાગરમાં મુદ્રિત).

(૨) **शास्त्रदर्पण**—બ્રહ્મસૂત્રવૃત્તિરૂપ આ ગ્રંથ ભામતીને અનુસરે છે (વાણીવિલાસમાં મુદ્રિત).

(૩) **पञ्चपादिकादर्पण** — સાંપ્રદાયિક માન્યતા પ્રમાણે આ ગ્રંથ પંચપાદિકા–વ્યાખ્યાત્મક છે.

**દ્વૈતવિવેકકાર ભારતીતીર્થ (ઈ.સ. ૧૨૮૦–૧૩૫૦) :**

**प्रणम्य परमात्मानं श्रीविद्यातीर्थरूपिणम ।**
**वैयासिकन्यायमाला श्लोकैः सङ्गृह्यते स्फुटम् ॥**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એમ वैयासिकन्यायमालामાં કહ્યું છે તેથી ભારતીતીર્થના ગુરુ વિદ્યાતીર્થ હતા એમ વિદિત થાય છે. વળી विवरणप्रमेयसङ्ग्रहમાં

स्वमात्रयाऽऽनन्दयदत्र जन्तून्सर्वात्मभावेन तथा परत्र ।

यच्छङ्करानन्दपदं हृदब्जे विभ्राजते तद्यतयो विशन्ति ॥ એમ કહ્યું છે તેથી એમ કહી શકાય કે વિદ્યાતીર્થ એ જ વિદ્યાશંકરતીર્થ કે શંકરાનન્દ તરીકે પ્રસિદ્ધ હતા અને તેઓ શૃંગગિરિપીઠાધીશ હતા: આ વિદ્યાતીર્થ કે શંકરાનંદના શિષ્ય તે ભારતીતીર્થ. વિદ્યાતીર્થની પછી ભારતીતીર્થ શૃંગગિરિપીઠાધીશ થયા હતા.

ભારતીતીર્થના શિષ્યોમાં માધવાચાર્યનો સમાવેશ થાય છે. વિદ્યારણ્યમુનિએ સંન્યાસગ્રહણ કર્યું તે પહેલાં તેમનું નામ માધવાચાર્ય હતું. આમ વિદ્યારણ્યના ગુરુઓમાં ભારતીતીર્થ એક હતા. ભારતીતીર્થના એક બીજા શિષ્ય હતા બ્રહ્માનન્દ ભારતી, જેમણે દગ્દશ્યવિવેકની વ્યાખ્યા કરી છે. મહાવાક્યદર્પણકાર કૃષ્ણાનન્દભારતી પણ ભારતતીર્થના શિષ્ય હતા. અનેક ગ્રંથોના ભારતીતીર્થ સ્વતંત્ર કર્તા છે પણ પંચદશી આદિ કેટલાક ગ્રંથો તેમણે વિદ્યારણ્યની સાથે મળીને રચ્યા છે.

ગ્રંથો :

(૧) दृग्दृश्यविवेक અથવા वाक्यसुधा—આ ગ્રંથમાં તેના નામને અનુરૂપ दृग्–આત્મા અને दृश्य–જગત્ અને તેમના સંબંધનું માર્મિક વિવેચન છે. આ ગ્રંથ વારાણસી ગ્રંથમાલામાં તેમજ રત્નપિટક ગ્રંથમાલામાં પ્રકાશિત છે. તેના પર બ્રહ્માનન્દ ભારતીની ટીકા છે.

(૨) वैयासिकन्यायमाला (અથવા અધિકરણરત્નમાલા) (આનંદાશ્રમ સંસ્કૃત ગ્રંથાવલિમાં મુદ્રિત)—આ ગ્રંથ બ્રહ્મસૂત્રોના શંકરાચાર્યને અભિમત અધિકરણોના વર્ણનપૂરક છે. દરેક અધિકરણ માટે બે શ્લોક ફાળવ્યા છે—એક પૂર્વપક્ષ બતાવવા અને બીજો સિદ્ધાન્ત માટે. તેની ન્યાયમાલાવિસ્તર નામની વ્યાખ્યા પણ ભારતીતીર્થે જ લખી છે.

(૩) पञ्चकोशविवेक,

(૪) उपनिषत्संक्षेपवार्त्तिक—આ ગ્રંથનો નિર્દેશ વાક્યસુધાટીકામાં છે.

(૫) माण्डूक्योपनिषद्दीपिका (?).

**પંચદશીકાર વિદ્યારણ્ય (ઈ. સ. ૧૨૯૬–૧૩૮૬)**

ભારદ્વાજ ગોત્રમાં જન્મેલા વિદ્યારણ્યનું બીજું નામ માધવ હતું. તેઓ સઙ્ગમગજના મહામંત્રી માયણ અને શ્રીમતીના પુત્ર હતા અને સાયણ, ભોગનાથ તેમ જ સિંગલાના ભાઈ હતા. તેઓ વિજયનગરના રાજા બુક્કણના સમકાલીન હતા. ભારતીતીર્થ, શ્રીકંઠાચાર્ય, શંકરાનંદના શિષ્ય અને વિદ્યાતીર્થ તેમજ નૃસંહતીર્થના પ્રશિષ્ય હતા: અને કૃષ્ણાનંદભારતી બ્રહ્માનંદભારતી અને રામકૃષ્ણના ગુરુ હતા. વિજયનગરના વાસી આ કર્ણાટક બ્રાહ્મણના વિજયનગરના રાજ્યની સ્થાપનામાં આગળ પડતો ભાગ હતો, અને તેઓ રાજકીય કાર્યભાર વહન કરવામાં સમર્થ હતા. તેઓ ૮૫ વર્ષથી અધિક જીવ્યા હતા અને શૃંગગિરિપીઠાધીશ હતા. સંન્યાસગ્રહણ પૂર્વે તેમનું નામ માધવાચાર્ય હતું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એ નોંધવા જેવું છે કે વિજયનગરમાં ત્રણ માધવ હતા (૧) સાયણનો પુત્ર માધવ; (૨) માધવમન્ત્રી, (૩) માયણનો પુત્ર માધવ જેનું સંન્યાસગ્રહણ પછી વિદ્યારણ્ય નામ થયું. આ ત્રણમાંથી વિદ્યારણ્ય (માધવ) શૃંગેરીપીઠાધીશ હતા. વિદ્યારણ્ય અમલાનંદના સમકાલીન હતા અને બન્ને શંકરાનંદ અને અનુભવાનંદના શિષ્યો હતા. દાસગુપ્ત માને છે કે આ બન્ને આનંદાત્માના પણ શિષ્યો હતા. (History of Indian Philosophy, Vol. II, pp. 57–58).

ગ્રંથો :

(૧) અનુભૂતિપ્રકાશ (નિર્ણયસાગર પ્રેસમાં મુદ્રિત)— ૨૦ અધ્યાયનો આ ગ્રંથ ૧૨ ઉપનિષદોના સારરૂપ છે.

(૨) અપરોક્ષાનુભૂતિદીપિકા (Mysore Bibliotheca Sanskrit Seriesમાં મુદ્રિત)— શંકરાચાર્યની 'અપરોક્ષાનુભૂતિ' કૃતિની વ્યાખ્યા છે.

(૩) ઉપનિષત્કારિકાઃ (અમુદ્રિત) (૪) ઐતરેયોપનિષદ્દીપિકા (આનંદાશ્રમ સંસ્કૃત ગ્રંથાવલિમાં મુદ્રિત (૫) જીવન્મુક્તિવિવેક (આનંદાશ્રમ સંસ્કૃત ગ્રંથાવલિમાં પ્રકાશિત)-આ ગદ્યપદ્યમય ગ્રંથમાં પાંચ પ્રકરણોમાં જીવન્મુક્તિ, વાસનાક્ષય, મનોનાશ, સ્વરૂપસિદ્ધિ–પ્રયોજન અને વિદ્વત્સંન્યાસ સંબંધી વિચારણા કરી છે. વિરક્તિદ્વૈવિધ્ય, ન્યાસદ્વૈવિધ્ય, મુક્તિદ્વૈવિધ્ય અને તેમનો ભેદ તેમજ સંસારી અને મુક્તના સ્વાભાવિક ભેદને વર્ણવતો આ ગ્રંથ પ્રકરણ કોટિનો છે. (૬) તૈતિરીયલઘુદીપિકા (અમુદ્રિત), (૭) નૃસિંહોત્તરતાપિનીદીપિકા (અમુદ્રિત), (૮) પઞ્ચદશી —પંદર અધ્યાયવાળો આ પ્રકરણગ્રંથ નિર્ણયસાગરમાં મુદ્રિત થયો છે. સાંપ્રદાયિક માન્યતા અનુસાર આ ગ્રંથ વિદ્યારણ્ય અને ભારતીતીર્થ બન્નેની કૃતિ છે. પઞ્ચદશીમાં ૧૫ અધ્યાય છે : (૧) તત્ત્વવિવેક, (૨) મહાભૂતવિવેક, (૩) પઞ્ચકોશવિવેક, (૪) દ્વૈતવિવેક, (૫) મહાવાક્યવિવેક, (૬) ચિત્રદીપ, (૭) તૃપ્તિદીપ, (૮) કૂટસ્થદીપ, (૯) ધ્યાનદીપ, (૧૦) નાટકદીપ, (૧૧) બ્રહ્માનન્દે યોગાનન્દઃ, (૧૨) બ્રહ્માનન્દે આત્માનન્દઃ, (૧૩) બ્રહ્માનંદે અદ્વૈતાનન્દઃ, (૧૪) બ્રહ્માનન્દે વિદ્યાનન્દઃ, (૧૫) બ્રહ્માનંદે વિષયાનન્દઃ. પઞ્ચદશીના વ્યાખ્યાતા નિશ્ચલદાસ સ્વામીએ એવું પ્રતિપાદિત કર્યું છે કે શરૂઆતના દશ પરિચ્છેદ વિદ્યારણ્યકૃત છે જ્યારે રામકૃષ્ણ તો સાતમા પરિચ્છેદના આરંભમાં જ એ ભારતીતીર્થકૃત છે એનો નિર્દેશ કરે છે. કેટલાક માને છે કે પહેલા ૭ પરિચ્છેદ વિદ્યારણ્યકૃત છે અને પછીના નવ પરિચ્છેદ ભારતીતીર્થકૃત છે. અપ્પય્યદીક્ષિત પણ પંચદશીના જ અધ્યાયોની બાબતમાં વિદ્યારણ્ય અને ભારતીતીર્થનો જુદો ઉલ્લેખ કરતા જણાય છે. ભારતીતીર્થના ધ્યાનદીપનો ઉલ્લેખ છે; કૂટસ્થદીપ વગેરેના સંદર્ભમાં કર્તાનું નામ નથી પણ વ્યાખ્યાકાર કૃષ્ણાનંદ ત્યાં વિદ્યારણ્યનો ઉલ્લેખ કરે છે.

પઞ્ચદશીની ઘણી વ્યાખ્યાઓ છે—નિશ્ચલદાસકૃત વૃત્તિપ્રભાકર, રામકૃષ્ણકૃત તાત્પર્ય–બોધિની પદદીપિકા, રામાનન્દકૃત વિશુદ્ધદષ્ટિ, સદાનંદકૃત વ્યાખ્યા, અચ્યુતશર્માની પૂર્ણાનન્દેન્દુકૌમુદી, લિંગનસોમયાજિકૃત કલ્યાણપીયૂષ, અજ્ઞાતકર્તૃક તત્ત્વબોધિની.

(૯) બ્રહ્મવિદ્યાશીર્વાદપદ્ધતિ—વિદ્યાવિનોદ મુદ્રણાલય, તેજપુરમાં મુદ્રિત.

(૧૦) બૃહદારણ્યકટીકા (અપ્રકાશિત).

(૧૧) બૃહદારણ્યકવાર્તિકસાર (Benares Sanskrit Seriesમાં પ્રકાશિત).

(૧૨) વિદ્યારત્નદીપિકા (અપ્રકાશિત).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૩) વિવરણપ્રમેયસંગ્રહ—સિદ્ધાન્તલેશસંગ્રહમાં આ ગ્રંથને વિવરણોપન્યાસ કહ્યો છે; તે પઞ્ચપાદિકાવિવરણના પ્રતિપાદ્યોના સંગ્રહરૂપ છે (વિજયનગર સંસ્કૃતમાલામાં મુદ્રિત),

(૧૪) સર્વદર્શનસંગ્રહ,

(૧૫) પરાશરમાધવ, (૧૬) કાલમાધવ,

(૧૭) શંકરદિગ્વિજયકાવ્ય—એમ મનાય છે કે આ ગ્રંથ વિદ્યારણ્યની કૃતિ નથી પણ અભિનવકાલિદાસની છે, (૧૮) સંગીતસાર.

**ન્યાયચન્દ્રિકાકાર આનંદપૂર્ણ** (ઈ.સ. ૧૨૭૫–૧૩૫૦)

આનંદપૂર્ણનું બીજું નામ વિદ્યાસાગર હતું. તેઓ અભયાનંદના શિષ્ય હતા એમ તેમની કૃતિઓમાં કરેલી સ્તુતિઓ પરથી જણાય છે. બૃહદારણ્યકોપનિષદ્ભાષ્યવાર્તિકની વ્યાખ્યા ન્યાયકલ્પલતિકામાં ગુરુ શ્વેતગિરિને નમસ્કાર કર્યા છે તેથી એમ કહી શકાય કે શ્વેતગિરિ તેમના દીક્ષાગુરુ હતા અને અભયાનંદ વિદ્યાગુરુ. તેઓ ગોકર્ણક્ષેત્રના નિવાસી હતા અને વ્યાકરણના પણ પ્રકાંડ પંડિત હતા એમ ન્યાયચન્દ્રિકાની વ્યાખ્યા ન્યાયપ્રકાશિકામાં સ્વરૂપાનંદનું કથન છે 'યેન વ્યાકરણાટવી स्फुटतरं संलाविता लीलया' તેના પરથી જણાય છે. ડૉ. વી. રાઘવન્ માને છે કે આનંદપૂર્ણ ૧૩૫૦) કામદેવ ભૂપાલના સમકાલીન હતા (જુઓ 'Annals of Oriental Research,' Madras Vol. IV, Part 1). શ્રી તેલંગે महाविद्याविडम्बननी ભૂમિકામાં એવું પ્રતિપાદિત કર્યું છે કે આનંદપૂર્ણનો સમય ઈ. સ. ૧૫૨૯–૧૬૦૦ હતો.

**કૃતિઓ** :

(૧) ખંડનફક્કિકાવિભજન અથવા વિદ્યાસાગરી—શ્રીહર્ષકૃત ખંડનખંડખાદ્યની વ્યાખ્યા (ચૌખંબામાં અને ષડ્દર્શન પ્રતિષ્ઠાન, વારાણસી દ્વારા પ્રકાશિત).

(૨) ટીકારત્ન—પંચપાદિકાવિવરણની વ્યાખ્યા (અમુદ્રિત),

(૩) ન્યાયચન્દ્રિકા (અમુદ્રિત)—તેનો સિદ્ધાન્તલેશસંગ્રહમાં ઉલ્લેખ છે. તેમાં ચાર પરિચ્છેદો છે. ન્યાય, વૈશેષિક, મીમાંસા આદિના મતોનું ખંડન કરી પ્રમાણના લક્ષણનું પ્રતિપાદન કર્યું છે. તેના પર સ્વરૂપાનંદકૃત 'ન્યાયપ્રકાશિકા' નામની વ્યાખ્યા છે.

(૪) ન્યાયકલ્પલતિકા—બૃહદારણ્યકભાષ્યવાર્તિકની વ્યાખ્યા છે. (તિરુપતિ કેન્દ્રીય વિદ્યાલય દ્વારા પ્રકાશિત),

(૫) બૃહદારણ્યકવ્યાખ્યા—આ ગ્રંથ ઉપલબ્ધ નથી. પણ પ્રબોધચન્દ્રોદયની ચન્દ્રિકા વ્યાખ્યામાં (નિર્ણયસાગર, પૃ. ૨૦૪) નન્દિલ્લગોપમન્ત્રિશેખરનું કથન છે—'बृहदारण्यकमाष्ये मधुकाण्डे विद्यासागरीतोऽवगन्तव्यम्' તે પરથી આવી કૃતિ હશે એમ કહી શકાય, સિવાય કે ઉપર્યુક્ત બૃહદારણ્યકભાષ્યવાર્તિકવ્યાખ્યા માટે જ આવો પ્રયોગ કર્યો હોય.

(૬) પઞ્ચપાદિકા–વ્યાખ્યા (અમુદ્રિત),

(૭) ભાવશુદ્ધિ (—બ્રહ્મસિદ્ધિની વ્યાખ્યા), (૮) સમન્વયસૂત્રવૃત્તિ;

(૯) ન્યાયસારવ્યાખ્યા (વ્યાખ્યારત્ન), (૧૦) પુરુષાર્થબોધ,

(૧૧) પ્રક્રિયામઞ્જરી (કાશિકાવૃત્તિ વ્યાખ્યા),

(૧૨) મોક્ષધર્મવ્યાખ્યા, (૧૩) મહાવિદ્યાવિડમ્બનવ્યાખ્યા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**તત્ત્વપ્રદીપિકાકાર ચિત્સુખાચાર્ય** (ઈ. સ. ૧૧૨૦-૧૨૨૦)

ચિત્સુખાચાર્યના પ્રાચાર્ય તત્ત્વશુદ્ધિકાર જ્ઞાનઘન હતા અને તેમના ગુરુ જ્ઞાનોત્તમ હતા. તેમને માટે ચિત્સુખ તત્ત્વપ્રદીપિકાને અંતે 'ગોડેશ્વરાચાર્ય' વિશેષણ પ્રયોજે છે. આ જ્ઞાનોત્તમ નૈષ્કર્મ્યસિદ્ધિ અને ઇષ્ટસિદ્ધિની વ્યાખ્યા લખનાર ચોલદેશીય જ્ઞાનોત્તમથી જુદા છે. ચિત્સુખના ગુરુ જ્ઞાનોત્તમે ન્યાયસુધા અને જ્ઞાનસિદ્ધિ નામના ગ્રંથો લખ્યા હતા એમ તત્ત્વપ્રદીપિકામાંથી જ્ઞાત થાય છે. સિદ્ધાન્તલેશસંગ્રહમાં ન્યાયસુધાનો ઉલ્લેખ છે. તત્ત્વપ્રદીપિકાવ્યાખ્યા આદિ પોતાના ગ્રંથોમાં સુખપ્રકાશ ચિત્સુખને નમસ્કાર કરે છે તેથી સુખપ્રકાશ ચિત્સુખના શિષ્ય હતા એમ નિશ્ચિત કહી શકાય. આનંદગિરિના દીક્ષાગુરુ શુદ્ધાનંદ પણ ચિત્સુખના શિષ્ય હતા.

**ચિત્સુખના ગ્રંથો :**

(૧) **અધિકરણ-મઞ્જરી** ('Journal of Oriental Research', Madras, Vol. Vમાં મુદ્રિત)—બ્રહ્મસૂત્રશાંકરભાષ્ય પ્રમાણે અધિકરણોની સંખ્યા અને તેમના અર્થ દર્શાવ્યા છે.

(૨) **અધિકરણસઙ્ગતિ** (Journal of Oriental Research, Vol. VIમાં મુદ્રિત),

(૩) **અભિપ્રાયપ્રકાશિકા** (અમુદ્રિત, શરૂઆતનો ભાગ મળતો નથી)—મંડનમિશ્રકૃત બ્રહ્મસિદ્ધિની વ્યાખ્યા,

(૪) **ખણ્ડનભાવપ્રકાશિકા**—શ્રી હર્ષકૃત ખણ્ડનખણ્ડખાદ્યની વ્યાખ્યા (ચૌખાંબામાં અંશતઃ મુદ્રિત),

(૫) **તત્ત્વપ્રદીપિકા**—સમન્વય, અવિરોધ, સાધન, ફલ નામના પરિચ્છેદોવાળો આ ગ્રંથ અદ્વૈતના સિદ્ધાન્તોનું રક્ષણ કરે છે અને તેમનું વ્યાખ્યાન કરે છે. તેના પર સુખપ્રકાશકૃત ભાવદ્યોતનિકા અને પ્રત્યક્સ્વરૂપકૃત નયનપ્રસાદિની એ બે વ્યાખ્યાઓ છે. (નિર્ણયસાગરમાં તેમજ ષડ્દર્શન પ્રતિષ્ઠાન, વારાણસી દ્વારા પ્રકાશિત),

(૬) **ન્યાયમકરન્દટીકા** : આનંદબોધકૃત ન્યાયમકરંદની વ્યાખ્યા. આનંદબોધ બ્રહ્મપ્રકાશિકાનું ખંડન કરે છે એમ ચિત્સુખે બતાવ્યું છે (પૃ. ૧૪૬) (ચૌખાંબા મુદ્રણાલયમાં મુદ્રિત),

(૭) **પ્રમાણરત્નમાલાવ્યાખ્યા** : આનંદબોધની કૃતિ પ્રમાણરત્નમાલાની વ્યાખ્યા ('બ્રહ્મવિદ્યા' પત્રિકામાં પ્રકાશિત),

(૮) **ભાવતત્ત્વપ્રકાશિકા**—સુરેશ્વરકૃત નૈષ્કર્મ્યસિદ્ધિની વ્યાખ્યા (અમુદ્રિત)

(૯) **ભાવદ્યોતનિકા** (અથવા તાત્પર્યદીપિકા)—પંચપાદિકાવિવરણની વ્યાખ્યા,

(૧૦) **ભાષ્યભાવપ્રકાશિકા**—અધ્યાસભાષ્ય સુધીની બ્રહ્મસૂત્રશાંકરભાષ્યની વ્યાખ્યા (અમુદ્રિત),

(૧૧) **વેદાંતસિદ્ધાન્તકારિકામઞ્જરી** (અમુદ્રિત),

(૧૨) **વિષ્ણુપુરાણવ્યાખ્યા**,

બ્રહ્મસ્તુતિ અને સદ્દર્શનસંગ્રહ ચિત્સુખની કૃતિઓ મનાય છે, પણ તેને માટે પ્રમાણ નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**તત્ત્વશુદ્ધિકાર જ્ઞાનઘન** (ઈ.સ. ૧૦૫૦)

જ્ઞાનઘન બોધઘનના શિષ્ય અને જ્ઞાનોત્તમના ગુરુ હતા અને જ્ઞાનોત્તમ ચિત્સુખના ગુરુ હતા. જ્ઞાનઘનનો 'તત્ત્વશુદ્ધિ' ગ્રંથ Madras University Sanskrit Seriesમાં પ્રકાશિત છે ૪૬ પ્રકરણોવાળો આ ગ્રંથ ક્યાંક ક્યાંક વાક્ય અને ભાવની દૃષ્ટિએ મંડનમિશ્રની બ્રહ્મસિદ્ધિને અનુસરે છે. તેમાં બતાવ્યું છે કે શંકરાચાર્યના મતે તત્ત્વમસિ આદિ વાક્યથી ઉત્પન્ન કરાયેલા અપરોક્ષ બ્રહ્મજ્ઞાનથી અનાદિ-અવિદ્યાનો નાશ થતાં નિત્યસિદ્ધ નિરતિશય, આનન્દરૂપ અદ્વિતીય પરમાત્મચૈતન્ય સ્વરૂપે અવસ્થાન તે જ અપવર્ગ.

**ન્યાયસુધાકાર જ્ઞાનોત્તમ** (ઈ સ. ૧૧૦૦-૧૨૦૦)

જ્ઞાનોત્તમ જ્ઞાનઘનના શિષ્ય હતા અને ચિત્સુખના ગુરુ હતા. તત્ત્વપ્રદીપિકામાં ચિત્સુખ તેમને ગૌડેશ્વરાચાર્ય કહે છે. ચિત્સુખના ગ્રંથોમાં જ્ઞાનોત્તમ માટે સત્યાનંદ એવું નામ પણ પ્રયોજાયું છે. (ઇષ્ટસિદ્ધિ અને નૈષ્કર્મ્યસિદ્ધિની ટીકા લખનાર જ્ઞાનોત્તમથી આ જ્ઞાનોત્તમ જુદા છે.) જ્ઞાનોત્તમના બે જાણીતા શિષ્યો હતા—ચિત્સુખ અને પંચપાદિકાવ્યાખ્યા તાત્પર્યદ્યોતિનીના અને શ્વેતાશ્વતરોપનિષદ્દીપિકાના કર્તા વિજ્ઞાનાત્મા.

જ્ઞાનોત્તમના ગ્રંથો મળતા નથી પણ ચિત્સુખે તત્ત્વપ્રદીપિકામાં (પૃ. ૩૯૨, નિર્ણયસાગર) ન્યાયસુધાનો નિર્દેશ કર્યો છે અને પ્રત્યક્સ્વરૂપે **आराध्यपादाः स्वगुरवः ज्ञानसद्धिकाराः, तत्प्रणीतं वेदान्तप्रकरणं न्यायसुधा'** એમ વ્યાખ્યા કરી છે આ પરથી એમ જણાય છે કે ન્યાયસુધા અને જ્ઞાનસિદ્ધિ જ્ઞાનોત્તમના ગ્રંથ હશે. શ્રીકંઠશાસ્ત્રી માને છે કે જ્ઞાનસુધા પણ તેમનો ગ્રંથ હોવો જોઈએ ('Indian Historical Quarterly' Vol. XIV p. 410).

**ન્યાયનિર્ણયકાર આનન્દગિરિ** (૧૩મો સૈકા)

આનન્દગિરિ કે આનંદજ્ઞાનનું સંન્યાસગ્રહણ પૂર્વે જનાર્દન નામ હતું જે નામે તેમણે તત્ત્વાલોક રચ્યું છે. એમ મનાય છે કે તેઓ ગુજરાતમાં જન્મ્યા હતા અને સંન્યાસ લીધા પછી દ્વારકાશાંકરપીઠાધીશ હતા. તર્કસંગ્રહમાં તેમણે દ્વારકાધીશને વંદન કર્યા છે. તેથી એટલું તો નિશ્ચિત કે તેઓ કેટલોક વખત ગુજરાતમાં અને વિશેષ કરીને દ્વારકામાં રહ્યા હતા. કેટલાક તેમને આંધ્ર દેશના અને બીજા ચેરદેશના માને છે. તત્ત્વાલોકમાં તેમણે અનુભવસ્વરૂપ (અનુભૂતિસ્વરૂપ)ને વંદન કર્યા છે તેથી સારસ્વતપ્રક્રિયા, પ્રકટાર્થવિવરણ, ખંડનખંડખાદ્યની શિષ્યહિતૈષિણી ટીકા આદિના કર્તા અનુભૂતિસ્વરૂપાચાર્ય તેમના વિદ્યાગુરુ હતા; અને બહુશઃ શુદ્ધાનંદને નમસ્કાર કર્યા છે તેથી શુદ્ધાનંદ તેમના દીક્ષાગુરુ હતા એમ મનાય છે. તત્ત્વદીપનકાર અખંડાનન્દ સરસ્વતી અને તત્ત્વાલોકના વ્યાખ્યાતા તત્ત્વપ્રકાશિકાકાર પ્રજ્ઞાનન્દ આનંદગિરિના શિષ્યોમાં વધારે જાણીતા છે. આનંદગિરિની તર્કવિવેક નામની પદાર્થતત્ત્વનિર્ણયની વ્યાખ્યામાં તેમણે કહ્યું છે કે કલિંગદેશના અધિપતિ નૃસિંહદેવ રાજ કરતા હતા ત્યારે આ પ્રબંધ મેં કર્યો છે. તેથી એમ જ્ઞાત થાય છે કે કલિંગદેશાધિપતિ નૃસિંહદેવના સમકાલીન હતા. આનંદગિરિએ પ્રાયઃ સર્વ શાંકરભાષ્યોની વ્યાખ્યા કરી છે, પણ ઐતરેયોપનિષદ્ભાષ્ય અને પ્રશ્નોપનિષદ્ભાષ્યની વ્યાખ્યા આનંદગિરિકૃત તરીકે છપાયેલી છે તે વસ્તુતઃ આનંદગિરિની નથી કારણ કે તેમના અંતભાગમાં વિદ્યારણ્યની દીપિકાનો ઉલ્લેખ છે, અને વિદ્યારણ્ય તો આનંદગિરિથી અર્વાચીન છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિઓ : (૧) **આત્મજ્ઞાનોપદેશવિધિટીકા** (અમુદ્રિત),

(૨) **ઈશાવાસ્યશાઙ્કરભાષ્યટિપ્પણી** (આનંદાશ્રમમાં મુદ્રિત),

(૩) **ઉપદેશસાહસ્રીવ્યાખ્યા** (અમુદ્રિત),

(૪) **ઉપસંહનવ્યાખ્યા** (અમુદ્રિત), (૫) **કાઠકોપનિષદ્ભાષ્યવ્યાખ્યા** (આનંદાશ્રમ),

(૬) **કેનોપનિષદ્ભાષ્યવ્યાખ્યા** (આનંદાશ્રમ), (૭) **ગોવિન્દાષ્ટકટીકા**,

(૮) **છાન્દોગ્યભાષ્યવ્યાખ્યા** (આનંદાશ્રમ),

(૯) **તર્કવિવેક—આનન્દાનુભવના પદાર્થતત્ત્વનિર્ણયની** વ્યાખ્યા (અમુદ્રિત),

(૧૦) **તત્ત્વાલોક** (ભારતીય વિદ્યાભવન દ્વારા પ્રકાશિત)—તેમાં ન્યાયવૈશેષિકના સિદ્ધાંતો અને ભાસ્કરાચાર્ય-નિંબાર્કાચાર્યના મતોનું ખંડન છે. તેની પ્રજ્ઞાનંદકૃત તત્ત્વપ્રકાશિકા વ્યાખ્યા છે.

(૧૧) **તર્કસંગ્રહ** (Gaekwad's Oriental Seriesમાં પ્રકાશિત);

(૧૨) **ત્રિપુટીવિવરણ** (અમુદ્રિત); (૧૩) **તૈત્તરીયભાષ્યવ્યાખ્યા** (આનંદાશ્રમ);

(૧૪) **પઞ્ચપ્રકરણવ્યાખ્યા**—સર્વજ્ઞાત્મમુનિકૃત પઞ્ચપ્રક્રિયાની વ્યાખ્યા છે (Madras University Sanskrit Bulletin Seriesમાં પ્રકાશિત),

(૧૫) **તૈત્તિરીયવાર્ત્તિકટીકા** (આનંદાશ્રમ);

(૧૬) **પઞ્ચીકરણવિવરણ** (ચોખાંબામાં મુદ્રિત); (૧૭) **બૃહદારણ્યકભાષ્યવ્યાખ્યા**,

(૧૮) **બૃહદારણ્યકવાર્ત્તિકવ્યાખ્યા**, (૧૯) **ભગવદ્ગીતાભાષ્યવિવેચન**,

(૨૦) **માણ્ડૂક્યોપનિષદ્ભાષ્યવ્યાખ્યા** (૨૧) **માણ્ડૂક્યકારિકાવ્યાખ્યા**,

(૨૨) **મુણ્ડકભાષ્યવ્યાખ્યા** (૧૭–૨૨—આનંદાશ્રમ સંસ્કૃત ગ્રંથાવલિમાં પ્રકાશિત),

(૨૩) **વાક્યવૃત્તિવ્યાખ્યા** (અમુદ્રિત),

(૨૪) **વેદાન્તવિવેક**—આનંદબોધકૃત ન્યાયદીપાવલીની વ્યાખ્યા,

(૨૫) **શારીરકન્યાયનિર્ણય**—બ્રહ્મસૂત્રશાઙ્કરભાષ્યની વ્યાખ્યા (નિર્ણયસાગરમાં મુદ્રિત)

(૨૬) **સ્વરૂપવિવરણ** (અમુદ્રિત),

નીચેની કૃતિઓ આનંદગિરિની છે કે કેમ તે શંકાસ્પદ છે :

(૨૭) **ઐતરેયભાષ્યવ્યાખ્યા** (આનંદાશ્રમ),

(૨૮) **ગુરુસ્તુતિ**, (૨૯) **ચૂલિકોપનિષદ્વ્યાખ્યા**,

(૩૦) **પ્રશ્નોપનિષદ્ભાષ્યવ્યાખ્યા**, (આનંદાશ્રમ),

(૩૧) **બૃહચ્છઙ્કરવિજય**, (૩૨) **મિતભાષિણી**,

(૩૩) **શતશ્લોકીવ્યાખ્યા** (Benares Sanskrit Series),

(૩૪) **શઙ્કરાચાર્યાવતારકથા**, (૩૫) **હરિમીડેસ્તુતિવ્યાખ્યા**.

**આનંદબોધ** (ઈ.સ. ૧૦૫૦–૧૧૫૦)

આત્માવાસના શિષ્ય આનંદબોધ ઉત્તરભારતવાસી હતા એમ તેમની શાબ્દનિર્ણયવ્યાખ્યા પરથી જણાય છે. આનંદબોધ પ્રમાણમાલામાં 'एतदेवोक्तं गुरुभिः' એમ કહે છે તેમાં 'ગુરુ' શબ્દ ઇષ્ટસિદ્ધિકાર વિમુક્તાત્મા માટે પ્રયોજ્યો છે એમ મનાય છે. તેમની કૃતિઓ નીચે પ્રમાણે છે :

(૧) **ન્યાયદીપાવલિ**—ભેદવાદનું ખંડન ન્યાયપ્રક્રિયાના ખંડનપૂર્વક કરીને અદ્વૈતપ્રક્રિયાની સ્થાપના કરી છે, તેની વ્યાખ્યાઓઃ—અમૃતાનન્દકૃત ન્યાયવિવેક, સુખપ્રકાશકૃત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વ્યાખ્યા, અનુભૂતિસ્વરૂપકૃત ચંદ્રિકા, આનંદગિરિકૃત વેદાન્તવિવેક. (૨) ન્યાયમકરન્દ—ભેદવાદનું ખંડન કરતાં વાચસ્પતિમિશ્ર, મંડનમિશ્ર, પંચપાદિકાવિવરણકાર પ્રકાશાત્માને પ્રમાણ તરીકે ટાંક્યા છે. આ ગ્રંથમાં અનિર્વચનીયખ્યાતિ, જીવ અને બ્રહ્મનું ઐક્ય, અને મોક્ષસ્વરૂપ જેવા વિષયોનું પ્રતિપાદન છે. (૩) પ્રમાણમાલા—ન્યાયમકરન્દના જેવા વિષયોનું પ્રતિપાદન છે અને વાચસ્પતિમિશ્રકૃત બ્રહ્મતત્ત્વસમીક્ષાને સમર્થનમાં ટાંકી છે અનુભૂતિસ્વરૂપે તેના પર નિબંધન નામની વ્યાખ્યા લખી છે જે અમુદ્રિત છે. આ ત્રણેય કૃતિઓ Benares Sanskrit Seriesમાં પ્રકાશિત છે.

(૪) શાબ્દનિર્ણયવ્યાખ્યા : પ્રકાશાત્મનના શાબ્દનિર્ણય પર વ્યાખ્યા.

## (વેદાન્ત) સિદ્ધાન્તમુક્તાવલીકાર પ્રકાશાનન્દ (૧૬મી સદી)

પ્રકાશાનન્દ અદ્વૈતાનંદ અને જ્ઞાનાનન્દના શિષ્ય હતા. તેમણે પોતાના સિદ્ધાન્ત-મુક્તાવલી ગ્રંથમાં એકજીવવાદ અને દૃષ્ટિસૃષ્ટિવાદનું પ્રતિપાદન કર્યું છે અને એ સંદર્ભમાં જ સિદ્ધાન્તલેશસંગ્રહમાં તેમનો ઉલ્લેખ છે.

## તત્ત્વવિવેકકાર અને અદ્વૈતદીપિકાકાર નૃસિંહાશ્રમિન્ (ઈ. સ ૧૫૦૦–૧૬૦૦) :

નૃસિંહાશ્રમીના વિદ્યાગુરુ જગન્નાથાશ્રમ હતા અને દીક્ષાગુરુ ગીર્વાણેન્દ્ર સરસ્વતી હતા. નૃસિંહાશ્રમી અપ્પય્ય દીક્ષિતના ગુરુ હતા અને એમ મનાય છે કે સંન્યાસગ્રહણ પૂર્વે નૃસિંહાશ્રમીનું જ નામ સચ્ચિદાનંદ શાસ્ત્રી હતું. નૃસિંહાશ્રમીએ જ સગુણભક્ત અને શિવાદ્વૈતમાં માનતા એવા અપ્પય્યદીક્ષિતને નિર્ગુણબ્રહ્મવાદી કેવલાદ્વૈતી બનાવ્યા એવી સાંપ્રદાયિક માન્યતા છે. તેઓ વેદાન્તસારકર્તા સદાનંદ સરસ્વતી, પ્રકાશાનંદ, નાનાદીક્ષિત, અદ્વૈતાનંદ, ભટ્ટોજિદીક્ષિત અને અપ્પય્યદીક્ષિતના પિતા રંગરાજાધ્વરીના સમકાલીન હતા. તેમણે વિ.સં. ૧૬૦૩ (ઈ.સ. ૧૫૪૭)માં અદ્વૈતદીપિકા રચી એમ માનવાને માટે પ્રમાણ છે. તેઓ કેવલાદ્વૈતવેદાન્તાચાર્યોમાં ખૂબ પ્રસિદ્ધ હતા.

તેમના ગ્રંથો :

(૧) તત્ત્વવિવેક – આ ગ્રંથ નવ્યન્યાયની પદ્ધતિથી અને વિવરણમતને અનુસરીને અદ્વૈતવેદાન્તના સિદ્ધાન્તોનું પ્રતિપાદન કરે છે અને વૈશેષિકાદિ મતનું ખંડન કરે છે. નૃસિંહાશ્રમીએ પોતે તેના પર તત્ત્વવિવેકદીપન કે અદ્વૈતરત્નકોશ નામની વ્યાખ્યા લખી છે. તત્ત્વવિવેકની ભટ્ટોજિદીક્ષિતકૃત વાક્યમાલા નામની વ્યાખ્યા પણ છે. તત્ત્વવિવેક-દીપન પર અનેક વ્યાખ્યાઓ લખાઈ છે. તત્ત્વવિવેક અને તત્ત્વવિવેકદીપન બન્ને મુદ્રિત છે.

(૨) અદ્વૈતદીપિકા—આ ગ્રંથમાં સાક્ષિવિવેક, વિભાગપ્રક્રિયા, ઔપનિષદદીપિકા, આનન્દદીપિકા નામના પરિચ્છેદ છે. પંડિત ગ્રંથમાલા, વારાણસીમાં મુદ્રિત છે.

(૩) અદ્વૈતસિદ્ધાન્તવિજય (અમુદ્રિત)

(૪) અદ્વૈતાનુસન્ધાન (અમુદ્રિત)

(૫) તત્ત્વબોધિની—સંક્ષેપશારીરકની વ્યાખ્યા છે. સરસ્વતી ભવન ગ્રંથમાલામાં મુદ્રિત છે.

(૬) તત્ત્વમ્-પદાર્થશોધનપ્રકાર—અપૂર્ણ મળે છે અને અમુદ્રિત છે.

(૭) નૃસિંહવિજ્ઞાપના : આ ગ્રંથ મહત્ત્વનો છે. તેમાં જીવ, ઈશ્વર અને સાક્ષીનું સ્વરૂપ, બિંબપ્રતિબિંબવાદ, અવિદ્યાનું સ્વરૂપ, સર્વશ્રુતિઓનું અદ્વૈતપરક ઐકમત્ય ઇત્યાદિનું સરળ નિરૂપણ છે. સરસ્વતી ભવન ગ્રંથમાલામાં મુદ્રિત છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૮) **પઞ્ચપાદિકાટીકા** (અથવા વેદાન્તરત્નકોશ) – અપૂર્ણ મળે છે અને અમુદ્રિત છે.

(૯) **પઞ્ચપાદિકાવિવરણવ્યાખ્યા** અથવા **ભાવપ્રકાશિકા** (અમુદ્રિત),

(૧૦) **ભાવાજ્ઞાનપ્રકાશિકા** (અમુદ્રિત), (૧૧) **મધુમઞ્જરી–મનીષાપઞ્ચકની વ્યાખ્યા** – અમુદ્રિત, (૧૨) **ભેદધિક્કાર**–Benares Sanskrit Seriesમાં પ્રકાશિત છે. તેમાં મધ્વસિદ્ધાન્તમાં પ્રતિપાદિત તેમજ ન્યાયવૈશેષિકમાં પ્રતિપાદિત ભેદવાદનું ખંડન તેમની જ યુક્તિથી કર્યું છે; તેના પર કાલહસ્તીશકૃત વિવૃતિ અને નારાયણાશ્રમિકૃત સત્ક્રિયા વ્યાખ્યાઓ છે. (૧૩) **વાચારમ્ભણપ્રકરણ** (અમુદ્રિત) (૧૪) **વૈદિકસિદ્ધાન્તસંગ્રહ** (અપૂર્ણ મળે છે અને અમુદ્રિત છે)–તેમાં એવું પ્રતિપાદન કર્યું છે કે શિવ, વિષ્ણુ અને રુદ્ર પરબ્રહ્મના જ સગુણરૂપે આવિર્ભાવ છે અને મૂર્તિત્રયનું અદ્વૈત બતાવ્યું છે.

(૧૫) **તત્ત્વદીપન** (અમુદ્રિત)—અખંડાનંદમુનિકૃત તત્ત્વદીપનથી આ ગ્રંથ ભિન્ન છે. તેના કર્તા આ જ પ્રસિદ્ધ નૃસિંહાશ્રમી હતા કે બીજા એ નક્કી કરી શકાતું નથી.

**સિદ્ધાન્તલેશસઙ્ગ્રહની વ્યાખ્યા કરનાર અચ્યુત કૃષ્ણાનંદ તીર્થ (ઈ.સ. ૧૬૫૦–૧૭૫૦)**

દાક્ષિણાત્ય અચ્યુતકૃષ્ણાનંદ સ્વયંપ્રકાશ અને અદ્વૈતાનન્દ સરસ્વતીના શિષ્ય હતા, અને અદ્વૈતાનન્દ રામાનન્દના શિષ્ય હતા. અદ્વૈતવાણી એ અદ્વૈતાનન્દ સરસ્વતીનું જ બીજું નામ છે. તેમની કૃતિઓ : (૧) **કૃષ્ણાલઙ્કાર**—સિદ્ધાન્તલેશસંગ્રહની વ્યાખ્યા.

(૨) **કઠોપનિષચ્છઙ્કરભાષ્યટીકા** (અમુદ્રિત),

(૩) **વનમાલા**—તૈત્તિરીયશાઙ્કરભાષ્યની વ્યાખ્યા (વાણી વિલાસમાં મુદ્રિત),

(૪) **ભાવદીપિકા**—ભામતીની વ્યાખ્યા (અમુદ્રિત),

(૫) **ભાષ્યરત્નપ્રભાભાગવ્યાખ્યા**—જિજ્ઞાસાસૂત્રથી શરૂ કરીને આનંદમયાધિકરણ સુધીની આ રત્નપ્રભાની વ્યાખ્યા છે (અમુદ્રિત)·

(૬) **માનમાલા** : પ્રમાણ, પ્રમેય, પ્રમા, પ્રમાતૃ એ નામનાં પ્રકરણોમાં પદાર્થોનો ભેદ સમજાવીને પ્રમાણના સ્વભાવનું પ્રતિપાદન કર્યું છે (અડ્યારથી મુદ્રિત); તેની રામાનન્દ ભિક્ષુરચિત વિવરણ નામની વ્યાખ્યા છે.

કૃષ્ણાલંકાર ટીકાના અધ્યયનથી એ સ્પષ્ટ થાય છે કે અચ્યુત કૃષ્ણાનંદ સંક્ષેપમાં જરૂર પૂરતી જ વ્યાખ્યા કરે છે પણ તેથી મૂળ ગ્રંથનો અર્થ તદ્દન સ્પષ્ટ થઈ જાય છે. આમ છતાં જરૂર જણાય ત્યાં પૂરો સંદર્ભ આપીને લંબાણપૂર્વક વિવેચન કરે છે. પોતે સંમત ન થતા હોય ત્યાં દલીલો આપીને નિર્ભીકપણે સમીક્ષા કરે છે, તેથી અચ્યુત કૃષ્ણાનંદતીર્થ ઉચ્ચ કક્ષાના વ્યાખ્યાકાર છે એમ તેમની ટીકાનો અભ્યાસ કરનાર સહર્ષ સ્વીકારે છે.

અચ્યુત કૃષ્ણાનંદ પોતાની વ્યાખ્યાની શરૂઆતમાં ગુરુ સ્વયંજ્યોતિર્વાણી અને અદ્વૈતાનન્દવાણીને વંદન કરે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# સિદ્ધાન્તલેશસંગ્રહની વિષયાનુક્રમણિકા

## પ્રથમ પરિચ્છેદ (પૃ. ૧-૨૯૦)


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | અપૂર્વવિધિ, નિયમવિધિ, પરિસંખ્યાવિધિ | ૩ |
| ૨ | શ્રોતવ્યઃ –વિધિવિચાર | ૮ |
| ૩ | બ્રહ્મના લક્ષણનો વિચાર | ૪૩ |
| ૪ | બ્રહ્મકારણત્વનો વિચાર | ૪૫ |
| ૫ | માયાના કારણત્વનો વિચાર | ૫૯ |
| ૬ | જીવ અને ઈશ્વરના સ્વરૂપનો વિચાર | ૬૫ |
| ૭ | જીવના એકત્વ–અનેકત્વનો વિચાર | ૧૦૫ |
| ૮ | બ્રહ્મનું કર્તૃત્વ | ૧૧૭ |
| ૯ | બ્રહ્મનું સર્વજ્ઞત્વ | ૧૨૧ |
| ૧૦ | વૃત્તિની ઉપયોગિતા | ૧૨૮ |
| ૧૧ | વૃત્તિનો વિષય સાથે સંબંધ | ૧૩૧ |
| ૧૨ | અભેદની અભિવ્યક્તિ | ૧૩૭ |
| ૧૩ | આવરણનો અભિભવ | ૧૪૧ |
| ૧૪ | સાક્ષીનું અજ્ઞાનથી અનાવૃતત્વ | ૧૮૦ |
| ૧૫ | સાક્ષિ-આનંદનું અનાવૃતત્વ | ૧૮૦ |
| ૧૬ | અહંકાર આદિનું અનુસંધાન | ૧૯૪ |
| ૧૭ | સકારણ અધ્યાસ | ૨૦૨ |
| ૧૮ | વૃત્તિના નિર્ગમની આવશ્યકતા | ૨૪૩ |


## દ્વિતીય પરિચ્છેદ (પૃ. ૨૯૧–૪૨૬)


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | પ્રત્યક્ષથી અદ્વૈતશ્રુતિના અબાધિતત્વનો વિચાર | ૨૯૧ |
| ૨ | પ્રત્યક્ષથી આગમના પ્રાબલ્યનો વિચાર | ૨૮૦ |
| ૩ | પ્રતિબિંબના સત્યત્વનું નિરાકરણ | ૩૧૮ |
| ૪ | સ્વાપ્ન પદાર્થોના અધિષ્ઠાનનું નિરૂપણ | ૩૪૬ |
| ૫ | સ્વાપ્ન પદાર્થોના અનુભવ-પ્રકારનું નિરૂપણ | ૩૫૯ |


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૬ | સૃષ્ટિના કલ્પકનો વિચાર | ૩૬૮ |
| ૭ | મિથ્યા પદાર્થની અર્થક્રિયાકારિતાનું ઉપપાદન | ૩૭૮ |
| ૮ | મિથ્યાત્વનું મિથ્યાત્વ હોવા છતાં પ્રપંચના મિથ્યાત્વનો વિચાર | ૩૮૫ |
| ૯ | જીવોપાધિભેદવિચાર | ૩૯૧ |
| ૧૦ | ઉપાધિનો ભેદ હોવા છતાં 'હું સુખી છું' ઇત્યાદિ અનુસંધાનના સંકર્યાપાદનનો વિચાર | ૪૦૫ |
| ૧૧ | જીવના અણુત્વનું નિરાકરણ | ૪૦૯ |

## તૃતીય પરિચ્છેદ (પૃ. ૪૨૭–૫૩૪)

| | | |
|---|---|---|
| ૧ | જ્ઞાનની ઉત્પત્તિમાં કર્મોની ઉપયોગિતાનો વિચાર | ૪૨૭ |
| ૨ | શ્રુતિ દ્વારા વિનિયુક્ત કર્મવિશેષનું પ્રતિપાદન | ૪૩૬ |
| ૩ | વિદ્યા અર્થે કરવાનાં કર્મોમાં ત્રૈવર્ણિકનો અધિકાર અને અન્યનો અનધિકાર | ૪૪૪ |
| ૪ | સંન્યાસની વિદ્યોપયોગિતા | ૪૫૬ |
| ૫ | શ્રવણ આદિમાં ક્ષત્રિય-વૈશ્યનો અધિકાર | ૪૬૧ |
| ૬ | અમુખ્ય અધિકારીએ કરેલાં શ્રવણ આદિની જન્માન્તરીય વિદ્યામાં ઉપયોગિતા | ૪૭૦ |
| ૭ | વિદ્યોપયોગી યોગમાર્ગ | ૪૭૬ |
| ૮ | બ્રહ્મસાક્ષાત્કારમાં કરણ | ૪૮૪ |
| ૯ | બ્રહ્મજ્ઞાનમાં શાબ્દાપરોક્ષત્વનો વિચાર | ૪૯૨ |
| ૧૦ | અજ્ઞાનનિવર્તકનું નિરૂપણ | ૫૦૫ |
| ૧૧ | બ્રહ્મજ્ઞાનના વિનાશકનો વિચાર | ૫૨૫ |

## ચતુર્થ પરિચ્છેદ (પૃ. ૫૩૫–૫૮૬)

| | | |
|---|---|---|
| ૧ | અવિદ્યાલેશનું નિરૂપણ | ૫૩૫ |
| ૨ | અવિદ્યાનિવૃત્તિના સ્વરૂપનો વિચાર | ૫૩૭ |
| ૩ | મોક્ષના સ્વતઃપુરુષાર્થત્વનો વિચાર | ૫૪૮ |
| ૪ | સ્વરૂપાનંદરૂપ મોક્ષના પ્રાપ્યત્વ–અપ્રાપ્યત્વનો વિચાર | ૫૫૨ |
| ૫ | મુક્તના સ્વરૂપનો વિચાર | ૫૫૬ |
| પરિશિષ્ટ | | ૫૮૭ |


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રીમદ્ અપ્પય્ય દીક્ષિત વિરચિત

# सिद्धान्तलेशसङ्ग्रहः

(ગુજરાતી અનુવાદ અને વિવરણ સાથે)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

श्रीमदप्पय्यदीक्षितविरचितः

# सिद्धान्तलेशसङ्ग्रहः

## પ્રથમ પરિચ્છેદ

अधिगतभिदा पूर्वाचार्यानुपेत्य सहस्रधा
सरिदिव महीभेदान् सम्प्राप्य शौरिपदोद्गता ।
जयति भगवत्पादश्रीमन्मुखाम्बुजनिर्गता
जननहरणी सूक्तिर्ब्रह्माद्वयैकपरायणा ॥१॥

प्राचीनैर्व्यवहारसिद्धविषयेष्वात्मैक्यसिद्धौ परं
सन्नह्यद्भिरनादरात् सरणयो नानाविधा दर्शिताः ।
तन्मूलानिह सङ्ग्रहेण कतिचित् सिद्धान्तभेदान् धिय-
श्शुद्ध्यै सङ्कलयामि तातचरणव्याख्यावचःख्यापितान् ॥२॥

तेषूपपादनापेक्षान् पक्षान् प्रायो यथामति ।
युक्त्योपपादयन्नेव लिखाम्यनतिविस्तरम् ॥३॥

શ્રીવિષ્ણુના ચરણોમાંથી નીકળેલી (ગંગા) નદી જેમ જુદા જુદા ભૂમિપ્રદેશો આગળ જઈને હજારો ભેદો (ફાંટાઓ)ને પ્રાપ્ત કરે છે તેમ ભગવત્પાદ (શ્રી શંકરાચાર્ય)ના શ્રીયુક્ત મુખરૂપી કમળમાંથી નીકળેલી, સંસારને હરનારી તેમ એક અદ્વિતીય-બ્રહ્મપરક એવી સૂક્તિ પૂર્વાચાર્યો આગળ (વ્યાખ્યેય તરીકે) જઈને હજારો ભેદો (ફાંટાઓ, સિદ્ધાન્તભેદો) ને પામી છે, તે વિજયી છે (સર્વોત્કૃષ્ટ છે). (૧)

પ્રાચીનો આત્માના ઐક્યની સિદ્ધિને માટે અત્યન્ત કટિબદ્ધ રહેતા તેથી તેમણે વ્યવહારસિદ્ધ વિષયો (જીવ, જગત, ઈશ્વર)ની બાબતમાં ખાસ ધ્યાન ન આપીને જાત જાતના માર્ગો (પ્રકારો) દર્શાવ્યા. તેમના પર આધારિત કેટલાક સિદ્ધાન્તભેદો, જેમનું પ્રતિપાદન પૂજ્ય પિતાજીના વ્યાખ્યાનરૂપ વચનથી થયેલું છે, તેમનું સંકલન અહીં સંગ્રહથી બુદ્ધિના પરિષ્કાર માટે કરું છું. (૨)

તેઓમાં જે પક્ષોની બાબતમાં ઉપપત્તિ બતાવવી જરૂરી છે તે પક્ષોની ઘણે ભાગે મારી મતિ અનુસાર યુક્તિથી ઉપપત્તિ બતાવીને જ વધારે પડતું લંબાણ કર્યા વિના હું લખું છું. (૩)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ : શંકરાચાર્ય**ની દોષરહિત શુદ્ધ વાણીને અલગ અલગ રીતે શિષ્ય–પ્રશિષ્યોએ સમજાવી છે, જો કે સર્વના કહેવાનું પરમ તાત્પર્ય તો એક અદ્વિતીય બ્રહ્મપરક છે. તેમનું બધું ધ્યાન નિર્ગુણ નિર્વિશેષ સચ્ચિદાનન્દરૂપ બ્રહ્મ એ જ પરમ તત્ત્વ છે એ સિદ્ધ કરવા પર હતું તેથી જીવ, જગત્, ઈશ્વર જેવા વ્યવહારવિષયો અર્થાત્ અવિદ્યાકલ્પિત વિષયો તરફ ખાસ ધ્યાન ન આપ્યું. તેમણે આ વિષયો અંગે પોતપોતાની રીતે સમજૂતી આપી, જેથી પરમ તત્ત્વ એક અને અદ્વિતીય છે એ પરમ સત્ય સિદ્ધ થઈ શકે. પણ આમ કરતાં આ વ્યવહાર–વિષયોને વિષેનાં તેમનાં મન્તવ્યો કે તેમની રજૂઆત પરસ્પર વિરોધી જેવી પણ બની. આવા ભિન્ન મતોને અપ્પય્યદીક્ષિતે **સિદ્ધાન્તલેશસંગ્રહ** દ્વારા રજૂ કર્યા છે અને દલીલો આપીને તે કેટલા વજૂદવાળા છે તે બરાબર સમજાવ્યું છે.

ગ્રંથારંભે જ અનુબન્ધોનો નિર્દેશ હોવો જોઈએ એવો રિવાજ હતો તે અનુસાર પ્રથમ મંગલાચરણના શ્લોકમાં જ **શ્રી અપ્પય્યદીક્ષિત** વિષય પ્રયોજન, અધિકારી અને સંબંધ એ ચારેય અનુબન્ધોનો નિર્દેશ કરે છે. પ્રપંચશૂન્ય એક અદ્વિતીય સચ્ચિદાનન્દ–લક્ષણ બ્રહ્મ એ વિષય છે. સૂક્તિને 'જનનહરણી' કહીને એમ સૂચવ્યું છે કે મુક્તિ એ પ્રયોજન છે. અર્થાત્ મુમુક્ષુ મુક્તિ ઇચ્છનાર આ શાસ્ત્રનો અધિકારી છે. મુક્તિ અને અધિકારીનો પ્રાપ્ય પ્રાપકભાવ છે એ સંબંધ પણ સૂચિત થાય છે. જે **શંકરાચાર્ય**ના **બ્રહ્મ-સૂત્ર શાંકરભાષ્ય**ના અનુબંધો છે તે જ પોતાના ગ્રંથના પણ અનુબંધ છે એમ **અપ્પય્ય-દીક્ષિતે શંકરાચાર્ય**ની સૂક્તિના અનુબન્ધો સૂચવીને સૂચવ્યું છે નિરવધિક આનંદરૂપ મુક્તિ ઇચ્છનાર આ ગ્રંથના અધ્યયનમાં અવશ્ય પ્રવૃત્ત થાય, કારણ કે આ ઇષ્ટનું સાધન છે એ જ્ઞાન પ્રવર્તક બને છે.

**શંકરાચાર્ય**ને અનુસરનારી પરંપરામાં કોઈક આચાર્ય એક જીવ માને છે તો કોઈ અનેક માને છે, કોઈ જીવને પ્રતિબિંબ કહે છે, તો કોઈ ઈશ્વરને પ્રતિબિંબ કહે છે. વગેરે વગેરે. પણ તેથી તેમનાં વચનોમાં શ્રદ્ધા કેવી રીતે રાખી શકાય એવી શંકા થવી ન જોઈએ. આ પક્ષોને વિષે આચાર્યોનું તાત્પર્ય નથી; તેમને તો મુક્તિનું સાધન એવું જે બ્રહ્માત્મૈક્ય-જ્ઞાન છે તેનું પ્રતિપાદન કરવું છે, અને જે પ્રક્રિયાથી એ સારામાં સારી રીતે કરી શકાય એમ લાગ્યું તે દરેકે અપનાવી. અન્તે તો જીવ, જગત્, ઈશ્વર એ વિષયો પારમાર્થિક દૃષ્ટિએ સિદ્ધ નથી જ, એ તો અવિદ્યાકલ્પિત છે; તેમના દ્વારા પરમાર્થનું જ્ઞાન આપવાનું લક્ષ્ય છે. **સુરેશ્વરાચાર્યે** કહ્યું છે—

यया यया भवेत् पुंसां व्युत्पत्तिः प्रत्यगात्मनि ।
सा सैव प्रक्रियेह स्यात् साध्वी सा चानवस्थिता ॥ (बृहद्० भाष्यवार्तिक १.४.४०२)

જે કોઈ પ્રકારે સર્વાન્તર ચિદાત્મા અંગેનું જ્ઞાન બરાબર થઈ શકે તે પ્રકાર સારો અને એ અનેક છે. **પરિમલમાં અપ્પય્યદીક્ષિતે** આ જ વાત રજૂ કરતાં કહ્યું છે કે અકલ્પિત (સત્ય) વસ્તુના જ્ઞાનના ઉપાય તરીકે કલ્પેલા પદાર્થોમાં વિરોધ હોય તો તે દોષાવહ નથી. જેમ સાચી અરુન્ધતીનું જ્ઞાન આપવા માટે તેની આજુબાજુનાં સ્થૂલ નક્ષત્રોને જુદા જુદા માણસો અરુન્ધતી તરીકે બતાવે તો તેમાં કોઈ દોષ નથી કારણ કે સાચું જ્ઞાન આપવાના ઉપાય તરીકે તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે (अकल्पितवस्तुप्रतिपत्त्युपायतया कल्प्यमानेषु पदार्थेषु विरोधो न दोषावहः । यथा तात्त्विकारुन्धतीप्रतिपत्त्युपायतया नानापुरुषैः

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

कल्प्यमानासु तदग्राच्योदीच्यादिनक्षत्ररूपासु स्थूलारुन्धतीषु विरोधो न दोषावहः ।), આ આચાર્યોની ભિન્ન ભિન્ન રજૂઆતને આધારે અપેક્ષાએ તેમના ઉપર આધારિત સિદ્ધાન્ત-ભેદોનો સંગ્રહ કર્યો છે અને તેમની ઉપપત્તિ બતાવી છે, એ કેવી રીતે યુક્તિયુક્ત છે એ સમજાવ્યું છે. આ ભિન્ન ભિન્ન સિદ્ધાન્તોનું જ્ઞાન તેમના પૂજ્ય પિતાજી પાસેથી મળ્યું હતું, આમ તેમનું જ્ઞાન આચાર્યપરંપરાપ્રાપ્ત છે એમ સૂચવ્યું છે.

(१) तत्र तावत् 'आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यः मन्तव्यः' [बृहद्० उप० २.४.५; ४.५.६] इति अधीतसाङ्गस्वाध्यायस्य वेदान्तैरापातप्रतिपन्ने ब्रह्मात्मनि समुदितजिज्ञासस्य तज्ज्ञानाय वेदान्तश्रवणे विधिः प्रतीयमानः किंविध इति चिन्त्यते । तिस्रः खलु विधेर्विधाः—अपूर्वविधिः, नियमविधिः, परिसंख्याविधिश्चेति ।

तत्र कालत्रयेऽपि कथमप्यप्राप्तस्य प्राप्तिफलको विधिराद्यः, यथा 'व्रीहीन् प्रोक्षति' इति । नात्र व्रीहीणां प्रोक्षणस्य संस्कारकर्मणो विना नियोगं मानान्तरेण कथमपि प्राप्तिरस्ति ।

એ બાબતમાં ત્યારે વિચારવામાં આવે છે કે જેણે અંગો સહિત વેદ (સ્વાધ્યાય)નું અધ્યયન કર્યું છે અને જેને વેદાન્તો (ઉપનિષદ્ વાક્યો)થી ઉપર ઉપરથી બ્રહ્માત્માનું જ્ઞાન થતાં જિજ્ઞાસા ઉત્પન્ન થઈ છે એવાને માટે તેના જ્ઞાનને માટે "અરે આત્માનો સાક્ષાત્કાર કરવો જોઈએ, તેનું શ્રવણ કરવું જોઈએ, મનન કરવું જોઈએ" એવો જે વેદાન્તના શ્રવણ વિશે વિધિ જણાય છે તે વિધિ કયા પ્રકારનો છે? વિધિના ત્રણ પ્રકારો કહ્યા છે—અપૂર્વવિધિ, નિયમવિધિ અને પરિસંખ્યાવિધિ.

તેઓમાં, ત્રણેય કાળમાં કોઈ પણ રીતે જે અપ્રાપ્ત છે તેની પ્રાપ્તિ કરાવનાર વિધિ તે પહેલો (અપૂર્વ) વિધિ; જેમ કે, 'व्रीहीन् प्रोक्षति' (વ્રીહિઓનું પ્રોક્ષણ કરે છે—પ્રોક્ષણ કરો). અહીં વ્રીહિઓનું પ્રોક્ષણરૂપ સંસ્કાર-કર્મ વિધાયક શ્રુતિ વિના બીજા પ્રમાણથી કોઈ પણ રીતે પ્રાપ્ત નથી (તેથી તેની પ્રાપ્તિ કરાવનાર આ વિધિ અપૂર્વવિધિ છે).

**વિવરણ :** **બ્રહ્મસૂત્રનું** પહેલું સૂત્ર अथातो ब्रह्मजिज्ञासा છે, તેની અપેક્ષાએ આ ચર્ચાનો આરંભ કર્યો છે. શિક્ષા, કલ્પ, વ્યાકરણ નિરુક્ત, છંદ, જ્યોતિષ એ છ વેદાંગો છે; તેમનું અધ્યયન ન કર્યું હોય તો વેદના અર્થનું જ્ઞાન બરાબર ન થાય અને તો બ્રહ્મજિજ્ઞાસા થવા માટે ઓછામાં ઓછું જે ઉપર ઉપરનું જ્ઞાન હોવું જરૂરી છે તે પણ ન સંભવે. માટે વેદ સાથે વેદાંગોનો ઉલ્લેખ છે. અંગસહિત વેદના અધ્યયનથી (ગુરુની પાછળ પાઠ કરી ગ્રહણ કરવાથી) ઉપનિષદ્-વાક્યોને આધારે આપાત-પ્રતિપત્તિ જ થાય; ઉપરચોટિયું જ્ઞાન થાય, વાક્યાર્થજ્ઞાન થાય. પણ અનેક શંકાઓ રહે કે જીવ બ્રહ્મ કેવી રીતે હોઈ શકે; જડ જગત્ બ્રહ્મથી અભિન્ન કેવી રીતે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હોઈ શકે, વગેરે. તેથી શંકાથી પર એવા બ્રહ્માત્મજ્ઞાનને માટે વેદાન્તશ્રવણ આવશ્યક છે; અને તેને વિષે પ્રેરવાને માટે 'श्रोतव्यः' એવો વિધિ છે તેનો વિચાર અહીં કરવામાં આવ્યો છે (आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यो मैत्रेयि, आत्मनो वा अरे दर्शनेन श्रवणेन मत्या विज्ञानेनेदं सर्वं विदितम् – बृहद्० उप० २.४ ५. आत्मनि मैत्रेयि, आत्मनि खल्वरे दृष्टे श्रुते मते विज्ञाते इदं सर्वं विदितम्–बृहद्० ४.५.६) खलु શબ્દથી એમ સૂચવ્યું છે કે વિધિના આ પ્રકાર પૂર્વમીમાંસાશાસ્ત્રમાં જાણીતા છે. કોઈ પણ રીતે ક્યારેય પ્રાપ્ત નહીં એવાની પ્રાપ્તિ કરાવનાર તે અપૂર્વ વિધિ, જેમકે 'व्रीहीन् प्रोक्षति'. દર્શપૂર્ણમાસ યજ્ઞમાં પુરોડાશને માટે વ્રીહિની (ડાંગરની) જરૂર પડે છે અને તેનું પ્રોક્ષણ કરવાનું હોય છે. દૃષ્ટ કે અદૃષ્ટ કોઈ પ્રયોજનને માટે કોઈ અન્ય પ્રમાણ દ્વારા વ્રીહિ–પ્રોક્ષણની પ્રાપ્તિ થતી નથી; કેવળ આ વિધાયક, પ્રેરક વાક્યથી જ થાય છે તેથી તેને અપૂર્વ વિધિ કહેવામાં આવે છે. अज्ञातार्थज्ञापको वेदभागो विधिः । —अर्थसंग्रहः पृ ३६)

पक्षप्राप्तस्याप्राप्तांशपरिपूरणफलको विधिर्द्वितीयः । यथा 'व्रीहीनवहन्ति' इति । अत्र विध्यभावेऽपि पुरोडाशप्रकृतिद्रव्याणां व्रीहीणां तण्डुलनिष्पत्त्याक्षेपादेवावहननप्राप्तिर्भविष्यति इति न तत्प्राप्त्यर्थोऽयं विधिः, किन्त्वाक्षेपादवहननप्राप्तौ तद्वदेव लोकावगतकारणत्वाविशेषात् नखविदलनादिरपि पक्षे प्राप्नुयादिति अवहननाप्राप्तांशस्य संभवात् तदंशपरिपूरणफलकः ।

પક્ષમાં જે પ્રાપ્ત છે તેના અપ્રાપ્ત અંશનું પરિપૂરણ કરવું એ જેનું ફળ છે તે બીજો વિધિ (નિયમવિધિ); જેમ કે 'વ્રીહિને ખાંડો'. અહીં વિધિ ન હોત તો પણ પુરોડાશના પ્રકૃતિભૂત (અર્થાત્ મૂળ કારણ) એવાં દ્રવ્યો–ડાંગરને ચોખા બનાવવાં જોઈએ એ વાત એમાં ગર્ભિત છે (—આક્ષેપ–Implication થી જ્ઞાત છે—) તેથી અવહનન (ખાંડવું)ની પ્રાપ્તિ થશે માટે આ વિધિ તેની પ્રાપ્તિને માટે નથી. પણ આક્ષેપથી અવહનનની પ્રાપ્તિ થતાં તેની જેમ જ લોકમાં જ્ઞાત કારણ તરીકે ભેદ ન હોવાથી નખથી વિદલન (કચડવું, ફોલવું) વગેરે પણ પક્ષમાં પ્રાપ્ત થાય છે તેથી અવહનનનો અપ્રાપ્ત અંશ સંભવે છે અને તે અંશની પરિપૂર્તિ એ જેનું ફળ છે (તે વિધિ એ નિયમવિધિ).

**વિવરણ** : પુરોડાશ ડાંગરમાંથી બનાવે છે; ડાંગર પુરોડાશની પ્રકૃતિ–મૂળકારણ—છે. પણ તેમાંથી ચોખા બનાવ્યા પછી જ પુરોડાશ બનાવી શકાય. અને ચોખાની નિષ્પત્તિ માટે તેનું કારણ અવહનન (મુસળથી ખાંડવું, ) એનો ખ્યાલ પણ બુદ્ધિમાં તરત સમાઈ જાય છે, કારણ કે તે વિના ચોખા પ્રાપ્ત ન થાય. આમ અવહનનને માટે અપૂર્વવિધિની જરૂર નથી, કારણ કે તેની પ્રાપ્તિ વિધિ વિના પણ થાય છે. પણ લોકમાં જેમ અવહનન ડાંગરમાંથી ચોખા મેળવવામાં કારણભૂત મનાય છે, તેમ નખથી તોડીને, ફોલીને પણ ચોખા મેળવવાનું જાણીતું છે. માટે અપ્રાપ્ત અંશનો સંભવ છે તેની પૂર્તિ કરનાર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તે નિયમ વિધિ—અર્થાત્ પુરોડાશ માટે ચોખાની નિષ્પત્તિ અવઘાતથી (મુસળથી ખાંડીને) કરવી, નખવિદલનથી નહિ. આમ અવઘાત પ્રાપ્ત થાય છે. અને નખવિદલન આદિની અર્થાત્ વ્યાવૃત્તિ થાય છે. नानासाधनसाध्यक्रियायामेकसाधनप्राप्तावप्राप्तस्यापरसाधनस्य प्रापको विधिर्नियमविधिः अर्थसंग्रह, पृ १५६. (અલગ અલગ સાધનથી સાધી શકાય તેવી ક્રિયામાં એક સાધનની પ્રાપ્તિ થતાં બીજા સાધનની પ્રાપ્તિ કરાવનાર વિધિ તે નિયમવિધિ). પણ એટલું ધ્યાનમાં રહે કે અવઘાત અને નખવિદલન ક્રિયાઓ સાથે નથી થઈ શકતી.

**द्वयोः शेषिणोरेकस्य शेषस्य वा एकस्मिञ्छेषिणि द्वयोः शेषयोर्वा नित्यप्राप्तौ शेष्यन्तरस्य शेषान्तरस्य वा निवृत्तिफलको विधिस्तृतीयः । यथा अग्निचयने—"इमामगृभ्णन् रशनामृतस्येत्यश्वाभिधानीमादत्ते" इति, यथा वा चातुर्मास्यान्तर्गतेष्टिविशेषे गृहमेधीये "आज्यभागौ यजति" इति । अग्निचयने अश्वरशनाग्रहणं गर्दभरशनाग्रहणं चेति द्वयमनुष्ठेयम् । तत्राश्वरशनाग्रहणे 'इमामगृभ्णन्' इति मन्त्रो लिङ्गादेव रशनाग्रहणप्रकाशनसामर्थ्यरूपान्नित्यं प्राप्नोतीति न तत्प्राप्त्यर्थः, तदप्राप्तांश-परिपूरणार्थो वा विधिः, किं तु लिङ्गाविशेषात् गर्दभरशनाग्रहणेऽपि मन्त्रः प्राप्नुयादिति तन्निवृत्त्यर्थः । तथा गृहमेधीयस्य दर्शपूर्णमास-प्रकृतिकत्वादतिदेशादेवाज्यभागौ नित्यं प्राप्नुतः इति न तत्र विधिः तत्प्राप्त्यर्थः, तन्नियमार्थो वा, किन्त्वतिदेशात् प्रयाजादिकमपि प्राप्नुया-दिति तन्निवृत्त्यर्थः । गृहमेधीयाधिकरण[पू मी. सू. १०.७.९]पूर्व-पक्षरीत्येदमुदाहरणं यत्र क्वचिदुदाहर्तव्यमित्युदाहृतम् ।**

બે શેષી (અંગી)ના સંબંધમાં એક શેષ (અંગ) કે એક શેષીના સંબંધમાં બે શેષ નિત્ય પ્રાપ્ત હોય ત્યારે બીજા શેષી કે બીજા શેષની નિવૃત્તિ એ જેનું ફળ છે તે ત્રીજો વિધિ (પરિસંખ્યા). જેમ કે અગ્નિચયનમાં "इमामगृभ्णन् रशनामृतस्य (ઋતની–યજ્ઞની કે સત્યની આ રાશ તેમણે પકડી) એમ કહેતાં અશ્વાભિધાનીને પકડે છે અર્થાત્ પકડવી". અથવા ચાતુર્માસ્યની અન્તર્ગત ગૃહમેધીય નામની એક ઇષ્ટિમાં "આજ્યભાગનું યજન કરે છે (કરવું)." અગ્નિચયનમાં અશ્વની રાશનું ગ્રહણ અને ગધેડાની રાશનું ગ્રહણ બન્ને કરવાનાં છે. તેમાં અશ્વ રશના-ગ્રહણમાં 'इमामगृभ्णन्' એ મંત્ર રશનાના ગ્રહણરૂપ અર્થના પ્રકાશનના સામર્થ્યરૂપ લિંગથી જ નિત્યપ્રાપ્ત છે તેથી 'अश्वाभिधानीमादत्ते' (અશ્વાભિધાનીને પકડવી) એ વિધિ તે મંત્રની પ્રાપ્તિને માટે નથી (અર્થાત્ અપ્રાપ્તની પ્રાપ્તિ કરાવનાર અપૂર્વવિધિ નથી). અથવા તેના અપ્રાપ્ત અંશના પરિપૂરણને માટેનો (નિયમ) વિધિ નથી; પણ (રશનાગ્રહણરૂપ અર્થના પ્રકાશન સામર્થ્યરૂપ) લિંગ સમાન હોવાથી ગર્દભ-રશના-ગ્રહણમાં પણ મંત્ર પ્રાપ્ત થાય તેની નિવૃત્તિને માટે આ વિધિ છે (તેથી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરિસંખ્યાવિધિ છે). તેમ જ દર્શપૂર્ણમાસ એ ગૃહમેધીય ઇષ્ટિને માટે પ્રકૃતિ છે તેથી અતિદેશથી જ તેમાં બે આજ્યભાગ નિત્ય પ્રાપ્ત થાય છે માટે ત્યાં आज्यभागौ यजति એ વિધિ તેની પ્રાપ્તિને માટે નથી, તેમ તેને અંગે કોઇ નિયમને માટે નથી; પણ અતિદેશથી (આજ્યભાગ પ્રાપ્ત થાય છે તેમ) પ્રયાજ વગેરે પણ પ્રાપ્ત થાય તેથી તેમની નિવૃત્તિને માટે છે. ગૃહમેધીય અધિકરણ (પૂ. મી સૂ. ૧૦.૭.૯) માં પૂર્વપક્ષની રીતથી આ (પરિસંખ્યા વિધિનું) ઉદાહરણ છે તે ગમે ત્યાં ઉદાહરણ તરીકે આપી શકાય તેથી તેનું ઉદાહરણ અહીં આપ્યું છે.

વિવરણ : પરિસંખ્યાવિધિની બાબતમાં બે શક્યતાઓ છે—બે શેષીના સંબંધમાં એક શેષ હોય તો એક શેષીની નિવૃત્તિ આ પરિસંખ્યાવિધિએ કરવાની હોય છે; અથવા એક શેષીના સંબંધમાં બે શેષ હોય તો એક શેષની નિવૃત્તિ કરવાની છે. બન્નેનાં ઉદાહરણ અહીં આપ્યાં છે. અગ્નિચયન નામનું સ્થંડિલ હોય છે જે સોમયાગનું અંગ છે. ચયન એ ઈંટોથી બનાવવામાં આવેલ જગ્યા છે. સોમયાગમાં ઉત્તર વેદીને વધારીને ઈંટોથી ચયન કરવામાં આવે છે અને તેના પર આહવનીય અગ્નિ સ્થાપીને તેમાં હોમ કરવામાં આવે છે આ ચયન અગ્નિનો આધાર હોઈને તેને અગ્નિચયન કહેવામાં આવે છે અને ત્યાં કરવામાં આવતા યજ્ઞવિશેષને પણ અગ્નિચયન કહેવામાં આવે છે. 'इमामगृभ्णन्' એ મંત્રમાંથી રાશ પકડવાનો અર્થ નીકળે છે જે અશ્વરશનાગ્રહણ તેમ ગર્દભરશનાગ્રહણ બન્નેને સરખી રીતે લાગુ પડી શકે તેથી આ મંત્રરૂપ એક શેષ (અંગ)ને માટે બે શેષી (અશ્વરશનાગ્રહણ, ગર્દભરશના-ગ્રહણ) નજરે પડે છે. મંત્રનું અર્થપ્રકાશન સામર્થ્ય જેને લિંગ કહેવામાં આવે છે તેનાથી જ અશ્વરશનાગ્રહણ પ્રસંગે આ મંત્ર પ્રાપ્ત થાય છે તેથી '...अश्वाभिधानीमादत्ते' એ વિધિ મંત્રની પ્રાપ્તિ અપૂર્વ રીતે કરાવે છે એવું નથી. વળી મંત્રની નિત્ય પ્રાપ્તિ છે તેથી અપ્રાપ્તાંશની પરિપૂર્તિ પણ કરવાની નથી માટે નિયમવિધિ ય નથી. પણ આ વિધિથી એમ સમજાય છે કે અશ્વરશનાગ્રહણ વખતે જ આ મંત્રનો ઉપયોગ કરવો, ગર્દભરશનાના ગ્રહણ વખતે નહિ. તેથી આ પરિસંખ્યાવિધિ છે.

ચાતુર્માસ્ય નામનો યાગ છે જેનું અનુષ્ઠાન ચાર માસમાં થાય છે. તેના ચાર પર્વ છે—વૈશ્વદેવ, વરુણપ્રઘાસ, સાકમેધસ્ અને શુનાસીરીય. પ્રથમ પર્વ ફાલ્ગુન માસની પૂર્ણિમાએ આવે છે, બીજું ચાર માસ પછી અષાઢની પૂર્ણિમાએ, ત્રીજું કાર્તિકની પૂર્ણિમાએ અને ચોથું ફાલ્ગુનની શુક્લ પ્રતિપદાએ. આ ચાતુર્માસ્ય યાગના સાકમેધ નામના પર્વમાં ગૃહમેધીય નામની ઇષ્ટિ હોય છે. આ સાકમેધ પર્વ બે દિવસમાં પૂરું થાય છે; તેના અનુષ્ઠાનના પ્રથમ દિવસે સાયંકાલમાં 'मरुद्भ्यः गृहमेधिभ्यः सर्वासां दुग्धे सायमोदनम्' એ વાક્યથી ગૃહમેધીય ઇષ્ટિ વિહિત છે, જેમાં મરુત્ દેવતા ગૃહમેધી છે, દૂધમાં પકવેલ ચરુ દ્રવ્ય છે અને ઋષભ દક્ષિણા છે. આ ગૃહમેધીય ઇષ્ટિને માટે દર્શપૂર્ણમાસ યાગ પ્રકૃતિ છે. અર્થાત્ દર્શપૂર્ણમાસની જેમ ગૃહમેધીય ઇષ્ટિ કરવાની હોય છે प्रकृतिवद्विकृतिः कर्तव्या (પ્રકૃતિની જેમ વિકૃતિ કરવી) એ અતિદેશ વાક્યથી જે પ્રકૃતિમાં પ્રયુક્ત થાય છે તે બધું વિકૃતિમાં પ્રયુક્ત થવું જોઈએ. આમ આજ્યભાગ જે પ્રકૃતિયાગમાં પ્રાપ્ત છે તે ગૃહમેધીય વિકૃતિમાં આ અતિદેશથી નિત્ય પ્રાપ્ત થાય છે તેથી તેની પ્રાપ્તિ કરાવવાની નથી, માટે 'आज्यभागौ यजति' એ અપૂર્વવિધિ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નથી. તેમ નિત્ય પ્રાપ્તિ હોઈને અપ્રાપ્ત અંશનું પરિપૂરણ કરવાનું નથી તેથી નિયમવિધિ પણ નથી. પણ અતિદેશથી જેમ આજ્યભાગ પ્રાપ્ત છે તેમ પ્રયાજાદિ પણ પ્રાપ્ત થાય જે કરવાનાં નથી તેથી તેની નિવૃત્તિ કરવાનું કામ આ વિધિ કરે છે, તેથી તે પરિસંખ્યાવિધિ છે. દર્શ પૂર્ણમાસૌ એ સમગ્ર યાગ બે ભાગમાં વહેંચાઈ જાય છે—અમાવાસ્યાને દિવસે આગ્નેય, અને બે સાન્નાય્ય યાગ કરવામાં આવે છે તે દર્શ; અને પૂર્ણિમાને દિવસે આગ્નેય, ઉપાંશુ અને અગ્નિષોમીય એ યાગ કરવામાં આવે છે, આમ કુલ છ યાગ છે જેને બે સમૂહમાં વહેંચી દર્શાપૂર્ણમાસૌ એમ દ્વિવચનવાળું નામ પ્રયોજે છે. દર્શ અને પૂર્ણમાસ બધી ઇષ્ટિઓ માટે પ્રકૃતિ છે. આ ઉદાહરણમાં એક શેષો—ગૃહમેધીય ઇષ્ટિ—ને માટે બે શેષ (આજ્યભાગ અને પ્રયાજાદિ)ની અતિદેશવાક્યથી પ્રાપ્તિ થવાની શક્યતા છે, તેમાંથી એક શેષની નિવૃત્તિ કરવાનું કામ પરિસંખ્યાવિધિ કરે છે.

**અપ્પય્યદીક્ષિત** આપણું ધ્યાન દોરે છે કે **પૂર્વમીમાંસાસૂત્ર**ના ગૃહમેધીય અધિકરણમાં સિદ્ધાન્તરૂપે 'आज्यभागौ यजति' ને પરિસંખ્યાવિધિ નથી માન્યો તો તેનું ઉદાહરણ આપી શકાય નહિ એવી શંકા થવાની સંભાવના છે. એનો ઉત્તર એ છે કે ત્યાં પૂર્વપક્ષની રીતે તે પરિસંખ્યાવિધિ છે. અહીં તો પરિસંખ્યાવિધિ સમજાવવાનું જ લક્ષ્ય હોઈને પરિસંખ્યા વિધિનું સ્વરૂપ સમજાવવા માટે ઉદાહરણ આપ્યું છે. આ રીતે તો એનો ઉપયોગ ગમે ત્યાં થઈ શકે અને અહીં કર્યો છે.

उभयोश्च युगपत्प्राप्तावितरव्यावृत्तिपरो विधिः परिसंख्याविधिः–અર્થસંગ્રહ, પૃ. ૨૦૧ (જ્યાં બે એક સાથ પ્રાપ્ત હોય ત્યાં એકની નિવૃત્તિ કરાવનાર વિધિ તે પરિસંખ્યાવિધિ. નિયમવિધિમાં બે સાધનોની એક સાથે પ્રાપ્તિ નથી હોતી.)

विधिरत्यन्तमप्राप्तौ नियमः पाक्षिके सति ।

तत्र चान्यत्र च प्राप्तौ परिसंख्येति गीयते ॥ આમ **તંત્રવાર્તિક**માં **કુમારિલ ભટ્ટે** ત્રણે વિધિનું લક્ષણ આપ્યું છે.

**न च नियमविधावपि पक्षप्राप्तावहननस्याप्राप्तांशपरिपूरणे कृते तदवरुद्धत्वात् पाक्षिकसाधनान्तरस्य नखविदलनादेर्निवृत्तिरपि लभ्यते इतीतरनिवृत्तिफलकत्वाविशेषान्नियमपरिसंख्ययोः फलतो विवेको न युक्तः इति शङ्क्यम्, विधितोऽवहनननियमं विना आक्षेपलभ्यस्य नख-विदलनादेर्निवर्तयितुमशक्यतया अप्राप्तांशपरिपूरणरूपस्य नियमस्य प्राथम्यात् विधेयावहननगतत्वेन प्रत्यासन्नत्वाच्च तस्यैव नियमविधिफलत्वोप-गमात् । तदनुनिष्पादिन्या अविधेयगतत्वेन विप्रकृष्टाया इतरनिवृत्तेः सन्निकृष्टफलसंभवे फलत्वानौचित्यात् ।**

"નિયમવિધિમાં પણ પક્ષમાં પ્રાપ્ત અવહનન (ખાંડવું)ના અપ્રાપ્ત અંશની પરિપૂર્તિ કરવામાં આવતાં તેનાથી રોકી દેવાને કારણે પાક્ષિક (વૈકલ્પિક) બીજાં સાધન, નખવિદલનાદિની નિવૃત્તિ પણ પ્રાપ્ત થાય છે તેથી ઇતરની નિવૃત્તિરૂપ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ફળ હોવું એ (નિયમવિધિ અને પરિસંખ્યાવિધિમાં) એક સરખું હોવાથી નિયમ અને પરિસંખ્યા વિધિઓનો ફળની દષ્ટિએ વિવેક કરવો (-તેમને જુદા ગણવા-) એ બરાબર નથી"—એવી શંકા કરવી નહિ. વિધિથી અવહનનનો નિયમ કર્યો છે તે વિના આક્ષેપથી પ્રાપ્ત થઈ શકે તેવાં નખવિદલન વગેરેની નિવૃત્તિ કરવી શકય નથી. તેથી અપ્રાપ્ત અંશના પરિપૂરણરૂપ નિયમ પહેલો આવતો હોવાથી અને એ વિધેય એવા અવહનનને લગતો હોઈ પ્રત્યાસન્ન (નિકટવર્તી) હોઈને તે જ (અપ્રાપ્તાંશપરિપૂરણરૂપ નિયમ જ) નિયમવિધિના ફલ તરીકે સ્વીકારવામાં આવે છે. જયારે તેની પાછળ ઉપસ્થિત થતી અને અવિધેય (જેને વિષે વિધિ નથી એવા નખવિદલનાદિ)ને લગતી હોઈ વિપ્રકૃષ્ટ એવી ઇતરનિવૃત્તિને, સન્નિકૃષ્ટ ફલનો સંભવ હોય ત્યારે ફલરૂપ માનવી એ ઉચિત નથી ( તેથી ઉપર્યુક્ત કથન બરાબર નથી).

**વિવરણ** : પુરોડાશ બનાવવા માટે ડાંગરમાંથી ચોખા બનાવવા જોઈએ એ તો આક્ષિપ્ત જ છે, આક્ષેપ (Implication થી પ્રાપ્ત છે અને તેને માટે અવહનનનો વિધિ છે તેનાથી આ તંડુલનિષ્પત્તિ અંગેનો આક્ષેપ શાન્ત થઈ જાય છે તેથી નખવિદલન (નખથી ફોલવું) વગેરે બીજાં સાધનોની નિવૃત્તિ પ્રાપ્ત થઈ જ જાય છે. આ ઇતરની નિવૃત્તિ એ નિયમવિધિ અને પરિસંખ્યાવિધિ બન્નેનું ફળ છે તેથી ફળની દષ્ટિએ તો તેમનામાં કોઈ ભેદ નથી, જો કે સ્વરૂપની દષ્ટિએ ભેદ છે કારણ કે નિયમવિધિ પક્ષ-પ્રાપ્ત અવહનન વગેરે ક્રિયાનું વિધાન કરે છે અને પરિસંખ્યાવિધિ નિત્યપ્રાપ્ત ક્રિયા વગેરેનું વિધાન કરે છે. છતાં ફળની દષ્ટિએ ભેદ કરવો યોગ્ય નથી. આવી શંકા કોઈ કરે તો તેનો ઉત્તર એ છે કે નિયમવિધિનું ફળ અપ્રાપ્ત અંશનું પરિપૂરણ છે કારણ કે એ જ સૌ પ્રથમ ઉપસ્થિત થાય છે અને વિધેયને લગતું હોઈ નિકટવર્તી (સીધું સંકળાયેલું) છે અને તેની પછી ઈતરનિવૃત્તિનો ખ્યાલ આવે છે તેથી અને તે નિવૃત્તિ અવિધેય એવા નખવિદલનાદિને લગતી હોઈને વિપ્રકૃષ્ટ છે તેથી તેને નિયમ- વિધિનું ફળ માની શકાય નહિ, જયારે ઇતરનિવૃત્તિ એ પરિસંખ્યાવિધિનું ફળ છે; તેથી ફળની દષ્ટિએ પણ આ બે વિધિ વચ્ચે ભેદ છે).

एवं विविक्तासु तिसृषु विधेर्विधासु किंविधः श्रवणविधिराश्रीयते । अत्र प्रकटार्थकारादयः केचिदाहुः —अपूर्वविधिरयम्, अप्राप्तत्वात् । न हि 'वेदान्तश्रवणं ब्रह्मसाक्षात्कारहेतुः' इत्यत्र अन्वयव्यतिरेकप्रमाणमस्ति । लोके हि कृतश्रवणस्यापि बहुशस्तदनुत्पत्तेः, अकृतश्रवणस्यापि गर्भगतस्य वामदेवस्य तदुत्पत्तेरुभयतो व्यभिचारात् । न वा 'श्रवणमात्रं श्रौतव्यार्थसाक्षात्कारहेतुः' इति शास्त्रान्तरश्रवणे गृहीतः सामान्यनियमोऽस्ति, येन त्र विशिष्य हेतुत्वग्राहकाभावेऽपि सामान्यमुखेनैत्र हेतुत्व प्राप्यत इत्याशङ्क्येत । गान्धर्वादिशास्त्रश्रवणस्य षड्जादिसाक्षात्कारहेतुत्वाभ्युपगमेऽपि

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

कर्मकाण्डादिश्रवणात् तदर्थधर्मादिसाक्षात्कारादर्शनेन व्यभिचारात् । तस्मादपूर्वविधिरेवायम् ।

भाष्येऽपि 'सहकार्यन्तरविधिः पक्षेण तृतीयं तद्वतो विध्यादिवत्' (३. ४. ४७) इत्यधिकरणे "विद्यासहकारिणो मौनस्य बाल्यपाण्डित्यवद्विधिरेवाश्रयितव्यः अपूर्वत्वात्" इति पाण्डित्यशब्दशब्दिते श्रवणे अपूर्वविधिरेवाङ्गीक्रियते इति ।

શ્રવણવિધિ ('श्रोतव्यः')નો આશ્રય લેવામાં આવે છે, તે આ ત્રણ જુદા પ્રકારમાંથી કયા પ્રકારનો વિધિ છે ?

આ બાબતમાં પ્રકટાર્થકાર વગેરે કેટલાક કહે છે કે આ અપૂર્વવિધિ છે, કારણ કે (શ્રવણ) પ્રાપ્ત નથી, 'વેદાન્ત (અર્થાત્ ઉપનિષદ્)નું શ્રવણ બ્રહ્મસાક્ષાત્કારનું કારણ છે' એને વિષે અન્વયવ્યતિરેકરૂપ પ્રમાણ નથી. લોકમાં જેણે શ્રવણ કર્યું છે એવાને ઘણું ખરું તેની (બ્રહ્મસાક્ષાત્કારની) ઉત્પત્તિ થતી નથી અને જેણે શ્રવણ નથી કર્યું એવા ગર્ભમાં રહેલા વામદેવને તેની ઉત્પત્તિ થઈ હતી (વામદેવને બ્રહ્મસાક્ષાત્કાર થયો હતો), તેથી બન્ને બાજુએથી વ્યભિચાર છે. અને નથી શ્રવણમાત્ર શ્રોતવ્ય અર્થના સાક્ષાત્કારનો હેતુ છે એવો અન્ય શાસ્ત્રના શ્રવણના સંબંધમાં ગૃહીત કોઈ સામાન્ય નિયમ, જેથી અહીં વિશેષે કરીને હેતુ તરીકે ગ્રહણ કરાવનાર (પ્રમાણ)ના અભાવમાં પણ સામાન્ય (નિયમ) દ્વારા જ તે (શ્રવણ) (બ્રહ્મસાક્ષાત્કારના) હેતુ તરીકે પ્રાપ્ત છે એવી આશંકા કરી શકાય. ગાન્ધર્વાદિ શાસ્ત્રનું શ્રવણ ષડ્જ આદિના સાક્ષાત્કારના હેતુ તરીકે સ્વીકારવામાં આવતું હોવા છતાં કર્મકાંડ વગેરેના શ્રવણથી તેનો અર્થ ધર્માદિ છે તેનો સાક્ષાત્કાર થતો જોવામાં નથી આવતો માટે વ્યભિચાર છે. તેથી આ અપૂર્વવિધિ જ છે.

"તેના વાળા (અર્થાત્ શ્રવણમનનથી ઉત્પન્ન થયેલ તત્ત્વનિર્ણયરૂપ વિદ્યાવાળા અને તત્ત્વસાક્ષાત્કારની ઇચ્છાવાળા) ને માટે (વિદ્યામાં) અન્ય સહકારિભૂત ત્રીજા (મૌન) અંગે વિધિ છે કારણ કે તે પક્ષથી (પ્રાપ્ત નથી), (અંગ) વિધિ વગેરેની જેમ" (બ્ર સૂ. ૩. ૪. ૪૭)—એ અધિકરણમાં (શાંકર) ભાષ્યમાં કહ્યું છે કે "બાલ્ય અને પાંડિત્યની જેમ મૌન અંગે વિધિ જ માનવો જોઈએ કારણ કે તે અપૂર્વ છે". આમ પાંડિત્ય શબ્દથી વાચ્ય શ્રવણની બાબતમાં અપૂર્વવિધિ જ સ્વીકારવામાં આવે છે.

**વિવરણ** : શ્રવણ બ્રહ્મસાક્ષાત્કારનો હેતુ છે એ હકીકત શ્રુતિ સિવાય પ્રત્યક્ષાદિ કોઈ પ્રમાણથી જ્ઞાત નથી. કાર્યકારણભાવનો નિર્ણય અન્વયવ્યતિરેક દર્શનથી થાય છે—કારણ હોય તો જ કાર્ય દેખાય, કારણ ન હોય તો કાર્ય પણ ન હોય. પણ વેદાન્તશ્રવણ હોય તો જ બ્રહ્મસાક્ષાત્કાર હોય એવો અન્વય હમેશાં જોવામાં નથી આવતો. તેમાં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વ્યભિચાર પણ સંભવે છે—વેદાન્ત શ્રવણ કર્યું હોય તોય બ્રહ્મસાક્ષાત્કાર ન થયો હોય એવું ઘણી વાર જોવામાં આવે છે. શ્રવણના અભાવમાં સાક્ષાત્કાર ન થાય એવો વ્યતિરેક પણ વ્યભિચાર વિનાનો નથી, કારણ કે શ્રવણ વિના પણ વામદેવને બ્રહ્મસાક્ષાત્કાર એ ગર્ભમાં હતા ત્યારે જ થયો હતો અન્વય અને વ્યતિરેક બન્નેમાં આ વ્યભિચાર છે તેથી વેદાન્તશ્રવણ બ્રહ્મસાક્ષાત્કારનો હેતુ છે એ અન્વય-વ્યતિરેકથી જ્ઞાત નથી. આ અજ્ઞાત અર્થનું જ્ઞાપન શ્રોતવ્યઃ એ વિધિ કરે છે તેથી એ અપૂર્વવિધિ છે. બીજાં શાસ્ત્રોના શ્રવણના સંબંધમાં ગૃહીત થયેલો એવો કોઈ સામાન્ય નિયમ પણ નથી કે શ્રવણ માત્રથી સાક્ષાત્કાર થાય જ છે જેથી કરીને વેદાંતશ્રવણની બાબતમાં આ પોતાની મેળે જ્ઞાત થઈ જાય અલબત્ત ગાંધર્વશાસ્ત્રના શ્રવણથી ષડ્જાદિનો સાક્ષાત્કાર થાય છે એમ માનવામાં આવે છે પણ કર્મકાંડના શ્રવણથી તેના અર્થ—ધર્મનો સાક્ષાત્કાર થતો જોવામાં નથી આવતો, તેથી આવો કોઈ સામાન્ય નિયમ પણ જ્ઞાત નથી જે વેદાંતશ્રવણરૂપ વિશેષને લાગુ પાડી શકાય. આમ શ્રવણ બીજા કોઈ પ્રમાણથી પ્રાપ્ત ન હોઈને આ અપ્રાપ્ત શ્રવણની પ્રાપ્તિ કરાવનાર શ્રોતવ્યઃ એ વિધિ અપૂર્વવિધિ છે એમ **પ્રકટાર્થકાર** જેવા કેટલાક માને છે.

**શાંકરભાષ્યમાં શંકરાચાર્ય** પણ શ્રવણવિધિને અપૂર્વવિધિ તરીકે સ્વીકારે છે. **બૃહદારણ્યક ઉપનિષદ્**માં કહ્યું છે-'तस्माद् ब्राह्मणः पाण्डित्यं निर्विद्य बाल्येन तिष्ठासेत् बाल्यं च पाण्डित्यं च निर्विद्याथ मुनिः' बृहद्० उप० ३.५.१.) (બ્રાહ્મણે પાંડિત્ય બરાબર મેળવીને પછી બાલભાવથી (ભાવશુદ્ધિપૂર્વક) રહેવા ધારવું, બાલ્ય અને પાંડિત્ય બરાબર મેળવીને પછી મુનિ બનવું). અહીં પાંડિત્યથી શ્રવણ અભિપ્રેત છે ધ્યાન ન કરતો હોય અને વિચાર-માત્રથી અટકતો હોય એવા કોઈને માટે 'મુનિ' શબ્દ પ્રયોજાતો નથી, જ્યારે ધ્યાનનિષ્ઠ વ્યાસાદિ મુનિ કહેવાય છે. જેમ અપૂર્વ હોવાને કારણે શ્રવણ અંગે વિધિ છે તેમ મૌન જે વિદ્યાની ઉત્પત્તિમાં સાધનરૂપ છે તેની બાબતમાં વિધિ માનવો કારણ કે અપૂર્વ છે, અપ્રાપ્ત છે એમ **ભાષ્યકાર** કહેવા માગે છે. "પાંડિત્ય અને બાલ્યથી જેણે તત્ત્વનો નિર્ણય કર્યો છે તેને સાક્ષાત્કારની ઇચ્છા હશે તો તે પોતાની મેળે ધ્યાન (મૌન)માં પ્રવૃત્ત થશે. તેને માટે પ્રવર્તક વિધિની જરૂર નથી રત્નની સચ્ચાઈનો સાક્ષાત્કાર કરવા માટે રત્નતત્ત્વને વિષે જ્ઞાનસંતતિમાં ઝવેરી પ્રવૃત્ત થાય જ છે ને."—એવી શંકા કોઈ કરે તો તેનો જવાબ આપવા पक्षेण એમ કહ્યું છે. સાક્ષાત્કારને માટે ધ્યાનમાં પોતાની મેળે પ્રવૃત્ત થયો હોય તો પણ વિષય-દર્શન પ્રબળ હોવાને કારણે ધ્યાનની ક્યારેક અપ્રાપ્તિ થઈ જાય એ સંભવે છે. આમ મૌન-વિધિ એ અપૂર્વવિધિ ન હોય તો પણ નિયમવિધિ તો છે જ. જો આ નિયમવિધિનું ઉલ્લંઘન થાય તો તેનાથી ઉત્પન્ન થતું અદૃષ્ટ ન મળે અને તો પછી સાક્ષાત્કારનો ઉદય ન થાય એ ભયથી સ્વાભાવિક એવા રૂપાદિ વિષયના દર્શનને એ પ્રયત્નપૂર્વક દૂર રાખે છે અને ધ્યાનમાં જ પ્રવૃત્ત થાય છે. એવો સૂત્રમાના पक्षेण શબ્દનો અભિપ્રાય છે. "બ્રહ્મવિદ્યાને પ્રાધાન્ય આપનાર પ્રકરણમાં ધ્યાનાદિ વિધિ કેવી રીતે હોઈ શકે. એથી તો વાક્યભેદનો દોષ થાય"—આ શંકાનો ઉત્તર આપતાં કહ્યું છે : विध्यादिवत् (અંગવિધિની જેમ). જેમ પ્રધાનવિધિપરક પ્રકરણમાં અવાન્તર વાક્યભેદથી પ્રયાજાદિ અંગો વિષે વિધિ છે તેવું બ્રહ્મવિદ્યાનાં અંગભૂત ધ્યાનાદિ અંગેના વિધિનું સમજવું.

(જુઓ **બ્ર. સૂ. શાંકરભાષ્ય** ૩.૪.૪૭).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉપર જોયું તેમ મૌન અંગેનો વિધિ તો નિયમવિધિ ઠરે છે તેમ છતાં **શાંકરભાષ્યમાં** 'અપૂર્વ છે' એમ જે કહ્યું છે તે મૌનવિધિના અંશમાં પાક્ષિક અપ્રાપ્તિ છે તેને ધ્યાનમાં રાખીને કહ્યું છે એમ સમજવું. સૂત્ર પ્રમાણે 'પક્ષમાં પ્રાપ્તિ ન હોવાથી' એમ કહેવું જોઈએ તેની જગ્યાએ **ભાષ્યમાં** 'અપૂર્વ છે તેથી' એમ જે કહ્યું છે તે **ભાષ્યકારને** મતે શ્રવણવિધિ અપૂર્વવિધિ જ છે એ જણાવવાને માટે કહ્યું છે. અને દૃષ્ટાન્ત-દાર્ષ્ટાન્તિકનો સંબંધ અપ્રાપ્તિ માત્રમાં વિવક્ષિત છે એમ કહેવાનો **પ્રકટાર્થકાર** વગેરેનો આશય છે.
(જુઓ : अतः साक्षात्कारसाधनतायाः अपूर्वत्वात् तद्विधिरपूर्वविधिरेव ।... ..वाचस्पतिस्तु मण्डनपृष्ठसेवी सूत्रभाष्यार्थानभिज्ञः समन्वयसूत्रे श्रवणादिविधिं निराचचक्षे, अत्र तु तद्विधिमूरीचक्रे । ......विध्यभावे च। अथशब्देन साधनचतुष्टयसंपन्नाधिकारिसूत्रणं चानुपपन्नम् । तस्माद्वाचस्पतिप्रलापमुपेक्ष्य यावत्साक्षात्कारं श्रवणादि विधितोऽनुष्ठेयम् ।—प्रकटार्थविवरण, ३.४.४७, पृ. ९८९).

**<u>अन्ये</u> तु – वेदान्तश्रवणस्य नित्यापरोक्षब्रह्मसाक्षात्कारहेतुत्वं न अप्राप्तम् । अपरोक्षवस्तुविषयकप्रमाणत्वावच्छेदेन साक्षात्कारहेतुत्वस्य प्राप्तेः शाब्दापरोक्षवादे व्यवस्थापनात् । तदर्थमेव हि तत्प्रस्तावः । न च तावता ब्रह्मप्रमाणत्वेनापातदर्शनसाधारणब्रह्मसाक्षात्कारहेतुत्वप्राप्तावप्यविद्यानिवृत्त्यर्थमिष्यमाणसत्तानिश्चयरूपतत्साक्षात्कारहेतुत्वं श्रवणस्य न प्राप्तमिति वाच्यम् । विचारमात्रस्य विचार्यनिर्णयहेतुत्वस्य, ब्रह्मप्रमाणस्य तत्साक्षात्कारहेतुत्वस्य च प्राप्तौ विचारितवेदान्तशब्दज्ञानरूपस्य श्रवणस्य तद्धेतुत्वप्राप्तेः । न चोक्त उभयतो व्यभिचारः, सहकारिवैकल्येनान्वयव्यभिचारस्यादोषत्वात् । जातिस्मरस्य जन्मान्तरश्रवणात् फलसम्भवेन व्यतिरेकव्यभिचाराभावात् । अन्यथा व्यभिचारेणैव हेतुत्वबाधे श्रुत्यापि तत्साधनताज्ञानासम्भवात् । घटसाक्षात्कारे चक्षुरतिरेकेण त्वगिन्द्रियमिव ब्रह्मसाक्षात्कारे श्रवणातिरेकेण उपायान्तरमस्तीति शङ्कायां व्यतिरेकव्यभिचारस्याप्यदोषत्वात् । तथा च प्राप्तत्वान्नापूर्वविधिः ।**

જ્યારે બીજા (વિવરણને અનુસરનાર વિચારકો) કહે છે : વેદાન્તનું શ્રવણ નિત્ય અપરોક્ષ બ્રહ્મના સાક્ષાત્કારનો હેતુ છે એ પ્રાપ્ત નથી એવું નથી. વેદાન્તશ્રવણ અપરોક્ષ વસ્તુને વિષય કરનારું પ્રમાણ હોઈને સાક્ષાત્કારનો હેતુ છે એ પ્રાપ્ત છે કારણ કે **શાબ્દાપરોક્ષવાદમાં** એ સિદ્ધ કર્યું છે, તેને માટે જ તો તેનો ઉપક્રમ છે. અને કોઈ શંકા કરે કે તેટલાથી તો બ્રહ્મને વિષે પ્રમાણ હોવાને કારણે ઉપરચોટિયા દર્શનમાં થાય છે તેમ બ્રહ્મસાક્ષાત્કારના હેતુ તરીકે (વેદાન્તશ્રવણ) પ્રાપ્ત થતું હોય તો પણ અવિદ્યાની નિવૃત્તિને માટે અભિલષિત (જરૂરી) એવા સત્તાના નિશ્ચયરૂપ તેના સાક્ષાત્કારના હેતુ તરીકે શ્રવણની પ્રાપ્તિ નથી—આવી શંકા કરવી ન જોઈએ, કારણ કે વિચારમાત્ર જેનો વિચાર કરવામાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આવે છે તે વસ્તુના નિર્ણયનો હેતુ છે, અને બ્રહ્મ અંગેનું પ્રમાણુ તેના સાક્ષાત્કારનો હેતુ છે એ પ્રાપ્ત થતાં જેનો વિચાર કરવામાં આવે છે એવા વેદાન્તશબ્દનું જ્ઞાનરૂપ શ્રવણુ તેના હેતુ તરીકે પ્રાપ્ત છે. અને (ઉપર) કહ્યો છે તે બન્ને બાજુએથી વ્યભિચાર નથી, કારણ કે સહકારીના ઊણપને લઈ ને અન્વયનો વ્યભિચાર હોય તો તે દોષ નથી, (અને) પૂર્વજન્મનું સ્મરણુ કરનાર (વામદેવ)ને અન્ય જન્મના શ્રવણુથી ફલનો સંભવ છે તેથ વ્યતિરેકનો વ્યભિચાર નથી. આમ ન હોય તો વ્યભિચારથી જ તેના (વેદાન્તશ્રવણુના) (બ્રહ્મસાક્ષાત્કારના) હેતુત્વનો બાધ થઈ જતાં શ્રુતિથી પણુ તે (શ્રવણુ) (બ્રહ્મસાક્ષાત્કારનું) સાધન છે એ જ્ઞાન સંભવે નહિ. ઘટના સાક્ષાત્કારમાં જેમ ચક્ષુ સિવાય ત્વગિન્દ્રિય સાધન છે તેમ બ્રહ્મસાક્ષાત્કારમાં શ્રવણુ સિવાય બીજો ઉપાય છે એવી શંકા થતાં (વામદેવની બાબતમાં થતો) વ્યતિરેક-વ્યભિચાર દોષ નથી. આમ (સાક્ષાત્કારના હેતુ તરીકે શ્રવણુ) પ્રાપ્ત હોવાથી (श्रोतव्यः એ) અપૂર્વવિધિ નથી.

**વિવરણુ :** (**પ્રકાશાત્મનના**) **વિવરણને** અનુસરનાર વિચારકો श्रोतव्यः અપૂર્વવિધિ છે એમ નથી માનતા અને એવું માનનારની દલીલોનું ખંડન કરે છે તે પક્ષ હવે રજૂ થાય છે. વિચાર–વિશિષ્ટ વેદાન્તરૂપ શ્રવણુ (અર્થાત્ વેદાન્ત–શબ્દજ્ઞાનરૂપ શ્રવણુ) બ્રહ્મસાક્ષાત્કારના હેતુ તરીકે વિધિ વિના પણુ પ્રાપ્ત છે તેથી श्रोतव्यः અપૂર્વવિધિ નથી. અહીં એવી શંકા સંભવે કે ઇન્દ્રિયજન્ય જ્ઞાન જ સાક્ષાત્કારરૂપ હોય છે તો પછી વાક્ય કેવી રીતે સાક્ષાત્કારનો હેતુ હોઈ શકે? તેનો ઉત્તર એ છે કે જ્ઞાનના અપરોક્ષત્વને માટે એનો વિષય અપરોક્ષ હોવો જરૂરી છે; જ્ઞાન ઇન્દ્રિયજન્ય હોય તો જ અપરોક્ષ હોય એવું નથી. અને વસ્તુનું અપરોક્ષ હોવું એટલે વસ્તુના વ્યવહારને અનુકૂલ ચૈતન્યથી અભિન્ન હોવું એમ **શાબ્દાપરોક્ષવાદમાં** કહેવામાં આવશે. અને આમ નિત્ય અપરોક્ષ તરીકે શ્રુતિસિદ્ધ બ્રહ્મરૂપ વસ્તુને વિષય કરનાર હોઈને વેદાન્તજન્યજ્ઞાન સાક્ષાત્કારરૂપ છે એ સિદ્ધ છે. વેદાન્ત બ્રહ્મની અપરોક્ષ પ્રમિતિ ઉત્પન્ન કરે છે એ સિદ્ધ કરવા માટે તો આ શાસ્ત્રમાં **શાબ્દાપરોક્ષવાદનો** ઉપક્રમ છે.

ફરી શંકા થાય કે અપરોક્ષવસ્તુને વિષય કરનાર પ્રમાણુ પોતાના વિષયની બાબતમાં સાક્ષાત્કારનો હેતુ છે એમ **શાબ્દાપરોક્ષવાદમાં** સિદ્ધ કર્યું છે તેથી તો વેદાંત (ઉપનિષદ્વાક્યો) પણુ પોતાના વિષય—નિત્ય અપરોક્ષ બ્રહ્મની બાબતમાં અપરોક્ષ જ્ઞાનસામાન્યના હેતુ છે એટલું જ પ્રાપ્ત થયું, પણુ એ સત્તાના નિશ્ચયરૂપ તેના સાક્ષાત્કારના હેતુ તરીકે પ્રાપ્ત થતાં નથી; વિચારવિશિષ્ટ વેદાન્તરૂપ શ્રવણુ જ સત્તાનિશ્ચયરૂપ સાક્ષાત્કારનો હેતુ બની શકે. અન્યથા વિચારની પહેલાં પણુ સત્તાનો નિશ્ચય થઈ જવો જોઈએ, પણુ એવું થતું નથી. વાક્યજન્ય સાક્ષાત્કાર માત્રથી જ અવિદ્યા–નિવૃત્તિરૂપ ફળ સંભવે છે તેથી સાક્ષાત્કાર સત્તા-નિશ્ચયરૂપ છે કે કેમ એ તપાસવાની જરૂર નથી એમ પણુ કહી શકાય નહિ. જ્યાં જ્યાં બ્રહ્મ અંગે ઉપદેશો આપ્યા છે ત્યાં ત્યાં ઉપનિષદ્માં સંશયની નિવૃત્તિ ન થાય ત્યાં સુધી ફરી ફરી પ્રશ્ન અને ફરી ફરી તેના ઉત્તર કહ્યા છે. 'वेदान्तविज्ञानसुनिश्चितार्थाः (मुण्डक ३.२.६) જેવી શ્રુતિ છે, અને બ્રહ્મ અંગે શ્રવણુ કર્યું હોય તેવાને પણુ પહેલાંની જેમ સંસારાવસ્થા ચાલુ રહે છે તેથી અનુમાન થઈ શકે છે કે અવિદ્યાની નિવૃત્તિ થઈ નથી; અને શ્રવણુ, મનન, નિદિધ્યાસન, શમ, દમ, ભક્તિ, વૈરાગ્ય જ્ઞાનપરિપાકના હેતુ છે એમ માનવા માટે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રુતિ અને પ્રત્યક્ષ અનુભવોરૂપ પ્રમાણ છે. આથી સ્પષ્ટ છે કે સત્તાનિશ્ચયરૂપ બ્રહ્મસાક્ષાત્કારને જ અવિદ્યાનિવૃત્તિ માટે જરૂરી ગણ્યો છે. આમ વેદાંત–શ્રવણ ઉક્તરૂપ બ્રહ્મસાક્ષાત્કારના હેતુ તરીકે પ્રાપ્ત નથી.

આ શંકાનો ઉત્તર આપતાં **વિવરણાનુયાયીઓ** કહે છે કે અપરોક્ષ વસ્તુને વિષય કરનાર પ્રમાણ અપરોક્ષ જ્ઞાનનો હેતુ છે એમ ઠર્યું છે, અને વિચાર વિચાર્ય વસ્તુના નિર્ણયનો હેતુ છે એમ ઠર્યું છે તો આ બંને મેળવવાથી સિદ્ધ થાય છે કે વિચારવિશિષ્ટ વેદાન્તજ્ઞાનરૂપ શ્રવણ સત્તાનિશ્ચયરૂપ બ્રહ્મસાક્ષાત્કારનો હેતુ છે. શ્રવણ કર્યું હોય છતાં સાક્ષાત્કાર થયો નથી એવું જોવામાં આવે છે એમ જે કહ્યું તેમાં એ ધ્યાન રાખવું જોઈએ કે કોઈ પણ કારણને કાર્ય ઉત્પન્ન કરવામાં સહકારી કારણોની જરૂર પડે છે અને તેની કોઈ ઊણપ હોય તો કાર્ય ઉત્પન્ન થતું નથી પ્રસ્તુતમાં પણ ચિત્તની એકાગ્રતા વગેરે સહકારી કારણની વિકલતાને લઈને સાક્ષાત્કાર ન થતો હોય તો અન્વયવ્યભિચાર થતો નથી, કારણ કે કારણ–સામગ્રી પૂરી ન હોય તો કાર્ય કે ફળ ન જ થાય. વામદેવ જેવાની બાબતમાં શ્રવણ ન કર્યું હોવા છતાં સાક્ષાત્કાર થયો તેથી વ્યતિરેક–વ્યભિચાર થયો એવું પણ ન કહેવાય કારણ કે તેવી વ્યક્તિઓ જાતિસ્મર હોય છે, પૂર્વજન્મનું સ્મરણ તેમને હોય છે તેથી અન્ય જન્મના શ્રવણને કારણે સાક્ષાત્કાર સંભવ્યો. અથવા તો જેમ શ્રવણ બ્રહ્મ-સાક્ષાત્કારનું કારણ છે તેમ ઉત્કૃષ્ટ પ્રકારનું તપ વગેરે કે ઉત્કૃષ્ટ જન્મની પ્રાપ્તિ વગેરે અન્ય કારણ પણ હોઈ શકે જેથી સાક્ષાત્કાર શક્ય બન્યો હોય; તેથી શ્રવણ બ્રહ્મ-સાક્ષાત્કારનો હેતુ છે એમ અન્વય વ્યતિરેકથી જ્ઞાત થાય છે અને એ આમ અપ્રાપ્ત ન હોવાથી શ્રોતવ્યઃ અપૂર્વવિધિ નથી એમ **વિવરણાનુયાયીઓ** માને છે.

શ્રવણાદિ વિધિને માનીએ તો જ બ્રહ્મસૂત્રનું આવૃત્ત્યધિકરણ સંગત બને એમ હવે સમજાવે છે.

**अत एव 'आवृत्तिरसकृदुपदेशात्' (४.१.१) इत्यधिकरणभाष्ये "दर्शनपर्यवसानानि हि श्रवणादीन्यावर्त्यमानानि दृष्टार्थानि भवन्ति, यथावघातादीनि तण्डुलनिष्पत्तिपर्यवसानानि" इति श्रवणस्य ब्रह्मदर्शनार्थस्य दृष्टार्थस्य दार्शपूर्णमासिकावघातन्यायप्राप्तावावृत्त्युपदेशः । अपूर्वविधित्वे तु स न सङ्गच्छते सर्वौषधावघातवत् । अग्निचयने—"सर्वौषधस्य पूरयित्वाऽवहन्ति अथैतदुपदधाति" इत्युपधेयोलूखलसंस्कारार्थत्वेन विहितस्यावघातस्य दृष्टार्थत्वाभावान्नावृत्तिरिति हि तन्त्रलक्षणे (११.१.६) स्थितम् । अतो नियमविधिरेवायम् । तदभावे हि यथा वस्तु किञ्चिच्चक्षुषा वीक्षमाणस्तत्र स्वागृहीते सूक्ष्मे विशेषान्तरे केनचित् कथिते तदवगमाय तस्यैव चक्षुषः पुनरपि सप्रणिधानं व्यापारे प्रवर्तते, एवं मनसा 'अहम्' इति गृह्यमाणे जीवे वेदान्तैरध्ययनगृहीतैरुपदिष्टं निर्विशेष-**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ब्रह्मचैतन्यरूपत्वमाकर्ण्य तदवगमाय तत्र सावधानं मनस एव प्रणिधाने कदाचित् पुरुषः प्रवर्त्तेतेति वेदान्तश्रवणे प्रवृत्तिः पाक्षिकी स्यात् । 'अप्राप्य मनसा सह' (तैत्ति० २.४, २.८) इति श्रुतिः 'मनसैवानुद्रष्टव्यम्' (बृहद्० ४.४.१९), 'दृश्यते त्वग्र्यया बुद्ध्या' (कठ ३.१२) इत्यपि श्रवणेनानवहितमनोविषयेति शङ्कासम्भवात् ।**

તેથી જ "आवृत्तिरसकृदुपदेशात्" (બ્ર. સૂ. ૪. ૧. ૧) એ અધિકરણના (શાંકર) ભાષ્યમાં "આવર્તન કરવામાં આવતાં શ્રવણાદિ (બ્રહ્મ)સાક્ષાત્કારમાં પર્યવસાન પામે છે અને દૃષ્ટ પ્રયોજનવાળાં છે, જેમ ચોખાની નિષ્પત્તિમાં પર્યવસાન પામતાં અવહનન વગેરે દૃષ્ટ ફળવાળાં છે"— એમ બ્રહ્મદર્શનરૂપ પ્રયોજનવાળું શ્રવણ દૃષ્ટ ફળવાળું છે તેથી દર્શપૂર્ણમાસ સંબંધી અવહનનનો ન્યાય લાગુ પડતો હોઈ (શ્રવણાદિ)ના આવર્તનનો ઉપદેશ છે. (श्रोतव्यः ને) અપૂર્વવિધિ માનીએ તો એ (આવર્તનનો ઉપદેશ) સંગત ન બને, સર્વ ઔષધિઓની બાબતમાં અવઘાતની જેમ. અગ્નિચયનમાં '(ઊખળમાં) બધી ઔષધિ ભરીને, ખાંડીને, પછી એ (ઊખળ)ની સ્થાપના કરવી' એ જેની સ્થાપના કરવાની છે તે ઊખળના સંસ્કારને માટે હોઈને જે અવઘાત (ખાંડવું તે)નું વિધાન કર્યું છે તેનું દૃષ્ટ ફળ નથી તેથી તેની આવૃત્તિ (આવર્તન નથી) એમ તંત્રલક્ષણ (પૂર્વમીમાંસા સૂત્ર ૧૧ ૧. ૬)માં નક્કી થયું છે તેથી આ નિયમવિધિ જ છે. એ ન હોય તો જેમ કોઈ વસ્તુને આંખથી જોતો માણસ પોતે ગ્રહણ નહીં કરેલી તેની કોઈ સૂક્ષ્મ ખાસિયત વિષે કોઈ તેને કહે તો તે જાણવા માટે એ જ આંખનો ફરી ધ્યાનપૂર્વક વ્યાપાર કરવામાં તે પ્રવૃત્ત થાય છે તેમ મનથી 'હું' એમ ગૃહીત થતા જીવને વિષે અધ્યયનથી ગૃહીત થયેલાં વેદાન્તો (ઉપનિષદ્-વાક્યો) દ્વારા જીવ નિર્વિશેષ બ્રહ્મચૈતન્યરૂપ છે એમ ઉપદેશેલું સાંભળીને તેના જ્ઞાનને માટે એને વિષે અવધાનપૂર્વક મનના જ પ્રણિધાનમાં ક્યારેક માણસ પ્રવૃત્ત થાય છે. આમ વેદાન્તશ્રવણની બાબતમાં પાક્ષિકી પ્રવૃત્તિ થાય. "જ્યાંથી (બ્રહ્મ પાસેથી) મનની સાથે શબ્દો તેને પ્રાપ્ત કર્યા વિના પાછા ફરે છે" (તૈત્તિ. ૨.૪; ૨ ૮) એ શ્રુતિ 'મનથી જ તેનું અનુદર્શન કરવું જોઈએ' (બૃહદ્ ૪ ૪. ૧૯), અગ્ર્ય (એકાગ્ર) બુદ્ધિથી તે દેખાય છે' (કઠ ૩.૧૨) એવી પણ શ્રુતિ છે તેને કારણે (ઉપરની શ્રુતિ) અનવહિત (એકાગ્ર નહીં એવા) મનને વિષે છે એવી શંકા સંભવે છે તેથી (પાક્ષિકી પ્રવૃત્તિ છે).

**વિવરણ** : आवृत्तिरसकृदुपदेशात् (બ્ર. સૂ. ૪.૧.૧) એ અધિકરણમાં સિદ્ધ કર્યું છે કે શ્રવણાદિ બ્રહ્મસાક્ષાત્કારરૂપી દૃષ્ટ ફળને માટે હોઈને જ્યાં સુધી એ ફળ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી શ્રવણાદિનું આવર્તન કરવું જોઈએ, એ કર્યાં જ કરવું જોઈએ; જેમ ચોખા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ડાંગરને ખાંડવાનું ચાલુ રાખીએ છીએ તેમ. એક વાર કરવાથી પણ શ્રોતવ્યઃ વગેરે વિધિ ચરિતાર્થ થઈ જશે એ દલીલ બરાબર નથી. જો અદૃષ્ટ ફળ માટે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હોય તેનું આવર્તન કરવાની જરૂર નહિ, પણ જેનું ફળ દષ્ટ છે, અહીં જ અને તરત મળે તેમ હોય એવા ચોખા વગેરે મારેના અવહનનાદિનું આવર્તન કરવાનું હોય છે અગ્નિ-ચયનમાં સર્વ ઔષધિનું અવહનન એ ઉપધેય ઊખાના સંસ્કારાર્થે છે તેથી તે એકજ વાર કરવાનું હોય છે, જ્યારે દર્શપૂર્ણમાસના પુરોડાશ માટે ડાંગરનું અવહનન એ દષ્ટ ફળ—ચોખા મેળવવા માટે છે તેથી અવહનનની આવૃત્તિ કરવાની હોય છે. અહીં પણ શ્રવણાદિ બ્રહ્મ-સાક્ષાત્કારરૂપ દષ્ટ ફળમાં પરિણમે છે તેથી તેની આવૃત્તિનો ઉપદેશ છે જે અપૂર્વવિધિ-વાદીઓના મત સાથે સંગત નથી.

પ્રણિધાન એટલે રત્નાદિ વસ્તુ પ્રત્યે અભિમુખ થાય એ રીતે ચક્ષુરાદિનું સ્થાપન. પછી ઉન્મીલનાદિ વ્યાપારને અનુકૂલ યત્ન તે પ્રવૃત્તિ. એ પ્રણિધાન અને પ્રવૃત્તિ વચ્ચેનો ભેદ છે. જેમ કોઈ વસ્તુને જોઈ હોય, પણ કોઈ માણસ તેની કોઈ એવી વિશેષતાની વાત કરે જે નજરે ન ચઢી હોય તો આપણે એ જ દર્શનવ્યાપારમાં ફરીથી પ્રણિધાનપૂર્વક પ્રવૃત્ત થઈ જઈએ છીએ તેમ મનથી 'હું' તરીકે જેનું ગ્રહણ કર્યું છે તેવા જીવાત્મા વિષે 'स्वाध्यायोऽध्येतव्यः' એ અધ્યયનવિધિવશાત્ સ્વાધ્યાયથી ગૃહીત ઉપનિષદ્-વાક્યોથી એવું પરોક્ષ જ્ઞાન થાય કે આ જીવ તો નિર્વિશેષ બ્રહ્મચૈતન્ય સ્વરૂપ છે તો માણસ તેના નિર્વિશેષ સ્વરૂપના અપરોક્ષ જ્ઞાનને માટે કદાચ અવધાનપૂર્વક તે જ મનના પ્રણિધાનમાં પ્રવૃત્ત થાય. તેથી વેદાન્તશ્રવણને વિષે પાક્ષિકી પ્રવૃત્તિ સંભવે છે, આમ શ્રોતવ્યઃ નિયમવિધિ છે.

અહીં કોઈ શંકા કરે કે અંગો સહિત વેદનું અધ્યયન કર્યું હોય તેને એ જ્ઞાન તો હોય જ કે બ્રહ્મ મનનો વિષય નથી—યતો वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह એવી શ્રુતિ જ છે, તેથી વેદાન્તશ્રવણની જેમ મનોવ્યાપારમાં તે કદાચિત્ પ્રવૃત્ત થાય એમ માનવું બરાબર નથી. આનો ઉત્તર એ છે કે આ શ્રુતિ અનવહિત, એકાગ્રતા વિનાના મનને વિષે છે. એનો અર્થ એ છે કે સત્ય, જ્ઞાન વગેરે શબ્દો અભિધાશક્તિથી બ્રહ્મનું પ્રતિપાદન ન કરીને મનની સાથે નિવૃત્ત થાય છે અર્થાત્ લક્ષણાનો આશ્રય લે છે. આ શ્રુતિ એમ જણાવે છે કે બ્રહ્મ મનનો વિષય નથી. પણ બીજી બાજુ એવી પણ શ્રુતિ છે કે એકાગ્ર મન કે બુદ્ધિથી બ્રહ્મને જાણવું જોઈએ. તેથી શંકા સંભવે છે કે ઉપરની શ્રુતિનો એવો અભિપ્રાય છે કે અનવહિત મનથી બ્રહ્મ જાણી શકાય નહિ. આમ મનના જ વ્યાપારમાં પ્રવૃત્તિને વારી શકાય નહિ એ તો ઉપરની સમજૂતીથી સ્પષ્ટ છે. કેવળ મનોવ્યાપારને વિષે નહિ પણ શ્રવણમાં જ પ્રવૃત્ત થવું એમ શ્રોતવ્યઃ એ નિયમવિધિ કહે છે એવો અભિપ્રાય છે.

વ્યાખ્યાકાર **કૃષ્ણાનંદતીર્થ** આનું વિવેચન કરતાં કહે છે કે **અપ્પય્યદીક્ષિતે** આ શ્રુતિ અનવહિત મનને વિષે છે એવો નિશ્ચય સંભવે છે એમ કહેવાને બદલે એમ કહ્યું છે કે શંકા સંભવે છે. એ ઉક્તિનો આશય એ છે કે નિર્ગુણ બ્રહ્મના સાક્ષાત્કારમાં મન કરણ નથી કારણ કે નિર્ગુણ બ્રહ્મને ઔપનિષદ, ઉપનિષત્પ્રતિપાદ્ય, ઉપનિષદ્રૂપી પ્રમાણથી વેદ્ય કહ્યું છે. સોપાધિક આત્માના સાક્ષાત્કારમાં પણ મન કરણ નથી કારણ કે સોપાધિક-આત્મસાક્ષાત્કાર નિત્યસાક્ષીરૂપ છે. તેથી 'मनसैवानुद्रष्टव्यम्' વગેરેમાં જે તૃતીયા છે તે વાક્ય જન્ય વૃત્તિસાક્ષાત્કારને વિષે મન કરણ છે એ અપેક્ષાએ છે. આ ચર્ચા શાબ્દાપરોક્ષવાદમાં આવશે. આમ વાસ્તવમાં મન કરણ ન હોવાથી મનના વ્યાપારમાં જ કદાચિત્ પ્રવૃત્ત થાય એમ જે નિયમવિધિનું વ્યાવર્ત્ય કલ્પ્યું છે તે અયુક્ત છે. માટે જ બીજું વ્યાવર્ત્ય કહ્યું છે :—

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अथवा 'जुष्टं यदा पश्यत्यन्यमीशमस्य महिमानमिति वीतशोकः (मुण्डक ३.१.२) इत्यादिश्रवणात् भिन्नात्मज्ञानाद् मुक्तिरिति भ्रमसम्भवेन मुक्तिसाधनज्ञानाय भिन्नात्मविचाररूपे शास्त्रान्तरश्रवणेऽपि पक्षे प्रवृत्तिस्स्यादित्यद्वैतात्मपरवेदान्तश्रवणनियमविधिरयमस्तु । इहात्मशब्दस्य 'इदं सर्वं यदयमात्मा' इत्यादिप्रकरणपर्यालोचनया अद्वितीयात्मपरत्वात् । न हि वस्तुसत्साधनान्तरप्राप्तावेव नियमविधिरिति कुलधर्मः, येन वेदान्तश्रवणनियमार्थवत्त्वाय नियमादृष्टजन्यस्वप्रतिबन्धककल्मषनिवृत्तिद्वारा सत्तानिश्चयरूपब्रह्मसाक्षात्कारस्य वेदान्तश्रवणैकसाध्यत्वस्याभ्युपगन्तव्यत्वेन तत्र वस्तुतः साधनान्तराभावान्न नियमविधिर्युज्यत इति आशङ्क्येत; किन्तु यत्र साधनान्तरतया सम्भाव्यमानस्य पक्षे प्राप्त्या विधित्सितसाधनस्य पाक्षिक्यप्राप्तिर्निवारयितुं न शक्यते तत्र नियमविधिः। तावतैवाप्राप्तांशपरिपूरणस्य तत्फलस्य सिद्धेः।

અથવા "જ્યારે (ઋષિસંઘથી) સેવેલા એવા (બુદ્ધિ આદિથી) અન્ય ઈશને જ્યારે જુએ છે ત્યારે શોકરહિત એવો તે તેના મહિમાને પ્રાપ્ત કરે છે" (મુંડક ૩.૧.૨) ઇત્યાદિ શ્રુતિ–વચનો હોવાથી (જીવથી) ભિન્ન એવા આત્માના જ્ઞાનથી મુક્તિ થાય છે એવા ભ્રમનો સંભવ છે; તેથી મુક્તિના સાધનરૂપ જ્ઞાનને માટે ભિન્ન એવા આત્માના વિચારરૂપ (બ્રહ્મમીમાંસાથી) અન્ય શાસ્ત્રના શ્રવણમાં પણ પક્ષમાં પ્રવૃત્તિ હોઈ શકે, તેથી અદ્વૈત એવા આત્મતત્ત્વપરક વેદાન્તના શ્રવણ અંગે ભલે આ નિયમવિધિ હો. કારણ કે અહીં 'આત્મન્' એ શબ્દ અદ્વિતીય આત્મપરક છે એમ 'इदं सर्वं यदयमात्मा' (આત્મા આ જે કંઈ બધું છે એ છે) વગેરે પ્રકરણની પર્યાલોચનાથી સમજાય છે. સાચું બીજું સાધન હોય તેની પ્રાપ્તિ હોય તો જ નિયમવિધિ હોઈ શકે એવો કુલધર્મ તો નથી, જેથી કરીને નિયમની સાર્થકતા માટે એવી આશંકા થાય કે નિયમથી જન્ય અદૃષ્ટથી ઉત્પાદ્ય એવી પોતાના (સાક્ષાત્કારના) પ્રતિબન્ધક કલ્મષની નિવૃત્તિ દ્વારા સત્તાના નિશ્ચયરૂપ બ્રહ્મસાક્ષાત્કાર વેદાન્તશ્રવણરૂપ એક (ઉપાયથી) સાધ્ય છે એમ સ્વીકારવું જરૂરી બનતું હોવાથી ત્યાં (એની બાબતમાં) બીજું સાધન ન હોવાથી આ (શ્રોતવ્યઃ વિધિ) નિયમવિધિ તરીકે યુક્ત નથી. (જો નિયમવિધિ માટે બીજા જે સાધનની સંભાવના હોવી જોઈએ એ વાસ્તવમાં સાધન હોવું જોઈએ એ અનિવાર્ય હોય તો નિયમવિધિની સાર્થકતાને માટે આમ માનવું પડે; પણ એ બિલકુલ જરૂરી નથી; કોઈ સાધનની સંભાવના હોય એજ પૂરતું છે). પણ જ્યાં બીજા સાધન તરીકે જેની સંભાવના હોઈ શકે તેની પક્ષમાં પ્રાપ્તિ હોવાથી જેનું વિધાન કરવા ધાર્યું છે તે સાધનની પક્ષમાં અપ્રાપ્તિ નિવારી શકાતી નથી ત્યાં નિયમવિધિ (આવશ્યક) છે, કારણ કે તેટલા માત્રથી જ અપ્રાપ્ત અંશના પરિપૂરણરૂપ તેના ફલની સિદ્ધિ થાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ** : જેણે અંગસહિત વેદનું અધ્યયન કર્યું છે તેને 'तरति शोकमात्मवित्' (છા. ૭.૧.૩) (આત્મજ્ઞાની શેકને તરી જાય છે) જેવી શ્રુતિથી આત્મજ્ઞાન મુક્તિનું સાધન છે એવું જ્ઞાન થાય છે પણ આ રીતે લોકમાં વિચાર વિના આત્મતત્ત્વનું જ્ઞાન ઉદ્ભવતું નથી. આત્માનું પ્રતિપાદન કરનાર ઉપનિષદ્-વાક્યોને અનેક રીતે યોજી શકાય છે —તેમના શબ્દોનો સંબંધ અલગ અલગ રીતે સમજાવી શકાય છે—તેથી તેમના તાત્પર્ય અંગે ભ્રમ, સંશય આદિ સંભવે છે એ અનુભવથી સિદ્ધ છે. તેથી મુક્તિના સાધનરૂપ જ્ઞાનની ઇચ્છા ધરાવનાર એ જ્ઞાનમાં પ્રતિબંધક (અવરોધ કરનાર તાત્પર્ય વિષેના ભ્રમ, સંશયાદિને દૂર કરવા માટે વેદાંતવિચારમાં પ્રવૃત્ત થાય ત્યારે જેમ **બ્રહ્મમીમાંસા**માં પ્રવૃત્ત થાય, તેમ જ **ન્યાય, સાંખ્યાદિ** શાસ્ત્રવિચારમાં પણ પ્રવૃત્ત થઈ શકે, કારણ કે તેમાં પણ તે તે શાસ્ત્રને માન્ય યોજના પ્રમાણે વેદાંતવિચાર છે.

કોઈ દલીલ કરી શકે કે સાંખ્યાદિ તર્કશાસ્ત્રમાં રહેલો આત્મવિચાર અદ્વિતીય એવા આત્મતત્ત્વના વિચારરૂપ નથી તેથી અદ્વિતીય આત્માને વિષેનાં વેદાંતવાક્યોના તાત્પર્ય સંબંધી ભ્રમ, સંશયાદિ છે તે તેનાથી દૂર થઈ શકે નહિ. માટે આત્મજ્ઞાનાર્થીની પોતાની મેળે જ (કોઈ વિધિ વિના) તે દિશામાં પ્રવૃત્તિ સંભવતી નથી અને બ્રહ્મમીમાંસાશાસ્ત્રને વિષે જ તેની પ્રવૃત્તિ થશે. પણ આ શંકા બરાબર નથી, કારણ કે કેટલાંક શ્રુતિવચનોમાં આવતા અન્ય જેવા શબ્દને લીધે 'જીવથી ભિન્ન એવા પરમાત્માનું જ્ઞાન મુક્તિનું સાધન છે' એવો ભ્રમ થવાથી **સાંખ્યન્યાયાદિ**ને વિષે પણ પ્રવૃત્તિ સંભવે છે अहं ब्रह्मास्मि જેવાં વેદાંતવાક્યોમાં જીવ અને પરમાત્માના અભેદનું જ પ્રતિપાદન છે તેથી જીવ અને પરમાત્મા ભિન્ન છે એવો સંશય કે ભ્રમ સંભવે જ નહિ એમ પણ કહી શકાય નહિ, કારણ કે अन्य શબ્દથી એવો ભ્રમ સંભવે છે. વાસ્તવમાં તેનો અર્થ તો 'બુદ્ધિ આદિથી અન્ય' એવો છે કારણ કે જીવ બ્રહ્મથી ભિન્ન છે એવું તો વ્યાવહારિક પ્રત્યક્ષથી સિદ્ધ છે તેથી તેનું પ્રતિપાદન કરવા માટે વૈદિક શબ્દની જરૂર નથી. ઉપર નિર્દિષ્ટ શ્રુતિનો સાચો અર્થ તો એવો છે કે બુદ્ધિ આદિથી ભિન્ન ચિત્ તત્ત્વને વિષે 'હું ઈશ છું' એવો સાક્ષાત્કાર તેને થાય છે ત્યારે તે શોકથી મુક્ત બનીને મહત્ત્વોપલક્ષિત સ્વરૂપને પામે છે.

શંકા — श्रोतव्यः એ વાક્યમાં આત્મવિચારની જ પ્રતીતિ થાય છે, અદ્વૈતાત્મવિચારની નહિ તો પછી આ વિધિથી (જીવથી) ભિન્ન એવા આત્માના વિચારની વ્યાવૃત્તિનો લાભ કેવી રીતે થશે ?

**ઉત્તર** — 'इदं सर्वं यदयमात्मा' (બૃહદ્ ઉપ. ૨.૪.૬; ૪.૫.૭) 'आत्मनि दृष्टे सर्वं विदितं भवति' વગેરેથી સમજાય છે કે અદ્વિતીય આત્માનો જ ઉપદેશ છે આત્મા સર્વનું અધિષ્ઠાન હોય અને એથી સર્વાત્મક હોય તો જ આત્માનુ જ્ઞાન થતાં બધું જ્ઞાત થાય, અન્યથા નહિ તેથી श्रोतव्यः એ વાક્યમાનું 'आत्मा' એ પદ અદ્વિતીય આત્મતત્ત્વપરક છે અને એ અદ્વિતીય આત્મતત્ત્વ અંગેના વિચારવિધિથી ભિન્ન એવા આત્માના વિચારની વ્યાવૃત્તિનો લાભ થાય છે.

શંકા — ચોખા મેળવવા માટે ખાંડવું એ જેમ એક ઉપાય છે તેમ નખવિદલન વગેરે પણ સાચાં સાધન છે તેથી તેમની વ્યાવૃતિ કરવા માટે નિયમવિધિ હોય એ જરૂરી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે. પણ અહીં તો અદ્વિતીય બ્રહ્મના સાક્ષાત્કારને માટે જીવથી ભિન્ન એવા પરમાત્માનો વિચાર વાસ્તવમાં સાધન નથી તેથી તેની વ્યાવૃત્તિ માટે નિયમવિધિ આવશ્યક ગણી શ્રોતવ્યઃ ની નિયમવિધિ તરીકે યોજના કરવી એ બરાબર નથી. એવો બચાવ કરવાનો પ્રયત્ન થાય કે ભિન્ન એવા આત્મવિચારની વ્યાવૃત્તિ ભલે કરવાની ન હોય પણ તેટલા માત્રથી તે નિયમવિધિ તરીકે અનુપપન્ન–વજૂદ વિનાનો છે – એમ ન કહી શકાય, કારણ કે ગુરુથી નિરપેક્ષ (સ્વતંત્રપણે કરેલો) વિચાર, ભાષા–પ્રબંધ, ઇતિહાસ, પુરાણ વગેરે સત્તાના નિશ્ચયરૂપ બ્રહ્મસાક્ષાત્કારના હેતુ છે તેથી તેમની વ્યાવૃત્તિ આ નિયમવિધિથી થશે. પણ આ દલીલ બરાબર નથી; કારણ કે હમણાં જ બતાવવામાં આવશે કે અવિદ્યાના નિવર્તક એવા સત્તાનિશ્ચયરૂપ સાક્ષાત્કારમાં પ્રતિબંધક કલ્મષ (મલ, પાપ)ની નિવૃત્તિ દ્વારા એ ગુરુને અધીન વેદાન્તવિચારની જેમ સાક્ષાત્કારના હેતુ નથી તેથી વાસ્તવમાં એ બ્રહ્મસાક્ષાત્કારનાં સાધન નથી. તેથી શ્રોતવ્યઃ...નિયમવિધિ હોઈ શકે નહીં.

ઉત્તર — વાસ્તવમાં બીજું સાધન હોય તો જ નિયમવિધિ સંભવે એવો કોઈ કુલધર્મ નથી. કુલધર્મની આવશ્યકતા છે, એનું ઉલ્લંઘન કરી શકાય નહીં. તેની જેમ નિયમવિધિ માટે વાસ્તવમાં સાધન હોય તેવા જ બીજા સાધનની પ્રાપ્તિ હોય એ આવશ્યક નથી.

શંકાકારે કલ્પેલી વિરોધી દલીલમાં નિયમવિધિની સાર્થકતા બતાવવા માટે જેનું વિધાન કરવા ધાર્યું છે તે ગુરુને અધીન એવા વેદાન્તશ્રવણથી જેમ સંભવે છે તેમ ગુરુથી સ્વતંત્ર રહીને કરેલા વિચારાદિથી પણ સત્તાનિશ્ચયરૂપ સાક્ષાત્કારની ઉત્પત્તિ સંભવતી હોય તો ગુરુને અધીન વેદાન્તશ્રવણના નિયમનું દૃષ્ટ પ્રયોજન ન હોવાથી, નિયમનું અદૃષ્ટ ફળ માનવું પડે અને તે પ્રતિબંધકની નિવૃત્તિ કરીને એ રીતે વિદ્યાનું સાધન બને છે એમ કલ્પવું પડે. પણ **સાંખ્યાદિશાસ્ત્ર**–વિચાર મુક્તિનું સાધન માનવામાં આવે છે; તેની સંભાવના સ્વીકારવામાં આવે છે (– વાસ્તવમાં એ સાધન નથી તો પણ –) અને આમ શ્રવણની પક્ષમાં અપ્રાપ્તિ નિવારી શકાતી નથી. તેથી શ્રોતવ્યઃ ત્યાં નિયમવિધિ છે અને સાંખ્યાદિ શાસ્ત્રવિચારની વ્યાવૃત્તિ તે કરે છે અને અપ્રાપ્ત અંશનું પરિપૂરણ તેનું ફળ સિદ્ધ થાય છે.

બીજું વ્યાવર્ત્ય કહે છે :

**अथवा गुरुमुखाधीनाध्ययनादिव निपुणस्य स्वप्रयत्नमात्रसाध्यादपि वेदान्तविचारात् सम्भवति सत्तानिश्चयरूपं ब्रह्मापरोक्षज्ञानम्, किन्तु गुरुमुखाधीनवेदान्तवाक्यश्रवणनियमादृष्टमविद्यानिवृत्तिं प्रति कल्मषनिरासेनोपयुज्यते इति तदभावेन प्रतिबद्धमविद्यामनिर्वर्तयत् परोक्षज्ञानकल्पमवतिष्ठते। न च ज्ञानोदये अज्ञानानिवृत्त्यनुपपत्तिः। प्रतिबन्धकाभावस्य सर्वत्रापेक्षितत्वेन सत्यपि प्रत्यक्षविशेषदर्शने उपाधिना प्रतिबन्धात् प्रतिबिम्बभ्रमानिवृत्तिवत् तदनिवृत्त्युपपत्तेः। एवं च लिखितपाठादिनाऽपि स्वाध्यायग्रहणप्रसक्तौ गुरुमुखाधीनाध्ययननियमविधिवत् स्वप्रयत्नमात्रपूर्वकस्यापि वेदान्तविचारस्य सत्तानिश्चयरूपब्रह्मसाक्षात्कारार्थत्वेन पक्षे प्राप्तौ गुरुमुखाधीनश्रवणनियमविधिरयमस्तु।**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

न च 'तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत्' (मुण्डक १.२.१२) इति गुरूपसदनविधिनैव गुरुरहितविचारव्यावृत्तिसिद्धेर्विफलो नियमविधिरिति शङ्क्यम् । गुरूपसदनस्य श्रवणाङ्गतया श्रवणविध्यभावे तद्विधिरेव नास्तीति तेन तस्य वैफल्याप्रसक्तेः । अन्यथा अध्ययनाङ्गभूतोपगमनविधिनैव लिखितपाठादिव्यावृत्तिरित्यध्ययननियमोऽपि विफलस्स्यात् ।

અથવા જેમ ગુરુમુખને અધીન અધ્યયન દ્વારા સંભવે છે તેમ નિપુણ (જિજ્ઞાસુ)ને પોતાના પ્રયત્ન માત્રથી સાધ્ય એવા વેદાન્ત વિચારથી પણ સત્તાનિશ્ચયરૂપ બ્રહ્મનું અપરોક્ષજ્ઞાન સંભવે છે. પણ ગુરુમુખને અધીન વેદાન્તવાક્યના શ્રવણના નિયમથી ઉત્પન્ન થયેલું અદૃષ્ટ કલ્મષને દૂર કરીને અવિદ્યાની નિવૃત્તિ પ્રતિ ઉપયોગી બને છે એટલે તેના અભાવથી (કલ્મષના નિરાસના અભાવથી) પ્રતિબદ્ધ એવું (સ્વપ્રયત્નસાધ્ય વેદાન્તવિચારથી થયેલું અપરોક્ષજ્ઞાન) અવિદ્યાને દૂર નહીં કરતુ, પરોક્ષજ્ઞાનના જેવુ રહે છે. જ્ઞાનનો ઉદય થાય અને તો પણ અજ્ઞાનની નિવૃત્તિ ન થાય એમાં અનુપપત્તિ નથી (—એ વજૂદ વિનાની હકીકત નથી), કારણ કે પ્રતિબન્ધકનો અભાવ હોય એ સર્વત્ર અપેક્ષિત હોવાથી પ્રત્યક્ષથી વિશેષદર્શન થયું હોય તો પણ ઉપાધિથી પ્રતિબન્ધ હોવાથી જેમ પ્રતિબિંબના ભ્રમની નિવૃત્તિ થતી નથી તેમ તેની (અવિદ્યાની) નિવૃત્તિ ન થાય એ ઉપપન્ન છે. અને એ જ રીતે લખેલાના પાઠ વગેરેથી પણ સ્વાધ્યાયગ્રહણ પ્રસક્ત બનતાં ગુરુમુખને અધીન અધ્યયન અંગેના નિયમવિધિની જરૂર પડે છે તેમ પોતાના પ્રયત્ન માત્રથી કરેલો વેદાન્ત–વિચાર પણ સત્તાનિશ્ચયરૂપ બ્રહ્મસાક્ષાત્કારરૂપી પ્રયોજનવાળા તરીકે પક્ષમાં પ્રાપ્ત થતાં આ ગુરુમુખને અધીન શ્રવણ અંગે નિયમવિધિ ભલે હો.

અને એવી શંકા કરવી નહિ કે 'તેના જ્ઞાનને માટે ગુરુની પાસે બેસવું' (મુંડક ઉપ. ૧.૨.૧૨) એમ ગુરુની પાસે (શ્રવણાર્થે) બેસવા અંગે વિધિ છે તેનાથી જ ગુરુ વિનાના વિચારની વ્યાવૃત્તિ સિદ્ધ થાય છે તેથી આ નિયમવિધિનું કોઈ ફળ નથી (એ વ્યર્થ છે). (આ શંકા બરાબર નથી) કારણ કે ગુરુની પાસે બેસવું તે શ્રવણનું અંગ છે અને શ્રવણ અંગે વિધિ ન હોય તો તે વિધિ જ રહેતો નથી, માટે તે (અંગ વિષેના વિધિ)થી તેના વૈફલ્યનો પ્રસંગ આવતો નથી. નહીં તો (—અંગવિધિ પ્રધાન–વિધિને વિફલ બનાવી શકે તો—) અધ્યયનના અંગભૂત ઉપગમન વિષેના વિધિથી જ લિખિત–પાઠાદિની વ્યાવૃત્તિ થઈ જાય તેથી અધ્યયન અંગેનો નિયમ પણ વિફલ બની જાય

**વિવરણ**: પહેલાં એમ કહ્યું હતું કે નિયમાદૃષ્ટ કલ્મષની નિવૃત્તિ કરીને જ્ઞાનની ઉત્પત્તિમાં હેતુ છે, જ્યારે અહીં એમ કહ્યું છે કે ઉત્પન્ન થયેલા જ્ઞાન દ્વારા અવિદ્યાની નિવૃત્તિ કરવાની હોય ત્યારે પ્રતિબંધક એવા કલ્મષના નિરાસ દ્વારા શ્રવણ વિષેના નિયમનું અદૃષ્ટ સાધન છે. પણ પૂર્વાપરવિરોધની શંકા કરવી નહિ કારણ કે આ બે જુદા જુદા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મતો છે તેથી તેમની વચ્ચે કોઈ વિરોધ નથી. તો પણ "ઉત્પન્ન થયેલી બ્રહ્મવિદ્યા પોતે અવિદ્યાની નિવૃત્તિ કરવાની છે તેમાં નિયમાદૃષ્ટથી સાધ્ય કલ્મષનિવૃત્તિની અપેક્ષા રાખે છે એમ માનવું બરાબર નથી, કારણ કે એ પ્રમા છે, શુક્તિ વગેરેની પ્રમાની જેમ"- એવી શંકા સંભવે છે તેથી કહ્યું છે કે જ્ઞાનનો ઉદય થાય છતાં અજ્ઞાનની નિવૃત્તિ ન થાય એમાં કશું અનુપપન્ન નથી–એ તદ્દન શક્ય છે. શુક્તિપ્રમાને અન્યની અપેક્ષા નથી પણ પ્રતિબિંબભ્રમ થાય છે ત્યાં પ્રતિબંધકના અભાવની અપેક્ષા જોવામાં આવે છે. તેથી બ્રહ્મવિદ્યાને પણ પ્રતિબંધકના અભાવની અપેક્ષા રહે એ સમજી શકાય તેવુ છે. જો કે પ્રતિબંધકના અભાવને સિદ્ધાંતમાં ક્યાંય હેતુ કહ્યો નથી તો પણ 'અપ્રતિબદ્ધ સામગ્રી કાર્યહેતુ છે' એમ સ્વીકારવામાં આવ્યું છે તેથી અવચ્છેદક તરીકે પ્રતિબંધકના અભાવની જરૂર છે. ગુરુરહિત વિચારથી સાધ્ય વિદ્યાથી અવિદ્યા દૂર ન થાય એ ઉપપન્ન છે એમ કહેવાનો આશય છે.

અભ્યુદય (સ્વર્ગાદિ) અને નિઃશ્રેયસ (મુક્તિ)ની ઇચ્છા રાખનારને વેદાર્થના અનુષ્ઠાન વિના અભ્યુદય કે નિઃશ્રેયસની સિદ્ધિ થતી નથી, અને વેદાર્થાનુષ્ઠાન વેદાર્થના જ્ઞાન વિના સંભવતું નથી, અને વેદાર્થનું જ્ઞાન જેને સ્વાધ્યાય કહેવામાં આવે છે એ વેદાવાપ્તિ વિના સંભવતું નથી અને વેદાવાપ્તિ માટે ગુરુમુખેથી કરેલા ઉચ્ચારણની પાછળ પાછળ ઉચ્ચારણ કરવુ એ પ્રકારનું અધ્યયન, લખેલુ વાંચવું વગેરે લોકમાં જાણીતાં સાધન છે. આ સંજોગોમાં 'स्वाध्यायोऽध्येतव्यः' એ અધ્યયનવિધિથી વેદાધ્યયનનું નિયમન કરવામાં આવે છે કે અધ્યયનથી જ અક્ષરની અવાપ્તિ કરો. તેનાથી જેમ લખેલાનો પાઠ વગેરે સાધનની વ્યાવૃત્તિનો લાભ થાય છે તેમ પ્રસ્તુતમાં પણ સ્વપ્રયત્નમાત્રથી સાધ્ય વેદાન્તવિચારની વ્યાવૃત્તિ થાય છે.

**શંકા**—બ્રહ્મવિજ્ઞાનને માટે ગુરુની પાસે જવા અંગે શ્રુતિ છે. પણ ગુરુની પાસે જવું એ શ્રુતિજન્ય બ્રહ્મજ્ઞાનમાં સાક્ષાત્ સાધન નથી. તેથી તેનાથી જ્ઞાન ઉત્પન્ન કરવાનું હોય અને કોઈ દ્વારની જરૂર હોય તો ગુરુને અધીન વિચારની જ એ દ્વાર તરીકે કલ્પના કરવી જોઈએ કારણ કે તેની એ બાબતમાં યોગ્યતા છે. અદૃષ્ટની કલ્પના કરી ન શકાય, કારણ કે દૃષ્ટ દ્વારનો સંભવ હોય ત્યારે અદૃષ્ટ દ્વારની કલ્પના કરવી બરાબર નથી. આમ ગુર્વભિગમન ગુરુને અધીન વિચાર દ્વારા જ્ઞાનનું સાધન છે એ અભિગમન વિધિથી જ સિદ્ધ થાય છે; ત્યારે તેનાથી જ ગુરુરહિત વિચારની વ્યાવૃત્તિ સિદ્ધ થઈ જાય છે તેથી श्रोतव्यः એ વાક્યથી શ્રવણને વિષે નિયમવિધિ વ્યર્થ બની જાય છે.

**ઉત્તર**—આવી શંકા કરવી નહિ. 'ब्राह्मणः निर्वेदमायान्नास्त्यकृतः कृतेन' (મુંડક ઉપ. ૧.૨.૧૨) (બ્રાહ્મણ નિર્વેદ પામે—અકૃત નિત્ય મોક્ષ કર્મથી નથી) એ પૂર્વવાક્યમાં જે બ્રાહ્મણનો નિર્દેશ છે તેનો જ પરામર્શ 'तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत्'માં 'सः'થી કર્યો છે. મોક્ષ બ્રહ્મજ્ઞાનથી સાધ્ય છે એમ જાણીને તેણે એ જ્ઞાનને માટે ગુરુની પાસે જવું જોઈએ એવો અર્થ છે. श्रोतव्यः—એ વાક્યથી ગુરુને અધીન વિચાર અંગે નિયમ સિદ્ધ થતાં તેના અંગ તરીકે ગુર્વભિગમનનું વિધાન છે જો શ્રવણવિધિ જ ન હોય તો આ તેના અંગભૂત અભિગમનવિધિનું અસ્તિત્વ જ ન હોય. તેથી અભિગમનવિધિ શ્રવણવિધિને વ્યર્થ કે વિફલ બનાવી શકતો હોય તો स्वाध्यायोऽध्येतव्यः એ અધ્યયનવિધિના અંગભૂત અભિગમનવિધિથી જ લખેલું વાંચવું વગેરે ઉપાયોની નિવૃત્તિ થઈ જતાં અધ્યયનનિયમ પણ નિરર્થક બની જાત; ગુરૂપગમનને અક્ષરાવાપ્તિની પ્રતિ (વેદ મોઢે કરી લેવાને માટે) અધ્યયનરૂપ દૃષ્ટ દ્વાર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(માધ્યમ) સંભવતું હોય તો તેનો ત્યાગ કરે જ નહિ, અને તો स्वाध्यायोऽध्येतव्यः એ અધ્યયન અંગેના નિયમવિધિની જરૂર ન રહે. પણ અંગવિધિ પ્રધાનવિધિને વ્યર્થ બનાવી શકે નહિ, કારણ કે તેને માટે જ તેનું અસ્તિત્વ છે.

બીજું વ્યાવર્ત્ય કહે છે :

अथवा अद्वैतात्मपरभाषाप्रबन्धश्रवणस्य पक्षे प्राप्त्या वेदान्तश्रवणे नियमविधिरस्तु । न च 'न म्लेच्छितवै' इत्यादिनिषेधादेव तदप्राप्तिः । शास्त्रव्युत्पत्तिमान्द्यात् वेदान्तश्रवणमशक्यमिति पुरुषार्थनिषेधमुल्लङ्घ्यापि भाषाप्रबन्धेनाद्वैतं जिज्ञासमानस्य तत्र प्रवृत्तिसम्भवेन नियमविधेरर्थवत्त्वोपपत्तेः । अभ्युपगम्यते हि कर्त्रधिकरणे व्युत्पादितं–पुरुषार्थे अनृतवदननिषेधे सत्यपि दर्शपूर्णमासमध्ये कुतश्चिद्धेतोरङ्गीकृतनिषेधोल्लङ्घनस्याविकलां क्रतुसिद्धिं कामयमानस्यानृतवदने प्रवृत्तिः स्यादिति पुनः क्रत्वर्थतया दर्शपूर्णमासप्रकरणे 'नानृतं वदेत्' इति निषेध इति क्रत्वर्थतया निषेधस्यार्थवत्त्वम् ।

અથવા અદ્વૈત–આત્મપરક ભાષા–પ્રબંધનું શ્રવણ પક્ષમાં પ્રાપ્ત થાય છે તેથી વેદાન્ત-શ્રવણને વિષે નિયમવિધિ ભલે હો. "મ્લેચ્છ જેવું વર્તન ન કરવું" ઇત્યાદિ નિષેધથી તેની પ્રાપ્તિ નહીં થાય એમ નહિ, કારણ કે શાસ્ત્રમાં વ્યુત્પત્તિ મેળવવામાં મંદતાને કારણે વેદાન્તશ્રવણ અશક્ય છે એમ માનીને પુરુષાર્થ–નિષેધ(પુરુષને માટે જે નિષેધ કર્યો છે તે)નું ઉલ્લંઘન કરીને પણ ભાષા–પ્રબંધથી અદ્વૈતને જાણવા ઇચ્છતા માણસની ત્યાં પ્રવૃત્તિનો સંભવ છે, તેથી નિયમવિધિની પ્રયોજનવત્તા ઉપપન્ન છે. કર્ત્રધિકરણમાં (મીમાંસકે) સમજાવેલી અર્થવત્તા (પ્રયોજનવત્તા) સ્વીકારવામાં આવે છે—પુરુષાર્થ છે (પુરુષને માટે છે એવા) અસત્યભાષણનો નિષેધ હોવા છતાં દર્શપૂર્ણમાસની વચ્ચે કોઇક કારણથી (અસત્યભાષણના) નિષેધના ઉલ્લંઘનનો જેણે અંગીકાર કર્યો છે અને જે ઊણપ વિનાની ક્રતુસિદ્ધિ ઇચ્છે છે તેવા માણસની અસત્યભાષણમાં પ્રવૃત્તિ હોઈ શકે તેથી ફરીથી ક્રત્વર્થ તરીકે (ક્રતુને માટે ઉપયોગી છે એ રીતે) દર્શપૂર્ણમાસ-પ્રકરણમા 'અસત્ય ન બોલવુ' એમ ક્રત્વર્થ છે એ રીતે નિષેધની પ્રયોજનવત્તા (સમજાવી છે તે અહીં સ્વીકારવામાં આવે છે).

**વિવરણ :** અદ્વૈતનુ જ્ઞાન મેળવવા ઇચ્છનારે વેદાન્તનો જ વિચાર કરવો, ભાષા–પ્રબન્ધોનો નહિ એમ વિચારવિષયક નિયમવિધિ માની શકાય. જેને મ્લેચ્છ કહ્યા છે એવા ભાષા–પ્રબન્ધરૂપ અવ્યક્ત, અસાધુ શબ્દનું ઉચ્ચારણ ન કરવુ જોઈએ, નહીં તો પાપ લાગે એવા નિષેધના બળે શ્રવણના અધિકારીને માટે ભાષા-પ્રબન્ધની વ્યાવૃત્તિ સિદ્ધ છે તેથી આ વિધિની જરૂર નથી એવી શંકા થાય. પણ એનો ઉત્તર એ છે કે અધિકારીને વ્યુત્પત્તિની મંદતાને કારણે એમ લાગે કે વેદાન્તશ્રવણ અશક્ય છે તે પુરુષને માટેનો આ નિષેધ છે કે ભાષા–પ્રબન્ધનું ઉચ્ચારણ ન કરવું. તેનું ઉલ્લંઘન કરીને પણ તે અદ્વૈતનું જ્ઞાન મેળવવા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઇચ્છતો હોઈને ભાષા-પ્રબન્ધને વિષે પ્રવૃત્તિ કરે એવી સંભાવના છે તેથી આમ પક્ષમાં વેદાન્તવિચારની અપ્રાપ્તિ હોઈને નિયમવિધિનું પ્રયોજન અવશ્ય છે. મંદ અધિકારીને માટે **ભાષ્યાદિરૂપ** વેદાન્તગ્રંથોનો વિચાર સંભવતો ન હોય તો પણ વેદાન્તના **પ્રકરણ** ગ્રંથો જે સરળ છે તેનો વિચાર તો મંદ અધિકારી પણ કરી જ શકે. **પંચદશીમાં વિદ્યારણ્યે** કહ્યું છે કે મંદ પ્રજ્ઞાવાળા જિજ્ઞાસુને **આત્માનન્દ** નામના પ્રકરણથી બોધ આપવો. યાજ્ઞવલ્કયે પોતાની પ્રિયા મૈત્રેયીને આ રીતે બોધ આપ્યો હતો (मन्दप्रज्ञं तु जिज्ञासुमात्मानन्देन बोधयेत् ॥ बोधयामास मैत्रेयीं याज्ञवल्क्यो निजां प्रियाम् । —ब्रह्मानन्दे आत्मानन्दः, ४,५१. **પૂર્વમીમાંસા-સૂત્રમાં** પણ પુરુષાર્થ નિષેધનું ઉલ્લંઘન કરીને પણ મહાફલની સિદ્ધિને માટે નિષિદ્ધને વિષે પ્રવૃત્તિની શક્યતા વિચારી છે અને નિષેધની સાર્થકતા સિદ્ધ કરી છે તેનો સ્વીકાર અહીં થાય છે. **પૂર્વમીમાંસાસૂત્રમાં** (૩.૪. અધિકરણ ૪, સૂત્ર ૧૨-૧૩) अनृतवदनस्य क्रतुधर्मत्वाधिकरण નામનું અધિકરણ છે જેમાં એવું પ્રતિપાદિત કર્યું છે કે અસત્યભાષણનો નિષેધ ક્રતુનો ધર્મ છે. આ અધિકરણમાં પૂર્વપક્ષ એવો છે કે नानृतं वदेत् (અસત્ય ન બોલવું) એ નિષેધ એના જેવા જ સ્માર્ત વચનથી અથવા सत्य वद જેવા ઉપનયનકાલિક ઉપદેશથી સિદ્ધ છે તેથી દર્શપૂર્ણમાસ પ્રકરણમાં ફરીથી અસત્યભાષણનો નિષેધ કર્યો છે તે નિત્યપ્રાપ્તનો અનુવાદ માત્ર છે અને શ્રુતિને નવું કશું કહેવાનું નથી. સિદ્ધાંત એવો છે કે ક્રતુપ્રકરણમાં પઠિત અનૃતવદનનિષેધ વિધિ જ છે કારણ કે સંયોગ જુદો છે. ઉપનયન-કાલિક ઉપદેશ છે તે પુરુષને માટે છે તેથી ક્રતુમાં ગુણ કે દોષનો બોધ થતો નથી, જ્યારે ક્રતુ પ્રકરણમાં કરેલો અનૃતવદનનો નિષેધ એ ક્રત્વર્થ છે. આમ અસત્યભાષણની સંભાવના ઊભી થતાં આ ક્રત્વર્થ નિષેધ પ્રયોજનવાળો છે. (બ્રહ્મસૂત્રનું કત્રધિકરણ આ પૂર્વમીમાંસાના પ્રકરણથી જુદું છે.)

**यद्वा यथा 'मन्त्रैरेव मन्त्रार्थस्मृतिः साध्या' (पूर्वमीमांसासूत्र २.१, अधिकरण ६) इति नियमः तन्मूलकल्पसूत्रात्मीयग्रहणकवाक्यादीनामपि पक्षे प्राप्तेः, तथा वेदान्तमूलेतिहासपुराणपौरुषेयप्रबन्धानामपि पक्षे प्राप्तिसम्भवान्नियमोऽयमस्तु । सर्वथा नियमविधिरेवायम् ।**

**'सहकार्यन्तरविधिः' (ब्र. सू. ३.४. अधि १४, सू. ४७) इत्यधिकरणभाष्ये अपूर्वविधित्वोक्तिस्तु नियमविधित्वेऽपि पाक्षिकाप्राप्तिसद्भावात् तदभिप्रायेति तत्रैव 'पक्षेण' इति पाक्षिकाप्राप्तिकथनपरसूत्रपदयोजनेन स्पष्टीकृतमिति विवरणानुसारिणः ।**

અથવા જેમ 'મન્ત્રોથી જ મંત્રના અર્થનું સ્મરણ સાધવું' એ નિયમ છે કારણ કે તન્મૂલક કલ્પસૂત્ર અને પોતાના પદાર્થનો સંગ્રહ કરનાર વાક્યાદિની પણ પક્ષમાં પ્રાપ્તિ છે, તેમ વેદાન્તમૂલક ઇતિહાસ, પુરાણ, અને પુરુષોએ રચેલા પ્રબન્ધોની પણ પક્ષમાં પ્રાપ્તિ સંભવે છે તેથી ભલે (श्रोतव्यः એ) નિયમ હો. દરેક રીતે (વિચારતાં) આ નિયમવિધિ જ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**सहकार्यन्तरविधिः** (બ્ર. સૂ. ૩.૪ અધિ. ૧૪, સૂ. ૪૭) એ અધિકરણના ભાષ્યમાં તેને અપૂર્વવિધિ કહ્યો છે તે તો એ નિયમવિધિ હોવા છતાં પણ પક્ષમાં અપ્રાપ્તિ છે એ અભિપ્રાયથી એવું કહ્યું છે એમ ત્યાં જ (અધિકરણ ભાષ્યમાં જ) **पक्षेण** એ પાક્ષિક-અપ્રાપ્તિના કથનપરક સૂત્રપદના યોજનથી સ્પષ્ટ કર્યું છે એમ વિવરણને અનુસરનાર (વિચારકો) કહે છે.

**વિવરણ :** 'अग्निमूर्धा' 'उरु प्रथस्व' હે પુરોડાશ, તમે સારી પેઠે ફેલાઓ) વગેરે મંત્રોનો વિનિયોગ શ્રુતિ વગેરેમાં બતાવ્યો છે. આ મંત્રો ઉચ્ચારણ માત્રથી અદૃષ્ટ ઉત્પન્ન કરીને ક્રતુમાં ઉપકારક છે કે અર્થસ્મરણરૂપી દૃષ્ટ ફળ ઉત્પન્ન કરી એ ક્રતુમાં ઉપકારક છે? પૂર્વપક્ષી કહી શકે કે કલ્પસૂત્ર વગેરેથી પણ અર્થસ્મરણ તો કરી શકાય તેમ છે. તેથી મંત્રોનું અદૃષ્ટ ફળ માનવું જોઈએ. આની સામે સિદ્ધાંત છે કે મંત્રો અર્થનું પ્રકાશન કરીને ક્રતુમાં ઉપકારક છે. જ્યાં સુધી દૃષ્ટ ફળ સંભવતું હોય ત્યાં સુધી અદૃષ્ટ ફળની કલ્પના અનુપપન્ન છે આમ ફળવાળા અનુષ્ઠાનને માટે જરૂરી ક્રિયા તથા તેના સાધનનું સ્મરણ કરાવીને મંત્રો કર્મનાં અંગ બને છે, તેમાં ઉપકારક બને છે. **કલ્પસૂત્રાદિથી** પણ સ્મરણ કરાવી શકાય એવી દલીલ કરવી નહિ કારણ કે મંત્રોથી જ મંત્રાર્થનું સ્મરણ કરવું એવા નિયમવિધિનો સંભવ છે, પણ એ નિયમ તો અદૃષ્ટ ફળવાળો બનશે; અને જ્યાં દૃષ્ટ ફળ નજરે ન ચઢે ત્યાં જ અદૃષ્ટની કલ્પના ઉપપન્ન છે. આમ જેમ મંત્ર અંગેના નિયમવિધિથી મંત્રમૂલક કલ્પસૂત્ર અને એના જ પદાર્થોનો સંગ્રહ કરનાર વાક્યાદિની વ્યાવૃત્તિ કરવામાં આવે છે તેમ જેણે અંગસહિત વેદનું અધ્યયન કર્યું છે એવા બ્રહ્મજિજ્ઞાસુએ વેદાન્ત (ઉપનિષદ)નો જ વિચાર કરવો એવો વેદાન્ત અંગે નિયમ કરવામાં આવતાં વેદાન્તમૂલક ઇતિહાસ (મહાભારત), પુરાણો અને પુરુષોએ રચેલા **પ્રબોધચંદ્રોદયાદિની** વ્યાવૃત્તિ પ્રાપ્ત થાય છે. વિવરણાનુસારી श्रोतव्यः ને નિયમવિધિ સમજે છે અને सहकार्यन्तरविधिः એ અધિકરણપરના **બ્રહ્મસૂત્રશાંકરભાષ્યમાંથી** પોતાના મતનું સમર્થન શોધે છે.

આમ અનેક રીતે વિચારતાં, વ્યાવર્ત્ય ઉપર જણાવ્યા પ્રમાણે જુદાં જુદાં માનીએ તો પણ श्रोतव्यः એ નિયમવિધિ જ છે, એમ **વિવરણને** અનુસરનાર વિચારકોનું માનવું છે.

હવે **વિવરણૈકદેશીનો** મત રજૂ કર્યો છે

**कृतश्रवणस्य प्रथमं शब्दान्निर्विचिकित्सं परोक्षज्ञानमेवोत्पद्यते, शब्दस्य परोक्षज्ञानजननसामान्येन क्लृप्तसामर्थ्यानतिलङ्घनात् । पश्चात्तु कृतमनननिदिध्यासनस्य सहकारिविशेषसम्पन्नात् तत एवापरोक्षज्ञानं जायते । तत्तांशगोचरज्ञानजननासमर्थस्यापीन्द्रियस्य तत्समर्थसंस्कार-साहित्यात् प्रत्यभिज्ञानजनकत्ववत् स्वतोऽपरोक्षज्ञानजननासमर्थस्यापि शब्दस्य विधुरपरिभावितकामिनीसाक्षात्कारस्थले तत्समर्थत्वेन क्लृप्त-भावनाप्रचयसाहित्याद् अपरोक्षज्ञानजनकत्वं युक्तम् । ततश्च शब्दस्य**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**स्वतः स्वविषये परोक्षज्ञानजनकत्वस्य भावनाप्रचयसहकृतज्ञानकरणत्वावच्छेदेन विधुरान्तःकरणवदपरोक्षज्ञानजनकत्वस्य च प्राप्तत्वात् पूर्ववन्नियमविधिरिति तदेकदेशिनः ।**

જેણે શ્રવણ કર્યું છે તેને પહેલાં શબ્દથી સંદેહરહિત (નિશ્ચિત) પરોક્ષજ્ઞાન જ થાય છે કારણ કે શબ્દનો પરોક્ષજ્ઞાન ઉત્પન્ન કરવાનો સ્વભાવ હોઈ પોતાના નિયત સામર્થ્યનું તે વધારે પડતું ઉલ્લંઘન ન કરે પણ પછી જેણે મનન નિદિધ્યાસન કર્યું છે તેની બાબતમાં સહકારિવિશેષથી સંપન્ન એવા તેનાથી જ (શબ્દથી જ) અપરોક્ષજ્ઞાન ઉત્પન્ન થાય છે. જેમ ('આ તે જ દેવદત્ત છે' એ પ્રત્યભિજ્ઞા કે ઓળખાણમાં) ઇન્દ્રિય 'તે' પણાનો અંશ છે તેને વિષે જ્ઞાન ઉત્પન્ન કરવા અસમર્થ હોવા છતાં તેને માટે સમર્થ એવા સંસ્કારનો સાથ મળતાં તે પ્રત્યભિજ્ઞાન ઉત્પન્ન કરે છે, તેમ શબ્દ પોતાની મેળે અપરોક્ષ જ્ઞાન ઉત્પન્ન કરવા સમર્થ ન હોવા છતાં, વિધુર (વિરહી)થી જેનું પરિભાવન કરવામાં આવ્યું છે તેવી કામિનીનો સાક્ષાત્કાર થાય છે ત્યાં તેને (સાક્ષાત્કારને) માટે સમર્થ હોવાથી શબ્દ નિશ્ચિત ભાવના-પ્રચયનો સાથ મળતાં અપરોક્ષજ્ઞાન ઉત્પન્ન કરે એ યુક્ત છે અને તેથી શબ્દની બાબતમાં પોતાની મેળે પોતાના વિષય અંગે પરોક્ષજ્ઞાનના જનક હોવું અને ભાવનાપ્રચયથી યુક્ત જ્ઞાનકરણત્વના અવચ્છેદથી વિધુરના અન્તઃકરણની જેમ અપરોક્ષજ્ઞાનના જનક હોવું એ (બન્ને) પ્રાપ્ત થાય છે તેથી પૂર્વની જેમ (શ્રોતવ્યઃ) નિયમવિધિ છે એમ **તદેકદેશીઓ (વિવરણૈકદેશીઓ)** કહે છે.

**વિવરણ :** શ્રોતવ્યઃ—એ વાક્યથી શ્રવણનું વિધાન કર્યું છે તે સંદેહરહિત પરોક્ષ એવા શાબ્દજ્ઞાનના ઉદ્દેશથી, નહીં કે શાબ્દસાક્ષાત્કારના ઉદ્દેશથી, કારણ કે શબ્દ સ્વભાવથી જ પરોક્ષજ્ઞાન ઉત્પન્ન કરનાર છે. વિચારનો સાથ મળતાં પણ શબ્દ સાક્ષાત્કારનો હેતુ બને એવું ક્યાંય જોવામાં નથી આવતું. (**શ્લોકવાર્તિકમાં સર્વજ્ઞત્વવાદનું** ખંડન કરતાં **કુમારિલ** કહે છે કે ગમે તેટલી અતિશયતા હોય તો પણ ઇન્દ્રિય પોતાના વિષયને ઓળંગી શકે નહિ. અત્યંત ઉત્કૃષ્ટ ચક્ષુરિન્દ્રિયથી રૂપથી અતિરિક્ત ગન્ધાદિનું જ્ઞાન થઈ શકે નહિ—**શ્લોકવાર્તિક**, ૨.૧૧૪)

શ્રોતવ્યઃ...નું ફળ પરોક્ષજ્ઞાન છે એમ માનીએ તો પણ એ અપૂર્વવિધિ નથી કારણ કે શબ્દની બાબતમાં તે શાબ્દજ્ઞાનનો હેતુ છે એ, અને વિચારની બાબતમાં એ વિચાર્ય વસ્તુ વિષે નિર્ણયનો હેતુ છે એ વિધિ વિના પણ પ્રાપ્ત છે તેથી તે બંનેના બળે વિચારવિશિષ્ટ વેદાન્તરૂપ શ્રવણની બાબતમાં સંદેહરહિત શાબ્દજ્ઞાનના હેતુત્વની પ્રાપ્તિ સિદ્ધ થાય છે. પણ પૂર્વોક્ત વ્યાવર્ત્યોને ધ્યાનમાં લઈને તે નિયમવિધિ છે એમ અહીં કહ્યું છે—"જેણે શ્રવણ કર્યું છે તેને પહેલાં......". શંકા થાય છે કે મનનનિદિધ્યાસનનું વિધાન સંદેહરહિત શાબ્દ પરોક્ષજ્ઞાનના ઉદ્દેશથી કર્યું છે કે શાબ્દ અપરોક્ષજ્ઞાનના ઉદ્દેશથી. પહેલું હોઈ શકે નહિ કારણ કે મનનાદિની પહેલાં શ્રવણમાત્રથી જ સંદેહરહિત પરોક્ષ જ્ઞાન સિદ્ધ થઈ જાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બીજું પણ નહિ કારણ કે શબ્દમાં પરોક્ષજ્ઞાન જ ઉત્પન્ન કરવાનું સામર્થ્ય છે એમ બન્ને પક્ષ માને છે. આ શંકાનો પરિહાર દ્વિતીય પક્ષ સ્વીકારીને કર્યો છે.–"પણ પછી......" સહકારીમાં વૈચિત્ર્ય આવતાં કાર્યમાં વૈચિત્ર્ય જોવામાં આવે છે એવો ભાવ છે. सोऽयं देवदत्तः 'આ તે દેવદત્ત છે' એમ પ્રત્યભિજ્ઞાનમાં, ઇન્દ્રિય તત્તા(તેપણા) થી વિશિષ્ટ વસ્તુનું અપરોક્ષ ગ્રહણ ન કરી શકે એ સાચું હોવા છતાં સંસ્કારની મદદ મળતાં એ કરી શકે છે, તેમ સહકારિવિશેષની મદદ મળતાં શબ્દ અપરોક્ષજ્ઞાન ઉત્પન્ન કરી શકે છે એ યુક્ત છે. અહીં શંકા થાય કે તત્તાનો સંસ્કારને સહકારી બનતો કલ્પ્યો છે પણ ભાવના–પ્રચયમાં જ્ઞાનના કરણનો સહકારી તરીકે અપરોક્ષ જ્ઞાન ઉત્પન્ન કરવાનું સામર્થ્ય ક્યાંય કલ્પ્યું નથી. આ શંકાના ઉત્તરરૂપે વિધુરનું દૃષ્ટાંત આપ્યું છે—વિધુરના અન્તઃકરણને ભાવનાપ્રચય કામિનીનો સાક્ષાત્કાર કરવામાં સાથ આપે છે.

આમ હોય તો પણ શબ્દના સહકારી તરીકે મનનધ્યાનાત્મક ભાવનાપ્રચય શાબ્દ સાક્ષાત્કારનો હેતુ છે એ હકીકત બીજા કોઈ માન (જ્ઞાન-કરણ)થી પ્રાપ્ત ન હોવાથી મનનાદિ અંગે વિધિ અપૂર્વવિધિ થશે–એવી દલીલના ઉત્તરમાં કહે છે કે શબ્દનું સ્વતઃ પરોક્ષજ્ઞાનજનકત્વ અને સહકારીની મદદથી અપરોક્ષજ્ઞાનજનકત્વ એ બંને પ્રાપ્ત છે તેથી નિયમવિધિ જ છે. ભાવનાનો સાથ જેને મળ્યો છે તેવું વિધુરનું અન્તઃકરણ કામિનીના સાક્ષાત્કારનો હેતુ છે એ જોવામાં આવે છે ત્યાં 'બાહ્ય વસ્તુની બાબતમાં અસ્વતંત્ર હોવા છતાં બાહ્યવસ્તુની ભાવનાનો સહકાર મળતાં જ અન્તઃકરણ તેના સાક્ષાત્કારનો હેતુ બને છે' એમ વિશેષ કરીને કાર્યકારણભાવ ગ્રહણ કરવાનો હોય ત્યારે લાઘવને કારણે અને કોઈ બાધક ન હોવાને કારણે 'ભાવનાપ્રચયને સહકાર જેને મળ્યો છે તેવું જે જ્ઞાનકરણ છે એ અપરોક્ષજ્ઞાનનો હેતુ છે' એમ કાર્યકારણભાવનું ગ્રહણ કરવામાં આવે છે એવો ભાવ છે.

અહીં એ નોંધવું જોઈએ કે શબ્દનો પરોક્ષજ્ઞાન ઉત્પન્ન કરવાનો સ્વભાવ જ અસિદ્ધ છે, કારણ કે જ્ઞાનમાંનું પરોક્ષત્વાદિ કરણવિશેષને લીધે છે એનું ખંડન કરવામાં આવશે. તેથી શાબ્દ અપરોક્ષને વિષે મનનાદિની જેમ શ્રવણનો વિધિ પણ અનુપપન્ન નથી તેથી એકદેશીનો મત માન્ય લાગતો નથી અને એ સૂચવવા 'તદેકદેશીઓ' એમ કહ્યું છે એમ **કૃષ્ણાનન્દતીર્થ** પોતાની કૃષ્ણાલંકાર વ્યાખ્યામાં કહે છે.

બીજો મત રજૂ કરે છે—

**वेदान्तश्रवणेन न ब्रह्मसाक्षात्कारः किन्तु मनसैव । 'मनसैवानुद्रष्टव्यम्' [बृहद्. उप. ४.४.२९] इति श्रुतेः । "शास्त्राचार्योपदेशशमदमादिसंस्कृतं मन आत्मदर्शने करणम्" इति गीताभाष्यवचनाच्च । श्रवणं तु निर्विचिकित्सपरोक्षज्ञानार्थमिति तादर्थ्येन नियमविधिरिति केचित् ।**

વેદાન્તશ્રવણથી બ્રહ્મસાક્ષાત્કાર થતો નથી, પણ મનથી જ થાય છે, કારણ કે 'મનથી જ અનુદર્શન કરવું' એવી શ્રુતિ છે અને "શાસ્ત્ર, આચાર્યનો ઉપદેશ, શમ, દમ વગેરેથી સંસ્કાર પામેલુ મન આત્મદર્શનમાં કરણ છે" એમ **ગીતા ભાષ્યમાં** (શંકરાચાર્યનું) વચન છે; જ્યારે શ્રવણ તો સંદેહરહિત પરોક્ષ જ્ઞાનને માટે છે એટલે એ તેને માટે છે એ તરીકે તેને અંગે નિયમવિધિ છે એમ કેટલાક કહે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ :** શાસ્ત્ર એટલે 'तत्त्वमसि' (છા. ૬.૮.૭; ૬.૯.૪ વગેરે) આદિ વાક્ય; આચાર્યનો ઉપદેશ એટલે આચાર્યે કરેલો આ શાસ્ત્રના અર્થના વિવરણરૂપ ઉપદેશ. 'શમદમ વગેરે—શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા, સમાધાન. અહીં બ્રહ્મસાક્ષાત્કાર માનસ છે, મનથી થાય છે એ રીતે તેનું પ્રતિપાદન કર્યું છે તેથી મનનનિદિધ્યાસનનું વિધાન બ્રહ્મસાક્ષાત્કારના કરણ મનના સહકારી તરીકે કર્યું છે; જ્યારે અગાઉ કહેલા મતાનુસાર બ્રહ્મસાક્ષાત્કારને શાબ્દ સાક્ષાત્કારરૂપ માન્યો છે અને તેના કરણ શબ્દના સહકારી તરીકે મનનનિદિધ્યાસનનું વિધાન છે એટલો બે મત વચ્ચે ભેદ છે. બન્ને મતમાં કેવળ શ્રવણથી તો સંદેહરહિત પરોક્ષ એવું શાબ્દજ્ઞાન થાય છે એમ સ્વીકાર્યું છે અને તે માટે શ્રવણ અંગે નિયમવિધિ છે એમ સ્વીકાર્યું છે.

અન્ય મતનું પ્રતિપાદન કરે છે—

**अपरोक्षज्ञानार्थत्वेनैव श्रवणे नियमविधिः । 'द्रष्टव्यः' इति फलकीर्तनात् । तादर्थ्यं च तस्य करणभूतमनःसहकारितयैव न साक्षात् । शब्दादपरोक्षज्ञानानङ्गीकरणात् ।**

**न च तस्य तेन रूपेण तादर्थ्ये न प्राप्तमित्यपूर्वविधित्वप्रसङ्गः । श्रावणेषु षड्जादिषु समारोपितपरस्पराविवेकनिवृत्त्यर्थं गान्धर्वशास्त्रश्रवणसहकृतश्रोत्रेण परस्परासङ्कीर्णतद्याथार्थ्यापरोक्ष्यदर्शनेन प्रकाशमाने वस्तुन्यारोपिताविवेकनिवृत्त्यर्थशास्त्रसद्भावे तच्छ्रवणं तत्साक्षात्कारजनकेन्द्रियसहकारिभावेनोपयुज्यते इत्यस्य क्लृप्तत्वादित्यपरे ।**

શ્રવણ અંગે નિયમવિધિ છે તે એ અપરોક્ષજ્ઞાનને માટે છે એ તરીકે જ છે, કારણ કે 'द्रष्टव्यः' એમ ફલનું કથન છે. અને એ (શ્રવણ) તેને માટે હોય એ કરણ એવા મનના સહકારી તરીકે જ હોઈ શકે, સાક્ષાત્ નહિ (—શ્રવણ બ્રહ્મસાક્ષાત્કારનું સીધું સાધન હોઈ શકે નહિ) કારણ કે શબ્દથી અપરોક્ષજ્ઞાન થાય છે એમ સ્વીકારવામાં આવતું નથી.

તેનું તે રૂપે તેને માટે હોવું એ પ્રાપ્ત નથી તેથી (શ્રોતવ્ય) અપૂર્વવિધિ છે એમ માનવું પડશે એવું નથી. (અર્થાત્ અપૂર્વવિધિ માનવાની પરિસ્થિતિ ઊભી નહીં થાય). શ્રોત્રગ્રાહ્ય એવા ષડ્જ વગેરે પર પરસ્પર અવિવેકનો આરોપ કરવામાં આવે છે. તેની નિવૃત્તિને માટે ગાન્ધર્વશાસ્ત્રના શ્રવણ (ગુરુ પાસેથી મેળવેલું વિચારપૂર્વક શાબ્દ જ્ઞાન)નો સહકાર જેને મળ્યો છે તેવા કાનથી પરસ્પર અસંકીર્ણ એવા તેમના સાચા સ્વરૂપ અને તેમની અપરોક્ષતાનું દર્શન (પ્રત્યક્ષ અનુભવ) થાય છે, તેથી પ્રકાશતી વસ્તુને વિષે આરોપિત અવિવેકની નિવૃત્તિ એ જેનું પ્રયોજન છે એવા શાસ્ત્રનો સદ્ભાવ હોતાં તેનું શ્રવણ તેનો સાક્ષાત્કાર ઉત્પન્ન કરનાર ઇન્દ્રિયના સહકારી તરીકે ઉપયોગી છે. તેથી આનું તાદર્થ્ય (—શ્રવણ અપરોક્ષજ્ઞાનને માટે છે એવું) માન્યું છે (—આમ એ પ્રાપ્ત છે તેથી શ્રોતવ્યઃ એ અપૂર્વવિધિ નથી પણ નિયમવિધિ છે) એમ **બીજા** કહે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિવરણ–તર્કરૂપ વિચારાત્મક વેદાન્તશ્રવણ સ્વતંત્રપણે (પોતાની મેળે) સાક્ષાત્કાર કરાવી શકે નહિ પણ સાક્ષાત્કારના કરણરૂપ મનના સહકારી તરીકે (–શબ્દના સહકારી તરીકે નહિ–) તે ઉપકારક છે. સાક્ષાત્કારના કરણ અન્તઃકરણના સહકારી તરીકે શ્રવણ ભલે પ્રાપ્ત ન હોય પણ તેના કરણરૂપ ઇન્દ્રિયના સહકારી તરીકે તો તે પ્રાપ્ત છે જ તેથી શ્રોતવ્યઃને અપૂર્વવિધિ માનવો પડે એમ નથી. ષડ્જ વગેરે શ્રોત્રજન્ય પ્રત્યક્ષજ્ઞાનના વિષય છે. તેમ છતાં જેણે ગાન્ધર્વ શાસ્ત્રનું શ્રવણ નથી કર્યું તેવાની બાબતમાં ષડ્જાદિની ઉપર પરસ્પર અવિવેકનો આરોપ થયેલો હોય છે—એક શબ્દને બીજા શબ્દથી જુદો જાણી શકાતો નથી, અને એકને બીજા શબ્દ તરીકે જાણવામાં આવે છે. જ્યારે ગાન્ધર્વશાસ્ત્રનો વિચાર કર્યો છે તેવો માણસ ગાન્ધર્વશાસ્ત્રશ્રવણના સાથવાળી ઇન્દ્રિયથી તેમને તેમના જુદા જુદા યથાર્થ સ્વરૂપવાળા તરીકે અનુભવે છે. એ જ રીતે મનરૂપી અન્તરિન્દ્રિયથી ચિદાત્મા અને પ્રાણાદિની બાબતમાં પરસ્પર તાદાત્મ્યરૂપ ભ્રમ સંભવે છે—પ્રાણાદિને આત્મા માની લેવામાં આવે છે. એ અનુભવસિદ્ધ હકીકત છે. આ અવિવેકના આરોપને દૂર કરનાર શાસ્ત્ર છે. શાસ્ત્રની મદદથી અન્તરિન્દ્રિય મન જ બુદ્ધિ આદિથી વિવિક્ત આત્મા જેનું બ્રહ્મસ્વરૂપ તરીકે વેદાન્ત-વાક્યોથી જ્ઞાન થાય છે, તેનો સાક્ષાત્કાર કરે છે. આમ વેદાન્તશ્રવણ સાક્ષાત્કારના કરણ એવા ઇન્દ્રિયના સહકારી તરીકે વિધિ વિના પણ પ્રાપ્ત હોઈને શ્રોતવ્યઃ એ અપૂર્વવિધિ નથી પણ ઉપર કહ્યું છે તેમ નિયમવિધિ છે.

ઉપર કહેલા પક્ષોમાં શાબ્દાદિ અપરોક્ષજ્ઞાનના ઉદ્દેશ્યથી કે શાબ્દપરોક્ષજ્ઞાનના ઉદ્દેશ્યથી ગમે તે રીતે શ્રોતવ્યઃ એ વિધિ છે એમ ઠર્યું. હવે બીજો મત કહે છે જે પ્રમાણે પ્રતિબંધના નિરાસના ઉદ્દેશ્યથી શ્રવણનું વિધાન છે એમ સિદ્ધ કર્યું છે.

**वेदान्तवाक्यानामद्वितीये ब्रह्मणि तात्पर्यनिर्णयानुकूलन्यायविचारात्मकचेतोवृत्तिविशेषरूपस्य श्रवणस्य न ब्रह्मणि परोक्षमपरोक्षं वा ज्ञानं फलम् । तस्य शब्दादिप्रमाणफलत्वात् । न चोक्तरूपविचारावधारिततात्पर्यविशिष्टशाब्दज्ञानमेव श्रवणमस्तु तस्य ब्रह्मज्ञानं फलं युज्यते इति वाच्यम् । ज्ञाने विध्यनुपपत्तेः ; श्रवणविधेर्विचारकर्तव्यताविधायकजिज्ञासासूत्रमूलत्वोपगमाच्च ऊहापोहात्मकमानसक्रियारूपविचारस्यैव श्रवणत्वौचित्यात् । न च विचारस्यैव तात्पर्यनिर्णयद्वारा तज्जन्यतात्पर्यभ्रमादिपुरुषापराधरूपप्रतिबन्धकविगमद्वारा वा ब्रह्मज्ञानं फलमस्त्विति वाच्यम् । तात्पर्यज्ञानस्य शाब्दज्ञाने कारणत्वानुपगमात्, कार्ये क्वचिदपि प्रतिबन्धकाभावस्य कारणत्वानुपगमाच्च तयोर्द्वारत्वानुपपत्तेः । ब्रह्मज्ञानस्य विचाररूपातिरिक्तकारणजन्यत्वे तत्प्रामाण्यस्य परतस्त्वापत्तेः । तस्मात् तात्पर्यनिर्णयद्वारा पुरुषापराधनिरासार्थत्वेनैव विचाररूपे श्रवणे नियमविधिः । 'द्रष्टव्यः' इति तु दर्शनार्हत्वेन स्तुतिमात्रम्, न श्रवणफलसङ्कीर्तनमिति सङ्क्षेपशारीरकानुसारिणः ।**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(સંક્ષેપશારીરકને અનુસરનારાઓનો મત)

વેદાન્તવાક્યોનું અદ્વિતીય બ્રહ્મને વિષે તાત્પર્ય છે એવા નિર્ણયને અનુકૂળ ન્યાયવિચારાત્મક ચિત્તવૃત્તિવિશેષ તે શ્રવણ; બ્રહ્મને વિષે પરોક્ષ કે અપરોક્ષ જ્ઞાન તેનું (શ્રવણનું) ફળ નથી, કારણ કે તે (જ્ઞાન) શબ્દાદિ પ્રમાણનું ફલ છે. એવી દલીલ કરવી નહિ કે શ્રવણ ભલે કહ્યા પ્રમાણેના વિચારથી નિશ્ચિત કરેલા તાત્પર્યથી વિશિષ્ટ શાબ્દ જ્ઞાન જ હો, તેનું બ્રહ્મજ્ઞાન ફલ હોય એ યુક્ત છે–(આ દલીલ બરાબર નથી), કારણ કે જ્ઞાનમાં વિધિની ઉપપત્તિ નથી; અને વિચાર કરવો જોઈએ એવું વિધાન કરનાર જિજ્ઞાસાસૂત્રના મૂલ તરીકે શ્રવણ-વિધિનો સ્વીકાર કરવામાં આવ્યો છે, તેથી ઊહાપોહાત્મક માનસક્રિયારૂપ વિચાર જ શ્રવણ હોય એ ઉચિત છે.

અને એવી દલીલ કરવી નહિ કે તાત્પર્યના નિર્ણય દ્વારા અથવા તાત્પર્ય વિષેના ભ્રમ વગેરે પુરુષાપરાધરૂપ પ્રતિબંધકો છે તેનો તેનાથી (તાત્પર્યનિર્ણયથી) નિરાસ થાય છે તે દ્વારા વિચારનું પણ ફળ બ્રહ્મજ્ઞાન ભલે હોય. (આ દલીલ બરાબર નથી) કારણ કે તાત્પર્યજ્ઞાનને શાબ્દજ્ઞાનને વિષે કારણ તરીકે સ્વીકારવામાં નથી આવતું, અને કાર્યની બાબતમાં ક્યાંય પ્રતિબંધકના અભાવનો કારણ તરીકે સ્વીકાર નથી. તેથી તે એના દ્વારપણાની ઉપપત્તિ નથી. બ્રહ્મજ્ઞાન (શબ્દ પ્રમાણથી) અતિરિક્ત વિચારરૂપ કારણથી ઉત્પન્ન થઈ શકે એમ હોય તો તેના પ્રામાણ્યના પરતસ્ત્વની આપત્તિ થાય તેથી (શ્રવણનું) તાત્પર્યના નિર્ણય દ્વારા પુરુષાપરાધના નિરાસરૂપ પ્રયોજન છે માટે જ વિચારરૂપ શ્રવણની બાબતમાં નિયમવિધિ છે. 'द्रष्टव्यः' એમ (કહીને) દર્શનાર્હ (દર્શનયોગ્ય) છે એ તરીકે માત્ર સ્તુતિ કરી છે, શ્રવણના ફલનું કથન નથી—એમ **સંક્ષેપશારીરકને અનુસરનાર** (ચિંતકો) કહે છે.

**વિવરણ :** પ્રમેયની અસંભાવનાની નિવૃત્તિને અનુકૂલ ન્યાયવિચારાત્મક મનનને આ લક્ષણ લાગુ ન પડે અને અતિવ્યાપ્તિનો દોષ ન થાય તે માટે 'તાત્પર્યના નિર્ણયને અનુકૂલ' એમ કહ્યું છે. તાત્પર્યના નિર્ણયને અનુકૂલ ન્યાયો તે ઉપક્રમ અને ઉપસંહારનું ઐક્ય વગેરે છે એમ જાણવું. ચિત્તવૃત્તિવિશેષથી યત્નસાધ્ય ક્રિયારૂપ વૃત્તિ વિવક્ષિત છે; યત્નથી સાધ્ય નહીં એવી જ્ઞાનરૂપ વૃત્તિ વિવક્ષિત નથી, કારણ કે જ્ઞાન અંગે કોઈ વિધિ હોઈ શકે નહિ. તાત્પર્યનો નિર્ણય કરનાર ન્યાયો તે ઉપક્રમ–ઉપસંહાર, અભ્યાસ, અપૂર્વતા, ફલ, અર્થવાદ, ઉપપત્તિ. **છાંદોગ્યોપનિષદ્**ના છઠ્ઠા અધ્યાયમાં सदेव सोम्य એમ અદ્વિતીય બ્રહ્મ વિષેના કથનથી ઉપક્રમ (આરંભ) કર્યો છે, અને 'ऐतदात्म्यमिदं सर्वम्' એમ ઉપસંહાર કર્યો છે તેથી ત્યાંના સકલ સંદર્ભ અદ્વિતીય બ્રહ્મપરક છે એવો નિર્ણય થઈ શકે છે. આ ઉપ-ક્રમોપસંહારરૂપ તાત્પર્યલિંગ છે. 'तत्त्वमसि' ઇત્યાદિનો નવ વાર અભ્યાસ (આવર્તન) છે તેથી અદ્વિતીય તત્ત્વપરક તાત્પર્ય છે એમ સમજાય છે. 'यं वै सोम्यैतमणिमानं न निभालयसे' (છા. ઉપ. ૬.૧૨.૨) (હે વત્સ, જે આ સૂક્ષ્મતમ તત્ત્વને તું જોતો નથી ..) ઇત્યાદિમાં કહ્યું છે કે અદ્વિતીય બ્રહ્મ બીજા કોઈ પ્રમાણથી જાણી શકાય તેવું નથી—આ અપૂર્વત્વરૂપ લિંગથી અદ્વિતીય બ્રહ્મપરક તાત્પર્ય છે એમ સમજાય છે. तस्य तावदेव चिरं यावन्न विमोक्ष्ये

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अथ संपत्स्ये ' (છા. ઉપ. ૬.૧૪.૨) એમાં બ્રહ્મજ્ઞાનનું વિદેહ કૈવલ્યરૂપ ફલ છે એ ચોથું લિંગ છે. 'अनेन जीवेनात्मनाऽनुप्रविश्य' (છા. ઉપ. ૬.૩.૩). વગેરે અદ્વિતીય તત્ત્વના જ્ઞાનને માટે અર્થવાદ છે. 'एकेन मृत्पिण्डेन...' (છા. ઉપ. ૬,૧.૪) વગેરેમાં દૃષ્ટાન્તોથી ઉપપત્તિ રજૂ કરી છે તે છઠ્ઠું લિંગ છે. આ ૭ લિંગો દ્વારા તાત્પર્યનો નિર્ણય થાય છે.

उपक्रमोपसंहारावभ्यासोऽपूर्वता फलम् ।
अर्थवादोपपत्ती च लिङ्गं तात्पर्यनिर्णये ॥

જ્ઞાનના ઉદ્દેશ્યથી શ્રવણનું વિધાન છે એમ માનનારના મતમાં તાત્પર્યનિર્ણયને અનુકૂલ ન્યાયવિચારાત્મક ચિત્તવૃત્તિથી નિશ્ચિત તાત્પર્યથી વિશિષ્ટ શાબ્દજ્ઞાન એવો શ્રવણનો અર્થ માનવામાં આવે છે તેનું ખંડન અહીં કર્યું છે—" એવી દલીલ કરવી નહિ..." अथातो ब्रह्मजिज्ञासा (બ્ર. સૂ. ૧.૧.૧) એ જિજ્ઞાસાસૂત્રનો એવો અર્થ છે કે નિત્યાનિત્યવસ્તુવિવેક વગેરે સાધનચતુષ્ટયથી સજ્જ વ્યક્તિએ બ્રહ્મજ્ઞાનને માટે વેદાન્તવિચાર કરવો જોઈએ: સૂત્રમાંના 'જિજ્ઞાસા' પદનો લક્ષણાથી 'વિચાર' અર્થ છે અને આ સૂત્રનું મૂલ श्रोतव्यः એ વાક્ય છે (તેથી જ તો **સિદ્ધાન્તલેશસંગ્રહ**માં આ સૂત્રને ધ્યાનમાં રાખીને કરેલા પ્રતિપાદનમાં શ્રોતવ્યઃ...ની વિસ્તારથી ચર્ચા કરી છે). જો આ વાક્યમાં શ્રવણ જ્ઞાનરૂપ અભિપ્રેત હોય તો શ્રવણવિધિનો અર્થ એવો થાય કે શ્રવણરૂપ જ્ઞાન કરવું જોઈએ. અને એવું જો હોય તો શ્રોતવ્યઃ એ વાક્ય અને જિજ્ઞાસાસૂત્ર વચ્ચે મૂલ–મૂલિભાવ ન હોય કારણ કે બન્ને વચ્ચે એકાર્થત્વ જ સંભવે નહિ આ વિધિવાક્યને એ જિજ્ઞાસાસૂત્રનું મૂલ માન્યું છે એ જ બતાવે છે કે શ્રવણથી વિચાર અભિપ્રેત છે, જ્ઞાન નહિ. જ્ઞાન વસ્તુતંત્ર છે અને પ્રમાણતન્ત્ર છે. જ્ઞાન પુરુષતંત્ર (પુરુષને અધીન) નથી જેથી 'જ્ઞાન કરો' એવો વિધિ તેને અંગે સંભવે—કોઈને જ્ઞાનને વિષે પ્રવૃત્ત કરી શકાય નહિ જેમ ક્રિયાને વિષે પ્રવૃત્ત કરી શકાય છે. તેથી શ્રોતવ્યઃ એ પ્રયત્નસાધ્ય ચિત્તવૃત્તિ વિષયક વિધિ છે, જ્ઞાન વિષયક નહિ. ઊહ એટલે ન્યાયાભાસોમાંથી મુક્ત કરી ન્યાયને અપનાવવો; અને અપોહ એટલે ન્યાયાભાસનું નિરાકરણ. ઊહાપોહાત્મક માનસક્રિયારૂપ વિચાર એ જ શ્રવણ

(શંકા) તાત્પર્યનો નિર્ણય કરીને અથવા તાત્પર્યભ્રમ વગેરે પુરુષદોષરૂપ પ્રતિબંધકોને દૂર કરીને વિચાર પણ જ્ઞાનનું કારણ કે જ્ઞાનફલક હોઈ શકે; શબ્દ, પ્રત્યક્ષ વગેરેથી ઉત્પન્ન થતા જ્ઞાનમાં વિચાર પણ તાત્પર્યનિર્ણય દ્વારા કે તદધીન પ્રતિબન્ધનિરાસ દ્વારા હેતુ હોઈ શકે.

(ઉત્તર) તાત્પર્યજ્ઞાનને શાબ્દજ્ઞાનની બાબતમાં ક્યાંય કારણ તરીકે સ્વીકાર્યું નથી. કહેવાનો આશય એ છે તાત્પર્યજ્ઞાન જો શાબ્દબોધનું કારણ હોય તો તે નિયત પૂર્વવર્તી હોવું જોઈએ. પણ આપણે જોઈએ છીએ કે પોપટ વગેરે વાક્ય બોલે કે મૂર્ખ કે બાળક વાક્ય બોલે તો વક્તાનું કોઈ તાત્પર્ય નથી એવો નિશ્ચય હોવા છતાં શાબ્દબોધ થાય છે તેથી તાત્પર્યજ્ઞાન શાબ્દબોધનું કારણ છે એમ ન કહી શકાય. વળી 'अहो विमलं जलं नद्याः कच्छे महिषाश्चरन्ति' જેવા વાક્યમાં શાબ્દબોધ થાય છે પણ તાત્પર્યજ્ઞાન નથી કારણ કે नद्याःને સન્નિધાનવશાત્ जलम् સાથે યોજી શકાય તેમ कच्छे સાથે પણ યોજી શકાય. તેથી શબ્દના સમભિવ્યાહાર (એક સાથે ઉચ્ચારણ)થી તાત્પર્યનો નિર્ણય કર્યા પછી બોધ થાય એવું અહીં જોવામાં નથી આવતું. અને 'पयः आनीयताम्' વગેરેમાં અર્થબોધ થયા પછી પોતાને પ્રશ્ન થતો જોવામાં આવે છે કે દૂધ લાવવાનું કહે છે કે પાણી; તેથી અહીં તાત્પર્ય–

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્ઞાન વિના અર્થબોધ છે. આમ તાત્પર્યજ્ઞાનને શાબ્દબોધનું કારણ કહી શકાય નહિ, તેથી વિચાર તાત્પર્યનિર્ણયથી સાધ્ય પ્રતિબન્ધ-નિવૃત્તિ દ્વારા શાબ્દબોધનો હેતુ છે એવું તો બિલકુલ કહેવાય નહિ.

વેદાન્તસિદ્ધાન્તમાં તાત્પર્યજ્ઞાનને શાબ્દબોધનું કારણ માન્યું નથી અને પ્રતિબંધકના (અર્થાત્ જે કાર્યની ઉત્પત્તિ થવા ન દે તેના) અભાવને કોઈ પણ કાર્યનું કારણ નથી માન્યું. તેથી તેમના દ્વારા વિચાર શબ્દપ્રમાણનું ફળ એવા બ્રહ્મજ્ઞાનનું કારણ બની શકે નહિ. દ્વાર-કારણનું લક્ષણ છે—तज्जन्यत्वे सति तज्जन्यजनकत्वम्—જે સ્વયં કારણથી ઉત્પન્ન થઈ એ જ કારણથી ઉત્પન્ન થનાર કાર્યને વિષે કારણ બને તે દ્વાર કારણ. જેમ કે ભ્રમિ (ફરવું તે) દંડથી ઉત્પન્ન થાય છે અને દંડથી ઉત્પન્ન થનાર ઘટ પ્રતિ કારણ છે. તેથી ભ્રમિ દ્વારકારણ છે. પ્રતિબન્ધકાભાવને કાર્યનું કારણ નહીં માનવા માટેની દલીલ એ છે કે પ્રતિબન્ધાભાવનો સમાવેશ સામગ્રીમાં કરી શકાય નહિ—આપણે લોકોને એવું કહેતા સાંભળીએ છીએ કે 'સામગ્રી હોવા છતાં પણ પ્રતિબન્ધને લીધે કાર્ય ઉત્પન્ન થયું નહિ. આમ અપ્રતિબદ્ધ સામગ્રી કાર્યનું કારણ છે. 'અપ્રતિબદ્ધ—પ્રતિબન્ધકાભાવથી યુક્ત' એ સામગ્રીનું અવચ્છેદક છે; જે કારણતાનું અવચ્છેદક હોય છે તે કાર્યનું કારણ નથી હોતું કારણ કે ત્યાં અન્યથાસિદ્ધિ છે. તેથી જ ઘટની પ્રતિ દંડત્વ (દંડનું અવચ્છેદક છે તે) કારણ નથી કારણ કે અન્યથાસિદ્ધિશૂન્યત્વ નથી. તેથી પ્રતિબન્ધકાભાવ દ્વારકારણ ન થઈ શકે.

આમ જ્યારે તાત્પર્યજ્ઞાન શાબ્દજ્ઞાનનું કારણ નથી અને પ્રતિબંધકાભાવ કોઈ કાર્યનું કારણ નથી ત્યારે આ બે દ્વારકારણ ન જ હોઈ શકે.

જો એમ માનીએ કે શાબ્દપ્રમિતિ શબ્દપ્રમાણથી અતિરિક્ત વિચારથી (તાત્પર્યની અનુમિતિના હેતુવિચારાત્મક અનુમાનથી) ઉત્પન્ન થાય છે તો તેનું પ્રામાણ્ય પરતઃ માનવું પડે—જ્યારે વેદાન્તસિદ્ધાન્તમાં સ્વતઃપ્રામાણ્યનો સ્વીકાર છે. જે કારણથી જ્ઞાન ઉત્પન્ન થાય છે તેનાથી જ તેનું પ્રામાણ્ય ઉત્પન્ન થાય છે અને જે કારણથી જ્ઞાનનું ગ્રહણ થાય છે તેનાથી જ તેના પ્રામાણ્યનું ગ્રહણ થાય છે. જો જ્ઞાનના હેતુ શબ્દપ્રમાણથી અતિરિક્ત વિચારને પ્રામાણ્યનો હેતુ માનીએ તો પરતઃપ્રામાણ્ય સ્વીકારવાનો દોષ લાગે.

**સંક્ષેપશારીરક**ના અનુયાયીઓના મતે શ્રવણવિધિ બ્રહ્મજ્ઞાનના ઉદ્દેશ્યથી નથી પણ તાત્પર્યનિર્ણય દ્વારા શ્રવણ ભ્રમાદિ પુરુષદોષનો નિરાસ કરે છે એ તરીકે જ વિચારરૂપ શ્રવણ અંગે નિયમવિધિ છે. દર્શનને તેના ફળ તરીકે નથી રજૂ કર્યું પણ द्रष्टव्यः દ્વારા જે આત્માને વિષે શ્રવણનું વિધાન છે તેને દર્શનયોગ્ય કહીને તેની માત્ર સ્તુતિ કરી છે :

જુઓ **संक्षेपशारीरक**—

> अहं कृत्यतृचश्च पाणिनिवचः स्पष्टं विधत्ते यतः ।
> तस्माद् दर्शनयोग्यतां वदति नस्तव्यो न तत्त्वान्तरम् ॥२.५१॥
> प्रवृत्तिशास्त्रेण समेऽपि संमते निवृत्तिशास्त्रस्य विधेयबोधने ।
> निवृत्त्यनुष्ठाननिबन्धनत्वतो निवर्तकं शास्त्रमिदं प्रचक्षते ॥१.८९॥

(......श्रवणादेरात्मज्ञानसाधनत्वं यद्यप्यन्यतः सिद्धं तथापि तुषनिवृत्तिसाधनतया सिद्धावहननद्वारान्तरादि नियमविधिसम्भवाद् नियमापूर्वस्य ज्ञानप्रतिबन्धकनिवृत्त्याऽर्थवत्त्वोपपत्तेरिति । —

મધુસૂદન સરસ્વતીની सारसङ्ग्रहव्याख्या, १.८९)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિચારરૂપ શ્રવણનું ફળ પ્રતિબંધક નિરાસ છે.

જુઓ સંક્ષેપશારીરક, ૧.૧૪–૧૭ (કાશી સંસ્કૃત સીરિઝ, ૧૯૨૪).

पुरुषापराधमलिना धिषणा निरवद्यचक्षुरुदयापि यथा ।
न फलाय भर्त्सुविषया भवति श्रुतिसम्भवापि तु तथात्मनि धीः ॥
पुरुषापराधविगमे तु पुनः प्रतिबन्धकव्युदसनात् सफला ।
मणिमन्त्रयोरपगमे तु यथा सति पावकाद् भवति धूमलता ॥
पुरुषापराधविनिवृत्तिफलः सकलो विचार इति वेदविदः ।
अनपेक्षतामनुपरुध्य गिरः फलवद् भवेत् प्रकरणं तदतः ॥
पुरुषापराधशतसङ्कुलता विनिवर्तते प्रकरणेन गिरः ।
स्वयमेव वेदशिरसो वचनाद् अथ बुद्धिरुद्भवति मुक्तिफला ॥

આ શ્લોકોનો ભાવાર્થ એ છે કે પ્રમાણ (પ્રમા–કરણ) કોઈક પ્રતિબંધકને કારણે પ્રમા ઉત્પન્ન કરી શકતાં નથી. ભર્ત્સુ નામનો કોઈ રાજાનો પ્રીતિપાત્ર સેવક હતો જેનો બીજા નોકરો દ્વેષ કરતા. તેને તેઓ કપટથી ક્યાંક મૂકી આવ્યા અને આવીને રાજાને કહ્યું કે તે મરી ગયો. તે પછી રાજાએ તેને પોતાના ઉપવનમાં જોયો ત્યારે આંખમાં કોઈ દોષ ન હોવા છતાં 'મરી ગયો' એ જ્ઞાનના સંસ્કારને કારણે અર્થાત્ પુરુષાપરાધવશાત્ તેને પ્રમારૂપ જ્ઞાન ન થયું, ઊલટું પિશાચની ભ્રાન્તિ થઈ. આમ વેદવાક્ય સ્વતઃપ્રમાણ હોવા છતાં પુરુષાપરાધરૂપ થતી અસંભાવના અને વિપરીત ભાવનાને લીધે નિર્ણયાત્મક પ્રમારૂપ જ્ઞાન થતું નથી. તેથી વિચારનું ફળ આ પુરુષાપરાધરૂપ પ્રતિબન્ધકનો નિરાસ છે જે થયા પછી વેદાંતવાક્યોથી મુક્તિરૂપ ફલ આપનારું જ્ઞાન પોતાની મેળે ઉદ્ભવે છે. આમ મીમાંસાશાસ્ત્ર અને પ્રકરણગ્રંથોનું કામ માત્ર સંદેહ, ભ્રમ વગેરે પ્રતિબંધકો દૂર કરવાનું છે.

હવે શ્રોતવ્યઃ પરિસંખ્યાવિધિ છે એ મત રજૂ કરે છે :

**ब्रह्मज्ञानार्थं वेदान्तश्रवणे प्रवृत्तस्य चिकित्साज्ञानार्थं चरकसुश्रुतादिश्रवणे प्रवृत्तस्येव मध्ये व्यापारान्तरेऽपि प्रवृत्तिः प्रसज्यत इति तन्निवृत्तिफलकः 'श्रोतव्यः' इति परिसङ्ख्याविधिः ।**

**'ब्रह्मसंस्थोऽमृतत्वमेति' (छा. २.२३.१) इति छान्दोग्ये अनन्यव्यापारत्वस्य मुक्त्युपायत्वावधारणात् सम्पूर्वस्य तिष्ठतेः समाप्तिवाचितया ब्रह्मसंस्थाशब्दशब्दिताया ब्रह्मणि समाप्तेरनन्यव्यापाररूपत्वात् । 'तमेवैकं जानथ अन्या वाचो विमुञ्चथ' (मुण्डक २.२.५) इत्याथर्वणे कण्ठत एव व्यापारान्तरप्रतिषेधाच्च । 'आ सुप्तेरा मृतेः कालं नयेद्वेदान्तचिन्तया' इत्यादिस्मृतेश्च । न च – ब्रह्मज्ञानानुपयोगिनो व्यापारान्तरस्य एकस्मिन् साध्ये श्रवणेन सह समुच्चित्य प्राप्त्यभावान्न तन्निवृत्त्यर्थः परिसङ्ख्याविधिर्युज्यते इति वाच्यम् । "सहकार्यन्तरविधिः" (ब्र.सू. ३.४, अधि.१४,सू.४७)**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

इत्यादि सूत्रे "यस्मात् पक्षे भेददर्शनप्राबल्यान्न प्राप्नोति तस्मान्नियमविधिः" इति तद्भाष्ये च कृतश्रवणस्य शाब्दज्ञानमात्रात् कृतकृत्यतां मन्वानस्याविद्यानिवर्तकसाक्षात्कारोपयोगिनि निदिध्यासने प्रवृत्तिर्न स्यादिति अतत्साधनपक्षप्राप्तिमात्रेण निदिध्यासने नियमविधेरभ्युपगततया तन्न्यायेनासाधनस्य समुच्चित्य प्राप्तावपि तन्निवृत्तिफलकस्य परिसङ्ख्याविधेः सम्भवादिति ।

नियमः परिसङ्ख्या वा विध्यर्थोऽत्र भवेद्यतः ।
अनात्मादर्शनेनैव परात्मानमुपास्महे ॥१॥

इति वार्त्तिकवचनानुसारिणः केचिदाहुः ॥

જેમ વૈદકના ઉપચારના જ્ઞાનને માટે ચરક, સુશ્રુત આદિના શ્રવણમાં પ્રવૃત્ત થયેલાને વચ્ચે બીજા વ્યાપારમાં પણ પ્રવૃત્તિની પ્રસક્તિ છે (એવું બને કે વચ્ચે વચ્ચે એ બીજું કામ કરવા લાગી જાય) તેમ બ્રહ્મજ્ઞાનને માટે વેદાન્તશ્રવણમાં પ્રવૃત્ત થયેલાને અન્ય વ્યાપારમાં પણ પ્રવૃત્તિની પ્રસક્તિ છે. તેની નિવૃત્તિને માટે 'શ્રોતવ્યઃ' એ પરિસંખ્યાવિધિ છે (અન્ય વ્યાપારમાં પ્રવૃત્તિની નિવૃત્તિ એ તેનું ફલ છે).

'બ્રહ્મનિષ્ઠ અમૃતત્વ મુક્તિ)ને પામે છે' એમ છાન્દોગ્ય ઉપનિષદમ અનન્યવ્યાપારત્વનું (અન્ય વ્યાપારવાળા ન હોવું તેનું) મુક્તિના ઉપાય તરીકે અવધારણ (નિશ્ચય) કર્યું છે, કારણ કે સમ્ જેના પૂર્વમાં છે તેવો સ્થા (ધાતુ) સમાપ્તિવાચી છે તેથી 'બ્રહ્મસંસ્થા' શબ્દથી વાચ્ય બ્રહ્મમાં સમાપ્તિ અનન્ય વ્યાપારરૂપ છે. (તેથી સમજાય છે કે પરિસંખ્યાવિધિ વ્યાપારાન્તરની નિવૃત્તિ માટે છે). અને 'તેને એકને જ જાણો, બીજાં વચનો છોડો' (મુંડક ૨.૨.૫) એમ અથર્વવેદના ઉપનિષદમાં કંઠથી (અભિધાથી) જ અન્ય વ્યાપારનો પ્રતિષેધ છે (તેથી આ પરિસંખ્યાવિધિ છે) અને 'સૂતા સુધીનો અને મૃત્યુ સુધીનો સમય વેદાન્તવિચારથી પસાર કરવો' એ સ્મૃતિ છે (તેથી આ પરિસંખ્યાવિધિ છે). અને એવી દલીલ ન કરવી કે બ્રહ્મજ્ઞાનમાં ઉપયોગી નહિ એવો બીજો વ્યાપાર એક સાધ્યને વિષે શ્રવણની સાથે સમુચ્ચયથી પ્રાપ્ત નથી તેથી તેની નિવૃત્તિ માટેનો પરિસંખ્યાવિધિ યુક્ત નથી. (આ દલીલ બરાબર નથી) કારણ કે 'सहकार्यन्तरविधिः' ઇત્યાદિ સૂત્રમાં અને 'કારણ કે પક્ષમાં ભેદદર્શનના પ્રાબલ્યને કારણે (મૌન) પક્ષમાં પ્રાપ્ત થતું નથી, તેથી નિયમવિધિ છે' એ તેના શાંકર ભાષ્યમાં જેણે શ્રવણ કર્યું છે અને જે શાબ્દજ્ઞાન માત્રથી કૃતકૃત્યતા માને છે તેની અવિદ્યાના નિવર્તક સાક્ષાત્કારમાં ઉપયોગી નિદિધ્યાસનમાં પ્રવૃત્તિ ન થાય તેથી તેના સાધનની પક્ષમાં અપ્રાપ્તિમાત્રથી નિદિધ્યાસન અંગે નિયમવિધિ સ્વીકાર્યો છે તેથી તે ન્યાયે અસાધનની સમુચ્ચયથી પ્રાપ્તિ હોય તો પણ તેની નિવૃત્તિને માટે પરિસંખ્યાવિધિનો સંભવ છે—એમ "અહીંવિધિનો અર્થ નિયમ કે પરિસંખ્યા હોઈ શકે કારણ કે અનાત્માના અદર્શનથી જ પર આત્માની ઉપાસના અમે કરીએ છીએ" એ વાર્ત્તિકવચનને અનુસરનારા કેટલાક (ચિંતકો) કહે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ : વાચસ્પતિમતમાં** કહેવામાં આવશે એ રીતે વેદાન્તશ્રવણ નિત્યપ્રાપ્ત છે એમ બતાવીને પછી પરિસંખ્યાવિધિપક્ષની પ્રવૃત્તિ કહેવી જોઈએ. આમ હોય તો જ્ઞાનના ઉદ્દેશ્યથી શ્રવણાદિ કરનારને અન્ય વ્યાપારની પ્રસક્તિ નથી જેની નિવૃત્તિ માટે પરિસંખ્યા વિધિની જરૂર પડે—આવી શંકા સંભવે છે. તેના ઉત્તરમાં કહે છે કે શ્રવણાદિથી જ બ્રહ્મજ્ઞાન થાય છે, અન્ય વ્યાપારથી નહિ, તેમ છતાં અવિદ્યા કારણે ભોવાસનાને લીધે વિષયોમાં આસક્ત બનીને શ્રવણ કરતાં કરતાં કોઈ વચ્ચે અન્ય પ્રવૃત્તિમાં પડી જાય, એ જ્ઞાન માટે ઉપકારક નથી એમ જાણતો હોવા છતાં એ બીજી પ્રવૃત્તિ કરી બેસે. તેથી તેની નિવૃતિને માટે શ્રોતવ્યઃ એ પરિસંખ્યાવિધિની જરૂર છે.

શંકા—**ચરકસંહિતા** આદિના શ્રવણમાં પ્રવૃત્ત થયેલો માણસ વચ્ચે બીજાં કામ કરતો હશે તેમ છતાં ચિકિત્સાજ્ઞાન તો વિઘ્ન વિના ઉત્પન્ન થાય જ છે તેમ દરરોજ વેદાન્તશ્રવણ કરનારને વચ્ચે વચ્ચે લૌકિક કે વૈદિક વ્યાપાર કરવા પડે તો પણ બ્રહ્મજ્ઞાનનો ઉદય સંભવે છે તેથી પરિસંખ્યાવિધિનું કોઈ ફલ નથી; તેને વ્યર્થ માનવો જોઈએ.

ઉત્તર–નિરન્તર કરવામાં આવતું શ્રવણ જ જ્ઞાનનું સાધન છે, ક્યારેક ક્યારેક કરવામાં આવતું શ્રવણ નહીં તેથી શ્રવણવિધિ વ્યર્થ નથી. શ્રુતિ સ્મૃતિને આધારે આમ કહી શકાય.

બ્રહ્મસંસ્થતા–બ્રહ્મમાં સમાપ્તિનો અર્થ વિદેહ કૈવલ્યરૂપ લય એવો લેવાતો નથી કારણ કે એવું માનીએ તો 'અમૃતત્વ પામે છે' એ ભાગ વ્યર્થ બની જાય છે. બ્રહ્મસંસ્થતાનું તો અમૃતત્વની પ્રાપ્તિના ઉપાય તરીકે વિધાન કર્યું છે એમ કહેવું જોઈએ. **શાંકરભાષ્યમાં** બ્રહ્મમાં સમાપ્તિનું પર્યવસાન અનન્યવ્યાપારમાં કર્યું છે. અનન્યવ્યાપારત્વ મુક્તિનો ઉપાય છે એમ બોધ આપનાર વાક્યથી અર્થાત્ મુમુક્ષુને માટે અન્ય વ્યાપારની નિવૃત્તિ કરવામાં આવે છે: અને અન્ય વ્યાપારની નિવૃત્તિ કરવાનું સ્પષ્ટ શબ્દોમાં કહેનાર વાક્યો છે—જે આધારમાં સમસ્ત દ્યુ, પૃથ્વી વગેરે જગત્પ્રપંચનો અધ્યાસ થયો છે એ આધારરૂપ એક આત્માને જ જાણો, અનાત્માનું પ્રતિપાદન કરનાર શબ્દોનાં ઉચ્ચારણાદિનો ત્યાગ કરો (अन्याः वाचः विमुञ्चथ).

**વાર્તિકમાં** પણ કહ્યું છે કે શ્રોતવ્યઃ એ વિધિનો અર્થ નિયમ હોઈ શકે જો શ્રવણને નિત્ય પ્રાપ્ત માનીએ તો નિયમવિધિ ન સંભવે અને તેનો અર્થ પરિસંખ્યા હોય. કારણ કે અમે મુમુક્ષુઓ અનાત્માનું દર્શન નહીં કરીને (અર્થાત્ અન્ય વ્યાપારથી મુક્ત રહીને) પર આત્માની ઉપાસનામાં પ્રવૃત્ત રહીએ છીએ. આમ વાર્તિકને અનુસરનારા કેટલાક શ્રોતવ્યઃને અન્ય વ્યાપારની નિવૃત્તિના ઉદ્દેશ્યથી પરિસંખ્યાવિધિ માને છે.

શ્રોતવ્ય એ વિધિ છે એમ માનીને ઉપર તેના વિધેય અંગેના મતભેદ રજૂ કર્યા. હવે એ વિધિ જ નથી એવો પક્ષ રજૂ કરે છે.

**(વાચસ્પતિમિશ્રના અનુયાયીઓનો મત)**

**'आत्मा श्रोतव्यः' इति मननादिवत् आत्मविषयकत्वेन निबध्यमानं श्रवणमागमाचार्योपदेशजन्यमात्मज्ञानमेव, न तु तात्पर्यविचाररूपमिति न**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

तत्र कोऽपि विधिः। अत एव समन्वयसूत्रे (ब्र.सू. १.१.४) आत्मज्ञान-विधिनिराकरणानन्तरं भाष्यम्—"किमर्थानि तर्हि 'आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यः' इत्यादीनि वचनानि विधिच्छायानि ? स्वाभाविकप्रवृत्तिविषय-विमुखीकरणार्थानीति ब्रूमः" इत्यादि।

यदि च वेदान्ततात्पर्यविचाररूपं श्रवणं तदा तस्य तात्पर्यनिर्णयद्वारा वेदान्ततात्पर्यभ्रमसंशयरूपप्रतिबन्धकनिरास एव फलं, न प्रतिबन्धकान्तर-निरासो ब्रह्मावगमो वा। तत्फलकत्वं च तस्य लोकत एव प्राप्तम्। साधनान्तरं च किञ्चिद् विकल्प्य समुच्चित्य वा न प्राप्तमिति न तत्र विधित्रयस्याप्यवकाशः।

'आत्मा श्रोतव्यः' એમ મનનાદિની જેમ શ્રવણનું આત્મવિષયક તરીકે કથન છે તેથી શ્રવણ આગમ (અર્થાત્ શાસ્ત્ર) કે આચાર્યના ઉપદેશથી ઉત્પન્ન થયેલું આત્મજ્ઞાન જ છે; તાત્પર્યવિચારરૂપ નથી; તેથી તેને વિષે કોઈ પણ વિધિ નથી. તેથી જ સમન્વયસૂત્રમાં આત્મજ્ઞાન અંગે વિધિ છે (એવી શંકા)નું નિરાકરણ કર્યા પછી ભાષ્યમાં કહ્યું છે કે "તો પછી 'आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यः' વગેરે વિધિ જેવાં લાગતાં વચનો શા માટે છે? સ્વાભાવિક એવી પ્રવૃત્તિના વિષયથી વિમુખ કરવાને માટે છે એમ અમે કહીએ છીએ" વગેરે.

અને જો શ્રવણ વેદાન્તતાત્પર્યવિચારરૂપ હોય તો તાત્પર્યના નિર્ણયદ્વારા વેદાન્તતાત્પર્યને વિષેના ભ્રમ કે સંશયરૂપ પ્રતિબંધકનો નિરાસ એ જ એનું ફલ હોય. કોઈ બીજા પ્રતિબંધકનો નિરાસ કે બ્રહ્મજ્ઞાન તેનું ફળ ન હોય. અને એ એનું ફલ છે એ લોકથી જ પ્રાપ્ત છે. અને બીજું કોઈ સાધન તો વિકલ્પથી કે સમુચ્ચયથી પ્રાપ્ત થતું નથી, તેથી ત્યાં (શ્રવણને વિષે) ત્રણેય વિધિને અવકાશ નથી.

વિવરણ : જેમ આત્મવિષયક તરીકે પ્રતિપાદિત મનન અને નિદિધ્યાસન જ્ઞાનરૂપ છે તેમ શ્રવણ પણ જ્ઞાનરૂપ જ છે. શ્રવણ વિચારરૂપ હોઈ શકે નહિ કારણ કે વિચાર એ કરી શકાય તેવી ક્રિયા છે તેથી તે સાક્ષાત્ આત્મવિષયક હોઈ શકે નહિ; તેનો વિષય તો વેદાન્તવાક્ય હોય, આત્મા નહિ, જ્યારે અહીં તો શ્રવણ આત્મવિષયક છે તેથી તે જ્ઞાનરૂપ છે; અને જ્ઞાન પુરુષને અધીન નથી તેથી તેને વિષે વિધિ સંભવે નહિ.

એવી શંકા થાય કે મનન અને નિદિધ્યાસન જ્ઞાન નથી તેથી તેમને દૃષ્ટાન્ત તરીકે રજૂ કર્યાં છે એ બરાબર નથી. મનન યુક્તિથી કરવામાં આવતો આલોચનરૂપ વ્યાપાર છે અને નિદિ-ધ્યાસન ધ્યાન ક્રિયા છે (√ध्यै चिन्तायाम् પરથી) જ્ઞાન નથી આ બેનું ઉદાહરણ આપીને શ્રવણને જ્ઞાનરૂપ સિદ્ધ કરી શકાય નહિ. આ શંકાનો ઉત્તર એ છે કે મનન એ અનુમિતિરૂપ જ્ઞાન જ છે— 'આત્મા બ્રહ્મસ્વભાવ છે, ચિદ્રૂપ હોવાથી, બ્રહ્મની જેમ', 'બુદ્ધિ વગેરે કલ્પિત છે, દૃશ્ય હોવાથી,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શુક્તિરજતની જેમ' ઇત્યાદિ. મૈત્રેયીબ્રાહ્મણના સુરેશ્વરાચાર્યકૃત બૃહદારણ્યકોપનિષદ્‌ભાષ્યવાર્ત્તિકમાં કહ્યું છે કે मन्तव्यः એમ આગમના અર્થના વિનિશ્ચયને માટે કહ્યું છે. એમાં વેદાવિરોધી તર્કનો પણ વિનિયોગ કરવામાં આવે છે. તે પદોના અર્થને વિષય કરે અને અનુમિતિરૂપ હોય.

आगमार्थविनिश्चित्यै मन्तव्य इति भण्यते । (બૃહદ્ ભા. વાર્તિક ૨.૪.૨૧૪)

वेदशब्दानुरोध्यत्र तर्कोऽपि विनियुज्यते ॥ (૨.૪.૨૧૬)

पदार्थविषयस्तर्कः तत्रैवानुमितिर्भवेत् । (૨.૪.૨૨૬)

શ્રુતિના અર્થને દૃઢ કરવા માટે તર્કરૂપ મનનની વાત કરી છે અને તે શ્રુતિથી અવિરુદ્ધ હોય તો જ મનનરૂપ ગણાય. તે તત્, त्वम् વગેરે પદોના અર્થને વિષય કરે છે, વાક્યાર્થવિષયક નથી; વાક્યનો અર્થ તો વાક્યથી જ જાણી શકાય, તે અનુમિતિરૂપ હોય છે. વાર્ત્તિકકાર ના મતે નિદિધ્યાસન પણ જ્ઞાન જ છે. જેમ કે બૃહદારણ્યક ઉપનિષદ્‌ના ચોથા અને છઠ્ઠા અધ્યાયમાં મૈત્રેયીબ્રાહ્મણમાં કહ્યું છે— 'आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो निदिध्यासितव्यः', પછી ચોથામાં 'मैत्रेयि, आत्मनो वा अरे दर्शनेन श्रवणेन मत्या विज्ञानेन' અને છઠ્ઠામાં 'मैत्रेयि आत्मनि खल्वरे दृष्टे श्रुते मते विज्ञाते'. જોઈ શકાય છે કે અહીં નિદિધ્યાસનના પર્યાય તરીકે વિજ્ઞાન શબ્દ પ્રયોજ્યો છે—નિદિધ્યાસન ધ્યાનરૂપ છે એવી શંકા દૂર કરવા અને જ્ઞાનરૂપ નિદિધ્યાસન અભિપ્રેત છે એમ સૂચવવા માટે આ છે. વાર્ત્તિકમાં કહ્યું છે તેમ અપરાયત્ત બોધને જ અહીં નિદિધ્યાસન કહ્યો છે (अपरायत्तबोधोऽत्र निदिध्यासनमुच्यते ।)

શ્રવણ, મનનના પરિપાકથી ઉત્પન્ન થયેલા તત્, त्वम् એ પદોના લક્ષ્યાર્થના નિર્ણય પછી જ વાક્યથી જ આત્મજ્ઞાનનો અપરોક્ષ તરીકે અનુભવ થાય છે. વૃત્તિજ્ઞાન થતાં તેનાથી પ્રત્યક્ એવું બ્રહ્મત્વસ્ફુરણ થાય છે અને તે પછી કશાયની જરૂર નથી. આમ વાર્ત્તિકકારના મતે નિદિધ્યાસન પણ જ્ઞાનરૂપ જ છે તેથી દૃષ્ટાંતો બરાબર જ આપ્યાં છે.

એવી શંકા થાય કે વાર્ત્તિકકારના મત અનુસાર તો द्रष्टव्यः અને निदिध्यासितव्यः એમ બંને પદો છે તેથી પુનરુક્તિનો દોષ આવે. પણ આવી શંકા કરવી નહિ કારણ કે દર્શનના ઉદ્દેશ્યથી કરેલાં શ્રવણ, મનનનું વિધાન કર્યાં પછી ફરી ફલનું કથન અન્તે કર્યું છે એ બરાબર છે. અથવા द्रष्टव्यःથી વિચાર પ્રયોજક આપાત દર્શનનો અનુવાદ છે. (– જ્ઞાત વસ્તુનો ઉલ્લેખ તે અનુવાદ; અજ્ઞાત વાત કહેવી તે વિધિ–) અને निदिध्यासितव्यःથી વિચારના ફલભૂત સાક્ષાત્કારનો અનુવાદ છે તેથી પુનરુક્તિ નથી.

श्रोतव्यः એ વિધિ નથી એમ શંકરાચાર્ય પણ માનતા એમ બતાવ્યું છે. જ્ઞાન વસ્તુતંત્ર અને પ્રમાણતંત્ર છે, પુરુષતન્ત્ર નથી તેથી તેને અંગે કોઈ વિધિ સંભવતો નથી. તો પછી अध्येतव्यः એ પ્રસિદ્ધ વિધિનાં જેવાં द्रष्टव्यः, श्रोतव्यः વગેરે વિધિ જેવાં લાગતાં વચનો શા માટે? એનો ઉત્તર એ છે કે तव्य એ પ્રત્યયથી દર્શન, શ્રવણ વગેરેની પ્રશંસા લક્ષણાથી બતાવી છે. જે મુમુક્ષુ આત્મદર્શન, શ્રવણ વગેરે મુક્તિનાં સાધનો છે એ જાણીને પણ સંન્યાસ–બ્રહ્મચર્યાદિ સહિત શ્રવણાદિ ક્લેશપૂર્ણ છે એમ વિચારીને તેમાં પૂરેપૂરા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉત્સાહથી પ્રવૃત્ત થતો નથી પણ યથાપ્રાપ્ત વર્ણાશ્રમને અનુરૂપ કર્મો અને ઉપાસના કરીને તેમાં પણ નિર્વૃતિ (આનંદ)નો અનુભવ નથી કરતો તેને માટે આત્યન્તિક પુરુષાર્થની અપ્રાપ્તિના અનુસંધાનથી તેને ઉદ્દેશીને આત્મદર્શન, શ્રવણ વગેરેની પ્રશંસા કરી છે જેથી એ પૂરેપૂરા ઉત્સાહથી શ્રવણાદિમાં પ્રવૃત્ત બને. તેથી આવા વિધિ જેવા લાગતા પ્રયોગો શ્રવણાદિની પ્રશંસા કરવા માટે કર્યા છે અને તે મુમુક્ષુને સ્વાભાવિક અર્થાત્ અવિદ્યાના કાર્યરૂપ એવા પ્રવૃત્તિઓના વિષયોથી વિમુખ કરવા માટે છે. ઇષ્ટપ્રાપ્તિ અને અનિષ્ટ-પરિહારની લાલચનું આક્રમણ તો વિદ્વાન, અવિદ્વાન સૌ ઉપર અજ્ઞાનવશાત્ હોય છે તેથી સ્વાભાવિક એવા પ્રવૃત્તિઓના વિષયો પ્રત્યે તેને નિર્વેદ થાય, તેનાથી તેને વિમુખ બનાવવા માટે આવાં વચનો છે. આ પ્રવૃત્તિના સ્વાભાવિક (અવિદ્યાના કાર્યભૂત) વિષયોમાં દ્રવ્ય, દેવતા, મંત્ર વગેરેનો પણ સમાવેશ થઈ જાય છે જે વૈદિક કર્મ કે ઉપાસનાના ક્ષેત્રે છે. ચિત્તને પ્રત્યગાત્મા તરફ વાળવાના આશયથી બાહ્ય સાધનોથી વિમુખ કરવા માટે આવાં વચનો છે.

આમ શ્રવણાદિ જ્ઞાનરૂપ હોઈને તેમને અંગે કોઈ વિધિ સંભવે નહિ એમ કહ્યું. હવે શ્રવણાદિને ક્રિયારૂપ માની લઈએ તો પણ વિધિ સંભવતો નથી એમ કહે છે. વાર્ત્તિકકાર શ્રવણ–મનનને પ્રયત્નસાધ્ય ક્રિયા માને છે —श्रवणादिक्रिया तावत्कर्तव्येह प्रयत्नतः. ધ્યાનથી તેમના મતે જ્ઞાનાભ્યાસ અભિપ્રેત છે. શ્રવણ, મનનનો પરિપાક થતાં સાક્ષાત્કાર રહિત જે 'હું ચિદાત્મા બ્રહ્મકસ્વભાવ છું અને બ્રહ્મ ચિદેકરસપ્રત્યગાત્મસ્વભાવ છે' એવી જે तत् त्वम् પદો વિષે લક્ષ્યનિર્ણયાત્મક બુદ્ધિ થાય છે તે જ નિદિધ્યાસન, ધ્યાન નહિ. આ મતમાં શ્રવણ, મનન અનુષ્ઠેય છે જ્યારે નિદિધ્યાસન અનુષ્ઠેય નથી, જ્યારે પૂર્વપક્ષીના મતે નિદિધ્યાસન અનુષ્ઠેય છે. (સર્વજ્ઞાત્મમુનિના મતે સમસ્તજડવિષયાકારતા ત્યજીને ચિત્ત ચિદેકરસાત્મકાકારથી રહે તે ધ્યાન અને તે જ નિદિધ્યાસન —જુઓ સંક્ષેપશારીરક, ૧.૪૮૧, ૩,૩૪૪–૩૪૯).

વિચારરૂપ શ્રવણ પ્રતિબંધકના નિરાસ દ્વારા બ્રહ્મજ્ઞાનમાં ઉપયોગી થઈ શકતું હોય તો પણ બ્રહ્મજ્ઞાનને તેનું સાક્ષાત્ ફલ કહી શકાય નહિ કારણ કે જ્ઞાન પ્રમાણનું ફલ છે.

એવી શંકા થાય કે ઉક્ત તાત્પર્યભ્રમ, સંશયાદિ પ્રતિબંધના નિરાસ દ્વારા વિચારરૂપ શ્રવણ અવિદ્યાનિવર્તક સાક્ષાત્કારમાં ઉપયોગી તરીકે પ્રાપ્ત થતું હોય તો પણ તેવા સાક્ષાત્કારના પ્રતિબંધક પાપની નિવૃત્તિ દ્વારા સાક્ષાત્કારના સાધન તરીકે એ બીજા પ્રમાણથી પ્રાપ્ત થતું ન હોવાથી श्रोतव्यः એમાં પાપની નિવૃત્તિ દ્વારા વિદ્યાના સાધન તરીકે શ્રવણનો ઉપદેશ (વિધાન) છે. એમ માની શકાય નહિ કે વિદ્યામાં પ્રતિબંધક એવાં પાપોની નિવૃત્તિ તો યજ્ઞાદિથી જ સિદ્ધ છે તેથી આ વિધિ વ્યર્થ છે કારણ કે પ્રતિબંધક પાપો અનન્ત છે; કેટલાંક પાપની નિવૃત્તિ યજ્ઞાદિના અનુષ્ઠાનથી થાય, કેટલાંકની નિવૃત્તિ શ્રવણાનુષ્ઠાનથી એવી વિભાગવ્યવસ્થા કલ્પી શકાય. આમ श्रोतव्यः એ અપૂર્વવિધિ છે અને આ રીતે सहकार्यन्तरविधिः એ અધિકરણના શાङ્કરભાષ્યમાં (૩.૪.૪૭) પાંડિત્યશબ્દથી વાચ્ય શ્રવણને વિષે એ અપૂર્વ છે એમ કહ્યું છે એ સંગત બને છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ શંકાનો નિરાસ કરવા માટે કહ્યું છે કે તાત્પર્ય અંગે ભ્રમ કે સંશયરૂપ પ્રતિબંધક સિવાય કોઈ અન્ય પાપરૂપ પ્રતિબંધકનો નિરાસ શ્રવણનુ ફલ નથી તેથી તે દ્વારા જ્ઞાનને માટે શ્રવણનું વિધાન હોઈ શકે નહિ. શ્રોતવ્યઃ એ અપૂર્વવિધિ છે એ મતનું ખંડન શંકરાચાર્યે આવૃત્ત્યધિકરણ (બ્ર. સૂ. ૪.૧. અધિ. ૧, સૂ. ૧–૨)માં કર્યું છે. વિવરણાદિમાં કહ્યું છે તેમ વેદાન્તશ્રવણનું અન્વય-વ્યતિરેક પ્રમાણથી સિદ્ધ તાત્પર્યભ્રમાદિરૂપ પ્રતિબંધકની નિવૃત્તિ એ દૃષ્ટ ફળ છે તેને આધારે શ્રવણથી જ જ્ઞાન અને પ્રતિબંધક–નિવૃત્તિ કરવાં જોઈએ એવો નિયમવિધિ સંભવે છે; અથવા શાંકરભાષ્યમાં કહ્યું છે તેમ ('સ્વાભાવિક એવા પ્રવૃત્તિના વિષયથી વિમુખ કરવાને માટે'...) બ્રહ્મજ્ઞાનનાં સાધન શ્રવણાદિની સ્તુતિ દ્વારા તેમાં તે પ્રવૃત્તિવિશેષનું કારણ બને છે તેટલા માત્રથી તેનો બ્રહ્મપ્રકરણમાં સમાવેશ કરી શકાતો હોય ત્યારે શ્રોતવ્યઃને અપૂર્વવિધિ માનવો એ બરાબર નથી. ભાષ્યકારે શ્રવણને માટે અપૂર્વ એમ કહ્યું છે તે તો પાક્ષિક અપ્રાપ્તિને ધ્યાનમાં રાખીને કહ્યું છે એવો સંભવ છે. બ્રહ્મજ્ઞાનના સાધન તરીકે બીજું કશું વિકલ્પથી (શ્રવણ અથવા તે બીજું બ્રહ્મજ્ઞાનનું સાધન બની શકે એમ) અથવા સમુચ્ચયથી (શ્રવણ અને તે બીજું સાથે મળીને બ્રહ્મજ્ઞાનના ઉપાય થઈ શકે એમ) પ્રાપ્ત થતું નથી તેથી નિયમવિધિ કે પરિસંખ્યાવિધિ પણ નથી એમ વાચસ્પતિના અનુયાયીઓ માને છે.

(જુઓ ભામતી ૧.૧.૪, પૃ.૧૨૯થી).

**विचारविध्यभावेऽपि विज्ञानार्थतया विधीयमानं गुरूपसदनं दृष्टद्वार-संभवे अदृष्टकल्पनायोगात् गुरुमुखाधीनवेदान्तविचारद्वारैव विज्ञानार्थं पर्यवस्यतीति । अत एव स्वप्रयत्नसाध्यविचारव्यावृत्तिः । अध्ययनविध्य-भावे तूपगमनं विधीयमानमक्षरावाप्त्यर्थत्वेनाविधीयमानत्वान्न तदर्थं गुरुमुखोच्चारणानूच्चारणमध्ययनं द्वारीकरोतीति लिखितपाठादिव्यावृत्त्य-सिद्धेः सफलोऽध्ययननियमविधिः ।**

વિચારવિધિ ન હોય તો પણ વિજ્ઞાનને માટે છે એ તરીકે જેનું વિધાન કરવામાં આવે છે તે ગુરૂપસદન ( ગુરુની પાસે જ્ઞાન માટે જવું ), દૃષ્ટ દ્વાર સંભવતું હોય ત્યાં સુધી અદૃષ્ટની કલ્પના યોગ્ય ન હોવાથી, ગુરુમુખને અધીન વેદાન્તવિચાર દ્વારા જ વિજ્ઞાનાર્થે પર્યવસાન પામશે. એથી જ (ઉપગમનથી જ) સ્વપ્રયત્નથી સાધ્ય વિચારની વ્યાવૃત્તિ પ્રાપ્ત થઈ જાય છે (તેથી ફરી શ્રોતવ્યઃ થી સ્વપ્રયત્નસાધ્ય વિચારની વ્યાવૃત્તિ કરવા માટે તેને નિયમવિધિ માનવાની આવશ્યકતા નથી). જ્યારે અધ્યયનવિધિ ન હોય તો જે ઉપગમનનું વિધાન કરવામાં આવે છે તે અક્ષરગ્રહણને માટે છે એ રીતે તેનું વિધાન કરવામાં નથી આવેલું. તેથી તેને માટે (અક્ષરગ્રહણને માટે) ગુરુમુખે ઉચ્ચારણ પછી અનૂચ્ચારણ (અર્થાત્) અધ્યયનને દ્વાર નથી બનાવતું, તેથી લિખિતપાઠાદિની વ્યાવૃત્તિ સિદ્ધ થતી નથી, માટે અધ્યયન અંગેનો નિયમવિધિ સફલ છે (પ્રયોજનવાળો છે).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ** : શંકા થાય કે ઉપગમન વિધિ એ વિચારવિધિ (श्रोतव्यः)નો અંગભૂત છે જો વિચારવિધિ જ ન હોય તો ઉપગમનવિધિ (तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत्) (મુંડક ઉપ. ૧.૨.૧૨)નું જ અસ્તિત્વ ન હોય આનો ઉત્તર એ છે કે ગુરૂપસદનને બ્રહ્મજ્ઞાનની બાબતમાં દ્વારની અપેક્ષા ઊભી થાય ત્યારે એ લોકસિદ્ધ ગુરુમુખથી સાધ્ય વિચારને દ્વાર તરીકે સ્વીકારી લેશે તેથી श्रोतव्यः એવા વિધિની જરૂર જણાતી નથી અને ગુરૂપસદન અંગેના વિધિને તેનો શેષ કે અંગભૂત માની શકાય નહિ. વિચારની જેમ ઉપગમન પણ વિદ્યાના અંગ તરીકે ઉપપન્ન છે. બીજી બાજુ અધ્યયનવિધિ (स्वाध्यायोऽध्येतव्यः) જ ન હોય તો ઉપગમનનું વિધાન કરવામાં આવ્યું છે તે અક્ષરગ્રહણને માટે છે એ રીતે તેનું વિધાન ન હોવાથી લિખિતપાઠ આદિની વ્યાવૃત્તિ થતી નથી (અક્ષરગ્રહણ એટલે ગુરુ વેદમંત્રનું ઉચ્ચારણ કરે તેની પાછળ શિષ્ય ઉચ્ચારણ કરે અને આ રીતે વેદમંત્રો મોઢે કરી લે તે). ગુરુમુખથી અક્ષરગ્રહણ કરવું એવું વિધાન ઉપગમનવિધિથી નથી તેમ અન્ય વિધિથી પણ નથી તેથી લિખિતપાઠાદિની વ્યાવૃત્તિને માટે અધ્યયન અંગે નિયમવિધિ જરૂરી છે; પણ શ્રવણવિધિ ન માનવાથી કોઈ અતિપ્રસંગ કે અવ્યવસ્થાની સંભાવના નથી.

બીજા વ્યાવર્ત્યનું ખંડન કરે છે :

**न च तात्पर्यादिभ्रमनिरासाय वेदान्तविचारार्थिनः कदाचिद् द्वैतशास्त्रेऽपि प्रवृत्तिः स्यात् तत्रापि तदभिमतयोजनया वेदान्तविचार-सत्त्वात् इत्यद्वैतात्मपरवेदान्तविचारनियमविधिरर्थवानिति वाच्यम् । स्वयमेव तात्पर्यभ्रमहेतोस्तस्य तन्निरासकत्वाभावेन साधनान्तरप्राप्त्यभावात् । तन्निरासकत्वभ्रमेण तत्रापि कस्यचित् प्रवृत्तिः स्यादित्येतावता 'श्रोतव्यः' इति नियमविधेरभ्युपगम इत्यपि न । ईश्वरानुग्रहफलाद्वैतश्रद्धारहितस्य श्रोतव्यवाक्ये पराभिमतयोजनया सद्वितीयात्मविचारविधिपरत्वभ्रमसम्भवेन भ्रमप्रयुक्ताया अन्यत्र प्रवृत्तेर्विधिशतेनाप्यपरिहार्यत्वात् ।**

એવી દલીલ કરવી નહિ કે તાત્પર્યાદિ અંગેના ભ્રમને દૂર કરવા માટે વેદાન્તવિચાર ઇચ્છતા માણસની ક્યારેક દ્વૈતશાસ્ત્રમાં પણ પ્રવૃત્તિ સંભવે છે કારણ કે ત્યાં પણ તેને માન્ય યોજના અનુસાર વેદાન્તનો વિચાર છે. તેથી અદ્વૈત–આત્મપરક વેદાન્તવિચાર અંગેનો નિયમવિધિ સાર્થક છે. (આવી દલીલ યોગ્ય નથી) કારણ કે જે સ્વયં તાત્પર્યભ્રમનું કારણ છે તે તેનું નિરાસક (દૂર કરનારું) હોઈ શકે નહિ; તેથી (અદ્વૈતશાસ્ત્ર સિવાય) અન્ય સાધનની પ્રાપ્તિ નથી (જેની વ્યાવૃત્તિને માટે નિયમવિધિની જરૂર હોય).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શંકા થાય કે (દ્વૈતશાસ્ત્ર) તેનું (તાત્પર્યભ્રમનું) નિરાસક છે એવા ભ્રમથી કોઈની ત્યાં (તેને વિષે) પણ પ્રવૃત્તિ થાય તેટલા પૂરતો (શ્રોતવ્યઃ) નિયમવિધિ માનવો જોઈએ. આ શંકા પણ બરાબર નથી. ઈશ્વરના અનુગ્રહના ફલરૂપ અદ્વૈતમાં શ્રદ્ધા વિનાના માણસને પરાભિમત યોજનાથી (દ્વૈતશાસ્ત્રના વિચારકોએ શબ્દોનો તેમને માન્ય અર્થસંબંધ બતાવ્યો છે તેથી) શ્રોતવ્યઃ વાક્યને વિષે એ સદ્વિતીય એવા આત્માના વિચાર અંગે વિધિપરક છે એવો ભ્રમ સંભવે છે. તેથી ભ્રમને કારણે અન્યત્ર (દ્વૈતશાસ્ત્રને વિષે) પ્રવૃત્તિ થતી હશે તો સો વિધિથી પણ તેનો પરિહાર કરી શકાશે નહિ.

**વિવરણ :** દ્વૈતશાસ્ત્ર (જીવ–બ્રહ્મનો ભેદ માનનાર શાસ્ત્ર) વેદાન્તના તાત્પર્ય અંગે ભ્રમને દૂર કરશે એમ માનીને કોઈ દ્વૈતશાસ્ત્રને વિષે પ્રવૃત્ત થાય તો રોકવા માટે શ્રોતવ્યઃ એવો નિયમવિધિ આવશ્યક છે એમ કેટલાકે દલીલ કરી છે. એનો ઉત્તર આપતાં કહ્યું છે કે દ્વૈતશાસ્ત્ર પોતે તાત્પર્યભ્રમ ઉત્પન્ન કરનાર છે; તે ભ્રમને દૂર કરનાર કેવી રીતે બની શકે. તેથી તાત્પર્યભ્રમનો નિરાસ કરનાર તરીકે અદ્વૈતશાસ્ત્ર સિવાય કોઈ અન્ય પ્રાપ્ત થતું નથી જેની વ્યાવૃત્તિને માટે શ્રોતવ્યઃને નિયમવિધિ તરીકે માન્યતા આપવી પડે. આ જન્મમાં કે અન્ય જન્મોમાં કરેલાં (નિષ્કામ) યજ્ઞાદિથી ચિત્તશુદ્ધિ થઈને વિવિદિષા (જાણવાની ઇચ્છા) જે માણસમાં જાગી હોય અને જે નિત્યાનિત્યવસ્તુવિવેક, ઇહામુત્રાર્થભોગવિરાગ, શમ દમ–ઉપરતિ–તિતિક્ષા–શ્રદ્ધા–સમાધાનરૂપ સાધનસંપત્તિ અને મુમુક્ષુત્વ એ સાધનચતુષ્ટયથી યુક્ત હોય તેને જ શ્રવણનો અધિકાર છે એ નિર્વિવાદ છે. યજ્ઞાદિથી ઉત્પન્ન થયેલું અદૃષ્ટ અંગ સહિત વેદના અધ્યયનથી લબ્ધ વેદાન્તોથી એવો નિશ્ચય ઉત્પન્ન કરાવે છે કે નિષ્પ્રપંચ અદ્વિતીય બ્રહ્મનો સાક્ષાત્કાર મુક્તિનું સાધન છે, અને તેવા બ્રહ્મસાક્ષાત્કારને માટે દૃઢ ઇચ્છા (જેને વિવિદિષા કહે છે તે) ઉત્પન્ન કરીને તે દ્વારા અદ્વિતીય આત્માના સાક્ષાત્કારના સાધનભૂત અદ્વિતીયાત્મશ્રવણાદિમાં મુમુક્ષુની પ્રવૃત્તિ કરાવે છે. આવા માણસમાં એ અદૃષ્ટ જીવથી ભિન્ન આત્માનું જ્ઞાન મુક્તિનું સાધન છે એવો ભ્રમ ઉત્પન્ન કરાવીને ભિન્ન આત્માના જ્ઞાનનાં વિચારાદિ સાધનોને વિષે ઇચ્છા, પ્રવૃત્તિ વગેરે કરાવતુ નથી. સ્મૃતિ પણ કહે છે કે યજ્ઞાદિથી સંપાદિત ઈશ્વરાનુગ્રહ દ્વારા અદ્વૈત બ્રહ્મજ્ઞાનની ઇચ્છારૂપ અદ્વૈતવાસના થાય છે (ईश्वरानुग्रहादेव पुंसामद्वैतवासना). જેને આવી વિવિદિષા કે શ્રદ્ધા ન હોય તેને શ્રવણનો અધિકાર નથી તેથી તેને માટે કોઈ નિયમવિધિની જરૂર નથી. શ્રદ્ધા વિનાનો માણસ અવળે માર્ગે ચઢીને દ્વૈતશાસ્ત્રને વિષે પ્રવૃત્તિ કરવા ધારતો હશે તો તેને સો નિયમ-વિધિ પણ રોકી શકશે નહિ; ઊલટું બીજાઓએ માન્ય રાખેલી યોજનાથી એ માનશે કે આત્મા શ્રોતવ્યઃ એ શ્રુતિમાં 'આત્મા' એ શબ્દ જીવપરક છે, પરમાત્મપરક નથી કારણ કે એની પહેલાંના વાક્ય (आत्मनस्तु कामाय सर्वं प्रियं भवति—બૃહદ્. ઉપ. ૨.૪.૫; ૪.૫.૬)માં જીવની વાત છે 'इदं सर्वं यदयमात्मा' (બૃહદ્. ૨.૪.૬; ૪.૫.૭)માં પણ અદ્વિતીય તત્ત્વનું પ્રતિપાદન નથી કારણ કે જડ પ્રપંચ અને ચેતન પરમાત્માનો અભેદ હોઈ શકે નહિ. ઉક્ત શ્રુતિ અભેદધ્યાનપરક છે, અદ્વૈતપરક નથી. આ પ્રકારની યોજનાથી દ્વૈતવિચારમાં ભ્રમપ્રયુક્ત પ્રવૃત્તિનો સંભવ થતો હોય તો સો નિયમવિધિ પણ તેને રોકી શકે નહિ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

न च व्यापारान्तरनिवृत्त्यर्थो परिसंख्येति वाच्यम् । असन्न्यासिनो व्यापारान्तरनिवृत्तेरशक्यत्वात् । सन्न्यासिनस्तन्निवृत्तेः ब्रह्मसंस्थया सह सन्न्यासविधायकेन 'ब्रह्मसंस्थोऽमृतत्वमेति' इति श्रुत्यन्तरेण सिद्धतया सन्न्यासविधायकश्रुत्यन्तरमपेक्ष्य श्रोतव्यवाक्येन तस्य व्यापारान्तरनिवृत्त्युपदेशस्य व्यर्थत्वात् ।

અને અન્ય વ્યાપારની નિવૃત્તિને માટે (श्रोतव्यः એ) પરિસંખ્યાવિધિ છે એમ ન કહેવું જોઈએ, કારણ કે અસન્યાસીની બાબતમાં અન્ય વ્યાપારની નિવૃત્તિ અશક્ય છે, જ્યારે સન્યાસીને માટે તો બ્રહ્મસંસ્થાની સાથે સંન્યાસનું વિધાન કરનાર 'બ્રહ્મનિષ્ઠ અમૃતત્વ પામે છે' એ બીજી શ્રુતિથી એ (અન્ય વ્યાપારની નિવૃત્તિ) સિદ્ધ હોવાથી, સન્યાસનું વિધાન કરનાર અન્ય શ્રુતિની અપેક્ષાએ श्रोतव्यः એ વાક્યથી તે અન્ય વ્યાપારની નિવૃત્તિનો ઉપદેશ વ્યર્થ છે.

**વિવરણ** : श्रोतव्यः એ પરિસંખ્યાવિધિ છે એમ માનનારને પૂછવું જોઈએ કે એથી ગૃહસ્થાદિને અન્ય વ્યાપારની નિવૃત્તિનો ઉપદેશ આપવામાં આવે છે કે સંન્યાસવિધિથી સિદ્ધ સંન્યાસીને ? અસંન્યાસી એવા ગૃહસ્થાદિને માટે અન્ય વ્યાપારની નિવૃત્તિનો ઉપદેશ સંભવે નહિ કારણ કે તેમને માટે અન્ય કર્મોનું વિધાન કરનાર શ્રુતિઓ છે તેમની સાથે વિરોધ આવી પડે. સંન્યાસીને માટે તો અન્ય વ્યાપારની નિવૃત્તિ સિદ્ધ જ છે તેથી તે ઉપદેશ વ્યર્થ છે. ब्रह्मसंस्थोऽमृतत्वमेति એ બીજી શ્રુતિ બ્રહ્મસંસ્થતા લક્ષણવાળા સંન્યાસાશ્રમનું વિધાન કરે છે એમ બ્રહ્મસૂત્રશાંકરભાષ્ય (૩.૪.૧૪)માં શંકરાચાર્યે પ્રતિપાદિત કર્યું છે.

न च विचारविध्यसम्भवेऽपि विचारविषयवेदान्तनियमविधिः संभवति, भाषाप्रबन्धादिव्यावर्त्यसत्त्वादिति वाच्यम् । सन्निधानादेव वेदान्तनियमस्य लब्धत्वेन विधिविषयत्वायोगात्, 'स्वाध्यायोऽध्येतव्यः' (तै. आ. २.१५) इत्यर्थावबोधार्थनियमविधिबलादेवाध्ययनगृहीतवेदोत्पादितं वेदार्थज्ञानं फलपर्यवसायि, न कारणान्तरोत्पादितमित्यस्यार्थस्य लब्धत्वेन वेदार्थे ब्रह्मणि मोक्षाय ज्ञातव्ये भाषाप्रबन्धादीनामप्राप्तेश्च ।

न च 'सहकार्यन्तरविधिः' इत्यधिकरणे बाल्यपाण्डित्यमौनशब्दितेषु श्रवणमनननिदिध्यासनेषु विधिरभ्युपगत इति वाच्यम् । विचारे विचार्यतात्पर्यनिर्णयहेतुत्वस्य वस्तुसिद्ध्यनुकूलयुक्त्यनुसन्धानरूपे मनने तत्प्रत्ययाभ्यासरूपे निदिध्यासने च वस्त्ववगमवैशद्यहेतुत्वस्य च लोकसिद्धत्वेन तेषु विध्यनपेक्षणात् विधिच्छायार्थवादस्यैव प्रशंसाद्वारा प्रवृत्त्यतिशयकरत्वमात्रेण तत्र विधिव्यवहारात् । एवं च श्रवणविध्यभावात् कर्मकाण्डविचारवत् ब्रह्मकाण्डविचारोऽप्यध्ययनविधिमूल इत्याचार्यवाचस्पतिपक्षानुसारिणः ॥१॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને એવી શંકા કરવી નહિ કે વિચારવિધિનો સંભવ ન હોય તો પણ વિચારના વિષય વેદાન્ત અંગે નિયમવિધિ સંભવે છે કારણ કે ભાષાપ્રબંધાદિ વ્યાવર્ત્ય છે. (આ શંકા બરાબર નથી) કારણ કે સાન્નિધ્યથી જ વેદાન્ત અંગેનો નિયમ પ્રાપ્ત થઈ જાય છે તેથી તે વિધિનો વિષય બને એ બરાબર નથી. અને स्वाध्यायोऽध्येतव्यः' (તૈ. આ. ૨.૧૫) (સ્વાધ્યાયનું અધ્યયન કરવું જોઈએ) એ અર્થના જ્ઞાન માટેના નિયમવિધિના બળે જ 'અધ્યયનથી ગૃહીત વેદથી ઉત્પન્ન કરવામાં આવતું વેદાર્થજ્ઞાન ફલપર્યવસાયી છે, બીજાં કારણોથી ઉત્પન્ન કરવામાં આવતું (જ્ઞાન) નહિ'—આ અર્થ પ્રાપ્ત થતો હોવાથી વેદના અર્થરૂપ બ્રહ્મનું જ્ઞાન જ્યારે મોક્ષને માટે મેળવવાનું હોય ત્યારે ભાષાપ્રબંધાદિની પ્રાપ્તિ નથી તેથી (વ્યાવૃત્તિ કરવાની જરૂર નથી અને તેને માટે નિયમવિધિ માનવાની જરૂર નથી).

અને એવી દલીલ ન કરવી કે '**सहकार्यन्तरविधिः**' એ અધિકરણમાં (બ્ર. સૂ. ૩. ૪. ૪૭–૪૯) 'બાલ્ય', 'પાંડિત્ય', 'મૌન', એ શબ્દોથી વાચ્ય શ્રવણ, મનન, નિદિધ્યાસનને વિષે વિધિ સ્વીકારવામાં આવ્યો છે. (આ દલીલ બરાબર નથી) કારણ કે વિચાર તેના વિષય (વિચાર્ય અર્થાત્ વેદાન્ત)ના તાત્પર્યના નિર્ણયનો હેતુ છે એ, અને વસ્તુની સિદ્ધિને અનુકૂલ યુક્ત્યનુસંધાનરૂપ મનન અને તે જ્ઞાનના અભ્યાસરૂપ નિદિધ્યાસન વસ્તુના જ્ઞાનમાં વૈશદ્યના હેતુ છે એ (હકીકત) લોકસિદ્ધ હોવાથી તેમની (શ્રવણાદિની) બાબતમાં વિધિની જરૂર નથી, તેથી વિધિના જેવા લાગતા અર્થવાદની જેમ પ્રશંસા દ્વારા પ્રવૃત્તિમાં અતિશય (વિશેષતા) કરનાર બને તેટલા માત્રથી તેને વિધિ કહેવામાં આવ્યો છે. આમ શ્રવણ-વિધિ ન હોવાને કારણે કર્મકાંડના વિચારની જેમ બ્રહ્મકાંડનો વિચાર પણ અધ્યયન-વિધિમૂલક છે એમ આચાર્ય વાચસ્પતિના પક્ષને અનુસરનારાઓ કહે છે. (૧)

**વિવરણ** : વિચારના વિષય તરીકે વેદાન્ત અંગે આ નિયમવિધિ છે એ પક્ષનું અહીં ખંડન કર્યું છે. જેણે અંગો સહિત વેદનું અધ્યયન કર્યું છે અને વેદાન્ત (ઉપનિષદ) દ્વારા ઉપર ઉપરથી જ્ઞાત બ્રહ્મના સ્વરૂપ અંગે જેને જિજ્ઞાસા થઈ છે તેને માટે જિજ્ઞાસાના નિવર્તક નિર્ણયાર્થે વિચાર કર્તવ્ય તરીકે પ્રાપ્ત થતાં એ વિચારનો વિષય શોધે છે ત્યારે વેદાન્તો અર્થાત્ ઉપનિષદ્વાક્યો તેના મનમાં રમતાં હોવાથી 'મારે વેદાન્તનો જ વિચાર કરવો જોઈએ' એવી બુદ્ધિ ઉત્પન્ન થાય છે. આમ વિધિ વિના જ વેદાન્ત અંગે નિયમ પ્રાપ્ત થતો હોવાથી તેને વિષે કોઈ નિયમવિધિની જરૂર નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિધિ વિના જ વેદાંત અંગે નિયમ પ્રાપ્ત થાય છે તેને માટે બીજી દલીલ स्वाध्यायोऽध्येतव्यः...થી રજૂ કરે છે. મીમાંસકોના મતનો આધાર લઈને એમ બતાવ્યું છે કે स्वाध्यायोऽध्येतव्यः એ અર્થના જ્ઞાન માટે નિયમવિધિ છે. અધ્યયન–વિધિનું ફળ અક્ષરપ્રાપ્તિ કે અક્ષરગ્રહણ છે એ સિદ્ધાંતમાં પણ જે વાક્યો અધ્યયન દ્વારા પ્રાપ્ત થયાં છે અને જેમનો અર્થજ્ઞાન દ્વારા પુરુષાર્થમાં ઉપયોગ સંભવે છે તે વાક્યોના અર્થનું જ્ઞાન અધ્યયનથી પ્રાપ્ત વાક્યોથી ઉત્પન્ન કરવામાં આવેલું હોય તો જ ફળમાં પર્યવસાન પામે છે. આ જ્ઞાન તેનાથી અતિરિક્ત ભાષાપ્રબંધાદિથી ઉત્પન્ન થયું હોય તો ફળવાળુ નથી હોતું. આ રીતે અધ્યયન-વિધિના ફલરૂપ અક્ષરપ્રાપ્તિ પુરુષાર્થમાં પર્યવસાન પામે છે એમ કહી શકાય તેથી ભાષાપ્રબન્ધાદિ દ્વારા આ સિદ્ધ કરવાનો પ્રસંગ જ આવતો નથી. 'ભાષાપ્રબન્ધાદિ'માં 'આદિ'થી ઇતિહાસ, પુરાણનો નિર્દેશ છે.

**સૂત્રકાર (બાદરાયણ)** અને **ભાષ્યકાર (શંકરાચાર્ય)**ને શ્રવણાદિ અંગે વિધિ માન્ય છે એવું નથી. શ્રવણાદિ વિધિને યોગ્ય ક્રિયા હોય તો પણ એ નિત્ય પ્રાપ્ત હોવાથી વિધેય નથી. **સૂત્ર** અને **ભાષ્ય**માં શ્રવણવિધિ વગેરે શબ્દો પ્રયોજ્યા છે તે ગૌણ અર્થમાં, કારણ કે મુખ્ય અર્થ સંભવતો નથી. એ વિધિના જેવા છે અને પ્રશંસા દ્વારા પ્રવૃત્તિમાં વિશેષતા લાવવા માટે છે તેથી તેમને માટે ગૌણ અર્થમાં વિધિ શબ્દનો પ્રયોગ કર્યો છે. આના જેવું જ એક ઉદાહરણ છે—'विष्णुरुपांशु यष्टव्यः'...'उपांशुयाजमन्तरा यजति' (આગ્નેય અને અગ્નીષોમીય પુરોડાશની વચ્ચે ઉપાંશુયાગ કરવો) એમ કહીને ફરી કહ્યું છે 'विष्णुरुपांशु यष्टव्यः प्रजापतिरुपांशु यष्टव्यः, अग्नीषोमावुपांशु यष्टव्यौ'. અહીં પહેલું જે 'अन्तरा' વચન છે (उपांशुयाजमन्तरा यजति) તે આગ્નેય અને અગ્નીષોમીય પુરોડાશની વચ્ચેના કાળમાં ઉપાંશુયાગનું વિધાન કરે છે તેથી 'विष्णुरुपांशु...' ઇત્યાદિ ત્રણ વાક્યો મંત્રવર્ણથી પ્રાપ્ત વૈકલ્પિક દેવતાનો અનુવાદ (જ્ઞાત હકીકતનો નિર્દેશ) કરીને 'અન્તરા' વાક્યથી વિહિત યાગની સ્તુતિ કરનાર અર્થવાદ જ છે. (જુઓ **પૂર્વમીમાંસા** ૨.૨, અધિ. ૪).

શ્રવણના અધિકારીને શ્રવણ નિત્ય પ્રાપ્ત હોવાથી અને તેના સમકક્ષ તરીકે કોઈ બીજું સાધન વિકલ્પથી કે સમુચ્ચયથી પ્રાપ્ત ન હોવાથી કોઈ વિધિને અવકાશ નથી. આમ બ્રહ્મસાક્ષાત્કાર માટે શ્રવણાદિ નિત્ય પ્રાપ્ત હોઈને વિધિ વિના જ શ્રવણાદિનું અનુષ્ઠાન સિદ્ધ થાય છે એમ પ્રતિપાદન કર્યું છે. આ ચર્ચા પૂરી કરતાં કહ્યું છે કે વિચારનું અનુષ્ઠાન કરાવનાર વિધિની જરૂર હોય તો પણ જેમ ' कर्मवाक्यविचारः कर्तव्यः ' (કર્મવાક્યનો વિચાર કરવો) એવો જુદો વિધિ ન હોવા છતાં પણ અધ્યયનવિધિના બળે જ કર્મકાંડનું શ્રવણ સિદ્ધ થાય છે તેમ વેદાન્તનું શ્રવણ (વેદાન્ત વાક્યવિચાર) પણ તેના બળે જ સિદ્ધ થાય છે; તેથી श्रोतव्यः એ વાક્યમાં જુદા વિચારવિધિની અપેક્ષા નથી. આ **વાચસ્પતિ**ના પક્ષને અનુસરનારાઓનો મત છે. (૧)

' श्रोतव्यः ' એ વાક્યના અર્થના વિચારમાં જ **બ્રહ્મસૂત્ર**ના પ્રથમ સૂત્ર अथातो ब्रह्मजिज्ञासा (૧. ૧. ૧)ના અર્થનો સંગ્રહ થઈ ગયો છે. તેથી ક્રમપ્રાપ્ત બીજા સૂત્ર (जन्माद्यस्य यतः – ૧.૧.૨)ના અર્થનો સંગ્રહ આ પછીની ચર્ચામાં કર્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**विचार्यस्य च ब्रह्मणः जगज्जन्मस्थितिलयकारणत्वं लक्षणमुक्तं 'यतो वा इमानि भूतानि जायन्ते' (तैत्त. ३.१) इत्यादिश्रुत्या । जगज्जन्मस्थितिलयेषु एकैककारणत्वमप्यनन्यगामित्वाल्लक्षणं भवितुमर्हतीति चेत्, सत्यम् । लक्षणत्रयमेवेदं परस्परनिरपेक्षम् । अत एव 'अत्ता चराचरग्रहणात्' (ब्र.सू. अ. १, पा. २, अधि १, सू. ९) इत्याद्यधिकरणेषु प्रत्येकं ब्रह्मलिङ्गतयोपन्यस्तमिति कौमुदीकाराः ।**

જેનો વિચાર કરવાનો છે તે બ્રહ્મનું લક્ષણ કે તે જગતનાં જન્મ, સ્થિતિ અને લયનું કારણ છે 'જેનાથી આ ભૂતો જન્મે છે...' (તૈત્તિ. ઉપ. ૩.૧) ઇત્યાદિ શ્રુતિથી જ કહેવામાં આવ્યું છે. જગતનો જન્મ, (તેની) સ્થિતિ અને (તેનો) લય એમાંથી એક એકનું (કોઈ એકનું) એ કારણ છે એમ કહેવાથી પણ એ બ્રહ્મનું લક્ષણ બનવાને યોગ્ય છે કારણ કે તે (બ્રહ્મ સિવાય) અન્યને લાગુ પડતું નથી (અર્થાત્ લક્ષણમાં અતિવ્યાપ્તિનો દોષ આવતો નથી) એમ કોઈ કહે તો તેનો ઉત્તર છે કે આ વાત સાચી છે. (વાસ્તવમાં) આ એકબીજાથી સ્વતંત્ર એવાં ત્રણ લક્ષણ જ છે. તેથી 'એ અત્તા છે, ચર અને અચરનું ગ્રહણ છે તેથી' (બ્ર. સૂ. ૧.૨.૯) વગેરે અધિકરણોમાં (એ સર્વસંહાર કરનાર છે વગેરે) પ્રત્યેક બ્રહ્મના લિંગ તરીકે રજૂ કરવામાં આવ્યું છે એમ કૌમુદીકાર કહે છે.

**વિવરણ** : 'च'નો પ્રયોગ एवના અર્થમાં કર્યો છે. વ્યાખ્યાકાર તેની યોજના श्रुत्या સાથે કરવાનું કહે છે—શ્રુતિથી જ કહેવામાં આવ્યું છે. 'यतो वा इमानि भूतानि जायन्ते, येन जातानि जीवन्ति, यत् प्रयन्त्यभिसंविशन्ति तद्विजिज्ञासस्व, तद् ब्रह्म' (તૈત્તિ. ઉપ. ૩.૧) એ પૂરું શ્રુતિવાક્ય છે જેમાં यतः માંના यद्‌થી **તૈત્તિરીય ઉપનિષદ**માં નિરૂપિત સત્યજ્ઞાનાનન્દાનન્તાત્મક બ્રહ્મ સમજવાનું છે. આમ यतः માંના यद् શબ્દથી જ બ્રહ્મનું સચ્ચિદાનન્દસ્વરૂપાત્મક સ્વરૂપલક્ષણ મળી જાય છે અને પંચમી વિભક્તિના અર્થમાં પ્રયોજાયેલો तस् પ્રત્યય પ્રકૃતિ (ઉપાદાનકારણ) અને હેતુત્વ સામાન્યનો વાચક છે. ઉપાદાનકારણ તેમ જ કર્તૃકારણ બન્નેને હેતુ કહી શકાય. બ્રહ્મ અભિન્નનિમિત્તોપાદાનકારણ છે એવું લક્ષણ પ્રાપ્ત થાય છે જે બ્રહ્મને જ લાગુ પડે, **સાંખ્ય**ની પ્રકૃતિને નહિ તેથી બ્રહ્મનું એ અસાધારણ કે વ્યાવર્તક લક્ષણ છે અને અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવ દોષોથી મુક્ત છે. 'ભૂત' શબ્દ અહીં કાર્યમાત્રના અર્થમાં છે (भवति इति भूतम्). જેનાથી (અને જેમાંથી) ભૂતો જન્મે છે, સ્થિતિ પ્રાપ્ત કરે છે અને જેમાં લીન થઈને જેની સાથે તાદાત્મ્ય પામે છે તેને જાણવાની ઇચ્છા કર (તેનો સાક્ષાત્કાર કરવાની ઇચ્છા કર). તે બ્રહ્મ છે એમ શ્રુતિ કહે છે. પણ ઇચ્છા માત્રથી સાક્ષાત્કાર થતો નથી તેથી विजिज्ञासस्वનો લક્ષણાથી અર્થ છે કે તેનો સાક્ષાત્કાર કરવા માટે વિચાર કર. જગજ્જન્મકારણત્વ, જગત્સ્થિતિકારણત્વ, જગલ્લયકારણત્વ એ પ્રત્યેક પણ બ્રહ્મનું વ્યાવર્તક લક્ષણ થઈ શકે અને તેમાં પણ અવ્યાપ્તિ, અસંભવ કે અતિવ્યાપ્તિનો દોષ ન રહે કારણ કે બ્રહ્મ એક અખંડ નિત્ય છે, અને બ્રહ્મ સિવાય અન્ય કશું નથી જે જગતનું ઉપાદાનકારણ તેમ જ કર્તૃકારણ હોય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વાસ્તવમાં અહીં બ્રહ્મનાં ત્રણ લક્ષણ જ આપ્યાં છે. **બાદરાયણના બ્રહ્મસૂત્રમાં** પણ અત્તાધિકરણ (બ્ર સૂ. ૧.૨, અધિ.૧, સૂત્ર ૯), અન્તર્યામ્યધિકરણ (૧.૨. અધિ. ૫, સૂ. ૧૮), જગદ્વાચિત્વાધિકરણ (૧.૪, અધિ. ૫. સૂ. ૧૬)માં આવું કોઈ એકજ લક્ષણ કહ્યું છે.

અત્તાધિકરણનું વિષયવાક્ય છે— यस्य ब्रह्म च क्षत्रं चोभे भवतः ओदनः । मृत्युर्यस्योपसेचनं क इत्था वेद यत्र सः (કઠોપનિષદ્ ૨.૨૫) (બ્રાહ્મણ અને ક્ષત્રિય જેનો ભાત છે અને મૃત્યુ જેનું રાયતું છે તેને કોણ આમ જાણે છે કે એ કયાં છે !) આ વાક્ય બ્રહ્મપરક છે. બ્રહ્મ ચરાચરાત્મક સકલ જગત્નો સંહર્તા છે, લયકારણ છે, એમ અહીં કહ્યું છે.

અન્તર્યામ્યધિકરણમાં પરમાત્માને સર્વનો અન્તર્યામી અને જગદ્વાચિત્વાધિકરણમાં તેને સર્વનો કર્તા કહ્યો છે. **કૌમુદીકારના** મતે ઉપર્યુક્ત શ્રુતિમાં બ્રહ્મનાં ત્રણ લક્ષણો છે. હવે બીજાઓનો મત રજૂ કરે છે જે પ્રમાણે આ એક જ લક્ષણ છે.

**अन्ये तु—जन्मकारणत्वस्य स्थितिकारणत्वस्य च निमित्तकारणसाधारण्याद् उपादानत्वप्रत्यायनाय प्रपञ्चस्य ब्रह्मणि लयो दर्शितः । अस्तु ब्रह्म जगदुपादानम्, तज्जन्मनि घटजन्मनि कुलालवत्, तत्स्थितौ राज्यस्थेमनि राजवच्च, उपादानादन्यदेव निमित्तं भविष्यतीति शङ्काव्यवच्छेदाय तस्यैव जगज्जननजीवननियामकत्वमुक्तम् । तथा चैकमेवेदं लक्षणम् अभिन्ननिमित्तोपादानतयाऽद्वितीयं ब्रह्मोपलक्षयतीत्याहुः ।**

જ્યારે **બીજા** કહે છે કે જન્મનું કારણ હોવું અને સ્થિતિનું કારણ હોવું એ નિમિત્તકારણસાધારણ છે તેથી ઉપાદાન (કારણ) છે એમ જણાવવાને માટે પ્રપંચનો બ્રહ્મમાં લય બતાવ્યો છે. શંકા થાય કે ભલે બ્રહ્મ જગત્નું ઉપાદાન હોય, પણ જેમ ઘડાના જન્મમાં કુંભાર તેમ તેના જન્મમાં, અને જેમ રાજ્યની સ્થિરતામાં રાજા તેમ તેની સ્થિતિમાં ઉપાદાનથી જુદું જ નિમિત્ત હશે. આ શંકાના નિરાકરણને માટે તે જગત્-જનનજીવનનિયામક છે એમ કહ્યું છે. અને આમ આ એક જ લક્ષણ છે જે અદ્વિતીય બ્રહ્મને અભિન્નનિમિત્તોપાદાન તરીકે રજૂ કરે છે.

**વિવરણ :** જેનાથી જન્મે અને જેનાથી જીવે એ તો નિમિત્તકારણ પણ હોઈ શકે તેથી એટલું માત્ર કહેવાથી બ્રહ્મ જગતનું ઉપાદાનકારણ છે એવું જ્ઞાત થતું નથી. માટે તે જણાવવા એમ કહ્યું છે કે પ્રપંચનો બ્રહ્મમાં લય થાય છે. તો પછી જગત્નો લય જેમાં છે તે બ્રહ્મ એટલું લક્ષણ પર્યાપ્ત થાત—એવી શંકા થાય, તેના ઉત્તરમાં કહ્યું છે કે સામાન્ય રીતે જન્મકર્તા કે સ્થિતિકર્તા અને ઉપાદાન કારણ જુદાં હોય છે. કુંભાર ઘટના ઉપાદાન કારણ માટીથી જુદો છે તેમ જગત્ના જન્મમાં પણ ઉપાદાનકારણ બ્રહ્મથી જુદું કોઈ નિમિત્તકારણ હોવું જોઈએ, અથવા રાજ્યની પાલનરૂપ સ્થિરતામાં પાલનીય પ્રજારૂપ ઉપાદાનથી અતિરિક્ત નિયન્તા રાજા હોય છે તેમ જગત્ના ઉપાદાન બ્રહ્મથી અલગ કોઈ સ્થિતિહેતુભૂત નિયામક હોવો જોઈએ એવી શંકા થાય તેથી અહીં લયની સાથે સ્થિતિ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને જન્મના કારણ તરીકે બ્રહ્મનું પ્રતિપાદન કર્યું છે. આ એક જ લક્ષણ છે. (ત્રણ જુદાં જુદાં લક્ષણોનો સંકુલ નહિ) અને તેનાથી જગત્‌નું જે એક અભિન્ન નિમિત્ત અને ઉપાદાન કારણ છે એ બ્રહ્મ એમ પ્રતિપાદિત કર્યું છે. આથી એમ પણ સમજાય છે કે બ્રહ્મ એક છે અને તેના સિવાય બીજું કશું નથી. તે સર્વજ્ઞ છે અને તે ઉપાદાનકારણ છે કારણ કે તે સિવાય જન્મસ્થિતિલયકારણત્વ સંભવે નહિ.

**ब्रह्मणश्च उपादानत्वम् अद्वितीयकूटस्थचैतन्यरूपस्य न परमाणूनामिवारम्भकस्वरूपम्, न वा प्रकृतेरिव परिणामिस्वरूपम्, किं त्वविद्यया वियदादिप्रपञ्चरूपेण विवर्तमानत्वलक्षणम् ।**

**वस्तुनस्तत्समसत्ताकोऽन्यथाभावः परिणामः, तदसमसत्ताको विवर्त्तः इति वा, कारणसलक्षणोऽन्यथाभावः परिणामः, तद्विलक्षणो विवर्त इति वा, कारणाभिन्नं कार्यं परिणामः, तदभेदं विनैव तद्व्यतिरेकेण दुर्वचं कार्यं विवर्त इति वा विवर्तपरिणामयोर्विवेकः ।**

બ્રહ્મ ઉપાદાન કારણ છે એનો અર્થ એ નહિ કે અદ્વિતીય કૂટસ્થ ચૈતન્યરૂપ બ્રહ્મ પરમાણુઓની જેમ આરંભક છે (નવી અને પોતાથી જુદી ભિન્ન વસ્તુ ઉત્પન્ન કરનારું છે), અથવા પ્રકૃતિની જેમ એ પરિણામ પામનારું છે. પણ તેનો અર્થ એ છે કે અવિદ્યાથી આકાશ આદિ પ્રપંચરૂપે તે વિવર્તમાન છે.

પરિણામ એટલે (ઉપાદાન મનાતી) વસ્તુનો તેની સાથે સમ સત્તાવાળો અન્યથાભાવ (તેનો અવસ્થાવિશેષ); તેની સાથે અસમ સત્તાવાળો અન્યથાભાવ તે વિવર્ત. અથવા કારણનાં લક્ષણવાળો અન્યથાભાવ તે પરિણામ: તેનાથી વિલક્ષણ જુદાં લક્ષણવાળો) અન્યથાભાવ તે વિવર્ત. અથવા કારણથી અભિન્ન હોઈને કાર્ય હોવું તે પરિણામ; તેનાથી (વસ્તુતઃ) અભેદ વિના જ તેનાથી ભેદથી જેનું પ્રતિપાદન થઈ ન શકે તેવું કાર્ય તે વિવર્ત—આ પ્રમાણે વિવર્ત અને પરિણામનો વિવેક (ભેદ) છે.

**વિવરણ** : પ્રશ્ન થાય કે બ્રહ્મને જગત્‌નું ઉપાદાન કારણ કહ્યું છે તે કયા અર્થમાં? **ન્યાય–વૈશેષિક** મતમાં માટીના પરમાણુ ઘટના આરંભક છે, પોતાનાથી જુદી અને તે પહેલાં વિદ્યમાન નહીં એવી વસ્તુને ઉત્પન્ન કરે છે તે અર્થમાં બ્રહ્મ જગત્‌નું ઉપાદાન કારણ છે? કે **સાંખ્ય–યોગ** દર્શનમાં પ્રધાન પરિણામ પામી, વિકારી બની પોતાથી અભિન્ન એવું વાસ્તવિક કાર્ય ઉત્પન્ન કરે છે તે અર્થમાં? કે રજ્જુ તેના પર આરોપિત સર્પનું વિવર્તાધિષ્ઠાનરૂપ કારણ છે તે અર્થમાં બ્રહ્મ જગત્‌નું ઉપાદાન કારણ છે? બ્રહ્મ એક અને અદ્વિતીય છે તેથી તે આરંભક કારણ ન હોઈ શકે, તેની સાથે કોઈ બીજું હોય તો બે પરમાણુના સંયોગના જેવું અસમવાયિ કારણ મળતાં તે આરંભક કારણ બની શકે. વળી બ્રહ્મ કૂટસ્થનિત્ય હોવાથી તેનામાં જન્મ કે પરિણામનો સંભવ નથી, અન્યથા તે વિકારી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બની જાય અને શ્રુતિસિદ્ધ કૂટસ્થત્વનો બાધ થાય. માટે બ્રહ્મ જગતનું વિવર્તાધિષ્ઠાન છે, જેમ રજ્જુ સર્પનું છે.

**ન્યાય-વૈશેષિકના આરંભવાદ**માં આરંભક કારણ અને આરબ્ધ કાર્ય તદ્દન ભિન્ન માનવામાં આવે છે જ્યારે **અદ્વૈતસિદ્ધાંત**માં બ્રહ્મ અને તેના વિવર્તરૂપ પ્રપંચનો અભેદ સ્વીકારવામાં આવે છે. તેથી આરબ્ધ કાર્ય અને વિવર્તનો ભેદ સ્પષ્ટ સમજાય તેવો છે. પણ **પરિણામવાદ**માં **અદ્વૈતસિદ્ધાન્તની** જેમ પરિણામી (કારણ) અને પરિણામ(કાર્ય)નો અભેદ માનવામાં આવે છે તેથી પરિણામ અને વિવર્તનો ભેદ સ્પષ્ટ સમજવો જોઈએ. આ ભેદ બતાવવા માટે બંનેનાં લક્ષણ આપ્યાં છે. (i) ઉપાદાન મનાતી વસ્તુનો તેની સાથે સમ સત્તાવાળો અન્યથાભાવ (અર્થાત્ પૂર્વરૂપની અપેક્ષાએ બીજા રૂપે રહેવું તે, અવસ્થાવિશેષ) તે પરિણામ, જેમ કે દહીં દૂધના પરિણામરૂપ છે, કે ઘટ માટીના પરિણામરૂપ છે. જ્યારે ઉપાદાન મનાતી વસ્તુની સત્તાથી વિષમ સત્તાવાળા હોઈ તેના અવસ્થાવિશેષરૂપ હોવું તે વિવર્તત્વ; જેમ કે સર્પ રજ્જુનો વિવર્ત છે, ઘટાદિ પ્રપંચ બ્રહ્મચૈતન્યનો વિવર્ત છે. રજ્જુની વ્યાવહારિક સત્તા છે જ્યારે સર્પની પ્રાતિભાસિક સત્તા છે. આમ બંનેની સત્તા વિષમ છે. એ જ રીતે પ્રપંચની વ્યાવહારિક સત્તા છે જ્યારે બ્રહ્મચૈતન્યની ત્રિકાલ-અબાધિત એવી પારમાર્થિક સત્તા છે તેથી બન્નેની વિષમ સત્તા છે.

હવે જો કોઈ એમ દલીલ કરે કે સત્તા તો એકરૂપ જ હોય-બ્રહ્મસ્વરૂપ સત્તા, તેને ત્રિવિધ કેવી રીતે માની શકાય તો ઉપર આપેલું લક્ષણ અયોગ્ય ઠરે. તેથી બીજું લક્ષણ આપ્યું છે—(ii) ઉપાદાન મનાતી વસ્તુનાં લક્ષણોવાળો હોઈને તેનો અવસ્થા-વિશેષ હોય તે પરિણામ અને તેનાથી વિલક્ષણ હોઈને તેનો અવસ્થાવિશેષ હોય તે વિવર્ત. ઘટ અને માટીનાં એ જ લક્ષણ છે—પૃથ્વીત્વ, જડત્વ આદિ; તેથી ઘટ માટીના પરિણામરૂપ છે. જ્યારે બ્રહ્મ ચિત્સ્વરૂપ છે પણ પ્રપંચ જડ છે તેથી પ્રપંચ બ્રહ્મનો વિવર્ત છે. શુક્તિરજતાદિમાં પણ શુક્તિથી અવચ્છિન્ન ચૈતન્ય પર અધ્યાસ માનવામાં આવ્યો છે. આમ જડમાત્ર ચૈતન્યનો વિવર્ત છે અને તેનાથી વિલક્ષણ છે તેથી આ લક્ષણની સંગતિ છે એમ વ્યાખ્યાકાર સમજાવે છે. આટલું જટિલ બનાવ્યા સિવાય પણ કહી શકાય કે શુક્તિનું કોઈ લક્ષણ રજતમાં નથી આવતું તેથી ઉપાદાન કારણ મનાય છે તે શુક્તિથી રજત વિલક્ષણ છે માટે તેનો વિવર્ત છે. ઘટમાં માટીનું પૃથ્વીત્વ વગેરે આવે છે તેથી એ સલક્ષણ અવસ્થાવિશેષ હોઈને પરિણામ છે. (iii) ત્રીજું લક્ષણ પણ આપવામાં આવ્યું છે—કારણથી અભિન્ન હોઈને જે તેનું કાર્ય હોય તે પરિણામ; જ્યારે વસ્તુતઃ અભેદ ન હોવા છતાં પણ તેનાથી ભિન્ન તરીકે જેનું નિરૂપણ ન કરી શકાય તે વિવર્ત. રજત અને શુક્તિનો અભેદ નથી અને તેમ છતાં રજતને શુક્તિથી ભિન્ન કહી શકાય નહિ, કારણ કે તે અધિષ્ઠાન ન હોય તો રજત પણ ન ભાસે. તેથી રજત શુક્તિના વિવર્તરૂપ છે. પ્રપંચનો બ્રહ્મચૈતન્ય સાથે વસ્તુતઃ અભેદ નથી તેમ છતાં ભેદ છે એમ પણ ન કહેવાય તેથી તે વિવર્તરૂપ છે. આ વિવર્ત અવિદ્યાને લઈને થાય છે.

પરિણામવાદી **સાંખ્યો** માને છે કે કારણમાં કાર્ય અવ્યક્તરૂપે રહેલું જ હોય છે; તેની ઉત્પત્તિ એટલે માત્ર અભિવ્યક્તિ. આમ ઉત્પત્તિની પહેલાં કાર્ય કારણથી અભિન્ન હોઈને ઉત્પત્તિ પછી પણ અભિન્ન જ છે. જ્યારે **ન્યાય-વૈશેષિક** દર્શન માને છે કે કાર્ય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને કારણ ભિન્ન જ હોવાં જોઈએ અને તો જ એક કાર્ય હોઈ શકે અને બીજું કારણ, વળી તેમની અર્થક્રિયામાં પણ ભેદ છે. માટી ઘટને ઉત્પન્ન કરી શકે છે જ્યારે ઘટ ઘટને ઉત્પન્ન કરી શકતો નથી. ઘટ પાણી લાવી શકે જ્યારે માટી એ કામ નથી કરી શકતી. આમ બન્ને ભિન્ન છે. **અદ્વૈતવેદાન્તી** માને છે કે ઉપરની દલીલોને કારણે કાર્યને ભિન્ન કે અભિન્ન તરીકે નિરૂપી શકાય નહિ તેથી કાર્ય માત્ર વિવર્ત છે, એ અનૃત છે. માત્ર કારણ સત્ય છે. માટી વગેરે પણ બ્રહ્મનાં કાર્ય મનાય છે તેથી સર્વ પ્રપંચ અનૃત છે. માત્ર બ્રહ્મનું ત્રિકાલ-અબાધિત પરમાર્થ સત્ત્વ છે. શ્રુતિ કહે છે તેમ ઘટાદિ વિકારોનો વાણીથી વ્યવહાર થાય છે, તે નામ માત્ર છે, વાસ્તવમાં નથી, તે અનૃત છે—वाचारम्भणं विकारो नामधेयम्. કારણ જ સત્ય છે. આમ બ્રહ્મ એકમાત્ર પરમાર્થ વસ્તુ છે અને સકલ પ્રપંચ અનિર્વચનીય હોઈને વિવર્ત છે, અનૃત છે.

**अथ शुद्धं ब्रह्म उपादानमिष्यते, ईश्वररूपं जीवरूपं वा । अत्र सङ्क्षेपशारीरकानुसारिणः केचिदाहुः–शुद्धमेवोपादानम् । जन्मादिसूत्रतद्भाष्ययोरुपादानत्वस्य ज्ञेयब्रह्मलक्षणत्वोक्तेः । तथा च 'आत्मन आकाशः सम्भूतः' (तैत्ति. २.१) इत्यादिकारणवाक्येषु शबलवाचिनामात्मादिशब्दानां शुद्धे लक्षणैवेति ।**

હવે (પ્રશ્ન થાય કે) શુદ્ધ બ્રહ્મ ઉપાદાન તરીકે સ્વીકારવામાં આવે છે કે ઈશ્વરરૂપ બ્રહ્મ કે જીવરૂપ બ્રહ્મ. આ બાબતમાં **સંક્ષેપશારીરક**ને અનુસરનારા કેટલાક કહે છે કે શુદ્ધ બ્રહ્મ જ ઉપાદાન છે, કારણ કે જન્માદિસૂત્ર અને તેના ભાષ્યમાં ઉપાદાન હોવું એને જ્ઞેય બ્રહ્મના લક્ષણ તરીકે કહ્યું છે. અને તે પ્રમાણે 'આત્મામાંથી આકાશ ઉત્પન્ન થયું' (તૈત્તિ. ૨.૧) ઈત્યાદિ કારણવાક્યોમાં શબલવાચી (માયાશબલ બ્રહ્મ કે સર્વજ્ઞ સર્વશક્તિમાન ઈશ્વરના વાચક) 'आत्मन्' વગેરે શબ્દોનો લક્ષણાથી 'શુદ્ધ બ્રહ્મ' જ અર્થ છે.

**વિવરણ** : यतो वा इमानि भूतानि...એ વાક્યના બાકીના ભાગમાં, જેનું લક્ષણ આપ્યું છે તેને જિજ્ઞાસ્ય કહ્યું છે (तद्विजिज्ञासस्व) અને જિજ્ઞાસ્ય તો શુદ્ધ બ્રહ્મ જ હોઈ શકે તેથી શુદ્ધ બ્રહ્મ જ ઉપાદાન કારણ છે અને કોઈ શંકાને અવકાશ હોવો જોઈએ નહિ. પણ तत् त्वमसि જેવાં વાક્યોમાં तत् અર્થાત્ ઈશ્વર અને त्वम् અર્થાત્ જીવને પણ શુદ્ધ બ્રહ્મના જ્ઞાનના હેતુ તરીકે જિજ્ઞાસ્ય માન્યા છે તેથી તેમને વિષે એવી શંકા સંભવે છે કે આ જીવ અને ઈશ્વર પણ અભિન્નનિમિત્તોપાદાન કારણ હોઈ શકે તેથી અહીં પ્રશ્ન કર્યો છે. કેટલાક વેદાન્તીઓનાં વચનોમાં ત્રિવિધ ચૈતન્ય (જીવ, ઈશ્વર, વિશુદ્ધ ચિત્ તત્ત્વ) જાણીતું છે તેમાંથી ઉપાદાન કયું? **સંક્ષેપશારીરક** ગ્રંથના કર્તા **સર્વજ્ઞાત્મમુનિ**ને અનુસરનારાઓ માને છે કે શુદ્ધ બ્રહ્મ જ ઉપાદાન છે, જીવ કે ઈશ્વર નહીં. બ્રહ્મસૂત્રના પ્રથમ સૂત્રમાં શુદ્ધ બ્રહ્મનો જિજ્ઞાસ્ય તરીકે ઉલ્લેખ છે તેથી એ શુદ્ધ બ્રહ્મનું જ જન્માદિસૂત્રમાં લક્ષણ આપ્યું છે [जन्माद्यस्य यतः १.१.२.—જેમાંથી આ (જગત્પ્રપંચ)ની ઉત્પત્તિ વગેરે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે તે (આ) બ્રહ્મ (અર્થાત્ શુદ્ધ બ્રહ્મ જે જિજ્ઞાસ્ય છે)]. આમ **સૂત્ર** અને તેના **ભાષ્ય** અનુસાર પણ શુદ્ધ બ્રહ્મ જ ઉપાદાન છે. અને એ રીતે વિચાર કરતાં જગત્‌નું કારણ બતાવનાર વાક્યો છે જેવાં કે आत्मनः आकाशः संभूतः...' 'सोऽकामयत', 'यः सर्वज्ञः सर्ववित्...' વગેરે, ત્યાં પણ જગત્‌ના ઉપાદાન તરીકે શુદ્ધ બ્રહ્મનો જ ઉલ્લેખ કર્યો છે એમ માનવું જોઈએ. અલબત્ત આ आत्मन् વગેરેથી ઈશ્વરરૂપ બ્રહ્મનું અભિધાન થતું હોય એમ લાગે કારણ કે જ્ઞાનક્રિયાકર્તા, ઇચ્છા કરનાર માયા શબલ બ્રહ્મન્ અથવા ઈશ્વર જ હોઈ શકે. શુદ્ધ બ્રહ્મ તો કામાદિથી રહિત અને કૂટસ્થ છે. પણ ઉપરની દલીલ ધ્યાનમાં લેતાં आत्मन् વગેરે શબ્દોનો વાચ્યાર્થ (માયા શબલ બ્રહ્મ) લઈ ન શકાય તેથી લક્ષણાથી 'શુદ્ધ બ્રહ્મ' જ અર્થ છે. આમ **સર્વજ્ઞાત્મમુનિ**ના મત અનુસાર શુદ્ધ બ્રહ્મ જગતનું ઉપાદાન કારણ છે. જુઓ—

निमित्तं च योनिश्च यत्कारणं तत् परब्रह्म सर्वस्य जन्मादिभाजः ।
इति स्पष्टमाचष्ट एषा श्रुतिर्नः कथं सिद्धवल्लक्षणं सिद्धिबाह्यम् ॥

(**संक्षेपशारीरक** १.५३२) (જન્માદિવાળાં સર્વનું જે ઉપાદાન અને નિમિત્ત કારણ છે તે પરબ્રહ્મ એમ આ શ્રુતિ આપણને સ્પષ્ટ કહે છે. આ સિદ્ધના જેવું લક્ષણ સિદ્ધિથી બાહ્ય કેવી રીતે હોઈ શકે? (લક્ષણ આપતાં સિદ્ધ હકીકતોનો જ ઉલ્લેખ કરવામાં આવે છે, તો આ સિદ્ધ નથી એમ કેવી રીતે હોઈ શકે?). જુઓ વળી **સંક્ષેપશારીરક** ૧.૫૧૯).

विवरणानुसारिणस्तु 'यः सर्वज्ञः सर्ववित् यस्य ज्ञानमयं तपः, तस्मादेतद् ब्रह्म नाम रूपमन्नं च जायते' (मुण्डक १.१९) इति श्रुतेः सर्वज्ञत्वादिविशिष्टं मायाशबलमीश्वररूपमेव ब्रह्म उपादानम् ।

अत एव भाष्ये 'अन्तस्तद्धर्मोपदेशात्' (ब्र.सू. १.१.२०), सर्वत्र प्रसिद्धोपदेशात् (ब्र.सू. १.२.१) इत्याद्यधिकरणेषु "सैव ऋक् तत्साम तदुक्थं तद्यजुस्तद्ब्रह्म' (छा.उप. १.७.५), "सर्वकर्मा सर्वकामः सर्वगन्धः सर्वरसः" (छा. उप. ३,१४.२,३) इत्यादिश्रुत्युक्तं सर्वोपादनत्वप्रयुक्तं सार्वात्मकत्वं जीवव्यावृत्तमीश्वरलिङ्गमित्युपवर्णितम् ।

जीवेश्वरानुस्यूतचैतन्यमात्रस्य सर्वोपादनत्वे तु न तज्जीवव्यावृत्तमीश्वरलिङ्गं स्यात् । सङ्क्षेपशारीरके शबलोपादानत्वनिराकरणमपि मायाविशिष्टोपादानत्वनिराकरणाभिप्रायम्, न तु निष्कृष्टेश्वररूपचैतन्योपादानत्वनिराकरणपरम् । तत्रैव प्रथमाध्यायान्ते जगदुपादानत्वस्य तत्पदार्थवृत्तित्वोक्तेः । एवं च ईश्वरगतमपि कारणत्वं तदनुगतमखण्डचैतन्यं शाखाचन्द्रमसमिव तटस्थतयोपलक्षितुं शक्नोतीति तस्य ज्ञेयब्रह्मलक्षणत्वोक्तिरिति मन्यन्ते ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્યારે વિવરણને અનુસરનાર માને છે કે 'જે સર્વજ્ઞ, સર્વવિત્ છે, જેનું જ્ઞાનમય તપ છે. તેમાંથી આ હિરણ્યગર્ભ, નામ, રૂપ અને અન્ન ઉત્પન્ન થાય છે' (મુંડક ૧.૧.૯) એ શ્રુતિ છે, તેથી સર્વજ્ઞત્વાદિથી વિશિષ્ટ માયાશબલ ઈશ્વરરૂપ જ બ્રહ્મ ઉપાદાન છે (શુદ્ધ બ્રહ્મ કે જીવરૂપ બ્રહ્મ ઉપાદાન નથી).

તેથી જ 'अन्तस्तद्धर्मोपदेशात्' (બ્ર.સૂ. ૧.૧ ૨૦) [(આદિત્યાદિની) અંદર રહેલો પુરુષ ઈશ્વર છે કારણ કે તેના ધર્મોનો ઉપદેશ છે.], 'सर्वत्र प्रसिद्धोपदेशात्' (બ્ર. સૂ ૧.૨.૧) [(મનોમયત્વાદિ ગુણવાળું બ્રહ્મ ઉપાસ્ય છે) કારણ કે (વેદાંતમાં) સર્વત્ર પ્રસિદ્ધ બ્રહ્મનો ઉપદેશ છે] વગેરે અધિકરણોમાં 'એ જ ઋક્ છે, એ સામ છે, એ ઉકથ છે, એ યજુસ્ છે, એ વેદ છે,' (છા. ઉપ. ૧.૭.૫), 'સર્વ પરિસ્પન્દવાળો, સર્વકામ, સર્વગન્ધ, સર્વરસવાળો છે.' (છા ઉપ. ૩.૧૪,૨, ૩) ઇત્યાદિ શ્રુતિમાં કહેલું સર્વોપાદાનત્વથી પ્રયુક્ત સર્વાત્મકત્વ એ જીવવ્યાવૃત્ત (જીવમાં નહીં રહેલું) એવું ઈશ્વરનું લિંગ છે એમ (શાંકર) ભાષ્યમાં પ્રતિપાદિત કર્યું છે. પણ જો જીવ અને ઈશ્વર (બંનેમાં) અનુસ્યૂત કેવલ (શુદ્ધ) ચૈતન્ય સર્વનું ઉપાદાન હોય તો તે જીવવ્યાવૃત્ત એવું ઈશ્વરનું લિંગ ન હોઈ શકે. સંક્ષેપશારીરકમાં માયાશબલ(ચૈતન્ય)ની ઉપાદાન-કારણતાનું ખંડન કર્યું છે. ત્યાં માયાવિશિષ્ટની ઉપાદાનકારણતાનું ખંડન અભિપ્રેત છે, પણ નિષ્કૃષ્ટ (માયાથી વિવિક્ત બિંબ એવા) ઈશ્વરરૂપ ચૈતન્યની ઉપાદાન-કારણતાનું ખંડન અભિપ્રેત નથી. કારણ કે ત્યાં જ પ્રથમ અધ્યાયના અંતે કહ્યું છે કે तत् પદથી વાચ્ય ઈશ્વરમાં જગતની ઉપાદાનતા રહેલી છે. આમ ઈશ્વરમાં હોઈને પણ (ઉપાદાન) કારણતા તેનાં અનુગત અખંડ ચૈતન્યનું શાખા–ચન્દ્રમાની જેમ તટસ્થરૂપે ઉપલક્ષણ બની શકે છે. તેથી જ્ઞેય બ્રહ્મના લક્ષણ તરીકે તેનું કથન કર્યું છે એમ વિવરણને અનુસરનારા માને છે.

**વિવરણ** : **વિવરણકાર**ના મતે માયાશબલ ઈશ્વરરૂપ બ્રહ્મ જગતનું કારણ છે. આ જગદુપાદાનભૂત તત્ત્વનાં સર્વજ્ઞ, સર્વવિત્, સર્વેશ્વર એવાં વિશેષણો છે તેથી એ સ્પષ્ટ છે કે આવા ગુણોથી યુક્ત ઈશ્વરરૂપ બ્રહ્મ ઉપાદાન છે. **શંકરાચાર્ય**ને પણ આ જ માન્ય છે એમ તેમના બ્ર. સૂ. **શાઙ્કરભાષ્ય** પરથી સ્પષ્ટ દેખાય છે. ત્યાં ઈશ્વર સર્વનું ઉપાદાન છે અને તેથી સર્વાત્મક છે એમ બતાવ્યું છે. જે સર્વોપાદાન હોય તે જ સર્વાત્મક હોય, અન્ય નહિ કારણ કે ઉપાદાન અને ઉપાદેયનું તાદાત્મ્ય છે. જો પ્રતિબિંબત્વથી વિશિષ્ટ ચૈતન્યરૂપ જીવમાં કે બિંબત્વથી વિશિષ્ટ ચૈતન્યરૂપ ઈશ્વરમાં વિશેષ્ય તરીકે અનુસ્યૂત શુદ્ધ ચૈતન્યરૂપ બ્રહ્મ સર્વોપાદાન હોય તો તે જ સર્વાત્મક હોય, ઈશ્વર નહિ અને એમ હોય તો ભાષ્યમાં સર્વાત્મકત્વ એ જીવવ્યાવૃત્ત ઈશ્વરલિંગ છે એવું પ્રતિપાદિત ન થયું હોત.

એવી દલીલ કરી શકાય નહિ કે વિશેષ્ય એવા શુદ્ધ બ્રહ્મમાં રહેલું સર્વાત્મકત્વ બિંબત્વથી વિશિષ્ટ ચૈતન્યરૂપ ઈશ્વરના લિંગ તરીકે ભાષ્યમાં વર્ણવવામાં આવ્યું છે. આ દલીલ બરાબર નથી કારણ કે એવું જો હોય તો એ જીવવ્યાવૃત્ત ન હોય—વિશેષ્યનો ધર્મ સર્વાત્મકત્વ જેમ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઈશ્વરનો ધર્મ હોઈ શકે તેમ જીવનો ધર્મ હોઈ શકે; જ્યારે અહીં તો સર્વાત્મકત્વને ઈશ્વરનું જ લિંગ કહ્યું છે.

છાન્દોગ્ય ઉપનિષદ્‌માં શ્રુતિ છે—य एषोऽन्तरादित्ये हिरण्मयः पुरुषो दृश्यते हिरण्यश्मश्रुः हिरण्यकेशः आप्रणखात् सर्व एव सुवर्णः...तस्य ऋक् च साम च गेष्णौ...य एषोऽन्तरक्षिणि पुरुषो दृश्यते सैव ऋक् तत् साम तदुक्थं तद्यजुः तद्ब्रह्म ..तद्य इमे वीणायां गायन्ति एतं ते गायन्ति '(છા. ઉપ. ૧.૬ ૭) જે સુવર્ણમય (જ્યોતિર્મય) પુરુષ આદિત્યમાં છે', 'જે આ પુરુષ આંખમાં દેખાય છે...વગેરેમાં આ પુરુષને ઉપાસ્ય કહ્યો છે તેથી આદિત્યાદિ સ્થાનનો ઉલ્લેખ છે. એ ઋક્ છે, સામ છે ઇત્યાદિ અર્થાત્ તે સર્વવેદાત્મક છે અને વેદમાં સ્તુત્ય ઇન્દ્રાદ્યાત્મક છે વીણામાં જે આ સર્વે ગાય છે તે આને જ ગાય છે અર્થાત તે સર્વ-લૌકિકપુરુષાત્મક છે. તાત્પર્ય એ છે કે એ સર્વાત્મક છે. अन्तस्तद्धर्मोपदेशात् અધિકરણમાં શંકા કરી છે કે આ પુરુષ મંડલાભિમાની દેવતાવિશેષ છે કે નિત્યસિદ્ધ પરમેશ્વર છે. સિદ્ધાન્ત તરીકે સિદ્ધ કર્યું છે કે સર્વાત્મકત્વ ઈશ્વરનો જ ધર્મ હોઈ શકે કારણ કે તે જ સર્વોપાદાન છે. સાધકના અનુગ્રહાર્થે ઇચ્છાવશાત્ ઈશ્વરને પણ માયામાં રહેલા શુદ્ધસત્ત્વાંશના પરિણામરૂપ શરીર સંભવે છે.

એ જ રીતે 'सर्वत्र प्रसिद्धोपदेशात्'માં सर्वं खल्विदं ब्रह्म . स क्रतुं कुर्वीत...मनोमयः प्राणशरीरः भारूपः सत्यसङ्कल्पः आकाशात्मा, सर्वकर्मा सर्वकामः सर्वगन्धः सर्वरसः सर्वमिदमभ्यात्तोऽवाक्यनादरः । एष म आत्मान्तर्हृदये...' આ શ્રુતિમાં વર્ણિત તત્ત્વ જીવ છે કે પરબ્રહ્મ એવી શંકા છે. પૂર્વપક્ષ પ્રમાણે મનોમયત્વ, પ્રાણશરીરત્વ વગેરે જીવમાં જ સંભવે, જ્યારે સિદ્ધાન્ત છે કે મનોમયત્વાદિ ગુણવાળા બ્રહ્મનો જ ઉપાસ્ય તરીકે નિર્દેશ છે. કારણ કે વેદાન્તમાં સર્વત્ર પ્રસિદ્ધ બ્રહ્મનો ઉપદેશ છે. (મનોમય=મનઃપ્રધાન; અવાકી=વાગિન્દ્રિયશૂન્ય અર્થાત્ કર્મેન્દ્રિયશૂન્ય; અનાદર=કામશૂન્ય અર્થાત્ મન વિનાનો અર્થાત્ જ્ઞાનેન્દ્રિય વિનાનો; સર્વકર્મા=સર્વપરિસ્પન્દવાળો). પરિસ્પંદ, ગંધ, રસ, ઇચ્છા વગેરે હોવાં એ એનાં આશ્રયભૂત વાયુ, પૃથ્વી વગેરે ભૂતો સાથેના તાદાત્મ્ય વિના ન સંભવે. તે સર્વને વ્યાપીને રહેલો છે (सर्वमिदमभ्यात्त.). સર્વોપાદાનત્વ અને તેને લીધે સર્વાત્મકત્વનો આ નિર્દેશ એ જીવમાં નહિ પણ પરમેશ્વરમાં જ ઉપપન્ન છે.

જો શુદ્ધ ચૈતન્યરૂપ બ્રહ્મ ઉપાદાન તરીકે અભિપ્રેત હોત તો જેમ આ અખંડ શુદ્ધ ચૈતન્ય ઈશ્વરમાં અનુસ્યૂત છે તેમ જીવમાં પણ અનુસ્યૂત છે તેથી આ સર્વોપાદાનત્વથી પ્રયુક્ત સર્વાત્મકત્વ ઈશ્વરનું જ લિંગ છે, જીવનું નહિ એમ ન કહી શકાત. પણ ઈશ્વરના જ લિંગ તરીકે તેનું પ્રતિપાદન છે તે બતાવે છે કે **શંકરાચાર્ય**ના મતે ઈશ્વરરૂપ બ્રહ્મ ઉપાદાનકારણ છે.

અહીં પ્રશ્ન થાય કે **સંક્ષેપશારીરક**મ માયાશબલનું ઉપાદાન તરીકે ખંડન છે તેનું શું સમજવું. તેના ઉત્તર આપતાં કહ્યું છે કે ત્યાં પણ બિંબભૂત ઈશ્વરના વિશેષણ તરીકે માયાનો પણ ઉપાદાનકારણ તરીકે સમાવેશ થતો હોય તો તેટલા પૂરતું જ ખંડન છે. બિંબત્વથી વિશિષ્ટ (પણ માયાથી નિષ્કૃષ્ઠ અર્થાત્ વિવિક્ત) ચૈતન્યરૂપ ઈશ્વરનું ઉપાદાન તરીકે ખંડન કરવાનું અભિપ્રેત નથી. **સંક્ષેપશારીરક**માં જ પ્રથમ અધ્યાયમાં કહ્યું છે કે 'तत्' શબ્દથી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વાચ્ય (ઈશ્વર) જગત્‌નું ઉપાદાન કારણ છે.* તત્ શબ્દનો વાચ્યાર્થ બિંબભૂત ઈશ્વર છે અને આ અર્થ લેતાં સર્વજ્ઞત્વાદિ ગુણથી વિશિષ્ટ ઈશ્વરનું જગત્કારણ તરીકે પ્રતિપાદન કરનાર અનેક શ્રુતિઓ સાથે અવિરોધ થશે **સંક્ષેપશારીરક**માં શબલોપાદાનનું નિરાકરણ કર્યું છે તેનો આશય એટલો જ છે કે માયાવિશિષ્ટ ઈશ્વર ઉપાદાનકારણ નથી અર્થાત્ માયાનો સમાવેશ ઉપાદાન કારણમાં થવો જોઈએ નહિ. બિંબભૂત ઈશ્વર ઉપાદાનકારણ છે એમ માનવા સામે તેનો કોઈ વિરોધ નથી.

હવે પ્રશ્ન થાય કે ઈશ્વરરૂપ બ્રહ્મ જો ઉપાદાનકારણ હોય તો જ્ઞેયરૂપ બ્રહ્મ અર્થાત્ શુદ્ધ બ્રહ્મના લક્ષણ તરીકે અભિન્નનિમિત્તોપાદાનકારણતાનું કથન કર્યું છે તેની સાથે વિરોધ આવશે. તેનો ઉત્તર એ છે કે **બ્રહ્મસૂત્ર**નાં જુદાં જુદાં અધિકરણોના ભાષ્યથી), ઉપર જોયું તેમ, સિદ્ધ થાય છે કે બિંબભૂત ઈશ્વર ઉપાદાનકારણ છે. અને આ અભિન્નનિમિત્તોપાદાનકારણત્વ તેનો બીજાઓથી ભિન્ન તરીકે બોધ કરાવે છે. આ કારણત્વ બિંબત્વવિશિષ્ટ ચૈતન્યરૂપ ઈશ્વરમાં અનુગત અખંડ ચૈતન્ય અર્થાત્ વિશેષ્ય એવા શુદ્ધ ચૈતન્યનું તટસ્થ તરીકે ઉપલક્ષણ બની શકે છે. તટસ્થ હોવું એટલે લક્ષ્ય સ્વરૂપથી બહાર હોવું, અથવા લક્ષ્યમાં વિદ્યમાન નહીં તેવો ધર્મ હોવું અથવા ઉપલક્ષણ હોવું. કોઈ પૂછે કે ચંદ્ર ક્યાં છે અને બીજો ઉત્તર આપે કે 'શાખામાં', ત્યાં શાખા જેમ બીજી દિશામાં રહેલા નક્ષત્રથી વ્યાવૃત્ત એવા ચન્દ્રનું ઉપલક્ષણ બને છે તેમ ઈશ્વરમાં રહેલું કારણત્વ ઈશ્વરનો બીજાથી વ્યાવૃત્ત તરીકે જ્ઞાન કરાવતું હોઈ તટસ્થ રહીને ઈશ્વરમાં અનુગત અખંડ ચૈતન્યનું પણ બીજાથી વ્યાવૃત્ત તરીકે ઉપલક્ષણ કરે છે. બીજાથી વ્યાવૃત્ત તરીકે ઈશ્વરનું જ્ઞાન તો કરાવે જ છે, ઉપરાંત તેમાં અનુગત શુદ્ધ ચૈતન્યનું ઉપલક્ષણ બને છે. આમ અભિન્નનિમિત્તોપાદાનત્વને લીધે ઈશ્વર જેમ પ્રધાન, જીવ વગેરેથી વ્યાવૃત્ત તરીકે જ્ઞાત થાય છે તેમ તેને લીધે વિશેષ્યભૂત જ્ઞેય બ્રહ્મની પણ પ્રધાનાદિથી વ્યાવૃત્તિ સમજાય છે એ દૃષ્ટિએ તેને જ્ઞેય બ્રહ્મના લક્ષણ તરીકે જન્માદિસૂત્રમાં, તેના **ભાષ્ય**માં અને **સંક્ષેપશારીરક**માં રજૂ કર્યું છે. આ શુદ્ધ બ્રહ્મનું તટસ્થલક્ષણ છે, સ્વરૂપલક્ષણ નહિ. 'સત્યજ્ઞાનાનાન્દાત્મક બ્રહ્મ' એ તેનું સ્વરૂપ લક્ષણ છે.

જગત્‌ના મૂલકારણ માયામાં પ્રતિબિંબ તે ઈશ્વર અને માયા ઈશ્વરાશ્રિત છે. અહીં શંકા થાય કે પ્રતિબિંબત્વ માયાકલ્પિત છે તેથી માયા તદ્વિશિષ્ટ ચૈતન્યાશ્રિત હોઈ શકે નહિ કારણ કે પ્રતિબિંબત્વના કલ્પન પહેલાં જ તે (માયા) ચૈતન્યાશ્રિત છે એમ કહેવું પડશે. આવી દલીલ ન કરવી જોઈએ કારણ કે માયાની જેમ પ્રતિબિંબત્વ પણ અનાદિ છે તેથી તે તદ્વિશિષ્ટચૈતન્યાશ્રિત હોય એ ઉપપન્ન છે. વસ્તુતઃ અનાદિ કાલથી માંડીને નિર્વિશેષ ચૈતન્યમાં કલ્પિત પ્રતિબિંબત્વ રહેલું છે તેથી અનિર્વચનીય માયાને અધીન માત્ર હોવાથી પ્રતિબિંબત્વ માયાકલ્પિત માનવામાં આવે છે. પ્રતિબિંબત્વને આકાશાદિની જેમ માયા–

---

* स्वात्मानमेव जगतः प्रकृतिं यदेके
सर्गे विवर्तयति तत्र निमित्तभूतम् ।
कर्माकलय्य रमणीयकपूयमिश्रं
पश्यन्नृणां परिवृढं 'तद्' इतीर्यमाणम् ॥ (संक्षेपशारीरक १.५५०)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરિણામ માનવામાં નથી આવતું. આવું જો હોય તો પ્રતિબિંબભૂત ઈશ્વર સાદિ (આદિ જન્મવાળો) બની જાય. એવી પણ શંકા કરવી ન જોઈએ કે માયા અનાદિ કાલથી માંડીને ચૈતન્યની બાબતમાં પ્રતિબિંબત્વનું તત્કલ્પિતત્વ (માયાકલ્પિતત્વ) શક્ય બનાવે છે અને તેનાથી જ વિશિષ્ટ ચૈતન્યને આશ્રયે રહે છે એ કેવી રીતે બને આ શંકા બરાબર નથી કારણ કે માયા અઘટિતઘટનાપટીયસી છે—અઘટિતની ઘટનામાં ખૂબ કુશલ છે. અને એવું પણ ન કહેવું કે શુદ્ધ ચૈતન્યાશ્રિત જ માયા ત્યાં પ્રતિબિંબભાવ શક્ય બનાવે છે એવું કેમ નથી માનતા. આમ ન માની શકાય કારણ કે એવું માનીએ તો 'मायां तु प्रकृतिं विद्यान्मायिनं तु महेश्वरम्' (શ્વેતા. ૪.૧૦) એ શ્રુતિનો વિરોધ થાય. मायिनम्–'માયાવાળો' એ પદથી જ્ઞાત થાય છે કે માયા ઈશ્વરાશ્રિત છે. જ્યારે જીવો તો અવિદ્યામાં પ્રતિબિંબો છે. આમ પ્રકૃત મૂલ પ્રકૃતિ જીવ અને ઈશ્વરને પ્રતિબિંબરૂપે કરે કારણ કે ઉપાધિના ભેદ વિના પ્રતિબિંબમાં ભેદ સંભવે નહિ. (દા. ત. સૂર્ય) બિંબ એક જ હોય તો ઉપાધિ (દર્પણ, જલ વગેરે)ના ભેદ વિના પ્રતિબિંબમાં ભેદ સંભવે નહિ. અને બિંબભૂત ચૈતન્ય તો એક જ છે તેથી ઈશ્વરોપાધિ માયાની અપેક્ષાએ જીવોપાધિભૂત અવિદ્યાઓ ભિન્ન જ માનવી જોઈએ. માયા આકાશાદિની પ્રકૃતિ (મૂલ કારણ છે) અને અવિદ્યા પણ લિંગશરીરાદિની પ્રકૃતિ છે. પ્રત્યેક જીવની ઉપાધિરૂપ અવિદ્યા ભિન્ન છે પણ જાતિની અપેક્ષાએ એકવચન પ્રયોજાય છે —ઉપર કહ્યું તેમ બિંબ એક હોય ત્યારે ઉપાધિભેદ વિના પ્રતિબિંબભેદ સંભવતો નથી; પ્રતિબિંબ-જીવો ભિન્ન ભિન્ન છે તેથી ઉપાધિભૂત અવિદ્યાઓ પણ ભિન્ન ભિન્ન હોવી જોઈએ. अदृश्यत्वाधिकरण (બ્ર. સૂ. ૧.૨ ૨૧)ના ભાષ્યમાં કહ્યું છે કે અવ્યાકૃત (માયા) ઈશ્વરાશ્રિત છે અને ઈશ્વરની જ ઉપાધિ છે. એ જ રીત आनुमानिकाधिकरण (બ્ર. સૂ. ૧.૪.૧)ના ભાષ્યમાં મુક્તોનો પુનર્જન્મ નથી કારણ કે તેમની અવિદ્યાબીજશક્તિ વિદ્યાથી બળી ગઈ છે એમ કહ્યું છે તેથી જીવો અલગ અલગ છે એમ સમજાય છે. आभास एव च (બ્ર સૂ. ૨.૩ ૫૦) અને તેના ભાષ્યમાં જીવોની પ્રતિબિંબત્વરૂપતાનો સ્પષ્ટ નિર્દેશ છે. આમ જે વિચારકો માને છે કે માયા અને અવિદ્યાનો ભેદ શ્રુત્યાદિસંમત છે તેમના મતની રજૂઆત હવે કરે છે :

**वियदादिप्रपञ्च ईश्वराश्रितमायापरिणाम इति तत्रेश्वर उपादानम्। अन्तःकरणादिकं तु ईश्वराश्रितमायापरिणाममहाभूतोपसृष्टजीवाविद्याकृतभूतसूक्ष्मकार्यमिति तत्रोभयोरुपादानत्वम्। अत एव "एवमेवास्य परिद्रष्टुरिमाः षोडशकलाः पुरुषायणाः पुरुषं प्राप्यास्तं गच्छन्ति" (प्रश्न उप. ६.५) इति श्रुतौ कलाशब्दवाच्यानां प्राणमनःप्रभृतीनां विदुषो विदेहकैवल्यसमये विद्यानिवर्त्याविद्याकार्यांशाभिप्रायेण विद्ययोच्छेदो दर्शितः।**

**"गताः कलाः पञ्चदश प्रतिष्ठाः" (मुण्डक उप. ३.२.७) इति श्रुत्यन्तरे तदनिवर्त्यमायाकार्यमहाभूतपरिणामरूपोपष्टम्भकांशाभिप्रायेण तेषां स्वस्वप्रकृतिषु लयो दर्शित इति मायाऽविद्याभेदवादिनः।**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આકાશાદિ પ્રપંચ ઈશ્વરાશ્રિત માયાનો પરિણામ (કાર્ય) છે માટે તેથી ત્યાં (આકાશાદિની બાબતમાં) ઈશ્વર ઉપાદાન છે. જ્યારે અન્તઃકરણ વગેરે ઈશ્વરાશ્રિત માયાના પરિણામરૂપ મહાભૂતોથી સંસૃષ્ટ એવા જીવની અવિદ્યાથી ઉત્પન્ન કરવામાં આવેલાં ભૂતસૂક્ષ્મોનું કાર્ય છે તેથી ત્યાં (અન્તઃકરણ વગેરેની બાબતમાં) બન્ને (ઈશ્વર અને જીવ) ઉપાદાન છે. તેથી જ 'એ જ રીતે આ પરમજ્ઞાનીની આ સોળ કળાઓ, જેનું અધિષ્ઠાન પુરુષ છે, તે પુરુષને પ્રાપ્ત કરીને લય પામે છે.' (પ્રશ્ન ઉપ ૬.૫)એ શ્રુતિમાં 'કલા' શબ્દથી વાચ્ય પ્રાણ, મન વગેરેનો, વિદ્વાનની વિદેહમુક્તિની વેળાએ, (જીવની) વિદ્યાથી નાશ પામી શકે તેવી અવિદ્યાના કાર્યાંશના અભિપ્રાયથી વિદ્યાથી ઉચ્છેદ બતાવ્યો છે.

'પંદર કલા પ્રતિષ્ઠા પ્રતિ ગયેલી હોય છે (અર્થાત્ તે તે પ્રતિષ્ઠામાં લીન થઈ જાય છે)' (મુંડક ઉપ. ૩.૨.૭)—એ બીજી શ્રુતિમાં તેનાથી (જીવની વિદ્યાથી) જેનો ઉચ્છેદ નથી એવી માયાનાં કાર્ય એવાં મહાભૂતના પરિણામરૂપ અને (અન્તઃકરણ વગેરેની ઉત્પત્તિમાં) ઉપષ્ટંભક એવો જે અંશ છે તેના અભિપ્રાયથી તેમનો પોતપોતાની પ્રકૃતિમાં લય બતાવ્યો છે—એમ **માયા અને અવિદ્યાનો ભેદ માનનારા** કહે છે.

**વિવરણ** : ઈશ્વર વિયદાદિનું ઉપાદાન છે જ્યારે અન્તઃકરણાદિનું ઈશ્વર અને જીવ એ બન્ને ઉપાદાન છે. માયા આકાશાદિનું પરિણામ્યુપાદાન કારણ છે અને માયા ઈશ્વરાશ્રિત છે તેથી ઈશ્વર આકાશાદિનું ઉપાદાન મનાય છે. અન્તઃકરણાદિ જીવની અવિદ્યાથી ઉત્પન્ન કરવામાં આવતાં ભૂતસૂક્ષ્મોનાં કાર્ય છે (પરિણામ છે), પણ તેમની ઉત્પત્તિમાં ઈશ્વરાશ્રિત માયાથી ઉત્પાદ્ય મહાભૂતો ઉપષ્ટમ્ભક (ટેકો આપનાર, દૃઢ બનાવનાર) તરીકે જોઈએ જ. આમ જીવની અવિદ્યાના પરિણામરૂપ સૂક્ષ્મોનો અને તેમનાં ઉપષ્ટંભક તરીકે ઈશ્વરાશ્રિત માયાના પરિણામભૂત મહાભૂતોનો અન્તઃકરણાદિની ઉત્પત્તિમાં ઉપાદાન તરીકે પ્રવેશ છે તેથી જીવ અને ઈશ્વર બન્ને તેમનાં ઉપાદાન મનાય છે. જ્યારે પરમજ્ઞાનીનાં અંતઃકરણાદિ વિદેહ-મુક્તિ વેળાએ પુરુષ (ચિદાત્મા)માં લય પામે છે એમ કહ્યું છે ત્યારે જીવની અવિદ્યાના કાર્યભૂત ભૂતસૂક્ષ્મોને× ધ્યાનમાં રાખીને એમ કહ્યું છે. અને જ્યારે કલા પોતાની પ્રતિષ્ઠામાં (ભૂતોમાં) લય પામે છે એમ કહ્યું છે ત્યારે ઉપષ્ટંભક મહાભૂતો જે ઈશ્વરાશ્રિત માયાનાં કાર્ય છે તેમને ધ્યાનમાં રાખીને કહ્યું છે, ઈશ્વરની ઉપાધિભૂત માયાની જીવની વિદ્યાથી નિવૃત્તિ થતી નથી. જો કલાઓ માત્ર જીવની અવિદ્યાનાં જ પરિણામ હોત તો વિદ્યાથી તેમનો લય પુરુષમાં નિઃશેષ સંભવત; અને એમ હોય તો ભૂતોમાં લય થાય છે એમ જે કહ્યું છે તેનો કોઈ વિષય રહે નહિ, તેથી માયાકાર્ય મહાભૂતોને પણ લિંગશરીરનાં ઉપાદાન કહેવાં જોઈએ. આમ આ બન્ને શ્રુતિની વ્યવસ્થા થઈ શકે છે.

**શંકા**—માયાની તત્ત્વજ્ઞાનથી નિવૃત્તિ ન હોય તો તેના મિથ્યાત્વની સિદ્ધિ નહીં થાય.

**ઉત્તર**—બ્રહ્મમાં સર્વ દૃશ્યનો નિષેધ કરનાર શ્રુતિથી માયાના દૃશ્યત્વ વગેરે લિંગથી માયાની મિથ્યાત્વની સિદ્ધિ થાય છે.

× ભૂતોનું સૂક્ષ્મત્વ તે તેમનું પરિચ્છિન્નત્વ એમ સમજવું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શંકા—માયાની વિદ્યાથી નિવૃત્તિ ન થાય તો બીજું કોઈ નિવર્તક ન હોવાથી સર્વ જીવો મુક્ત થઈ જાય તોય માયાની અનુવૃત્તિ રહે.

ઉત્તર—મહાપ્રલય વખતે સર્વપ્રાણીઓના ભોગપ્રદ કર્મોનો એકસાથે ઉપરમ થતાં ઈશ્વરના સંકલ્પમાત્રથી પ્રપંચનો લય થાય છે તેમ સર્વની મુક્તિ થાય છે એ કાળે 'હવે પછી કાર્યસહિત માયાનું કોઈ પ્રયોજન નથી' એ અનુસંધાનવાળા ઈશ્વરના 'માયા પોતાનાં કાર્યો સહિત મારામાં વસ્તુતઃ ચિદેકરસમાં નિઃશેષ લય પામો' એવા સંકલ્પથી જ માયા-પરિણામલક્ષણ સંકલ્પથી તેમના લયની ઉપપત્તિ છે શ્રુતિ-સ્મૃતિ વગેરેમાં જ્યાં જ્યાં માયાની નિવૃત્તિ તત્ત્વજ્ઞાનથી થાય છે એમ કહ્યું હોય ત્યાં અવિદ્યાની નિવૃત્તિ અભિપ્રેત છે.

અથવા તત્ત્વજ્ઞાન અવિદ્યાની જેમ માયાની નિવૃત્તિ કરવાની યોગ્યતા ધરાવે છે પણ જુદા જુદા પ્રાણીના કર્મોને લીધે પ્રતિબંધ (રુકાવટ) થાય છે તેથી માયાની નિવૃત્તિ કરી શકતું નથી. છેલ્લે મુક્ત થનારનું જ તત્ત્વજ્ઞાન ત્યારે કોઈ પ્રતિબંધક ન હોવાથી માયાની નિવૃત્તિ કરી શકે છે—ઇત્યાદિ કલ્પી શકાય.

આમ માયા અને અવિદ્યા જુદાં છે એ મતની ઉપપત્તિ છે.

**यथा वियदादिप्रपञ्च ईश्वराश्रितमायापरिणाम इति तत्र ईश्वर उपादानं तथाऽन्तःकरणादि जीवाश्रिताविद्यामात्रपरिणाम इति तत्र जीव एव उपादानम् ।**

**न चान्तःकरणादौ मायाकार्यमहाभूतानामननुप्रवेशे उदाहृतश्रुतिद्वयव्यवस्थाऽनुपपत्तिः । कलानां वियद्योच्छेदश्रुतिस्तत्त्वविद्दृष्टिविषया । 'गताः कलाः' इति श्रुतिस्तु तत्त्वविदि म्रियमाणे समीपवर्तिनः पुरुषाः नश्यद्घटवत् तदीयशरीरादीनामपि भूम्यादिषु लयं मन्यन्ते इति तटस्थपुरुषप्रतीतिविषयेति व्यवस्थायाः कलालयाधिकरणभाष्ये (४.२.१५) स्पष्टत्वात्—इति <u>मायाऽविद्याभेदवादिष्वेकदेशिनः</u> ।**

જેમ આકાશાદિ પ્રપંચ ઈશ્વરાશ્રિત માયાનો પરિણામ છે તેથી ત્યાં ઈશ્વર ઉપાદાન છે તેમ અન્તઃકરણાદિ માત્ર જીવાશ્રિત અવિદ્યાનો પરિણામ છે તેથી ત્યાં જીવ જ ઉપાદાન છે.

અને (આમ માનતાં) અન્તઃકરણ વગેરેમાં માયાનાં કાર્ય (એવાં) મહાભૂતોનો પણ અનુપ્રવેશ ન હોય તો ય ઉદાહૃત બે શ્રુતિઓની વ્યવસ્થા અનુપપન્ન નહિ બને, કારણ કે કલાઓના વિદ્યાથી ઉચ્છેદ અંગે શ્રુતિ છે તે તત્ત્વજ્ઞાનીની દૃષ્ટિવિષયક છે; જ્યારે 'કલાઓ (પ્રતિષ્ઠા) પ્રતિ ગયેલી હોય છે' એ શ્રુતિ તટસ્થ પુરુષની પ્રતીતિવિષયક છે કારણ કે તત્ત્વજ્ઞાની મરતો હોય ત્યારે નજીક ઊભેલા માણસો માને છે કે નાશ પામતો ઘટ જેમ ભૂમિમાં લય પામે છે તેમ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેનાં શરીર આદિ ભૂમિ આદિમાં લય પામે છે— એ પ્રમાણે વ્યવસ્થા 'કલાલય' વિષયક અધિકરણના ભાષ્યમાં (૪ ૨.૧૫) સ્પષ્ટ છે—એમ માયા અને અવિદ્યાને ભિન્ન માનનારાઓના **એક પંથવાળા** (માને છે).

**વિવરણ** : માયા અને અવિદ્યાને ભિન્ન માનનારાઓમાંના એક પંથના વિચારકો માને છે કે અન્તઃકરણાદિની બાબતમાં ઈશ્વર અને જીવ બન્નેને ઉપાદાન માની ન શકાય કારણ કે શંકરાચાર્યે પોતે ઉપર ટાંકેલી બે શ્રુતિઓની વ્યવસ્થા બીજી રીતે સમજાવી છે. તત્ત્વજ્ઞાનીની દૃષ્ટિ અર્થાત્ સાક્ષાત્કારને ધ્યાનમાં રાખીને તેનું ફલ બતાવતાં કહ્યું છે કે કલાઓ (અન્તઃકરણાદિ પુરુષમાં લય પામે છે. જ્યારે કલાઓનો ભૂતોમાં લય થાય છે એમ કહ્યું છે તે તત્ત્વજ્ઞાનીના મરણ સમયે તેની આજુબાજુ ઊભેલા તટસ્થ માણસો હોય છે તેમના જ્ઞાનને ધ્યાનમાં લઈને કહ્યું છે. આવા લોકોની ભ્રાન્ત પ્રતીતિ છે કે કલાઓ પણ માયાના પરિણામ મહાભૂતોનાં કાર્ય છે તેમની માન્યતાનો માત્ર અનુવાદ છે, અર્થાત્ પ્રચલિત માન્યતા –સાચી કે ખોટી–નું પુનરુચ્ચારણ છે જે પ્રમાણ નથી કારણ કે અનધિગત વસ્તુનું જ્ઞાપક નથી. જેમ ઘડો ફૂટતાં તેના વધારે ને વધારે નાના ટુકડા થતા જાય છે અને છેવટે ચૂરો થઈને માટીમાં લય પામે છે તેના જેવું અન્તઃકરણાદિની બાબતમાં પણ તેઓ માને છે તે વાતનું અહીં પુનરુચ્ચારણ કર્યું છે : શંકરાચાર્યે આ રીતે જ આ બે શ્રુતિઓની વ્યવસ્થા કરી છે. (જુઓ બ્ર. **સૂ શાંકરભાષ્ય** ૪.૨.૧૫–तानि परे तथा ह्याह). આ મતમાં એ દોષ છે કે ઈશ્વરનું અન્તઃકરણાદિના ઉપાદાન તરીકે પ્રતિપાદન કરનાર શ્રુતિનો વિરોધ છે કારણ કે તેમને માયાનું કાર્ય નથી માન્યાં. તેથી एकदेशिनः એમ કહ્યું છે.

**तदभेदवादिष्वपि केचित्—यद्यपि वियदादिप्रपञ्चस्य ईश्वर उपादानं तथाऽप्यन्तःकरणादीनां जीवतादात्म्यप्रतीतेः जीव एवोपादानम् ।**

**अत एवाध्यासभाष्ये अन्तःकरणादीनां जीवे एवाध्यासो दर्शितः । विवरणे च प्रतिकर्मव्यवस्थायां ब्रह्मचैतन्यस्योपादानतया घटादिसङ्गित्वम्, जीवचैतन्यस्य तदसङ्गित्वेऽप्यन्तःकरणादिसङ्गित्वं च वर्णितमित्याहुः ।**

તેમનો (માયા અને અવિદ્યાનો) અભેદ માનનારાઓમાં પણ **કેટલાક** કહે છે :—જો કે આકાશાદિ પ્રપંચનું ઉપાદાન ઈશ્વર છે તો પણ અન્તઃકરણાદિના જીવ સાથેના તાદાત્મ્યની પ્રતીતિ થતી હોવાથી જીવ જ તેમનું (અન્તઃકરણાદિનું) ઉપાદાન છે.

માટે જ **અધ્યાસભાષ્યમાં** અન્તઃકરણ વગેરેનો જીવમાં જ અધ્યાસ બતાવ્યો છે. અને **વિવરણમાં** પ્રતિકર્મવ્યવસ્થા'માં બ્રહ્મચૈતન્ય (વિયદાદિ સર્વનું) ઉપાદાન હોઈને તેનો ઘટાદિ સાથે (તાદાત્મ્યરૂપ) સંસર્ગ અને જીવ ચૈતન્યનો તેમની સાથે (તાદાત્મ્ય રૂપ) સંસર્ગ ન હોવા છતાં પણ અન્તઃકરણાદિ સાથે (તાદાત્મ્યરૂપ) સંસર્ગ છે એમ વર્ણવ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ** : માયા અને અવિદ્યાને અભિન્ન માનીને પણ કેટલાક તેમનો ભેદ માનનારાઓ સાથે એટલા અંશે સંમત છે કે બ્રહ્મ વિયદાદિનું ઉપાદાન છે જ્યારે જીવ અન્તઃકરણાદિનું ઉપાદાન છે. વિયદાદિ ઈશ્વરાશ્રિત માયાના પરિણામ હોઈ ઈશ્વર જ તેમનું ઉપાદાન છે, જીવ નહિ અહીં શંકા થાય કે માયા અને અવિદ્યાનો અભેદ માનીએ તો અન્તઃકરણાદિ અવિદ્યાના પરિણામ છે તો પણ ઈશ્વરાશ્રિત માયાના જ પરિણામ હોઈને, ઈશ્વરને જ અન્તઃકરણાદિની બાબતમાં પણ ઉપાદાન માનવો જોઈએ. આનો ઉત્તર આપતાં કહ્યું છે કે 'હું કર્તા છું', 'હું શ્વાસ લઉં છું', 'હું કાણો છું', 'હું મૂંગો છું', 'હું સ્થૂલ છું', વગેરેમાં અન્તઃ-કરણથી માંડીને શરીર સુધીનું જીવ સાથે તાદાત્મ્ય પ્રતીત થાય છે અને જીવમાં તેમનો અધ્યાસ થયો છે. માટે જીવને જ તેમનું અધિષ્ઠાનરૂપ ઉપાદાન માનવો જોઈએ, ઈશ્વરને માની શકાય નહિ. શંકરાચાર્યે બ્ર. સૂ. શાંકરભાષ્યમાં આ સ્પષ્ટ બતાવ્યું છે. **વિવરણમાંથી** પણ આનું સમર્થન મળે છે. બ્રહ્મ તેના સ્વરૂપચૈતન્યથી સર્વદા સર્વાવભાસક છે અર્થાત્ સર્વજ્ઞ છે એમ કહેતાં હોઈએ તો જીવને પણ સ્વરૂપચૈતન્યથી જ સર્વદા સર્વદ્રષ્ટા માનવો જોઈએ એ દોષ આવી પડતાં તેનું સમાધાન **વિવરણમાં** પ્રતિકર્મવ્યવસ્થાગ્રંથમાં અર્થાત્ જીવ પ્રતિ વિષયવ્યવસ્થાનું પ્રતિપાદન કરતાં કરતાં કર્યું છે. બિંબચૈતન્યરૂપ બ્રહ્મ સર્વનું ઉપાદાન હોઈ તેની બાબતમાં ઘટાદિના તાદાત્મ્યરૂપ સંસર્ગની કલ્પના કરી છે. અવિદ્યા વ્યાપક હોઈને તેમાં પ્રતિબિંબરૂપ જીવ પણ વ્યાપક છે તેમ છતાં ઘટાદિ સાથે તેનું તાદાત્મ્ય નથી. કારણ કે એ તેમનું ઉપાદાન નથી. જીવનો તો અન્તઃકરણાદિ સાથે તાદાત્મ્યરૂપ સંસર્ગ છે એમ **વિવરણમાં** પ્રતિપાદિત કર્યું છે. આથી ફલિત થાય છે કે જીવ અન્તઃકરણાદિની બાબતમાં ઉપાદાન છે અને **વિવરણકારે** પણ એમ જ કહ્યું છે. અન્યથા જેમ ઘટાદિ સાથે તેનું ઉપર્યુક્ત સંસર્ગિત્વ નથી તેમ અન્તઃકરણાદિ સાથે પણ ન હોત.

વ્યાખ્યાકાર **કૃષ્ણાનંદ** આને વિષે કહે છે કે માયા અને અવિદ્યાને અભિન્ન માનવામાં આવે તો ઈશ્વરને જ સર્વનું ઉપાદાન માનવો જોઈએ, અન્યથા જીવાશ્રિત અવિદ્યા ઈશ્વરા-શ્રિત માયાથી ભિન્ન છે એમ માનવું જોઈએ. ચૈતન્યમાં કાર્યરૂપે પરિણમતી પ્રકૃતિનો એ આશ્રય છે એ સિવાય બીજું કોઈ ઉપાદાનત્વ નથી. તેથી માયા અને અવિદ્યાનો અભેદ સ્વીકાર કરવો અને જીવને જ અન્તઃકરણાદિની બાબતમાં ઉપાદાન માનવો એમાં પરસ્પર વિરોધ છે અને એ મતે સ્વીકારવા જેવો નથી એમ **અપ્પય્યદીક્ષિત** तदभेदवादिष्वपिમાંના 'अपि' શબ્દથી સૂચવે છે.

**"एतस्माज्जायते प्राणो मनस्सर्वेन्द्रियाणि च ।**

**खं वायुर्ज्योतिरापः पृथिवी विश्वस्य धारिणी ॥" (मुण्डक. उप २.१.३) इत्यादिश्रुतेः कृत्स्नव्यावहारिकप्रपञ्चस्य ब्रह्मैव उपादानम् । जीवस्तु प्रातिभासिकस्य स्वप्नप्रपञ्चस्य च । 'कृत्स्नप्रसक्तिर्निरवयवत्व-शब्दकोपो वा' (ब्र. सू. २.१, अधि ७. सू. २६) इत्यधिकरणे ब्रह्मणो जगदुपादानत्वे तस्य कार्त्स्न्येन जगदाकारेण परिणामे विकारातिरेकेण**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ब्रह्माभावो वा, एकदेशेन परिणामे निरवयवत्वश्रुतिविरोधो वा प्रसज्यते इति पूर्वपक्षे 'आत्मनि चैवं विचित्राश्च हि' (ब्र. सू. २.१, सू. २८) इति सूत्रेण विवर्तवादाभिप्रायेण स्वप्नदृशि जीवात्मनि स्वरूपानुपमर्देनानेकाकारस्वाप्नप्रपञ्चसृष्टिवत् ब्रह्मणि वियदादिसृष्टिरुपपद्यते इति सिद्धान्तितत्वादित्यन्ये ।

"એમાંથી પ્રાણ, મન, સર્વ ઇન્દ્રિયો, આકાશ, વાયુ, તેજ, પાણી અને સર્વને ધારણ કરનારી પૃથ્વી ઉત્પન્ન થાય છે" (મુંડક ૨.૧.૩) ઇત્યાદિ શ્રુતિ છે તેથી બ્રહ્મ જ સમગ્ર વ્યાવહારિક પ્રપંચનું ઉપાદાન છે, જ્યારે જીવ પ્રાતિભાસિક અને સ્વપ્નપ્રપંચનું ઉપાદાન છે. એનું કારણ એ કે 'પૂરેપૂરા (બ્રહ્મના પરિણામ)ની પ્રસક્તિ થાય અથવા નિરવયવત્વ શ્રુતિનો બાધ થાય' (બ્ર. સૂ. ૨.૧. અધિ. ૭, સૂ. ૨૬) એ અધિકરણમાં બ્રહ્મ જગતનું ઉપાદાન હોય તો તેનું સમગ્રપણે જગદાકારે પરિણામ થાય અને વિકારથી અતિરિક્ત બ્રહ્મનો અભાવ માનવો પડે, અથવા જો બ્રહ્મનો એકદેશથી પરિણામ થાય છે એમ માનીએ તો બ્રહ્મ નિરવયવ છે એમ શ્રુતિ છે તેનો વિરોધ આવી પડે—એમ પૂર્વપક્ષ પ્રાપ્ત થતાં 'કારણ કે જેમ (સ્વપ્ન જોનાર) જીવાત્મામાં તેમ (બ્રહ્મમાં) એ રીતે વિચિત્ર સૃષ્ટિ છે' (બ્ર. સૂ. ૨.૧.૨૮) એ સૂત્રથી વિવર્તવાદના અભિપ્રાયથી એવો સિદ્ધાન્ત રજૂ કર્યો છે કે જેમ સ્વપ્ન જોનાર જીવાત્માની બાબતમાં સ્વરૂપનો ઉપમર્દ કર્યા વિના (સ્વરૂપમાં કોઈ વિકાર કર્યા વિના) અનેકાકાર સ્વપ્નસંબંધી પ્રપંચની સૃષ્ટિ સંભવે છે તેમ બ્રહ્મની બાબતમાં આકાશાદિની સૃષ્ટિ સંભવે છે (—તેનાથી બ્રહ્મમાં વિકારયુક્ત કે અવયવયુક્ત બનવાનો દોષ ઊભો નહીં થાય)—એમ બીજા કહે છે.

**વિવરણ** : હવે બીજો મત રજૂ કરે છે જે પ્રમાણે ઈશ્વર અન્તઃકરણાદિનું પણ ઉપાદાન હોય તો ય એ કાર્યમાત્રનું ઉપાદાન નથી. સ્વપ્નપ્રપંચ અને પ્રાતિભાસિક પ્રપંચનું ઉપાદાન તો જીવ જ છે. અપ્પય્યદીક્ષિત પ્રાતિભાસિક અને સ્વપ્નપ્રપંચને જુદા ગણતા જણાય છે (રજ્જુ—સર્પ વગેરે પ્રાતિભાસિક છે)—જો કે સામાન્ય રીતે રજ્જુ—સર્પાદિ અને સ્વપ્નપ્રપંચ બન્નેનો સમાવેશ પ્રાતિભાસિકમાં થાય છે. (વિયદાદિ અને અન્તઃકરણાદિ જેની સત્તા વ્યવહારમાં સૌ સ્વીકારે છે તેને વ્યાવહારિક કહે છે અને તેનું ઉપાદાન ઈશ્વર છે). [વ્યાખ્યાકાર આમાંથી રસ્તો કાઢવા માટે 'તુ' શબ્દ અવધારણના અર્થમાં છે એમ ઘટાવે છે—'અને જીવ જ પ્રાતિભાસિક સ્વપ્નપ્રપંચનું ઉપાદાન છે']. આ મત ધરાવનારા બ્ર. સૂ.માંથી સમર્થન



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શાધે છે. ઉપર્યુક્ત અધિકરણમાં એ શંકા છે કે બ્રહ્મ જો ઉપાદાન હોય તો તે પૂરેપૂરું જગત્ બની જતું હોય તો પૂર્વરૂપથી ચલિત થઈ જાય, વિકારી બની જાય અને સૃષ્ટિ પછી બ્રહ્મ રહે જ નહિ. અને જો તે એકદેશથી પરિણમે છે અને બાકીના ભાગથી અવિકૃત રહે છે એમ માનીએ તો તેને નિરવયવ, અખંડ કહેનારી શ્રુતિનો બાધ થાય. આમ કોઈ રીતે બ્રહ્મ જગતનું ઉપાદાન સંભવતું નથી. એવો પૂર્વપક્ષ પ્રાપ્ત થતાં સિદ્ધાન્ત રજૂ કર્યો છે કે બ્રહ્મ જો દૂધ કે પૃથ્વી વગેરેની જેમ ઉપાદાન હોય તો તેને પરિણામી માનવું પડે અથવા સાવયવ માનવું પડે. પણ એવું નથી. જેમ રજ્જુ, શુક્તિ વગેરે સર્પ, રજત વગેરેનાં ઉપાદાન છે તે રીતે બ્રહ્મ જગતનું ઉપાદાન છે—વિવર્તોપાદાન છે. તેથી કોઈ દોષ સંભવતો નથી. आत्मनि चैवं विचित्राश्च हि સૂત્રમાં એ च છે જેનો આવો અર્થ કરતાં 'જેમ' અને 'તેમ' એવો અર્થ લેવાનો રહે છે. જેમ સ્વપ્ન જોનાર જીવની બાબતમાં રથાદિ સ્વપ્ન-સૃષ્ટિ તેના જીવચૈતન્ય સ્વરૂપમાં કોઈ વિકાર ઉત્પન્ન કર્યા વિના જ સંભવે છે તેમ બ્રહ્મની બાબતમાં પણ વિકાર ઉત્પન્ન કર્યા વિના જ જાતજાતની વિયદાદિ સૃષ્ટિ સંભવે છે. જગતનાં સૃષ્ટિ, સ્થિતિ કે સંહાર ગમે તે થાય, બ્રહ્મ તો સચ્ચિદાનંદ સ્વરૂપ જ રહે છે એમ શ્રુતિથી સિદ્ધ છે એવો સૂત્રનો અર્થ છે

**जीव एव स्वप्नद्रष्टृवत् स्वस्मिन्नीश्वरत्वादिसर्वकल्पकत्वेन सर्वकारणम् इत्यपि केचित् । (४)**

**સ્વપ્ન જોનારની જેમ જીવ જ પોતામાં ઈશ્વરત્વ વગેરે સર્વની કલ્પના કરનારો છે તેથી એ સર્વનું કારણ છે એમ પણ કેટલાક કહે છે. (૪)**

**વિવરણ :** હવે ત્રીજો પક્ષ રજૂ કરે છે—જીવરૂપ બ્રહ્મ ઉપાદાન છે. પરિપૂર્ણ ચિદાત્મા અવિદ્યાથી, અવચ્છેદ કે પ્રતિબિંબભાવ વિના પણ, જીવભાવ પ્રાપ્ત કરે છે અને પોતાને જ સર્વેશ્વર કલ્પે છે. આમ ઈશ્વરભાવ પ્રાપ્ત કરીને તે પોતામાંથી જ આકાશાદિ સૃષ્ટિ કલ્પે છે અને પોતાનો પોતે જ કલ્પેલા ઈશ્વરથી ભેદ, અને પોતે નિયમ્ય છે અને ઈશ્વર નિયામક છે એમ કલ્પે છે—એ પ્રમાણે ક્રમથી મનુષ્યાદિભાવ કલ્પે છે. જેમ વિયદાદિ પ્રપંચની વ્યાવહારિક સત્તા છે અને સ્વપ્નપ્રપંચ પ્રાતિભાસિક છે એ પક્ષમાં સ્વપ્નદ્રષ્ટા જીવ જ પોતાને દેવ, મનુષ્ય, તિર્યંક વગેરે ભાવે, તેનું નિયમન કરનાર પરમેશ્વરરૂપે, અને તેનાથી ભિન્ન વગેરે તરીકે પોતાને કલ્પે છે તેની જેમ આ મતમાં માનવાનું છે. આમ જીવભાવ પામેલું બ્રહ્મ સર્વનું ઉપાદાન છે એમ દૃષ્ટિસૃષ્ટિવાદીઓ કહે છે.

આ મતની સમીક્ષા કરતાં વ્યાખ્યાકાર કૃષ્ણાનન્દ કહે છે કે આ પક્ષમાં જીવથી અધિક ઈશ્વર નથી તેથી ઈશ્વર સર્વ જીવનો નિયન્તા છે એ અર્થનાં શ્રુતિ, સ્મૃતિ, સૂત્ર, ભાષ્યાદિનાં વચનોનો વિરોધ થાય છે અને બન્ધ-મોક્ષની વ્યવસ્થા પણ ઉપપન્ન રહેતી નથી. આ દોષ સૂચવવા માટે इत्यपि केचित्—'આમ પણ કેટલાક કહે છે' એવું કહ્યું છે.

ઈશ્વરરૂપ બ્રહ્મ સર્વનું ઉપાદાન છે એ પક્ષ જ ટકી શકે. (૪)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(५) अथ 'मायां तु प्रकृतिं विद्यात्' (श्वेता. ४.१०) इति श्रुतेः, मायाजाड्यस्य घटादिष्वनुगमाच्च माया जगदुपादानं प्रतीयते, कथं ब्रह्मोपादानम् ।

अत्राहुः पदार्थतत्त्वनिर्णयकाराः—ब्रह्म माया चेत्युभयमुपादानमित्युभयश्रुत्युपपत्तिः, सत्ताजाड्यरूपोभयधर्मानुगत्युपपत्तिश्च । तत्र ब्रह्म विवर्तमानतयोपादानम्, अविद्या परिणममानतया ।

न च विवर्ताधिष्ठाने पारिभाषिकमुपादानत्वम् । स्वात्मनि कार्यजनिहेतुत्वस्योपादानलक्षणस्य तत्राप्यविशेषादिति ॥

(૫) એવી શંકા થાય છે કે 'માયાને પ્રકૃતિ જાણવી' (શ્વેતા. ૪.૧૦) એ શ્રુતિ છે તેથી અને માયાની જડતા ઘટાદિમાં અનુગત (ચાલુ છે, ઊતરી આવેલી) છે તેથી માયા જગતનું ઉપાદાન છે એમ જણાય છે. બ્રહ્મ કેવી રીતે ઉપાદાન હોઈ શકે?

આનો ઉત્તર આપતાં પદાર્થતત્ત્વનિર્ણયકાર કહે છે: બ્રહ્મ અને માયા એમ બન્ને ઉપાદાન છે એમ માનીએ તો બન્ને શ્રુતિ ઉપપન્ન થાય છે અને (ઘટાદિ)માં સત્તા અને જડતા એ બન્ને ધર્મોની અનુગતિની ઉપપત્તિ થાય છે. તેમાં બ્રહ્મ વિવર્તમાન તરીકે ઉપાદાન છે અને અવિદ્યા પરિણામ પામનાર તરીકે (ઉપાદાન છે).

એવી શંકા કરવી નહિ કે વિવર્તના અધિષ્ઠાનમાં પારિભાષિક ઉપાદાનત્વ છે. (વિવર્તના અધિષ્ઠાનને ઉપાદાન કહેવામાં આવે છે તે માત્ર પારિભાષિક અર્થમાં, સર્વસ્વીકૃત અર્થમાં નહિ). (આ શંકા બરાબર નથી) કારણ કે 'પોતામાં કાર્યની ઉત્પત્તિનો હેતુ તે ઉપાદાન એ લક્ષણ ત્યાં (વિવર્તાધિષ્ઠાનમાં) પણ સરખી રીતે છે.

**વિવરણ** : એવી શંકા સંભવે છે કે માયા જ (–તુ ને અવધારણ અર્થમાં લઈને–) જગતનું ઉપાદાન કારણ હોઈ શકે કારણ કે જેમ ઉપાદાનરૂપ માટીની શ્લક્ષ્ણતા ઘડામાં ઊતરે છે, અનુગત છે તેમ માયામાં રહેલી જડતા જગતમાં અનુગત છે. શ્રુતિ ભલે બ્રહ્મને ઉપાદાન કહેતી હોય પણ નિરવયવ, ચિત્સ્વરૂપ બ્રહ્મ જગતનું ઉપાદાન હોઈ શકે નહિ. આવું બ્રહ્મ વિવર્તોપાદાન અર્થાત્ વિવર્તાધિષ્ઠાન તો બની જ શકે એમ દલીલ કરવી યુક્ત નથી. કારણ કે જેમ પરિણામ પામતી વસ્તુને લોકમાં સૌ ઉપાદાન તરીકે જાણે છે, સ્વીકારે છે તેમ વિવર્તના અધિષ્ઠાનની ઉપાદાન તરીકે પ્રસિદ્ધિ નથી. તેને ઉપાદાન કહે છે એ તો માત્ર પરિભાષા છે, જે એ પરિભાષાની કલ્પના કરનારને માન્ય હોય, સર્વને નહિ.

આ શંકાનો ઉત્તર વિચારકોએ અલગ અલગ રીતે આપ્યો છે. **પદાર્થતત્ત્વનિર્ણયકાર** કહે છે કે બ્રહ્મની સત્તા અને માયાની જડતા બન્ને જગતના પદાર્થોમાં અનુગત છે તેથી બ્રહ્મ અને માયા બન્ને ઉપાદાન છે. બ્રહ્મ વિવર્તના અધિષ્ઠાન તરીકે ઉપાદાન છે, જ્યારે માયા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરિણામ, અવસ્થાન્તર પામે છે એ રીતે ઉપાદાન છે. બ્રહ્મનું ઉપાદાનત્વ પારિભાષિક છે એવી શંકા ન કરી શકાય, પોતામાં કાર્યની ઉત્પત્તિનો હેતુ હોય તે ઉપાદાન. અર્થાત્ કાર્યનો આધાર હોઈને કાર્યની ઉત્પત્તિનો હેતુ હોય તે ઉપાદાન—એ લક્ષણ જેટલું માયાને લાગુ પડે છે તેટલું જ બ્રહ્મને પણ લાગુ પડે છે. બન્નેમાં આ લક્ષણ સરખી રીતે છે તેથી બન્ને ઉપાદાન છે.

केचित् उक्तामेव प्रक्रियामाश्रित्य विवर्तपरिणामोपादानद्वयसाधारण-मन्यल्लक्षणमाहुः —स्वाभिन्नकार्यजनकत्वमुपादानत्वम् । अस्ति च प्रपञ्चस्य सद्रूपेण ब्रह्मणा विवर्तमानेन जडेनाज्ञानेन परिणामिना चाभेदः । 'सन् घटः, जडो घटः' इति सामानाधिकरण्यानुभवात् ।

न च 'तदनन्यत्वमारम्भणशब्दादिभ्यः' (ब्र. सू. २.१ अधि ६. सू. १४) इति सूत्रे 'अनन्यत्वं व्यतिरेकेणाभावः', 'न खल्वनन्यत्व-मित्यभेदं ब्रूमः, किन्तु भेदं व्यासेधामः' इति भाष्यभामतीनिबन्धनाभ्यां प्रपञ्चस्य ब्रह्माभेदनिषेधादभेदाभ्युपगमे अपसिद्धान्तः इति वाच्यम् । तयोर्ब्रह्मरूपधर्म्मिसमानसत्ताकाभेदनिषेधे तात्पर्येण शुक्तिरजतयोरिव प्रातीतिकाभेदाभ्युपगमेऽपि विरोधाभावादिति ।

કેટલાક ઉક્ત પ્રક્રિયાનો જ આધાર લઈને વિવર્તોપાદાન અને પરિણામોપાદાન બન્નેને સાધારણ (બન્નેને લાગુ પડે એવું) બીજું લક્ષણ કહે છે: પોતાથી અભિન્ન કાર્યને ઉત્પન્ન કરે તે ઉપાદાન. અને પ્રપંચનો વિવર્તમાન સદ્રૂપ બ્રહ્મથી અને પરિણામી જડ અજ્ઞાનથી અભેદ છે કારણ કે 'सन् घटः' 'जडः घटः' એ સામાધિકરણ્યનો અનુભવ થાય છે.

એવી શંકા થાય કે—'(કાર્યનું) તેનાથી (કારણથી) અનન્યત્વ છે કારણ કે આરંભણ શ્રુતિ આદિ છે (બ્ર.સૂ. ૨.૧.૧૪) એ સૂત્રમાં "અનન્યત્વ એટલે તેના સિવાય અભાવ (–કારણ ન હોય તો કાર્ય હોઈ શકે નહિ)"; "અનન્યત્વથી અમે અભેદ નથી કહેતા પણ ભેદનો નિષેધ કરીએ છીએ"—એ ભાષ્ય અને ભામતીનાં કથનોથી બ્રહ્મથી પ્રપંચના અભેદનો નિષેધ કરવામાં આવ્યો છે તેથી જો અભેદનો સ્વીકાર કરવામાં આવે તો અપસિદ્ધાન્ત થાય.' આવી શંકા કરવી નહિ કારણ કે તે બેનું તાત્પર્ય બ્રહ્મરૂપ ધર્મીની સાથે સમાન સત્તાવાળા (કાર્ય)ના અભેદના નિષેધમાં છે તેથી જો શુક્તિ અને રજતના જેવા પ્રાતીતિક અભેદનો સ્વીકાર કરવામાં આવે તો પણ વિરોધનો અભાવ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ** : ઉક્ત પ્રક્રિયા એટલે બ્રહ્મ વિવર્તોપાદાન છે અને માયા પરિણામોપાદાન છે એમ માયા અને બ્રહ્મ બન્ને પ્રપંચનાં ઉપાદાન છે. પોતાથી અભિન્ન કાર્યને ઉત્પન્ન કરે તે ઉપાદાન; માટી પોતાથી અભિન્ન એવા ઘટને ઉત્પન્ન કરે છે, માયા પોતાથી અભિન્ન એવા જગત્પ્રપંચને ઉત્પન્ન કરે છે. રજ્જુ પોતાથી અભિન્ન એવા સર્પને ઉત્પન્ન કરે છે. આમ માયા અને બ્રહ્મ બન્ને પ્રપંચનાં ઉપાદાન છે. માત્ર પ્રપંચ બ્રહ્મનો વિવર્ત છે, જ્યારે માયાનો પરિણામ છે. અહીં શંકા થાય કે 'ઘટ માટી છે', એની જેમ 'ઘટ બ્રહ્મ' છે' એવો અનુભવ થતો નથી અને 'ઘટ અજ્ઞાન છે' એવો પણ અનુભવ થતો નથી તો પ્રપંચનો બ્રહ્મ અને અજ્ઞાનની સાથે અભેદ કેવી રીતે હોઈ શકે. તેનો ઉત્તર છે કે આવો અનુભવ ન થતો હોય તો પણ સત્ત્વરૂપ અને જડત્વરૂપ બ્રહ્મ અને માયા સાથે પ્રપંચના અભેદનો અનુભવ તો થાય જ છે–'सन् घटः, जडः घटः'. બ્રહ્મ સદ્રૂપ છે અને માયા જડ છે એ શ્રુતિથી સિદ્ધ છે– 'सदेव सोम्येदमग्र आसीत्' (છા. ૬.૨.૧), 'तदेतज्जडं मोहात्मकम्'.

ફરી શંકા થાય કે બ્રહ્મસૂત્રના અનન્યત્વાધિકરણના ભાષ્યમાં **શંકરાચાર્યે** અને તેના પરની **ભામતીમાં વાચસ્પતિએ** ચિદ્રૂપ બ્રહ્મ અને જડ પ્રપંચનો અભેદ કેવી રીતે હોઈ શકે એ શંકાનો ઉત્તર આપતાં કહ્યું છે કે સૂત્રમાં કાર્યને કારણથી અનન્ય કહ્યું છે તેનો અર્થ એટલો જ છે કે કારણની સત્તા સિવાય કાર્યની સત્તા હોતી નથી અમે અનન્યત્વથી અભેદ તો નથી જ સમજતા; પણ ભેદનો નિષેધ સમજીએ છીએ અને તેથી જ શ્રુતિમાં કહ્યું છે કે કારણ બ્રહ્મના જ્ઞાનથી સર્વનું જ્ઞાન થાય છે એ ઉપપન્ન છે. કારણબ્રહ્મનુ સ્વરૂપભૂત સત્ત્વ એ જ કાર્યનું વાસ્તવિક સ્વરૂપ છે તેથી તેનું જ્ઞાન થતાં સર્વનું તત્ત્વતઃ જ્ઞાન થઈ જાય છે. તે તે કાર્યપદાર્થના અસાધારણ રૂપના જ્ઞાનની કોઈ જરૂર નથી કારણ કે સર્વ પ્રપંચના તત્ત્વજ્ઞાન માત્રથી જ અદ્વિતીય બ્રહ્મનું જ્ઞાન મુક્તિના સાધન તરીકે પ્રાપ્ત થાય છે.

**શંકરાચાર્યે** અને **વાચસ્પતિએ** તેમનાં કથનો દ્વારા વાસ્તવ અભેદનો નિષેધ કર્યો છે એટલે વાસ્તવ ભેદ સિદ્ધ થાય છે અને છતાં કારણ અને કાર્યનો અભેદ સ્વીકારીએ તો અપસિદ્ધાંતનો—પોતાના સિદ્ધાંતમાં સ્વીકૃત નહીં તેવી હકીકતનો સ્વીકાર કરી સિદ્ધાંત ખોટો ઠરાવ્યાનો—આક્ષેપ આવે. એવી શંકાનો ઉત્તર આપતાં કહ્યું છે કે જેનો ભેદ છે એ ધર્મી અને જેનાથી ભેદ છે એ પ્રતિયોગી બંને વાસ્તવ કે સત્ય હોય તો તેમનો ભેદ વાસ્તવ હોઈ શકે. (ઘટનો પટથી ભેદ—ત્યાં ઘટ ભેદનો ધર્મી અને પટ પ્રતિયોગી છે). અહીં બ્રહ્મ વાસ્તવ છે તો પણ પ્રપંચ તો મિથ્યા છે એમ આરંભણશ્રુતિ વગેરેથી સમજાય છે તેથી તેમનો ભેદ વાસ્તવ હોઈ શકે નહિ. અને જેમ 'આ રજત છે' એમાં રજત અને 'આ'નો ભ્રાન્તિસિદ્ધ અભેદ છે તેમ 'सन् घटः' એમાં ઘટ અને સદ્રૂપ બ્રહ્મનો ભ્રાન્તિસિદ્ધ અભેદ માનવામાં આવે તો પણ સિદ્ધાંતનો વિરોધ સંભવતો નથી. वाचारम्भणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम्...એ શ્રુતિ બ્રહ્મરૂપ ઉપાદાન જ સત્ય છે, જગત્પ્રપંચ મિથ્યા છે એમ કહે છે. 'आत्मैवेदं सर्वम्' 'नेह नानास्ति किञ्चन' વગેરે શ્રુતિથી ભેદનો નિષેધ કરવામાં આવ્યો છે તેથી કાર્ય અને કારણનું અનન્યત્વ માનવું જોઈએ. ઉપરની ચર્ચામાં 'मायां तु प्रकृतिं विद्यात्' શ્રુતિમાં માયાને જ પ્રકૃતિ (મૂલ કારણ) કહી છે તો બ્રહ્મને ઉપાદાન કેવી રીતે માની શકાય એ શંકા ઉપસ્થિત થતાં સમાધાન કર્યું છે કે માયા અને બ્રહ્મ બંને ઉપાદાન છે કારણ કે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બન્નેનું સમર્થન શ્રુતિ અને યુક્તિથી થઈ શકે છે. માયાં તુમાં તુ શબ્દ અવધારણના અર્થમાં નથી ('માયા જ' એવો અર્થ નથી) પણ સદ્રૂપ બ્રહ્મથી માયાની વિલક્ષણતાનો એ દ્યોતક છે. બ્રહ્મ વિવર્તોપાદાન છે જ્યારે માયા પરિણામી તરીકે પ્રકૃતિ છે.

હવે બીજા બે મતો રજૂ કરે છે. જે પ્રમાણે બ્રહ્મ જ ઉપાદાન છે, માયા નહીં તેથી બ્રહ્મનું આ લક્ષણ ('जन्माद्यस्य यतः') સંભવતું નથી એવી શંકાને અવકાશ નથી.

संक्षेपशारीरककृतस्तु—ब्रह्मैवोपादानम्। कूटस्थस्य स्वतः कारणत्वानुपपत्तेः माया द्वारकारणम्। अकारणमपि द्वारं कार्येऽनुगच्छति, मृद इव तद्गतश्लक्ष्णत्वादेरपि घटे अनुगमनदर्शनादित्याहुः।

જ્યારે સંક્ષેપશારીરકના કર્તા કહે છે છે કે બ્રહ્મ જ ઉપાદાન છે. કૂટસ્થમાં સ્વતઃ (પોતાની મેળે, કોઈના સહકાર વિના) કારણત્વ અનુપપન્ન છે તેથી માયા દ્વાર કારણ છે (ઉપાદાન કારણ ન હોવા છતાં દ્વાર કાર્યમાં અનુગત થાય છે) કારણ કે માટીની જેમ તેમાં રહેલાં શ્લક્ષ્ણત્વ (લીસાપણું) વગેરેનું પણ ઘટમાં અનુગમન જોવામાં આવે છે.

વિવરણ : જો માયા વિના જ બ્રહ્મ ઉપાદાન હોય તો તે સ્વતઃ પરિણામી બને કારણ કે પરિણામવાદ પ્રમાણે પરિણામ (કાર્ય) અને પરિણામી (ઉપાદાન કારણ, પ્રકૃતિ) નો વાસ્તવ અભેદ માનવામાં આવે છે. આમ જો હોય તો બ્રહ્મ જન્માદિ વિકાર રહિત કૂટસ્થ છે એમ કહેનારી શ્રુતિનો બાધ થાય. તેથી બ્રહ્મ માયા દ્વારા કારણ છે એમ માનવું યુક્ત છે.

(साभासमेतदुपजीव्य चिदद्वितीया
संसारकारणमिति प्रवदन्ति धीराः।
साभासमेतदिति संसृतिकारणत्वे
द्वारं परं भवति कारणता दृशस्तु ॥ (संक्षेपशारीरक १.३२३)

અને ઉપાદાન ન હોવા છતાં માયા વ્યર્થ નથી. માટી ઘડાનું ઉપાદાન બને છે તેમાં તેનો શ્લક્ષ્ણત્વ વગેરે સંસ્કાર દ્વાર કારણ છે, કારણ કે સંસ્કાર નહીં પામેલી (કેળવવામાં નહીં આવેલી) માટી ઘટાદિનું ઉપાદાન બની શકે નહિ. તેમ કૂટસ્થ ચૈતન્યરૂપ બ્રહ્મમાં આરોપિત માયા બ્રહ્મમાં જગત્પ્રકૃતિત્વનો નિર્વાહ કરે છે (બ્રહ્મમાં જગતનું ઉપાદાન થવાની શક્યતા લાવે છે) તેથી તેને દ્વાર કારણ તરીકે સ્વીકારવામાં આવે છે. मायां तु प्रकृतिं विद्यात् એ શ્રુતિમાં બ્રહ્મમાં રહેલી ઉપાદાનતાની માયા નિર્વાહક છે તેટલા માત્રથી માયાને પ્રકૃતિ કહી છે તે ઉપપન્ન છે. અને એ અર્થમાં જ તેને બ્રહ્મની શક્તિ કહી છે —માયા પોતે પ્રકૃતિ નથી પણ પ્રકૃતિત્વની નિર્વાહક છે એ અર્થમાં એને બ્રહ્મની શક્તિ કહેવામાં આવે છે. —'पराऽस्य शक्तिर्विविधैव श्रूयते.' (શ્વેતાશ્વતર ઉપ. ૬.૮). માટી વગેરેમાં રહેલી શક્તિ કોઈ કાર્ય પ્રતિ ઉપાદાન હોય એવું કોઈ જાણતું નથી. આમ માયા બ્રહ્મની શક્તિ છે, તે પોતે ઉપાદાન હોય એ સંભવતું નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અહીં શંકા થાય કે માયાને પ્રકૃતિ માનવામાં ન આવે તો જગત્નું કોઈ પરિણામી ઉપાદાન નહીં રહે કારણ કે બ્રહ્મને શ્રુતિ કૂટસ્થ કહે છે તેથી એ પરિણામી ઉપાદાન નથી જ. આ શંકાનો ઉત્તર છે કે **વાચસ્પતિ**ના મતમાં છે તેમ ચિત્ ઉપર અધ્યસ્ત (આરોપિત) માયા જેને વિષય બનાવે છે તે બ્રહ્મનો માત્ર વિવર્ત સ્વીકારી શકાશે. **સંક્ષેપશારીરક** ગ્રંથમાં કોઈક જગ્યાએ માયાને પરિણામી કહી છે ત્યાં અન્ય મતોના અભિપ્રાયથી તેમ કહ્યું છે એમ સમજવું તેથી કોઈ મુશ્કેલી નથી.

જડ માયા જગત્નું ઉપાદાન ન હોય તો પ્રપંચમાં જડતા ન હોય એવી શંકાના ઉત્તરમાં કહ્યું છે કે ઉપાદાન નહીં એવું દ્વારકારણ પણ કાર્યમાં અનુસ્યૂત થતું જોવામાં આવે છે: માટીમાં રહેલું શ્લક્ષ્ણત્વ (લીસાપણું) ઘડામાં અનુગત થાય છે એમ જોઈએ છીએ.

જુઓ **સંક્ષેપશારીરક** :

**उपादानता चेतनस्यापि दृष्टा यथा स्वप्नसर्गे विचित्रे प्रतीचः ।**
**यथा चोर्णनाभस्य सूत्रेषु पुंसां यथा केशलोमादिसृष्टौ च दृष्टा ॥ (१.५४५)**

**अज्ञानतज्जघटना चिदधिक्रियायां द्वारं परं भवति नाधिकृतत्वमस्याः ।**
**नाचेतनस्य घटतेऽधिकृतिः कदाचित् कर्तृत्वशक्तिविरहादिति वक्ष्यते हि ॥ (१.५५५)**

[ચેતન પણ ઉપાદાન બનતું જોવામાં આવે છે જેમ કે વિચિત્ર સ્વપ્નસૃષ્ટિમાં પ્રત્યગાત્મા ઉપાદાન છે, તાંતણાઓની બાબતમાં કરોળિયો ઉપાદાન છે. કેશ, લોમ વગેરેની સૃષ્ટિમાં પુરુષો ઉપાદાન છે. અજ્ઞાન અને તેનાથી ઉત્પન્ન થયેલો સંબંધ ચિત્ને અધિકારી બનાવવામાં દ્વાર છે પણ તે (પોતે) અધિકારી નથી. અચેતનનો ક્યારેય અધિકાર સંભવતો નથી કારણ કે તેમાં કર્તૃત્વ શક્તિનો અભાવ છે એમ કહેવામાં આવશે. (આમ માયા પોતે ઉપાદાન નથી પણ બ્રહ્મમાં અધિકારિતાની સંપાદિકા છે.]

**वाचस्पतिमिश्रास्तु—जीवाश्रितमायाविषयीकृतं ब्रह्म स्वत एव जाड्याश्रयप्रपञ्चाकारेण विवर्तमानतयोपादानमिति माया सहकारिमात्रम्, न कार्यानुगतं द्वारकारणमित्याहुः ।**

**વાચસ્પતિમિશ્ર તો કહે છે કે જીવાશ્રિત માયાથી વિષયીકૃત બ્રહ્મ સ્વતઃ જ જડતાના આશ્રયભૂત પ્રપંચાકારે વિવર્તમાન થતું હોઈને ઉપાદાન છે; તેથી માયા માત્ર સહકારી છે, તે કાર્યાનુગત દ્વારકારણ નથી.**

**વિવરણ** : नाविद्या ब्रह्माश्रया किं तु जीवे, सा त्वनिर्वचनीयेत्युक्तं तेन नित्यशुद्धमेव ब्रह्म ।
—भामती १.१.४, पृ. १२५.

यथा रज्ज्वज्ञानसहितरज्जूपादाना धारा रज्ज्वां सत्यामस्ति, रज्ज्वामेव च लीयते, एवमविद्यासहितब्रह्मोपादानं जगद् ब्रह्मण्येवास्ति, तत्रैव च लीयत इति सिद्धम् ।—भामती १.१.२, पृ. ९५.

જુઓ વળી **भामती** ૨.૧.૩૩ અને **भामती**નો મંગલશ્લોક—
अनिर्वाच्याविद्याद्वितयसचिवस्य प्रभवतो विवर्ताः.....અને તેના પર **કલ્પતરુ**.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વાચસ્પતિમિશ્ર** માયાને જીવાશ્રિત કહે છે તેની બાબતમાં નીચે પ્રમાણે શંકા થાય—અક્ષર બ્રાહ્મણમાં (બૃહદ્ ૩.૮) આકાશ શબ્દથી વાચ્ય માયાનું અક્ષર શબ્દથી વાચ્ય નિત્યચૈતન્યમાં આશ્રિત તરીકે પ્રતિપાદન છે, તેથી તેને જીવાશ્રિત કેવી રીતે માની શકાય. વળી એમ માનીએ તો માયિनं तु महेश्वरम् એ શ્રુતિનો વિરોધ થાય. ઉપરાંત જો જીવ માયાનો આશ્રય હોય તો જીવ જ જગત્‌નું ઉપાદાન હોય, કારણ કે પ્રપંચ માયાનો પરિણામ છે. 'જીવાશ્રિત માયાથી વિષયીકૃત બ્રહ્મ' એ મતમાં માયાનો બ્રહ્મની ઉપાધિ તરીકે સ્વીકાર નથી કર્યો તેથી આ મતમાં બ્રહ્મને નિયન્તા, જગત્કર્તા વગેરે માની શકાશે નહિ.

આ શંકાનો ઉત્તર છે કે 'જીવાશ્રિત' પદથી જીવત્વવિશિષ્ટચૈતન્યાશ્રિતત્વ વિવક્ષિત નથી પણ અક્ષરબ્રાહ્મણ પ્રમાણે ચૈતન્યાશ્રિતત્વ જ વિવક્ષિત છે. જીવત્વ તો માયા પદથી સમજાતી અવિદ્યાની ચૈતન્યમાં વૃત્તિનું અવચ્છેદક છે (–જીવત્વથી અવચ્છિન્ન ચૈતન્યમાં અવિદ્યા હોય છે–) તેથી 'જીવાશ્રિતમાયા' એમ કહ્યું છે. એવી શંકા કરવી નહિ કે માયાને પણ ચૈતન્યમાં જીવત્વની વૃત્તિની અવચ્છેદક કહેવી પડશે (–ચૈતન્ય માયાથી અવચ્છિન્ન હોય તો તેમાં જીવત્વ હોય) તેથી અન્યોન્યાશ્રય દોષ આવી પડશે આ શંકા બરાબર નથી. દ્રવ્યત્વ અને ગુણાશ્રયત્વની જેમ પરસ્પર સ્થિતિના પ્રયોજક તરીકે પરસ્પરની અપેક્ષારૂપ અન્યોન્યાશ્રયત્વ છે તે દોષ નથી. પરસ્પરાશ્રયત્વ (અન્યોન્યાશ્રયત્વ) ઉત્પત્તિ કે જ્ઞપ્તિની બાબતમાં દોષ સંભવે છે પણ તે તો અહીં છે નહિ કારણ કે અવિદ્યા અને જીવત્વ અનાદિ છે અને નિત્યસાક્ષીથી ભાસ્ય છે. જીવત્વને અવિદ્યાની સ્થિતિ પ્રતિ નિયામક કલ્પવાની જરૂર નથી એવી શંકા કરવી નહિ કારણ કે એમ માનવાથી બ્રહ્મમાં અવિદ્યાની સ્થિતિનું નિવારણ થાય છે. બ્રહ્મ તો નિર્દોષ છે (–निरवद्यं निरञ्जनम् એ શ્રુતિ છે) તેથી એ અવિદ્યારૂપ દોષનો આશ્રય હોય એ ઉપપન્ન નથી. આમ માનવાથી 'मायिनं तु महेश्वरम्' એ શ્રુતિનો વિરોધ થશે એમ કહેવું પણ બરાબર નથી. 'गृही धनी देवदत्तः'માં દેવદત્ત ગૃહ વગેરેનો આશ્રય ન હોવા છતાં इन् પ્રત્યય 'સ્વસ્વામિભાવ' રૂપ અન્ય સંબંધનો બોધક છે; તેમ મહેશ્વર શબ્દથી વાચ્ય બ્રહ્મ માયાનો આશ્રય ન હોવા છતાં વિષયવિષયિભાવ રૂપ અન્ય સંબંધના બોધક તરીકે માયિનમ્ એ શ્રુતિની ઉપપત્તિ છે—માયાવિષયીકૃત બ્રહ્મ.

પ્રપંચને જીવાશ્રિતમાયાવિષયીકૃત બ્રહ્મનો વિવર્તમાત્ર માનવામાં આવે તો જીવને જગત્‌નું ઉપાદાન માનવું પડશે એમ કહેવું બરાબર નથી. માયા બ્રહ્મની ઉપાધિ ન હોય તો પણ સર્વનિયન્તૃત્વ, સર્વકર્તૃત્વ વગેરેની બ્રહ્મના ધર્મ તરીકે કલ્પના કરવામાં આવે છે તે જીવાશ્રિતાવિદ્યાવિષયીકૃત બ્રહ્મના વિવર્ત તરીકે, જીવાશ્રિત અવિદ્યાના પરિણામ તરીકે નહિ કારણ કે તેમનો જીવના ધર્મ તરીકે અનુભવ થતો નથી. શાસ્ત્ર પણ બ્રહ્મને વિષે સર્વજ્ઞત્વ, સર્વકર્તૃત્વ, સર્વનિયન્તૃત્વ આદિની કલ્પના કરે છે. તેથી સિદ્ધ થાય છે કે જીવાશ્રિત માયાથી વિષયીકૃત બ્રહ્મ પ્રપંચાકારે વિવર્તમાન થતું હોઈ ઉપાદાન છે. આરંભણાધિકરણભાષ્યમાં (૨.૧.૧૪–૨૦) શંકરાચાર્યે કહ્યું છે કે મૂલ કારણ જ અન્તિમ કાર્ય સુધી તે તે કાર્યાકારે નટની જેમ સર્વ વ્યવહારનું આસ્પદ (ભાજન, પાત્ર) બને છે. નટનું પોતાનું સાચું રૂપ પ્રેક્ષકો જાણતા નથી અને તેને રામ, હરિશ્ચન્દ્ર વગેરે અભિનેય અસત્ય રૂપથી જાણે છે તેમ જીવો બ્રહ્મનું સત્યરૂપ જાણતા નથી પણ તેને આકાશાદિ પ્રપંચાકારે જાણે છે અને તેને માટે આકાશાદ શબ્દોનો પ્રયોગ થઈ શકે એમ માને છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કલ્પતરુમાં અમલાનન્દે કહ્યું છે :

स्वशक्त्या नटवद् ब्रह्म कारणं शङ्करोऽब्रवीत् ।
जीवभ्रान्तिनिमित्तं तद् बभाषे भामतीपतिः ॥

अज्ञातं नटवद् ब्रह्म कारणं शङ्करोऽब्रवीत् ।
जीवाज्ञातं जगद्बीजं जगौ वाचस्पतिस्तथा ॥ (कल्पतरु २.१.१९)

હવે मायां तु प्रकृतिं विद्यात् એ શ્રુતિ પ્રમાણે માયાને જ મુખ્ય અર્થમાં ઉપાદાન માનીએ તો પણ जन्माद्यस्य यतः એ બ્રહ્મનું લક્ષણ સંભવતું નથી એમ નથી એમ સિદ્ધ કરનાર **પ્રકાશાનન્દ**નો મત રજૂ કરે છે :

**सिद्धान्तमुक्तावलीकृतस्तु—मायाशक्तिरेवोपादानं न ब्रह्म 'तदेतद् ब्रह्मापूर्वमनपरमबाह्यम्' (बृहद्. २.५.१९) 'न तस्य कार्यं करणं च विद्यते' (श्वेता. ६.८) इत्यादिश्रुतेः । जगदुपादानमायाधिष्ठानत्वेन उपचारादुपादानम्, तादृशमेवोपादानत्वं लक्षणे विवक्षितमित्याहुः ॥५॥**

**જ્યારે સિદ્ધાન્તમુક્તાવલીના કર્તા કહે છે કે માયાશક્તિ જ (મુખ્ય અર્થમાં) ઉપાદાન છે, બ્રહ્મ નહિ. 'તે આ બ્રહ્મ પૂર્વ (કારણ) વિનાનું, અપર (કાર્ય) વિનાનું, બાહ્ય વિનાનું છે,' (બૃહદ્. ૨.૫.૧૯), 'તેનું કાર્ય નથી, અને કરણ (જગત્સૃષ્ટિ-સાધન) નથી' (શ્વેતા. ૬.૮) ઇત્યાદિ શ્રુતિ છે. જગત્‌ના ઉપાદાન કારણ માયાનું અધિષ્ઠાન હોવાને કારણે બ્રહ્મ ઉપચારથી (ગૌણ કે ભાક્ત અર્થમાં) ઉપાદાન છે; (અને) તેવું જ ઉપાદાનત્વ (જગત્‌ના ઉપાદાન કારણ માયાનું અધિષ્ઠાન હોઈ ઉપાદાન કહેવાનું તે) લક્ષણમાં વિવક્ષિત છે. (૫)**

**વિવરણ : સિદ્ધાન્તમુક્તાવલી**ના કર્તા **પ્રકાશાનન્દ** પ્રમાણે અનાદિ અનિર્વચનીય માયા કે અવિદ્યા જ જગત્‌નું ઉપાદાન કારણ છે, બ્રહ્મ નહિ કારણ કે કૂટસ્થ બ્રહ્મ કાર્ય-કારણથી વિલક્ષણ છે. જ્યાં તેને ઉપાદાન કહેવામાં આવે છે ત્યાં આ અજ્ઞાન (અવિદ્યા, માયા)નું અધિષ્ઠાન હોઈને તેને ઉપચારથી અર્થાત્ ગૌણ કે ભાક્ત અર્થમાં ઉપાદાન કહેવામાં આવે છે અને આ જ जन्माद्यस्य यतः એ લક્ષણથી વિવક્ષિત છે (જુઓ સિદ્ધાન્તમુક્તાવલી પૃ. ૧૧૬–૧૧૮ ચૌખમ્બા ઓરિયન્ટાલિયા, ૧૯૭૫). (૫)

ઉપરની ચર્ચામાં, જગત્‌ના ઉપાદાન તરીકે ઈશ્વરનો ઉલ્લેખ કર્યો છે; 'જીવાશ્રિત માયા' વગેરેમાં જીવનો ઉલ્લેખ પણ છે. હવે તેમના સ્વરૂપનું નિરૂપણ કરે છે :

**(६) अथ क ईश्वरः को वा जीवः । अत्रोक्तं प्रकटार्थविवरणे—अनादिरनिर्वाच्या भूतप्रकृतिश्चिन्मात्रसम्बन्धिनी माया । तस्यां चित्प्रतिबिम्ब ईश्वरः तस्या एव परिच्छिन्नानन्तप्रदेशेष्वावरणविक्षेपशक्तिमत्सु अविद्याभिधानेषु चित्प्रतिबिम्बो जीव इति ॥**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હવે પ્રશ્ન થાય કે ઈશ્વર કોણ કે જીવ કોણ? આ બાબતમાં પ્રકટાર્થવિવરણમાં કહ્યું છે કે અનાદિ અનિર્વચનીય અને ભૂતોની (કાર્યમાત્રની) પ્રકૃતિ માયા ચિત્માત્ર સાથે સંબંધવાળી છે. તેમાં ચિત્નું પ્રતિબિંબ તે ઈશ્વર. તેના જ અવિદ્યા નામના આવરણશક્તિ અને વિક્ષેપશક્તિવાળા પરિચ્છિન્ન, અનન્ત પ્રદેશોમાં ચિત્નું પ્રતિબિંબ તે જીવ.

વિવરણ : 'માયાં તુ પ્રકૃતિં વિદ્યાત્' શ્રુતિમાં ભૂત (ઉત્પન્ન થયેલી વસ્તુ)ની પ્રકૃતિ (મૂળ કારણ) તરીકે પ્રસિદ્ધ માયામાં ચૈતન્યનું પ્રતિબિંબ તે ઈશ્વર. અહીં શંકા થાય કે એ જ શ્રુતિમાં 'માયિનં તુ મહેશ્વરમ્' એમ કહ્યું છે તેમાં માયાનું ઈશ્વરાશ્રિત તરીકે પ્રતિપાદન છે, તો ઈશ્વર માયામાં પ્રતિબિંબરૂપ કેવી રીતે હોઈ શકે તેના ઉત્તરમાં કહ્યું છે કે માયા ચિન્માત્રસંબંધિની છે અર્થાત્ ચિન્માત્રાશ્રિત છે. 'માત્ર' પદથી બિંબત્વાદિનો વ્યવચ્છેદ કર્યો છે શ્રુતિમાં 'મહેશ્વર' પદ છે તેનો લક્ષણાથી 'ચિન્માત્ર' અર્થ છે. માયા સાંખ્યને માન્ય પ્રકૃતિની જેમ સ્વતંત્ર નથી એમ બતાવવા તેને અનિર્વાચ્ય અનિર્વચનીય કહી છે. માયા બ્રહ્મચૈતન્યથી વસ્તુતઃ ભિન્ન નથી કારણ કે બ્રહ્મ સિવાયનું બધું મિથ્યા છે એમ શ્રુતિ છે તેથી તેનો બ્રહ્મથી વસ્તુતઃ ભેદ સંભવતો નથી. માયા બ્રહ્મથી અભિન્ન પણ નથી કારણ કે ચૈતન્ય અને જડનું ઐક્ય હોઈ શકે નહિ. ચૈતન્યથી ભિન્નાભિન્ન છે એમ પણ ન કહેવાય કારણ કે ભિન્નત્વ અને અભિન્નત્વ વિરોધી હોઈને એક સાથે સંભવે નહિ. એ જ રીતે માયા સત્ નથી કારણ કે સત્ માનતાં અદ્વૈતશ્રુતિનો વિરોધ થાય; માયા અસત્ પણ નથી કારણ કે અસત્ હોય તો ભૂતપ્રકૃતિ હોઈ શકે નહિ. સદસત્ પણ નથી કારણ કે સત્ત્વ અને અસત્ત્વનો એકમાં વિરોધ છે. એ પ્રમાણે માયા સાવયવ (અવયવો વાળી) નથી કારણ કે સાવયવ હોય તો સાદિ (ઉત્પત્તિવાળી હોય) અને તેમાં પ્રતિબિંબભૂત ઈશ્વર પણ સાદિ હોવો જોઈએ. વળી માયા સાદિ હોય તો તેની પ્રકૃતિ તરીકે અન્ય માયાની અપેક્ષા રહે અને તેની પ્રકૃતિ તરીકે અન્ય માયાની અપેક્ષા રહે અને તેની પ્રકૃતિ તરીકે વળી અન્ય માયાની અપેક્ષા રહે એમ અનવસ્થાનો પ્રસંગ થાય. માયા નિરવયવ પણ નથી, કારણ કે નિરવયવ હોય તો પ્રકૃતિ ન હોય—લોકમાં સાવયવ પદાર્થોને કારણ બનતાં જોઈએ છીએ. સાવયવ નિરવયવ પણ ન હોઈ શકે કારણ કે સાવયવત્વ અને નિરવયવત્વનો એકમાં વિરોધ છે. આમ માયાનું કોઈ રીતે નિર્વચન (પ્રામાણિક નિરૂપણ; સમજૂતી) કરી શકાતું નથી તેથી તે અનિર્વાચ્ય છે.

જીવ એ સીધું માયામાં પડેલું પ્રતિબિંબ નથી પણ માયાના પરિચ્છિન્ન અનન્ત પ્રદેશોમાં પડેલું ચિત્પ્રતિબિંબ છે. આ પ્રદેશો પરિચ્છિન્ન છે તેથી તેમાં પ્રતિબિંબરૂપ જીવ પણ પરિચ્છિન્ન તરીકે લબ્ધ થાય છે. બ્ર. સૂ. શાંકરભાષ્યમાં જીવોનું પરિચ્છિન્ન તરીકે નિરૂપણ છે. 'સર્વત્ર પ્રસિદ્ધોપદેશાત્' (બ્ર. સૂ. ૧.૨. અધિ ૧, સૂ. ૧) એ અધિકરણમાં સૂત્રમાંનો 'શારીર' શબ્દ સમજાવતાં શંકરાચાર્યે કહ્યું છે કે 'શરીરમાં હોય તે શારીર જીવ.' ઈશ્વર પણ શરીરમાં છે તો ખરો; પણ તે સર્વગત, વિભુ હોઈ શરીરમાં જ છે એમ ન કહેવાય, જ્યારે જીવ તો શરીરમાં જ છે. તેના ભોગનું અધિષ્ઠાન કરતો હોઈ અન્યત્ર નથી. એવું જ 'ગુહાપ્રવિષ્ટાધિકરણ'ના ભાષ્યમાં પણ કહ્યું છે (૧. ૩. અધિ ૧, સૂ. ૧).

અહીં એ ધ્યાનમાં રાખવું જોઈએ કે પટના આરંભક તન્તુઓની જેમ માયાના પ્રદેશો નથી કારણ કે તે અનાદિ છે, પણ માયામાં આવરણ અને વિક્ષેપશક્તિઓ અનંત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે અને વિક્ષેપાવરણશક્તિવાળા ભાગો તે જ તેના પ્રદેશો તરીકે વિવક્ષિત છે. બ્રહ્મચૈતન્યના આવરણને અનુકૂલ શક્તિ તે આવરણશક્તિ આવરણ એટલે 'બ્રહ્મ નથી, પ્રકાશતું નથી' એ વ્યવહારને યોગ્ય હોવું. વિક્ષેપ પદથી તે તે જીવનાં અસાધારણ દુઃખાદિ વિવક્ષિત છે તેને અનુકૂલ શક્તિ તે વિક્ષેપશક્તિ. (બ્ર સૂ. શાંકરભાષ્ય ૧.૪ અધિ. ૧, સૂ. ૧) વગેરેમાં જીવની ઉપાધિ તરીકે અવિદ્યાનો ઉલ્લેખ છે તેથી અહીં સ્પષ્ટતા કરી છે કે માયાના ઉપર્યુક્ત પ્રદેશોને માટે અવિદ્યા શબ્દ વપરાય છે તેથી કોઈ વિરોધ નથી. (જુઓ પ્રકટાર્થવિવરણ, પૃ ૩, મદ્રાસ, ૧૯૩૫).

એક જ મૂલપ્રકૃતિમાં પ્રદેશપ્રદેશિભાવથી અનિર્વચનીય ભેદ કલ્પીને જીવ અને ઈશ્વરનું પ્રતિબિંબ તરીકે નિરૂપણ કર્યું. હવે એ જ મૂલપ્રકૃતિ માયામાં બીજી રીતે રૂપભેદની કલ્પના કરીને તેમનું ઉપપાદન કરે છે—

<u>तत्त्वविवेके</u> तु—त्रिगुणात्मिकाया मूलप्रकृतेः "जीवेशावाभासेन करोति माया चाविद्या च स्वयमेव भवति" इति श्रुतिसिद्धौ द्वौ रूपभेदौ । रजस्तमोऽनभिभूतशुद्धसत्त्वप्रधाना माया, तदभिभूतमलिनसत्त्वा अविद्येति मायाऽविद्याभेदं परिकल्प्य, मायाप्रतिबिम्ब ईश्वरः, अविद्याप्रतिबिम्बो जीव इत्युक्तम् ।

જ્યારે તત્ત્વવિવેકમાં ત્રિગુણાત્મક મૂલપ્રકૃતિના '(મૂલપ્રકૃતિ) જીવ અને ઈશ્વરને આભાસથી કરે છે અને પોતે માયા અને અવિદ્યા બને છે' એ શ્રુતિથી[×] સિદ્ધ બે રૂપભેદ (જુદાં રૂપ) છે. રજસ્ અને તમસ્થી અભિભૂત નહિ એવા શુદ્ધ સત્ત્વના પ્રાધાન્યવાળી તે માયા; તેમનાથી (રજસ્ અને તમસ્થી) અભિભૂત મલિનસત્ત્વવાળી તે અવિદ્યા—એમ માયા અને અવિદ્યાનો ભેદ કલ્પીને માયામાં (ચિતનું) પ્રતિબિંબ તે ઈશ્વર, અને અવિદ્યામાં પ્રતિબિંબ તે જીવ—એમ કહ્યું છે.

વિવરણ : 'તત્ત્વવિવેક'થી વિદ્યારણ્યસ્વામીની 'પંચદશી'નું પ્રથમ પ્રકરણ અભિપ્રેત છે એમ લાગે છે. કેટલાકના મતે પંચદશીમાં સંકલિત પ્રકરણો અલગ અલગ કર્તાની રચના છે પણ એ કર્તાઓ ભુલાઈ ગયા અને તે પ્રકરણો સંમિલિત રૂપમાં વિદ્યારણ્ય સ્વામીના ગ્રંથ તરીકે જાણીતા થયાં તેથી જ સિદ્ધાંતલેશસંગ્રહમાં અને અન્યત્ર 'પંચદશીમાં કહ્યું છે' એમ ન કહેતાં 'તત્ત્વવિવેકમાં કહ્યું છે' ઇત્યાદિ પ્રકરણનું નામ લઈને કહ્યું છે. છતાં આ એક મત છે. પંચદશી વિદ્યારણ્યસ્વામીની કૃતિ તરીકે જાણીતી છે. માયા અને અવિદ્યાના ભેદ માટે જુઓ :

सत्त्वशुद्ध्यविशुद्धिभ्यां मायाऽविद्ये च ते मते ।
मायाबिम्बो वशीकृत्य तां स्यात् सर्वज्ञ ईश्वरः ॥
अविद्यावशगस्त्वन्यस्तद्वैचित्र्यादनेकधा ।
सा कारणशरीरं स्यात् प्राज्ञस्तत्राभिमानवान् ॥ (पञ्चदशी—तत्त्वविवेक, १७-१८)

× જુઓ નૃસિંહોત્તરતાપનીયોપનિષદ્, ૯.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સત્ત્વ, રજસ્, તમસ્ની સામ્યાવસ્થા મૂલ પ્રકૃતિમાં હોય છે. રજસ્ અને તમસ્થી તિરસ્કૃત કે અભિભૂત સત્ત્વને મલિન કહ્યું છે અને એવા સત્ત્વવાળી તે અવિદ્યા; રજસ્ અને તમસ્થી અભિભૂત ન થવું તેને જ સત્ત્વનું શુદ્ધત્વ કહ્યું છે; શુદ્ધસત્ત્વપ્રધાન તે માયા.

**एकैव मूलप्रकृतिर्विक्षेपप्राधान्येन मायाशब्दितेश्वरोपाधिः, आवरणप्राधान्येनाविद्याऽज्ञानशब्दिता जीवोपाधिः । अत एव तस्या जीवेश्वरसाधारणचिन्मात्रसम्बन्धित्वेऽपि जीवस्यैव ‘अज्ञोऽहम्’ इति अज्ञानसम्बन्धानुभवः, नेश्वरस्येति जीवेश्वरविभागः कचिदुपपादितः ।**

એક જ મૂલપ્રકૃતિ વિક્ષેપના પ્રાધાન્યથી ‘માયા’ શબ્દથી વાચ્ય છે અને ઈશ્વરની ઉપાધિ છે; અને આવરણના પ્રાધાન્યથી ‘અવિદ્યા’ ‘અજ્ઞાન’ શબ્દથી વાચ્ય છે અને જીવની ઉપાધિ છે. એથી જ તેનો (મૂલપ્રકૃતિનો) જીવ અને ઈશ્વરને સાધારણ ચિન્માત્ર સાથે સબંધ હોવા છતાં પણ જીવને જ ‘હું અજ્ઞ છું’ એ અજ્ઞાનના સંબંધનો અનુભવ થાય છે, ઈશ્વરને થતો નથી—એમ જીવ અને ઈશ્વરના વિભાગની ઉપપત્તિ ક્યાંક બતાવી છે.

(વિવરણ : જીવ અને ઈશ્વરની ઉપાધિભૂત પ્રકૃતિ પ્રતિબિંબરૂપ જીવ અને ઈશ્વરને સાધારણ બિમ્બચૈતન્યમાં આશ્રિત હોવા છતાં જીવને જ અજ્ઞાનના સબંધનો અનુભવ થાય છે (કારણ કે આવરણશક્તિના પ્રાધાન્યવાળી પ્રકૃતિ જેને અજ્ઞાન કહે છે તે તેની ઉપાધિ છે), પણ ઈશ્વરને થતો નથી (કારણ કે આવરણશક્તિને ઈશ્વરની ઉપાધિકોટિમાં અનુપ્રવેશ નથી), આમ ઈશ્વર અને જીવ પ્રતિ પ્રકૃતિ સાધારણ હોવા છતાં એક સર્વજ્ઞ છે જ્યારે બીજો અજ્ઞ છે એ વૈલક્ષણ્ય શ્રુતિસિદ્ધ છે તે કેવી રીતે સંભવે એ શંકાને કોઈ શંકા નથી.

**संक्षेपशारीरके तु ‘कार्योपाधिरयं जीवः कारणोपाधिरीश्वरः’ इति श्रुतिमनुसृत्याविद्यायां चित्प्रतिबिम्ब ईश्वरः अन्तःकरणे चित्प्रतिबिम्बो जीवः । न चान्तःकरणरूपेण द्रव्येण घटेनाकाशस्येव चैतन्यस्यावच्छेदसम्भवात् तदवच्छिन्नमेव चैतन्यं जीवोऽस्त्विति वाच्यम् । इह परत्र च जीवभावेनावच्छेद्यचैतन्यप्रदेशस्य भेदेन कृतहानाकृताभ्यागमप्रसङ्गात् । प्रतिबिम्बस्तूपाधेर्गतागतयोरवच्छेद्यवन्न भिद्यते इति प्रतिबिम्बपक्षे नायं दोष इत्युक्तम् ।**

**एवमुक्तेष्वेतेषु जीवेश्वरयोः प्रतिबिम्बविशेषत्वपक्षेषु यत् बिम्बस्थानीयं ब्रह्म तत् मुक्तप्राप्यं शुद्धचैतन्यम् ॥**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**સંક્ષેપશારીરકમાં** તો કહ્યું છે કે 'કાર્યોપાધિક આ જીવ અને કારણોપાધિક ઈશ્વર' એ શ્રુતિ અનુસાર (કારણ) અવિદ્યામાં ચિત્‌નું પ્રતિબિંબ એ ઈશ્વર અને (અવિદ્યાના કાર્ય) અન્તઃકરણમાં ચિત્‌નું પ્રતિબિંબ તે જીવ. એવી શંકા ન કરવી જોઈએ કે જેમ ઘટથી આકાશનો અવચ્છેદ થાય છે તેમ અન્તઃકરણરૂપ દ્રવ્યથી ચૈતન્યનો અવચ્છેદ સંભવે છે તેથી અન્તઃકરણથી અવચ્છિન્ન જ (—અર્થાત્ તેમાં પ્રતિબિંબિત નહીં—) ચૈતન્ય તે જીવ એમ ભલે હો. (આ શંકા બરાબર નથી) કારણ કે (આમ માનીએ તો) આ લોકમાં અને પરલોકમાં જીવભાવે અવચ્છેદ્ય ચૈતન્યપ્રદેશનો ભેદ હોવાથી કૃતહાન અને અકૃતાભ્યાગમનો પ્રસંગ થશે. જ્યારે ઉપાધિનું ગમન અને આગમન થાય તો પણ અવચ્છેદ્યની જેમ પ્રતિબિંબ ભિન્ન બનતું નથી તેથી પ્રતિબિંબ-પક્ષમાં આ દોષ નથી. (આ સંક્ષેપશારીરકકારનો મત છે).

આમ આ ઉપર કહેલા પક્ષો જેમાં જીવ અને ઈશ્વર પ્રતિબિંબવિશેષ છે તેમાં જે બિંબસ્થાનીય બ્રહ્મ છે તે મુક્તોએ પ્રાપ્ત કરવાનું શુદ્ધ ચૈતન્ય છે.

**વિવરણ** : 'जीवेशावाभासेन करोति माया चाविद्या च स्वयमेव भवति' એ શ્રુતિથી જીવ અને ઈશ્વર બન્ને પ્રતિબિંબ તરીકે જ્ઞાત થાય છે. જ્યાં બિંબ (ચૈતન્ય) એક હોય ત્યાં ઉપાધિના ભેદ વિના પ્રતિબિંબનો ભેદ સંભવે નહિ તેથી જીવ-પ્રતિબિંબને માટેની ઉપાધિ માયા છે અને ઈશ્વર-પ્રતિબિંબને માટેની ઉપાધિ અવિદ્યા છે, અને 'માયા' પદથી માયાનું કાર્ય અન્તઃકરણ વિવક્ષિત છે. આ શ્રુતિમાં માયા અને અવિદ્યાનો મૂલપ્રકૃતિથી અભેદ કહ્યો છે તે બાબતમાં એમ સમજવાનું છે કે મૂલપ્રકૃતિ અને અવિદ્યાનો મુખ્ય અભેદ છે તેવો માયા શબ્દથી વિવક્ષિત અન્તઃકરણ અને મૂલપ્રકૃતિ વચ્ચે નથી તો પણ પ્રકૃતિ-વિકારભાવથી પ્રયુક્ત અભેદ તો છે જ તેથી કોઈ મુશ્કેલી નથી. **અવચ્છેદવાદી** એવી દલીલ કરી શકે કે અવિદ્યાથી અવચ્છિન્ન ચૈતન્ય જ ઈશ્વર અને અન્તઃકરણથી અવચ્છિન્ન ચૈતન્ય જ જીવ એમ ઉપપત્તિ બતાવીએ તો વધારાના પ્રતિબિંબની કલ્પના કરવાની જરૂર ન રહે; પ્રતિબિંબ માનવામાં તો ગૌરવનો દોષ છે પણ આ દલીલ બરાબર નથી કારણ કે અવચ્છેદ માનીએ તો આ લોકમાં બ્રાહ્મણાદિ શરીરમાં રહેલા અન્તઃકરણથી અવચ્છિન્ન ચૈતન્યપ્રદેશ કર્મનો કર્તા છે અને પરલોકમાં દેવાદિશરીરમાં રહેલા અન્તઃકરણથી અવચ્છિન્ન ચૈતન્ય-પ્રદેશ કર્મ કર્યા વિના ભોક્તા છે. આમ જેણે કર્મ કર્યું છે તેને તેના ફળનો ભોગ નથી (કૃતહાનિ) અને જેણે કર્મ નથી કર્યું તેને પોતે નહીં કરેલા કર્મના ફળની પ્રાપ્તિ થાય છે (અકૃતાભ્યાગમ). આમ કૃત-હાનિ અને અકૃત-અભ્યાગમ એ દોષ આવી પડે છે. અવચ્છેદક ઘટનું સ્થાન-પરિવર્તન થાય પણ તેનાથી અવચ્છિન્ન આકાશ પ્રદેશનું ગમન જોવામાં નથી આવતું; તેમ બ્રાહ્મણ શરીરમાં રહેલું અન્તઃકરણ પરલોકમાં જાય છે એમ માની શકાય પણ તેનાથી અવચ્છિન્ન ચિત્પ્રદેશનું પણ ત્યાં ગમન માની શકાય નહિ (—આકાશ અને ચૈતન્ય વિભુ, સર્વગત હોઈને ગમન આગમન સંભવતાં નથી). તેથી અવચ્છિન્ન ચિત્પ્રદેશો જુદા છે અને કર્મ કરનાર એક અને તેનું ફળ ભોગવનાર બીજો એવું થઈ જાય. પણ પ્રતિબિંબ તરીકે ઉપપાદન કરવામાં આ દોષ નથી. સૂર્યાદિના પ્રતિબિંબવાળા જળથી ભરેલા ઘડાને બીજી જગ્યાએ લઈ જવામાં આવે તો પણ પ્રતિબિંબમાં ભેદ દેખાતો નથી. તેમ અન્તઃકરણ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ લોકમાંથી પરલોકમાં જાય તો પણ તેમાં પ્રતિબિંબિત ચિત્ જેને જીવ કહે છે તેનો ભેદ નહીં થાય.×

ચંદ્રાદિનાં પ્રતિબિંબવાળાં જળપાત્રોમાંથી એકનો નાશ થાય તો તેમાં રહેલ તરીકે જ્ઞાત થતા પ્રતિબિંબનો બિંબની સાથે એકીભાવ પ્રત્યક્ષ અનુભવાય છે તેમ બીજાં પ્રતિબિંબો સાથે તેનો એકીભાવ થતો નથી; તે જ પ્રમાણે પ્રતિબિંબરૂપ જીવનો પણ વિદેહકૈવલ્યના સમયે બિંબભૂત શુદ્ધ બ્રહ્મ સાથે એકીભાવ થશે, પણ તે પ્રતિબિંબરૂપ ઈશ્વર નહીં બને. અહીં એટલું ધ્યાનમાં રાખવું જોઈએ કે બિંબત્વથી વિશિષ્ટ ચૈતન્ય શુદ્ધ હોઈ શકે નહિ, તેથી અહી 'શુદ્ધ' પદથી 'સર્વજ્ઞત્વ સર્વકર્તૃત્વાદિ ધર્મ રહિત' એમ સમજવાનું છે.

चित्रदीपे—जीव ईशो विशुद्धा चित् इति त्रैविध्यप्रक्रियां विहाय यथा घटावच्छिन्नाकाशो घटाकाशः, तदाश्रिते जले प्रतिबिम्बितस्साभ्रनक्षत्रो जलाकाशः, अनवच्छिन्नो महाकाशः, महाकाशमध्यवर्तिनि मेघमण्डले वृष्टिलक्षणकार्यानुमेयेषु जलरूपतदवयवेषु तुषाराकारेषु प्रतिबिम्बितो मेघाकाशः इति वस्तुतः एकस्याप्याकाशस्य चातुर्विध्यम्, तथा स्थूलसूक्ष्मदेहद्वयस्याधिष्ठानतया वर्तमानं तदवच्छिन्नं चैतन्यं कूटवन्निर्विकारत्वेन स्थितं कूटस्थम्, तत्र कल्पितेऽन्तःकरणे प्रतिबिम्बितं चैतन्यं संसारयोगी जीवः, अनवच्छिन्नं चैतन्यं ब्रह्म, तदाश्रिते मायातमसि स्थितासु सर्वप्राणिनां धीवासनासु प्रतिबिम्बितं चैतन्यमीश्वरः इति चैतन्यस्य चातुर्विध्यं परिकल्प्यान्तःकरणधीवासनोपरक्ताज्ञानोपाधिभेदेन जीवेश्वरविभागो दर्शितः ।

ચિત્રદીપમાં 'જીવ, ઈશ્વર, વિશુદ્ધ ચિત્' એ ત્રૈવિધ્યની પ્રક્રિયા છોડીને (ચૈતન્યની ચતુર્વિધતા કલ્પી છે). જેમ ઘટથી અવચ્છિન્ન આકાશ તે ઘટાકાશ, તેમાં આશ્રિત જળમાં વાદળ અને નક્ષત્ર સહિત પ્રતિબિંબિત આકાશ તે જલાકાશ, અનવચ્છિન્ન તે મહાકાશ, (અને) મહાકાશની મધ્યમાં રહેલ મેઘમંડળમાં વૃષ્ટિરૂપ કાર્યથી જેનું અનુમાન થઈ શકે છે તેવા તેના જલરૂપ અવયવો કે જે તુષારાકાર છે (—અને તેથી સૂક્ષ્મ હોઈ ને દેખાતા નથી) તેઓમાં

---

× જુઓ संक्षेपशारीरक ૨.૧૭૬.

स्पष्टं तमःस्फुरणमत्र न तत्र तद्वत्
सर्वेश्वरे तदिति तत्र निषिध्यते तत ।
बिम्बे तमोनिपतिते प्रतिबिम्बके वा
देहद्वयावरणवर्जितचित्स्वरूपे ॥

અને તેના પર મધુસૂદન સરસ્વતીકૃત सारसङ्ग्रह.

પ્રતિબિંબિત આકાશ તે મેઘાકાશ —આમ આકાશ વસ્તુતઃ એક હોવા છતાં તેની ચતુર્વિધતા છે. તેવી રીતે સ્થૂલ અને સૂક્ષ્મ એ બે દેહના અધિષ્ઠાન તરીકે રહેલું તેનાથી અવચ્છિન્ન ચૈતન્ય કૂટ (લોહઘન)ની જેમ નિર્વિકાર તરીકે રહેલું તે **કૂટસ્થ**. તેમાં કલ્પવામાં આવેલા અન્તઃકરણમાં પ્રતિબિંબિત ચૈતન્ય તે **સંસારી** (સંસાર સાથે સંબંધ વાળો) **જીવ**; અનવચ્છિન્ન ચૈતન્ય તે **બ્રહ્મ**; (અને) તેમાં આશ્રિત માયા નામના તમસ્‌માં રહેલી સર્વપ્રાણીઓની ધીવાસનાઓમાં પ્રતિબિંબિત ચૈતન્ય તે **ઈશ્વર**—આમ ચૈતન્યની ચતુર્વિધતા કલ્પીને અન્તઃકરણ અને ધીવાસનાનો રંગ જેને લાગ્યો છે એવું અજ્ઞાન એ બે ઉપાધિના ભેદથી જીવ અને ઈશ્વરનો વિભાગ બતાવવામાં આવ્યો છે.

**વિવરણ** : આકાશનું પ્રતિબિંબ ઘડાના જળમાં નથી હોતું એવી શંકાનો નિરાસ કરવા માટે 'વાદળ અને નક્ષત્ર સહિત પ્રતિબિંબિત આકાશ' એમ કહ્યું છે. જળમાં વાદળ અને નક્ષત્રનું પ્રતિબિંબ દેખાય છે ત્યારે તેમની સાથે આકાશનું પ્રતિબિંબ પણ દેખાય છે જ. મેઘમંડળમાં જે તેના જળરૂપ અવયવો છે તેઓમાં પ્રતિબિંબત આકાશ તે મેઘાકાશ એમ સંબંધ યોજવાનો છે.

ઘ્રાણ, રસન, ચક્ષુ, શ્રોત્ર, ત્વક્ નામની પાંચ જ્ઞાનેન્દ્રિય, વાક્, પાણિ (હાથ), પાદ, પાયુ, ઉપસ્થ નામની પાંચ કર્મેન્દ્રિય, પ્રાણ, અપાન, સમાન, વ્યાન, ઉદાન એ પાંચ વાયુઓ અને મન અને બુદ્ધિ એ બે અન્તઃકરણો—એ ૧૭ મળીને લિંગશરીર બને છે. ઉપમેય અને ઉપમાનનું સારૂપ્ય પૂરેપૂરું છે. સ્થૂલદેહ અને સૂક્ષ્મદેહથી અવચ્છિન્ન તે ઉપમાનમાંના ઘટાકાશને સ્થાને આવતું (ઘટાકાશસ્થાનીય) કૂટસ્થ આ બે દેહનું અધિષ્ઠાન હોઈને ચૈતન્ય તેમનાથી અવચ્છિન્ન છે. કૂટ એટલે એક ચોક્કસ પ્રકારના લાકડાના ચોકઠામાં લાગેલો લોહપિંડ; કૂટસ્થ એટલે કૂટની જેમ અચલ રહે છે તે. એ કૂટસ્થમાં કલ્પિત ઘટગત જલાકાશસ્થાનીય સંસારાશ્રયી જીવ. કૂટસ્થને સંસાર હોય તે ઉપપન્ન નથી તેથી જીવની કલ્પના કરી છે. મહાકાશસ્થાનીય બ્રહ્મને આશ્રિત મેઘમંડલસ્થાનીય માયા નામનું તમસ્ તેમાં રહેલ તુષારસ્થાનીય ધીવાસનામાં પ્રતિબિંબિત તે મેઘાકાશસ્થાનીય ઈશ્વર; અને દાષ્ટાન્તિક મહાકાશસ્થાનીય બ્રહ્મ છે. અન્તઃકરણરૂપ ઉપાધિવાળું ચૈતન્ય તે જીવ; અને ધીવાસનાથી ઉપરક્ત અજ્ઞાનરૂપ ઉપાધિવાળું ચૈતન્ય તે ઈશ્વર. આમ ઉપાધિભેદે કરીને જીવ અને ઈશ્વરનો વિભાગ બતાવ્યો છે. જાગ્રત્ અને સ્વપ્ન એમ બે અવસ્થાઓમાં રહેલાં સ્થૂલ અન્તઃકરણો તે ધી(ઓ), તેમની સુષુપ્તિ અવસ્થામાં રહેલી જે સૂક્ષ્મ અવસ્થાઓ તે 'વાસના'થી વિવક્ષિત છે. ધીવાસનાઓ અનંત છે તેથી તેમાં પ્રતિબિંબિત ચૈતન્ય અર્થાત્ ઈશ્વર પણ અનેક થશે એવી શંકાની વ્યાવૃત્તિ કરવા માટે વાસનાથી ઉપરક્ત અજ્ઞાનને ઉપાધિરૂપ માન્યું છે.

જુઓ પઞ્ચદશીનું **चित्रदीप** પ્રકરણ :

> **कूटस्थो ब्रह्म जीवेशावित्येवं चिच्चतुर्विधा ।**
> **घटाकाशमहाकाशौ जलाकाशाभ्रखे यथा ॥१८॥**
>
> **घटावच्छिन्नखे नीरं यत्तत्र प्रतिबिम्बितः ।**
> **साभ्रनक्षत्र आकाशो जलाकाश उदीर्यते ॥१९॥**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

महाकाशस्य मध्ये यन्मेघमण्डलमीक्ष्यते ।
प्रतिबिम्बतया तत्र मेघाकाशो जले स्थितः ॥२०॥

मेघांशरूपमुदकं तुषाराकारसंस्थितम् ।
तत्र खप्रतिबिम्बोऽयं नीरत्वादनुमीयते ॥२१॥

अधिष्ठानतया देहद्वयावच्छिन्नचेतनः ।
कूटवन्निर्विकारेण स्थितः कूटस्थ उच्यते ॥२२॥

कूटस्थे कल्पिता बुद्धिस्तत्र चित्प्रतिबिम्बकः ।
प्राणानां धारणाज्जीवः संसारेण स युज्यते ॥२३॥

जलव्योम्ना घटाकाशो यथा सर्वस्तिरोहितः ।
तथा जीवेन कूटस्थः सोऽन्योन्याध्यास उच्यते ॥२४॥

[ છેલ્લા શ્લોકમાં કહ્યું છે કે જેમ જલાકાશથી ઘટાકાશ પૂરેપૂરું તિરોહિત થાય છે તેમ જીવથી કૂટસ્થ તિરોહિત થાય છે (તેથી તેનો અનુભવ થતો નથી). આને અન્યોન્યાધ્યાસ કહે છે ].

આગળના મતોમાં બિંબ-પ્રતિબિંબનો ભેદમાત્ર કલ્પિત છે, સ્વતઃ તેમનો અભેદ જ છે એ સિદ્ધ કરીને, આ મતમાં તેનાથી એક વિશેષતા કહી છે તે ચૈતન્યની ચતુર્વિધતા. બીજી વિશેષતા તે પ્રતિબિંબનું મિથ્યાત્વ.

अयं चापरस्तदभिहितो विशेषः—चतुर्विधेषु चैतन्येषु जीवः 'अहम्' इति प्रकाशमानः कूटस्थे अविद्यातिरोहितासङ्गानन्दरूपविशेषांशे शुक्तौ रूप्यवदध्यस्तः । अत एवेदन्त्वरजतत्वयोरिवाधिष्ठानसामान्यांशाध्यस्तविशेषांशरूपयोः स्वयन्त्वाहन्त्वयोः सहप्रकाशः 'स्वयमहं करोमि' इत्यादौ । अहन्त्वं ह्यध्यस्तविशेषांशरूपम्, पुरुषान्तरस्य पुरुषान्तरे 'अहम्' इति व्यवहाराभावेन व्यावृत्तत्वात् । स्वयन्त्वं चान्यप्रतियोग्यधिष्ठानसामान्यांशरूपम्, 'स्वयं देवदत्तो गच्छति' इति पुरुषान्तरेऽपि व्यवहारेणानुवृत्तत्वात् । एवं परस्पराध्यासादेव कूटस्थजीवयोरविवेको लौकिकानाम् । विवेकस्तु तयोर्बृहदारण्यके—'प्रज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानु विनश्यति' (बृहद्. ४.५.१३) इति जीवाभिप्रायेणोपाधिविनाशानुविनाशप्रतिपादनेन 'अविनाशी वा अरेऽयमात्मा' इति (४.५.१४) कूटस्थाभिप्रायेणाविनाशप्रतिपादनेन च स्पष्टः ।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને આ તેમાં કહેલો બીજો વિશેષ છે — આ ચતુર્વિધ ચૈતન્યોમાંથી 'હું" (અહમ્) એમ પ્રકાશતો જીવ, જેનો અસંગ આનંદરૂપ વિશેષ અંશ અવિદ્યાથી તિરોહિત છે તેવા કૂટસ્થમાં, રૂપું (ચાંદી, રજત) શુક્તિ (છીપ)માં અધ્યસ્ત હોય તેમ, અધ્યસ્ત છે. એથી જ ઇદંત્વ ('આ'પણું) અને રજતત્વની જેમ 'હું સ્વયં કરું છું' વગેરેમાં અધિષ્ઠાનના સામાન્ય અંશરૂપ અને અધ્યસ્ત વિશેષ અંશરૂપ સ્વયંત્વ અને અહંત્વનો સાથે પ્રકાશ છે. અહંત્વ અધ્યસ્ત વિશેષ અંશરૂપ છે એ જાણીતું છે કારણ કે એક પુરુષનો બીજા પુરુષના બાબતમાં 'અહમ્' એ વ્યવહાર હોતો નથી માટે વ્યાવૃત્ત છે. અને સ્વયંત્વ જે અન્યત્વનું પ્રતિયોગી છે તે અધિષ્ઠાનના સામાન્યાંશરૂપ છે કારણ કે 'દેવદત્ત સ્વયં જાય છે' એમ અન્ય પુરુષને માટે પણ વ્યવહારથી અનુવૃત્ત છે. આમ (તેમના) પરસ્પર અધ્યાસને લીધે જ લૌકિકોને કૂટસ્થ અને જીવનો અવિવેક (ભેદના અનુભવનો અભાવ) હોય છે. જ્યારે તેમનો વિવેક (ભેદાનુભવ) તો બૃહદારણ્યક ઉપનિષદ્‌માં 'પ્રજ્ઞાનઘન જ આ ભૂતોમાંથી સમુત્થાન પામીને તેમની જ પાછળ વિનાશ પામે છે' (૪.૫.૧૩) એમ જીવના અભિપ્રાયથી ઉપાધિના વિનાશની પાછળ (તેના) વિનાશનું પ્રતિપાદન છે તેથી, તથા 'અરે આ આત્મા અવિનાશી છે' (૪.૫.૧૪) એમ કૂટસ્થના અભિપ્રાયથી અવિનાશનું પ્રતિપાદન છે તેથી સ્પષ્ટ છે.

**વિવરણ :** જેમ રજતનો શુક્તિમાં અધ્યાસ છે તેમ अहम् 'હું' એમ પ્રકાશતા જીવનો અધ્યાસ છે. શંકા થાય કે 'इदम्' ('આ') એ સામાન્યરૂપથી જ્ઞાત પણ શુક્તિત્વ આદિ વિશેષરૂપથી અજ્ઞાત એવાં શુક્તિ વગેરેમાં રજતાદિનો અધ્યાસ દેખાય છે. પણ અહીં તો તેવી રીતે સામાન્યરૂપથી જ્ઞાત પણ વિશેષ રૂપથી અજ્ઞાત કોઈ અધિષ્ઠાન ઉપલબ્ધ થતું નથી. આ શંકાના નિરાસ માટે કહ્યું છે કે જીવનો અધ્યાસ કૂટસ્થમાં છે. ફરી શંકા થાય કે અવિદ્યાને લીધે કૂટસ્થનો અસંગત્વ, આનન્દત્વ પૂર્ણત્વ આદિ વિશેષ અંશ આવૃત થઈ જાય છે તેથી શુક્તિત્વ વગેરેની જેમ તેની પ્રતીતિ થતી નથી એ વાત ઠીક છે. પણ શુક્તિ इदन्त्वથી ('આ' તરીકે) સામાન્ય રૂપથી પ્રકાશતી દેખાય છે, તેમ કૂટસ્થનો સામાન્ય-રૂપથી પ્રકાશ દેખાતો નથી. વળી इदं रजतम्' (આ ચાંદી છે)—એ જ્ઞાનમાં અધિષ્ઠાનના સામાન્ય અંશનો અને આરોપ્યના વિશેષ અંશનો સાથે પ્રકાશ જોવામ આવે છે જ્યારે પ્રસ્તુતમાં તો અહમર્થરૂપ વિશેષ જ 'अहम्' એમ પ્રકાશે છે (જેને अहम् કહેવામાં આવે છે તે જીવત્વ રૂપ વિશેષ જ પ્રકાશે છે) પણ કોઈ સામાન્યાંશ પ્રકાશતો નથી તેથી અહમર્થને રજતની જેમ અધ્યસ્ત માનવું એ બરાબર નથી. આનો ઉત્તર આપતા કહ્યું છે કે 'એથી જ...' અર્થાત્ અહમર્થની કૂટસ્થમાં અધ્યસ્ત તરીકે કલ્પના છે તેથી જ. સ્વયંત્વ કૂટસ્થનુ સામાન્ય રૂપ છે, કૂટસ્થત્વ નહિ કારણ કે તે એક શાસ્ત્રથી જ જાણી શકાય છે અને કૂટસ્થનું સ્વયંત્વ અહમર્થના આરોપ સમયે તેની સાથે પ્રકાશે છે. તેથી તેની પહેલાં સ્વયંત્વનું ભાન (તેનો પ્રકાશ) હોય તો કોઈ વિરોધ નથી કારણ કે તે નિત્યચૈતન્યાત્મક કૂટસ્થરૂપ સ્વીકારવામાં આવે છે. 'કૂટસ્થનું સ્વયંત્વ' એમ કહીએ છીએ તે તો 'રાહુનું શિર', 'પુરુષનું ચૈતન્ય' (—વાસ્તવમાં રાહુ શિરરૂપ છે, પુરુષ ચૈતન્યરૂપ જ છે. વસ્તુતઃ તેમનું



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઐક્ય જ છે—)ની જેમ ભેદની કલ્પનાથી ધર્મધર્મિભાવથી ઉપપન્ન છે (તેમને ભિન્ન માની એકને ધર્મ અને બીજાને ધર્મી માનવામાં આવે છે એ રીતે સમજાવવાનું છે). **કૂટસ્થનો** 'સ્વયંત્વ' સામાન્ય રૂપથી સદા પ્રકાશ છે તેથી અહમર્થરૂપ ચિદાભાસને માટે એ અધિષ્ઠાન હોય એમાં કોઈ વિરોધ નથી. અહંત્વ એ રજતની જેમ વિશેષરૂપ છે કારણ કે દરેકમાં એ હોતું નથી. એક પુરુષ બીજા પુરુષને માટે 'अहम्' એ વ્યવહાર કરતો નથી. તેથી એ વ્યાવૃત્ત છે એમ સમજાય છે. જ્યારે 'સ્વયંત્વ' સામાન્યરૂપ છે કારણ કે ઇદંત્વની જેમ તે અનુગત છે: 'દેવદત્ત સ્વયં (પોતે) જાય', 'તું પોતે જા', 'હું પોતે જાઉં' એમ દરેકને માટે તેનો વ્યવહાર થાય છે.

**શંકા**—'स्वयमहम्' એમ પ્રકાશતા કૂટસ્થ અને જીવનો શુક્તિ અને રજતની જેમ ભેદ હોય તો એ ભેદ સર્વને ઉપલબ્ધ કેમ થતો નથી?

**ઉત્તર**—અહમર્થ જીવનો કૂટસ્થમાં અધ્યાસ હોય ત્યારે પરસ્પર અધ્યાસને લીધે અર્થાત્ તેમનામાં અભેદનો અધ્યાસ થાય છે તેથી જ તેમનામાં વિવેકનો અભાવ હોય છે, ભેદનો અનુભવ થતો નથી.

**શંકા**—इदम् रजतम् એ ભ્રમ થાય છે ત્યાં इयं शुक्तिः એ વિશેષ દર્શનથી સમજાય છે કે इदम् તરીકે સામાન્યરૂપ પદાર્થમાં શુક્તિત્વ અને રજતત્વરૂપ વિરુદ્ધ ધર્મો છે તેથી તેમનો ભેદ સ્વીકારવામાં આવે છે. પણ અહીં જીવ અને કૂટસ્થનો ભેદ કેવી રીતે જાણી શકાશે? અને ભેદનું જ્ઞાન ન હોય તો स्वयमहम् એમ સામાન્યવિશેષભાવથી પ્રકાશતા તેમનું, 'સત્ય રજત'ની બાબતમાં જેમ રજત અને इदमर्थनुं વસ્તુતઃ ઐક્ય છે તેમ, ઐક્ય માનવું પડશે. તેથી અહમર્થરૂપ જીવની સ્વયંશબ્દાર્થભૂત કૂટસ્થમાં કલ્પના કરવામાં આવે છે એ સિદ્ધ થતું નથી. સાચા રજતને તો इदम्ની સાથે આપણે અન્યત્ર જોયું છે તેથી શુક્તિ અને રજતનો ભેદ સમજાય છે અને શુક્તિમાં રજતનો ભ્રમ છે એ સમજાય છે. પણ કૂટસ્થનો અનુભવ થતો જ નથી તો પછી જીવનો આરોપ છે, ભ્રમ જ છે એ શી રીતે સમજાશે?

**ઉત્તર**—તેમના વિવેક, ભેદનો અનુભવ શ્રુતિથી સ્પષ્ટ રીતે થાય છે. **બૃહદારણ્યક ઉપનિષદ્**માં જીવની વાત કરતાં કહ્યું છે કે દેહાદિસંઘાત રૂપથી પરિણત થયેલાં એવાં ઉપાધિરૂપ ભૂતોમાંથી સમુત્થાન પામીને અર્થાત્ સામ્યથી ઉદ્ભવીને, ઉપાધિરૂપ બુદ્ધિ આદિની ઉત્પત્તિથી ઉત્પત્તિ પામીને, જ્યારે એ ઉપાધિભૂત બુદ્ધિ આદિ તત્ત્વજ્ઞાનથી નાશ પામે છે ત્યારે તેમને અનુસરીને એ નાશ પામે છે. આમ શ્રુતિથી ઔપાધિક આત્માના વિનાશિત્વનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. અન્તઃકરણમાં પ્રતિબિંબરૂપ અને ઉપાધિપર આયત્ત જીવ મિથ્યા હોય તો જ આ સંભવે. ઔપાધિક જીવ સત્ય હોય તો તેના વિનાશિત્વનું કથન સંગત ન બને. એ જ પ્રમાણે શ્રુતિએ અવિનાશી આત્મા કૂટસ્થ ચૈતન્યના નાશાભાવનું પણ પ્રતિપાદન કર્યું છે. તાત્પર્ય એ છે કે ચિદાત્માનાં સ્વતઃ વિનાશાદિ નથી, તે તો સ્વરૂપે અવિનાશી છે. તેથી ચિદાત્માનું પ્રતિબિંબચૈતન્યરૂપ જીવની સાથે તાદાત્મ્ય લઈને વિનાશાદિવચનની ઉપપત્તિ કરવાની છે. આમ રજતના ભ્રમ પ્રસંગે થાય છે તેમ વિનાશિત્વ અને અવિનાશિત્વરૂપ વિરુદ્ધ ધર્મોનો નિશ્ચય છે જ તેથી જીવ અને કૂટસ્થનો ભેદ સ્પષ્ટ ભાસે છે. તેથી પહેલાં કૂટસ્થ ચૈતન્યમાં જીવરૂપ અહમર્થના અધ્યાસની સિદ્ધિ છે,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જુઓ પઞ્ચદશી, चित्रदीपप्रकरण :

अविद्यावृतकूटस्थे देहद्वययुता चितिः ।
शुक्तौ रूप्यवदध्यस्ता विक्षेपाध्यास एव हि ॥३३॥
आरोपितस्य दृष्टान्ते रूप्यं नाम यथा तथा ।
कूटस्थाध्यस्तविक्षेपनामाहमिति निश्चयः ॥३६॥
इदमंशं स्वतः पश्यन् रूप्यमित्यभिमन्यते ।
तथा स्वं च स्वतः पश्यन्नहमित्यभिमन्यते ॥३७॥
इदन्त्वरूप्यते भिन्ने स्वत्वाहन्ते तथेष्यताम् ।
सामान्यं च विशेषश्च ह्युभयत्रापि गम्यते ॥३८॥
देवदत्तः स्वयं गच्छेत् त्वं वीक्षस्व स्वयं तथा ।
अहं स्वयं न शक्नोमीत्येवं लोके प्रयुज्यते ॥३९॥

अहमर्थस्य जीवस्य विनाशित्वे कथमविनाशिब्रह्माभेदः । नेदमभेदे सामानाधिकरण्यं किं तु बाधायाम् । यथा 'यः स्थाणुरेष पुमान्' इति पुरुषत्वबोधेन स्थाणुत्वबुद्धिर्निवर्त्यते, एवम् 'अहं ब्रह्मास्मि' इति कूटस्थ-ब्रह्मस्वरूपत्वबोधेनाध्यस्ताहमर्थरूपत्वं निवर्त्यते ।

योऽयं स्थाणुः पुमानेष पुंधिया स्थाणुधीरिव ।
ब्रह्मास्मीति धियाऽशेषा ह्यहम्बुद्धिर्निवर्तते ॥ (नैष्कर्म्यसिद्धि, २.२९)

इति नैष्कर्म्यसिद्धिवचनात् । यदि च विवरणाद्युक्तरीत्या इदमभेदे सामानाधिकरण्यं तदा जीववाचिनोऽहंशब्दस्य लक्षणया कूटस्थपरत्वमस्तु, तस्यानध्यस्तस्य ब्रह्माभेदे योग्यत्वात् ।

અહમર્થ (જેને अहम् 'હું' કહેવામાં આવે છે તે જીવ) જો વિનાશી હોય તો ('अहं ब्रह्मास्मि' એ શ્રુતિવચનથી) તેનો અવિનાશી બ્રહ્મની સાથે અભેદ કેવી રીતે (પ્રતિપાદિત કરવામાં આવે છે)? (આ શંકાનો ઉત્તર છે કે) ('अहं ब्रह्मास्मि' વગેરે શ્રુતિવચનોમાં) સામાનાધિકરણ્ય અભેદપરક નથી પણ બાધપરક છે. જેમ 'જે ઠૂંઠું માનું છું તે પુરુષ છે' એ પુરુષત્વના બોધથી સ્થાણુત્વની બુદ્ધિ (જ્ઞાન)ની નિવૃત્તિ કરવામાં આવે છે તેમ 'હું બ્રહ્મ છું' એ (વાક્યજન્ય) કૂટસ્થબ્રહ્મસ્વરૂપત્વના બોધથી અધ્યસ્ત અહમર્થરૂપત્વની નિવૃત્તિ કરવામાં આવે છે.

"'જે આ સ્થાણુ છે તે આ પુરુષ છે' એ પુરુષજ્ઞાનથી જેમ સ્થાણુજ્ઞાન નિવૃત્ત થાય છે તેમ 'હું બ્રહ્મ છું' એ જ્ઞાનથી પૂરેપૂરી અહંબુદ્ધિ નિવૃત્ત થાય છે"—એ નૈષ્કર્મ્યસિદ્ધિ(૨.૨૯)નું વચન છે તેથી (આ વાતને સમર્થન મળે છે).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**અને જો વિવરણ આદિમાં કહેલી રીતથી આ સામાનાધિકરણ્ય અભેદપરક હોય તો જીવવાચી अहम् શબ્દ લક્ષણાર્થી ભલે કૂટસ્થપરક હો, કારણ કે અનદ્યસ્ત તે (કૂટસ્થ) બ્રહ્મ સાથે અભેદની બાબતમાં યોગ્ય છે.**

**વિવરણ** : सोऽयं देवदत्तः--તે (પાંચ વર્ષ પહેલાં કલકત્તામાં વિદ્યમાન) આ (અહીં અત્યારે વિદ્યમાન) **દેવદત્ત** છે—એ વાક્યમાં તદ્દેશવિશિષ્ટ તત્કાલવિશિષ્ટ **દેવદત્ત** અને આ દેશ અને આ કાલથી વિશિષ્ટ **દેવદત્ત**નો અભેદ હોઈ શકે નહિ તેથી सः–'તે' અને अयं–'આ' પદોની જહદજહલ્લક્ષણાથી (વાચ્ય અર્થનો વિરોધી અંશ છોડી દેનાર અને અવિરોધી અંશ રાખનાર લક્ષણાવૃત્તિથી) અભેદપરક અર્થ સ્વીકારવામાં આવે છે. પણ यः स्थाणुः स पुरुषः–'જેને ઝાડનું સૂકું ઠૂંઠું માન્યુ તે પુરુષ છે' એ સામાનાધિકરણ્યયુક્ત વાક્યનો બાધારૂપ વાક્યાર્થ છે—પુરુષમાં આરોપિત પ્રાતિભાસિક સ્થાણુનો વ્યાવહારિક પુરુષ સાથે અભેદ વાક્યાર્થ નથી કારણ કે એ બાધિત થાય છે, પણ સ્થાણુના આરોપમાં અધિષ્ઠાનભૂત પુરુષમાં વસ્તુત; સ્થાણુ સાથે તાદાત્મ્યનો અભાવ છે એ બાધ વાક્યાર્થ છે. यः स्थाणुः स पुरुषः એ વાક્યથી 'વસ્તુતઃ પુરુષ સ્થાણુતાદાત્મ્યાભાવવાળો છે' એ બોધ (જ્ઞાન) ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે अहं ब्रह्मास्मि વાક્યથી 'અહમર્થભૂત જીવના તાદાત્મ્યથી શૂન્ય બ્રહ્મ જ છું' એ જ્ઞાન ઉત્પન્ન થાય છે. એ જ્ઞાનથી 'હું જ્ઞાતા, કર્તા, સુખી, દુઃખી છું' વગેરે આરોપ કર્તૃત્વાદિ ધર્મથી વિશિષ્ટ અહમ્ર્થરૂપ પોતાના વિષય સાથે નિઃશેષ નિવૃત્ત થાય છે. આરોપિત અહમર્થની નિવૃત્તિ થતાં જીવનું જે કૂટસ્થચૈતન્યાત્મક વાસ્તવરૂપ છે તે પૂર્ણબ્રહ્મરૂપે રહે છે, તેથી અન્ય શ્રુતિઓ સાથે વિરોધ નથી. બાધનો વાક્યાર્થ તરીકે સ્વીકાર કરતાં यः स्थाणुः स पुरुषः એ વાક્યમાં પુરુષત્વ પદથી કલ્પિતસ્થાણુ-તાદાત્મ્યાભાવવત્ત્વ વિવક્ષિત છે; અને अहं ब्रह्मास्मिમાં કૂટસ્થબ્રહ્મરૂપત્વ પદથી વસ્તુતઃ અહમર્થતાદાત્મ્યાભાવવાળું કૂટસ્થબ્રહ્મરૂપત્વ વિવક્ષિત છે. બાધનો જ વાક્યાર્થબોધવિષય તરીકે સ્વીકાર હોવાથી દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિક બન્નેમાં અધિષ્ઠાન આરોપિત અર્થના અભાવવાળું છે અને આરોપિતાત્યન્તાભાવ અધિષ્ઠાનથી અતિરિક્ત છે એ મત સ્વીકારીને ઉપર પ્રમાણે કહ્યુ છે એ ધ્યાનમાં રાખવું. 'અધ્યસ્ત અહમર્થરૂપત્વની નિવૃત્તિ કરવામાં આવે છે' એ વચનથી અધ્યસ્ત જે અહમર્થ, તદ્રૂપત્વ, તત્તાદાત્મ્યની નિવૃત્તિ કરવામાં આવે છે. એમ બોધફળ કહ્યું છે. મહાવાક્યનું બાધપરકત્વ કપોલકલ્પિત નથી પણ **સુરેશ્વરાચાર્યે નૈષ્કર્મ્યસિદ્ધિ**માં આ પ્રમાણે જ અર્થ બતાવ્યો છે. 'મંદ અંધકારમાં જે સ્થાણુ જ્ઞાત થયો છે તે આ પુરુષ છે' એ આપ્તવાક્યથી ઉત્પન્ન થતા 'વસ્તુતઃ આ સ્થાણુ નથી પણ પુરુષ છે' એ જ્ઞાનથી 'આ સ્થાણુ છે' એ બુદ્ધિ (જ્ઞાન, સમજ)નો આરોપિત સ્થાણુતાદાત્મ્ય સાથે નાશ કરવામાં આવે છે; તેમ 'હું બ્રહ્મ છું' એ વાક્યથી ઉત્પન્ન થયેલા 'અહમર્થભૂત-જીવતાદાત્મ્યશૂન્ય બ્રહ્મ જ છું' એ જ્ઞાનથી 'હું કરુ છે,' વગેરે પૂરેપૂરી અહંબુદ્ધિનો આરોપિત અહમર્થ સાથે નાશ કરવામાં આવે છે. **નૈષ્કર્મ્યસિદ્ધિ**ના શ્લોકમાંના हि શબ્દથી એવું દ્યોતન કરવામાં આવે છે કે મહાવાક્યાર્થના જ્ઞાનથી અશેષ અનર્થની નિવૃત્તિ થાય છે એ હકીકત વિદ્વાનોને અનુભવથી સિદ્ધ છે.

કોઈ શંકા કરે કે સામાન્યાધિકરણ્ય-વાક્યોમાં સામાન્ય રીતે અભેદરૂપ વાક્યાર્થ મુખ્ય હોય છે (ગૌર, ભલો યુવાન દેવદત્ત એવું વચન ગૌરત્વાદિનું તાદાત્મ્ય જ બતાવે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે). સામાનાધિકરણ્યનું લક્ષણ જ છે કે भिन्नप्रवृत्तिनिमित्तानां शब्दानामेकस्मिन्नर्थे वृत्तिः— અલગ અલગ અર્થોવાળા શબ્દો એક ને વિષે હોય તે સામાનાધિકરણ્ય; અર્થાત્ સામાનાધિકરણ્ય અભેદ કે તાદાત્મ્યનું વાચક છે. **વિવરણ** વગેરે ગ્રંથોમાં પ્રસ્તુત સંદર્ભમાં અભેદરૂપ વાક્યાર્થ જ સ્વીકારવામાં આવ્યો છે. **શંકરાચાર્યે** પણ **વાક્યવૃત્તિ**માં કહ્યું છે કે तत्, त्वम् એ બે પદોના અર્થોનો અભેદ કે તાદાત્મ્ય જ વાક્યનો અર્થ છે (तादात्म्यमात्रं वाक्यार्थस्तयोरेव पदार्थयोः). આ જોતાં **સુરેશ્વરાચાર્યનું** વચન તો પ્રૌઢિવાદ તરીકે છે—'પ્રસ્તુત વાક્યનો અર્થ બાધ પણ છે એમ કહી શકાય અને તો પણ કોઈ મુશ્કેલી નહીં રહે.' તેથી अहं ब्रह्मास्मि વાક્યનો અર્થ અભેદપરક છે અને તેથી વિનાશી જીવનો અવિનાશી બ્રહ્મની સાથે અભેદ કેવી રીતે હોઈ શકે એ વાંધો એવો ને એવો ઊભો જ છે.

ઉત્તર : સામાનાધિકરણ્ય અભેદપરક છે એમ લઈએ તો પણ કોઈ મુશ્કેલી નથી. अहं ब्रह्मास्मिમાંનો अहम् શબ્દ જીવવાચક છે (અભિધાવૃત્તિથી). પણ અલ્પજ્ઞ, અશુદ્ધ જીવ બ્રહ્મ કેવી રીતે હોઈ શકે, તેથી વાચ્યાર્થમાં વિરોધ દેખાતાં લક્ષણાનો આશ્રય લઈને अहम् શબ્દ કૂટસ્થનો લક્ષક છે. અને કૂટસ્થ, જે અનધ્યસ્ત છે તેનો બ્રહ્મથી અભેદ છે જ.

**यस्तु मेघाकाशतुल्यो धीवासनाप्रतिबिम्ब ईश्वर उक्तः, सोऽयं 'सुषुप्तस्थान एकीभूतः प्रज्ञानघन एवानन्दमयो ह्यानन्दभुक्' इति माण्डूक्यश्रुतिसिद्धः सौषुप्तानन्दमयः । तत्रैव तदनन्तरम् 'एष सर्वेश्वर एष सर्वज्ञ एषोऽन्तर्याम्येष योनिः सर्वस्य प्रभवाप्ययौ हि भूतानाम्' इति श्रुतेः । सर्ववस्तुविषयसकलप्राणिधीवासनोपाधिकस्य तस्य सर्वज्ञत्वस्य तत एव सर्वकर्तृत्वादेरप्युपपत्तेश्च । न चास्मद्बुद्धिवासनोपहितस्य कस्यचित् सार्वज्ञ्यं नानुभूयते इति वाच्यम् । वासनानां परोक्षत्वेन तदुपहितस्यापि परोक्षत्वादिति ॥**

જે મેઘાકાશ તુલ્ય ધીવાસનાપ્રતિબિંબ ઈશ્વર કહ્યો છે તે આ 'સુષુપ્તસ્થાન (સુષુપ્ત જેનું સ્થાન છે તે), એકીભૂત, પ્રજ્ઞાનઘન જ આનંદમય, આનંદ ભોગવનાર છે' એ માંડૂક્ય શ્રુતિથી સિદ્ધ સૌષુપ્ત આનંદમય છે. ત્યાં જ તેની પછી 'આ સર્વેશ્વર, આ સર્વજ્ઞ, આ અન્તર્યામી, આ સર્વની યોનિ (ઉપાદાન) છે કારણ કે ભૂતોનાં ઉત્પત્તિ અને લય તેનાથી છે' એ શ્રુતિ છે તેથી. અને સર્વ વસ્તુને વિષય કરનારી સર્વ પ્રાણીઓની ધીવાસનાઓ જેની ઉપાધિ છે (અર્થાત્ આ ધીવાસનાઓથી ઉપહિત) તેવા તેના સર્વજ્ઞત્વની અને તેનાથી જ સર્વકર્તૃત્વની પણ ઉપપત્તિ છે. એવી શંકા કરવી નહિ કે આપણી બુદ્ધિવાસનાથી ઉપહિત કોઈને પણ સર્વજ્ઞતાનો અનુભવ થતો નથી. (આ શંકા બરાબર નથી) કારણ કે વાસનાઓ પરોક્ષ હોવાથી તેમનાથી ઉપહિત (આનંદમય) પણ પરોક્ષ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ** : कूटस्थो ब्रह्म जीवेशावित्येवं चिच्चतुर्विधा । એ શ્લોકમાં ચતુર્વિધ ચિત્‌ની વાત કરી છે. તે ચારમાંથી બ્રહ્મચૈતન્ય તો સત્યજ્ઞાનાદિ વાક્યોમાં સુપ્રસિદ્ધ છે તેથી તેને માટે કોઈ પ્રમાણરૂપ વાક્ય ટાંક્યું નથી. अविनाशी वा.. એ વાક્ય કૂટસ્થ ચૈતન્યને માટે પ્રમાણ તરીકે રજૂ કર્યું છે. ઉપાધિની ઉત્પત્તિ અને વિનાશ અનુસાર તેની ઉત્પત્તિ અને વિનાશ છે એ વચન અન્તઃકરણમાંના ચૈતન્ય–પ્રતિબિંબરૂપ જીવને વિષે પ્રમાણ તરીકે રજૂ કર્યું. હવે ઈશ્વરને માટે કોઈ પ્રમાણ રજૂ કરવું જોઈએ. તેથી અહીં કહે છે કે ઈશ્વર માંડૂક્યશ્રુતિથી સિદ્ધ છે. જેને ઈશ્વર કહ્યો છે તે આ આનન્દમય જ, અન્ય નહિ. સુષુપ્તસ્થાન એટલે સુષુપ્ત જેનું સ્થાન છે તે. જાગૃતાવસ્થામાં 'વિજ્ઞાન' શબ્દથી વાચ્ય અંતઃકરણને વિષે જીવના તાદાત્મ્યાધ્યાસથી વિજ્ઞાનમયત્વ, મનોમયત્વ, કર્તૃત્વ વગેરે રૂપો કહ્યાં છે. તેમ દેહમાં 'હું સ્થૂલ છું' ઇત્યાદિ અભેદાધ્યાસથી સ્થૂલત્વ, કૃશત્વ, બ્રાહ્મણત્વ આદિ રૂપો છે; તેમ ચક્ષુ વગેરેમાં 'હું કાણો છું', 'હું મૂંગો છું' વગેરે અધ્યાસથી કાણત્વ, મૂકત્વ વગેરે રૂપો છે; એ રીતે આકાશાદિ પદાર્થોમાં અધ્યાસસિદ્ધ 'આકાશમય વાયુમય ઇત્યાદિ શ્રુતિએ સંગ્રહેલાં અનંત રૂપો છે. દેહાદિમાં અધ્યાસથી જીવનાં આ રૂપો જાગ્રત્ અવસ્થામાં છે—ભ્રાન્તિથી માનવામાં આવે છે. જ્યારે સુષુપ્તિકાળમાં તો બુદ્ધિ વગેરે ઉપાધિના લયથી સર્વ પ્રકારની ભ્રાન્તિનો લય થાય છે તેથી ભ્રાન્તિસિદ્ધ બધાં જ રૂપો લય પામે છે એ અભિપ્રાયથી 'એકીભૂત' કહ્યું છે. પ્રજ્ઞાન એટલે ચૈતન્ય. જાગ્રત્ આદિમ વૃત્તિભેદને કારણે તે ભેદરૂપ શૈથિલ્યવાળું હોય છે, જ્યારે સુષુપ્તિમાં વૃત્તિઓના લય થતાં તે એકત્વ પ્રાપ્ત કરે છે એ અભિપ્રાયથી 'પ્રજ્ઞાનઘન' એમ કહ્યું છે. અહીં 'આનંદ'થી બિંબભૂત બ્રહ્માનંદ વિવક્ષિત છે. અને તેનો પ્રતિબિંબભૂત જીવ તે આનંદમય. એ આનંદમય સુષુપ્તિકાલમાં અવિદ્યાવૃત્તિઓથી સ્વરૂપભૂત આનંદને ભોગવે છે તેથી તેને 'આનંદભુક્' કહ્યો છે.

**શંકા**—જાગ્રત્ અને સ્વપ્નમાં સ્થૂલ અવસ્થામાં રહેલા અન્તઃકરણમાં પ્રતિબિંબરૂપ જીવ તે વિજ્ઞાનમય, કારણ કે સ્થૂલ અન્તઃકરણ 'વિજ્ઞાન' શબ્દથી વાચ્ય છે. સુષુપ્તિકાળમાં એ જ વિજ્ઞાનમય જીવની ઉપાધિ સૂક્ષ્મરૂપે વિલીન અવસ્થામાં રહેલું અન્તઃકરણ છે અને ત્યારે તે આનન્દમય કહેવાય છે. આમ આનન્દમય જીવ છે તેથી ઈશ્વરત્વની સિદ્ધિ થતી નથી.

**ઉત્તર**—એ જ માંડૂક્યશ્રુતિમાં વાક્યશેષ દર્શાવે છે કે આનન્દમય જ ઈશ્વર છે. સર્વેશ્વર એટલે સર્વ જગત્‌ની ઉત્પત્તિનો કર્તા. યોનિ એટલે ઉપાદાન. ભૂત (ઉત્પન્ન થયેલી સર્વ વસ્તુ)ના પ્રભવ (જન્મ) અને અપ્યય (લય) સૌષુપ્ત આનન્દમયમાંથી અને તેમાં થાય છે તેથી એ જ સર્વની યોનિ છે.

શ્રુતિમાં આનન્દમયને સર્વજ્ઞ કહ્યો છે તેના સમર્થનમાં કહ્યું છે કે 'સર્વ વસ્તુને વિષય કરનારી...' એક એક ધી (બુદ્ધિ) કોઈક કોઈક વસ્તુને વિષય કરે છે; બધી ધી મળીને સર્વ જગત્‌ને વિષય કરે છે. આમ સર્વબુદ્ધિ સર્વવિષયક હોઈને સર્વબુદ્ધિની સૂક્ષ્મ અવસ્થારૂપ સર્વબુદ્ધિવાસનાઓ પણ સર્વવિષયક (સર્વ જેના વિષય છે તેવી) સિદ્ધ થાય છે, અને સર્વ પ્રાણીઓની બુદ્ધિઓની વાસનાઓ જેની ઉપાધિ છે તેવો આનન્દમય સર્વજ્ઞ છે એમ સિદ્ધ થાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**શંકા**—ધીવાસનાથી ઉપરક્ત અજ્ઞાન જેની ઉપાધિ છે તે ઈશ્વર એમ જે કહ્યું છે ત્યાં શું પ્રતિબિમ્બભૂત ઈશ્વરની અજ્ઞાન એ જ ઉપાધિ છે ? કે વાસનાથી ઉપરક્ત અજ્ઞાન ઉપાધિ છે ? કે સર્વ ધીવાસનાઓ ઉપાધિ છે, કે પ્રત્યેક વાસના ઉપાધિ છે ?

**ઉત્તર**—પહેલો પક્ષ બરાબર નથી કારણ કે અજ્ઞાન જ ઉપાધિ હોય તો 'ધીવાસનાઓમાં પ્રતિબિંબિત ઈશ્વર' એ ઉક્તિનો વિરોધ થાય, અને અજ્ઞાન જ ઈશ્વરની ઉપાધિ હોય તો ધીવાસનાઓનું અનુસરણ વ્યર્થ બની જાય છે. એવી દલીલ નહીં કરી શકાય કે ઈશ્વર અજ્ઞાન-ઉપાધિવાળો જ છે પણ સર્વજ્ઞના લાભને માટે સર્વવિષયક ધીવાસનાઓનું અનુસરણ કરવામાં આવે છે. આ દલીલ બરાબર નથી કારણ કે અજ્ઞાનમાંના સત્ત્વાંશના પરિણામરૂપ સર્વવિષયક વૃત્તિઓથી જ સર્વજ્ઞત્વનું ઉપપાદન સંભવે જ છે (સર્વજ્ઞત્વનું અસ્તિત્વ યુક્તિયુક્ત રીતે સમજાવી શકાય તેમ છે, તેથી તેને માટે ધીવાસનાઓની જરૂર નથી). એ કારણથી જ બીજો પક્ષ (ઈશ્વર વાસનોપરક્તાજ્ઞાનોપાધિક છે એ પક્ષ) બરાબર નથી કારણ કે એકલું અજ્ઞાન તેની ઉપાધિ સંભવી શકે છે. સર્વ પ્રાણીઓ એક સાથે સુષુપ્તિ અવસ્થામાં આવી જાય એ સંભવિત નથી અને તેથી સર્વ બુદ્ધિવાસનાઓનું યૌગપદ્ય (એક સાથે હોવું) સંભવતું ન હોવાથી એ સર્વ બુદ્ધિવાસનાઓ અજ્ઞાનના વિશેષણ તરીકે ઈશ્વરની ઉપાધિ સંભવે નહિ. તેમનું યૌગપદ્ય સંભવતું નથી તેથી ત્રીજો પક્ષ (– સર્વ વાસનાઓ ઈશ્વરની ઉપાધિ છે –)ની પણ સંગતિ નથી. બધી છૂટી છૂટી ધીવાસનાઓમાં એક ઈશ્વરરૂપ પ્રતિબિંબ સંભવે નહિ. તેથી ચોથો પક્ષ બાકી રહે છે.

**શંકા**—આપણી પ્રાણીઓની એક એક બુદ્ધિવાસનાથી ઉપહિત આ આનન્દમયને પણ સુષુપ્તિકાળમાં 'હું સર્વજ્ઞ છું' એવો અનુભવ થતો નથી.

**ઉત્તર**—જાગ્રત્ આદિમાં સ્થૂલ અવસ્થામાં રહેલાં અન્તઃકરણોની જેમ સુષુપ્તિમાં વાસનાત્મક અન્તઃકરણો સાક્ષિપ્રત્યક્ષયોગ્ય નથી તેથી એ જેની ઉપાધિ છે તે આનન્દમયો પણ 'अहं सर्वज्ञः' એ અનુભવને યોગ્ય નથી.

**ब्रह्मानन्दे तु सुषुप्तिसंयोगात् माण्डूक्योक्त आनन्दमयो जीव इत्युक्तम् । यदा हि जाग्रदादिषु भोगप्रदस्य कर्मणः क्षये निद्रारूपेण विलीनमन्तःकरणं पुनर्भोगप्रदकर्मवशात् प्रबोधे घनीभवति, तदा तदुपाधिको जीवः विज्ञानमय इत्युच्यते । स एव पूर्वं सुषुप्तिसमये विलीनावस्थोपाधिकः सन्नानन्दमय इत्युच्यते । स एव माण्डूक्ये 'सुषुप्तस्थानः' इत्यादिना दर्शित इति ।**

**एवं सति तस्य सर्वेश्वरत्वादिवचनं कथं सङ्गच्छताम् ? इत्थम् । सन्त्यधिदैवतमध्यात्मं च परमात्मनः सविशेषाणि त्रीणि त्रीणि रूपाणि । तत्राधिदैवतं त्रीणि शुद्धचैतन्यं चेति चत्वारि रूपाणि चित्रपटदृष्टान्तेन चित्रदीपे समर्थितानि । यथा स्वतश्शुभ्रः पटो धौतः, अन्नलिप्तो घट्टितः,**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

मष्यादिविकारयुक्तो लाञ्छितः, वर्णपूरितो रञ्जितः इत्यवस्थाचतुष्टयमेकस्यैव चित्रपटस्य, तथा परमात्मा मायातत्कार्योपाधिरहितः शुद्धः, मायोपहितः ईश्वरः, अपञ्चीकृतभूतकार्यसमष्टिसूक्ष्मशरीरोपहितो हिरण्यगर्भः, पञ्चीकृतभूतकार्यसमष्टिस्थूलशरीरोपहितो विराट् पुरुष इत्यवस्थाचतुष्टयमेकस्यैव परमात्मनः ।

अस्मिंश्च चित्रपटस्थानीये परमात्मनि चित्रस्थानीयः स्थावरजङ्गमात्मको निखिलः प्रपञ्चः । यथा चित्रगतमनुष्याणां चित्राधारवस्त्रसदृशा वस्त्राभासा लिख्यन्ते, तथा परमात्माध्यस्तदेहिनामधिष्ठानचैतन्यसदृशाश्चिदाभासाः कल्प्यन्ते ते च जीवनामानः संसरन्तीति ।

**બ્રહ્માનંદ** (ગ્રંથ)માં તો સુષુપ્તિના સંયોગથી **માંડૂક્ય** (શ્રુતિ)માં કહેલો આનન્દમય જીવ જ છે એમ કહ્યું છે — જ્યારે જાગ્રત્ આદિમાં ભોગ આપનારું જે કર્મ છે તેનો ક્ષય થતાં નિદ્રારૂપથી(સુષુપ્ત રૂપે) વિલીન થયેલું અન્તઃકરણ ફરી ભોગપ્રદ કર્મને લીધે જાગતાં ઘન બને છે ત્યારે એ (સ્થૂલ ઘનીભૂત અન્તઃકરણ) જેની ઉપાધિ છે તેવો જીવ 'વિજ્ઞાનમય' કહેવાય છે. એ જ પૂર્વે સુષુપ્તિના સમયે વિલીન થયેલું અવસ્થાવાળું (અન્તઃકરણ) જેની ઉપાધિ છે એવો હોઈને 'આનન્દમય' કહેવાય છે. તેને જ **માંડૂક્યમાં** 'સુષુપ્તસ્થાન' ઇત્યાદિથી દર્શાવવામાં આવ્યો છે.

આમ હોય તો સર્વેશ્વરત્વ વગેરેનું કથન છે તે કેવી રીતે સંગત બને? આમ (સંગત બને). આધિદૈવિક દૃષ્ટિએ (દેવતા તરીકે) અને અધ્યાત્મિક દૃષ્ટિએ (જીવાત્મા તરીકે) પરમાત્માનાં ત્રણ ત્રણ સવિશેષ રૂપો છે તેમાંથી આધિદૈવિક ત્રણ અને શુદ્ધ ચૈતન્ય એમ ચાર રૂપોનું '**ચિત્રદીપ**'માં ચિત્રપટના દૃષ્ટાન્તથી સમર્થન કર્યું છે. જેમ સ્વતઃ શુભ્ર પટ (કપડું, વસ્ત્ર) તે ધૌત, અન્નથી લિપ્ત (કાંજી ચડાવેલ) તે ઘટ્ટિત, મશી વગેરે વિકારથી યુક્ત તે લાંછિત અને રંગ પુરેલ તે રંજિત — આમ એક જ ચિત્રપટની ચાર અવસ્થાઓ છે, તેમ માયા અને તેના કાર્યરૂપી ઉપાધિ વિનાનો પરમાત્મા તે શુદ્ધ, માયોપહિત (માયા જેની ઉપાધિ છે તેવો) તે ઈશ્વર; અપંચીકૃત ભૂતોના કાર્યરૂપ એવું સમષ્ટિ (વ્યાપક) સૂક્ષ્મ શરીર જેની ઉપાધિ છે તે હિરણ્યગર્ભ; અને પંચીકૃત ભૂતોના કાર્યરૂપ એવું સમષ્ટિ સ્થૂલ શરીર જેની ઉપાધિ છે તે વિરાટ્ પુરુષ— આમ એક જ પરમાત્માની ચાર અવસ્થાઓ છે.

અને આ ચિત્રપટસ્થાનીય પરમાત્મામાં ચિત્રસ્થાનીય સ્થાવરજંગમાત્મક સકલ પ્રપંચ છે. જેમ ચિત્રમાંના મનુષ્યોના ચિત્રના આધારરૂપ વસ્ત્રના જેવા વસ્ત્રાભાસો આલેખવામાં આવે છે તેમ પરમાત્મામાં અધ્યસ્ત દેહીઓ-(અહંકારો)ના અધિષ્ઠાનભૂત ચૈતન્યના જેવા ચિદાભાસો કલ્પવામાં આવે છે અને જીવનામધારી તે સંસારી બને છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ** : આપણે એ મુશ્કેલી જોઈ કે સર્વ ધીવાસનારૂપી ઉપાધિવાળો એક (આનંદમય) સંભવે નહિ તેથી આનંદમયને પ્રત્યેકની ધીવાસનારૂપી ઉપાધિવાળો કહેવો જોઈએ અને એ જીવ જ છે એમ વિદ્યારણ્ય બ્રહ્માનંદ ગ્રંથમાં કહે છે,× જો કે તેમણે જ **ચિત્રદીપ**માં કહ્યું છે કે આનંદમય ઈશ્વર છે (આ ભેદ બતાવવા 'તુ' શબ્દ પ્રયોજ્યો છે). જાગ્રદાદિમાં આદિથી સ્વપ્ન સમજવાનુ છે. **जाग्रदादिषु** માં બહુવચન છે તે જાગ્રત્ વ્યક્તિઓ અને સ્વપ્ન-વ્યક્તિઓના ભેદની અપેક્ષાએ છે એમ સમજવું જોઈએ. જાગ્રત્ અને સ્વપ્નમાં અન્તઃકરણ કામ કરતું હોય છે, તેની વૃત્તિઓ બદલાતી જાય છે તેથી તે સ્થૂલ છે; જ્યારે સુષુપ્તિ એટલે અન્તઃકરણનું કારણસ્વરૂપે રહેવું તે—તેની સૂક્ષ્માવસ્થા (**बुद्धेः कारणात्मनाऽवस्थानं सुषुप्तिः—पञ्चीकरण**). આમ છતાં પ્રશ્ન તો રહે જ છે કે સૌષુપ્ત જીવરૂપ આનંદમયને સર્વેશ્વર વગેરે કેવી રીતે કહી શકાય. એનો ઉત્તર એ છે કે એ ઈશ્વર ન હોવા છતાં ઈશ્વર સાથે અભેદ બતાવવો છે તેથી આ પ્રમાણે કહ્યું છે તેથી **ઉપનિષદ્-વાક્ય**માં વિરોધ નથી, આ કથનની પીઠિકા તૈયાર કરતાં **અપ્પય્યદીક્ષિત** કહે છે કે નિર્વિશેષ ચૈતન્યસ્વરૂપ પરમાત્માનાં આધિદૈવત (દેવતાત્મક) ત્રણ સવિશેષ રૂપો છે અને આધ્યાત્મિક (જીવાત્મક) ત્રણ સવિશેષ રૂપો છે. જીવનાં ત્રણ સવિશેષ રૂપો અને તુરીય પાદાત્મક નિર્વિશેષ રૂપ **માંડૂક્ય ઉપનિષદ્**માં રજૂ કર્યાં છે. વિદ્યારણ્ય મુનિએ **चित्रदीप**માં દૃષ્ટાન્ત આપીને આ રૂપોનું નિરૂપણ કર્યું છે :

> **यथा चित्रपटे दृष्टमवस्थानां चतुष्टयम् ।**
> **परमात्मनि विज्ञेयं तथाऽवस्थाचतुष्टयम् ॥**
> **यथा धौतो घट्टितश्च लाञ्छितो रञ्जितः पटः ।**
> **चिदन्तर्यामी सूत्रात्मा विराट् चात्मा तथेर्यते ॥**
> **स्वतः शुभ्रोऽत्र धौतः स्याद् घट्टितोऽन्नविलेपनात् ।**
> **मष्याकारैर्लाञ्छितः स्याद्रञ्जितो वर्णपूरणात् ॥**
> **स्वतश्चिदन्तर्यामी तु मायावी सूक्ष्मसृष्टितः ।**
> **सूत्रात्मा स्थूलसृष्टयैव विराडित्युच्यते परः ॥** (**पञ्चदशी—चित्रदीप** प्रकरण, १—४)

આ શ્લોકોને આધારે જ અહીં ચર્ચા કરી છે. સૂક્ષ્મસૃષ્ટિને લીધે તે સૂત્રાત્મા કહેવાય છે એમ **પંચદશી**માં કહ્યું છે તે સમજાવતાં અહીં કહ્યું છે કે અપંચીકૃત ભૂતોનું કાર્ય—સમષ્ટિ સૂક્ષ્મ શરીર અર્થાત્ વ્યાપક સૂક્ષ્મ શરીર જેની ઉપાધિ છે તે સૂત્રાત્મા કે હિરણ્યગર્ભ. અહીં એટલું ધ્યાનમાં રાખવું જરૂરી છે કે હિરણ્યગર્ભ જીવરૂપ છે, તે સમષ્ટિ—સૂક્ષ્મશરીરમાં અભિમાનવાળો છે અને તે સત્યલોકનો સ્વામી છે. તેને ઈશ્વરથી જુદો માનવામાં આવે છે. ઈશ્વરને સમષ્ટિ—સૂક્ષ્મશરીરમાં અભિમાન નથી તેમ છતાં તે સમષ્ટિસૂક્ષ્મશરીરનો નિયંતા છે, તેથી એ દૃષ્ટિએ સમષ્ટિસૂક્ષ્મશરીરને તેની ઉપાધિ ગણીને તેનો નિર્દેશ હિરણ્યગર્ભ કે સૂત્રાત્મા પદથી વિવક્ષિત છે. આમ ઈશ્વરને ગૌણ અર્થમાં હિરણ્યગર્ભ કહ્યો છે.

---

× જુઓ **पञ्चदशी—ब्रह्मानन्दे योगानन्दः**:—

> **विलीनघृतवत्पश्चात् स्याद्विज्ञानमयो घनः ।**
> **विलीनावस्थ आनन्दमयशब्देन कथ्यते ॥६३॥**—જુઓ ૬૩ થી ૭૦,

પંચીકૃત ભૂતોના કાર્યરૂપ સમષ્ટિસ્થૂલશરીરરૂપ ઉપાધિવાળો હોય ત્યારે પરમાત્મા વિરાટ્ કહેવાય છે. આ ઈશ્વરરૂપ વિરાટ્ પુરુષ પુરુષસૂક્ત, વૈશ્વાનર વિદ્યાનાં વાક્યો આદિ શ્રુતિથી સિદ્ધ છે. જ્યારે સત્યલોકના અધિપતિ હિરણ્યગર્ભના પુત્રરૂપ વિરાટપુરુષ જે સમષ્ટિસ્થૂલાભિમાની જીવ છે તે **બૃહદારણ્યક**શ્રુતિથી સિદ્ધ છે અને આ ઈશ્વરરૂપ વિરાટથી જુદો જ છે.

દૃષ્ટાન્તમાંના ચિત્રપટ (ચિત્રિત પટ)ના સ્થાનમાં દાર્ષ્ટાન્તિકમાં પરમાત્મા છે અને ચિત્રના સ્થાનમાં સ્થાવર–જંગમ પ્રપંચ છે. અહીં શંકા થાય છે કે આખું જગત્ જો ચિત્રસ્થાનીય હોય તો એની જેમ આખુંય જગત્ અચેતન હોવું જોઈએ અને એમ હોય તો ચેતન–અચેતન વિભાગ ન હોવો જોઈએ. આનો ઉત્તર–'જેમ ચિત્રમાંના મનુષ્યોના...'થી આપ્યો છે. ચિત્રમાંના માણસોના વર્ણવિશેષાત્મક વસ્ત્રોનું ચિત્રના આધારરૂપ વસ્ત્ર સાથે આકૃતિ–સામ્ય હોવા છતાં તે ઠંડી સામે રક્ષણ કરી શકે નહિ તેથી તે વસ્ત્રાભાસ છે. દેહી એટલે સ્થૂલ દેહવાળા અહંકાર. અંતઃકરણાત્મક અહંકારોમાં ચૈતન્યના પ્રતિબિંબની કલ્પનાનું પ્રયોજન બતાવતાં કહ્યું છે કે આ ચિદાભાસો જીવ કહેવાય છે અને તે સંસારના ભોક્તા હોય છે. આમ ચિદાભાસયુક્ત કાર્યકરણસંઘાત તે ચેતન, જ્યારે બીજા પર્વત, સમુદ્રાદિ તે અચેતન. આમ ચેતન–અચેતનની વ્યવસ્થા સંભવે છે. અપંચીકૃત, પંચીકૃત ભૂતો અંગે સંક્ષેપમાં કહીએ તો ઈશ્વર જે આકાશ, વાયુ, તેજ, પાણી, પૃથ્વીની સૃષ્ટિ કરે છે તે સૂક્ષ્મ હોય છે. તેમને વ્યવહાર્ય બનાવવા માટે દરેક ભૂતસૂક્ષ્મના બે ભાગ કરવામાં આવે છે. એક ભાગ એમ જ રાખીને, બીજા અર્ધા ભાગના ફરી ચાર ભાગ કરવામાં આવે છે અને તે બીજાં ભૂતોને વહેંચી દેવામાં આવે છે. આમ જેને આપણે મહાભૂત કહીએ છીએ અને જેમાંથી સ્થૂલ કાર્યો ઉત્પન્ન થાય છે તે પ્રત્યેક મહાભૂતમાં પોતાના ઉપરાંત બીજાં ભૂતોના પણ અંશ હોય છે. આકાશમાં ૧/૨ આકાશ + ૧/૮ વાયુ + ૧/૮ તેજ + ૧/૮ પાણી, ૧/૮ પૃથ્વી; વાયુમાં ૧/૨ વાયુ+૧/૮ આકાશ+૧/૮ તેજ+૧/૮ પાણી+૧/૮ પૃથ્વી ઇત્યાદિ. આને પંચીકરણ કહે છે. **છાન્દોગ્ય ઉપનિષદ**માં ત્રણ જ ભૂતોનું (તેજ, પાણી, પૃથ્વી) નિરૂપણ કર્યું છે અને ત્યાં ઉપર પ્રમાણે જ પ્રક્રિયા બતાવી છે, જેથી જેને આપણે તેજ તરીકે જાણીએ છે તેમાં ૧/૨ તેજ+૧/૪ પાણી+૧/૪ પૃથ્વી છે, ઇત્યાદિ. આને ત્રિવૃત્કરણ કહે છે. વિશેષ માટે જુઓ **શંકરાચાર્યકૃત પંચીકરણ ગ્રંથ** અને તેના પર **સુરેશ્વરનું વાર્તિક**.

अध्यात्मं तु विश्वतैजसप्राज्ञभेदेन त्रीणि रूपाणि । तत्र सुषुप्तौ विलीने अन्तःकरणे अज्ञानमात्रसाक्षी प्राज्ञः, योऽयमिहानन्दमय उक्तः । स्वप्ने व्यष्टिसूक्ष्मशरीराभिमानी तैजसः । जागरे व्यष्टिस्थूलशरीराभिमानी विश्वः । तत्र माण्डूक्यश्रुतिरहमनुभवे प्रकाशमानस्यात्मनो विश्वतैजसप्राज्ञ-तुर्यावस्थाभेदरूपं पादचतुष्टयं 'सोऽयमात्मा चतुष्पात्' इत्युपक्षिप्य पूर्वपूर्वपादप्रविलापनेन निष्प्रपञ्चब्रह्मात्मकतुर्यपादप्रतिपत्तिसौकर्याय स्थूलसूक्ष्मसूक्ष्मतरोपाधिसाम्यात् विराडादीन् विश्वादिष्वन्तर्भाव्य 'जागरित-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**स्थानो बहिःप्रज्ञः' इत्यादिना विश्वादिपादान् न्यरूपयत् । अतः प्राज्ञशब्दिते आनन्दमये अव्याकृतस्येश्वरस्यान्तर्भावं विवक्षित्वा तस्य सर्वेश्वरत्वादितद्धर्मवचनमिति । इत्थमेव भगवत्पादैर्गौडपादीयविवरणे व्याख्यातम् ।**

જ્યારે આધ્યાત્મિક દૃષ્ટિએ વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ એ ભેદથી ત્રણ (સવિશેષ) રૂપો છે. તેમાં સુષુપ્તિમાં અન્તઃકરણ લીન થતાં માત્ર અજ્ઞાનનો સાક્ષી તે પ્રાજ્ઞ, જેને અહીં આ આનન્દમય કહ્યો છે. સ્વપ્નમાં વ્યષ્ટિ (પરિચ્છિન્ન) સૂક્ષ્મ શરીરમાં અભિમાનવાળો તે તૈજસ; જાગ્રત્ કાલમાં વ્યષ્ટિ સ્થૂલ શરીરમાં અભિમાનવાળો તે વિશ્વ. ત્યાં (તે બાબતમાં) માંડૂક્યશ્રુતિએ 'अहम्' (હું) અનુભવમાં પ્રકાશતા આત્માના વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ અને તુર્ય અવસ્થાના ભેદરૂપ ચાર પાદોની —'તે આ આત્મા ચાર પાદવાળો' એમ રજૂઆત કરીને દરેક પૂર્વ પૂર્વ પાદનો પ્રવિલય કરાવીને પ્રપંચરહિત બ્રહ્માત્મક તુર્યપાદના જ્ઞાનને સુકર બનાવવા માટે સ્થૂલ, સૂક્ષ્મ, સૂક્ષ્મતર ઉપાધિઓના સામ્યથી વિરાટ્ આદિનો વિશ્વ આદિમાં અન્તર્ભાવ (સમાવેશ) કરીને, 'જાગરિત સ્થાન, બહાર (બાહ્ય વસ્તુઓને) જાણનાર' ઇત્યાદિથી વિશ્વ આદિ પાદોનું નિરૂપણ કર્યું છે, તેથી જેને માટે 'પ્રાજ્ઞ' શબ્દ પ્રયોજ્યો છે તે આનન્દમયમાં અવ્યાકૃત ઈશ્વરના અન્તર્ભાવની વિવક્ષા (કહેવાની ઇચ્છા, અભિપ્રાય) કરીને તેને વિષે સર્વેશ્વરત્વ આદિ તેના ધર્મો કહ્યા છે. ભગવત્પાદ (શંકરાચાર્ય)થી ગૌડપાદીય વિવરણમાં આમ જ સમજાવવામાં આવ્યું છે.

**વિવરણ :** સુષુપ્તિકાળમાં અન્તઃકરણ વિલીન થતાં, અર્થાત્ સૂક્ષ્મરૂપથી વિલીન અન્તઃકરણરૂપ ઉપાધિવાળો તે પ્રાજ્ઞ, જે અજ્ઞાનમાત્રનો સાક્ષી છે—સ્થૂલ અન્તઃકરણાદિના સાક્ષિત્વનો વ્યવચ્છેદ કરવા માટે 'અજ્ઞાનમાત્ર'માં 'માત્ર'નો સમાવેશ કર્યો છે. આનંદમયને માટે જ 'પ્રાજ્ઞ' પદનો પ્રયોગ છે કારણ કે માંડૂક્યોપનિષદમાં आनन्दभुक् પછી 'चेतोमुखः प्राज्ञस्तृतीयः पादः' એમ કહ્યું છે. ચેતોમુખ એટલે ચિત્ના પ્રતિબિંબથી યુક્ત અવિદ્યાવૃત્તિરૂપ ચેતસો જેનાં મુખો અર્થાત્ સુષુપ્તિકાલીન આનન્દાનુભવનાં સાધન છે તે. સુષુપ્તિમાંથી જાગેલો માણસ કહે છે કે सुखमस्वाप्सम्—'હું નિરાંતે સૂતો' તે બતાવે છે કે સ્વાપકાલીન વિશિષ્ટ સુખનુ સ્મરણ તેને છે અને ત્યારે સુખનો અનુભવ થયો હોય તે સિવાય તે સંભવે નહિ.

**શંકા**—સુષુપ્તિમાં આત્મસ્વરૂપ સુખનો અનુભવ અન્તઃકરણની વૃત્તિઓથી જ સંભવે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉત્તર—આ કથન બરાબર નથી, કારણ કે સુષુપ્તિમાં અન્તઃકરણ વિલીન અવસ્થામાં હોય છે અને વૃત્તિઓનું ઉત્પાદન કરવાની યોગ્યતા તેમાં નથી હોતી.

શંકા—મુક્તિકાલની જેમ સુષુપ્તિકાળમાં પણ સ્વરૂપચૈતન્યથી જ સુખનો અનુભવ સંભવે છે, તો અવિદ્યાવૃત્તિપ્રતિબિંબરૂપ ચેતસનં કલ્પનાની શી જરૂર ?

ઉત્તર—જાગ્રત્ અને સ્વપ્નકાળમાં ચૈતન્યના પ્રતિબિંબથી યુક્ત વૃત્તિઓથી આનંદનો અનુભવ થતો જોવામાં આવે છે તેથી સુષુપ્તિમાં પણ એવો સંભવ હોય ત્યારે તેનો ત્યાગ કરી દેવો બરાબર નથી. મુક્તિકાળમાં તો ઉપાધિમાત્રનો વિલય થઈ જાય છે એમ સ્વીકારવામાં આવે છે તેથી વૃત્તિનો સંભવ નથી, તેથી બે પરિસ્થિતિમાં વૈષમ્ય છે. સુષુપ્ત સુખાનુભવ કેવલ નિત્યસાક્ષી રૂપ હોય તો અનુભવના નાશરૂપ સંસ્કારનો સંભવ ન રહે અને 'હું નિરાંતે સૂતો' (सुखमस्वाप्सम्) એ અનુસંધાનનો અભાવ થાય. તેથી ઉપર કહ્યું તે જ બરાબર છે.

ઉપર જે વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ, તુરીય એ ચાર પાદનો ઉલ્લેખ કર્યો છે તેમાં વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ માટે 'પાદ' શબ્દ 'पद्यते अनेन इति पादः' જેનાથી બ્રહ્માત્મૈકયનું જ્ઞાન થાય છે તે એમ સાધનના અર્થમાં છે જ્યારે તુરીય માટે पद्यते इति पादः 'જે જ્ઞાત થાય છે અથવા પ્રાપ્ત થાય છે તે' એ અર્થમાં છે. 'આ આત્મા ચતુષ્પાદ્ છે' એ વાક્યથી માંડૂકયોપનિષદ્માં જીવના ચાર પાદથી ઉપક્રમ કર્યો છે અને છતાં જાગરિતસ્થાન વિશ્વ પ્રથમ પાદ છે એમ કહેવાને બદલે 'જાગરિતસ્થાન વૈશ્વાનર પ્રથમ પાદ છે' એમ કહ્યું છે તે સૂચવે છે કે વિશ્વમાં વૈશ્વાનર અર્થાત્ વિરાટ પુરુષરૂપ ઈશ્વરનો પણ અન્તર્ભાવ છે. વિશ્વ અને વૈશ્વાનર બન્નેની ઉપાધિ સ્થૂલ છે. એ જ રીતે હિરણ્યગર્ભનો તૈજસમાં અન્તર્ભાવ વિવક્ષિત છે (બન્નેની ઉપાધિ સૂક્ષ્મ છે)—અને સૂક્ષ્મતર ઉપાધિવાળા પ્રાજ્ઞ કે આનન્દમયમાં સૂક્ષ્મતર ઉપાધિવાળા ઈશ્વરનો અન્તર્ભાવ છે અને તેથી જ પ્રાજ્ઞને માટે કહ્યું છે કે સર્વેશ્વર છે ઇત્યાદિ. તુરીયપાદનું પ્રતિપાદક વાક્ય આ પ્રમાણે છે—'अदृश्यमव्यवहार्यमग्राह्यमलक्षणमचिन्त्यमव्यपदेश्यमेकात्मप्रत्ययसारं प्रपञ्चोपशमं शिवं द्वैतं चतुर्थं मन्यन्ते'—તે ચક્ષુ આદિનો વિષય નથી, તે (પ્રવૃત્તિનિવૃત્તિરૂપ) વ્યવહારનો વિષય નથી, તે ગ્રાહ્ય નથી (કર્મેન્દ્રિયનો વિષય નથી), તે અસાધારણધર્મશૂન્ય છે, તે અચિન્ત્ય છે (શુષ્ક, વેદવિરોધી તર્કનો વિષય નથી), તે શબ્દ શક્તિનો વિષય નથી, તે એક (સ્વગતભેદશૂન્ય), આત્મા (સર્વદેહોમાં પૂર્ણ), પ્રત્યય (ચિદ્રૂપ), સાર (આનન્દરૂપ) છે; તે પ્રપંચશૂન્ય છે, શિવ (શુદ્ધ), દ્વૈતરહિત ચોથા પાદને માને છે—અર્થાત્ તેનું ચિંતન કરે છે. આના પછી ઓમ્કારનાં અ, ઉ, મ અને અમાત્ર અને વિશ્વાદિ પાદના પરસ્પર એકત્વના અનુચિંતનની ભલામણ કરી છે. આમ આધ્યાત્મિક વિશ્વાદિ પાદ, આધિદૈવિક વૈશ્વાનરાદિ અને અકારાદિ માત્રાઓનું એકત્વચિન્તન એ સર્વના નિષ્પ્રપંચરૂપ બ્રહ્મરૂપ ચતુર્થ પાદમાં પ્રવિલાપનાર્થે છે. આમાં ક્રમ આ પ્રમાણે છે :-વિશ્વ, વૈશ્વાનર અને અ કારના એકત્વનું પહેલાં ચિંતન કરીને પછી તૈજસ, હિરણ્યગર્ભ અને ઉ-કારના એકત્વનું ચિંતન કરવું; અને તે પછી ઈશ્વર, પ્રાજ્ઞ અને મકારના એકત્વનું ચિંતન કરવું. આ જ ચિંતનના ક્રમથી પ્રવિલાપન કરવું. અકાર આદિ ત્રણનું ઉકારમાં, ઉકાર આદિ ત્રણનું મકારમાં, મકાર આદિ ત્રણનું ચિન્માત્ર તુરીયપાદમાં પ્રવિલાપન કરવું અને ત્યાં જ ચિત્તને સ્થિર કરવું. ઉકાર આદિમાં પ્રવિલાપન કરવું એટલે અકાર આદિ ત્રણ ઉકારથી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પૃથક્ નથી એવો આહાર્ય નિશ્ચય કરવો. આમ દરરોજ સમાધિ કરનારને બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે અને બ્રહ્મપ્રાપ્તિથી કૃતકૃત્યતા થાય છે. આ જ વાત **સુરેશ્વરાચાર્યે પંચીકરણ**ના વાર્તિક (૪૭ અને પછી)માં કરી છે.

અહીં શંકા થાય છે કે શ્રવણાદિરૂપ સાંખ્ય માર્ગથી જ જો તત્ત્વપ્રતિપત્તિ સંભવતી હોય તો મુમુક્ષુને માટે યોગનું વિધાન શા માટે કર્યું છે. તેનો ઉત્તર છે કે પ્રતિપત્તિના સૌકર્યને માટે. જે મુમુક્ષુને બુદ્ધિની મંદતાને લીધે કે યોગ્ય આચાર્ય ન મળવાને કારણે સાંખ્ય માર્ગ ન સંભવતો હોય તેને માટે અનાયાસે બ્રહ્મતત્ત્વની પ્રતિપત્તિના સાધન તરીકે બુદ્ધિપૂર્વક પ્રવિલાપન ક્રમથી સમાધિનું વિધાન **માંડૂક્યાદિ** શ્રુતિમાં છે. આ શ્રુતિવચનોને અનુસરીને **વિદ્યારણ્યમુનિએ** પણ ધ્યાનદીપમાં કહ્યું છે :

> अत्यन्तबुद्धिमान्द्याद्वा सामग्र्या वाऽप्यसम्भवात् ।
> यो विचारं न लभते ब्रह्मोपासीत सोऽनिशम् ॥५४॥

સામાન્ય રીતે 'અવ્યાકૃત' શબ્દ 'અનભિવ્યક્ત જગત્'નો વાચક છે પણ લક્ષણાથી તે 'પરમેશ્વર'નો લક્ષક બને છે તેથી ઈશ્વરનો 'અવ્યાકૃત' પદથી નિર્દેશ કર્યો છે.

**માંડૂક્ય ઉપનિષદને** આધારે **ગૌડપાદકારિકા** લખાઈ છે અને તેનું વિવરણ **શંકરાચાર્યે** કર્યું છે તેમાં પણ ઉપર પ્રમાણે જ વ્યાખ્યા કરવામાં આવી છે.

दृग्दृश्यविवेके तु चित्रदीपव्युत्पादितं कूटस्थं जीवकोटावन्तर्भाव्य चित्त्रैविध्यप्रक्रियैवालम्बितेति विशेषः ।

तत्र ह्युक्तं जलाशयतरङ्गबुद्बुदन्यायेनोपर्युपरि कल्पनाज्जीवः त्रिविधः—पारमार्थिकोः व्यावहारिकः प्रातिभासिकश्चेति। तत्रावच्छिन्नः पारमार्थिको जीवः । तस्मिन्नवच्छेदकस्य कल्पितत्वेऽपि अवच्छेद्यस्य तस्याकल्पितत्वेन ब्रह्मणोऽभिन्नत्वात् । तमावृत्य स्थितायां मायायां कल्पितेऽन्तःकरणे चिदाभासोऽन्तःकरणतादात्म्यापत्त्या 'अहम्' इत्यभिमन्यमानो व्यावहारिकः, तस्य मायिकत्वेऽपि यावद्व्यवहारमनुवृत्तेः। स्वप्ने तमप्यावृत्य स्थितया मायावस्थाभेदरूपया निद्रया कल्पिते स्वाप्नदेहादावहमभिमानी प्रातिभासिकः, स्वप्नप्रपञ्चेन सह तद्द्रष्टुर्जीवस्यापि प्रबोधे निवृत्तेरिति ।

एवमेते प्रतिबिम्बेश्वरवादिनां पक्षभेदा दर्शिताः ॥

જ્યારે દૃગ્દૃશ્યવિવેકમાં ચિત્રદીપમાં પ્રતિપાદિત કૂટસ્થનો જીવકોટિમાં સમાવેશ કરીને ચિત્ ત્રિવિધ છે (—જીવ, ઈશ, વિશુદ્ધ ચિત્—) એ પ્રક્રિયાનો જ આધાર લીધો છે એ વિશેષ (ફ્રર્ક) છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્યાં કહ્યું છે કે જલાશય, તરંગ અને બુદ્બુદના ન્યાયથી (આ દૃષ્ટાન્તાનુસાર) ઉપરાઉપરી કલ્પના કરી છે તેથી જીવ ત્રિવિધ છે —પારમાર્થિક, વ્યાવહારિક અને પ્રાતિભાસિક. તેમાં સ્થૂલ અને સૂક્ષ્મ દેહથી અવચ્છિન્ન (કૂટસ્થરૂપ આત્મા) તે પારમાર્થિક જીવ, કારણ કે તેમાં અવચ્છેદક (સ્થૂલ–સૂક્ષ્મ દેહ) કલ્પિત હોવા છતાં અવચ્છેદ્ય એવો તે અકલ્પિત હોઈને બ્રહ્મથી અભિન્ન છે. તેને આવરીને રહેલી માયામાં કલ્પિત અન્તઃકરણમાં ચિદાભાસ, જે અન્તઃકરણ સાથે આવી પડતા તાદાત્મ્યને કારણે 'હું' એવું અભિમાન કરે છે તે વ્યાવહારિક જીવ —કારણ કે તે માયિક હોવા છતાં પણ વ્યવહાર ટકે ત્યાં સુધી તેની અનુવૃત્તિ છે. સ્વપ્નમાં તેને પણ આવરીને રહેલા માયાની અવસ્થાવિશેષરૂપ નિદ્રાથી કલ્પિત સ્વાપ્ન દેહાદિને વિષે 'હું' એવું અભિમાન કરનારો તે પ્રાતિભાસિક જીવ —કારણ કે સ્વપ્નપ્રપંચની સાથે તેને જોનાર જીવની પણ પ્રબોધ સમયે (જાગતાં) નિવૃત્તિ થાય છે—

આમ આ પ્રતિબિંબરૂપ ઈશ્વર માનનારાઓના જુદા જુદા પક્ષો બતાવ્યા છે.

**વિવરણ** : જેમ સમુદ્રાદિ જલાશયમાં તરંગો ઉપર રહે છે અને તેની ઉપર બુદ્બુદ હોય છે એ જાણીતું છે (હિ) તેમ કૂટસ્થની ઉપર વ્યાવહારિક અન્તઃકરણમાં પ્રતિબિંબરૂપ અને વ્યવહાર ચાલુ રહે ત્યાં સુધી ટકી રહેતા વ્યાવહારિક જીવની કલ્પના કરવામાં આવે છે. અને તેની ઉપર સ્વપ્નકાળમાં વાસનામય પ્રાતિભાસિક રથ વગેરેની જેમ વાસનામય અન્તઃકરણમાં પ્રતિબિંબરૂપ પ્રાતિભાસિક જીવની કલ્પના કરવામાં આવે છે. આમ ઉપરાઉપરી જીવની કલ્પના કરવામાં આવે છે તેમાં સ્થૂલ અને સૂક્ષ્મ દેહથી અવચ્છિન્ન કૂટસ્થ ચૈતન્યરૂપ આત્મા તે પારમાર્થિક જીવ—આ પારમાર્થિક જીવ માનીએ તો જ अहं ब्रह्मास्मि જેવાં મહાવાક્યોમાં જીવ અને બ્રહ્મના અભેદના પ્રતિપાદનની ઉપપત્તિ થાય નહીં તો વ્યાવહારિક અને પ્રાતિભાસિક જીવ તો શુક્તિ-રજતની જેમ સ્વરૂપથી મિથ્યા હોઈને સત્ય બ્રહ્મ સાથે તેમનો અભેદ હોઈ શકે નહિ.

**अहं कर्ता भोक्ता 'હું કર્તા છું', ભોક્તા છું' એ અનુભવ વ્યાવહારિક જીવ માટે પ્રમાણ છે;** કારણ કે તેના સિવાય બીજો કોઈ કર્તૃત્વ ભોક્તૃત્વાદિ લક્ષણવાળા સંસારનો આશ્રય હોઈ શકે નહિ. અન્તઃકરણને માટે તેની શક્યતા નથી કારણ કે ચિદાભાસ શૂન્ય હોઈ ચેતનના ધર્મ તરીકે જાણીતા કર્તૃત્વાદિનો આશ્રય હોઈ શકે નહિ. ચિદાભાસ તો ચેતનાત્માનું પ્રતિબિંબ હોઇને મિથ્યા છે તેમ છતાં તેને ચેતન કહી શકાય છે. તેથી તેના ધર્મો ચેતનધર્મો તરીકે જાણીતા હોય તેમાં કોઈ વિરોધ નથી. અને પારમાર્થિક જીવ કૂટસ્થ હોઈને સંસારનો આશ્રય બની શકે નહિ.

સ્વપ્નકાળમાં વ્યાવહારિક જીવનું પણ આવરણ થાય છે. વ્યાવહારિક જીવ જાગ્રત્ દશામાં પોતાને બ્રાહ્મણ, દેવદત્ત, યજ્ઞદત્તનો પુત્ર, વિષ્ણુનો ભક્ત એ રીતે માને છે; જ્યારે સ્વાપ્નજીવ સ્વપ્નાવસ્થામાં પોતાને ક્ષત્રિય, નામે વિષ્ણુશર્મા, નારાયણનો પુત્ર, મહાદેવનો ભક્ત એ રીતે માને છે. તેથી એ સિદ્ધ થાય છે કે જાગતા જીવનું નિદ્રાથી આવરણ થયું છે—નિદ્રા માયાની જ એક વિશેષ અવસ્થા છે કારણ કે તેમાં જાગતા જીવનું આવરણ કરવાની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શક્તિ અને સ્વાપ્ન જગત્રૂપ વિક્ષેપ કરવાની શક્તિ સાબૂત છે. સ્વપ્નકાળ પૂરો થાય ત્યારે સ્વપ્નપ્રપંચની સાથે ક્ષત્રિયાદિરૂપ સ્વપ્નદ્રષ્ટાનો પણ બાધ થાય છે કારણ કે 'હું બ્રાહ્મણ છું, ક્ષત્રિય નહિ' એવો તેને બોધ થાય છે.

જુઓ દૃગ્દૃશ્યવિવેક (વિદ્યારણ્યનો ગ્રંથ—) :

अवच्छिन्नः चिदाभासस्तृतीयः स्वप्नकल्पितः ।
विज्ञेयस्त्रिविधो जीवस्तत्राद्यः पारमार्थिकः ॥३२॥

अवच्छेदः कल्पितः स्यादवच्छेद्यं तु वास्तवम् ।
तस्मिन् जीवत्वमारोपाद् ब्राह्मणत्वं तु स्वभावतः ॥३३॥

अवच्छिन्नस्य जीवस्य पूर्णेन ब्रह्मणैकताम् ।
तत्त्वमस्यादि वाक्यानि जगुर्नेतरजीवयोः ॥३४॥

ब्रह्मण्यवस्थिता माया विक्षेपावृतिरूपिणी ।
आवृत्याखण्डतां तस्मिन् जगज्जीवौ प्रकल्पयेत् ॥३५॥

जीवो धीस्थश्चिदाभासो जगत् स्यात् भूतभौतिकम् ।
अनादिकालमारभ्य मोक्षात्पूर्वमिदं द्वयम् ॥३६॥

विवरणानुसारिणस्त्वाहुः

विभेदजनकेऽज्ञाने नाशमात्यन्तिकं गते ।
आत्मनो ब्रह्मणो भेदमसन्तं कः करिष्यति ॥ (विष्णुपुराण ६.७.९४)

इति स्मृत्यैकस्यैवाज्ञानस्य जीवेश्वरविभागोपाधित्वप्रतिपादनात् बिम्बप्रतिबिम्बभावेन जीवेश्वरयोर्विभागः, नोभयोरपि प्रतिबिम्बभावेन, उपाधिद्वयमन्तरेणोभयोः प्रतिबिम्बत्वायोगात् । तत्रापि प्रतिबिम्बो जीवः । बिम्बस्थानीय ईश्वरः । तथा सत्येव लौकिकबिम्बप्रतिबिम्बदृष्टान्तेन स्वातन्त्र्यमीश्वरस्य तत्पारतन्त्र्यं जीवस्य च युज्यते ।

प्रतिबिम्बगताः पश्यन् ऋजुवक्रादिविक्रियाः ।
पुमान् क्रीडेद्यथा ब्रह्म तथा जीवस्थविक्रियाः ॥

इति कल्पतरूक्तरीत्या 'लोकवत्तु लीलाकैवल्यम्' (ब्र.सू. २.१.३३) इति सूत्रमपि सङ्गच्छते। अज्ञानप्रतिबिम्बितस्य जीवस्यान्तःकरणरूपोऽज्ञानपरिणामभेदो विशेषाभिव्यक्तिस्थानं सर्वतः प्रसृतस्य सवितृप्रकाशस्य दर्पण इव । अतस्तस्य तदुपाधिकत्वव्यवहारोऽपि, नैतावताऽज्ञानोपाधिपरित्यागः । अन्तःकरणोपाधिपरिच्छिन्नस्यैव चैतन्यस्य जीवत्वे कायव्यूहाधिष्ठानत्वानुपपत्तेः ।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણને અનુસરનારા તો કહે છે :—**

"વિભેદ ઉત્પન્ન કરનારું અજ્ઞાન આત્યન્તિક (ફરી ઊભું ન થાય એ રીતે) નાશ પામે ત્યારે આત્માનો બ્રહ્મથી ભેદ જે છે જ નહિ તેને કોણ કરશે ? (કોઈ નહિ)" (વિષ્ણુપુરાણ, ૬.૭.૯૪)—

એ સ્મૃતિએ એકલા અજ્ઞાનનું જીવ અને ઈશ્વરના વિભાગમાં ઉપાધિ તરીકે પ્રતિપાદન કર્યું છે તેથી જીવ અને ઈશ્વરનો વિભાગ બિંબ–પ્રતિબિંબ-ભાવથી છે (ઈશ્વર–બિંબ, જીવ–પ્રતિબિંબ). બન્નેના પ્રતિબિંબભાવથી નથી, કારણ કે એ ઉપાધિ સિવાય બન્ને પ્રતિબિંબ હોઈ શકે નહિ. ત્યાં પણ જીવ પ્રતિબિંબ છે, ઈશ્વર બિંબસ્થાનીય છે. એમ હોય તો જ લૌકિક બિંબ–પ્રતિબિંબના દૃષ્ટાન્તથી ઈશ્વરનું સ્વાતન્ત્ર્ય અને જીવની તેના પર પરતન્ત્રતા યુક્તિયુક્ત બને છે.

"જેમ પ્રતિબિંબમાં રહેલી ઋજુ, વક્ર વગેરે વિક્રિયાઓ (જે બિંબરૂપ પુરુષે પોતે પ્રયોજેલી છે તે) જોતો પુરુષ રમત કરે છે તેમ બ્રહ્મ જીવમાં રહેલી વિક્રિયાઓ જોતો આનંદ કરે છે" —એમ 'કલ્પતરુ'માં (૨.૧.૩૩) કહેલી રીત પ્રમાણે 'લોકની જેમ કેવળ લીલા છે' (બ્ર. સૂ. ૨.૧.૩૩) એ સૂત્ર પણ સંગત બને છે.

(અજ્ઞાન જીવની ઉપાધિ હોય તો અન્તઃકરણનું જીવની ઉપાધિ તરીકે સૂત્રભાષ્યાદિમાં વર્ણન છે તે વ્યર્થ બની જાય એવી શંકાના ઉત્તરમાં કહે છે—) અજ્ઞાનમાં પ્રતિબિંબિત થયેલા જીવને માટે અન્તઃકરણરૂપ અજ્ઞાનનો વિશિષ્ટ પરિણામ વિશેષ–અભિવ્યક્તિનું (—કર્તા, ભોક્તા આદિ વિશેષ રૂપે અભિવ્યક્તિનું) સ્થાન છે. જેમ સર્વત્ર પ્રસરેલા સૂર્યપ્રકાશને માટે દર્પણ (વિશેષ અભિવ્યક્તિનું સ્થાન અર્થાત્ ઉપાધિ) છે. તેથી જ તેને (અન્તઃકરણને) તેની (જીવની) ઉપાધિ કહેવામાં પણ આવે છે. એટલા માત્રથી (કાર્યરૂપ ઉપાધિ છે તેટલા માત્રથી) અજ્ઞાનરૂપ ઉપાધિનો પરિત્યાગ થતો નથી, કારણ કે અન્તઃકરણરૂપ જ ઉપાધિથી પરિચ્છિન્ન ચૈતન્ય જીવ હોય તો યોગીઓ કાયવ્યૂહનું અધિષ્ઠાન કરે છે (એક સાથે અનેક શરીરનું નિયંત્રણ કરે છે) એ સંભવે નહિ.

**વિવરણ :** આ મત પ્રમાણે ઈશ્વર બિંબ–ચૈતન્ય છે, પ્રતિબિંબવિશેષ નથી. અજ્ઞાનને વિભેદ ઉત્પન્ન કરનારું કહ્યું છે તેથી અજ્ઞાન જીવ–ઈશ્વરભેદસ્થિતિનું પ્રયોજક છે એમ વિવક્ષિત છે, કારણ કે તે ભેદ અનાદિ માનવામાં આવે છે. સુષુપ્તિ, પ્રલય વગેરેમાં અજ્ઞાનના કાર્યનો નાશ થાય છે; હવે કાર્ય અને કારણનો અભેદ છે તેથી આ કાર્યના કારણ અજ્ઞાનનો પણ નાશ છે પણ એ અજ્ઞાનનાશ આત્યન્તિક નથી કારણ કે ફરીથી અજ્ઞાનનું ઉત્થાન થાય છે; જ્યારે મુક્તિમાં તત્ત્વજ્ઞાનથી સ્વરૂપથી પણ નાશ છે, અને એ નાશ આત્યન્તિક છે, કારણ કે ફરી તેનું ઉત્થાન થતું નથી. અથવા જીવન્મુક્તિના કાળમાં અજ્ઞાનનો આવરણ અંશથી નાશ છે તો પણ વિક્ષેપ રહે છે તેથી એ નાશ આત્યન્તિક નથી, જ્યારે વિદેહમુક્તિમાં આત્યન્તિક અજ્ઞાન–નાશ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**શંકા**—'जीवेशावाभासेन करोति माया चाविद्या च स्वयमेव भवति' એ શ્રુતિમાં જીવ અને ઈશ્વર બન્નેને પ્રતિબિંબ કહ્યા છે તેનો વિરોધ થશે.

**ઉત્તર**—આમ કહેવું બરાબર નથી. પ્રતિબિંબની જેમ બિંબ પણ કલ્પિત છે તેથી 'આભાસ' પદથી પ્રતિબિંબ અને બિંબ બન્ને સમજી શકાય.

**શંકા**—લોકમાં પ્રતિબિંબત્વથી વિશિષ્ટ મુખને મુખાભાસ કહે છે પણ બિંબત્વથી વિશિષ્ટ મુખને કોઈ મુખાભાસ કહેતું નથી તેથી 'આભાસ' પદથી મુખ્ય વૃત્તિથી બિંબ ચૈતન્યનું પ્રતિપાદન થઈ શકે નહિ, લક્ષણાનો જ આશ્રય લેવો પડે. અને એકવાર ઉચ્ચારવામાં આવેલું 'આભાસ' પદ મુખ્ય વૃત્તિથી પ્રતિબિંબપરક છે અને ગુણવૃત્તિથી બિંબપરક છે એવી કલ્પના બરાબર નથી. આમ જીવ અને ઈશ્વર બન્ને પ્રતિબિંબરૂપ છે તેથી 'આભાસ' પદ મુખ્ય વૃત્તિથી બન્નેને માટે પ્રયોજાયું છે એમ અર્થ કરી શકાતો હોય તો લક્ષણાની કલ્પના કરવાનું કોઈ કારણ નથી.

**ઉત્તર**—જીવ અને ઈશ્વર બન્ને પ્રતિબિંબરૂપ હોઈ શકે નહિ. બિંબભૂત ચૈતન્ય સૂર્યની જેમ એક છે તેથી ઉપાધિના ભેદ વિના બે પ્રતિબિંબ સંભવે નહિ. માયા અને અવિદ્યા એ જુદી જુદી ઉપાધિ છે તેથી બે પ્રતિબિંબ સંભવે છે એમ ન કહી શકાય, કારણ કે બે પ્રતિબિંબ માટે અપેક્ષિત બે ઉપાધિ તરીકે તેમનું પ્રતિપાદન નથી અને માયા અને અવિદ્યાનો સ્વરૂપથી ભેદ સિદ્ધાન્તથી વિરુદ્ધ છે. તેથી એમ જ માનવું જોઈએ કે 'આભાસ' પદ અજહલ્લક્ષણાથી બિંબ અને પ્રતિબિંબ ઉભયપરક છે.

આમ **વિવરણ**ને અનુસરનારા માને છે કે ઈશ્વર બિંબસ્થાનીય છે અને જીવ પ્રતિબિંબ છે. **एष सर्वेश्वर** एष भूताधिपतिः (बृहद० ४.४.२२) વગેરે શ્રુતિથી ઈશ્વરના સ્વાતંત્ર્યની સિદ્ધિ છે અને एष **ह्येवैनं** साधु कर्म कारयति (कौषीतकि ३.८) (એ જ તેનાથી સારું કર્મ કરાવે છે) 'य आत्मानमन्तरो यमयति (बृहद० ३.७.२२) (જે આત્માનું અંદર રહીને નિયમન કરે છે–તેનો અન્તર્યામી છે). ईश्वरप्रेरितो गच्छेत् स्वर्गं वा श्वभ्रमेव वा (ઈશ્વરથી પ્રેરિત થયેલો તે સ્વર્ગ અથવા નરકમાં જાય) ઇત્યાદિ શ્રુતિ–સ્મૃતિથી જીવની ઈશ્વર પર પરતંત્રતા સિદ્ધ છે. लोकवत्तु लीलाकैवल्यम् એ સૂત્ર પ્રમાણે ઈશ્વરની સૃષ્ટિ આદિ પ્રવૃત્તિ કોઈ ઉદ્દેશ વિના જ કરેલી લીલા છે. જગતમાં જોઈએ છીએ કે સર્વ વિભવસંપન્ન લોકો કોઈ પ્રયોજન વિના જ ક્રીડા કરે છે. પ્રાણીઓને માટે એ ક્રીડા કે લીલા સ્વાભાવિક છે. દુઃખનો અતિરેક થતાં માણસ રડી પડે છે કે સુખ ખૂબ મળતાં હસી પડે છે ત્યારે રુદન કે હાસ્યનું કારણ સૌ પૂછે છે પણ પ્રયોજન કોઈ પૂછતું નથી. સ્વપ્નસૃષ્ટિની જેમ પ્રપંચસૃષ્ટિને માયામયી માનીએ છીએ, તેના પ્રયોજન વિષે પ્રશ્ન પુછાતો જોવામાં આવતો નથી. આ જ વાત સમજાવતાં કલ્પતરુમાં (૨.૧ ૩૩) **અમલાનન્દે** કહ્યું છે કે જેમ કોઈ પુરુષ દર્પણમાંના પોતાના પ્રતિબિંબના ફેરફારો જે બિંબરૂપ પોતાથી જ પ્રયુક્ત છે તેને જોતો રમત કરે છે તેમ જીવમાં રહેલી વિક્રિયાઓ જે તે તે પ્રાણીના કર્માનુસાર બ્રહ્મથી જ પ્રયુક્ત છે તેમને જોતો બ્રહ્મ ક્રીડા કરે છે.

ઉપર કહ્યું તેમ અજ્ઞાનને જીવની ઉપાધિ માનીએ તો પણ અન્તઃકરણનું જીવની ઉપાધિ તરીકે વર્ણન છે તે વ્યર્થ બનતું નથી. અવિદ્યામાં પ્રતિબિંબિત ચૈતન્યનુ રૂપ છે તે સુષુપ્તિ–



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાધારણ છે અર્થાત્ સુષુપ્તિ સહિત બધી વ્યાવહારિક અવસ્થાઓમાં હોય છે; તેની જ્ઞાતા, કર્તા, ભોક્તા આદિ વિશેષરૂપથી અભિવ્યક્તિ કે ઉપલબ્ધિ છે તેનુ સ્થાન અથવા ઉપાધિ અન્તઃકરણ છે. એ અજ્ઞાનનો પરિણામવિશેષ છે કર્તૃત્વ આદિ ધર્મો કેવળ અજ્ઞાનનાં પરિણામ નથી તેથી કેવળ અજ્ઞાન જ જીવની ઉપાધિ હોય તો જીવને કર્તૃત્વાદિ ધર્મનો લાભ ન થાય. પણ કર્તૃત્વાદિ વિશેષવાળા અન્તઃકરણના તાદાત્મ્યના અધ્યાસથી જ એ ધર્મોનો લાભ થઈ શકે છે. તેથી અન્તઃકરણને જીવની ઉપાધિરૂપ કહ્યું છે તે નિરર્થક નથી.

'कार्योपाधिरयं जीव.' એવી શ્રુતિ છે તેથી કારણ અજ્ઞાનને જીવની ઉપાધિ ન માનવી એમ કહેવું બરાબર નથી. ઉપર્યુક્ત શ્રુતિ–સ્મૃતિના આધારે અન્તઃકરણથી અવચ્છિન્ન આત્મા તે જીવ, અને તેનાથી અનવચ્છિન્ન આત્મા તે ઈશ્વર એમ ન કહી શકાય. યોગી યોગપ્રભાવથી નિર્મિત સર્વશરીરોનું એક સાથે નિયંત્રણ કરે છે. જો જીવને અન્તઃકરણથી જ અવચ્છિન્ન ચૈતન્યરૂપ માનીએ તો યોગીની બાબતમાં એ સંભવે નહિ કારણ કે અન્તઃકરણ પરિચ્છિન્ન હોઈ તેનાથી અવચ્છિન્ન જીવ બધાં શરીરોમાં રહીને તેમનું નિયંત્રણ કરી શકે નહિ. પણ અજ્ઞાન જો જીવની ઉપાધિ હોય તો એ સંભવે કારણ કે અજ્ઞાન વ્યાપક હોઈને અજ્ઞાન જેની ઉપાધિ છે એવો યોગિજીવ એક સાથે સર્વશરીરોમાં હાજર રહી શકે. આમ અજ્ઞાનરૂપ કારણ–ઉપાધિ અને અન્તઃકરણરૂપ કાર્યોપાધિથી અવચ્છિન્ન આત્મા તે જીવ.

**न च योगप्रभावाद् योगिनोऽन्तःकरणं कायव्यूहाभिव्यक्तियोग्यं वैपुल्यं प्राप्नोतीति तदवच्छिन्नस्य कायव्यूहाधिष्ठानत्वं युज्यते इति वाच्यम् । 'प्रदीपवदावेशस्तथा हि दर्शयति' (ब्र.सू. ४.४. अधि. ६, सू. १५) इति शास्त्रोपान्त्याधिकरणभाष्यादिषु कायव्यूहे प्रतिदेहमन्तः-करणस्य चक्षुरादिवत् भिन्नस्यैव योगप्रभावात् सृष्टेरुपवर्णनात् । प्रतिबिम्बे बिम्बात् भेदमात्रस्याध्यस्तत्वेन स्वरूपेण तस्य सत्यत्वान्न प्रतिबिम्बरूपजीवस्य मुक्त्यन्वयासम्भव इति न तदतिरेकेण मुक्त्यन्वयाया-वच्छिन्नरूपजीवान्तरं वा प्रतिबिम्बजीवातिरिक्तं जीवेश्वरविलक्षणं कूटस्थ-शब्दितं चैतन्यान्तरं वा कल्पनीयम् । "अविनाशी वा अरेऽयमात्मा" (बृहद्. ४.५.१४) इति श्रवणं जीवस्य तदुपाधिनिवृत्तौ प्रतिबिम्बभावा-पगमेऽपि स्वरूप न विनश्यतीत्येतत्परम्, न तदतिरिक्तकूटस्थनामक-चैतन्यान्तरपरम् । जीवोपाधिना अन्तःकरणादिनाऽवच्छिन्नं चैतन्यं बिम्बभूत ईश्वर एव । 'यो विज्ञाने तिष्ठन्' (बृहद्. ३.७.२२) इत्यादिश्रुत्या ईश्वरस्यैव जीवसन्निधानेन तदन्तर्यामिभावेन विकारान्तर-वस्थानश्रवणादिति ।**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને એવી દલીલ કરવી નહિ કે યોગના પ્રભાવથી યોગીનું અન્તઃકરણ કાયવ્યૂહમાં અભિવ્યક્તિને યોગ્ય વિપુલતા (વ્યાપકતા) પ્રાપ્ત કરે છે તેથી તેનાથી અવચ્છિન્ન (યોગિજીવ) કાયવ્યૂહનો પ્રેરક બને એ બરાબર છે. (આ દલીલ બરાબર નથી) કેમ કે 'પ્રદીપની જેમ તેનો આવેશ છે, કારણ કે શ્રુતિ તેમ દર્શાવે છે.' (બ્ર. સૂ. ૪.૪. અધિ. ૬, સૂ. ૧૫ એ (બ્રહ્મમીમાંસા) શાસ્ત્રના ઉપાન્ત્ય (–છેલ્લાની પહેલાના—) અધિકરણનાં ભાષ્યાદિમાં કાયવ્યૂહમાં પ્રત્યેક દેહને માટે આંખ વગેરેની જેમ જુદા જ અન્તઃકરણની યોગના પ્રભાવથી સૃષ્ટિનું ઉપવર્ણન છે (—આમ એક અન્તઃકરણ જ વ્યાપક બની શકે એ વાતને શાસ્ત્રનો વિરોધ છે).

પ્રતિબિંબમાં બિંબથી ભેદમાત્ર અધ્યસ્ત હોઈને સ્વરૂપથી તે સત્ય હોવાથી પ્રતિબિંબરૂપ જીવનો મુક્તિ (અવસ્થ )માં અન્વય હોય તેનો અસંભવ નથી (—અર્થાત્ તે સંભવે છે) તેથી તેનાથી (પ્રતિબિંબરૂપ જીવથી) અતિરેકથી (તેના ઉપરાંતનો) મુક્તિમાં અન્વયને માટે અવચ્છિન્નરૂપ બીજા જીવની અથવા પ્રતિબિંબજીવથી અતિરિક્ત, જીવ તથા ઈશ્વરથી વિલક્ષણ અને કૂટસ્થ નામવાળા બીજા ચૈતન્યની કલ્પના કરવી ઠીક નથી (—કલ્પના કરવાની જરૂર નથી). 'અરે આ આત્મા અવિનાશી છે' (બૃહદ્. ૪.૫.૧૪) એ શ્રુતિવચન જીવની ઉપાધિની નિવૃત્તિ થતાં તેનો (જીવનો) પ્રતિબિંબભાવ રહેતો નથી ત્યારે પણ તેનું સ્વરૂપ નાશ પામતું નથી એમ કહેવા માટે છે, તેનાથી અતિરિક્ત કૂટસ્થ નામના અન્ય ચૈતન્યનું પ્રતિપાદન કરવા માટે નહિ. જીવની ઉપાધિ એવા અન્તઃકરણાદિથી અવચ્છિન્ન ચૈતન્ય બિંબભૂત ઈશ્વર જ છે (શુદ્ધ બ્રહ્મ કે પ્રતિબિંબરૂપ જીવ નહિ). 'જે વિજ્ઞાનમાં રહેતો....' (બૃહદ્ ૩.૭.૨૨) ઇત્યાદિ શ્રુતિથી દર્શાવવામાં આવ્યું છે કે ઈશ્વર જ જીવની નજીક રહીને તેના અન્તર્યામી તરીકે વિકારોની અંદર રહે છે.

**વિવરણ :** એવી શંકા સંભવે કે યોગના પ્રભાવથી જ યોગીનું અન્તઃકરણ એટલું વ્યાપક બની શકે કે અનેક શરીરના સમૂહમાં રહેલા ચૈતન્યની અભિવ્યક્તિ કરી શકે અને આ રીતે સર્વ શરીરોનું નિયંત્રણ થઈ શકે તેથી કારણ–અજ્ઞાન જીવની ઉપાધિ છે એમ માનવાની જરૂર નથી. પણ આવી શંકા કરવી નહિ કારણ કે બ્ર. સૂ ના ઉપાન્ત્ય અધિકરણનાં ભાષ્ય વગેરેમાં એવું પ્રતિપાદિત કર્યું છે કે કાયવ્યૂહમાં પ્રત્યેક દેહને માટે જુદાં જુદાં ચક્ષુ વગેરેની તેમજ જુદા જુદા અન્તઃકરણની સૃષ્ટિ યોગપ્રભાવથી કરવામાં આવે છે. સૂત્રમાં પ્રદીપનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. જેમ એક દીપનો અનેક વાટમાં પ્રવેશ છે. તેમ યોગીનો યોગપ્રભાવથી અનેકમાં એક સાથે આવેશ છે. પ્રદીપનો વાટમાં પ્રવેશ પામેલા દીપોથી ભેદ છે. જ્યારે યોગી તો સર્વ દેહોમાં એક છે અને તેથી દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિકમાં વૈષમ્ય છે. તો પણ દીપત્વ જાતિના એકત્વનો વ્યક્તિમાં આરોપ કરીને તેમની સંગતિ સમજવાની છે. શ્રુતિ પણ દર્શાવે છે કે યોગી એક બને છે, ત્રણ બને છે, પાંચ બને છે, સાત બને છે (स एकधा भवति त्रिधा भवति पञ्चधा सप्तधा–છા. ૭.૨૬.૨) ઇત્યાદિ અને યોગીના એક સાથે અનેક શરીરમાં અવસ્થાન વિના શ્રુતિસિદ્ધ અનેકધાભાવ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંભવે નહિ એવો સૂત્રનો અર્થ છે. એક અન્તઃકરણ ઉપર કહ્યું તેમ વ્યાપક બને છે એમ માનતાં **ભાષ્યાદિનો** વિરોધ થાય છે.

વ્યાખ્યાકાર **કૃષ્ણાનન્દતીર્થ** વિવેચન કરતાં કહે છે કે **ભાષ્યાદિનું** એવું તાત્પર્ય બતાવી શકાય કે યોગીનું પોતાનું જ અન્તઃકરણ યોગપ્રભાવથી વિપુલ બનીને પોતાથી **અવચ્છિન્ન** ચૈતન્યસ્વરૂપ યોગીને માટે કાયવ્યૂહનાં અધિષ્ઠાન, ભોગ વગેરે શક્ય બનાવે છે. આમ માનવાથી આગન્તુક અનેક અન્તઃકરણોની સૃષ્ટિની કલ્પનામાં અસત્કાર્યવાદના સ્વીકારનો દોષ અને કલ્પનાગૌરવનો દોષ છે તે દોષ રહેતો નથી. વળી **હિરણ્યગર્ભ** વગેરેની બાબતમાં યોગપ્રભાવથી જ અંડવ્યાપી સમષ્ટિ અન્તઃકરણનો સ્વીકાર કરવામાં આવ્યો છે. હિરણ્યગર્ભ આદિને પૂર્વજન્મમાં યજમાનની અવસ્થામાં વ્યાપક અન્તઃકરણ હતું એમ માનવા માટે કોઈ પ્રમાણ નથી, કારણ કે એમ માનીએ તો આપણા અન્તઃકરણને પણ વ્યાપક માનવું પડે. તેથી યોગપ્રભાવથી અન્તઃકરણ વ્યાપક બને છે એમ જ માની શકાય. **ભાષ્યાદિમાં** અન્તઃકરણની સૃષ્ટિનું વર્ણન છે તેની તો મતાન્તર તરીકે ઉપપત્તિ છે. યોગશાસ્ત્રોમાં જ આ પ્રક્રિયા છે એમ **શાંકરભાષ્યમાંના** एव શબ્દથી જ સમજાય છે (एवैव च योगशास्त्रेषु योगिनामनेकशरीरयोगप्रक्रिया). **ભાષ્યાદિનું** આવું એક જ અન્તઃકરણની વિપુલતાપરક તાત્પર્ય બતાવી શકાય તો પણ યથાશ્રુત **ભાષ્યાદિના** અભિપ્રાયથી, ભાષ્યાદિનો જે અર્થ શીખવવામાં આવ્યો છે તે પ્રમાણે કહ્યું છે કે એક અન્તઃકરણ વિપુલ બને છે એમ માનીએ તો **ભાષ્યાદિનો** વિરોધ થાય (**કૃષ્ણાનન્દનું** વિવેચન યુક્તિયુક્ત છે પણ શંકરાચાર્ય તો યોગશાસ્ત્રની પ્રક્રિયાને અનુસરીને યોગપ્રભાવથી પ્રત્યેક દેહને માટે જુદા અન્તઃકરણની સૃષ્ટિને માનતા હોય તેમ જ લાગે છે અને આ યોગશાસ્ત્રની જ પ્રક્રિયા છે, **અર્થાત્** વેદાન્તની નહિ એમ કહેવાનો આશય જણાતો નથી, પણ આ જે પ્રક્રિયા બતાવી તે જ યોગશાસ્ત્રમાં પણ છે એવો આશય જણાય છે).

**ચિત્રદીપમાં** પ્રતિબિંબચૈતન્યરૂપ જીવ સ્વરૂપથી મિથ્યા છે તેથી તેનો મુક્તિમાં અન્વય નથી એટલે મુક્તિમાં અન્વયને યોગ્ય એવું કૂટસ્થ નામનું ચૈતન્ય જે જીવ અને ઈશ્વરથી વિલક્ષણ છે તેની કલ્પના કરીને ચિત્‌ને ચતુર્વિધ બતાવ્યું છે. અને **દૃગ્દૃશ્યવિવેકમાં** પ્રતિબિંબના મિથ્યાત્વનો જ આશ્રય લઈને મુક્તિમાં અન્વયને માટે અવચ્છિન્ન ચૈતન્ય જ પારમાર્થિક જીવ છે એવી કલ્પના કરી છે. તે બંને મત બરાબર નથી. બિંબ–પ્રતિબિંબનો જે કોઈ ભેદ માનવામાં આવે છે તે કલ્પિત છે. તેથી સ્વતઃ તેમના ભેદને વિષે કોઈ પ્રમાણ નથી. આમ સ્વરૂપથી જીવ સત્ય છે તેથી તેનો મુક્તિમાં અન્વય સંભવે છે, અને મુક્તિમાં અન્વયને માટે પ્રતિબિંબ જીવ ઉપરાંત કોઈ અન્ય જીવ કે કૂટસ્થ નામનાં અન્ય ચૈતન્યની કલ્પના કરવાની જરૂર નથી. એ જ રીતે વ્યાવહારિક જીવથી અતિરિક્ત પ્રાતિભાસિક જીવની પણ કલ્પના કરવી ન જોઈએ કારણ કે તેને માટે કોઈ પ્રમાણ નથી. એવી દલીલ ન કરવી જોઈએ કે વ્યાવહારિક જીવનું સ્વપ્નકાળમાં આવરણ થાય છે તેથી તેના ત્યારના વ્યવહારની અનુપપત્તિ છે માટે પ્રાતિભાસિક જીવની કલ્પના કરવી પડે છે. જીવચૈતન્યનું આવરણ થતું નથી એવું સાક્ષીના નિરૂપણ સમયે કહેવામાં આવશે. તેથી જાગ્રત્કાળનો જીવ જ સ્વપ્નમાં પણ વ્યવહારકર્તા અને એ ઉપપન્ન છે. 'જે મેં સ્વપ્નમાં શ્રીકૃષ્ણને જોયેલા તે જ હું અત્યારે જાગ્રદવસ્થામાં તેમનું સ્મરણ કરું છું" એમ જાગ્રત્કાળમાં અને સ્વપ્નકાળમાં જ્ઞાન કરનાર એક છે એવી પ્રત્યભિજ્ઞા થાય છે તેથી પ્રાતિભાસિક જીવની કલ્પના માટે કોઈ પ્રમાણ નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચિત્‌ને ચતુર્વિધ કહેનારા એવી દલીલ કરે છે કે શ્રુતિમાં એક બાજુએ કહ્યું છે કે ભૂતોની પાછળ નાશ પામે છે (तान्येवानु विनश्यति) અને બીજી બાજુએ કહ્યું છે કે આ આત્મા અવિનાશી છે (अविनाशी वा अरेऽयमात्मा) અને એક જ પ્રકૃત પ્રજ્ઞાનઘન આત્મામાં વિનાશિત્વ અને અવિનાશિત્વ એ બે વિરોધી ધર્મો સંભવે નહિ તેથી તેમની ઉપપત્તિને માટે વિનાશી પ્રતિબિંબથી અતિરિક્ત અવિનાશી કૂટસ્થ ચૈતન્ય સિદ્ધ થાય છે. આ દલીલ સ્વીકારવા જેવી નથી, કારણ કે અવિદ્યા–પ્રતિબિંબ–ચૈતન્યરૂપ જીવમાં જ પ્રતિબિંબત્વરૂપ વિશેષણ અંશના નાશના અભિપ્રાયથી વિનાશ અંગેનું વચન છે અને વિશેષ્ય ચૈતન્ય અંશના અભિપ્રાયથી વિનાશના અભાવનું પ્રતિપાદન છે તેથી વધારાનો કૂટસ્થ માનવાની જરૂર નથી, ઊલટું તેમ કરવામાં ગૌરવ-દોષ છે.

શંકા થાય કે અવિદ્યામાં પ્રતિબિંબ તે જીવ, બિંબરૂપ ચૈતન્ય તે ઈશ્વર અને બિંબ અને પ્રતિબિંબમાં અનુગત ચૈતન્ય તે શુદ્ધ ચૈતન્ય એ **વિવરણ** પક્ષમાં ચિત્‌ને ચતુર્વિધ માનનારા જે પારમાર્થિક જીવ કે કૂટસ્થ ચૈતન્યનો અંગીકાર કરે છે તેનો અન્તર્ભાવ ક્યાં થશે? તેનો અન્તર્ભાવ જીવ કે શુદ્ધ ચૈતન્યમાં સંભવતો નથી કારણ કે આ બે ઉપાદાન નથી. જ્યારે કૂટસ્થ તો સ્થૂલ અને સૂક્ષ્મ દેહનું ઉપાદાન છે. બિંબભૂત ઈશ્વરમાં પણ કૂટસ્થનો સમાવેશ થઈ શકે નહિ કારણ કે કૂટસ્થ નામના ચૈતન્યનું દેહાદિ વિકારોમાં અવસ્થાન છે જ્યારે ઈશ્વરનું તેમાં અવસ્થાન હોય તેને માટે કોઈ પ્રમાણ નથી. આ શંકાનો ઉત્તર આપતાં કહ્યું છે કે આ કૂટસ્થનો અન્તર્ભાવ ઈશ્વરમાં ઉપપન્ન છે. શ્રુતિ–સ્મૃતિમાં ઈશ્વરનું ચેતન અને અચેતનાત્મક સકલ પ્રપંચના ઉપાદાન તરીકે પ્રતિપાદન છે. આમ બિંબભૂત ઈશ્વરના, દેહાદિના ઉપાદાન તરીકે, દેહાદિ વિકારોની અંદર અવસ્થાનને માટે પ્રમાણ છે જ્યારે કૂટસ્થ તેનાથી ભિન્ન છે એમ માનવાને માટે કોઈ પ્રમાણ નથી. ઈશ્વર ઉપાદાન છે એમ પ્રતિપાદન કરનાર શાસ્ત્ર જ એકમાત્ર પ્રમાણ નથી: પણ ચેતનાચેતનાત્મક સકલ જગત્‌ના નિયન્તૃત્વનું પ્રતિપાદન કરનાર અન્તર્યામિ–બ્રાહ્મણ પણ બિંબભૂત ઈશ્વરના વિકારોની અંદર અવસ્થાનને વિષે પ્રમાણ છે. यो विज्ञाने तिष्ठन् विज्ञानादन्तरो यं विज्ञानं न वेद यस्य विज्ञानं शरीरं यो विज्ञानमन्तरो यमयति (બૃહદ્. ૩. ૭. ૨૨)—અહીં વિજ્ઞાન પદથી જીવ અર્થ સમજવાનો છે. બૃહદારણ્યક ઉપ.નાં માધ્યન્દિન પાઠમાં य आत्मनि तिष्ठन् છે જ્યારે કાણ્વ પાઠમાં यो विज्ञाने तिष्ठन्. આ બતાવે છે કે વિજ્ઞાન અને આત્મન્ એ પદો પર્યાય છે અને નિયમ્ય તત્ત્વની વાત હોય ત્યારે આત્મન્‌નો અર્થ જીવ થાય છે. ઈશ્વરનું જીવાદિનુ નિયંત્રણ નિયમ્ય જીવાદિના સંનિધાનથી જ છે, તેમાં હાજર રહીને જ છે, રાજા વગેરે પ્રજાનું નિયંત્રણ વ્યવહિત રહીને કરે છે તેવું નથી. आत्मनि तिष्ठन्‌નો અર્થ અહીં जीवसन्निधानेन થી કહ્યો છે. ભગવદ્‌ગીતામાં પણ કહ્યું છે—

> **ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।**
> **भ्रामयन् सर्वभूतानि यन्त्रारूढानि मायया ॥** (૧૮.૬૧)

યંત્ર અર્થાત શરીર પર આરૂઢ અર્થાત્ અહંતા મમતાવાળા સર્વ પ્રાણીઓને ઈશ્વર તેમના હૃદયમાં રહીને તેમના કર્માનુસાર માયાથી ફેરવે છે અર્થાત્ તેમની પાસે પ્રવૃત્તિ કે નિવૃત્તિ કરાવે છે. ઈશ્વરનું આ નિયન્તૃત્વ માયોપાધિક છે, વાસ્તવ નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આમ ચૈતન્યનું પ્રતિબિંબત્વ સ્વીકારનારાઓના મતભેદ રજૂ કરીને જીવ ઈશ્વર વિભાગ બતાવ્યો. હવે તેને નહીં માનનારાઓના મત પ્રમાણે જીવાદિનું સ્વરૂપ બતાવવા ચૈતન્યના પ્રતિબિંબનું નિરાકરણ કરે છે.

अन्ये तु—रूपानुपहितप्रतिबिम्बो न युक्तः सुतरां नीरूपे । गगनप्रतिबिम्बोदाहरणमप्ययुक्तम् । गगनाभोगव्यापिनि सवितृकिरणमण्डले सलिले प्रतिबिम्बिते गगनप्रतिबिम्बत्वव्यवहारस्य भ्रममात्रमूलकत्वात् ।

ध्वनौ वर्णप्रतिबिम्बत्ववादोऽप्ययुक्तः । व्यञ्जकतया सन्निधानमात्रेण ध्वनिधर्माणामुदात्तादिस्वराणां वर्णेष्वारोपोपपत्तेः ध्वनेर्वर्णप्रतिबिम्बग्राहित्वकल्पनाया निष्प्रमाणकत्वात् ।

प्रतिध्वनिरपि न पूर्वशब्दप्रतिबिम्बः । पञ्चीकरणप्रक्रियया पटहपयोनिधिप्रभृतिशब्दानां क्षितिसलिलादिशब्दत्वेन प्रतिध्वनेरेवाकाशशब्दत्वेन तस्यान्यशब्दप्रतिबिम्बत्वायोगात् । वर्णरूपप्रतिशब्दोऽपि न पूर्ववर्णप्रतिबिम्बः । वर्णाभिव्यञ्जकध्वनिनिमित्तकप्रतिध्वनेर्मूलध्वनिवदेव वर्णाभिव्यञ्जकत्वेनोपपत्तेः । तस्मात् घटाकाशवदन्तःकरणावच्छिन्नं चैतन्यं जीवः । तदनवच्छिन्नम् ईश्वरः ।

જ્યારે બીજા કહે છે—રૂપરહિત (વસ્તુ)નું પ્રતિબિંબ યુક્તિયુક્ત નથી, રૂપરહિત વસ્તુમાં તો વળી ખાસ નહીં. (કૂવાના પાણી વગેરેમાં) ગગનનું પ્રતિબિંબ પડે છે એ ઉદાહરણ પણ બરાબર નથી. ગગનના વિસ્તારમાં વ્યાપતું સૂર્યનાં કિરણોનું મંડળ પાણીમાં પ્રતિબિંબિત થાય છે ત્યારે ગગનનું પ્રતિબિંબ પડે છે એમ કહેવામાં આવે છે. તે ભ્રમ માત્ર પર આધારિત છે.

ધ્વનિમાં વર્ણનું પ્રતિબિંબ પડે છે એમ કહેવું પણ બરાબર નથી, કારણ કે ધ્વનિ વ્યંજક હોવાથી તેની હાજરી માત્રથી ઉદાત્ત આદિ સ્વર જે ધ્વનિના ધર્મો છે તેનો વર્ણો પર આરોપ સંભવે છે તેથી ધ્વનિ વર્ણોનાં પ્રતિબિંબ ઝીલે છે એ કલ્પના માટે કોઈ પ્રમાણ નથી.

પ્રતિધ્વનિ (પડઘો) પણ પૂર્વશબ્દનું પ્રતિબિંબ નથી. પંચીકરણની પ્રક્રિયાથી પડઘમ, સાગર વગેરેના શબ્દો પૃથ્વી, પાણી વગેરેના શબ્દો હોઈ ને, પ્રતિધ્વનિ જ આકાશનો શબ્દ છે તેથી તે અન્ય શબ્દનું પ્રતિબિંબ હોઈ શકે નહિ.

વર્ણરૂપ પ્રતિશબ્દ પણ પૂર્વ વર્ણનું પ્રતિબિંબ નથી, કારણ કે વર્ણનો અભિવ્યંજક ધ્વનિ જેનું નિમિત્તકારણ છે તેવો પ્રતિધ્વનિ મૂલ ધ્વનિની જેમ જ વર્ણોના અભિવ્યંજક તરીકે ઉપપન્ન છે (તે વર્ણોનો અભિવ્યંજક બની શકે છે).

તેથી ઘટાકાશની જેમ અન્તઃકરણથી અવચ્છિન્ન ચૈતન્ય તે જીવ. તેનાથી અવચ્છિન્ન નહીં તે ઈશ્વર.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ** : લોકમાં જોઈએ છીએ કે રૂપવાન ચંદ્રાદિનું પ્રતિબિંબ પડે છે રૂપરહિત વાયુ આદિનું નહિ, તેથી રૂપરહિત ચૈતન્યનું પ્રતિબિંબ સંભવે નહિ. ગગનનું પ્રતિબિંબ પાણીમાં પડે છે એમ બે ઘડી માની લઈએ તો પણ રૂપવાન ઉપાધિમાં જ પ્રતિબિંબ પડી શકે એ નિયમનો તો વળી કયાંય ભંગ થતો નથી તેથી કહ્યું છે કે 'રૂપરહિત વસ્તુમાં તો ખાસ નહિ.' નીરૂપ (રૂપરહિત) ગગનનું કૂવા તળાવના જલમાં પ્રતિબિંબ પડે છે એમ જે માનવામાં આવે છે તે પણ ભ્રાન્તિમૂલક જ છે. હકીક્તમાં જળમાં આલોકનું પ્રતિબિંબ જોવામાં આવે છે, અને તેને વિષે એ ગગનનું પ્રતિબિંબ છે એવો ભ્રમ લોકોને થાય છે એવી કલ્પના કરવામાં આવે છે. વસ્તુતઃ એ ગગનનું પ્રતિબિંબ છે જ નહિ. ગગનના ઉપરના ભાગમાં વ્યાપીને રહેલા સૂર્યકિરણના મંડલાદિનું પ્રતિબિંબ જળમાં દેખાય છે તેથી તેની સાથે સંકળાયેલ ગગનનું એ પ્રતિબિંબ છે એવો ભ્રમ થાય છે.

**શંકા**—જેમ બહાર 'નીલ નભ' ઇત્યાદિ રૂપથી ગગનનો અનુભવ થાય છે તેમ જળમાં પણ 'નીલ નભ,' 'વિશાળ નભ' ઇત્યાદિ રૂપથી અનુભવ સૌને થાય છે. અને કૂવા વગેરેના જળમાં જ્ઞાત થતા વિશાલતા આદિ ધર્મોવાળું નભ તો વસ્તુતઃ છે માટે એમ કહેવું જોઈએ કે જે નભ દેખાય છે તે પ્રતિબિંબરૂપ જ છે. તેથી ગગનનું પ્રતિબિંબ નથી પડતું એમ કેવી રીતે કહી શકાય. રૂપરહિત વસ્તુનું પ્રતિબિંબ સંભવતું નથી એમ નહીં કહી શકાય કારણ કે રૂપ, સંખ્યા, પરિમાણ વગેરે નીરૂપ છે છતાં તેમનું પ્રતિબિંબ આપણે જોઈએ છીએ. આમ ગગનના પ્રતિબિંબના અનુભવ પ્રમાણે રૂપયુક્ત દ્રવ્યનું પ્રતિબિંબ છે, પછી એ વસ્તુ સ્વગતરૂપથી રૂપયુક્ત હોય કે આરોપિત રૂપથી એવો નિગમ કલ્પી શકાય છે. આમ બહાર આરોપિત નીલત્વ વગેરેથી વિશિષ્ટ ગગનનું જળ વગેરેમાં પ્રતિબિંબ પડે છે એમ સ્વીકારવામાં કશું બાધક બનતું નથી. તેથી રૂપવાન દ્રવ્યનું પ્રતિબિંબ હોય એ નિયમનો ગગનનું પ્રતિબિંબ પડે છે ત્યાં ભંગ છે તે વારી શકાતો નથી.

**ઉત્તર**—તો પણ ચૈતન્યનું પ્રતિબિંબ સંભવતું નથી કારણ કે રૂપરહિત અન્તઃકરણ વગેરે પ્રતિબિંબોપાધિ બની શકે નહિ. જેમાં પ્રતિબિંબ પડે છે તે ઉપાધિ (દર્પણ, જલ વગેરે) તો રૂપયુક્ત જોઈએ જ્યારે અન્તઃકરણાદિ ઉપાધિ રૂપરહિત હોઈને તેમાં ચૈતન્યનું પ્રતિબિંબ સંભવતું નથી.

**શંકા**—ધ્વનિ નીરૂપ (રૂપરહિત) હોવા છતાં પણ તેમાં નીરૂપ દ્રવ્યાત્મક વર્ણોનું પ્રતિબિંબ પડે છે એમ માનવું જોઈએ. તેમ હોય તો જ દર્પણની મલિનતા કે કાળાશનો દર્પણમાના પ્રતિબિંબ દ્વારા બિંબ એવા મુખમાં આરોપ થાય છે તેમ ધ્વનિમાંના તારત્વ (તીણાપણું) આદિનો ધ્વનિમાં પડેલા વર્ણના પ્રતિબિંબ દ્વારા વર્ણોમાં આરોપ સંભવે છે, અન્યથા નહિ. એ પ્રમાણે નીરૂપ અન્તઃકરણાદિમાં નીરૂપ આત્માનું પ્રતિબિંબ સંભવે છે.

આ શંકાના ઉત્તરમાં કહ્યું છે કે ધ્વનિમાં વર્ણનું પ્રતિબિંબ પડે છે એમ કહેવું પણ બરાબર નથી...

ફરી કોઈ શંકા કરે કે પડઘમ વગેરેનો શબ્દ (અવાજ) ઉત્પન્ન થાય છે ત્યારે કોઈ ખાસ ખડક વગેરેની નજીકના આકાશપ્રદેશમાં પ્રતિધ્વનિ (પડઘો) સંભળાય છે. તે પહેલાના શબ્દનું પ્રતિબિંબ જ છે, મુખ્ય ધ્વનિ નથી, કારણ કે તેની ઉત્પત્તિનું કોઈ કારણ નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને જેમ રૂપરહિત આકાશપ્રદેશમાં રૂપરહિત ધ્વનિનું પ્રતિધ્વનિરૂપ પ્રતિબિંબ સંભવે છે તેમ અહીં રૂપરહિત અન્તઃકરણાદિમાં રૂપરહિત ચૈતન્યનું પ્રતિબિંબ કેમ ન પડી શકે? પડી જ શકે.

આ શંકાના ઉત્તરમાં કહ્યું છે કે પ્રતિધ્વનિ પણ પૂર્વ શબ્દનું પ્રતિબિંબ નથી. પ્રતિધ્વનિનું કોઈ ઉત્પાદક નથી એવી શંકા કરવી નહિ, કારણ કે આકાશ જ તેનું ઉપાદાન છે અને પૂર્વશબ્દ તેનું નિમિત્ત કારણ છે. પ્રતિધ્વનિ પ્રતિબિંબ હોય તો તે આકાશનો ગુણ કેમ ન હોય એવી શંકા કરવી નહિ. બિંબ અને પ્રતિબિંબને ભિન્ન માનીએ તો પ્રતિધ્વનિરૂપ પ્રતિબિંબ પ્રાતિભાસિક હોઈને વ્યાવહારિક આકાશના ગુણ હોઈ ન શકે. અને તેમને અભિન્ન માનીએ તો બિંબભૂત પૃથ્વ્યાદિશબ્દની અપેક્ષાએ પ્રતિધ્વનિરૂપ પ્રતિબિંબનો ભેદ ન હોવાથી એ આકાશનો ગુણ હોઈ શકે નહિ.

**શંકા**—વર્ણરૂપ પ્રતિશબ્દને તો વર્ણનું પ્રતિબિંબ અવશ્ય માનવું પડશે. તેને સાક્ષાત્ વર્ણરૂપ માની ન શકાય; કારણ કે પ્રતિવર્ણની અભિવ્યક્તિ થાય છે ત્યાં વર્ણના વ્યંજક એવા કંઠ, તાલુ વગેરે નથી હોતા. ત્યાં જેમ પર્વત ગુફા વગેરેની નજીકના નીરૂપ આકાશપ્રદેશોમાં નીરૂપ વર્ણોનું પ્રતિબિંબ પડે છે તેવું નીરૂપ ચૈતન્યનું નીરૂપ અન્તઃકરણાદિમાં કેમ ન પડી શકે?

**ઉત્તર**—કંઠ, તાલુ વગેરે હોય ત્યાં પણ તે વર્ણના વ્યંજક નથી હોતા, પણ કંઠાદિના અભિઘાતથી ઉત્પન્ન થયેલ ધ્વનિ જ વર્ણનો વ્યંજક છે. જેમ મૂલ ધ્વનિ વર્ણનો વ્યંજક છે તેમ પ્રતિવર્ણની અભિવ્યક્તિ થાય છે ત્યાં પ્રતિધ્વનિ જ વર્ણોનો અભિવ્યંજક સંભવે છે તેથી પ્રતિવર્ણોને પ્રતિબિંબરૂપ માનવાની જરૂર નથી.

આમ ચૈતન્યનું પ્રતિબિંબ સંભવતું ન હોઈ અન્તઃકરણથી અવચ્છિન્ન ચૈતન્ય તે જીવ અને તેનાથી અવચ્છિન્ન નહીં એવું ચૈતન્ય તે ઈશ્વર.

**न चैवमण्डान्तर्वर्तिनश्चैतन्यस्य तत्तदन्तःकरणोपाधिभिः सर्वात्मना जीवभावेनावच्छेदात् तदवच्छेदरहितचैतन्यरूपस्येश्वरस्याण्डात् बहिरेव सत्त्वं स्याद् इति 'यो विज्ञाने तिष्ठन्' इत्यादावन्तर्यामिभावेन विकारान्तरवस्थानश्रवणं विरुध्येत । प्रतिबिम्बपक्षे तु जलगतस्वाभाविकाकाशे सत्येव प्रतिबिम्बाकाशदर्शनाद् एकत्र द्विगुणीकृत्य वृत्तिरुपपद्यते इति वाच्यम् । यतः प्रतिबिम्बपक्षेऽप्युपाधावनन्तर्गतस्यैव चैतन्यस्य तत्र प्रतिबिम्बो वाच्यः, न तु जलचन्द्रन्यायेन कृत्स्नप्रतिबिम्बः । तदन्तर्गतभागस्य तत्र प्रतिबिम्बासम्भवात् । न हि मेघावच्छिन्नस्याकाशस्यालोकस्य वा जले प्रतिबिम्बवत् जलान्तर्गतस्यापि तत्र प्रतिबिम्बो दृश्यते । न वा मुखादीनां बहिःस्थितिसमये इव जलान्तर्निमज्जनेऽपि प्रतिबिम्बोऽस्ति । अतो जलप्रतिबिम्बं प्रति मेघाकाशादेरिवान्तःकरणाद्युपाधिप्रतिबिम्बं प्रति**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**तदनन्तर्गतस्यैव बिम्बत्वं स्यादिति बिम्बभूतस्य विकारान्तरवस्थानायोगात् ईश्वरे अन्तर्यामिब्राह्मणाञ्जस्याभावस्तुल्यः ।**

**અને** એવી શંકા કરવી નહિ કે "આમ અંડની અંદર રહેલા ચૈતન્યનો તે તે અન્તઃકરણરૂપ ઉપાધિઓથી પૂરેપૂરો જીવભાવથી અવચ્છેદ થતાં તે અવચ્છેદથી રહિત ચૈતન્યરૂપ ઈશ્વરનું અંડની બહાર જ અસ્તિત્વ હોય તેથી 'જે વિજ્ઞાન-(જીવ)માં રહેતો...' ઇત્યાદિમાં અન્તર્યામી તરીકે તે વિકારોની અંદર રહે છે એમ જે શ્રુતિમાં કહ્યું છે તેનો વિરોધ થશે. જ્યારે પ્રતિબિંબપક્ષમાં તો જલમાં રહેલું સ્વાભાવિક આકાશ હોય તો જ પ્રતિબિંબાકાશ દેખાય છે તેથી એકત્ર બમણી બનાવેલી વૃત્તિ ઉપપન્ન બને છે."

(આ શંકા બરાબર નથી) કારણ કે પ્રતિબિંબપક્ષમાં પણ ઉપાધિમાં રહેલું નથી એવા જ ચૈતન્યનું ત્યાં (ઉપાધિ)માં પ્રતિબિંબ પડે છે એમ કહેવું પડશે. જલચન્દ્ર-ન્યાયથી સંપૂર્ણના પ્રતિબિંબનું તો કથન નહીં થાય, કારણ કે તેમાં રહેલા ભાગનું ત્યાં પ્રતિબિંબ સંભવે નહિ. જેમ મેઘથી અવચ્છિન્ન આકાશનું કે આલોકનું જળમાં પ્રતિબિંબ દેખાય છે તેમ જળમાં રહેલા (આકાશ કે આલોક)નું પણ પ્રતિબિંબ ત્યાં દેખાતું નથી. અને મુખાદિ (જળની) બહાર રહેલાં હોય તે વખતે જેમ પ્રતિબિંબ હોય છે તેમ જળની અંદર ડૂબેલાં હોય ત્યારે પણ પ્રતિબિંબ નથી હોતું. તેથી જેમ જલપ્રતિબિંબ પ્રતિ મેઘાકાશાદિ બિંબ છે તેમ અન્તઃકરણાદિ ઉપાધિમાં પડેલા પ્રતિબિંબ પ્રતિ તેમાં અન્તર્ગત (અંદર રહેલું) નહીં એવું જ (ચૈતન્ય) બિંબ હોઈ શકે, તેથી બિંબભૂત (ચૈતન્ય) વિકારોની અંદર હોઈ ન શકે; તેથી ઈશ્વરની બાબતમાં અન્તર્યામિબ્રાહ્મણનું (બૃહદ્ ૩.૭) અસામંજસ્ય (તેના સામંજસ્યનો અભાવ) તુલ્ય છે.

**વિવરણ** : અવચ્છેદમાં નહિ માનનારા એવી દલીલ કરી શકે કે અન્તઃકરણથી અવચ્છિન્ન નહીં એ ચૈતન્ય જો ઈશ્વર હોય તો ઈશ્વર વિકારોની અંદર રહીને અધિષ્ઠાન કરે છે એમ જે **અન્તર્યામિબ્રાહ્મણ**માં કહ્યું છે તેનો વિરોધ થાય. તેથી પ્રતિબિંબપક્ષ જ સ્વીકારવો જોઈએ. પ્રતિબિંબપક્ષમાં તો જળમાં રહેલું સ્વાભાવિક આકાશ હોય તો જ પ્રતિબિંબાકાશ દેખાય છે તેથી ચૈતન્યની પ્રતિબિંબરૂપ જીવ તરીકે અને તે તે ઉપાધિના અન્તર્યામી તરીકે એમ બેવડી વૃત્તિ થઈ શકે છે. આની સામે અવચ્છેદપક્ષવાદી કહે છે કે પ્રતિબિંબપક્ષમાં પણ અન્તર્યામીબ્રાહ્મણનો વિરોધ નિવારી શકાતો નથી દર્પણાદિ ઉપાધિથી બહાર રહેલા પદાર્થ કે તેના ભાગનું પ્રતિબિંબ પડે છે તેથી ઉપાધિની અંદર જે ચૈતન્ય નથી તે જ બિંબ હોઈ શકે અને આમ ઈશ્વરને વિષે વિકારોની અંદર રહીને એ અધિષ્ઠાન કરે છે એમ કહી શકાય નહિ. અંડની અંદર રહેલો ચૈતન્યભાગ ઉપાધિની અંદર રહેલો હોઈને, તેનાથી બહાર રહેલા ચૈતન્યને જ બિંબ કહેવું પડે તેથી બિંબભૂત ઈશ્વર પણ અંડની બહાર જ હોય. આમ આ દોષ તો અવચ્છેદપક્ષ અને પ્રતિબિંબપક્ષ બન્નેમાં સરખો જ છે અને જે દોષ બન્ને પક્ષમાં તુલ્ય હોય તેનો એક પક્ષ સામે વાંધો લઈ શકાય નહિ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને જો પ્રતિબિંબપક્ષમાં ઈશ્વર સર્વાન્તર્યામી છે એવું પ્રતિપાદન કરનાર શ્રુતિ અનુસાર લોકદષ્ટિનો અનાદર કરીને સમગ્ર ચૈતન્યનું પ્રતિબિંબ માનીને અન્તર્યામિબ્રાહ્મણના સામંજસ્યની ઉપપત્તિ કરવામાં આવે તો 'અનવચ્છિન્ન ચૈતન્ય તે ઈશ્વર' એ પક્ષમાં પણ 'અન્તઃકરણના અભાવથી અવચ્છિન્ન ચૈતન્ય તે ઈશ્વર' એમ વિવક્ષિત છે. અન્તઃકરણ કલ્પિત છે તેથી ચૈતન્યમાં અન્તઃકરણાદિના અવચ્છેદથી પણ અન્તઃકરણનો અભાવ વાસ્તવ રહે છે; અને અન્તઃકરણના અભાવથી અવચ્છિન્ન ચૈતન્યરૂપ ઈશ્વરના સર્વ વિકારની અંદર અવસ્થાનનો સંભવ છે તેથી તેનુ પ્રતિપાદન કરનાર બ્રાહ્મણનું સામંજસ્ય તુલ્ય છે એમ સમાધાન સમજવું. જુઓ તૃપ્તિદીપ ૮૫-૮૭.

આમ અવચ્છેદપક્ષ અને પ્રતિબિંબપક્ષ બન્નેમાં અન્તર્યામિબ્રાહ્મણ (બૃહદ્. ૩ ૭)નું અસામંજસ્ય કે સામંજસ્ય સમાન હોઈને નીરૂપ અન્તઃકરણમાં નીરૂપ ચૈતન્યનું પ્રતિબિંબ સંભવતું નથી એમ બતાવ્યું છે તેથી પ્રતિબિંબપક્ષ છોડીને અવચ્છેદ પક્ષનો જ આદર કરવો જોઈએ.

**एतेनावच्छिन्नस्य जीवत्वे कर्तृभोक्तृसमययोस्तत्र तत्रान्तःकरणावच्छेद्यचैतन्यप्रदेशस्य भिन्नत्वात् कृतहानाकृताभ्यागमप्रसङ्ग इति निरस्तम्। प्रतिबिम्बपक्षेऽपि स्वानन्तर्गतस्य स्वसन्निहितस्य चैतन्यप्रदेशस्यान्तःकरणे प्रतिबिम्बस्य वक्तव्यतया तत्र तत्रान्तःकरणस्य गमने बिम्बभेदात् तत्प्रतिबिम्बस्यापि भेदावश्यंभावेन दोषतौल्यात्।**

**न च 'अन्तःकरणप्रतिबिम्बो जीवः' इति पक्षे दोषतौल्येऽपि 'अविद्याप्रतिबिम्बो जीवः, तस्य च तत्र तत्र गत्वरमन्तःकरणं जलाशयव्यापिनो महामेघमण्डलप्रतिबिम्बस्य तदुपरि विसृत्वरस्फीतालोक इव तत्र तत्र विशेषाभिव्यक्तिहेतुः' इति पक्षे नायं दोषः, अन्तःकरणवदविद्याया गत्यभावेन प्रतिबिम्बभेदानापत्तेरिति वाच्यम्। तथैवावच्छेदपक्षेऽपि 'अविद्यावच्छिन्नो जीवः' इत्यभ्युपगमसम्भवात्। तत्राप्येकस्यैव जीवस्य क्वचित् प्रदेशे कर्तृत्वं प्रदेशान्तरे भोक्तृत्वमित्येवं कृतहानादिदोषापत्त्युत्तये वस्तुतो जीवैक्यस्य शरणीकरणीयत्वेन तन्न्यायादन्तःकरणोपाधिपक्षेऽपि वस्तुतश्चैतन्यस्य तदवच्छेदकोपाध्यैक्यस्य च तन्त्रत्वाभ्युपगमेन तद्दोषनिराकरणसम्भवाच्च।**

આથી અવચ્છિન્ન (ચૈતન્ય જ) જીવ એમ હોય તો (કર્મના) કર્તૃત્વ અને (કર્મફલના) ભોક્તૃત્વના સમયોમાં ત્યાં/ત્યાં અન્તઃકરણથી અવચ્છેદ્ય ચૈતન્યપ્રદેશ જુદા હોવાને કારણે કૃતહાનિ અને અકૃત-અભ્યાગમની આપત્તિ બતાવી છે તેનું ખંડન થઈ ગયું. કારણ કે પ્રતિબિંબપક્ષમાં પણ પોતાની અંદર રહેલ નહિ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને (છતાં) પોતાનો નજીક એવા ચૈતન્ય પ્રદેશનું અન્તઃકરણમાં પ્રતિબિંબ કહેવું જોઈએ (–અંદર હોય કે વ્યવહિત હોય તેનું પ્રતિબિંબ પડી શકે નહિ માટે): તેથી અન્તઃકરણ તે તે જગ્યાએ જાય ત્યારે બિંબનો ભેદ હોવાથી તેનું પ્રતિબિંબ પણ અવશ્ય ભિન્ન હોવાનું માટે દોષ તુલ્ય છે.

એવી દલીલ કરવી નહિ કે "જીવ અન્તઃકરણમાં પ્રતિબિંબરૂપ છે' એ (સંક્ષેપશારીરકકારના) પક્ષમાં દોષ તુલ્ય હોવા છતાં 'જીવ અવિદ્યામાં પ્રતિબિંબરૂપ છે, અને જેમ જલાશયની ઉપર ગમનશીલ (અર્થાત્ મેઘના છિદ્રોમાંથી બહાર આવતો) એવો પ્રકૃષ્ટ પ્રકાશ તેમાં (જલાશયમાં) વ્યાપતા મહામેઘમંડલના પ્રતિબિંબની વિશેષ અભિવ્યક્તિનું કારણ છે, તેમ તે તે સ્થળે જતું અન્તઃકરણ (અવિદ્યામાં ચૈતન્યના પ્રતિબિંબરૂપ) જીવની ત્યાં ત્યાં વિશેષ અભિવ્યક્તિનું કારણ છે'—એ પક્ષમાં આ (કૃતહાનિ અને અકૃત–અભ્યાગમનો) દોષ નથી; કારણ કે અન્તઃકરણની જેમ અવિદ્યાની ગતિ નથી તેથી પ્રતિબિંબનો ભેદ નહીં માનવો પડે."

(આવી દલીલ કરવી નહિ) કારણ કે, તેવી જ રીતે અવચ્છેદપક્ષમાં પણ 'અવિદ્યાથી અવચ્છિન્ન તે જીવ' એમ સ્વીકારી શકાય; અને તેમાં (અવિદ્યામાં પ્રતિબિંબરૂપ જીવ એ પક્ષમાં) પણ એક જીવનો કોઈક પ્રદેશમાં કર્તૃત્વ અને અન્ય પ્રદેશમાં ભોક્તૃત્વ એવા કૃતહાનિ આદિ દોષને દૂર કરવા માટે વસ્તુતઃ જીવના ઐક્યનું શરણ લેવું પડે છે, તેથી તે ન્યાયથી અન્તઃકરણ ઉપાધિ છે એ પક્ષમાં પણ વસ્તુતઃ ચૈતન્યના એકત્વનો અને તેના અવચ્છેદક ઉપાધિના ઐક્યનો આધાર સ્વીકારીને તે દોષનું નિરાકરણ સંભવે છે.

**વિવરણ :** પ્રતિબિંબપક્ષ અને અવચ્છેદપક્ષ બંનેમાં કૃતહાનિ અને અકૃત–અભ્યાગમનો દોષ સમાન છે. બંને પક્ષમાં એવો પ્રસંગ આવી પડે છે કે જે જીવ કર્મ કરે તેને એનું ફળ ન મળે અને બીજા જીવે કર્મ ન કર્યું હોય તેને એનું ફળ પ્રાપ્ત થાય. પ્રતિબિંબપક્ષમાં અન્તઃકરણમાં પ્રતિબિંબિત ચૈતન્ય તે જીવ. હવે અન્તઃકરણ ગતિશીલ છે અને મૃત્યુ પછી તે શરીરમાંથી નીકળી અન્યત્ર જાય છે ત્યારે ત્યાં સન્નિહિત ચૈતન્યપ્રદેશનું પ્રતિબિંબ તે જીવ બને છે જેને ફળ મળે છે. તે ચૈતન્યપ્રદેશરૂપ બિંબ જુદાં હોવાથી તે પ્રતિબિંબરૂપ જીવ જુદા હોવાના. જે દોષ અવચ્છેદપક્ષમાં બતાવ્યો કે જુદા જુદા ચૈતન્યપ્રદેશો અવચ્છિન્ન બનશે તેથી કર્મ કરનાર જીવ અને ફળ ભોગવનાર જીવ જુદા હશે અને કૃતહાનિ અને અકૃત–અભ્યાગમનો પ્રસંગ આવી પડશે તે પ્રતિબિંબપક્ષમાં પણ છે. જે દોષ બંને પક્ષમાં છે તેનો વાંધો એકની જ સામે લઈ શકાય નહિ.

એવી દલીલ કરવામાં આવે કે 'અવિદ્યામાં ચૈતન્યનું પ્રતિબિંબ તે ઈશ્વર અને અન્તઃકરણમાં ચૈતન્યનું પ્રતિબિંબ તે જીવ એ **સંક્ષેપશારીરકકાર**ના મતમાં કદાચ આ દોષ હોય પણ **વિવરણાદિ**ના મતમાં દોષ નથી. તે તે જલાશયોની ઉપર ગમનશીલ અર્થાત્ વાદળના છિદ્રોથી બહાર નીકળતો પ્રકૃષ્ટ પ્રકાશખંડ જલાશયને વ્યાપીને રહેનાર મહામેઘમંડલ-પ્રતિબિંબની વિશેષ અભિવ્યક્તિનો હેતુ છે તેમ તે તે જગ્યાએ આ લોકમાં અને પરલોકમાં કર્તા તરીકે, ભોક્તા તરીકે વગેરે વિશેષ અભિવ્યક્તિનું કારણ અન્તઃકરણ છે. અવિદ્યાને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રુતિ નથી તેથી ચૈતન્યપ્રદેશ ભિન્ન હોવાનો પ્રશ્ન નથી અને તેથી પ્રતિબિંબનો પણ ભેદ નહીં હોય.

આની સામે અવચ્છેદવાદી પણ કહી શકે અમે પણ માની શકીએ કે અવિદ્યાથી અવચ્છિન્ન તે જીવ અને અવિદ્યા કલ્પિત હોઈને વાસ્તવ એવા તેના અભાવથી અવચ્છિન્ન ચિદાત્મા તે ઈશ્વર.

ઉપર બતાવ્યું છે કે કૃતહાનિ અને અકૃત-અભ્યાગમનો દોષ હોય તો અવચ્છેદપક્ષ અને પ્રતિબિંબપક્ષ બંનેમાં છે અને દલીલ કરીને બતાવી શકાય કે એક પક્ષમાં નથી. હવે અન્તઃકરણથી અવચ્છિન્ન ચૈતન્ય તે જીવ એ પક્ષમાં કૃતહાનિ આદિ દોષ નથી એવું બતાવવા 'અવિદ્યામાં પ્રતિબિંબ તે જીવ' એ પક્ષમાં પણ આ દોષની આશંકા કરીને પરિહાર કરે છે. અવિદ્યામાં પ્રતિબિંબ તે જીવ એ પક્ષમાં પણ કોઈક પ્રદેશમાં અર્થાત્ બ્રાહ્મણાદિશરીરમાં રહેલ અન્તઃકરણથી અવચ્છિન્ન પ્રદેશમાં કર્તૃત્વ અને અન્ય પ્રદેશમાં અર્થાત્ દેવાદિશરીરમાં રહેલ તે અન્તઃકરણથી અવચ્છિન્ન પ્રદેશમાં ભોક્તૃત્વ એમ કૃતહાનિ અને અકૃત-અભ્યાગમનો દોષ દૂર કરવા માટે એમ માનવું પડે છે કે પ્રદેશભેદ હોવા છતાં પણ આ લોકમાં કે પરલોકમાં અવિદ્યામાં પ્રતિબિંબરૂપ જીવનું ઐક્ય છે. પ્રતિબિંબવાદીને આમ માન્યા સિવાય બચવાનો બીજો ઉપાય નથી. અન્તઃકરણથી અવચ્છેદ માનનાર પણ આ જ ઉપાયનું શરણ લઈ શકે. આ લોકમાં અને પરલોકમાં અન્તઃકરણથી અવચ્છેદ્ય ચૈતન્ય-પ્રદેશનો ભેદ હોવા છતાં ચૈતન્ય વસ્તુતઃ એક છે તેથી કૃતહાનિ આદિ દોષ નથી. શંકા કરી શકાય કે વાસ્તવ ચૈતન્ય એકમાત્ર છે અને તે બીજા જીવને પણ સાધારણ હોઈને એક જીવે કરેલા કર્મના ફળનો ભોગ અન્યને પ્રાપ્ત થાય એવો પ્રસંગ આવશે. તેના ઉત્તરમાં કહ્યું છે કે એક અન્તઃકરણથી અવચ્છિન્ન ચૈતન્ય તે એક જીવ અને બીજા અન્તઃકરણથી અવચ્છિન્ન ચૈતન્ય તે બીજો જીવ એવો સ્વીકાર હોવાથી ગમે તેણે કરેલું કર્મ ગમે તે ભોગવે એવો અતિપ્રસંગ નહીં થાય (આ અવચ્છેદ પક્ષમાં અન્તઃકરણાભાવથી અવચ્છિન્ન ચૈતન્ય તે ઈશ્વર અથવા 'कारणोपाधिरीश्वरः' એ શ્રુતિ અનુસાર અવિદ્યાથી અનવચ્છિન્ન ચૈતન્ય તે ઈશ્વર એમ સમજવું). કર્મ કરતી વખતે અને ફળ ભોગવતી વખતે પ્રદેશભેદ હોવા છતાં અન્તઃ-કરણરૂપ ઉપાધિ એ જ છે અને ચૈતન્ય તો એક જ છે તેથી કૃતહાનિ, અકૃત-અભ્યાગમનો દોષ નહીં રહે એવી દલીલ અવચ્છેદવાદી પણ કરી શકશે.

**न चावच्छेदपक्षे "यथा ह्ययं ज्योतिरात्मा विवस्वानपो भिन्ना बहुधैकोऽनुगच्छन् । उपाधिना क्रियते भेदरूपो देवः क्षेत्रेष्वेवमजोऽयमात्मा", 'अत एव चोपमा सूर्यकादिवत्' (ब्र.सू. ३.५, सू. १८) इति श्रुतिसूत्राभ्यां विरोधः । 'अम्बुवदग्रहणात्तु न तथात्वम्' (ब्र.सू. ३.२. सू. १९) इत्युदाहृतसूत्रानन्तरसूत्रेण यथा सूर्यस्य रूपवतः प्रतिबिम्बोदययोग्यं ततो विप्रकृष्टदेशं रूपवज्जलं गृह्यते, नैवं सर्वगतस्यात्मनः प्रतिबिम्बोदययोग्यं किञ्चिदस्ति ततो विप्रकृष्टमिति प्रतिबिम्बासम्भवमुक्त्वा 'वृद्धिह्रासभाक्त्वमन्तर्भावादुभयसामञ्जस्यादेवम्' (ब्र.सू. ३.२. सू. २०)**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

इति तदनन्तरसूत्रेण यथा जलप्रतिबिम्बितः सूर्यो जलवृद्धौ वर्धते इव, जलह्रासे ह्रसतीव, जलचलने चलतीवेति तस्याध्यासिकं जलानुरोधिवृद्धिह्रासादिभाक्त्वम्, तथा आत्मनोऽन्तःकरणादिनावच्छेदेन उपाध्यन्तर्भावादाध्यासिकं तदनुरोधिवृद्धिह्रासादिभाक्त्वम् इत्येवं दृष्टान्तदार्ष्टान्तिकयोस्सामञ्जस्यादविरोध इति स्वयं सूत्रकृतैवावच्छेदपक्षे तयोस्तात्पर्यकथनात् ।

घटसंवृतमाकाशं नीयमाने यथा घटे ।
घटो नीयेत नाकाशं तद्वज्जीवो नभोपमः ॥

'अंशो नानाव्यपदेशात्' (ब्र.सू. २.३ सू. ४३) इति श्रुतिसूत्राभ्यामवच्छेदपक्षस्यैव परिग्रहाच्च । तस्मात् सर्वगतस्य चैतन्यस्यान्तःकरणादिनाऽवच्छेदोऽवश्यम्भावीति आवश्यकत्वात् 'अवच्छिन्नो जीवः' इति पक्षं रोचयन्ते ॥

અને અવચ્છેદપક્ષમાં "જેમ આ તેજરૂપ સૂર્ય એક (હોવા છતાં) જુદાં જુદાં પાણીને જુદી જુદી રીતે અનુસરતો (તેમાં પ્રતિબિંબિત થતો) ઉપાધિથી જુદો જુદો બનાવાય છે તેમ આ અજ સ્વપ્રકાશ આત્મા ક્ષેત્રોમાં (ઉપાધિઓમાં) જુદો જુદો બનાવાય છે ," 'તેથી જ ઉપમા છે, જળમાં પ્રતિબિંબિત સૂર્ય વગેરેની જેમ' (બ્ર.સૂ. ૩.૨.૧૮) એ શ્રુતિ અને સૂત્ર સાથે વિરોધ છે એવી દલીલ કરવી નહિ. કારણ કે ટાંકેલા સૂત્રની તરત જ પછી આવતા 'પાણીની જેમ ગ્રહણ થતું નથી તેથી તેવું તો નથી' (બ્ર.સૂ. ૩.૨.૧૯) એ સૂત્રથી જેમ રૂપયુક્ત સૂર્યનું પ્રતિબિંબ થવા (પડવા) માટે યોગ્ય અને તેનાથી દૂર દેશમાં રહેલા રૂપયુક્ત જલનું ગ્રહણ થાય છે, તેમ સર્વગત આત્માનું પ્રતિબિંબ થાય તેને યોગ્ય એવું કશું તેનાથી દૂર નથી તેથી પ્રતિબિંબનો સંભવ નથી એમ કહીને તેની તરત જ પછીના 'અન્તર્ભાવને લીધે વૃદ્ધિ, હ્રાસ પામે છે, તેથી બન્નેનું સામંજસ્ય હોવાથી આમ છે' (બ્ર.સૂ. ૩.૨.૨૦) સૂત્રથી જેમ જળમાં પ્રતિબિંબિત સૂર્ય જળ મોટું થતાં જાણે કે મોટો બને છે, જળ નાનું થતાં જાણે કે નાનો બને છે, જળ હાલતાં જાણે કે હાલે છે આમ તેનું જળને અનુસરીને મોટા થવું, નાના થવું વગેરે આધ્યાસિક (ભ્રાન્તિસિદ્ધ) છે, તેમ આત્માનો અન્તઃકરણ વગેરેથી અવચ્છેદ છે તેથી ઉપાધિમાં અન્તર્ભાવ હોવાથી તેને અનુસરતું મોટું થવું, નાનું થવું વગેરે આધ્યાસિક છે; માટે આમ દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિકનું સામંજસ્ય હોઈને કોઈ વિરોધ નથી એમ સૂત્રકારે પોતે તે બે (ઉપર નિર્દિષ્ટ શ્રુતિ અને તન્મૂલક સૂત્ર)નું તાત્પર્ય કહ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(અવચ્છેદપક્ષ સાથે શ્રુતિસૂત્રનો વિરોધ નથી એટલું જ નહિ, ઊલટું શ્રુતિસૂત્ર તેનું સમર્થન કરે છે—) અને "ઘટથી સંવૃત (અવચ્છિન્ન) આકાશ હોય છે (તો) ઘટને લઈ જવામાં આવતાં, ઘટ લઈ જવામાં આવે છે, આકાશ નહિ; તેવું આકાશની ઉપમા જેને આપવામાં આવી છે તે જીવનું છે," અને 'અંશ છે, કારણ કે નાના (અલગ અલગ)નો ઉલ્લેખ છે' (બ્ર.સૂ. ૨.૩.૪૩) એ શ્રુતિ અને સૂત્રથી અવચ્છેદ પક્ષનો સ્વીકાર છે. તેથી સર્વગત ચૈતન્યનો અવચ્છેદ અન્તઃકરણાદિથી અવશ્ય થવાનો છે તેથી આવશ્યક હોવાથી 'અવચ્છિન્ન એ જીવ' એ પક્ષને (ચિંતકો) પસંદ કરે છે.

(વિવરણ : આત્માનો ભેદ ભાસે છે તે સમજાવવા શ્રુતિ સૂર્યાદિના પ્રતિબિંબની ઉપમા આપે છે. વળી एक एव तु भूतात्मा भूते भूते व्यवस्थितः । एकधा बहुधा चैव दृश्यते जलचन्द्रवत् ॥ (ब्रह्मबिन्दुः १२) એક જ ભૂતાત્મા અલગ અલગ ભૂતમાં રહેલો છે. જલમાં પ્રતિબિંબિત ચંદ્રની જેમ એકરૂપ તેમજ બહુરૂપ દેખાય છે. रूपं रूपं प्रतिरूपो बभूव, जीवेशाव भासेन करोति એ શ્રુતિઓ પણ ચૈતન્યના પ્રતિબિંબનું કથન કરે છે એમ સમજવું જોઈએ. ('ભૂત' એટલે બ્રહ્માથી માંડીને તણખલા સુધીની વસ્તુઓ.) એક બિંબ ઉપાધિ પ્રમાણે અલગ અલગ પ્રતિબિંબ તરીકે ભાસે છે એમ શ્રુતિનું કહેવું છે. ચિદાત્માનું એકત્વ સ્વાભાવિક છે જ્યારે તેનું નાનાત્વ ઔપાધિક છે એમ વિવક્ષિત છે, તેથી જ જલાદિમાં પ્રતિબિંબિત સૂર્યાદિની ઉપમા આપી છે. તેથી અવચ્છેદવાદ સ્વીકારતાં શ્રુતિસૂત્રના વિરોધનો દોષ આવશે. આ શંકાનો ઉત્તર આપતા કહ્યું છે કે પ્રતિરૂપ શબ્દ પ્રતિબિંબનો વાચક નથી. કારણ કે વાયુના સંબંધમાં પણ પ્રતિરૂપ શબ્દનો પ્રયોગ છે અને વાયુનું તો પ્રતિબિંબ સંભવતું નથી. (वायुर्यथैको भुवनं प्रविष्टो रूपं रूपं प्रतिरूपो बभूव—कठ ५.१० ઇત્યાદિ). તેથી પ્રતિબિંબ કે પ્રતિરૂપથી શું સમજવાનું છે તેનો ખુલાસો સૂત્રકારે પોતે કર્યો છે જળમાં રૂપવાન સૂર્યાદિ ઝીલવાની યોગ્યતા છે અને તે પોતે રૂપવાન છે અને બિંબરૂપ સૂર્યાદિથી દૂર છે. જ્યારે ચિદાત્મા સર્વગત છે તેથી ઉપાધિરૂપ અન્તઃકરણ તેનાથી દૂર હોઈ શકે નહિ અને અન્તઃકરણાદિમાં આત્માનું પ્રતિબિંબ ઝીલવાની યોગ્યતા નથી. કારણ કે નથી તેનામાં કે નથી આત્મામાં રૂપ, તેથી પ્રતિબિંબિત સૂર્ય અને ચિદાત્માની દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિક તરીકે ઉપપત્તિ નથી એમ બ્ર. સૂ. ૩.૨.૧૯માંના तु શબ્દથી સમજાય છે. તેમ છતાં સૂત્રકાર કહે છે તેમ દૃષ્ટાંત અને દાર્ષ્ટાન્તિકમાં સર્વસામ્ય ક્યાંય સંભવતું નથી કારણ કે એમ હોય તો દૃષ્ટાન્ત–દાર્ષ્ટાન્તિકભાવનો ઉચ્છેદ થઈ જાય–એ અભિપ્રાયથી સૂત્રકાર પોતે સામ્ય કેટલે અંશે સમજવાનું છે તે સમજાવે છે. જળરૂપ ઉપાધિનાં વૃદ્ધિ, હ્રાસ, ચલન વગેરે પ્રમાણે સૂર્યનાં વૃદ્ધિ આદિ જણાય તો તે આધ્યાસિક છે, ભ્રાન્તિસિદ્ધ છે. તેમ ચિદાત્મા બુદ્ધિ આદિથી અવચ્છિન્ન હોઈને બુદ્ધિ આદિ ઉપાધિમાં તેનો અન્તર્ભાવ છે તેથી હાથી વગેરેના શરીરમાં અન્તઃકરણ મોટું બને તો ચિદાત્મા જાણે મોટો બને છે, મચ્છર વગેરેના શરીરમાં અન્તઃકરણ નાનું બને ત્યારે ચિદાત્મા જાણે કે નાનો બને છે, વગેરે. ध्यायतीव लेलायतीव (બૃહદ્. ૪.૩.૭) એ શ્રુતિ અનુસાર બુદ્ધિ ધ્યાન કરતી હોય ત્યારે જાણે કે આત્મા ધ્યાન કરે છે, બુદ્ધિ ચાલતી હોય ત્યારે જાણે કે આત્મા ચાલે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આમ અન્તઃકરણના ફેરફાર અનુસાર આત્મામાં વૃદ્ધિ ઇત્યાદિ થતાં જણાય છે તે આધ્યાસિક છે એટલું સામ્ય વિવક્ષિત છે.

અવચ્છેદપક્ષમાં શ્રુતિ-સૂત્રનો વિરોધ નથી એટલું જ નહિ, તેના પર શ્રુતિસૂત્રનો અનુગ્રહ છે એમ પણ ઘટ-આકાશની ઉપમા આપી છે તેનાથી સમજાય છે, એથી જીવ અવચ્છિન્ન ચૈતન્યરૂપ છે એમ કહ્યું છે. એ જ પ્રમાણે પ્રવેશ અંગે શ્રુતિ છે તે પણ એ જ બતાવે છે. ચિદાત્માને બુદ્ધિ આદિના અવચ્છેદને લીધે દ્રષ્ટૃત્વ આદિ ધર્મ પ્રાપ્ત થાય છે, પ્રતિબિંબને લીધે નહિ. स एव इह प्रविष्टः आनखाग्रेभ्यः ..प्राणन्नेव प्राणो भवति, वदन् वाक्, पश्यन् चक्षुः, शृण्वन् श्रोत्रं, मन्वानो मनः' (બૃહદ્. ૧ ૪.૭) એમ પુરુષવિધ બ્રાહ્મણમાં કહ્યું છે. આત્માના કાર્યકરણના સંઘાતમાં પ્રવેશનો ઉલ્લેખ છે તે દેવદત્તનો ઘરમાં પ્રવેશ કે સર્પનો દરમાં પ્રવેશ છે તેવો તો હોઈ શકે નહિ. આ શંકા દૂર કરવા શ્રુતિએ પોતે પ્રવેશની વ્યાખ્યા કરી છે. પ્રાણન ચેષ્ટા પ્રાણરૂપ ઉપાધિ દ્વારા કરે ત્યારે તે પ્રાણ કહેવાય છે, રૂપને વિષય કરનારી ચાક્ષુષવૃત્તિ અન્તઃકરણ સાથે તાદાત્મ્ય પામીને કરતો તે ચક્ષુ કહેવાય છે, વગેરે. શ્રુતિ તેને'प्राणस्य प्राणम्', 'चक्षुषः चक्षुः'...'मनसो मन.' (બૃહદ્ ૪.૪.૧૮) વગેરે કહે છે. આમ સંઘાતના સર્વ ધર્મો આત્મામાં ઉપલબ્ધ થાય છે.

જીવને ઈશ્વરનો અંશ માન્યો છે, કારણ કે જીવ નિયમ્ય છે અને ઈશ્વર તેનો અન્તર્યામી છે, નિયામક છે એમ તેમનો ભેદ બતાવ્યો છે. 'અંશ'થી જીવચૈતન્યનું અન્તઃકરણાવચ્છિન્ન-રૂપ હોવું વિવક્ષિત છે. મુખ્ય અર્થમાં અંશ નહિ કારણ કે બ્રહ્મ નિરવયવ છે તેથી તેનો મુખ્ય અંશ સંભવે નહિ.

પ્રતિબિંબનો સંભવ નથી તેથી અને અવચ્છેદપક્ષમાં વિરોધનો અભાવ છે અને બાધક શ્રુતિ નથી તેથી અવચ્છેદપક્ષ જ ગ્રાહ્ય છે અવચ્છેદ્ય ચૈતન્ય પ્રતિબિંબ-પક્ષમાં પણ માન્ય છે તેથી બન્નેને સંમત હોવાથી અવચ્છિન્ન ચૈતન્ય એ જીવ એ કલ્પના યોગ્ય છે કારણ કે એમાં લાઘવ છે. અન્તઃકરણથી અવચ્છિન્ન તે જીવ અને અવિદ્યાથી અવચ્છિન્ન તે ઈશ્વર ('कार्योपाधिरयं जीवः, कारणोपाधिरीश्वरः' એવી શ્રુતિ છે). 'जीवेशावाभासेन करोति माया चाविद्या च स्वयमेव भवति' એ શ્રુતિમાં 'આભાસ' પદનો અર્થ અવચ્છેદ છે કારણ કે પ્રતિબિંબ સંભવતું નથી એમ કહ્યું છે; અને 'માયા'નો અર્થ છે જીવની ઉપાધિ, અન્તઃકરણ. અન્તઃ-કરણ મૂલપ્રકૃત્યાત્મક છે, કારણ કે તેનો વિકાર છે તેથી તેને માટે 'માયા' પદનો પ્રયોગ છે.

અગાઉ 'અનવચ્છિન્ન તે ઈશ્વર' એમ જે કહ્યું છે તે તૃપ્તિદીપના વચનને અનુસરીને, અને 'અન્તઃકરણાભાવાવચ્છિન્ન ચૈતન્ય તે ઈશ્વર' એમ કહ્યું છે તે સંભવમાત્રથી, તાત્પર્યથી નહિ, કારણ કે 'कारणोपाधिरीश्वरः' એ શ્રુતિથી વિરોધ છે. વળી 'અનવચ્છિન્ન ચૈતન્ય તે ઈશ્વર' એ પક્ષમાં ઉપાધિનો અભાવ હોવાથી સર્વજ્ઞાનકર્તૃત્વ આદિ સંભવે નહિ. અન્તઃ-કરણાભાવને ઈશ્વરની ઉપાધિ માનીએ તો તેમાં પણ આ દોષ સમાન છે. તેથી જ વાક્યવૃત્તિમાં શંકરાચાર્યે કહ્યું છે કે અવિદ્યા સર્વજ્ઞત્વાદિની પ્રયોજક છે—કારણ કે 'માયારૂપ ઉપાધિવાળો તે જગતનું કારણ, સર્વજ્ઞત્વાદિ લક્ષણવાળો છે'. ઉપરની ચર્ચાનો આ ભાવ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अपरे तु न प्रतिबिम्बः, नाप्यवच्छिन्नो जीवः। किं तु कौन्तेयस्यैव राधेयत्ववद् अविकृतस्य ब्रह्मण एव अविद्यया जीवभावः। व्याधकुलसंवर्धितराजकुमारदृष्टान्तेन 'ब्रह्मैव स्वाविद्यया संसरति, स्वविद्यया मुच्यते' इति बृहदारण्यकभाष्ये [२.१.१०] प्रतिपादनात्।

राजसूनोः स्मृतिप्राप्तौ व्याधभावो निवर्तते।
तथैवमात्मनोऽज्ञस्य तत्त्वमस्यादिवाक्यतः॥

इति वार्त्तिकोक्तेश्च।

एवं च स्वाविद्यया जीवभावमापन्नस्यैव ब्रह्मणः सर्वप्रपञ्चकल्पकत्वात् ईश्वरोऽपि सह सर्वज्ञत्वादिधर्मैः स्वप्नोपलब्धदेवतावज्जीवकल्पित इत्याचक्षते ॥६॥

જ્યારે બીજા કહે છે કે જીવ પ્રતિબિંબ નથી તેમ અવચ્છિન્ન પણ નથી. પણ જેમ કુન્તીપુત્ર જ રાધા-પુત્ર બને છે તેમ અવિકૃત બ્રહ્મ જ અવિદ્યાથી જીવ બને છે. કારણ કે વ્યાધના કુળમાં ઉછેરવામાં આવેલા રાજકુમારનું દૃષ્ટાન્ત આપીને, 'બ્રહ્મ જ પોતાની અવિદ્યાથી સંસાર પામે છે, પોતાની વિદ્યાથી મુકત બને છે' એમ બૃહદારણ્યક-ભાષ્યમાં (૨.૧.૧૦) પ્રતિપાદન કર્યું છે;

અને 'રાજકુમારને સ્મૃતિ પ્રાપ્ત થતાં વ્યાધભાવ નિવૃત્ત થાય છે. તેમ 'તું તે છે' આદિ વાકયથી અજ્ઞાનથી આવૃત આત્માને સ્વરૂપનું ભાન થતાં જીવભાવ નિવૃત્ત થાય છે,'' એમ વાર્ત્તિકમાં કહ્યું છે.

અને આ રીતે પોતાની અવિદ્યાથી જીવભાવ પામેલું જ બ્રહ્મ સર્વ પ્રપંચની કલ્પના કરનારું હોઈને, ઈશ્વર પણ સર્વજ્ઞત્વાદિ ધર્મોની સાથે, સ્વપ્નમાં ઉપલબ્ધ દેવતાની જેમ, જીવકલ્પિત છે. (૬)

વિવરણ : જીવ પ્રતિબિંબિત બ્રહ્મ નથી તેમ અવચ્છિન્ન બ્રહ્મ નથી, પણ અવિકૃત બ્રહ્મ જ છે. કર્ણ કુન્તીપુત્ર હતો પણ તે પોતાને રાધાપુત્ર માનતો, તેની જેમ બ્રહ્મ અવિદ્યાથી જીવ બને છે જો કે તેથી તેના સ્વરૂપમાં કોઈ વિકાર થતો નથી. કર્ણ જન્મથી પોતાને રાધાનો પુત્ર માનતો અને તેને કુન્તીપુત્રત્વનો અનુભવ નહોતો તેથી કૌન્તેયત્વથી પ્રયુક્ત શ્રેયસથી તે ચ્યુત થયો અને જાત જાતનાં અપમાન વગેરે દુઃખ પ્રાપ્ત કરતો રહ્યો. એક વાર સૂર્ય ભગવાને તેને ઉપદેશ આપ્યો કે તું કૌન્તેય છે, રાધેય નહિ, આથી તેને પોતાના રૂપનું સ્મરણ થઈ આવતાં તેનું અજ્ઞાનકૃત રાધેયત્વ નિવૃત્ત થયું, દૂર થયું અને રાધેયત્વને લીધે થતું નાનાવિધ દુઃખ દૂર થતાં તેણે કૌન્તેયત્વની સ્મૃતિથી પ્રયુક્ત શ્રેય પ્રાપ્ત કર્યું. (જુઓ સુરેશ્વરકૃત સંબંધવાર્ત્તિક, ૨૨૭-૨૪૬.) તેમ અનાદિસિદ્ધ અવિદ્યાથી બ્રહ્મનું પોતાનું સ્વરૂપ આવૃત થતાં તે જીવભાવ પ્રાપ્ત કરે છે અને સ્વતઃસિદ્ધ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિરતિશય આનંદસ્વરૂપના અનુભવથી ચલિત થયેલું તે તેને લીધે સંસારનો અનુભવ કરે છે, જન્મમરણાદિ અનુભવે છે. ક્યારેક કોઈ ગુરુ કે શાસ્ત્ર (જે પણ પોતાની અવિદ્યાથી કલ્પિત છે તે) દ્વારા તેને નિજ રૂપનું જ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે જીવભાવની પ્રયોજક અવિદ્યાની નિવૃત્તિ થતાં તે મુક્ત બને છે, સ્વરૂપ-ચૈતન્યથી જ નિત્યસિદ્ધ નિરતિશય આનન્દનો અનુભવ કરે છે. સર્વજ્ઞત્વ આદિ ધર્મો સહિત ઈશ્વર પણ જીવકલ્પિત છે. જેમ કોઈ સ્વપ્ન જોતો જીવ જ સર્વજ્ઞત્વ આદિ ધર્મો સહિત પર દેવતાની કલ્પના કરે છે અને તેની કલ્પના કરીને રાત-દિવસ તેની ઉપાસના કરે છે અને તેની ઉપાસનાથી અભ્યુદય-નિઃશ્રેયસ પ્રકારનું ફળ મેળવે છે, તેમ જાગ્રત્ અવસ્થામાં પણ પોતાની અવિદ્યાથી જીવભાવ પામેલું જ બ્રહ્મ સર્વજ્ઞત્વાદિ ધર્મો સહિત ઈશ્વરની કલ્પના કરે છે એવો અભિપ્રાય છે. (૬)

**(૭) अथायं जीव एकः, उतानेकः? अनुपदोक्तपक्षावलम्बिनः केचिदाहुः—**

**एको जीवः तेन चैकमेव शरीरं सजीवम् । अन्यानि स्वप्नदृष्टशरीराणीव निर्जीवानि । तदज्ञानकल्पितं सर्वं जगत्, तस्य स्वप्नदर्शनवद् यावदविद्यं सर्वो व्यवहारः । बद्धमुक्तव्यवस्थाऽपि नास्ति, जीवस्यैकत्वात् । शुकमुक्त्यादिकमपि स्वाप्नपुरुषान्तरमुक्त्यादिकमिव कल्पितम् । अत्र च सम्भावितसकलशङ्कापङ्कप्रक्षालनं स्वप्नदृष्टान्तसलिलधारयैव कर्तव्यमिति ।**

(૭) હવે પ્રશ્ન થાય કે જીવ એક છે કે અનેક. આ પગલે (હમણાં જ) કહેલા પક્ષને અનુસરનારા કેટલાક કહે છે :

"એક જીવ છે અને તેનાથી એક જ શરીર સજીવ છે. બીજાં (શરીરો) સ્વપ્નમાં જોવામાં આવતાં શરીરોની જેમ નિર્જીવ છે. સર્વ જગત્ તે (જીવ)ના અજ્ઞાનથી કલ્પિત છે; સ્વપ્નદર્શનની જેમ તેનો સર્વ વ્યવહાર અવિદ્યા રહે ત્યાં સુધી ચાલે છે. બદ્ધ અને મુક્તની વ્યવસ્થા પણ નથી, કારણ કે જીવ એક છે. શુકની મુક્તિ આદિ પણ સ્વપ્નમાંના અન્ય પુરુષની મુક્તિ આદિની જેમ કલ્પિત છે. અને અહીં (આ એકજીવવાદમાં) સંભાવિત સર્વ શંકારૂપ કાદવને સ્વપ્ન-દૃષ્ટાન્તરૂપ જલની ધારાથી જ ધોઈ નાખવો."

**વિવરણ** : જીવ-ઈશ્વરના નિરૂપણ પ્રસંગે બીજો વિચાર આરંભે છે—જીવ એક છે કે અનેક? 'બ્રહ્મ જ પોતાની અવિદ્યાથી સંસારમાં ફસાય છે અને પોતાની વિદ્યાથી મુક્ત થાય છે' (ब्रह्मैव स्वाविद्यया संसरति, स्वविद्यया मुच्यते) એ પક્ષને માનનારા કેટલાક માને છે કે એક જ જીવ છે અને તેનાથી એક જ શરીર સજીવ છે. તો પછી બીજાં શરીરોમાં પણ હિત-પ્રાપ્તિ અને અહિત-પરિહાર માટેની પ્રવૃત્તિઓ દેખાય છે તે કેવી રીતે સમજાવી શકાય? એ શંકાના ઉત્તરમાં કહે છે કે જેમ સ્વપ્ન જોનારથી જોવામાં આવતાં શરીરો પણ અલગ અલગ પ્રવૃત્તિ કરતાં જોવામાં આવે છે તેમ છતાં તે સજીવ નથી તેવું જ જાગ્રત્ અવસ્થામાં પણ સમજવું. નિદ્રા સ્વાપ્ન-જગત્ની કલ્પના કરનાર છે એમ અન્વય-વ્યતિરેકથી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સિદ્ધ થાય છે તેમ જીવના અજ્ઞાનથી જગત્‌ની કલ્પના કરવામાં આવે છે એમ શાસ્ત્રથી સિદ્ધ છે. હવે પ્રશ્ન થાય કે જો સર્વ વ્યવહાર સ્વપ્ન-વ્યવહારની જેમ કલ્પિત હોય તો તેની જેમ જ અચાનક જ લોપ પામી જાય અને વિદ્યાનું કોઈ પ્રયોજન રહે નહિ. તેનો ઉત્તર આપતાં આ પક્ષના અનુયાયી કહે છે કે જેમ નિદ્રાનો ક્ષય થાય ત્યાં સુધી સ્વપ્ન-વ્યવહાર ચાલુ રહે છે તેમ વિદ્યાથી અવિદ્યાની નિવૃત્તિ થાય ત્યાં સુધી સર્વ વ્યવહાર ચાલુ રહે છે એ યુક્તિયુક્ત છે તેથી વિદ્યાનું પ્રયોજન નહીં રહે એમ માનવું બરાબર નથી—અવિદ્યાની નિવૃત્તિ માટે તેની જરૂર છે જ. વળી શંકા થાય કે જો એક જ જીવ હોય તો શુક વગેરેની મુક્તિ આદિ અંગે વચન છે—કેટલાક મુક્ત થાય છે અને બીજા બદ્ધ રહે છે વગેરે એ બધું સમજી ન શકાય. તેના ઉત્તરમાં કહે છે કે આ ઇષ્ટાપત્તિ છે. જેમ સ્વપ્નમાંથી ઊઠેલો માણસ કોઈ બીજો માણસ છૂટી ગયો એવી સ્વપ્નભ્રાન્તિથી સિદ્ધ વાત બીજાને કહે છે તેમ શાસ્ત્ર જીવભ્રાન્તિથી સિદ્ધ શુકાદિની મુક્તિની વાત તેને જ કહે છે કારણ કે શ્રવણાદિમાં પ્રવૃત્ત થવામાં તે ઉપયોગી બને તેમ છે. તો પણ શંકા સંભવે છે કે જો જીવ એક જ હોય તો બીજો કોઈ વિદ્યાનો ઉપદેશ આપનાર ન હોય અને એ સંજોગોમાં વિદ્યાનો ઉદય ન થાય; વળી, જીવ-ઈશ્વરનો વિભાગ ન હોવાથી જીવનો ઈશ્વરોપાસના વગેરે વ્યવહાર પણ ન સંભવે. તેનો ઉત્તર આપતાં કહે છે કે જેમ સ્વપ્નદશામાં સ્વપ્ન જોનાર કોઈ ગુરુ કે ઈશ્વરની કલ્પના કરીને તેમની સેવા-ઉપાસના કરે છે અને તેમની પાસેથી વિદ્યા વગેરે મેળવે છે તેવું આમાં પણ બનશે.

अन्ये त्वस्मिन्नेकशरीरैकजीववादे मनःप्रत्ययमलभमानाः 'अधिकं तु भेदनिर्देशात्' (ब्र.सू. २.१.२२), 'लोकवत्तु लीलाकैवल्यम्' (ब्र.सू. २.१.३३) इत्यादिसूत्रैर्जीवाधिक ईश्वर एव जगतः स्रष्टा न जीवः, तस्याप्तकामत्वेन प्रयोजनाभावेऽपि केवलं लीलयैव जगतः सृष्टिरित्यादि प्रतिपादयद्भिर्विरोधं च मन्यमाना हिरण्यगर्भ एको ब्रह्मप्रतिबिम्बो मुख्यो जीवः। अन्ये तु तत्प्रतिबिम्बभूताश्चित्रपटलिखितमनुष्यदेहार्पितपटाभासकल्पाः जीवाभासाः संसारादिभाज इति सविशेषानेकशरीरैकजीववादमातिष्ठन्ते ॥

જ્યારે બીજાઓને આ એક શરીરમાં એક જીવ માનતા વાદની મનથી ખાતરી થતી નથી. અને તેઓ માને છે કે '(ઈશ્વર) તો અધિક છે કારણ કે ભેદનો નિર્દેશ છે' (બ્ર.સૂ. ૨.૧.૨૨), 'લોકની જેમ એ (જગત્સર્જનાદિ) તો કેવળ લીલા છે' (બ્ર.સૂ. ૨.૧.૩૩) વગેરે સૂત્રો જે "જીવથી અધિક ઈશ્વર જ જગત્‌નો સ્રષ્ટા છે, જીવ નહિ; તે (ઈશ્વર) આપ્તકામ છે તેથી તેને કોઈ પ્રયોજન ન હોવા છતાં કેવળ લીલાથી જગતની સૃષ્ટિ થાય છે" ઇત્યાદિ પ્રતિપાદન કરે છે તેમની સાથે (આ વાદનો) વિરોધ છે. તેઓ માને છે કે હિરણ્યગર્ભ બ્રહ્મના પ્રતિબિંબરૂપ એક મુખ્ય જીવ છે, જ્યારે બીજા તેના પ્રતિબિંબભૂત, ચિત્રપટ પર દોરેલા મનુષ્યદેહ પર ચઢાવેલા પટાભાસના જેવા જીવાભાસો સંસારાદિ ભોગવે છે—આમ સવિશેષ અનેક શરીરો જે એકજીવવાદમાં છે તેનો અંગીકાર કરે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ** : એક જ શરીર સજીવ અને બીજાં શરીરો નિર્જીવ છે એ મતની કેટલાકને મનથી ખાતરી થતી નથી કારણ કે કયું શરીર સજીવ હોય એ નક્કી કરનાર કોણ ? વળી બ્રહ્મસૂત્રોમાંનાં કેટલાંક સૂત્રોમાં સ્પષ્ટ પ્રતિપાદન છે કે જીવથી ઈશ્વર અધિક છે અને તે જગતનું સર્જન આદિ કરે છે. તે આપ્તકામ છે તેથી આ કરવાની પાછળ તેનું કોઈ પ્રયોજન હોઈ શકે નહિ, માત્ર લીલા તરીકે જ કરે છે. 'य आत्मनि तिष्ठन्नात्मानमन्तरो यमयति' (બૃહદ્. ઉપ. ૩.૭.૨૨) જેવી શ્રુતિઓમાં કહ્યું છે કે ઈશ્વર જીવની અંદર રહીને અન્તર્યામી તરીકે તેનું નિયમન કરે છે તેથી જીવ અને ઈશ્વરનો ભેદ સ્પષ્ટ છે અને अनुपपत्तेस्तु न शारीरः (બ્ર. સૂ. ૧.૨.૩) જેવાં સૂત્રોમાં કહ્યું છે કે મનોમયત્વ વગેરે ગુણો શારીર જીવમાં ઉપપન્ન નથી; જીવ સર્વકર્મા (બધું કરનારો) વગેરે હોઈ શકે નહિ. આમ જીવથી અધિક ઈશ્વર માનવો જોઈએ એમ બીજા કેટલાકને લાગ્યું. તેઓએ **એકશરીરૈક-જીવવાદ** ન સ્વીકારતાં **સવિશેષાનેકશરીરૈકજીવવાદ**નો સ્વીકાર કર્યો. હિરણ્યગર્ભ જે બ્રહ્મ-ના પ્રતિબિંબભૂત છે તે મુખ્ય જીવ છે. તેથી બિંબભૂત બ્રહ્મ જીવથી અધિક ઈશ્વરરૂપ આ મતમાં છે અને ઉપર નિર્દેશ કર્યો છે તે સૂત્રો સાથે કોઈ વિરોધ નથી. હિરણ્યગર્ભ જે બ્રહ્મપ્રતિબિંબભૂત છે તે ભૌતિક જગત્નો સ્રષ્ટા હોઈને અને કારણ-ઉપાધિવાળો હોઈને મુખ્ય જીવ છે અને અન્ય જીવો તેના પ્રતિબિંબભૂત જીવાભાસો છે અને તેથી તેમનામાં સૃષ્ટિ આદિનું સામર્થ્ય નથી. જેમ હિરણ્યગર્ભનું શરીર મુખ્ય જીવથી સજીવ છે તેમ બીજાં શરીરો પણ જીવાભાસોથી સજીવ છે—આમ પૂર્વમતથી આની વિશેષતા સૂચવી છે. આ જીવાભાસોને સંસાર અને મુક્તિ હોય છે. આ જીવાભાસોની મુક્તિ એટલે પોતાના બિંબભૂત હિરણ્યગર્ભની પ્રાપ્તિ અને ક્રમથી શુદ્ધબુદ્ધની પ્રાપ્તિ એમ માનવું જોઈએ. સવિશેષ અનેક શરીર એટલે અલગ અલગ જીવાભાસોથી સજીવ અનેક શરીર. આવાં સવિશેષ શરીરો જે **એકજીવવાદ**માં છે તેને **બીજા કેટલાક** માને છે.

**अपरे तु हिरण्यगर्भस्य प्रतिकल्पं भेदेन कस्य हिरण्यगर्भस्य मुख्यं जीवत्वमित्यत्र नियामकं नास्तीति मन्यमाना एक एव जीवोऽविशेषेण सर्वं शरीरमधितिष्ठति । न चैवं शरीरावयवभेद इव शरीरभेदेऽपि परस्परसुखाद्यनु-सन्धानप्रसङ्गः, जन्मान्तरीयसुखाद्यनुसन्धानादर्शनेन शरीरभेदस्य तदननु-सन्धानप्रयोजकत्वक्लृप्तेः । योगिनस्तु कायव्यूहसुखाद्यनुसन्धानं व्यवहितार्थ-ग्रहणवद् योगप्रभावनिबन्धनमिति न तदुदाहरणमिति अविशेषानेकशरीरैक-जीववादं रोचयन्ते ।**

જ્યારે **બીજા** હિરણ્યગર્ભ પ્રત્યેક કલ્પમાં જુદો હોવાથી કયો હિરણ્યગર્ભ મુખ્ય જીવ છે એ બાબતમાં નિયામક નથી એમ માનતા, એક જ જીવ સમાન રીતે સર્વ શરીરનું અધિષ્ઠાન કરે છે એમ માનતા **અવિશેષાનેકશરીરૈકજીવવાદ** (અવિશેષ રીતે—જીવના મુખ્ય અને અમુખ્ય વિભાગ વિના—અનેક શરીરો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જેમાં અધિષ્ઠિત છે તે એકજીવવાદ)ને પસંદ કરે છે. અને આમ માનતાં શરીરના અવયવોનો ભેદ હોવા છતાં સુખાદિનું અનુસંધાન થાય છે તેમ શરીરનો ભેદ હોવા છતાં પરસ્પર સુખાદિના અનુસંધાનનો પ્રસંગ આવશે એમ નથી; કારણ કે જન્માન્તરનાં (અન્ય જન્મોનાં) સુખાદિનું અનુસંધાન દેખાતું નથી તેથી શરીરનો ભેદ તેના અનનુસંધાનમાં પ્રયોજક નક્કી કરવામાં આવે છે. યોગીની બાબતમાં તો કાયવ્યૂહનાં સુખાદિનું અનુસંધાન વ્યવહિત અર્થના ગ્રહણની જેમ યોગ-પ્રભાવને કારણે છે તેથી તે તેનું ઉદાહરણ નથી. (આ કારણે આ પક્ષના ચિંતકો સવિશેષાનેકશરીરૈકજીવવાદ કરતાં અવિશેષાનેકશરીરૈકજીવવાદને વધારે પસંદ કરે છે).

**વિવરણ : બીજા કેટલાક**ની દલીલ છે કે અવિદ્યામાં બ્રહ્મના પ્રતિબિંબરૂપ જીવ તો એક જ હોઈ શકે કારણ કે અવિદ્યા એક છે. એ જ સર્વ શરીરમાં પોતાના ભોગાદિ માટે અધિષ્ઠાન કરે છે. આમ જ માનવું યુક્તિયુક્ત છે. અવિદ્યામાં બ્રહ્મપ્રતિબિંબભૂત જીવ હિરણ્યગર્ભના શરીરમાં અધિષ્ઠાન કરે છે જ્યારે અન્ય શરીરોમાં તેના પ્રતિબિંબભૂત જીવાભાસો અધિષ્ઠાન કરે છે એમ માનવું બરાબર નથી કારણ કે ઇતર જીવો તેના પ્રતિબિંબ છે એમ માનવા માટે પ્રમાણ નથી. તેથી એક જ જીવ સમાન રીતે અર્થાત્ મુખ્ય–અમુખ્યના વિભાગ વિના સર્વ શરીરોમાં અધિષ્ઠાન કરે છે. જીવોનો ભેદ હોય તો કોઈક મુખ્ય જીવ અને કોઈક અમુખ્ય જીવાભાસ એવો વિભાગ સંભવે, પણ એ તો નથી કારણ કે જીવ એક માનવામાં આવે છે.

શંકા થાય કે સર્વ શરીરોમાં એક જ જીવ આમ અધિષ્ઠાન કરતો હોય તો સર્વ શરીરોના અધિષ્ઠાતા એ જીવને 'મારા દેવદત્ત–શરીરમાં સુખ છે, યજ્ઞદત્ત નામના શરીરમાં દુઃખ છે' એમ સર્વ સુખાદિનું અનુસંધાન સર્વત્ર થવું જોઈએ; જેમ દેવદત્તના શિર, હાથ, પગ વગેરેમાં અધિષ્ઠાન કરતા એક જીવની બાબતમાં 'માથામાં વેદના છે, પગમાં સુખ છે' વગેરેનું અનુસંધાન જોવામાં આવે છે તેમ અનેક શરીરોમાં રહેલા જીવને પ્રત્યેક શરીરમાંનાં સર્વ સુખાદિનું અનુસંધાન થવું જોઈએ; દરેક શરીરમાં રહેતાં અન્ય શરીરોમાંનાં સુખાદિનું અનુસંધાન તેને થવું જોઈએ. આના ઉત્તરમાં કહ્યું છે કે આ પ્રસંગ નહીં આવે, કારણ કે શરીરભેદને અનનુસંધાનનું પ્રયોજક માનવામાં આવે છે. આપણે જોઈએ છીએ કે જીવ પ્રત્યેક જન્મમાં એક હોવા છતાં તેને ગત શરીરમાંનાં સુખાદિનું અનુસંધાન થતું નથી તેથી શરીરભેદને સુખાદિના અનુસંધાન માટે જવાબદાર માનવામાં આવે છે. અલબત્ત યોગીઓને કાયવ્યૂહનાં અનેક શરીરોમાંનાં સુખાદિનું અનુસંધાન થાય છે; પણ તેનું કારણ એ છે કે યોગી આપણા જેવાથી વિલક્ષણ છે. યોગી સુદૂરના પદાર્થનું ગ્રહણ કરી શકે છે જ્યારે આપણે કરી શકતાં નથી કારણ કે એ શક્ય બનાવતા અદૃષ્ટવિશેષનો આપણામાં અભાવ છે. આમ શરીરભેદને કારણે અનુસંધાન થતું નથી એમ માનવામાં કોઈ વાંધો નથી, કારણ કે અદૃષ્ટવિશેષથી યુક્ત શરીરભેદ હોય ત્યાં જ અનુસંધાન શક્ય બને છે. યોગીની બાબતમાં સર્વ શરીરોમાંનાં સુખાદિનું અનુસંધાન યોગપ્રભાવને લીધે છે. અર્થાત્ યોગજ અદૃષ્ટના સામર્થ્યને લઈને છે. તેથી એક જ જીવ સર્વ શરીરોમાં એક સરખી રીતે અધિષ્ઠાતા તરીકે રહે છે એમ જ માનવું જોઈએ એમ આ બીજા **કેટલાક** કહે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

इतरे त्वत्रापि बद्धमुक्तव्यवस्थाऽभावस्य तुल्यत्वेन 'तद्यो यो देवानां प्रत्यबुध्यत स एव तदभवत्' (बृहद्. उप. १.४.१०) इत्यादि-श्रुतेः, 'प्रतिषेधादिति चेत्, न शारीरात्' (ब्र.सू. ४.२.१२) इत्यधिकरणे बद्धमुक्तत्वप्रतिपादकभाष्यस्य च नाञ्जस्यमित्यपरितुष्यन्तोऽन्तःकरणादीनां जीवोपाधित्वाभ्युपगमेनानेकजीववादमाश्रित्य बद्धमुक्तव्यवस्थां प्रतिपद्यन्ते ।

જ્યારે બીજાઓને (આનાથી પણ) સંતોષ થતો નથી કારણ કે અહીં પણ બદ્ધ-મુક્તની વ્યવસ્થાનો અભાવ તુલ્ય છે તેથી 'દેવોમાંથી જેણે જેણે તેનો (બ્રહ્મનો) સાક્ષાત્કાર કર્યો તે જ તે (બ્રહ્મ) બન્યો (બૃહદ્. ૧.૪.૨૦) વગેરે શ્રુતિનું અને '(ઉત્ક્રાન્તિનો) પ્રતિષેધ છે એમ કોઈ કહે તો ના, શારીર(જીવ)થી (તેને અવધિ બનાવીને થતી) (ઉત્ક્રાન્તિનો પ્રતિનિષેધ છે' (બ્ર.સૂ. ૪ ૨.૧૨) એ અધિકરણમાંના બદ્ધત્વ-મુક્તત્વનું પ્રતિપાદન કરનાર **ભાષ્યનું** સામંજસ્ય ન રહે. તેઓ (આ કારણે) અન્તઃકરણાદિને જીવની ઉપાધિ તરીકે સ્વીકારીને **અનેકજીવવાદનો** આશ્રય લઈને બદ્ધમુક્તવ્યવસ્થા સમજે છે.

**વિવરણ :** હવે **અનેકજીવવાદની** ચર્ચા આરંભે છે. શ્રુતિ-સ્મૃતિ અને **ભાષ્યમાં** જીવોનો ભેદ માન્યો છે, કોઈક જીવ વિદ્યાવાળો છે તે મુક્ત બને છે, જ્યારે અવિદ્વાન્ જીવ બદ્ધ રહે છે એવું પ્રતિપાદન શ્રુતિમાં છે. ઉપર જણાવેલ શ્રુતિવચન ઉપરાંત 'અજામેકામ્'... (શ્વેતા. ૪.૫) જેવાં શ્રુતિવચનો છે જેમને બન્ધ અને મુક્તિની વ્યવસ્થાનું પ્રતિપાદન કરનાર તરીકે સ્વીકારવામાં આવ્યાં છે. 'यद् गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम (ભ.ગીતા. ૧૫.૬) (જ્યાં જઈને કોઈ પાછાં આવતાં નથી તે મારું પરમ ધામ) જેવાં સ્મૃતિવચનો પણ છે. प्रतिषेधादिति चेत्, न शारीरात् (બ્ર. સૂ ૪.૨.૧૨) એ પૂર્વપક્ષસૂત્ર છે. 'न तस्य प्राणा उत्क्रामन्ति'(બૃહદ્. ઉપ. ૪.૪.૬)-બૃહદારણ્યકમાં કાણ્વશાખામાં આ વાકયથી એમ કહેવામં આવ્યું છે કે પરબ્રહ્મવિદ્‌ના પ્રાણની ઉત્ક્રાન્તિ નથી એવો પ્રતિષેધ છે તેથી તેની ગતિ પણ નથી કારણ કે ગતિની પહેલાં ઉત્ક્રાન્તિ હોવી જ જોઈએ,—શરીરમાંથી પ્રાણ બહાર જાય તો જ ગતિ કરી શકે. પૂર્વપક્ષી આનું ખંડન કરતાં કહે છે **બૃહદારણ્યકમાં** જ માધ્યન્દિન શાખામાં સમાન પ્રકરણમાં બ્રહ્મવિદ્ શારીર (અર્થાત્ જીવ)ની વાત કરતાં કહ્યું છે કે 'न तस्मात् प्राणा उत्क्रामन्ति'—तत् શબ્દથી શારીર સમજવાનો છે, શરીર નહિ. તેથી પ્રાણોનું ઉત્ક્રમણ શારીર જીવથી થતું નથી અર્થાત્ શારીરથી એ છૂટા પડતા નથી પણ સાથે જાય છે. તેથી વિદ્વાનની બાબતમાં શરીરમાથી ઉત્ક્રમણ હોય છે, તેથી ગતિ પણ હોય છે. આને ધ્યાનમાં રાખી કાણ્વ શાખાના 'न तस्य प्राणाः' એ વાકયનો એવો અર્થ કરવો જોઈએ કે તેના (વિદ્વાનના) પ્રાણ શારીરથી ઉત્ક્રાન્તિ કરતા નથી, તેનાથી છૂટા પડતા નથી પણ તેની સાથે જ બ્રહ્મલોકમાં જાય છે.

એક જ જીવ છે એમ માનીએ તો શ્રુતિ, સ્મૃતિ અને **શાંકર ભાષ્યનું** સામંજસ્ય ન રહે તેમ બદ્ધ-મુક્ત વ્યવસ્થા પણ ઉપપન્ન બને નહિ. તેથી **અનેકજીવવાદનો** જ આશ્રય લેવો જોઈએ. આ માનતાં પણ 'ब्रह्मैव स्वाविद्यया बध्यते स्वविद्यया मुच्यते' એ અર્થવાળા **બૃહદારણ્યકભાષ્યમાંના** પ્રતિપાદન સાથે વિરોધ તુલ્ય છે એવી શંકા કરવી નહિ કારણ કે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એ ભાષ્યનો એવો અભિપ્રાય ઉપપન્ન છે કે બ્રહ્મ જ પોતાની અવિદ્યા જે ભિન્ન ભિન્ન અન્તઃકરણરૂપે પરિણત થયેલી છે તેના વડે નાના જીવભાવ પ્રાપ્ત કરીને સંસાર પામે છે અને ક્રમે કરીને પોતાની વિદ્યાથી મુક્ત થાય છે. આ ભાષ્યના આ વાક્યને પકડી રાખીને શ્રુતિ, સ્મૃતિ અને બન્ધ અને મુક્તિનું પ્રતિપાદન કરનાર ભાષ્યનો અર્થ બદલી નાખવો યોગ્ય નથી. ઉપર્યુક્ત શ્રુતિ-સ્મૃતિ, ભાષ્યનું તાત્પર્ય નાનાજીવવાદપરક નથી તેથી જીવોનું નાનાત્વ સિદ્ધ થતું નથી એમ ન કહી શકાય કારણ કે એકજીવવાદમાં પણ તાત્પર્યનો અભાવ તુલ્ય છે—તેઓમાં એકજીવવાદનું પ્રતિપાદન છે એમ પણ નહીં કહી શકાય.

વ્યાખ્યાકાર કૃષ્ણાનંદ કહે છે કે જીવની ઉપાધિભૂત અવિદ્યા એક છે તેથી જીવ એક છે એમ સિદ્ધ થાય છે એ દલીલ બરાબર નથી. ઉપર નિર્દિષ્ટ શ્રુતિ-સ્મૃતિ-ભાષ્યને અનુસરીએ તો અવિદ્યાના નાનાત્વનો સ્વીકાર સંભવે છે. અવિદ્યાને એક કહેનાર શ્રુતિ આદિ તો જાતિના અભિપ્રાયથી તેમ કહે છે—અવિદ્યાઓ અનેક હોવા છતાં તેની જાતિને ધ્યાનમાં રાખીને એકવચનનો પ્રયોગ થયો છે એમ માનવું ઉપપન્ન છે. અને અવિદ્યા એક હોય તો પણ 'कार्योपाधिरयं जीवः' એ શ્રુતિ અનુસાર અન્તઃકરણોને જ જીવત્વની ઉપાધિ તરીકે સ્વીકારી શકાશે એમ કહેવાનો આશય છે.

**तेषु केचिदेवमाहुः — यद्यपि शुद्धब्रह्माश्रयविषयमेकमेवाज्ञानम्, तन्नाश एव च मोक्षः, तथापि जीवन्मुक्तावज्ञानलेशानुवृत्त्यभ्युपगमेनाज्ञानस्य सांशत्वात् तदेव क्वचिदुपाधौ ब्रह्मावगमोत्पत्तौ अंशेन निवर्तते, उपाध्यन्तरेषु यथापूर्वमंशान्तरैरनुवर्तत इति ।**

તેઓમાંના કેટલાક આ પ્રમાણે કહે છે :— જો કે શુદ્ધ બ્રહ્મ જેનો આશ્રય અને વિષય છે એવું એક જ અજ્ઞાન છે, અને તેનો નાશ એ જ મોક્ષ, તો પણ જીવન્મુક્તિમાં અજ્ઞાનલેશની અનુવૃત્તિ સ્વીકારવામાં આવે છે તેથી તે સાંશ છે (અંશોવાળું છે) અને તેથી ક્યાંક ઉપાધિમાં બ્રહ્મજ્ઞાનની ઉત્પત્તિ થતાં અંશથી નિવૃત્ત થાય છે અને બીજી ઉપાધિઓમાં પહેલાંની જેમ બીજા અંશોથી તેની અનુવૃત્તિ રહે છે.

**વિવરણ :** અપ્પય્યદીક્ષિત નાનાજીવવાદમાંના મતભેદો દ્વારા બંધમુક્તિની વ્યવસ્થાની રજૂઆત કરવાનું આરંભે છે. નાનાજીવવાદમાં પણ જીવની અન્તઃકરણરૂપ ઉપાધિ છે એ પક્ષમાં મૂલ અજ્ઞાન એક હોવાથી શુક આદિને થયેલા તત્ત્વજ્ઞાનથી જ તે નિવૃત્ત થવું જોઈએ અને તો પછી અત્યારે સંસારની અનુપલબ્ધિ થવી જોઈએ. પણ એવું તો થયું નથી. આ શંકાનો ઉત્તર આપતાં કહે છે કે 'જો કે શુદ્ધ બ્રહ્મ જેનો...'

જીવ અને ઈશ્વર વિશિષ્ટરૂપ હોઈ કલ્પિત છે અને તેઓ અજ્ઞાનના આશ્રય હોઈ શકે નહિ. તે જ રીતે શુદ્ધ બ્રહ્મમાં જ આવૃતત્વરૂપ અજ્ઞાનવિષયત્વ સંભવે છે; ઈશ્વરમાં પણ નહિ, કારણ કે તેની અન્ય જીવોની જેમ ઔપાધિક ભેદને લીધે જ અનુપલબ્ધિ સિદ્ધ થતાં જીવોની પ્રતિ ઈશ્વરના અજ્ઞાનથી આવૃત થવા રૂપ વિષયત્વની કલ્પના વ્યર્થ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'अजामेकाम्', 'मायां तु प्रकृतिं विद्यात्' (શ્વે. ૪.૧૦) 'विभेदजनकेऽज्ञाने' વગેરે શ્રુતિ–સ્મૃતિમાંના એકવચનાન્ત પદોથી સમજાય છે કે અજ્ઞાન એક છે. भूयश्चान्ते विश्वमाया–निवृत्तिः (શ્વે. ૧.૧૦) 'अज्ञाने नाशमात्यन्तिकं गते' જેવાં શ્રુતિસ્મૃતિનાં વચનોથી જ્ઞાત થાય છે કે સર્વ અનર્થના મૂલ એવા અજ્ઞાનની નિવૃત્તિ એ જ મોક્ષ. એકને થયેલા તત્ત્વજ્ઞાનથી સમગ્ર અજ્ઞાનનો નાશ નથી માનવામાં આવતો માટે બંધ–મોક્ષની વ્યવસ્થામાં કોઈ મુશ્કેલી નથી. જેને તેને થયેલા જ્ઞાનથી તેના જ અન્તઃકરણાદિરૂપ પરિણમેલા મૂલ અજ્ઞાનના અંશનો જ નાશ માનવામાં આવે છે. અજ્ઞાન અંશોવાળું છે એમ માનવા માટે પ્રમાણ છે કારણ કે જીવનમુક્તિમાં આવરણશક્તિવાળા અંશનો નાશ થયો હોવા છતાં વિક્ષેપશક્તિવાળો અજ્ઞાનાંશ જ્ઞાનથી નિવૃત્ત થયેલો નથી હોતો અને વિદેહકૈવલ્ય થાય ત્યાં સુધી તેની અનુવૃત્તિ સ્વીકારવામાં આવે છે, તે ચાલુ રહે છે એમ માનવામાં આવે છે. આ અનિર્વચનીય અજ્ઞાનના અનિર્વચનીય જ એવા અનન્ત ભાગરૂપ અંશો સંભવે છે તેથી બન્ધમુક્તિની વ્યવસ્થા બરાબર સમજાવી શકાય છે.

**अन्ये तु यथा न्यायैकदेशिमते भूतले घटात्यन्ताभावस्य वृत्तौ घटसंयोगाभावो नियामक इति अनेकेषु प्रदेशेषु तद्वत्सु संसृज्य वर्तमानो घटात्यन्ताभावः क्वचित्प्रदेशे घटसंयोगोत्पत्त्या तदभावनिवृत्तौ न संसृज्यते। एवमज्ञानस्य चैतन्ये वृत्तौ मनो नियामकमिति तदुपाधिना तत्प्रदेशेषु संसृज्य वर्तमानमज्ञानं क्वचिद् ब्रह्मदर्शनोत्पत्त्या 'भिद्यते हृदयग्रन्थिः' (मुण्डक उप. २.२.९) इत्युक्तरीत्या मनसो निवृत्तौ न संसृज्यते। अन्यत्र यथापूर्वमवतिष्ठते। अज्ञानसंसर्गासंसर्गावेव च बन्धमोक्षावित्याहुः।**

જ્યારે બીજાઓ કહે છે કે જેમ ન્યાયૈકદેશીના મતમાં ભૂતલમાં ઘટના અત્યન્તાભાવની વૃત્તિ (અર્થાત્ તેના રહેવા)ની બાબતમાં ઘટસંયોગનો અભાવ નિયામક છે માટે અનેક તેનાવાળા (અર્થાત્ ઘટસંયોગાભાવવાળા) પ્રદેશોમાં સંસર્ગથી રહેતા ઘટના અત્યન્તાભાવનો ક્યાંક કોઈ પ્રદેશમાં ઘટસંયોગની ઉત્પત્તિથી તેના અભાવની (– ઘટસંયોગાભાવની –) નિવૃત્તિ થતાં સંસર્ગ હોતો નથી—એ પ્રમાણે અજ્ઞાનની ચૈતન્યમાં વૃત્તિની બાબતમાં મન નિયામક છે તેથી તે (મનરૂપી) ઉપાધિથી તે પ્રદેશોમાં (મનરૂપી ઉપાધિવાળા ચૈતન્યપ્રદેશોમાં) સંસર્ગથી રહેતા અજ્ઞાનનો ક્યાંક (કોઈક ચૈતન્યપ્રદેશમાં) બ્રહ્મદર્શનની ઉત્પત્તિથી 'હૃદયગ્રંથિ ભેદાઈ જાય છે'માં કહ્યા પ્રમાણે મનની નિવૃત્તિ થતાં સંસર્ગ રહેતો નથી. અન્યત્ર પહેલાંની જેમ તે રહે છે. અજ્ઞાનના સંસર્ગ અને અસંસર્ગ એ જ બંધ અને મોક્ષ (એમ આ બીજા કહે છે).

**વિવરણ :** અજ્ઞાનની સત્તા તે બન્ધ અને તેનો નાશ તે મોક્ષ એ મતનું પ્રતિપાદન કર્યું. આમાં કેટલાકને એ મુશ્કેલી જણાય છે કે વિરોધી એવા જ્ઞાનનો ઉદય થતાં મૂલ અજ્ઞાન પૂરેપૂરું નાશ પામવું જોઈએ, તેનો કોઈ અંશ બચી શકે નહિ—જેમ રૂના ઢગનો વિરોધી અગ્નિ સાથે સંસર્ગ થતાં કશું બચી શકતું નથી તેમ. આમ હોય તો બન્ધ–મુક્તિની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વ્યવસ્થા વિષયક શાસ્ત્ર અને જીવન્મુક્તિનું પ્રતિપાદન કરતું શાસ્ત્ર નિરાલંબન બની જાય. તેથી કેટલાક માને છે કે ચૈતન્યનો અજ્ઞાન સાથે સંબંધ એ બન્ધ, અને તેની સાથે અસમ્બન્ધ એ મોક્ષ (અજ્ઞાનની નિવૃત્તિ એ મોક્ષ એમ નહિ, કારણ કે અસંબન્ધ માત્રથી જ બન્ધની નિવૃત્તિ સિદ્ધ થાય છે). જ્ઞાનથી અજ્ઞાનની નિવૃત્તિનું પ્રતિપાદન કરનાર શાસ્ત્રનું પણ તેના અસંબંધપરક જ તાત્પર્ય ઉપપન્ન છે. આના સમર્થનમાં **ન્યાયૈકદેશી**નો મત ટાંકી શકાય. 'भूतले घटो न' એ અનુભવસિદ્ધ ઘટાભાવ ત્રૈકાલિક માનવામાં આવે છે તેથી ઘટને લાવ્યા પછી પણ એ ઘટના અધિકરણ ભૂતલમાં જ એ રહે છે અને આમ હોય તો ઘટથી યુક્ત ભૂતલને વિષે પણ 'ત્યાં ઘટ નથી' એવી પ્રતીતિ પ્રમા મનાવી જોઈએ. આ શંકાનો ઉત્તર નૈયાયિકો આ પ્રમાણે ઘડી કાઢે છે—ઘટના અધિકરણમાં ઘટાત્યન્તાભાવના સંબંધનો અભાવ હોવાથી ત્યાં તેની પ્રતીતિ થાય તો તે ભ્રાન્તિરૂપ હોય એ જ ઉપપન્ન છે અને ઘટસંયોગની ઉત્પત્તિ થઈ તે પહેલાં ભૂતલમાં સંબંધવાળા ઘટાત્યન્તાભાવનો ઘટ-સંયોગના કાળમાં અવૃત્તિરૂપ સંબંધાભાવ કેવી રીતે થઈ શકે એવી શંકા કરવી નહિ. કારણ કે આપણને પ્રતીતિ થાય છે તે અનુસાર ભૂતલમાં ઘટાત્યન્તાભાવની વૃત્તિની બાબતમાં ઘટ-સંયોગનો પ્રાગભાવ કે ઘટસંયોગનો પ્રધ્વંસાભાવ (એ બેમાંથી એક) નિયામક છે. (જેવો ઘટસંયોગ ઉત્પન્ન થયો અને જ્યાં સુધી એ રહ્યો ત્યાં સુધી ભૂતલમાં ઘટાત્યન્તાભાવનો સંસર્ગ રહેતો નથી). તેથી ઘટસંયોગના અધિકરણ ભૂતલમાં ઘટાભાવના અસંબંધની ઉપપત્તિ છે. એ જ રીતે અજ્ઞાન ચૈતન્યમાં રહે એ બાબતમાં મન નિયામક છે અને બ્રહ્મદર્શનની ઉત્પત્તિ થતાં મનની નિવૃત્તિ થાય છે. તેથી અજ્ઞાનના સંબંધની નિવૃત્તિ થાય છે. બ્રહ્મ-દર્શનથી મનની નિવૃત્તિ થાય છે એ માટે શ્રુતિ પ્રમાણ છે- भिद्यते हृदयग्रन्थिः (મુંડક ઉપ. ૨.૨.૯)—અહીં હૃદય એટલે અન્તઃકરણ અને તે ચિદાત્મામાં અધ્યસ્ત હોઈને તેની સાથે તાદાત્મ્ય પામેલું હોઈ ગ્રંથિના જેવું હોઈ ગ્રંથિ છે. બ્રહ્મદર્શન થતાં તે બ્રહ્મમાં જ વિલીન થઈ જાય છે અને ત્યારે એ મન જેની ઉપાધિ હતું એ ચૈતન્યપ્રદેશમાં અજ્ઞાનનો અસંબંધ અર્થાત્ મોક્ષ સંભવે છે, જ્યારે અન્યત્ર બીજા ચૈતન્યપ્રદેશોમાં અજ્ઞાનનો સંબંધ ચાલુ રહે છે અને તેઓનો બંધ ચાલુ રહે છે. આ રીતે બંધ–મોક્ષની વ્યવસ્થાની ઉપપત્તિ છે.

**अपरे तु नाज्ञानं शुद्धचैतन्याश्रयम्, किं तु जीवाश्रयं ब्रह्मविषयम् । अतश्चान्तःकरणप्रतिबिम्बरूपेषु सर्वेषु जीवेषु व्यक्तिषु जातिवत् प्रत्येक-पर्यवसायितया वर्तमानमुत्पन्नविद्यं कञ्चित् त्यजति नष्टां व्यक्तिमिव जातिः । स एव मोक्षः । अन्यं यथापूर्वं बध्नातीति व्यवस्थेत्याहुः ।**

જ્યારે બીજા કહે છે કે : જ્ઞાન શુદ્ધ ચૈતન્યને આશ્રયે રહેતું નથી, પણ જીવ તેનો આશ્રય છે અને બ્રહ્મ તેનો વિષય છે. અને તેથી અન્તઃકરણમાં (ચૈતન્યના) પ્રતિબિંબરૂપ સર્વ જીવોમાં, વ્યક્તિઓમાં જાતિ પ્રત્યેકમાં વ્યાપીને રહે તેમ, પ્રત્યેકમાં વ્યાપીને રહેતું અજ્ઞાન જેમાં વિદ્યા ઉત્પન્ન થઈ છે તેવા કોઈકને છોડી દે છે, જાતિ નાશ પામેલી વ્યક્તિને છોડી દે છે તેમ. આ જ મોક્ષ. બીજા (અજ્ઞાની જીવ)ને આશ્રયે પહેલાંની જેમ તે રહે છે. આમ બંધમોક્ષની વ્યવસ્થા છે (એમ આ બીજા કહે છે).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ**— **બીજા કેટલાક** માને છે કે વેદાન્તશાસ્ત્ર-પ્રતિપાદ્ય શુદ્ધ ચૈતન્યરૂપ બ્રહ્મ અજ્ઞાનનો આશ્રય ન હોઈ શકે. 'વેદાન્તવેદ્ય વસ્તુનું મને જ્ઞાન નથી' એમ અજ્ઞાનના વિષય તરીકે જ તેનો અનુભવ થાય છે: અને 'न जानामि' એમ અજ્ઞાનના આશ્રય તરીકે જીવનો જ અનુભવ થાય છે. તેથી બ્રહ્મ અજ્ઞાનનો વિષય છે અને જીવ તેનો આશ્રય છે એમ માનવું બરાબર છે. અજ્ઞાન પોતાના કાર્ય એવા અન્તઃકરણથી વિશિષ્ટ ચૈતન્યરૂપ જીવને આશ્રયે રહે એ અનુપપન્ન છે એવી શંકા કરવી નહિ કારણ કે અન્તઃકરણમાં જે પ્રતિબિંબભૂત ચૈતન્ય છે તેને જ જીવ તરીકે સ્વીકારવામાં આવે છે, અન્તઃકરણથી વિશિષ્ટ ચૈતન્યને જીવ માનવામાં નથી આવતું. અન્તઃકરણ સાદિ (આદિવાળું છે), તેથી તેમાં રહેલું પ્રતિબિંબ પણ સાદિ હોય અને તો પછી એ અનાદિ અજ્ઞાનનો આશ્રય કેવી રીતે હોઈ શકે એવી શંકા કરવી નહિ કારણ કે અન્તઃકરણનો સુષુપ્તિ આદિમાં લય થાય છે અને જાગ્રત આદિમાં જન્મ થાય છે એવી શ્રુતિ છે તેથી તે સાદિ તરીકે જ્ઞાત થાય છે તો પણ સ્થૂલ-સૂક્ષ્મરૂપે તે અનાદિ છે; સૂક્ષ્મ સ્વરૂપે તે હંમેશાં હોય જ છે, કારણ કે સત્‌ની અભિવ્યક્તિ શક્ય છે, અસત્‌ની નહિ. બ્રહ્મ**સૂત્ર**માં (૨ ૩.૩૧) પુંસ્ત્વાદિનું ઉદાહરણ આપીને આ સિદ્ધ કર્યું છે. બાલ્યકાલમાં પણ પુંસ્ત્વાદિ અનભિવ્યક્ત રૂપે હોય જ છે, યૌવનકાળમાં તે પ્રાદુર્ભાવ પામે છે, તેમ સુષુપ્તિ આદિમાં આ અન્તઃકરણ અનભિવ્યક્ત કે સૂક્ષ્મ અવસ્થામાં હોય જ છે અને સ્થૂલ અવસ્થા પ્રાપ્ત કરે તે તેનો જન્મ કહેવાય છે. પ્રત્યેક જીવમાં અજ્ઞાન વ્યાપીને રહે છે. આવું ન હોય અને દ્વિત્વ, બહુત્વ વગેરેની જેમ વ્યાસજ્યવૃત્તિથી (એકાધિકવ્યક્તિમાત્રવૃત્તિથી) રહેતું હોય તો વ્યાસજ્યવૃત્તિ એવા ધર્મના પ્રત્યક્ષને માટે જેટલા આશ્રય હોય તેમનું પ્રત્યક્ષ હોવું આવશ્યક છે અને એક એક જીવને સર્વ જીવોનું પ્રત્યક્ષ જ્ઞાન હોતું નથી તેથી કોઈ જીવને અજ્ઞાનનો 'હું અજ્ઞ છું' એમ પ્રત્યક્ષ અનુભવ ન થાય. માટે **અપ્પય્ય દીક્ષિત** કહે છે કે અજ્ઞાન સર્વ જીવોમાં પ્રત્યેકમાં પર્યવસાયી તરીકે રહે છે, વ્યક્તિઓમાં જાતિ રહે છે તેમ. વ્યાખ્યાકાર **કૃષ્ણાનંદતીર્થ** ઉમેરે છે કે વસ્તુતઃ અજ્ઞાન વ્યાસજ્યવૃત્તિ હોય તો પણ તેનું પ્રત્યક્ષ નિત્ય અને સાક્ષીરૂપ હોઈને જેટલા આશ્રય હોય તેટલાનું પ્રત્યક્ષ હોવું જરૂરી નથી. ઉક્ત નિયમ તો જન્ય પ્રત્યક્ષને વિષે જ છે એમ માનવું.

જ્યારે વિદ્યા ઉત્પન્ન થાય છે ત્યારે તેનાથી મનની નિવૃત્તિ થતાં તેનાથી નિરૂપિત પ્રતિબિંબભાવની પણ નિવૃત્તિ થાય છે તેથી તેનાથી વિશિષ્ટ ચૈતન્યરૂપ વ્યક્તિનો પણ નાશ થાય છે. શ્રુતિ પણ કહે છે કે 'અજા' અર્થાત્ અવિદ્યા જેનો ભોગ જીવે કરી લીધો છે તે ભોગવાઈ ગયેલી અવિદ્યાને જ્ઞાની જીવ છોડી દે છે–"जहात्येनां भुक्तभोगामजोऽन्यः" (શ્વે. ૪.૫) આમ અવિદ્યા 'ઉત્પન્નવિદ્ય' (જેને તત્ત્વજ્ઞાન થયું છે એવા) જીવને છોડી દે છે પણ બીજાઓ જે અજ્ઞાની છે તેમાં તો રહેવાનું ચાલુ રાખે છે. એક ઘટવ્યક્તિ નાશ પામતાં ઘટત્વ જાતિ તેને છોડી દે છે પણ બીજા ઘટોમાં રહેવાનું ચાલુ રાખે છે તેમ. (જુઓ **अजो ह्येको** जुषमाणोऽनुशेते (શ્વે ૪.૫)-એક વિવેકરહિત અજ જીવ તેનું સેવન કરતો (કાર્યકરણરૂપે પરિણત થયેલી અવિદ્યા પ્રત્યે અહંતા-મમતા રાખતો) તેને અનુસરીને પડ્યા રહે છે (શ્વે. ૪.૫). અહીં અજ્ઞાન કોઈકને છોડી દે છે જ્યારે બીજાને આશ્રયે રહે છે એમ કહ્યું છે તેમાં પણ અજ્ઞાનનો સંબંધ એ બન્ધ અને અસંબંધ એ મોક્ષ એમ કહ્યું છે, કારણ કે બીજો અર્થ સંભવતો નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

इतरे तु प्रतिजीवमविद्याभेदमभ्युपगम्यैव तदनुवृत्तिनिवृत्तिभ्यां बद्धमुक्तव्यवस्थां समर्थयन्ते ।

अस्मिन् पक्षे कस्याविद्यया प्रपञ्चः कृतोऽस्त्विति चेत्, विनिगमकाभावात् सर्वाविद्याकृतोऽनेकतन्त्वारब्धपटतुल्यः। एकस्य मुक्तौ तदविद्यानाशे पटस्येव तत्साधारणप्रपञ्चस्य नाशः। तदैव विद्यमानतन्त्वन्तरैः पटान्तरस्येव इतराविद्यादिभिः सकलेतरसाधारणप्रपञ्चान्तरस्योत्पादनमित्येके ।

જયારે બીજા જીવે જીવે અવિદ્યાનો ભેદ માનીને જ તેની અનુવૃત્તિ અને નિવૃત્તિથી બદ્ધ-મુક્ત વ્યવસ્થાનું સમર્થન કરે છે.

આ પક્ષમાં કોની અવિદ્યાથી પ્રપંચ કરવામાં આવેલો માનવો એવો પ્રશ્ન થતાં તેનો ઉત્તર આપતાં કેટલાક કહે છે કે (કોઈ) વિનિગમક ન હોવાથી અનેક તન્તુથી ઉત્પન્ન કરવામાં આવેલા પટની જેમ પ્રપંચ સર્વ અવિદ્યાઓથી કરવામાં આવેલો છે. એકની મુક્તિ થતાં તેની અવિદ્યાનો નાશ થાય છે ત્યારે એક તન્તુનો નાશ થતાં જેમ પટનો નાશ થાય છે તેમ તત્સાધારણ પ્રપંચનો નાશ થાય છે, ત્યારે જ વિદ્યમાન અન્ય તન્તુઓથી જેમ અન્ય પટનું ઉત્પાદન કરવામાં આવે છે તેમ ઇતર અવિદ્યા વગેરેથી સર્વ ઇતર (બદ્ધ જીવોને) સાધારણ એવા અન્ય પ્રપંચનું ઉત્પાદન કરવામાં આવે છે.

વિવરણ : અજ્ઞાનનો સંબંધ તે જ બન્ધ અને અજ્ઞાનના સંબંધનો અભાવ તે મોક્ષ એમ માનનારા ઉપર્યુક્ત બન્ને મતો અજ્ઞાનનો જ્ઞાનથી નાશ કરી શકાય છે એવું પ્રતિપાદન કરનારાં શ્રુતિ-સ્મૃતિ-ભાષ્યાદિના સ્વારસ્યથી વિરુદ્ધ છે એમ માનીને બીજા કેટલાક તેમનાથી અવિરુદ્ધ મત રજૂ કરવાનો પ્રયત્ન કરે છે કે જીવે જીવે અવિદ્યા જુદી છે. તેમના મતાનુસાર અવિદ્યાનો ભેદ ન માનીએ તો અવિદ્યાનું સત્ત્વ તે બન્ધ અને અવિદ્યાનો નાશ તે મોક્ષ એ હકીકતનું ઉપપાદન શક્ય ન બને. અવિદ્યાના અંશો માનીને ઉપર આ સમજાવવાનો પ્રયત્ન કર્યો છે તે બરાબર નથી કારણ કે વિરોધી વિદ્યાનો ઉદય થતાં અવિદ્યા ટકી શકે જ નહિ એમ પણ ઉપર કહ્યું છે. જીવન્મુક્તિમાં પણ અવિદ્યાના લેશની અનુવૃત્તિની વાત કરી છે ત્યાં પણ અવિદ્યાનો નાશ થઈ ગયા છતાં તેનો સંસ્કાર પ્રારબ્ધ કર્મનો ક્ષય થતાં સુધી ટકે છે તે જ અવિદ્યાલેશ તરીકે વિવક્ષિત છે.

નાના (અનેક) જીવ અને તેમના બન્ધ-મોક્ષની વ્યવસ્થા માટે નાના (અનેક) અવિદ્યા માનતાં પણ શંકા સંભવે છે કે પ્રપંચની ઉત્પત્તિ એક જીવની અવિદ્યાથી કરવામાં આવે છે કે સર્વ જીવોની અવિદ્યાઓથી ? એક જીવની અવિદ્યાથી એમ નહીં કહી શકાય કારણ કે કયા જીવની અવિદ્યાથી એ નક્કી કરવા માટે કોઈ વિનિગમક કારણ નથી (આ જ જીવની અવિદ્યા પ્રપંચ ઉત્પન્ન કરી શકે એમ કેવી રીતે નક્કી થાય ?). સર્વ જીવોની અવિદ્યાઓથી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉત્પન્ન થાય છે એમ પણ નહીં કહી શકાય કારણ કે એકની અવિદ્યાનો નાશ થતાં સર્વ પ્રપંચનો નાશ માનવો પડશે અને એ સંજોગોમાં મુક્તોથી ઇતર જે જીવો છે તેમને પ્રપંચની ઉપલબ્ધિ ન થવી જોઈએ.

સર્વ જીવોની અવિદ્યાઓથી પ્રપંચ ઉત્પન્ન કરવામાં આવે છે એ પક્ષનું ઉપપાદન કરતાં એક સંપ્રદાયવાળા કહે છે કે પ્રપંચ સર્વ જીવોની સર્વ અવિદ્યાઓનું સર્વસાધારણ કાર્ય છે, પટ સર્વ તન્તુઓનું કાર્ય છે તેમ. ન્યાયવૈશેષિક મતમાં સર્વ તન્તુ મળીને નવા જ પટને ઉત્પન્ન કરે છે. એક તન્તુનો નાશ થતાં એ સર્વસાધારણ પટ નાશ પામે છે અને સાથે સાથે બાકી રહેલા તન્તુઓ મળીને નવા જ વિદ્યમાન તન્તુઓના સર્વસાધારણ કાર્યરૂપ પટને ઉત્પન્ન કરે છે, તેવું જ પ્રપંચની બાબતમાં છે. તે વખતે વિદ્યમાન અવિદ્યાઓનું તે સર્વસાધારણ કાર્ય છે અને સર્વબદ્ધ જીવો માટે સર્વસાધારણ પ્રપંચ છે; કોઈ પણ અવિદ્યાનો વિદ્યાથી નાશ થતાં પ્રપંચ નાશ પામે છે અને સાથે સાથે બાકી રહેલા અજ્ઞાની જીવોને માટે સર્વસાધારણ પ્રપંચ તેમની અવિદ્યાઓથી ઉત્પન્ન કરવામાં આવે છે. પ્રપંચ સર્વ જીવોની અવિદ્યાઓનો પરિણામ છે અથવા સર્વ જીવોની અવિદ્યાઓના વિષયીભૂત બ્રહ્મનો વિવર્ત છે એવો અર્થ છે. આ એક મત છે.

જીવે જીવે અવિદ્યા ભિન્ન છે એ મત (**ભામતી ૧.૪.૩ પ્રમાણે**) **વાચસ્પતિ**નો છે.

**तत्तदज्ञानकृतप्रातिभासिकरजतवत्, न्यायमते तत्तदपेक्षाबुद्धिजन्यद्वित्ववच्च तत्तदविद्याकृतो वियदादिप्रपञ्चः प्रतिपुरुषं भिन्नः। शुक्तिरजते त्वया यद् दृष्टं रजतं तदेव मयाऽपीतिवद् ऐक्यभ्रममात्रमित्यन्ये ।**

જેના તેના અજ્ઞાનથી કરવામાં આવેલા પ્રાતિભાસિક રજતની જેમ, અને **ન્યાયમતમાં** જેની તેની અપેક્ષાબુદ્ધિથી જન્ય દ્વિત્વની જેમ, જેની તેની અવિદ્યાથી કરવામાં આવેલો આકાશાદિ પ્રપંચ પુરુષે પુરુષે ભિન્ન છે. 'તેં જે રજત જોયું તે જ મેં પણ જોયું' એમ શુક્તિરજતની બાબતમાં થાય છે તેમ (એ જ પ્રપંચની પ્રતીતિ એ) ઐક્ય વિષયક ભ્રમ માત્ર છે એમ **બીજા** કહે છે.

**વિવરણ** : પ્રપંચ સર્વની અવિદ્યાઓનું કાર્ય હોઈને પણ અવિદ્યાઓના ભેદને કારણે પ્રપંચ પણ પુરુષે પુરુષે ભિન્ન જ છે એ મત દૃષ્ટાન્ત આપીને અહીં રજૂ કર્યો છે. અનેક માણસોને એક વખતે શુક્તિ (છીપ)માં રજતનો ભ્રમ થાય ત્યારે પ્રત્યેક માણસના અજ્ઞાનથી ઉત્પન્ન થયેલાં અલગ અલગ રજત છે એમ કહેવું મુશ્કેલ છે કારણ કે સર્વ માણસોના અજ્ઞાનથી એક રજતની ઉત્પત્તિનો પણ સંભવ છે—એવી શંકા થાય તો તેનો ઉત્તર છે કે દૈવયોગે એકાદ માણસને 'આ રજત નથી' એવું બાધક પ્રત્યક્ષ જ્ઞાન થાય તો એ બાધક પ્રત્યક્ષથી રજતનો તેના ઉપાદાન સાથે નાશ થાય તો પણ બીજાઓનો રજતભ્રમ ચાલુ રહે છે. તેથી તે તે પુરુષે ભ્રાન્તિથી જોયેલાં રજતો જુદાં જ હોવાં જોઈએ એમ દૃષ્ટાન્તની સિદ્ધિ છે. અપેક્ષાબુદ્ધિથી જન્ય દ્વિત્વની વાત કરતાં ન્યાયમતનો ખાસ ઉલ્લેખ કર્યો છે કારણ કે એ મતાનુસાર દ્વિત્વ દરેકની અપેક્ષાબુદ્ધિથી ઉત્પન્ન થાય છે અને પછી તરત નાશ પામે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે જ્યારે વેદાંતસિદ્ધાન્તાનુસાર એકત્વની જેમ દ્વિત્વાદિ દ્રવ્ય ટકે ત્યાં સુધી ટકે છે અને જેની તેની અપેક્ષાબુદ્ધિથી જન્ય નથી કારણ કે તેમ માનવામાં ગૌરવદોષ છે. ન્યાયમતમાં 'આ એક છે', 'આ એક છે' એમ બે પદાર્થોને વિષે અપેક્ષાબુદ્ધિ થાય છે તેનાથી દ્વિત્વ બન્નેમાં ઉત્પન્ન થાય છે અને તેનું પ્રત્યક્ષ જ્ઞાન થાય છે એવી માન્યતા છે. હવે પ્રશ્ન થાય કે શુક્તિ–રજત તો જે તે વ્યક્તિને જ પ્રત્યક્ષ હોય છે, સર્વને નહીં જ્યારે પ્રપંચ સર્વને પ્રત્યક્ષ છે. જો જેની તેની અવિદ્યાથી એ કરવામાં આવ્યો હોય તો તે તે વ્યક્તિને જ પ્રત્યક્ષ હોવો જોઈએ અને 'જે પ્રપંચનો અનુભવ તને થાય છે તે જ પ્રપંચનો અનુભવ મને થાય છે' એવું પ્રત્યભિજ્ઞાન પ્રત્યક્ષ ન થવું જોઈએ. આ શંકાનો ઉત્તર આપતાં કહ્યું છે કે શુક્તિ-રજતની બાબતમાં પણ શુક્તિરજતો ભિન્ન ભિન્ન હોવા છતાં ઐક્યનો ભ્રમ થાય છે (–'જે રજત તેં જોયું તે જ મેં પણ જોયું'), તેમ પ્રપંચો જુદા જુદા હોવા છતાં એક તરીકે અનુભવાય છે તે તો ઐક્ય અંગે ભ્રમ જ છે. ન્યાયમતમાં પણ દ્વિત્વ દરેક માટે જુદાં હોવા છતાં તેનો ભેદ જ્ઞાત થતો નથી અને એ જ દ્વિત્વનું ભાન સૌને થતું હોય તેવો ભ્રમ થાય છે તેના જેવું આ છે.

**जीवाश्रितादविद्यानिवहाद् भिन्ना मायैव ईश्वराश्रिता प्रपञ्चकारणम् । जीवानामविद्यास्तु आवरणमात्रे प्रातिभासिकशुक्तिरजतादिविक्षेपेऽपि च उपयुज्यन्ते इत्यपरे । (७)**

જીવાશ્રિત અવિદ્યાસમૂહથી ભિન્ન માયા ઈશ્વરાશ્રિત છે (અને) તે જ પ્રપંચનું (ઉપાદાન) કારણ છે, જ્યારે જીવોની અવિદ્યાઓ આવરણમાત્રમાં અને પ્રાતિભાસિક શુક્તિરજત વગેરેના વિક્ષેપમાં પણ ઉપયુક્ત થાય છે એમ **બીજા** કહે છે. (૭)

**વિવરણ :** વિયદાદિપ્રપંચ જીવાશ્રિત અવિદ્યાનું કાર્ય નથી પણ ઈશ્વરાશ્રિત માયા જે સર્વ જીવોની પ્રતિ સાધારણ છે તે જ વિયદાદિ પ્રપંચનું ઉપાદાન કારણ છે અને આમ પ્રપંચ એક હોઈને તેના એકત્વની પ્રતીતિ થાય છે એમ બીજા માને છે. આમ હોય તો જીવાશ્રિત અવિદ્યાઓ વ્યર્થ બને એવી શંકાનો ઉત્તર એ છે કે આ અવિદ્યાઓનો ઉપયોગ આવરણ પૂરતો અને પ્રાતિભાસિક એવા શુક્તિ–રજતાદિના વિક્ષેપ માટે છે જ, પણ આ અવિદ્યાઓ ગમે તે કાર્યને વિષે ઉપાદાનકારણ ન બની શકે. શંકા થાય કે 'नाहं प्रकाशः सर्वस्य योगमायासमावृतः' (भगवद्गीता ७.२५) એ ભગવદ્વચન ('યોગમાયાથી બરાબર આવૃત થયેલો હું દરેકનો પ્રકાશ નથી – સર્વ મને પૂર્ણાનન્દાદિરૂપે જોઈ શકતાં નથી') પ્રમાણે ઈશ્વરાશ્રિત માયાથી બ્રહ્મનું આવરણ માનવું જોઈએ. એનો ઉત્તર એ છે 'ब्रह्म तत्त्वतो न जानामि' (મને બ્રહ્મનું પરમાર્થજ્ઞાન નથી ') એવો જીવોને અનુભવ થાય છે તે પ્રમાણે તો જીવાશ્રિત અવિદ્યાથી જ બ્રહ્મનું આવરણ થાય છે એમ કહેવું જોઈએ. તેથી ભગવદ્વચનમાં જે 'માયા' શબ્દ છે તેનો લક્ષણાથી 'જીવચૈતન્યમાં સંસાર ઘટક અવિદ્યા' એ અર્થ ઉપપન્ન છે. વળી જીવાશ્રિત અવિદ્યાઓ પ્રાતિભાસિક શુક્તિ–રજતાદિ, અને સ્વાપ્ન સૃષ્ટિનું ઉપાદાન કારણ બને છે તેથી તેના વૈયર્થ્યની શંકાને અવકાશ નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વ્યાખ્યાકાર **કૃષ્ણાનન્દતીર્થ** ઉમેરે છે કે એવી શંકા થાય કે જીવાશ્રિત અવિદ્યાઓનો જીવચૈતન્યમાં અધ્યસ્ત પ્રાતિભાસિક સ્વપ્નપ્રપંચના ઉપાદાન તરીકે ઉપયોગનો સંભવ હોય તો પણ આ અવિદ્યાઓ શુક્તિરજતાદિનું ઉપાદાન–કારણ ન બની શકે કારણ કે શુક્તિ વગેરેથી અવચ્છિન્ન ચૈતન્ય જે રજતાદિનું અધિષ્ઠાન છે તેમાં તેમનો અભાવ છે આનો ઉત્તર છે કે આ વાત સાચી છે. મૂળ ગ્રંથમાં 'શુક્તિરજતાદિવિક્ષેપે'માં 'આદિ' પદથી ગૃહીત સ્વપ્ન જ અહીં વિવક્ષિત છે તેથી દોષ નથી. અથવા **વાચસ્પતિ**ના મતમાં છે તેમ શુક્તિરજત વગેરે પણ જીવે વિષય નથી બનાવ્યાં તેવાં શુક્તિ વગેરેથી અવચ્છિન્ન ચૈતન્યના વિવર્ત છે એ ધ્યાનમાં રાખીને જીવોની અવિદ્યાઓનો પ્રાતિભાસિક રજતાદિની બાબતમાં ઉપયોગ છે એવું કથન છે તેની ઉપપત્તિ છે તેથી દોષ નથી. (૭)

બ્રહ્મનું લક્ષણ અભિન્નનિમિત્તોપાદાન કારણ તરીકે આપવામાં આવે છે, તેમાં 'ઉપાદાન' એટલે 'વિવર્તાધિષ્ઠાન' એમ સિદ્ધ કરવામાં આવ્યું અને તેના પ્રસંગમાં જીવ અને ઈશ્વરનું નિરૂપણ પ્રાપ્ત થયું. તે પછી તેના અનુસંધાનમાં જ જીવ એક છે કે અનેક, બન્ધ–મોક્ષની વ્યવસ્થા કેવી રીતે સંભવે, પ્રપંચ એક છે કે પ્રતિપુરુષ ભિન્ન એ ચર્ચા કરી. આમ ઉપાદાનકારણ તરીકેની ચર્ચા પૂરી થઈ. હવે ઈશ્વરને લક્ષણમાં કર્તા કહેવામાં આવ્યો છે તે કર્તૃત્વ કેવું છે તેની ચર્ચા આરંભે છે.

**(૮) अवसितमुपादानत्वम्, तत्प्रसक्तानुप्रसक्तं च ।**

**अथ कीदृशं कर्तृत्वम्? केचिदाहुः—'तदैक्षत' [छा. ६.२.३], 'सोऽकामयत', 'तदात्मानं स्वयमकुरुत [तैत्ति. २.६,७] इति श्रवणान्न्याय-मत इव कार्यानुकूलज्ञानचिकीर्षाकृतिमत्त्वरूपमिति ।**

(૮) ઉપાદાનત્વ (અર્થાત્ તેનું નિરૂપણ) અને તેનાથી સીધી અને આડકતરી રીતે સંબંધિત ખુલાસ થયું.

હવે (એ પ્રશ્ન લઈએ કે) કર્તૃત્વ કેવું છે? કેટલાક કહે છે કે 'તેણે ઈક્ષણ કર્યું'', 'તેણે ઇચ્છા કરી', 'તેણે પોતે પોતાને બનાવ્યો' એવું શ્રુતિવચન છે તેથી ન્યાયમતમાં છે તેમ કર્તૃત્વ એટલે કાર્યને અનુકૂલ જ્ઞાન, કરવાની ઇચ્છા અને કૃતિ (માનસિક પ્રયત્ન)વાળા હોવું તે.

**વિવરણ** : બ્રહ્મને પ્રપંચનું નિમિત્તકારણ પણ કહ્યું છે તો તેનું પ્રપંચકર્તૃત્વ કેવું છે, તેનું સ્વરૂપ શું છે તેની ચર્ચા અહીં શરૂ કરી છે. (ઉદાસીન બ્રહ્મમાં વળી કર્તૃત્વ કેવું? અથવા જે ઉપાદાન કારણ હોય તેમાં વળી કર્તૃત્વ કેવું? માટી ઘડાનું નિમિત્ત કે કર્તૃકારણ નથી તેમ ઈશ્વર પણ પ્રપંચનો કર્તા ન સંભવે એવો વાંધો રજૂ કરીને ચર્ચા શરૂ કરી છે એમ પણ માની શકાય પણ કર્તાને એ અભિપ્રેત હોય એમ લાગતું નથી. બ્રહ્મનું લક્ષણ આપતાં તેને જગતનું અભિન્નોપાદાનનિમિત્તકારણ કહ્યું છે. ઉપાદાન કારણ તરીકેની ચર્ચા પૂરી થઈ. હવે બ્રહ્મની નિમિત્તકારણ તરીકે ચર્ચા આરંભે છે એમ માનવું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વધુ યોગ્ય છે). કર્તા હોવું એટલે જ્ઞાન, ચિકીર્ષા (કરવાની ઇચ્છા) અને કૃતિ (માનસિક પ્રયત્ન) વાળા હોવું, કે કાર્યને અનુકૂલ જ્ઞાનવાળા હોવું, કે કાર્યને અનુકૂલ જેનું સર્જન કરવાનું છે તેના આલોચનાત્મક જ્ઞાનવાળા હોવું તે? પહેલો વિકલ્પ બરાબર નથી, કારણ કે બ્રહ્મમાં આવું કર્તૃત્વ છે તેમ માનવા માટે પ્રમાણ નથી. બીજો અને ત્રીજો વિકલ્પ પણ બરાબર નથી કારણ કે કાર્યને અનુકૂલ જ્ઞાન પોતે કાર્ય છે તેથી તેના કર્તા બનવા માટે બીજા જ્ઞાનની અપેક્ષા રહે અને આમ અનવસ્થાનો પ્રસંગ થાય. જો તેને કાર્ય ન માનીએ તો નિત્યજ્ઞાનસ્વરૂપ બ્રહ્મમાં તેવા જ્ઞાનવાળા હોવારૂપ કર્તૃત્વ સંભવે નહિ.

ઉપર કહેલામાંથી પહેલો પક્ષ—કર્તૃત્વ એટલે કાર્યને અનુકૂલ જ્ઞાન, ચિકીર્ષા, કૃતિવાળા હોવું—પ્રમાણો આપી અહીં રજૂ કર્યો છે. શ્રુતિ વચન છે કે 'બ્રહ્મે ઈક્ષણ કર્યું', 'ઇચ્છા કરી' અને 'પોતે (કોઈની પ્રેરણા કે મદદ વિના) પોતાને જગદ્રૂપે બનાવ્યો'. આવાં વચનોથી સૃષ્ટિને અનુકૂલ જ્ઞાન, ઇચ્છા, કૃતિનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. જ્ઞાનાદિ પણ કાર્ય છે તેથી તેમના કર્તા બનવા માટે બીજાં જ્ઞાનાદિની જરૂર ઊભી થશે અને આમ અનવસ્થાનો પ્રસંગ થશે એવી શંકા કરવી નહિ, કારણ કે જ્ઞાનાદિ ત્રણથી અતિરિક્ત કાર્યની બાબતમાં ઉક્તરૂપ કર્તૃત્વ વિવક્ષિત છે તેથી અનવસ્થાનો પ્રસંગ નથી. જ્ઞાનાદિ ત્રણની બાબતમાં તો જુદું જ કર્તૃત્વ થશે એવો અભિપ્રાય છે.

**अन्ये तु चिकीर्षाकृतिकर्तृत्वनिर्वाहाय चिकीर्षाकृत्यन्तरापेक्षायामनवस्थाप्रसङ्गात् कार्यानुकूलज्ञानवत्त्वमेव ब्रह्मणः कर्तृत्वम् । न च ज्ञानेऽप्येष प्रसङ्गः, तस्य ब्रह्मस्वरूपत्वेनाकार्यत्वात् । एवं च विवरणे जीवस्य सुखादिकर्तृत्वोक्तिः, वीक्षणमात्रसाध्यत्वात् वियदादि वीक्षितं, हिरण्यगर्भद्वारा वीक्षणाधिक्यत्नसाध्यत्वात् भौतिकं स्मितमिति कल्पतरूक्तिश्च सङ्गच्छत इति वदन्ति ।**

જ્યારે બીજા કહે છે કે ચિકીર્ષા અને કૃતિની પ્રતિ જે કર્તૃત્વ હોય તેના નિર્વાહને માટે અન્ય ચિકીર્ષા અને કૃતિની અપેક્ષા ઊભી થતાં અનવસ્થાનો પ્રસંગ થશે તેથી કાર્યને અનુકૂલ જ્ઞાનવાળા હોવું એ જ બ્રહ્મનું કર્તૃત્વ. અને જ્ઞાનમાં પણ આ પ્રસંગ નહીં થાય, કારણ કે તે (જ્ઞાન) બ્રહ્મસ્વરૂપ છે તેથી કાર્ય નથી. અને આમ (કાર્યને અનુકૂલ જ્ઞાનવાળા હોવું એ જ બ્રહ્મનું કર્તૃત્વ એમ માનતાં) વિવરણમાં જીવના સુખાદિના કર્તૃત્વની ઉક્તિ છે તે, અને વીક્ષણમાત્રથી સાધ્ય છે તેથી આકાશ આદિ વીક્ષિત છે, હિરણ્યગર્ભ દ્વારા વીક્ષણથી અધિક યત્નથી સાધ્ય છે તેથી ભૌતિક (પદાર્થ) સ્મિત છે એ કલ્પતરુની ઉક્તિ સંગત બને છે.

વિવરણ : જો કાર્યમાત્ર પ્રતિ જ્ઞાન, ચિકીર્ષા, કૃતિવાળા હોવું એ જ કર્તૃત્વ એમ કહેવાનું હોય તો અનવસ્થા દોષ ઊભો થશે કારણ કે ચિકીર્ષા અને કૃતિ પણ કાર્ય છે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને તેમના કર્તા બનવા માટે અન્ય ચિકીર્ષા અને કૃતિની અપેક્ષા રહેશે અને આ ચિકીર્ષા અને કૃતિના કર્તા બનવા માટે વળી ત્રીજી ચિકીર્ષા અને કૃતિની જરૂર ઊભી થશે ઇત્યાદિ, અને આમ અનવસ્થાનો પ્રસંગ થશે. તેથી કાર્યને અનુકૂલ જ્ઞાનવાળા હોવું એ જ બ્રહ્મના કર્તૃત્વનું લક્ષણ છે, ઇચ્છા અને કૃતિનો તેમાં સમાવેશ કરવાથી ગૌરવદોષ થાય છે. આમ હોય તો ઉપર નિર્દિષ્ટ શ્રુતિઓમાં ઇચ્છા અને કૃતિનું પ્રતિપાદન છે તે વ્યર્થ બની જાય એવી શંકા કરવી નહિ, કારણ કે તેમાં સૃષ્ટિના હેતુ તરીકે ઇચ્છા અને કૃતિની પ્રાપ્તિ થાય છે, પણ કર્તૃત્વના નિર્વાહક તરીકે (–એ બે હોય તો જ બ્રહ્મ કર્તા બની શકે એવું–) તેમનું પ્રતિપાદન છે એમ માનવા માટે પ્રમાણ નથી. જ્ઞાનવાળા હોવું તે કર્તૃત્વ એમ માનવામાં પણ અનવસ્થા ઊભી થશે એવી શંકા કરવી નહિ કારણ કે બ્રહ્મનું જ્ઞાન કાર્ય નથી; બ્રહ્મ તો નિત્યજ્ઞાનસ્વરૂપ છે; બ્રહ્મ તેવા જ્ઞાનવાળું છે એમ ઔપાધિક ભેદને લઈને સમજવું. અને એવી શંકા કરવી નહિ કે આમ માનતાં પણ તદૈક્ષત એ શ્રુતિથી સૃષ્ટિના કારણ જ્ઞાનનું કાદાચિત્ક તરીકે (સ્વરૂપભૂત નહીં પણ ઉત્પન્ન થયેલી વસ્તુ તરીકે) પ્રતિપાદન છે તેનો વિરોધ થશે;—કારણ કે બ્રહ્મના સ્વરૂપ તરીકે જ્ઞાન નિત્ય હોવા છતાં પણ પ્રાણીના અદૃષ્ટના પરિપાકરૂપ કાદાચિત્કનો સાથ મળી જતાં તેનાથી વિશિષ્ટ તરીકે બ્રહ્મનું જ્ઞાન કાદાચિત્ક છે એમ માનીએ તો શ્રુતિની ઉપપત્તિ છે. ઇચ્છા અને કૃતિનો કર્તૃત્વના લક્ષણમાં સમાવેશ નથી એમ માનીએ તો જ **વિવરણ**માં જીવને સુખાદિનો કર્તા કહ્યો છે તેની સંગતિ બેસે છે. તેમાં સુખ-દુઃખાદિની ઉત્પત્તિને અનુકૂલ જ્ઞાન જેમ સાક્ષિરૂપ હોય છે, તેમ તેને અનુકૂલ ઇચ્છાદિ નથી કારણ કે તેવો અનુભવ થતો નથી, અને તેવું સ્વીકારવામાં પણ આવતું નથી. એવી પણ શંકા ન કરવી કે આ ઉપપન્ન નથી કેમ કે સુખની ઇચ્છાથી તેના સાધનના અનુષ્ઠાન દ્વારા સુખની ઉત્પત્તિ થાય છે એ અનુભવથી સિદ્ધ છે. આ શંકા બરાબર નથી કારણ કે સુખાદિના ઉપાદાન અન્તઃકરણ વિષયક ચિકીર્ષા અને કૃતિનો અભાવ અહીં વિવક્ષિત છે. આમ કાર્યને અનુકૂલ જ્ઞાનવાળા હોવું તે જ કર્તૃત્વ એમ માનીએ તો જ **વિવરણ**ની ઉક્તિની સંગતિ થાય છે, અન્યથા નહિ **વાચસ્પતિ**નો શ્લોક નીચે પ્રમાણે છે:

> निःश्वसितमस्य वेदा वीक्षितमेतस्य पञ्च भूतानि ।
> स्मितमेतस्य चराचरमस्य च सुप्तिर्महाप्रलयः ॥ (**ભામતી**નો મંગલશ્લોક)

(વેદ એનો નિઃશ્વાસ છે, પાંચ ભૂત તેનું વીક્ષિત છે, ચરાચર એનું સ્મિત છે અને મહાપ્રલય એની સુષુપ્તિ છે)–આ શ્લોકમાં મહાભૂતોને બ્રહ્મનું વીક્ષિત કહ્યું છે અને ભૌતિક ચરાચર પ્રપંચને બ્રહ્મનું સ્મિત કહ્યું છે. આનું તાત્પર્ય સમજાવતાં **અમલાનંદ કલ્પતરુ**માં કહે છે કે મહાભૂતો બ્રહ્મના વીક્ષણ માત્રથી સાધ્ય હોઈ તેમનો બ્રહ્મના વીક્ષિત તરીકે નિર્દેશ કર્યો છે. જો કર્તા બનવા માટે મહાભૂતની સૃષ્ટિને અનુકૂલ જ્ઞાનની જેમ તેને અનુકૂલ ચિકીર્ષા અને કૃતિ પણ અપેક્ષિત હોય તો આની સંગતિ ન થાય કારણ કે વીક્ષણથી અતિરિક્ત ચિકીર્ષા આદિના વ્યાવર્તક 'માત્ર' પદનો પ્રયોગ છે તેનો વિરોધ થાય. લોકમાં મંદહાસરૂપ સ્મિત જ્ઞાનથી અધિક પ્રયત્ન (ઓષ્ઠના સહેજ સંચાલન રૂપ પ્રયત્ન)થી સાધ્ય છે એ જાણીતું છે. તેમ પરબ્રહ્મને ભૌતિક સૃષ્ટિની બાબતમાં જેમ વીક્ષણ અપેક્ષિત છે તેમ હિરણ્યગર્ભની ઉત્પત્તિરૂપ વ્યાપાર પણ ઉપરાંતમાં અપેક્ષિત છે કારણ કે ચરાચરની સૃષ્ટિમાં પરબ્રહ્મની જેમ હિરણ્યગર્ભ પણ કર્તા તરીકે શ્રુતિ-સ્મૃતિથી સિદ્ધ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આમ ચરાચરની સૃષ્ટિમાં પરબ્રહ્મને ભૌતિક સૃષ્ટિને અનુકૂલ વીક્ષણ ઉપરાંત તેનાથી અધિક વ્યાપારની જરૂર હોઈને આ કારણથી ચરાચરનો બ્રહ્મના સ્મિત તરીકે નિર્દેશ કર્યો છે. એ પણ મહાભૂતની સૃષ્ટિમાં જ વીક્ષણથી અધિક પ્રયત્નની અપેક્ષા હોય તો ન સંભવે. 'હિરણ્યગર્ભ દ્વારા' એમ જે વચન છે તેનો 'હિરણ્યગર્ભની ઉત્પત્તિની અપેક્ષાએ' એવો અર્થ છે. હિરણ્યગર્ભ સાક્ષાત્કર્તા છે અને બ્રહ્મ પ્રયોજકકર્તા (સૃષ્ટિ કરાવનારો છે) એવો અર્થ કરવાનો નથી, કારણ કે બ્રહ્મસૂત્રના દ્વિતીય અધ્યાયના અન્તિમ અધિકરણમાં પરમેશ્વર ભૌતિક સૃષ્ટિમાં પણ સાક્ષાત્ કર્તા છે એમ સિદ્ધ કર્યું છે. (બ્ર.સૂ. ૨ ૪. અધિ. ૯, સૂ. ૨૦—संज्ञामूर्तिक्लृप्तिस्तु त्रिवृत्कुर्वत उपदेशात्). **વાચસ્પતિ**નો શ્લોક બ્રહ્મની સ્તુતિને માટે છે.

**अपरे तु कार्यानुकूलस्रष्टव्यालोचनरूपज्ञानवत्त्वं कर्तृत्वं, न कार्यानुकूलज्ञानवत्त्वमात्रम् । शुक्तिरजतस्वाप्नभ्रमादिषु अध्यासानुकूलाधिष्ठानज्ञानवत्त्वेन जीवस्य कर्तृत्वप्रसङ्गात् । न चेष्टापत्तिः, 'अथ रथान् रथयोगान् पथः सृजते स हि कर्ता [बृहद्. उप. ४.३.१०], इत्यादिश्रुत्यैव जीवस्य स्वप्नप्रपञ्चकर्तृत्वोक्तेरिति वाच्यम् । भाष्यकारैः 'लाङ्गलं गवादीनुद्वहतीतिवत् कर्तृत्वोपचारमात्रं रथादिप्रतिभाननिमित्तत्वेन' इति व्याख्यातत्वाद् इत्याहुः ।**

જ્યારે **બીજા** કહે છે કે 'મારે આનું સર્જન કરવું જોઈએ' એ કાર્યાનુકૂલ આલોચનાત્મક જ્ઞાનવાળા હોવું એટલે(જ) કર્તા હોવું, માત્ર કાર્યાનુકૂલ જ્ઞાનવાળા હોવું તે નહિ, કારણ કે એમ હોય તો શુક્તિ–રજત, સ્વપ્ન-ભ્રમ વગેરેની બાબતમાં અધ્યાસને અનુકૂલ અધિષ્ઠાનના જ્ઞાનવાળા હોવાને લીધે જીવમાં કર્તૃત્વનો પ્રસંગ થશે. એવી દલીલ કરવી નહિ કે "આ ઇષ્ટાપત્તિ છે, કારણ કે 'પછી (સ્વપ્ન કાલમાં) રથ, અશ્વ, માર્ગ સર્જે છે, કારણ કે તે કર્તા છે' (બૃહદ્. ઉપ. ૪.૩.૧૦) ઇત્યાદિ શ્રુતિથી જ જીવને સ્વપ્નપ્રપંચનો કર્તા કહેવામાં આવ્યો છે." (આ દલીલ કરવી ન જોઈએ) કારણ કે ભાષ્યકારે વ્યાખ્યા કરી છે કે 'હળ ગાય વગેરેનું ઉદ્વહન કરે છે' એની જેમ કર્તૃત્વનો ઉપચાર માત્ર છે કેમ કે (જીવ) રથાદિના પ્રતિભાનમાં નિમિત્ત છે.'

**વિવરણ :** કર્તા બનવા માટે કાર્યને અનુકૂલ જ્ઞાન હોય એટલું પૂરતું નથી, પણ 'મારે આ કરવાનું છે કે કરવું જોઈએ 'એવું કાર્યને અનુકૂલ જે બનાવવાનું છે તેનું આલોચનાત્મક જ્ઞાન હોવું જોઈએ. જો જ્ઞાન હોય એ જ પૂરતું હોય તો શુક્તિ-રજતમાં અધ્યાસને અનુકૂલ અર્થાત્ જેનો અધ્યાસ થાય છે તે રજતને અનુકૂલ જે અધિષ્ઠાન–જ્ઞાન છે તે જીવમાં છે જ તેથી તેને શુક્તિરજતનો કે સ્વપ્નપ્રપચનો કર્તા માનવો પડે. એવી શંકા સંભવે છે કે આ ઇષ્ટાપત્તિ છે કારણ કે શ્રુતિમાં જ જીવને સ્વપ્નસૃષ્ટિનો કર્તા કહ્યો છે. પણ આ શંકા બરાબર નથી, કારણ કે જીવને ઉપચારથી કે ગૌણ રીતે સ્વપ્નપ્રપંચનો કર્તા કહ્યો છે. **શંકરાચાર્યે** પોતે આ સ્થળે કર્તૃત્વની ઔપચારિક કર્તૃત્વ તરીકે વ્યાખ્યા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરી છે. કોઈ એમ કહે કે 'હળ ગાય વગેરેનું ઉદ્દવહન કરે છે' તો તેનો વાચ્યાર્થ લઈ શકાય નહિ. ગાય વગેરે હળ ખાતાં નથી, તેથી હળ મુખ્ય અર્થમાં ગાય વગેરેનું ઉદ્દવહન કરનાર અર્થાત્ તેમને ટકાવી રાખનાર નથી. પણ હળ હોય તો ખેતી દ્વારા ગાય વગેરેની સ્થિતિમાં હેતુભૂત પરાળ વગેરે તેમના ખોરાકની પ્રાપ્તિ થાય છે તેથી કરીને ઉપચારથી કહ્યું છે કે હળ ગાય વગેરેનું ઉદ્દવહન કરે છે. તે જ રીતે સ્વપ્નના રથાદિ પદાર્થોની ઉપલબ્ધિમાં હેતુભૂત ધર્માદિનો જીવ કર્તા છે તેથી રથાદિના પ્રતિભાનમાં એ રીતે જીવ નિમિત્ત બને છે. એ દૃષ્ટિએ ઉપચારથી તેને સ્વપ્નસૃષ્ટિનો કર્તા કહ્યો છે એમ ભાષ્યકાર શંકરાચાર્યે વ્યાખ્યા કરી છે (બ્ર.સૂ. શાંકરભાષ્ય ૩.૨.૪). આથી વિવરણમાં જીવને સુખાદિનો કર્તા કહ્યો છે તે પણ ઉપચારથી કહ્યું છે એમ સ્પષ્ટ થાય છે; કારણ કે 'મારે સુખદુઃખાદિ સર્જવાનાં છે' એવું આલોચનાત્મક જ્ઞાન ન હોવા છતાં સુખાદિનું દર્શન થાય છે તેથી મુખ્ય કર્તૃત્વ સંભવે નહિ, એ ઔપચારિક કર્તૃત્વ જ હોઈ શકે. કલ્પતરુમાં વીક્ષણમાત્રથી સાધ્ય છે એમ કહ્યું છે ત્યાં પણ 'વીક્ષણ' થી 'મારે આ સર્જવાનું છે' એવું આલોચનરૂપ વીક્ષણ વિવક્ષિત છે તેથી તેની સાથે કોઈ વિરોધ નથી એવો ભાવ છે.

**अनेनैव निखिलप्रपञ्चरचनाकर्तृभावेनार्थसिद्धं सर्वज्ञत्वं ब्रह्मणः 'शास्त्रयोनित्वात्' (ब्र.सू. १.१.३) इत्यधिकरणे वेदकर्तृत्वेनापि समर्थितम् ॥ (८)**

આ સમગ્ર પ્રપંચ-રચનાના કર્તૃત્વથી જ બ્રહ્મમાં અર્થતઃ સિદ્ધ થયેલ સર્વજ્ઞત્વનું '(બ્રહ્મ સર્વજ્ઞ છે) કારણ કે શાસ્ત્રનો કર્તા છે' (બ્ર. સૂ. ૧.૧.૩) એ અધિકરણમાં વેદકર્તૃત્વથી પણ સમર્થન કરવામાં આવ્યું છે. (૮)

**વિવરણ** : 'जन्माद्यस्य यतः' (બ્ર. સૂ. ૧.૧.૨) એ સૂત્રથી સમગ્ર જગત્નો કર્તા હોઈને ઉપાદાન છે એમ બ્રહ્મન્‌નું લક્ષણ આપ્યું છે તેથી બ્રહ્મનું સર્વજ્ઞત્વ અર્થતઃ સિદ્ધ થાય છે કારણ કે સર્વજ્ઞત્વ વિના બ્રહ્મ સમગ્ર જગત્સૃષ્ટિનો ઉત્પત્તિ–સ્થિતિ–સંહાર–કર્તા હોઈ શકે નહિ. બ્ર.સૂ. ૧.૧.૩માં તો બ્રહ્મને વેદનો કર્તા કહીને તેના સર્વજ્ઞત્વની સીધી જ સિદ્ધિ કરી છે. આમ પૂર્વ સૂત્રમાં જે અર્થતઃ સિદ્ધ હતું તેની અહીં સિદ્ધિ કરી છે. પૂર્વ સૂત્રનું તાત્પર્ય બ્રહ્મના લક્ષણપરક છે, સર્વજ્ઞત્વપરક નથી તેથી ત્યાં સર્વજ્ઞત્વ અર્થતઃ સિદ્ધ છે કારણ કે તેના વિના બ્રહ્મ જગત્નો ઉત્પત્તિ–સ્થિતિ–સંહાર કરનાર બને નહિ. જ્યારે બ્ર.સૂ. ૧.૧.૩ તો સર્વજ્ઞત્વ સિદ્ધ કરવા માટે જ છે. 'બ્રહ્મ સર્વજ્ઞ છે કારણ કે શાસ્ત્રનો કર્તા છે' એવી સૂત્ર યોજના છે. (૮)

**(९) अथ कथं ब्रह्मणः सर्वज्ञत्वं सङ्गच्छते, जीववदन्तःकरणाभावेन ज्ञातृत्वस्यैवायोगात् ।**

**अत्र सर्ववस्तुविषयसकलप्राणिधीवासनोपरक्ताज्ञानोपाधिक ईश्वरः ।**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अतस्तस्य सर्वविषयवासनासाक्षितया सर्वज्ञत्वमिति भारतीतीर्थादिपक्षः प्रागेव दर्शितः ।

प्रकटार्थकारास्त्वाहुः—यथा जीवस्य स्वोपाध्यन्तःकरणपरिणामाश्चैतन्यप्रतिबिम्बग्राहिण इति तद्योगात् ज्ञातृत्वम् एवं ब्रह्मणः स्वोपाधिमायापरिणामाश्चित्प्रतिबिम्बग्राहिणस्सन्तीति तत्प्रतिबिम्बितैः स्फुरणैः कालत्रयवर्तिनोऽपि प्रपञ्चस्यापरोक्षेणावकलनात् सर्वज्ञत्वमिति ।

(૯) હવે પ્રશ્ન થાય કે બ્રહ્મમાં સર્વજ્ઞત્વની સંગતિ કેવી રીતે છે, કારણ કે જીવની જેમ તેને અન્તઃકરણ નથી તેથી જ્ઞાતૃત્વ જ સંભવતું નથી.

અહીં (આ આક્ષેપના સમાધાનમાં) **ભારતીતીર્થ** વગેરેનો પક્ષ પહેલાં જ બતાવી દીધો છે કે સર્વ વસ્તુ વિષયક સકલ પ્રાણીઓના જ્ઞાનની વાસનાથી ઉપરક્ત અજ્ઞાનથી ઉપહિત (આવું અજ્ઞાન જેની ઉપાધિ છે તે) (ચૈતન્ય) તે ઈશ્વર. તેથી સર્વ વસ્તુ વિષયક વાસનાઓનો સાક્ષી હોઈને તે સર્વજ્ઞ છે.

જ્યારે **પ્રકટાર્થકાર** કહે છે કે જેમ પોતાના (જીવના) ઉપાધિરૂપ અન્તઃકરણના પરિણામો (વૃત્તિઓ) ચૈતન્યના પ્રતિબિંબને ગ્રહણ કરનારાં છે તેથી તેમના યોગથી જીવ જ્ઞાતા છે, તેમ પોતાની (બ્રહ્મની) ઉપાધિરૂપ માયાનાં પરિણામો ચિત્ના પ્રતિબિંબને ગ્રહણ કરનારાં છે તેથી તેમાં પ્રતિબિંબિત થતાં સ્ફુરણોથી ત્રણે કાળમાં રહેલા પ્રપંચનું અપરોક્ષ રીતે અવકલન થાય છે (પ્રપંચને અપરોક્ષ રીતે વિષય બનાવવામાં આવે છે) **તેથી** બ્રહ્મ **સર્વજ્ઞ** છે.

**વિવરણ** : બ્રહ્મને શ્રુતિ સ્પષ્ટ શબ્દોમાં સર્વજ્ઞ કહે છે—'यः सर्वज्ञस्सर्ववित्' (મુંડક ૧.૧.૯) 'गुणी सर्वविद्' (શ્વેતા. ૬.૨) ઇત્યાદિ. તેમ છતાં શ્રુતિમાં કહેલા સર્વજ્ઞત્વના જ્ઞાનને દૃઢ કરવા માટે સર્વજ્ઞત્વનો વિચાર અહીં કર્યો છે. શંકા સંભવે છે કે જીવ જ્ઞાતા છે અર્થાત્ પોતાના ઉપાધિરૂપ અન્તઃકરણની વૃત્તિરૂપ જ્ઞાનનો એ આશ્રય છે એ પ્રમાણથી સિદ્ધ છે. પણ બ્રહ્મને તો અન્તઃકરણ જ નથી તેથી તેમાં જ્ઞાતૃત્વનો જ સંભવ નથી. અને જ્ઞાતૃત્વ જ ન હોય તો સર્વજ્ઞત્વ ક્યાંથી સંભવે કારણ કે જ્ઞાતૃત્વ વ્યાપક છે અને સર્વજ્ઞત્વ તેનાથી વ્યાપ્ય છે —જ્યાં સર્વજ્ઞત્વ હોય ત્યાં જ્ઞાતૃત્વ હોવું જ જોઈએ, પણ જ્ઞાતૃત્વ હોય ત્યાં સર્વજ્ઞત્વ ન પણ હોય બ્રહ્મને અન્તઃકરણરૂપ ઉપાધિ નથી કારણ કે कार्योपाधिरयं जीवः (કાર્યરૂપ ઉપાધિવાળો આ જીવ) એ શ્રુતિ પ્રમાણે અન્તઃકરણ જીવની જ ઉપાધિ છે. આ શંકાનું સમાધાન કરતાં **ભારતીતીર્થ** કહે છે કે અન્તઃકરણો જીવોનાં ઉપાધિભૂત હોય તો પણ સર્વ વસ્તુ વિષયક સર્વ પ્રાણીઓનાં જ્ઞાનની વાસનાઓથી ઉપરક્ત અજ્ઞાનરૂપ ઉપાધિવાળો તે ઈશ્વર. સર્વ વસ્તુ વિષયક વાસનાઓનો સાક્ષી હોઈને અર્થાત્ પોતાની ઉપાધિભૂત વાસનાઓની વિષયભૂત સર્વ વસ્તુઓનો અવભાસક હોઈને ઈશ્વર સર્વજ્ઞ છે. આ મતનું પ્રતિપાદન અગાઉ કર્યું છે. (જુઓ પૃ. ૭૭)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**પ્રકટાર્થવિવરણ**ના કર્તાએ જુદી રીતે સમાધાન કર્યું છે. જેમ જીવમાં જ્ઞાતૃત્વની પ્રયોજક ઉપાધિ અન્તઃકરણ છે તેમ બ્રહ્મમા સર્વજ્ઞત્વની પ્રયોજક ઉપાધિ માયા છે; માયોપાધિક બ્રહ્મમાં સર્વજ્ઞત્વનું વ્યાપક જ્ઞાતૃત્વ નથી એમ નહીં. તે જ્ઞાતા છે તેથી સર્વજ્ઞ પણ બની શકે છે. 'मायिनम्' જેવાં શ્રુતિવચનોથી અને ' मायोपाधिर्जगद्योनिः सर्वज्ञत्वादिलक्षणः ' એ વાક્યવૃત્તિ (શ્લોક ૪૫)ના વચનથી માયા ઈશ્વરની ઉપાધિ છે એ સિદ્ધ થાય છે—જેમાં સર્વજ્ઞત્વ, સર્વનિયન્તૃત્વ, સર્વાત્મકત્વ લક્ષણો અર્થાત્ અસાધારણ ધર્મો હોય તે 'सर्वज्ञत्वादिलक्षणः'. જુઓ एका तावदनाद्यनिर्वाच्या भूतप्रकृतिश्चिन्मात्रसम्बन्धिनी माया । तस्यां चित्प्रतिबिम्ब ईश्वरः तत्परिणामैरेव सर्वज्ञत्वादिमान् (प्रकटार्थविवरण, पृ. ३); જુઓ ૪.૪.૭

तत्त्वशुद्धिकारास्तूक्तरीत्या ब्रह्मणो विद्यमाननिखिलप्रपञ्चसाक्षात्कार-सम्भवात् तज्जनितसंस्कारवत्तया च स्मरणोपपत्तेरतीतसकलवस्त्ववभाससिद्धिः। सृष्टेः प्राङ् मायायाः सृज्यमाननिखिलपदार्थस्फुरणरूपेण जीवादृष्टानुरोधेन विवर्तमानत्वात् तत्साक्षितया तदुपाधिकस्य ब्रह्मणोऽपि तत्साधकत्वसिद्धेः अनागतवस्तुविषयविज्ञानोपपत्तिरिति सर्वज्ञत्वं समर्थयन्ते ।

**તત્ત્વશુદ્ધિકાર** તો બ્રહ્મના સર્વજ્ઞત્વનું સમર્થન આ પ્રમાણે કરે છે: પૂર્વોક્ત રીતે વિદ્યમાન સંપૂર્ણ પ્રપંચના સાક્ષાત્કારનો સંભવ છે અને તેથી તેનાથી ઉત્પન્ન કરવામાં આવેલા સંસ્કારનો આશ્રય હોવાથી સ્મરણની ઉપપત્તિ છે માટે ભૂતકાલીન સર્વ વસ્તુના અવભાસની સિદ્ધિ છે. સૃષ્ટિની પહેલાં માયા સૃજયમાન સર્વ પદાર્થના સ્ફુરણરૂપે, જીવોના અદૃષ્ટ અનુસાર, વિવર્તમાન (અર્થાત્ પરિણામ પામતી) હોઈને તેના સાક્ષી તરીકે માયોપાધિક હોઈને બ્રહ્મમાં પણ તેના સાધકત્વની સિદ્ધિ છે તેથી અનાગત (ભવિષ્યની) વસ્તુવિષયક વિજ્ઞાનની ઉપપત્તિ છે. (આમ બ્રહ્મમાં સર્વજ્ઞત્વ સંભવે છે).

**વિવરણ : પ્રકટાર્થ**કારના મતાનુસાર અતીત અને અનાગત પ્રપંચવિષયક પણ ઈશ્વરનું માયાવૃત્તિપ્રતિબિંબરૂપ જ્ઞાન અપરોક્ષ છે. જ્યારે **તત્ત્વશુદ્ધિકાર** માને છે કે અતીતાદિ વિષે તો જીવની જેમ ઈશ્વરને પણ પરોક્ષજ્ઞાન જ હોઈ શકે. લોકમાં જોઈએ છીએ કે પ્રત્યક્ષ જ્ઞાનનો સ્વભાવ જ એવો છે કે તે વર્તમાન વસ્તુ વિષયક જ હોય છે અને આ અનુભવસિદ્ધ સ્વભાવનું ઉલ્લંઘન કરવા માટે કોઈ કારણ નથી. શાસ્ત્ર ઈશ્વરના સર્વજ્ઞત્વનું પ્રતિપાદન કરે છે પણ ઈશ્વરના જ્ઞાનના પરોક્ષત્વ કે અપરોક્ષત્વ અંગે તે ઉદાસીન છે. ઈશ્વરને પણ વિદ્યમાન વસ્તુના સાક્ષાત્કારથી ઉત્પન્ન કરવામાં આવેલા સંસ્કાર હોઈ શકે તેથી અતીત પદાર્થોનું સ્મરણ સંભવે છે. અનાગત વસ્તુનું પણ જ્ઞાન સંભવે છે સૃષ્ટિની પહેલાં જીવોનાં અદૃષ્ટાનુસાર સૃજ્યમાન સર્વ પદાર્થોની વૃત્તિરૂપે માયા પરિણામ પામે છે અને આ માયાવૃત્તિમાં પ્રતિબિંબિત થતો હોઈને તેના સાક્ષી માયોપાધિક બ્રહ્મમાં પણ માયાની વૃત્તિની પ્રતિ કર્તૃત્વની સિદ્ધિ થાય છે. આમ બ્રહ્મમાં અનાગત વસ્તુવિષયક વૃત્તિપ્રતિબિંબરૂપ જ્ઞાનની ઉપપત્તિ છે. ઈશ્વરને ત્રણે કાળના સકલ પ્રપંચનું જ્ઞાન હોઈને તે સર્વજ્ઞ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

कौमुदीकृतस्तु वदन्ति—स्वरूपज्ञानेनैव ब्रह्मणः स्वसंसृष्टसर्वावभासकत्वात् सर्वज्ञत्वम् । अतीतानागतयोरप्यविद्यायां चित्रभित्तौ विमृष्टानुन्मीलितचित्रवत् संस्कारात्मना सत्त्वेन तत्संसर्गस्याप्युपपत्तेः । न तु वृत्तिज्ञानैस्तस्य सर्वज्ञत्वम् । 'तमेव भान्तमनुभाति सर्वम्' (कठ ५.२५; मुण्डक २.२.११; श्वेता. ६.१४) इति सावधारणश्रुतिविरोधात् सृष्टेः प्रागेकमेवाद्वितीयमित्यवधारणानुरोधेन महाभूतानामिव वृत्तिज्ञानानामपि प्रलयस्य वक्तव्यतया ब्रह्मणस्तदा सर्वज्ञत्वाभावापत्त्या प्राथमिकमायाविवर्तरूपे ईक्षणे तत्पूर्वके महाभूतादौ च स्रष्टृत्वाभावप्रसङ्गाच्च । एवं सति ब्रह्मणस्सर्वविषयज्ञानात्मकत्वमेव स्यात्, न तु सर्वज्ञातृत्वरूपं सर्वज्ञत्वमिति चेत्, सत्यम् । सर्वविषयज्ञानात्मकमेव ब्रह्म, न तु सर्वज्ञानकर्तृत्वरूपं ज्ञातृत्वमस्ति । अत एव 'वाक्यान्वयात्' (ब्र.सू. १.४.१९) इत्यधिकरणे विज्ञातृत्वं जीवलिङ्गमित्युक्तं भाष्यकारैः । 'यस्सर्वज्ञः' (मुण्डक उप. २.२.९) इत्यादिश्रुतिरपि तस्य ज्ञानरूपत्वाभिप्रायेणैव योजनीयेति ।

જ્યારે કૌમુદીકાર કહે છે કે સ્વરૂપજ્ઞાનથી જ પોતાની સાથે સંસૃષ્ટ સર્વ વસ્તુનો અવભાસક હોવાને કારણે બ્રહ્મ સર્વજ્ઞ છે, કારણ કે જેમ ચિત્રભિત્તિમાં વિમૃષ્ટ અને તેથી અનભિવ્યક્ત ચિત્રો સંસ્કારરૂપે હોય છે તેમ અતીત અને અનાગત પદાર્થ પણ અવિદ્યામાં સંસ્કારરૂપે હોય છે તેથી તેમની સાથે પણ સંસર્ગની ઉપપત્તિ છે (અને તત્સંસૃષ્ટ બ્રહ્મ સર્વજ્ઞ છે). પણ વૃત્તિજ્ઞાનોથી તે સર્વજ્ઞ નથી, કારણ કે એમ માનતાં 'પ્રકાશતા તેની જ પાછળ બધું પ્રકાશે છે' એ અવધારણ (एव)યુક્ત શ્રુતિનો વિરોધ થાય, અને 'એક જ અદ્વિતીય,' એ અવધારણને માન્ય રાખીને સૃષ્ટિની પહેલાં મહાભૂતોની જેમ વૃત્તિજ્ઞાનોનો પણ પ્રલય કહેવો પડવાનો છે તેથી ત્યારે (વૃત્તિના અભાવમાં) બ્રહ્મના સર્વજ્ઞત્વના અભાવની આપત્તિ થાય (બ્રહ્મમાં સર્વજ્ઞત્વનો અભાવ માનવો પડે) અને તેથી પ્રાથમિક માયાના વિવર્તરૂપ ઈક્ષણની બાબતમાં તથા તત્પૂર્વક (ઈક્ષણપૂર્વક કરેલા) મહાભૂતાદિની બાબતમાં સ્રષ્ટૃત્વના અભાવનો પ્રસંગ આવે (—બ્રહ્મને ઈક્ષણનો કર્તા, અને ઈક્ષણ જેના પૂર્વમાં છે તેવા મહાભૂત આદિની સૃષ્ટિમાં સ્રષ્ટા માની શકાય નહિ.)

(શંકા) આમ હોય તો (અર્થાત્ સ્વરૂપજ્ઞાનથી જ સર્વજ્ઞત્વનું સમર્થન થતું હોય તો—) બ્રહ્મ સર્વવિષયજ્ઞાનાત્મક જ હોય; સર્વજ્ઞત્વને સર્વજ્ઞાતૃત્વરૂપ માની શકાય જ નહિ. આવી શંકા કોઈ કરે તો તેનો ઉત્તર છે કે સાચું છે. બ્રહ્મ સર્વવિષયજ્ઞાનાત્મક જ છે; બ્રહ્મનું સર્વજ્ઞાનકર્તૃત્વરૂપ જ્ઞાતૃત્વ નથી જ (—જ્ઞાતા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે એટલે સર્વજ્ઞાનનો કર્તા છે એમ નથી સમજવાનું). તેથી જ 'वाक्यान्वयात्' (વાક્યના અન્વયને લીધે) (બ્ર. સૂ. ૧.૪.૧૯) એ અધિકરણમાં ભાષ્યકારે કહ્યું છે કે વિજ્ઞાતૃત્વ (વિજ્ઞાતા હોવું) એ જીવનું લિંગ છે. 'જે સર્વજ્ઞ છે' ઇત્યાદિ શ્રુતિની પણ તેના જ્ઞાનરૂપ હોવાના અભિપ્રાયથી જ યોજના કરવી જોઈએ.

**વિવરણ** : અગાઉના બે મતો દ્વારા જીવની જેમ બ્રહ્મની બાબતમાં પણ સર્વજ્ઞત્વ ચૈતન્યના પ્રતિબિંબથી યુક્ત વૃત્તિ-જ્ઞાનોથી છે એવું નિરૂપણ કર્યું. હવે બ્રહ્મનું સર્વજ્ઞત્વ સ્વરૂપજ્ઞાનથી જ છે એવું નિરૂપણ કરે છે. આ મત **કૌમુદીકાર**નો છે. બ્રહ્મ સ્વરૂપજ્ઞાનથી જ પોતાની સાથે સંસૃષ્ટ સર્વનો અવભાસક છે અને તેથી સર્વજ્ઞ છે. પ્રલયકાળમાં અને સૃષ્ટિની પહેલાંના કાળમાં અતીત અને અનાગત પ્રપંચ હોતો નથી તો બ્રહ્મ કેવી રીતે સર્વજ્ઞ હોઈ શકે એવી શંકા કરવી નહિ, કારણ કે **સૂત્રકારે** અને **ભાષ્યકારે** દેવતાધિકરણ (બ્ર.સૂ. ૧.૩.૨૬)માં સિદ્ધ કર્યું છે કે અતીત પ્રપંચ પ્રલયકાળમાં સંસ્કારરૂપે હોય છે અને આરંભણાધિકરણમાં (બ્ર.સૂ. ૨.૧.૧૪)માં સિદ્ધ કર્યું છે કે સૃષ્ટિના પૂર્વકાળમાં અનાગત પ્રપંચ સંસ્કારરૂપે હોય છે તેથી ત્યારે પણ બ્રહ્મ-ચૈતન્ય અતીતાદિ વસ્તુના સંસર્ગમાં હોવાથી સર્વજ્ઞત્વની સિદ્ધિ થાય છે.

વ્યાખ્યાકાર **કૃષ્ણાનંદ** આનું વિવેચન કરતાં કહે છે કે એટલું અહીં ધ્યાનમાં રાખવું કે સ્થૂલ પ્રપંચનું અસ્તિત્વ હોય ત્યારે સંસ્કારાત્મક સૂક્ષ્મ પ્રપંચ નથી હોતો અને પ્રલયકાળ વગેરેમાં સ્થૂલ પ્રપંચ નથી હોતો તેથી બ્રહ્મચૈતન્યનો સદા સર્વ પ્રપંચ સાથે સંસર્ગ નથી હોતો તેથી તેનું અસંકુચિત સર્વજ્ઞત્વ સદા સંભવતું નથી.

तमेव भान्तमनु भाति सर्वम् (કઠ. ૫.૧૫; મુંડક ૨.૨.૧૫; શ્વેતા ૬.૧૪) એ શ્રુતિમાં અવધારણ છે તે એમ બતાવે છે કે જગત્ સ્વપ્રકાશ આત્માથી અતિરિક્ત કોઈથી અવભાસિત થતું નથી, અર્થાત્ સ્વરૂપજ્ઞાનથી જ અવભાસિત છે; વૃત્તિજ્ઞાનની અપેક્ષા નથી. અહીં પણ વ્યાખ્યાકાર **કૃષ્ણાનંદ** કહે છે કે એ વિચારવા જેવું છે કે બ્રહ્મચૈતન્યને જગત્‌ના અવભાસન માટે માયાવૃત્તિની અપેક્ષા રહે તો શ્રુતિમાંના અવધારણ (एव) નો વિરોધ થાય એમ કહ્યું છે. એવું જો હોય તો જીવચૈતન્યને ઘટાદિના અવભાસનને માટે અન્તઃકરણવૃત્તિની અપેક્ષા રહે છે તેમાં પણ તેનો વિરોધ તો છે જ ને! અને જો એમ દલીલ કરવામાં આવે કે અન્તઃકરણવૃત્તિઓ જડ છે તેથી તેમની અપેક્ષા રહેતી હોય તો પણ સર્વ જડ વસ્તુ ચૈતન્યમાત્રથી અવભાસ્ય છે એવો જે અવધારણયુક્ત શ્રુતિનો અર્થ છે તેનો બાધ થતો નથી —તો આ સમાધાન માયાવૃત્તિની અપેક્ષા બ્રહ્મચૈતન્યને રહે તેને પણ સમાન રીતે લાગુ પડે.

આ મતાનુસાર વૃત્ત્યનપેક્ષ બ્રહ્મ સ્વરૂપજ્ઞાનથી જ સર્વાવભાસક હોઈને સર્વજ્ઞ છે. આમ ન હોય તો સૃષ્ટિની પહેલાં 'एकमेवाद्वितीयम्' (છા ૬ ૨.૧) એ શ્રુતિમાંના અવધારણને ધ્યાનમાં રાખીને એમ સ્વીકારવું જ જોઈએ કે સૃષ્ટિની પહેલાં મહાભૂતોની જેમ વૃત્તિજ્ઞાનોનો પણ અભાવ હતો અને જો સર્વજ્ઞત્વને માટે વૃત્તિની અપેક્ષા હોય જ તો ત્યારે બ્રહ્મનું સર્વજ્ઞત્વ સંભવે નહિ. અને એ સંજોગોમાં 'तदैक्षत' શ્રુતિમાં બ્રહ્મે ઈક્ષણ કર્યું એમ કહ્યું છે તે ભૂતસૃષ્ટિને અનુકૂળ ઈક્ષણ પ્રતિ બ્રહ્મનું કર્તૃત્વ, અને એ ઈક્ષણપૂર્વક ભૂતાદિ પ્રત્યે બ્રહ્મનું કર્તૃત્વ સંભવે નહિ. માટે સ્વરૂપજ્ઞાનથી જ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બ્રહ્મ સર્વજ્ઞ છે એમ સ્વીકારવું જોઈએ. કૃષ્ણાનંદ કહે છે કે આને વિષે પણ એ વિચારવા જેવું છે કે આમ હોય તો પણ સૃષ્ટિના પૂર્વ કાળમાં બ્રહ્મચૈતન્ય ઉપરાંત માયા, તેનો સંબંધ વગેરે હોય છે તેથી અદ્વિતીયત્વ અંગે જે અવધારણ છે તેને મુખ્ય માની ન શકાય. એવી દલીલ કરી શકાય કે માયા વગેરે અનાદિ છે એવું પ્રતિપાદન શ્રુતિ આદિ કરે છે તેથી ઉપર્યુક્ત શ્રુતિમાંના અવધારણનો એવો અર્થ સમજવો જોઈએ કે વ્યાકૃત કાર્યરૂપ કોઈ દ્વિતીય નહોતું. પણ આની સામે એવી દલીલ થઈ જ શકે કે સર્વદા સર્વ-વિષયક જ્ઞાનના કર્તા હોવારૂપ સર્વજ્ઞત્વનું પ્રતિપાદન કરનાર શ્રુતિ આદિ છે તેથી સર્વજ્ઞત્વને શક્ય બનાવનાર માયાવૃત્તિ–સંતતિથી અતિરિક્ત કોઈ કાર્ય નથી એવો અવધારણપરક અર્થ 'અદ્વિતીય' એ વચનનો કરવો જોઈએ. આ કલ્પના પણ પહેલાંની કલ્પના જેવી જ છે. માયાવૃત્તિઓથી સર્વજ્ઞત્વનું સમર્થન જ ભાષ્યને સંમત છે. શંકરાચાર્ય ઈક્ષત્યધિકરણના ભાષ્યમાં કહે છે કે અવિદ્યા આદિવાળા સંસારી (જીવ)ને શરીરાદિની અપેક્ષાએ જ્ઞાનની ઉત્પત્તિ ભલે થાય, પણ જ્ઞાનમાં પ્રતિબંધક બને એવા કારણરહિત ઈશ્વરની બાબતમાં એવું નથી. તેમનો કહેવાનો આશય એ છે કે જીવની બાબતમાં જ વૃત્તિજ્ઞાનની ઉત્પત્તિ શરીરાદિથી સાધ્ય છે, જ્યારે ઈશ્વરની બાબતમાં માયાવૃત્તિરૂપ જ્ઞાનની ઉત્પત્તિને માટે શરીરાદિની અપેક્ષા નથી. આમ સૃષ્ટિની પહેલાં તેમ જ પ્રલયકાળમાં ઈશ્વરનું માયાવૃત્તિ રૂપ ઈક્ષણ અને સદા સર્વજ્ઞત્વ સંભવે છે એવું સમાધાન શંકરાચાર્યે સાંખ્યોની શંકાનો ઉત્તર આપતાં કર્યું છે. સૌ વ્યાખ્યાકારોએ આ ભાષ્યનો આ જ રીતે અર્થ ઘટાવ્યો છે. ભાષ્યમાં જ્ઞાનમાં પ્રતિબંધક કારણની વાત કરી છે તે અવિદ્યા આદિ એમ માનવું.

કૃષ્ણાનંદને કૌમુદીકારની દલીલો સ્વીકાર્ય લાગતી નથી.

બ્રહ્મનું સર્વજ્ઞત્વ એટલે સર્વવિષયજ્ઞાનાત્મકત્વ; બ્રહ્મનુ સર્વજ્ઞાનકર્તૃત્વરૂપ જ્ઞાતૃત્વ નથી— એમ કહ્યું છે તેનું વિવેચન કરતાં વ્યાખ્યાકાર કૃષ્ણાનંદ કહે છે કે જો કે જ્ઞાતૃત્વ સામાન્યરૂપ છે જ્યારે સર્વજ્ઞાનકર્તૃત્વ વિશેષરૂપ છે તેથી તેમનો અભેદ સંભવતો નથી, તો પણ બ્રહ્મ જ્ઞાતા નથી એમ બતાવવાનું જ તાત્પર્ય છે, નહિ કે તેમના અભેદનું પણ કથન કરવાનું તેથી કોઈ વિરોધ નથી.

वाक्यान्वयात् એ અધિકરણ (બ્ર.સૂ. ૧.૪.૧૯) માં आत्मनस्तु कामाय सर्वं प्रियं भवतीत्यात्मा वा अरे द्रष्टव्यः (બૃહદ. ઉપ. મૈત્રેયીબ્રાહ્મણ ૨.૪.૫; ૪.૫.૬) એ શ્રુતિવચનની મીમાંસા કરતાં શંકા કરી છે કે અહીં જીવનો દ્રષ્ટવ્ય તરીકે ઉપદેશ છે કે પ્રત્યગાત્માથી અભિન્ન પરમાત્મા જે પ્રપંચરહિત સ્વભાવવાળો છે તેનો. પૂર્વપક્ષી દલીલ કરે છે કે પૂર્વ વાક્યમાં ભોક્તા જીવની વાત છે અને ઉપસંહારમાં પણ विज्ञातारमरे केन विजानीयात् (બૃહદ. ૨.૪.૧૪; ૪.૫.૧૫) એમ વિજ્ઞાતૃત્વનો ઉલ્લેખ છે તેથી અહીં જીવનો જ દ્રષ્ટવ્ય તરીકે ઉપદેશ છે. જ્યારે સિદ્ધાન્તીનું મંતવ્ય છે કે પ્રત્યગભિન્ન પરમાત્માનો જ દ્રષ્ટવ્ય તરીકે ઉપદેશ છે, કારણ કે વાક્યનો અન્વય બ્રહ્મપરક છે. અહીં આત્માના જ્ઞાનથી સર્વ વિદિત થાય છે એવુ પ્રતિપાદન કર્યું છે. સર્વના અધિષ્ઠાનરૂપ બ્રહ્મપરક અર્થ લઈએ, તો જ આ ઉપપન્ન બને, જીવપરક લઈએ તો નહિ. 'इदं सर्वं यदयमात्मा' વગેરે વાક્યો સર્વાત્મક બ્રહ્મપરક તાત્પર્યનું પ્રતિપાદન કરનાર તરીકે અન્વિત દેખાય છે. 'आत्मनस्तु कामाय सर्वं प्रियं भवति' એ પૂર્વવાક્યમાં જીવનો પરામર્શ કર્યો છે તે તો લોકસિદ્ધ ભોક્તાનો અનુવાદ (જાણીતી વાતનું પુનઃ રટણ) છે, તેનો શુદ્ધ બ્રહ્મરૂપે દ્રષ્ટવ્ય તરીકે ઉપદેશ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આપવા માટે. विज्ञातारम्...એ વાક્ય જીવના વિજ્ઞાતૃત્વરૂપ ધર્મનું પ્રતિપાદન નથી કરતું, કારણ કે વાક્ય મુક્ત જીવપરક છે અને ઉપાધિ રહિત મુક્ત જીવમાં વિજ્ઞાતૃત્વનો સંભવ નથી, પણ મુક્ત થયા પહેલાં તે વિજ્ઞાતા હતો તે રીતે તેનો માત્ર અનુવાદ કર્યો છે. આ વાક્ય સ્વતંત્રપણે કોઈ અર્થની સિદ્ધિ કરતું નથી. તેથી બૃહદારણ્યક ઉપનિષદ્‌ના મૈત્રેયી-બ્રાહ્મણનો સમન્વય પ્રત્યગભિન્ન નિર્વિશેષ અને દ્રષ્ટવ્ય એવા બ્રહ્મપરક છે એમ સિદ્ધ થાય છે. જો જીવની જેમ બ્રહ્મ પણ જ્ઞાતા હોય તો **શંકરાચાર્યે** વિજ્ઞાતૃત્વનો જીવના લિંગ તરીકે ઉપદેશ ન કર્યો હોત, પણ તેવું કર્યું છે તે બતાવે છે કે બ્રહ્મ જ્ઞાતા નથી. **કૌમુદીકાર**ના મતે બ્રહ્મ સર્વજ્ઞ છે અર્થાત્ સર્વવિષયજ્ઞાનાત્મક છે એ અર્થમાં સર્વજ્ઞવિષયક શ્રુતિઓ યોજવી જોઈએ.

**यद्यपि ब्रह्म स्वरूपचैतन्येनैव स्वसंसृष्टसर्वावभासकं, तथापि तस्य स्वरूपेणाकार्यत्वेऽपि दृश्यावच्छिन्नरूपेण तु ब्रह्मकार्यत्वात् । 'यस्सर्वज्ञः (मुण्डक. १.१.९) इति ज्ञानजननकर्तृत्वश्रुतेरपि न कश्चिद्विरोध इति आचार्यवाचस्पतिमिश्राः ॥९॥**

જો કે બ્રહ્મ સ્વરૂપભૂત ચૈતન્યથી જ (અર્થાત્ માયાવૃત્તિઓથી નહિ) પોતાની સાથે સંસર્ગમાં આવતા સર્વનું અવભાસન કરે છે તો પણ તે (સ્વરૂપચૈતન્ય) સ્વરૂપથી કાર્ય ન હોવા છતાં દૃશ્યાવચ્છિન્નરૂપથી તો તે બ્રહ્મનું કાર્ય છે. તેથી 'यः सर्वज्ञः' એમ જે જ્ઞાનજનનકર્તૃત્વ (જ્ઞાનોત્પત્તિ પ્રતિ ઈશ્વરના કર્તૃત્વ) વિષે શ્રુતિ છે તેનો પણ કોઈ વિરોધ નથી એમ આચાર્ય વાચસ્પતિમિશ્ર કહે છે (૯).

**વિવરણ** : **કૌમુદીકાર**ના મતમાં કેટલીક મુશ્કેલીઓ જણાય છે. સર્વ વેદાંતોનું લક્ષ્ય નિત્યચૈતન્યમાત્ર છે તેથી सर्वज्ञः માંના ज्ञा ધાતુથી વાચ્ય બની શકે નહિ અને તેથી (ज्ञा) પ્રકૃતિનો વાચ્યાર્થ વિશિષ્ટ ચૈતન્ય એવો લેવો જોઈએ. આ વિશિષ્ટ ચૈતન્ય કાર્ય તરીકે સંભવે છે તેથી सर्वज्ञःમાંના પ્રત્યયના વાચ્યાર્થ કર્તૃત્વ સાથે વિરોધ નથી. બ્રહ્મમાં સર્વજ્ઞાનકર્તૃત્વની પ્રતિપાદક શ્રુતિ છે તેની ઉપપત્તિની ખાતર ઈશ્વરમાં જ્ઞાતૃત્વ માનવું જોઈએ. **શંકરાચાર્યે** વાક્યાન્વયાધિકરણ (બ્ર.સૂ. ૧.૪ ૧૯–૨૨)ના ભાષ્યમાં વિજ્ઞાતૃત્વનો જીવના લિંગ તરીકે ઉલ્લેખ કર્યો છે તે તો માત્ર સિદ્ધાન્તને સ્વીકાર્ય નિર્વિશેષ બ્રહ્મથી તેની વ્યાવૃત્તિ કરવા માટે. શંકરાચાર્યે પોતે ઈક્ષત્યધિકરણ (બ્ર.સૂ. ૧.૧.૫–૧૧)ના ભાષ્યમાં ઈશ્વરનું મુખ્ય અર્થમાં સર્વવિષયક જ્ઞાનકર્તા તરીકે પ્રતિપાદન કર્યું છે. આમ ઈશ્વરને જ્ઞાનકર્તા માનીએ તો કોઈ વિરોધ નથી અને કારણ વિના सर्वज्ञः માં પ્રત્યયનો પોતાનો અર્થ (પ્રત્યયાર્થ जानाति इति ज्ञ; — ज्ञा + तृ) ત્યાગવાની જરૂર ઊભી થતી નથી. આમ **કૌમુદીકાર**નો મત વજૂદ-વાળો ન લાગતાં **અપ્પય્યદીક્ષિત વાચસ્પતિમિશ્ર**નો મત રજૂ કરે છે. બ્રહ્મ સ્વરૂપચૈતન્યથી જ સર્વ વસ્તુનું અવભાસન કરે છે, માયાવૃત્તિથી નહિ આમ માનતાં પ્રત્યયના અર્થનો બાધ નહીં થાય?—એવી શંકા થાય. તેનો ઉત્તર આપતાં કહે છે કે સ્વરૂપ તરીકે ચૈતન્ય કાર્ય ન હોવા છતાં, દૃશ્યથી અવચ્છિન્ન તરીકે તો તે બ્રહ્મકાર્ય છે તેથી કોઈ વિરોધ નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અહીં શંકા થાય કે અનાદિમાયારૂપ દૃશ્યથી અવચ્છિન્ન ચૈતન્ય ઉપર કહ્યા પ્રમાણે પણ કેવી રીતે કાર્ય હોઈ શકે? પણ આ શંકા બરાબર નથી કારણ કે માયા અનાદિ હોવા છતાં તેનાં ભિન્ન ભિન્ન કાર્યો સાથે તેનું તાદાત્મ્ય છે, તેથી માયાદિથી અવચ્છિન્ન ચૈતન્યને પણ કાર્ય માની જ શકાય (જુઓ **ભામતી** ૧.૧.૫). (૯)

(૧૦) ઉપર કહ્યું તેમ ઈશ્વરને વિષયના અવભાસન માટે વૃત્તિઓની અપેક્ષા નથી. તો તેની જેમ જીવ પણ વૃત્તિઓની અપેક્ષા વિના જ વિષયોનું અવભાસન કેમ ન કરી શકે? આ પ્રશ્ન રજૂ કરીને તેનું સમાધાન કરે છે :—

**(१०) नन्वीश्वरवज्जीवोऽपि वृत्तिमनपेक्ष्य स्वरूपचैतन्येनैव किमिति विषयान्नावभासयति ।**

**अत्रोक्तं विवरणे—ब्रह्मचैतन्यं सर्वोपादानतया सर्वतादात्म्यापन्नं सत् स्वसंसृष्टं सर्वमवभासयति, न जीवचैतन्यं तस्याविद्योपाधिकतया सर्वगतत्वेऽप्यनुपादानत्वेनासङ्गित्वात् । यथा सर्वगतं गोत्वसामान्यं स्वभावादश्वादिव्यक्तिसङ्गित्वाभावेऽपि सास्नावद्व्यक्तौ संसृज्यते, एवं विषयासङ्ग्यपि जीवः स्वभावादन्तःकरणे संसृज्यते । तथा च यदाऽन्तःकरणस्य परिणामो वृत्तिरूपो नयनादिद्वारेण निर्गत्य विषयपर्यन्तं चक्षूरश्मिवत् झटिति दीर्घप्रभाकारेण परिणम्य विषयं व्याप्नोति, तदा तदुपारूढ तं विषयं गोचरयति । केवलाग्न्यदाह्यस्यापि तृणादेरयःपिण्डसमारूढाग्निदाह्यत्ववत् केवलजीवचैतन्याप्रकाश्यस्यापि घटादेरन्तःकरणवृत्त्युपारूढस्य तत्प्रकाश्यत्वं युक्तम् ।**

(શંકા–) ઈશ્વરની જેમ જીવ પણ વૃત્તિની અપેક્ષા રાખ્યા વિના સ્વરૂપચૈતન્યથી જ વિષયોને કયા કારણથી અવભાસિત નથી કરતો?

આ બાબતમાં વિવરણમાં કહ્યું છે કે બ્રહ્મચૈતન્ય સર્વનું ઉપાદાન હોઈને સર્વની સાથે તાદાત્મ્ય પામેલું હોઈને પોતાની સાથે સંસર્ગમાં આવતા સર્વને અવભાસિત કરે છે; જીવચૈતન્ય (તેમ કરતું) નથી, કારણ કે અવિદ્યા તેની ઉપાધિ હોઈને તે સર્વગત હોવા છતાં ઉપાદાન (કારણ) ન હોવાને કારણે તેનો (સર્વની સાથે) સંગ (સંબંધ) નથી. જેમ સર્વગત ગોત્વસામાન્ય સ્વભાવથી અશ્વાદિ વ્યક્તિ સાથે સંગ ધરાવતું ન હોવા છતાં સાસ્ના (ગળા નીચે ગાયને ગોદડી જેવી ચામડી હોય છે તે) વાળી વ્યક્તિને વિષે તેનો સંસર્ગ છે, એમ વિષય સાથે સંગ ધરાવતો ન હોવા છતાં અન્તઃકરણને વિષે તેનો સ્વભાવથી સંસર્ગ છે. અને એ પ્રમાણે જ્યારે અન્તઃકરણનો વૃત્તિરૂપ પરિણામ નયનાદિ દ્વારથી બહાર નીકળીને વિષય સુધી ચક્ષુના રશ્મિની જેમ જલદીથી દીર્ઘ પ્રભા આકારે પરિણમીને વિષયને વ્યાપે છે ત્યારે તેના ઉપર ઉપારૂઢ થઈને (જીવચૈતન્ય) તે વિષયને અવભાસિત કરે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જેમ તૃણ વગેરે કેવળ અગ્નિથી બળી શકતાં નથી તો પણ લોખંડના ટુકડા પર આરૂઢ અગ્નિથી તે બળી શકે છે તેમ ઘટાદિ કેવળ જીવચૈતન્યથી પ્રકાશિત ન થઈ શકતાં હોવા છતાં અન્તઃકરણની વૃત્તિ ઉપર ઉપારૂઢ તેનાથી (જીવચૈતન્યથી) એ પ્રકાશિત થઈ શકે એ યુક્ત છે.

**વિવરણ** : ઈશ્વરને સર્વ વસ્તુ પ્રકાશિત કરવા માટે વૃત્તિની જરૂર ન પડતી હોય તો જીવ પણ સ્વરૂપચૈતન્યથી જ તેમ કેમ ન કરી શકે એ પ્રશ્ન સ્વાભાવિક રીતે થાય. અને છતાં તેમ માનવું ઇષ્ટ તો નથી જ કારણ કે તેમ હોય તો અવિદ્યાપ્રતિબિંબચૈતન્યરૂપ જીવ વ્યાપક હોવાથી પોતાની સાથે સંસર્ગમાં આવેલા સકલ જગતનો અવભાસક હોવો જોઈએ અને તેથી સર્વજ્ઞ હોવો જોઈએ. વળી, સ્વરૂપચૈતન્યને કારકની અપેક્ષા ન હોવાથી ચક્ષુરાદિ ઇન્દ્રિય વ્યર્થ બની જાય.

આ શંકાનું સમાધાન કરતાં **વિવરણકાર** કહે છે કે જેમ જગત્ બ્રહ્મ સાથે સંસૃષ્ટ છે તેમ જીવ સાથે સંસૃષ્ટ નથી કારણ કે બ્રહ્મ ઉપાદાન કારણ હોઈને જગત્ સાથે તાદાત્મ્ય પામેલું છે જ્યારે જીવનું તેવું નથી. તેથી જીવની બાબતમાં સર્વજ્ઞત્વનો પ્રસંગ નથી. અહીં શંકા થાય કે જીવનો ઘટાદિ સાથે સંબંધ નથી તેમ અન્તઃકરણાદિ સાથે પણ સંબંધ નથી, કારણ કે જેમ એ ઘટાદિનું ઉપાદાન નથી તેમ અન્તઃકરણાદિનું પણ ઉપાદાન નથી. આમ જો હોય તો અન્તઃકરણાદિ વૃત્તિ વિના જીવચૈતન્યરૂપ સાક્ષીથી ભાસિત થઈ શકે નહિ. આ શંકાનું સમાધાન કરવા માટે ગોત્વ સામાન્યનું દૃષ્ટાન્ત આપ્યું છે. ચક્ષુરાદિ વ્યર્થ બની જાય એવી શંકાનો ઉત્તર આપતાં કહ્યું છે કે અન્તઃકરણ વૃત્તિરૂપે પરિણામ પામીને નયનાદિ દ્વારા બહાર વિષય સુધી જાય છે અને વિષયને વ્યાપે છે અને એ અન્તઃકરણના વૃત્તિરૂપ પરિણામ ઉપર આરૂઢ થઈને જીવચૈતન્ય એ વિષયને પ્રકાશિત કરી શકે છે. વિષયના દેશમાં હોવા છતાં જીવચૈતન્ય પોતાની મેળે વિષયને અવભાસિત કરી શકતું નથી પણ વૃત્તિ ઉપર આરૂઢ થયેલું એ જ જીવચૈતન્ય તેમ કરી શકે છે એ સમજાવવા માટે તૃણાદિનું દૃષ્ટાંત આપ્યું છે જે કેવળ અગ્નિથી નહિ પણ અયોગોલક પર આરૂઢ અગ્નિથી બળી શકે છે.

**यद्वाऽन्तःकरणोपाधिकत्वेन जीवः परिच्छिन्नः । अतः संसर्गाभावान्न घटादिकमवभासयति । वृत्तिद्वारा तत्संसृष्टविषयावच्छिन्नब्रह्मचैतन्याभेदाभिव्यक्तौ तु तं विषयं प्रकाशयति ।**

અથવા જીવ અન્તઃકરણરૂપ ઉપાધિવાળો છે (અન્તઃકરણોપાધિક ચૈતન્ય છે) તેથી પરિચ્છિન્ન છે. માટે સંસર્ગનો અભાવ હોવાથી તે ઘટાદિને અવભાસિત કરતો નથી. પણ વૃત્તિ દ્વારા તેની(—વૃત્તિવાળા અન્તઃકરણની)સાથે સંસૃષ્ટ વિષયથી અવચ્છિન્ન બ્રહ્મચૈતન્યથી (અન્તઃકરણાવચ્છિન્ન જીવચૈતન્યના) અભેદની અભિવ્યક્તિ થતાં તે વિષયને (જીવચૈતન્ય) પ્રકાશિત કરે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ** : આગળ શંકાનો પરિહાર કર્યો તે જીવને અવિદ્યોપાધિક અને વ્યાપક માનીને કર્યો. હવે જીવને અન્તઃકરણોપાધિક અને પરિચ્છિન્ન માનીને કરે છે, તેથી આ પક્ષમાં સર્વજ્ઞત્વની આપત્તિની શંકા છે જ નહિ. જીવચૈતન્યનો વિષયો સાથે સ્વતઃસંબંધ છે જ નહિ તેથી વૃત્તિ વિના તેમનું પ્રકાશન કરવું તેને માટે સંભવતું નથી. આ મતમાં બ્રહ્મચૈતન્યથી જીવચૈતન્યના અભેદની અભિવ્યક્તિ એ વૃત્તિનું પ્રયોજન છે. વૃત્તિ દ્વારા વિષયાવચ્છિન્ન ચૈતન્ય અને અન્તઃકરણાવચ્છિન્ન ચૈતન્યના અભેદની અભિવ્યક્તિ થતાં જીવ વિષયોને પ્રકાશિત કરે છે.

**अथवा जीवः सर्वगतोऽप्यविद्यावृतत्वात् स्वयमप्यप्रकाशमानतया विषयाननवभासयन् विषयविशेषे वृत्त्युपरागादावावरणतिरोधानेन तत्रैवाभिव्यक्तस्तमेव विषयं प्रकाशयति । एवं च चिदुपरागार्थत्वेन, विषयचैतन्याभेदाभिव्यक्त्यर्थत्वेन, आवरणाभिभवार्थत्वेन वा वृत्तिनिर्गममपेक्ष्य तत्संसृष्टविषयमात्रावभासकत्वात् जीवस्य किञ्चिज्ज्ञत्वमप्युपपद्यते इति । (१०)**

અથવા જીવ સર્વગત હોવા છતાં પણ અવિદ્યાથી તેનું આવરણ થયેલું હોવાથી પોતે પણ પ્રકાશતો નથી તેથી વિષયોને અવભાસિત નહીં કરતો તે કોઈ ચોક્કસ વિષયમાં વૃત્તિનો ઉપરાગ આદિ થતાં આવરણ દૂર થવાથી ત્યાં જ (વિષય વિશેષમાં જ) અભિવ્યક્ત થતો તે તે જ વિષયને પ્રકાશિત કરે છે. અને આમ (અર્થાત્ જીવચૈતન્ય વૃત્તિ વિના વિષયનો અવભાસ નથી કરતું એમ સિદ્ધ થતાં) ચિત્‌નો ઉપરાગ થાય તેને માટે, (જીવચૈતન્યનો) વિષયચૈતન્યથી અભેદ અભિવ્યક્ત થાય તેને માટે, અથવા આવરણને દૂર કરવા માટે વૃત્તિના નિર્ગમ (વિષય સુધી બહાર જવું તે)ની અપેક્ષા રાખીને તેની (વૃત્તિની) સાથે સંસૃષ્ટ વિષયમાત્રનું અવભાસન કરતો હોવાથી જીવનું કિંચિજ્જ્ઞત્વ (અલ્પજ્ઞત્વ) પણ ઉપપન્ન બને છે. (૧૦)

**વિવરણ** : અવિદ્યોપાધિક (અર્થાત્ અવિદ્યામાં પ્રતિબિંબિત) ચૈતન્ય એ જીવ એ પ્રથમ પક્ષને માન્ય રાખીને અહીં જીવ ઉપાદાન ન હોવા છતાં પણ ઘટાદિ વિષયો સાથે તેનો સંસર્ગ માનીને પરિહાર કર્યો છે અને જીવને વૃત્તિની અપેક્ષા રહે છે તેનું સમર્થન કર્યું છે. વ્યાખ્યાકાર કૃષ્ણાનંદતીર્થ કહે છે કે મૂળમાં 'જીવ સર્વગત હોવા છતાં' એમ કહ્યું છે તો પણ 'સર્વગત અને વિષયો સાથે સંસૃષ્ટ હોવા છતાં' એમ સમજવાનું છે. આમ ન સમજીએ તો વિષય સાથેના સંસર્ગના અભાવથી જ જીવ વિષયોનો પ્રકાશક નથી એ હકીકત બરાબર સમજાવી શકાય તેથી તે આવૃત છે એવી કલ્પના કરી છે તે વ્યર્થ બની જાય. અહીં શંકા થાય કે 'मां न जानामि' 'હું મને જાણતો નથી' એવો અનુભવ થતો નથી તેથી જીવનું આવરણ થયેલું છે એમ કેવી રીતે સિદ્ધ થાય છે? પણ આ શંકા બરાબર નથી કારણ કે 'माम्' (મને) એ અનુભવનો વિષય તો અન્તઃકરણરૂપી ઉપાધિવાળું જીવચૈતન્ય જ છે તેથી વ્યાપક જીવચૈતન્યમાં અન્તઃકરણના અવચ્છેદથી તેનો (આવરણનો) અભાવ હોવા છતાં પણ વિષયદેશમાં તે આવૃત છે એવી

કલ્પનામાં કશું બાધક નથી. અને વળી 'સર્વગત તરીકે હું મને જાણુતો નથી' એવો અનુભવ તો થાય છે તેથી જીવને આવૃત માનવામાં કોઈ દોષ નથી. જીવ સ્વયંપ્રકાશ હોવાથી પ્રકાશે છે તો પણ આવૃત હોવાથી પ્રકાશતો નથી એમ બતાવવા અપિ શબ્દ (स्वयमप्यप्रकाश-मानतया–પોતે પણ પ્રકાશતો ન હોવાથી)પ્રયોજ્યો છે; અથવા અવધારણને માટે છે (–પોતે જ પ્રકાશતો ન હોવાથી). વિષયવિશેષની બાબતમાં વૃત્તિનો ઉપરાગ થતાં વિષયદેશમાં રહેલા જીવચૈતન્યનો પણ વૃત્ત્યુપરાગ થાય છે અને તેથી જીવચૈતન્યમાં રહેલા આવરણનું તિરોધાન થાય છે (–આવરણ દૂર થાય છે, દબાઈ જાય છે). મૂળમાં 'आदि' (वृत्त्युपरागादौ) છે તે જીવચૈતન્યમાં જે વૃત્ત્યુપરાગ છે તેનો સંગ્રહ કરવા માટે છે.

જે વિષયને અનુલક્ષીને આવરણનો ભંગ થાય છે તેનું જ પ્રકાશન જીવ કરે છે, સર્વનું નહિ તેથી સર્વજ્ઞત્વનો પ્રસંગ થતો નથી. આમ જીવ અલ્પજ્ઞ છે, સર્વજ્ઞ નહિ એ જે અનુભવસિદ્ધ હકીકત છે તેની પણ (–ચક્ષુરાદિને અનુસરીને આમ થાય છે તેની, અને આ અલ્પજ્ઞત્વની પણ–) ઉપપત્તિ છે. (૧૦)

**(११) अत्र प्रथमपक्षे सर्वगतस्य जीवस्य वृत्त्यधीनः को विषयोपरागः ? वृत्त्यापि हि पूर्वसिद्धयोर्निष्क्रिययोर्विषयजीवचैतन्ययोस्तादात्म्यस्य संयोगस्य वा न सम्भवत्याधानम् ।**

**अत्र केचिदाहुः—विषयविषयिभावसम्बन्ध एवेति ।**

**(૧૧) અહીં પ્રથમપક્ષમાં સર્વગત જીવનો વૃત્તિને અધીન કયો વિષયોપરાગ છે (વિષય સાથે કેવો સંબંધ છે) કારણ કે વૃત્તિથી પણ પૂર્વસિદ્ધ અને નિષ્ક્રિય એવા વિષય અને જીવચૈતન્યમાં તાદાત્મ્ય કે સંયોગનું આધાન (ઉત્પાદન) સંભવતું નથી.**

**અહીં કેટલાક કહે છે કે વિષયવિષયિભાવ સંબંધ જ છે.**

**વિવરણ** : ઉપર જે ત્રણ પક્ષ બતાવ્યા તેમાં પ્રથમ (—વૃત્તિનિર્ગમ ચિત્‌ના ઉપરાગને માટે છે) વિષે શંકા રજૂ કરી છે કે આ સર્વગત જીવનો વૃત્તિને અધીન વિષયોપરાગ કેવો છે—એ સ્વરૂપલક્ષણ છે, કે તાદાત્મ્યલક્ષણ છે કે સંયોગલક્ષણ છે. સ્વરૂપલક્ષણ હોય તો એ વૃત્તિને અધીન ન હોઈ શકે. જીવચૈતન્ય સર્વગત છે તેથી વિષયદેશમાં રહેલ જીવચૈતન્ય અને વિષયનો સ્વરૂપાત્મક સંબંધ તો વૃત્તિ વિના પણ સિદ્ધ છે. એવા આશયથી 'સર્વગત' એમ કહ્યું છે. બીજા અને ત્રીજા (તાદાત્મ્ય અને સંયોગ) પ્રકારનો પણ ન હોઈ શકે એમ હવે બતાવે છે. વૃત્તિથી તેમની વચ્ચે આ સંબંધો ઉત્પન્ન કરી શકાય તેમ નથી. લોકમાં જે બે પદાર્થોના તાદાત્મ્યનો અનુભવ થાય છે તે તેઓમાં આદિથી જ અનુભવાય છે, તે વચમાં આગન્તુક (ઉત્પન્ન કરવામાં આવેલો) નથી હોતો એમ બતાવવા માટે વિષય અને જીવચૈતન્યને પૂર્વસિદ્ધ કહ્યા છે. તેમનો સંબંધ સંયોગ પ્રકારનો પણ નથી, કારણ કે સંયોગ બેમાંથી એક કે બન્ને પદાર્થની ક્રિયાથી થાય છે, પણ આમાંથી એકેય અહીં શક્ય નથી કારણ કે આ બે તો નિષ્ક્રિય છે. અહીં શંકા થાય કે સુવર્ણ વગેરેમાં આ દ્વિવિધ ક્રિયાના અભાવમાં પણ તેજ અને પાર્થિવ ભાગનો સંયોગ જોવામાં આવે છે તેમ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અહીં પણ હોઈ શકે. પણ આ બરાબર નથી કારણ કે વિષય અને જીવચૈતન્યનો પહેલેથી જ સંયોગ માનવામાં આવે તો તે વૃત્તિને અધાન છે એવું જે પ્રતિપાદન છે તેનો વિરોધ થાય. જીવચૈતન્ય ઉપાદાન નથી અને નિરવયવ છે તેથી વિષય અને જીવચૈતન્યનો તાદાત્મ્યસંબંધ કે સંયોગસંબંધ પોતાની મેળે છે જ નહિ. અને વૃત્તિથી પણ તે ઉત્પન્ન કરી શકાતો નથી એમ 'अपि' શબ્દ પ્રયોજીને કહ્યું છે.

**કેટલાક** કહે છે કે વિષયદેશમાં હાજર રહેલા જીવચૈતન્યનો વૃત્તિની ઉત્પત્તિની પહેલાં ભલે વિષયવિષયિભાવ પ્રકારનો સંબંધ ન હોય પણ વૃત્તિની ઉત્પત્તિ પછી તે ઉત્પન્ન થાય છે, અને આ અનિર્વચનીય અને અતિરિક્ત સંબંધ સંભવે છે. एवથી એમ બતાવ્યું છે કે સ્વરૂપસંબંધ કે તાદાત્મ્ય કે સંયોગને વૃત્તિને અધાન નથી માન્યો જેથી કરીને ઉક્ત દોષ હોઈ શકે. આ તો વિષય-વિષયિભાવ સંબંધ જ છે જે વૃત્તિથી ઉત્પન્ન કરવામાં આવે છે.

**अन्ये तु—विषयविषयिभावमात्रनियामिका वृत्तिश्चेदनिर्गताया अप्यैन्द्रियकवृत्तेस्तन्नियामकत्वं नातिप्रसङ्गावहमिति तन्निर्गमाभ्युपगमवैयर्थ्यापत्तेः स नाभिसंहितः। किं तु विषयसन्निहितजीवचैतन्यतादात्म्यापन्नाया वृत्तेर्विषयसंयोगे तस्यापि तद्द्वारकः परम्परासम्बन्धो लभ्यते इति स एव चिदुपरागोऽभिसंहित इत्याहुः।**

**જ્યારે બીજા** કહે છે કે વૃત્તિ વિષયવિષયિભાવમાત્રનું નિયમન કરનારી હોય તો અનિર્ગત (વિષય સુધી બહાર નહીં ગયેલી) એવી પણ ઐન્દ્રિયક વૃત્તિને તેનું નિયમન કરનાર માનવામાં કોઈ અતિપ્રસંગ નહીં આવે તેથી તેના (વૃત્તિના) નિર્ગમને માનવામાં આવે છે તે વ્યર્થ બની જાય માટે તે (વિષયવિષયિભાવ સંબંધ) અભિપ્રેત નથી. પરંતુ વિષયસંનિહિત જીવચૈતન્યની સાથે તાદાત્મ્ય પામેલી વૃત્તિનો વિષયની સાથે સંયોગ થતાં તેનો (-વિષયસંનિહિત જીવચૈતન્યનો) પણ તે દ્વારા (વૃત્તિ-વિષયસંયોગ દ્વારા) પરંપરા-સંબંધ પ્રાપ્ત થાય છે. તેથી તે જ 'ચિદુપરાગ' (શબ્દ)થી કહ્યો છે. (એમ આ બીજા વિચારકોનું) કહેવું છે.

**(વિવરણ-)** પરોક્ષ વિષયના સ્થળમાં અનુમિતિ આદિ વૃત્તિથી ઉપહિત (ઉપાધિવાળા) જીવચૈતન્યનો અનુમેય આદિ વિષયો સાથે વિષયવિષયિભાવ સંબંધ વૃત્તિના નિર્ગમ વિના પણ સિદ્ધાંતમાં સ્વીકાર્યો છે. પરોક્ષ સ્થળમાં જેમ વૃત્તિના નિર્ગમ વિના વિષય અને જીવચૈતન્યનો વિષયવિષયિભાવ સંબંધ માની શકાય તેમ અપરોક્ષ સ્થળમાં પણ માની શકાય, અને વૃત્તિના નિર્ગમના અભાવમાં પણ જીવની વૃત્તિ જેને વિષય કરશે એ જ તેનાથી પ્રકાશિત થશે બીજો નહિ એવો નિયમ સિદ્ધ થશે; તેથી વૃત્તિનો નિર્ગમ ન માનવાથી અતિપ્રસંગદોષ (-ગમે તે વસ્તુ પ્રકાશિત થઈ શકશે એવો દોષ) રહેતો નથી. તેથી અહીં વૃત્તિજન્ય વિષયવિષયિભાવ સંબંધ અભિપ્રેત નથી. સંયોગાદિ સંબંધનો પણ નિરાસ કર્યો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે તો પછી કયો સંબંધ **વિવરણકાર**ને અભિમત છે એવી શંકા થાય, તેના ઉત્તરમાં કહ્યું છે કે વિષયસંનિહિત જીવચૈતન્ય સાથે તાદાત્મ્ય પામેલી વૃત્તિનો વિષય સાથે સંયોગ થતાં તે જીવચૈતન્યનો પણ તે દ્વારા પરંપરાથી સંબંધ પ્રાપ્ત થાય છે અને તેને જ ચિદુપરાગ કહ્યો છે. વિષયને વ્યાપનાર તરીકે જે વૃત્તિ ઉત્પન્ન થાય છે તેની પ્રતિ વિષયસંનિહિત જીવચૈતન્ય અધિષ્ઠાન છે તેથી વૃત્તિનું તેની સાથે તાદાત્મ્ય છે એમ સમજવું. આ તાદાત્મ્ય પામેલી વૃત્તિનો વિષય સાથે સંયોગ થતાં વિષયસંનિહિત જીવચૈતન્ય જેને વિષયનું અવભાસન કરનાર માનવામાં આવ્યું છે તેનો પણ વિષય સાથે, વૃત્તિ અને વિષયના સંયોગ દ્વારા, પરંપરાથી સંબંધ—**વિષયસંયુક્તવૃત્તિતાદાત્મ્ય** પ્રકારનો—પ્રાપ્ત થાય છે. આ સંબંધ વૃત્તિના વિનિર્ગમ વિના સંભવતો નથી તેથી **વિવરણાચાર્યે** વૃત્તિના નિર્ગમનનું કથન કર્યું છે. આ વિષયસંયુક્તવૃત્તિતાદાત્મ્ય સંબંધને જ 'ચિદુપરાગ' કહ્યો છે.

**अपरे तु—साक्षादपरोक्षचैतन्यसंसर्गिण एव सुखादेरपरोक्ष्यदर्शनात् अपरोक्षविषये साक्षात्संसर्ग एष्टव्यः । तस्माद् वृत्तेर्विषयसंयोगे वृत्तिरूपावच्छेदकलाभात् तदवच्छेदेन तदुपादानस्य जीवस्यापि संयोगजसंयोगः संभवति । कारणाकारणसंयोगात् कार्याकार्यसंयोगवत् कार्याकार्यसंयोगात् कारणाकारणसंयोगस्यापि युक्तितौल्येनाभ्युपगन्तुं युक्तत्वादित्याहुः ॥**

જ્યારે **બીજા** કહે છે કે અપરોક્ષ ચૈતન્ય સાથે સાક્ષાત્ સંસર્ગવાળાં જ સુખાદિ અપરોક્ષ (પ્રત્યક્ષ) જોવામાં આવે છે. માટે અપરોક્ષ વિષયની બાબતમાં સાક્ષાત્ સંસર્ગ (સંબંધ) માનવો જોઈએ (પરંપરા–સંબંધ નહીં). તેથી વૃત્તિનો વિષયની સાથે સંયોગ થતાં વૃત્તિરૂપ અવચ્છેદકનો લાભ થવાથી તેના અવચ્છેદથી તેના (વૃત્તિના) ઉપાદાન જીવનો પણ સંયોગજ સંયોગ (સાક્ષાત્ સંબંધ) છે; કારણ કે કારણ અને અકારણના સંયોગથી કાર્ય અને અકાર્યનો સંયોગ માનવામાં આવે છે તેની જેમ સમાન યુક્તિ હોવાથી કાર્ય અને અકાર્યના સંયોગથી કારણ અને અકારણનો સંયોગ પણ સ્વીકારવો યુક્ત છે.

(**વિવરણ**–) સુખાદિ આન્તર પદાર્થના પ્રત્યક્ષત્વ (સાક્ષાત્કાર)માં તેના પ્રકાશક જીવચૈતન્ય સાથે તેનો સાક્ષાત્સંબંધ પ્રયોજક તરીકે કલ્પવામાં આવે છે. તેમ ઘટાદિ બાહ્ય પદાર્થોના પ્રત્યક્ષત્વમાં પણ સાક્ષાત્સંબંધ માનવો જોઈએ. નહીં તો વિષયના પ્રત્યક્ષજ્ઞાનમાં ક્યાંક સાક્ષાત્સંબંધ પ્રયોજક અને ક્યાંક પરંપરા–સંબંધ પ્રયોજક એમ જુદું જુદું થઈ જાય—વૈરૂપ્યની આપત્તિ થાય. વળી સાક્ષાત્ સંબંધ સંભવતો હોય ત્યારે પરંપરા–સંબંધની કલ્પના કરવી યોગ્ય નથી. તેથી આ વિષયસંયુક્તવૃત્તિતાદાત્મ્ય પ્રકારનો પરંપરા–સંબંધ **વિવરણાચાર્ય**ને માન્ય ન હોઈ શકે એમ માનીને કેટલાક કહે છે કે વૃત્તિનો વિષય સાથે સંયોગ થતાં વૃત્તિના ઉપાદાન જીવચૈતન્યનો પણ વિષયની સાથે સંયોગજ સંયોગ સંભવે છે. વૃત્તિ 'જીવચૈતન્યનું કાર્ય છે' અને વિષય અકાર્ય છે. જીવચૈતન્ય વૃત્તિનું ઉપાદાનકારણ છે જ્યારે વિષય તે વૃત્તિનું ઉપાદાન કારણ નથી. અને આમ વૃત્તિ અને વિષય જે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીવચૈતન્ય પ્રતિ કાર્ય અને અકાર્ય છે તેના સંયોગથી ચૈતન્ય અને વિષય જે વૃત્તિ પ્રતિ કારણ અને અકારણ છે તેનો સંયોગ થાય છે તે અહીં સંયોગજ સંયોગ તરીકે વિવક્ષિત છે.

અહીં શંકા સંભવે છે કે કાર્ય(શરીર) પ્રતિ કારણભૂત હસ્તનો તેની જ પ્રતિ કારણ નહીં એવા વૃક્ષની સાથે સંયોગ થાય છે તેનાથી હસ્તના કાર્ય શરીરનો હસ્તના અકાર્ય (કાર્ય નહિ એવા) વૃક્ષ સાથે સંયોગ થાય છે એમ સ્વીકારવામાં આવે છે કારણ કે હાથ અને વૃક્ષના સંયોગની દશામાં વૃક્ષને વિષે એવો અનુભવ થાય છે કે 'વૃક્ષ હસ્તના અવચ્છેદથી શરીરની સાથે સંયુક્ત છે'. આ શંકાનું સમાધાન કરતાં ઘટાદિ વિષયમાં વૃત્તિના સંયોગની દશામાં ઘટને વિષે 'વૃત્તિના અવચ્છેદથી ઘટ સ્ફુરે છે', જીવચૈતન્યની સાથે ઘટ સંસૃષ્ટ છે એવો અનુભવ થાય છે—એ આશયથી અપ્પય્ય દીક્ષિત કહે છે કે જેમ કારણ(હસ્ત)ના અને અકારણ (વૃક્ષ)ના સંયોગથી કાર્ય (શરીર) અને અકાર્ય (વૃક્ષ)નો સંયોગ (સંયોગજ સંયોગ) થઈ શકે તેમ કાર્ય (વૃત્તિ) અને અકાર્ય(ઘટાદિ)ના સંયોગથી કારણ (જીવચૈતન્ય) અને અકારણ (ઘટાદિ)નો સંયોગ થઈ શકે કારણ કે બન્નેમા દલીલ સમાન જ છે—બન્નેની બાબતમાં ઉપર કહ્યું તેમ આ સંયોગની કલ્પના કરાવનાર અનુભવરૂપ યુક્તિ સમાન છે.

**एकदेशिनस्तु–अन्तःकरणोपहितस्य विषयावभासकचैतन्यस्य विषयतादात्म्यापन्नब्रह्मचैतन्याभेदाभिव्यक्तिद्वारा विषयतादात्म्यसम्पादनमेव चिदुपरागोऽभिसंहितः । सर्वगततया सर्वविषयसन्निहितस्यापि जीवस्य तेन रूपेण विषयावभासकत्वे तस्य साधारणतया पुरुषविशेषापरोक्ष्यव्यवस्थित्ययोगेन तस्यान्तःकरणोपहितत्वरूपेणैव विषयावभासकत्वात् । एवं च–विषयापरोक्ष्ये आध्यासिकसम्बन्धो नियामक इति सिद्धान्तोऽपि सङ्गच्छते । न चैवं द्वितीयपक्षसाङ्कर्यम् । जीवस्य सर्वगतत्वे प्रथमः पक्षः, परिच्छिन्नत्वे द्वितीय इत्येव तयोर्भेदादित्याहुः ॥११॥**

જ્યારે એકદેશીઓ કહે છે કે અન્તઃકરણથી ઉપહિત એવું જે વિષયનું અવભાસન કરનાર ચૈતન્ય છે તેનો વિષયની સાથે તાદાત્મ્ય પામેલા બ્રહ્મચૈતન્યથી જે અભેદ છે તેની અભિવ્યક્તિ દ્વારા તેનું વિષય સાથે તાદાત્મ્ય–સંપાદન એ જ 'ચિદુપરાગ'થી અભિપ્રેત છે (—તેને જ ચિદુપરાગ કહેવામાં આવ્યું છે). સર્વગત હોવાથી સર્વવિષયની પાસે હાજર પણ છે એવો જીવ તે રૂપે (સર્વગતરૂપે) વિષયોનું અવભાસન કરનાર હોય તો તે (જીવ) (સર્વ જ્ઞાતા પુરુષ પ્રતિ) સાધારણ હોવાથી પુરુષવિશેષને (જ) (ઘટાદિ વિષય) અપરોક્ષ (પ્રત્યક્ષ) બને છે એ વ્યવસ્થા સંભવશે નહિ. તેથી તે (જીવ) અન્તઃકરણથી ઉપહિત રૂપે જ વિષયનું અવભાસન કરે છે (માટે ઉપર કહ્યો તેવો 'ચિદુપરાગ'નો અર્થ લેવો જોઈએ). અને આમ (વિષયાવભાસક ચૈતન્યનું વૃત્તિ વડે વિષયતાદાત્મ્યસંપાદન સ્વીકારતાં) વિષયની અપરોક્ષતામાં આધ્યાસિક સંબંધ (અધ્યાસસિદ્ધ તાદાત્મ્યસંબંધ) નિયામક છે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એ સિદ્ધાન્તની સંગતિ થાય છે. અને આમ દ્વિતીયપક્ષ સાથે સાંકર્ય નથી; કારણ કે જીવ સર્વગત છે એમ માનતાં પ્રથમ પક્ષ છે અને પરિચ્છિન્ન માનતાં બીજો પક્ષ છે—એમ જ બે વચ્ચેનો ભેદ છે (૧૧)

**વિવરણ :** સંયોગજ સંયોગની વાત કરી તેને વિષે એ શંકા થાય છે કે વિષયદેશમાં હાજર જીવચૈતન્ય વૃત્તિનું ઉપાદાન છે એ **વિવરણાચાર્ય**ને માન્ય નથી, કારણ કે તેમણે એવું પ્રતિપાદન કર્યું છે કે જીવ અન્તઃકરણાદિનું ઉપાદાન ન હોવા છતાં પણ જેમ ગોત્વ સામાન્યનો સાસ્નાદિયુક્ત વ્યક્તિ સાથે સ્વભાવથી જ સંબંધ છે (જ્યારે અશ્વાદિ સાથે નથી) તેમ જીવનો સ્વભાવથી જ અન્તઃકરણાદિ સાથે સંબંધ છે. એ વાત 'આમ વિષય સાથે સંબંધ નહીં ધરાવનાર જીવ સ્વભાવથી અન્તઃકરણ સાથે સંસર્ગમાં આવે છે' એમ ઉપર **વિવરણમત** તરીકે રજૂ કરવામાં આવી છે. તેથી જીવચૈતન્ય વૃત્તિનું ઉપાદાનકારણ ન હોય તો ઉક્ત સંબંધ સિદ્ધ થતો નથી. તેથી સંયોગજ સંયોગ પણ આચાર્યને માન્ય હોઈ શકે નહિ એમ એકદેશીઓ (**વિવરણમત**ના પેટા સંપ્રદાયના કેટલાક વિચારકો) દલીલ કરે છે. (**વિવરણાચાર્ય**ને ઘટાદિવિષયનું અવભાસન કરનાર જીવચૈતન્યનું ઘટાદિ વિષય સાથે વૃતિ દ્વારા તાદાત્મ્યસંપાદન એ જ 'ચિદુપરાગ'થી અભિપ્રેત હોઈ શકે—એમ આ **એકદેશી** માને છે.

ઉપર એવી શંકા રજૂ કરવામાં આવી છે કે વૃત્તિથી પણ પૂર્વસિદ્ધ એવા વિષય અને ચૈતન્યના તાદાત્મ્યનું ઉત્પાદન સંભવતું નથી તો પછી આ તાદાત્મ્ય–સંપાદન કેવી રીતે થશે. આનું સમાધાન કરવા માટે કહ્યું છે કે 'વિષયતાદાત્મ્ય પામેલા બ્રહ્મચૈતન્યથી અભેદની અભિવ્યક્તિ દ્વારા'–બિંબભૂત બ્રહ્મચૈતન્ય ઘટાદિ વિષયનું ઉપાદાન કારણ હોઈને બ્રહ્મ અને વિષયનું તાદાત્મ્ય પહેલેથી જ સિદ્ધ છે. આમ વિષય સાથે તાદાત્મ્યવાળા બ્રહ્મચૈતન્યથી વિષયના અવભાસક જીવચૈતન્યના અભેદની અભિવ્યક્તિ વૃત્તિથી કરવામાં આવતાં જીવચૈતન્યનું વિષય સાથેનું તાદાત્મ્ય વૃત્તિને અધીન તરીકે પ્રાપ્ત થાય છે. તેથી તાદાત્મ્યસંપાદનની અનુપપત્તિ નથી.

જીવ સર્વગત છે તેથી સર્વ વિષયો પાસે તેની હાજરી છે અને સર્વ વિષયનો અવભાસક બની શકે. વળી જીવ સર્વપુરુષોને સાધારણ છે (—કારણ કે અવિદ્યામાં બ્રહ્મચૈતન્યનું પ્રતિબિંબ તે જીવ એ મતમાં જીવનો ભેદ નથી–) તેમ છતાં જે પુરુષના અન્તઃકરણથી જીવચૈતન્ય ઉપહિત થઈને જે અર્થ કે વિષયનું અવભાસન કરે એ અર્થ એ જ પુરુષને અપરોક્ષ કે પ્રત્યક્ષ બને છે અન્યને નહિ. (અહીં એ ધ્યાનમાં રાખવું કે 'પુરુષ' પદ પ્રમાતાના અર્થમાં પ્રયોજ્યું છે). વિષય અમુક જ્ઞાતાને પ્રત્યક્ષ બને છે, અન્યને નહિ એ વ્યવસ્થાની સિદ્ધિ માટે 'અન્તઃકરણોપહિત' એવું વિશેષણ જીવ માટે પ્રયોજવું જ જોઈએ. આમ **એકદેશી**ના મતમાં વિષયાવભાસક જીવચૈતન્યનું વૃત્તિથી વિષયતાદાત્મ્યસંપાદન થાય છે એમ સિદ્ધ થતાં, વિષયની અપરોક્ષતાની બાબતમાં અધ્યાસથી સિદ્ધ થતો તાદાત્મ્ય-સંબંધ નિયામક છે એ સિદ્ધાંત સાથે સંગતિ થાય છે.

સંબન્ધ માટે વૃત્તિ છે એ પ્રથમ પક્ષ છે, અભેદાભિવ્યક્તિને માટે વૃત્તિ છે એ બીજો પક્ષ, અને આવરણાભિભવને માટે વૃત્તિ છે એ ત્રીજો પક્ષ છે. આમાંથી પ્રથમ પક્ષમાં પણ વૃત્તિથી અભેદાભિવ્યક્તિ થાય છે એમ માનવામાં આવે છે તો દ્વિતીય પક્ષથી એનું જુદાપણું નહીં રહે અને બધું સેળભેળ થઈ શકે, સાંકર્ય થઈ જશે. એવી શંકાના ઉત્તરમાં કહ્યું છે કે જીવને સર્વગત માનનારના મતમાં વૃત્તિ સંબંધને માટે છે એ પ્રથમ પક્ષ છે; અને જીવ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અન્તઃકરણોપાધિક છે અને તેથી પરિચ્છિન્ન છે એમ માનનારના મતમાં વૃત્તિ અભેદાભિવ્યક્તિને માટે છે એ બીજો પક્ષ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે પહેલા અને બીજા પક્ષમાં બન્નેમાં વૃત્તિ દ્વારા અભેદાભિવ્યક્તિ થાય છે એ સામ્ય હોવા છતાં પણ પ્રથમ પક્ષમાં વૃત્તિ અભેદાભિવ્યક્તિ દ્વારા વિષયાવભાસક ચૈતન્યનું વિષય સાથે તાદાત્મ્યસંપાદન કરવા માટે છે, જ્યારે બીજા પક્ષમાં વૃત્તિ વિષયથી અવચ્છિન્ન ચૈતન્યથી વિષયાવભાસક જીવચૈતન્યના અભેદની અભિવ્યક્તિ માટે જ છે તેથી એ બે પક્ષમાં સાંકર્યની સંભાવના નથી.

અથવા પ્રથમ પક્ષમાં જીવ વ્યાપક હોવાથી વિષયદેશમાં સદા સંનિહિત જ એવા વિષયાવભાસક જીવચૈતન્યનો વિષયતાદાત્મ્ય પામેલા બ્રહ્મચૈતન્યથી અભેદ છે; તેની અભિવ્યક્તિને માટે વૃત્તિ છે. જ્યારે બીજા પક્ષમાં જીવ પરિચ્છિન્ન હોવાથી વૃત્તિ તેને વિષય પાસે પહોંચાડે છે અને વિષયાધિષ્ઠાન એવા બ્રહ્મચૈતન્યનો તેનાથી અભેદ છે તેની અભિવ્યક્તિ પણ કરે છે તેથી બે પક્ષોનું સાંકર્ય નથી. આ ખુલાસો મૂળમાં પ્રયોજેલાં 'સર્વગતત્વ' 'પરિચ્છિન્નત્વ' પદો દ્વારા સૂચિત થાય છે, જ્યારે પહેલો ખુલાસો 'પ્રથમપક્ષ', 'દ્વિતીયપક્ષ' એ પદોથી સૂચિત થાય છે.

વ્યાખ્યાકાર **કૃષ્ણાનંદ** ઉપરની સમજૂતી આપ્યા પછી વિશેષમાં કહે છે કે સાંકર્યને ટાળી શકાય એમ છે જ નહિ કારણ કે 'સમ્બન્ધાર્થા વૃત્તિ' એ પ્રથમપક્ષમાં સબન્ધ ઉદ્દેશ્ય તરીકે જ્ઞાત થાય છે; 'અભેદાભિવ્યક્ત્યર્થા વૃત્તિ', એ દ્વિતીયપક્ષમાં અભેદાભિવ્યક્તિ જ ઉદ્દેશ્ય તરીકે જ્ઞાત થાય છે. અહીં મતમાં વિવક્ષિત વિવેકથી અભેદની અભિવ્યક્તિ એ જ વૃત્તિનું પ્રયોજન પ્રથમ અને દ્વિતીય બન્ને પક્ષોમાં અન્તે ઠરે છે—આમ તેમનું સાંકર્ય ટાળી શકાય તેમ નથી એમ કહેવાનો **અપ્પય્યદીક્ષિતનો** આશય છે તેથી શરૂઆતમા જ **'એકદેશીઓ'** એમ કહ્યું છે એમ સમજવું જોઈએ.

વસ્તુતઃ તો 'સંબન્ધાર્થા વૃત્તિ' એમ કહેતી વખતે **આચાર્યનો** અભિપ્રાય આ પ્રમાણે છે—વિષયના અવભાસક તરીકે સ્વીકારવામાં આવેલા જીવચૈતન્યનો ઘટાદિ વિષય સાથે વ્યંગ્યવ્યંજક પ્રકારનો સંબંધ છે, એ સંબંધ તે તે વિષયથી સંસૃષ્ટ વૃત્તિને અધીન છે એમ અહીં વિવક્ષિત છે (કહેવા ધાર્યું છે). જેમ કે અન્તઃકરણ સ્વચ્છ દ્રવ્ય હોઈને પોતે જ ચૈતન્યનું અભિવ્યંજન કરવામાં સમર્થ છે, જ્યારે ઘટાદિ તેમ કરવામાં સમર્થ નથી કારણ કે અસ્વચ્છ છે. પણ ઘટાદિ વિષયને વૃત્તિ વ્યાપે છે તેથી તે (વૃત્તિ) વિષયમાં રહેલી અસ્વચ્છતાનો અભિભવ કરીને ઘટાદિમાં ચૈતન્યનું અભિવ્યંજન કરવાની યોગ્યતા ઉત્પન્ન કરે છે, **વિવરણાચાર્યે** એ વાત કહી છે – "अन्तःकरणं हि स्वस्मिन्निव स्वसंसर्गिण्यपि घटादौ चैतन्याभिव्यक्तियोग्यतामापादयति" (અન્તઃકરણ પોતાની જેમ પોતાની સાથે સંબંધમાં આવનાર ઘટાદિમાં પણ ચૈતન્યને અભિવ્યક્ત કરવાની યોગ્યતા ઉત્પન્ન કરે છે). આપણે જોઈએ છીએ કે અસ્વચ્છ દ્રવ્ય પણ સ્વચ્છ દ્રવ્યના સંસર્ગને કારણે પ્રતિબિંબ ગ્રહણ કરવાને યોગ્ય બને છે. દા. ત. ભીંત આદિ પોતે અસ્વચ્છ હોઈને પ્રતિબિંબ ગ્રહણ કરી શકે નહિ પણ જળ સાથે સંયોગ થતાં તેમાં એ સમયે પ્રતિબિંબ ગ્રહણ કરવાની યોગ્યતા આવે છે. ચૈતન્ય પણ વિષયથી અભિવ્યંગ્ય થાય છે એમ કહેવામાં આવે છે તેનો અર્થ એ કે એ ત્યાં પ્રતિબિંબિત થાય છે. આમ વ્યંગ્યવ્યંજકરૂપ સંબંધને માટે જ વૃત્તિનું નિર્ગમન (વિષય સુધી બહાર જવું) **વિવરણમાં** કહેવામાં આવ્યું છે અને આમ બહાર ગયેલી વૃત્તિથી વિષય અને ચૈતન્યના ઉપર કહ્યા મુજબના સંબંધનું સંપાદન કરવામાં આવતાં ઘટાદિમાં પ્રતિબિંબિત થયેલું ત્યાંનું જીવચૈતન્ય તે ઘટાદિને અવભાસિત કરે છે. (૧૧)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(१२) अथ द्वितीयपक्षे केयमभेदाभिव्यक्तिः ।

केचिदाहुः—कुल्याद्वारा तडागकेदारसलिलयोरिव विषयान्तःकरणावच्छिन्नचैतन्ययोर्वृत्तिद्वारा एकीभावोऽभेदाभिव्यक्तिः । एवं च यद्यपि विषयावच्छिन्नं ब्रह्मचैतन्यमेव विषयप्रकाशकम्, तथापि तस्य वृत्तिद्वारा एकीभावेन जीवत्वं सम्पन्नमिति जीवस्य विषयप्रकाशोपपत्तिरिति ।

(૧૨) હવે દ્વિતીય પક્ષમાં આ અભેદાભિવ્યક્તિ છે તે શી છે?

કેટલાક કહે છે કે જેમ નીક દ્વારા તળાવના જળ અને ખેતરના જળનો એકીભાવ થાય છે તેમ વૃત્તિ દ્વારા વિષયાવચ્છિન્ન ચૈતન્ય અને અન્તઃકરણાવચ્છિન્ન ચૈતન્યનો એકીભાવ થાય છે તે (જ) અભેદાભિવ્યક્તિ. અને આમ જો કે વિષયાવચ્છિન્ન બ્રહ્મચૈતન્ય જ વિષયનું પ્રકાશન કરનારું છે, તો પણ તેનો વૃત્તિ દ્વારા એકીભાવ થયેલો હોવાથી તે જીવ બન્યું છે તેથી જીવ વિષયનો પ્રકાશક છે એ ઉપપન્ન છે.

વિવરણ : હવે દ્વિતીય પક્ષ સામે વાંધો રજૂ કરવામાં આવે છે. જીવને પરિચ્છિન્ન માનનાર મતમાં વૃત્તિ અભેદની અભિવ્યક્તિને માટે છે એ દ્વિતીયપક્ષ છે. આ મતમાં વૃત્તિ વડે અન્તઃકરણોપાધિક જીવ અને વિષયાવચ્છિન્ન બિંબભૂત બ્રહ્મચૈતન્યના અભેદની અભિવ્યક્તિ સંભવતી નથી. જેમ અખંડ બ્રહ્માકાર વૃત્તિ ઉપાધિની નિવર્તક બની શકે છે તેમ ઘટાદિને વિષય કરનારી વૃત્તિ ઉપાધિની નિવર્તક બની શકતી નથી તેથી અન્તઃકરણ અને વિષય એ બે ભેદક ઉપાધિ વિદ્યમાન હોય ત્યારે જીવ અને બ્રહ્મના અભેદની અભિવ્યક્તિ સંભવે નહિ.

આ શંકાનું સમાધાન કરતાં કહ્યું છે કે વ્યાવર્તક કે ભેદક ઉપાધિ વિદ્યમાન હોય તો પણ તે એકદેશમાં રહેતી થઈ જાય તો તેના બળે અભેદની અભિવ્યક્તિ સંભવે છે, કારણ કે આવું લોકમાં જોવામાં આવે છે. તળાવમાં રહેલા પાણીના અને ખેતરમાંના પાણીના અભેદની અભિવ્યક્તિ નીક દ્વારા થતી જોવામાં આવે છે, એ વાત જાણીતી છે તેમ અન્તઃકરણથી અવચ્છિન્ન ચૈતન્યરૂપ જીવ અને વિષયથી અવચ્છિન્ન બ્રહ્મચૈતન્યના અભેદની અભિવ્યક્તિ વૃત્તિ દ્વારા થાય છે. વૃત્તિ વિષયદેશમાં રહેલી છે તેથી વૃત્તિ અને વૃત્તિમાન (અન્તઃકરણ)ના અભેદથી જીવની ઉપાધિ એવું અન્તઃકરણ પણ વિષયદેશમાં રહેલા તરીકે સિદ્ધ થાય છે. આમ અન્તઃકરણ અને વિષય એ બંને ઉપાધિઓ એકદેશસ્થ હોવાથી તેમના ઉપધેય જીવ (અન્તઃકરણાવચ્છિન્ન ચૈતન્ય) અને બ્રહ્મ (વિષયાવચ્છિન્ન ચૈતન્ય)ના અભેદની અભિવ્યક્તિ થાય છે.

અહીં ફરી શંકા થાય કે આમ અભેદની અભિવ્યક્તિ સંભવતી હોય તો પણ જીવ-ચૈતન્ય વિષયનું અવભાસક બની શકે નહિ. કારણ કે તે વિષયની પ્રતિ ઉપાદાન ન હોઈને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેનો (જીવચૈતન્યનો) વિષય સાથે તાદાત્મ્યસંબંધ નથી અને બ્રહ્મચૈતન્ય પણ વિષયનું ઉપાદાન હોવાથી તેની સાથે સાક્ષાત્ તાદાત્મ્યસંબંધવાળું હોવાને લીધે તેને તેનું અવભાસક માની શકાય નહિ કારણ કે એમ માનતાં 'આલોકથી ઘટ પ્રકાશિત થાય છે' એ જ્ઞાનની જેમ 'મારાથી ઘટ જ્ઞાત થયો' એવું જે જીવચૈતન્યના ઘટપ્રકાશકત્વનું જ્ઞાન થાય છે તેનો વિરોધ થાય.

આ શંકાનું સમાધાન કરતાં કહ્યું છે કે બ્રહ્મચૈતન્ય વિષય સાથે તાદાત્મ્યસંબંધવાળું હોઈને તે જ વિષયનું પ્રકાશક છે (—અને આમ 'મારાથી ઘટ જ્ઞાત થયો' એ અનુભવનો વિરોધ થતો લાગે—), તો પણ તાદાત્મ્યસંબંધથી વિષયનું અવભાસક બ્રહ્મચૈતન્ય વૃત્તિ દ્વારા જ્યારે અન્તઃકરણથી ઉપહિત બને છે ( —અન્તઃકરણ વૃત્તિ દ્વારા વિષયદેશસ્થ બને છે તેથી— ) ત્યારે જીવની સાથે એકીભાવ થવાથી તે જીવ બને છે અને આમ બ્રહ્મચૈતન્યનું જે વિષયાભાસકત્વ છે તે જીવનું જ છે એમ પ્રાપ્ત થતાં અનુભવ સાથે કોઈ વિરોધ રહેતો નથી.

**अन्ये त्वाहुः—बिम्बस्थानीयस्य विषयावच्छिन्नस्य ब्रह्मणः प्रतिबिम्बभूतेन जीवेन एकीभावो नाभेदाभिव्यक्तिः । व्यावर्तकोपाधौ दर्पण इव जाग्रति तयोरेकीभावायोगात् । वृत्तिकृताभेदाभिव्यक्त्या विषयावच्छिन्नस्य ब्रह्मणो जीवत्वप्राप्तौ ब्रह्मणस्तदा तद्विषयसंसर्गाभावेन तद्द्रष्टृत्वासम्भवे सति तस्य सर्वज्ञत्वाभावापत्तेश्च । किं तु विषयावच्छिन्नं ब्रह्मचैतन्यं विषयसंसृष्टाया वृत्तेरग्रभागे विषयप्रकाशकं प्रतिबिम्बं समर्पयति इति तस्य प्रतिबिम्बस्य जीवेनैकीभावः । एवं चान्तःकरणतद्वृत्तिविषयावच्छिन्नचैतन्यानां प्रमातृप्रमाणप्रमेयभावेनासङ्करोऽप्युपपद्यते ।**

**न च वृत्त्युपहितचैतन्यस्य विषयप्रमातृत्वे तस्य विषयाधिष्ठानचैतन्यस्येव विषयेणाध्यासिकसम्बन्धाभावात् विषयापरोक्ष्ये आध्यासिकसम्बन्धतन्त्रं न स्यादिति वाच्यम् । विषयाधिष्ठानचैतन्यस्यैव विषयेणावच्छिन्नस्य वृत्तौ प्रतिबिम्बिततया तदभेदेन तत्सम्बन्धसत्त्वादिति ।**

જ્યારે બીજા કહે છે કે બિંબસ્થાનીય વિષયાવચ્છિન્ન બ્રહ્મનો પ્રતિબિંબભૂત જીવ સાથે એકીભાવ એ અભેદાભિવ્યક્તિ નથી, કારણ કે જેમ વ્યાવર્તક ઉપાધિરૂપ દર્પણ વિદ્યમાન હોય ત્યારે (તેમાં પ્રતિબિંબ અને બિંબસ્થાનીય મુખાદિના અભેદની અભિવ્યક્તિ થતી નથી) તેમ તેમનો (વિષયાવચ્છિન્ન બ્રહ્મ અને પ્રતિબિંબભૂત જીવનો) એકીભાવ સંભવતો નથી. અને વૃત્તિએ કરેલ અભેદાભિવ્યક્તિથી વિષયાવચ્છિન્ન બ્રહ્મ જીવત્વ પ્રાપ્ત કરે તો ત્યારે બ્રહ્મનો તે વિષય સાથે સંસર્ગ ન રહેવાથી તે તેનો દ્રષ્ટા નહીં સંભવે અને આમ થતાં તેના સર્વજ્ઞત્વના અભાવની આપત્તિ થશે. (ઈશ્વર સર્વજ્ઞ નહીં રહે). (તેથી પણ વૃત્તિ દ્વારા બિંબસ્થાનીય વિષયાવચ્છિન્ન બ્રહ્મનો પ્રતિબિંબભૂત જીવ સાથે એકીભાવ એ જ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અભેદાભિવ્યક્તિ એમ માની શકાય નહિ). પરંતુ વિષયાવચ્છિન્ન બ્રહ્મચૈતન્ય વિષયની સાથે સંસર્ગમાં આવેલી વૃત્તિના અગ્રભાગમાં વિષયનું પ્રકાશન કરનાર પ્રતિબિંબનું સમર્પણ કરે છે તેથી તે (વિષયપ્રકાશક) પ્રતિબિંબનો જીવ સાથે એકીભાવ છે (તે જ અભેદાભિવ્યક્તિ). અને આમ, અન્તઃકરણ, તેની વૃત્તિ, અને વિષય (એ ત્રણ) થી અવચ્છિન્ન ચૈતન્યોનો પ્રમાતા, પ્રમાણ અને પ્રમેયરૂપે અસંકર (ભેદ) પણ ઉપપન્ન બને છે.

એવી શંકા કરવી નહિ કે વૃત્તિથી ઉપહિત (વૃત્તિરૂપી ઉપાધિવાળું) ચૈતન્ય જો વિષયપ્રમા હોય તો તેનો વિષયના અધિષ્ઠાનરૂપ ચૈતન્યની જેમ વિષય સાથે આધ્યાસિક સંબંધ નહીં હોવાથી વિષયની અપરોક્ષતામાં આધ્યાસિક સંબંધ તન્ત્ર (નિયામક) નહીં બને (અને તેથી વિષયની અપરોક્ષતામાં આધ્યાસિક તાદાત્મ્યસંબંધ નિયામક છે એ સિદ્ધાંતનો વિરોધ થશે). (આવી શંકા બરાબર નથી) કારણ કે વિષયનું અધિષ્ઠાન જે ચૈતન્ય એ જ વિષયથી અવચ્છિન્ન બનેલું વૃત્તિમાં પ્રતિબિંબિત થતું હોવાથી તેનો અભેદ હોવાથી (પ્રતિબિંબચૈતન્યનો બિંબચૈતન્ય સાથે અભેદ હોવાથી એ (આધ્યાસિક તાદાત્મ્ય સંબંધ) છે (જ).

**વિવરણ :** વૃત્તિ દ્વારા વિષયાવચ્છિન્ન ચૈતન્ય અને અન્તઃકરણાવચ્છિન્ન ચૈતન્યનો એકીભાવ તે જ અભેદાભિવ્યક્તિ એમ જે કહ્યું તે કેટલાક વિચારકોને રુચતું નથી. જેમ દર્પણમાં પ્રતિબિંબદશામાં બિંબ અને પ્રતિબિંબના અભેદની અભિવ્યક્તિ થતી નથી કારણ કે તેમના ભેદનું જ્ઞાન હોય છે, તેમ પ્રસ્તુતમાં વિષયાદિ રૂપ ભેદક ઉપાધિ હોય ત્યારે અભેદાભિવ્યક્તિ સંભવે નહિ.

આની સામે કોઈ દલીલ કરે કે તત્ત્વસાક્ષાત્કારથી અશેષ ઉપાધિની નિવૃત્તિ થતાં જેવી અભેદાભિવ્યક્તિ થાય તેવી અહીં વિવક્ષિત નથી. પણ દૂધ અને પાણી એક પાત્રમાં હોવાથી જેવી તેમની અભેદાભિવ્યક્તિ થાય છે તેમ વૃત્તિ દ્વારા અન્તઃકરણ અને વિષય એકદેશસ્થ બનતાં તેનાથી પ્રયુક્ત તેમનાથી (—અન્તઃકરણ અને વિષયથી—) અવચ્છિન્ન ચૈતન્યોની ઔપચારિક અભેદાભિવ્યક્તિ અહીં વિવક્ષિત છે. અને અભેદાભિવ્યક્તિમાં વ્યાવર્તક ઉપાધિની હાજરી હોય તો તેથી અભેદ ન સંભવે એ વિરોધ નથી. દર્પણમાં મુખપ્રતિબિંબદશામાં પણ 'મારું મુખ જ દર્પણમાં દેખાય છે' એવી બિંબ અને પ્રતિબિંબના અભેદની અભિવ્યક્તિ જોવામાં આવે છે. તેમ અહીં પણ સંભવશે. અન્તઃકરણ અને તેની વૃત્તિમાંનાં પ્રતિબિંબોની અભેદાભિવ્યક્તિ ઔપચારિક જ હોઈ શકે, મુખ્ય નહિ કારણ કે વૃત્તિ અને વૃત્તિમાન કાર્ય અને કારણરૂપ હોઈને એક હોઈ શકે નહિ અને તેથી તેઓમાંનાં પ્રતિબિંબોનું ઐક્ય પણ સંભવે નહિ. ઐક્ય માનવામાં આવે તો આ મતમાં પ્રમાતા વગેરેના સાંકર્યના અભાવનું ઉપપાદન કર્યું છે તેનો વિરોધ થાય.

આ બચાવ ઠીક ન લાગતાં કહ્યું છે કે આ મતમાં બીજો પણ દોષ છે કે વિષયાવચ્છિન્ન બ્રહ્મ જો જીવ બની જાય તો તેના ઈશ્વરત્વની નિવૃત્તિ માનવી જ પડે. કારણ કે એકથી અવચ્છેદ થતાં ચૈતન્યમાં જીવત્વ અને ઈશ્વરત્વ બંને સંભવે નહિ. અને ત્યારે જીવત્વની દશામાં બ્રહ્મનો તે વિષય સાથે સંબંધ ન રહેતાં તે તેનો દ્રષ્ટા બની શકશે નહિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આની સામે કોઈ દલીલ કરે કે વિષયના અધિષ્ઠાનરૂપ ચૈતન્યમાં વૃત્તિ સાથેના સંસર્ગની દશામાં જેમ અન્તઃકરણથી ઉપહિત થવાને કારણે જીવત્વ સંભવે છે તેમ અવિદ્યાથી ઉપહિત થવાને કારણે ઈશ્વરત્વ પણ સંભવી શકે અને તેથી એ જીવ અને ઈશ્વર બંને હોય એમાં કોઈ વિરોધ નથી અને આમ બિંબભૂત ઈશ્વરનું ત્યારે પણ સર્વજ્ઞત્વ અક્ષત રહે છે. આવું ન માનો તો અન્તઃકરણાદિના અધિષ્ઠાનરૂપ ચૈતન્યમાં અન્તઃકરણાદિરૂપ ઉપાધિવાળા હોવાને કારણે સદા જીવત્વ રહેતું હોવાથી બિંબભૂત બ્રહ્મનો ક્યારેય અન્તઃકરણાદિ સાથે સંસર્ગ ન હોય અને તે તેનો દ્રષ્ટા બની શકે નહિ અને તેથી તેનામાં સદા સર્વજ્ઞત્વનો અભાવ જ રહે એ દોષ તો તમારા મતમાં પણ સમાન જ રહે. શંકાકર્તા પૂછી શકે કે તમને કેવી અભેદાભિવ્યક્તિ માન્ય છે.

આ શંકાના ઉત્તરમાં કહે છે કે વૃત્તિ હૃદયમાં રહેલ અન્તઃકરણથી આરંભીને વિષય પર્યન્ત અવિચ્છિન્નપણે કૌસ્તુભ મણિ વગેરેની પ્રભાની જેમ દીર્ઘભાવ પામેલી (લંબાયેલી) રહે છે. તે વૃત્તિનો વિષય સાથે સંસર્ગમાં આવેલો ભાગ તે તેનો અગ્રભાગ કહેવાય છે. ત્યાં બ્રહ્મનું જે પ્રતિબિંબ પડે છે તે વિષયપ્રકાશક છે અને તેનો જીવની સાથે અભેદ તે અહીં અભેદાભિવ્યક્તિ તરીકે વિવક્ષિત છે, કારણ કે વૃત્તિ અને વૃત્તિમાન (અન્તઃકરણ)નો તાદાત્મ્યરૂપ અભેદ હોઈને તેઓમાં પડેલાં પ્રતિબિંબોના અભેદની અભિવ્યક્તિ સંભવે છે. અને આમ વૃત્તિમાં પડેલા પ્રતિબિંબનો અન્તઃકરણમાં પડેલા પ્રતિબિંબથી વસ્તુતઃ ભેદ હોવા છતાં પણ તેનાથી અભિન્ન તરીકે અભિવ્યક્ત થતું તે વિષયાવભાસક તરીકે સ્વીકારવામાં આવે તો પ્રમાતા, પ્રમાણ અને પ્રમેયનું સાંકર્ય 'પણ' નહીં થાય, તેમનો ભેદ ઉપપન્ન થશે. 'પણ' થી એમ વિવક્ષિત છે કે વૃત્તિ અને વૃત્તિમાનના તાદાત્મ્યને લીધે તેમનામાં પડેલા પ્રતિબિંબોના અભેદની અભિવ્યક્તિ જેમ ઉપપન્ન બને છે તેમ આ અસંકર પણ ઉપપન્ન બને છે. અન્તઃકરણરૂપ ઉપાધિથી અવચ્છિન્ન, તેમાં પ્રતિબિંબિત ચૈતન્ય તે પ્રમાતા; વૃત્તિપ્રતિબિંબ ચૈતન્ય, તેનાથી જ અવચ્છિન્ન બનેલું તે પ્રમાણ; અને વિષયાવચ્છિન્ન બ્રહ્મચૈતન્ય તે પ્રમેય એમ તેમનું અસાંકર્ય ઉપપન્ન છે, કારણ કે વ્યાવર્તક ઉપાધિઓનો સદ્ભાવ છે. (આ મતમાં અસાંકર્ય ઉપપન્ન છે એમ કહીને એમ સૂચવ્યું છે કે પૂર્વ મતમાં વિષયાવચ્છિન્ન બ્રહ્મચૈતન્યને જીવત્વ પ્રાપ્ત થાય છે એમ સ્વીકાર્યું હોવાથી પ્રમાતા–ચૈતન્ય અને પ્રમેય–ચૈતન્યનું અસાંકર્ય ઉપપન્ન નથી. વ્યાખ્યાકાર કૃષ્ણાનંદતીર્થ આની ટીકા કરતાં કહે છે કે વસ્તુતઃ તો પૂર્વમતમાં પણ સાંકર્યનો દોષ નથી, કારણ કે જીવ અને બ્રહ્મની ભેદક ઉપાધિનો સદ્ભાવ, અને તેનાથી પ્રયુક્ત સર્વજ્ઞત્વાદિની વ્યવસ્થા કેવી રીતે થાય છે એ ઉપર બતાવ્યું છે.)

કોઈ શંકા કરે કે વૃત્તિથી ઉપહિત ચૈતન્યને જો પ્રમા માનવામાં આવે તો તેનો વિષય સાથે આધ્યાસિક તાદાત્મ્ય-સંબંધ નહીં હોવાથી (—પ્રમારૂપ વૃત્તિપ્રતિબિંબ વિષયનું ઉપાદાન નહીં હોવાથી તેમનું તાદાત્મ્ય સંભવતું નથી—) વિષયની અપરોક્ષતામાં આધ્યાસિક તાદાત્મ્યસંબંધ નિયામક છે એ સિદ્ધાંતનો વિરોધ થશે. આ શંકાનો ઉત્તર આપતાં કહ્યું છે કે બિંબ અને પ્રતિબિંબનો અભેદ સ્વીકારવામાં આવે છે. તેથી બિંબચૈતન્યનો વિષય સાથે જે તાદાત્મ્યસંબંધ છે એ જ પ્રમારૂપ પ્રતિબિંબનો પણ તાદાત્મ્યસંબંધ છે. તેથી સિદ્ધાંતનો કોઈ ભંગ થતો નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अपरे त्वाहुः—बिम्बभूतविषयाधिष्ठानचैतन्यमेव साक्षादाध्यासिकसम्बन्धलाभात् विषयप्रकाशकमिति तस्यैव बिम्बत्वविशिष्टरूपेण भेदसद्भावेऽपि तदुपलक्षितचैतन्यात्मना एकीभावोऽभेदाभिव्यक्तिः । न चैवं सति जीवब्रह्मसाङ्कर्यम्, न वा ब्रह्मणः सर्वज्ञत्वविरोधः, बिम्बात्मना तस्य यथापूर्वमवस्थानादिति ॥१२॥

જ્યારે **બીજાઓ** કહે છે વિષયાધિષ્ઠાનરૂપ બિંબભૂત ચૈતન્ય જ સાક્ષાત્ આધ્યાસિક સંબંધ પ્રાપ્ત થવાથી વિષયનું પ્રકાશક છે માટે તેનો બિંબત્વથી વિશિષ્ટ રૂપે (પ્રતિબિંબત્વથી વિશિષ્ટ ચૈતન્યસ્વરૂપ જીવથી) ભેદ હોવા છતાં પણ તેનો જ તેનાથી (બિંબત્વથી) ઉપલક્ષિત ચૈતન્યસ્વરૂપે (પ્રતિબિંબત્વથી ઉપલક્ષિત ચૈતન્યસ્વરૂપ જીવ સાથે) એકીભાવ તે અભેદાભિવ્યક્તિ. અને આમ હોય તો જીવ અને બ્રહ્મનું સાંકર્ય નથી, કે નથી બ્રહ્મના સર્વજ્ઞત્વનો વિરોધ, કારણ કે બિંબ રૂપે તે પહેલાંની જેમ રહે છે. (૧૨)

**વિવરણ :** બિંબ અને પ્રતિબિંબનો અભેદ હોવા છતાં કલ્પિત ભેદ છે તેથી બિંબસંબંધ એ પ્રતિબિંબસંબંધ નથી. આમ આગળના મત પ્રત્યે 'સાક્ષાત' પદથી અરુચિ બતાવીને બીજાઓ જુદી રીતે 'અભેદાભિવ્યક્તિ' સમજાવે છે. બિંબભૂત એવું વિષયાધિષ્ઠાન ચૈતન્ય જ સાક્ષાત્ વિષયપ્રકાશક છે. બિંબત્વ અને પ્રતિબિંબત્વથી વિશિષ્ટ જુદાં હશે પણ બિંબત્વથી ઉપલક્ષિત અને પ્રતિબિંબથી ઉપલક્ષિત ચૈતન્ય સ્વરૂપે તો તેમનો એકીભાવ છે તે જ અભેદાભિવ્યક્તિ અને આમ બનતાં કોઈ દોષ રહેતો નથી. વ્યાખ્યાકાર **કૃષ્ણાનંદ** કહે છે કે એ વિચારવા જેવું છે કે ઉપલક્ષિત ચૈતન્યસ્વરૂપે એકીભાવ એ વાસ્તવ અભેદ નથી, કારણ કે વાસ્તવ અભેદને વૃત્તિની અપેક્ષા ન હોય. તેમ એ વ્યાવહારિક અભેદ નથી કારણ કે બિંબ અને પ્રતિબિંબનો ભેદ વ્યાવહારિક હોઈને તેમનો તેની સમાન સત્તાવાળો અભેદ સંભવે નહિ. એ પ્રાતિભાસિક અભેદ પણ નથી, કારણ કે બે ઉપાધિઓ એકદેશમાં રહેવા માત્રથી બિંબ ચૈતન્ય અને પ્રતિબિંબ ચૈતન્યનો પ્રાતિભાસિક અભેદ સંભવે છે તેથી તેને માટે ચૈતન્ય માત્રનું ઉપલક્ષણ વ્યર્થ બની જાય છે. (બિંબત્વથી ઉપલક્ષિત અને પ્રતિબિંબત્વથી ઉપલક્ષિત હોય તો જ તેમનો એકીભાવ થાય એ જરૂરી નથી—જો એ પ્રાતિભાસિક અભેદ હોય તો.) (૧૨)

(१३) अथ तृतीयपक्षे को नामावरणाभिभवः ? अज्ञाननाशश्चेत्, घटज्ञानेनैवाज्ञानमूलः प्रपञ्चो निवर्तेतेति चेत्—अत्र केचिदाहुः—चैतन्यमात्रावरकस्याज्ञानस्य विषयावच्छिन्नप्रदेशे खद्योतादिप्रकाशेन महान्धकारस्येव ज्ञानेनैकदेशेन नाशो वा, कटवत् संवेष्टनं वा, भीतभटवदपसरणं वाऽभिभव इति ।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૩) હવે (વૃત્તિ આવરણના અભિભવને માટે છે એ) ત્રીજા પક્ષમાં ખરેખર શો છે આ આવરણાભિભવ? જો એ અજ્ઞાનનો નાશ હોય તો (અજ્ઞાન એક હોવાથી) ઘટજ્ઞાનથી જ અજ્ઞાનમૂલક પ્રપંચની નિવૃત્તિ થઈ જાય (પણ તેમ થતું નથી તેથી અજ્ઞાનનો નાશ આવરણાભિભવ ન હોઈ શકે)—એવી શંકા કોઈ કરે તો એ બાબતમાં કેટલાક કહે છે જેમ આગિયા વગેરેના પ્રકાશથી મહા અંધકારનો એકદેશથી નાશ થાય છે (સંપૂર્ણ અંધકારનો વિનાશ નથી થતો) તેમ ચૈતન્યમાત્રનું આવરણ કરનાર અજ્ઞાનનો વિષયથી અવચ્છિન્ન પ્રદેશમાં એકદેશથી જ્ઞાન વડે નાશ થાય તે અભિભવ; અથવા સાદડીનું જેમ સંવેષ્ટન થાય તેમ જ્ઞાનથી વિષયાવચ્છિન્ન પ્રદેશમાં અજ્ઞાનનું સંવેષ્ટન (વીંટાળાવુ) તે અભિભવ, અથવા ડરી ગયેલા યોદ્ધાની જેમ (જ્ઞાનને કારણે) અજ્ઞાનનું વિષયાવચ્છિન્ન પ્રદેશથી પલાયન તે અભિભવ.

વિવરણ : અજ્ઞાનને એક માનીને શંકા કરી છે અને એ દૃષ્ટિએ જ શંકાનો ઉત્તર આપ્યો છે. 'ચૈતન્યમાત્ર'માં 'માત્ર' પદથી સાક્ષીથી વ્યતિરિક્ત કૃત્સ્ન ચૈતન્યનો બોધ થાય છે, કારણ કે સાક્ષીમાં આવરણના અભાવની વાત આગળ ઉપર કરવામાં આવશે ઘટજ્ઞાનાદિથી અજ્ઞાનનો એકદેશથી નાશ કે તેનું સંવેષ્ટન કે પલાયન થાય છે. તેથી અજ્ઞાનમૂલક સકલ પ્રપંચની નિવૃત્તિની આપત્તિ નથી. ઉપર સંબંધને માટે વૃત્તિ, અભેદાભિવ્યક્તિને માટે વૃત્તિ અને આવરણાભિભવને માટે વૃત્તિ એ ત્રણ પક્ષનો ઉલ્લેખ કર્યો છે. તેમાંથી ત્રીજા પક્ષની ચર્ચા અહીં કરી છે.

**अन्ये तु—अज्ञानस्यैकदेशेन नाशे उपादानाभावात् पुनस्तत्र कन्दलनायोगेन सकृदपगते समयान्तरेऽप्यावरणाभावप्रसङ्गात्, निष्क्रियस्यापसरणसंवेष्टनयोरसम्भवाच्च न यथोक्तरूपोऽभिभवः सम्भवति । अतः चैतन्यमात्रावरकस्याप्यज्ञानस्य तत्तदाकारवृत्तिसंसृष्टावस्थविषयावच्छिन्नचैतन्यानावरकत्वस्वाभाव्यमेवाभिभवः । न च विषयावगुण्ठनपटवद् विषयचैतन्यमाश्रित्य स्थितस्याज्ञानस्य कथं तदनावरकत्वं युज्यते इति शङ्क्यम् । 'अहमज्ञः' इति प्रतीत्याऽहमनुभवे प्रकाशमानचैतन्यमाश्रयत एव तस्य तदनावरकत्वप्रतिपत्तेरित्याहुः ।**

જ્યારે બીજા કહે છે કે અજ્ઞાનનો એકદેશથી નાશ થતાં ઉપાદાન(કારણ)નો અભાવ હોવાથી ફરી ત્યાં આવરણનો સંભવ ન હોવાથી એક વાર (અજ્ઞાનનો) નાશ થતાં અન્ય સમયમાં પણ આવરણના અભાવનો પ્રસંગ થશે; અને નિષ્ક્રિય (અજ્ઞાન)ના પલાયન કે સંવેષ્ટનનો સંભવ નથી માટે ઉપરોક્ત રૂપવાળો (અજ્ઞાનનાશ કે સંવેષ્ટન કે પલાયન પ્રકારનો) અભિભવ સંભવતો નથી. તેથી અજ્ઞાન ચૈતન્યમાત્રનું આવરણ કરનાર હોવા છતાં તે તે વિષયાકાર વૃત્તિની સાથે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંપૃક્ત અવસ્થાવાળા વિષયાવચ્છિન્ન ચૈતન્યનું આવરણ કરનાર ન હોવું એ જે તેનો સ્વભાવ છે તે જ અભિભવ. અને એવી શંકા ન કરવી કે વિષયના અવગુંઠન (તેને ઢાંકી દેનાર પડદા) રૂપ કપડાની જેમ વિષયચૈતન્યને આશ્રય બનાવીને રહેલ અજ્ઞાન તેનું આવરણ કરનાર ન હોય એ કેવી રીતે યુક્ત બને (—અર્થાત્ તેનું આવરણ કરે જ). (આ શંકા યુક્ત નથી) કારણ કે 'હું અજ્ઞ છું' એ પ્રતીતિ થાય છે તેથી 'अहम्' (હું) અનુભવમાં પ્રકાશતા ચૈતન્યને આશ્રયે રહેતું હોવા છતાં અજ્ઞાન તેને આવૃત નથી કરતું એમ જ્ઞાત થાય છે.

**વિવરણ** : ઉપર જે આવરણના અભિભવની સમજૂતી આપી તેમાં દોષ બતાવીને તેને બીજી રીતે કેટલાક સમજાવે છે. અજ્ઞાનનો સ્વભાવ જ છે કે વિષયાકાર વૃત્તિની સાથે સંસર્ગમાં હોય એવી અવસ્થામાં જે વિષયાવચ્છિન્ન ચૈતન્ય હોય તેને એ આવૃત નથી કરતું. આ વાત જરા વિચિત્ર લાગે. કપડું ઘડા ઉપર ઢાંકેલું હોય તો તે તેને આવૃત કરે જ, તેમ વિષયાવચ્છિન્ન બ્રહ્મચૈતન્યને વ્યાપીને રહેલું અજ્ઞાન પણ ચૈતન્યને આવૃત કરે જ, તેથી જ તે તેનું આવરણ નથી કરતું એમ માનવું બરાબર નથી. આનો ઉત્તર આપતાં કહ્યું છે કે અજ્ઞાનનું કપડાથી વૈલક્ષણ્ય અનુભવથી સિદ્ધ છે. 'હું અજ્ઞ છું' એવી પ્રતીતિ થાય છે. તેમાં 'હું'ના અનુભવમાં ચૈતન્ય પ્રકાશે છે એટલે તે ચૈતન્યને આશ્રયે રહેલ અજ્ઞાન તેનું આવરણ નથી કરતું એ સિદ્ધ થાય છે. જીવચૈતન્યને આશ્રયે રહેતું હોવા છતાં પણ અજ્ઞાન તેને આવૃત કરતું નથી, કારણ કે આવૃત કરે તો સર્વવ્યવહારના લોપનો પ્રસંગ થાય એમ દહરાધિકરણના ભાષ્યમાં (બ્ર.સૂ. શાંકરભાષ્ય ૧.૩.૧૪) શંકરાચાર્યે સિદ્ધ કર્યું છે અને અપ્પય્યદીક્ષિત સાક્ષિચૈતન્ય અનાવૃત રહે છે તે વિષે આગળ ઉપર કહેવાના છે.

**अपरे तु—'घटं न जानामि' इति घटज्ञानविरोधित्वेन, घटज्ञाने सति घटाज्ञानं निवृत्तमिति तन्निवर्त्यत्वेन चानुभूयमानं न मूलाज्ञानम्। शुद्धचैतन्यविषयस्य तज्ज्ञाननिवर्त्यस्य च तस्य तथात्वायोगात् । किन्तु घटावच्छिन्नचैतन्यविषयं मूलाज्ञानस्यावस्थाभेदरूपमज्ञानान्तरमिति तन्नाश एवाभिभवः। न चैवमेकेन ज्ञानेन तन्नाशे तत्समानविषयाणां ज्ञानान्तराणामावरणाभिभावकत्वानापत्तिः । यावन्ति ज्ञानानि तावन्ति अज्ञानानीत्यभ्युपगमादित्याहुः ।**

જ્યારે બીજા કહે છે કે 'હું ઘટને જાણતો નથી' એમ ઘટજ્ઞાનના વિરોધી તરીકે, અને 'ઘટજ્ઞાન થતાં ઘટનું અજ્ઞાન નિવૃત્ત થયું' એમ તેના (ઘટજ્ઞાનના) નિવર્ત્ય તરીકે અનુભવાતું અજ્ઞાન મૂલ અજ્ઞાન નથી કારણ કે શુદ્ધચૈતન્યવિષયક અને તેના (શુદ્ધ ચૈતન્યના) જ્ઞાનથી નિવૃત્ત કરી શકાતું તે (અજ્ઞાન) તેવું (અર્થાત્ ઘટાવચ્છિન્નચૈતન્ય વિષયક અને ઘટજ્ઞાનથી નિવૃત્ત કરી શકાય એવું) હોઈ શકે નહિ. પણ એ ઘટાવચ્છિન્ન ચૈતન્યવિષયક એવું મૂલ અજ્ઞાનના અવસ્થાવિશેષરૂપ બીજું અજ્ઞાન છે તેથી તેનો નાશ એ જ (આવરણનો) અભિભવ,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને આમ એક જ્ઞાનથી તેનો (અવસ્થારૂપ અજ્ઞાનનો) નાશ થતાં તત્સમાનવિષયક અન્ય જ્ઞાનો આવરણનો અભિભવ કરનારાં નહીં બને એવી આપત્તિ નહીં થાય, કારણ કે જેટલાં જ્ઞાન છે તેટલાં અજ્ઞાન છે એમ સ્વીકારવામાં આવ્યું છે.

**વિવરણ** : વિષયાવચ્છિન્ન ચૈતન્યનું આવરણ કરનાર અજ્ઞાન પ્રપંચના ઉપાદાન-કારણભૂત મૂલ અજ્ઞાનની અપેક્ષાએ જુદું જ છે તેથી ઘટાદિજ્ઞાનથી તેની નિવૃત્તિ થતાં પ્રપંચની નિવૃત્તિનો પ્રસંગ નથી. તેનાથી પ્રપંચના મૂલરૂપ અજ્ઞાનની નિવૃત્તિ થતી નથી એમ અજ્ઞાનભેદ માનનારા વિચારકોનો મત અહીં રજૂ કર્યો છે. 'न जानामि' એમ અજ્ઞાનના અનુભવનો અભિલાપ (કથન) કરનાર વચનમાં 'न' 'વિરોધી' એવા અર્થમાં છે તેથી જેનું કથન છે તે અનુભવ જ્ઞાનવિરોધી એવા અજ્ઞાનને વિષે છે. તે ભાવરૂપ અજ્ઞાન વિષે છે, જ્ઞાનના પ્રાગભાવને વિષય કરનારો નથી (મારામાં જ્ઞાનનો અભાવ છે, મારામાં જ્ઞાન હજુ ઉત્પન્ન થયું નથી એવો અનુભવ નથી), કારણ કે પ્રાગભાવ અંગે જ સર્વસંમતિ નથી. ઘટજ્ઞાનથી જે ઘટાવચ્છિન્નચૈતન્યને વિષય કરનારું અજ્ઞાન નાશ પામે છે તે મૂલ અજ્ઞાનથી જુદું છે, તેની એક વિશેષ અવસ્થા છે. અને જેટલાં જ્ઞાન તેટલાં અજ્ઞાન હોય છે માટે એક ઘટ અંગેનું અજ્ઞાન દૂર થતાં બીજા ઘટો અંગેનું અજ્ઞાન દૂર થઈ ગયું હશે તેથી બીજાં જ્ઞાનોથી તેમના આવરણનો અભિભવ નહીં થઈ શકે એવી આપત્તિ નહીં થાય.

**इमानि चावस्थारूपाणि अज्ञानानि मूलाज्ञानवदज्ञानत्वादनादीनीति केचित् ।**

**व्यावहारिकौ जगज्जीवावावृत्य स्वाप्नौ जगज्जीवौ विक्षिपन्ती निद्रा तावदावरणविक्षेपशक्तियोगात् अज्ञानावस्थाभेदरूपा । तथा सुषुप्त्यवस्थाऽप्यन्तःकरणादौ विलीने 'सुखमहमस्वाप्सं न किञ्चिदवेदिषम्' इति परामर्शदर्शनात् मूलाज्ञानवत् सुषुप्तिकाले अनुभूयमानाज्ञानावस्थाभेदरूपैव । तयोश्च जाग्रद्भोगप्रदकर्मोपरमे सत्येवोद्भवात् सादित्वम्, तद्वद् अन्यदप्यज्ञानमवस्थारूपं सादीत्यन्ये ।**

અને કેટલાક કહે છે કે આ અવસ્થારૂપ અજ્ઞાનો છે તે મૂલ અજ્ઞાનની જેમ અનાદિ છે કારણ કે અજ્ઞાનત્વ (ધર્મ) તેઓમાં છે (—કારણ કે અજ્ઞાન છે).

બીજા કહે છે કે વ્યાવહારિક (જાગ્રત્ અવસ્થાનાં) જગત્ અને જીવનું આવરણ કરીને સ્વાપ્ન (સ્વપ્નકાળનાં) જગત્ અને જીવનો વિક્ષેપ (સર્જન) કરતી નિદ્રા તો તેમાં આવરણ અને વિક્ષેપ શક્તિનો યોગ હોવાથી અજ્ઞાનની વિશેષ અવસ્થા છે. તેમ અન્તઃકરણ વગેરે વિલીન થતાં 'હું નિરાંતે સૂતો, મેં કંઈ જાણ્યું નહિ' એમ પરામર્શ (સ્મરણ) જોવામાં આવતો હોવાથી સુષુપ્તિ અવસ્થા પણ મૂલ અજ્ઞાનની જેમ સુષુપ્તિકાળમાં અનુભવાતી અજ્ઞાનની વિશેષ અવસ્થા જ છે જાગ્રત્કાલીન ભોગ આપનાર કર્મનો ક્ષય થાય ત્યારે જ તે બેનો (નિદ્રા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને સુષુપ્તિનો) ઉદ્ભવ થતો હોવાથી તે સાદિ છે. તેની જેમ બીજું પણ (ઘટાદિથી અવચ્છિન્ન ચૈતન્યનું આવરણ કરનાર) અવસ્થારૂપ અજ્ઞાન સાદિ છે.

**વિવરણ**: અનેક અજ્ઞાનો માન્યાં તે અનાદિ છે કે આદિવાળાં ? કેટલાક વિચારકો તેમને અનાદિ માને છે. તેમની દલીલ છે કે 'અવસ્થારૂપ અજ્ઞાનો અનાદિ છે, તેઓમાં અજ્ઞાનત્વ ધર્મ હોવાથી, મૂલ અજ્ઞાનની જેમ'. દેવતાધિકરણ (બ્ર.સૂ ૧.૩.૨૬) વગેરેમાં મૂલ અજ્ઞાનને શ્રુતિ અને ન્યાયની મદદથી અનાદિ સિદ્ધ કરવામાં આવ્યું છે તેથી દૃષ્ટાન્તાસિદ્ધનો દોષ નથી. અનાદિ હોવાને માટે અજ્ઞાન હોવું એ જ પૂરતું છે, મૂલ અજ્ઞાન હોવું અનિવાર્ય નથી. (–અજ્ઞાનત્વમાત્ર અનાદિત્વની બાબતમાં પ્રયોજક છે).

બીજો પક્ષ માને છે કે અવસ્થારૂપ અજ્ઞાનો સાદિ છે, કારણ કે અવસ્થારૂપ અજ્ઞાનત્વ ધર્મ તેઓમાં છે, નિદ્રા અને સુષુપ્તિની જેમ. દૃષ્ટાંત તરીકે રજૂ કરાતાં નિદ્રા અને સુષુપ્તિ અવસ્થારૂપ અજ્ઞાન છે અને સાદિ છે એમ પહેલાં બતાવ્યું છે. જાગ્રત્કાલીન જગત્ અને જીવ જેવાં હોય છે તેવાં જ સ્વપ્નકાળમાં ઉપલબ્ધ થતાં નથી તેથી તેમનું આવરણ માનવું જ પડશે. નિદ્રા તેમનું આવરણ કરીને સ્વપ્નકાલીન જગત્ અને જીવની સૃષ્ટિ કરે છે. આ બતાવે છે કે અજ્ઞાનનું જે લક્ષણ છે–આવરણ અને વિક્ષેપ શક્તિવાળા હોવું– તે સ્વપ્નના કારણરૂપ નિદ્રામાં છે તેથી એ અજ્ઞાન છે એમ સિદ્ધ થાય છે. અને આગળ કહેવામાં આવશે તેમ નિદ્રા સાદિ હોઈને સાક્ષાત્ મૂલ અજ્ઞાનત્વ તેમાં સંભવતું નથી તેથી તે મૂલ અજ્ઞાનની વિશેષ અવસ્થા છે. તે જ રીતે સુષુપ્તિકાળમાં મૂલ અજ્ઞાનની જેમ અનુભવાતી સુષુપ્તિ–અવસ્થા પણ અજ્ઞાનની વિશેષ અવસ્થા છે. સુષુપ્તિકાળમાં પણ અજ્ઞાનનો અનુભવ થાય છે. સુષુપ્તિમાંથી જાગ્યા પછી એવું સ્મરણ થાય છે કે 'નિરાંતે ઊંઘ આવી હતી, કશું જાણ્યું નહોતું'. આ સ્મરણનો સંભવ તો જ થાય જો ત્યારે સુષુપ્તિ અને મૂલ અજ્ઞાનનો અનુભવ સાક્ષિરૂપ કલ્પવામાં આવે. સુષુપ્તિના સ્વરૂપને સિદ્ધ કરવા માટે પરામર્શથી કલ્પવામાં આવતા સુષુપ્તિના અનુભવની રજૂઆત કરી છે. સુષુપ્તિકાળમાં મૂલ અજ્ઞાનતા ન હોય તો સુષુપ્તિ તેની વિશેષ અવસ્થા ન હોઈ શકે. તેથી તેના અનુભવની રજૂઆત કરી છે તે ત્યારે મૂલ અજ્ઞાનની સત્તા સિદ્ધ કરવા માટે. તેથી સુષુપ્તિને મૂલ અજ્ઞાનની વિશેષ અવસ્થા માનવી જોઈએ. સુષુપ્તિકાળમાં મૂલ અજ્ઞાનથી અતિરિક્ત અન્તઃકરણ વગેરેનો લય થઈ ગયો હોવાથી તે તેમની અવસ્થા હોઈ શકે નહિ. આમ દૃષ્ટાંતભૂત નિદ્રા અને સુષુપ્તિ અવસ્થા–અજ્ઞાન છે, અને તે સાદિ પણ છે. કારણ કે જાગ્રત્કાલીન ભોગ આપનાર કર્મ અટકી જતાં નિદ્રા અને સુષુપ્તિનો ઉદ્ભવ થાય છે. તે જ રીતે ઘટાદિવિષયથી અવચ્છિન્ન ચૈતન્યનું આવરણ કરનાર અજ્ઞાન પણ અવસ્થારૂપ અને સાદિ છે.

**नन्वनादित्वपक्षे घटे प्रथममुत्पन्नेनैव ज्ञानेन सर्वतदज्ञाननाशो भवेत्, विनिगमनाविरहात् तदवच्छिन्नचैतन्यावरकसर्वाज्ञाननाशे विषय-प्रकाशायोगाच्च । अतः पाश्चात्यज्ञानानामावरणानभिभावकत्वं तदवस्थ-मेवेति चेत्,**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**अत्र केचिदाहुः—यथा ज्ञानप्रागभावानामनेकेषां सत्त्वेऽप्येकज्ञानोदये एक एव प्रागभावो निवर्तते । संशयादिजननशक्ततया तदावरणरूपेषु प्रागभावान्तरेषु सत्स्वपि विषयावभासः । तथकज्ञानोदये एकमेवाज्ञानं निवर्तते, अज्ञानान्तरेषु सत्स्वपि विषयावभास इति ।**

કોઈ શંકા કરે કે (અવસ્થારૂપ અજ્ઞાનો) અનાદિ છે એ પક્ષમાં ઘટને વિષે પ્રથમવાર જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તેનાથી જ તેના (ઘટના) સર્વ અજ્ઞાનોનો નાશ થવો જોઈએ, કારણ કે (એક અજ્ઞાનનો નાશ થાય અને અન્ય અજ્ઞાનોનો ન થાય તેને માટે કશું) વિનિગમક (નિર્ણાયક) નથી; અને તેનાથી (ઘટથી) અવચ્છિન્ન ચૈતન્યનું આવરણ કરનાર સર્વ અજ્ઞાનોનો નાશ ન થાય તો વિષયપ્રકાશ ન સંભવે. તેથી (—અર્થાત્ પ્રથમ ઉત્પન્ન થયેલા જ્ઞાનથી સર્વ અજ્ઞાનોના નાશને લીધે—) પાછળથી થતાં જ્ઞાનો આવરણનો અભિભવ કરનાર નહીં બને એ દોષ એમને એમ રહે છે.

અહીં (આવી શંકાના ઉત્તરમાં) કેટલાક કહે છે કે જેમ જ્ઞાનના પ્રાગભાવો અનેક હોવા છતાં પણ એક જ્ઞાનનો ઉદય થતાં એક જ પ્રાગભાવનો નાશ થાય છે; સંશયાદિ ઉત્પન્ન કરવાને શક્તિમાન તરીકે તેના આવરણરૂપ બીજા પ્રાગભાવો હોવા છતાં પણ વિષયનો અવભાસ થાય છે—તેમ એક જ્ઞાનનો ઉદય થતાં એકજ અજ્ઞાન નિવૃત્ત થાય છે; બીજાં અજ્ઞાનો વિદ્યમાન હોવા છતાં પણ વિષયનો અવભાસ થાય છે.

**વિવરણ** : અવસ્થા–અજ્ઞાનો સાદિ છે એ પક્ષમાં પ્રથમ ઉત્પન્ન થયેલા ઘટજ્ઞાનથી તેની ઉત્પત્તિની પહેલાં ઘટનું આવરણ કરનાર તરીકે જે અજ્ઞાન રહેલું હતું તેનો નાશ થાય છે. પણ પછીથી ઉત્પન્ન થતું અવસ્થા–અજ્ઞાન ફરી તેનું આવરણ કરે છે–એવી વ્યવસ્થાની સિદ્ધિ થાય છે. પણ અવસ્થા–અજ્ઞાનોને અનાદિ માનીએ તો આ વ્યવસ્થા સિદ્ધ થતી નથી—એવી શંકા રજૂ કરી શકાય. પ્રાથમિક ઘટજ્ઞાનથી તેનાં બધાં અજ્ઞાનોનો નાશ થાય છે કે નહિ? જો નથી થતો એમ કહો તો પ્રાથમિક જ્ઞાનથી એક જ અજ્ઞાન નાશ પામે, બીજાં નહિ એ નક્કી કરનાર કશું ન હોવાથી સર્વ અજ્ઞાનનો નાશ થાય છે એમ જ કહેવું પડશે વળી એક આવરણનો નાશ થાય તો પણ બીજાં આવરણો રહે છે તેથી વિષયનો પ્રકાશ અનુપપન્ન બને (જ્યારે વિષય પ્રકાશે તો છે જ). પહેલા વિકલ્પનું ખંડન કરતાં કહ્યું છે કે પ્રાથમિક ઘટજ્ઞાનથી તેનાં બધાં અજ્ઞાનો નાશ પામે છે એમ માનીએ તો પ્રથમ જ્ઞાનથી બધાં અજ્ઞાનોનો નાશ થતાં ઉત્તરકાલીન જ્ઞાનો આવરણનો અભિભવ કરનારાં નહીં બને એ દોષ એવો ને એવો રહે છે. ઉત્તરકાલીન જ્ઞાનો આવરણનો અભિભવ કરનારાં થઈ શકે તેટલા માટે તો એમ સ્વીકારવામાં આવે છે કે જેટલાં જ્ઞાન છે તેટલાં તેમનાથી નાશ પામી શકે તેવાં અજ્ઞાનો છે. પણ આમ માનીને પ્રથમ જ્ઞાનથી જ જો સર્વ અજ્ઞાનોનો નાશ થઈ જવાનો હોય તો આવરણ જ નહીં રહે તેથી ઉત્તરકાલીન જ્ઞાનો આવરણનો અભિભવ નહીં કરી શકે. અને આવરણનાં અનભિભાવક હોવાનો દોષ જેવો ને તેવો રહેશે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ શંકાનો ઉત્તર કેટલાક આ પ્રમાણે આપે છે. ન્યાયમતમાં જેટલાં ઘટજ્ઞાનો છે તેટલા ઘટજ્ઞાનપ્રાગભાવ છે (જ્ઞાનની ઉત્પત્તિ પહેલાનો જ્ઞાનાભાવ તે જ્ઞાનપ્રાગભાવ). પહેલા જ્ઞાનથી એક જ જ્ઞાનપ્રાગભાવ નાશ પામે છે, બીજા પહેલાંની જેમ રહે છે, અને તેઓ રહેતા હોવા છતાં વિષયનો પ્રકાશ તો નૈયાયિક માને જ છે. તેવું જ અહીં સમજવું. અનાદિ માનતાં એક અજ્ઞાનનો અભિભવ થાય અને બીજાં રહે તો પણ વિષયપ્રકાશ સંભવે. અહીં શંકા થાય કે આ દૃષ્ટાંત વિષમ છે કારણ કે જ્ઞાનનો પ્રાગભાવ આવરણ કરનાર નથી, જ્યારે ભાવરૂપ અજ્ઞાન વિષયનું આવરણ કરનાર છે, અને વિષયનું આવરણ હોય ત્યારે વિષયનો પ્રકાશ સંભવે નહિ. આ શંકાનો ઉત્તર આપતાં કહ્યું છે કે જેમ સિદ્ધાંતમાં (કેવલાદ્વૈત વેદાંતમાં) ભાવરૂપ અજ્ઞાન આવરણ કરનાર છે એમ કહેતાં અજ્ઞાત મનાતી વસ્તુની બાબતમાં તે સંશયાદિ (-સંશય અને વિપર્યય કે મિથ્યાજ્ઞાન) ઉત્પન્ન કરવા સમર્થ છે એમ અભિપ્રેત છે, તેવું જ નૈયાયિકોના મતમાં જ્ઞાનના પ્રાગભાવરૂપ અજ્ઞાનની બાબતમાં પણ છે, તેમના મતે પણ જ્ઞાનપ્રાગભાવમાં સંશયાદિ ઉત્પન્ન કરવાનું સામર્થ્ય છે. તેથી દૃષ્ટાન્તમાં કોઈ વૈષમ્ય નથી. તેથી પ્રથમ જ્ઞાનથી એક જ અજ્ઞાન દૂર થાય છે અને બીજાં અજ્ઞાનો રહેતાં હોવા છતાં વિષયનો અવભાસ થાય છે એ ઉપપન્ન છે.

**अन्ये तु—आवृतस्याऽऽपरोक्ष्यं विरुद्धम् । एकज्ञानोदये च प्रागभावान्तरसत्त्वेऽपि यावद्विशेषदर्शनाभावकूटरूपमावरणं विशेषदर्शनान्नास्तीति मन्यमाना वदन्ति—यदा यदज्ञानमावृणोति तदा तेन ज्ञानेन तस्यैव नाशः । सर्वं च सर्वदा नावृणोति वैयर्थ्यात् । किं त्वावरकाज्ञाने वृत्त्या नाशिते तद्वृत्त्युपरमे अज्ञानान्तरमावृणोति ।**

**न चैवं ब्रह्मावगमोत्पत्तिकालेऽनावरकत्वेन स्थितानामज्ञानानां ततोऽनिवृत्तिप्रसङ्गः, तेषां साक्षात्–तद्विरोधित्वाभावेऽपि तन्निवर्त्यमूलाज्ञानपरतन्त्रतया अज्ञानसम्बन्धादिवत् तन्निवृत्त्यैव निवृत्त्युपपत्तेः । एतदर्थमेव तेषां तदवस्थाभेदरूपतया तत्पारतन्त्र्यमिष्यत इति ।**

(ઉપર અવસ્થા-અજ્ઞાનોને અનાદિ માનવાની સામે જે શંકા બતાવી છે તેનું સમાધાન બીજી રીતે કરવામાં આવે છે—) જ્યારે બીજાઓ માને છે કે આવૃતનું અપરોક્ષ હોવું એ વિરુદ્ધ છે. અને એક જ્ઞાનનો ઉદય થતાં બીજા પ્રાગભાવો હોય તો પણ શકય તેટલા બધાં વિશેષ દર્શનોના અભાવોના કૂટ (સમૂહ)-રૂપ આવરણ વિશેષ દર્શનને લીધે નથી. આમ માનનારા આ બીજાઓ કહે છે કે જ્યારે જે અજ્ઞાન આવરણ કરે છે ત્યારે તે જ્ઞાનથી તેનો જ નાશ થાય છે. સર્વ (અજ્ઞાન) સર્વદા આવૃત નથી કરતાં, કારણ કે તેની જરૂર નથી (સર્વ અજ્ઞાનો સર્વદા ઘટનું આવરણ કરે છે એમ માનવું વ્યર્થ છે). પરંતુ આવરણ કરનાર અજ્ઞાનનો વૃત્તિથી નાશ થતાં, એ વૃત્તિ ન રહે ત્યારે બીજું અજ્ઞાન આવરણ કરે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને આમ (માનતાં) બ્રહ્મજ્ઞાનની ઉત્પત્તિ થાય એ કાળમાં આવરણ નહીં કરનાર તરીકે રહેલાં અજ્ઞાનોનો તે (બ્રહ્મજ્ઞાન)થી પણ નાશ નહીં થાય એ પ્રસંગ નહીં થાય (—અર્થાત્ એમ નહીં માનવું પડે), કારણ કે તે અજ્ઞાનો સાક્ષાત્ તે(બ્રહ્મજ્ઞાન)નાં વિરોધી ન હોવા છતાં તે (બ્રહ્મજ્ઞાન)થી નિવૃત્ત કરાવાને યોગ્ય મૂલ અજ્ઞાનને અધીન હોવાથી જ અજ્ઞાન-સંબંધ આદિની જેમ તે (મૂલ અજ્ઞાન) ની નિવૃત્તિથી જ (આ અવસ્થારૂપ અજ્ઞાનોની) નિવૃત્તિ ઉપપન્ન છે. આ ખાતર જ તેમને તે (મૂલ અજ્ઞાન)ના અવસ્થાવિશેષો તરીકે તેને અધીન માનવામાં આવે છે.

**વિવરણ** : અવસ્થારૂપ અજ્ઞાનોને અનાદિ માનવાની સામે જે શંકા રજૂ કરવામાં આવી, તેનું ઉપર જે સમાધાન આપ્યું છે તેનાથી કેટલાકને સંતોષ નથી. બીજાં અજ્ઞાનોથી આવરણ ચાલુ રહે છે અને તેમ છતાં વિષયનો પ્રકાશ થાય એ વિરુદ્ધ છે—આ બે હકીકત સાથે ન હોઈ શકે. પ્રાગભાવનો દાખલો આપ્યો તે પણ બરાબર નથી. સ્થાણુ આદિને વિષે સંશયાદિ ઉત્પન્ન કરવામાં, સંશયાદિના વિરોધી દર્શનનો પ્રાગભાવ માત્ર સમર્થ નથી, કારણ કે એમ માનીએ તો 'આ સ્થાણુ છે' એમ નિશ્ચય થાય એ કાળે પણ સમાનવિષયક અન્ય નિશ્ચયોના પ્રાગભાવો તો હોય જ છે તેથી પુરુષત્વની સ્મૃતિવાળા મનુષ્યને ફરી સંશયની આપત્તિ થાય. તેથી સંશયાદિના સમાનવિષયક નિશ્ચયોના જેટલા પ્રાગભાવો શક્ય છે તેમનો સમૂહ સંશયાદિ ઉત્પન્ન કરવાને સમર્થ છે અને તેથી વિષયનું આવરણ કરનાર તરીકે નૈયાયિકોના મતમાં માની શકાય છે. એક નિશ્ચય થાય તે કાળમાં આ શક્ય તેટલા વિશેષદર્શનાભાવોનો કૂટ જેને ન્યાયમતમાં આવરણ માનવામાં આવે છે તે વિશેષાદર્શનનો અભાવ થઈ જાય છે. તેથી ફરીથી સંશયાદિની આપત્તિ નથી. તેમ પ્રથમ ઘટાદિજ્ઞાન થતાં ન્યાયમતમાં વિષયપ્રકાશની અનુપપત્તિ નથી, કારણ કે આવરણ તરીકે માનવામાં આવતા પ્રાગભાવકૂટનો જ અભાવ છે. તેથી વિષય આવૃત હોવા છતાં પ્રથમ જ્ઞાનના સમયે તેનો પ્રકાશ સંભવે છે. આમ પ્રાગભાવના દૃષ્ટાન્તનો સંભવ નથી.

શંકાનું સમાધાન એ છે કે બધાં અજ્ઞાનો એક સાથે વિષયનું આવરણ નથી કરતાં. જે અજ્ઞાન આવરણ કરતું હોય તેનો નાશ જ્ઞાનવૃત્તિથી થાય છે, અને જેવી એ જ્ઞાનવૃત્તિ સત્તા ધરાવતી અટકે છે કે તરત જ બીજું અજ્ઞાન આવરણ કરે છે તેથી વિષયનો અવભાસ અને છતાં ઉત્તરકાલીન જ્ઞાનો દ્વારા આવરણનો અભિભવ સંભવે છે.

અહીં શંકા થાય કે જો સર્વ અવસ્થારૂપ અજ્ઞાનો સદા આવરણ કરનારાં ન હોય તો બ્રહ્મજ્ઞાન થાય ત્યારે પણ જે અજ્ઞાનો આવરણ નથી કરતાં તેમનો તેનાથી નાશ નહીં થાય, કારણ કે એ આવરક નથી. બ્રહ્મજ્ઞાનની ઉત્પત્તિ વખતે મૂલ અજ્ઞાનની જેમ અવસ્થા–અજ્ઞાનો પણ વિષય–પ્રદેશોમાં બ્રહ્મચૈતન્યનું આવરણ કરનાર તરીકે રહેતાં હોય તો બ્રહ્મજ્ઞાનથી તત્સમાનવિષયક મૂલ અજ્ઞાનની જેમ આ ચૈતન્યાવરક તરીકે રહેલાં અવસ્થા–અજ્ઞાનોની પણ નિવૃત્તિ થાય, કારણ કે બન્ને સમાનવિષયક છે એ સમાનતા છે. પણ જો એ વખતે એ આવરણ કર્યા વિના રહેલાં હોય તો તેમની નિવૃત્તિ ન સંભવે કારણ કે સમાનવિષયકત્વનો અભાવ રહેવાનો. આમ હોય તો વિદેહકૈવલ્યમાં પણ આ અવસ્થા–અજ્ઞાનોની અનુવૃત્તિનો પ્રસંગ થાય; વિદેહકૈવલ્યમાં પણ એ ચાલુ રહેવાં જોઈએ (—પણ આ તો સ્વીકારી શકાય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેવું નથી). આનો ઉત્તર એ છે કે અવસ્થા-અજ્ઞાનો મૂલ-અજ્ઞાનને અધીન છે તેથી જેમ અજ્ઞાનની નિવૃત્તિ થતાં ચૈતન્ય અને અજ્ઞાનનો સંબંધ નાશ પામે છે કારણ એ સંબંધ સંબંધી અજ્ઞાનને અધીન છે તેમ મૂલ અજ્ઞાનનો નાશ થતાં આ અવસ્થા-અજ્ઞાનો પણ નાશ પામશે. આને માટે તો અવસ્થા અજ્ઞાનોને મૂલ—અજ્ઞાનના અવસ્થા-વિશેષ અને તેથી તેને અધીન માન્યાં છે. અજ્ઞાન-નિવૃત્તિથી સંસારની નિવૃત્તિની સિદ્ધિને માટે સંસારને અજ્ઞાનમૂલક હોઈને તેને પરતંત્ર માનવામાં આવે છે તેમ અહીં અવસ્થા-અજ્ઞાનોને મૂલ-જ્ઞાન-પરતંત્ર માન્યાં છે. 'અવસ્થાભેદરૂપ' (અવસ્થાવિશેષરૂપ) એ વિશેષણનું પ્રયોજન અહીં બતાવ્યું છે એમ સમજવું.

**अपरे तु—अज्ञानस्य सविषयत्वस्वभावत्वात् उत्सर्गतः सर्वं सर्वदाऽऽवृणोत्येव । न च विषयोत्पत्तेः प्रागावरणीयाभावेनावरकत्वं न युज्यत इति वाच्यम् । तदापि सूक्ष्मरूपेण तत्सत्त्वादिति मन्यमानाः कल्पयन्ति—यथा बहुजनसमाकुले प्रदेशे कस्यचित् शिरसि पतन्नशनिरितरानप्यपसारयति, यथा वा सन्निपातहरमौषधमेकं दोषं निवर्तयद्दोषान्तरमपि दूरीकरोति, एवमेकमज्ञानं नाशयत् ज्ञानमज्ञानान्तराण्यपि तिरस्करोति। तिरस्कारश्च यावद् ज्ञानस्थितिः तावदावरणशक्तिप्रतिबन्ध इति ॥**

જ્યારે બીજાઓ એમ માને છે કે સવિષય હોવું એ અજ્ઞાનનો સ્વભાવ હોવાથી સામાન્ય નિયમ તરીકે સર્વ (અજ્ઞાન) સર્વદા આવરણ કરે જ છે. શંકા થાય કે વિષયની ઉત્પત્તિની પહેલાં આવરણીય (—આવૃત થવા યોગ્ય)નો અભાવ હોવાથી તેના આવરકત્વની ઉપપત્તિ નહીં થાય. પણ આમ કહેવું નહિ કારણ કે ત્યારે પણ સૂક્ષ્મરૂપે તેનું (ઘટાદિ કાર્ય જે આવરણીય છે તેનું) અસ્તિત્વ હોય છે. આમ માનનારા કલ્પના કરે છે કે જેમ ઘણા લોકોથી ભરચક પ્રદેશમાં કોઈના માથા પર પડતી વીજળી બીજાઓને પણ નસાડી મૂકે છે, અથવા સંનિપાત દૂર કરનાર ઔષધ એક દોષની નિવૃત્તિ કરતું બીજા દોષને પણ દૂર કરે છે, એમ એક અજ્ઞાનનો નાશ કરતું જ્ઞાન બીજાં અજ્ઞાનોનો પણ તિરસ્કાર કરે છે. અને તિરસ્કાર એટલે જ્યાં સુધી જ્ઞાન રહે ત્યાં સુધી આવરણશક્તિનો પ્રતિબન્ધ.

**વિવરણ** : અહીં જુદી રીતે સમાધાન કર્યું છે. અજ્ઞાનનો એ સ્વભાવ જ છે કે એને વિષય હોય, અર્થાત્ એ વિષયનું આવરણ કરે. કોઈને શંકા થાય કે સર્વ અજ્ઞાન પોતે હોય ત્યાં સુધી સર્વદા વિષયનું આવરણ કરે એવો નિયમ નથી કારણ કે એક જ્ઞાન થાય ત્યારે એક અજ્ઞાનનો નાશ થાય છે અને તે વખતે અન્ય અજ્ઞાનો હોય તો પણ તેમનો તિરસ્કાર થાય છે અર્થાત્ તેમની આવરણશક્તિનો પ્રતિબંધ થાય છે; એ એક જ્ઞાનને કારણે આ અન્ય અજ્ઞાનો વિષયનું આવરણ કરતાં અટકી જાય છે એમ કહેવામાં આવશે. તેથી એક જ્ઞાન થાય ત્યારે અજ્ઞાનો આવરણ કરતાં નથી. આ શંકાની અપેક્ષાએ કહ્યું છે કે 'સામાન્ય નિયમ તરીકે...' ફરી શંકા થાય કે સર્વ અજ્ઞાન સર્વદા આવરણ કરે જ છે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એમ કહેવામાં આવે છે તેથી ઘટાદિ વિષયની ઉત્પત્તિની પહેલાં પણ ઘટાદિથી અવચ્છિન્ન ચૈતન્યનું અવસ્થારૂપ અજ્ઞાનો આવરણ કરે છે એમ પ્રતીત થાય છે. પણ એ ઉપપન્ન નથી કારણ કે ત્યારે અવચ્છેદક વિષય ન હોવાથી તેનાથી અવચ્છિન્ન ચૈતન્ય જે આ અવસ્થા-અજ્ઞાનોનું આવરણીય બની શકે તે નથી હોતું. આ શંકાનું સમાધાન કરતાં કહ્યું છે કે કાર્યમાત્ર ઉત્પત્તિની પહેલાં તેમ નાશની પછી અનભિવ્યક્ત કે સૂક્ષ્મ રૂપે રહે છે એમ શ્રુતિ-સ્મૃતિ-અને ન્યાયથી સિદ્ધ કરવામાં આવ્યું છે. સર્વ અજ્ઞાન સર્વદા આવરણ કરે છે એ ઉત્સર્ગ (સામાન્ય નિયમ)માં અપવાદ થનો હોય તો તેનો હેતુ જ્ઞાનસ્થિતિ છે—જ્યાં સુધી એક જ્ઞાન રહે ત્યાં સુધી જે તેનાથી નષ્ટ થાય છે તે સિવાયનાં અન્ય અજ્ઞાનોની આવરણશક્તિ કામ કરતી અટકી જાય છે.

**नन्वेवं सति धारावाहिकस्थले द्वितीयादिवृत्तीनामावरणानभिभावकत्वे वैफल्यं स्यात्, प्रथमज्ञानेनैव निवर्तनतिरस्काराभ्यामावरणमात्रस्याभिभवादिति ।**

**अत्राहुः—वृत्तितिरस्कृतमप्यज्ञानं तदुपरमे पुनरावृणोति प्रदीपतिरस्कृतं तम इव प्रदीपोपरमे । वृत्त्युपरमसमये वृत्त्यन्तरोदये तु तिरस्कृतमज्ञानं तथैवावतिष्ठते प्रदीपोपरमसमये प्रदीपान्तरोदये तम इव । तथा च 'यस्मिन् सति अग्रिमक्षणे यस्य सत्त्वं यद्व्यतिरेके चासत्त्वं तत् तज्जन्यम्' इति प्रागभावपरिपालनसाधारणलक्षणानुरोधेनानावरणस्य द्वितीयादिवृत्तिकार्यत्वस्यापि लाभान्न तद्वैफल्यमिति ।**

શંકા થાય કે આમ હોય તો (—એક જ્ઞાનથી એક અજ્ઞાનનો નાશ અને અન્ય અવસ્થા-અજ્ઞાનોનો તિરસ્કાર થતો હોય તો) ધારાવાહિક (જ્ઞાન) થાય છે ત્યાં બીજી વગેરે વૃત્તિઓ આવરણની અભિભાવક ન હોવાથી નિરર્થક બની જાય, કારણ કે પ્રથમ જ્ઞાનથી જ નિવર્તન અને તિરસ્કાર વડે આવરણમાત્રનો અભિભવ થઈ ચૂકયો છે.

આ બાબતમાં તેઓ કહે છે કે જેમ પ્રદીપથી તિરસ્કૃત થયેલ અંધકાર પ્રદીપ નાશ પામતાં ફરી (ઘટાદિ વિષયનું) આવરણ કરે છે તેમ વૃત્તિથી અજ્ઞાન તિરસ્કૃત (—આવરણશક્તિ પ્રતિબદ્ધ થઈ હોય તેવું) થયું હોવા છતાં તેનો ઉપરમ થતાં ફરીથી (વિષયનું) આવરણ કરે છે. પણ જેમ એક પ્રદીપના નાશના સમયે બીજા પ્રદીપનો ઉદય થાય તો તિરસ્કૃત થયેલો અંધકાર તેવો જ (તિરસ્કૃત જ) રહે છે તેમ (ધારાવાહિક જ્ઞાનમાં) વૃત્તિના ઉપરમના સમયે બીજી વૃત્તિનો ઉદય થાય તો તિરસ્કૃત થયેલું અજ્ઞાન તેવું જ (તિરસ્કૃત જ) રહે છે. અને આમ 'જે હોય તો ઉત્તર ક્ષણમાં જેનું અસ્તિત્વ હોય, અને જેનો અભાવ હોતાં જેનું અસ્તિત્વ ન હોય એ તેનાથી ઉત્પન્ન થાય છે' એ પ્રાગભાવના પરિપાલનને લાગુ પડતા સાધારણ લક્ષણ પ્રમાણે અનાવરણ (આવરણનો તિરસ્કાર)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દ્વિતીયાદિવૃત્તિના કાર્ય તરીકે પ્રાપ્ત થાય છે તેથી તેમની (દ્વિતીયાદિ વૃત્તિની) નિરર્થકતા નથી.

**વિવરણ** : શંકા થાય કે એક જ્ઞાનથી જ એક અજ્ઞાનનો નાશ અને બીજાં અજ્ઞાનોનો તિરસ્કાર થઈ જતો હોય તો ધારાવાહિક જ્ઞાનમાં પહેલી ઘટાદિ-આકારક વૃત્તિથી આ પ્રયોજન સિદ્ધ થઈ જતું હોઈ બીજી-ત્રીજી વગેરે વૃત્તિઓનું કોઈ પ્રયોજન નહીં રહે, એ નિરર્થક બની જશે. આ શંકાનો ઉત્તર આપતાં કહ્યું છે કે ધારારહિત જ્ઞાન થાય છે ત્યાં 'આ ઘટ છે' એ પ્રત્યક્ષ જ્ઞાન એક અજ્ઞાનનું નાશ કરતાં બીજાં સર્વ અજ્ઞાનોનો તિરસ્કાર (આવરણ-શક્તિપ્રતિબંધ) કરે છે. અને એ સર્વ તિરસ્કૃત થયેલાં અજ્ઞાન ઘટજ્ઞાનનો ઉપરમ થાય તે સમયે ફરી તે વિષયનું આવરણ કરે છે. જો જાણવાની ઇચ્છા વગેરેને કારણે પહેલાં ઉત્પન્ન થયેલ ઘટજ્ઞાનના નાશની ક્ષણે બીજું ઘટપ્રત્યક્ષ ઉત્પન્ન થાય તો એ તિરસ્કૃત થયેલ અજ્ઞાન તેવું જ રહે છે. 'જેનું અસ્તિત્વ હોતાં જે હોય, અને જેનો અભાવ હોતાં જે ન હોય એ તેનાથી જન્ય છે' એમ સાધ્યનું લક્ષણ સ્વીકારવામાં આવે છે, અને આ લક્ષણ સાદિ અને અનાદિ બંનેને સાધારણ છે. દા. ત., દંડાદિ રહેતાં ઉત્તર ક્ષણમાં ઘટાદિ કાર્યનું અસ્તિત્વ હોય છે, અને દંડાદિ ન હોય તો ઘટાદિ કાર્યનું અસ્તિત્વ નથી હોતું તેથી ઘટાદિ દંડાદિથી જન્ય છે (સાદિ સાધ્યનું દૃષ્ટાન્ત). તે જ રીતે પ્રાયશ્ચિત્ત હોય તો ઉત્તર ક્ષણમાં દુઃખપ્રાગભાવ હોય છે, અને પ્રાયશ્ચિત્ત ન હોય તો દુઃખનો ઉદય થતાં દુઃખ-પ્રાગભાવ રહેતો નથી. આ રીતે અનાદિ હોવા છતાં દુઃખના પ્રાગભાવનું પ્રાયશ્ચિત્તથી પરિપાલન થાય છે. તેથી દુઃખપ્રાગભાવને પ્રાયશ્ચિત્તસાધ્ય માનવામાં આવે છે (અનાદિ સાધ્યનું દૃષ્ટાન્ત). અહીં પણ દ્વિતીય વૃત્તિનો ઉદય થાય તો પ્રથમ વૃત્તિ (જ્ઞાન)થી સિદ્ધ આવરણ-તિરસ્કાર ઉત્તર ક્ષણમાં રહે છે; પ્રથમ જ્ઞાનના નાશની ક્ષણમાં દ્વિતીય વૃત્તિનો ઉદય ન થાય તો ઉક્ત આવરણ-તિરસ્કારનું અસ્તિત્વ નથી હોતું, તેથી આવરણ-તિરસ્કાર પ્રથમજ્ઞાનના સમયે જ સિદ્ધ થયો હોવા છતાં તે ઉપર બતાવ્યું તેમ (બીજી વૃત્તિથી તેનું પરિપાલન થતું હોવાથી) તે દ્વિતીય વૃત્તિથી જન્ય છે અને તેનું ફળ છે. આ જ વાત ત્રીજી, ચોથી વગેરે વૃત્તિઓને પણ લાગુ પડે છે અને અનાવરણ અથવા આવરણ-તિરસ્કાર તેમનું સાધ્ય કે ફલ હોવાથી એ નિરર્થક નથી.

न्यायचन्द्रिकाकृतस्त्वाहुः—केनचिज्ज्ञानेन कस्यचिदज्ञानस्य नाश एव। न त्वावरकाणामप्यज्ञानान्तराणां तिरस्कारः। तथा च धारावाहिक-द्वितीयादिवृत्तीनामप्येकैकाज्ञाननाशकत्वेन साफल्यम्।

न चैवं ज्ञानोदयेऽप्यावरणसंभवाद्विषयानवभासप्रसङ्गः। अवस्था-रूपाण्यज्ञानानि हि तत्तत्कालोपलक्षितस्वरूपावरकाणि, ज्ञानानि च यावत्स्वकालोपलक्षितविषयावरकाज्ञाननाशकानि। तथा च किंचिज्ज्ञानोदये तत्कालीनविषयावरकाज्ञानस्य नाशात् विद्यमानानामज्ञानान्तराणामन्य-कालीनविषयावरकत्वाच्च न तत्कालीनविषयावभासे काचिदनुपपत्तिः।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**कारीरीफले वृष्टावासन्नसमयस्येवाज्ञानविषये घटादौ तत्कालस्योपलक्षणतया विषयकोटावननुप्रवेशेन सूक्ष्मतत्कालभेदाविषयैर्धारावाहिकद्वितीयादिज्ञानैरज्ञानानां निवृत्तावपि न काचिदनुपपत्तिरिति ।**

જ્યારે ન્યાયચંદ્રિકાકાર કહે છે કે કોઈ એક જ્ઞાનથી કોઈ એક અજ્ઞાનનો નાશ જ થાય છે, જ્યારે આવરણ કરનાર બીજાં અજ્ઞાનોનો પણ તિરસ્કાર થતો નથી. અને આમ ધારાવાહિક બીજી (ત્રીજી) વગેરે વૃત્તિઓ પણ એક એક અજ્ઞાનનો નાશ કરનારી હોઈને તેમનું સાફલ્ય છે (અર્થાત્ તે વ્યર્થ નથી).

(અહીં) એવી શંકા થાય કે આમ જ્ઞાનનો ઉદય થવા છતાં પણ આવરણનો સંભવ હોવાથી વિષયના અપ્રકાશનો પ્રસંગ થશે (—વિષય પ્રકાશિત નહીં થઈ શકે). પણ એવો પ્રસંગ નહીં થાય કારણ કે અવસ્થારૂપ અજ્ઞાનો તે તે કાળથી ઉપલક્ષિત સ્વરૂપનું આવરણ કરનારાં હોય છે અને જ્ઞાનો પોતાની અવસ્થિતિનો જેટલો કાળ હોય તેનાથી ઉપલક્ષિત વિષયનું આવરણ કરનાર અજ્ઞાનનાં નાશક હોય છે. અને આમ કોઈક જ્ઞાનનો ઉદય થતાં તે કાળના વિષયનું આવરણ કરનાર અજ્ઞાનનો નાશ થવાથી અને વિદ્યમાન બીજાં અજ્ઞાનો અન્ય કાળના વિષયનું આવરણ કરનારાં હોવાથી તે કાળના વિષયના અવભાસમાં કોઈ અનુપપત્તિ નથી (અર્થાત્ તે કાળના વિષયનો પ્રકાશ થઈ શકશે). જેમ કારીરી (ઇષ્ટિ)ના ફલરૂપ વૃષ્ટિમાં આસન્ન સમય ઉપલક્ષણ હોવાથી તેનો ફલકોટિમાં પ્રવેશ નથી, તેમ અજ્ઞાનના ઘટાદિ વિષયની બાબતમાં તે તે કાળ ઉપલક્ષણ હોવાથી વિષયકોટિમાં તેનો પ્રવેશ નથી. તેથી સૂક્ષ્મ તે તે કાળના ભેદ જેના વિષય નથી એવાં ધારાવાહિક બીજા, (ત્રીજા) વગેરે જ્ઞાનોથી અજ્ઞાનોની નિવૃત્તિ થાય તો પણ તેમાં કોઈ અનુપપત્તિ નથી.

**વિવરણ** : જે શંકા કરવામાં આવી કે જ્ઞાનમાત્ર અજ્ઞાનનું નિવર્તક નથી હોતું કારણ કે ધારાવાહિક બીજું ત્રીજું વગેરે જ્ઞાન અજ્ઞાનની નિવૃત્તિ નથી કરતું, — અહીં તે શંકાનો જુદી રીતે પરિહાર કર્યો છે. ન્યાયચંદ્રિકાકારના મતે કોઈ એક જ્ઞાન કોઈ એક અજ્ઞાનનો નાશ જ કરે છે, અન્ય આવરણ કરનાર અજ્ઞાનોનો તિરસ્કાર નહીં. એવી શંકા સંભવે કે બીજાં અજ્ઞાનોનો તિરસ્કાર ન થયો હોય તો એક જ્ઞાન થયું હોય તો પણ તેનાથી અતિરસ્કૃત રહેલાં બીજાં અજ્ઞાનો હોય તેનાથી વિષય આવૃત રહે અને વિષયનો અવભાસ ન થાય. પણ આ શંકા બરાબર નથી. પ્રથમ જ્ઞાનનો ઉદય થાય ત્યારે એક જ અજ્ઞાન વિષયનું આવરણ કરે છે; બીજાં અજ્ઞાનો ત્યારે વિષયનું આવરણ કરે છે એમ તો સ્વીકાર્યું જ નથી. તેથી તેમના તિરસ્કારની અપેક્ષા નથી, આમ ધારાવાહિક બીજી ત્રીજી વગેરે વૃત્તિઓ એક એક અજ્ઞાનનો નાશ કરી શકે છે તેથી તેમનું પ્રયોજન નથી એમ નહીં કહી શકાય.

આ વક્તવ્યનો આશય સમજ્યા વિના કોઈને શંકા થાય કે આમ પ્રથમ જ્ઞાનથી આવરણ કરનાર અન્ય અજ્ઞાનોનો તિરસ્કાર ન થતો હોય તો વિષય અપ્રકાશિત જ રહેવો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જોઈએ, તેનું જ્ઞાન સંભવે જ નહિ. આ શંકાનું સમાધાન એ છે કે જેટલાં અવસ્થારૂપ અજ્ઞાનો છે તે બધાં મૂલ અજ્ઞાનની જેમ વિષયાવચ્છિન્ન ચૈતન્યનું સદા આવરણ કરનારાં નથી કારણ કે તેની જરૂર નથી. પણ કોઈ અજ્ઞાન કોઈ કાળ દરમ્યાન વિષયાવચ્છિન્ન ચૈતન્યનું આવરણ કરે છે અને કોઈ અજ્ઞાન અન્ય કાળમાં તેનું આવરણ કરે છે એ પ્રકારે કાલવિશેષથી ઉપલક્ષિત વિષયચૈતન્યનું આવરણ કરનારાં હોય છે. અને જ્ઞાનો પણ પોતપોતાના ઉદયના કાળમાં પોતપોતાના વિષયનું આવરણ કરનાર અજ્ઞાનનાં નાશક બને છે. તેથી એક જ્ઞાનના કાળમાં અન્ય અજ્ઞાનો આવરણ કરનારાં ન હોવાથી વિષયનો અવભાસ થઈ શકે છે.

અહીં શંકા સંભવે છે કે તે તે કાળવિશેષથી વિશિષ્ટ જ વિષયનું તે તે અજ્ઞાનથી આવરણ થાય છે. આમ કાળવિશેષો વિષયનાં વિશેષણ હોઈ તેમનો પણ આવરણીય એવા વિષયની કોટિમાં જ પ્રવેશ હોવો જોઈએ, અર્થાત્ તેમને પણ વિષયકોટિમાં ગણવા જોઈએ. તેને બદલે તેમને ઉપલક્ષણરૂપ કેમ માન્યા છે? આનો ઉત્તર એ છે કે જો એમ હોય તો ધારાવાહિક જ્ઞાનસ્થળમાં આવરણ કરનાર તરીકે રહેલ અજ્ઞાનોની નિવર્તક બીજી, ત્રીજી વગેરે વૃત્તિને પણ તે તે કાળવિશેષથી વિશિષ્ટ વિષયવાળી માનવી પડશે, કારણ કે 'તે કાલથી વિશિષ્ટ વિષય'નું આવરણ કરનાર અજ્ઞાનનો નાશ 'તે કાલથી વિશિષ્ટ વિષય'નું જ્ઞાન જ કરી શકે (અજ્ઞાન અને જ્ઞાન બંનેનો સમાન વિષય હોય તો જ અજ્ઞાનની નિવૃત્તિ થાય). પણ એ સંભવશે નહિ કારણ કે તે તે સૂક્ષ્મ ક્ષણભેદ (કાલવિશેષ) પ્રત્યક્ષ નથી. તેથી તેમનાથી વિશિષ્ટ વિષયનું જ્ઞાન પણ ન થઈ શકે. માટે કાલવિશેષને ઉપલક્ષણરૂપ જ માનવામાં આવ્યા છે. આ વાત સમજાવવા કારીરી નામની ઇષ્ટિનું દૃષ્ટાન્ત આપ્યું છે. કારીરી ઇષ્ટિના ફળરૂપ જે વૃષ્ટિ છે તેને સમાપ્તિના ઉત્તરક્ષણમાં જ માનવી જોઈએ, અન્ય કાળમાં નહીં, કારણ કે તે કાળમાં સુકાતા અનાજને જિવાડવામાં અન્ય કાળની વૃષ્ટિનો ઉપયોગ નથી. અહીં આસન્ન (નજીકના) સમયનો વૃષ્ટિના વિશેષણ તરીકે ફલકોટિમાં પ્રવેશ સ્વીકારવામાં આવતો નથી કારણ કે ઇષ્ટિ વિના પણ સમયવિશેષ તો સંભવે જ છે. પણ અન્ય સમયની વ્યાવૃત્તિ કરવાને માટે સમયવિશેષને ઉપલક્ષણ તરીકે માનવામાં આવે છે; તે જ રીતે અહીં પણ તે તે કાલવિશેષને ઉપલક્ષણ માનવામાં આવ્યો છે અને વિશેષણ માનીને આવરણીય કોટિમાં પ્રવેશ માન્યો નથી.

**केचित्तु प्रथमज्ञाननिवर्त्यमेवाज्ञानं स्वरूपावरकम् । द्वितीयादिज्ञाननिवर्त्यानि तु देशकालादिविशेषणान्तरविशिष्टविषयाणि । अत एव सत्तानिश्चयरूपे अज्ञाननिवर्तके चैत्रदर्शने सकृज्जाते 'चैत्रं न जानामि' इति स्वरूपावरणं नानुभूयते किं तु 'इदानीं स कुत्रेति न जानामि' इत्यादिरूपेण विशिष्टावरणमेव । विस्मरणशालिनः क्वचित् सकृद् दृष्टेऽपि 'न जानामि' इति स्वरूपावरणं दृश्यते चेत्, तत्र तथाऽस्तु । अन्यत्र सकृद् दृष्टे विशिष्टविषयाण्येवाज्ञानानि ज्ञानानि च ।**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

न चैवं सति धारावाहिकद्वितीयादिज्ञानानामज्ञाननिवर्तकत्वं न स्यात्, स्थूलकालविशिष्टाज्ञानस्य प्रथमज्ञानेनैव निवृत्तेः पूर्वापरज्ञानव्यावृत्त-सूक्ष्मकालविशिष्टाज्ञानस्य तदविषयैर्द्वितीयादिज्ञानैर्निवृत्त्ययोगादिति वाच्यम्। धारावहनस्थले प्रथमोत्पन्नाया एव वृत्तेस्तावत्कालावस्थायित्वसंभवेन वृत्तिभेदानभ्युपगमात्। तदभ्युपगमेऽपि बहुकालावस्थायिपकचवृत्ति-रूपत्वसम्भवेन परस्परव्यावृत्तस्थूलकालादिविशेषणभेदविषयत्वोपपत्तेः। प्रतिक्षणोद्यदनेकवृत्तिसन्तानरूपत्वाभ्युपगमेऽपि द्वितीयादिवृत्तीनामधिगतार्थ-मात्रविषयतया प्रामाण्याभावेनावरणानिवर्तकत्वेऽप्यहानेश्च।

न हि विषयाबाधमात्रं प्रामाण्यम्, प्रागवगतानवगतयोः पर्वततद्वृत्तिपावकयोरनुमितिविषययोरबाधस्याविशेषेण उभयत्राप्यनुमितेः प्रामाण्यप्रसङ्गात्। न चेष्टापत्तिः। 'वह्नावनुमितिः प्रमाणम्' इतिवत् 'पर्वतेऽप्यनुमितिः प्रमाणम्' इति व्यवहारादर्शनात्।

विवरणे साक्षिसिद्धस्याज्ञानस्याभावव्यावृत्तिप्रत्यायनार्थानुमानादि-विषयत्वेऽपि प्रमाणावेद्यत्वोक्तेश्च। तस्मात् द्वितीयादिवृत्तीनां प्रामाण्या-भावात् उपासनादिवृत्तीनामिवाज्ञानानिवर्तकत्वेऽपि न हानिः, प्रमाण-वृत्तीनामेव तन्निवर्तकत्वाभ्युपगमात्।

જ્યારે કેટલાક કહે છે કે પ્રથમ જ્ઞાનથી નિવૃત્ત થવા યોગ્ય અજ્ઞાન જ સ્વરૂપનું આવરણ કરનારું છે, જ્યારે બીજા (ત્રીજા) વગેરે જ્ઞાનોથી નિવૃત્ત થાય છે તે દેશ કાલ આદિ અન્ય વિશેષણોથી વિશિષ્ટ (વસ્તુ) વિષયક (અજ્ઞાનો) છે. એથી જ અજ્ઞાનને દૂર કરનાર સત્તાના નિશ્ચયરૂપ ચૈત્ર-દર્શન એક વાર ઉત્પન્ન થાય તો 'ચૈત્રને હું જાણતો નથી' એમ સ્વરૂપના આવરણનો અનુભવ થતો નથી, પણ 'અત્યારે એ ક્યાં છે એ હું જાણતો નથી' ઇત્યાદિ રૂપે વિશિષ્ટના આવરણનો જ અનુભવ થાય છે. શંકા થાય છે કે ભુલકણા (વિસ્મરણશીલ) માણસની બાબતમાં ક્યાંક એક વાર જોયા છતાં પણ 'હું જાણતો નથી' એમ સ્વરૂપાવરણ જોવામાં આવે છે. આનો ઉત્તર એ છે કે ત્યાં ભલે તેમ હો. (પણ) અન્યત્ર એક વાર જોયેલી વસ્તુની બાબતમાં (બીજાં) અજ્ઞાનો અને જ્ઞાનો વિશિષ્ટ વિષયક જ છે.

શંકા થાય છે કે આમ હોય તો ધારાવાહિક બીજું (ત્રીજું) વગેરે જ્ઞાન અજ્ઞાનનું નિવર્તક નહીં હોય કારણ કે સ્થૂલ કાલથી વિશિષ્ટ વિષયના અજ્ઞાનની પ્રથમ જ્ઞાનથી જ નિવૃત્તિ થાય છે તેથી પૂર્વાપર જ્ઞાનથી વ્યાવૃત્ત જે સૂક્ષ્મ કાલ છે તેનાથી વિશિષ્ટ વિષયના અજ્ઞાનની (આ સૂક્ષ્મ કાલથી વિશિષ્ટ) વિષય જેનો નથી તેવા બીજા (ત્રીજા) વગેરે જ્ઞાનથી નિવૃત્તિ થઈ શકશે નહિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(ઉત્તર) આવી શંકા કરવી નહિ, કારણ કે ધારાવાહિક સ્થળમાં પ્રથમ ઉત્પન્ન થયેલી જ વૃત્તિ તેટલો કાળ ટકી શકે છે તેથી વૃત્તિભેદ (જુદી જુદી વૃત્તિઓ) માનવામાં નથી આવતો. તે (વૃત્તિભેદ) માનવામાં આવે તો પણ ધારાવાહિક જ્ઞાનનો બહુ કાલ સુધી ટકી શકે તેવી પાંચ–છ વૃત્તિરૂપ હોવાનો સંભવ હોવાથી પરસ્પર વ્યાવૃત્ત (એકબીજાથી ભિન્ન) સ્થૂલ કાલ વગેરે વિશેષણભેદ (જુદાં જુદાં વિશેષણો) તેમના વિષય હોઈ શકે છે. અને ધારાને પ્રત્યેક ક્ષણે ઉત્પન્ન થતી અનેક વૃત્તિઓના સન્તાન (પ્રવાહ) રૂપ માનીએ તો પણ બીજી (ત્રીજી) વગેરે વૃત્તિઓ જ્ઞાત વસ્તુને જ વિષય કરનારી હોવાથી (જ્ઞાત વસ્તુ જ તેમનો વિષય હોવાથી) તેમનામાં પ્રામાણ્યનો અભાવ છે તેથી તે આવરણ દૂર કરનાર ન હોય તો પણ હાનિ નથી (પ્રમાણ અજ્ઞાનને દૂર કરે છે એ નિયમનો ભંગ થતો નથી) માટે ઉપર્યુક્ત શંકા બરાબર નથી.

વિષયનો બાધ ન થાય એ (જ જ્ઞાનનું) પ્રામાણ્ય એવું નથી, કારણ કે (એવું હોય તો અનુમિતિજ્ઞાનની) પહેલાં જ્ઞાત એવો પર્વત અને જ્ઞાત નહીં એવો તેના પરનો અગ્નિ જે અનુમિતિના વિષય છે તેમનો સમાન રીતે અબાધ હોવાથી બન્ને સ્થળે (પર્વત અને વહ્નિ બન્નેને વિષે) અનુમિતિના પ્રામાણ્યનો પ્રસંગ થશે (બન્નેની બાબતમાં અનુમિતિનું પ્રામાણ્ય માનવું પડશે). અને આ ઇષ્ટાપત્તિ નથી કારણ કે 'અગ્નિને વિષે અનુમિતિ પ્રમાણ છે' એની જેમ 'પર્વતની બાબતમાં પણ અનુમિતિ પ્રમાણ છે' એમ વ્યવહાર જેવામાં આવતો નથી (આવું કોઈ બોલતું નથી).

અને વિવરણમાં સાક્ષિસિદ્ધ અજ્ઞાન (તેની) અભાવવ્યાવૃત્તિનું જ્ઞાન કરાવવાને માટે થતાં અનુમાન આદિનો વિષય હોવા છતાં પણ તેને પ્રમાણથી અવેદ્ય કહ્યું છે તેથી (સિદ્ધ થાય છે કે અનધિગતાર્થવિષયક જ્ઞાન હોય તે જ પ્રમાણ છે, જ્ઞાતવિષયક નહીં).

તેથી બીજી (ત્રીજી) વગેરે વૃત્તિઓનું પ્રામાણ્ય ન હોવાથી ઉપાસનાદિ વૃત્તિઓની જેમ એ અજ્ઞાનની નિવર્તક ન હોય તો પણ હાનિ નથી, કારણ કે પ્રમાણ રૂપ વૃત્તિઓને જ તેની (અજ્ઞાનની) નિવર્તક માનવામાં આવી છે.

**વિવરણ** : ધારાવાહી જ્ઞાનસ્થળે દ્વિતીય વગેરે વૃત્તિઓ આવરણનો અભિભવ નહીં કરે એવી શંકાનો ત્રીજી રીતે ઉત્તર આપે છે—પહેલા જ્ઞાનથી સ્વરૂપનું આવરણ કરનાર અજ્ઞાન દૂર થાય ત્યારે બીજું ત્રીજું વગેરે જ્ઞાન (ધારાવાહી જ્ઞાનની અન્તર્ગત જ્ઞાનરૂપ વૃત્તિઓ) દેશ, કાલ વગેરે અન્ય વિશેષણોથી વિશિષ્ટ તે વસ્તુવિષયક હોય છે, અને તે વિશેષણોથી વિશિષ્ટ વસ્તુ અંગેના અજ્ઞાનને તે દૂર કરે છે તેથી કોઈ મુશ્કેલી નથી. સામાન્ય રીતે આવું હોય છે. ક્યારેક એવું બને છે કે કોઈ ભુલકણા માણસની બાબતમાં દ્વિતીયાદિ જ્ઞાનથી દૂર થતું અજ્ઞાન પણ સ્વરૂપાવરક અજ્ઞાન જ હોય છે. એક વાર જોયેલી વસ્તુને (દા.ત. ચૈત્ર) વિષે થતું બીજું ત્રીજું વગેરે જ્ઞાન વિશિષ્ટ–વિષયક (દા.ત. ચૈત્ર અત્યારે અહીં છે, અત્યારે વાતો કરે છે, વગેરે) હોય છે એમ માનવામાં આવે છે તેથી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કોઈ દોષ નથી; દરેક વૃત્તિજ્ઞાન કોઈ ને કોઈ વિશેષણવિશિષ્ટવિષયક અજ્ઞાનની નિવૃત્તિ કરી શકે છે.

**શંકા** : ધારાવાહી જ્ઞાનની બાબતમાં જ્ઞાનના અજ્ઞાનનિવર્તકત્વ વિષે વ્યભિચાર ન થાય તે માટે જ્ઞાનોને વિશિષ્ટવિષયક માનવામાં આવે છે. તો ત્યાં જ્ઞાનો ઘટિકા, અર્ધઘટિકા આદિ-રૂપ સ્થૂલ કાલથી વિશિષ્ટ ઘટાદિવિષયક છે એમ વિવક્ષિત છે કે ક્ષણાત્મક સૂક્ષ્મ કાલથી વિશિષ્ટ ઘટાદિવિષયક છે એમ વિવક્ષિત છે? એ વિકલ્પોને ધ્યાનમાં રાખીને શંકા કરી છે કે બન્ને દૃષ્ટિએ ધારાવાહી જ્ઞાન સ્થળે દ્વિતીયાદિ વૃત્તિઓમાં વ્યભિચાર (અજ્ઞાનાનિવર્તકત્વ) તેમ જ રહે છે. દ્વિતીયાદિ જ્ઞાનો અને તેમનાથી નિવૃત્ત થનારાં અજ્ઞાનો ઉત્સર્ગથી (સામાન્ય નિયમથી) વિશિષ્ટવિષયક હોય તો સ્થૂલકાલવિશિષ્ટવિષયક પ્રથમ જ્ઞાનથી જ સ્થૂલકાલવિશિષ્ટવિષયક અજ્ઞાનની નિવૃત્તિ થઈ જાય છે. ધારાવાહી જ્ઞાન સ્થળમાં જ્ઞાનો ક્ષણ ટકનારાં હોય છે તેથી પૂર્વાપરજ્ઞાનકાલથી વ્યાવૃત્ત જે ક્ષણાત્મક સૂક્ષ્મ કાલો છે તેમનાથી વિશિષ્ટ વિષયનું આવરણ કરનાર જે અજ્ઞાન છે તેનું સૂક્ષ્મકાલવિશિષ્ટવિષયક નહીં એવાં જ્ઞાનોથી નિવૃત્તિ થઈ શકે નહિ કારણ કે અજ્ઞાન એ જ્ઞાનનું સમાનવિષયકત્વ હોય તો જ અજ્ઞાનની જ્ઞાનથી નિવૃત્તિ થાય.

**ઉત્તર** : આ શંકાનો ઉત્તર અલગ અલગ રીતે આપ્યો છે. જ્યાં કોઈ એક વસ્તુ (દા. ત. દેવની મૂર્તિ)ને વિષે લાંબા સમય સુધી અવિચ્છિન્ન સ્ફુરણ થાય છે ત્યાં એક જ વૃત્તિ હોય છે કારણ કે વૃત્તિભેદ (અલગ અલગ વૃત્તિ) માનવા માટે પ્રમાણ નથી, સિદ્ધાન્તમાં વૃત્તિને ક્ષણિક (એક ક્ષણ માટે ટકનારી) માનવામાં નથી આવતી. કોઈ શંકા કરી શકે કે ત્યાં એક જ વૃત્તિ હોય તો ધારાવાહી તરીકે તેની પ્રસિદ્ધિ છે તેનો વિરોધ થાય. અને એવું હોય તો ધ્યાન અને સમાધિને પણ ઉપર કહ્યા પ્રમાણે એકવૃત્તિરૂપ માનવાં પડે અને તેમ હોય તો ધ્યાન અને સમાધિનું પ્રત્યય-સન્તાન (જ્ઞાનપ્રવાહ) રૂપ તરીકે પ્રતિપાદન કરનાર **ભાષ્ય** વગેરેનો વિરોધ આવી પડે. આ શંકાના ઉત્તરમાં કહ્યું છે કે આ નિરંતર જ્ઞાનને અનેકવૃત્તિરૂપ માનીએ તો પણ મુશ્કેલી નહીં રહે. ધારામાં લાંબા કાળ સુધી ટકતી પાંચ–છ વૃત્તિઓ હોય તો પણ દ્વિતીયાદિ વૃત્તિ અજ્ઞાનની નિવર્તક નહીં બને એ દોષ નહીં રહે કારણ કે એક બીજાથી વ્યાવૃત્ત સ્થૂળ કાલાદિ જુદાં જુદાં વિશેષણથી વિશિષ્ટ વિષયક જ્ઞાનો તે જ વિષયવાળાં અજ્ઞાનોને દૂર કરી શકશે. ધારાવાહિક વૃત્તિઓને **ન્યાયમત**માં માને છે તેમ ક્ષણિક (એક ક્ષણ માટે ટકનારી) માનીને પણ આ વ્યભિચાર (—દ્વિતીયાદિ જ્ઞાનો અજ્ઞાન-નિવર્તક નથી એવો—)નો પરિહાર થઈ શકે છે. પહેલી વૃત્તિ જ અનધિગતાર્થવિષયક (અજ્ઞાત વસ્તુનું જ્ઞાપન કરનારી હોઈ) પ્રમારૂપ છે જ્યારે દ્વિતીયાદિ વૃત્તિ જ્ઞાત વસ્તુનું જ્ઞાન હોઈ સ્મૃતિની જેમ પ્રમા નથી. તેથી એ આવરણનું નિવર્તન ન કરે તો પણ જ્ઞાન અજ્ઞાન-નિવર્તક છે એ નિયમનો ભંગ થતો નથી. પ્રમા હોવા માટે જ્ઞાનનો વિષય અબાધિત રહે એ પૂરતું નથી; જ્ઞાનનો વિષય અબાધિત અને પૂર્વમાં અનધિગત હોય તો જ એ પ્રમારૂપ જ્ઞાન હોઈ શકે. અગ્નિ અને પર્વત બન્ને અનુમિતિજ્ઞાનના વિષય છે પણ પહેલાં અજ્ઞાત એવા અગ્નિની બાબતમાં જ એ પ્રમા છે, પહેલાં જ્ઞાત એવા પર્વતની બાબતમાં નહિ. જો જ્ઞાત વસ્તુનું જ્ઞાન પણ પ્રમા હોય તો પર્વતના અનુમિતિરૂપ જ્ઞાનને પણ પ્રમારૂપ માનવું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૫૩. **નૈયાયિક** દલીલ કરે કે આ ઇષ્ટાપત્તિ છે તો તેના ઉત્તરમાં કહ્યું છે કે પ્રામાણ્ય અને અપ્રામાણ્યની વ્યવસ્થા વ્યવહારાનુસારી માનવી જોઈએ. આપણે 'અગ્નિને વિષે અનુમિતિ પ્રમાણ છે' એમ કહીએ છીએ, 'પર્વતને વિષે પણ અનુમિતિ પ્રમાણ છે' એમ કોઈ કહેતું નથી. તેથી અનધિગતાર્થવિષયક અબાધિત જ્ઞાન તે જ પ્રમા એમ માનવું જોઈએ. અને આમ હોય તો ધારાવાહી જ્ઞાનમાં દ્વિતીયાદિ જ્ઞાનોનું પ્રામાણ્ય નથી.

અનધિગતત્વ કે અજ્ઞાતત્વનો પ્રમાના લક્ષણમાં સમાવેશ હોવો જોઈએ તેને માટે બીજો હેતુ **અપ્પય્યદીક્ષિત** રજૂ કરે છે. **વિવરણમાં** અજ્ઞાનને પ્રમાણથી અવેદ્ય કહ્યું છે. જો કે અનુમાનાદિના વિષય તરીકે સ્વીકાર્યું છે (પ્રમાણ=પ્રમિતિ; અનુમાન=અનુમિતિ). 'अज्ञोऽहम्' એ અનુભવરૂપ સાક્ષીથી અજ્ઞાનનું સ્વરૂપ જ્ઞાત હોવાથી, અજ્ઞાનવિષયક અનુમિતિ વગેરેનું અજ્ઞાન સ્વરૂપ વિષય હોય ત્યારે તેમાં અજ્ઞાતત્વઘટિત પ્રમાત્વ નથી એમ માનીને અજ્ઞાનને પ્રમાણાવેદ્ય કહ્યું છે. સાક્ષી પોતે પણ પ્રમાણ જ છે તેથી અહીં સાક્ષીથી અતિરિક્ત પ્રમાણથી અવેદ્ય એમ જ વિવક્ષિત છે. સાક્ષી નિત્ય છે તેથી પ્રમાકરણ (પ્રમાના સાધનવિશેષ)થી જન્ય નહીં હોવાને કારણે બીજાં દર્શનને માન્ય ઈશ્વરજ્ઞાનની જેમ સાક્ષી પ્રમા કે અપ્રમાની કોટિમાં આવતો નથી અને તેથી સાક્ષી પ્રમાણ ન હોઈને અજ્ઞાન પ્રમાણાવેદ્ય છે એમ કહ્યું છે એવું તાત્પર્ય છે.

શંકા થાય કે અજ્ઞાન સાક્ષિપ્રત્યક્ષસિદ્ધ હોય તો તેની બાબતમાં અનુમાનાદિ શા માટે રજૂ કરવામાં આવે છે. તેનો ઉત્તર આપતાં કહ્યું છે કેટલાક અજ્ઞાનને જ્ઞાનાભાવરૂપ માને છે તેની વ્યાવૃત્તિની ખાતરી કરાવવા માટે અનુમાનાદિ રજૂ કરવામાં આવે છે. 'अहमज्ञः' એ અનુભવથી સિદ્ધ અજ્ઞાન ભાવરૂપ છે એમ **કેવલાદ્વૈતી વેદાંતી** (સિદ્ધાન્તી) માને છે જ્યારે **વૈશેષિક** વગેરે માને છે કે તે જ્ઞાનના પ્રાગભાવરૂપ છે તેથી અનુમાનાદિથી એમ સિદ્ધ કરવામાં આવે છે કે તે જ્ઞાનાભાવથી ભિન્ન છે. માટે અજ્ઞાન જ્ઞાન હોઈને પ્રમાણવેદ્ય નથી તેમ છતાં આ પ્રયોજનની સિદ્ધિ માટે (અજ્ઞાનને જ્ઞાનાભાવથી ભિન્ન બતાવવાને માટે) અનુમાનાદિની ઉપયોગિતા છે જો કે અજ્ઞાનની સિદ્ધિને માટે એ પ્રમાણરૂપ નથી. તેથી અનધિગતાર્થવિષયક જ્ઞાન તે જ પ્રમા એમ સિદ્ધ થાય છે. ધારાવાહી જ્ઞાનમાં દ્વિતીયાદિ જ્ઞાનો અધિગતાર્થવિષયક હોઈ પ્રમા નથી તેથી અજ્ઞાનનું નિવર્તન ન કરે એથી સિદ્ધાન્તમાં કોઈ હાનિ થતી નથી.

ઉપાસનારૂપ વૃત્તિ જ્ઞાનરૂપ ન હોવાને કારણે તેમના વિષય અંગે અજ્ઞાન દૂર કરતી નથી. ઉપાસનારૂપ વૃત્તિ જ્ઞાન નથી કારણ કે જ્ઞાનનાં માન્ય કરણોથી તે ઉત્પન્ન થતી નથી (—મનને જ્ઞાનકરણ માનવામાં આવતું નથી). ઉપાસના પુરુષકૃતિસાધ્ય હોઈને ગમનાદિની જેમ ક્રિયારૂપ છે તેથી તે ઉપાસ્યના સ્વરૂપના અજ્ઞાનની નિવર્તક નથી. તે જ રીતે ઇચ્છા, દ્વેષ આદિ વૃત્તિઓ પણ પોતાના વિષય અંગે અજ્ઞાનને દૂર કરનારી નથી કારણ કે જ્ઞાનરૂપ નથી. જ્યારે દ્વિતીયાદિ વૃત્તિઓ સ્મૃતિની જેમ જ્ઞાનરૂપ હોવા છતાં પણ તેમનામાં પ્રમાત્વનો અભાવ હોવાથી (—અનધિગતાર્થવિષયક ન હોતાં અધિગતાર્થવિષયક હોવાને કારણે—) તેમને અજ્ઞાનનિવર્તક માનવામાં નથી આવતી. જ્ઞાનમાત્ર અજ્ઞાનનિવર્તક છે એવો નિયમ સ્વીકારવામાં નથી આવતો પણ પ્રમાણરૂપ વૃત્તિઓ જ અજ્ઞાનનિવર્તક માનવામાં આવે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ननु नायमपि नियमः, परोक्षवृत्तेरनिर्गमेनाज्ञानानिवर्तकत्वाद् इति चेत्,

अत्र केचिदाहुः—द्विविधं विषयावरकमज्ञानम् । एकं विषयाश्रितं रज्ज्वादिविक्षेपोपादानभूतं कार्यकल्प्यम् । अन्यत् पुरुषाश्रितम् 'इदमहं न जानामि' इत्यनुभूयमानम् । पुरुषाश्रितस्य विषयसंभिन्नविक्षेपोपादानत्वासम्भवेन, विषयाश्रितस्य 'इदमहं न जानामि' इति साक्षिरूपप्रकाशसंसर्गायोगेन द्विविधस्याप्यावश्यकत्वात् । एवं च परोक्षस्थले वृत्तेर्निर्गमनाभावाद् दूरस्थवृक्षे आप्तवाक्यात् परिमाणविशेषावगमेऽपि तद्विपरीतपरिमाणविक्षेपदर्शनाच्च विषयगताज्ञानानिवृत्तावपि पुरुषगताज्ञाननिवृत्तिरस्त्येव । 'शास्त्रार्थं न जानामि' इत्यनुभूताज्ञानस्य तदुपदेशानन्तरं निवृत्त्यनुभवात् । अत एव 'अनुमेयादौ सुषुप्तिव्यावृत्तिः' इति विवरणस्य तद्विषयाज्ञाननिवृत्तिरर्थ इत्युक्तं तत्त्वदीपने इति ।

કોઈ શંકા કરે કે આ પણ નિયમ નથી (કે પ્રત્યેક પ્રમા અજ્ઞાનનિવર્તક છે) કારણ કે પરોક્ષવૃત્તિનો નિર્ગમ થતો ન હોવાથી તે અજ્ઞાનનિવર્તક નથી.

આ બાબતમાં કેટલાક કહે છે કે વિષયાવરક અજ્ઞાન બે પ્રકારનું હોય છે: એક વિષયાશ્રિત, રજ્જુ આદિના વિક્ષેપ (સર્પાદિરૂપ વિવર્ત)નું ઉપાદાનકારણભૂત અને કાર્ય દ્વારા કલ્પી શકાય તેવું; બીજું પુરુષાશ્રિત 'હું આ જાણતો નથી' એમ અનુભવાતું. પુરુષાશ્રિત (અજ્ઞાન) વિષયની સાથે સંભિન્ન (તાદાત્મ્ય પામેલા) વિક્ષેપનું ઉપાદાન હોય એ સંભવતું નથી તેથી, અને વિષયાશ્રિત (અજ્ઞાન)નો 'હું આ જાણતો નથી' એ સાક્ષિરૂપ પ્રકાશ સાથે સંસર્ગ સંભવતો નથી તેથી બન્ને પ્રકારના અજ્ઞાનની આવશ્યકતા છે. અને આમ પરોક્ષ સ્થળમાં વૃત્તિનું નિર્ગમન (નીકળીને બહાર જવું) ન હોવાથી, અને દૂર દેશમાંના વૃક્ષને વિષે આપ્ત (શિષ્ટ, વિશ્વાસપાત્ર)ના વાક્યથી પરિમાણવિશેષનું જ્ઞાન થતું હોવા છતાં તેનાથી વિપરીત પરિમાણરૂપ વિક્ષેપનું દર્શન થતું હોવાથી વિષયગત અજ્ઞાનની નિવૃત્તિ ન થવા છતાં, પુરુષગત અજ્ઞાનની નિવૃત્તિ થાય છે જ; કારણ કે 'હું શાસ્ત્રનો અર્થ જાણતો નથી' એમ અનુભૂત અજ્ઞાનની તે (શાસ્ત્ર)ના ઉપદેશ પછી થતી નિવૃત્તિનો અનુભવ થાય છે. એથી જ (અર્થાત્ પરોક્ષ જ્ઞાન અજ્ઞાનનિવર્તક હોવાથી જ) 'अनुमेयादौ सुषुप्तिव्यावृत्तिः' એ વિવરણનો અર્થ 'તદ્વિષયક (અનુમેયાદિ વિષયક) અજ્ઞાનની નિવૃત્તિ' છે એમ તત્ત્વદીપનમાં કહ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ** : પ્રત્યક્ષ પ્રમાણરૂપ વૃત્તિ વિષયની પાસે જઈને તેના સંબંધમાં આવે છે તેથી અજ્ઞાનની નિવૃત્તિ થઈ શકે પણ પરોક્ષવૃત્તિનું આ રીતે પરોક્ષસ્થળમાં નિર્ગમન શક્ય નથી તેથી તેનાથી અજ્ઞાનની નિવૃત્તિ નહીં થાય એવી શંકા થાય. તેના ઉત્તરમાં કહ્યું છે કે પરોક્ષ-પ્રમા પણ અજ્ઞાનનિવર્તક છે. અજ્ઞાન દ્વિવિધ છે-(૧) રજ્જુ આદિ વિષયનું આવરણ કરીને સર્પાદિ વિક્ષેપ (વિવર્ત)નું ઉપાદાનકારણ છે, અને વિક્ષેપકાર્યની ઉપપત્તિ બતાવવાને માટે જેની કલ્પના કરવામાં આવે છે તે વિષયાશ્રિત અજ્ઞાન (જે અનુભવસિદ્ધ નથી); (૨) બીજું વિષયાવરક અજ્ઞાન પુરુષાશ્રિત છે અને તેનો અનુભવ થાય છે-'હું આ જાણતો નથી'. શંકા થાય કે એક જ અજ્ઞાનથી સર્પાદિવિક્ષેપ અને 'હું જાણતો નથી' એ અનુભવની સિદ્ધિ થતી હોય તો અજ્ઞાનનું દ્વૈવિધ્ય માનવાની શી જરૂર. આનું સમાધાન કરતાં કહ્યું છે કે પુરુષાશ્રિત અજ્ઞાન વિષય (અર્થાત્ રજ્જુ વગેરે અધિષ્ઠાન)ની સાથે સંભિન્ન (સેળભેળ થઈ ગયેલ, તાદાત્મ્ય પામેલ) જે સર્પાદિ વિક્ષેપ થાય છે તેનું ઉપાદાન કારણ બની શકે નહિ. બીજી બાજુએ વિષયાશ્રિત અજ્ઞાન 'હું જાણતો નથી' એ આકારનો સાક્ષિરૂપ પ્રકાશ છે તેની સાથે સંબંધિત હોઈ શકે નહિ. તેથી દ્વિવિધ અજ્ઞાન માનવું જોઈએ. આમ દ્વિવિધ અજ્ઞાન માનતાં પરોક્ષ સ્થળમાં વૃત્તિનું નિર્ગમન ન થવાથી દૂર દેશમાં રહેલા વૃક્ષની બાબતમાં આપ્તના વચનથી તેના ચોક્કસ પરિમાણ (ઊંચાઈ વગેરે)નું જ્ઞાન થાય છે તો પણ તેનાથી વિપરીત (અલ્પ) પરિમાણરૂપ વિક્ષેપ જોવામાં આવે છે તેથી સ્પષ્ટ છે કે વિષયગત અજ્ઞાનની નિવૃત્તિ ન થઈ હોવા છતાં પુરુષગત અજ્ઞાનની નિવૃત્તિ થઈ જ છે. પરોક્ષ જ્ઞાનથી વિષયગત અજ્ઞાનની નિવૃત્તિ થતી નથી તેને માટે બે કારણ દર્શાવ્યા છે—(૧) વૃત્તિના નિર્ગમનનો અભાવ—વિષયચૈતન્ય (વિષયાવચ્છિન્ન ચૈતન્ય) સાથે સંબંધમાં આવેલી વૃત્તિ જ વિષયચૈતન્ય-ગત અજ્ઞાનની નિવૃત્તિ કરી શકે તેથી વૃત્તિનું નિર્ગમન ન હોય તો આ અજ્ઞાન દૂર ન થઈ શકે. તેથી વિષયગત અજ્ઞાન વિપરીત પરિમાણનો વિક્ષેપ કરે છે અને વૃક્ષ મોટું હોવા છતાં નાનું દેખાય છે. તેમ છતાં આપ્તવાક્યરૂપ પરોક્ષપ્રમાણથી પુરુષગત અજ્ઞાનની નિવૃત્તિ તો થાય છે જ. શાસ્ત્રાર્થના અજ્ઞાનનો અનુભવ હોય છે; પણ શાસ્ત્રાર્થના ઉપદેશ પછી શાસ્ત્રાર્થના અજ્ઞાનની નિવૃત્તિનો અનુભવ થાય છે. શાસ્ત્રાર્થ દ્વિવિધ છે—ધર્મરૂપ અને બ્રહ્મરૂપ. ધર્મરૂપ શાસ્ત્રાર્થની બાબતમાં ઉપદેશજન્ય જ્ઞાન પરોક્ષ જ છે, તે ક્યારેય અપરોક્ષ હોતું નથી કારણ કે ધર્મનો સાક્ષાત્કાર થઈ શકતો નથી. આમ ત્યાં વિષયગત અજ્ઞાનની નિવૃત્તિનો પ્રસંગ જ નથી તેથી પુરુષગત અજ્ઞાનની જ નિવૃત્તિ થાય છે એમ કહેવું જોઈએ, અન્યથા તેની નિવૃત્તિના અનુભવનો વિરોધ થાય. બ્રહ્મરૂપ શાસ્ત્રાર્થની બાબતમાં ઉપદેશજન્ય જ્ઞાન પરોક્ષ છે. તેટલા માત્રથી વિષયાવરક મૂલ અજ્ઞાન જે વિષયગત છે તે દૂર થતું નથી, કારણ કે તેમ થતું હોય તો મનનાદિ વ્યર્થ બની જાય, તેથી ઉપદેશજન્ય જ્ઞાનથી પુરુષગત અજ્ઞાન જ દૂર થાય છે એમ કહેવું જોઈએ, અન્યથા ત્યાં પણ તેની નિવૃત્તિના અનુભવનો વિરોધ થાય. પરોક્ષ જ્ઞાન અજ્ઞાનનું નિવર્તક બની શકે છે એ બાબતમાં **વિવરણાદિની** સંમતિ છે એમ કહ્યું છે. ઉક્ત અનુભવના બળે જ, અનુમેયાદિની બાબતમાં અજ્ઞાનની નિવૃત્તિ થાય છે એમ 'अनुमेयादौ सुषुप्तिव्यावृत्तिः' એ વિવરણવાક્યનો અર્થ સમજાવતાં **તત્ત્વદીપનમાં** કહ્યું છે—ત્યાં સુષુપ્તિનો અર્થ અજ્ઞાન અને વ્યાવૃત્તિનો અર્થ નિવૃત્તિ કર્યો છે ('तद्विषयाज्ञान-निवृत्तिरर्थः'.—તદ્વિષયમાં 'તત્' એ પદ 'અનુમેયાદિ'ને માટે પ્રયોજ્યું છે). આમ સ્પષ્ટ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કે અનુમેયાદિની બાબતમાં પુરુષગત અજ્ઞાનની નિવૃત્તિ અનુમિતિ આદિ પરોક્ષજ્ઞાનથી થાય છે એમ અર્થ કર્યો છે કારણ કે અનુમેયાદિની બાબતમાં વિષયગત અજ્ઞાનની નિવૃત્તિ પરોક્ષ જ્ઞાનથી થતી નથી એમ આગળ કહેવાનું છે. આથી જોઈ શકાય છે કે પ્રમામાત્ર અજ્ઞાનનિવર્તક છે—વિષયગત અજ્ઞાનની નિવૃત્તિ કરે કે પુરુષગત અજ્ઞાનની નિવૃત્તિ, પણ અજ્ઞાનની નિવૃત્તિ તો પ્રમાજ્ઞાન કરે જ છે.

**अन्ये तु—नयनपटलवत् पुरुषाश्रितमेवाज्ञानं विषयावरणम् । न तदतिरेकेण विषयगताज्ञाने प्रमाणमस्ति । न च पुरुषाश्रितस्य विषयगतविक्षेपपरिणामित्वं न संभवति । तत्सम्भवे वा दूरस्थवृक्षपरिमाणे परोक्षज्ञानादज्ञाननिवृत्तौ विपरीतपरिमाणविक्षेपो न सम्भवतीति वाच्यम् । वाचस्पतिमते सर्वस्य प्रपञ्चस्य जीवाश्रिताज्ञानविषयीकृतब्रह्मविवर्तत्वेन तद्वच्छुक्तिरजतादेः पुरुषाश्रिताज्ञानविषयीकृतब्रह्मविवर्तत्वोपपत्तेः । परोक्षवृत्त्या एकावस्थानिवृत्तावपि अवस्थान्तरेण विपरीतपरिमाणविक्षेपोपपत्तेश्चेत्याहुः ।**

જ્યારે બીજા કહે છે કે નયનમાં રહેલ પટલ(કાચાદિદોષ)ની જેમ, પુરુષાશ્રિત જ અજ્ઞાન વિષયનું આવરણ કરનાર છે; તેનાથી અતિરિક્ત વિષયગત અજ્ઞાનની બાબતમાં (–અજ્ઞાન માનવા માટે–) પ્રમાણ નથી. અને એવી શંકા કરવી નહિ કે "પુરુષાશ્રિત (અજ્ઞાન) વિષયગત વિક્ષેપ તરીકે પરિણામી સંભવી શકે નહિ (વિષયગત વિક્ષેપનું ઉપાદાન કારણ બની શકે નહિ). અથવા તેનો સંભવ હોય તો દૂર દેશમાંના વૃક્ષના પરિમાણની બાબતમાં પરોક્ષ જ્ઞાનથી અજ્ઞાનની નિવૃત્તિ થતાં વિપરીત પરિમાણરૂપ વિક્ષેપ સંભવે નહિ". (આવી શંકા કરવી નહિ) કારણ કે વાચસ્પતિના મતમાં સર્વ પ્રપંચ જીવાશ્રિત અજ્ઞાનનો વિષય બનેલા બ્રહ્મનો વિવર્ત હોઈને તેની જેમ શુક્તિરજતાદિ પુરુષાશ્રિત અજ્ઞાનનો વિષય બનેલા બ્રહ્મનો વિવર્ત હોય એ ઉપપન્ન છે (સંભવે છે). અને પરોક્ષવૃત્તિથી એક અવસ્થાની નિવૃત્તિ થાય તો પણ (પુરુષાશ્રિત અજ્ઞાનની) બીજી અવસ્થાથી વિપરીત પરિમાણરૂપ વિક્ષેપની ઉપપત્તિ છે.

**વિવરણ** : અજ્ઞાનને દ્વિવિધ ન માનીએ તો પણ 'પ્રમામાત્ર અજ્ઞાનની નિવર્તક છે' એ નિયમનો ભંગ થતો નથી એમ કહેનાર મત રજૂ કર્યો છે. પુરુષગત અજ્ઞાનથી અન્ય એવું વિષયગત અજ્ઞાન માનવામાં આવે તો એ વિષયના આવરણ માટે માનવામાં આવે છે કે શુક્તિરજતાદિ વિક્ષેપની ઉપપત્તિ માટે? વિષયના આવરણ માટે માનવાની જરૂર નથી, કારણ કે જોનારની આંખમાંના કાચાદિ દોષની જેમ પુરુષગત અજ્ઞાન વિષયનું આવરણ કરી શકે. શુક્તિરજતાદિ વિક્ષેપની ઉપપત્તિ માટે પણ વિષયગત અજ્ઞાન માનવું યોગ્ય નથી કારણ કે તેને માટે કોઈ પ્રમાણ નથી અને વિષયગત અજ્ઞાનના અભાવમાં પણ અહીં બતાવ્યા પ્રમાણે વિક્ષેપની ઉત્પત્તિ સંભવે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કોઈને શંકા થાય કે વિષયગત અજ્ઞાન માનવા માટે પ્રમાણ છે કારણ કે પુરુષગત અજ્ઞાન શુક્તિ આદિથી અવચ્છિન્ન ચૈતન્યમાં હોઈ શકે નહિ, પુરુષગત અજ્ઞાન વિષયગત વિક્ષેપરૂપે પરિણમી શકે નહિ. અને જો એ સંભવ હોય તો પણ પુરુષગત અજ્ઞાનની આપ્તોપદેશથી નિવૃત્તિ થઈ ગઈ છે અને વિષયગત અજ્ઞાન માનવામાં આવતું નથી તેથી દૂર દેશમાં રહેલા વૃક્ષને વિષે વિપરીત પરિમાણરૂપ વિક્ષેપ સંભવે નહિ.

આ શંકાનો ઉત્તર આપતાં કહ્યું છે કે **વાચસ્પતિ**ના મતમાં સર્વ પ્રપંચને જીવાશ્રિત અજ્ઞાનના વિષય બનેલા બ્રહ્મનો વિવર્ત માનવામાં આવે છે તેમ પુરુષાશ્રિત અજ્ઞાનના વિષયીકૃત બ્રહ્મના વિવર્ત તરીકે શુક્તિરજતાદિની ઉપપત્તિ છે. શુક્તિરજતાદિ વિક્ષેપ અજ્ઞાનનો પરિણામ છે એ પક્ષમાં અજ્ઞાન વિષયાવચ્છિન્નગત છે એમ માનવું પડે. પણ તેને અજ્ઞાનનો પરિણામ ન માનનાર પક્ષમાં અજ્ઞાનને વિષયાવચ્છિન્નચૈતન્યગત માનવું જરૂરી નથી. દાર્ષ્ટાન્તિકમાં બ્રહ્મપદ છે તે શુક્ત્યાદિથી અવચ્છિન્ન ચૈતન્યરૂપ બ્રહ્મના અર્થમાં છે, પૂર્ણબ્રહ્મના અર્થમાં નહિ, કારણ કે અવચ્છિન્ન ચૈતન્યને જ શુક્તિરજતાદિનું અધિષ્ઠાન માનવામાં આવે છે. વિપરીત પરિમાણરૂપ વિક્ષેપ સંભવશે નહિ એ દ્વિતીય દોષનો પરિહાર કરતાં કહે છે કે પરોક્ષજ્ઞાન થયું હોવા છતાં વિપરીત પરિમાણની ઉત્પત્તિનો અનુભવ થાય છે. આ એ અનુભવો અનુસાર પુરુષાશ્રિત જ અજ્ઞાન જે વિષયનું આવરણ કરે છે તેનો જ એકદેશ પરોક્ષ જ્ઞાનથી નિવૃત્ત થાય છે, જ્યારે બીજો એક દેશ અનુવૃત્ત રહે છે એમ કલ્પના કરવામાં આવે છે; પણ દ્વિવિધ અજ્ઞાનનો સ્વીકાર થતો નથી કારણ કે તેમાં ગૌરવ-દોષ છે.

વ્યાખ્યાકાર **કૃષ્ણાનંદ** કહે છે કે વસ્તુતઃ તો પરોક્ષ જ્ઞાન અજ્ઞાનનું નિવર્તક છે એ મતમાં પણ પ્રતિબંધરહિત જ પરોક્ષજ્ઞાન અજ્ઞાનનું નિવર્તક છે એમ માનવું જોઈએ. અને અહીં દૂરત્વાદિ દોષથી પ્રતિબદ્ધ હોવાને કારણે આપ્તવાક્યથી જન્ય હોવા છતાં પણ એ પરોક્ષજ્ઞાન પુરુષગત અજ્ઞાનનું નિવર્તક બનતું નથી એમ જ ભ્રમને ધ્યાનમાં રાખીને માનવું જોઈએ. તેથી વિપરીત પરિમાણની ઉત્પત્તિ અંગેની અનુપપત્તિની શંકાને કોઈ અવકાશ નથી, કારણ કે આ પરિણામ પામનાર પુરુષગત અજ્ઞાન અનિવૃત્ત જ છે. અહીં શંકા થાય કે આવું જો હોય તો આપ્તોપદેશ પછી 'દૂર દેશમાં રહેલ વૃક્ષગત પરિમાણવિશેષનું જ્ઞાન મને નથી' એવો અનુભવ થવો જોઈએ (પણ થતો નથી). આ શંકા બરાબર નથી કારણ કે અજ્ઞાન હોવા છતાં સત્તા–નિશ્ચયરૂપ પરોક્ષજ્ઞાન તે અનુભવમાં પ્રતિબંધક બની શકે છે. અને પ્રમામાત્ર અજ્ઞાનનિવર્તક છે એ નિયમનો પ્રતિબદ્ધ પરોક્ષપ્રમાની બાબતનાં ભંગ થાય છે એવી શંકા કરવી નહિ કારણ કે અપ્રતિબદ્ધ પ્રમા અજ્ઞાનનિવર્તક છે એમ જ ઉપપન્ન અને અભિપ્રેત છે.

**अपरे तु—शुक्तिरजतादिपरिणामोपपत्त्याऽजस्याद् विषयावगुण्ठनपटवद्विषयगतमेवाज्ञानं तदावरणम् । न च तथा सति अज्ञानस्य साक्ष्यसंसर्गेण ततः प्रकाशानुपपत्तिः, परोक्षवृत्तिनिवर्त्यत्वासम्भवश्च दोष इति वाच्यम् । अवस्थारूपाज्ञानस्य साक्ष्यसंसर्गेऽपि तत्संसृष्टमूलाज्ञानस्यैव 'शुक्तिमहं न जानामि' इति प्रकाशोपपत्तेः । शुक्त्यादेरपि मूलाज्ञानविषयचैतन्याभिन्नतया तद्विषयत्वानुभवाविरोधात् ।**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

विवरणादिषु मूलाज्ञानसाधनप्रसङ्गे एव 'इदमहं न जानामि' इति प्रत्यक्षप्रमाणोपदर्शनाच्च 'अहमज्ञः' इति सामान्यतोऽज्ञानानुभव एव मूलाज्ञानविषयः । 'शुक्तिमहं न जानामि' इत्यादिविषयविशेषालिङ्गिताज्ञानानुभवस्त्ववस्थाऽज्ञानविषय इति विशेषाभ्युपगमेऽप्यवस्थाऽवस्थावतोरभेदेन मूलाज्ञानस्य साक्षिसंसर्गाद्वा साक्षिविषयचैतन्ययोः वास्तवैक्याद्वा विषयगतस्याप्यवस्थाऽज्ञानस्य साक्षिविषयत्वोपपत्तेः । परोक्षज्ञानस्याज्ञानानिवर्तकत्वेऽपि ततस्तन्निवृत्त्यनुभवस्य सत्तानिश्चयरूपपरोक्षवृत्तिप्रतिबन्धकप्रयुक्तताननुभवनिबन्धनभ्रान्तित्वोपपत्तेः अपरोक्षज्ञानस्यैवाज्ञाननिवर्तकत्वनियमाभ्युपगमादित्याहुः ।

જ્યારે બીજા કહે છે કે શુક્તિરજતાદિ પરિણામની ઉપપત્તિનું સામંજસ્ય થાય તે માટે (એમ માનવું જોઈએ કે) વિષયને ઢાંકતાં કપડાની જેમ વિષયગત જ અજ્ઞાન તેનું આવરણ છે. અને એવી શંકા કરવી નહિ કે આમ હોય તો અજ્ઞાનનો સાક્ષી સાથે સંસર્ગ (સંબંધ) ન હોવાથી તેથી (સાક્ષીથી) (અજ્ઞાનનો) પ્રકાશ નહીં સંભવે અને પરોક્ષવૃત્તિથી (અજ્ઞાનની) નિવૃત્તિનો સંભવ નહી રહે એ દોષ છે. (આવી શંકા બરાબર નથી) કારણ કે અવસ્થારૂપ અજ્ઞાનનો સાક્ષી સાથે સંસર્ગ ન હોય તો પણ તેની સાથે સંસૃષ્ટ મૂલ અજ્ઞાનનો જ 'હું શુક્તિને જાણતો નથી' એમ પ્રકાશ સંભવે છે. શુક્તિ વગેરે પણ મૂલ અજ્ઞાનના વિષયીભૂત ચૈતન્યથી અભિન્ન હોવાથી તેમનો તેના વિષય તરીકે અનુભવ થાય તો તેમાં વિરોધ નથી.

અને વિવરણ વગેરેમાં મૂલ અજ્ઞાનના સાધન પ્રસંગે જ 'આ હું જાણતો નથી' એમ પ્રત્યક્ષ પ્રમાણને રજુ કર્યું હોવાથી 'હું અજ્ઞ છું' એ સામાન્યતઃ અજ્ઞાનનો અનુભવ એ જ મૂલાજ્ઞાનવિષયક છે (—માટે મૂલ અજ્ઞાનનો પ્રકાશ તેનાથી સંભવે છે). 'હું શુક્તિને જાણતો નથી' ઇત્યાદિ વિષયવિશેષથી આલિંગિત (યુક્ત) અજ્ઞાનનો અનુભવ તો અવસ્થારૂપ અજ્ઞાનવિષયક છે એમ ભેદનો સ્વીકાર કરવામાં આવે તો પણ અવસ્થા અને અવસ્થાવાનનો અભેદ હોવાથી મૂલ અજ્ઞાનનો સાક્ષી સાથે સંસર્ગ હોવાથી અથવા સાક્ષિ–ચૈતન્ય અને વિષયચૈતન્યનું વાસ્તવમાં ઐક્ય હોવાથી અવસ્થા–અજ્ઞાન વિષયગત હોય તો પણ સાક્ષીનો વિષય બને એ ઉપપન્ન છે. પરોક્ષજ્ઞાન અજ્ઞાનનું નિવર્તક ન હોવા છતાં તેનાથી તેની નિવૃત્તિનો અનુભવ થાય છે તે સત્તાનો નિશ્ચય કરનારી વૃત્તિરૂપ પ્રતિબંધકને લીધે (અજ્ઞાનનો) અનુભવ થતો નથી તેને કારણે થતી ભ્રાન્તિ તરીકે ઉપપન્ન છે (ભ્રાન્તિ તરીકે નિવૃત્તિનો અનુભવ સમજાવી શકાય છે, સંભવે છે), કારણ કે અપરોક્ષ જ્ઞાન જ અજ્ઞાનનું નિવર્તક છે એ નિયમ સ્વીકારવામાં આવ્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ :** અત્યાર સુધી અપ્રતિબદ્ધ પ્રમામાત્ર અજ્ઞાનનિવર્તક છે એ નિયમને અનુસરીને તેનો ભંગ ન થાય તે માટે પરોક્ષપ્રમારૂપ જ્ઞાનને પણ અજ્ઞાનના નિવર્તક તરીકે ઘટાવ્યું. હવે એવા મતની રજૂઆત કરી છે જે અનુસાર ઉપર્યુક્ત નિયમ નથી; પણ અપ્રતિબદ્ધ અપરોક્ષજ્ઞાન જ અજ્ઞાનનું નિવર્તક છે તેથી પરોક્ષજ્ઞાનની બાબતમાં નિયમના ભંગની શંકાને સ્થાન નથી. વિષયગત અજ્ઞાન જ તેનું આવરણ કરે છે. લોકમાં ઘટાદિ માટી વગેરેના પરિણામ તરીકે જાણીતાં છે; તેની જેમ શુક્તિરજતાદિ પણ પરિણામરૂપ સિદ્ધ થાય છે અને યુક્તિપૂર્વક વિચાર કરતાં અજ્ઞાન જ તેમનું પરિણામી, અર્થાત્ ઉપાદાનકારણ સિદ્ધ થાય છે. શુક્તિ વગેરે પ્રાતિભાસિક રજતાદિનાં ઉપાદાનકારણ હોઈ શકે નહિ: અને વિષયાવચ્છિન્ન-ચૈતન્યગત અજ્ઞાન રજતાદિ વિક્ષેપ (વિવર્ત)નું પરિણામી કે ઉપાદાનકારણ બને એમાં જેવું સામંજસ્ય છે (બધુ યુક્તિયુક્ત અને બંધબેસતું છે) તેવું પુરુષાશ્રિત અજ્ઞાનને તેનું ઉપાદાનકારણ માનવામાં નથી. આ ઉપપત્તિનું સામંજસ્ય ધ્યાનમાં રાખીને વિષયગત જ અવસ્થારૂપ અજ્ઞાન માનવું જોઈએ પણ તેનાથી જુદું બીજું પુરુષગત અવસ્થારૂપ અજ્ઞાન માનવાની જરૂર નથી કારણ કે એ વ્યર્થ હોઈને તેને માનવા માટે પ્રમાણ નથી. જો કે પુરુષાશ્રિત અજ્ઞાન પણ પુરુષને છોડયા સિવાય દીર્ઘપ્રભાન્યાયથી વૃત્તિદ્વારા બહાર નીકળીને વિષયાવચ્છિન્ન ચૈતન્યનું આશ્રિત બનીને રજતાદિરૂપે પરિણામી બને (—તેમનું ઉપાદાન કારણ બને) એમ સંભવી શકે (—અર્થાત્ એવી દલીલ કરી શકાય), તો પણ આ ઉપપત્તિમાં સામંજસ્ય નથી કારણ કે મૂલ અજ્ઞાનની જેમ અવસ્થારૂપ અજ્ઞાન પણ નિષ્ક્રિય છે તેથી તેને પ્રભાન્યાય લાગુ પાડી શકાય નહીં એવા અભિપ્રાયથી વિષયગત અજ્ઞાનના પરિણામની ઉપપત્તિના સામંજસ્યની દલીલ આપી છે.

શંકા થાય કે વિષયાવરક અજ્ઞાન વિષયગત જ છે એમ માનતાં બે મુશ્કેલીઓ ઊભી થશે—વિષયગત અજ્ઞાનનો સાક્ષી સાથે સંસર્ગ નહીં રહે તેથી સાક્ષીથી તેનો પ્રકાશ નહીં થાય (—આ અજ્ઞાનતો અનુભવ નહીં સંભવે), અને પરોક્ષજ્ઞાનવૃત્તિ બહાર નીકળીને વિષય સુધી જતી નથી તેથી પરોક્ષપ્રમાથી વિષયગત અજ્ઞાનની નિવૃત્તિ નહીં સંભવે.

આનો ઉત્તર આપતાં કહ્યું છે કે 'હું શુક્તિને જાણતો નથી' એ અનુભવનો વિષય વિષયગત અવસ્થારૂપ અજ્ઞાન નથી, પણ મૂલ અજ્ઞાન છે. કારણ કે એ જ સાક્ષી સાથે સંસૃષ્ટ છે. ફરી શંકા થાય કે મૂલ અજ્ઞાન તો બ્રહ્મવિષયક છે તેથી તેનો શુક્તિ-વિષયક તરીકે અનુભવ કેવી રીતે સંભવે છે? અથવા અવસ્થારૂપ અજ્ઞાનનો શુક્તિવિષયક તરીકે અનુભવ કેવી રીતે સંભવે કારણ કે તેનો પણ વિષય શુક્તિથી અવચ્છિન્ન ચૈતન્ય જ છે. જો એમ કહેવામાં આવે કે શુક્તિનું અવસ્થારૂપ અજ્ઞાનના વિષય ચૈતન્ય સાથે તાદાત્મ્ય છે તેથી અવસ્થારૂપ અજ્ઞાનનો શુક્તિવિષયક તરીકે અનુભવ થાય તો તેમાં કોઈ વિરોધ નથી, —તો અમે પણ એજ ઉત્તર આપી શકીએ. ઉપર્યુક્ત શંકાને ધ્યાનમાં રાખીને જે ઉત્તર આપ્યો છે તેનો ભાવ એ છે કે જડમાત્રનો મૂલ અજ્ઞાનના વિષય ચૈતન્ય પર અધ્યાસ થયેલો હોવાથી શુક્તિ વગેરેનું પણ તેની સાથે તાદાત્મ્યરૂપ અભિન્નત્વ છે, તેથી શુક્ત્યાદિવિષયક તરીકે મૂલ અજ્ઞાનનો અનુભવ હોય તેમાં વિરોધ નથી.

'હું શુક્તિને જાણતો નથી' એ અનુભવ મૂલ-અજ્ઞાનવિષયક છે એ બાબતમાં વિવરણાદિની સંમતિ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અહીં શંકા થાય કે મૂલ અજ્ઞાનને સિદ્ધ કરવાના સંદર્ભમાં 'अहमज्ञः' એ જે અનુભવ બતાવ્યો છે એ જ મૂલ અજ્ઞાનનો સાધક છે જ્યારે 'હું આને જાણતો નથી' એ અનુભવ તો અવસ્થા–અજ્ઞાન વિષયક જ છે. અને આમ માનતાં પ્રકરણ વિરોધ થશે એવી પણ શંકા કરી શકાય નહીં. શુક્તિ–રજતાદિ પ્રકારના પરિણામોની ઉપપત્તિ માટે અવસ્થા–અજ્ઞાનની પણ સિદ્ધિ કરવી જરૂરી છે. તેથી મૂલ અજ્ઞાનની સિદ્ધિ માટેનું પ્રકરણ હોવા છતાં અવસ્થારૂપ અજ્ઞાનની સિદ્ધિ બતાવી હોય તો એ ઉપપન્ન છે. જેમ 'इदं न जानामि' 'હું આને જાણતો નથી' એ અનુભવ તે તે વિષયથી અવચ્છિન્ન ચૈતન્યના અજ્ઞાનવિષયક છે, તેમ 'अहमज्ञः, तत्त्वं न जानामि' ('હું અજ્ઞ છું, તત્ત્વને જાણતો નથી') એ અનુભવ મૂલ–અજ્ઞાનવિષયક છે એમ દૃષ્ટાન્તની રીતથી મૂલ–અજ્ઞાનના સાધનના પ્રસ્તાવમાં પણ વિષય–વિશેષથી આલિંગિત અજ્ઞાનનો અનુભવ બતાવે તો તે ઉપપન્ન છે. તેથી 'હું આને જાણતો નથી', 'હું શુક્તિને જાણતો નથી' વગેરે અનુભવોને મૂલ–અજ્ઞાનવિષયક માનવા માટે કોઈ પ્રમાણ નથી; અને તે સિદ્ધ કરવા માટે આ અનુભવો અવસ્થા–અજ્ઞાનવિષયક છે એમ કહેવું જરૂરી છે. માટે એ સિદ્ધ થાય છે 'હું શુક્તિને જાણતો નથી' એ અનુભવ અવસ્થા–અજ્ઞાનવિષયક છે'. તેથી જો અજ્ઞાન વિષયગત જ હોય તો તેનો સાક્ષી સાથે સંસર્ગ નહીં હોવાથી અજ્ઞાનનો અનુભવ સંભવશે નહિ.

આવી શંકાનો ઉલ્લેખ કરીને કહ્યું છે કે 'अहमज्ञः' એ સામાન્યતઃ અજ્ઞાનનો અનુભવ મૂલ–અજ્ઞાનવિષયક છે જ્યારે 'शुक्तिमहं न जानामि' એ વિષયવિશેષથી આલિંગિત અજ્ઞાનનો અનુભવ અવસ્થા–અજ્ઞાનવિષયક છે એવો ભેદ સ્વીકારીએ તો પણ વિષયગત અજ્ઞાન માનવામાં કોઈ મુશ્કેલી નહીં રહે. અવસ્થા (શુક્ત્યાદિ–અજ્ઞાન) અને અવસ્થાવાન (મૂલ–અજ્ઞાન)નો અભેદ હોવાથી, વિષયગત અજ્ઞાન સાક્ષિસંસૃષ્ટ મૂલ અજ્ઞાનની અવસ્થા છે માટે મૂલ અજ્ઞાન-દ્વારા સાક્ષી સાથે તેનો સંસર્ગ છે. અથવા સાક્ષિચૈતન્ય અને અવસ્થારૂપ અજ્ઞાનના આશ્રયરૂપ વિષય–ચૈતન્ય વસ્તુતઃ એક હોવાથી સાક્ષીથી અભિન્ન ચૈતન્યને આશ્રિત હોવાથી સાક્ષીની સાથે વિષયગત અજ્ઞાનનો સંસર્ગ છે.

જે દલીલ કરવામાં આવી હતી કે વિષયગત અજ્ઞાનની નિવૃત્તિ પરોક્ષવૃત્તિથી નહીં થઈ શકે કારણ કે પરોક્ષવૃત્તિ બહાર જઈ શકતી નથી, તેથી પ્રમામાત્ર અજ્ઞાનનું નિવર્તક છે એ નિયમ નહીં સંભવે—એ દલીલ બરાબર નથી કારણ કે આ મતમાં પરોક્ષજ્ઞાનને અજ્ઞાન-નિવર્તક માનવામાં આવ્યું નથી અને પ્રમામાત્ર અજ્ઞાનનિવર્તક છે એ નિયમ સ્વીકારવામાં નથી આવ્યો તેથી તેના ભંગની શંકાને અવકાશ નથી. તો પછી 'હું શાસ્ત્રાર્થને જાણતો નથી' એ અજ્ઞાનનો અનુભવ થાય છે અને ઉપદેશની પછી એ અજ્ઞાનની નિવૃત્તિનો અનુભવ થાય છે તે કેવી રીતે સંભવે? એનો ખુલાસો એ છે કે પરોક્ષવૃત્તિથી અજ્ઞાનની નિવૃત્તિ થતી નથી; પણ એ પરોક્ષજ્ઞાનરૂપ પ્રતિબંધક કારણને લીધે અજ્ઞાનનો અનુભવ થતો નથી તેને કારણે એવી ભ્રાન્તિ થાય છે કે અજ્ઞાનની નિવૃત્તિ થઈ છે. શંકા થાય કે અહીં કોઈ બાધક છે નહિ તો, પછી આ ભ્રાન્તિ છે એમ કેવી રીતે કહી શકાય? આનો ઉત્તર છે કે આ શંકા બરાબર નથી. વિષયગત અજ્ઞાનની અપેક્ષાએ પુરુષગત બીજાં અનન્ત અવસ્થા–અજ્ઞાનો માનવામાં ગૌરવ દોષ છે એ બાધક છે જ. આમ અપ્રતિબદ્ધ અપરોક્ષ-પ્રમારૂપ જ્ઞાન જ અજ્ઞાનનિવર્તક છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

नन्ु नायमपि नियमः, अविद्याऽहङ्कारसुखदुःखादितद्धर्मप्रत्यक्षस्याज्ञाननिवर्तकत्वानभ्युपगमाद् इति चेत्, न । अविद्यादिप्रत्यक्षस्य साक्षिरूपत्वेन वृत्तिरूपापरोक्षज्ञानस्यावरणनिवर्तकत्वनियमानपायात् ॥१३॥

એવી શંકા થાય કે આ પણ નિયમ નથી, કારણ કે અવિદ્યા, અહંકાર, તેના (અહંકારના) સુખ, દુઃખાદિ ધર્મોનું પ્રત્યક્ષ (જ્ઞાન) અજ્ઞાનનિવર્તક છે એમ સ્વીકારવામાં નથી આવતું. (આવી શંકા થાય તો) એ બરાબર નથી કારણ કે અવિદ્યાદિ પ્રત્યક્ષ સાક્ષિરૂપ છે તેથી વૃત્તિરૂપ અપરોક્ષ જ્ઞાન આવરણનું નિવર્તક છે એ નિયમનો ભંગ નથી. (૧૩)

**વિવરણ** : અવિદ્યા, અહંકાર વગેરેનું તેમના સત્તાકાલે (તેમનું અસ્તિત્વ હોય ત્યારે) ભાન થાય જ છે તેથી તેમનું આવરણ માનવામાં નથી આવતું અને તેમનું પ્રત્યક્ષજ્ઞાન આવરણને દૂર કરે છે એમ માની શકાય નહિ. આ શંકાનો પરિહાર કરતાં કહ્યું છે કે અવિદ્યાદિ પ્રત્યક્ષ સાક્ષિરૂપ છે, વૃત્તિરૂપ નહિ, તેથી અપરોક્ષ જ્ઞાન આવરણનિવર્તક છે એ નિયમનો લોપ થતો નથી. (૧૩)

હવે પ્રશ્ન થાય કે સુખાદિ ધર્મવાળો અહંકાર સાક્ષિપ્રત્યક્ષનો વિષય છે એમ ઉપર કહ્યું છે તેથી અहम् એ શબ્દથી વાચ્ય જીવની અપેક્ષાએ એ સાક્ષી ભિન્ન છે એમ નિર્દેશ થયો. જ્યારે લોકમાં સુખાદિ ધર્મવાળો અહંકાર જ જીવ તરીકે પ્રસિદ્ધ છે. તો જે આ જીવથી ભિન્ન સાક્ષીની વાત કરવામાં આવે છે તેનું અસ્તિત્વ નથી કારણ કે તેનું અસ્તિત્વ માનવા માટે પ્રમાણ નથી એવી શંકા થાય. તેથી સાક્ષી વિષે ચર્ચાનો પ્રારંભ કરે છે.

(१४) अथ कोऽयं साक्षी जीवातिरेकेण व्यवह्रियते ।

अत्रोक्तं कूटस्थदीपे—देहद्वयाधिष्ठानभूतं कूटस्थचैतन्यं स्वावच्छेदकस्य देहद्वयस्य साक्षादीक्षणान्निर्विकारत्वाच्च साक्षीत्युच्यते । लोकेऽपि औदासीन्यबोधाभ्यामेव साक्षित्वं प्रसिद्धम् । यद्यपि जीवस्य वृत्तयः सन्ति देहद्वयभासिकाः, तथापि सर्वतः प्रसृतेन स्वावच्छिन्नेन कूटस्थचैतन्येन ईषत् सदा भास्यमेव देहद्वयं जीवचैतन्यस्वरूपप्रतिबिम्बगर्भादन्तःकरणाद् विच्छिद्य विच्छिद्योद्गच्छद्भिर्वृत्तिज्ञानैर्भास्यते । अन्तरालकाले तु सह वृत्त्यभावैः कूटस्थचैतन्येनैव भास्यते । अत एवाहङ्कारादीनां सर्वदा प्रकाशसंसर्गात् संशयाद्यगोचरत्वम् । अन्यज्ञानधाराकालीनाहङ्कारस्य 'एतावन्तं कालमिदमहं पश्यन्नेवासम्' इत्यनुसन्धानं च ।

न च कूटस्थप्रकाशिते कथं जीवस्य व्यवहारस्मृत्यादिकमिति शङ्क्यम् । अन्योन्याध्यासेन जीवैकत्वापत्त्या कूटस्थस्य जीवान्तरङ्गत्वात् । न च जीवचैतन्यमेव साक्षी भवतु, किं कूटस्थेनेति वाच्यम् । लौकिकवैदिक-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**व्यवहारकर्तुस्तस्योदासीनद्रष्टृत्वासम्भवेन 'साक्षी चेता केवलो निर्गुणश्च ( श्वेता. ६.११ ) इति श्रुत्युक्तसाक्षित्वायोगात् । 'तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्न्यो अभिचाकशीति' ( मुण्डक. ३.१.१ ) इति कर्मफल-भोक्तुर्जीवादुदासीनप्रकाशरूपस्य साक्षिणः पृथगाम्नानाच्चेति ।**

(૧૪) હવે (પ્રશ્ન થાય કે) આ જીવથી ભિન્ન સાક્ષીનો વ્યવહાર કરવામાં આવે છે તે (વળી) કયો ?

આ બાબતમાં **કૂટસ્થદીપ**માં કહ્યું છે કે (સ્થૂલ અને સૂક્ષ્મ) બે શરીરનું અધિષ્ઠાનભૂત કૂટસ્થ ચૈતન્ય પોતાનાં અવચ્છેદક બે શરીરોનું સાક્ષાત્ ઈક્ષણ કરતું હોવાથી અને નિર્વિકાર હોવાથી તે 'સાક્ષી' કહેવાય છે. લોકમાં પણ ઔદાસીન્ય અને જ્ઞાન દ્વારા જ સાક્ષિત્વ જાણીતું છે (જે ઉદાસીન કે તટસ્થ હોય અને જ્ઞાનવાળો હોય તે સાક્ષી કહેવાય છે). જો કે બે શરીરોનો અવભાસ કરનારી જીવ (અહંકારાત્મક અન્તઃકરણ)ની વૃત્તિઓ છે તો પણ સર્વત્ર ફેલાયેલા અને પોતાથી (શરીરદ્વયથી) અવચ્છિન્ન કૂટસ્થ ચૈતન્યથી સદા સહેજ ભાસતાં જ બે શરીરો જીવચૈતન્યરૂપ પ્રતિબિંબથી યુક્ત અન્તઃકરણથી છૂટાં પડી પડીને નીકળતી વૃત્તિરૂપ જ્ઞાનોથી ભાસિત થાય છે; જ્યારે વચગાળાના સમયમાં તે વૃત્તિના અભાવોની સાથે કૂટસ્થ ચૈતન્યથી જ ભાસિત થાય છે. તેથી જ અહંકારાદિનો સર્વદા પ્રકાશ સાથે સંસર્ગ હોવાથી તેમને વિષે સંશયાદિ થતાં નથી. અને અન્યજ્ઞાનધારાકાલિક અહંકારનું 'આટલો સમય હું આ જોતો જ રહ્યો હતો' એમ અનુસંધાન (સંભવે) છે.

શંકા થાય કે (અહંકાર અને તેની વૃત્તિઓ) કૂટસ્થ (સાક્ષી)થી જ પ્રકાશિત થતાં હોય તો જીવના વ્યવહાર અને સ્મરણાદિ કેવી રીતે થાય છે ? (અનુભવ એકને થાય અને તેની વાત અને તેનું સ્મરણ બીજો કરે એ સંભવે નહિ). આવી શંકા કરવી નહિ કારણ કે અન્યોન્યના (તાદાત્મ્યના) અધ્યાસને લીધે જીવ સાથે કૂટસ્થનું એકત્વ થઈ જવાથી કૂટસ્થ જીવનું અન્તરંગ હોય છે. અને એવું કહેવું નહીં કે "જીવચૈતન્ય જ ભલે સાક્ષી હોય, કૂટસ્થનું (સાક્ષી તરીકે) શું કામ છે?" (આમ કહેવું અયુક્ત છે) કારણ કે લૌકિક અને વૈદિક વ્યવહાર કરનારા તે (જીવ)માં ઔદાસીન્ય અને દ્રષ્ટૃત્વનો સંભવ ન હોય તેથી 'બોદ્ધા, કેવલ, નિર્ગુણ તે સાક્ષી (શ્વેતા. ૬.૧૧) એ શ્રુતિમાં કહેલું સાક્ષિત્વ તેમાં સંભવે નહિ. અને 'તે બેમાંથી એક (અર્થાત્ જીવ) સ્વાદુ પીપળ (કર્મફલ) ખાય છે અને અન્ય (કૂટસ્થ) નહીં ખાતો સામે જોયા કરે છે' (પ્રકાશે છે) (મુંડક ૩.૧.૧) એમ શ્રુતિમાં કર્મફલના ભોક્તા જીવથી ઉદાસીન પ્રકાશરૂપ સાક્ષીનું જુદું પ્રતિપાદન છે (તેથી પણ જીવ સાક્ષી હોઈ ન શકે)

**વિવરણ** : સ્થૂલ અને સૂક્ષ્મ શરીરનું અધિષ્ઠાનભૂત કૂટસ્થ ચૈતન્ય તે જ સાક્ષી કારણ કે પોતાના અવચ્છેદક બે શરીરોને અપરોક્ષ રીતે જુએ છે (તેમનો દ્રષ્ટા છે) અને કર્તૃત્વાદિવિકાર રહિત છે. શંકા થાય કે દ્રષ્ટા હોવું એટલે જોવાની ક્રિયાના કર્તા હોવું અને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિર્વિકાર હોવું એટલે કર્તૃત્વાદિ વિકાર રહિત હોવું. આમ દ્રષ્ટૃત્વ અને નિર્વિકારત્વનો પરસ્પર વિરોધ છે તો સાક્ષીમાં આ બન્ને કેવી રીતે સંભવે? આનો ઉત્તર એ છે કે 'साक्षात् द्रष्टरि संज्ञायाम्।—પાણિનિની અષ્ટાધ્યાયીના (૫.૨.૯૧) આ સૂત્ર પ્રમાણે દૃષ્ટિસ્વરૂપ જ કૂટસ્થમાં 'સાક્ષિન્' શબ્દથી જે જોવાની ક્રિયાનું કર્તૃત્વ પ્રતીત થાય છે તે પ્રકાશાત્મક સૂર્યને માટે 'प्रकाशते પ્રકાશે છે' એમ કહેવામાં આવે છે પણ તેનું પ્રકાશકર્તૃત્વ ઉપચાર માત્ર છે તેમ કૂટસ્થ સાક્ષીનું દ્રષ્ટૃત્વ—દૃશિક્રિયાકર્તૃત્વ એ ઉપચારથી છે કારણ કે એ તો દૃષ્ટિસ્વરૂપ જ છે. અહીં ફરી શંકા થાય કે સાક્ષીના લક્ષણમાં તો કેવલ બોદ્ધૃત્વ (જ્ઞાતૃત્વ) નો ઉલ્લેખ છે તો પછી અહીં નિર્વિકારત્વનો પ્રક્ષેપ શા માટે કરવામાં આવે છે. આનો ખુલાસો કરતાં કહ્યું છે કે લોકમાં પણ કોઈ બે માણસો વચ્ચે વિવાદ થયો હોય તો તેમના વિવાદનો પ્રત્યક્ષ જાણકાર જે હોય અને સાથે સાથે ઉદાસીન હોય તે જ સાક્ષી બને છે. માટે નિર્વિકાર, ઉદાસીન કે તટસ્થ હોવું એ આવશ્યક છે. પણ માત્ર ઉદાસીન હોવું એ સાક્ષી બનવા માટે પૂરતું નથી, કારણ કે વિવાદસ્થળમાંના સ્તંભાદિ પણ ઉદાસીન છે પણ તે સાક્ષી હોઈ શકે નહિ. તેથી 'બોદ્ધૃત્વ' વિશેષણ પણ આવશ્યક છે.

**શંકા** : સ્થૂલ-સૂક્ષ્માત્મક શરીરોથી અવચ્છિન્ન અને પોતાનાં અવચ્છેદક એ શરીરોનું અવભાસક ચૈતન્ય તે સાક્ષી એમ જે કહ્યું તે સંભવતું નથી કારણ કે આવા ચૈતન્ય માટે કોઈ પ્રમાણ નથી. અને તેના અભાવમાં બે શરીરોનો અવભાસ નહીં થાય એમ પણ માની ન શકાય કારણ કે પ્રકાશાત્મક અન્તઃકરણવૃત્તિઓથી તે શરીરો અવભાસિત થઈ શકશે.

**ઉત્તર** : જીવની (—અહીં 'જીવ' પદ 'અહંકારાત્મક અન્તઃકરણ'ના અર્થમાં પ્રયોજ્યું છે—) વૃત્તિઓ છે, પણ નિત્ય ચૈતન્ય ન માનો તો જડ અહંકારથી અલગ કોઈ જીવ હોય નહિ અને તેની વૃત્તિઓ અન્તઃકરણના પરિણામરૂપ જ હોય એમ 'कामस् संकल्पः'...(બૃહદ્ ૧.૫.૩; મૈત્રાયણી, ૬.૩૦) ઇત્યાદિ શ્રુતિથી સિદ્ધ થાય છે. તેથી જીવની અર્થાત્ અહંકારાત્મક અન્તઃકરણની વૃત્તિઓ દીપ વગેરેની જેમ પ્રકાશાત્મક હોય તો પણ જડ હોવાથી તે સ્થૂલ અને સૂક્ષ્મ શરીરનો અવભાસ ન કરી શકે. પણ સ્વપ્રકાશ નિત્ય ચૈતન્ય માનવામાં આવે તો તેના (ચૈતન્ય)ના પ્રતિબિંબથી યુક્ત એ વૃત્તિઓ સ્થૂલ–સૂક્ષ્મ શરીરોના અનુભવરૂપ સંભવે. માટે તેવું ચૈતન્ય માનવું જ જોઈએ. વળી વૃત્તિઓના અન્તરાલકાળમાં (બે વૃત્તિઓની વચ્ચેના સમયમાં ) આ બે શરીરોનું સહેજ અર્થાત્ અસ્પષ્ટ ભાન હોય છે; જ્યારે આ બે શરીરો વિષયક વૃત્તિઓનું અસ્તિત્વ હોય ત્યારે 'હું કર્તા છું,' 'હું સ્થૂલ છું' ઇત્યાદિ રૂપે સ્પષ્ટ ભાન હોય છે એ અનુભવથી સિદ્ધ છે. ઉપર કહેલા અસ્પષ્ટ ભાનની ઉપપત્તિને માટે વૃત્તિજ્ઞાનથી અતિરિક્ત નિત્ય સાક્ષિરૂપ ચૈતન્ય માનવું જોઈએ. અહીં જીવચૈતન્યરૂપ પ્રતિબિંબની વાત કરી છે તેથી અન્તઃકરણમાં (ચૈતન્યનું) પ્રતિબિંબ તે જીવ અને બિંબચૈતન્યરૂપ કૂટસ્થ તે સાક્ષી આમ જીવ અને સાક્ષીનો ભેદ બતાવ્યો છે. જેમ અગ્નિથી તપેલા લોખંડના ટુકડામાંથી નીકળતા વિસ્ફુલિંગ અગ્નિસહિત જ નીકળે છે તેમ ચૈતન્યના પ્રતિબિંબથી યુક્ત અન્તઃકરણમાંથી ઉદ્ભવતી વૃત્તિઓ તેના પ્રતિબિંબથી યુક્ત જ ઉદ્ભવે. આ વૃત્તિઓ દેહાદિના અનુભવરૂપ સંભવે છે એમ સૂચવવા અન્તઃકરણ પ્રતિબિંબયુક્ત છે એમ કહ્યું છે. જાગ્રત્ અવસ્થામાં બે દેહોના સાક્ષી ચૈતન્ય માત્રથી અસ્પષ્ટ રીતે ભાનનો અવસર બતાવવા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માટે विच्छिद्य विच्छिद्य 'છૂટી પડી પડીને' એમ કહ્યું છે. એ વૃત્તિઓના વચગાળામાં વૃત્તિઓના અભાવ (ધ્વંસ) સાથે (—વૃત્તિઓના અભાવ અર્થાત્ ધ્વંસ, વૃત્તિઓની ઉત્પત્તિઓ અને વૃત્તિઓના ભેદ સાથે) સ્થૂલ—સૂક્ષ્મ શરીરનો કૂટસ્થ ચૈતન્યથી જ અવભાસ થાય છે.

કહેવાનો આશય એ છે કે નિત્ય ચૈતન્ય માનવામાં ન આવે તો વૃત્તિઓની ઉત્પત્તિ, તેમનો વિનાશ તેમનો ભેદ વગેરે અપરોક્ષ રીતે ભાસિત ન થાય કારણ કે પોતાની ઉત્પત્તિ અને પોતાનો વિનાશ પોતાથી જ ગ્રાહ્ય બને એ સંભવતું નથી. બીજી વૃત્તિઓથી પણ એ ગ્રાહ્ય બની ન શકે એમ આગળ ઉપર બતાવવામાં આવશે. તેથી વૃત્તિનાશાદિના સાક્ષી તરીકે નિત્ય ચૈતન્યનો સ્વીકાર કરવો જોઈએ. વળી નિત્ય ચૈતન્યરૂપ સાક્ષીનો સદ્ભાવ હોવાથી જ અહંકારાદિનો સર્વદા તેની સાથે સંસર્ગ છે તેથી તેમને વિષે સંશયાદિ થતાં નથી. અહંકાર, પ્રાણ, શરીરાદિ અને તેમનાં સુખદુઃખાદિ ધર્મો અહંકારાદિનું અસ્તિત્વ હોય તે દરમ્યાન સંશયાદિનિવૃત્તિ પ્રકારનું ફલ ભોગવતાં હોય છે. અર્થાત્ તેમને વિષે કદી સંશયાદિ થતાં નથી (—'હું છું કે નહિ,' 'હું જીવું છું કે નહિ', 'હું સુખી છું કે નહિ' વગેરે સંશયાદિ થતાં નથી—) એ અનુભવથી સિદ્ધ છે. અહંકારાદિને સદા પ્રકાશનો સંસર્ગ ન હોય તો આ સંભવે નહિ. ઘટાદિ પ્રકાશ સાથે સંસર્ગ હોય તે દશામાં જ સંશયાદિથી પર જોવામાં આવે છે. જો જ્ઞાનને નિત્ય નહીં પણ જન્ય માનવામાં આવે તો અહંકારાદિનો સદા પ્રકાશસંસર્ગ સંભવે નહિ કારણ કે જન્ય જ્ઞાનો ઉત્પત્તિ અને નાશવાળાં છે અને તેથી ક્રમિક છે અને સામાન્ય બાહ્ય વસ્તુને વિષય બનાવે છે. તેથી અહંકારાદિ સદા સંશયાદિથી મુક્ત છે એ હકીકતનો નિર્વાહ કરવા માટે સદા સાક્ષી ચૈતન્યરૂપ પ્રકાશનો સંસર્ગ માનવો જોઈએ.

સાક્ષીના સદ્ભાવને સિદ્ધ કરવા બીજી પણ દલીલ આપી છે. કોઈ દેવની મૂર્તિ પર લાંબા સમય સુધી ધ્યાન ધરતાં હોઈએ ત્યારે એ મૂર્તિવિષયક વૃત્તિની ધારા ચાલતી રહે છે અને એ વખતે અહમર્થ (અહંકાર) અને તેની તે વખતની વૃત્તિઓનો જન્ય અનુભવ સંભવતો ન હોઈને તેનો સંસ્કાર સંભવતો નથી તેથી પાછળથી તેનું અનુસંધાન ન થાય. મૂર્તિ વિષયક વૃત્તિજ્ઞાનની ધારા ચાલતી હોય ત્યારે અહંકારવિષયક કે તેની પ્રત્યેક વૃત્તિ-વિષયક જન્ય અનુભવ સંભવતો નથી કારણ કે અન્ય અનુભવો થાય તો ધારાનો વિચ્છેદ થઈ જાય, જ્યારે આ વૃત્તિસંતતિ તો ઇચ્છાથી ભેગી કરેલી સામગ્રીને કારણે છે. તેથી તેનો વિચ્છેદ સંભવે નહિ. પણ આપણે જોઈએ છીએ કે અહંકાર અને તેની વૃત્તિઓનું અનુસંધાન થાય છે (—'આટલો વખત હું આને જોતો રહ્યો'—) તેથી અન્યજ્ઞાનધારાકાલીન અહમર્થાદિના સાક્ષી તરીકે નિત્ય અનુભવ માનવો જોઈએ.

ફરી શંકા સંભવે છે કે સાક્ષિ—ચૈતન્યથી જેનો અનુભવ કરવામાં આવ્યો છે તે અહમર્થ અને તેની વૃત્તિઓનું સ્મરણ—'હું તેને જોતો રહ્યો' એમ સ્મરણ—જીવને કેવી રીતે સંભવે કારણ કે અહમર્થમાંના પ્રતિબિંબરૂપ જીવની અપેક્ષાએ બિંબભૂત કૂટસ્થ ચૈતન્યાત્મક સાક્ષી ભિન્ન છે અને એકે અનુભવેલી વસ્તુનું સ્મરણ બીજાને થઈ શકે નહિ.

આ શંકાનું સમાધાન કરતાં કહ્યું છે કે પોતે અને પોતાની સાથે તાદાત્મ્ય પામેલાએ અનુભવેલી વસ્તુની બાબતમાં પોતાને સ્મરણ થાય છે એમ સ્વીકાર કર્યો છે તેથી અતિ-પ્રસંગનો દોષ નથી. આવું હોય તો દેવદત્તે વસ્તુ જોઈ હોય તેનું સ્મરણ યજ્ઞદત્તને થાય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એવો પ્રસંગ થશે એમ કહી શકાય નહીં. દેવદત્ત-યજ્ઞદત્તનું પરસ્પર તાદાત્મ્ય નથી, જ્યારે અહીં તો તાદાત્મ્યના અભ્યાસને કારણે જીવ અને કૂટસ્થનું એકત્વ થઈ ગયું છે અને કૂટસ્થ જીવનું અન્તરંગ છે. જીવ કૂટસ્થમાં કલ્પિત છે એમ અગાઉ સિદ્ધ કર્યું છે.

**શંકા** : આમ હોય તો પણ સર્વ શરીરોમાં સાક્ષી એક હોવાને કારણે દેવદત્ત-સાક્ષીથી અનુભવાયેલા દેવદત્તના અહંકારાદિને વિષે યજ્ઞદત્તાદિને પણ અનુસંધાન થવું જોઈએ, કારણ કે યજ્ઞદત્તાદિ પણ દેવદત્તના સાક્ષી પર જ અધ્યસ્ત હોવાથી તેની સાથે તેમના એકત્વની આપત્તિ છે, તેમને તેની સાથે એક બની ગયેલા માનવા જોઈએ.

**ઉત્તર** : આ વાત બરાબર નથી. અવચ્છેદક બે શરીરો (દરેકની બાબતમાં) જુદાં જુદાં છે તેને લીધે તે તે જીવની સાથે તાદાત્મ્ય પામેલા સાક્ષીનો ભેદ સ્વીકારવામાં આવ્યો છે. અવચ્છેદકના ભેદથી સાક્ષીના ભેદનું જ્ઞાપન કરવા માટે જ 'પોતાના અવચ્છેદક' એવું વિશેષણ પહેલાં જ લગાડ્યું છે.

**શંકા** : જીવ અને કૂટસ્થ નામનાં બે ચૈતન્ય ભલે હોય. તો પણ જીવ જ સાક્ષી શા માટે ન હોય? કૂટસ્થને સાક્ષી શા માટે માનવું પડે? (અહીં કૂટસ્થના અસ્તિત્વ અંગે શંકા નથી પણ તેના સાક્ષીપણા અંગે શંકા છે).

**ઉત્તર** : લોકમાં ઉદાસીન જ સાક્ષી તરીકે જાણીતો છે. તે પ્રમાણે અને શ્રુતિ અનુસાર કૂટસ્થ જ સાક્ષી હોઈ શકે, જીવ નહીં. 'साक्षी चेता केवलो निर्गुणश्च (શ્વેતા. ૬.૧૧) એવું શ્રુતિવચન છે. ચેતા=બોદ્ધા, કેવલ=અકર્તા, ઉદાસીન; નિર્ગુણ અર્થાત્ વૈશેષિક આદિ માને છે તેમ જ્ઞાનાદિ ગુણવાળો આત્મા નહિ. ચથી અન્ય મતોના ખંડનનો સંગ્રહ છે—તે સક્રિય નથી, મધ્યમપરિમાણવાળો નથી, વગેરે. શ્રુતિથી જીવ અને કૂટસ્થના ભેદનું સમર્થન મળે છે. એક કર્મફલનો ભોગ કરે છે જ્યારે બીજો બુદ્ધિ આદિના સાક્ષી તરીકે પ્રકાશે છે. કૂટસ્થ ભોગવતો નથી એમ કહ્યું છે તેથી તેના કર્તૃત્વનો પણ નિષેધ થાય છે. આમ 'નહીં ભોગવતો પ્રકાશે છે' એ વચનથી ઉદાસીન હોઈને બોદ્ધા છે અર્થાત્ સાક્ષી છે એમ પ્રતિપાદિત થયું છે

नाटकदीपेऽपि नृत्यशालास्थदीपदृष्टान्तेन साक्षी जीवाद्विविच्य दर्शितः । तथा हि—

नृत्यशालास्थितो दीपः प्रभुं सभ्यांश्च नर्तकीम् ।
दीपयेदविशेषेण तदभावेऽपि दीप्यते ॥ [नाटकदीप, ११]

तथा चिदाभासविशिष्टाहङ्काररूपं जीवं विषयभोगसाकल्यवैकल्याभिमानप्रयुक्तहर्षविषादवत्त्वात् नृत्याभिमानिप्रभुतुल्यम्, तत्परिसरवर्तित्वेऽपि तद्राहित्यात् सभ्यपुरुषतुल्यान् विषयान्, नानाविधविकारवर्तित्वान्नर्तका-



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**तुल्यां धियं च दीपयन् सुषुप्त्यादावहङ्काराद्यभावेऽपि दीप्यमानः चिदाभासविशिष्टाहङ्काररूपजीवभ्रमाधिष्ठानकूटस्थचैतन्यात्मा साक्षीति ।**

**एवं जीवाद्विवेचितोऽयं साक्षी न ब्रह्मकोटिरपि, किं तु अस्पृष्टजीवेश्वरविभागं चैतन्यमित्युक्तं कूटस्थदीपे ॥**

**तत्त्वप्रदीपिकायामपि मायाशबलिते सगुणे परमेश्वरे 'केवलो निर्गुणः' इति विशेषणानुपपत्तेः सर्वप्रत्यग्भूतं विशुद्धं ब्रह्म जीवाभेदेन साक्षीति प्रतिपद्यत इत्युदितम् ।**

**નાટકદીપ**માં પણ નૃત્યશાળામાં રહેલા દીપના દૃષ્ટાન્તથી સાક્ષીને જીવથી જુદો કરીને બતાવ્યો છે (સાક્ષી અને જીવનો ભેદ બતાવ્યો છે). જેમ કે,

"નૃત્યશાળામાં રહેલો દીપ સ્વામી, સભ્યો અને નર્તકીને એક સરખી રીતે પ્રકાશિત કરે છે અને તેમના અભાવમાં પણ પ્રકાશે છે (નાટકદીપ ૧૧).

તેમ ચિદાભાસથી વિશિષ્ટ અહંકારરૂપ જીવને વિષયભોગની સમગ્રતા કે અસમગ્રતાના અભિમાનથી હર્ષ કે વિષાદ થાય છે તેથી તે નૃત્યાભિમાની સ્વામી તુલ્ય છે; તેની બધી બાજુના ઘેરાવામાં (પરિસરમાં) રહેતા હોવા છતાં તે (હર્ષ-વિષાદ) વિનાના હોવાથી વિષયો સભ્ય પુરુષ તુલ્ય છે; નાનાવિધ વિકાર પામતી હોવાથી બુદ્ધિ નર્તકી તુલ્ય છે; તેમને (જીવ, વિષય, બુદ્ધિને) પ્રકાશિત કરતો, સુષુપ્તિ વગેરેમાં અહંકારાદિનો અભાવ હોય ત્યારે પણ પ્રકાશતો, ચિદાભાસવિશિષ્ટ અહંકારરૂપ જીવના ભ્રમનું અધિષ્ઠાનભૂત કૂટસ્થ ચૈતન્યસ્વરૂપ તે સાક્ષી છે.

આમ જીવથી જુદો પાડવામાં આવેલો આ સાક્ષી બ્રહ્મકોટિ(ઈશ્વરકોટિ)નો પણ નથી પણ જીવ અને ઈશ્વરનો વિભાગ જેને સ્પર્શ્યો નથી એવું ચૈતન્ય છે એમ **કૂટસ્થદીપ**માં કહ્યું છે.

**તત્ત્વપ્રદીપિકા**માં પણ કહ્યું છે કે માયાશબલિત સગુણ પરમેશ્વરની બાબતમાં 'કેવળ, નિર્ગુણ' એ વિશેષણોની ઉપપત્તિ નથી તેથી સર્વનું પ્રત્યગ્ભૂત (આન્તર સ્વરૂપભૂત) વિશુદ્ધ બ્રહ્મ જીવથી અભેદને લીધે સાક્ષી તરીકે જ્ઞાત થાય છે.×

[વિવરણ : **કૂટસ્થદીપ** માં સાક્ષીનું નિરૂપણ છે તેમ અન્યત્ર પણ છે અને ત્યાં દૃષ્ટાન્ત દ્વારા સમજૂતી આપી છે. **નાટકદીપ**માં નૃત્યશાળામાં રહેલા દીપનું દૃષ્ટાન્ત આપ્યું છે. ત્યાં પ્રભુ, સ્વામી હોય છે જે નૃત્ય પ્રત્યે અભિમાન રાખે છે (અહંતા, મમતા રાખે છે). તેની ચારે તરફના ઘેરાવામાં સભ્યો હોય છે અને અલગ ભાવોનો અભિનય કરતી નર્તકી

× જુઓ न च 'साक्षी चेता केवलो निर्गुणश्च' इति वाक्यमीश्वरपरत्वादात्मनः साक्षित्वे न प्रमाणमिति युक्तम्; मायाविशिष्टरूपे तस्मिन् केवलो निर्गुण इति विशेषणानुपपत्तेः । तस्मात्सर्वप्रत्यग्भूतं विशुद्धं ब्रह्मात्र जीवाभेदेन साक्षीति प्रतिपाद्यते ।—तत्त्वप्रदीपिका, पृ. ५८९.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હોય છે. દીપ સરખી રીતે બધાંને પ્રકાશિત કરે છે. તે વૃદ્ધિ પામીને પ્રભુને પ્રકાશિત કરે, મધ્યમાવસ્થા પ્રાપ્ત કરીને સભ્યોને અને તેનાથી નિકૃષ્ટ અવસ્થા પ્રાપ્ત કરીને નર્તકીને તેમના પદના તારતમ્યાનુસાર વૃદ્ધિ આદિ વિકારો પામીને પ્રકાશિત કરે એવું નથી બનતું પણ એક રૂપથી જ રહીને સર્વને પ્રકાશિત કરે છે. પ્રભુ, સભ્ય વગેરે ન હોય તો પણ દીપ પોતાની મેળે પ્રકાશ્યા કરે છે. તેમ પ્રસ્તુત ચર્ચામાં અહંકાર પ્રભુ છે, વિષયો સભ્યો છે, બુદ્ધિ કે મતિ નર્તકી છે. (રૂપક આગળ લંબાવવું હોય તો ઇન્દ્રિયો તાલ વગેરે ધારણ કરનારા છે) અને સાક્ષી દીપ છે એમ દૃષ્ટાન્ત-દાર્ષ્ટાન્તિકભાવ સમજવાનો છે. જેમ નૃત્યશાળાની પોતે બધી વ્યવસ્થા કરી છે અને આ બધું પોતાનું છે એમ માનીને નૃત્યની સફળતા કે ખામીઓથી માલિક સુખી કે દુઃખી થાય છે તેવું જીવનું છે. વિષયભોગની સમગ્રતા કે ખામીને વિષે અભિમાન રાખતો જીવ સુખી કે દુઃખી થાય છે. જેમ સભ્યો પ્રભુની આસપાસના ઘેરાવામાં ગોઠવાયેલા હોય છે તેમ રૂપાદિ વિષય જીવના પરિસરમાં હોય છે, તેથી વિષયો સભ્ય તુલ્ય છે. સભ્યો નૃત્યના પ્રયોજક નથી તેથી તેની ઉત્કૃષ્ટતા કે ખામીથી સુખી કે દુઃખી થતા નથી તેવું જ વિષયોનું છે. બુદ્ધિને અલગ અલગ વિકારો કે અવસ્થાન્તરો પામતી નર્તકી સાથે સરખાવી શકાય. ઉદ્ધૃત શ્લોકમાં 'ચ' છે તેનો અર્થ એવો કરી શકાય કે જેમ તાલ વગેરે ધારણ કરનારા પુરુષો નર્તકીને અનુકૂલ રહે છે તેમ ઇન્દ્રિયો બુદ્ધિને અનુકૂલ રહે છે. જીવાદિનો અવભાસક સાક્ષી દીપતુલ્ય છે.

**કૂટસ્થદીપ**માં જીવ-ભ્રમના અધિષ્ઠાનભૂત કૂટસ્થચૈતન્યને જીવાદિનું અવભાસક કહ્યું છે અને **નાટકદીપ**માં ચિદાભાસવિશિષ્ટ અહંકારને જીવ કલ્પીને તેનું અવભાસક ચૈતન્ય તે સાક્ષી એમ કહ્યું છે. તેથી ત્યાં જે કૂટસ્થની વાત કરી છે તે જ અહીં સાક્ષી તરીકે જ્ઞાત થાય છે, કારણ કે અન્તઃકરણમાંના પ્રતિબિંબરૂપ જીવનું અધિષ્ઠાન હોવું અને તેને અવભાસિત કરવું વગેરેનો સમાન નિર્દેશ છે. તે જ રીતે **નાટકદીપ**માં પણ નૃત્યશાળામાં રહેલા દીપના દૃષ્ટાન્તથી સાક્ષીને જીવથી જુદો પાડીને બતાવ્યો છે.

સાક્ષી જેમ જીવ કોટિનો નથી (કારણ કે જીવ ઉદાસીન નથી હોતો) તેમ ઈશ્વર કોટિનો પણ નથી કારણ કે ઈશ્વર જગતની સૃષ્ટિ, નિયમન વગેરે વ્યાપાર કરે છે તેથી ઉદાસીન નથી અને ઈશ્વર પરોક્ષ હોઈને જીવની પ્રતિ બુદ્ધિ આદિના સાક્ષી તરીકે તે નિત્ય અપરોક્ષ સાક્ષી નથી. 'બ્રહ્મકોટિ' શબ્દ મૂળમાં પ્રયોજ્યો છે તેમાં 'બ્રહ્મ' પદ 'ઈશ્વર'ના અર્થમાં છે, ઉદાસીન ચૈતન્યના અર્થમાં નહીં. સાક્ષી જીવત્વ, ઈશ્વરત્વ; જગદ્રૂપત્વ ધર્મોથી રહિત કેવલ (ઉદાસીન), શિવ (શુદ્ધ), સ્વયંપ્રકાશ પરમાત્મા છે.

> इति शैवपुराणेषु कूटस्थः प्रविवेचितः ।
> जीवेशत्वादिरहितः केवलः स्वप्रभः शिवः ॥ (पञ्चदशी, कूटस्थदीप, ५९)

**ચિત્સુખની તત્ત્વપ્રદીપિકા**માં પણ ઈશ્વરત્વાદિ ધર્મરહિત ચિદાત્માનું જ સાક્ષી તરીકે પ્રતિપાદન છે. અન્તઃકરણમાં પડેલા ચિત્ના પ્રતિબિંબરૂપ સર્વ જીવોનો પ્રત્યગાત્મા અર્થાત્ તેમનું અધિષ્ઠાન હોઈને આન્તર સ્વરૂપભૂત, વિશુદ્ધ, જીવત્વ-ઈશ્વરત્વ-જગદ્રૂપત્વ રહિત બ્રહ્મ તે તે જીવનું અધિષ્ઠાન હોઈને તે તે જીવ સાથે તાદાત્મ્ય પામેલું છે અને તેથી જીવથી અભિન્ન અને પ્રત્યેક શરીરમાં જુદું લાગે છે અને તે સાક્ષી તરીકે જ્ઞાત થાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

कौमुद्यां तु—

एको देवः सर्वभूतेषु गूढः सर्वव्यापी सर्वभूतान्तरात्मा ।
कर्माध्यक्षः सर्वभूताधिवासः साक्षी चेता केवलो निर्गुणश्च ॥ [श्वेता. ६ १२]

इति देवत्वादिश्रुतेः परमेश्वरस्यैव रूपभेदः कश्चिज्जीवप्रवृत्तिनिवृत्त्योरनुमन्ता स्वयमुदासीनः साक्षी नाम। स च कारणत्वादिधर्मानास्पदत्वाद् अपरोक्षो जीवगतमज्ञानाद्यवभासयंश्च जीवस्यान्तरङ्गः। सुषुप्त्यादौ च कार्यकारणोपरमे जीवगताज्ञानमात्रस्य व्यञ्जकः प्राज्ञशब्दितः।

'तद्यथा प्रियया स्त्रिया सम्परिष्वक्तो न बाह्यं किञ्चन वेद नान्तरमेवमेवायं पुरुषः प्राज्ञेनात्मना सम्परिष्वक्तो न बाह्यं किंचन वेद नान्तरम् [बृहद्. ४.३.२१] 'प्राज्ञेनात्मनाऽन्वारूढ उत्सर्जन्याति' [बृहद्. ४.३.३५] इति श्रुतिवाक्याभ्यां सुषुप्त्युत्क्रान्त्यवस्थयोर्जीवभेदेन प्रतिपादितः परमेश्वर इति सुषुप्त्युत्क्रान्त्यधिकरण(ब्र.सू.१.३.४२,अधि.१४)–निर्णयोऽपि साक्षिपर इत्युपवर्णितम् ।

જ્યારે કૌમુદીમાં કહ્યું છે કે "એક દેવ છે તે સર્વ ભૂતો (કાર્ય, પ્રાણી)માં ગૂઢ છે, સર્વવ્યાપી છે, સર્વ ભૂતોનો અન્તરાત્મા છે, કર્મોનો અધ્યક્ષ છે, સર્વભૂતોનું અધિષ્ઠાન છે, સાક્ષી, બોદ્ધા, કેવલ, નિર્ગુણ છે" એમ દેવત્વ આદિ અંગે શ્રુતિ છે તેથી સાક્ષી પરમેશ્વરનો કોઈ રૂપવિશેષ છે, જે જીવની પ્રવૃત્તિ અને નિવૃત્તિનો અનુમન્તા (નિરન્તરતાપૂર્વક બોદ્ધા) છે અને પોતે ઉદાસીન છે. અને તે કારણત્વાદિ ધર્મનું રહેઠાણ ન હોવાથી (અર્થાત્ તેમાં કારણત્વ વગેરે ધર્મ નથી તેથી) અપરોક્ષ છે અને જીવગત અજ્ઞાનાદિને અવભાસિત કરતો હોઈ જીવનો અન્તરંગ છે. સુષુપ્તિ આદિમાં કાર્ય અને કારણનો ઉપશમ થતાં તે જીવગત અજ્ઞાન માત્રનો વ્યંજક છે અને 'પ્રાજ્ઞ' કહેવાય છે.

'તેથી જેમ પ્રિયા એવી સ્ત્રીથી આલિંગિત પુરુષ બહારનું કશું જાણતો નથી, અને અંદરનું કશું જાણતો નથી એ જ રીતે પ્રાજ્ઞ આત્માથી આલિંગિત (સુષુપ્તિમાં ઉપાધિના લયને કારણે પ્રાજ્ઞ અર્થાત્ પરમાત્માની સાથે એકાભાવ પામેલો) આ પુરુષ (જીવ) બહારનું કે અંદરનું કશું જાણતો નથી", 'પ્રાજ્ઞથી અધિષ્ઠિત ઉત્સર્જન કરતો (વેદનાવશાત્ અવાજ કરતો) (શરીરની બહાર) જાય છે' એ બે શ્રુતિવાક્યોથી 'સુષુપ્તિ અને ઉત્ક્રાન્તિમાં જીવથી પૃથક્ તરીકે પરમેશ્વરનું પ્રતિપાદન કર્યું છે' એમ સુષુપ્ત્યુત્ક્રાન્ત્યધિકરણ (બ્ર.સૂ. ૧.૩.૪૨, અધિકરણ ૧૪)નો નિર્ણય પણ સાક્ષિપરક છે".

**વિવરણ :** કૌમુદીકારના મતે જેને સાક્ષી કહેવામાં આવે છે, તે પરમેશ્વરનો જ રૂપવિશેષ છે; કારણ કે સાક્ષીનું પ્રતિપાદન દેવ, સર્વભૂતાન્તરાત્મા વગેરે તરીકે કર્યું છે અને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રુતિ–સ્મૃતિમાં આ ધર્મો પરમેશ્વરના જ ધર્મ તરીકે પ્રસિદ્ધ છે. પરમેશ્વરના શિવ, વિષ્ણુ તરીકે પ્રાપ્ત ભેદનો નિરાસ કરવા માટે કહ્યું છે કે તે એક છે. બિંબભૂત પરમેશ્વરની મૂર્તિભેદથી શિવ, વિષ્ણુ સંજ્ઞા છે, પણ ઈશ્વરભેદ તો નથી જ. ગીતામાં કહ્યું છે કે ઈશ્વર સર્વભૂતોના હૃદયદેશમાં રહેલો છે પણ યોગમાયાથી સમાવૃત હોઈને સર્વને પ્રકાશ નથી, તે પ્રકાશમાન નથી પરમેશ્વર અલગ અલગ અધિકરણમાં રહેતો હોવા છતાં તે પ્રમાણે ભિન્ન ભિન્ન નથી એમ જણાવવા તેને વ્યાપી કહ્યો છે. અને જીવભિન્ન પણ નથી એ જણાવવા તેને સર્વભૂતાન્તરાત્મા કહ્યો છે. બ્રહ્માથી માંડી તણખલા પર્યંત સર્વ સંઘાતમાં રહેલો આત્મા સર્વજીવસ્વરૂપ છે. જીવાભિન્ન હોઈને પણ તે સ્વયં કર્મનો કર્તા નથી પણ કર્માધ્યક્ષ છે. જીવે કરેલાં કર્મોનો સાક્ષી છે (એમ જ અર્થ કરવો જોઈએ). જીવ–પરમાત્માનો ઉપાધિકૃત ભેદ છે તેથી આ ધર્મવ્યવસ્થા (દરેકના પોતાના વિશિષ્ટ ધર્મ) સંભવે છે. પરમાત્મા સર્વભૂતોમાં રહે છે એમ કહ્યું છે પણ તેનો અર્થ એવો નથી કે ભૂતો તેનાથી પૃથક્ છે, અલગ અસ્તિત્વ ધરાવે છે. પરમાત્મા સર્વભૂતાધિવાસ છે—તેની ઉપર ભૂતો વસે છે તેથી પરમાત્મા ભૂતોનો અધિવાસ છે, એમનું અધિષ્ઠાન છે, અને આરોપિત વસ્તુઓનું અસ્તિત્વ અધિષ્ઠાનથી પૃથક્ હોઈ શકે નહિ તે અનુમન્તા છે અર્થાત્ નૈરન્તર્યપૂર્વક બોદ્ધા છે. ('નામ' પદ શ્રુતિમાં આ વાત પ્રસિદ્ધ છે કે સાક્ષી પરમેશ્વરનો રૂપવિશેષ છે એમ બતાવે છે).

**શંકા** : સાક્ષી જીવને અપરોક્ષ છે કારણ કે અજ્ઞાન, અન્તઃકરણ આદિના અનુભવરૂપ માનવામાં આવ્યો છે, જ્યારે ઈશ્વર તો નિત્ય પરોક્ષ છે. વળી કારણત્વ, સર્વજ્ઞત્વ, સર્વનિયન્તૃત્વ વગેરે જીવને અપરોક્ષ હોઈ શકે નહિ તેથી તદ્વિશિષ્ટ બિંબચૈતન્યરૂપ ઈશ્વર પણ અપરોક્ષ હોઈ શકે નહિ.

**ઉત્તર** : ના, સાક્ષીને પરમેશ્વરનો રૂપવિશેષ કહ્યો છે તેથી સાક્ષીનું અપરોક્ષત્વ ઉપપન્ન છે. સાક્ષી જીવને અપરોક્ષ છે અને અન્તરંગ છે કારણ કે જીવગત અજ્ઞાન આદિ (–આદિથી અન્તઃકરણ અને તેના ધર્મ સુખ દુઃખાદિનો સંગ્રહ કર્યો છે–)નું અવભાસન કરે છે અને 'હું અજ્ઞ, સુખી, દુઃખી છું' વગેરે વ્યવહારનો નિર્વાહક બને છે. લોકમાં રાજા આદિ વ્યવહારના નિર્વાહકને રાજાનો અન્તરંગ કહેવાય છે. સુષુપ્તિ આદિ અવસ્થામાં અન્તઃકરણ અને તેની વૃત્તિ વગેરે શમી જાય છે ત્યારે સાક્ષી જીવગત મૂલ અજ્ઞાનનું અવભાસન કરે છે તેથી તેના 'સાક્ષિત્વ'ની બાબતમાં કોઈ વિરોધ નથી.

સુષુપ્તિવિષયક અને ઉત્ક્રાન્તિવિષયક શ્રુતિવાક્યમાં 'પ્રાજ્ઞ' શબ્દથી સાક્ષીનું જ પ્રતિપાદન કર્યું છે અને પ્રાજ્ઞ શબ્દ તો પરમેશ્વર માટે પ્રયોજાય છે તે પણ બતાવે છે કે સાક્ષી પરમેશ્વરનો રૂપવિશેષ છે. પ્રિયાના આલિંગનમાં રહેલા પુરુષને જેમ બહાર રસ્તા પર શું બને છે કે અંદર ઘરમાં શું કામ છે તેનું કશું જ્ઞાન નથી હોતું તેમ પુરુષ (જીવ) પ્રાજ્ઞ (પરમાત્મા)થી સંપરિષ્વક્ત થતાં અર્થાત્ સુષુપ્તિમાં ઉપાધિના લયને કારણે પરમાત્માની સાથે એકીભાવ પામતાં તેને બહારના જગત્પ્રપંચ કે આન્તર સ્વપ્નપ્રપંચ કશાયનું જ્ઞાન રહેતું નથી. ઉત્ક્રાન્તિવિષયક વાક્યમાં કહ્યું છે કે પ્રાજ્ઞથી અધિષ્ઠિત પુરુષ (જીવ) વેદનાવશાત્ શબ્દ (અવાજ) કરતો શરીરની બહાર નીકળે છે. આ બન્ને શ્રુતિ વાક્યોમાં જીવભેદથી પ્રતિપાદિત પ્રાજ્ઞ તે પરમેશ્વર છે એવો નિર્ણય બ્ર. સૂ. ૧.૩ ૪૨માં કરવામાં આવ્યો છે. તે પણ બતાવે છે કે પ્રાજ્ઞ = પરમાત્મા = સાક્ષી એમ **વેદાન્તકૌમુદી**માં પ્રતિપાદિત કર્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**બ્ર. સૂ.** ૧.૩.૪૨ (सुषुप्त्युत्क्रान्त्योर्भेदेन—સુષુપ્તિ અને ઉત્ક્રાન્તિમાં જીવથી ભિન્ન ઈશ્વરનું પ્રતિપાદન છે તેથી પરમેશ્વરનું જ ગ્રહણ કરવું જોઈએ, સંસારી જીવનું નહિ)માં પૂર્વપક્ષ એવો છે કે **બૃહદારણ્યક ઉપ.**ના છઠ્ઠા અધ્યાયમાં જીવનો અનુવાદ કર્યો છે (જીવ અંગે જાણીતી વાતનું પુનરુચ્ચારણ કર્યું છે), તેમાં ઈશ્વર વિષે કશું કહ્યું નથી કારણ કે योऽयं विज्ञानमयः ઇત્યાદિ ઉપક્રમ, ઉપસંહાર આદિમાં જીવનું જ પ્રતિપાદન છે. સિદ્ધાન્તી કહે છે કે આ અધ્યાય પરમેશ્વરનું પ્રતિપાદન કરે છે કારણ કે तद्यथा...વગેરે વગેરે વાક્યોમાં સુષુપ્તિ અને ઉત્ક્રાન્તિમાં જીવથી ભિન્ન પરમેશ્વરનું તૃતીયાન્ત प्राज्ञ પદથી પ્રતિપાદન છે. स वा एष महानज आत्मा योऽयं विज्ञानमयः (બૃહદ્. ૪.૪.૨૨) વગેરે વચનો છે તે તો લોકસિદ્ધનો અનુવાદ કરીને તેનો ઈશ્વરથી અભેદ બતાવવા માટે છે. સર્વેશ્વર, ભૂતાધિપતિ વગેરે વિશેષણો છે તેથી અહીં ઉદાસીન ઈશ્વરરૂપ સાક્ષીનું પ્રતિપાદન કેવી રીતે હોઈ શકે એવી શંકા કરવી નહિ કારણ કે આવાં વચનો માત્ર સ્તુતિપરક છે; સર્વેશ્વરત્વ આદિના પ્રતિપાદનમાં તેમનું તાત્પર્ય ન હોવાથી ઉદાસીન ઈશ્વરરૂપ સાક્ષીની સિદ્ધિ થાય છે. આવો નિર્ણય સુષુપ્ત્યુત્ક્રાન્ત્યધિકરણમાં કર્યો છે.

**तत्त्वशुद्धावपि यथा 'इदं रजतम्' इति भ्रमस्थले वस्तुतः शुक्तिकोट्यन्तर्गतोऽपीदमंशः प्रतिभासतो रजतकोटिः, तथा ब्रह्मकोटिरेव साक्षी प्रतिभासतो जीवकोटिरिति जीवस्य सुखादिव्यवहारे तस्योपयोग इत्युक्त्वाऽयमेव पक्षः समर्थितः ।**

તત્ત્વશુદ્ધિમાં પણ "જેમ 'આ રજત છે' એ ભ્રમસ્થળમાં 'આ' અંશ (ઇદમંશ) વસ્તુતઃ શુક્તિકોટિમાં અન્તર્ગત હોવા છતાં પણ પ્રતિભાસથી તે રજત-કોટિ છે; તેમ સાક્ષી બ્રહ્મકોટિ જ હોઈને પ્રતિભાસથી જીવકોટિ છે માટે જીવના સુખ આદિના વ્યવહારમાં તેનો ઉપયોગ છે"—એમ કહીને આ જ પક્ષનું જ સમર્થન કર્યું છે.

**વિવરણ : કૌમુદીકાર**ના મતના સમર્થનમાં અન્ય મત રજૂ કર્યો છે. 'આ રજત છે' એવો ભ્રમ શુક્તિ (છીપ)ને વિષે થાય છે ત્યાં 'આ' અંશ રજતથી અભિન્ન તરીકે ભાસે છે તો પણ રજતમાં તેનો સમાવેશ નહીં, કારણ કે 'આ રજત નથી' એવા બાધકજ્ઞાનથી રજતની જેમ તેનો બાધ થતો નથી. તેમ શુક્તિમાં જ સમાવેશ છે એવું પણ નથી કારણ કે એવું હોય તો શુક્તિ-અંશની જેમ તે અજ્ઞાત રહેવો જોઈએ. તેથી જેમ 'આ' અંશ વસ્તુતઃ શુક્તિરૂપ છે, પણ પ્રતિભાસથી તે રજતથી અભિન્ન છે, તેમ સાક્ષી પણ વસ્તુસ્થિતિ પ્રમાણે ઈશ્વરરૂપથી અભિન્ન છે; અને 'अहं सुखमनुभवामि' ('હું સુખનો અનુભવ કરું છું') વગેરે પ્રતિભાસ થાય છે તેથી કલ્પિત તે તે જીવનો અધિષ્ઠાનરૂપ સાક્ષી જે સુખાદિનો અનુભવ કરનારો છે તે તે તે જીવથી અભિન્ન છે; તેથી જીવના સુખાદિ વ્યવહારમાં આ સાક્ષી કે જે સુખાદિનો અનુભવ કરનારો છે અને જીવની સાથે એકત્વ પામ્યો છે તેનો ઉપયોગ છે. સાક્ષીનો વસ્તુતઃ પણ જીવમાં અન્તર્ભાવ હોય તો તે બ્રહ્મકોટિનો છે એ ઉક્તિનો વિરોધ થાય તેથી તેનો ઈશ્વરરૂપથી અભેદ **તત્ત્વશુદ્ધિકાર**ને માન્ય છે એમ સમજાય છે એવો ભાવ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

केचित्तु अविद्योपाधिको जीव एव साक्षाद् द्रष्टृत्वात् साक्षी। लोकेऽपि ह्यकर्तृत्वे सति द्रष्टृत्वं साक्षित्वं प्रसिद्धम्। तच्चासङ्गोदासीनप्रकाशरूपे जीव एव साक्षात् संभवति जीवस्यान्तःकरणतादात्म्यापत्त्या कर्तृत्वाद्यारोपभाक्त्वेऽपि स्वयमुदासीनत्वात्। 'एको देवः' इति मन्त्रस्तु जीवभावाभिप्रायेण साक्षित्वप्रतिपादकः। 'द्वा सुपर्णा' (मुण्डक ३.१.१) इति मन्त्रः गुहाधिकरणन्यायेन (ब्र.सू.. १.२ सूत्र ११—अधि. ३) जीवेश्वरोभयपरः, गुहाधिकरणभाष्योदाहृतपैङ्गिरहस्यब्राह्मणव्याख्यातेन प्रकारेण जीवान्तःकरणोभयपरो वेति न कश्चिद्विरोध इत्याहुः।

જ્યારે કેટલાક કહે છે કે અવિદ્યા જેની ઉપાધિ છે તે જીવ જ સાક્ષાત્ દ્રષ્ટા હોવાથી સાક્ષી છે. કારણ કે લોકમાં પણ એ જાણીતું છે કે અકર્તા હોઈને દ્રષ્ટા હોય તે સાક્ષી. અને એ (લક્ષણ) અસંગ ઉદાસીન, પ્રકાશરૂપ જીવમાં જ સાક્ષાત્ સંભવે છે, કારણ કે જીવનું અન્તઃકરણ સાથે તાદાત્મ્ય થવાથી તેના પર કર્તૃત્વ વગેરેનો આરોપ થાય છે તો પણ તે સ્વયં ઉદાસીન છે. 'એક દેવ...' એ મંત્ર તો બ્રહ્મમાં જીવભાવના અભિપ્રાયથી (જ) સાક્ષિત્વનું પ્રતિપાદન કરે છે. 'બે પક્ષી...' એ મંત્ર ગુહાધિકરણ-ન્યાયથી જીવ અને ઈશ્વર ઉભયપરક છે. અથવા ગુહાધિકરણભાષ્યમાં ઉદાહૃત પૈંગિરહસ્યબ્રાહ્મણમાં સમજાવ્યા પ્રમાણે જીવ અને અન્તઃકરણ એ ઉભયપરક છે તેથી કોઈ વિરોધ નથી.

**વિવરણ** : જીવ અને સાક્ષીનો ભેદ માનનાર પક્ષો રજૂ કર્યા પછી હવે તેમનો અભેદ માનનાર એ પક્ષ રજૂ કરે છે. જીવ એ જ સાક્ષી; સાક્ષી એ ઈશ્વરનો રૂપભેદ નથી. અકર્તા હોઈને દ્રષ્ટા હોવું એ જે સાક્ષીનું લક્ષણ લોકમાં જાણીતું છે તે અવિદ્યામાં પ્રતિબિંબરૂપ જીવમાં જ સ્વતઃ સંભવે છે અને આ જીવમાં જો સાક્ષીપણું સંભવતું હોય તો તેનાથી વ્યતિરિક્ત સાક્ષી માનવામાં ગૌરવ દોષ થશે. શંકા થાય કે લૌકિક અને વૈદિક વ્યવહાર કરનાર જીવમાં ઔદાસીન્ય અસિદ્ધ છે. તેનો ઉત્તર એ છે કે કર્તૃત્વ આદિ બુદ્ધિ સાથેના તાદાત્મ્યથી પ્રયુક્ત છે, સ્વતઃ તો જીવ ઉદાસીન માનવામાં આવે છે.

**શંકા** : જો ઈશ્વરને સાક્ષી ન માનીએ તો 'एको देवः' એ મંત્ર સાથે વિરોધ થાય.

**ઉત્તર** : સાક્ષી જીવને અપરોક્ષ છે એમ કહ્યું છે, જ્યારે ઈશ્વર ઉદાસીન હોય તો પણ અપરોક્ષ તો ન જ હોઈ શકે, કારણ કે બિંબરૂપ ઈશ્વરનો જીવથી ઔપાધિક ભેદ છે તેથી જેમ એક જીવની પ્રતિ અન્ય જીવનું ચૈતન્ય અપરોક્ષ છે તેમ જીવને ઈશ્વરનો અપરોક્ષ સાક્ષાત્કાર થઈ શકે નહિ. તેથી एको देवः ઇત્યાદિ સાક્ષીનું પ્રતિપાદન કરનાર મંત્ર-ભાગનો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તો ભાવ એ છે કે જીવભાવાપન્ન બ્રહ્મ જ અપરોક્ષ હોવાથી સાક્ષી છે. 'तु' શબ્દ હેતુ બતાવે છે કે સાક્ષીને ઈશ્વરનો રૂપભેદ માનો તો તેમાં અપરોક્ષત્વ સંભવે નહિ, એમ સમજવું.

**શંકા :** બ્ર.સૂ.ના ગુહાધિકરણના ભાષ્યમાં શંકરાચાર્યે કહ્યું છે કે गुहां प्रविष्टौ... (કઠ ૩.૧) એ મંત્ર જીવ અને ઈશ્વર ઉભયપરક છે. તેમ द्वा सुपर्णा... (મુંડક ૩. ૧. ૧) એ મંત્ર પણ જીવ અને ઈશ્વર ઉભયપરક છે. આમ द्वा सुपर्णा એ મંત્રમાં तयोरन्यः पिप्पलं स्वाद्वत्ति ('તે બેમાંથી એક સ્વાદિષ્ટ ફળ ખાય છે') એ વાક્ય જીવવિષયક છે; અને 'अनश्नन्नन्योऽभिचाकशीति' ('બીજો ભોગ કર્યા વિના નજર નાખ્યા કરે છે') એ વાક્ય પરમેશ્વરવિષયક છે. તેથી જીવને સાક્ષી માનીએ તો ઈશ્વરનું સાક્ષી તરીકે પ્રતિપાદન કરનાર આ મંત્રના ભાગ સાથે વિરોધ થશે.

**ऋतं पिबन्तौ सुकृतस्य लोके गुहां प्रविष्टौ परमे परार्धे ।**
**छायातपौ ब्रह्मविदो वदन्ति पञ्चाग्नयो ये च त्रिणाचिकेताः ॥ (कठ. ३.१)**

**द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते ।**
**तयोरन्यः पिप्पलं स्वाद्वत्ति अनश्नन्नन्यो अभिचाकशीति ॥ (मुण्डक ३.१.१)**

**ઉત્તર :** મંત્ર જીવ અને ઈશ્વર ઉભયપરક હોય તો પણ કોઈ વિરોધ નથી, કારણ કે एको देवः એ મંત્રની જેમ द्वा सुपर्णा એ મંત્ર પણ જીવભાવાપન્ન પરમાત્મપરક માનવામાં આવે છે.

**શંકા :** ગુહાધિકરણભાષ્યમાં **પૈઙ્ગિરહસ્યબ્રાહ્મણનું** ઉદાહરણ આપ્યું છે. એ બ્રાહ્મણ અનુસાર સ્વાદુ ફળ ખાનાર તે સત્ત્વ (બુદ્ધિ, અન્તઃકરણ) અને ભોગ વિના જોતો રહે છે તે ક્ષેત્રજ્ઞ. જો આ બ્રાહ્મણ જ મંત્રને બુદ્ધિ અને ક્ષેત્રજ્ઞપરક સમજાવતું હોય તો શંકરાચાર્યે તેનો જીવ-ઈશ્વરપરક અર્થ કેવી રીતે કર્યો.

**ઉત્તર :** તેમનું કથન અભ્યુપગમવાદમાત્ર છે તેથી કોઈ વિરોધ નથી. અને આમ અન્તઃકરણપ્રતિબિંબિત ચૈતન્ય એ જ જો **પૈઙ્ગિબ્રાહ્મણને** માન્ય ક્ષેત્રજ્ઞ હોય તો તે 'अनश्नन्' ('ભોગ નહી કરતો') એ વાક્યમાં કહેલો સાક્ષી થશે, અવિદ્યાપ્રતિબિંબિત ચૈતન્ય નહિ.

**શંકા :** આ પરિસ્થિતિમાં અવિદ્યાપ્રતિબિંબિત બ્રહ્મસ્વભાવ જીવ સાક્ષી છે એ પક્ષ **પૈઙ્ગિબ્રાહ્મણે** જેના અર્થનો નિર્ણય કર્યો છે તે द्वा सुपर्णा ઇત્યાદિ મંત્રભાગથી વિરુદ્ધ થશે.

**ઉત્તર :** પૈઙ્ગિબ્રાહ્મણને અભિપ્રેત ક્ષેત્રજ્ઞ અન્તઃકરણમાં ચૈતન્યપ્રતિબિંબરૂપ જીવ નથી કારણ કે તે કર્તૃત્વાદિ સ્વભાવવાળો હોઈને अनश्नन् એ વાક્યમાં ઉક્ત સાક્ષિત્વનો તેમાં સંભવ નથી. પરંતુ અસંગ, ઉદાસીન પ્રકાશરૂપ અવિદ્યાપ્રતિબિંબરૂપ જીવ જ બ્રાહ્મણને અભિપ્રેત ક્ષેત્રજ્ઞ છે અને તેમાં अनश्नन् વાક્યમાં કહેલું સાક્ષિત્વ સંભવે છે એમ સમજાવ્યું છે. તેથી અવિદ્યાપ્રતિબિંબરૂપ જીવ સાક્ષી છે એ પક્ષમાં પૈઙ્ગિરહસ્યબ્રાહ્મણાનુસારી મંત્રના અર્થનો વિરોધ નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अन्ये तु—सत्यं जीव एव साक्षी न तु सर्वगतेनाविद्योपहितेन रूपेण । पुरुषान्तरान्तःकरणादीनामपि पुरुषान्तरं प्रति स्वान्तःकरणभासकसाक्षिसंसर्गाविशेषेण प्रत्यक्षत्वापत्तेः । न चान्तःकरणभेदेन प्रमातृभेदात्तदनापत्तिः । साक्षिभास्येऽन्तःकरणादौ सर्वत्र साक्ष्यभेदे सति प्रमातृभेदस्याप्रयोजकत्वात् । तस्मादन्तःकरणोपधानेन जीवः साक्षी । तथा च प्रतिपुरुषं साक्षिभेदात् पुरुषान्तरान्तःकरणादेः पुरुषान्तरसाक्ष्यसंसर्गाद्वा तदयोग्यत्वाद्वा अप्रकाश उपपद्यते। सुषुप्तावपि सूक्ष्मरूपेणान्तःकरणसद्भावात् तदुपहितः साक्षी तदाऽप्यस्त्येव । न चान्तःकरणोपहितस्य प्रमातृत्वेन न तस्य साक्षित्वम्, सुषुप्तौ प्रमात्रभावेऽपि साक्षिसत्त्वेन तयोर्भेदश्चावश्यं वक्तव्य इति वाच्यम् । विशेषणोपाध्योर्भेदस्य सिद्धान्तसम्मतत्वेनान्तःकरणविशिष्टः प्रमाता, तदुपहितः साक्षीति भेदोपपत्तेरित्याहुः ॥१४॥

જ્યારે **બીજા** કહે છે : એ સાચું છે કે જીવ જ સાક્ષી છે, પણ સર્વગત, અવિદ્યાથી ઉપહિત રૂપથી નહિ; કારણ કે (અવિદ્યોપહિત એ સાક્ષી હોય તો) અન્ય પુરુષને અન્ય પુરુષોનાં અન્તઃકરણ આદિ પ્રત્યક્ષ બને કેમ કે પોતાના અન્તઃકરણના અવભાસક સાક્ષીનો સંસર્ગ સમાન રીતે (સર્વ અન્તઃકરણાદિ સાથે) હશે. અને અન્તઃકરણના ભેદથી પ્રમાતાનો ભેદ હોય તેથી એ આપત્તિ નહીં થાય એમ (કહેવું) નહિ; કારણ કે સાક્ષીથી ભાસિત થતા અન્તઃકરણાદિની બાબતમાં સર્વત્ર સાક્ષીનો અભેદ હોય તો પ્રમાતાનો ભેદ અપ્રયોજક બને (–કશું કરી શકે નહિ). તેથી અન્તઃકરણના ઉપધાનને લીધે (અન્તઃકરણ ઉપાધિ હોવાથી) જીવ સાક્ષી છે. અને આમ પ્રતિપુરુષ સાક્ષીનો ભેદ હોવાથી અન્ય પુરુષોના અન્તઃકરણાદિને અન્ય પુરુષોના સાક્ષીની સાથે સંસર્ગ ન હોવાથી અથવા તેની (પુરુષાન્તરની) પ્રતિ તે અયોગ્ય હોવાથી અપ્રકાશ રહે એ ઉપપન્ન છે (—એક પુરુષનાં અન્તઃકરણાદિ બીજાને પ્રત્યક્ષ કે પ્રકાશ નહીં બને). સુષુપ્તિમાં પણ સૂક્ષ્મરૂપથી અન્તઃકરણનું અસ્તિત્વ હોવાથી તેનાથી ઉપહિત સાક્ષી ત્યારે પણ હોય છે જ. કોઈ શંકા કરે કે અન્તઃકરણથી ઉપહિત (અવિદ્યામાં પ્રતિબિંબરૂપ જીવ) પ્રમાતા હોવાથી તે સાક્ષી નથી, અને સુષુપ્તિમાં પ્રમાતા ન હોવા છતાં સાક્ષીનું અસ્તિત્વ છે તેથી તેમનો (પ્રમાતા અને સાક્ષીનો) ભેદ અવશ્ય માનવો પડશે. (પણ) આ શંકા બરાબર નથી કારણ કે વિશેષણ અને ઉપાધિનો ભેદ સિદ્ધાન્તને માન્ય હોવાથી અન્તઃકરણથી વિશિષ્ટ (જીવ) તે પ્રમાતા અને તેનાથી ઉપહિત તે સાક્ષી એ ભેદ ઉપપન્ન થાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ** : અવિદ્યામાં ચૈતન્યના પ્રતિબિંબરૂપ જીવને જ સાક્ષી માનીને તેમાં થોડી વિશેષતા બતાવવા માટે બીજો મત અહીં રજૂ કર્યો છે. એ વાત સાચી છે કે જીવ એ જ સાક્ષી છે. અવિદ્યાને વિષે ચિદ્‌બિંબભૂત ઈશ્વર સાક્ષી નથી, કારણ કે તે અપરોક્ષ હોઈ શકે નહિ. પણ આ જીવ અવિદ્યાથી ઉપહિતરૂપે સાક્ષી નથી. સર્વશરીરને માટે સાધારણ એવી અવિદ્યા તેની ઉપાધિ હોય તો દેવદત્તના અન્તઃકરણનો અવભાસક જે સાક્ષી હોય એ સાક્ષીની સાથે જેમ દેવદત્તના અન્તઃકરણનો સંસર્ગ હોય તેમ યજ્ઞદત્તના અન્તઃકરણ વગેરેનો પણ સમાન રીતે સંસર્ગ હોય તેથી દેવદત્તને જેમ પોતાનું અન્તઃકરણ પ્રત્યક્ષ છે તેમ યજ્ઞદત્તનું અન્તઃકરણ અને તેની વૃત્તિઓ પણ દેવદત્તને પ્રત્યક્ષ હોવાં જોઈએ. સર્વશરીરોમાં સાક્ષી એક હોવા છતાં પ્રત્યેક શરીરમાં અન્તઃકરણ જુદું હોવાથી પ્રમાતાનો ભેદ રહેશે તેથી ઉપર કહેલી આપત્તિ નહીં આવે એવી દલીલ બરાબર નથી. દેવદત્તને તેનું અન્તઃકરણાદિ પ્રત્યક્ષ હોય તો તેમાં દેવદત્તના સાક્ષીનો સંસર્ગ પ્રયોજક છે. અને આમ યજ્ઞદત્તના અન્તઃકરણાદિને પણ દેવદત્તની પ્રતિ અપરોક્ષ બનાવવામાં પ્રયોજક દેવદત્તના સાક્ષીનો સંસર્ગ સમાન રીતે હોવાથી યજ્ઞદત્તનાં અન્તઃકરણાદિ દેવદત્તને પ્રત્યક્ષ બને—એવી આપત્તિ કરનાર દોષ પ્રત્યક્ષત્વનો પ્રયોજક એવો જે સાક્ષીનો સંસર્ગ તેનો ભેદ માનીને જ દૂર કરવો પડશે અપ્રયોજક એવા પ્રમાતાનો ભેદ તેની બાબતમાં કશું કરી શકે નહિ. તેથી અપરિચ્છિન્ન અવિદ્યાપ્રતિબિંબરૂપ ચૈતન્ય સાક્ષી નથી. એકનાં અન્તઃકરણાદિ બીજા પુરુષોને પ્રત્યક્ષ નથી એની ઉપપત્તિ કરવા માટે અન્તઃકરણથી ઉપહિત જીવ સાક્ષી છે એમ જ માનવું પડશે. અને આમ પ્રત્યેક પુરુષને પોતાનો જુદો સાક્ષી હશે તેથી દરેક પુરુષના સાક્ષીને બીજા પુરુષનાં અન્તઃકરણાદિ પ્રત્યક્ષ નહીં બને કારણ કે તેના સાક્ષી સાથે તેમનો સંસર્ગ નહીં હોય; અથવા અન્ય પુરુષની પ્રતિ તેમને પ્રત્યક્ષને માટે અયોગ્ય માની શકાય.

**શંકા** : અવિદ્યામાં પ્રતિબિંબરૂપ જીવ અવિદ્યારૂપ ઉપાધિવાળા રૂપથી સાક્ષી હોય તો તે સુષુપ્તિમાં સાધારણ બને; (સર્વ અવસ્થામાં તે સાક્ષી રહે). પ્રતિશરીર સાક્ષીનો ભેદ સિદ્ધ કરવા માટે તેને અન્તઃકરણથી ઉપહિત તરીકે સાક્ષી માનવામાં આવે તો તેનું સુષુપ્તિમાં સાધારણ્ય નહીં રહે (—સુષુપ્તિમાં સાક્ષી તરીકે રહેશે નહિ) કારણ કે સુષુપ્તિમાં અન્તઃકરણનો લય થાય છે એવું શ્રુતિવચન છે.

**ઉત્તર** : સુષુપ્તિમાં પણ સૂક્ષ્મરૂપથી અન્તઃકરણ હોય જ છે; તેનાથી ઉપહિત જીવ સાક્ષી તરીકે ત્યારે પણ હશે જ.

**શંકા** : અન્તઃકરણથી ઉપહિત અવિદ્યાપ્રતિબિંબરૂપ જીવ તો પ્રમાતા છે તેથી અન્તઃકરણથી ઉપહિત જીવ સાક્ષી હોઈ ન શકે. અન્યથા સાક્ષી અને પ્રમાતાનો ભેદ જ ન હોય. પણ સુષુપ્તિમાં પ્રમાતા હોતો નથી છતાં સાક્ષી હોય જ છે તેથી તેમનો ભેદ માનવો પડશે. अथास्मिन् प्राण एवैकधा भवति (કૌષીતકિ ૪.૧૮) (એ પ્રાણમાં જ એક થઈ જાય છે) એ શ્રુતિમાં 'પ્રાણ' શબ્દથી ઉક્ત પરમાત્મામાં એકીભાવ પ્રકારનો પ્રમાતાનો લય કહ્યો છે. જ્યારે ત્રણ ધામ કે ત્રણ અવસ્થા અંગે અનેક શ્રુતિઓથી સુષુપ્તિમાં સાક્ષીનો સદ્‌ભાવ સિદ્ધ છે. અને એ કાળે સાક્ષીએ અનુભવેલાં અજ્ઞાન, સુખ, સુષુપ્તિનું જાગેલાને સ્મરણ થતું જોવામાં આવે છે—'મને એટલો વખત કોઈ વસ્તુનું જ્ઞાન થયું નહિ,' 'હું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિરાંતે (સુખે) સૂતો' વગેરે. પણ જેમ સ્વાપાદિનું સ્મરણ થાય છે તેમ પ્રમાતાનું પણ સુષુપ્તિકાલીન તરીકે સ્મરણ થતું જોવામાં આવે છે તેથી સુષુપ્તિમાં તેનો પણ સદ્ભાવ (અસ્તિત્વ) હોય છે—એવી દલીલ કરી શકાય નહિ કારણ કે અનેક શ્રુતિવચનો છે કે સુષુપ્તિમાં પ્રમાતાનો લય થાય છે તેમનો વિરોધ થાય. अहमस्वाप्सम् 'હું સૂતો' વગેરે સ્મરણમાં 'अहम्' અંશમાં અનુભવરૂપની કલ્પના કરવાથી સુષુપ્તિમાં પ્રમાતાનું અસ્તિત્વ આવશ્યક નથી. આમ સુષુપ્તિમાં સાક્ષીનું અસ્તિત્વ છે જ્યારે પ્રમાતાનું અસ્તિત્વ નથી તેથી પ્રમાતાથી સાક્ષીને ભિન્ન માનવો જ પડશે. વળી તેમને અભિન્ન માનીએ તો પ્રમાતા તો ઉદાસીન નથી તેથી સાક્ષી નહીં સંભવે એ દોષ પણ ઊભો થશે. આમ અન્તઃકરણથી ઉપહિત જીવ તો પ્રમાતા છે, સાક્ષી નહીં.

**ઉત્તર** : આ શંકા બરાબર નથી અન્તઃકરણ અવિદ્યોપાધિક (અવિદ્યા જેની ઉપાધિ છે એવા) જીવમાં વિશેષણ તરીકે પ્રમાતૃત્વનું પ્રયોજક છે, અને ઉપાધિ તરીકે સાક્ષિત્વનું પ્રયોજક છે. આમ વિશિષ્ટ અને ઉપહિત પ્રમાતા અને સાક્ષીનો ભેદ છે. કર્તા-ભોક્તા હોવું એ વિશિષ્ટ પ્રમાતાનો સ્વભાવ છે તો પણ ઉપહિત (જીવ) ઉદાસીન હોવાથી તે ઉદાસીન સંભવે છે એમ અભિપ્રેત છે.

**શંકા** : વિશેષણ હોવું અને ઉપાધિ હોવું એમાં ભેદ હોય તો એક હોવા છતાં અન્તઃકરણનો વિશેષણ અને ઉપાધિ તરીકે ભેદ કલ્પીને તેનાથી વિશિષ્ટ તે પ્રમાતા અને તેનાથી ઉપહિત તે સાક્ષી એવી વ્યવસ્થા સિદ્ધ થાય. પણ વિશેષણ અને ઉપાધિ જુદાં છે એમ કેવી રીતે કહી શકાય ?

**ઉત્તર** : કાર્યમાં અન્વયી હોઈને જે વ્યાવર્તક હોય તે વિશેષણ. જેમ કે नीलमुत्पलमानय, 'નીલ ઉત્પલ લાવો'માં નીલત્વ વિશેષણ છે કારણ કે લાલ ઉત્પલ વગેરેથી વ્યાવૃત્તિ કરે છે અને ઉત્પલ દ્વારા આનયનરૂપ કાર્યમાં તેનો અન્વય છે. કાર્ય એટલે વિધેય; ઉત્પલ લાવતાં નીલત્વ પણ સાથે હોય છે. એ જ રીતે, 'यत् काकवत् तद् देवदत्तगृहम्' – જે કાગડાવાળું છે તે દેવદત્તનું ઘર છે,' માં 'દેવદત્તનું ઘર હોવું' એ વિધેય છે, તેનો કાગડારૂપી ઉપલક્ષણ સાથે અન્વય નથી, છતાં તે અન્ય ઘરોથી વ્યાવૃત્તિ તો કરે જ છે. વિશેષણનું લક્ષણ ઉપલક્ષણને લાગુ ન પડે અને અતિવ્યાપ્તિનો દોષ ન લાગે તે માટે વિશેષણના લક્ષણમાં 'કાર્યમાં અન્વયી હોઈને' એમ મૂક્યું છે. બીજી બાજુએ કાર્ય કે વિધેયમાં અન્વયી ન હોઈને અને વ્યાવર્તક હોઈને કાર્યાન્વયકાલમાં જે વિદ્યમાન હોય તે ઉપાધિ. જેમ કે 'लोहितं स्फटिकमानय', લાલ સ્ફટિક લાવો' – આમાં સ્ફટિકની નજીક રહેલું જપા પુષ્પ ઉપાધિ છે. તેનો આનયનરૂપ કાર્યમાં અન્વય નથી: તે અન્ય સ્ફટિકોથી આની વ્યાવૃત્તિ કરે છે અને આનયનના અન્વયકાળે વિદ્યમાન હોય છે.

આમ વિશેષણ અને ઉપાધિનો ભેદ અવશ્ય છે જ તેથી ઉપાધિનું લક્ષણ નીલત્વ જેવા વિશેષણને ન લાગે તેટલા માટે 'કાર્યમાં અન્વયી ન હોઈને' એમ મૂક્યું છે. 'કાગડાવાળા ઘરમાં પ્રવેશો' — એમાં પ્રવેશરૂપ કાર્યના અન્વયકાલે જો દૈવવશાત્ ઉપલક્ષણ બનેલો કાગડો અન્યત્ર જતો રહે અને બીજો કાગડો એ ઘર ઉપર આવી જાય તો ત્યાં આવેલો કાગડો આગળ રહેલા કાગડાની જેમ વ્યાવર્તક નથી. આમ ત્યાં આવેલો કાગડો પ્રવેશ સાથે અન્વય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધરાવતો હોઈને તેને ઉપાધિનું લક્ષણ ન લાગી જાય માટે 'વ્યાવર્તક હોઈને' એમ મૂક્યું છે. જો મૂળ કાગડો પ્રવેશ વખતે પણ વિદ્યમાન રહેતો હોય તો એ ઇષ્ટ જ છે કારણ કે કાર્યાન્વયકાળે વિદ્યમાન હોવું એ ઉપાધિ માટે નિયમ છે જ.

**શંકા :** 'લાલ સ્ફટિક લાવો' એમાં વાક્ય સાંભળતી વખતે વિદ્યમાન જપાપુષ્પ દૈવવશાત્ સ્ફટિક લાવતી વખતે હાજર ન હોય એ સંભવે છે તેથી જપાપુષ્પની બાબતમાં પણ કાર્યકાળે વિદ્યમાન હોવાનો નિયમ નથી.

**ઉત્તર :** આ વાત સાચી છે. આ નિયમરૂપ લક્ષણ શ્રોત્રત્વને માટે ઉપાધિરૂપ કર્ણશષ્કુલી અને જીવને માટે ઉપાધિરૂપ અન્તઃકરણને માટે જ ભલે હો. જપાકુસુમ કે તેના જેવી બીજી વસ્તુ તો પ્રસિદ્ધ કે જાણીતા અર્થમાં જ સ્વનિષ્ઠધર્માસંજક (—પોતામાં રહેલ ધર્મ બીજામાં ચોંટાડનાર કે દેખાડનાર) તરીકે ઉપાધિ છે.

અન્તઃકરણ ઉપાધિના શાસ્ત્રીય અને પ્રસિદ્ધ બન્ને અર્થમાં ઉપાધિ છે. તેથી અન્તઃકરણ જેની ઉપાધિ છે એવો જીવ તે સાક્ષી એમ સ્વીકારતાં જીવચૈતન્યમાત્ર સાક્ષી ઠરશે. અને જીવચૈતન્યમાત્ર તો ઉદાસીન છે જ તેથી અન્તઃકરણથી ઉપહિત જીવ સાક્ષી હોય એમાં કોઈ અનુપપત્તિ નથી, અને પ્રમાતા અને સાક્ષીમાં સેળભેળ થઈ જશે એવું પણ નહીં બને. (૧૪)

**(१५) ननूक्तरूपस्य साक्षिणः चैतन्यमात्रावरकेणाज्ञानेनावरणमवर्जनीयमिति कथमावृतेनाविद्याऽहङ्कारादिभानमिति चेत्, राहुवदविद्या स्वावृतप्रकाशप्रकाश्येति केचित् ।**

**वस्तुतोऽविद्यान्तःकरणतद्धर्मावभासकं साक्षिचैतन्यं विहायैवाज्ञानं चैतन्यमावृणोति इत्यनुभवानुसारेण कल्पनान्न कश्चिद्दोषः । अत एव सर्वदा तेषामनावृतप्रकाशसंसर्गात् अज्ञानविपरीतज्ञानसंशयागोचरत्वम् ।**

**साक्षिचैतन्यस्यानावृतत्वे तत्स्वरूपभूतस्यानन्दस्यापि प्रकाशापत्तिरिति चेत्, न, इष्टापत्तेः । आनन्दरूपप्रकाशप्रयुक्तस्यात्मनि निरुपाधिकप्रेम्णो दर्शनात् । 'भासत एव परमप्रेमास्पदत्वलक्षणं सुखम्' इति विवरणाच्च ॥ (१५)**

શંકા થાય કે ઉક્ત રૂપવાળા સાક્ષીનું ચૈતન્યમાત્રનું આવરણ કરનાર અજ્ઞાનથી આવરણ થાય તેને ટાળી શકાશે નહિ તેથી (આ) આવૃત સાક્ષીથી અવિદ્યા, અહંકાર આદિનું ભાન (પ્રકાશન) કેવી રીતે થશે?

કેટલાક કહે છે કે રાહુની જેમ અવિદ્યા પોતાથી આવૃત પ્રકાશથી પ્રકાશિત થઈ શકે છે.

વસ્તુતઃ, અવિદ્યા, અન્તઃકરણ અને તેના ધર્મોનું પ્રકાશન કરનાર સાક્ષિચૈતન્યને છોડીને (તે સિવાયના) ચૈતન્યનું અજ્ઞાન આવરણ કરે છે એમ અનુભવ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અનુસાર કલ્પના કરવાથી કોઈ દોષ લાગતો નથી. એથી તેઓ (અવિદ્યા, અન્તઃકરણ અને તેના ધર્મો) સર્વદા અનાવૃત પ્રકાશની સાથે સંબદ્ધ હોવાથી, અજ્ઞાન, વિપરીત જ્ઞાન અને સંશયના વિષય નથી બનતા.

કોઈ શંકા કરે કે સાક્ષિચૈતન્ય અનાવૃત હોય તો તેના સ્વરૂપભૂત આનંદનો પણ પ્રકાશ હોવો જોઈએ. ના, (આવી શંકા કરવી યોગ્ય નથી) કારણ કે આ ઇષ્ટાપત્તિ છે કેમ કે આનન્દરૂપના પ્રકાશથી પ્રયુક્ત એવો નિરુપાધિક પ્રેમ આત્મામાં જોવામાં આવે છે, અને વિવરણમાં કહ્યું છે કે "પરમ પ્રેમના આધારરૂપ સુખ ભાસે જ છે." (૧૫)

**વિવરણ** : અવિદ્યા અહંકાર વગેરે પૂર્વોક્ત સાક્ષીથી પ્રકાશિત થાય છે એમ વેદાંતીઓ માને છે તેની સામે શંકા ઉઠાવી શકાય કે અજ્ઞાન ચૈતન્યમાત્રનું આવરણ કરે છે ત્યારે આવૃત સાક્ષિચૈતન્યથી તે કેવી રીતે પ્રકાશિત થઈ શકે. સાક્ષીને વિષય કરનાર અપરોક્ષ વૃત્તિથી તેના આવરણની નિવૃત્તિ થતાં આવરણમાંથી મુક્ત બનેલો સાક્ષી અવિદ્યાદિનું ભાન (પ્રકાશન) કરી શકશે—એમ નહીં કહી શકાય; કારણ કે આમ માનતાં અવિદ્યાદિ કેવલ સાક્ષીથી ભાસિત થાય છે એ સિદ્ધાન્તનો વિરોધ થશે. વળી મન કરણ છે એ મતનું આગળ ઉપર ખંડન કરવામાં આવનાર છે તેથી સાક્ષિચૈતન્ય વિષેની અપરોક્ષ વૃત્તિનો સંભવ નથી. અહંકાર આદિ પોતે હોય એટલો વખત તેમની સત્તા વિષે કોઈ સંશયાદિ થતાં નથી તેથી તેમની સત્તાં અંગે સંશયાદિની નિવૃત્તિ માટે જવાબદાર તેમનો સદા પ્રકાશ સાથે સંસર્ગ માનવો પડશે: કયારેક કયારેક થતી વૃત્તિથી તેઓ સદા ભાસમાન રહી શકે નહિ. અને સદા સાક્ષીને વિષેની વૃત્તિ-સંતતિ સ્વીકારવામાં આવે તો એકસાથે બે વૃત્તિનો સ્વીકાર નથી કર્યો તેથી બાહ્ય ઘટાદિ વિષયોના જ્ઞાનનો ઉચ્છેદ માનવો પડે. તેથી અવિદ્યા, અહંકાર આદિ સાક્ષી માત્રથી ભાસમાન થાય છે એમ માનવું જોઈએ; પણ સાક્ષી પોતે અજ્ઞાનથી આવૃત હોઈને આ સંભવે નહિ. સાક્ષિચૈતન્યને છોડીને બાકીનું જ ચૈતન્ય અજ્ઞાનથી આવૃત થાય છે એમ પણ ન કહી શકાય કારણ કે અજ્ઞાન ચૈતન્યમાત્રનું આવરણ કરે છે; અથવા સાક્ષિચૈતન્ય સિવાયના ચૈતન્યને પણ અનાવૃત માનવાનો પ્રસંગ આવશે.

આની શંકાનો ઉત્તર આપતાં કહ્યું છે કે જેમ રાહુથી આવૃત ચંદ્ર—પ્રકાશથી જ રાહુ પ્રકાશિત થાય છે તેમ અવિદ્યા જેનું આવરણ કરે છે એ સાક્ષિચૈતન્યથી જ એ પ્રકાશિત થઈ શકે.

**શંકા** : રાહુથી પૂરેપૂરું આવૃત ચન્દ્રમંડલાદિ પોતાનું આવરણ કરનાર રાહુ માત્રનું પ્રકાશન કરે છે પણ તે સિવાય બીજી કોઈ વસ્તુનું પ્રકાશન કરતું જોવામાં નથી આવતું; તેમ અહીં પણ અજ્ઞાનથી આવૃત સાક્ષી કોઈક રીતે અવિદ્યામાત્રનું અવભાસન કરે પણ અહંકારાદિનું અવભાસન તેનાથી કેવી રીતે શક્ય બને ?

**ઉત્તર** : વાસ્તવમાં આપણા અનુભવ પ્રમાણે તો એમ જ કહેવું જોઈએ કે અજ્ઞાન અવિદ્યા, અન્તઃકરણ અને તેના સુખ—દુઃખાદિ ધર્મોનું અવભાસન કરનાર સાક્ષિચૈતન્યને છોડીને જ તે સિવાયના ચૈતન્યનું આવરણ કરે છે. આપણે જાણીએ છીએ કે ઉપર કહ્યુ તેમ અહંકાર આદિનું કાદાચિત્ક જ્ઞાન સંભવતું નથી તો પણ સદા પ્રકાશના સંસર્ગને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કારણ કે તેમને વિષે સંશયાદિ થતાં નથી. અજ્ઞાન સાક્ષિચૈતન્યને છોડીને જ બાકીના ચૈતન્યનું આવરણ કરે છે એમ માનતાં કોઈ દોષ રહેતો નથી. તેથી સાક્ષિચૈતન્યથી અવિદ્યા, અહંકાર આદિ સદા અવભાસિત રહે છે અને તેમને વિષે જ્ઞાનનો અભાવ કે મિથ્યાજ્ઞાન કે સંશય થતાં નથી.

**શંકા** : અવિદ્યા ભાવરૂપ છે, અહંકાર અનાત્મા પ્રકારનો છે અને સુખ–દુઃખાદિ અનાત્મધર્મ છે એ બાબતમાં અજ્ઞાન, વિપરીત જ્ઞાન, સંશય હોય છે તો તેઓ સદા સંશયાદિના વિષય નથી બનતાં એમ કેવી રીતે કહી શકાય ?

**ઉત્તર** : ના અવિદ્યા આદિ હોય તેટલો વખત ક્યારેય અવિદ્યા આદિના સત્ત્વ વિષે સંશયાદિ થતાં નથી એમ કહેવાનો આશય છે. અને તે પ્રમાણે તેમનામાં રહેલી વિશેષતા વિષે અજ્ઞાન, વિપરીત જ્ઞાન વગેરે સ્વીકારીએ તો પણ દોષ નથી.

**શંકા** : સાક્ષિચૈતન્ય અનાવૃત હશે તો આનંદ જે તેનું સ્વરૂપ જ છે તે પણ સદા પ્રકાશિત માનવો જોઈએ.

**ઉત્તર** : આ તો ઇષ્ટ જ છે. શંકા થશે કે સંસારદશામાં સ્વરૂપભૂત આનંદના પ્રકાશથી પ્રયુક્ત કોઈ કાર્ય જોવામાં નથી આવતું તો પછી આનંદનો પ્રકાશ છે એમ કેમ માની શકાય પણ આ વાત બરાબર નથી. લોકમાં જેને જેને આનંદનો અનુભવ થાય છે તેને તેને અનુભવાતા આનંદને વિષે પ્રીતિ અનુભવથી સિદ્ધ છે. એટલે પ્રકાશમાન આનંદ પ્રીતિનો વિષય છે એ સિદ્ધ થાય છે. તેથી પ્રાણી માત્રને પોતપોતાને વિષે (પોતપોતાના આત્માને વિષે) દુઃખની દશામાં પણ પ્રીતિ જોવામાં આવે છે તે આત્મવિષયક પ્રીતિ પણ એ પ્રકાશમાન આત્માના સ્વરૂપભૂત આનંદને વિષે છે એમ સિદ્ધ થાય છે. પુત્રાદિ વિષયક પ્રીતિ છે તે ઔપાધિક છે, કારણ કે પુત્રાદિમાં સુખસાધનતારૂપ ઉપાધિ છે; (પુત્રાદિ સુખનાં સાધન હોય તો તેમને વિષે પ્રીતિ થાય); આ ઉપાધિથી આત્મસુખની અભિવ્યક્તિ થાય છે. આ ઉપાધિ ન હોય ત્યારે તેમને વિષે પ્રીતિ જોવામાં નથી આવતી. આત્માને વિષેની પ્રીતિ નિરુપાધિક છે; પુત્રાદિને વિષેની પ્રીતિ જેમ અન્ય પ્રયોજન માટે છે તેમ આત્માને વિષેની પ્રીતિ કોઈ અન્ય પ્રયોજન માટે નથી. શ્રુતિ પણ કહે છે 'आत्मनस्तु कामाय सर्वं प्रियं भवति । (બૃહદ. ૨.૪.૫; ૪.૫.૬) (આત્માના અર્થ માટે બધું પ્રિય છે) तदेतत्प्रेयः पुत्रात् प्रेयो वित्तात् प्रेयोऽन्यस्मात् सर्वस्मादन्तरतरम् (બૃહદ. ૧ ૪.૮–તે આ પુત્રથી, ધનથી, બીજા સર્વથી વધારે પ્રિય અને સર્વાન્તર છે). જે સર્વાન્તર આત્મચૈતન્ય છે તે અપરોક્ષ રીતે પ્રીતિના વિષય તરીકે માનવામાં આવતા પુત્રાદિ સર્વથી અતિશય પ્રિય છે. અને આમ આત્માનો આનંદ જો પ્રકાશતો ન હોય તો આત્માને વિષે શ્રુતિ અને અનુભવથી સિદ્ધ નિરુપાધિક પ્રીતિ ન હોઈ શકે કારણ કે પ્રીતિ નિયમથી પ્રકાશમાન આનંદને વિષે જ હોય છે. તેથી સાક્ષીનો સ્વરૂપભૂત આનંદ સદા અવભાસિત હોય એ ઇષ્ટ છે એમ કહેવું બરાબર છે, વિવરણકાર પણ આમ જ કહે છે :— 'પરમ પ્રેમનો વિષય બનતું સુખ ભાસે જ છે'. આ સુખ સાક્ષિચૈતન્યથી અભિન્ન છે તેથી સ્વરૂપભૂત આનંદના પ્રકાશની બાબતમાં વિવરણકારનું સમર્થન પ્રાપ્ત થાય છે. (૧૫)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(१६) स्यादेतत्—इदानीमप्यानन्दप्रकाशे मुक्तिसंसारयोरविशेषप्रसङ्गः

ननु कल्पितभेदस्य साक्ष्यानन्दस्य प्रकाशेऽपि अनवच्छिन्नस्य ब्रह्मानन्दस्यावृतस्य संसारदशायामप्रकाशेन विशेषोऽस्तीति चेत्, न। आनन्देऽनवच्छेदांशस्यापुरुषार्थत्वादानन्दापरोक्षमात्रस्य चेदानीमपि सत्त्वात्।

नन्ववच्छिन्नस्साक्ष्यानन्दस्सातिशयः। सुषुप्तिसाधारणादनतिस्पष्टात् ततो वैषयिकानन्देष्वतिशयानुभवात्। अनवच्छिन्नो ब्रह्मानन्दस्तु निरतिशयः। आनन्दवल्ल्यां मानुषानन्दाद्युत्तरोत्तरशतगुणोत्कर्षोपवर्णनस्य ब्रह्मानन्दे समापनादिति चेत्,

न। सिद्धान्ते साक्ष्यानन्दविषयानन्दब्रह्मानन्दानां वस्तुत एकत्वेनोत्कर्षापकर्षासम्भवात्। मानुषानन्दादीनामुत्तरोत्तरमुत्कर्षं श्रुतिर्वदतीति चेत्, को वा ब्रूते श्रुतिर्न वदतीति। किं तु अद्वैतवादे तदुपपादनमशक्यमित्युच्यते।

(૧૬) (પૂર્વપક્ષ) શંકા થાય કે અત્યારે પણ (સ્વરૂપભૂત) આનંદનો પ્રકાશ હોય તો મુક્તિ અને સંસારનો કોઈ ભેદ નથી એમ માનવું પડે. અરે, જેનો (બિંબભૂત આનંદથી) ભેદ કલ્પવામાં આવ્યો છે તે સાક્ષિ આનંદ (અવિદ્યામાં આનંદપ્રતિબિંબ) પ્રકાશ હોય તો પણ અનવચ્છિન્ન બ્રહ્માનન્દ જે આવૃત છે તે સંસારદશામાં અપ્રકાશ હોવાથી ભેદ છે—એમ કોઈ (અર્થાત્ સિદ્ધાન્તી) દલીલ કરે તો પૂર્વવાદી કહે છે કે ના, આનંદમાં અનવચ્છેદ અંશ છે તે પુરુષાર્થ નથી અને આનંદની અપરોક્ષતા માત્ર છે તે (તો) અત્યારે પણ છે.

(આની સામે સિદ્ધાન્તી દલીલ કરી શકે—) અવચ્છિન્ન એવો સાક્ષિ આનંદ અતિશય-યુક્ત છે (ઉત્કર્ષ-અપકર્ષવાળો છે) કારણ કે સુષુપ્તિને સાધારણ અને અતિસ્પષ્ટ નહીં એવા (આનંદ)થી વિષયોથી જન્ય આનંદોમાં અતિશયનો અનુભવ થાય છે, જ્યારે અનવચ્છિન્ન બ્રહ્માનંદ તો નિરતિશય છે (સર્વોત્કૃષ્ટ છે, તેનાથી ચઢિયાતો આનંદ હોઈ શકે નહિ, તે ઉત્કર્ષ-અપકર્ષથી પર છે). કેમ કે, આનંદવલ્લીમાં મનુષ્યના આનંદ આદિના ઉત્તરોત્તર સો ગણા ઉત્કર્ષનું વર્ણન બ્રહ્માનંદમાં સમાપ્ત કરવામાં આવ્યું છે. (એથી સિદ્ધ થાય છે કે બ્રહ્માનંદ નિરતિશય છે).

(સિદ્ધાન્તીની આવી દલીલનો પૂર્વપક્ષીનો ઉત્તર એ છે કે)—ના (આ બરાબર નથી) કારણ કે સિદ્ધાન્તમાં સાક્ષિ-આનંદ, વિષયાનન્દ, બ્રહ્માનન્દ વસ્તુતઃ એક હોવાથી ઉત્કર્ષ અને અપકર્ષનો સંભવ નથી. જો (સિદ્ધાન્તી) શંકા કરે કે માનુષઆનંદ આદિના ઉત્તરોત્તર ઉત્કર્ષ વિષે શ્રુતિ કહે છે, તો (પૂર્વપક્ષીનો ઉત્તર છે—) કોણ વળી કહે છે કે શ્રુતિ નથી કહેતી. પણ આનું અદ્વૈતવાદમાં ઉપપાદન કરવું અશક્ય છે એમ કહીએ છીએ (—શબ્દશઃ, કહેવામાં આવે છે).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(વિવરણ : સંસારદશામાં પણ સ્વરૂપભૂત આનંદનું સ્ફુરણ છે એમ માનવામાં આવે તો સંસાર અને મોક્ષની અવસ્થાઓમાં કોઈ ભેદ જ રહે નહિ તેથી સાક્ષિ-આનંદને અનાવૃત માની શકાય નહિ - એ પ્રકારની પૂર્વપક્ષીની શંકા વિસ્તારથી રજૂ કરી છે. આની સામે સિદ્ધાન્તી દલીલ કરે કે સાક્ષિ-આનંદથી અવિદ્યામાં આનંદનું પ્રતિબિંબ અભિપ્રેત છે અને તેનો બિંબભૂત આનંદથી ભેદ માનવામાં આવ્યો છે અને આમ સંસારદશામાં અનાવૃત સાક્ષિસ્વરૂપ પ્રતિબિંબભુત આનંદનો પ્રકાશ હોય તો પણ બિંબભૂત બ્રહ્માનંદ જે આવૃત છે તે નથી પ્રકાશતો. વળી સાક્ષિ-આનંદ શરીરે શરીરે ભિન્ન જ પ્રકાશે છે જ્યારે અનવચ્છિન્ન આનંદ શરીરે શરીરે ભિન્ન નથી તેથી બે વચ્ચે ભેદ છે જ અને આમ સંસારદશા અને મોક્ષદશાનો પણ ભેદ છે.

(વ્યાખ્યાકાર કૃષ્ણાનંદતીર્થ આનું વિવેચન કરતાં કહે છે : જો કે શુદ્ધચિન્માત્ર મૂલ અજ્ઞાનનો આશ્રય અને વિષય છે; મૂલ-અજ્ઞાન બિંબભૂત ઈશ્વરવિષયક નથી તેથી તે અનાવૃત હોય તો પણ જીવની અપેક્ષાએ તેનો ભેદ કલ્પવામાં આવ્યો છે તેથી જીવની પ્રતિ તે અપ્રકાશમાન હોય એ સંભવે છે. તેમ મુક્તિમાં બિંબભૂત બ્રહ્માનન્દનું સ્ફુરણ પણ અસિદ્ધ છે કારણ કે મૂલ-અજ્ઞાનની નિવૃત્તિ થતાં તેનાથી પ્રયુક્ત પ્રતિબિંબભાવની જેમ બિંબભાવ પણ અવશ્ય નિવૃત્ત થવાનો તેમ છતાં પૂર્વપક્ષીનું મોઢું બંધ કરવાનો જ સિદ્ધાન્તીનો આશય છે તેથી તે આમ બોલે છે એમ સમજવું.)

સિદ્ધાન્તીને જવાબ આપતાં પૂર્વપક્ષી કહે છે કે મુક્તિમાં અનવચ્છિન્ન-આનંદનું સ્ફુરણ એ તેનો સંસારથી ભેદ છે કે માત્ર આનંદ-સ્ફુરણ. એમાંથી કોઈ રીતે ભેદ બતાવી શકાશે નહિ અવચ્છેદ એ ભેદ છે અને એ આત્મામાં કલ્પિત છે; તેમ જ અવચ્છેદનો અભાવ એ જો આનંદથી અતિરિક્ત હોય તો અનવચ્છેદને તો પુરુષાર્થ માનવામાં નથી આવતો. જો અનવચ્છેદને આનંદસ્વરૂપ જ માનીએ કારણ કે આનંદ એ કલ્પિત અવચ્છેદાભાવનું અધિષ્ઠાન છે તો તેનો આ બીજા પ્રકારમાં જ સમાવેશ થઈ જાય; પણ આનંદ માત્ર તો સંસાર-અવસ્થામાં પણ પ્રકાશમાન છે તેથી સંસાર અને મુક્તિમાં કોઈ ભેદ રહેશે નહિ

(સિદ્ધાન્તી બીજી રીતે સંસાર અને મુક્તિ અવસ્થાનો ભેદ બતાવવા પ્રયત્ન કરી શકે. શરીરે શરીરે ભિન્ન હોવાથી તે સાક્ષિ-આનંદ અતિશયયુક્ત છે, ઉત્કર્ષ-અપકર્ષવાળો છે. જેમ કે સુષુપ્તિકાળમાં પ્રકાશતો સાક્ષિ-આનંદ સ્પષ્ટ છે જ, નહીં તો 'હું નિરાંતે કે સુખે સૂતો' એવો પરામર્શ ન થાત. લોકમાં જે આનંદ સ્પષ્ટ અર્થાત્ ઉત્કર્ષપૂર્વક અનુભવાયો હોય તેનો જ પરામર્શ થઈ શકે છે; આનંદ અનુભવાય એટલા માત્રથી તે પરામર્શને યોગ્ય બનતો નથી – આ વાત જાણીતી છે. પણ સુષુપ્તિમાં જે સાક્ષિ-આનંદ છે તે અતિ-સ્પષ્ટ નથી અને તેનાથી માળા-ચંદનાદિ વિષયથી પ્રયુક્ત આનંદોમાં ચઢિયાતા ઉત્કર્ષનો અનુભવ થાય છે. આમ સાક્ષિ-આનંદ ઉત્કર્ષ-અપકર્ષયુક્ત છે જ્યારે કલ્પિત અવચ્છેદના અભાવરૂપ બ્રહ્માનંદ મુક્તિકાળમાં પ્રકાશે છે તે બીજી કોઈ અવસ્થામાં નહિ તેવો અને નિરતિશય છે. મુક્તિમાં બ્રહ્માનંદ એકરૂપ અને પૂર્ણ તરીકે પ્રકાશે છે. અત્યારે સંસારાવસ્થામાં તેવા બ્રહ્માનંદનો પ્રકાશ નથી, પણ ઉત્કર્ષ-અપકર્ષયુક્ત આનંદનો પ્રકાશ છે. તેથી સ્વરૂપભૂત આનંદનું સ્ફુરણ થતું હોવા છતાં પણ ઉત્કૃષ્ટ આનંદની અભિલાષારૂપ પિશાચણીથી ગ્રસ્ત થવાને કારણે સંસાર અવસ્થામાં કોઈને પણ નિર્વૃતિ (પરમ આનંદ) નથી—આ સંસાર અને મોક્ષનો ભેદ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અવિદ્યામાં પ્રતિબિંબરૂપ સાક્ષિ-આનંદને લોકમાં વિષયાનંદ તરીકે માનવામાં આવે છે તે ઉત્કર્ષ-અપકર્ષયુક્ત છે, જ્યારે બ્રહ્માનંદ એકરૂપ છે એ બાબતમાં શ્રુતિ પ્રમાણ પૂરું પાડે છે. **તૈત્તિરીય ઉપનિષદ્**ની આનંદવલ્લીમાં એવું વર્ણન છે કે માનુષ આનંદ અર્થાત્ સાર્વભૌમ રાજાના આનંદ કરતાં સો ગણો મનુષ્ય-ગંધર્વનો આનંદ છે, અને તેનાથી સો ગણો દેવ-ગંધર્વનો આનંદ છે; અને એમ ક્રમશઃ વર્ણન કરતાં બ્રહ્માનંદથી વર્ણન સમાપ્ત કરવામાં આવ્યું છે. એટલે કે બ્રુહ્માનન્દથી ચઢિયાતો કોઈ આનંદ નથી. વળી કહ્યું છે કે જે મનુષ્ય અને તિર્યગાદિમાં છે તે જ આદિત્યમંડલના અભિમાની દેવતા અને સર્વ દેવતામાં છે, તે એક છે (यश्चायं पुरुषे यश्चासावादित्ये स एक :—तैत्ति. ૨.૮). આમ દેવ, મનુષ્ય અને તિર્યગ્વર્ગમાં વિદ્યમાન બ્રહ્માનંદ એક છે, એકરૂપ છે: તે સાક્ષિ-આનંદની જેમ ઉત્કર્ષ-અપકર્ષયુક્ત નથી. આમ સાક્ષિ-આનંદ, વિષયાનંદ, અને બ્રહ્માનંદમાં ઉપર કહ્યું તેમ ભેદ હોવાથી મુક્તિ અને સંસારાવસ્થામાં ભેદ બતાવી શકાશે.

**પૂર્વપક્ષી**ની આની સામે દલીલ એ છે કે ઉત્કર્ષ અને અપકર્ષ જે જાતિ-વિશેષરૂપ છે તે એક જ વ્યક્તિમાં સંભવે નહિ. શ્રુતિમાં ઉત્કર્ષ-અપકર્ષની વાત કરી છે અને આપણા પ્રત્યક્ષ અનુભવથી પણ આ અતિશયતા સિદ્ધ છે એ વાત સાચી, પણ અદ્વૈતવાદમાં એક પરમતત્ત્વમાં ઔપાધિક ભેદ માનીને પણ તેનું ઉપપાદાન કરી શકાશે નહિ, તેની શક્યતા બતાવી શકાશે નહિ કારણ કે તેને માટે કોઈ અનુરૂપ દષ્ટાંત નથી.

**नन्वेकस्यैव सौरालोकस्य करतलस्फटिकदर्पणाद्यभिव्यञ्जक-विशेषोपधानेनाभिव्यक्तितारतम्यदर्शनादेकत्वेऽप्यानन्दस्याभिव्यञ्जकसुख-वृत्तिभेदोपधानेनाभिव्यक्तितारतम्यरूपमुत्कर्षापकर्षवत्त्वं युक्तम् इति चेत्, न । दृष्टान्तासम्प्रतिपत्तेः । सर्वतः प्रसृमरस्य सौरालोकस्य गगने विना करतलादिसम्बन्धमस्पष्टं प्रकाशमानस्य निम्नतले प्रसृमरस्य जलस्येव करतलसम्बन्धेन गतिप्रतिहतौ बहुलीभावादधिकप्रकाशः, भास्वरदर्पणादि-सम्बन्धेन गतिप्रतिहतौ बहुलीभावात् तदीयदीप्तिसंवलनाच्च ततोऽप्य-धिकप्रकाश इति तत्राभिव्यञ्जकोपाधिकाभिव्यक्तितारतम्यानभ्युपगमात् ।**

**दृष्टान्तसम्प्रतिपत्तौ च गगनप्रसृतसौरालोकवत् अनवच्छिन्नानन्द-स्यास्पष्टता, करतलाद्यवच्छिन्नसौरालोकवत् सुखवृत्त्यवच्छिन्नानन्दस्याधिका-भिव्यक्तिरिति मुक्तितः संसारस्यैवाभ्यर्हितत्वापत्तेश्च ।**

**एतेन संसारदशायां प्रकाशमानोऽप्यानन्दो मिथ्याज्ञानतत्संस्कार-विक्षिप्ततया तीव्रवायुविक्षिप्तप्रदीपप्रभावदस्पष्टं प्रकाशते, मुक्तौ तदभावात् यथावदवभासते' इत्यपि निरस्तम् । निर्विशेषस्वरूपानन्दे प्रकाशमाने तत्र विक्षेपदोषादप्रकाशमानस्य मुक्त्यन्वयिनोऽतिशयस्यासम्भवात् । तस्मात् साक्ष्यानन्दस्यानावृतत्वकल्पनमयुक्तम् ।**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(સિદ્ધાન્તી) દલીલ કરે કે સૂર્યનો પ્રકાશ જે એક જ છે તેની હથેળી, સ્ફટિક, દર્પણ વગેરે અભિવ્યંજક વિશેષના ઉપધાનથી થતી અભિવ્યક્તિમાં તારતમ્ય (ઓછા-વત્તાપણું, ઓછી કે વધારે વિશદતા—) જોવામાં આવે છે તેથી આનંદ એક હોવા છતાં પણ અભિવ્યંજક સુખવૃત્તિવિશેષના ઉપધાનથી તેની અભિવ્યક્તિના તારતમ્યરૂપ તેનો ઉત્કર્ષ કે અપકર્ષ હોય તો તે યુક્ત છે— તો (આવી દલીલ સામે પૂર્વવાદીનો ઉત્તર છે કે) ના, કારણ કે દૃષ્ટાન્તની બાબતમાં સંમતિ નથી. જેમ નીચાણવાળી સપાટી તરફ ગતિ કરવાના સ્વભાવવાળા જળનો હથેળી સાથે સંબંધ થતાં તેની ગતિ રુંધાતાં તે જમા થઈ જાય છે અને વધારે સ્પષ્ટ દેખાય છે, તેમ બધી દિશામાં પ્રસરવાના સ્વભાવવાળો સૂર્યપ્રકાશ આકાશમાં હથેળી વગેરે સાથે તેના સંબંધ વિના અસ્પષ્ટ પ્રકાશે છે (અને) હથેળીનો સંયોગ થવાથી ગતિ રુંધાતાં જમા થઈ જાય છે તેથી વધારે પ્રકાશે છે; તેનો ચળકતા દર્પણ આદિ સાથે સંયોગ થાય તો ગતિ રુંધાતાં તે જમા થઈ જાય છે તેથી અને તેની (દર્પણાદિની) દીપ્તિની સાથે સંમિશ્રણ થવાથી તેનાથી પણ વધારે પ્રકાશે છે— આમ ત્યાં (સૂર્યના પ્રકાશરૂપ દૃષ્ટાન્તમાં) અભિવ્યંજક ઉપાધિને લીધે અભિવ્યક્તિમાં તારતમ્ય માનવામાં નથી આવ્યું (તેથી દૃષ્ટાંત સ્વીકાર્ય નથી).

અને દૃષ્ટાન્ત માની લઈએ તો પણ ગગનમાં ફેલાયેલા સૂર્યપ્રકાશની અસ્પષ્ટતાની જેમ અનવચ્છિન્ન આનંદની અસ્પષ્ટતા માનવી પડશે (અને) હથેળી વગેરેથી અવચ્છિન્ન સૂર્યપ્રકાશની અધિક અભિવ્યક્તિની જેમ સુખવૃત્તિથી અવચ્છિન્ન આનંદની અધિક અભિવ્યક્તિ માનવી પડશે તેથી મુક્તિ કરતાં સંસાર જ વધારે અભીષ્ટ બની જશે (વધારે મહત્ત્વનો અને ઇષ્ટ છે એમ માનવું પડશે).

આનાથી "સંસાર દશામાં આનંદ પ્રકાશતો હોવા છતાં મિથ્યાજ્ઞાન અને તેના સંસ્કારથી વિક્ષિપ્ત થયેલો હોવાથી અસ્પષ્ટ પ્રકાશે છે, જેમ તીવ્ર વાયુથી વિક્ષિપ્ત થયેલી પ્રદીપપ્રભા અસ્પષ્ટ ભાસે છે; (જ્યારે) મુક્તિમાં તેનો (મિથ્યાજ્ઞાન અને તેના સંસ્કારનો) અભાવ હોવાથી બરાબર (પૂર્ણપણે, જેમ છે તેમ) ભાસે છે"—એ વિધાનનું પણ ખંડન થઈ ગયું, કારણ કે નિર્વિશેષસ્વરૂપ આનંદ પ્રકાશતો હોય ત્યારે તેમાં વિક્ષેપહોવાને કારણે નહીં પ્રકાશતા (પણ) મુક્તિ દશામાં હાજર (અર્થાત્ પ્રકાશતા) એવા અતિશયનો (ચઢિયાતાપણાનો) સંભવ નથી. તેથી સાક્ષિ-આનંદને અનાવૃત માનવો એ અયુક્ત છે.

**વિવરણ :** પૂર્વવાદીએ રજૂઆત કરી કે અદ્વૈતવાદમાં આનંદસ્વરૂપમાં કોઈ અપકર્ષ કે ઉત્કર્ષ માની શકાય નહિ. તેની સામે સિદ્ધાન્તી દલીલ કરી શકે કે સૂર્યપ્રકાશ સ્વતંત્ર રીતે પ્રકાશતો હોય તેના કરતાં હથેળી વગેરેના સંપર્કમાં આવતાં તેની જરા વિશેષ અભિવ્યક્તિ છે અને સ્ફટિકના સંપર્કમાં આવતાં તેથી વધારે છે, અને દર્પણાદિના સંપર્કમાં આવતાં તો તેથી પણ વધારે અભિવ્યક્તિ છે. તે જ પ્રમાણે આનંદની બાબતમાં પણ અભિવ્યંજક વૃત્તિના તારતમ્યથી તે તે વૃત્તિથી ઉપહિત સાક્ષિ-આનંદમાં ઉત્કર્ષ-અપકર્ષ સંભવે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પૂર્વવાદીને આ દૃષ્ટાન્ત માન્ય નથી. જો આલોક (પ્રકાશ) એક વ્યક્તિ અને સ્વતઃ એકરૂપ હોય તો તે એ સ્વરૂપવાળા આનંદનું દૃષ્ટાંત થઈ શકે. પણ પ્રકાશ એક વ્યક્તિ નથી કારણ કે અલગ અલગ કિરણના સમૂહરૂપ છે. તેમ એકરૂપ પણ નથી કારણ કે જગ્યાએ જગ્યાએ સૂર્યના કિરણોમાં અલ્પત્વ કે બાહુલ્યરૂપ ભિન્ન ભિન્ન રૂપ જોવામાં આવે છે. વળી જે ભૂમિના પ્રદેશમાં હથેળી વગેરે આડી આવતાં સૂર્યનાં કિરણો જઈ શકતાં નથી ત્યાં તમોરૂપ છાયા દેખાય છે અને હથેળીને કારણે ગતિમાં રુકાવટ આવતાં કિરણો જમા થાય છે તેથી વધારે સ્પષ્ટ દેખાય છે. દર્પણને કારણે ગતિ રુંધાતાં તેથી પણ વધારે સ્પષ્ટ દેખાય છે કારણ કે કિરણો જમા થાય છે અને ઉપરાંતમાં દર્પણનું તેજ તેમાં ભળે છે. આમ એકરૂપ આલોકનું ઉપાધિના તારતમ્યને લીધે અભિવ્યક્તિનું તારતમ્ય છે એમાં પૂર્વવાદીની સંમતિ નથી તેથી સૂર્યપ્રકાશનું દૃષ્ટાન્ત યોગ્ય નથી. વળી ઘડીક આ દૃષ્ટાન્તને સ્વીકારી લઈએ તો પણ ઉપાધિના અભાવમાં આનંદની અસ્પષ્ટતા અને ઉપાધિને લીધે અધિક ભાસ માનવો પડે; અર્થાત્ મુક્તિ કરતાં સંસાર–અવસ્થામાં આનંદની વિશેષ અભિવ્યક્તિ છે એમ માનવું પડે અને સંસારાવસ્થા મુક્તિ કરતાં વધારે સ્વીકાર્ય છે એમ માનવાનો વારો આવે.

વળી અદ્વૈતવાદીઓ કહે છે કે સંસારાવસ્થામાં અનાત્મા એવા દેહાદિને વિષે આત્મજ્ઞાન થાય છે. આત્માની સાથે, પોતાની સાથે વસ્તુતઃ કોઈ સંબંધ વિનાના દેહાદિ વિષે આ મારું છે એવું જે જ્ઞાન તે મિથ્યાજ્ઞાન છે. તેને લીધે જાગ્રત્ આદિ કાળમાં પ્રકાશતા સ્વરૂપાનંદમાં વિક્ષેપ થાય છે અને તેથી તેમાં અસ્પષ્ટતા આવે છે. અને મિથ્યાજ્ઞાનના સંસ્કાર સુષુપ્તિકાળમાં પ્રકાશતા આનંદમાં વિક્ષેપ કરે છે અને તેના પુરુષાર્થત્વનો વિનાશ કરે છે. ભોગપ્રદ કર્મવિશેષથી જગાડવામાં આવેલ મિથ્યાજ્ઞાનના સંસ્કારને લીધે જ દરેક પ્રાણી સુષુપ્તિકાલના આનંદાનુભવનો ત્યાગ કરે છે. તેથી જ મુમુક્ષુઓ અધ્રુવ એવા સુષુપ્તિકાલીન આનંદના ભાસની અભિલાષા નથી સેવતા; માટે તે પુરુષાર્થ નથી એમ કહેવાનો આશય છે. વાયુથી વિક્ષિપ્ત દીપપ્રભાનું દૃષ્ટાન્ત અદ્વૈતવાદીઓ આપે છે. આ દૃષ્ટાન્ત પૂર્વવાદીને ઠીક નથી લાગતું. દૃષ્ટાન્તમાં પ્રભા સાવયવ (અવયવોવાળી) છે તેથી જોરદાર વાયુથી કેટલાક અવયવોના નાશરૂપ વિક્ષેપ કે પ્રભારૂપમાં રહેલ ભાસ્વરત્વના પ્રતિબંધરૂપ વિક્ષેપ થઈ શકે છે અને તેથી દીપપ્રભા પ્રકાશતી હોય તો પણ તેનો અસ્પષ્ટ પ્રકાશ સંભવે છે. પણ બ્રહ્મના સ્વરૂપભૂત આનંદમાં તો નથી અવયવ કે નથી ગુણાદિ વિશેષ તેથી મિથ્યાજ્ઞાન અને તેના સંસ્કારોથી કોઈ અવયવનો નાશ કે ગુણનો પ્રતિબંધ સંભવતો નથી તેથી તત્પ્રયુક્ત અસ્પષ્ટપ્રકાશતા સાક્ષિ–આનંદમાં સંભવે નહિ. આમ આ રીતે પણ સંસાર અને મુક્તિમાં ભેદ બતાવી શકાય નહિ. તેથી સાક્ષિ–આનંદને અનાવૃત માનવો એ યુક્ત નથી.

પૂર્વવાદીની જોરદાર દલીલનો ઉત્તર અદ્વૈતાચાર્ય કેવી રીતે આપે છે તે જોઈએ.

**अत्राहुरद्वैतविद्याचार्याः — यथाऽत्युत्कृष्टस्यैकस्यैव धवलरूपस्य मालिन्यतारतम्ययुक्तेष्वनेकेषु दर्पणेषु प्रतिबिम्बे सत्युपाधिमालिन्यतारतम्यात्तत्र तत्र प्रतिबिम्बे धावल्यापकर्षस्तारतम्येनाध्यस्यते, एवं वस्तुतो निरतिशयस्यैकस्यैव स्वरूपानन्दस्यान्तःकरणप्रतिबिम्बिततया साक्ष्यानन्दभावे,**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**प्राक्तनसुकृतसंपत्त्यधीनविषयविशेषसंपर्कप्रयुक्तसत्त्वोत्कर्षापकर्षरूपशुद्धितार-तम्ययुक्तसुखरूपान्तःकरणवृत्तिप्रतिबिम्बिततया विषयानन्दभावे च तमोगुणरूपोपाधिमालिन्यतारतम्यदोषादपकर्षस्तारतम्येनाध्यस्यते इति संसारदशायां प्रकाशमानेऽप्यानन्दे अध्यस्तापकर्षतारतम्येन सातिशयत्वाद-तृप्तिः । विद्योदये निखिलापकर्षाध्यासनिवृत्तेरारोपितसातिशयत्वापायात् कृतकृत्यतेति विशेषोपपत्तेः निरुपाधिकप्रेमगोचरतया प्रकाशमानस्साक्ष्या-नन्दोऽनावृत एवेति ।**

આ બાબતમાં **અદ્વૈતવિદ્યાચાર્ય** કહે છે કે જેમ અત્યન્ત ઉત્કૃષ્ટ એવા એક જ શ્વેત ધવલ રૂપનું માલિન્યના તારતમ્યથી યુક્ત (–ઓછાવત્તા માલિન્યવાળાં) અનેક દર્પણોમાં પ્રતિબિંબ પડતાં ઉપાધિના માલિન્યના તારતમ્યને લીધે તે તે પ્રતિબિંબમાં ધવલતાના અપકર્ષનો તારતમ્યથી અધ્યાસ થાય છે; એમ વસ્તુતઃ નિરતિશય (–જેનાથી ચઢિયાતું હોઈ ન શકે તેવું–) એવા એક જ સ્વરૂપાનંદનું અન્તઃકરણમાં પ્રતિબિંબ પડવાને કારણે સાક્ષિ-આનંદભાવ પ્રાપ્ત થતાં, અને પહેલાંના પુણ્યની સંપત્તિ (અર્થાત્ પરિપાક, ફળ ઉત્પન્ન કરવા પ્રત્યેની ઉન્મુખતા)ને અધીન વિષયવિશેષના સંપર્કથી પ્રયુક્ત સત્ત્વના ઉત્કર્ષ અને અપકર્ષરૂપ શુદ્ધિના તાર-તમ્યથી યુક્ત સુખરૂપ અન્તઃકરણવૃત્તિમાં પ્રતિબિંબિત થવાને કારણે વિષયાનંદ-ભાવ થતાં તમોગુણરૂપ ઉપાધિની મલિનતાના તારતમ્યના દોષને કારણે અપકર્ષનો તારતમ્યથી અધ્યાસ થાય છે તેથી સંસારદશામાં આનંદ પ્રકાશતો હોવા છતાં અધ્યસ્ત અપકર્ષના તારતમ્યથી સાતિશયતા થાય છે તેથી તૃપ્તિ થતી નથી. વિદ્યાનો ઉદય થતાં સર્વ અપકર્ષાધ્યાસની નિવૃત્તિ થવાથી આરોપિત સાતિશયિત્વ દૂર થાય છે તેથી કૃતકૃત્યતા થાય છે. આમ (સંસાર અને મુક્તિમાં) ભેદ ઉપપન્ન હોવાથી નિરુપાધિક પ્રેમના વિષય તરીકે પ્રકાશતો સાક્ષિ–આનંદ અનાવૃત જ છે.

**વિવરણ** : ઉપર વિસ્તારથી પ્રતિપાદિત પૂર્વપક્ષનું ખંડન **અદ્વૈતવિદ્યાચાર્ય** એક અને એકરૂપ સ્વરૂપાનંદની અભિવ્યક્તિના તારતમ્યને વિષે અનુરૂપ દૃષ્ટાન્ત રજૂ કરીને કરે છે અને સ્વરૂપાનંદની બાબતમાં શ્રુતિ અને અનુભવથી સિદ્ધ તારતમ્યનું (અર્થાત્ ઉત્કર્ષ–અપ-કર્ષવાળા હોવું તેનું) ઉપપાદન કરે છે. એક (જેમાં સ્વતઃ ઉત્કર્ષ–અપકર્ષ નથી તે) અત્યન્ત ઉત્કૃષ્ટ (સર્વોત્તમ) ધવલ રૂપ સહેજ મલિન દર્પણમાં પ્રતિબિંબિત થાય તો તે પ્રતિબિંબ પર અપકર્ષનો અધ્યાસ કરવામાં આવે છે. જો મધ્યમ પ્રકારની મલિનતાથી યુક્ત દર્પણમાં તેનું પ્રતિબિંબ પડે તો તેની અપેક્ષાએ અધિક અપકર્ષનો અધ્યાસ થાય છે, અને અત્યંત મલિન દર્પણમાં પ્રતિબિંબ પડે તો અત્યંત અપકર્ષનો અધ્યાસ થાય છે. આને કારણે તેવાં દર્પણોમાં પ્રતિબિંબિત ધવલ રૂપ તારતમ્યથી અભિવ્યક્ત થાય છે. તેવું જ વસ્તુતઃ એકરૂપ અને સ્વરૂપથી પ્રકાશતા સ્વરૂપભૂત આનંદનું પણ છે. અન્તઃકરણની મલિનતાના તારતમ્ય પ્રમાણે તેની ઓછીવત્તી અભિવ્યક્તિ માનવામાં આવે છે. આ મત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અનુસાર સુષુપ્તિમાં પણ અન્તઃકરણ સૂક્ષ્મરૂપે વિદ્યમાન હોય છે તેથી અન્તઃકરણમાં પ્રતિબિંબિત સ્વરૂપાનંદ જે સાક્ષિ–આનંદ અન્યો છે તે ત્યારે પણ હોય જ છે એમ સમજવું. જ્યારે બીજા મતોમાં સ્વરૂપાનંદ અવિદ્યામાં પ્રતિબિંબિત થતો હોવાથી સાક્ષિ–આનંદભાવ પામે છે એમ સમજવું એમ વ્યાખ્યાકાર કૃષ્ણાનંદતીર્થ સ્પષ્ટતા કરે છે.

પૂર્વ પુણ્યના પરિપાકને અધીન જે વિષયવિશેષ સાથે સંપર્ક થાય છે તેનાથી પ્રયુક્ત સત્ત્વના ઉત્કર્ષ–અપકર્ષરૂપ શુદ્ધિ–તારતમ્યથી યુક્ત સુખરૂપ અન્તઃકરણવૃત્તિઓમાં પ્રતિબિંબિત થવાને કારણે સ્વરૂપાનંદ વિષયાનન્દભાવ પ્રાપ્ત કરે છે. વૃત્તિઓને સ્વરૂપસુખની વ્યંજક હોવાને કારણે સુખરૂપ કહેવામાં આવે છે. કહેવાનો ભાવ એ છે કે પૂર્વજન્મોમાં મેળવેલા પુણ્યકર્મના પરિપાકના બળે અન્તઃકરણ માળા, ચંદન આદિ પ્રકારના વિષયવિશેષવિષયક વૃત્તિ દ્વારા વિષયવિશેષો સાથે સંબંધમાં આવતાં તેમાં રહેલ સત્ત્વગુણનો, ઉત્કૃષ્ટ વિષય સાથે સંબંધ થવાથી, ઉત્કર્ષ થાય છે, જ્યારે નિકૃષ્ટ વિષય સાથે સંબંધ થ... નિકર્ષ થાય છે. તેથી અન્તઃકરણમાં રહેલા સત્ત્વ અંશની પરિણામભૂત વૃત્તિઓ સ્વરૂપાનંદને વિષય કરનારી તરીકે જન્મે છે. અને આમ ઉત્પન્ન થતી વૃત્તિઓ પણ ઉત્કર્ષ–અપકર્ષયુક્ત જ હોય છે. તે વૃત્તિઓમાં આનંદનું પ્રતિબિંબ તે વિષયાનંદ કહેવાય છે

હવે પ્રશ્ન થાય કે સ્વરૂપાનંદવિષયક સત્ત્વવૃત્તિમાં રહેલા અપકર્ષને કારણે પ્રતિબિંબરૂપ વિષયાનંદમાં અપકર્ષનો અધ્યાસ થાય છે એમ કહેવું જોઈએ કારણ કે દર્પણરૂપ ઉપાધિમાં રહેલ એવા મલિનદ્રવ્યકૃત અપકર્ષને કારણે દર્પણમાં પડેલા પ્રતિબિંબમાં અપકર્ષનો અધ્યાસ થતો જોવામાં આવે છે. અને આમ સ્વરૂપાનંદવિષયક વૃત્તિઓ જે સત્ત્વગુણના પરિણામરૂપ છે તેમાં અપકર્ષને માટે જવાબદાર કોઈક મલિનદ્રવ્ય અવશ્ય માનવું પડશે કારણ કે દર્પણની સાથે સાક્ષાત્ સંબંધ ધરાવનાર મલિનદ્રવ્ય દર્પણમાં અપકર્ષનું આધાન કરનાર જોવામાં આવે છે. આનું સમાધાન કરતાં કહ્યું છે કે તમોગુણરૂપ ઉપાધિમાલિન્ય છે જ. અન્તઃકરણ સત્ત્વ–રજસ્–તમસ્ ગુણ સ્વરૂપ છે તેથી તેની વૃત્તિઓમાં પણ તમોગુણરૂપ ઉપાધિની અનુવૃત્તિ હોય જ છે, અને તેનાથી ઉત્પન્ન કરવામાં આવેલો જે વૃત્તિગત દોષ તે અપકર્ષ-તારતમ્યાત્મક માલિન્ય–તારતમ્યદોષ. તે દોષને કારણે સત્ત્વવૃત્તિમાં પડેલા પ્રતિબિંબરૂપ વિષયાનંદમાં અપકર્ષનો અધ્યાસ થાય છે. અગાઉ વિષયસંપર્કનો સુખરૂપ વૃત્તિના કારણ તરીકે નિર્દેશ કર્યો છે. ત્યાં 'વિષયવિશેષ' શબ્દનો પ્રયોગ છે તેમાં 'વિશેષ' પદ વિષયગત ઉત્કર્ષતારતમ્યનો વાચક છે, અને તેના તારતમ્યનો સુખરૂપ વૃત્તિમાં રહેલા ઉત્કર્ષતારતમ્યના પ્રયોજક તરીકે નિર્દેશ કર્યો છે; જ્યારે અહીં સુખરૂપ વૃત્તિઓમાં જ અપકર્ષના પ્રયોજક તરીકે અને અપકર્ષતારતમ્યના પ્રયોજક તરીકે તારતમ્યયુક્ત તમોગુણરૂપ મલિનદ્રવ્યનો નિર્દેશ કર્યો છે એમ ભેદ સમજવો. તેથી સમજી શકાય છે કે સંસારદશામાં આનંદ પ્રકાશતો હોય તો પણ અધ્યસ્ત એવું અપકર્ષ–તારતમ્ય હોય છે, તેથી વિષયાનંદ સાતિશય લાગે છે,—આનાથી ચઢિયાતું હોઈ શકે એવો ખ્યાલ રહ્યા કરે છે, અને આ નિકૃષ્ટ આનંદનો અનુભવ કરનાર ઉત્કૃષ્ટ આનંદની તૃષ્ણાથી અભિભૂત રહેશે, અને તે મેળવવા આનંદનાં સાધનો છે એમ ભ્રાન્તિપૂર્વક માનીને કદાચિદ્ દુઃખનાં સાધનોને વિષે પણ પ્રવૃત્ત થશે અને તેથી તેને દેવ,મનુષ્ય કે તિર્યક્ યોનિમાં જન્મરૂપ અનર્થ પ્રાપ્ત થશે. પણ મૂલ અજ્ઞાનની નિવૃત્તિ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થતાં તેની કાર્યરૂપ ઉપાધિ (અન્તઃકરણ) નિવૃત્ત થાય છે અને તેનાથી થતી અપકર્ષાદિના અધ્યાસની નિવૃત્તિ થાય છે તેથી કૃતકૃત્યતાનો અનુભવ થાય છે, હવે કશું કરવાપણું નથી એવી પ્રતીતિ થાય છે વિદ્યાનો ઉદય થાય તે પહેલાં દુઃખની નિવૃત્તિ અને સુખની પ્રાપ્તિને માટે માણસને ઘણું કરવાનું રહે છે. પણ વિદ્યાનો ઉદય થતાં દુઃખમાત્રની નિવૃત્તિ થાય છે અને નિરતિશય સ્વરૂપાનંદનો આવિર્ભાવ થાય છે તેથી કશું કરવા કે કશુંક મેળવવા માટે તેને કશું કરવાનું રહેતું નથી, અને તેને કૃતકૃત્યતા લાગે છે. ભગવાન કૃષ્ણ કહે છે—एतद् बुद्ध्वा बुद्धिमान् स्यात् कृतकृत्यश्च भारत'—(ભગવદ્ગીતા ૧૫.૨૦)—આ નિરતિશય આનંદરૂપ બ્રહ્મને અપરોક્ષ તરીકે જાણીને બુદ્ધિમાન પંડિત થાય છે અને કૃતકૃત્ય થાય છે, હે અર્જુન, કારણ કે તત્ત્વજ્ઞાન વિના પાંડિત્યાદિ મળતું નથી; માટે તત્ત્વજ્ઞાન જ મેળવ, બાકી બધું છોડ એવો ભાવ છે.

શંકા થાય કે બ્રહ્માનંદની જેમ સાક્ષિ–આનંદ પણ આવૃત જ માનવો જોઈએ. અને એમ કરતાં મુક્તિ અને સંસારનો ભેદ સહેલાઈથી બતાવી શકાશે. આનો ઉત્તર આપતાં કહ્યું છે કે નિરુપાધિક પ્રેમ સ્વરૂપાનંદનું આવરણ થતું હોય તો સંભવે નહિ. લોકમાં પ્રકાશતા સુખમાં જ પ્રીતિ હોય છે એ અનુભવથી સિદ્ધ છે. તેથી સાક્ષિ–આનંદ અનાવૃત જ છે.

**अन्ये तु—प्रकाशमानोऽप्यानन्दो 'मयि नास्ति, न प्रकाशते' इत्यावरणानुभवात् आवृत एव। एकस्मिन्नपि साक्षिण्यविद्याकल्पितरूपभेदसम्भवेन चैतन्यरूपेणानावरणस्यानन्दरूपेणावरणस्य चाविरोधात्। स्वरूपप्रकाशस्यावरणानिवर्तकतया प्रकाशमाने आवरणस्याविरोधाच्च। 'त्वदुक्तमर्थं न जानामि' इति प्रकाशमाने एवावरणदर्शनाच्च। न च तत्रानावृतसामान्याकारावच्छेदेन विशेषावरणमेवानुभूयते इति वाच्यम्। अन्यावरणस्यान्यावच्छेदेन भानेऽतिप्रसङ्गात्। न च सामान्यविशेषभावो नियामक इति नातिप्रसङ्ग इति वाच्यम्। व्याप्यव्यापकभावातिरिक्तसामान्यविशेषभावाभावेन 'वह्निं न जानामि' इति धूमावरकाज्ञानानुभवप्रसङ्गात्। तस्माद्यदवच्छिन्नमज्ञानं प्रकाशते तदेवावृतमिति प्रकाशमानेऽप्यज्ञानं युज्यते।**

**अज्ञानं च यथा साक्ष्यंशं विहाय चैतन्यमावृणोति, एवमानन्दमपि तत्तत्सुखरूपवृत्तिकबलीकृतं विहायैवावृणोति। स एव वैषयिकानन्दस्यावरणाभिभवः। स चावरणाभिभवः प्रत्यूषसमये बाह्यावरणाभिभववत् कारणविशेषप्रयुक्तवृत्तिविशेषवशात् तरतमभावेन भवति। अतः स्वरूपानन्दविषयानन्दयोः विषयानन्दानां च परस्परभेदसिद्धिरिति वदन्ति**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**सर्वथापि साक्षिचैतन्यस्यानावृतत्वेनावरणाभिभवार्थं वृत्तिमनपेक्ष्यैव तेनाहङ्कारादिप्रकाशनमिति तुल्यमेव ॥१६॥**

જ્યારે **બીજા** કહે છે કે આનંદ પ્રકાશમાન હોવા, છતાં 'મારામાં (વેદાંત-પ્રતિપાદ્ય આનંદ) નથી, નથી પ્રકાશતો' એવો આવરણનો અનુભવ હોવાથી તે આવૃત જ છે. કારણ કે સાક્ષી એક હોવા છતાં તેમાં અવિદ્યાથી કલ્પિત રૂપભેદ સંભવે છે તેથી ચૈતન્યરૂપથી અનાવરણ અને આનંદરૂપથી આવરણ હોવામાં વિરોધ નથી; અને સ્વરૂપ-પ્રકાશ આવરણનો નિવર્તક ન હોવાથી તે પ્રકાશતો હોય તો પણ આવરણ હોવામાં વિરોધ નથી; અને 'તમે કહેલો અર્થ હું જાણતો નથી' એમ પ્રકાશમાનમાં જ આવરણ જોવામાં આવે છે. એવી શંકા થાય કે "ત્યાં ('તમે કહેલો અર્થ હું જાણતો નથી' એ અનુભવમાં) આવરણ રહિત જે સામાન્ય આકાર છે તેના અવચ્છેદથી વિશેષનું આવરણ જ અનુભવાય છે"—પણ આવી દલીલ કરવી નહિ કારણ કે એકના આવરણનું ભાન અન્યના અવચ્છેદથી થાય તો અતિપ્રસંગ (દોષ) થાય. અને સામાન્યવિશેષભાવ નિયામક છે તેથી અતિપ્રસંગ નહીં થાય એમ કહેવું નહિ, કારણ કે વ્યાપ્યવ્યાપકભાવથી અતિરિક્ત સામાન્ય-વિશેષભાવ ન હોવાથી 'હું અગ્નિને જાણતો નથી' એમાં (અગ્નિના આવરક અજ્ઞાનના અનુભવ સ્થળમાં) ધૂમના આવરક અજ્ઞાનના અનુભવનો પ્રસંગ થશે. તેથી જેનાથી અવચ્છિન્ન (વિશેષિત) તરીકે અજ્ઞાન પ્રકાશે છે તે જ આવૃત છે માટે (વસ્તુ) પ્રકાશમાન હોવા છતાં તેને વિષે અજ્ઞાન હોય એ યુક્ત છે.

અને અજ્ઞાન જેમ સાક્ષી અંશને છોડીને (તેનાથી અન્ય) ચૈતન્યનું આવરણ કરે છે તેમ તે તે સુખરૂપ વૃત્તિથી કોળિયો બનાવેલ (વિષય બનાવેલ) આનંદને છોડીને (અન્ય) આનંદનું આવરણ કરે છે. તે (સુખવૃત્તિવિષયત્વ પર આધારિત અનાવરણત્વ) જ વિષયાનંદનો આવરણાભિભવ છે. અને એ આવરણનો અભિભવ, જેમ વહેલી સવારે (સૂર્યના પ્રકાશના તારતમ્યથી) બાહ્ય આવરણ (તમસ્, અંધકાર)નો અભિભવ તરતમ ભાવથી (ઓછો-વત્તો) થાય છે, તેમ કારણ-વિશેષથી જન્ય વૃત્તિવિશેષને લીધે તરતમભાવથી થાય છે. આથી સ્વરૂપાનંદ અને વિષયાનંદનો અને વિષયાનંદોનો એકબીજાથી ભેદ સિદ્ધ થાય છે. (—એમ આ બીજાઓ કહે છે).

પણ બધી રીતે (—સ્વરૂપાનંદને આવૃત માનીએ કે અનાવૃત બન્ને પક્ષમાં—) સાક્ષિ-ચૈતન્ય અનાવૃત હોવાથી આવરણના અભિભવને માટે વૃત્તિની અપેક્ષા રાખ્યા વિના જ તેનાથી (સાક્ષિ-ચૈતન્યથી) અહંકારાદિનું પ્રકાશન થાય છે એ (બન્ને પક્ષમાં) સમાન જ છે

**વિવરણ** : સાક્ષિ-ચૈતન્ય અનાવૃત હોય તો તેનાથી અભિન્ન આનંદ પણ અનાવૃત હોવો જોઈએ તેથી મુક્તિ અને સંસારમાં કોઈ ભેદ રહે નહિ એવો પૂર્વપક્ષ પ્રાપ્ત થતાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્વરૂપાનંદને અનાવૃત માનીએ તો પણ સંસાર–મુક્તિનો ભેદ સંભવે છે એવો સિદ્ધાન્ત ઉપર રજૂ કર્યો. હવે તેને આવૃત માનીને સંસાર અને મુક્તિનો ભેદ બતાવનાર સિદ્ધાન્ત અહીં રજૂ કરે છે. 'વેદાંતપ્રતિપાદ્ય સ્વરૂપાનંદ મારામાં નથી, નથી પ્રકાશતો' એમ કહેતા લોકોને જોઈએ છીએ તે સિદ્ધ કરે છે કે સંસારદશામાં આવરણ છે જ. જ્યારે મુક્તિમાં તે આવરણનો નાશ થતાં સ્વરૂપાનંદનું સ્ફુરણ થાય છે તેથી સંસાર અને મુક્તિ અવસ્થા સરખી હોઈ શકે નહિ. આમ પ્રકાશમાન હોવા છતાં આનંદને આવૃત જ માનવો જોઈએ. અન્યથા ઉપર જણાવેલ વ્યવહારનો વિરોધ થાય.

શંકા થાય કે આનંદને આવૃત માનીએ તો આત્માને વિષે સદા નિરુપાધિક પ્રેમ ન સંભવે, કારણ કે અનાવૃત સ્વરૂપાનંદનું સ્ફુરણ ન હોય અને વૃત્તિકૃત આનંદસ્ફુરણ તો કાદાચિત્ક હોય (ક્યારેક થાય અને ક્યારેક ન થાય). આ શંકાનું સમાધાન એ છે કે આ બરાબર નથી કારણ કે આવૃત હોવા છતાં સ્વરૂપાનંદપ્રકાશને ફળબળથી નિરુપાધિક પ્રેમનો હેતુ કલ્પ્યો છે. અને ' भासते एव परमप्रेमास्पदत्वलक्षणं सुखम् ( પરમપ્રેમાસ્પદત્વરૂપ સુખ પ્રકાશે જ છે ) એ વિવરણવાક્યનું પણ તાત્પર્ય આ જ છે. આ જ અભિપ્રાયથી 'प्रकाशमानोऽपि' એમ કહ્યું છે, અન્યથા આનંદને આવૃત માનવામાં 'પ્રકાશમાન હોવા છતાં' એ વિશેષણ વ્યર્થ બની જાય—એમ સમજવું.

સાક્ષિ–ચૈતન્યથી અભિન્ન સાક્ષિ–આનંદ આવૃત હોય તો સાક્ષિ–ચૈતન્ય પણ આવૃત હોવું જોઈએ અને એક જ વસ્તુ આવૃત અને અનાવૃત બન્ને હોઈ શકે નહિ—આવી શંકાના સમાધાન માટે કહ્યું છે કે એક જ સાક્ષીમાં અવિદ્યાથી કલ્પિત રૂપભેદ સંભવે છે; તેથી ચૈતન્યરૂપથી તે અનાવૃત હોય અને આનંદરૂપથી આવૃત હોય એ સંભવે છે. વસ્તુતઃ ચૈતન્ય એક હોવા છતાં તેમાં જીવત્વ અને ઈશ્વરત્વ નામનાં જુદાં જુદાં રૂપો કલ્પવામાં આવે છે અને આપણે કહીએ છીએ 'હું ઈશ્વર નથી, પણ સંસારી છું'. એ જ રીતે "હું સુખી છું" ઇત્યાદિ "જ્ઞાન આનંદ નથી" ઇત્યાદિ રૂપથી અહંકારાદિના અવભાસક જ્ઞાનના આનંદથી ભેદનો વ્યવહાર થતો જોઈએ છીએ તે પ્રમાણે ચિત્ત્વ' અને 'આનંદત્વ' નામના રૂપભેદ અનાદિસિદ્ધ કલ્પવામાં આવે છે. અને જેમ એક જ ચૈતન્યમાં જીવત્વના અવચ્છેદથી અજ્ઞત્વાદિની કલ્પના કરવામાં આવે છે અને ઈશ્વરત્વના અવચ્છેદથી અજ્ઞત્વાદિના અભાવની કલ્પના કરવામાં આવે છે, તેમ આનંદત્વના અવચ્છેદથી તેને આવૃત કલ્પી શકાશે અને ચિત્ત્વના અવચ્છેદથી અહંકારાદિના અવભાસક ચૈતન્યમાં આવરણનો અભાવ ફળબળે કલ્પી શકાશે તેથી કોઈ વિરોધ નથી. જીવત્વાદિની જેમ ચિત્ત્વ, આનંદત્વ જેવાં ભિન્ન રૂપ પણ અવિદ્યાથી કલ્પિત તરીકે માન્યાં છે તેથી અદ્વૈતનો વિરોધ નથી એવો અર્થ છે

ફરી શંકા થાય કે આ વાત બરાબર હોય તો પણ આનંદ પ્રકાશતો હોવા છતાં પણ આવૃત છે એમ માનવામાં વિરોધ છે: કારણ કે પ્રકાશ આવરણનો વિરોધી છે. આનું સમાધાન કરતાં કહ્યું છે કે સ્વરૂપપ્રકાશ આવરણનો નિવર્તક નથી; પણ આગન્તુક (ઉત્પાદ્ય) એવો વૃત્તિરૂપ પ્રકાશ આવરણના વિરોધી તરીકે કલ્પ્યો છે. આ દૃષ્ટિએ વિચારતાં प्रकाशमानोऽपि એ વિશેષણ સ્વરૂપપ્રકાશ આવરણનો વિરોધી નથી એમ જણાવવા માટે તેમ જ નિરુપાધિક પ્રેમનો સંભવ જણાવવા માટે છે એમ સમજવું જોઈએ કારણ કે આ બન્ને બાબત જાણવી જરૂરી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્વરૂપપ્રકાશ આવરણનો વિરોધી નથી એમ બતાવવા બીજી દલીલ રજૂ કરી છે. 'તમે કહેલો અર્થ હું જાણતો નથી'— કોઈ આપ્ત પુરુષ ઉપદેશ આપે કે "વેદાંતથી પ્રતિપાદિત પરમાત્મા શ્રીકૃષ્ણ જ છે અને એ અસંયમીઓથી જાણી શકાતા નથી". પણ મંદબુદ્ધિવાળા શિષ્યને વાક્યાર્થનું જ્ઞાન થતું નથી. તે 'તમે કહેલ અર્થ હું જાણતો નથી' એમ અજ્ઞાનનો અનુભવ કરે છે એ લોકમાં જાણીતું છે. શિષ્યનું તાત્પર્ય એ છે કે 'તમારા વાક્યનો કોઈ અર્થ છે એ હું જાણું છું કારણ કે એ આપ્તનું વાક્ય છે. પણ તેને વિશેષરૂપે હું જાણતો નથી.' આમ વાક્યાર્થ પ્રકારનો સામાન્યાકાર જ્ઞાત છે. અને તે જ વિશેષના આવરક અજ્ઞાનના વિષય તરીકે પ્રકાશે છે. અને આમ 'તમે કહેલો અર્થ હું જાણતો નથી' એ અનુભવમાં અજ્ઞાનના વિશેષણ તરીકે પ્રકાશતો સામાન્યાકાર આવરણનો વિષય નથી.

વિશેષ જે આવરણનો વિષય છે તે પ્રકાશમાન નથી, તેથી પ્રકાશમાન હોવા છતાં આવૃત હોઈ શકે એ બાબતમાં આ અનુભવ પ્રમાણ નથી એવી શંકા થાય તો તેના જવાબમાં કહ્યું છે કે અનાવૃત સામાન્યના અવચ્છેદથી વિશેષના આવરણનો જ અનુભવ થાય છે એમ માનવું બરાબર નથી. એકનું આવરણ કરનાર અજ્ઞાન અન્યના અવચ્છેદથી પ્રકાશે છે એમ સ્વીકારવામાં આવે તો 'હું ચૈત્રને જાણતો નથી' એમ અનુભવાતું અજ્ઞાન વિષ્ણુમિત્રવિષયક તરીકે પ્રસક્ત થાય. ગમે તેનું અજ્ઞાન ગમે તેને વિષય બનાવી શકે એવો પ્રસંગ —અતિપ્રસંગ—આવશે. પૂર્વપક્ષી કહે છે કે આવું નહિ બને કારણ કે સામાન્ય–વિશેષભાવ નિયામક બનશે. વિશેષનું આવરણ કરનાર અજ્ઞાનનો અવચ્છેદ સામાન્યથી થશે, અન્યથી નહિ; ચૈત્ર અને વિષ્ણુમિત્રમાં સામાન્ય–વિશેષભાવ નથી તેથી આ પ્રસંગ નહિ આવે. આનો ઉત્તર આપતાં સિદ્ધાન્તી પૂછે છે કે સામાન્ય–વિશેષભાવ એ વ્યાપ્યવ્યાપકભાવ જ છે કે તેનાથી જુદો છે. તે જુદો હોઈ શકે નહિ કારણ કે તેનું નિરૂપણ થઈ શકતું નથી. જો એ વ્યાપ્યવ્યાપકભાવ જ છે એમ માનીએ તો વહ્નિના અજ્ઞાનના અનુભવમાં ધૂમનું આવરણ કરનાર અજ્ઞાનના અનુભવનો પ્રસંગ થાય. તેથી અજ્ઞાનના અનુભવમાં અજ્ઞાનના વિશેષણ તરીકે જે વસ્તુ પ્રકાશે તે જ આવરણનો વિષય છે એમ માનવું જોઈએ. એકનું આવરણ કરનાર અજ્ઞાન અન્યથી અવચ્છિન્ન તરીકે ભાસી શકે નહિ.

**શંકા** : આનંદ આવૃત હોય તો વિષયસંપર્કની દશામાં ખાસ કરીને આનંદનો પ્રકાશ ન થવો જોઈએ.

**ઉત્તર** : અજ્ઞાન તે તે સુખરૂપવૃત્તિથી વિષયીકૃત આનંદનું આવરણ નથી કરતું.

**શંકા** : વૃત્તિને આવરણનો અભિભવ કરનાર તરીકે સ્વીકારવામાં આવે છે તો પછી અજ્ઞાન સુખવૃત્તિથી વિષયીકૃત આનંદનું આવરક નથી એમ કેવી રીતે કહેવાય?

**ઉત્તર** : વૃત્તિકૃત આવરણાભિભવ એ સુખવૃત્તિવિષયત્વ–પ્રયુક્ત અનાવરકત્વરૂપ જ છે.

**શંકા** : સુખરૂપવૃત્તિ એકરૂપ છે તેથી તેનાથી કરવામાં આવેલો આવરણાભિભવ પણ એકરૂપ જ હોવો જોઈએ. અને આમ હોય તો વિષય સાથેના સંબંધની દશામાં આનંદ એકરૂપ તરીકે જ પ્રકાશવો જોઈએ, ઉત્કૃષ્ટ-અપકૃષ્ટરૂપે તરતમભાવથી નહિ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉત્તર–: ઉષાકાળમાં સૂર્યના પ્રકાશના તારતમ્ય પ્રમાણે બાહ્ય અંધકારનો તારતમ્ય-પ્રયુક્ત અભિભવ થાય છે, તેથી તે અંધકારથી આવૃત પદાર્થોનું તારતમ્યભાવપ્રયુક્ત પ્રકાશન થાય છે. એ જ રીતે વિષયવિશેષરૂપ કારણવિશેષરૂપથી પ્રયુક્ત જે વૃત્તિઓમાં ઉત્કર્ષ-તારતમ્યરૂપ વિશેષ છે તેને લીધે તરતમભાવયુક્ત આવરણાભિભવ થાય છે. તેથી આનંદ પણ તરતમભાવથી યુક્ત તરીકે પ્રકાશે છે.

શંકા : આમ હોય તો આનંદ એક માન્યો હોવા છતાં સ્વરૂપાનંદ આદિ ભેદ કેવી રીતે માન્યા છે?

ઉત્તર : આનંદ વસ્તુતઃ એક જ છે તેમ છતાં તેમાં ઉપાધિપ્રયુક્ત ભેદ માનવામાં આવ્યા છે. જેમ કે વિદ્યાથી આવરણની નિવૃત્તિ થતાં પ્રકાશતો આનંદ તે સ્વરૂપાનંદ; આવરણની નિવૃત્તિ ન થઈ હોય તે દશામાં વૃત્તિ સાથેના સંબંધને કારણે પ્રકાશતો આનંદ તે વિષયાનંદ એવો સ્વરૂપાનંદ અને વિષયાનંદનો ભેદ સમજવો. તે પ્રમાણે વૃત્તિના ભેદ પ્રમાણે આનંદનો ભેદ માન્યો છે તેથી વિષયાનંદો એકબીજાથી ભિન્ન હોઈ શકે છે.

પણ એ ધ્યાનમાં રાખવું જોઈએ કે અહંકારાદિ કેવળ સાક્ષીથી ભાસ્ય છે તેથી સ્વરૂપાનંદને અનાવૃત માનીએ કે આવૃત માનીએ ગમે તે મતમાં સાક્ષિ–ચૈતન્ય અનાવૃત હોવાથી આવરણના અભિભવ માટે તેને કોઈ વૃત્તિની અપેક્ષા રહેતી નથી અને સાક્ષિ-ચૈતન્યથી જ અહંકારાદિનું પ્રકાશન થાય છે એ બન્ને પક્ષમાં સમાન છે. (૧૬)

## (१७) नन्वेवं कथमहङ्कारादीनामनुसन्धानम् । ज्ञानसूक्ष्मावस्थारूपस्य संस्कारस्य ज्ञाने सत्ययोगेन नित्येन साक्षिणा तदाधानासम्भवात् ।

શંકા થાય કે આમ હોય તો અહંકારાદિનું અનુસંધાન કેવી રીતે થાય? —કારણ કે જ્ઞાન હોય ત્યારે જ્ઞાનની સૂક્ષ્મ અવસ્થારૂપ સંસ્કારનો સંભવ નહીં હોવાથી નિત્ય સાક્ષીથી તેનું ઉત્પાદન સંભવે નહિ.

વિવરણ : ઉપર જણાવેલા સિદ્ધાંતની સામે શંકા રજૂ કરી છે. કોઈ વસ્તુનો અનુભવ થયો હોય તો એ અનુભવ સંસ્કાર ઉત્પન્ન કરે અને એ સંસ્કારથી સ્મૃતિ ઉત્પન્ન થઈ શકે. સિદ્ધાન્તમાં સંસ્કારને અનુભવના નાશરૂપ અર્થાત્ અનુભવની સૂક્ષ્મ અવસ્થારૂપ માન્યો છે. તેથી જો અહંકારાદિના અવભાસ માટે સાક્ષીને વૃત્તિની અપેક્ષા ન રહેતી હોય તો સાક્ષી નિત્ય હોઈને અહંકારાદિનો અનુભવ ચાલુ જ રહેવાનો અર્થાત્ આ અનુભવનો નાશ કે તેની સૂક્ષ્માવસ્થા અર્થાત્ સંસ્કાર સંભવશે નહિ અને તેને લીધે અહંકારાદિનું અનુસંધાન, કે સ્મૃતિ સંભવશે નહિ. આમ અહંકારાદિથી અવચ્છિન્ન સાક્ષિ-ચૈતન્ય અનાવૃત હોવાથી આવરણના અભિભવને માટે તેને વૃત્તિની અપેક્ષા ન હોય તો પણ સંસ્કારને માટે તો તેની અપેક્ષા માનવી જ પડશે અને આમ હોય તો અહંકારાદિ કેવળ સાક્ષિ-ભાસ્ય છે એ સિદ્ધાન્તનો બાધ થશે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अत्र केचिदाहुः—स्वसंसृष्टेन साक्षिणा सदा भास्यमानोऽहंकारस्तत्तद्घटादिविषयवृत्त्याकारपरिणतस्वावच्छिन्नेनापि साक्षिणा भास्यते इति तस्यानित्यत्वात् सम्भवति संस्काराधानं घटादौ विषये इव । न हि स्वाकारवृत्त्यवच्छिन्नसाक्षिणैव स्वगोचरसंस्काराधानमिति नियमोऽस्ति । तथा सति वृत्तिगोचरसंस्कारासम्भवेन वृत्तेरस्मरणप्रसङ्गात् । अनवस्थापत्त्या वृत्तिगोचरवृत्त्यन्तरस्यानुव्यवसायनिरसनेन निरस्तत्वात् । किं तु यद्वृत्त्यवच्छिन्नचैतन्येन यत् प्रकाशते तद्वृत्त्या तद्गोचरसंस्काराधानमित्येव नियमः । एवं च ज्ञानसुखादयोऽप्यन्तःकरणवृत्तयः तप्तायःपिण्डाद् व्युच्चरन्तो विस्फुलिङ्गा इव स्वावच्छिन्नेन वह्निनेव स्वस्वावच्छिन्नेनानित्येन साक्षिणा भास्यन्ते इति युक्तं तेष्वपि संस्काराधानम् । यत्तु—

घटैकाकारधीस्था चिद् घटमेवावभासयेत् ।
घटस्य ज्ञातता ब्रह्मचैतन्येनावभासते ॥ [कूटस्थदीप, ४]

इति कूटस्थदीपोक्तो विषयविशेषणस्य ज्ञानस्य विषयावच्छिन्नब्रह्मचैतन्यावभास्यत्वपक्षः । यश्च तत्त्वप्रदीपिकोक्तो ज्ञानेच्छादीनामनवच्छिन्नशुद्धचैतन्यरूपनित्यसाक्षिभास्यत्वपक्षः, तयोरपि चैतन्यस्य स्वसंसृष्टापरोक्षरूपत्वाद् वृत्तिसंसर्गोऽवश्यं वाच्य इति तत्संसृष्टानित्यरूपसद्भावान्न तेषु संस्काराधाने काचिदनुपपत्तिरिति ।

આ બાબતમાં કેટલાક કહે છે : પોતાની (અર્થાત્ અહંકારની) સાથે સંબદ્ધ સાક્ષીથી ભાસિત કરાતો અહંકાર તે તે ઘટ આદિ વિષયક વૃત્તિના આકારે પરિણત પોતાથી (અહંકારથી) અવચ્છિન્ન સાક્ષીથી પણ ભાસિત કરાય છે. તેથી તે (ઘટાદિવિષયક વૃત્તિથી અવચ્છિન્ન સાક્ષિ-ચૈતન્ય) અનિત્ય હોવાથી ઘટાદિ વિષયની બાબતમાં સંસ્કારાધાનની જેમ અહંકારની બાબતમાં સંસ્કારનું આધાન (ઉત્પાદન) સંભવે છે. એવો નિયમ નથી કે પોતાના આકારવાળી વૃત્તિથી અવચ્છિન્ન સાક્ષીથી જ પોતાને વિષે સંસ્કારનું ઉત્પાદન થાય, કારણ કે તેમ હોય તો વૃત્તિવિષયક સંસ્કારનો સંભવ ન હોવાથી વૃત્તિનું સ્મરણ ન થવું જોઈએ;— કારણ કે અનવસ્થા આવી પડતી હોવાથી વૃત્તિવિષયક બીજી વૃત્તિનો અનુવ્યવસાયના નિરાસથી નિરાસ થઈ ગયો છે. પણ જે વૃત્તિ (અર્થાત્ જે વસ્તુવિષયક વૃત્તિ)થી અવચ્છિન્ન ચૈતન્યથી જે પ્રકાશે છે તે વૃત્તિથી (તે વસ્તુવિષયક વૃત્તિથી) તેને વિષે સંસ્કારનું ઉત્પાદન થાય છે એ જ નિયમ છે. અને આમ તપેલા લોખંડના પિંડમાંથી નીકળતા વિસ્ફુલિંગ જેમ પોતાથી (વિસ્ફુલિંગથી)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અવચ્છિન્ન વહ્નિથી પ્રકાશિત થાય છે તેમ જ્ઞાન, સુખ વગેરે અન્તઃકરણની વૃત્તિઓ સ્વ–સ્વાવચ્છિન્ન (પોતપોતાથી અવચ્છિન્ન) અનિત્ય સાક્ષીથી પ્રકાશિત થાય છે તેથી તેમની બાબતમાં પણ સંસ્કારનું આધાન યુક્ત છે. પણ જે—

"એક ઘટના આકારવાળી બુદ્ધિમાં રહેલ ચિત્ (ચિદાભાસ) ઘટને જ પ્રકાશિત કરે; ઘટનો જ્ઞાતતા બ્રહ્મચૈતન્યથી પ્રકાશિત થાય છે"—

એમ કૂટસ્થદીપમાં કહેલો પક્ષ કે વિષયનું વિશેષણરૂપ જ્ઞાન વિષયથી અવચ્છિન્ન બ્રહ્મચૈતન્યથી પ્રકાશિત થાય છે; અને જે તત્ત્વપ્રદીપિકામાં કહેલો પક્ષ કે જ્ઞાન, ઇચ્છા વગેરે અનવચ્છિન્ન શુદ્ધ ચૈતન્યરૂપ નિત્ય સાક્ષીથી પ્રકાશિત થાય છે, તે બન્નેમાં પણ ચૈતન્ય સ્વસંસૃષ્ટના અપરોક્ષજ્ઞાન રૂપ હોવાથી વૃત્તિનો સંસર્ગ અવશ્ય માનવો પડશે. તેથી તેનાથી (જ્ઞાન ઇચ્છાદિ વૃત્તિથી) સંસૃષ્ટ (સાક્ષી) અનિત્યરૂપ હોવાથી તેમનામાં સંસ્કારના આધાનમાં કોઈ અનુપપત્તિ નથી.

**વિવરણ** : ઉપરની શંકાનું સમાધાન કરતાં અહીં એવી રજૂઆત કરી છે કે અહંકારાદિ વિષયક વૃત્તિ વિના જ સંસ્કારની ઉપપત્તિ છે તેથી સિદ્ધાન્તનો વિરોધ નથી. અહંકાર જેમ પોતાથી (અહંકારથી) અવચ્છિન્ન સાક્ષીથી પ્રકાશિત થઈ શકે છે તેમ ઘટપટાદિ વિષય અંગેની વૃત્તિથી અવચ્છિન્ન સાક્ષીથી પણ પ્રકાશિત થઈ શકે છે. તેથી તે (અર્થાત્ ઘટાદિ અંગેની વૃત્તિથી અવચ્છિન્ન સાક્ષિ–ચૈતન્ય અનિત્ય હોવાથી જેમ ઘટાદિ વિષયની બાબતમાં સંસ્કારનું આધાન સંભવે છે તેમ તે જ વૃત્તિથી અવચ્છિન્ન સાક્ષિચૈતન્યથી જ અહંકારાદિની બાબતમાં પણ સંસ્કારનું આધાન સંભવે છે તેથી અહંકારાદિવિષયક વૃત્તિની અપેક્ષા નથી એવો ભાવ છે.

**શંકા** : અહંકારથી વ્યતિરિક્ત ઘટાદિની બાબતમાં સર્વત્ર આપણે જોઈએ છીએ કે વિષયાકાર (ઘટાદિ આકારવાળી) વૃત્તિથી અવચ્છિન્ન ચૈતન્યથી જ ઘટાદિ વિષયક સંસ્કારનું આધાન થાય છે. તેથી એવો નિયમ તારવી શકાય કે પોતાને વિષેની વૃત્તિથી જ પોતાને વિષે સંસ્કારનું આધાન થાય છે. તો અહંકાર માત્રની બાબતમાં જ કેમ શકય બને કે અન્ય વિષયક વૃત્તિથી અહંકારવિષયક સંસ્કારનું આધાન થાય?

**ઉત્તર** : સ્વાકાર વૃત્તિથી અવચ્છિન્ન સાક્ષીથી જ પોતાને વિષે સંસ્કારનું આધાન થાય છે એવો નિયમ નથી, કારણ કે તેને માટે કોઈ પુરાવો નથી અને તે પ્રયોજક નથી, ઊલટું એવો નિયમ હોય તો વૃત્તિવિષયક સંસ્કાર સંભવતો ન હોવાથી વૃત્તિની સ્મૃતિ સંભવશે નહિ. જ્ઞાનરૂપ વૃત્તિના સંસ્કારાદિને માટે વૃત્તિવિષયક અન્ય વૃત્તિ માનીએ તો અનવસ્થાનો દોષ આવી પડશે. ઘટાદિ વિષયક વૃત્તિના સ્મરણની સિદ્ધિ માટે એ વૃત્તિવિષયક બીજી વૃત્તિ સ્વીકારવામાં આવે તો એ બીજી વૃત્તિના સ્મરણને માટે એ બીજી વૃત્તિવિષયક ત્રીજી વૃત્તિ પણ માનવી પડે અને આમ તે તે વૃત્તિવિષયક વૃત્તિ માનવી પડે તેથી અનવસ્થાનો પ્રસંગ થાય

**શંકા** : બીજી ત્રીજી આદિ વૃત્તિઓમાંથી કેટલીક અજ્ઞાત હોઈને જ નાશ પામે છે એમ માની શકાય તેથી અનવસ્થાનો પ્રસંગ નહીં થાય.

**ઉત્તર** : ઉત્પન્ન થયેલી વૃત્તિનું જ્ઞાન થવું જ જોઈએ. નહીં તો ઘટાદિ આકારવાળી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વૃત્તિ હાજર હોય ત્યારેય 'કદાચ મને એનું જ્ઞાન થાય છે, કે નથી થતું' એવા સંશયનો પ્રસંગ થાય; અને ઘટાદિવૃત્તિના નાશ પછી 'મને એનું જ્ઞાન થયું કે નહિ' એવા સંશયનો પ્રસંગ થાય. તેથી વૃત્તિનું જ્ઞાન થાય છે એમ તો માનવું જ જોઈએ. અને વૃત્તિનું વૃત્તિથી જ જ્ઞાન થાય છે એ પક્ષમાં અનવસ્થાનો દોષ આવી જ પડશે. આ જ દલીલ કરીને ન્યાયને માન્ય અનુવ્યસાય (–'હું ઘટને જાણું છું' એ ઘટ–જ્ઞાનનું પ્રત્યક્ષજ્ઞાન–)નું ખંડન વેદાંતગ્રંથોમાં કરવામાં આવ્યું છે.

આમ, સ્વગોચર વૃત્તિથી જ સ્વગોચર સંસ્કારનું આધાન થાય છે એવો નિયમ નથી કારણ કે વૃત્તિની બાબતમાં તેનો સંભવ નથી. પણ આનો અર્થ એવો નથી થતો કે ઘટ-ગોચર વૃત્તિથી પટાદિને વિષે સંસ્કારનું આધાન શકય થવું જોઈએ. નિયમ એ છે કે જે વસ્તુવિષયક વૃત્તિથી અવચ્છિન્ન ચૈતન્યથી જેટલા પદાર્થો પ્રકાશે છે, એ વસ્તુવિષયક વૃત્તિથી તેટલા પદાર્થોને વિષે સંસ્કારનું આધાન થાય છે; અને ઘટગોચર વૃત્તિથી અવચ્છિન્ન ચૈતન્યમાં પટાદિ પ્રકાશિત થતાં નથી તેથી તેમને વિષે સંસ્કારના આધાનનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પણ સ્વગોચરવૃત્તિથી જ સ્વગોચર સંસ્કારનું આધાન થાય એવો નિયમ નથી.

**શંકા** : ઘટાદિવૃત્તિથી અવચ્છિન્ન ચૈતન્યમાં ઘટાદિનું પ્રકાશન થાય એ વાત નિર્વિવાદ છે. ત્યાં ચૈતન્યમાં અહંકારનું પણ પ્રકાશન થાય છે એ અગાઉ બતાવ્યું. તે પ્રમાણે ઘટાદિ વૃત્તિથી અહંકારની બાબતમાં પણ ભલે સંસ્કારનું આધાન થાય. તો પણ ઘટાદિરૂપ વૃત્તિનું પોતાથી અવચ્છિન્ન (સ્વાવચ્છિન્ન) ચૈતન્યમાં પ્રકાશન અસિદ્ધ છે તેથી તે પોતાને વિષે સંસ્કારને ઉત્પન્ન કરી શકશે નહિ. તેમ સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ આદિ જે અહંકારના ધર્મો છે તેમનો ઘટાદિવૃત્તિથી અવચ્છિન્ન ચૈતન્યમાં પ્રકાશનનો પ્રસંગ નથી થતો તેથી તે વૃત્તિથી સુખાદિને વિષે સંસ્કારનું આધાન ન થાય. કોઈ દલીલ કરે કે સુખાદિરૂપ વૃત્તિઓને વિષે ઘટાદિવૃત્તિથી ભલે સંસ્કારનું આધાન ન થાય તો પણ સુખદુઃખાદિવિષયક અન્તઃકરણવૃત્તિ-ઓથી જ સુખાદિરૂપ વૃત્તિઓની બાબતમાં સંસ્કારનું આધાન ભલે થાય, કારણ કે જ્ઞાનરૂપ ઘટાદિવૃત્તિઓને વિષે સંસ્કારના આધાનને માટે બીજી વૃત્તિ માનવામાં થાય છે તેમ અન-વસ્થાનો પ્રસંગ નહિ થાય—તો આ દલીલ બરાબર નથી. સુખદુઃખાદિવિષયક વૃત્તિ માનવામાં આવે તો એ જ્ઞાનરૂપ માનવામાં આવશે કે ઇચ્છાદિવૃત્તિની જેમ ક્રિયાદિરૂપ. એ જ્ઞાનરૂપ હોઈ ન શકે, કારણ કે જ્ઞાનરૂપ વૃત્તિનું ઉત્પાદક કારણ નથી—મન જ્ઞાનનું કરણ છે એ મતનું આગળ ખંડન કરવામાં આવશે. જો તેને ક્રિયારૂપ માનવામાં આવે તો તે વૃત્તિના પણ સંસ્કારના આધાનને માટે તેને વિષેની બીજી વૃત્તિ માનવી પડશે અને એ જ અનવસ્થા પ્રાપ્ત થશે. તેથી જ્ઞાનરૂપ ઘટાદિવૃત્તિને વિષે, તેમ જ જ્ઞાનથી ભિન્ન એવી સુખદુઃખાદિરૂપ વૃત્તિઓને વિષે સંસ્કારનું આધાન કેવી રીતે થશે ?

**ઉત્તર** : ઉપર કહ્યો છે તે નિયમ છે તેથી અન્તઃકરણમાં જે જે વૃત્તિઓ ઉત્પન્ન થાય—પછી તે જ્ઞાનરૂપ હોય કે તેનાથી ભિન્ન હોય—તે બધી સ્વસ્વાવચ્છિન્ન (પોતપોતાથી અવચ્છિન્ન) નિત્ય ચૈતન્યથી પ્રકાશિત થાય છે. અને આમ ચૈતન્ય નિત્ય હોવા છતાં તેનાથી ભાસ્ય તરીકે તથા તેના અવચ્છેદક તરીકે ઉત્પન્ન થતા અહંકારના ધર્મો અનિત્ય હોવાથી તે ધર્મથી વિશિષ્ટ અને તે તે ધર્મના અવભાસક ચૈતન્યના નાશરૂપ તે ધર્મવિષયક સંસ્કાર સંભવે છે; તેથી જ્ઞાનસુખાદિની બાબતમાં સંસ્કારની અનુપપત્તિ નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૂટસ્થદીપમાં એવો મત રજૂ કર્યો છે કે ઘટાકાર બુદ્ધિમાં રહેલ ચિત્, ચિદાભાસ અર્થાત્ ઘટાકારવૃત્તિમાં પ્રતિબિંબરૂપ ઘટજ્ઞાન ઘટને જ પ્રકાશિત કરે છે; પણ ઘટની જ્ઞાતતાને પ્રકાશિત નથી કરતું. જ્ઞાતતા એટલે જ્ઞાનવિષયત્વ, અર્થાત્ વિષયતા સંબંધથી વિષયનિષ્ઠ જ્ઞાન; તે જ્ઞાન વિષયનું વિશેષણ છે કારણ કે ज्ञातः घटः એવો અનુભવ થાય છે. ઘટની જ્ઞાતતા (વિષયાવચ્છિન્ન) બ્રહ્મચૈતન્યથી પ્રકાશિત થાય છે. અને તત્ત્વપ્રદીપિકામાં એવો મત રજૂ કર્યો છે કે જ્ઞાન, ઇચ્છા વગેરે અનવચ્છિન્ન શુદ્ધ ચૈતન્યરૂપ નિત્ય સાક્ષીથી પ્રકાશિત થાય છે.

શંકા થાય કે આ બન્ને પક્ષોમાં જ્ઞાન, ઇચ્છાદિને પ્રકાશિત કરનાર ચૈતન્ય નિત્ય હોવાથી જ્ઞાન, ઇચ્છાદિને વિષે સંસ્કાર કેવી રીતે શક્ય બનશે. એવી દલીલ નહીં કરી શકાય કે અગાઉ કહેલી રીતથી જ્ઞાન, ઇચ્છાદિ વૃત્તિ સ્વસ્વાવચ્છિન્ન સાક્ષિચૈતન્યથી પ્રકાશિત થાય છે એ વાત ધ્યાનમાં રાખીને આ બન્ને પક્ષમાં પણ સંસ્કારનું આધાન શક્ય છે. આ દલીલ બરાબર નથી, કારણ કે ઘટાદિવિષયક વૃત્તિપ્રતિબિંબરૂપ જ્ઞાન જેને જ્ઞાતતા કહેવામાં આવે છે તે તે વૃત્તિથી અનવચ્છિન્ન વિષયાધિષ્ઠાનરૂપ બ્રહ્મચૈતન્યથી પ્રકાશિત થાય છે એ વચન સાથે તેનો વિરોધ છે. તેમ બીજા પક્ષમાં જ્ઞાન, ઇચ્છાદિ વૃત્તિઓ અનવચ્છિન્ન સાક્ષીથી પ્રકાશિત થાય છે એ વચન સાથે વિરોધનો પ્રસંગ થાય. તો આ બન્ને પક્ષોમાં સંસ્કારનું આધાન કેવી રીતે થાય ?

આનો ઉત્તર એ છે કે વિષયાવચ્છિન્ન બ્રહ્મચૈતન્ય જ્ઞાતતાને પ્રકાશિત કરે છે એ મતમાં બ્રહ્મચૈતન્યને જ્ઞાતતાના અપરોક્ષજ્ઞાનરૂપ જ માનવામાં આવે છે, કારણ કે 'ज्ञातोऽयं घटः' એમ જ્ઞાતતાના અપરોક્ષત્વનો અનુભવ થાય છે. અનવચ્છિન્ન શુદ્ધ ચૈતન્ય પણ ઇચ્છા, જ્ઞાન આદિના અપરોક્ષ જ્ઞાનરૂપ જ માનવામાં આવે છે, કારણ કે ઇચ્છાદિ વૃત્તિઓના પણ અપરોક્ષત્વનો અનુભવ થાય છે. અને આમ અપરોક્ષજ્ઞાનરૂપ દ્વિવિધ ચૈતન્યનો પોતાના વિષયભૂત જ્ઞાન, ઇચ્છાદિ સાથે સંસર્ગ અવશ્ય થવો જ જોઈએ; કારણ કે અપરોક્ષજ્ઞાન પોતાના તાદાત્મ્યાપન્ન વિષયના અનુભવરૂપ છે એવો નિયમ છે. તેથી પોતાના વિષયભૂત જ્ઞાન, ઇચ્છાદિના નાશ સમયે જ્ઞાનાદિથી વિશિષ્ટરૂપે દ્વિવિધ ચૈતન્યના પણ નાશરૂપ સંસ્કાર ઉપપન્ન બનશે એવો ભાવ છે.

**अन्ये तु सुषुप्तावप्यविद्याद्यनुसन्धानसिद्धये कल्पितामविद्यावृत्तिमहमाकारामङ्गीकृत्याहमर्थे संस्कारमुपपादयन्ति । न चास्मिन् पक्षे 'एतावन्तं कालमिदमहं पश्यन्नेवासम्' इति अन्यज्ञानधाराकालीनाहमर्थानुसन्धानानुपपत्तिः । अवच्छेदकभेदेन सुखदुःखयौगपद्यवद् वृत्तिद्वययौगपद्यस्याप्यविरोधेनान्यज्ञानधाराकालेऽपि अहमाकाराविद्यावृत्तिसन्तानसम्भवादिति ।**

જ્યારે બીજા સુષુપ્તિમાં પણ અવિદ્યા આદિના અનુસન્ધાનની સિદ્ધિને માટે કલ્પિત અવિદ્યાવૃત્તિને અહમ્-આકાર માનીને અહમર્થની બાબતમાં સંસ્કારનું ઉપપાદન કરે છે (સંસ્કારનો સંભવ બતાવે છે) [કૃષ્ણાનંદતીર્થની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વ્યાખ્યા પ્રમાણે ભાષાન્તર આમ હોવું જોઈએ —(ઊંઘમાંથી) ઊઠેલાની બાબતમાં અવિદ્યા આદિનું અનુસંધાન સિદ્ધ થાય તે માટે સુષુપ્તમાં કલ્પિત અવિદ્યાદિ વિષયક અવિદ્યાદિવૃત્તિની જેમ અહમ્-આકાર અવિદ્યાવૃત્તિને માનીને અહમર્થની બાબતમાં સંસ્કારનું ઉપપાદન કરે છે].

અને આ પક્ષમાં 'આટલો વખત હું આ જોતો જ રહ્યો' એમ અન્યના જ્ઞાનની ધારા વખતે અહમર્થનું અનુસંધાન અનુપપન્ન નહિ બને (—અનુપપન્ન બનશે એવી શંકા કરવી નહિ)—કારણ કે અવચ્છેદકભેદથી જેમ સુખ અને દુઃખ એક સાથે થાય છે તેમ બે વૃત્તિઓ સાથે થાય તેમાં વિરોધ નથી તેથી અન્યના જ્ઞાનની ધારાના સમયે પણ અહમાકાર અવિદ્યાવૃત્તિની સંતતિ (પ્રવાહ) સંભવે છે.

**વિવરણ** : જો સ્વગોચર વૃત્તિથી જ સ્વસંસ્કારનું ઉત્પાદન થાય છે એમ જ કહેવું હોય તો પણ અનુપપત્તિ નથી, કારણ કે અહંકાર અને તેના ધર્મોને વિષય કરનારી અવિદ્યાવૃત્તિઓથી સંસ્કારના આધાનનો સંભવ છે. વૃત્તિવિષયક વૃત્તિ માનવાથી અગાઉ કહેલ અનવસ્થા દોષ આવી પડશે એવી શંકા કરવી નહિ, કારણ કે અવિદ્યાવૃત્તિઓ અનુભવને યોગ્ય નથી તેથી તેમને વિષે જ્ઞાનને માટે કે સંસ્કારને માટે જ્ઞાન, ઇચ્છા આદિના અનુભવકાળે બીજી અવિદ્યાવૃત્તિઓ માનવામાં આવતી નથી. સુષુપ્તિમાં અવિદ્યાવૃત્તિઓ સંસ્કાર ઉત્પન્ન કરે છે એ માનવામાં આવે છે તેથી આમાં ગૌરવ દોષ નથી. આવા આશયથી બીજો મત અહીં રજૂ કર્યો છે.

**કૃષ્ણાનંદતીર્થને અપ્પય્યદીક્ષિત**ની શબ્દ-રચના રુચી નથી—"મૂળમાં શબ્દો જેમ વંચાય છે તેમ તો એવી ભ્રાન્તિ થાય કે સુષુપ્તિમાં જે અવિદ્યાદિનું અનુસંધાન છે તેની સિદ્ધિને માટે; તથા સુષુપ્તિમાં કલ્પિત વૃત્તિને જ અહંકાર માની છે." તેમણે શબ્દોની યોજના કરી છે તે પ્રમાણે ઉપર અર્થ આપ્યો છે. 'અવિદ્યાદિ' માં 'આદિ' પદથી સુખ અને સુષુપ્તિનો સંગ્રહ કર્યો છે. 'सुखमहमस्वाप्सं न किंचिदवेदिषम्'—'હું સુખે સૂતો; મેં કંઈ જાણ્યું નહિ'—એમ સુષુપ્તિકાલીન સુખ, સુષુપ્તિ અને અવિદ્યાનું ઊંઘમાંથી ઊઠ્યા પછી અનુસંધાન થતું જોવામાં આવે છે. તત્કાલીન અવિદ્યાદિ-અનુભવ નિત્ય સાક્ષીરૂપ હોવાથી તેના અવિદ્યા-વૃત્તિરૂપ અવચ્છેદકની કલ્પના કરવામાં ન આવે તો સંસ્કાર ન સંભવે અને તેથી ઉપર કહેલ અનુસંધાનના અભાવનો પ્રસંગ થાય.

**શંકા** : અજ્ઞાન, અહંકારાદિ વિષયક અવિદ્યાવૃત્તિ માનવામાં આવે તો તે અજ્ઞાનાદિ કેવલ સાક્ષીથી વેદ્ય છે એ સિદ્ધાન્તનો બાધ થાય.

**ઉત્તર** : ના, નહીં થાય. અવિદ્યાવૃત્તિઓ માનેલાં જ્ઞાનનાં કરણોથી ઉત્પન્ન થતી નથી તેથી તે જ્ઞાનાત્મક વૃત્તિ નથી. કેવલ સાક્ષી એટલે જ્ઞાનાત્મક વૃત્તિથી અનુપહિત સાક્ષી. (અહમર્થની વાત કરી છે ત્યાં તેના ધર્મોનો પણ સંગ્રહ કરવો જોઈએ કારણ કે તુલ્ય ન્યાયે અહમર્થના ધર્મોની બાબતમાં પણ અવિદ્યાવૃત્તિઓથી સંસ્કારનું ઉપપાદન કર્યું છે એમ વિચારવું જોઈએ.)

**શંકા** : આ પક્ષમાં અન્યના જ્ઞાનની ધારા ચાલતી હોય ત્યારે અહમર્થાદિવિષયક અવિદ્યાવૃત્તિનો સંભવ ન હોવાથી અહમર્થાદિની બાબતમાં સંસ્કાર ઉત્પન્ન ન કરી શકાય;

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કારણ કે અન્યજ્ઞાનની ધારા વખતે અવિદ્યાવૃત્તિઓને પણ માનવામાં આવે તો એક સાથે બે વૃત્તિઓ માનવી પડે જે યુક્ત નથી.

**ઉત્તર** : અવિદ્યાવૃત્તિઓથી સંસ્કારનું આધાન થાય છે એ પક્ષમાં અન્યના જ્ઞાનની ધારા વખતે અહમર્થાદિના અનુસંધાનની ઉપપત્તિ છે. 'માથામાં વેદના, પગમાં સુખ' એમ અવચ્છેદક ભેદથી જેમ સુખ અને દુઃખનો સાથે અનુભવ થાય છે એમ જોઈએ છીએ તેમ અન્યના જ્ઞાનની ધારાના કાળમાં પણ અન્ય વસ્તુ વિષયક અન્તઃકરણવૃત્તિ અને અહમર્થવિષયક અવિદ્યાવૃત્તિ એમ બે વૃત્તિઓ એક સાથે પ્રમાતામાં અવચ્છેદકભેદથી હોય તો તેમાં કોઈ વિરોધ નથી.

**શંકા** : અવિદ્યાવૃત્તિના સંતાનની વાત કરી છે એ બરાબર નથી. અન્યજ્ઞાનની ધારાના કાળમાં એક જ અવિદ્યાવૃત્તિ છે એમ કહી શકાય, કારણ કે ભિન્ન ભિન્ન અનેક અવિદ્યાવૃત્તિઓ છે એમ માનવા માટે પ્રમાણ નથી; અને એક અવિદ્યાવૃત્તિ માનવામાં લાઘવ છે.

**ઉત્તર** : સાચું છે. તો પણ અન્યજ્ઞાનની ધારા અન્તઃકરણવૃત્તિઓની સંતતિરૂપ છે તેથી તત્કાલીન અવિદ્યાવૃત્તિ પણ સંતતિરૂપ સંભવે છે એ સંભાવના માત્રથી 'અવિદ્યાવૃત્તિસન્તાન' એમ કહ્યું છે અને એટલે જ કહ્યું છે કે સન્તાનનો સંભવ છે.

**अपरे तु—अहमाकारा वृत्तिरन्तःकरणवृत्तिरेव । किं तु उपासनादिवृत्तिवन्न ज्ञानम्, क्लृप्ततत्करणाजन्यत्वात् । न हि तत्र चक्षुरादिप्रत्यक्षलक्षणं सम्भवति, न वा लिङ्गादिकम्, लिङ्गादिप्रतिसन्धानशून्यस्याप्यहङ्कारानुसन्धानदर्शनात् । नापि मनः करणम् । तस्योपादानभूतस्य क्वचिदपि करणत्वाक्लृप्तेः । तर्हि अहमर्थप्रत्यभिज्ञाऽपि ज्ञानं न स्यादिति चेत्, न, तस्या अहमंशे ज्ञानत्वाभावेऽपि तत्तांशे स्मृतिकरणत्वेन क्लृप्तसंस्कारजन्यतया ज्ञानत्वात् । अंशभेदेन ज्ञाने परोक्षत्वापरोक्षत्ववत् प्रमात्वाप्रमात्ववच्च ज्ञानत्वाज्ञानत्वयोरपि अविरोधादित्याहुः ।**

જ્યારે **બીજા** કહે છે કે અહમાકાર વૃત્તિ અન્તઃકરણવૃત્તિ જ છે. પણ ઉપાસનાદિ વૃત્તિની જેમ તે જ્ઞાન નથી કારણ કે તેના (જ્ઞાનનાં) જે કરણ માન્યાં છે તેનાથી તે જન્ય નથી; દેખીતી રીતે ત્યાં (તેની બાબતમાં) ચક્ષુરાદિ પ્રત્યક્ષલક્ષણ (કરણ નથી) કે લિંગાદિ (કરણ) નથી, કેમકે લિંગાદિના પ્રતિસંધાન વિનાનાને પણ અહંકારનું અનુસંધાન થતું જોવામાં આવે છે. તેમ મન પણ (તેનું) કરણ નથી, કારણ કે ઉપાદાનભૂત એવા તેને ક્યાંય કરણ તરીકે માનવામાં નથી આવ્યું. શંકા થાય કે તો પછી અહમર્થની પ્રત્યભિજ્ઞા પણ જ્ઞાન નહીં હોય. આનો ઉત્તર છે કે ના. તેનું (પ્રત્યભિજ્ઞાનાનું) 'અહમ્' અંશમાં જ્ઞાનત્વ ન હોવા છતાં 'તત્તા' (તેપણું) અંશમાં જ્ઞાનત્વ છે કારણ કે સ્મૃતિના કરણ તરીકે માનેલા સંસ્કારથી તે જન્ય છે. અંશભેદથી જેમ જ્ઞાનમાં પરોક્ષત્વ અને અપરોક્ષત્વનો વિરોધ નથી અને પ્રમાત્વ અને અપ્રમાત્વનો વિરોધ નથી તેમ જ્ઞાનત્વ અને અજ્ઞાનત્વનો પણ વિરોધ નથી (તેથી અહમર્થ–પ્રત્યભિજ્ઞામાં 'અહમ્' અંશમાં અજ્ઞાનત્વ અને 'તત્તા' અંશમાં જ્ઞાનત્વ છે. (આમ અહમર્થ અંશમાં અન્તઃકરણવૃત્તિથી જ સંસ્કારનું આધાન સંભવે છે).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ** : બીજો મત રજૂ કર્યો છે તે પ્રમાણે અહમર્થ અંશમાં અન્તઃકરણવૃત્તિથી જ સંસ્કારનું આધાન સંભવે છે તેથી એ અંશમાં પણ અવિદ્યાવૃત્તિ કલ્પવાની જરૂર નથી, કારણ કે અન્તઃકરણની વૃત્તિ સંભવતી હોય ત્યાં અવિદ્યાવૃત્તિની કલ્પના યોગ્ય નથી. એવી દલીલ કરી શકાય કે અન્યજ્ઞાનની ધારાના કાળમાં અહમર્થવિષયક અન્તઃકરણવૃત્તિ સંભવતી નથી, કારણ કે સુખદુઃખ સાથે હોઈ શકે તેમ બે જ્ઞાન સાથે રહી શકતાં નથી. પણ આ દલીલ બરાબર નથી કારણ કે સંસ્કારાર્થ અહંવૃત્તિ જ્ઞાનરૂપ માનવામાં નથી આવતી. અહમાકારવૃત્તિ ઘટાદિવૃત્તિની જેમ જ્ઞાનરૂપ હોય તો તે જ્ઞાનાત્મક વૃત્તિથી ઉપહિત સાક્ષીથી વેદ્ય માનવી પડે અને તો અહમર્થ કેવળ સાક્ષીથી ભાસ્ય છે એ સિદ્ધાન્તની હાનિ થાય. પણ અહમાકાર અન્તઃકરણવૃત્તિ ઉપાસના, ઇચ્છાદિની જેમ જ્ઞાનરૂપ છે જ નહિ તેથી આ આપત્તિ નથી. જ્ઞાનનાં જે ચક્ષુરાદિ કે લિંગાદિ કરણ માન્યાં છે તેનાથી અહમાકાર વૃત્તિ ઉત્પન્ન થતી નથી. અને મન કે અન્તઃકરણ તો વૃત્તિજ્ઞાનની પ્રતિ ઉપાદાનભૂત છે; તેને કોઈ વૃત્તિની બાબતમાં કરણ માન્યું નથી. (જે ઉપાદાન હોય તે કરણ કેવી રીતે હોઈ શકે ?)

**શંકા** : આ માનીએ તો योऽहं स्वप्ने साक्षाद् भगवन्तं श्रीकृष्णमन्वभूवम्, सोऽहमिदानीं तं स्मरामि (જે મેં સ્વપ્નમાં ભગવાન શ્રી કૃષ્ણનો સાક્ષાત્ અનુભવ કર્યો તે હું અત્યારે તેમનું સ્મરણ કરું છું)—એ પ્રત્યભિજ્ઞા 'અહમર્થ' અંશમાં જ્ઞાન નહીં હોય કારણ કે જ્ઞાનના કરણથી જન્ય નથી.

**ઉત્તર** : આ 'અહમ્' અંશમાં જ્ઞાનત્વ નથી પણ 'અહમર્થ'ની પ્રત્યભિજ્ઞામાં 'તત્તા' ('તે'પણાના) અંશમાં જ્ઞાનત્વ છે.

**શંકા** : જ્ઞાનત્વ અને અજ્ઞાનત્વ યુગપદ્ હોઈ શકે નહિ કારણ કે તેમનો વિરોધ છે.

**ઉત્તર** : અંશભેદથી હોઈ શકે. અહમર્થની પ્રત્યભિજ્ઞામાં 'અહમ્' અંશ કે વિષયૈકદેશમાં જ્ઞાનત્વ નથી પણ 'તત્તા' અંશમાં જ્ઞાનત્વ છે. 'पर्वतो वह्निमान्' એ અનુમિતિ જ્ઞાનમાં સિદ્ધાન્તમાં 'વહ્નિ' અંશમાં પરોક્ષત્વ અને સંનિકૃષ્ટ 'પર્વત' અંશમાં અપરોક્ષત્વ માનવામાં આવે છે જ્ઞાનમાં અંશભેદથી પ્રમા અને અપ્રમા પણ માનવામાં આવે છે તેમ અંશભેદથી જ્ઞાનત્વ અને અજ્ઞાનત્વ પણ યુગપદ્ હોય તેમાં વિરોધ નથી.

**इतरे तु—अहमाकाराऽपि वृत्तिर्ज्ञानमेव, 'मामहं जानामि' इत्यनुभवात् । न च करणासम्भवः, अनुभवानुसारेण मनस एवान्तरिन्द्रियस्य करणत्वस्यापि कल्पनादित्याहुः ॥१७॥**

જ્યારે બીજા કહે છે કે અહમાકાર વૃત્તિ પણ જ્ઞાન જ છે કારણ કે 'હું મને જાણું છું' એવો અનુભવ થાય છે. અને કરણનો સંભવ નથી એમ નથી, કારણ કે અનુભવ અનુસાર મન જે અન્તરિન્દ્રિય છે તેને જ કરણ તરીકે પણ કલ્પવામાં આવે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ :** અહીં જે મત રજૂ કર્યો છે તે માનનારાની દલીલ છે કે અગાઉ પ્રત્યભિજ્ઞાનો ઉલ્લેખ કર્યો છે તેના 'અહમર્થ' અંશમાં પણ જ્ઞાનત્વ માનવું જોઈએ; અન્યથા પ્રત્યભિજ્ઞાના પ્રમાણથી અન્તઃકરણોપહિત ચૈતન્યરૂપ જીવ જે અહમર્થ છે તેના સ્થાયીપણાની સિદ્ધિ **બ્રહ્મસૂત્ર** અને તેના પરના **શાંકરભાષ્ય**માં કરવામાં આવતી જોવામાં આવે છે તેનો વિરોધ થાય. अनुस्मृतेश्च એવું **બ્રહ્મસૂત્ર** (૨.૨.૨૫) છે. તેમાં અનુસ્મૃતિ એટલે પ્રત્યભિજ્ઞા; તેના પરના **ભાષ્ય**માં તેને સમજાવતાં કહ્યું છે 'જે મેં આગલા દિવસે જોયું તે જ હું આજે યાદ કરું છું.' માટે પ્રત્યભિજ્ઞાના 'અહમ્' અંશમાં જ્ઞાનત્વ નથી એમ કહેવું યુક્ત નથી. मामहं जानामिમાં અહમર્થ વિષયક વૃત્તિમાં જ્ઞાનત્વનો અનુભવ આપણને થાય છે. તેને માટે મનને કરણ માનવામાં કોઈ મુશ્કેલી નથી કારણ કે બ્ર **સૂ** ૨. ૩. ૪૦ના **ભાષ્યમાં** કહ્યું છે કે બુદ્ધિને કરણ તરીકે સ્વીકારવામાં આવે છે ( बुद्धेः करणत्वाभ्युपगमात ). તેથી જ અહંકારના ધર્મો જ્ઞાન, સુખ વગેરે કેવલ સાક્ષિવેદ્ય હોવા છતાં પણ અહમર્થ એ મનનો અસાધારણ વિષય હોઈને મન ઇન્દ્રિય છે એમ પ્રાણપાદ (૨.૪)મા સ્થાપ્યું છે એમ માનવું જોઈએ. અને 'કેવલસાક્ષિભાસ્ય છે' એ સિદ્ધાન્ત પણ અહમર્થથી વ્યતિરિક્ત અજ્ઞાન, સુખાદિ વિષયક જ છે એમ સમજવું.

**શંકા :** મનને ઇન્દ્રિય માનીએ તો જેમ રૂપના પ્રત્યક્ષ જ્ઞાનમાં ચક્ષુ પ્રમાણ (પ્રમા-કરણ) છે તેમ અહમર્થની બાબતમાં મનને પ્રમાણ માનવું પડે, પણ એ તો સંભવે નહિ. અજ્ઞાતનું જ્ઞાપન કરાવે તે પ્રમાણ. પણ અહમર્થ તો અનાવૃત સાક્ષિચૈતન્યમાં અધ્યસ્ત હોવાથી અજ્ઞાત નથી તેથી મનને તેની બાબતમાં કરણ કેવી રીતે કહી શકાય ?

**ઉત્તર :** ના. અબાધિત અનુભવ તે પ્રમા અથવા तद्वति तत्प्रकारकानुभवत्वं प्रमा (જેનાથી વિશિષ્ટ હોય તેને વિષે તેનાથી જ વિશિષ્ટ તરીકે અનુભવ તે પ્રમા—રજ્જુત્વયુક્ત 'આ'નો રજ્જુત્વયુક્ત તરીકે અનુભવ તે પ્રમા )—એ મત પ્રમાણે 'અહમાકાર જ્ઞાન પ્રમા સંભવે છે તેથી તેનું કરણ મન પણ પ્રમાણ (પ્રમા-કરણ) સંભવે છે. (૧૭)

**(१८) एवं सति बाह्यविषयापरोक्षवृत्तीनामेवावरणाभिभावकत्वनियमः पर्यवसन्नः ।**

**ननु नायमपि नियमः, शुक्तिरजतस्थले इदमाकारवृत्तेरज्ञानानभिभावकत्वात् । अन्यथोपादानाभावेन रजतोत्पत्त्ययोगादिति चेत्,**

**अत्राहुः – इदमाकारवृत्त्या इदमंशाज्ञाननिवृत्तावपि शुक्तित्वादिविशेषांशाज्ञानानिवृत्तेः तदेव रजतोपादानम्, शुक्तित्वाद्यज्ञाने रजताध्यासस्य तद्भावे तदभावस्यानुभूयमानत्वात् । अध्यासभाष्यटीकाविवरणे अनुभूयमानान्वयव्यतिरेकस्यैवाज्ञानस्य रजताद्यध्यासोपादानत्वोक्तेः ।**

**अत एव शुक्त्यंशोऽधिष्ठानम्, इदमंश आधारः । सविलासाज्ञानविषयोऽधिष्ठानम्, अतद्रूपोऽपि तद्रूपेणारोप्यबुद्धौ स्फुरन्नाधार इति संक्षेपशारीरकेऽपि विवेचनादिति ।**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આમ હોય તો (અર્થાત્ અહમાકાર અપરોક્ષવૃત્તિ સ્વીકારીએ તો) બાહ્ય (ઘટાદિ) વિષયક અપરોક્ષ વૃત્તિ જ આવરણને દૂર કરનારી છે એવો નિયમ ઠરે છે.

**(શંકા)** આ પણ નિયમ નથી કારણ કે શુક્તિ રજત(ભ્રમ)ના સ્થળે ઇદમાકાર ('આ' આકારવાળી) વૃત્તિ અજ્ઞાનને દૂર નથી કરતી; અન્યથા (અજ્ઞાનરૂપ) ઉપાદાનના અભાવને લીધે રજતની ઉત્પત્તિ સંભવત નહીં.

**(સમાધાન)** અહીં (આ શંકાના ઉત્તરરૂપે) કહે છે : ઇદમાકાર વૃત્તિથી 'ઇદમ્' અંશનું અજ્ઞાન નાશ પામે છે તો પણ શુક્તિત્વાદિ વિશેષ અંશના અજ્ઞાનની નિવૃત્તિ (નાશ) ન થઈ હોવાથી એ જ રજતનું ઉપાદાન કારણ છે, કારણ કે શુક્તિત્વાદિનું અજ્ઞાન હોય ત્યારે રજતરૂપી અધ્યાસ અનુભવાય છે, (અને) તેનું (શુક્તિત્વાદિ વિશેષ અંશનું) જ્ઞાન હોય ત્યારે તેનો (અધ્યાસનો) અભાવ અનુભવાય છે. અધ્યાસભાષ્યની (પદ્મપાદકૃત પંચપાદિકા) ટીકાના (પ્રકાશાત્મનના) વિવરણમાં જેના અન્વય-વ્યતિરેકનો અનુભવ થાય છે તેવું જ અજ્ઞાન રજતાદિ અધ્યાસનું ઉપાદાન છે એમ કહ્યું છે (તેથી આનું સમર્થન થાય છે).

તેથી જ સંક્ષેપશારીરકમાં પણ એવો ભેદ બતાવ્યો છે કે 'શુક્તિ' અંશ અધિષ્ઠાન છે અને 'ઇદમ્' અંશ આધાર છે. વિલાસયુક્ત (અર્થાત્ રજતાદિ વિક્ષેપયુક્ત) અજ્ઞાનનો વિષય તે અધિષ્ઠાન. અને તદ્રૂપ (તે રૂપ કે આકારવાળું) ન હોવા છતાં તે રૂપથી આરોપ્યબુદ્ધિમાં સ્ફુરતુ તે આધાર. (—ચિંતકો આવું સમાધાન આપે છે).

**વિવરણ :** શંકા થાય કે અપરોક્ષવૃત્તિ આવરણનો નાશ કરે છે એવો નિયમ છે, પણ અહમાકાર અપરોક્ષવૃત્તિની બાબતમાં તો આ સાચું નથી, તેથી નિયમનો સંકોચ બતાવ્યો છે કે બાહ્ય ઘટાદિ વિષયાકાર પરિણત વૃત્તિઓ જ આવરણની અભિભાવક કે નાશક છે.

વળી શંકા થાય કે આવો પણ નિયમ ન હોઈ શકે કારણ કે 'આ રજત છે' એ ભ્રમસ્થળે પહેલાં ઇદમાકાર અપરોક્ષવૃત્તિ ઉત્પન્ન થાય છે, અને પછી 'આ રજત છે' એવો ભ્રમ થાય છે. આ પહેલી ઉત્પન્ન થયેલી ઇદમાકાર અપરોક્ષવૃત્તિ અજ્ઞાનની નિવર્તક નથી કે છે? જો અજ્ઞાનની નાશક ન હોય તો ઉપર કહેલો સંકોચયુક્ત નિયમ પણ બરાબર નથી. જેમ પ્રત્યેક અપરોક્ષવૃત્તિ અજ્ઞાનનિવર્તક છે એવો નિયમ નથી કારણ કે અહમાકાર વૃત્તિમાં વ્યભિચાર છે, એની બાબતમાં આ હકીકત જોવા મળતી નથી, તેમ બાહ્ય ઘટાદિવિષયક દરેક અપરોક્ષવૃત્તિ અજ્ઞાનનિવર્તક છે એવો નિયમ પણ નથી કારણ કે ઇદમાકાર વૃત્તિમાં વ્યભિચાર છે; બાહ્ય 'ઇદમ્' અંગે વૃત્તિ છે પણ અજ્ઞાનનો નાશ નથી. જો એથી અજ્ઞાનનો નાશ થાય છે એમ માનીએ તો રજતનું ઉપાદાન નહીં રહે અને તેથી તેની ઉત્પત્તિ શક્ય નહીં બને.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ શંકાનું સમાધાન કરતાં કહે છે કે ઇદમાકાર વૃત્તિથી નાશ પામી શકે તે અજ્ઞાન જુદું છે અને રજતનું ઉપાદાન બને છે તે અજ્ઞાન જુદું છે. તેથી નિયમમાં વ્યભિચાર નથી, તેમ રજતની ઉત્પત્તિ ન સંભવે એવું પણ નથી. ઇદમાકાર વૃત્તિથી 'इदम्' અંશવિષયક અજ્ઞાનની નિવૃત્તિ થાય જ છે, તેમ છતાં શુક્તિત્વ વગેરે વિશેષ અંશનું અજ્ઞાન નિવૃત્ત થતું નથી અને તેજ રજતનું ઉપાદાન છે. શુક્તિત્વાદિનું અજ્ઞાન હોય તો જ રજતાધ્યાસનો અનુભવ થાય છે, શુક્તિત્વાદિનું જ્ઞાન હોય તો અધ્યાસના અભાવનો અનુભવ થાય છે. **શંકરાચાર્ય**ના અધ્યાસભાષ્ય પર **પદ્મપાદની પંચપાદિકા** ટીકા છે અને તેના પર **પ્રકાશાત્મન્**નું **વિવરણ** છે તેમાં તેમણે પણ આ જ વાત કરી છે કે અજ્ઞાન જેનો રજતાદિના અધ્યાસ સાથે અન્વય-વ્યતિરેક સંબંધ અનુભવમાં આવે છે (અજ્ઞાન હોય તો અધ્યાસ થાય, ન હોય તો ન થાય એવો અવિનાભાવ સંબંધ પ્રમાણથી જ્ઞાત છે) તે અજ્ઞાન જ રજતાદિ-અધ્યાસનું ઉપાદાન છે.

[ननु कथं मिथ्याज्ञानमध्यासस्योपादानम् । तस्मिन् सति अध्यासस्योदयादसति चानुदया-दिति ब्रूमः ।......मिथ्याज्ञानमेवाध्यासोपादानम् नात्मान्तःकरणकाचादिदोषा इति सूक्तम् ।]

**શંકા** : શંકા થાય કે સામે રહેલ દ્રવ્ય જે શુક્તિત્વાદિ વિશેષરૂપથી વિશિષ્ટ છે તેનું જ રજતના કારણરૂપ અજ્ઞાનથી આવરણ માનવામાં આવે તો તે જ અધિષ્ઠાન હોય, અને નહીં કે ઇદન્ત્વ રૂપથી વિશિષ્ટ ઇદમ્-અંશ, કારણ કે વિલાસયુક્ત અજ્ઞાનનો વિષય જ અધિષ્ઠાન હોય છે. અને એમ હોય તો અધિષ્ઠાન અને આરોપ્ય એક જ્ઞાનના વિષય હોય છે એવો નિયમ હોવાથી 'શુક્તિ રજત છે' એવો ભ્રમ થવો જોઈએ; 'આ રજત છે' એ જ્ઞાનનો આકાર ન હોવો જોઈએ: કારણ કે 'ઇદમ્' અંશ અધિષ્ઠાન નથી.

**ઉત્તર** : **સંક્ષેપશારીરક**કાર **સર્વજ્ઞાત્મમુનિ**નો મત ટાંકીને સમાધાન કર્યું છે કે શુક્તિત્વ વિશેષરૂપથી સામે રહેલું અવચ્છિન્ન ચૈતન્ય એ અધ્યાસના ઉપાદાનરૂપ અજ્ઞાનનો વિષય હોઈને, અર્થાત્ તેનાથી આવૃત હોઈને એ અધિષ્ઠાન છે. 'ઇદમ્' અંશ અધિષ્ઠાન છે જ નહિ, એ તો આધાર છે. અધિષ્ઠાન હોવું અને આધાર હોવું એમાં ભેદ છે. સવિલાસ અજ્ઞાન અર્થાત્ રજતાદિવિક્ષેપયુક્ત અજ્ઞાનનો વિષય હોય, અર્થાત તેનાથી આવૃત હોય તે અધિષ્ઠાન. અને જે અધ્યસ્ત રજતરૂપ ન હોવા છતાં તેનાથી અભિન્ન તરીકે સ્ફુરે કે ભાસે તે આધાર. અધિષ્ઠાનનું જ આરોપિત રજત સાથે તાદાત્મ્ય છે તેથી 'ઇદમ્' અંશ અધિષ્ઠાન હોઈ શકે નહિ એમ જાણવું. આ મતમાં અધિષ્ઠાન અને આરોપ્ય એક જ્ઞાનના વિષય નથી, પણ આધાર અને આરોપ્ય એક જ્ઞાનના વિષય છે તેથી ભ્રમમાં શુક્તિ અંશના ઉલ્લેખની આપત્તિ નથી.

**સંક્ષેપશારીરક**માં અધિષ્ઠાન અને આધારનો ભેદ આ પ્રમાણે બતાવ્યો છે :

> संसिद्धा सविलासत्वमोहविषये वस्तुन्यधिष्ठानगी-
> र्नोधारेऽध्यसनस्य वस्तुनि ततोऽस्थाने महान् संभ्रमः । (१.३१)

શુક્તિ આદિ અંશ અજ્ઞાનથી આવૃત થાય છે તેથી તે અધિષ્ઠાન છે; આરોપ્ય સાથે જેનું તાદાત્મ્ય ન હોવા છતાં તેવું ભાસે છે તે 'ઇદમ્' અંશ આધાર છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अपरे तु – 'इदं रजतम्' इति इदमंशसंभिन्नत्वेन प्रतीयमानस्य रजतस्य इदमंशाज्ञानमेवोपादानम् । तस्य चेदमाकारवृत्त्या आवरणशक्तिमात्रनिवृत्तावपि विक्षेपशक्त्या सह तदनुवृत्तेः नोपादानत्वासंभवः । जलप्रतिबिम्बितवृक्षाधोऽग्रत्वाध्यासे जीवन्मुक्त्यनुवृत्ते प्रपञ्चाध्यासे च सर्वात्मना अधिष्ठानसाक्षात्कारानन्तरभाविन्यामावरणनिवृत्तावपि विक्षेपशक्तिसहिताज्ञानमात्रस्योपादानत्वसंप्रतिपत्तेरित्याहुः ।

જ્યારે **બીજા** કહે છે કે 'આ રજત છે' એમ 'ઇદમ્' અંશ સાથે તાદાત્મ્યથી જ્ઞાત થતા રજતનું ઉપાદાન 'ઇદમ્' અંશનું અજ્ઞાન જ છે. અને 'ઇદમ્'-આકાર વૃત્તિથી તેની આવરણશક્તિ માત્રની નિવૃત્તિ થતી હોવા છતાં વિક્ષેપ-શક્તિની સાથે તેની અનુવૃત્તિ છે તેથી તેનું ઉપાદાન બનવું અસંભવ છે એવું નથી કારણ કે જલમાં પ્રતિબિંબિત વૃક્ષના અધોઽગ્રત્વ (અગ્ર ભાગ નીચે હોવો તે)ના અધ્યાસમાં અને જીવન્મુક્તિમાં ચાલુ રહેતા પ્રપંચના અધ્યાસમાં સર્વ અંશમાં અધિષ્ઠાનના સાક્ષાત્કાર પછી તરત જ આવરણની નિવૃત્તિ થઈ હોવા છતાં વિક્ષેપશક્તિ-સહિત અજ્ઞાન માત્ર ઉપાદાન છે એ બાબતમાં સંમતિ છે.

વિવરણ : શંકા થાય કે **ભાષ્ય, ટીકા, વિવરણ** વગેરે ગ્રંથોમાં અધિષ્ઠાન અને આરોપ્ય બંને ભ્રાન્ત જ્ઞાનમાં પ્રકાશમાન છે એવું સમર્થન કર્યું છે તેથી ઉપરના મતથી તેનો વિરોધ થાય છે. આ શંકાના સમાધાનાર્થે **ભાષ્યાદિ**થી અવિરુદ્ધ અન્ય મત અહીં રજૂ કર્યો છે. 'ઇદમ્' અંશનું અજ્ઞાન જ રજતનું ઉપાદાન છે. અર્થાત્ વિશેષ અંશનું અજ્ઞાન ઉપાદાન નથી, વિશેષ અંશનું આરોપમાં (ભ્રાન્ત જ્ઞાનમાં) સ્ફુરણ થતું નથી તેથી તે અધિષ્ઠાન બની શકે નહિ એવો ભાવ છે. શુક્તિત્વાદિરૂપ વિશેષનું દર્શન અધ્યાસનું પ્રતિબંધક છે, અધ્યાસ થતો અટકાવી શકે તેવું છે માટે ઉપર જે અન્વય-વ્યતિરેકની વાત કરી તેનો સંબંધ તેના અભાવ સાથે છે એવો ભાવ છે – આ વિશેષ દર્શન ન હોય તો અધ્યાસ થાય, હોય તો અધ્યાસ ન થાય.

હવે પ્રશ્ન થાય કે 'ઇદમ્' આકારવાળી વૃત્તિથી 'ઇદમ્' અંશનું અજ્ઞાન દૂર થઈ જવું જોઈએ, તો પછી 'ઇદમ્' અંશ અધિષ્ઠાન કેવી રીતે બની શકે. તેનો ઉત્તર છે કે આ વૃત્તિથી આ અજ્ઞાનના આવરણ અંશનો નાશ થાય છે પણ વિક્ષેપશક્તિથી યુક્ત અજ્ઞાન તો રહે જ છે અને તે રજતનું ઉપાદાન છે, અજ્ઞાનની આવરણશક્તિ નાશ પામે અને છતાં વિક્ષેપશક્તિ સાથે અજ્ઞાન ટકી રહે એ શક્ય છે એ બતાવવા બે દૃષ્ટાંત આપ્યાં છે—જલ-પ્રતિબિંબિત વૃક્ષના અધોઽગ્રત્વના અધ્યાસનું, અને જીવન્મુક્તિની અવસ્થામાં ચાલુ રહેતા પ્રપંચના અધ્યાસનું. રજતાદિ ભ્રમના સ્થળે અધિષ્ઠાનનો પૂરેપૂરો – સર્વાંશમાં સાક્ષાત્કાર નથી કારણ કે શુક્તિત્વાદિ વિશેષરૂપથી શુક્તિનો સાક્ષાત્કાર નથી. માટે ત્યાં 'ઇદમ્' અંશનું અજ્ઞાન નાશ પામ્યું હોવા છતાં વિશેષ અંશના અજ્ઞાનની નિવૃત્તિ ન થઈ હોવાથી તે અધ્યાસનું ઉપાદાન બને છે એમ કહેવા કારણ કદાચ મળે. પણ પ્રતિબિંબરૂપી ભ્રમના સ્થળમાં તો 'જળમાં વૃક્ષ છે જ નહિ, આ વૃક્ષનો અગ્ર ભાગ ઉપર છે' એવું પૂરેપૂરું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિશેષદર્શન છે તેથી સામાન્ય અંશનું અજ્ઞાન નાશ પામ્યું અને વિશેષ અંશનું અજ્ઞાન નાશ ન પામ્યું એવો વિભાગ શક્ય નથી, અને તેથી વિશેષાંશનું અજ્ઞાન ઉપાદાન છે એમ કહેવું શક્ય નથી. માટે અહીં વૃક્ષનો અગ્ર ભાગ નીચે દેખાય છે અને તેથી વૃક્ષના અધોઽગ્રતા આદિના અધ્યાસ અનુસાર એવું માનવું જોઈએ કે એક જ અજ્ઞાનની આવરણ શક્તિનો નાશ થયો હોવા છતાં વિક્ષેપશક્તિવાળું તે અજ્ઞાન અનુવૃત્ત છે (ચાલુ છે) અને તે આ અધ્યાસનું ઉપાદાન છે.

એ જ રીતે જીવનમુક્તિની અવસ્થામાં પણ બ્રહ્મતત્ત્વના સાક્ષાત્કારથી અજ્ઞાનના માત્ર આવરણ અંશની નિવૃત્તિ થાય છે અને વિક્ષેપશક્તિવાળો અજ્ઞાનનો અંશ અનુવૃત્ત રહે છે અને તે પ્રપંચના અધ્યાસનું ઉપાદાન છે એમ કહેવું જોઈએ ( જીવનમુક્તને પણ અન્તઃકરણ આદિની પ્રતીતિ થાય છે એવો ભાવ છે અને તેનું કારણ વિક્ષેપશક્તિયુક્ત અજ્ઞાન છે).

આમ જો હોય તો રજતના અધ્યાસમાં પણ 'ઇદમ્' અંશનું અજ્ઞાન ઉપાદાન બને એ સંભવે છે એવો ભાવ છે.

कवितार्किकचक्रवर्तिनृसिंहभट्टोपाध्यायास्तु — 'इदं रजतम्' इति भ्रमरूपवृत्तिव्यतिरेकेण रजतोत्पत्तेः प्रागिदमाकारा वृत्तिरेव नास्तीति तस्या अज्ञाननिवर्तकत्वसदसद्भावविचारं निरालम्बनं मन्यन्ते ।

तथा हि – न तावत् भ्रमरूपवृत्तिव्यतिरेकेण इदमाकारा वृत्तिरनुभवसिद्धा, ज्ञानद्वित्वाननुभवात् । नाप्यधिष्ठानसामान्यज्ञानमध्यासकारणमिति कार्यकल्प्या, तस्यास्तत्कारणत्वे मानाभावात् । न चाधिष्ठानसंप्रयोगाभावे रजताद्यनुत्पत्तिस्तत्र मानम् । ततो दुष्टेन्द्रियसंप्रयोगस्यैवाध्यासकारणत्वप्राप्तेः । न च संप्रयोगो न सर्वत्र भ्रमव्यापी, अधिष्ठानस्फुरणं तु स्वतः प्रकाशमाने प्रत्यगात्मनि अहङ्काराध्यासमपि व्याप्नोतीति वाच्यम् । तस्यापि घटाद्यध्यासाव्यापित्वात् । घटादिप्रत्यक्षात् प्राक् तदधिष्ठानभूतनीरूपब्रह्ममात्रगोचरचाक्षुषवृत्तेरसंभवात् । स्वरूपप्रकाशस्याऽऽवृतत्वात् । आवृतानावृतसाधारण्येनाधिष्ठानप्रकाशमात्रस्याध्यासकारणत्वे शुक्तीदमंशसम्प्रयोगात् प्रागपि तदवच्छिन्नचैतन्यरूपप्रकाशस्याऽऽवृतस्य सद्भावेन तदाऽप्यध्यासापत्तेः । न चाध्याससामान्ये अधिष्ठानप्रकाशसामान्यं हेतुः, प्रातिभासिकाध्यासेऽभिव्यक्ताधिष्ठानप्रकाश इति नातिप्रसङ्गः, सामान्ये सामान्यस्य विशेषे विशेषस्य हेतुत्वौचित्याद् इति वाच्यम् । एवमपि प्रातिभासिकशङ्खपीतिमकूपजलनैल्याद्यध्यासाव्यापनात् । रूपानुपहितचाक्षुषप्रत्ययायोगेन तदानीं शङ्खादिगतशौक्ल्योपलम्भाभावेन चाध्यासात्प्राक् शङ्खादि नीरूपाधिष्ठानगोचरवृत्त्यसम्भवात् ।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કવિતાર્કિકચક્રવતી' નૃસિંહભટ્ટોપાધ્યાય તો માને છે કે (રજતભ્રમસ્થળે) 'આ રજત છે' ('इदं रजतम्') એ ભ્રમરૂપ વૃત્તિ સિવાયની (તેનાથી પૃથક્) રજતની ઉત્પત્તિની પહેલાં 'ઇદમ્' આકારવાળી વૃત્તિ જ નથી, તેથી તેમાં અજ્ઞાનનિવર્તકત્વ છે કે નહિ એ વિચાર આલંબન (આધાર) વિનાનો છે. જેમ કે—ભ્રમરૂપ વૃત્તિથી પૃથક્ 'ઇદમ્' આકારવાળી વૃત્તિ અનુભવથી સિદ્ધ નથી, કારણ કે એ જ્ઞાનોનો અનુભવ નથી. (તેમ) અધિષ્ઠાનનું સામાન્ય જ્ઞાન અધ્યાસનું કારણ છે માટે (તેવી વૃત્તિ) તેના કાર્ય પરથી કલ્પી શકાય એવું પણ નથી, કારણ તે (અધિષ્ઠાનના સામાન્ય જ્ઞાનરૂપ 'ઇદમ્' આકારવાળી વૃત્તિ) તેનું કારણ છે એ બાબતમાં કોઈ પ્રમાણ નથી.

અને અધિષ્ઠાન સાથેનો (ઇન્દ્રિયનો) સંબંધ ન હોય ત્યારે રજતાદિની ઉત્પત્તિ થતી નથી એ એ બાબતમાં પ્રમાણ છે એવું નથી, કારણ કે તેથી (તો) દુષ્ટ ઇન્દ્રિયનો સંબંધ જ અધ્યાસના કારણ તરીકે પ્રાપ્ત થાય છે.

**શંકા :** સંપ્રયોગ (ઇન્દ્રિયનો સંબંધ) સર્વત્ર ભ્રમવ્યાપી નથી (—અર્થાત્ જ્યાં ભ્રમ હોય ત્યાં સંપ્રયોગ હોય જ છે એવું નથી), જ્યારે અધિષ્ઠાનનું સ્ફુરણ (સામાન્ય જ્ઞાન) તો સ્વતઃ પ્રકાશમાન પ્રત્યગાત્મા (રૂપી અધિષ્ઠાન) પર અહંકારના અધ્યાસને પણ વ્યાપે છે.

**ઉત્તર :** આવી દલીલ કરવી જોઈએ નહિ, કારણ કે તે (અધિષ્ઠાનનું સામાન્ય જ્ઞાન) પણ ઘટાદિના અધ્યાસનું વ્યાપી નથી, કેમ કે ઘટાદિના પ્રત્યક્ષ જ્ઞાનની પહેલાં તેના અધિષ્ઠાનભૂત નીરૂપ બ્રહ્મમાત્રને વિષય કરનારી કોઈ ચાક્ષુષ વૃત્તિ સંભવતી નથી, (અને) સ્વરૂપપ્રકાશ (પણ) આવૃત છે. જો (સ્વરૂપ પ્રકાશ) આવૃત હોય કે અનાવૃત, સમાનપણે અધિષ્ઠાનનો પ્રકાશ માત્ર અધ્યાસનું કારણ બને છે એમ કહેવામાં આવે તો શુક્તિના 'ઇદમ્' અંશ સાથે (ઇન્દ્રિયનો) સંપ્રયોગ થાય તે પહેલાં પણ તેનાથી (શુક્તિથી) અવચ્છિન્ન ચૈતન્યરૂપ પ્રકાશ જે આવૃત છે તેનું અસ્તિત્વ હોય છે તેથી ત્યારે પણ અધ્યાસ થવો જોઈએ (પણ તેમ થતું નથી).

**શંકા :** અધ્યાસસામાન્યમાં અધિષ્ઠાનનું પ્રકાશસામાન્ય હેતુ છે અને પ્રાતિભાસિક અધ્યાસમાં અભિવ્યક્ત અધિષ્ઠાનનો પ્રકાશ હેતુ છે તેથી (ઉપર કહેલ) અતિપ્રસંગ નથી; કેમ કે સામાન્યમાં સામાન્ય અને વિશેષમાં વિશેષ હેતુ હોય એ ઉચિત છે.

**ઉત્તર :** આવી દલીલ કરવી નહિ, કારણ કે આમ પણ (આમ માનવા છતાં) શંખમાં પ્રાતિભાસિક પીળાશના અને કૂવાના પાણીમાં પ્રાતિભાસિક નીલત્વના વગેરે અધ્યાસોને આ (અભિવ્યક્ત અધિષ્ઠાનનું પ્રત્યક્ષ) વ્યાપતું નથી, કારણ કે રૂપરહિત (દ્રવ્ય)નું ચાક્ષુષ જ્ઞાન સંભવતું નથી અને ત્યારે (અધ્યાસની પહેલાં) શંખ આદિમાંના શુક્લરૂપનું જ્ઞાન ન હોવાને કારણે અધ્યાસની પહેલાં રૂપરહિત શંખાદિ અધિષ્ઠાનવિષયક વૃત્તિ સંભવતી નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ** : અત્યાર સુધી બાહ્ય ઘટાદિ વિષયક સર્વ અપરોક્ષવૃત્તિઓ આવરણને દૂર કરનારી છે એવા નિયમમાં, ભ્રમસ્થળે 'ઇદમ્' આકારવાળી વૃત્તિમાં વ્યભિચાર છે (ત્યાં આવરણનાશ થતો નથી) એવી શંકાનું નિવારણ ત્યાં પણ 'ઇદમ્' અંશના અજ્ઞાનનો નાશ કરે છે, ઇદમ્' અંશના આવરણ માત્રનો નાશ કરે છે એમ બતાવીને કર્યું. હવે એવી દલીલ રજૂ કરવામાં આવે છે કે ભ્રમસ્થળે પહેલાં 'ઇદમ્' આકારવાળી વૃત્તિ જ નથી તો પછી ઉપર કહેલી વ્યભિચારની શંકા અને તેના નિવારણની વાત જ ક્યાં રહી ? આ મત કવિઓ અને તાર્કિકોમાં શિરોમણિ **નૃસિંહભટ્ટોપાધ્યાયનો** છે. આગળના બે મતોમાં 'ઇદમ્' આકારવાળી વૃત્તિ માની હોવાથી શુક્તિરજત વગેરેનું જ્ઞાન એ એ વૃત્તિથી અભિવ્યક્ત ચૈતન્યરૂપ જ છે, વૃત્તિરૂપ નથી. જ્યારે આ મતમાં એ 'ઇદમ્' આકારવૃત્તિ ન હોવાથી શુક્તિરજતાદિ જ્ઞાન વૃત્તિરૂપ જ છે એમ માનવું જોઈએ. આ આગળ સ્પષ્ટ થશે.

ધર્મિજ્ઞાનરૂપ 'ઇદમ્' આકારવાળી વૃત્તિનું નિરાકરણ કરતાં પૂછે કે આ વૃત્તિની સિદ્ધિ શું અનુભવથી થઈ શકે છે, કે તેના કાર્ય પરથી તેની કલ્પના કરી શકાય છે કે સામગ્રી પરથી તે કલ્પી શકાય છે ? 'આ' (इदम्) એવું એક જ્ઞાન, અને 'આ રજત છે' (इदं रजतम्) એવું બીજું જ્ઞાન એવો અનુભવ થતો નથી તેથી 'ઇદમ્' આકાર વૃત્તિ અનુભવથી સિદ્ધ નથી. વળી જો અધ્યાસરૂપ કાર્ય પોતાના કારણ એવા અધિષ્ઠાનવિષયક સામાન્ય જ્ઞાન વિના સંભવતું ન હોય તો એવા અધિષ્ઠાનવિષયક સામાન્ય જ્ઞાન અથવા 'ઇદમ્' આકાર વૃત્તિની કલ્પના કરવી પડે, પણ અધિષ્ઠાનવિષયક સામાન્ય જ્ઞાન અધ્યાસનું કારણ છે એમ માનવા માટે કોઈ પુરાવો નથી.

**શંકા** : 'ઇદમ્' પદાર્થનો ચક્ષુ વગેરે સાથે સંપ્રયોગ (સંબંધ) થાય તો જ રજતાદિરૂપ અધ્યાસની ઉત્પત્તિ થાય છે, અન્યથા નહિ એમ અનુભવથી સિદ્ધ છે. આ અન્વય–વ્યતિરેકથી પુરવાર થાય છે કે અધિષ્ઠાનનું સામાન્ય જ્ઞાન રજતાદિ અધ્યાસનું કારણ છે. એમ નહીં કહી શકાય કે ઉક્ત અન્વય–વ્યતિરેકથી તો એટલું જ સિદ્ધ થાય છે કે સંપ્રયોગ અધ્યાસનું કારણ છે, પણ ધર્મીનું જ્ઞાન અધ્યાસનું કારણ છે એમ સિદ્ધ થતું નથી આ દલીલ બરાબર નથી એનું કારણ એ કે એમ હોય તો પ્રત્યગાત્મા પર અહંકારાદિના અધ્યાસમાં સંપ્રયોગ સંભવતો જ નથી તેથી વ્યભિચાર આવી પડશે. તેથી સંપ્રયોગ અધ્યાસનું કારણ છે એવું સિદ્ધ કરનાર અન્વય–વ્યતિરેકના બળે શુક્તિરજત આદિ અધ્યાસ સ્થળે સંપ્રયોગસાધ્ય ધર્મિજ્ઞાન જ કારણ છે એવી કલ્પના કરવામાં આવે છે. (અધિષ્ઠાનનું સામાન્ય જ્ઞાન અધ્યાસનું કારણ છે એમ માનવા માટે ઉક્ત અન્વય–વ્યતિરેક પ્રમાણરૂપ છે એવો ગૂઢ આશય છે).

**ઉત્તર** : ઉક્ત અન્વયાદિથી તો એટલું જ સિદ્ધ થાય કે દુષ્ટ ઇન્દ્રિયનો સંપ્રયોગ જ અધ્યાસનું કારણ છે કારણ કે સંપ્રયોગમાત્ર તો પ્રમા (સમ્યગ્જ્ઞાન) ઉત્પન્ન થાય ત્યાં પણ હોય છે. ભ્રમસ્થળમાં દુષ્ટ ઇન્દ્રિય સાથે સંપ્રયોગ હોવો આવશ્યક છે.

**ધર્મિજ્ઞાનવાદી શંકાકાર** : જ્યાં જ્યાં ભ્રમ હોય ત્યાં સર્વત્ર સંપ્રયોગ હોવો જરૂરી નથી, અર્થાત્ સંપ્રયોગ ભ્રમવ્યાપી કે ભ્રમનો વ્યાપક નથી; જ્યારે અધિષ્ઠાનનું સ્ફુરણ અર્થાત્ તેનું સામાન્ય જ્ઞાન જેમ શુક્તિરજતાદિરૂપ અધ્યાસને વ્યાપે છે (ત્યાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હોય જ છે ) તેમ સ્વતઃપ્રકાશમાન પ્રત્યગાત્મા પર અહંકારાદિરૂપ અધ્યાસને વ્યાપે છે. બાહ્ય ચૈતન્ય આવૃત હોય છે તેથી ત્યાં 'ઇદમ્' આકાર વૃત્તિ દ્વારા અધિષ્ઠાનનું સામાન્ય જ્ઞાન થાય છે; સાક્ષિચૈતન્ય અનાવૃત છે તેથી તેના પર અહંકારાદિ-અધ્યાસમાં અને સ્વપ્નપ્રપંચ-અધ્યાસમાં તે સ્વતઃસિદ્ધ છે.

ઉત્તર : અધિષ્ઠાનનું સામાન્યજ્ઞાન બ્રહ્મચૈતન્ય પર ઘટાદિ અધ્યાસને વ્યાપતું નથી તેથી ધર્મિજ્ઞાનને અધ્યાસનું કારણ માની શકાય નહિ. ઘટાદિ–અધ્યાસસ્થળે શુક્તિરજત–અધ્યાસસ્થળની જેમ વૃત્તિએ કરેલું અધિષ્ઠાનસ્ફુરણ હોય છે, કે અહંકારાદિ-અધ્યાસસ્થળની જેમ સ્વતઃસિદ્ધ હોય છે? વૃત્તિને કારણે હોઈ શકે નહિ કારણ કે ઘટાદિના પ્રત્યક્ષની પહેલાં ઘટાદિના અધિષ્ઠાનભૂત નીરૂપ બ્રહ્મ માત્ર વિષયક ચાક્ષુષ વૃત્તિ સંભવતી નથી. સ્વતઃસિદ્ધ પણ હોઈ શકે નહિ કારણ કે સ્વરૂપ–પ્રકાશ આવૃત છે.

શંકા : માત્ર અધિષ્ઠાનપ્રકાશ અધ્યાસમાં કારણ છે એમ લાઘવની દૃષ્ટિએ માનવું જોઈએ. અભિવ્યક્ત અધિષ્ઠાનપ્રકાશને કારણ માનવાની જરૂર નથી. આમ માનતાં 'સન્ ઘટઃ' 'સન્ પટઃ' વગેરે અધ્યાસોમાં ઘટાદિનું અધિષ્ઠાન સદ્રૂપ બ્રહ્મ સ્વતઃપ્રકાશ હોઈને ત્યાં પણ અધિષ્ઠાનપ્રકાશ માત્ર તો છે જ તેથી વ્યભિચાર નથી. અધિષ્ઠાન–પ્રકાશ આવૃત હોય કે અનાવૃત તે સમાનપણે અધ્યાસનું કારણ બની શકે છે.

ઉત્તર : આવું જો હોય તો શુક્તિના 'ઇદમ્' અંશ સાથે ઇન્દ્રિયનો સંપ્રયોગ થાય તે પહેલાં પણ શુક્તિથી અવચ્છિન્ન ચૈતન્યરૂપ પ્રકાશ આવૃત અવસ્થામાં હોય છે તેથી ત્યારે પણ અધ્યાસ થવો જોઈએ.

શંકા : ઘટાદિ અધ્યાસ સામાન્યમાં અધિષ્ઠાનપ્રકાશસામાન્ય ( આવૃત કે અનાવૃત ) હેતુ છે, જ્યારે શુક્તિ–રજતાદિ પ્રાતિભાસિક અધ્યાસમાં અભિવ્યક્ત અધિષ્ઠાનપ્રકાશ, અર્થાત્ અભિવ્યક્ત અધિષ્ઠાનનું સ્ફુરણ કારણ છે. તેથી ઉપર કહેલો અતિપ્રસંગ આવી નહીં પડે; સંપ્રયોગની પહેલાં રજતાદિ અધ્યાસ માનવો નહિ પડે (રજતાદિ અધ્યાસ પ્રાતિભાસિક હોઈને તેના અધિષ્ઠાનના અપરોક્ષજ્ઞાનને માટે સંપ્રયોગને અધીન વૃત્તિની જરૂર રહે જ છે). આ જ વાત આચાર્યોને પણ અભિપ્રેત છે કારણ કે આવા પ્રાતિભાસિક અધ્યાસોની બાબતમાં જ અધ્યાસભાષ્ય, તેના પર પંચપાદિકા ટીકા અને તેના પરના વિવરણ વગેરેમાં સિદ્ધ કરવામાં આવ્યું છે કે તે દોષ, સંપ્રયોગ, સંસ્કારરૂપ કારણથી ઉત્પન્ન થાય છે. તેથી ધર્મિજ્ઞાન (અધિષ્ઠાનનું સામાન્ય જ્ઞાન) અધ્યાસનું કારણ છે એમ માનવા માટે સંપ્રયોગ કારણ છે એમ જ જણાવનાર અન્વયાદિ પ્રમાણ છે અને કોઈ બાધક પ્રમાણ નથી. તેથી 'ઇદમ્'-આકાર વૃત્તિની સિદ્ધિ થાય છે.

(અભિવ્યક્ત અધિષ્ઠાન પ્રકાશની પ્રાતિભાસિક અધ્યાસમાં પણ વ્યાપ્તિ નથી એમ માનનાર કવિતાર્કિક નૃસિંહભટ્ટોપાધ્યાયને અનુસરનારનો ઉત્તર—) આવું માનશો તો પણ શંખમાં પ્રાતિભાસિક પીતત્વાધ્યાસમાં કે કૂવાના જળમાં નીલત્વાધ્યાસમાં અધિષ્ઠાનનું સામાન્ય-જ્ઞાન બતાવી શકશો નહિ. ધર્મિજ્ઞાન કારણ છે એ વાદમાં પહેલાં 'ઇદમ્' આકારવાળી વૃત્તિનો ઉદય થાય છે. એ વૃત્તિથી અભિવ્યક્ત થયેલા શંખ કે જળથી અવચ્છિન્ન ચૈતન્યમાં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પીત કે નીલ રૂપાદિ અધ્યાસ ઉદ્ભવે છે એ પ્રક્રિયા છે. આમ હોય તો 'ઇદમ્' આકારવાળી વૃત્તિ શંખાદિ દ્રવ્યમાત્રને વિષય બનાવે છે કે રૂપવિશિષ્ટ દ્રવ્યને ? માત્ર દ્રવ્યને વિષય બનાવી શકે નહિ કારણ કે રૂપરહિત દ્રવ્ય વિષે ચાક્ષુષ વૃત્તિ સંભવતી નથી; અન્યથા વાયુ આદિ વિષે પણ ચાક્ષુષ જ્ઞાન થવું જોઈએ. રૂપવિશિષ્ટ દ્રવ્યને વિષય કરે છે એમ માનીએ તો પણ શુક્લરૂપથી વિશિષ્ટ દ્રવ્યને વિષય કરે છે કે આરોપ્યરૂપ(પીત, નીલ)થી વિશિષ્ટ દ્રવ્યને ? બીજું ન હોઈ શકે કારણ કે આરોપ્યરૂપથી વિશિષ્ટ શંખાદિનું જ્ઞાન જ ભ્રાન્તિરૂપ હોવાથી તે ધર્મિજ્ઞાન હોઈ શકે નહિ. પહેલું પણ હોઈ શકે નહિ કારણ કે અધ્યાસની પહેલાં શુક્લ રૂપનું જ્ઞાન નથી હોતું; જો હોય તો અધ્યાસ જ ન થવો જોઈએ. આમ અભિવ્યક્ત અધિષ્ઠાનનું સ્ફુરણ ત્યાં સંભવતું ન હોઈને ધર્મિજ્ઞાન અધ્યાસનું કારણ નથી.

વ્યાખ્યાકાર કૃષ્ણાનંદતીર્થ સમીક્ષા કરતાં કહે છે કે આ બાબતમાં શંકા થાય કે અધ્યાસની પહેલાં દ્રવ્યમાત્ર રૂપથી શંખાદિ વિષયક ચાક્ષુષવૃત્તિ ઉત્પન્ન થાય જ છે, કારણ કે દ્રવ્યવિષયક ચાક્ષુષવૃત્તિમાં એ રૂપવિષયક હોવી જોઈએ એવો નિયમ અપ્રયોજક છે. અને આમ માનવાથી વાયુ આદિને ચાક્ષુષ માનવા પડશે એવું પણ નથી. દ્રવ્યના ચાક્ષુષજ્ઞાનમાં દ્રવ્યમાં રહેલ ઉદ્ભૂતરૂપ નિયામક છે તેથી અધ્યાસની પહેલાં દ્રવ્યનું ગ્રહણ થતું હોવા છતાં જેમ શુક્તિત્વાદિનું ગ્રહણ થતું નથી તેમ દોષને લીધે સંનિકૃષ્ટ હોવા છતાં શુક્લરૂપ માત્રનું ગ્રહણ ન થાય એ ઉપપન્ન છે.

ભામતીમાં કહ્યું છે – 'शङ्खं च दोषाच्छादितशुक्लिमानं द्रव्यमात्रस्वरूपं गृहीत्वा'* —'શંખ કે જેનું શુક્લરૂપ દોષથી આચ્છાદિત થઈ ગયું તેને દ્રવ્યમાત્રસ્વરૂપ જાણીને'. અથવા એમ માની લઈએ કે અધ્યાસની પહેલાં શુક્લરૂપવિશિષ્ટ શંખાદિનું ગ્રહણ છે તો પણ અધ્યાસનો સંભવ નથી એવું નથી, કારણ કે દોષને લીધે રૂપમાં રહેલ શુક્લત્વ જાતિના ગ્રહણમાં પ્રતિબન્ધ (રુકાવટ) થાય છે તેથી પણ અધ્યાસની ઉપપત્તિ છે. આમ પ્રાતિભાસિક અધ્યાસોમાં અભિવ્યક્ત અધિષ્ઠાનનું સ્ફુરણ હોય છે તેથી વ્યભિચાર નથી; અને 'ઇદમ્'આકાર વૃત્તિ જે ધર્મિજ્ઞાનરૂપ છે તે સિદ્ધ થાય છે અને તેથી આચાર્યોએ જે ચર્ચા કરી છે કે આ વૃત્તિ આવરણની નિવર્તક છે કે નહિ એ નિરાલંબન નથી, તે સાલંબન જ છે. આ શંકા સાચી છે અને તેથી અપ્પય્ય દીક્ષિતે આ મત પ્રત્યે આ જ અસ્વરસ (અણગમો) 'उपाध्याया मन्यन्ते' (ઉપાધ્યાય માને છે) એમ કહીને સૂચવ્યો છે.

**न च प्रातिभासिकेष्वपि रजताद्यध्यासमात्रे निरुक्तो विशेषहेतुरास्तामिति वाच्यम् । तथा सति सम्प्रयोगात्प्राक् पीतशङ्खाद्यध्यासाप्रसङ्गाय तदध्यासे दुष्टेन्द्रियसंप्रयोगः कारणमित्यवश्यं वक्तव्यतया तस्यैव सामान्यतः प्रातिभासिकाध्यासमात्रे लाघवात् कारणत्वसिद्धौ, तत एव रजताध्यासकादाचित्कत्वस्यापि निर्वाहादधिष्ठानप्रकाशस्य सामान्यतो विशेषतो वाऽध्यासकारणत्वस्यासिद्धेः ।**

---

* द्रव्यमात्रमनुभवन् – भामती, १.१.१ (पृ. २१)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને એવી દલીલ કરવી નહિ કે પ્રાતિભાસિક અધ્યાસોમાં પણ રજતાદિ-અધ્યાસમાત્રમાં (ઉપર) સમજાવેલો વિશેષહેતુ (અભિવ્યક્ત અધિષ્ઠાનનો પ્રકાશ) ભલે રહેતો. (આ બરાબર નથી) કારણ કે એમ હોય તો (ઇન્દ્રિય)સંનિકર્ષની પહેલાં પીતશંખ આદિ અધ્યાસનો પ્રસંગ આવશે, જે ન આવે એટલા માટે તે અધ્યાસમાં દુષ્ટ ઇન્દ્રિયનો સંનિકર્ષ કારણ છે એમ અવશ્ય કહેવું પડવાનું છે; માટે તે જ સામાન્યતઃ પ્રાતિભાસિક અધ્યાસમાત્રમાં લાઘવને લીધે કારણ તરીકે સિદ્ધ થતો હોઈ તેનાથી જ રજતાધ્યાસના કાદાચિત્કત્વનો પણ નિર્વાહ (ઉપપત્તિ) થઈ જાય છે તેથી અધિષ્ઠાનનો પ્રકાશ સામાન્યતઃ કે વિશેષતઃ અધ્યાસના કારણ તરીકે સિદ્ધ થતો નથી.

**વિવરણ** : 'પીત શંખ' આદિ ભ્રમમાં વસ્તુતઃ વ્યભિચાર ન હોવા છતાં તે છે એમ માનીને ધર્મિજ્ઞાનવાદી શંકા કરે છે. પ્રાતિભાસિક પીતશંખાદિ અધ્યાસમાં ભલે અભિવ્યક્ત અધિષ્ઠાનનો પ્રકાશ હેતુ ન હોય પણ પ્રાતિભાસિક રજતાદિ અધ્યાસમાં તો એ વિશેષહેતુ છે એમ માનો. આનો ઉત્તર એ છે કે પીતશંખાદિ અધ્યાસોમાં અભિવ્યક્ત અધિષ્ઠાનના પ્રકાશને હેતુ ન માનીએ તો જેમ અધિષ્ઠાનની અપરોક્ષતાને હેતુ નથી માનતા તેમ પીતશંખાદિ અધ્યાસોમાં સંનિકર્ષને પણ કારણ ન સ્વીકારવામાં આવે તો સંનિકર્ષની પહેલાં પણ 'પીત શંખ' આદિ અધ્યાસનો પ્રસંગ આવે. તે ટાળવા માટે ત્યાં સંપ્રયોગને કારણ માનવો જ પડશે. આ દુષ્ટેન્દ્રિયસંનિકર્ષ જો પ્રાતિભાસિક અધ્યાસમાત્રમાં અર્થાત્ રજતાદિ અધ્યાસ હોય કે પીતશંખાદિ અધ્યાસ હોય—સર્વમાં જો સામાન્યતઃ હેતુ બની શકતો હોય તો અધ્યાસમાત્રમાં તેને હેતુ માનવામાં લાઘવ ગુણ છે તેથી એ જ માનવું ઉચિત છે. રજતાદિ અધ્યાસ ક્યારેક થાય છે, સર્વદા થતો નથી એ હકીકત પણ આથી ઉપપન્ન બને છે.

ધર્મિજ્ઞાનકારણતાવાદીનો એવો અભિપ્રાય છે કે સદા રજતાદિ અધ્યાસના પ્રસંગનો પરિહાર કરવા માટે અભિવ્યક્ત અધિષ્ઠાનના પ્રકાશને રજતાદિ અધ્યાસનું કારણ માનવું જોઈએ. એમ હોય તો શુક્તિ આદિથી અવચ્છિન્ન ચૈતન્યરૂપ અધિષ્ઠાનપ્રકાશ આવૃત હોવાથી તેની સદા અભિવ્યક્તિ થતી નથી તેથી સદા રજતાદિ અધ્યાસના પ્રસંગનો પરિહાર થઈ શકે છે. પણ ધર્મિજ્ઞાનકારણવાદીની આ દલીલમાં ગૌરવ દોષ છે કારણ કે બે પ્રકારના પ્રાતિભાસિક અધ્યાસોમાં જુદા હેતુ માનવા પડે છે. આ અતિપ્રસંગનો પરિહાર તો પીતશંખાદિ અધ્યાસના સ્થળે માનેલા દુષ્ટેન્દ્રિયસંનિકર્ષથી પણ પ્રાપ્ત થાય છે તેથી તેને જ બધા પ્રકારના પ્રાતિભાસિક અધ્યાસમાં હેતુ માનવો જોઈએ. 'અધિષ્ઠાનપ્રકાશમાત્ર અધ્યાસમાત્રમાં કારણ છે' એમ સામાન્યતઃ કે 'અભિવ્યક્ત અધિષ્ઠાનપ્રકાશ પ્રાતિભાસિક અધ્યાસમાં કારણ છે' એમ વિશેષતઃ ઉપર્યુક્ત બન્ને પ્રકારના કાર્યકારણભાવ સિદ્ધ થઈ શકતા નથી.

વ્યાખ્યાકાર કૃષ્ણાનંદતીર્થ આનું વિવેચન કરતાં કહે છે કે 'દુષ્ટેન્દ્રિયસંનિકર્ષ સામાન્યતઃ પ્રાતિભાસિક અધ્યાસમાત્રમાં લાઘવને લીધે કારણ તરીકે સિદ્ધ થાય છે એમ માનવું બરાબર નથી કારણ કે અહંકારાદિના અધ્યાસમાં અને સાક્ષિચૈતન્યમાં સ્વપ્નાધ્યાસમાં સંનિકર્ષ સંભવતો નથી તેથી ત્યાં વ્યભિચાર થશે. એવી દલીલ ન કરવી જોઈએ કે અહંકારાદિ અધ્યાસ તો વ્યાવહારિક છે (પ્રાતિભાસિક નહિ). એમ માનનારના મતમાં ત્યાં વ્યભિચાર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હોય તો પણ કોઈ દોષ નથી. તો પણ એ પ્રાતિભાસિક છે એમ માનનારના મતમાં તો દોષનો પરિહાર સંભવતો નથી. સાક્ષીમાં સ્વપ્નાધ્યાસ પ્રાતિભાસિક છે એ બાબતમાં તો સંમતિ છે તેથી ત્યાં ઉક્ત વ્યભિચાર દૃઢ જ છે.

કોઈ એવી દલીલ કરી શકે કે સ્વપ્નાદિ અધ્યાસમાં અભિવ્યક્ત અધિષ્ઠાનનું સ્ફુરણ કારણ છે, કારણ કે એમ ન માનીએ તો સ્વપ્નપ્રપંચ અપરોક્ષ નહીં રહે. જ્યારે બાહ્ય પ્રાતિભાસિક અધ્યાસોમાં દુષ્ટેન્દ્રિયસંનિકર્ષ કારણ છે તેથી તેનો વ્યભિચાર નથી. આ દલીલ બરાબર નથી કારણ કે પ્રાતિભાસિક અધ્યાસમાત્રમાં અભિવ્યક્ત અધિષ્ઠાનના પ્રકાશને કારણ માનવામાં લાઘવ છે તેથી એ જ ઉચિત છે. બાહ્ય અધ્યાસોમાં સંનિકર્ષ અધિષ્ઠાન ચૈતન્યની અભિવ્યંજક વૃત્તિનો ઉત્પાદક હોઈ ને તેની ચરિતાર્થતા સંભવે છે, તે જ એનું કામ છે તેથી એ વ્યર્થ નથી બનતો. પીતશંખાદિ અધ્યાસના સ્થળે પણ અધિષ્ઠાનરૂપ ચૈતન્યની અભિવ્યંજક વૃત્તિનો સંભવ ઉપર બતાવ્યો છે એમ કોઈ કહે તો એ સાચું છે. સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરતાં એવું જ છે. પણ સ્થૂલ દૃષ્ટિથી દુષ્ટેન્દ્રિયસંનિકર્ષને લાઘવને લીધે પ્રાતિભાસિક અધ્યાસમાત્રમાં કારણ કહ્યો છે એમ સમજવું.

**ननु सादृश्यनिरपेक्षे अध्यासान्तरे अकारणत्वेऽपि तत्सापेक्षे रजताद्यध्यासे रजतादिसादृश्यभूतरूपविशेषादिविशिष्टधर्मिज्ञानरूपमधिष्ठान-सामान्यज्ञानं कारणमवश्यं वाच्यम् । दुष्टेन्द्रियसंप्रयोगमात्रस्य कारणत्वे शुक्तिवदङ्गारखण्डेऽपि तद्रजताध्यासप्रसङ्गात् ।**

(ધર્મિજ્ઞાનવાદીની અન્ય રીતની દલીલ—) જે બીજા અધ્યાસમાં (અર્થાત્ પીતશંખાદિ અધ્યાસમાં) સાદૃશ્યની અપેક્ષા ન હોય ત્યાં (અધિષ્ઠાન સામાન્યજ્ઞાન) કારણ ન હોય તો પણ જ્યાં તેની (સાદૃશ્યની) અપેક્ષા છે એવા રજતાદિ અધ્યાસમાં રજતાદિની સાથે (શુક્તિ આદિના) સાદૃશ્યભૂત રૂપવિશેષાદિથી વિશિષ્ટ ધર્મીના જ્ઞાનરૂપ અધિષ્ઠાનસામાન્યજ્ઞાનને કારણ અવશ્ય કહેવું પડશે; કારણ કે જો માત્ર દુષ્ટેન્દ્રિયસંનિકર્ષ કારણ હોય (અને સાદૃશ્યની અપેક્ષા ન હોય) તો જેમ શુક્તિમાં તેમ અંગારામાં પણ તે રજતાધ્યાસનો પ્રસંગ આવશે.

**વિવરણ** : શુક્તિરજતાદિ અધ્યાસની પહેલાં 'ઇદમ્' આકારવાળી વૃત્તિની સિદ્ધિને માટે ધર્મિજ્ઞાનવાદી બીજી રીતે ધર્મિજ્ઞાનને અધ્યાસનું કારણ કહે છે અને નૃસિંહભટ્ટોપાધ્યાયના મતની સામે પોતાની દલીલ વિસ્તારથી રજૂ કરે છે. પીતશંખાદિ અધ્યાસમાં શંખાદિ અને પીતરૂપાદિ વચ્ચે કોઈ સાદૃશ્ય નથી તેથી તેની વાત બાજુએ રાખીએ તો પણ જ્યાં સાદૃશ્ય છે એવા રજતાદિના અધ્યાસમાં રજતાદિની સાથે શુક્તિ આદિના સાદૃશ્યભૂત રૂપવિશેષાદિથી વિશિષ્ટ ધર્મીના જ્ઞાનરૂપ અધિષ્ઠાનસામાન્યજ્ઞાનને અધ્યાસનું કારણ માનવું જ પડશે. તેમ જ સ્થાણુ વગેરેમાં પુરુષાદિના અધ્યાસમાં ઊર્ધ્વત્વાદિ સાદૃશ્ય અપેક્ષિત છે. જો સાદૃશ્યની અપેક્ષા રાખ્યા વિના માત્ર દુષ્ટેન્દ્રિયસન્નિકર્ષથી જ અધ્યાસ થતો હોય તો જેમ શુક્તિમાં રજતનો અધ્યાસ સંભવે છે તેમ અંગારામાં પણ રજતનો અધ્યાસ સંભવવો જોઈએ. પણ તેમ થતું નથી તેથી સદૃશરૂપથી વિશિષ્ટ ધર્મીનું સામાન્ય જ્ઞાન જ અધ્યાસનું કારણ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**न च सादृश्यमपि विषयदोषत्वेन कारणमिति वाच्यम् । विसदृशेऽपि सादृश्यभ्रमे सत्यध्याससद्भावात् जलधिसलिलपूरे दूरे नीलशिलातलत्वारोपदर्शनात् । न च 'तद्धेतोरेव' इति न्यायात् सादृश्यज्ञानसामग्र्येवाध्यासकारणमस्त्विति युक्तम्, ज्ञानसामग्र्या अर्थकारणत्वस्य क्वचिदप्यदृष्टेः । ततस्सादृश्यज्ञानत्वस्यैव लघुत्वाच्च ।**

અને એવી દલીલ કરવી નહિ કે સાદૃશ્ય પણ વિષયના દોષ તરીકે (અધ્યાસનું) કારણ છે. (આ દલીલ બરાબર નથી) કારણ કે વિસદૃશને વિષે પણ સાદૃશ્યનો ભ્રમ થતાં અધ્યાસ થાય છે કેમ કે દૂર રહેલા સમુદ્રના જલપ્રવાહમાં નીલ શિલાતલત્વનો આરોપ જોવામાં આવે છે. અને એવી દલીલ કે '**तद्धेतोरेवास्तु तद्धेतुत्वं मध्ये किं तेन**' (જેને તમે તેનું કારણ માનો છો તેના કારણને જ તેનું કારણ થવા દો, વચ્ચે તેનું શું કામ?) એ ન્યાયથી સાદૃશ્યજ્ઞાનની સામગ્રી જ ભલે અધ્યાસનું કારણ હો —એ બરાબર નથી, કારણ કે જ્ઞાનની સામગ્રીને અર્થનું કારણ બનતી ક્યાંય જોવામાં આવતી નથી. અને તેના કરતાં સાદૃશ્યજ્ઞાનત્વને જ (અધ્યાસનું કારણ માનવામાં) લાઘવ છે.

**વિવરણ** : ધર્મિજ્ઞાનવાદીની સામે કોઈ શંકા કરે છે કે સાદૃશ્ય અપેક્ષિત હોય ત્યાં પણ એ એના સ્વરૂપથી જ અધ્યાસનું કારણ છે અને એટલાથી ઉક્ત અતિપ્રસંગનો પરિહાર થાય છે અર્થાત્ અંગારામાં રજતાધ્યાસનો પ્રસંગ નથી આવતો. એ સાદૃશ્ય જ્ઞાત હોય તો જ કારણ બને એવું નથી. તેથી ધર્મિજ્ઞાન અધ્યાસના કારણ તરીકે સિદ્ધ થતું નથી. ધર્મિજ્ઞાનવાદી આનો ઉત્તર આપે છે કે સાદૃશ્ય તેના અસ્તિત્વ માત્રથી કારણ હોય તો સાદૃશ્યના ભ્રમને કારણે અધ્યાસ ન સંભવે, કારણ કે સાદૃશ્યનો ભ્રમ થાય છે ત્યાં સાદૃશ્ય સ્વરૂપથી તો નથી જ હોતું. તેથી સાદૃશ્યજ્ઞાનને અધ્યાસનું કારણ માનવું જોઈએ, અને આમ તદ્વિશિષ્ટધર્મિજ્ઞાનની સિદ્ધિ થાય છે. વિસદૃશમાં સાદૃશ્યના ભ્રમનું ઉદાહરણ આપતાં ધર્મિજ્ઞાનવાદી કહે છે કે જળ વસ્તુતઃ શુક્લ રૂપવાળું છે માટે નીલ શિલાતલ સાથે તેનું સાદૃશ્ય નથી. તેથી સાદૃશ્યના ભ્રમથી જલપ્રવાહમાં નીલશિલાતલત્વનો આરોપ છે.

આની સામે શંકા કરવામાં આવે છે કે ધર્મિજ્ઞાનકારણતાપક્ષમાં પણ તેની સામગ્રી તરીકે દુષ્ટેન્દ્રિયસંનિકર્ષ માનવો જ પડશે. આમ એ આવશ્યક હોઈને એ માનવું ઉચિત છે કે સાદૃશ્યજ્ઞાનસામગ્રી અધ્યાસવિશેષનું કારણ છે, સાદૃશ્યજ્ઞાન નહિ; તેથી ધર્મિજ્ઞાનની સિદ્ધિ થતી નથી. 'तद्धेतोरेव...' ન્યાય પ્રમાણે સાદૃશ્યજ્ઞાનની કારણસામગ્રી ભલેને અધ્યાસનું કારણ હોય, વચ્ચે સાદૃશ્યજ્ઞાનને અધ્યાસના કારણ તરીકે લાવવાની શી જરૂર?

ધર્મિજ્ઞાનવાદી આ શંકાનો ઉત્તર આપતાં કહે છે કે ધર્મિજ્ઞાનકારણતા મતમાં ધર્મિજ્ઞાનને રજતાદિરૂપ અર્થની ઉત્પત્તિમાં કારણ માનવામાં આવે છે. આમ 'तद्धेतोरेव...' ન્યાય પ્રમાણે ધર્મિજ્ઞાનની સામગ્રીરૂપ સંપ્રયોગને જો કારણ માનવામાં આવે તો એ રજતાદિ અર્થની ઉત્પત્તિમાં કારણ બને. અને એ સંભવતું નથી, કારણ કે સન્નિકર્ષને જ્ઞાનનું કારણ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બનતો જોઈએ છીએ પણ વિષયની ઉત્પત્તિમાં કારણ બનતો ક્યાંય જોયો નથી કે માન્યો નથી. તેથી સાદૃશ્યજ્ઞાનસામગ્રીને કારણ માનવાની અપેક્ષાએ સાદૃશ્યજ્ઞાનને કારણ માનવામાં લાઘવ છે. અને આમ ધર્મિજ્ઞાનની સિદ્ધિ થાય છે.

**न च स्वतश्शुभ्रेऽपि शुभ्रकलधौतभृङ्गारगतेऽपि स्वच्छे जले एव नैल्याध्यासः, न मुक्ताफले इति व्यवस्थावत् वस्तुस्वभावादेव शुक्तौ रजताध्यासः नेङ्गालादाविति व्यवस्था, न तु सादृश्यज्ञानापेक्षणादिति वाच्यम् । स्वतः पटखण्डे पुण्डरीकमुकुलत्वानध्यासेऽपि तत्रैव कर्तनादिघटिततदाकारे तदध्यासदर्शनेन तदध्यासस्य वस्तुस्वभावमननुरुध्य सादृश्यज्ञानभावाभावानुरोधित्वनिश्चयात् । अन्यथाऽन्यदापि तत्र तदध्यासप्रसङ्गात् ।**

અને શંકા થાય કે સ્વતઃ શુભ્ર હોવા છતાં અને નિર્મલ સુવર્ણની ઝારીમાં રહેલું હોવા છતાં સ્વચ્છ જળમાં જ નીલતાનો અધ્યાસ થાય છે, મુક્તાફળમાં નહિ એ વ્યવસ્થા છે, તેમ વસ્તુના સ્વભાવને લીધે જ શુક્તિમાં રજતનો અધ્યાસ થાય છે, અંગારા વગેરેમાં નહિ એવી વ્યવસ્થા છે; પણ તે સાદૃશ્ય જ્ઞાનની અપેક્ષા રાખીને થતો નથી. આવી દલીલ કરવી નહિ. કારણ કે કપડાના ટુકડામાં સ્વતઃ કમલની મુકુલાવસ્થાનો અધ્યાસ ન હોવા છતાં કાતરથી કાપીને તેને તે આકાર આપવામાં આવતાં ત્યાં જ તેનો અધ્યાસ જોવામાં આવે છે. તેથી એવો નિશ્ચય થાય છે કે તેનો અધ્યાસ વસ્તુસ્વભાવનો અનુરોધ નહીં કરીને સાદૃશ્યજ્ઞાનના સદ્ભાવ કે અસદ્ભાવનો અનુરોધ કરે છે. અન્યથા અન્ય સમયે પણ ત્યાં તેના અધ્યાસનો પ્રસંગ આવશે.

**વિવરણ :** ધર્મિજ્ઞાનકારણતાવાદીની સામે દલીલ થઈ શકે કે સાદૃશ્યજ્ઞાન અધ્યાસવિશેષનું કારણ ન હોય તો પણ વ્યવસ્થા સંભવે છે તેથી ધર્મિજ્ઞાનની સિદ્ધિ થતી નથી. જળ કે મોતીનું નીલતા સાથે સાદૃશ્ય નથી તેમ છતાં જળમાં નીલતાનો અધ્યાસ જોવામાં આવે છે, મોતીમાં નહિ. આ વ્યવસ્થામાં જલ આદિ વસ્તુનો સ્વભાવ જ હેતુ છે, અન્ય નહિ. વાસણમાંની નીલતા જળમાં નીલતાના અધ્યાસનું કારણ છે, સ્વભાવ નહિ એવી શંકા દૂર કરવા માટે કહ્યું છે કે સ્વચ્છ જળ સ્વચ્છ સુવર્ણપાત્રમાં હોય તો પણ નીલતાનો અધ્યાસ થાય છે. જળમાં રહેલ કોઈ નીલરૂપવાળા દ્રવ્યના સંસર્ગને કારણે આ અધ્યાસ શક્ય બને છે એવી શંકા દૂર કરવા માટે કહ્યું છે કે જલ સ્વતઃશુભ્ર કે સ્વતઃસ્વચ્છ છે. આમ વસ્તુનો સ્વભાવ જ અધ્યાસનો પ્રયોજક માનવો જોઈએ.

આ દલીલનો જવાબ આપતાં ધર્મિજ્ઞાનકારણતાવાદી કહે છે કે પીતશંખાધ્યાસની જેમ ઝારીમાં રહેલ જળમાં નીલતાના અધ્યાસમાં સાદૃશ્યજ્ઞાનની અપેક્ષા ન હોય તો પણ કાતરથી કમળની કળીના આકારમાં કાપેલ કપડામાં કમળની કળીનો અધ્યાસ થાય છે ત્યાં તો સાદૃશ્યજ્ઞાન હોય તો જ અધ્યાસ થાય છે, સાદૃશ્યજ્ઞાન ન હોય તો અધ્યાસ થતો નથી. તેથી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વસ્તુસ્વભાવ નહિ પણ સાદૃશ્યજ્ઞાન અધ્યાસનું નિયામક છે. વસ્તુસ્વભાવનો આશ્રય તો નછૂટકે લેવો જોઈએ. વસ્તુસ્વભાવ જ જો કમળની કળીના અધ્યાસનું કારણ હોય તો કાતરથી કાપીને એ આકાર આપ્યા પહેલાં પણ કપડાના ટુકડામાં કમળની કળીનો અધ્યાસ થવો જોઈએ, તેથી ધર્મિજ્ઞાનકારણતાની સિદ્ધિ થાય છે.

**उच्यते — सादृश्यज्ञानस्याध्यासकारणत्ववादेऽपि विशेषदर्शनप्रतिबध्येषु रजताद्यध्यासेष्वेव तस्य कारणत्वं वाच्यम्; न तु तदप्रतिबध्येषु पीतशङ्खाद्यध्यासेषु, असम्भवात् । विशेषदर्शनप्रतिबध्येषु च प्रतिबन्धकज्ञानसामग्र्याः प्रतिबन्धकत्वनियमेन विशेषदर्शनसामग्र्यप्यवश्यं प्रतिबन्धिका वाच्येति तत एव सर्वव्यवस्थोपपत्तेः किं सादृश्यज्ञानस्य कारणत्वकल्पनया ।**

(નૃસિંહભટ્ટોપાધ્યાયનો) ઉત્તર છે કે સાદૃશ્યજ્ઞાન અધ્યાસનું કારણ છે એ વાદમાં પણ વિશેષદર્શનથી પ્રતિબધ્ય (રોકી શકાય તેવા) રજતાદિ અધ્યાસોમાં જ તેને કારણ કહેવું જોઈએ, પણ તેનાથી (વિશેષ દર્શનથી) પ્રતિબધ્ય નહીં એવા પીતશંખાદિ અધ્યાસોમાં નહિ કારણ કે (સાદૃશ્યનો) સંભવ નથી. અને વિશેષ દર્શનથી પ્રતિબધ્ય (અધ્યાસોમાં) પ્રતિબંધકજ્ઞાનની સામગ્રી નિયમથી પ્રતિબંધક હોય છે તેથી વિશેષદર્શનની સામગ્રીને પણ (અધ્યાસની) પ્રતિબંધક કહેવી પડશે, તેથી તેનાથી જ સર્વ વ્યવસ્થાની ઉપપત્તિ થતી હોવાથી સાદૃશ્યજ્ઞાન (અધ્યાસનું) કારણ છે એ કલ્પનાનો શો અર્થ ?

**વિવરણ** : કેટલાક અધ્યાસવિશેષમાં સાદૃશ્યજ્ઞાન કારણ છે એમ બતાવીને ધર્મિજ્ઞાનને કારણ માનવું જ જોઈએ એવા પૂર્વપક્ષનું હવે કવિતાર્કિક **નૃસિંહભટ્ટોપાધ્યાય**ને અનુસરનાર ચિંતક ખંડન કરે છે. સાદૃશ્યજ્ઞાનને અધ્યાસનું કારણ માનતા હો તો પણ વિશેષદર્શનથી રોકી શકાય તેવા રજતાદિ અધ્યાસોમાં જ કારણ માની શકશો. તેનાથી રોકી ન શકાય તેવા પીતશંખાદિ અધ્યાસોમાં નહિ કારણ કે ત્યાં સાદૃશ્યનો સંભવ નથી. શુક્તિરજત સ્થળમાં रजतत्वाभावव्याप्यशुक्तित्ववानयम् (આ પદાર્થ રજતત્વના અભાવથી વ્યાપ્ય શુક્તિત્વવાળો છે) એ વિશેષદર્શન હોય તો 'આ રજત છે' એવો ભ્રમ થતો નથી, પણ એ વિશેષદર્શન ન હોય તો તેની સંભાવના છે તેથી રજતાધ્યાસ વિશેષદર્શનથી પ્રતિબધ્ય છે. બીજી બાજુ એ 'पीतत्वाभावव्याप्यशङ्खत्ववानयम्' (આ પદાર્થ પીતત્વના અભાવથી વ્યાપ્ય શંખત્વવાળો છે) એ વિશેષદર્શન હોય તો પણ 'પીત શંખ' એવો અધ્યાસ થાય છે તેથી વિશેષદર્શનથી પ્રતિબધ્ય નથી. તેથી ધર્મિજ્ઞાન આમાં કારણ નહીં થાય કારણ કે પીતત્વનું સાદૃશ્ય શંખમાં છે જ નહિ તેમ સાદૃશ્યજ્ઞાન પણ ત્યાં નિયામક નથી (કમળની કળીના અધ્યાસમાં બને છે તેમ).

વિશેષદર્શનાત્મક પ્રતિબંધક જ્ઞાન જેમ રજતાદિ અધ્યાસમાં પ્રતિબંધક છે તેમ એ પ્રતિબંધક જ્ઞાનની સામગ્રી પણ પ્રતિબંધક હોય જ છે. જો પ્રતિબંધકમાત્રની સામગ્રીને પ્રતિબંધક માનવામાં આવે તો દાહપ્રતિબંધક મણિ વગેરેની સામગ્રી પણ દાહપ્રતિબંધક બનવાનો પ્રસંગ આવે તેથી 'જ્ઞાન' પદ મૂક્યું છે — પ્રતિબંધક જ્ઞાનની સામગ્રી પણ પ્રતિબંધક છે. જ્ઞાનની સામગ્રીને પ્રતિબંધક કહેવામાં આવે તો ધર્મિજ્ઞાનની સામગ્રીરૂપ સંનિકર્ષ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અધ્યાસમાં પ્રતિબંધક છે એમ માનવું પડે તેથી 'પ્રતિબંધકજ્ઞાન' એમ કહ્યું છે. ધર્મિજ્ઞાન અધ્યાસને અનુકૂલ હોઈને એ પ્રતિબંધક જ્ઞાન નથી તેથી આ પ્રસંગ થતો નથી. એ જ રીતે પક્ષમાં સાધ્યાભાવવત્તાનું જ્ઞાન આભાવનું અવગાહન કરતું હોઈને અનુમિતિની બાબતમાં સાક્ષાત્ પ્રતિબંધક છે. ત્યાં સાધ્યાભાવવ્યાપ્યવત્તાજ્ઞાન પ્રતિબંધકજ્ઞાનની સામગ્રી હોઈને તે અનુમિતિનું પ્રતિબંધક છે એવી વ્યવસ્થા જાણીતી છે. (પર્વતમાં વહ્નિના અભાવનું જ્ઞાન એ પર્વતમાં વહ્નિની અનુમિતિનું પ્રતિબંધક છે. હવે વહ્નિના અભાવનું જ્ઞાન વહ્નિના અભાવથી વ્યાપ્ય એવા કોઈ લિંગથી થતું હોય તો વહ્નિના અભાવના જ્ઞાનની આ સામગ્રી પણ વહ્નિની અનુમિતિની પ્રતિબંધક છે). જો પ્રતિબંધક જ્ઞાનસામગ્રીને જ પ્રતિબંધક માની શકાતી હોય અને એ રીતે ક્યાં અધ્યાસ થાય અને ક્યાં ન થાય એ વ્યવસ્થા ઉપપન્ન બનતી હોય તો સાદૃશ્યજ્ઞાનને અધ્યાસનું કારણ માનવાની કોઈ જરૂર નથી. તેથી ધર્મિજ્ઞાન રૂપ 'ઇદમ્' આકારવાળી વૃત્તિની સિદ્ધિ થતી નથી.

**तथा हि – इङ्गालादौ चक्षुःसम्प्रयुक्ते तदीयनैल्यादिरूपविशेषदर्शनसामग्रीसत्त्वान्न रजताध्यासः । शुक्त्यादावपि नीलभागादिव्यापिचक्षुःसम्प्रयोगे तत्सत्त्वान्न तदध्यासः । सदृशभागमात्रसम्प्रयोगे तदभावादध्यासः । तदाऽपि शुक्तित्वरूपविशेषदर्शनसामग्रीसत्त्वादनध्यासप्रसङ्ग इति चेत्, न । अध्याससमये शुक्तित्वदर्शनाभावेन तत्पूर्वं तत्सामग्र्यभावस्य त्वयाऽपि वाच्यत्वात् ।**

જેમ કે – ચક્ષુની સાથે સન્નિકૃષ્ટ અંગારા વગેરેની બાબતમાં તેના નીલતા વગેરે રૂપવિશેષના દર્શનની સામગ્રી હોવાથી રજતનો અધ્યાસ થતો નથી. શુક્તિ-આદિમાં પણ જ્યારે નીલભાગ આદિને વ્યાપનાર ચક્ષુનો સંનિકર્ષ હોય ત્યારે તે (વિશેષદર્શનની સામગ્રી) હોવાથી તેનો (રજતાદિનો) અધ્યાસ થતો નથી. જ્યારે સદૃશ ભાગ સાથે જ (ઇન્દ્રિયનો) સન્નિકર્ષ હોય ત્યારે તે (નીલતા આદિના દર્શનની સામગ્રી) ન હોવાથી અધ્યાસ થાય છે. શંકા થાય છે કે ત્યારે પણ શુક્તિસ્વરૂપ વિશેષ (ખાસિયત)ના દર્શનની સામગ્રી હોવાથી અનધ્યાસનો પ્રસંગ આવશે (–અર્થાત્ અધ્યાસ ન થવો જોઈએ). તેનો ઉત્તર છે કે ના (આ શંકા બરાબર નથી). અધ્યાસસમયે શુક્તિત્વનું દર્શન નથી હોતું તેથી તેની પહેલાં તેની સામગ્રીનો અભાવ હોય છે એમ તમારે પણ કહેવું પડશે.

**વિવરણ :** સાદૃશ્યજ્ઞાનને કારણ ન માનીએ તો પણ પૂર્વોક્ત પ્રસંગ નહીં ઉપસ્થિત થાય એમ અહીં બતાવ્યું છે. અંગારા વગેરે સાથે ચક્ષુનો સંનિકર્ષ હોય ત્યારે તેની નીલતા વગેરે જે વિશેષતા છે તેના (વિશેષના, ખાસિયતના) દર્શનની સામગ્રી હોવાથી રજતનો અધ્યાસ થતો નથી. શુક્તિ વગેરેમાં પણ નીલભાગ, ત્રિકોણભાગ સાથે ચક્ષુનો સંનિકર્ષ હોય ત્યારે વિશેષદર્શનની સામગ્રી હોઈને રજતનો અધ્યાસ થતો નથી. શંકા થાય કે આમ હોય તો ઇન્દ્રિયસંનિકર્ષને પણ અધ્યાસનું કારણ ન માની શકાય. તેનો ઉત્તર આપતાં કહ્યું છે કે શુક્તિના (રજત સાથેના) સદૃશ ભાગ સાથે જ સંનિકર્ષ હોય ત્યારે નીલતા વગેરે વિશેષના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દર્શનની સામગ્રીનો અભાવ હોવાથી રજતનો અધ્યાસ થાય જ છે. ફરી શંકા થાય કે સદૃશ-ભાગ માત્ર સાથે સંનિકર્ષ હોય ત્યારે પણ શુક્તિત્વરૂપ વિશેષના દર્શનની સામગ્રી હોવાથી રજતનો અધ્યાસ ન થવો જોઈએ. અને જો આ પ્રસંગનો પરિહાર કરવો હોય તો સાદૃશ્ય-જ્ઞાનને દોષ તરીકે અધ્યાસનું કારણ માનવું જોઈએ. અને તેથી ઉક્ત સાદૃશ્યદર્શનરૂપ પ્રતિબંધકની હાજરી હોવાથી અપ્રતિબદ્ધ શુક્તિત્વદર્શનસામગ્રી નથી અને તેથી રજતનો અધ્યાસ શક્ય બને છે—આમ કહેવાનો આ શંકામાં ધર્મિજ્ઞાનકારણવાદીનો આશય છે. તેનો જવાબ આપતાં અનધ્યાસના પ્રસંગનો પરિહાર કરવા માટે બન્ને પક્ષને સંમત વાત કહી છે. રજતનો અધ્યાસ થાય છે ત્યારે શુક્તિત્વનું દર્શન નથી હોતું તેથી તેની સામગ્રીનો પણ અભાવ હોય છે એમ સાદૃશ્યજ્ઞાનકારણતાવાદીએ પણ કહેવું પડશે. શુક્તિના રજતસદૃશ ભાગ સાથે જ્યારે ચક્ષુનો સંનિકર્ષ હોય ત્યારે ચક્ષુસંયુક્ત તાદાત્મ્યરૂપ શુક્તિત્વદર્શનસામગ્રી હોવા છતાં અધ્યાસ થતો જોવામાં નથી આવતો તેથી શુક્તિત્વરૂપ વિશેષના દર્શનની સામગ્રીનો પ્રતિબંધક કોઈ દોષ અવશ્ય માનવો પડશે. એ દોષ તે સાદૃશ્યજ્ઞાન નહીં પણ દૂરત્વ વગેરે છે. આમ દોષ તરીકે પણ સાદૃશ્યજ્ઞાન અધ્યાસનું કારણ નથી તેથી ધર્મિજ્ઞાનની સિદ્ધિ થતી નથી એમ કહેવાનો ધર્મિજ્ઞાનનો નિષેધ કરનારનો આશય છે.

**मम सादृश्यज्ञानरूपाध्यासकारणदोषेण प्रतिबन्धात् तदा शुक्तित्व-दर्शनसामग्र्यभावाभ्युपगमः । तव तथाऽभ्युपगमे तु घट्टकुटीप्रभातवृत्तान्त इति चेत्, न । समीपोपसर्पणान्तरं रजतसादृश्यरूपे चाकचिक्ये दृश्यमाने एव शुक्तित्वोपलम्भेन तस्य तत्सामग्रीप्रतिबन्धकत्वासिद्धौ दूरत्वादिदोषेण प्रतिबन्धाद्वा व्यञ्जकनीलपृष्ठत्वादिग्राहकासमवधानाद्वा तत्सामग्र्यभावस्य वक्तव्यत्वात् ।**

(શંકા) મારા મતમાં સાદૃશ્યજ્ઞાનરૂપ જે અધ્યાસના કારણરૂપ દોષ છે તેનાથી (શુક્તિત્વજ્ઞાનનો) પ્રતિબંધ થાય છે તેથી શુક્તિત્વદર્શનની સામગ્રીના અભાવનો સ્વીકાર છે. જ્યારે તમે જો તેમ સ્વીકારો તો ઘટ્ટકુટીપ્રભાતવૃત્તાન્ત થાય (−અર્થાત્ સાદૃશ્યજ્ઞાનને અધ્યાસના કારણ તરીકે ટાળવા માગતા હતા તે જ સ્વીકારવાનો વખત આવે). (આવી શંકા ધર્મિજ્ઞાનવાદી કરે તો ઉત્તર છે કે) ના. નજીક સરક્યા પછી રજતસાદૃશ્યરૂપ ચકચકાટ જોવામાં આવે છે ત્યારે જ શુક્તિ-ત્વની ઉપલબ્ધિ થાય છે તેથી તે (સાદૃશ્યદર્શન) તેની (શુક્તિત્વદર્શનની) સામગ્રીના પ્રતિબંધક તરીકે સિદ્ધ થતું નથી. (અને) આમ હોય તો દૂરત્વાદિ દોષથી પ્રતિબંધ થવાને કારણે અથવા (શુક્તિત્વના) વ્યંજક નીલપૃષ્ઠત્વાદિના ગ્રાહક (નીલભાગ-વ્યાપી ચક્ષુસંનિકર્ષ)ની હાજરી નહીં હોવાથી તેની (શુક્તિત્વરૂપ વિશેષના દર્શનની) સામગ્રીનો અભાવ (બન્ને પક્ષે) કહેવો પડશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ** : 'ઇદમ્' આકારવાળી વૃત્તિરૂપ ધર્મિજ્ઞાનને અધ્યાસનું કારણ માનનાર એવી દલીલ કરી શકે કે હું તો સાદૃશ્યજ્ઞાનરૂપ અધ્યાસના કારણને જ શુક્તિત્વવિશેષ-જ્ઞાનમાં પ્રતિબંધક માની શકીશ; તેથી શુક્તિત્વદર્શનની સામગ્રીનો અભાવ માની શકાશે. પણ જો પ્રતિપક્ષી તેમ માનશે તો તેની સ્થિતિ એવા વેપારી જેવી થશે જે દાણ (જકાત) ભરવાની બીકે રાતે દાણ-ચોકીથી દૂર માલ લઈને ભાગ્યા કરતો હતો પણ સવાર પડી ત્યારે તેને ખબર પડી કે ભ્રાન્તિવશાત્ તે દાણની ચોકીમાં જ છે અને તેને દાણ તો ભરવું જ પડ્યું. સાદૃશ્યજ્ઞાનને તે અધ્યાસનું કારણ માનવા તૈયાર નહોતો પણ ફરી ફરીને તે જ માનવું પડે તેવું થાય. આનો ઉત્તર આપતાં **કવિતાર્કિક**મતાનુયાયી કહે છે કે સાદૃશ્યદર્શન પ્રતિબંધક હોઈ શકે જ નહિ. ઊલટું શુક્તિની નજીક ગયા પછી રજતના સાદૃશ્યરૂપ ચકચકાટ દેખાય ત્યારે જ શુક્તિત્વનું જ્ઞાન થાય છે. આમ હોવાથી દૂરત્વ વગેરે દોષને કારણે પ્રતિબંધ છે અને શુક્તિત્વદર્શનની સામગ્રીનો અભાવ છે એમ બન્ને પક્ષે માનવું પડશે. અથવા સહકારીના અભાવમાં સામગ્રીનો અભાવ માની શકાય. શુક્તિત્વનો વ્યંજક એવો નીલપૃષ્ઠ વગેરે સાથે ચક્ષુનો સંનિકર્ષ ન હોય તેથી પણ શુક્તિત્વદર્શનની સામગ્રીનો અભાવ બન્ને પક્ષે માનવો પડશે.

અહીં એ વાતની નોંધ લેવી જોઈએ કે વ્યાખ્યાકાર **કૃષ્ણાનન્દતીર્થ કવિતાર્કિક**ના મત સાથે સંમત નથી અને તેમની દૃષ્ટિને સ્થૂલ દૃષ્ટિ તરીકે ચલાવી લે છે. **કૃષ્ણાનન્દ**ની દલીલ છે કે માણસ દૂર હોય તો પણ શુક્તિ વિષે શુક્તિ-પ્રમા, શુક્તિનું સાચું જ્ઞાન તેને ક્યારેક થાય છે. તેથી જેમ સાદૃશ્યજ્ઞાન અધ્યાસનું કારણ હમેશાં બને જ એમ હોતું નથી તેમ દૂરત્વ વગેરેમાં પણ વ્યભિચાર છે—ક્યારેક તે અધ્યાસનું કારણ ન પણ હોય અને ક્યારેક હોય પણ ખરું. એ જ રીતે રજત પ્રત્યે અત્યંત આસક્તિ અને તેની લાલચ હોય એવા માણસને નજીક ગયા પછી પણ શુક્તિનું સમ્યગ્જ્ઞાન થતું નથી, તેને રજત જ દેખાય છે. તેથી દૂરત્વને પણ દોષ ન માની શકાય. જો કોઈક અધ્યાસની બાબતમાં ક્યારેક એ દોષરૂપ છે એ રીતે તેને અધ્યાસનું કારણ માનવામાં આવતું હોય તો જ્વાળા વગેરેમાં સાદૃશ્યજ્ઞાનરૂપ દોષને કારણે થતો 'આ એ દીપજ્વાળા છે' એવો ભ્રમ સર્વને અનુભવથી સિદ્ધ છે. પ્રત્યેક ક્ષણે નવી જ્વાળા હોય છે તેમ છતાં સાદૃશ્યજ્ઞાનને લીધે 'આ એ જ જ્વાલા છે' એવો ભ્રમ થાય છે એવો સર્વને અનુભવ છે તેથી સાદૃશ્યજ્ઞાનને ક્યારેક રજતાદિના અધ્યાસમાં દોષ તરીકે કારણ માનવું જ પડશે. સાદૃશ્યજ્ઞાન દોષ છે એ વાત **શંકરાચાર્ય**ને પણ માન્ય છે. દેવતાધિકરણ (બ્ર.સૂ. શાં.ભા. ૧.૩.૨૮)માં તેમણે કહ્યું છે : सादृश्यात् प्रत्यभिज्ञानं केशादिष्विव. એ જ રીતે સમુદાયાધિકરણ કે **બૌદ્ધો**ના ખંડનમાં (૨.૨.૨૫) કહ્યું છે કે सादृश्यनिमित्तं प्रतिसन्धानम् (પ્રતિસંધાન એટલે પ્રત્યભિજ્ઞાન). તેથી સાદૃશ્યજ્ઞાન દોષ તરીકે અધ્યાસનું કારણ છે એ મતનું નિરાકરણ કરવું એ બરાબર નથી એમ કોઈ કહે તો તેનો ઉત્તર એ છે કે એ વાત સાચી છે તો પણ સ્થૂલ બુદ્ધિનો આશ્રય લઈને આમ કર્યું છે એમ સમજવું. સૂક્ષ્મ બુદ્ધિથી તો સાદૃશ્યજ્ઞાનને દોષ તરીકે અધ્યાસનું કારણ માની જ શકાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

एवं जलधिजले नियतनीलरूपाध्यासप्रयोजकदोषेण दूरे नीरत्वव्यञ्जकतरङ्गादिग्राहकासमवधानेन च शौक्ल्यजलराशित्वादिविशेषदर्शनसामग्र्यभावाच्छिलातलत्वाद्यध्यासः । विस्तृते पटे परिणाहरूपविशेषदर्शनसामग्रीसत्त्वाद् न पुण्डरीकमुकुलत्वाध्यासः । कर्तनादिघटिततदाकारे तदभावात् तदध्यास इति ।

એ જ રીતે સમુદ્રના જલમાં નિયત એવા નીલરૂપના અધ્યાસમાં પ્રયોજક દોષથી અને દૂર દેશમાં નીરત્વ (જલત્વ)ના વ્યંજક તરંગાદિનું ગ્રહણ કરનાર (ચક્ષુસંનિકર્ષ આદિ) ની હાજરી નહીં હોવાથી શુક્લતા, જલરાશિત્વ વગેરે વિશેષના દર્શનની સામગ્રી નહીં હોવાથી શિલાતલત્વાદિ (-બીજો પાઠ છે-નીલ શિલાતલત્વ) નો અધ્યાસ થાય છે. (અને) ફેલાવેલા પટ (કપડા)માં વિસ્તારરૂપ વિશેષના દર્શનની સામગ્રી હોવાથી કમલની મુકુલાવસ્થાનો અધ્યાસ થતો નથી (જ્યારે કાતરથી) કાપવા વગેરેથી તે આકાર જેને આપવામાં આવ્યો છે તેવા પટમાં તેનો અભાવ હોવાથી તેનો અધ્યાસ થાય છે.

**વિવરણ** : શુક્તિરજતભ્રમની બાબતમાં જે કહ્યું છે કે સાદૃશ્યજ્ઞાન વિના ભ્રમ થાય છે તે ન્યાય બીજા ભ્રમોમાં પણ લાગુ પાડે છે. સમુદ્રના જલમાં નીલશિલાતલનો અધ્યાસ થાય છે (સફેદ જલને બદલે નીલશિલાતલ દેખાય છે) તેમાં શુક્લરૂપાત્મક વિશેષનું દર્શન અને જલરાશિત્વાદિરૂપ વિશેષનું દર્શન પ્રતિબંધક છે. અને તેથી શુક્લરૂપાદિના દર્શનની સામગ્રી પણ આ અધ્યાસમાં પ્રતિબંધક છે. આમ પ્રતિબંધક બની શકે એવા જ્ઞાનની સામગ્રીના અભાવને લીધે જ નીલશિલાત્વનો આરોપ થાય છે. પણ એવું માનવું બરાબર નથી[?] પહેલાં જળમાં નીલતાના અધ્યાસથી સાદૃશ્ય જ્ઞાન સિદ્ધ થતાં તે દોષને લીધે નીલશિલાતલત્વનો અધ્યાસ થાય છે.

શંકા થાય કે સમુદ્રના પાણીના પૂરમાં શુક્લરૂપાત્મક વિશેષના દર્શનની સામગ્રીનો અભાવ અસિદ્ધ છે. અને નીલશિલાતલત્વનો આરોપ થયો તે પહેલાંના કાળમાં ચક્ષુની સાથે સંયુક્ત જળમાં શુક્લરૂપનું તાદાત્મ્ય સ્વીકાર્યું હોવાથી ચક્ષુસંયુક્તતાદાત્મ્યરૂપસંનિકર્ષ અને પ્રકાશ વગેરે હોવાથી જલરાશિત્વાદિરૂપ વિશેષના દર્શનની સામગ્રીનો અભાવ પણ અસિદ્ધ છે કારણ કે જલરાશિત્વના વ્યંજક તરંગાદિનું પ્રત્યક્ષ છે. આવી શંકાના ઉત્તરમાં કહ્યું છે કે નીલરૂપનો અધ્યાસ નિયત છે. સમુદ્રનું પાણી દૂર હોય ત્યારે જેમ નીલત્વનો અધ્યાસ થાય છે તેમ નજીક ગયા પછી પણ તેનો અધ્યાસ થાય છે એથી એ નિયત છે. કહેવાનું તાત્પર્ય એ છે કે શુક્લરૂપાત્મક વિશેષના દર્શનની સામગ્રી નિયત નીલરૂપાધ્યાસના પ્રયોજક દોષથી પ્રતિબદ્ધ છે તેથી કે અપ્રતિબદ્ધ નથી (રુકાવટ વિનાની નથી); દૂરત્વરૂપ દોષને લીધે જલરાશિત્વરૂપના વ્યંજક તરંગાદિના ગ્રાહકની હાજરી નથી હોતી; તેથી જલરાશિત્વરૂપ વિશેષના દર્શનની સામગ્રી નથી હોતી. આમ દ્વિવિધ પ્રતિબંધક (અધ્યાસમાં પ્રતિબંધક બની શકે એવાં) જ્ઞાનની સામગ્રીના અભાવને લીધે સમુદ્રના પાણીમાં નીલશિલાતલત્વાદિનો અધ્યાસ સંભવે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[વ્યાખ્યાકાર **કૃષ્ણાનંદ** સંમત નથી. તેઓ કહે છે કે અહીં ધ્યાનમાં રાખવું જોઈએ કે સમુદ્રના પાણીના પૂરમાં નીલશિલાત્વનો આરોપ થાય છે તેમાં બતાવેલી રીતે વિશેષના દર્શનની સામગ્રીનો અભાવ અપેક્ષિત હોય તો પણ તેટલા માત્રથી તેનો અધ્યાસ થતો નથી. પરંતુ જલમાં નીલરૂપ આદિના અધ્યાસથી નીલશિલાતલ સાથે સાદૃશ્ય સંપન્ન થયા પછી જ તેનો અધ્યાસ થાય છે તે જ રીતે દૂરથી જેને નીલશિલાતલત્વનો ભ્રમ થયો હોય તે સમુદ્રના જલના પૂરની નજીક આવ્યા પછી કહે છે : આ સમુદ્રના પાણીના પૂરમાં દૂરથી નીલતા, નિશ્ચલતા વગેરે સામ્યને કારણે મને નીલશિલાતલત્વનો ભ્રમ થયો હતો; હવે તે ભ્રમ દૂર થયો. અલગ અલગ ભ્રમ પ્રસંગે સાદૃશ્યદોષને કારણે મને પહેલાં અન્યથા ભ્રમ થયો હતો, હવે તે નાશ પામ્યો—એવો લોકવ્યવહાર જ સાદૃશ્યજ્ઞાનને દોષ તરીકે અધ્યાસ-વિશેષમાં કારણ તરીકે સિદ્ધ કરે છે એ જોવું જોઈએ. સાદૃશ્યજ્ઞાન અધ્યાસનું કારણ છે એમ અન્વય-વ્યતિરેકથી બતાવનાર ( સાદૃશ્યજ્ઞાન હોય તો અધ્યાસ થાય, ન હોય તો ન થાય એમ અન્વયવ્યતિરેકથી સાદૃશ્યજ્ઞાનને અધ્યાસનું કારણ બતાવનાર) બીજા ઉદાહરણને પણ **વિતાર્કિકાનુસારી** જુદી રીતે રજૂ કરે છે એમ **કૃષ્ણાનંદ** માને છે.]

કપડું ફેલાવેલું હોય ત્યારે વિસ્તારરૂપ વિશેષના દર્શનની સામગ્રી હાજર હોવાથી તેમાં પુંડરીકમુકુલત્વ (કમળની કળી)નો અધ્યાસ થતો નથી. પણ જ્યારે કાતરથી કાપીને કે કોઈ બીજી રીતે કપડાને તેનો આકાર આપ્યો હોય ત્યારે વિશેષદર્શનની સામગ્રી ન હોવાથી કપડામાં પુંડરીકમુકુલત્વનો અધ્યાસ થાય છે.

**नन्वेवं करस्पृष्टे लोहशकले तदीयनीलरूपविशेषदर्शनसामग्र्यभावात् रजताध्यासः किं न भवेत् सादृश्यज्ञानानपेक्षणादिति चेत्, न। भवत्येव। किं तु ताम्रादिव्यावर्तकविशेषदर्शनसामग्र्यभावात् तदध्यासेनापि भाव्यमिति क्वचिदनेकाध्यासे संशयगोचरो भवति। क्वचित्तु रजतप्राये कोशगृहादौ रजताध्यास एव भवति। क्वचित् सत्यपि सादृश्यज्ञाने शुक्तिकादौ कदाचित् करणदोषाद्यभावेनाध्यासानुदयवदध्यासानुदयेऽपि न हानिः।**

(શંકા) આમ હાથથી સ્પૃષ્ટ લોખંડના ટુકડામાં, તેના નીલરૂપ વિશેષના દર્શનની સામગ્રીનો અભાવ હોવાથી, રજતનો અધ્યાસ કેમ થતો નથી, કારણ કે ( અધ્યાસ માટે ) સાદૃશ્યના જ્ઞાનની (તમારા મતે) જરૂર નથી. (ઉત્તર) (આવી શંકા થાય તો ઉત્તર છે કે ) થાય જ છે. પણ તાંબા વગેરેની વ્યાવૃત્તિ કરનાર વિશેષ (ખાસ લક્ષણ)ના દર્શનની સામગ્રીનો અભાવ હોવાથી, તેમનો (તાંબા વગેરેનો) અધ્યાસ પણ થઈ શકે તેથી ક્યાંક અનેકનો અધ્યાસ થતાં સંશયનો વિષય બને છે ( —આ તાંબુ છે કે રજત કે સોનું એવો સંશય આ પદાર્થ વિષે થાય છે). જ્યારે ક્યાંક જ્યાં મોટે ભાગે રજત રહેતું હોય તેવા ખજાનામાં (લોખંડના ટુકડામાં) રજતનો જ અધ્યાસ થાય છે. ક્યાંક જેમ સાદૃશ્યજ્ઞાન હોવા છતાં પણ ક્યારેક કરણદોષ આદિનો અભાવ હોવાથી શુક્તિ વગેરેમાં અધ્યાસ થતો નથી, તેમ અધ્યાસ ન થતો હોય તો પણ હાનિ નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ** : સાદૃશ્યજ્ઞાન અધ્યાસનું કારણ છે એ મતમાં ચક્ષુનો સંનિકર્ષ થતો હોય ત્યાં ચાક્ષુષ સાદૃશ્યજ્ઞાન ધર્મિજ્ઞાન તરીકે અને દોષ તરીકે રજતાદિના અધ્યાસની ઉત્પત્તિમાં કારણભૂત છે. જ્યાં ત્વગિન્દ્રિયનો સંનિકર્ષ હોય ત્યાં સ્પર્શ પ્રકારનું સાદૃશ્યજ્ઞાન કહ્યા પ્રમાણે રજતાદિના અધ્યાસની ઉત્પત્તિમાં કારણભૂત છે. પણ **કવિતાર્કિક**ના મતમાં તો ધર્મિજ્ઞાન અધ્યાસનું કારણ થઈ જશે એ બીકથી સાદૃશ્યજ્ઞાનને ક્યાંય કારણભૂત માનવામાં આવતું નથી. જો એમ હોય તો ત્વગિન્દ્રિય અને 'આ' પદાર્થનો સંનિકર્ષ થતો હોય ત્યાં વિશેષ-દર્શનના સામગ્રીનો અભાવ હોવાથી **કવિતાર્કિક**ને માન્ય અધ્યાસનું કારણ છે જ ત્યાં અધ્યાસ કેમ થતો નથી લોખંડના ટુકડાનો હાથથી સ્પર્શ થતાં તેના નીલરૂપવિશેષના દર્શનની સામગ્રીનો અભાવ હોવાથી અને સાદૃશ્યજ્ઞાનની જરૂર ન હોવાથી ત્યાં રજતનો અધ્યાસ થવો જોઈએ, એ કેમ થતો નથી એવી શંકા સાદૃશ્યજ્ઞાનકારણવાદી કરે છે.

તેનો ઉત્તર આપતાં **કવિતાર્કિકમતાનુયાયી** કહે છે કે અધ્યાસ થાય જ છે. પણ વિશેષદર્શનની સામગ્રીનો અભાવ હોવાથી કોઈ એવા વિશેષ (ખાસ લક્ષણ)નું દર્શન નથી થતું જેને લઈને આ તાંબું કે સોનું નથી જ એમ જાણી શકાય; તાંબા વગેરેની વ્યાવૃત્તિ કરી શકે તેવા કોઈ વિશેષનું જ્ઞાન થતું નથી. તેથી રજતનો જ અધ્યાસ થાય એ જરૂરી નથી, તાંબા કે સુવર્ણાદિનો અધ્યાસ પણ થઈ શકે અને આ સંજોગોમાં 'આ' પદાર્થ સંશયનો વિષય બને છે — આ તાંબું હશે કે રજત કે સુવર્ણ ? પણ કોઈ ધનભંડાર કે ખજાનો જ્યાં મોટે ભાગે રજત જ રહેતું હોય ત્યાં કોઈ લોખંડનો ટુકડો પડ્યો હોય અને તેનો સ્પર્શ થાય તો રજતનો જ અધ્યાસ થાય છે; કારણ કે આ રજતનો ખજાનો છે એવો ખ્યાલ મગજમાં હોય છે જે તાંબા, સુવર્ણ વગેરેની વ્યાવૃત્તિ કરે છે; અને ક્યાંક સ્પર્શેલા લોખંડના ટુકડામાં રજતાદિનો અધ્યાસ નથી પણ થતો. વિપક્ષી શંકા કરે કે વિશેષદર્શનની સામગ્રીનો અભાવ તો ત્યાં પણ હોય છે તેથી એવા સ્થળે પણ રજતનો અધ્યાસ થવો જોઈએ. સાદૃશ્યજ્ઞાનને અધ્યાસનું કારણ માનીએ તો અહીં સાદૃશ્યજ્ઞાનના કારણનો અભાવ હોવાથી અધ્યાસ થવો જરૂરી નથી. તેનો ઉત્તર **કવિતાર્કિકમતાનુયાયી** એમ કહીને આપે છે કે તમારા મતમાં પણ સાદૃશ્યજ્ઞાન હોવા છતાં ઇન્દ્રિયનો દોષ ન હોય કે પદાર્થની નજીક ગયા પછી જેમ રજતનો અધ્યાસ થતો નથી એમ સ્વીકારવામાં આવે છે તેમ અમારા મતમાં પણ ક્યાંક અધ્યાસ ન થાય તો કોઈ હાનિ નથી.

**तस्मान्न कार्यकल्प्या इदमाकारवृत्तिः । नाप्यप्रतिबद्धेदमर्थसंप्रयोग-कारणकल्प्या । ततो भवन्त्या एवेदंवृत्तेर्दुष्टेन्द्रियसंप्रयोगक्षुभिताविद्यापरिणाम-भूतस्वसमानकालरजतविषयत्वस्यास्माभिरुच्यमानत्वात् । तत्र च ज्ञानसमान-कालोत्पत्तिके प्रतिभासमात्रविपरिवर्तिनि रजते तत्प्राचीनसंप्रयोगाभावेऽपि तत्तादात्म्याश्रयेदमंशसंप्रयोगादेव तस्यापि चक्षुर्ग्राह्यत्वोपपत्तेः । 'चक्षुषा रजतं पश्यामि' इति प्रातिभासिकरजतस्य स्वसंप्रयोगाभावेऽपि चाक्षुषत्वा-नुभवात् ।**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેથી 'ઇદમ્' આકારવાળી વૃત્તિની કાર્ય પરથી કલ્પના કરી શકાય નહિ. અપ્રતિબદ્ધ 'ઇદમ્' અર્થ ('આ' પદાર્થ) સાથે (ઇન્દ્રિયના) સંનિકર્ષરૂપ કારણ પરથી પણ તેની કલ્પના કરી શકાય નહિ, કારણ કે તેથી (ઇન્દ્રિયસંનિકર્ષથી) થતી 'ઇદમ્' વૃત્તિનો જ દુષ્ટ ઇન્દ્રિયના સંનિકર્ષથી ક્ષુભિત અવિદ્યાનું પરિણામભૂત તથા પોતાના (અર્થાત્ 'ઇદમ્' વૃત્તિના) સમાન કાલમાં વિદ્યમાન એવું રજત વિષય છે એમ અમારાથી કહેવામાં આવે છે, અને ત્યાં (ભ્રમસ્થલમાં) જ્ઞાનના સમાનકાલમાં ઉત્પન્ન થયેલા અને પ્રતીતિ કાળમાં જ જેની સત્તા છે એવા રજતમાં તેની (રજત- પ્રતિભાસની) પહેલાં (ઇન્દ્રિય-) સંનિકર્ષ ન હોવા છતાં પણ તેના (રજતના) તાદાત્મ્યના આશ્રયરૂપ 'ઇદમ્' અર્થના સંનિકર્ષથી જ તે (રજત) પણ ચક્ષુથી ગ્રાહ્ય હોય એ ઉપપન્ન છે (તેથી ઉપર્યુક્ત કલ્પના કરી શકાય નહિ). (રજતના ચાક્ષુષત્વની ઉપપત્તિ છે) કારણ કે 'ચક્ષુથી રજતને જોઉં છું' એમ પોતાની સાથે (ઇન્દ્રિય-) સંનિકર્ષ ન હોવા છતાં, પ્રાતિભાસિક રજતના ચાક્ષુષત્વ-નો અનુભવ થાય છે.

**વિવરણ : કવિતાર્કિકમતાનુયાયી** કહે છે કે ધર્મિજ્ઞાન કોઈ પણ રીતે અધ્યાસના કારણ તરીકે સિદ્ધ થતું નથી તેથી 'ઇદમ્'આકારવૃત્તિની કલ્પના તેના કાર્ય (અધ્યાસ)ને આધારે કરી શકાય નહિ. 'ઇદમ્' આકારવાળી વૃત્તિ અનુભવથી સિદ્ધ થઈ શકે, અથવા કાર્ય પરથી તેની કલ્પના કરી શકાય, કે તેના કારણ પરથી તેની કલ્પના કરી શકાય. પહેલા બે વિકલ્પનો નિરાસ કરીને કવિતાર્કિકમતાનુયાયી હવે ત્રીજા વિકલ્પનું નિરાકરણ કરે છે કે 'ઇદમ્' અર્થ સાથેના સંનિકર્ષરૂપ અપ્રતિબદ્ધ કારણથી પણ તેની કલ્પના કરી શકાય નહિ. યથોક્ત સંનિકર્ષને લીધે જે વૃત્તિ ઉત્પન્ન થાય છે તે ભ્રાન્તિરૂપ જ ઉત્પન્ન થાય છે. અને તેની પહેલાં 'ઇદમ્' અર્થને જ વિષય કરનારી કોઈ પ્રમારૂપ વૃત્તિ નથી કારણ કે તેને માટે પ્રમાણ નથી. 'ઇદમ્' અર્થથી અવચ્છિન્ન ચૈતન્યમાં રહેલી રજતરૂપે પરિણામ પામતી અવિદ્યા દુષ્ટ ઇન્દ્રિયના સંનિકર્ષરૂપ અધ્યાસના નિમિત્તકારણથી ક્ષોભ પામે છે અર્થાત્ કાર્યોભિમુખ બને છે. અને તે પછીની ક્ષણે રજતરૂપે પરિણમે છે. દુષ્ટ ઇન્દ્રિયના સંનિકર્ષને લીધે વૃત્તિ પણ તે જ રીતે ઉત્પન્ન થાય છે. અને આમ અપ્રતિબદ્ધ દુષ્ટ ઇન્દ્રિયના સંપ્રયોગથી થતી અર્થવિષયક વૃત્તિ પોતાના (અર્થાત્ વૃત્તિના) જ કાળમાં ઉત્પન્ન થયેલા રજતથી વિશિષ્ટ 'ઇદમ્' અર્થને વિષય કરે છે.

અહીં શંકા થાય કે ધર્મિજ્ઞાનના પક્ષમાં 'ઇદમ્' આકારવાળી વૃત્તિ અવિદ્યામાં ક્ષોભ કરનારી છે, અને તેના અભાવના પક્ષમાં ધર્મિજ્ઞાનનો હેતુ સંનિકર્ષ અવિદ્યામાં ક્ષોભ કરનારો છે એમ વિભાગ છે. ત્યાં બીજો પક્ષ બરાબર નથી કારણ કે 'ઇદમ્' અર્થ સાથેનો સંનિકર્ષ 'ઇદમ્' આકારવાળી વૃત્તિનું કારણ છે તેમ રજતવિષયક વૃત્તિનું કારણ નથી અને જ્ઞાન–સમકાલ (જ્ઞાનની સાથેસાથે) ઉત્પન્ન થયેલા રજતનો જ્ઞાનની પહેલાં ચક્ષુ સાથે સંનિકર્ષ નથી. આમ રજતવિષયક વૃત્તિ માટે સામગ્રીનો અભાવ છે એ જ સિદ્ધ કરે છે કે 'ઇદમ્' વૃત્તિ ધર્મીને જ વિષય કરે છે.

આ શંકાનો ઉત્તર આપવા માટે **કવિતાર્કિકમતાનુયાયી કહે** છે કે ત્યાં ભ્રમસ્થલમાં પ્રતિભાસકાળમાં જ જેનું અસ્તિત્વ છે અર્થાત્ પ્રતીતિથી જેની સત્તા વ્યાપ્ય છે એવું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રજત છે. 'इदम्' અર્થ સાથેનો સંનિકર્ષ એ રજત વિષયક વૃત્તિની ઉત્પત્તિમાં પણ હેતુ બની શકે છે. અહીં શંકા થાય કે એક વસ્તુ સાથે સંનિકર્ષ હોય અને અન્ય વસ્તુવિષયક વૃત્તિ ઉત્પન્ન થાય છે એમ સ્વીકારવામાં આવે તો ઘટ અને ઇન્દ્રિયના સંનિકર્ષથી પટવિષયક વૃત્તિ માનવાનો પ્રસંગ આવશે. પણ આ શંકા બરાબર નથી. કારણ કે કોઈ પણ વસ્તુ-વિષયક વૃત્તિની બાબતમાં તેનો પોતાનો ઇન્દ્રિય સાથે સંનિકર્ષ અથવા પોતાની સાથેના તાદાત્મ્યના આશ્રયરૂપ અન્ય વસ્તુનો ઇન્દ્રિય સાથે સંનિકર્ષ હેતુ છે. અર્થાત્ રજત સાથે ઇન્દ્રિયનો સંનિકર્ષ થાય તો રજતવિષયક વૃત્તિ ઉત્પન્ન થાય છે. ઉપરાંત રજતની 'इदम्' અર્થમાં કલ્પના કરવામાં આવે છે તેથી 'इदम्' અર્થ રજત સાથેના તાદાત્મ્યનો આશ્રય છે, તેથી 'इदम्' સાથેનો ઇન્દ્રિય–સંનિકર્ષ રજતવૃત્તિની ઉત્પત્તિમાં કારણભૂત બની શકે છે, જ્યારે ઘટ સાથેનો સંનિકર્ષ પટવિષયક વૃત્તિમાં હેતુભૂત નથી કારણ કે ઘટ પટ સાથેના તાદાત્મ્યનો આશ્રય નથી (પટનો ઘટમા અધ્યાસ થતો નથી). પ્રાતિભાસિક રજતનો ચક્ષુ સાથે સંપ્રયોગ થતો નથી છતાં તે ચાક્ષુષ એવી વૃત્તિનો વિષય છે એમ માની શકાય કારણ કે 'હું ચક્ષુથી રજત જોઉં છું' એવો તે રજતના ચાક્ષુષત્વનો અનુભવ આપણને થાય છે.

**न च स्वसंप्रयोगाभावादेव बाधकान्न तच्चाक्षुषम् । नापि दुष्टेन्द्रिय-सम्प्रयोगजन्यम् इन्द्रियवृत्तिसमकालम्, ज्ञानकारणस्येन्द्रियसम्प्रयोगस्यार्थ-कारणत्वाक्लृप्तेः । किं त्विदंवृत्त्यनन्तरभावि तज्जन्यं तदभिव्यक्ते साक्षिण्यध्यासात् तद्भास्यम् । चाक्षुषत्वानुभवस्तु स्वभासकचैतन्याभि-व्यञ्जकेदंवृत्तिजनकत्वेन परम्परया चक्षुरपेक्षामात्रेणेति वाच्यम् ।**

**तथा सति पीतशङ्खभ्रमे चक्षुरनपेक्षाप्रसङ्गात् । न हि तत्र शङ्ख-ग्रहणे चक्षुरपेक्षा, रूपं विना केवलशङ्खस्य चक्षुर्ग्राह्यत्वायोगात् । नापि पीतिमग्रहणे, आरोप्ये ऐन्द्रियकत्वानभ्युपगमात् ।**

અને એવી દલીલ કરવી નહિ કે પોતાની (અર્થાત્ રજતની) સાથે (ઇન્દ્રિયના) સંનિકર્ષનો અભાવ જ (રજતને ચાક્ષુષ માનવામાં) બાધક હોવાથી તે (રજત) ચાક્ષુષ નથી; તેમ ઇન્દ્રિયવૃત્તિ–સમકાલ એવું તે (રજત) દુષ્ટ ઇન્દ્રિયના સંનિકર્ષથી ઉત્પન્ન થયેલું પણ હોઈ શકે નહિ, કારણ કે ઇન્દ્રિયનો સંનિકર્ષ જે જ્ઞાનનું કારણ છે તેને અર્થના કારણ તરીક માનવામાં નથી આવ્યો. પરંતુ ઇદંવૃત્તિ પછી તરત થતું તે તેનાથી (ઇદંવૃત્તિથી) ઉત્પન્ન થાય છે અને તેનાથી (ઇદંવૃત્તિથી) અભિવ્યક્ત થયેલા સાક્ષીપર તેનો અધ્યાસ થવાથી તે તેનાથી (સાક્ષીથી) ભાસ્ય છે (ભાસિત થઈ શકે છે). તેનો ચાક્ષુષ તરીકે અનુભવ થાય છે તે તો પોતાના (શુક્તિરજતના) ભાસક ચૈતન્યની અભિવ્યંજક જે ઇદવૃત્તિ તેનું ચક્ષુ જનક હોવાથી પરંપરાથી ચક્ષુની અપેક્ષા છે તેટલા માત્રથી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(આ દલીલ બરાબર નથી) કારણ કે એમ હોય તો પીત શંખના ભ્રમમાં ચક્ષુની જરૂર નથી એમ માનવું પડે. ત્યાં શંખના ગ્રહણમાં ચક્ષુની અપેક્ષા નથી એ દેખીતું છે, કારણ કે રૂપ વિના કેવળ શંખ ચક્ષુથી ગ્રાહ્ય બની શકતો નથી. તેમ પીળાશના ગ્રહણમાં પણ (ચક્ષુની અપેક્ષા નથી) કારણ કે આરોપિત વસ્તુની બાબતમાં એ ઐન્દ્રિયક છે (ઇન્દ્રિયગ્રાહ્ય છે) એમ સ્વીકારવામાં નથી આવતું.

**વિવરણ** : ધર્મિજ્ઞાનવાદી પ્રતિભાસિક રજતના ચાક્ષુષત્વના અનુભવને બીજી રીતે સમજાવીને ધર્મી અને ઇન્દ્રિયના સંનિકર્ષથી ઉત્પન્ન થતી વૃત્તિ ધર્મીમાત્રને વિષય કરે છે એમ બતાવવાના આશયથી શંકા કરે છે કે પ્રાતિભાસિક રજત સાથે ઇન્દ્રિયનો સંનિકર્ષ નથી એ જ એ રજતને ચાક્ષુષ માનવામાં બાધક બને છે. તેથી તેને ચક્ષુર્ગ્રાહ્ય માની શકાય નહિ. એ રજત ઇદંવૃત્તિ–સમકાલ હોઈને દુષ્ટ ઇન્દ્રિયના સંપ્રયોગથી ઉત્પન્ન થયું છે એમ પણ માની શકાય નહિ કારણ કે કોઈ પણ ઇન્દ્રિયના સંનિકર્ષને જ્ઞાનનું કારણ માન્યો છે પણ કોઈ અર્થના કારણ તરીકે તેને માનવામાં નથી આવ્યો. પ્રાતિભાસિક રજતને ઐન્દ્રિયક (ઇન્દ્રિગ્રાહ્ય) માનનાર પક્ષમાં એક વસ્તુ સાથેનો ઇન્દ્રિય–સંનિકર્ષ અન્ય વસ્તુ વિષે વૃત્તિ ઉત્પન્ન કરે છે એવી એક કલ્પના કરવી પડે; અને જ્ઞાનનું કારણ એવો સંનિકર્ષ રજત આદિ અર્થની ઉત્પત્તિમાં કારણ છે એવી બીજી કલ્પના કરવી પડે તેથી આ મતમાં ગૌરવનો દોષ છે એવો ભાવ છે.

હવે ધર્મિજ્ઞાનવાદીને કોઈ પૂછે કે જો સંનિકર્ષ રજતાદિ અર્થની બાબતમાં કારણ ન હોય તો શું કારણ છે. માત્ર અવિદ્યાને તો કારણ માની શકાય નહિ કારણ કે તે સદા હોય છે તેથી રજતાદિનો અધ્યાસ ક્યારેક થાય છે અને ક્યારેક નહિ એમ કાદાચિત્ક તરીકે પ્રતીત થતા અધ્યાસને માટે એ જવાબદાર હોઈ શકે નહિ. આનો ઉત્તર આપતાં ધર્મિ-જ્ઞાનવાદી કહે છે કે ઇન્દ્રિયના સંનિકર્ષને કારણે 'ઇદમ્' અર્થને જ વિષય કરનારી વૃત્તિ ઉત્પન્ન થાય છે. તે અધ્યાસને વિષે નિમિત્ત–કારણ બને છે અને તેનાથી ક્ષુબ્ધ થયેલી અવિદ્યા રજતાકારે પરિણમે છે. 'ઇદમ્' આકારવાળી વૃત્તિથી અભિવ્યક્ત એવું જે 'ઇદમ્' અર્થથી અવચ્છિન્ન ચૈતન્ય તે રજતનું અધિષ્ઠાન છે. તેથી રજત રજતવિષયકવૃત્તિ વિના જ ચૈતન્યથી ભાસિત થઈ શકે છે જેમ અહંકારાદિ થાય છે તેમ. અને આ ઇદંવૃત્તિ કાદાચિત્ક હોવાથી રજતાદિનો અધ્યાસ પણ કાદાચિત્ક છે. આમ રજત ઇદંવૃત્તિની તરત જ પછી હોઈને તે ઇદવૃત્તિથી જન્ય છે અને એ ઇદંવૃત્તિથી અભિવ્યક્ત થયેલ સાક્ષી પર તેનો અધ્યાસ હોઈને એ સાક્ષીથી ભાસિત થાય છે.

હવે ધર્મિજ્ઞાનવાદીની સામે કોઈ શંકા કરે કે બાહ્ય ચૈતન્યથી અવભાસ્ય શુક્તિ-રજતાદિ ને અહંકારાદિની જેમ સાક્ષીથી ભાસિત થતાં કેવી રીતે કહી શકાય તો તે શંકા બરાબર નથી કારણ કે 'સાક્ષીથી ભાસિત થવું' એનો અર્થ એ જ છે કે પોતાને વિષય કરનાર જ્ઞાનરૂપ વૃત્તિથી અનુપહિત ચૈતન્યથી ભાસિત થવું. અને આમ જેમ અવિદ્યા, અહંકાર અને તેના ધર્મોને અવભાસિત કરતું ચૈતન્ય અવિદ્યાદિવિષયક જ્ઞાનરૂપ વૃત્તિથી ઉપહિત નથી બનતું તેમ શુક્તિરજતાદિને ભાસિત કરનારુ ચૈતન્ય પણ શુક્તિરજતાદિને વિષય કરનારી જ્ઞાનાત્મક વૃત્તિથી ઉપહિત નથી બનતું તેથી તેને સાક્ષિભાસ્ય કહ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હવે શંકા થાય કે શુક્તિરજત જો સાક્ષીથી ભાસિત થતું હોય તો તેના ચાક્ષુષત્વનો અનુભવ થાય છે તેનો વિરોધ થાય. આનો ઉત્તર આપતાં ધર્મિજ્ઞાનવાદી કહે છે કે પોતાને અર્થાત્ શુક્તિરજતને ભાસિત કરનાર એવું જે 'इदम्' અંશથી અવચ્છિન્ન ચૈતન્ય છે તેની અભિવ્યક્તિ કરનાર 'ઇદંવૃત્તિ'ને ચક્ષુ ઉત્પન્ન કરે છે તેટલા પૂરતી શુક્તિરજતને ચક્ષુની અપેક્ષા છે અને એ જરૂર પરંપરાથી જ છે, આડકતરી છે કારણ કે પોતાના અધિષ્ઠાન-વિષયક વૃત્તિને માટે છે, પણ સાક્ષાત્ કોઈ અપેક્ષા નથી; રજતવિષયક વૃત્તિને માટે તેની જરૂર નથી. આમ કોઈક રીતે ચક્ષુની જરૂર પડે છે તેટલા માત્રથી રજત ચાક્ષુષ છે એવો અનુભવ સંભવે છે.

અહીં વ્યાખ્યાકાર કૃષ્ણાનંદ ઉમેરે છે કે કોઈને શંકા થઈ શકે કે 'હું આંખથી રજત જોઉં છું' એ અનુભવ બતાવે છે કે રજત ચાક્ષુષવૃત્તિનો વિષય છે; એ એમ નથી બતાવતો કે શુક્તિરજત ચાક્ષુષવૃત્તિથી અભિવ્યક્ત ચૈતન્યનો વિષય છે. આ પરિસ્થિતિ છે. તેથી એમ જે કહ્યું છે કે પરંપરાથી ચક્ષુની જરૂર છે તેટલા માત્રથી રજતના ચાક્ષુષત્વના અનુભવની ઉપપત્તિ છે, તેમાં ચાક્ષુષત્વના અનુભવ વિષે રજત ચાક્ષુષવૃત્તિથી અભિવ્યક્ત ચૈતન્યનો વિષય છે એવી જે અનુભવની સમજ આપી છે તે કલ્પિત છે. પણ આ શંકા બરાબર નથી. કારણ કે શબ્દની જેમ અનુભવનું વ્યાખ્યાન થઈ શકતું નથી. વસ્તુતઃ 'इदम्' અર્થનું ઇદંત્વ જે ત્યાં અનુભવાય છે તેનો જેમ શુક્તિરજતમાં સંસર્ગારોપ છે તેમ 'इदम्' અર્થમાં રહેલા અને ત્યાં અનુભવાય છે તે ચાક્ષુષત્વનો શુક્તિરજતમાં સંસર્ગારોપ છે એ અર્થ પ્રસ્તુતમાં વિવક્ષિત છે અને આમ પોતા પર જેનો આરોપ કરવાનો છે એવું જે 'इदम्' અર્થમાં રહેલું ચાક્ષુષવૃત્તિ-વિષયત્વ તેની પ્રાપ્તિને માટે શુક્તિરજતને ચક્ષુની જરૂર રહે છે એવો અર્થ 'પરંપરાથી ચક્ષુની અપેક્ષા છે તેટલા માત્રથી' એ ગ્રંથનો સમજવાનો છે અને તેમ લેતાં કોઈ દોષ નથી.

કવિતાર્કિક પ્રાતિભાસિક રજત સાક્ષિભાસ્ય છે, ઐન્દ્રિયક નથી એ મતનું ખંડન કરતાં કહે છે કે એમ હોય તો પીત શંખના ભ્રમમાં ચક્ષુની જરૂર નથી એમ જ માનવું પડે. જો એમ માનીએ કે અધિષ્ઠાનને ઐન્દ્રિયકત્વ પ્રાપ્ત થાય તેટલા માટે જ ઇન્દ્રિયની જરૂર છે પણ આરોપ્ય (રજત)ના ઐન્દ્રિયકત્વને માટે ઇન્દ્રિયની અપેક્ષા નથી તો પીત શંખના ભ્રમમાં ચક્ષુની જરૂર નહીં રહે. શંખના ગ્રહણ માટે ચક્ષુની જરૂર નથી કેમ કે રૂપ વિના કેવળ શંખ ચક્ષુથી ગ્રાહ્ય બનતું નથી. [આ ઉપરછલ્લી રીતે, ઝાઝો વિચાર કર્યા વિના કહ્યું છે એમ માનવું જોઈએ કારણ કે પીતશંખ વગેરે ભ્રમસ્થળમાં પણ અધ્યાસની પહેલાં ધર્મિવિષયક ચાક્ષુષવૃત્તિનું પહેલાં ઉપપાદન કર્યું છે—કૃષ્ણાનંદતીર્થ]. પીળાશના ગ્રહણ માટે પણ ચક્ષુની જરૂર રહે નહિ કારણ કે આરોપ્યનો ઐન્દ્રિયક તરીકે સ્વીકાર કરવામાં નથી આવ્યો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

न च पीतिमा स्वरूपतो नाध्यस्यते, किं तु नयनगतपित्तपीतिम्नोऽनुभूयमानस्य शङ्खसंसर्गमात्रमध्यस्यत इति पीतिमानुभवार्थमेव चक्षुरपेक्षेति वाच्यम् । तथा सति शङ्खतत्संसर्गयोरप्रत्यक्षत्वप्रसङ्गात् । नयनप्रदेशगतपित्तपीतिमाऽऽकारवृत्त्यभिव्यक्तसाक्ष्यसंसर्गेण तयोस्तद्भास्यत्वाभावात् । पीतिमसंसृष्टशङ्खगोचरैकवृत्त्यनभ्युपगमाच्च ।

અને એવી દલીલ ન કરવી જોઈએ કે પીળાશ (પીળા રંગ)ને સ્વરૂપથી અધ્યાસ નથી થતો પણ નયનમાં રહેલા પિત્ત (દ્રવ્ય)ની પીળાશ જેનો અનુભવ થઈ રહ્યો છે તેનો સંસર્ગમાત્ર શંખમાં અધ્યસ્ત થાય છે તેથી પીળાશના અનુભવને માટે જ ચક્ષુની અપેક્ષા છે. (આ દલીલ બરાબર નથી) કારણ કે તેમ હોય તો શંખ અને તેનો સંસર્ગ અપ્રત્યક્ષ બની જશે (એ અપ્રત્યક્ષ છે એમ માનવું પડશે); કેમકે નયનપ્રદેશમાં રહેલા પિત્તમાં જે પીળાશ છે તેના આકારવાળી વૃત્તિથી અભિવ્યક્ત થતા સાક્ષી સાથે (શંખ અને તેના સંસર્ગનો) સંસર્ગ નથી તેથી તેનાથી (સાક્ષીથી) તેમનો ભાસ થાય નહિ, અને પીળાશથી સંબદ્ધ શંખવિષયક એક વૃત્તિનો સ્વીકાર કરવામાં નથી આવતો.

**વિવરણ** : રૂપ વિના કેવળ શંખ ચક્ષુથી ગ્રાહ્ય છે એમ સ્વીકારીને આરોપિત વસ્તુ સાક્ષીથી ભાસિત થાય છે એમ માનનાર દલીલ કરી શકે કે જેમ શુક્તિમાં રજત સ્વરૂપથી અધ્યસ્ત થાય છે તેમ શંખમાં પીતરૂપ સ્વરૂપથી અધ્યસ્ત થતું નથી; પણ નયનમાં રહેલા પીતરૂપથી યુક્ત પિત્ત નામનું વિશેષ દ્રવ્ય છે તેની જે પીળાશ છે તેનો અનુભવ તો પિત્ત દ્રવ્યમાં જ થાય છે અને શંખમાં માત્ર તેના સંસર્ગનો અધ્યાસ કરવામાં આવે છે, જેમ ફૂલમાં જોયેલી લાલાશના સંસર્ગનો અધ્યાસ સ્ફટિક આદિમાં થાય છે. હવે કોઈ શંકા કરે કે એકમાં રહેલી વસ્તુનો અન્યત્ર આરોપ સ્વીકારવામાં આવે તો અન્યથાખ્યાતિ માનવી પડે (અનિર્વચનીયખ્યાતિ નહિ), — તો તેનો ઉત્તર એ છે કે આ દલીલ બરાબર નથી. આ મતમાં જેનો અધ્યાસ કરવામાં આવે છે તે સંસર્ગને અનિર્વચનીય માન્યો છે અને તેની ઉત્પત્તિ માની છે એ એની અન્યથાખ્યાતિથી વિલક્ષણતા છે. આમ પીળાશના સંસર્ગનો જ આરોપ શંખમાં થાય છે અને તેની પહેલાં જે પિત્તદ્રવ્યમાં પીળાશનું દર્શન થાય છે તે અનુભવને માટે જ ચક્ષુની જરૂર છે.

આની સામે કવિતાર્કિકમતાનુસારી ચિંતક પ્રશ્ન કરે છે કે નયનપ્રદેશમાં જ રહેલા પિત્તદ્રવ્યમાં પીળાશનો અનુભવ થાય છે કે શંખદેશમાં પહોંચેલા પિત્તદ્રવ્યની પીળાશનો અનુભવ થાય છે? નયનપ્રદેશમાં રહેલા પિત્તદ્રવ્યમાં જ પીળાશનો અનુભવ થાય છે એમ માની શકાય નહિ કારણ કે એમ હોય તો શંખ અને શંખ અને પીળાશનો સંસર્ગ એ બેનું પ્રત્યક્ષજ્ઞાન થઈ શકે નહિ. શંખ અને તેના સંસર્ગનું ભાન (પ્રકાશન) પિત્તની પીળાશવિષયક વૃત્તિથી અભિવ્યક્ત થયેલા સાક્ષીથી થાય કે પીળાશની સાથે સંબદ્ધ શંખને વિષય કરનારી વૃત્તિથી અભિવ્યક્ત થયેલા સાક્ષીથી થાય? પહેલો વિકલ્પ બરાબર નથી. નયનપ્રદેશમાં રહેલા પિત્તના પીતરૂપના આકારવાળી વૃત્તિથી તે પ્રદેશમાં રહેલું, પીતરૂપથી અવચ્છિન્ન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચૈતન્ય અભિવ્યક્ત થાય છે. તે અભિવ્યક્ત ચૈતન્યરૂપ સાક્ષીની સાથે નથી શંખને સંબંધ કે નથી શંખ પર આરોપિત પીતરૂપસંસર્ગ (પીતરૂપના સંબંધ)ને સંબંધ તેથી શંખ અને તેનો સંસર્ગ અપરોક્ષ (પ્રત્યક્ષ) હોઈ શકે નહિ. બીજે વિકલ્પ પણ બરાબર નથી કારણ કે સાક્ષિભાસ્યત્વવાદી પીળાશથી સંબદ્ધ શંખને વિષય કરનારી એક વૃત્તિ સ્વીકારતો નથી.

**न च नयनप्रदेशस्थितस्य पित्तपीतिम्नो दोषाच्छङ्खे संसर्गाध्यासो नोपेयते, किं तु नयनरश्मिभिः सह निर्गतस्य विषयव्यापिनस्तस्य तत्र संसर्गाध्यासः, कुसुम्भारुणित (પાઠાન્તર–कुसुम्भारुणिम्न) इव कौसुम्भ इति सम्भवति तदाकारवृत्त्यभिव्यक्तसाक्षिसंसर्गे इति वाच्यम् । तथा सति सुवर्णक्षिप्त इव पित्तोपहतनयनेन वीक्ष्यमाणे शङ्खे तदितरेषामपि पीतिमधीप्रसङ्गात् ।**

અને (સાક્ષિભાસ્યત્વવાદી દલીલ કરે કે) દોષને લીધે નયન પ્રદેશમાં રહેલા પિત્તની પીળાશના સંસર્ગનો શંખમાં અધ્યાસ સ્વીકારવામાં નથી આવતો (—અમે સ્વીકારતા નથી), પણ આંખના કિરણો સાથે બહાર નીકળેલા અને વિષયને વ્યાપીને રહેલા પિત્તની પીળાશનો ત્યાં સંસર્ગાધ્યાસ (સ્વીકારમાં આવે છે); જેમ કસુંબાથી લાલ બનેલા પટમાં (સંસર્ગાધ્યાસ છે) તેમ (અથવા કસુંબાની લાલાશનો પટમાં સંસર્ગાધ્યાસ સ્વીકારવામાં આવે છે તેમ) આ સંભવે છે તેથી (પિત્તની પીળાશ)ના આકારવાળી વૃત્તિથી અભિવ્યક્ત થયેલા સાક્ષી સાથે સંસર્ગ છે (અને શંખ અને તેનો સંસર્ગ સાક્ષીથી પ્રકાશિત થાય છે). — તો તેણે આ દલીલ કરવી જોઈએ નહિ, કારણ કે તેમ હોય તો (પીત રંગવાળા) સોનાનો ઢોળ જેના પર ચઢાવ્યો હોય તે જેમ (બધાને પીળું દેખાય છે) તેમ પિત્તથી દૂષિત નયનવાળાથી જોવામાં આવતા શંખને વિષે તેના સિવાયના બીજાઓને પણ પીળાશનું જ્ઞાન થવાનો પ્રસંગ આવે (—બીજાઓને પણ શંખ પીળો દેખાવો જોઈએ).

**વિવરણ :** સાક્ષિભાસ્યત્વવાદી દલીલ કરે છે કે અમે એમ માનતા જ નથી કે નયન પ્રદેશમાં રહેલી પિત્તની પીળાશનો દોષને કારણે શંખમાં સંસર્ગાધ્યાસ થાય છે. અમે તો એમ માનીએ છીએ કે આંખના તેજકિરણોની સાથે બહાર નીકળેલા અને શંખરૂપ અધિષ્ઠાનને વ્યાપ્ત કરનાર પિત્તદ્રવ્યની પીળાશનો શંખમાં સંસર્ગાધ્યાસ થાય છે અને આમ પિત્તની પીળાશના આકારવાળી વૃત્તિથી શંખદેશમાં રહેલાં ચૈતન્યની અભિવ્યક્તિ થાય છે અને તેનાથી શંખ અને તેનો સંસર્ગ ભાસિત થાય છે તેથી તે પ્રત્યક્ષ છે. કપડા પર 'કસુંબો' નામના દ્રવ્યનો લેપ લગાડ્યો હોય તો કસુંબાથી વ્યાપ્ત કપડા પર જેમ કસુંબામાં અનુભવાતા લાલ રંગનો સંસર્ગારોપ થાય છે (—લાલ રંગ કપડાનો છે એમ ભ્રમરૂપ પ્રત્યક્ષ જ્ઞાન થાય છે) તેમ પિત્તદ્રવ્યથી વ્યાપ્ત શંખ પર પિત્તમાં અનુભવાતી પીળાશનો સંસર્ગારોપ સંભવે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આની સામે કવિતાર્કિકમતાનુસારી ચિંતક દલીલ કરે છે કે આમ હોય તો પિત્તથી દૂષિત થયેલી આંખવાળો માણસ જ્યારે શંખને જુએ ત્યારે પિત્તની પીળાશનો શંખમાં અનુભવ ત્યાં ઊભેલાં બધાંને થવો જોઈએ અને બધા માણસોને 'પીળો શંખ' એવું જ્ઞાન થવું જોઈએ પણ તેમ થતું નથી. ચાંદીના ઘરેણા પર સોનાનો ઢોળ ચઢાવ્યો હોય તો સોનાની પીળાશનો ચાંદી પર સંસર્ગારોપ થાય છે ત્યારે માત્ર એકને નહીં પણ બધાંને પીળાશનું પ્રત્યક્ષ જ્ઞાન થાય છે તેવું અહીં પણ થવું જોઈએ. પણ અહીં તો કમળો થયો હોય તેને જ 'પીળો શંખ' એ પ્રત્યક્ષ જ્ઞાન થાય છે, તેના સિવાય બીજાઓને આ જ્ઞાન થતું નથી.

**न च स पीतिमा समीपे गृहीत एव दूरे ग्रहीतुं शक्यः । विहायसि उपर्युत्पतन्विहङ्गम इव, इतरेषां च समीपे न ग्रहणम् इति वाच्यम् । इतरेषामपि तच्चक्षुर्निकटन्यस्तचक्षुषां पीतिमसामीप्यसत्त्वेन तद्ग्रहणस्य दुर्वारत्वात् । एवमप्यतिधवलसिकतामयतलप्रवहदच्छनदीजले नैल्याध्यासे गगननैल्याध्यासे च रक्तवस्त्रेषु निशि चन्द्रिकायां नैल्याध्यासे चानुभूयमानारोपस्य वक्तुमशक्यत्वेन तत्र नैल्यसंसृष्टाधिष्ठानगोचरचाक्षुषवृत्त्यनभ्युगमे चक्षुरनुपयोगस्य दुष्परिहारत्वाच्च ।**

**'अनास्वादिततिक्तरसस्य बालस्य मधुरे तिक्तताऽवभासो जन्मान्तरानुभवजन्यसंस्कारहेतुकः' इति प्रतिपादयता पञ्चपादिकाग्रन्थेन स्वरूपतोऽध्यस्यमानस्यैव तिक्तरसस्येन्द्रियकरणकस्फुटीकरणाच्च । अन्यथा तत्र रसनाव्यापारापेक्षाऽनुपपत्तेः ।**

અને એવી દલીલ કરવી નહિ કે નજીકમાં જેનું ગ્રહણ થયું હોય તે જ પીળાશ (પીળો રંગ) દૂર (દેશ)માં ગૃહીત થઈ શકે છે જેમ (ભૂપ્રદેશપર પહેલાં જોયેલું) પક્ષી ઉપર ઊડતું જોઈ શકાય છે તેમ, અને બીજાઓએ નજીકમાં ગ્રહણ કર્યું નથી (તેથી તે પિત્તની પીળાશ દૂર જતાં લોકો તેનું ગ્રહણ કરી શકતા નથી અને તેમને 'પીળો શંખ' એવું જ્ઞાન થતું નથી). (આ દલીલ બરાબર નથી) કારણ કે બીજાઓ જેમણે તેની આંખની નજીક આંખ માંડી છે તેમને માટે પણ પીળાશનું સામીપ્ય છે તેથી તેના ગ્રહણને રોકી શકાય નહિ. આમ પણ અતિધવલ રેતીમય તળ (સપાટી) પર વહેતા સ્વચ્છ નદી–જળમાં નીલતાના અધ્યાસમાં, અને ગગનમાં નીલતાના અધ્યાસમાં અને લાલ વસ્ત્રોમાં રાતે ચાંદનીમાં નીલ રંગનો અધ્યાસ થાય છે તેમાં અનુભવાતી (વસ્તુ)નો આરોપ છે એમ કહેવું શક્ય નથી તેથી ત્યાં નીલતાથી સંસૃષ્ટ અધિષ્ઠાન (નદી–જલ, ગગન, રક્ત વસ્ત્ર) વિષયક ચાક્ષુષ વૃત્તિનો સ્વીકાર ન થતાં ચક્ષુના અનુપયોગનો પરિહાર કરી શકાશે નહિ. (ચક્ષુનો ઉપયોગ નથી એમ સ્વીકારવું પડશે), અને "જેણે તિક્ત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(કડવા) રસનો આસ્વાદ નથી લીધો એવા બાળને મધુર (એવા માતાના દૂધ)માં તિક્તતા (કડવાશ)નો અવભાસ (સાક્ષાત્કાર) અન્ય જન્મના અનુભવથી જન્ય સંસ્કારને કારણે થાય છે" એવું પ્રતિપાદન કરનાર પઞ્ચપાદિકાગ્રન્થ ( Text of the पञ्चपादिका)થી સ્વરૂપથી જેનો અધ્યાસ કરવામાં આવ્યો છે તેવા જ તિક્તરસના ઇન્દ્રિયગ્રાહ્યત્વની સ્પષ્ટતા કરવામાં આવી છે તેથી (આરોપ્ય નીલત્વાદિ પણ ઇન્દ્રિયગ્રાહ્ય છે). અન્યથા ત્યાં રસના-વ્યાપારની અપેક્ષા ઉપપન્ન ન બને (ત્યાં રસનાના વ્યાપારની અપેક્ષા હોઈ શકે નહિ).

**વિવરણ** : સાક્ષિભાસ્યત્વવાદી દલીલ કરે કે પિત્તદ્રવ્ય નયનપ્રદેશમાંથી વિષય(શંખ)-દેશ સુધી જતું હોય ત્યારે જેમ પિત્તથી દૂષિત આંખવાળો નયનપ્રદેશથી માંડીને તે વિષય (શંખ)ને વ્યાપે ત્યાં સુધી તેની પીળાશ જુએ છે તેમ જો બીજા પણ નયનની નજીક, અને વચગાળામાં પીળાશને જોતા હોય તો શંખ-દેશમાં પણ તેનું ગ્રહણ કરી શકે, અન્યથા નહિ. જેમ એક નાનકડા પક્ષીને ભૂમિ પરથી ઊડતું જોઈએ તો તે આકાશમાં દૂર સુધી જાય ત્યાં સુધી તેને જોઈ શકીએ છીએ; તે અચાનક દૂર આકાશમાં જોઈ શકાતું નથી તેવું અહીં પણ છે.

**કવિતાર્કિકમતાનુયાયી**ને આ દલીલ બરાબર નથી લાગતી. દૃષ્ટાંતમાં ગગનના ઉપરના ભાગમાં દૂર પક્ષીને જોતો કોઈ માણસ બીજા માણસને કહે કે મારી આંખની પાસે તમારી આંખને માંડો તો તમે પણ પક્ષીને જોઈ શકશો. અને એ બીજો માણસ તેમ કરીને પક્ષીને જોઈ શકે છે. પણ પીળા શંખની બાબતમાં તેમ બનતું નથી.

અથવા બે ઘડી માની લઈએ કે અનુભવાયેલી વસ્તુનો આરોપ થતો હોય ત્યાં કોઈક રીતે આંખની જરૂર હોય; પણ જ્યાં જેને યાદ જ કરી છે એવી નીલતા આદિનો અધ્યાસ થતો હોય ત્યાં તો ઇન્દ્રિયની અપેક્ષા છે એમ બિલકુલ કહી શકાય નહિ.

જલના આધારરૂપ ભૂભાગમાં અથવા જળમિશ્રિત કોઈ દ્રવ્યવિશેષમાં નીલતા હોય છે અને ત્યાં જ અનુભવાતી નીલતાનો જળમાં અધ્યાસ થાય છે એવી શંકાને ટાળવાને માટે રેતીમય તલ અતિધવલ છે અને નદી-જલ સ્વચ્છ કે નિર્મલ છે એમ વિશેષણ પ્રયોજ્યું છે. એ જ રીતે રાતમાં ચંદ્રિકામાં પણ નીલત્વનો અનુભવ થતો નથી તેથી અનુભવાયેલી નીલતાનો આરોપ વસ્ત્રમાં કર્યો છે એમ કહી શકાશે નહિ. 'પીત શંખ', 'જલની નીલતા' વગેરે અધ્યાસોમાં આરોપ્ય પીળાશ, નીલતા વગેરેથી સંબન્ધિત અધિષ્ઠાન વિષયક ચાક્ષુષ વૃત્તિનો સ્વીકાર કરવામાં ન આવે તો પણ ચક્ષુનો ઉપયોગ નથી એ મતનો પરિહાર કરવો મુશ્કેલ નથી, કારણ કે શંખાદિ ધર્મી માત્રને વિષય કરનારી ચાક્ષુષ વૃત્તિનો સંભવ પહેલાં બતાવ્યો છે એમ સમજવું.

આરોપ્ય (પીળાશ વગેરે) ઇન્દ્રિયજન્યવૃત્તિનો વિષય છે એ બાબતમાં **પઞ્ચપાદિકાકારની** સંમતિ બતાવી છે. તેમણે કહ્યું છે કે આ જન્મે જે બાળકે રસનેન્દ્રિયથી તિક્ત રસનો અનુભવ નથી કર્યો તે બાળકને મીઠા એવા માના દૂધમાં તિક્તતાનો સાક્ષાત્કાર થાય છે તે બીજા જન્મમાંના તિક્તરસના અનુભવથી ઉત્પન્ન થયેલા સંસ્કારને કારણે થાય છે. આરોપમાં આરોપ્યના સજાતીય એવા પૂર્વના અનુભવથી ઉત્પન્ન થયેલો સંસ્કાર કારણભૂત છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વ્યાખ્યાકાર **કૃષ્ણાનંદતીર્થ** કહે છે કે આ ગ્રંથમાં તિક્તતાનો અનુભવ સંસ્કારની મદદ જેને મળી છે એવી રસનેન્દ્રિયથી ઉત્પન્ન થાય છે એમ કહેવું લાગે છે, કારણ કે માત્ર સંસ્કારથી થયેલું જ્ઞાન સ્મૃતિરૂપ જ હોય (—એ પ્રત્યક્ષ અનુભવ ન હોઈ શકે). અને આમ તિક્તતાના અધ્યાસનું અધિષ્ઠાન એવું (મધુર) દ્રવ્ય રસનેન્દ્રિયથી ગૃહીત થઈ શકે તેવું ન હોવાથી પરિશેષાત્ (છેલ્લી બાકી) એમ જ માનવું જોઈએ કે સ્વરૂપથી આરોપિત તિક્ત રસ જ રસનેન્દ્રિયથી ઉત્પન્ન થયેલી વૃત્તિનો વિષય છે—આવી સ્પષ્ટતા અહીં કરી છે તેથી આરોપ્ય (પીળાશ, તિક્તતા વગેરે) ઇન્દ્રિયગ્રાહ્ય છે એ બાબતમાં **પંચપાદિકાગ્રંથ**ની સંમતિ પ્રાપ્ત થાય છે. જો આરોપ્ય તિક્તરસ ઇન્દ્રિયગ્રાહ્ય તરીકે સ્વીકારવામાં ન આવે તો બાળકને તિક્તતાનો સાક્ષાત્કાર થાય છે ત્યાં રસનેન્દ્રિયનો વ્યાપાર જ ન હોત, કારણ કે અધિષ્ઠાનરૂપ દ્રવ્ય (દૂધ) (રસગુણ વિના) તેનાથી ગૃહીત થવાને યોગ્ય નથી.

[ વ્યાખ્યાકાર **કૃષ્ણાનંદતીર્થ** કવિતાર્કિકના મત સાથે સંમત નથી તેથી તેમની સાક્ષિભાસ્યત્વવાદીની સામે કરેલી દલીલને સમજાવીને પછી તેની સમીક્ષા કરતાં કહે છે.: વસ્તુતઃ તો तिक्तताबभासः એ કર્મધારય સમાસ છે. અને ‘અવભાસ’ પદનો અર્થ છે અવભાસિત થતું (अवभास्यते इति अवभासः એ વ્યુત્પત્તિ પ્રમાણે) અર્થાત્ આરોપિત કરાતો તિક્તરસ. **પંચપાદિકા**માં अवभास પદને સમજાવતાં अवभास्यमान પદનો ઉપયોગ કર્યો છે. અન્ય જન્મનો સંસ્કાર પણ અધ્યસ્યમાન તિક્ત રસની ઉત્પત્તિમાં હેતુ છે; કારણ કે **પંચપાદિકા ટીકા, વિવરણ** વગેરેમાં એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે પ્રાતિભાસિક અધ્યાસો (શુક્તિ–રજત, રજ્જુ–સર્પ વગેરે) થાય છે ત્યાં (૧) દોષ, (૨) સંસ્કાર, (૩) અધિષ્ઠાનનું સામાન્ય જ્ઞાન એ ત્રણ અધ્યસ્યમાન પદાર્થની ઉત્પત્તિમાં જ કારણભૂત છે. તો પછી આ ગ્રંથથી સ્વરૂપથી અધ્યસ્યમાન એવા જ તિક્તરસના ઇન્દ્રિય–ગ્રાહ્યત્વ અંગે સ્પષ્ટતા કરવામાં આવી છે એમ કેવી રીતે કહેવાય. અને તિક્તરસ ઇન્દ્રિયગ્રાહ્ય ન હોય તો રસનેન્દ્રિયના વ્યાપારની અપેક્ષા ઉપપન્ન નહીં બને એમ પણ કહી શકાય નહિ કારણ કે બાળકને કે બીજાઓને તિક્ત રસનો અધ્યાસ થાય છે ત્યારે રસનેન્દ્રિયનો વ્યાપાર હોય છે એમ માનવા માટે કોઈ પ્રમાણ નથી. અને રસનેન્દ્રિયનો વ્યાપાર ન હોય તો તિક્તતાનો સાક્ષાત્કાર ન થાય એમ પણ ન કહેવું જોઈએ કારણ કે ત્વગિન્દ્રિયથી ઉત્પન્ન થયેલી મધુર દ્રવ્ય (દૂધ) વિષયક વૃત્તિથી અભિવ્યક્ત થયેલા એવા મધુર દ્રવ્ય (દૂધ) થી અવચ્છિન્ન ચૈતન્યમાં તિક્તતાનો અધ્યાસ માનવાથી તિક્તતા પોતાને વિષય કરનારી વૃત્તિ વિના જ પોતાના અધિષ્ઠાનભૂત ચૈતન્યથી અવભાસિત (પ્રકાશિત) થાય એનો સંભવ છે.

અથવા તિક્તતાનો અધ્યાસ થાય ત્યારે રસનેન્દ્રિયની ભલે અપેક્ષા હોય તો પણ અધ્યસ્યમાન તિક્ત રસ ઇન્દ્રિયગ્રાહ્ય છે એમ સિદ્ધ થતું નથી. કારણ કે અધ્યસ્યમાન તિક્તતાની પ્રતિ મધુર દ્રવ્યમાં રહેલો મધુર રસ અધિષ્ઠાન બને એ સંભવે છે તેથી તેના અધિષ્ઠાનભૂત મધુર રસના ગ્રહણમાં રસનેન્દ્રિયની અપેક્ષા ઉપપન્ન બને છે. **પંચપાદિકા**માં પ્રયોજેલું ‘મધુર’ પદ જેમ મધુર દ્રવ્ય માટે પ્રયોજી શકાય તેમ ‘મધુર રસ’ માટે પણ પ્રયોજી શકાય તેથી ઉપર પ્રમાણે માનવાથી **પંચપાદિકા**નો વિરોધ થતો નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મધુર રસનું ગ્રહણ હોય તો તિક્તતાનો અધ્યાસ સંભવે નહિ એવી પણ દલીલ કરી શકાય નહિ; કારણ કે રસનું ગ્રહણ થયું હોય તો પણ દોષવિશેષને લઈને મધુરરસત્વ જાતિના સાક્ષાત્કારમાં પ્રતિબંધ (અવરોધ) હોય તો તેનો (તિક્તતાનો) અધ્યાસ ઉપપન્ન બને છે. તેથી આરોપ્ય (પીળાશ વગેરે) સાક્ષી માત્રથી ભાસ્ય (પ્રકાશિત) છે એમ પૂર્વાચાર્યોના સાર્વત્રિક વ્યવહાર (બધેય પ્રયોજેલાં વચનો)થી સિદ્ધ છે એમાં દોષ હોઈ શકે નહિ એમ માનવું જોઈએ.

કૃષ્ણાનંદતીર્થનાં વચ્ચે વચ્ચે આવતાં આવાં સમીક્ષાત્મક વિધાનો ખૂબ ઉપયોગી છે.]

**तस्मादुदाहृतनैल्याध्यासस्थलेष्वधिष्ठानसम्प्रयोगादेव तद्गोचरचाक्षुषवृत्तिसमकालोदयोऽध्यासः तस्या वृत्तेर्विषय इति तस्य चाक्षुषत्वमभ्युपगन्तव्यम् । रूपं विना केवलाधिष्ठानगोचरवृत्त्यभावे च विषयचैतन्याभिव्यक्त्यभावेन जलतदध्यस्तनैल्यादीनां तद्भास्यत्वायोगात् । तिक्तरसाध्यासस्थले त्वधिष्ठानाध्यासयोरेकेन्द्रियग्राह्यत्वाभावात् त्वगिन्द्रियजन्याधिष्ठानगोचरवृत्त्या तदवच्छिन्नचैतन्याभिव्यक्तौ पित्तोपहतरसनसम्प्रयोगादेव तत्र तिक्तरसाध्यासः तन्मात्रविषयरासनवृत्तिश्च समकालमुदेतीति तिक्तरसस्य रासनत्वमप्यभ्युपगन्तव्यम् । त्वगिन्द्रियजन्याधिष्ठानगोचरवृत्त्यभिव्यक्तचैतन्यभास्ये तिक्तरसे परम्परयाऽपि रसनोपयोगाभावेन तत्र कथमपि प्रकारान्तरेण रासनत्वानुभवसमर्थनासम्भवात् । तथैव रजतस्य चाक्षुषत्वोपपत्तेः 'पश्यामि' इत्यनुभवो न बाधनीयः ।**

તેથી (ઉપર) ટાંકેલા નીલતાના અધ્યાસના સ્થળોમાં અધિષ્ઠાન સાથેના સંનિકર્ષથી જ તેને વિષય કરનારી વૃત્તિના સમકાળમાં ઉત્પન્ન થતો અધ્યાસ (આરોપ્ય નીલતા) તે વૃત્તિનો વિષય છે તેથી તેનો ચાક્ષુષ તરીકે સ્વીકાર થવો જોઈએ. અને રૂપ વિના કેવળ અધિષ્ઠાનને વિષય કરનારી વૃત્તિ થાય નહિ તેથી વિષયથી અવચ્છિન્ન ચૈતન્યની અભિવ્યક્તિ ન થવાથી જળ અને તેમાં અધ્યસ્ત નીલતા વગેરે તેનાથી (ચૈતન્યથી) ભાસિત થઈ શકે નહિ. જ્યારે તિક્તરસના અધ્યાસના સ્થળે અધિષ્ઠાન (દૂધ) અને અધ્યાસ (તિક્તરસ) એક ઇન્દ્રિયથી ગ્રાહ્ય ન હોવાથી ત્વગિન્દ્રિયથી ઉત્પન્ન થયેલી અધિષ્ઠાન (દૂધ) વિષયક વૃત્તિથી તેનાથી (અધિષ્ઠાન દૂધથી) અવચ્છિન્ન ચૈતન્યની અભિવ્યક્તિ થતાં પિત્તથી દૂષિત રસનાના સંનિકર્ષથી જ ત્યાં તિક્તરસનો અધ્યાસ અને તેને જ વિષય

કરનારી રાસનવૃત્તિ સમકાલમાં ઉત્પન્ન થાય છે માટે તિક્તરસને રાસન (રસનેન્દ્રિયથી ગ્રાહ્ય) પણ માનવો જોઈએ. કારણ કે તિક્તરસ જો ત્વગિન્દ્રિયથી ઉત્પન્ન થયેલી અધિષ્ઠાનવિષયક વૃત્તિથી અભિવ્યક્ત થયેલા ચૈતન્યથી અવભાસિત હોય તો પરંપરાથી પણ રસનેન્દ્રિયનો ઉપયોગ ન હોવાથી ત્યાં (તિક્તતારૂપ અધ્યાસમાં) કોઈ પણ રીતે, બીજા પ્રકારે, તેના રાસનત્વના અનુભવનું સમર્થન સંભવતું નથી. તે જ રીતે રજતનું પણ ચાક્ષુષત્વ (ચક્ષુરિન્દ્રિયગ્રાહ્યત્વ) સંભવતું હોવાથી 'જોઉં છું' એ અનુભવનો બાધ કરવો ન જોઈએ.

**વિવરણ** : કવિતાર્કિકના મતાનુસાર પંચપાદિકાગ્રન્થનું વ્યાખ્યાન કર્યું છે તે પ્રમાણે અધ્યાસનું ઇન્દ્રિયગ્રાહ્યત્વ ફરી સમજાવે છે. અધ્યસ્યમાન પદાર્થ (નીલતા પીળાશ વગેરેને) સાક્ષિભાસ્ય માનવામાં આવે તો 'પીત શંખ' વગેરે અધ્યાસોમાં ચક્ષુનો ઉપયોગ નથી એ વાતનો પરિહાર કરી શકાય નહિ. તેથી અધિષ્ઠાન સાથેના સંનિકર્ષથી તેને વિષે જે ચાક્ષુષ વૃત્તિ ઉત્પન્ન થાય છે તેને સમકાલ જે પીતરૂપાદિ અધ્યાસનો ઉદય થાય છે તે અધ્યાસ એ વૃત્તિનો વિષય છે અને તેથી તેને ચાક્ષુષ (ચક્ષુર્ગ્રાહ્ય) માનવો જોઈએ. જો આરોપિત રૂપાદિથી વિશિષ્ટ શંખાદિને અધિષ્ઠાન સાથેના સંનિકર્ષથી ઉત્પન્ન થયેલી વૃત્તિનો વિષય ન માનવામાં આવે તો આરોપિત રૂપાદિનો અવભાસ થતો નથી એમ માનવું પડે. આરોપિત પીળાશ, નીલતા વગેરેથી સંબદ્ધ શંખાદિવિષયક વૃત્તિ ન સ્વીકારવામાં આવે તો રૂપ વિના કેવળ અધિષ્ઠાન (શંખાદિ) વિષયક વૃત્તિ તો થાય જ નહિ તેથી અધિષ્ઠાનથી અવચ્છિન્ન ચૈતન્યની અભિવ્યક્તિ સંભવે નહિ અને શંખાદિ અને તેના પર અધ્યસ્ત પીળાશ વગેરે એ સાક્ષિરૂપ ચૈતન્યની અવભાસિત થઈ શકે નહિ. તેથી સાક્ષિભાસ્યત્વવાદીનું કહેવું બરાબર નથી. **પંચપાદિકા**માં તિક્તરસના અધ્યાસનું ઉદાહરણ આપ્યું છે. તેમાં થોડું વૈલક્ષણ્ય છે. પીત શંખ વગેરેમાં અધિષ્ઠાન અને આરોપ્ય (પીળાશ વગેરે) બંને એક જ ઇન્દ્રિયથી ગ્રાહ્ય છે જ્યારે તિક્તરસના અધ્યાસના ઉદાહરણમાં (મધુર) દ્રવ્યરૂપ અધિષ્ઠાન ત્વગિન્દ્રિયગ્રાહ્ય છે જ્યારે તિક્તરસ રસનેન્દ્રિયથી ગ્રાહ્ય છે તેથી અહીં અધ્યસ્યમાન તિક્તરસનું ઇન્દ્રિયગ્રાહ્યત્વ તેને જ વિષય કરનારી રાસન (રસનેન્દ્રિયજન્ય) વૃત્તિથી ઉપપન્ન થતું બતાવ્યું છે. ત્વગિન્દ્રિયથી ઉત્પન્ન થતી અધિષ્ઠાનવિષયક વૃત્તિથી એ અધિષ્ઠાન (મધુર દ્રવ્ય)થી અવચ્છિન્ન ચૈતન્યની અભિવ્યક્તિ થતાં પિત્ત નામના દોષથી ઉપહત રસનેન્દ્રિય સાથે મધુર દ્રવ્યરૂપ અધિષ્ઠાનનો સંનિકર્ષ થતાં ત્યાં અધિષ્ઠાનથી અવચ્છિન્ન ચૈતન્યમાં તિક્તરસનો અધ્યાસ થાય છે અને ત્યારે જ અધ્યસ્યમાન તિક્તરસને વિષય કરનારી રાસનવૃત્તિનો ઉદય થાય છે જે તેને વિષય કરે છે. જો સાક્ષિભાસ્યત્વવાદી કહે છે તેમ તિક્તરસને ત્વગિન્દ્રિયથી જન્ય અધિષ્ઠાનવિષયક વૃત્તિથી અભિવ્યક્ત થયેલા ચૈતન્યથી અવભાસિત માનવામાં આવે તો દૂર દૂરથી પણ રસનાનો ઉપયોગ સંભવે નહિ અને તેથી તિક્તરસનો રસનેન્દ્રિયથી ગ્રાહ્ય તરીકે અનુભવ થાય છે તેનું કોઈ પણ રીતે સમર્થન થઈ શકે નહિ. રજતાદિ-અધ્યાસના સ્થળમાં ધર્મી માત્રને વિષય કરનારી વૃત્તિના ઉત્પાદન દ્વારા ઇન્દ્રિયનો ઉપયોગ બતાવી શકાય છે પણ અહીં તો મધુર દ્રવ્ય રસનેન્દ્રિયથી ગ્રહણ કરી શકાય તેવું નથી. તેથી રસનેન્દ્રિયનો ઉપયોગ કોઈ રીતે બતાવી શકાય તેમ નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[ આની સમીક્ષા કરતાં કૃષ્ણાનંદતીર્થ કહે છે કે સ્વપ્નકાળમાં કેવળ સાક્ષીથી અવભાસિત થતાં રસ, રૂપાદિની બાબતમાં તેમનો રસનેન્દ્રિય કે ચક્ષુરિન્દ્રિય આદિથી ગ્રાહ્ય તરીકે અનુભવ થાય છે તેને આરોપરૂપ તરીકે આગળ ઉપર સમજાવવામાં આવશે તેમ પ્રકૃતમાં પણ સમર્થન સંભવે છે. સ્વપ્ન–પદાર્થોની જેમ પ્રાતિભાસિક તિક્ત રસ આદિનો પણ ઇન્દ્રિયની સાથે સંનિકર્ષ નથી તેથી સામગ્રીનો અભાવ બન્ને જગ્યાએ સમાન છે. તો પણ એ પ્રકારને નહીં જાણતા એવા આ ચિંતકે કોઈ પણ રીતે રાસનત્વના અનુભવનું સમર્થન સંભવતું નથી એમ કહ્યું છે.]

કવિતાર્કિકે જેમ તિક્તરસને રાસનવૃત્તિનો વિષય માનીને રાસનત્વના અનુભવનું સમર્થન કર્યું છે તેમ રજતાદિને ચાક્ષુષવૃત્તિનો વિષય માનીને જ ચાક્ષુષત્વના અનુભવનું સમર્થન સંભવતું હોય ત્યારે એ અનુભવ આરોપરૂપ છે એવી કલ્પના બરાબર નથી એમ 'તે જ રીતે...' દ્વારા કહેવાનો તેમનો આશય છે.

**न चासम्प्रयुक्तस्य रजतस्य चाक्षुषत्वे 'प्रत्यक्षमात्रे विषयेन्द्रियसन्निकर्षः कारणम्', 'द्रव्यप्रत्यक्षे तत्संयोगः कारणम्', 'रजतप्रत्यक्षे रजतसंयोगः कारणम्' इति गृहीतानेककार्यकारणभावनियमभङ्गः स्यादिति वाच्यम् । सन्निकर्षत्वस्य संयोगाद्यनुगतस्यैकस्याभावेन आद्यनियमासिद्धेः । द्वितीयनियमस्य नैयायिकरीत्या तमसीव संयोगायोग्ये क्वचिदद्रव्येऽपि द्रव्यत्वाध्याससम्भवाद् व्यवहारदृष्ट्या यद् द्रव्यत्वाधिकरणं तद्विषयत्वेन, प्रातिभासिकरजते द्रव्यत्वस्याधिष्ठानगतस्यैवेदंत्ववदध्यासात् प्रतीत्यभ्युपगमेन च द्वितीयनियमाविरोधात् । द्वितीयनियमरूपसामान्यकार्यकारणभावातिरेकेण विशिष्यापि कार्यकारणभावकल्पनाया गौरवपराहतत्वेन तृतीयनियमासिद्धेः । 'यत्सामान्ये यत्सामान्यं हेतुः, तद्विशेषे तद्विशेषो हेतुः' इति न्यायस्यापि यत्र बीजाङ्कुरादौ सामान्यकार्यकारणभावाभ्युपगमे बीजान्तरादङ्कुरान्तरोत्पत्त्यादिप्रसङ्गः, तद्विषयत्वेन ततोऽजागलस्तनायमानविशेषकार्यकारणभावासिद्धेः ।**

અને એવી દલીલ કરવી નહિ કે (ઇન્દ્રિયની સાથે) સંનિકૃષ્ટ નહિ એવા રજતને ચાક્ષુષ માનતાં 'પ્રત્યક્ષમાત્રમાં વિષય અને ઇન્દ્રિયનો સંનિકર્ષ કારણ છે,' 'દ્રવ્યના પ્રત્યક્ષમાં ઇન્દ્રિયની સાથે તેનો સંયોગ કારણ છે', અને 'રજતના પ્રત્યક્ષમાં રજતનો સંયોગ કારણ છે' એમ ગૃહીત અનેક કાર્યકારણભાવના નિયમનો ભંગ થશે. (આ દલીલ બરાબર નથી) કારણ કે સંયોગાદિમાં અનુગત એક સંનિકર્ષત્વનો અભાવ હોવાથી પ્રથમ નિયમની સિદ્ધિ નથી. નૈયાયિકની રીતથી અંધકારની જેમ જે સંયોગને યોગ્ય નથી એવા અદ્રવ્યમાં પણ ક્યારેક



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દ્રવ્યત્વના અધ્યાસનો સંભવ છે તેથી બીજો નિયમ વ્યવહાર દૃષ્ટિથી જે દ્રવ્યત્વનું અધિકરણ છે તેને વિષે હોવાથી, અને પ્રાતિભાસિક રજતમાં અધિષ્ઠાનમાંના જ ઇદંત્વની જેમ દ્રવ્યત્વનો અધ્યાસ થાય છે તેથી પ્રતીતિનો સ્વીકાર કર્યો છે માટે બીજા નિયમનો વિરોધ નથી. દ્વિતીય નિયમરૂપ સામાન્ય કાર્યકારણભાવ (—દ્રવ્યપ્રત્યક્ષમાં ઇન્દ્રિયસંયોગ કારણ છે એ—)થી અતિરિક્ત વિશેષે કરીને કાર્યકારણભાવની કલ્પના (—રજતપ્રત્યક્ષમાં રજતસંયોગ કારણ છે એ વિશેષ કલ્પના) ગૌરવ (દોષ) થી દૂષિત છે તેથી ત્રીજા નિયમની સિદ્ધિ નથી. 'જે સામાન્ય (કાર્ય)માં જે સામાન્ય હેતુ હોય, તેના વિશેષમાં તેનો વિશેષ હેતુ હોય છે' એ ન્યાય પણ જ્યાં બીજાંકુર આદિમાં (કેવળ) સામાન્ય કાર્યકારણભાવ માનતાં બીજાન્તરમાંથી અંકુરાન્તરની ઉત્પત્તિનો પ્રસંગ થતો હોય તેવી વસ્તુ વિષે છે. તેથી બકરીના ગળાપરના સ્તનના જેવા વિશેષ કાર્યકારણભાવની સિદ્ધિ નથી (માટે ઉપર્યુક્ત દલીલ બરાબર નથી).

**વિવરણ : (શંકા)** 'રજતને હું જોઉં છું' એમ જે રજતના ચાક્ષુષત્વ(ચક્ષુથી ગ્રાહ્યત્વ)નો અનુભવ છે તેનો બાધ થઈ શકે નહિ એમ જે કહ્યું એ બરાબર નથી કારણ કે બાધક પ્રમાણ હોય તો બાધ થવો જ જોઈએ એમ માનીને શંકા ઉઠાવી છે. જેની સાથે ચક્ષુનો સંનિકર્ષ નથી તેને ચક્ષુરિન્દ્રિયગ્રાહ્ય માનતાં કાર્યકારણભાવના અનેક કિસ્સા જોઈને બાંધેલા ત્રણ નિયમનો ભંગ થાય. આ શંકાના ઉત્તરમાં **કવિતાર્કિકમતાનુયાયી** કહે છે કે પહેલો નિયમ છે કે પ્રત્યક્ષમાત્રમાં વિષય અને ઇન્દ્રિયનો સંનિકર્ષ કારણભૂત છે. પણ દ્રવ્ય સાથે ઇન્દ્રિયનો સંયોગ થાય છે, દ્રવ્યમાં રહેલ રૂપ ગુણ સાથે ઇન્દ્રિયનો સંયુક્તસમવાય સંબંધ છે, એ ગુણમાંના ગુણત્વ સાથે સંયુક્તસમવેતસમવાય છે ઇત્યાદિ. આ સંયોગાદિમાં કોઈ સંનિકર્ષત્વ નામની જાતિ જે સર્વમાં અનુગત હોય એવી તો છે નહિ તેથી પહેલો નિયમ સિદ્ધ થતો નથી. (નિયમ ચોક્કસાઈપૂર્વક આમ રજૂ કરવો જોઈતો હતો : શાબ્દથી ભિન્ન જન્ય પ્રત્યક્ષ માત્રમાં ઇન્દ્રિયનો સંનિકર્ષ કારણ છે. કેટલાક શબ્દજન્ય જ્ઞાનને અપરોક્ષ માને છે તેની વાત અહીં થતી નથી એ બતાવવા 'શાબ્દથી ભિન્ન' એ વિશેષણ મૂકવું જોઈએ. નિત્ય સાક્ષીરૂપ પ્રત્યક્ષને પણ આ લાગુ પડતો નથી તેથી વ્યભિચારનો દોષ ટાળવા માટે 'જન્ય પ્રત્યક્ષ' એમ કહેવું જોઈએ.) (કૃષ્ણાનંદતીર્થ કવિતાર્કિકની દલીલની સમીક્ષા કરતાં કહે છે કે સંયોગાદિમાં સંયોગાદ્યન્યતમત્વ—સંયોગ આદિમાંથી એક હોવાપણું—અનુગત છે અથવા **ન્યાયમત**માં અભાવત્વ આદિ અખંડોપાધિ માની છે તેમ સંનિકર્ષત્વની બાબતમાં પણ સંભવે છે તેથી પહેલા નિયમનો વિરોધ થાય છે જ. એ નિયમની સિદ્ધિ નથી એમ કહેવું બરાબર નથી).

જન્ય એવા દ્રવ્યપ્રત્યક્ષમાં ઇન્દ્રિયનો સંયોગ કારણ છે એ નિયમને લઈને તેનો અવિરોધ **કવિતાર્કિકમતાનુયાયી**એ બતાવ્યો છે. દ્વિતીય નિયમને વ્યવહાર દૃષ્ટિએ સમજવો જોઈએ, જે દ્રવ્યત્વનું અધિકરણ છે તેને વિષે આ નિયમ છે. અંધકારને **નૈયાયિકો** દ્રવ્ય માનતા નથી તેમ છતાં 'ગુણનો આશ્રય તે દ્રવ્ય' એમ માનનારને અંધકારમાં એ રૂપવાળો છે એવો ભ્રમ થવાથી તેના દ્રવ્યત્વનો ભ્રમ થાય છે. (**વેદાંતી** અંધકારને ભાવરૂપ દ્રવ્ય માને છે જ્યારે **નૈયાયિકો** તેને પ્રકાશના અભાવરૂપ માને છે). તેની જેમ જ 'એક એકત્વ' વગેરે રીતે ત્યાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પણ સંખ્યાનો આશ્રય છે એવો ભ્રમ થવાથી દ્રવ્યત્વનો અધ્યાસ થાય છે. એકત્વ, દ્વિત્વ આદિ સંયોગને યોગ્ય નથી છતાં અદ્રવ્યમાં દ્રવ્યત્વનો આરોપ જોઈએ છીએ. જો નિયમના અક્ષરાર્થને પૂરેપૂરા વળગી રહીએ તો અંધકાર કે એકત્વાદિમાં જે દ્રવ્યત્વનો ભ્રમ થાય છે ત્યાં દ્રવ્યની સાથે સંયોગ ન હોવાથી નિયમનો વ્યભિચાર થશે તેથી નિયમને વ્યાવહારિક દૃષ્ટિએ જ સમજવો જોઈએ. જે દ્રવ્યત્વનું અધિકરણ છે તેના પ્રત્યક્ષમાં ઇન્દ્રિયસંયોગ કારણ છે. ઉપર બંને કિસ્સામાં દ્રવ્યત્વનો આરોપ થયો છે અને છતાં નિયમ લાગુ પડે છે. તેજ રીતે પ્રાતિભાસિક રજતમાં જેમ અધિષ્ઠાન (શુક્તિ)ના ઇદંત્વનો આરોપ થાય છે તેમ તેના દ્રવ્યત્વનો આરોપ થાય છે અને આમ વ્યાવહારિક દૃષ્ટિએ શુક્તિરજત દ્રવ્યત્વનું અધિકરણ છે અને ઇન્દ્રિયસંયોગથી તેનું પ્રત્યક્ષ જ્ઞાન થાય છે તેથી દ્વિતીય નિયમનો ભંગ નથી.

ત્રીજા નિયમની સિદ્ધિ નથી કારણ કે દ્રવ્યના પ્રત્યક્ષમાં તેની સાથે ઇન્દ્રિયનો સંયોગ કારણ છે એવો નિયમ કર્યા પછી દ્રવ્યવિશેષ રજતના પ્રત્યક્ષમાં રજતની સાથે ઇન્દ્રિયનો સંયોગ કારણ છે એવા વિશેષ નિયમની કોઈ જરૂર નથી. કોઈ શંકા કરે કે 'જે સામાન્ય કાર્યનો જે સામાન્ય હેતુ હોય એના વિશેષમાં તેનો વિશેષ હેતુ હોય' એ ન્યાય પ્રમાણે વિશેષ કાર્યકારણભાવને વારી શકાય નહિ. તેના ઉત્તરમાં કહ્યું છે જ્યાં સામાન્ય કાર્યકારણભાવને લીધે અતિપ્રસંગ ઊભો થતો હોય (—ગમે તે કારણ ગમે તે કાર્યનો હેતુ બની જતો હોય—) ત્યાં આ ન્યાય લાગુ પડે છે, અન્યત્ર નહિ. જેમ કે બીજથી અંકુર થાય છે એમ માનતાં ગમે તે બીજમાંથી ગમે તે અંકુરની ઉત્પત્તિનો પ્રસંગ આવી પડે છે તેથી 'તે તે (વિશેષ) બીજમાંથી તે તે (વિશેષ) અંકુર થાય છે' એવા વિશેષ નિયમની આવશ્યકતા રહે છે. પણ અહીં તેવું નથી તેથી ત્રીજો વિશેષ કાર્યકારણભાવવિષયક નિયમ બકરીના ગળામાં લટકતા સ્તનની જેમ નકામો છે.

**न चात्रापि 'द्रव्यप्रत्यक्षे द्रव्यसंयोगः कारणम्' इति सामान्यनियममात्रोपगमे अन्यसंयोगादन्यद्रव्यप्रत्यक्षापत्तिरिति अतिप्रसङ्गोऽस्तीति वाच्यम् । 'तत्तद्द्रव्यप्रत्यक्षे तत्तद्द्रव्यसंयोगः कारणम्' इति नियमाभ्युपगमात् । अन्यथा तृतीयनियमेऽप्यतिप्रसङ्गस्य दुर्वारत्वात् । तस्मान्नास्ति क्लृप्तनियमभङ्गप्रसङ्गः ।**

**किं चात्र क्लृप्तनियमभङ्गेऽपि न दोषः, 'इदं रजतं पश्यामि', 'नीलं जलं पश्यामि' इत्यादेरनन्यथासिद्धस्यानुभवस्य प्रथमगृहीतानामपि 'प्रत्यक्षमात्रे विषयसन्निकर्षः कारणम्' इत्यादिनियमानां व्यावहारिकविषये सङ्कोचकल्पनमन्तरेणोपपादनासम्भवात् ।**

અને એવી દલીલ કરવી નહિ કે અહીં પણ 'દ્રવ્યના પ્રત્યક્ષમાં દ્રવ્યનો સંયોગ કારણભૂત છે' એ સામાન્ય નિયમ માત્ર માનવામાં આવે તો એક દ્રવ્યના સંયોગથી અન્ય દ્રવ્યના પ્રત્યક્ષની આપત્તિ છે તેથી અતિપ્રસંગ છે. (આ દલીલ બરાબર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નથી) કારણ કે 'તે તે દ્રવ્યના પ્રત્યક્ષમાં તે તે દ્રવ્યનો સંયોગ કારણ છે' એમ નિયમ સ્વીકારવામાં આવે છે, કેમ કે અન્યથા ત્રીજા નિયમમાં પણ અતિપ્રસંગ ટાળવો મુશ્કેલ બને. તેથી માનેલા નિયમના ભંગનો પ્રસંગ નથી

વળી અહીં માનેલા નિયમનો ભંગ થાય તો પણ દોષ નથી; કારણ કે 'આ રજત જોઉં છું' 'નીલ જલ જોઉં છું' વગેરે અનન્યથાસિદ્ધ (બીજી કોઈ રીતે સિદ્ધ ન થતો એવો) અનુભવ છે તેનું 'પ્રત્યક્ષમાત્રમાં વિષય-સંનિકર્ષ કારણ છે' વગેરે જે પ્રથમગૃહીત નિયમો છે તેમનો વ્યાવહારિક વિષયમાં સંકોચ માન્યા વગર ઉપપાદન (શકયતા બતાવવી તે) સંભવતું નથી.

**વિવરણ** : સામાન્ય કાર્યકારણભાવ માનતાં બીજાંકુરની બાબતમાં ગમે તે બીજમાંથી ગમે તે અંકુરની ઉત્પત્તિનો પ્રસંગ આવે છે તે અહીં પણ ઉપસ્થિત થશે તેથી વિશેષ નિયમની આવશ્યકતા છે એવી દલીલના ઉત્તરમાં કહ્યું છે કે 'તે તે દ્રવ્યના પ્રત્યક્ષમાં તે તે દ્રવ્યનો સંયોગ કારણ છે' એમ જ નિયમ સમજવાનો છે પણ તે ન્યાયથી ત્રીજા કાર્ય-કારણભાવની સિદ્ધિ થતી નથી. જો ત્રીજા નિયમથી જ અતિપ્રસંગ ટાળવા ધારતા હો તો એટલું ધ્યાનમાં રાખજો કે 'રજતનું પ્રત્યક્ષ રજતના સંયોગથી થાય છે' એ ત્રીજા નિયમની કલ્પનામાં પણ અતિપ્રસંગનો દોષ રહેવાનો જ—એક રજતના ચક્ષુ સાથેના સંયોગથી અન્ય રજતના પ્રત્યક્ષનો પ્રસંગ રહેશે જ. આમ આ ત્રીજો નિયમ નકામો જ છે. આમ પહેલા અને ત્રીજા નિયમની સિદ્ધિ નથી અને બીજા નિયમ સાથે કોઈ વિરોધ નથી તેથી કોઈ માનેલા નિયમના ભંગનો પ્રસંગ નથી.

કોઈ શંકા કરે કે પહેલા અને બીજા નિયમનો વિરોધ થાય છે જ એમ પહેલાં કહ્યું છે, અને તેમાં સમાવિષ્ટ વ્યક્તિના નિયમના વિરોધને પણ ટાળી શકાશે નહિ તેથી માનેલા નિયમનો ભંગ નથી એમ કહેવું બરાબર નથી. આ શંકાના ઉત્તરમાં કહે છે કે અહીં શુક્તિરજત વગેરે સ્થળે ઉક્ત નિયમનો ભંગ થાય તો પણ કોઈ દોષ નથી. 'હું રજત જોઉં છું' વગેરે અનુભવની બીજી કોઈ રીતે સિદ્ધિ થતી નથી તેથી ચાક્ષુષત્વ માનવું જ પડે અને કહેલા નિયમોનો વ્યાવહારિક વિષયમાં (દ્રવ્યત્વનું અધિકરણ તે દ્રવ્ય એ પ્રમાણે રજત-ત્વનો આરોપ માનીને) સંકોચ માન્યા વિના આ અનુભવને બીજી કોઈ રીતે સમજાવી શકાય નહિ, તેમની શકયતા બતાવી શકાય નહિ.

[વ્યાખ્યાકાર **કૃષ્ણાનન્દતીર્થ** સમીક્ષા કરતાં કહે છે કે સ્વપ્નકાળમાં કેવળ સાક્ષિભાસ્ય રજતાદિને વિષે જે ચાક્ષુષત્વનો અનુભવ થાય છે તેની બાબતમાં જેમ થાય છે તેમ અહીં પણ આરોપરૂપત્વની કલ્પના સંભવે છે તેથી તેનું અનન્યથાસિદ્ધત્વ (બીજી કોઈ રીતે સિદ્ધ ન થવું તે) સિદ્ધ થતું નથી. માનેલી સામગ્રીનો અભાવ તો સ્વપ્નની જેમ અહીં પણ સમાન છે. અન્યથા સ્વપ્નમાં ઇન્દ્રિયના વ્યાપારની કલ્પનાનો પ્રસંગ આવે.]

અનુભવ સાથે વિરોધ આવતાં, સ્વપ્નમાં ઇન્દ્રિયો કામ નથી કરતી એમ જે શ્રુતિમાં કહ્યું છે તેને બીજી રીતે સમજાવી શકાય એવી દલીલો સ્વપ્નની બાબતમાં જોડી શકાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

न चैवं सति 'प्रमायां सन्निकर्षः कारणं, न भ्रमे' इत्यपि सङ्कोचकल्पनासम्भवात् असन्निकृष्टस्यैव देशान्तरस्थस्य रजतस्य इहारोपापत्तिरिति अन्यथाख्यातिवादप्रसारिका । अभिव्यक्तचैतन्यावगुण्ठनशून्यस्य देशान्तरस्थस्य रजतस्यापरोक्ष्यानुपपत्तेः । ख्यातिबाधानुपपत्त्यादिभिर्भ्रमविषयस्यानिर्वचनीयत्वसिद्धेश्च ।

અને આમ હોય તો 'પ્રમા (સમ્યક્ અનુભવ)માં સંનિકર્ષ કારણ છે, ભ્રમમાં નહિ' એમ પણ સંકોચ કલ્પી શકાય તેથી સંનિકૃષ્ટ નહીં એવા જ, બીજા દેશમાં રહેલા રજતના અહીં આરોપની આપત્તિ છે તેથી અન્યથાખ્યાતિવાદનો પગપેસારો થશે—એમ માનવું નહિ; કારણ કે અભિવ્યક્ત ચૈતન્ય સાથેના તાદાત્મ્ય વિનાના, અન્ય દેશમાં રહેલા રજતની અપરોક્ષતાની શક્યતા નથી: અને ખ્યાતિ (અપરોક્ષ અનુભવ) અને બાધ અનુપપન્ન બને વગેરે હેતુઓથી ભ્રમના વિષય (રજતાદિ)નો અનિર્વચનીયતાની સિદ્ધિ થાય છે (તેથી અન્યથાખ્યાતિનો પગપેસારો નહીં થાય).

**વિવરણ :** (શંકા) જો માનેલા નિયમોનો સંકોચ કરવામાં આવે તો શુક્તિરજત આદિના અનિર્વચનીયત્વની સિદ્ધિ નહીં થાય **ન્યાયમત** અનુસાર 'બીજી જગ્યામાંનું રજત આદિ ભ્રમનો વિષય છે.' તેને વિષે કોઈ શંકા કરે કે અસન્નિકૃષ્ટ વસ્તુ પ્રત્યક્ષ કેવી રીતે હોઈ શકે તો તેના ઉત્તરમાં કહી શકાય કે 'સંનિકર્ષ પ્રત્યક્ષમાં કારણભૂત છે' એ નિયમનો તમારા મતમાં વ્યાવહારિક પદાર્થના પ્રત્યક્ષવિષયક છે એ રીતે સંકોચ કરો છો તો અમારા મતમાં પણ 'પ્રત્યક્ષપ્રમામાં સંનિકર્ષ કારણ છે' એમ પ્રત્યક્ષપ્રમાવિષયક તરીકે તેને સમજાવીને તેના સંકોચની કલ્પના થઈ શકશે તેથી અન્યથાખ્યાતિવાદમાં બાધ નહીં આવે. આમ **અન્યથાખ્યાતિ** માનવી પડશે, **અનિર્વચનીયખ્યાતિ** માની શકશો નહિ.

**ઉત્તર :** ભ્રમરૂપ પ્રત્યક્ષમાં સંનિકર્ષ હેતુ ન હોય તો **અન્યથાખ્યાતિવાદ** માનવાની જરૂર રહેતી નથી. કોઈ વસ્તુના અપરોક્ષત્વ માટે તેનું ઇન્દ્રિયસંનિકૃષ્ટત્વ જવાબદાર નથી, પણ તેનું અભિવ્યક્તચૈતન્યાભિન્નત્વ જવાબદાર છે એમ હવે પછી કહેવામાં આવશે. અને આમ ભ્રમનો વિષય—રજતાદિ—અન્ય દેશમાં હોય તો તે અપરોક્ષ સંભવે નહિ તેથી રજત શુક્તિ સાથે તાદાત્મ્ય પામેલું સિદ્ધ થાય છે. (અવગુણ્ઠન = તાદાત્મ્ય).

**શંકા :** આમ હોય તો શુક્તિની જેમ શુક્તિરજત પણ સત્ય જ હોય, અનિર્વચનીય નહિ કારણ કે તેમ માનવા માટે પ્રમાણ નથી.

**ઉત્તર :** રજતાદિની ખ્યાતિ અર્થાત્ અપરોક્ષ જ્ઞાન છે તેથી ભ્રમનો વિષય અન્ય દેશમાં છે કે અસત્ છે એમ માની શકાય નહિ. જે અસત્ છે તેનું સંવિત્ સાથે તાદાત્મ્ય નથી હોતું તેથી તે પ્રત્યક્ષ હોઈ શકે નહિ શુક્તિમાં કોઈ કાળે રજત નથી હોતું એ અબાધિત પ્રત્યક્ષના બળે રજત હોય ત્યારે પણ શુક્તિમાં રજતનો અભાવ સિદ્ધ થાય છે. જો શુક્તિમાં રજત ન હોય તો તેની અપરોક્ષ અનુભૂતિ સંભવે નહિ. જો એ ત્યાં સત્ય

Jain Education International          For Personal & Private Use Only          www.jainelibrary.org

હોય તો જેમ શુક્તિમાં શુક્તિત્વનો બાધ થતો નથી તેમ તેનો બાધ ન થાય. તેથી ખ્યાતિ અને બાધ બીજી કોઈ રીતે સંભવતાં ન હોવાથી શુક્તિરજતનું અનિર્વચનીયત્વ સિદ્ધ થાય છે. ઉત્પત્તિ અને વિનાશવાળું છે તેથી પણ તેના અનિર્વચનીયત્વની સિદ્ધિ થાય છે. વિવર્તના લક્ષણનું નિરૂપણ કરતી વખતે આ વિસ્તારથી સમજાવ્યું છે. 'વગેરે'થી 'ઉત્પત્તિવાળું' છે વગેરે યુક્તિનો નિર્દેશ છે.

**न चाधिष्ठानसम्प्रयोगमात्रात् प्रातिभासिकस्यैन्द्रियकत्वोपगमे शुक्तिरजताध्याससमये तत्रैव कालान्तरे अध्यसनीयस्य रङ्गस्यापि चाक्षुषत्वं कुतो न स्यादिति वाच्यम् । रजताध्याससमये रङ्गरजतसाधारणचाकचक्य-दर्शनाविशेषेऽपि यतो रागादिरूपपुरुषदोषाभावादितस्तत्र तदा न रङ्गाध्यासः, तत एव मया तद्विषयवृत्त्यनुदयस्याभ्युपगमात् । तस्मादिदमंशसम्भिन्न-रजतगोचरैकैव वृत्तिरिन्द्रियजन्या । न ततः प्रागिदमाकारा वृत्तिरिति नात्रैवंगमज्ञाननिवर्तकत्वसदसद्भावचिन्ता कार्येति ।**

અને એથી દલીલ કરવી નહિ કે અધિષ્ઠાનના સંનિકર્ષમાત્રથી પ્રાતિભાસિક (રજતાદિ)ને ઐન્દ્રિયક (ઇન્દ્રિયજન્ય જ્ઞાનના વિષય) તરીકે સ્વીકારવામાં આવતું હોય તો ત્યાં જ (શુક્તિમાં જ) અન્ય કાળમાં જેનો અધ્યાસ થવાનો છે તે વંગ (કલાઈ) પણ શુક્તિરજતના અધ્યાસ સમયે ચાક્ષુષ (ચક્ષુરિન્દ્રિયગ્રાહ્ય) કેમ ન હોય? (આ દલીલ બરાબર નથી) કારણ કે રજતના અધ્યાસના સમયે વંગ અને રજતને સાધારણ એવા ચળકાટનું દર્શન સમાન હોવા છતાં પણ જે રાગાદિરૂપ પુરુષદોષનો અભાવ આદિને લીધે ત્યાં (શુક્તિમાં) જ્યારે (રજતના અધ્યાસકાળમાં) વંગનો અધ્યાસ થતો નથી (—અધ્યાસ થતો તમે નથી માનતા—) તે જ કારણથી હું તદ્વિષયક (વંગવિષયક) વૃત્તિની અનુત્પત્તિને માનું છું (વંગવિષયક વૃત્તિ ઉત્પન્ન થતી નથી એમ માનું છું'). તેથી ('इदं रजतम्'માં) इदम् અંશથી સંમિલિત રજતવિષયક એક જ વૃત્તિ ઇન્દ્રિયથી ઉત્પન્ન થાય છે. તેની પહેલાં 'ઇદમ્' આકારવાળી વૃત્તિ ઉત્પન્ન થતી નથી તેથી અહીં જ (ઇદમ્ આકારવાળી વૃત્તિની બાબતમાં જ) અજ્ઞાનનિવર્તકત્વના સદ્ભાવ કે અસદ્ભાવની ચિન્તા (વિચાર) કરવી જોઈએ નહિ.

**વિવરણ** : શુક્તિરજત પ્રાતિભાસિક છે એમ માનનાર શંકા કરે છે કે શુક્તિરજત જો પોતાના તાદાત્મ્યના આશ્રય એવા 'इदम्' અર્થના સંનિકર્ષથી જ ચક્ષુરિન્દ્રિયવૃત્તિનો વિષય બનતું હોય તો એ જ શુક્તિમાં અન્ય કાળમાં જેનો અધ્યાસ થવાનો છે તે વંગ (કલાઈ) પણ ત્યારે જ ચાક્ષુષવૃત્તિનો વિષય કેમ નથી બનતી? જે વૃત્તિ શુક્તિરજતને વિષય કરે છે એ જ વૃત્તિ શુક્તિમાં કાળાન્તરે અધ્યાસ પામનાર વંગને પણ કેમ વિષય નથી કરતી? એ વૃત્તિ જેમ રજતના તાદાત્મ્યના આશ્રય 'इदम्' અર્થના સંનિકર્ષથી પણ ઉત્પન્ન થઈ શકે છે તેમ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અન્ય કાળમાંના વંગના તાદાત્મ્યના આશ્રય 'इदम्' અર્થના સંનિકર્ષથી પણ ઉત્પન્ન થઈ શકે, તેમાં કોઈ ફરક નથી—એમ કહેવાનો આશય છે. અને આમ સંનિકર્ષ રજતવિષયક વૃત્તિનો હેતુ નથી પણ સાદૃશ્ય (ચળકાટ આદિ)થી વિશિષ્ટ ધર્મીનું જ્ઞાન જ હેતુ છે અને સાદૃશ્યજ્ઞાન દોષ તરીકે અને ધર્મીના જ્ઞાન તરીકે રજતાદિના અધ્યાસમાં કારણ છે. અને રજત આદિ પોતાને વિષય કરનારી વૃત્તિ વિના જ ચૈતન્યથી અવભાસિત થાય છે એવો મત સ્વીકારવો જોઈએ.

આ શંકાનો ઉત્તર આપતાં **કવિતાર્કિકમતાનુયાયી** કહે છે કે તમારા મતમાં પણ શુક્તિમાં કાળાન્તરે જેનો અધ્યાસ થવાનો છે તે વંગનો રજતના અધ્યાસના સમયે જ અધ્યાસ કેમ થતો નથી. જો તમે આ શંકાનો પરિહાર એમ કહીને કરતા હો કે દૃશ્યમાન સાદૃશ્યરૂપ વિષયનો દોષ બંને જગ્યાએ સમાન હોવા છતાં પણ રજતના અધ્યાસના સમયે વંગવિષયક રાગાત્મક પુરુષ–દોષ ન હોવાથી અને રજતવિષયક રાગ હોવાથી, વંગનો અધ્યાસ થતો નથી, તો આ ઉત્તર હું પણ આપી શકું, 'રાગાદિ'માંના 'આદિ' પદથી વંગનું બુદ્ધિમાં ઘોળાયા કરવું સમજવાનું છે. 'દોષાભાવ આદિ'માંના 'આદિ'થી રજતવિષયક રાગ સમજવાનો છે. વંગવિષયક રાગાદિના અભાવથી અને રજતવિષયક રાગના અસ્તિત્વથી અથવા અન્ય કોઈ કારણથી રજતની ત્યાં ઉત્પત્તિ થાય છે અને એ વખતે રજતવિશિષ્ટ-ધર્મીને વિષય કરનારી વૃત્તિના ઉદયને અમે માનીએ છીએ.

**કવિતાર્કિક**ના મતનો ઉપસંહાર કરતાં કહ્યું છે કે તેથી, અર્થાત્ ધર્મિજ્ઞાન કારણ છે એમ માનવા માટે પ્રમાણ નથી તેથી, અમે માનીએ છીએ કે 'ઇદમ્' અંશથી સંમિલિત રજતવિષયક એક જ વૃત્તિ ઇન્દ્રિયથી ઉત્પન્ન થાય છે અને તેની પહેલાં કોઈ 'इदम्' આકારવાળી વૃત્તિ નથી હોતી. તેથી આ 'ઇદમ્' આકારવાળી વૃત્તિને વિષે જ એવો વિચાર કરવો વ્યર્થ છે કે 'તેમાં અજ્ઞાનનિવર્તકત્વ છે કે નથી?'

**अन्ये तु—'अधिष्ठानज्ञानमध्यासकारणम्' इति इदमाकारावृत्तिमुपेत्य तदभिव्यक्तेनैव साक्षिणा तदध्यस्तस्य रजतस्यावभाससम्भवात् तद्भासक-साक्ष्यभिव्यञ्जिकया तयैवेदंवृत्त्या रजतविषयसंस्काराधानोपपत्तेश्च रजताकार-वृत्तिर्व्यर्थेति मन्यन्ते ॥**

**જ્યારે બીજા** 'અધિષ્ઠાનનું જ્ઞાન અધ્યાસનું કારણ છે' તેથી 'ઇદમ્' આકાર-વાળી વૃત્તિ માનીને તેનાથી અભિવ્યક્ત થતા સાક્ષીથી જ તેમાં અધ્યસ્ત રજતનો અવભાસ સંભવતો હોવાથી, અને તેને અવભાસિત કરનાર સાક્ષીને અભિવ્યક્ત કરનાર તે જ 'ઇદમ્'વૃત્તિથી રજતવિષયક સંસ્કારનું આધાન ઉપપન્ન હોવાથી (આધાનનો સંભવ હોવાથી) રજતાકાર વૃત્તિ વ્યર્થ છે – એમ માને છે.

**વિવરણ** : ધર્મિજ્ઞાન અધ્યાસનું કારણ છે એ મતનો ઉત્ક્ષેપ ઉપર જયાં ત્યાં આવ્યો છે. અને તેને માટે કોઈ પ્રમાણ નથી એમ કહીને તેનું ખંડન કર્યું છે તે ઉપર-છલ્લું છે એમ વ્યાખ્યાકાર **કૃષ્ણાનંદતીર્થ** કહેતા રહ્યા છે. હવે એ ધર્મિજ્ઞાનકારણવાદીના મતનું પ્રતિપાદન કર્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'ઇદમ્' આકારવાળી વૃત્તિ માનીને પણ રજતવિષયક વૃત્તિ સ્વીકારવી જ જોઈએ એમ કેટલાક માને છે તેનું ખંડન અહીં કર્યું છે. અહીં એમ બતાવ્યું છે કે 'ઇદમ્ આકારવાળી વૃત્તિ માન્યા પછી રજતાકારવૃત્તિ વ્યર્થ છે. ધર્મિજ્ઞાન અધ્યાસનું કારણ છે માટે 'ઇદમ્'–આકારવૃત્તિ માનવી જોઈએ. પણ 'ઇદમ્' આકારવાળી વૃત્તિથી વ્યતિરિક્ત રજતાકાર વૃત્તિનું શું પ્રયોજન હોઈ શકે? તે રજતના અવભાસ માટે હોવી જોઈએ કે સંસ્કારને માટે? રજતના અવભાસને માટે તેની જરૂર નથી કારણ કે 'ઇદમ્' આકારવૃત્તિથી અભિવ્યક્ત થયેલા સાક્ષીથી જ તેના પર અધ્યસ્ત રજતનો અવભાસ સંભવે છે. સંસ્કારને માટે પણ રજતાકારવૃત્તિની જરૂર નથી કારણ કે તેને અવભાસિત કરનાર સાક્ષીને અભિવ્યક્ત કરનાર એ જ 'ઇદમ્' આકારવૃત્તિથી રજતવિષયક સંસ્કારનું આધાન સંભવે છે. શંકા થાય કે એક વસ્તુ (ઇદમ્) વિષયક વૃત્તિથી અન્ય (રજત) વિષયક સંસ્કારનું આધાન કેવી રીતે થઈ શકે. પણ આ શંકા બરાબર નથી કારણ કે જે વૃત્તિથી અવચ્છિન્ન ચૈતન્યમાં જેટલા પદાર્થો પ્રકાશે છે, તે જ વૃત્તિથી તેટલા પદાર્થોને વિષે સંસ્કારનું આધાન થાય છે એમ પહેલાં કહ્યું છે એવો ભાવ છે.

**ज्ञानद्वयपक्षे 'इदम्' इत्येका वृत्तिरध्यासकारणभूता। 'इदं रजतम्' इति द्वितीया वृत्तिरध्यस्तरजतविषया, न त्विदमंशं विनाऽध्यस्तमात्रगोचरा सा। 'इदं रजतं जानामि' इति तस्या इदमर्थतादात्म्यापन्नरजतविषयत्वानुभवादिति केचित्।**

બે જ્ઞાન માનનાર પક્ષમાં, 'ઇદમ્' ('આ') એ એક વૃત્તિ અધ્યાસની કારણભૂત છે. 'આ રજત' એ બીજી વૃત્તિ અધ્યસ્ત રજત વિષયક છે. પણ એ 'ઇદમ્' અંશ વિના માત્ર 'અધ્યસ્ત (રજત)ને વિષય નથી કરતી, કારણ કે ' આ રજતને જાણું છું' એમ તે ઇદમ્ (આ) અર્થની સાથે તાદાત્મ્ય પામેલા રજતને વિષે છે એવો અનુભવ થાય છે એમ કેટલાક કહે છે.

**વિવરણ** : એક વસ્તુને વિષય કરનારી વૃત્તિથી એ જ વસ્તુવિષયક સંસ્કારનું આધાન સંભવે છે એમ જેઓ માને છે તેમના મતમાં 'ઇદમ્' વૃત્તિ ઉપરાંત અધ્યસ્ત રજતવિષયકવૃત્તિ પણ હોય છે. તેઓ બે જ્ઞાન માને છે. હવે અહીં પ્રશ્ન થાય કે બીજી વૃત્તિ છે તે અધ્યસ્ત રજતથી વિશિષ્ટ ધર્મીને વિષય કરે છે કે માત્ર રજતને વિષય કરે છે. આનું સમાધાન કરતાં બે મત પડી ગયા છે. કેટલાક માને છે કે આ બીજી વૃત્તિ પણ 'ઇદમ્' અંશને છોડીને માત્ર અધ્યસ્ત રજતને વિષય કરનારી નથી. પણ અધ્યસ્ત રજતથી વિશિષ્ટ ધર્મીને વિષય કરનારી છે. બીજી વૃત્તિ વિશિષ્ટવિષયક છે એમ આપણો અનુભવ 'હુ રજતને જાણું છું' એ જ બતાવી આપે છે.

જ્યારે બીજા માને છે કે આ બીજી વૃત્તિ માત્ર અધ્યસ્ત (રજત)ને જ વિષય કરનારી છે. તે મત આ પ્રમાણે છે :

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अन्ये तु – यथा इदमंशावच्छिन्नचैतन्यस्थाऽविद्या रजताकारेण विवर्तते, एवमिदमंशविषयवृत्तिज्ञानावच्छिन्नचैतन्यस्थाऽविद्या रजतज्ञानाभासाकारेण विवर्तते, न त्विदमंशवृत्तिवदनध्यस्तं रजतज्ञानमस्ति । तथा च रजतस्य अधिष्ठानगतेदंत्वसंसर्गभानवत्तज्ज्ञानस्याप्यधिष्ठानगतेदंत्वविषयत्वसंसर्गभानोपपत्तेः न तस्यापीदंविषयत्वमभ्युपगन्तव्यम् ।

જ્યારે અન્ય (ચિંતકો) કહે છે કે જેમ 'ઇદમ્' ('આ') અંશથી અવછિન્ન ચૈતન્યમાં રહેલી અવિદ્યા રજતાકારે વિવર્ત પામે છે (પરિણમે છે), તેમ 'ઇદમ્' અંશવિષયક વૃત્તિજ્ઞાનથી અવચ્છિન્ન ચૈતન્યમાં રહેલી અવિદ્યા રજતજ્ઞાનાભાસાકારે વિવર્ત પામે છે (પરિણમે છે), પણ 'ઇદમ્' અંશની વૃત્તિની જેમ રજતજ્ઞાન અનધ્યસ્ત નથી (– પ્રાતિભાસિક છે, વ્યાવહારિક નથી). અને આમ જેમ રજતમાં અધિષ્ઠાનમાંના ઇદંત્વ('આ'પણું)ના સંસર્ગનું ભાન થાય છે, તેમ તેના (રજતના) જ્ઞાનમાં પણ અધિષ્ઠાનમાં રહેલા ઇદંત્વવિષયત્વ (ઇદંત્વવિષયક હોવાપણું)ના સંસર્ગનું ભાન ઉપપન્ન છે (સંભવે છે) તેથી તેને પણ 'ઇદમ્'વિષયક માનવું ન જોઈએ.

**વિવરણ** : 'આ રજત' એ બીજી વૃત્તિ માત્ર અધ્યસ્ત (રજત)ને જ વિષય કરે છે એ મત રજૂ થાય છે. બીજી વૃત્તિ અવિદ્યાવૃત્તિ છે એમ બતાવ્યું છે. જેમ 'ઇદમ્' અંશથી અવચ્છિન્ન ચૈતન્યમાં રહેલી અવિદ્યા રજતાકારે પરિણમે છે (– ચૈતન્યનો વિવર્ત, પણ અવિદ્યાનો તો પરિણામ માનવો જોઈએ –), તેમ 'ઇદમ્' અંશવિષયક વૃત્તિજ્ઞાનથી અવચ્છિન્ન ચૈતન્યમાં રહેલી અવિદ્યા માત્ર અધ્યસ્ત રજતને વિષય કરનારી વૃત્તિરૂપે પરિણમે છે. અને એ વૃત્તિ જ્ઞાનાભાસ છે કારણ કે જ્ઞાનનાં જે કારણો માન્યાં છે તેનાથી ઉત્પન્ન થતી નથી. જ્ઞાનાભાસરૂપ રજતજ્ઞાન રજતની જેમ પ્રાતિભાસિક જ છે; એ 'ઇદમ્' આકારવાળી વૃત્તિની જેમ વ્યાવહારિક નથી, કારણ કે શુક્તિરજતની જેમ રજતજ્ઞાનાભાસ પણ શુક્તિ વિષેનું અજ્ઞાન દૂર કરનાર પ્રત્યક્ષથી બાધિત થઈ શકે છે. આ જ્ઞાનાભાસ 'ઇદમ્' અંશને વિષય કરનારો ન હોય તો પણ 'આ રજત' એવો તેનો આકાર સંભવે છે. જેમ રજતમાં તેના અધિષ્ઠાન(ઇદમર્થથી અવચ્છિન્ન ચૈતન્ય)માં રહેલા ઇદંત્વના સંસર્ગનું ભાન થાય છે; તેમ જ્ઞાનાભાસ પ્રતિ 'ઇદમ્' વિષયક વૃત્તિથી અવચ્છિન્ન ચૈતન્ય અધિષ્ઠાન છે તેથી જ્ઞાનાભાસને વિષે જે 'ઇદમ્' અંશનું જ્ઞાન અધિષ્ઠાનભૂત છે તેમાં રહેલા ઇદંવિષયકત્વના સંસર્ગનું રજતવિષયક જ્ઞાનાભાસમાં ભાન થાય છે. માટે 'इदं रजतम्' એ બીજા જ્ઞાનને ઇદમ્‌ને વિષય કરનારું માનવાની જરૂર નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

न च रजतत्ववदध्यस्तस्य रजतेदंत्वसंसर्गस्य रजतज्ञानगोचरत्वात् तत्प्रतियोगिन इदंत्वस्यापि तद्विषयत्वं वक्तव्यमिति वाच्यम् । स्वतादात्म्याश्रयस्य इदंत्वविषयत्वादेव तस्य तत्संसर्गविषयत्वे अतिप्रसङ्गाभावात् । न चाधिष्ठानाध्यासयोरेकस्मिन् ज्ञाने प्रकाशनियमस्य सम्भावना-भाष्यविवरणे प्रतिपादनाद् एकवृत्तिविषयत्वं वक्तव्यमिति वाच्यम् । वृत्तिभेदेऽपीदमाकारवृत्त्यभिव्यक्ते एकस्मिन् साक्षिणि तयोः प्रकाशोपगमादित्याहुः ॥१८॥

અને એવી દલીલ કરવી નહિ કે રજત અને ઇદંત્વનો સંસર્ગ જે અધ્યસ્ત છે તે રજતત્વની જેમ રજતજ્ઞાનનો વિષય હોવાથી તેનું પ્રતિયોગી ઇદંત્વ પણ તેનો વિષય છે એમ કહેવું પડશે. (આ દલીલ બરાબર નથી) કારણ કે પોતાની સાથેના (જ્ઞાનાભાસ સાથેના) તાદાત્મ્યનો આશ્રય (એવું જે ઇદમંશ-જ્ઞાન) તે ઇદંત્વવિષયક હોવાથી જ તે (રજતજ્ઞાન) તેના સંસર્ગવિષયક હોય તો તેમાં અતિપ્રસંગનો અભાવ છે, અને એવો દલીલ કરવી નહિ કે અધિષ્ઠાન અને અધ્યાસ એક જ્ઞાનમાં પ્રકાશ પામે છે એવો નિયમ સંભાવના-ભાષ્યના વિવરણમાં પ્રતિપાદિત હોવાથી (તે બે) એક વૃત્તિના વિષય છે એમ કહેવું પડશે. (આ દલીલ બરાબર નથી) કારણ કે (તેમના પ્રકાશન માટે) વૃત્તિઓ જુદી હોય તો પણ 'ઇદમ્' આકારવાળી વૃત્તિથી અભિવ્યક્ત થયેલા એક સાક્ષીમાં તે બેનો પ્રકાશ સ્વીકારવામાં આવ્યો છે (–એમ બીજી વૃત્તિ અધ્યસ્ત રજત માત્રને વિષય કરે છે એમ માનનારા કહે છે). (૧૮)

**વિવરણ** : બીજી વૃત્તિ અધ્યસ્ત રજત માત્રને વિષય કરે છે, 'ઇદમ્'ને નહિ એ મતની સામે શંકા સંભવે છે કે જ્ઞાનાભાસથી રજતનું ગ્રહણ થતાં તેનો ઇદંત્વ સાથેનો સંસર્ગ પણ ગૃહીત થતો હોય તો તે વૃત્તિથી ઇદંત્વનું પણ ગ્રહણ થવું જ જોઈએ કારણ કે ઇદંત્વના ગ્રહણ વિના તેની સાથેના સંસર્ગનું ગ્રહણ સંભવે નહિ. તેથી જ્ઞાનાભાસ રજતવિશિષ્ટ 'ઇદમ્' અંશને વિષય કરનારો છે એમ સિદ્ધ થાય છે. (સંસર્ગાંશ રજતજ્ઞાનાભાસનો વિષય છે એ બતાવવા માટે 'અધ્યસ્ત' એવું વિશેષણ મૂક્યું છે). આવું ન હોય તો ઘટત્વાદિથી નિરૂપિત સંસર્ગવિષયક પ્રત્યક્ષ ઘટત્વાદિવિષયક ન હોય એ અતિપ્રસંગ આવી પડે. આ શંકાનો ઉત્તર આપતાં કહ્યું છે કે રજતજ્ઞાનાભાસ ઇદંત્વરૂપ પ્રતિયોગીને વિષય કરનારો ન હોય તો પણ જ્ઞાનાભાસની પ્રતિ અધિષ્ઠાન હોવાને કારણે રજતજ્ઞાનાભાસ સાથે જેનું તાદાત્મ્ય છે તેવું ઇદમંશજ્ઞાન 'ઇદમ્' પ્રતિયોગીને વિષય કરનારું હોવાથી જ્ઞાનાભાસ સંસર્ગવિષયક હોય એ સંભવે છે અને તેટલાથી અતિપ્રસંગ આવી પડતો રોકી શકાય છે. ફરી શંકા થાય કે અધિષ્ઠાન અને અધ્યાસનો પ્રકાશ એક જ્ઞાનમાં જ થાય છે એમ **વિવરણકારે** પ્રતિપાદિત કર્યું છે. આનો ઉત્તર આપતાં કહ્યું છે અલગ અલગ વૃત્તિ તેમને માટે હોય તો પણ 'ઇદમ્' આકારવાળી વૃત્તિથી અભિવ્યક્ત થયેલા એક ચૈતન્યમાં તેમનો પ્રકાશ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માનવામાં આવ્યો છે. કહેવાનો ભાવ એ છે કે અધ્યસ્ત માત્રને વિષય કરનારી અવિદ્યા-વૃત્તિ વિવરણકારે પોતે જ માની છે. તેથી તેમણે જે અધિષ્ઠાન અને અધ્યાસ એક જ્ઞાનમાં પ્રકાશિત થાય છે એમ કહ્યું છે તેમાં 'જ્ઞાન' શબ્દ સાક્ષીના અર્થમાં વપરાયો છે, વૃત્તિના અર્થમાં નહિ તેથી કોઈ દોષ નથી. (૧૮)

વૃત્તિના નિર્ગમનની આવશ્યકતાનો વિચાર શરૂ થાય છે.

**(१९) ननु सर्वपदार्थानां साक्षिप्रसादादेव प्रकाशोपपत्तेः किं वृत्त्या, घटादिविषयकसंस्काराधानाद्युपपत्तये तदपेक्षणेऽपि तन्निर्गमाभ्युपगमो व्यर्थः। परोक्षस्थल इवानिर्गतवृत्त्यवच्छिन्नसाक्षिणैव घटादेरपि प्रकाशोपपत्तेः।**

**न च तथा सति परोक्षापरोक्षवैलक्षण्यानुपपत्तिः, शाब्दानुमित्योरिव करणविशेषप्रयुक्तवृत्तिवैजात्यादेव तदुपपत्तेः।**

**(૧૯) (શંકા)** : શંકા થાય કે બધા પદાર્થોનો સાક્ષીના પ્રસાદથી જ (નિર્મલતાથી જ) પ્રકાશ ઉપપન્ન (શકય) હોવાથી વૃત્તિની શી જરૂર ? (અને) ઘટાદિ વિષયક સંસ્કારના આધાન આદિને શકય બનાવવા તેની જરૂર હોય તો પણ તેના નિર્ગમનનો સ્વીકાર વ્યર્થ છે, કેમ કે પરોક્ષસ્થલમાં થાય છે તેમ અનિર્ગત (બહાર નહીં ગયેલી) વૃત્તિથી અવચ્છિન્ન સાક્ષીથી જ ઘટાદિનો પણ પ્રકાશ સંભવે છે.

અને એમ હોય તો પરોક્ષ અને અપરોક્ષની વિલક્ષણતા નહીં સંભવે એમ (પણ) નથી; કારણ કે શાબ્દ જ્ઞાન અને અનુમિતિની જેમ કરણવિશેષને કારણે થતી વૃત્તિની વિજાતીયતા હોય છે તેનાથી જ તેની ઉપપત્તિ છે.

**વિવરણ** : બાહ્ય વસ્તુવિષયક અપરોક્ષ વૃત્તિ જ આવરણને દૂર કરનારી છે એ નિયમનો ભ્રમસ્થળમાં થતી 'इदम्' આકાર વૃત્તિમાં વ્યભિચાર છે એવી શંકા થાય તો તે વૃત્તિનો સ્વીકાર અને અસ્વીકાર કરીને તે શંકાનો પરિહાર કરીને, અને પ્રસંગવશાત્ એ જ્ઞાન છે એ પક્ષ અંગે કંઈક વિચાર કરીને, હવે પૂર્વોક્ત વૃત્તિનિર્ગમ અંગે શંકા રજૂ કરે છે. જો બધી વસ્તુઓનું પ્રકાશન સાક્ષીને કારણે જ શકય બનતું હોય તો વૃત્તિ માનવાની શી જરૂર ? એવી દલીલ થઈ શકે કે વૃત્તિ વિના અન્ય કાળમાં વિષયનું અનુસંધાન ન થાય. સાક્ષી જો વિષયના અનુભવરૂપ હોય તો તે નિત્ય હોવાથી અનુભવના નાશરૂપ સંસ્કારનો અભાવ થાય અને સંસ્કારના અભાવમાં સ્મૃતિ અને પ્રત્યભિજ્ઞા પણ ન થાય. આગન્તુક (ઉત્પાદ્ય) વૃત્તિનો સ્વીકાર કરવામાં ન આવે તો ચક્ષુ વગેરેને અનુસરીને જ્ઞાન થાય છે એમ માની ન શકાય કારણ કે નિત્ય સાક્ષીની બાબતમાં ચક્ષુ આદિનો ઉપયોગ નથી. તેથી વૃત્તિ તો માનવી જ જોઈએ. આ દલીલને ધ્યાનમાં રાખીને વૃત્તિની ઉપયોગિતા સ્વીકારીને પણ તેનો નિર્ગમ (—અર્થાત્ ચક્ષુ આદિ દ્વારા ઘટાદિ આકારવાળી અન્તઃકરણની વૃત્તિ બહાર નીકળે છે એમ) તો માનવાની જરૂર નથી જ. વિષયનો પ્રકાશ એ નિર્ગમનું ફળ છે એમ પણ નહીં કહી શકાય કારણ કે બહાર નહીં નીકળેલી વૃત્તિથી અવચ્છિન્ન સાક્ષીથી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પણ વિષયનું પ્રકાશન થઈ શકે છે, અનુમિતિ આદિ પરોક્ષજ્ઞાનની બાબતમાં બને છે તેમ. તેથી વૃત્તિનો નિર્ગમ અનુપયુક્ત છે.

બહિર્નિર્ગમવાદી દલીલ કરી શકે કે બહિર્નિર્ગત વૃત્તિથી અવચ્છિન્ન ચૈતન્ય અપરોક્ષજ્ઞાન છે અને અનિર્ગતવૃત્તિથી અવચ્છિન્ન ચૈતન્ય પરોક્ષજ્ઞાન છે. પ્રત્યક્ષજ્ઞાન અને પરોક્ષજ્ઞાનનું વૈલક્ષણ્ય અનુભવથી સિદ્ધ છે તેથી પ્રત્યક્ષજ્ઞાનમાં તો વૃત્તિનો નિર્ગમ સ્વીકારવો જોઈએ અને એ રીતે પરોક્ષ-પ્રત્યક્ષજ્ઞાનનો ભેદ શક્ય બનશે. પણ આ દલીલ બરાબર નથી કારણ કે આ ભેદ બીજી રીતે પણ શક્ય બને છે. જેમ શાબ્દજ્ઞાનમાં શબ્દરૂપ કરણવિશેષને કારણે શાબ્દત્વરૂપ વૈજાત્ય છે, અથવા જેમ અનુમાન (લિંગ)રૂપ કરણવિશેષને કારણે અનુમિતિત્વ-રૂપ વૈજાત્ય છે તેમ ઇન્દ્રિયરૂપ કરણવિશેષથી પ્રયુક્ત વૃત્તિઓમાં પ્રત્યક્ષત્વાદિ જાતિરૂપ કે ઉપાધિરૂપ વૈજાત્ય સંભવે છે. તેથી વૃત્તિનિર્ગમ માનવાની જરૂર નથી.

વેદાન્તના ચિંતકોએ જુદી જુદી રીતે વૃત્તિનિર્ગમની જરૂરિયાત બતાવી છે તેનું પ્રતિપાદન હવે શરૂ થાય છે :

**अत्र केचिदाहुः–प्रत्यक्षस्थले विषयाधिष्ठानतया तदवच्छिन्नमेव चैतन्यं विषयप्रकाशः । साक्षात्तादात्म्यरूपसम्बन्धसम्भवे स्वरूपसम्बन्धस्य वाऽन्यस्य वा कल्पनाऽयोगादिति तदभिव्यक्त्यर्थं युक्तो वृत्तिनिर्गमा-भ्युपगमः ।**

**परोक्षस्थले व्यवहिते वह्न्यादौ वृत्तिसंसर्गायोगादिन्द्रियवदन्वय-व्यतिरेकशालिनो वृत्तिनिर्गमद्वारस्यानुपलम्भाच्चानिर्गतवृत्त्यवच्छिन्नचैतन्य-मेव स्वरूपसम्बन्धेन विषयगोचरमगत्याऽर्थादभ्युपगम्यते इति ।**

આ બાબતમાં કેટલાક કહે છે કે પ્રત્યક્ષ સ્થળમાં વિષયથી અવચ્છિન્ન ચૈતન્ય વિષયનું અધિષ્ઠાન છે તેથી તેનાથી (વિષયથી) અવચ્છિન્ન તે જ વિષયનો પ્રકાશ છે (જીવ-ચૈતન્ય નહીં), કારણ કે સાક્ષાત્ તાદાત્મ્યરૂપ સંબંધનો સંભવ હોય ત્યારે સ્વરૂપસંબંધની કે અન્ય કોઈ (સંબંધ)ની કલ્પના હોતી નથી (કલ્પના કરવી યોગ્ય નથી). આમ તેની અભિવ્યક્તિને માટે વૃત્તિના નિર્ગમનો સ્વીકાર બરાબર છે.

પરોક્ષ (જ્ઞાન) સ્થળમાં વ્યવહિત અગ્નિ વગેરેની બાબતમાં વૃત્તિનો સંસર્ગ ન હોવાથી (શક્ય ન હોવાથી) અને ઇન્દ્રિયની જેમ અન્વય-વ્યતિરેકવાળું વૃત્તિના નિર્ગમ માટેનું દ્વાર ઉપલબ્ધ થતું નથી તેથી અનિર્ગત વૃત્તિથી અવચ્છિન્ન ચૈતન્ય જ સ્વરૂપસંબંધથી વિષયવિષયક (વિષયનું પ્રકાશક) છે એમ અર્થતઃ બીજો કોઈ રસ્તો ન હોવાથી (નછૂટકે) સ્વીકારવામાં આવે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ** : વૃત્તિનિર્ગમની સિદ્ધિ કરતાં **કેટલાક** કહે છે કે વિષયનું અધિષ્ઠાન હોવાથી વિષયથી અવચ્છિન્ન જે બ્રહ્મચૈતન્ય છે તે જ વિષયનો પ્રકાશ છે, જીવચૈતન્ય નહિ; જીવચૈતન્ય વિષયની પ્રતિ ઉપાદાન નથી તેથી તેની સાથે વિષયનો સાક્ષાત્ તાદાત્મ્ય સંબંધ નથી. તાદાત્મ્યરૂપ સંબંધ સંભવતો હોય ત્યાં સુધી સ્વરૂપસંબંધ કે અન્ય કોઈ સંબંધની, જેમ કે પરમ્પરાસંબંધની કલ્પના કરવી યોગ્ય નથી. આમ વિષયાવચ્છિન્ન બ્રહ્મચૈતન્ય જ વિષયનું પ્રકાશક છે અને તે આવૃત છે તેથી તેના આવરણના અભિભવરૂપ અભિવ્યક્તિને સિદ્ધ કરવા માટે વૃત્તિનો નિર્ગમ માનવો જોઈએ.

પણ અનુમિતિ આદિ પરોક્ષજ્ઞાનની બાબતમાં વૃત્તિથી અવિચ્છિન્ન ચૈતન્ય જ વિષયનું પ્રકાશક હોવાને કારણે ત્યાં વૃત્તિનિર્ગમ માનવાની જરૂર ઊભી થતી નથી. અહીં વૃત્તિના નિર્ગમમાં હેતુભૂત સંનિકર્ષનો અભાવ છે, વહ્નિ વગેરે વ્યવહિત છે તેથી વૃત્તિનો સંસર્ગ નથી અને વૃત્તિના નિર્ગમનું દ્વાર (જેમ પ્રત્યક્ષમાં ઇન્દ્રિયરૂપી દ્વાર છે તેમ) ઉપલબ્ધ નથી તેથી એમ જ માનવું જોઈએ કે અનિર્ગત વૃત્તિથી અવચ્છિન્ન ચૈતન્ય જ સ્વરૂપસંબંધથી વિષયનું પ્રકાશન કરે છે. બીજો કોઈ રસ્તો ન હોવાથી આમ માનવું જોઈએ.

**अन्ये तु–अहङ्कारसुखदुःखादिष्वापरोक्ष्यं साक्षाच्चैतन्यसंसर्गिषु क्लृप्तमिति घटादावपि विषयसंसृष्टमेव चैतन्यमापरोक्ष्यहेतुरिति तदभिव्यक्तये वृत्तिनिर्गमं समर्थयन्ते ।**

જ્યારે અન્ય (ચિંતકો) અહંકાર, સુખ, દુઃખ આદિ (વિષયો) જેમનો ચૈતન્ય સાથે સાક્ષાત્ સંસર્ગ (તાદાત્મ્ય) છે, તેઓમાં અપરોક્ષતા માનવામાં આવી છે તેથી ઘટાદિની બાબતમાં પણ વિષયની સાથે સંસર્ગ (તાદાત્મ્ય)વાળું જ ચૈતન્ય અપરોક્ષતાનો હેતુ છે માટે તેની અભિવ્યક્તિને માટે વૃત્તિના નિર્ગમનું સમર્થન કરે છે.

**વિવરણ** : **અન્ય** ચિન્તકો વૃત્તિના નિર્ગમનની બાબતમાં બીજી રીતે સમજાવે છે. જેમ અહંકાર સુખ વગેરે વિષયોની અપરોક્ષતામાં સંસર્ગ (ચૈતન્ય સાથેનું તાદાત્મ્ય) પ્રયોજક છે, તે જ હકીકત ઘટાદિની બાબતમાં પણ સ્વીકારવી જોઈએ. વિષયની સાથે સંસૃષ્ટ બ્રહ્મચૈતન્ય જ તેની અપરોક્ષતામાં પ્રયોજક છે; વિષયની સાથે અસંસૃષ્ટ (તાદાત્મ્ય વિનાનું) જીવચૈતન્ય અપરોક્ષતામાં પ્રયોજક નથી. પણ આ વિષયાવચ્છિન્ન બ્રહ્મચૈતન્ય આવૃત્ત છે તેથી તેના આવરણના અભિભવરૂપ તેની અભિવ્યક્તિને માટે વૃત્તિનિર્ગમનની જરૂર છે એમ આ ચિંતકો વૃત્તિનિર્ગમનનું સમર્થન કરે છે.

**इतरे तु–शब्दानुमानावगतेभ्यः प्रत्यक्षावगते स्पष्टता तावदनुभूयते । न हि रसालपरिमलादिविशेषे शतवारमाप्तोपदिष्टेऽपि प्रत्यक्षावगत इव स्पष्टताऽस्ति, तदनन्तरमपि 'कथं तद्' इति जिज्ञासाऽनुवृत्तेः ।**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

न च शब्दान्माधुर्यमात्रावगमेऽपि रसालमाधुर्यादिवृत्त्यवान्तरजातिविशेषवाचिशब्दाभावात्, तत्सत्त्वेऽपि श्रोत्रात्तस्यागृहीतसङ्गतिकत्वात् शब्दादसाधारणजातिविशेषावच्छिन्नमाधुर्यावगमो नास्तीति जिज्ञासाऽनुवृत्तिर्युक्तेति शङ्क्यम् । 'रसाले सर्वातिशायी माधुर्यविशेषोऽस्ति' इत्यस्माच्छब्दात् तद्गतावान्तरजातिविशेषस्याप्यवगमात् । न ह्ययं विशेषशब्दस्तद्गतविशेषं विहायान्यगतं विशेषं तत्र बोधयति, अप्रामाण्यापत्तेः ।

न च तद्गतमेव विशेषं विशेषत्वेन सामान्येन रूपेण बोधयति, न विशिष्येति जिज्ञासेति वाच्यम् । प्रत्यक्षेणापि मधुररसविशेषणस्य जातिविशेषस्य स्वरूपत एव विषयीकरणेन जातिविशेषगतविशेषान्तराविषयीकरणाद् जिज्ञासाऽनुवृत्तिप्रसङ्गात् ।

જ્યારે ઇતર (ચિંતકો) આ રીતે વૃત્તિનિર્ગમનનું ઉપપાદન કરે છે (તેની શક્યતાનું યુક્તિયુક્ત રીતે સમર્થન કરે છે) :—શબ્દ અને અનુમાનથી જ્ઞાત પદાર્થો કરતાં પ્રત્યક્ષથી જ્ઞાત પદાર્થમાં અધિક સ્પષ્ટતાનો અનુભવ થાય છે. એ પ્રસિદ્ધ છે કે આમ્રફલના સુગંધ આદિ વિશેષને વિષે સો વાર આપ્ત ઉપદેશ આપે (તને વિષે કહે) તો પણ પ્રત્યક્ષથી જ્ઞાત વસ્તુમાં હોય છે તેવી સ્પષ્ટતા નથી હોતી, કારણ કે તે પછી પણ 'તે કેવું' એમ જિજ્ઞાસા ચાલુ રહે છે.

અને એવી શંકા કરવી નહિ કે ('આમ્રફલમાં મધુર રસ છે' એ) શબ્દથી માત્ર માધુર્યનું જ્ઞાન થાય છે તો પણ આમ્રફલના માધુર્ય આદિમાં વિદ્યમાન અવાન્તર જાતિવિશેષનો વાચક શબ્દ ન હોવાથી, (અને) એ હોય તો પણ કાનથી તેની સંગતિ (અવાન્તર જાતિવિશેષના વાચક શબ્દની શક્તિ)નું ગ્રહણ ન હોવાથી શબ્દથી અસાધારણ જાતિવિશેષથી અવચ્છિન્ન માધુર્યનું જ્ઞાન થતું નથી તેથી જિજ્ઞાસા ચાલુ રહે એ યુક્ત છે (બરાબર છે). (આ શંકા બરાબર નથી) કારણ કે 'આમ્રફલમાં સૌથી ચઢી જાય તેવો માધુર્યવિશેષ છે' – આ શબ્દથી તેમાં (માધુર્યમાં) રહેલા અવાન્તર જાતિવિશેષનું પણ જ્ઞાન થાય છે. એ દેખીતું છે કે આ વિશેષ શબ્દ તેમાં (માધુર્યમાં) રહેલ વિશેષને છોડીને અન્યના વિશેષનો બોધ કરાવે છે એવું નથી; કારણ કે (એમ માનતાં) અપ્રામાણ્યની આપત્તિ થશે (વાક્યને પ્રમાણભૂત માની શકાશે નહિ).

અને એવી દલીલ કરવી નહિ કે (શબ્દ) તેમાં જ રહેલા વિશેષનો વિશેષ તરીકે સામાન્યતઃ બોધ કરાવે છે, વિશેષે કરીને નહીં, તેથી જિજ્ઞાસા (ચાલુ રહે) છે. (આ દલીલ બરાબર નથી) કારણ કે પ્રત્યક્ષ પણ મધુરરસના વિશેષણરૂપ જાતિવિશેષને સ્વરૂપતઃ જ વિષય કરે છે તેથી જાતિવિશેષમાં રહેલા વિશેષાન્તર (અન્ય વિશેષ)ને એ વિષય ન કરતું હોવાથી જિજ્ઞાસા ચાલુ રહે એવો પ્રસંગ થાય (ઉપર્યુક્ત દલીલ પ્રમાણે પ્રત્યક્ષજ્ઞાન થયા પછી પણ જિજ્ઞાસા ચાલુ રહેવી જોઈએ).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ :** પ્રત્યક્ષમાં વસ્તુની બાબતમાં આવરણ દૂર કરવાની આવશ્યકતાનું પ્રતિપાદન કરીને તેને દૂર કરવા માટે વૃત્તિના નિર્ગમનની આવશ્યકતાનું પ્રતિપાદન અહીં કરે છે. પ્રત્યક્ષમાં વસ્તુ અંગે જેવું સ્પષ્ટ જ્ઞાન થાય છે તેવું શબ્દ અને અનુમાનથી થતું નથી. આમ્રફલની સુગંધ, તેના રસ વગેરે વિષે કોઈ વિશ્વાસપાત્ર સજ્જન (આપ્ત) સો વાર વાત કરે તો પણ તે કેવાં હશે એવી જિજ્ઞાસા ટકી રહે છે; પ્રત્યક્ષથી અનુભવ કર્યો હોય તો જે સ્પષ્ટતા હોય છે તે શબ્દાદિથી જ્ઞાત પદાર્થને વિષે નથી હોતી.

આની સામે કોઈ દલીલ કરી શકે કે 'આમ્રફલમાં મધુર રસ આદિ છે' એવા સો વાર ઉચ્ચારાયેલા આપ્તવાક્યથી મધુરત્વાદિ સામાન્યથી વિશિષ્ટ તરીકે રસાદિનું જ્ઞાન થાય છે પણ મધુરત્વથી વ્યાપ્ય જે જાતિવિશેષ છે તેનાથી વિશિષ્ટ રસાદિનું જ્ઞાન થતું નથી. રસ 'મધુરતા'અવાન્તર જાતિવાળો છે એવું જ્ઞાન થાય છે પણ મધુરતાથી પણ અવાન્તર જાતિ છે—માધુર્યનો પેટા પ્રકાર—તેનાથી વિશિષ્ટ તરીકે રસાદિનું જ્ઞાન થતું નથી તેથી એ જાતિવિશેષની જિજ્ઞાસા ચાલુ રહે એ સમજી શકાય તેવું છે. શબ્દપ્રમાણથી વસ્તુ જ્ઞાત હોય તો પણ સ્પષ્ટતાનો અભાવ છે એમ કહેવું બરાબર નથી. અસાધારણ જે જાતિવિશેષ છે તેનાથી અવચ્છિન્ન તરીકે માધુર્યનું જ્ઞાન નથી એવો આશય છે. તેનું કારણ એ છે કે આમ્રફલમાં જે માધુર્ય આદિ છે તેમાં રહેલો જે અવાન્તર જાતિવિશેષ છે તેનો વાચક શબ્દ નથી. અને ધારો કે એવો શબ્દ છે તો પણ એ શબ્દની શક્તિનું ગ્રહણ શ્રોત્રથી નથી, તેથી તે અવાન્તર જાતિવિશેષથી વિશિષ્ટ તરીકે માધુર્યાદિનું જ્ઞાન થતું નથી.

આ શંકાનો ઉત્તર છે એ અવાન્તર જાતિનું વાચક પદ ન હોય તો પણ તેનો બોધ કરાવનાર વાક્યરૂપ શબ્દ તો છે જ. અને તેનાથી જાતિવિશેષનું જ્ઞાન પણ થાય છે. અને આમ જ્ઞાત થયેલા જાતિવિશેષમાં સ્પષ્ટતાનો અભાવ હોવાને કારણે જ જિજ્ઞાસા ચાલુ રહે છે. "આમ્રફલમાં સૌથી ચઢિયાતો માધુર્યવિશેષ છે" એ વાક્યરૂપ શબ્દ માધુર્યમાં રહેલા જાતિવિશેષનો બોધ કરાવે છે કે અન્યમાં રહેલા જાતિવિશેષનો ? માધુર્યમાં જ રહેલા જાતિ-વિશેષનો બોધ કરાવતો હોવો જોઈએ, અન્યમાં રહેલાનો નહિ, અન્યથા તેને અપ્રમાણ માનવો પડે. શબ્દનું પ્રામાણ્ય તાત્પર્યવિષયક માનવામાં આવે છે અને આપ્તજનનું વાક્ય અપ્રમાણ હોઈ શકે નહિ.

આમ્રફલના માધુર્યમાં રહેલા જાતિવિશેષનું જ્ઞાન શબ્દથી થાય છે એમ સ્વીકારીને પણ કોઈ શંકા કરી શકે કે શબ્દ તે જાતિવિશેષનો વિશેષ તરીકે સામાન્યરૂપથી બોધ કરાવે છે, વિશેષે કરીને નહિ. અર્થાત્ જેમ એ વિશેષત્વ આમ્રફલના માધુર્યમાં રહેલા જાતિવિશેષમાં છે તેમ અન્ય ફળના માધુર્યમાં રહેલા જાતિવિશેષોમાં પણ હોય છે તેથી એ સામાન્ય રૂપ છે. શબ્દ જાતિવિશેષમાં રહેલા વિશેષથી વિશિષ્ટ તરીકે જાતિવિશેષનું જ્ઞાન નથી કરાવતો અને આમ આમ્રફલના માધુર્યમાં રહેલા જાતિવિશેષનું સ્વરૂપથી શબ્દ દ્વારા જ્ઞાન થયું હોવા છતાં તેના પોતાનામાં રહેલા અસાધારણ વિશેષથી વિશિષ્ટ તરીકે તેનું જ્ઞાન ન થયું હોવાને કારણે એને વિષે જિજ્ઞાસા રહે છે.

આ શંકાનો ઉત્તર આમ આપી શકાય :—જાતિવિશેષમાં રહેલો અસાધારણ-વિશેષ જાતિરૂપ છે કે ઉપાધિરૂપ ? (ઉપાધિ એટલે જાતિવિશેષના આશ્રયથી ઇતરમાં નહીં રહીને જાતિવિશેષના આશ્રયમાં રહે તે). એ જાતિ નથી કારણ કે જાતિમાં તેનો અંગીકાર નથી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કર્યો. એ ઉપાધિ પણ નથી કારણ કે આમ્રફલમાં રહેલા જાતિવિશેષમાં પ્રત્યક્ષથી પણ તેનું ગ્રહણ થતું નથી; માટે પ્રત્યક્ષથી જાતિવિશેષનું ગ્રહણ થાય તો પણ જિજ્ઞાસા ચાલુ રહેવી જોઈએ. પ્રત્યક્ષથી પણ એ જાતિવિશેષનું સ્વરૂપથી જ ગ્રહણ થાય છે એમ કહેવું જોઈએ. અને સ્વરૂપથી તેનું જ્ઞાન તો ઉક્ત શબ્દથી પણ થાય છે તેથી શબ્દથી જ્ઞાત થતી વસ્તુમાં સ્પષ્ટતા હોય તો જિજ્ઞાસા ચાલુ રહેવી ન જોઈએ. પણ જિજ્ઞાસા રહે છે તેથી શબ્દથી જ્ઞાત વસ્તુમાં સ્પષ્ટતાનો અભાવ હોય છે એમ માનવું જોઈએ.

**तस्मात् प्रत्यक्षग्राह्येऽभिव्यक्तापरोक्षैकरसचैतन्यावगुण्ठनात् स्पष्टता जिज्ञासानिवर्तनक्षमा, शब्दादिगम्ये तु तदभावादस्पष्टतेति व्यवस्थाऽभ्युपगन्तव्या । अत एव साक्षिवेद्यस्य सुखादेः स्पष्टता । शाब्दवृत्तिवेद्यस्यापि ब्रह्मणो मननादेः प्रागज्ञानानिवृत्तावस्पष्टता, तदनन्तरं तन्निवृत्तौ स्पष्टतेति वृत्तिनिर्गममुपपादयन्ति ।**

તેથી પ્રત્યક્ષથી ગ્રાહ્ય પદાર્થમાં અભિવ્યક્ત જે અપરોક્ષ, એકરૂપ ચૈતન્ય તેની સાથે તાદાત્મ્ય હોવાથી જિજ્ઞાસાને દૂર કરવા સમર્થ સ્પષ્ટતા હોય છે. જ્યારે શબ્દાદિથી જ્ઞાત પદાર્થમાં તેનો (અભિવ્યક્ત ચૈતન્ય સાથે તાદાત્મ્યનો) અભાવ હોવાથી અસ્પષ્ટતા છે એવી વ્યવસ્થા સ્વીકારવી જોઈએ. એથી જ (અર્થાત્ અભિવ્યક્ત ચૈતન્યના સંસર્ગથી જ) સાક્ષીથી વેદ્ય સુખ આદિમાં સ્પષ્ટતા છે. શબ્દજન્ય વૃત્તિથી બ્રહ્મ વેદ્ય હોવા છતાં પણ મનન આદિની પહેલાં અજ્ઞાનની નિવૃત્તિ નથી હોતી ત્યારે તેની અસ્પષ્ટતા હોય છે; તે પછી તેની નિવૃત્તિ થતાં સ્પષ્ટતા હોય છે. આમ (આ ઇતર ચિંતકો) વૃત્તિના નિર્ગમનને યુક્ત તરીકે બતાવે છે (નિર્ગમનનું ઉપપાદન કરે છે).

[વિવરણ : પ્રત્યક્ષથી જ્ઞાત થતા પદાર્થમાં સ્પષ્ટતા હોય છે તેવી સ્પષ્ટતા શબ્દાદિથી જ્ઞાત પદાર્થમાં નથી હોતી તેનું કારણ એ છે કે અપરોક્ષ કે સ્વયંપ્રકાશ, એકરસ (એકરૂપ) જે ચૈતન્ય તેની સાથે તેનું તાદાત્મ્ય હોવાથી પ્રત્યક્ષગ્રાહ્ય પદાર્થમાં વિષયતાવિશેષરૂપ સ્પષ્ટતા હોય છે. એથી વિષયગત સ્પષ્ટતાની પ્રયોજક જે આવરણનિવૃત્તિરૂપ વિષયચૈતન્યાભિવ્યક્તિ તેની સિદ્ધિને માટે વૃત્તિના નિર્ગમનની અપેક્ષા છે એમ સૂચિત થાય છે. અભિવ્યક્ત ચૈતન્યના સંસર્ગથી જ સુખાદિમાં સ્પષ્ટતા છે જ્યારે શબ્દજન્ય વૃત્તિથી જ્ઞાત બ્રહ્મમાં નથી હોતી. **तत्त्वमसि** આદિ શબ્દથી જન્ય વૃત્તિ મનન આદિના અનુષ્ઠાનની પહેલાં અસંભાવના (–જીવ બ્રહ્મ હોઈ જ ન શકે) અને વિપરીતભાવના (–દેહ કે પ્રાણાદિ જીવરૂપ છે ઇત્યાદિ)થી પ્રતિબદ્ધ હોવાથી તે અજ્ઞાનનો નાશ નથી કરી શકતી. મનન આદિના અનુષ્ઠાન પછી તે અપ્રતિબદ્ધ બને છે અને અજ્ઞાનનો નાશ કરી શકે છે અને તેથી બ્રહ્મની સ્પષ્ટતા સંભવે છે એવો ભાવ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

नन्वेतावताऽपि विषयावरकाज्ञाननिवृत्त्यर्थं वृत्तिनिर्गम इत्युक्तम् । तदयुक्तम् । विषयावच्छिन्नचैतन्यगतस्य तदावरकाज्ञानस्यानिर्गतवृत्त्या निवृत्त्यभ्युपगमेऽप्यनतिप्रसङ्गात् । न च तथा सति देवदत्तीयघटज्ञानेन यज्ञदत्तीयघटाज्ञानस्यापि निवृत्तिप्रसङ्गः समानविषयकत्वस्य सत्त्वात् । अहमर्थविषयचैतन्यनिष्ठयोर्ज्ञानाज्ञानयोर्भिन्नाश्रयत्वेन तयोर्विरोधे समानाश्रयत्वस्यातन्त्रत्वादिति वाच्यम् । समानाश्रयविषयत्वं ज्ञानाज्ञानयोर्विरोधप्रयोजकमङ्गीकृत्य वृत्तिनिर्गमनाभ्युपगमेऽपि देवदत्तीयघटवृत्तेः यज्ञदत्तीयघटाज्ञानस्य च घटावच्छिन्नचैतन्यैकाश्रयत्वप्राप्त्याऽतिप्रसङ्गतादवस्थ्येन 'यदज्ञानं यं पुरुषं प्रति यद्विषयावरकं, तत् तदीयतद्विषयमाननिवर्त्यम्' इति पृथगेव विरोधप्रयोजकस्य वक्तव्यतया समानाश्रयत्वस्यानपेक्षणात् ।

(શંકા) શંકા થાય કે આટલાથી ('अत्र केचिदाहुः થી માંડીને અત્યાર સુધીના ગ્રન્થથી) પણ એમ કહેવામાં આવ્યું કે વિષયનું આવરણ કરનાર અજ્ઞાનની નિવૃત્તિને માટે વૃત્તિનો નિર્ગમ (આવશ્યક) છે. એ યુક્ત નથી, કારણ કે વિષયાવચ્છિન્ન ચૈતન્યમાં રહેલું જે તેનું આવરણ કરનાર અજ્ઞાન છે તેની અનિર્ગત (બહાર નહીં નીકળેલી) વૃત્તિથી નિવૃત્તિ માનવામાં આવે તો પણ અતિપ્રસંગ (દોષ) નહીં થાય.

અને એવી દલીલ કરવી નહિ કે તેમ હોય તો દેવદત્તના ઘટજ્ઞાનથી યજ્ઞદત્તના ઘટાજ્ઞાન (ઘટવિષયક અજ્ઞાન)ની પણ નિવૃત્તિનો પ્રસંગ થશે કારણ કે બન્નેનો સમાન વિષય છે; કેમ કે (વૃત્તિનો નિર્ગમ ન હોવાથી) અહમર્થ અને વિષયચૈતન્યમાં રહેલાં (ક્રમશઃ) જ્ઞાન અને અજ્ઞાનના આશ્રય ભિન્ન હોવાથી તેમના (જ્ઞાન અને અજ્ઞાનના) વિરોધમાં સમાનાશ્રયત્વ પ્રયોજક નથી. (આ દલીલ બરાબર નથી); સમાન આશ્રયવાળા હોવું અને (સાથે સાથે) સમાન વિષયવાળા હોવું એ જ્ઞાન અને અજ્ઞાનના વિરોધનું પ્રયોજક છે એમ માનીને વૃત્તિનું નિર્ગમન સ્વીકારવામાં આવે તો પણ દેવદત્તની ઘટવિષયક વૃત્તિનો અને યજ્ઞદત્તના ઘટવિષયક અજ્ઞાનનો ઘટાવચ્છિન્ન ચૈતન્યરૂપ એક આશ્રય પ્રાપ્ત થવાથી અતિપ્રસંગ(નો દોષ) તેવો ને તેવો રહેશે. માટે 'જે અજ્ઞાન જે પુરુષની પ્રતિ જે વિષયનું આવરણ કરતું હોય, તે (અજ્ઞાન) તેના (તે પુરુષના) તે વિષયના જ્ઞાનથી નિવૃત્ત થઈ શકે છે' એમ વિરોધનું જુદું જ પ્રયોજક હોવું (માનવું) જોઈએ, તેથી સમાનાશ્રયત્વની કોઈ જરૂર નથી. (તેથી વૃત્તિનિર્ગમ અંગેની દલીલ બરાબર નથી).



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ** : વૃત્તિનિર્ગમની બાબતમાં શંકા રજૂ કરવામાં આવી છે अत्र केचिदाहुः થી માંડીને જે ત્રણ મત રજૂ કર્યાં તેનાથી એટલું બતાવ્યું કે વિષયનું આવરણ કરનાર અજ્ઞાનના નાશને માટે વૃત્તિનું નિર્ગમન આવશ્યક છે. પણ આ યુક્તિયુક્ત નથી. વિષયનું આવરણ કરનાર જ્ઞાન પુરુષમાં રહે છે એ મતમાં અનિર્ગત વૃત્તિથી જ અજ્ઞાનની નિવૃત્તિ સંભવે છે. પણ એ અજ્ઞાન વિષયગત છે એ મતમાં પણ અનિર્ગત વૃત્તિથી અજ્ઞાનની નિવૃત્તિ માનવામાં આવે તો તેમાં કશું બાધક નથી.

કોઈ દલીલ કરી શકે કે અજ્ઞાન અને જ્ઞાનમાં જ નિવર્ત્ય નિવર્તકભાવ પ્રકારનો વિરોધ છે તે એ બન્નેનો આશ્રય અને સાથે સાથે વિષય સમાન હોય તેના પર આધારિત છે જ્ઞાન અને અજ્ઞાન એક આશ્રયમાં હોય અને એક જ વસ્તુવિષયક હોય તો જ એ વિરોધી હોય છે, અન્યથા નહિ. વૃત્તિનો નિગમ માનીએ તો તેમનું સમાનાશ્રયત્વ સંભવે છે કારણ કે અજ્ઞાનના આશ્રય વિષયચૈતન્યમાં વૃત્તિરૂપ જ્ઞાન પણ નિર્ગમ દ્વારા પહોંચીને રહે છે. પણ વૃત્તિનો નિર્ગમ ન માનીએ તો જ્ઞાન-અજ્ઞાનનું સમાનાશ્રયત્વ સંભવે નહિ અને કેવળ સમાનવિષયકત્વ તેમના વિરોધનું પ્રયોજક છે એમ ઠરે. અને એવું જો હોય તો દેવદત્તના ઘટજ્ઞાનથી યજ્ઞદત્તનું ઘટ અંગેનું અજ્ઞાન નાશ પામવું જોઈએ કારણ કે બંનેનો વિષય એક છે. અહમર્થમાં રહેલું જ્ઞાન અને વિષયચૈતન્યમાં રહેલું અજ્ઞાન સમાન આશ્રયવાળાં નથી અને છતાં વિરોધી હોય તો સમાનાશ્રયત્વ તેમના વિરોધમાં કારણભૂત નથી એમ જ માનવું જોઈએ.

આ દલીલનો ઉત્તર એ છે કે સમાનાશ્રયત્વ અને સમાનવિષયત્વ જ્ઞાન અને અજ્ઞાનના વિરોધમાં પ્રયોજક છે એમ માનીને તે સિદ્ધ કરવા માટે વૃત્તિનો નિર્ગમ સ્વીકારવામાં આવે તો પણ યજ્ઞદત્તના ઘટવિષયક અજ્ઞાનનો આશ્રય જે ઘટાવચ્છિન્ન ચૈતન્ય તેની સાથે દેવદત્તની ઘટજ્ઞાનરૂપ વૃત્તિનો નિર્ગમન દ્વારા સંબંધ થતાં દેવદત્તના ઘટજ્ઞાનનો અને યજ્ઞદત્તના ઘટાજ્ઞાનનો એક આશ્રય પ્રાપ્ત થાય છે અને વિષય પણ સમાન છે તેથી દેવદત્તના ઘટજ્ઞાનનો યજ્ઞદત્તના ઘટાજ્ઞાન સાથે વિરોધ સંભવવો જોઈએ, અને દેવદત્તના ઘટજ્ઞાનથી યજ્ઞદત્તના ઘટાજ્ઞાનનો નાશ થવો જોઈએ—એ અતિપ્રસંગનો દોષ વૃત્તિનિર્ગમ માનીને પણ તેવો ને તેવો રહે છે. પણ દેવદત્તના ઘટજ્ઞાનથી યજ્ઞદત્તના ઘટાજ્ઞાનની નિવૃત્તિ થતી આપણે જોતાં નથી. જો સમાનાશ્રયત્વ અને સમાનવિષયત્વ એ જ્ઞાન—અજ્ઞાનના વિરોધનું પ્રયોજક નથી તો વૃત્તિના નિર્ગમનની અપેક્ષા જેને ન હોય એવું કયું પ્રયોજક માન્ય છે?—એમ કોઈ પૂછે તો ઉત્તર છે કે 'જે પુરુષનું જે વિષયનું અજ્ઞાન હોય એ અજ્ઞાન તે જ પુરુષના તે જ વિષયના જ્ઞાનથી નિવૃત્ત થાય છે' એમ માનવું જોઈએ. આમ હોય તો યજ્ઞદત્તનું ઘટાજ્ઞાન યજ્ઞદત્તના જ ઘટજ્ઞાનથી જ નિવૃત્ત થઈ શકે, દેવદત્તના ઘટજ્ઞાનથી નહિ તેથી કોઈ અતિપ્રસંગનો દોષ રહેશે નહિ તેથી જ્ઞાન-અજ્ઞાનત્વનો વિરોધ હોવામાં સમાનાશ્રયત્વની કોઈ જરૂર નથી, અને વૃત્તિનો નિર્ગમ માનવાની પણ જરૂર નથી.

પૂર્વપક્ષના આ આક્ષેપનો ઉત્તર આપે છે :

**अत्राहुः — वृत्तिनिर्गमनानभ्युपगमे ज्ञानाज्ञानयोर्विरोधप्रयोजकमेव दुर्निरूपम् । 'यदज्ञानं यं पुरुषं प्रति' इत्याद्युक्तमिति चेत्, न । परोक्षज्ञानेनापि विषयगताज्ञाननिवृत्तिप्रसङ्गात् ।**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अपरोक्षत्वमपि निवर्तकज्ञानविशेषणमिति चेत्, किं तदपरोक्षत्वम् । न तावज्जातिः । 'दण्डयमासीत्' इति संस्कारोपनीतदण्डविशिष्टपुरुषविषयकस्य चाक्षुषज्ञानस्य दण्डांशेऽपि तत्सत्त्वे तत्रापि विषयगताज्ञाननिवृत्त्यापातात्; 'दण्डं साक्षात्करोमि' इति तदंशेऽप्यापरोक्ष्यानुभवापत्तेश्च । अननुभवेऽपि संस्कारं सन्निकर्षं परिकल्प्य इन्द्रियसन्निकर्षजन्यतया तत्र काल्पनिकापरोक्ष्याभ्युपगमे अनुमित्यादावपि लिङ्गज्ञानादिकं सन्निकर्षं परिकल्प्य तदङ्गीकारापत्तेः । दण्डांशे आपरोक्ष्यासत्त्वे तु तस्य जातित्वायोगात्, जातेर्व्याप्यवृत्तित्वनियमात् । तदनियमेऽप्यवच्छेदकोपाधिभेदानिरूपणेन तस्याव्याप्यवृत्तिजातित्वायोगाच्च ।

(આ બાબતમાં વૃત્તિનિર્ગમવાદીઓ) કહે છે:—વૃત્તિનું નિર્ગમન ન માનવામાં આવે તો જ્ઞાન અને અજ્ઞાનના વિરોધના પ્રયોજકનું જ નિરૂપણ નહીં થઈ શકે. (પૂર્વપક્ષી) કહે કે 'જે અજ્ઞાન જે પુરુષની પ્રતિ' ઇત્યાદિથી તે પ્રયોજક) કહેવામાં આવ્યું છે,' તો ઉત્તર છે કે ના, કારણ કે (એમ માનતા) પરોક્ષજ્ઞાનથી પણ વિષયગત અજ્ઞાનની નિવૃત્તિ પ્રસક્ત થાય છે (અર્થાત્ નિવૃત્તિ થાય છે એમ માનવું પડે.).

જો કહેવામાં આવે કે 'અપરોક્ષત્વ'ને પણ નિવર્તકજ્ઞાનનું વિશેષણ બનાવીશું, તો (ઉત્તર છે કે) તે અપરોક્ષત્વ શું છે? તે જાતિરૂપ તો છે નહિ (હોઈ શકે નહિ), કારણ કે (એમ માનતાં) 'આ દંડી હતો' એમ સંસ્કારથી ઉપનીત (બુદ્ધિમાં હાજર કરવામાં આવેલ) દંડીવિશિષ્ટ પુરુષને વિષય કરનારું જે ચાક્ષુષ જ્ઞાન છે તેના દંડ અંશમાં પણ તે (અપરોક્ષત્વ) હોય તો ત્યાં (તેને વિષે) પણ વિષયગત અજ્ઞાનની નિવૃત્તિનો પ્રસંગ આવે છે (—નિવૃત્ત થાય છે એમ માનવું જોઈએ); અને 'દંડનો સાક્ષાત્કાર કરું છું' એમ તે અંશમાં પણ અપરોક્ષતાનો અનુભવ માનવો પડે. અનુભવ ન હોવા છતાં પણ તેમાં સંસ્કારને સન્નિકર્ષરૂપ કલ્પીને તે ઇન્દ્રિયસન્નિકર્ષથી ઉત્પન્ન થયેલો હોવાથી ત્યાં કાલ્પનિક અપરોક્ષતા માનવામાં આવે તો અનુમિતિ આદિમાં પણ લિંગજ્ઞાન આદિને સન્નિકર્ષ કલ્પીને તેનો (અપરોક્ષતાનો) અંગીકાર કરવો પડે. બીજી બાજુએ દંડ અંશમાં અપરોક્ષત્વ ન હોય તો તે જાતિ હોઈ શકે નહિ કારણ કે જાતિ વ્યાપ્યવૃત્તિ છે એવો નિયમ છે. અને તેનો (વ્યાપ્યવૃત્તિત્વનો) નિયમ ન હોય તો પણ અવચ્છેદક ઉપાધિઓના ભેદનું નિરૂપણ થઈ શકતું નથી તેથી તેમાં અપરોક્ષત્વમાં અવ્યાપ્યવૃત્તિ જાતિત્વ હોઈ શકે નહિ (—અપરોક્ષત્વને અવ્યાપ્યવૃત્તિ જાતિ માની શકાય નહિ).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ** : વૃત્તિનિર્ગમ માનવાની જરૂર નથી એવા આક્ષેપનું સમાધાન કરતાં વૃત્તિનિર્ગમવાદીઓ કહે છે કે વૃત્તિનિર્ગમ વિના જ્ઞાન અને અજ્ઞાનના વિરોધને માટે શું જવાબદાર છે તેનું નિરૂપણ થઈ શકે નહિ અને પૂર્વપક્ષે જે ધોરણ બતાવ્યું છે (—જે અજ્ઞાન જે પુરુષની પ્રતિ...) તે માનતાં પરોક્ષજ્ઞાનથી પણ વિષયગત અજ્ઞાનની નિવૃત્તિ માનવી પડે (જે સાચું નથી). જો એમ કહેવામાં આવે કે નિવર્તકજ્ઞાન અપરોક્ષ હોવું જોઈએ એવું વિશેષણ મૂકતાં દોષ દૂર થશે, તો સામે પ્રશ્ન કર્યો છે કે 'અપરોક્ષત્વ શું છે?' તે જાતિ છે કે ઉપાધિ? તે જાતિ હોઈ ન શકે. પહેલાં જેનું દંડથી વિશિષ્ટ તરીકે ગ્રહણ કર્યું છે તે વિષ્ણુમિત્ર વર્તમાન કાલમાં દંડ વિનાના હોય તો તેને વિષે સંસ્કારરૂપ ઉપનાયક (બુદ્ધિમાં વસ્તુ હાજર કરનાર) ની મદદથી ઇન્દ્રિય દ્વારા પ્રત્યક્ષ પ્રત્યભિજ્ઞાન થાય છે— 'આ વિષ્ણુમિત્ર દંડવિશિષ્ટ હતો.' અહીં દંડ અંશમાં પ્રત્યક્ષત્વ (અપરોક્ષત્વ) છે કે નહિ? જો હોય તો દંડ અંશમાં પણ વિષયગત અજ્ઞાનની નિવૃત્તિ થાય છે એમ માનવું પડે પણ એમ માની શકાય નહિ કારણ કે તેમ હોય તો 'તે દંડ અત્યારે કેવો હશે' એવી જિજ્ઞાસાનો ઉદ્ભવ ન થવો જોઈએ.

**શંકા** : અજ્ઞાનનિવૃત્તિ અને અનુભવ ન હોવા છતાં દંડ અંશમાં પ્રત્યક્ષત્વની કલ્પના કરવામાં આવે છે, અને તે કલ્પના કરાવનાર છે એ (પ્રત્યક્ષત્વ) ઇન્દ્રિયસંનિકર્ષથી જન્ય છે એ હકીકત. સંનિકર્ષ એટલે પોતાના વિષય સાથે પ્રત્યાસત્તિ (નજીકનો સંબંધ)—એ મતને અનુસરીને સંસ્કારને સંનિકર્ષરૂપ માની શકાય અને તેનાથી ઉત્પન્ન થતા જ્ઞાનને પ્રત્યક્ષ માની શકાય.

**ઉત્તર** : આવું માનવામાં આવે તો અનુમિતિમાં લિંગજ્ઞાનરૂપ સંનિકર્ષ છે, ઉપમિતિમાં સાદૃશ્યજ્ઞાનરૂપ સંનિકર્ષ છે, શાબ્દજ્ઞાનમાં પદાર્થોપસ્થિતિરૂપ સંનિકર્ષ છે, અર્થાપત્તિમાં અનુપપદ્યમાન પદાર્થના જ્ઞાનરૂપ સંનિકર્ષ છે; અને અભાવજ્ઞાનમાં પ્રતિયોગિજ્ઞાનરૂપ સંનિકર્ષ છે એવી કલ્પના કરીને ત્યાં પણ અપરોક્ષત્વ માનવું પડશે; અને માત્ર એક પ્રત્યક્ષ પ્રમાણ બાકી રહેશે એ મુશ્કેલી આવી પડશે.

બીજી બાજુએ જો દંડ અંશમાં પ્રત્યક્ષત્વ ન માનીએ તો અપરોક્ષત્વ કે પ્રત્યક્ષત્વને જાતિ માની શકાય નહિ કારણ કે જાતિ વ્યાપ્યવૃત્તિ હોય છે એવો નિયમ છે. અન્યથા એક જ પ્રત્યભિજ્ઞારૂપ જ્ઞાનમાં ('આ તે જ દેવદત્ત છે' એ જ્ઞાનમાં) 'તે' અંશમાં સંસ્કારજન્ય જ્ઞાન હોવાથી સ્મૃતિત્વ માનવું પડે, અને 'આ'માં પ્રત્યક્ષત્વ, અને જાતિ સંકરનો દોષ આવી પડે. જાતિ વ્યાપ્યવૃત્તિ છે એવો નિયમ ન હોય તો જે પ્રત્યભિજ્ઞાની વાત ચાલી રહી છે તેમાં 'વિષ્ણુમિત્ર' અંશમાં પ્રત્યક્ષત્વ અને 'દંડ' અંશમાં પ્રત્યક્ષત્વનો અભાવ છે એમ માનવું પડે. પણ અવચ્છેદકના ભેદ વિના પ્રતિયોગી અને તેનો અભાવ એક જગ્યાએ રહી શકે નહિ તેથી ઉપાધિનો ભેદ માનવો જોઈએ. પણ તેનું નિરૂપણ કરી શકાય તેમ નથી તેથી અપરોક્ષત્વ જાતિમાં સ્વસમાનાધિકરણાત્યન્તાભાવપ્રતિયોગિત્વરૂપ (પોતે જ્યાં હોય ત્યાં જ પોતાના અભાવનું પ્રતિયોગી હોવું તે) અવ્યાપ્યવૃત્તિત્વ (અર્થાત્ પોતાના અભાવની સાથે રહેવું—) સંભવે નહિ. તેથી અપરોક્ષત્વ જાતિ હોય તો વ્યાપ્યવૃત્તિ જ હોવી જોઈએ. પણ એમ માનવામાં દોષ છે એમ ઉપર બતાવ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**શંકા** : પ્રસ્તુતમાં ઉપાધિના ભેદનું નિરૂપણ થઈ શકતું નથી એમ જે કહ્યું તે અસિદ્ધ છે કારણ કે લૌકિકસંનિકર્ષજન્યત્વ અને તેનો અભાવ, અથવા સંસ્કારાજન્યજ્ઞાનત્વ (સંસ્કારથી નહીં ઉત્પન્ન થયેલું એવું જ્ઞાન હોવું) અને તેનો અભાવ, અથવા વિષ્ણુમિત્ર વિષયક હોવું અને તેનો અભાવ એ અપરોક્ષત્વ અને તેના અભાવની પ્રતિ ઉપાધિ તરીકે સંભવે છે.

**ઉત્તર** : ના. ઉપાધિઓ પણ ભાવ–અભાવરૂપ હોવાથી તેમને માટે બીજી ઉપાધિઓની અપેક્ષા રહેશે અને આમ અનવસ્થાનો પ્રસંગ આવી પડશે. તેથી અપરોક્ષત્વને જાતિ માની શકાય નહિ.

**नाप्युपाधिः तदनिर्वचनात् । इन्द्रियजन्यत्वमिति चेत्, न, साक्षिप्रत्यक्षाव्यापनात् । अनुमितिशाब्दज्ञानोपनीतगुरुत्वादिविशिष्टघटप्रत्यक्षे विशेषणांशातिव्यापनाच्च । करणान्तराभावेन तदंशे परोक्षेऽप्युपनयसहकारिसामर्थ्याद् इन्द्रियस्यैव जनकत्वात्, अनुगतजन्यतावच्छेदकाग्रहेणानेकेष्विन्द्रियजन्यत्वस्य दुर्ग्रहत्वाच्च । तद्ग्रहे च तस्यैव प्रथमप्रतीतस्यापरोक्षरूपत्वोपपत्तौ प्रत्यक्षानुभवायोग्यस्य इन्द्रियजन्यत्वस्य तद्योग्यापरोक्षरूपत्वकल्पनायोगात् ।**

(અપરોક્ષત્વ) ઉપાધિ પણ નથી કારણ કે તેનું નિર્વચન થઈ શકતું નથી. જો કહો કે (અપરોક્ષત્વ) એટલે ઇન્દ્રિયથી ઉત્પન્ન થવાપણું, તો ઉત્તર છે કે ના, કારણ કે સાક્ષિપ્રત્યક્ષમાં અવ્યાપ્તિ થશે. (સાક્ષિપ્રત્યક્ષને આ લક્ષણ લાગુ નહીં પડે તેથી તેમાં અવ્યાપ્તિનો દોષ હશે). અને અનુમિતિ કે શબ્દજન્યજ્ઞાનથી ઉપનીત (બુદ્ધિમાં લાવવામાં આવેલા) ગુરુત્વાદિથી વિશિષ્ટ ઘટના પ્રત્યક્ષમાં વિશેષણાંશમાં (આ લક્ષણની) અતિવ્યાપ્તિ છે (ગુરુત્વાદિને લાગુ પડવું ન જોઈએ ત્યાં લાગુ પડશે તેથી અતિવ્યાપ્તિનો દોષ હશે). કારણ કે અન્ય કરણનો અભાવ હોવાથી તે અંશ પરોક્ષ હોવા છતાં તેમાં, જેમ ઉપનયના સહકારી હોવાના સામર્થ્યથી (અનુમિતિમાં) ઇન્દ્રિય (મન) જનક છે તેમ અહીં પણ ઇન્દ્રિય જનક છે; અને અનુગત જન્યતાવચ્છેદકનું ગ્રહણ થતું ન હોવાથી અનેક (અપરોક્ષ જ્ઞાનોમાં) ઇન્દ્રિયજન્યત્વનું ગ્રહણ થઈ શકતું નથી અને તેનું ગ્રહણ થતું હોય તો પ્રથમ પ્રતીત થયેલું તે જ અપરોક્ષરૂપ તરીકે ઉપપન્ન હોય ત્યારે પ્રત્યક્ષથી જેનો અનુભવ થવા યોગ્ય નથી એવા ઇન્દ્રિયજન્યત્વમાં તેને યોગ્ય એવા અપરોક્ષત્વની કલ્પના કરવી એ બરાબર નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ** : અપરોક્ષત્વ ઉપાધિ છે એ પક્ષનું હવે ખંડન કરે છે. અપરોક્ષત્વની સમજૂતી જ આપી શકાતી નથી. અપરોક્ષત્વ એટલે ઇન્દ્રિયથી જન્ય હોવું તે, કે ઇન્દ્રિયના સંનિકર્ષથી જન્ય હોવું તે, કે સિદ્ધાન્તીને માન્ય હોય તે? અપરોક્ષત્વ એટલે ઇન્દ્રિયથી જન્ય હોવું તે એવું લક્ષણ આપી શકાય નહિ. કારણ કે સુખાદિ પ્રત્યક્ષરૂપ નિત્ય સાક્ષીને એ લાગુ નહિ પડે તેથી અવ્યાપ્તિદોષ તેમાં માનવો પડશે. વળી જે ઘટની બાબતમાં અનુમાનથી કે શબ્દથી ગુરુત્વ (ભારેપણા)નો અનુભવ થયો હોય એ ઘટને વિષે ઇન્દ્રિયસંનિકર્ષ થતાં 'આ ભારે ઘડો' એવું પ્રત્યક્ષજ્ઞાન થાય છે ત્યાં વિશેષણીભૂત ગુરુત્વ અંશમાં અતિવ્યાપ્તિ થશે. શંકા થાય કે ગુરુત્વ ઇન્દ્રિયને યોગ્ય નથી (ઇન્દ્રિયથી જાણી શકાય તેવું નથી) તેથી તે અંશનુ પરોક્ષ જ્ઞાન ઇન્દ્રિયજન્ય નથી માટે તેને આ લક્ષણ લાગુ નહીં પડે અને અતિવ્યાપ્તિનો દોષ નહીં માની શકાય. આ શંકાનો ઉત્તર એ છે કે ગુરુત્વના જ્ઞાનને માટે બીજું કોઈ કરણ ન હોવાથી તે અંશ પરોક્ષ હોવા છતાં તેમાં ઇન્દ્રિયને જ્ઞાન ઉત્પન્ન કરનાર માનવી પડશે, જેમ રુચિદત્ત અનુમિતિમાં મનને કરણ માને છે તેમ.

[વ્યાખ્યાકાર **કૃષ્ણાનંદતીર્થ** અતિવ્યાપ્તિના દોષની બાબતમાં સંમત જણાતા નથી. તેઓ ઉમેરે છે કે અહીં શંકા થઈ શકે કે ઇન્દ્રિયથી જન્ય હોય તે અપરોક્ષ હોય છે. ગુરુત્વ અંશનુ જ્ઞાન એ રીતે ઇન્દ્રિયથી જન્ય નથી તેથી તેને લક્ષણ લાગુ નહીં પડે અને અતિવ્યાપ્તિનો દોષ નહીં ગણી શકાય. આનો ઉત્તર છે કે તેમ હોય તો પણ સાક્ષિપ્રત્યક્ષને લક્ષણ લાગુ નથી પડતું એ અવ્યાપ્તિના દોષનો નિરાસ તો નથી જ થયો.]

વળી રૂપાદિ સાક્ષાત્કાર જેવાં અનેક જ્ઞાનોમાં ઇન્દ્રિયજન્યત્વ જાણી શકાતું નથી, કારણ કે અનુગત જન્યતાવચ્છેદક ન હોવાથી તેના જ્ઞાન વિના જન્યત્વનુ જ્ઞાન સંભવતું નથી. કોઈ દલીલ કરે કે "હું ઘટનો સાક્ષાત્કાર કરું છું" એ અનુભવથી સિદ્ધ કોઈક અખંડ ઉપાધિને જ જન્યતાવચ્છેદક માની લો. તેનો ઉત્તર છે કે તો એ જ ભલે અપરોક્ષત્વ હો, બીજું નહીં. અવચ્છેદ્યરૂપ જન્યત્વના ગ્રહણની પહેલાં જ અવચ્છેદકનું ગ્રહણ આવશ્યક છે તેથી 'साक्षात् करोमि' એ અનુભવને યોગ્ય જે અપરોક્ષત્વ તેનો અનુભવને યોગ્ય નહીં એવો ઇન્દ્રિયજન્યત્વ–ધર્મ હોઈ શકે નહિ.

શંકા થાય કે એમ હોય તો ઉક્ત જન્યતાવચ્છેદક ઉપાધિ જ ભલે અપરોક્ષત્વરૂપ હો. તો ઉત્તર છે કે એ ઉપાધિ વ્યાપ્યવૃત્તિ છે કે અવ્યાપ્યવૃત્તિ? વ્યાપ્યવૃત્તિ હોઇ શકે નહિ કારણ કે 'આ દંડી હતો' એ પ્રત્યક્ષમાં દંડ અંશમાં અતિવ્યાપ્તિનો દોષ થાય. અવ્યાપ્યવૃત્તિ પણ ન માની શકાય કારણ કે અવચ્છેદકના ભેદનું નિરૂપણ થઈ શકતુ નથી. એવી દલીલ ન કરી શકાય કે વિષ્ણુમિત્રવિષયકત્વરૂપ અવચ્છેદથી ત્યાં અપરોક્ષત્વરૂપ ઉપાધિ છે, અને દંડવિષયકત્વરૂપ અવચ્છેદથી ત્યાં જ અપરોક્ષત્વરૂપ ઉપાધિનો અભાવ પણ છે. આ દલીલ બરાબર નથી કારણ કે એમ હોય તો દંડ અંશમાં વિષ્ણુમિત્રવિષયકત્વનો અભાવ માનવો પડશે તેથી ત્યાં પ્રત્યક્ષમાં વિષ્ણુમિત્રવિષયકત્વ અને તેના અભાવનો વિરોધ ન થાય તેને માટે બીજા અવચ્છેદકની જરૂર પડશે અને આમ અનવસ્થાનો દોષ ઉપસ્થિત થશે. અને અખંડોપાધિના સ્વીકારમાં જાતિમાત્રના વિલયનો પ્રસંગ આવશે તેથી અપરોક્ષત્વ ઉપાધિ છે એ પક્ષ સંભવતો નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**एतेन 'इन्द्रियसन्निकर्षजन्यत्वमापरोक्ष्यम् । उपनयसहकृतेन्द्रियजन्यपरोक्षांशे च न सन्निकर्षजत्वम् । अनुमितावप्युपनीतभानसत्त्वेन प्रमाणान्तरसाधारणस्योपनयस्यासन्निकर्षत्वात्' इत्यपि शङ्का निरस्ता । संयोगादिसन्निकर्षाणामननुगमेनाननुगमाच्च ।**

આનાથી (અવ્યાપ્તિ વગેરે દોષનો પ્રસંગ બતાવ્યો એનાથી) એ શંકાનો પણ નિરાસ થાય છે કે "ઇન્દ્રિયના સંનિકર્ષથી જન્ય હોવું એ અપરોક્ષત્વ; અને ઉપનયની મદદ મળી છે તેવી ઇન્દ્રિયથી જન્ય પરોક્ષ અંશમાં સંનિકર્ષજત્વ (સંનિકર્ષથી ઉત્પન્ન થવાપણું) નથી. અનુમિતિમાં પણ ઉપનીતનુ ભાન હોવાથી અન્ય પ્રમાણોને સાધારણ એવા ઉપનયમાં સંનિકર્ષત્વ નથી". (આ શંકાનો નિરાસ થાય છે); અને (ઇન્દ્રિયસંનિકર્ષજન્ય તે અપરોક્ષ એમ એટલા માટે પણ માની ન શકાય) કે સંયોગાદિ સંનિકર્ષોનો અનુગમ ન હોવાથી (ઇન્દ્રિયસંનિકર્ષજન્યત્વનો) **અનનુગમ છે.**

**વિવરણ** : 'ઇન્દ્રિજન્ય તે અપરોક્ષ' એ પક્ષમાં જે અતિવ્યાપ્તિ કહી તે 'ઇન્દ્રિયસન્નિકર્ષજન્ય તે અપરોક્ષ' એ પક્ષમાં નથી એમ શંકાકાર કહે છે ઉપનયની મદદ મળી છે તેવા ઇન્દ્રિયજન્ય પરોક્ષ અંશમાં અન્ય કારણ ન હોવાને કારણે ઇન્દ્રિયજન્યત્વ હોય તો પણ ઇન્દ્રિયસન્નિકર્ષજન્યત્વ તો નથી જ. કારણ કે ઉપનય સન્નિકર્ષ હોઈ શકે નહિ, અને બીજો કોઈ સન્નિકર્ષ છે નહિ. — આ શંકાનું પણ નિરસન ઉપર્યુક્ત દલીલથી જ થઈ ગયું છે. તેની વિરુદ્ધ બીજી દલીલ એ છે કે સંયોગ, સંયુક્ત–સમવાય વગેરે સંનિકર્ષોનો અનુગમ નથી, અર્થાત્ સંયોગાદિમાં અનુગત સન્નિકર્ષત્વ નથી. તેથી ઇન્દ્રિયસન્નિકર્ષજન્યત્વરૂપ અપરોક્ષત્વનો પણ અનનુગમ છે અને આમ ઘટ, ઘટરૂપ, રૂપત્વ, શબ્દ, શબ્દત્વ અને સુખાદિવિષયક સાક્ષાત્કારોમાં 'साक्षात्करोमि' અનુગત પ્રત્યક્ષ ન સંભવે. તેથી ઇન્દ્રિયસન્નિકર્ષત્વ એ જ અપરોક્ષત્વ એમ માની શકાય નહિ.

**यत्त्वाभिमतमापरोक्ष्यं तदेव ममाप्यस्त्विति चेत्, न । तस्य शाब्दापरोक्षनिरूपणप्रस्तावे प्रतिपादनीयस्य तत्रैव दर्शनीयया रीत्या अज्ञाननिवृत्तिप्रयोज्यत्वेन तन्निवृत्तिप्रयोजकविशेषणभावायोगात् । तस्मात् 'तरति शोकमात्मवित्' (छा. ७.१.३) इति श्रुतस्य ब्रह्मज्ञानस्य मूलाज्ञानाश्रयभूतसर्वोपादानब्रह्मसंसर्गनियतस्य मूलाज्ञाननिवर्तकत्वात्, 'ऐन्द्रियकवृत्तयस्तत्तदिन्द्रियसन्निकर्षसामर्थ्यात् तद्विषयावच्छिन्नचैतन्यसंसृष्टा एव उत्पद्यन्ते' इति नियममुपेत्याज्ञानाश्रयचैतन्यसंसर्गनियतत्वं निवर्तकज्ञानविशेषणं वाच्यम् । तथा च 'यद् अज्ञानं यं पुरुषं प्रति यद्विषयावरकं, तत् तदीयतद्विषयतदज्ञानाश्रयचैतन्यसंसर्गनियतात्मलाभज्ञाननिवर्त्यम्' इति ज्ञानाज्ञानयोर्विरोधप्रयोजकं निरूपितं भवति ।**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પૂર્વપક્ષી એમ કહે કે જે અપરોક્ષત્વ તમને (સિદ્ધાન્તીને) માન્ય હોય તે જ મને પણ માન્ય હો તો ઉત્તર છે કે ના. તેનું (મને માન્ય અપરોક્ષત્વનું) શાબ્દાપરોક્ષના નિરૂપણના પ્રકરણમાં પ્રતિપાદન કરવાનું છે, ત્યાં બતાવવાની છે તે રીત પ્રમાણે તે અજ્ઞાનની નિવૃત્તિથી પ્રયોજ્ય હોઈને તે તેની (અજ્ઞાનની) નિવૃત્તિનું પ્રયોજક એવું (જ્ઞાનનું) વિશેષણ હોઈ શકે નહિ. તેથી 'આત્માને જાણનાર શોકને (અજ્ઞાનને) તરી જાય છે' એમ અજ્ઞાનના નિવર્તક તરીકે વેદમાં કહેલું બ્રહ્મજ્ઞાન, જે મૂલ અજ્ઞાનના આશ્રયરૂપ અને સર્વના ઉપાદાનભૂત બ્રહ્મની સાથે નિયમથી સંસૃષ્ટ છે, તે મૂલ અજ્ઞાનનું નિવર્તક હોવાથી 'ઇન્દ્રિયજન્ય વૃત્તિઓ તે તે ઇન્દ્રિયના સંનિકર્ષના સામર્થ્યથી તે તે વિષયથી અવચ્છિન્ન ચૈતન્ય સાથે સંસૃષ્ટ જ ઉત્પન્ન થાય છે' એ નિયમ સ્વીકારીને 'અજ્ઞાનના આશ્રયભૂત ચૈતન્યના સંસર્ગથી નિયત' એવું વિશેષણ નિવર્તક જ્ઞાનને લગાડવું જોઈએ. અને તેમ થતાં 'જે અજ્ઞાન જે પુરુષની પ્રતિ જે વિષયનું આવરણ કરનારું હોય તેની તેના તદ્વિષયક અને તે અજ્ઞાનના આશ્રયભૂત ચૈતન્યના સંસર્ગથી નિયત જેની ઉત્પત્તિ છે એવા જ્ઞાનથી નિવૃત્તિ થઈ શકે છે' એમ જ્ઞાન અને અજ્ઞાનના વિરોધનું પ્રયોજક નિરૂપિત થાય છે.

**વિવરણ :** પૂર્વપક્ષી કહે છે કે અપરોક્ષત્વનું જાતિ તરીકે કે ઉપાધિ તરીકે લક્ષણ હું આપું છું તેમ સિદ્ધાન્તીને દોષ દેખાતો હોય તો અપરોક્ષત્વનો જે ખ્યાલ સિદ્ધાન્તીનો છે એ જ મારો પણ છે એમ માનીને ચાલીએ. આમ અપરોક્ષત્વ અજ્ઞાનનિવર્તક જ્ઞાનનું વિશેષણ બની શકશે તેથી પરોક્ષજ્ઞાનથી અજ્ઞાનનિવૃત્તિનો પ્રસંગ નહીં આવે, એમ કહેવાનો પૂર્વપક્ષીનો આશય છે.

આનો ઉત્તર આપતાં સિદ્ધાન્તી કહે છે કે મારા મતમાં અપરોક્ષત્વ અજ્ઞાનનિવર્તક જ્ઞાનનું વિશેષણ હોઈ જ ન શકે સિદ્ધાન્તી શાબ્દાપરોક્ષના નિરૂપણના સંદર્ભમાં ત્રીજા પરિચ્છેદના અન્તે પોતાને અભિમત અપરોક્ષત્વનું પ્રતિપાદન કરવાનો છે, ત્યાં બતાવેલી રીત પ્રમાણે જ્ઞાનનું અપરોક્ષત્વ કરણવિશેષથી પ્રયુક્ત નથી, પણ અપરોક્ષ અર્થથી અભિન્નત્વરૂપ છે અને આ અપરોક્ષત્વ વિષયાવભાસક ચૈતન્યરૂપ જ્ઞાનમાં રહેલું છે, વૃત્તિમાં નહિ. તેથી સાક્ષિપ્રત્યક્ષમાં અવ્યાપ્તિ નહીં થાય. અને અર્થનું અપરોક્ષત્વ એટલે પોતાના (અર્થના) વ્યવહારને અનુકૂલ ચૈતન્યથી અભિન્નત્વ. અર્થના વ્યવહારને અનુકૂલ ચૈતન્ય એટલે જેનું આવરણ દૂર થયું છે તેવું તેના અધિષ્ઠાનરૂપ ચૈતન્ય જ અને આમ ઘટાદિ અર્થનો પોતાના વ્યવહારને અનુકૂલ પોતાનું અધિષ્ઠાનભૂત ચૈતન્ય જે પોતાને (અર્થને) વિષય કરનાર વૃત્તિથી અભિવ્યક્ત થયું છે તેની સાથે તાદાત્મ્યરૂપ અભેદ હોવાથી, તેમાં (ઘટાદિ અર્થમાં) પોતાના વ્યવહારને અનુકૂલ ચૈતન્યથી અભિન્નત્વરૂપ અપરોક્ષત્વ ઉપપન્ન છે. તે જ રીતે અહંકારાદિમાં તેના અધિષ્ઠાનભૂત કેવલ સાક્ષિરૂપ તેના પ્રત્યક્ષજ્ઞાનનું, અને બાહ્ય ઘટાદિમાં તે તે આકારવાળી વૃત્તિથી ઉપહિત ઘટાદિપ્રત્યક્ષજ્ઞાનરૂપ ઘટાદિના અધિષ્ઠાનભૂત ચૈતન્યનું તે તે વિષય સાથે તાદાત્મ્ય હોવાથી અપરોક્ષ અર્થથી અભિન્નત્વરૂપ અપરોક્ષત્વ ઉપપન્ન છે—વિષયાવચ્છિન્ન ચૈતન્યમાં રહેલા અજ્ઞાનની નિવૃત્તિ થતાં ઘટાદિ વિષયને પોતાના વ્યવહારને અનુકૂલ ચૈતન્યથી અભિન્નત્વરૂપ અપરોક્ષત્વ પ્રાપ્ત થાય છે, અને વિષયને તે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રાપ્ત થતાં તેના જ્ઞાનને અપરોક્ષાર્થાભિન્નત્વરૂપ અપરોક્ષત્વ પ્રાપ્ત થાય છે. અને આમ વિષયાવચ્છિન્ન ચૈતન્યગત અજ્ઞાનની નિવૃત્તિની પહેલાં જ્ઞાનને અપરોક્ષત્વ પ્રાપ્ત થતું ન હોવાને કારણે સિદ્ધાન્તીને જે જ્ઞાનગત અપરોક્ષત્વ માન્ય છે અને જે વિષયાવચ્છિન્ન ચૈતન્યગત અજ્ઞાનની નિવૃત્તિથી પ્રયુક્ત છે તે અજ્ઞાનની નિવૃત્તિની પ્રતિ પ્રયોજક હોઈ શકે નહિ. તેથી અજ્ઞાનની નિવૃત્તિના પ્રયોજક તરીકે અપરોક્ષત્વને નિવર્તક જ્ઞાનનું વિશેષણ બનાવી શકાય નહિ. 'જે અજ્ઞાન જે પુરુષ પ્રતિ જે વિષયનું આવરણ કરે તે તેના તદ્વિષયક જ્ઞાનથી દૂર કરી શકાય છે' એમ જે જ્ઞાન અને અજ્ઞાનના વિરોધના પ્રયોજકની સમજૂતી આપી છે તેમાં અપરોક્ષત્વ નિવર્તક જ્ઞાનનું વિશેષણ થઈ શકે નહિ એમ કહેવાનો ભાવ છે. તેથી 'અજ્ઞાનના આશ્રયરૂપ ચૈતન્યના સંસર્ગથી નિયતત્વ (વ્યાપ્ત હોવું)' નિવર્તક જ્ઞાનનું વિશેષણ હોવું જોઈએ જેથી પરોક્ષજ્ઞાનને અજ્ઞાનનિવર્તક માનવું ન પડે.

**શંકા :** વિષયની સાથે સંસૃષ્ટ વૃત્તિજ્ઞાનને વિષયગત અજ્ઞાનનું નિવર્તક ક્યાંય માન્યું નથી.

**ઉત્તર :** બ્રહ્મવિષયક વૃત્તિજ્ઞાનમાં તેમ માન્યુ છે. બ્રહ્મજ્ઞાન મૂલ અજ્ઞાનના આશ્રયભૂત અને બધાંના ઉપાદાનભૂત બ્રહ્મમાં નિયમતઃ સંસર્ગવાળું છે. જ્યારે બ્રહ્મવિષયક વૃત્તિજ્ઞાનનો ઉદય થાય છે ત્યારે નિયમતઃ તે બ્રહ્મસંસૃષ્ટ જ ઉદય પામે છે કારણ કે બ્રહ્મ સર્વનું ઉપાદાન છે. કાર્યમાત્ર જન્મથી માંડીને ઉપાદાનભૂત બ્રહ્મ સાથે સંસર્ગવાળું છે એ નિયમ હોઈને બ્રહ્મવિષયક વૃત્તિજ્ઞાનનો પણ પોતાથી જેનો નાશ થવાનો છે તે મૂલ અજ્ઞાનના આશ્રયભૂત બ્રહ્મ સાથે નિયમતઃ સંસર્ગ હોય છે એમ આથી સિદ્ધ થાય છે. શ્રુતિ પણ કહે છે કે બ્રહ્મજ્ઞાન અજ્ઞાનનું નિવર્તક છે— तरति शोकमात्मविद् (છા. ૭.૧.૩). અહીં શોક એટલે અજ્ઞાન; અને આત્મા એટલે પ્રત્યગાત્માથી અભિન્ન બ્રહ્મ.

**શંકા :** પરોક્ષ વૃત્તિઓનો વિષયથી અવચ્છિન્ન ચૈતન્ય સાથે સંસર્ગ નથી હોતો તો ઐન્દ્રિયક વૃત્તિઓને તેની સાથે સંસર્ગ હોય છે તેમાં શું હેતુભૂત છે?

**ઉત્તર :** ઇન્દ્રિયનો સંનિકર્ષ તેમાં હેતુભૂત છે. આનાથી એમ સૂચિત થાય છે કે પરોક્ષ વૃત્તિઓની બાબતમાં 'અજ્ઞાનના આશ્રયભૂત વિષયાવચ્છિન્ન ચૈતન્ય સાથેના સંસર્ગથી નિયતત્વ' એ વિશેષણ ન હોવાથી 'જે અજ્ઞાન જે પુરુષની પ્રતિ...' ઇત્યાદિ અંશ હોવા છતાં પણ ત્યાં અતિપ્રસંગ નથી. અજ્ઞાન અને જ્ઞાનના વિરોધનું પ્રયોજક આમ ઠરે છે— "જે અજ્ઞાન જે પુરુષની પ્રતિ જે વિષયનું આવરક હોય, તે તેનું તે વિષયનું જ્ઞાન જે તેના અજ્ઞાનના આશ્રયભૂત ચૈતન્ય સાથે નિયમતઃ સંસૃષ્ટ ઉત્પન્ન થાય છે, તેનાથી નિવૃત્ત થાય છે." ઘટાવચ્છિન્ન ચૈતન્યમાં તેનું આવરણ કરનાર અનેક અજ્ઞાનો છે. તેઓમાં કેટલાંક અજ્ઞાન દેવદત્ત પ્રતિ તેનું આવરણ કરે છે, અને કેટલાંક યજ્ઞદત્ત આદિની પ્રતિ તેનું આવરણ કરે છે. પ્રત્યેક વિષય માટે પુરુષભેદથી અનેક અજ્ઞાનો છે. આમ વિષયનું આવરણ કરનાર અજ્ઞાનોમાંથી જે અજ્ઞાન જે પુરુષ (દેવદત્ત)ની પ્રતિ જે વિષય (ઘટ)નું આવરણ કરે છે, તે અજ્ઞાન તેના (દેવદત્તના) તદ્વિષયક (ઘટવિષયક) જ્ઞાનથી નાશ પામે છે— આ જ જ્ઞાન તેના અજ્ઞાનના આશ્રયભૂત ચૈતન્યમાં નિયમતઃ સંસર્ગથી ઉત્પન્ન થયું હોય છે. સંસર્ગનિયમ આ પ્રમાણે છે :- જ્યારે જ્યારે ઘટ અને ઇન્દ્રિયના સંનિકર્ષથી ઉત્પન્ન થતું ઘટવિષયક વૃત્તિજ્ઞાન અસ્તિત્વમાં આવે છે (ઉત્પન્ન થાય છે) ત્યારે ત્યારે ઘટાવચ્છિન્ન ચૈતન્યમાં તે ઘટવિષયક વૃત્તિજ્ઞાનનો સંસર્ગ હોય જ છે. આમ જ્યાં જ્યાં ઇન્દ્રિયજન્ય-



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વૃત્તિની ઉત્પત્તિ હોય છે ત્યાં ત્યાં વિષયાવચ્છિન્ન ચૈતન્યમાં તે વૃત્તિઓનો સંસર્ગ હોય જ છે એ નિયમ સ્પષ્ટ ભાસે છે. આમ બીજા વિષયો, બીજા પુરુષો, બીજાં અજ્ઞાનો અને બીજાં જ્ઞાનોમાં આ પ્રયોજક દરેકમાં વિશેષે કરીને યોજી લેવું.

**न चैवं सति नाडीहृदयस्वरूपगोचरशब्दज्ञानस्याप्यज्ञाननिवर्तकत्वप्रसङ्गः । तस्य कदाचिदर्थसम्पन्ननाडीहृदयान्यतरवस्तुसंसर्गसम्भवेऽपि विषयसंसर्गं विनापि शाब्दज्ञानसम्भवेन तत्संसर्गनियतात्मलाभत्वाभावात् । तस्माज्ज्ञानाज्ञानविरोधनिर्वाहाय वृत्तिनिर्गमो वक्तव्य इति ।**

અને આમ હોય તો નાડી અને હૃદયના સ્વરૂપવિષયક શબ્દજન્ય જ્ઞાન પણ અજ્ઞાનનિવર્તક બને એવો પ્રસંગ આવશે એમ નથી. કારણ કે તેના (શબ્દ જ્ઞાનના) કદાચિત્ અર્થ બનેલ નાડી અને હૃદયમાંથી એક વસ્તુ સાથે સંસર્ગનો સંભવ હોવા છતાં વિષય (વિષયાવચ્છિન્ન ચૈતન્ય) સાથેના સંસર્ગ વિના પણ શબ્દજન્ય જ્ઞાનનો સંભવ હોવાથી તેની ઉત્પત્તિ એવી નથી કે છે જે તેના (વિષયાવચ્છિન્ન ચૈતન્ય) સાથેના સંસર્ગથી નિયત હોય. તેથી જ્ઞાન અને અજ્ઞાનના વિરોધના નિર્વાહને માટે વૃત્તિનો નિર્ગમ થાય છે એમ કહેવું (માનવું) જોઈએ.

**વિવરણ :** (શંકા) પરોક્ષ વૃત્તિઓનો વિષયાવચ્છિન્ન ચૈતન્ય સાથે સંસર્ગ નથી હોતો તેથી તેમને અજ્ઞાનના નિવર્તક માનવાનો પ્રસંગ આવતો જ નથી એમ કહેવું બરાબર નથી કારણ કે ક્યાંક પરોક્ષ વૃત્તિનો પણ વિષય સાથે સંસર્ગ હોય છે — જેમ કે, 'हृदयपुण्डरीके नाड्यः सन्ति' (હૃદયકમળમાં નાડીઓ છે) એ વાક્યજન્ય વૃત્તિ ક્યારેક હૃદયપુંડરીકમાં રહેલા અન્તઃકરણમાં નાડી અને હૃદય એ બેમાંથી એક વસ્તુના અવચ્છેદથી ઉત્પન્ન થાય છે તેથી તે વૃત્તિનો તે બેમાંથી એક વસ્તુથી અવચ્છિન્ન ચૈતન્ય સાથે સંસર્ગ છે માટે તે આવરણની નિવર્તક બની શકે એવો પ્રસંગ થાય છે. આ ઇષ્ટાપત્તિ છે એમ નહીં કહેવાય કારણ કે એમ હોય તો ત્યારે તેમાંની એક વસ્તુ અંગે જિજ્ઞાસાનો ઉદય ન થવો જોઈએ (–પણ થાય છે).

(ઉત્તર) 'નિયત' પદથી શંકાનું નિવારણ થઈ શકે છે. જે વૃત્તિજ્ઞાનની ઉત્પત્તિ વિષયાવચ્છિન્ન ચૈતન્યના સંસર્ગથી નિયત કે વ્યાપ્ત હોય અર્થાત્ જે વિષયાવચ્છિન્ન ચૈતન્યથી સંસૃષ્ટ તરીકે જ નિયમતઃ ઉત્પન્ન થાય છે તે અજ્ઞાનનિવર્તક છે પણ જ્યારે જ્યારે હૃદયાદિવિષયક શબ્દજન્ય વૃત્તિનો ઉદય થાય છે ત્યારે ત્યારે તે વૃત્તિનો હૃદયાદિમાંથી એક વસ્તુથી અવચ્છિન્ન ચૈતન્ય સાથે સંસર્ગ હોય જ છે એવું નથી. ઇન્દ્રિયજન્યવૃત્તિઓ તો તે તે ઇન્દ્રિયના ગોલકથી અવચ્છિન્ન અન્તઃકરણ પ્રદેશોમાં નિયમતઃ ઉત્પન્ન થાય છે. પણ જે વૃત્તિઓ ઇન્દ્રિયજન્ય નથી તે અન્તઃકરણમાં ઉત્પન્ન થતી હોય છે ત્યારે અમુક અન્તઃકરણ પ્રદેશમાં ઉત્પન્ન થવી જોઈએ એને માટે કારણ ન હોવાથી હૃદયાદિવિષયક શાબ્દવૃત્તિ કદાચિત્ દૈવવશાત્ હૃદયાદિથી અવચ્છિન્ન અન્તઃકરણમાં જન્મેય ખરી, પણ ક્યારેક હૃદયાદિ પ્રદેશને છોડીને અન્ય પ્રદેશથી અવચ્છિન્ન અન્તઃકરણમાં તે ઉત્પન્ન થાય. આમ ઉપર કહેલો નિયમ નથી તેથી પરોક્ષ વૃત્તિજ્ઞાન અજ્ઞાનનું નિવર્તક બનતું નથી, કારણ કે વૃત્તિજ્ઞાન અજ્ઞાનના આશ્રયભૂત વિષયાવચ્છિન્ન ચૈતન્યના સંસર્ગ વિના અજ્ઞાનનિવર્તક બની શકતું નથી અને જ્ઞાન અજ્ઞાનનિવર્તક બને તે માટે વૃત્તિનો નિર્ગમ માનવો જ જોઈએ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**अन्ये तु — विषयगताज्ञानस्य लाघवात् समानाधिकरणज्ञाननिवर्त्यत्वसिद्धौ वृत्तिनिर्गमः फलतीत्याहुः ।**

જ્યારે અન્ય (ચિંતકો) કહે છે કે લાઘવને લીધે, વિષયગત અજ્ઞાન સમાન અધિકરણવાળા જ્ઞાનથી દૂર કરી શકાય છે એમ સિદ્ધ થતાં વૃત્તિનિર્ગમ ફળ સ્વરૂપે પ્રાપ્ત થાય છે (—આના પરિણામે વૃત્તિનો નિર્ગમ માનવાનો રહે છે).

**વિવરણ** : વૃત્તિનિર્ગમનની સિદ્ધિ જ્ઞાન અને અજ્ઞાનના વિરોધના પ્રયોજક તરીકે કરીને હવે બીજાઓના મતે આને માટે જે હેતુઓ છે તે રજૂ કરે છે. વિષયગત અજ્ઞાન જ્ઞાનથી નિવૃત્ત થાય છે એમ જ્યારે અન્વય-વ્યતિરેકથી જ્ઞાત થયું હોય છે એ દશામાં લાઘવને લીધે એવું જ્ઞાત થાય છે કે જે અજ્ઞાનનું અધિકરણ છે (વિષયાવચ્છિન્ન ચૈતન્ય) તેમાં જ રહેતા જ્ઞાનથી (અર્થાત્ વિષયાવચ્છિન્નગત જ્ઞાનથી) તેનો નાશ થાય છે, અલગ અધિકરણમાં રહેતા જ્ઞાનથી નહિ. આ માનીએ તો વૃત્તિનિર્ગમ સ્વીકારવો જ પડે છે. અજ્ઞાનની નિવૃત્તિરૂપ કાર્યનો પોતાના કારણભૂત જ્ઞાન સાથે ઇન્દ્રિયસન્નિકર્ષના સાન્નિધ્યથી જે સામાનાધિકરણ્યરૂપ સંબંધ સંભવતો હોય તો તેનો ત્યાગ કરવો ન જોઈએ, કારણ કે કાર્ય અને કારણ એક અધિકરણમાં હોય છે એ ઔત્સર્ગિક છે, અર્થાત્ સામાન્ય નિયમ છે.

**अपरे तु—बाह्यप्रकाशस्य बाह्यतमोनिवर्तकत्वं सामानाधिकरण्ये सत्येव दृष्टमिति दृष्टान्तानुरोधाद् वृत्तिनिर्गमः सिध्यतीत्याहुः ।**

જ્યારે બીજા એમ કહે છે કે સામાનાધિકરણ્ય હોય તો જ બાહ્ય પ્રકાશ બાહ્ય અંધકારનો નાશ કરતો જોવામાં આવે છે એ દૃષ્ટાન્તાનુસાર વૃત્તિનિર્ગમ સિદ્ધ થાય છે.

**વિવરણ** : એક જગ્યામાં રહેલા પ્રકાશથી બીજી જગ્યામાંના અંધકારનો નાશ થતો નથી. બન્ને એક અધિકરણમાં હોય તો જ તેમની વચ્ચે વિરોધ, નિવર્ત્ય-નિવર્તકભાવ હોય છે. વૃત્તિરૂપ કે વૃત્ત્યારૂઢ ચૈતન્યરૂપ પ્રકાશ (જ્ઞાન) આવરણને દૂર કરનારો હોઈને પ્રકાશ સમાન છે. તેથી અજ્ઞાન અને જ્ઞાન અંધકાર અને પ્રકાશની જેમ સમાન અધિકરણમાં હોય તો જ તેમની વચ્ચે નિવર્ત્ય-નિવર્તકભાવ માની શકાય. વૃત્તિજ્ઞાનનું અજ્ઞાનના આશ્રય એવા વિષયાવચ્છિન્ન ચૈતન્યમાં સામાનાધિકરણ્ય સંસર્ગરૂપ છે અને એ સંસર્ગ વૃત્તિનિર્ગમને અધીન છે. તેથી વૃત્તિનિર્ગમ માનવો જ જોઈએ એમ બીજા કેટલાક દલીલ કરે છે.

**केचित्तु—आवरणाभिभवार्थं वृत्तिनिर्गमानपेक्षायामपि चिदुपरागार्थं प्रमातृचैतन्यस्य विषयप्रकाशकब्रह्मचैतन्याभेदाभिव्यक्त्यर्थं वा तदपेक्षेत्याहुः ।**

જ્યારે કેટલાક કહે છે કે આવરણને હટાવવા માટે વૃત્તિના નિર્ગમની જરૂર ન હોય તો પણ ચિત્‌ના ઉપરાગને માટે અથવા પ્રમાતા ચૈતન્યના વિષયના પ્રકાશક બ્રહ્મચૈતન્ય સાથેના અભેદની અભિવ્યક્તિને માટે તેની જરૂર છે.

**વિવરણ** : અત્યાર સુધી એમ બતાવ્યું કે વૃત્તિનિર્ગમ વિના વિષયચૈતન્યગત અજ્ઞાનની નિવૃત્તિ સંભવતી નથી. હવે પૂર્વપક્ષી જે એમ કહે છે કે વિષયચૈતન્યગત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અજ્ઞાનની નિવૃત્તિને માટે વૃત્તિનિર્ગમનની જરૂર નથી તે માની લઈને પણ કેટલાક વૃત્તિ-નિર્ગમનની સિદ્ધિ કરે છે. ચૈતન્ય વૃત્તિથી રંગાઈ જાય તેટલા માટે અથવા પ્રમાતા ચૈતન્ય (અર્થાત્) જીવનો વિષયના પ્રકાશક બ્રહ્મચૈતન્ય સાથે અભેદ છે તેની અભિવ્યક્તિને માટે વૃત્તિનિર્ગમનની જરૂર છે એમ તેઓ દલીલ કરે છે—આ બન્ને પ્રકારનો અગાઉ વિસ્તાર કર્યો છે.

**अथ किंप्रमाणकोऽयं जीवब्रह्मणोरभेदो यो वृत्त्याऽभिव्यज्यते ? वेदान्तप्रमाणकः इति घण्टाघोषः । सर्वेऽपि वेदान्ताः उपक्रमोपसंहारैक-रूप्यादितात्पर्यलिङ्गैर्विमृश्यमानाः प्रत्यगभिन्ने ब्रह्मण्यद्वितीये समन्व-यन्ति । यथा चायमर्थः, तथा शास्त्रे एव समन्वयाध्याये प्रपञ्चितः । विस्तरभयान्नेह प्रदर्श्यते इति ॥१९॥**

**इति सिद्धान्तलेशसारसङ्ग्रहे प्रथमः परिच्छेदः समाप्तः ।**

હવે (પ્રશ્ન થાય કે) વૃત્તિથી અભિવ્યક્ત થાય છે તે જીવ અને બ્રહ્મના અભેદને માટે શું પ્રમાણ છે.

એને માટે વેદાન્ત (ઉપનિષદ્-વાક્યો) પ્રમાણ છે એમ ઘણ્ટાઘોષ છે (—એ જાહેર જગ-પ્રસિદ્ધ વાત છે). સર્વ વેદાન્તોનો ઉપક્રમ અને ઉપસંહારની એકરૂપતા આદિ જે તાત્પર્યનાં જ્ઞાપક લિંગો છે તેનાથી વિચાર કરવામાં આવતાં પ્રત્યગાત્માથી અભિન્ન અદ્વિતીય બ્રહ્મમાં તેમનો સમન્વય થાય છે. તેમનો આ અર્થ છે એમી (ઉત્તરમીમાંસા) શાસ્ત્રમાં જ સમન્વયાધ્યાય (બ્રહ્મસૂત્ર, અધ્યાય ૧)-માં વિસ્તારથી ચર્ચા કરવામાં આવી છે. વિસ્તારના ભયથી અહીં એ બતાવવામાં નથી આવતું. (૧૯)

વિવરણ : ઉપર કહ્યું તેમ પ્રમાતૃચૈતન્ય કે જીવ બ્રહ્મથી અભિન્ન છે. પણ એમ માનવા માટે શું પ્રમાણ છે એવી શંકા કોઈને થાય. એ અભેદનુ કથન વેદાન્ત (ઉપનિષદ્) પ્રમાણ અનુસાર છે કે અન્ય કોઈ પ્રમાણને આધારે ? ઉપનિષદ્ તો ઉપાસના આદિનું પ્રતિપાદન કરે છે તેથી અભેદ માટે એ પ્રમાણ હોઈ શકે નહિ. વળી, જીવ અને બ્રહ્મનો અભેદ ઔપનિષદ—ઉપનિષત્પ્રતિપાદ્ય છે એવી શ્રુતિ છે તેથી બીજું પ્રમાણ માનીએ તો આ શ્રુતિનો વિરોધ થાય. આ શંકાનું સમાધાન કરતાં કહ્યું છે કે વેદાંત જીવ-બ્રહ્મના અભેદને માટે પ્રમાણ છે એ જગજાહેર વાત છે. વેદાંતનું તાત્પર્ય નક્કી કરવા માટે જે લિંગ નક્કી થયાં છે — ઉપક્રમ અને ઉપસંહારની એકરૂપતા, અભ્યાસ વગેરે તે બધાંની મદદથી વેદાંતોનો વિચાર કરવામાં આવે તો એવા નિર્ણય પર આવી શકાય છે કે તેમનો સમન્વય પ્રત્યગાત્માથી અભિન્ન અદ્વિતીય બ્રહ્મમાં છે, ઉપાસના આદિપરક તેમનું તાત્પર્ય નથી. ઉત્તરમીમાંસામાં જ આ સમન્વયની ચર્ચા બ્રહ્મસૂત્રનો પ્રથમ અધ્યાય જેને સમન્વયાધ્યાય કહેવામાં આવે છે તેમાં કરી છે. વિસ્તાર થઈ જશે એ બીકે એ બધું અહીં બતાવ્યું નથી. (૧૯)

**સિદ્ધાન્તસારસંગ્રહના ભાષાનુવાદનો પ્રથમ પરિચ્છેદ સમાપ્ત**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# દ્વિતીય પરિચ્છેદ

(१) अथ कथमद्वितीये ब्रह्मणि वेदान्तानां समन्वयः प्रत्यक्षादिविरोधाद् इति चेत्, न। आरम्भणाधिकरणो(ब्र. सू. २.१.१४, अधि. ६)-दाहृतश्रुतियुक्तिभिः प्रत्यक्षाद्यधिगम्यस्य प्रपञ्चस्य ब्रह्मविवर्ततया मिथ्यात्वावगमात् ।

ननु न श्रुतियुक्तिभिः प्रपञ्चस्य मिथ्यात्वं प्रत्याययितुं शक्यते । 'घटस्सन्' इत्यादि घटादिसत्त्वग्राहिप्रत्यक्षादिविरोधात् ।

(૧) હવે કોઈ દલીલ કરે કે વેદાન્તોનો સમન્વય અદ્વિતીય બ્રહ્મમાં કેવી રીતે હોઈ શકે કારણ કે પ્રત્યક્ષ આદિનો વિરોધ છે, તો (ઉત્તર છે કે) ના (આ દલીલ બરાબર નથી) કારણ કે આરંભણાધિકરણ (બ્રહ્મસૂત્ર ૨.૧.૧૪, અધિકરણ ૬) માં ટાંકેલી શ્રુતિઓ અને યુક્તિઓથી એ જ્ઞાત થાય છે કે પ્રત્યક્ષાદિથી જ્ઞાત થતો પ્રપંચ બ્રહ્મનો વિવર્ત હોવાથી મિથ્યા છે.

શંકા થાય કે શ્રુતિ અને યુક્તિ પ્રપંચના મિથ્યાત્વની પ્રતીતિ કરાવી શકતી નથી કારણ કે 'ઘટ સત્ છે' ઇત્યાદિ ઘટ આદિના સત્ત્વનું ગ્રહણ કરનાર પ્રત્યક્ષ આદિ સાથે વિરોધ છે.

**વિવરણ :** પ્રથમ પરિચ્છેદમાં બ્રહ્મના લક્ષણના વિચારના અવસર પર લક્ષણનું મતભેદથી જ્ઞેય બ્રહ્મનિષ્ઠ તરીકે અને ઈશ્વરરૂપ બ્રહ્મનિષ્ઠ તરીકે નિરૂપણ કરીને તત્ પદના લક્ષ્યાર્થ અને વાચ્યાર્થનું નિરૂપણ કર્યું. તે પછી જીવ અને તેના સાક્ષીના નિરૂપણ દ્વારા त्वम् પદના વાચ્યાર્થ અને લક્ષ્યાર્થનું નિરૂપણ કર્યું. અને આમ વાક્યાર્થરૂપ અભેદનું પણ નિરૂપણ થઈ ગયું, કારણ કે વાક્યાર્થ તત્ત અને त्वम् પદના લક્ષ્યાર્થથી અતિરિક્ત નથી. આમ જીવથી અભિન્ન નિર્વિશેષ બ્રહ્મમાં વેદાન્ત–સમન્વયરૂપ બ્રહ્મસૂત્રના પ્રથમ અધ્યાયનો અર્થ તાત્પર્યતઃ પ્રથમ પરિચ્છેદમાં નિરૂપિત થયેલો છે.

હવે બ્રહ્મસૂત્રના બીજા અધ્યાયનો જે અર્થ — વેદાન્તના સમન્વયનો અન્ય પ્રમાણો સાથે અવિરોધ—તેનું નિરૂપણ કરવા માટે બીજા પરિચ્છેદનો આરંભ કરે છે.

શંકા થાય કે વેદાંતનું તાત્પર્ય અદ્વિતીય બ્રહ્મપરક છે એ માનવા જેવી વાત નથી કારણ કે બ્રહ્મથી અલગ એવો પ્રપંચ પ્રત્યક્ષથી સિદ્ધ થાય છે અને વેદાંતપ્રમાણક અદ્વિતીયત્વનો બાધ થાય છે. વેદાંતનું તાત્પર્ય બાધિત અર્થપરક કેવી રીતે હોઈ શકે? એમ હોય તો શ્રુતિને અપ્રમાણ માનવી પડે. આ શંકાનો ઉત્તર એ છે કે રજ્જુ–સર્પાદિની જેમ પ્રપંચ બ્રહ્મમાં કલ્પિત છે તેથી અદ્વિતીયત્વ વાસ્તવ છે અને અબાધિત છે એમ શ્રુતિઓ ટાંકીને અને દલીલો રજૂ કરીને **બ્રહ્મસૂત્ર**ના આરંભણાધિકરણમાં સિદ્ધ કરવામાં આવ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ફરી કોઈને શંકા થાય કે પ્રત્યક્ષ સાથે વિરોધ હોય તો શ્રુતિ અને યુક્તિનો જ બાધ માનવો જોઈએ તેથી બ્રહ્મ અદ્વિતીય છે એમ સ્વીકારી શકાય નહિ. પ્રપંચ મિથ્યા છે એવું જ્ઞાન કરાવનારી શ્રુતિ–યુક્તિનો ઘટાદિના સત્ત્વનું જ્ઞાન કરાવનાર પ્રત્યક્ષ સાથે વિરોધ છે તેથી તેમનો જ બાધ થવો ઘટે (—શ્રુતિ અને અનુમાન પરોક્ષ જ્ઞાન કરાવે છે માટે).

**अत्राहुस्तत्त्वशुद्धिकाराः—न प्रत्यक्षं घटपटादि तत्सत्त्वं वा गृह्णाति, किं त्वधिष्ठानत्वेन घटाद्यनुगतं सन्मात्रम् । तथा च प्रत्यक्षमपि सद्रूपब्रह्माद्वैतसिद्ध्यनुकूलमेव । तथा सति 'सद्' 'सद्' इत्येव प्रत्यक्षं स्यात्, न तु 'घटः सन्' इत्यादि प्रत्यक्षमिन्द्रियान्वयव्यतिरेकानुविधायीति चेत्, न । यथा भ्रमेष्विदमंशस्याधिष्ठानस्य प्रत्यक्षेण ग्रहणम्, इन्द्रियान्वयव्यतिरेकयोः तत्रैवोपक्षयः, रजतांशस्य त्वारोपितस्य भ्रान्त्या प्रतिभासः, तथा सर्वत्र सन्मात्रस्य प्रत्यक्षेण ग्रहणम्, तत्रैवेन्द्रियव्यापारः, घटादिभेदवस्तुप्रतिभासो भ्रान्त्येत्यभ्युपगमात् ।**

આ બાબતમાં (શંકાનું સમાધાન કરવા માટે) **તત્ત્વશુદ્ધિકાર** કહે છે કે પ્રત્યક્ષ ઘટ, પટ આદિનું કે તેના સત્ત્વનું ગ્રહણ નથી કરતું, પણ અધિષ્ઠાન તરીકે ઘટ આદિમાં અનુગત સત્ માત્રનું ગ્રહણ કરે છે. અને આમ પ્રત્યક્ષ પણ સદ્રૂપ બ્રહ્મના અદ્વૈતની સિદ્ધિને અનુકૂલ જ છે. અહીં કોઈ દલીલ કરે કે એમ હોય તો 'સત્' 'સત્' એમ જ પ્રત્યક્ષ (જ્ઞાન) થાય, પણ 'ઘટ સત્ છે' ઇત્યાદિ પ્રત્યક્ષ ઇન્દ્રિયના અન્વય–વ્યતિરેકને અનુસારનારું (જ્ઞાન) ન હોય, તો ઉત્તર છે કે ના. જેમ ભ્રમોમાં 'ઇદમ્' અંશ જે અધિષ્ઠાન છે તેનું પ્રત્યક્ષથી ગ્રહણ થાય છે અને ઇન્દ્રિયના અન્વય-વ્યતિરેક તેમાં જ સમાપ્ત થઈ જાય છે જ્યારે આરોપિત 'રજત' અંશનો ભ્રાન્તિથી પ્રતિભાસ છે, તેમ સર્વત્ર (પ્રત્યક્ષ-જ્ઞાનોમાં) પ્રત્યક્ષથી સત્ માત્રનું ગ્રહણ છે, (અને) ત્યાં જ ઇન્દ્રિય–વ્યાપાર (પૂરો) થાય છે કારણ કે ઘટાદિ ભેદ* (નામની) વસ્તુનો પ્રતિભાસ ભ્રાન્તિથી થાય છે એમ સ્વીકારવામાં આવે છે.

**વિવરણ** : શ્રુતિ બ્રહ્મ સિવાયનું બધું મિથ્યા છે એમ જણાવે છે, પણ પ્રત્યક્ષથીય બ્રહ્મ સિવાયની વસ્તુનું સત્ત્વ જ્ઞાત થતું નથી તેથી શ્રુતિ અને પ્રત્યક્ષ વચ્ચે વિરોધ છે એમ શંકા કરવાને કોઈ કારણ જ નથી એમ પાંચ મતો રજૂ કરીને પ્રતિપાદિત કરે છે.

**તત્ત્વશુદ્ધિ**ના કર્તા કહે છે કે પ્રત્યક્ષ પ્રમાણથી ઘટાદિનું કે તેમના સત્ત્વનું ગ્રહણ થતું નથી. પણ તેમના અધિષ્ઠાન તરીકે ઘટાદિમાં અનુગત સન્માત્રનું ગ્રહણ થાય છે. આમ

* અધિષ્ઠાનરૂપ સત્ છે અને તેનું પ્રત્યક્ષથી જ્ઞાન છે. જ્યારે ઘટત્વાદિ ભેદ તેના પર આરોપિત છે. ઘટત્વ આદિ એ વસ્તુનો અન્યથી ભેદ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સદ્રૂપ બ્રહ્મ જ પ્રત્યક્ષથી જ્ઞાત થાય છે તેથી પ્રત્યક્ષ શ્રુતિવિરોધી નથી એટલું જ નહિ શ્રુતિનું સમર્થન પણ કરે છે.

ઘટાદિ ઇન્દ્રિયગમ્ય છે એમ માનનાર શંકા કરી શકે કે પ્રત્યક્ષથી સત્ માત્રનું ગ્રહણ થતું હોય તો 'સત્' 'સત્' એવું જ જ્ઞાન થાત, 'ઘટ સત્' છે એમ ઇન્દ્રિયના અન્વય–વ્યતિરેકને અનુસરનારું નહોતું થવું જોઈતું. સ્વપ્રકાશ સન્માત્રના પ્રકાશન માટે ઇન્દ્રિયની અપેક્ષાનો સંભવ નથી; તેથી ઇન્દ્રિયના સદ્ભાવ કે અસદ્ભાવ અનુસાર પ્રત્યક્ષજ્ઞાન થાય કે ન થાય એવું બને છે એ ઘટાદિનું જ પ્રત્યક્ષજ્ઞાન હોવું જોઈએ

(ઉત્તર) આ આક્ષેપ કરનાર સિદ્ધાન્ત્યેકદેશી છે કે ભેદવાદી? જો સિદ્ધાન્ત્યેકદેશી હોય તો તેને માન્ય દૃષ્ટાન્તથી સન્માત્ર પ્રત્યક્ષથી જ્ઞાત થાય છે એમ બતાવે છે. જેમ (આ રજત છે ઇત્યાદિ) ભ્રમમાં અધિષ્ઠાનરૂપ 'આ' અંશનું પ્રત્યક્ષથી ગ્રહણ થાય છે અને ઇન્દ્રિયનો વ્યાપાર પણ ત્યાં જ સમાપ્ત થઈ જાય છે, જ્યારે 'રજત' અંશનો પ્રતિભાસ તો સાક્ષિરૂપ ભ્રાન્તિને કારણે છે. તેમ બધાં પ્રત્યક્ષ જ્ઞાનોમાં સત્ માત્રનું ગ્રહણ પ્રત્યક્ષથી થાય છે અને ઇન્દ્રિયનો વ્યાપાર ત્યાં જ સમાપ્ત થઈ જાય છે. સન્માત્ર સ્વપ્રકાશ હોવા છતાં પણ આવૃત હોવાથી, આવરણની નિવર્તક થઈ શકે તેવી વૃત્તિના સંભવ માટે ઇન્દ્રિયની જરૂર રહે છે. જ્યારે ઘટાદિ અને તેમના ભેદ નામની વસ્તુનો પ્રતિભાસ ઇન્દ્રિયજન્ય વૃત્તિથી અભિવ્યક્ત સન્માત્રરૂપ સાક્ષિચૈતન્ય લક્ષણ ભ્રાન્તિથી થાય છે એમ માનવામાં આવે છે. શંકાકાર ભેદવાદી હોય તો તેની શંકાનો નિરાસ પણ આનાથી થઈ જાય છે, કારણ કે સિદ્ધાન્તીને ઘટાદિ અને તેમના સત્ત્વની બાબતમાં પ્રત્યક્ષનું પ્રામાણ્ય માન્ય નથી તેમ છતાં ઘટાદિનું સાક્ષિરૂપ પ્રત્યક્ષ જ્ઞાનમાં ભાન થાય છે એમ તો એ સ્વીકારે છે.

**ननु तद्वदिह बाधादर्शनात् तथाऽभ्युपगम एव निर्मूल इति चेत्, न । बाधादर्शनेऽपि देशकालव्यवहितवस्तुवद् घटादिभेदवस्तुनः प्रत्यक्षायोग्यत्वस्यैव तत्र मूलत्वात् ।**

**तथा हि—इन्द्रियव्यापारानन्तरं प्रतीयमानो घटादिः सर्वतो भिन्न एव प्रतीयते । तदा तत्र घटादिभेदे संशयविपर्ययादर्शनात् । यत्रापि स्थाण्वादौ पुरुषत्वादिसंशयः, तत्रापि तद्व्यतिरिक्तेभ्यो भेदोऽसन्दिग्धाविपर्यस्तत्वात् प्रकाशते एव । भेदस्य च प्रतियोगिसहोपलम्भनियमवतो न प्रत्यक्षेण ग्रहणं सम्भवति । देशकालव्यवधानेनासन्निकृष्टानामपि प्रतियोगिनां सम्भवात् ।**

શંકા થાય કે તેની જેમ (શુક્તિ-રજતની જેમ) અહીં (ઘટાદિમાં) બાધ જોવામાં નથી આવતો તેથી તેમ માનવું એ મૂળ વિનાનું છે આમ (ભેદવાદી) શંકા કરે તો ઉત્તર છે કે ના; બાધ જોવામાં નથી આવતો તો પણ દેશ અને કાલના વ્યવધાનવાળી વસ્તુની જેમ ઘટાદિ ભેદ વસ્તુ પ્રત્યક્ષ યોગ્ય નથી (પ્રત્યક્ષથી પ્રમેય નથી) એ જ ત્યાં મૂળ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જેમ કે ઇન્દ્રિયના વ્યાપાર પછી જ્ઞાત થતા ઘટાદિ સર્વથી ભિન્ન તરીકે જ જ્ઞાત થાય છે, કારણ કે ત્યારે ત્યાં ઘટાદિના ભેદની બાબતમાં સંશય કે વિપર્યય (મિથ્યાજ્ઞાન) જોવામાં આવતો નથી. જ્યાં પણ સ્થાણુ આદિમાં પુરુષત્વ આદિનો સંશય થાય છે, ત્યાં તેનાથી ભિન્ન વસ્તુઓથી ભેદ સંદેહ અને વિપર્યાસ (મિથ્યાજ્ઞાન)થી મુક્ત તરીકે પ્રકાશિત થાય જ છે. ભેદ જેની ઉપલબ્ધિ નિયમથી તેના પ્રતિયોગીની સાથે જ થાય છે, તેનું પ્રત્યક્ષથી ગ્રહણ સંભવતું નથી, કારણ કે દેશ અને કાળના વ્યવધાનને કારણે અસંનિકૃષ્ટ (ઇન્દ્રિય સાથે જેનો સંનિકર્ષ નથી તેવા) પ્રતિયોગીઓનો પણ સંભવ છે.

**વિવરણ** : ભેદવાદી શંકા કરી શકે કે શુક્તિરજત સાથે ઘટાદિની તુલના કરી શકાય નહિ કારણ કે શુક્તિરજતનો બાધ થતો જોવામાં આવે છે તેથી તેનો ભ્રાન્તિથી પ્રતિભાસ માની શકાય, પણ ઘટાદિ દ્વૈતનો બાધ જોવામાં આવતો નથી તેથી તે ભ્રાન્તિમાત્ર તરીકે સિદ્ધ થતું નથી.

આનો ઉત્તર એ છે કે કયા બાધના અદર્શનની વાત કરો છો? શ્રૌતબાધ કે પ્રત્યક્ષબાધ કે યૌક્તિબાધ દેખાતો નથી એમાંથી શું અભિપ્રેત છે? શ્રૌત બાધ દેખાતો નથી એમ નહીં કહી શકાય કારણ કે नेह नानाऽस्ति किञ्चन (અહીં બ્રહ્મથી જુદું કશું નથી) જેવી શ્રુતિથી દૃશ્યમાત્રનો બાધ આપણે જોઈએ છીએ. પ્રત્યક્ષથી ઘટાદિનો બાધ થતો જોવામાં નથી આવતો એ વાત સાચી. પણ યુક્તિથી તો બાધ થતો જોઈએ જ છીએ. ઘટાદિમાં રહેલી અન્ય વસ્તુઓથી ભેદરૂપ વસ્તુ પ્રત્યક્ષ પ્રમાણથી જ્ઞાત થઈ શકે તેમ છે જ નહિ તેથી ઘટાદિનું પ્રત્યક્ષથી જ્ઞાન થાય છે એમ માની ન શકાય. જેમ દૂર રહેલી કે ભૂત કે ભવિષ્યકાળમાં રહેલી વસ્તુનું પ્રત્યક્ષ જ્ઞાન થઈ શકતું નથી તેમ ઘટાદિ-ભેદનું જ્ઞાન પણ પ્રત્યક્ષથી શક્ય નથી માટે ઘટાદિને મિથ્યા જ માનવા જોઈએ. આનો પુરાવો એ છે કે ઇન્દ્રિયના વ્યાપાર પછી (અર્થાત્ તેનાથી નહિ) ઘટનું જ્ઞાન થાય છે ત્યારે ઘટ ઘટથી અન્ય સર્વ પટાદિ પદાર્થોથી ભિન્ન તરીકે પ્રતીત થાય છે અને આ ભેદ બાબતમાં કોઈ સંશય કે મિથ્યાજ્ઞાન જોવામાં આવતું નથી. ઘટનો પટાદિથી ભેદ છે એમ જ્યારે માનીએ છીએ ત્યારે ઘટ એ ભેદનો આશ્રય છે અથવા ભેદ ઘટનો ધર્મ છે અને ઘટ ભેદધર્મિક (ભેદ જેનો ધર્મ તેવો) છે અને પટાદિ જેનાથી ઘટનો ભેદ છે તે એ ભેદના પ્રતિયોગી છે. ઘટને અન્ય સર્વથી ભિન્ન તરીકે જાણવો હોય ત્યારે ઘટ ઉપરાંત એ સર્વ પ્રતિયોગીનું જ્ઞાન હોય તો જ ભેદનું જ્ઞાન થાય. આમ ભેદનું પ્રત્યક્ષજ્ઞાન શક્ય હોય તો તે જેટલા પ્રતિયોગી હોય તેને વિષય કરનારું હોવું જોઈએ, અને જેટલા પ્રતિયોગી છે તેમના પ્રત્યક્ષજ્ઞાનથી જન્ય હોવું જોઈએ. પણ જેટલા પ્રતિયોગી છે તેટલા પ્રતિયોગીનું પ્રત્યક્ષજ્ઞાન તો સંભવતું નથી કારણ કે તેને માટે જરૂરી મનાતી સામગ્રીનો અભાવ છે (—ઘણાખરા પ્રતિયોગી દેશ અને કાળથી વ્યવહિત છે તેથી તેમની સાથેના ઇન્દ્રિય—સંનિકર્ષના અભાવમાં પ્રત્યક્ષજ્ઞાન સંભવે નહિ). તેથી ભેદ પ્રત્યક્ષજ્ઞાનને યોગ્ય નથી, તે ભ્રાન્તિમાત્ર છે એમ સિદ્ધ થાય છે અને ઇન્દ્રિયપ્રત્યક્ષથી માત્ર સત્‌નું જ જ્ઞાન થાય છે એમ સ્વીકારવું જોઈએ. સિદ્ધાન્તમાં તો ભેદની બાબતમાં પ્રત્યક્ષ છે તે નિત્યસાક્ષિરૂપ છે તેથી કારણની જરૂર નથી એવો ભાવ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

भेदज्ञानं प्रतियोग्यंशे संस्कारापेक्षणात् स्मृतिरूपमस्तु प्रत्यभिज्ञानमिव तत्तांशे इति चेत्, न । तथापि भेदगतप्रतियोगिवैशिष्ट्यांशे तदभावात् । न च कनकाचलो भेदप्रतियोगी वस्तुत्वाद् इति भेदे प्रतियोगिवैशिष्ट्य-गोचरानुमित्या तत्संस्कारसम्भवः । भेदज्ञानं विनाऽनुमित्यभावेनात्मा-श्रयापत्तेः । पक्षसाध्यहेतुपक्षताद्यभेदभ्रमे सति सिद्धसाधनादिनाऽनुमाना-प्रवृत्त्या तदभेदज्ञानविघटनीयस्य तद्भेदज्ञानस्यापेक्षितत्वात् ।

જો એમ દલીલ કરવામાં આવે કે ભેદજ્ઞાનને પ્રતિયોગી અંશમાં સંસ્કારની અપેક્ષા છે તેથી એ ભલે સ્મૃતિરૂપ હો, પ્રત્યભિજ્ઞા જેમ તત્તા-અંશમાં (સ્મૃતિરૂપ) છે તેમ, — તો ઉત્તર છે કે ના, કારણ કે તેમ હોય તો પણ ભેદગત 'પ્રતિયોગીથી વૈશિષ્ટ્ય' અંશમાં તેનો (સ્મૃતિનો) અભાવ હશે. અને 'કનકાચલ ભેદપ્રતિયોગી છે, વસ્તુ હોવાથી' એમ ભેદની બાબતમાં 'પ્રતિયોગીથી વૈશિષ્ટ્ય' વિષયક અનુમિતિથી તેના (પ્રતિયોગીના) સંસ્કારનો સંભવ છે એમ નથી (અર્થાત્ એમ નહીં કહી શકાય), કારણ કે ભેદના જ્ઞાન વિના અનુમિતિનો અભાવ હોવાથી આત્માશ્રય દોષ થશે પક્ષ, સાધ્ય, હેતુ, પક્ષતા આદિના અભેદનો ભ્રમ થતાં સિદ્ધસાધન વગેરેને લઈને અનુમાનની પ્રવૃત્તિ નહીં થાય તેથી તેમના અભેદના જ્ઞાનનું વિઘટક બની શકે તેવા તેમના ભેદના જ્ઞાનની અપેક્ષા છે (અક્ષરશઃ —તેમના અભેદનું જ્ઞાન જેનાથી વિઘટિત થઈ શકે તેવા તેમના ભેદજ્ઞાનની અપેક્ષા છે).

(વિવરણ : ભેદ સાચો છે એમ માનીને કોઈ દલીલ કરી શકે કે ભેદજ્ઞાનમાં ('ઘટ પટથી ભિન્ન છે', 'ઘટનો પટથી ભેદ છે') પ્રતિયોગી (પટ) અંશમાં સંસ્કારની અપેક્ષા છે તેથી તેટલા અંશમાં એ સંસ્કારથી જન્ય સ્મૃતિરૂપ જ્ઞાન ભલે હો. પ્રત્યભિજ્ઞા ('આ તે જ દેવદત્ત છે')ને પ્રત્યક્ષ જ્ઞાનનો પ્રકાર માનવામાં આવે છે તેમ છતાં 'તે' અંશમાં સંસ્કારની અપેક્ષા છે અને તેનાથી જન્ય સ્મૃતિ હોય છે તેમ ભેદજ્ઞાનમાં પણ પ્રતિયોગી (પટ) અંશમાં સ્મૃતિરૂપ જ્ઞાન ભલે હો અને તેમ છતાં ભેદજ્ઞાન સંભવે છે અને પ્રત્યક્ષરૂપ છે.

આનો ઉત્તર છે કે ભેદજ્ઞાનમાં પ્રતિયોગીનું પ્રતિયોગિતાના અવચ્છેદક રૂપથી જ જ્ઞાન થાય છે એમ ભેદને સત્ય માનનાર પૂર્વપક્ષી માને છે. તે રૂપથી બધા જ પ્રતિયોગીને વિષય કરનારા પૂર્વ અનુભવનો સંભવ ન હોવાથી સંસ્કારનો સંભવ નથી અને તેથી અસંનિકૃષ્ટ એવા પ્રતિયોગી-અંશની બાબતમાં સ્મૃતિરૂપ જ્ઞાન પણ સંભવતું નથી; એ ઘડી માની લઈએ કે તે સંભવે છે તો પણ કનકાચલ વગેરે પદાર્થોનો તો સંનિકૃષ્ટ ઘટમાં રહેલા ભેદના પ્રતિયોગી તરીકે અનુભવ થયો ન હોવાથી તેનો સંભવ નથી.

વૈશિષ્ટ્ય અંશમાં પૂર્વ અનુભવ છે એમ કોઈ દલીલ કરી શકે કારણ કે 'કનકાચલ ભેદનો પ્રતિયોગી છે, વસ્તુ હોવાને કારણે' એમ ભેદની બાબતમાં 'પ્રતિયોગી–વૈશિષ્ટ્ય'ને વિષય કરનાર અનુમિતિરૂપ જ્ઞાનથી તેના સંસ્કારનો સંભવ છે અને તેથી તજ્જન્ય સ્મૃતિ પણ સંભવે છે; અને આમ બીજા પદાર્થોની બાબતમાં અનુમાન થઈ શકે,



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આનો ઉત્તર છે કે ભેદવિષયક જ્ઞાન ન હોય તો અનુમાન-પ્રવૃત્તિ સંભવતી નથી. આમ ભેદજ્ઞાન ભેદજ્ઞાનને અધીન છે તેથી આત્માશ્રયનો દોષ થાય છે અને કોઈ ભેદજ્ઞાન સિદ્ધ થતું નથી. ભેદજ્ઞાન ન હોય તો પક્ષ, સાધ્ય વગેરેમાં અભેદનો ભ્રમ થાય અને એવું હોય તો સિદ્ધસાધન (પુરવાર થયેલી અને જ્ઞાત વસ્તુની સિદ્ધિ કરવાનો દોષ) વગેરે દોષો થવાથી અનુમાનની પ્રવૃત્તિ જ સંભવે નહિ. આ પક્ષાદિના અભેદનું જ્ઞાન અનુમિતિમાં પ્રતિબંધક છે તેથી તેના વિઘટનને માટે પક્ષાદિના ભેદનું જ્ઞાન આવશ્યક છે. અને જો ભેદજ્ઞાન અનુમિતિથી જ થવાનું હોય તો ભેદ જ્ઞાન પર આધારિત અનુમાન ભેદનું જ્ઞાન કરાવે એવી સ્થિતિ થતાં આત્માશ્રયનો દોષ થાય.

**अस्तु तर्हि भेदांशे इव प्रतियोगिवैशिष्ट्यांशेऽपि प्रत्यक्षमिति चेत्, न । प्रतियोगिनोऽप्रत्यक्षत्वे तद्वैशिष्ट्यप्रत्यक्षायोगात् सम्बन्धिद्वयप्रत्यक्षं विना सम्बन्धप्रत्यक्षासम्भवात् । तस्मात् प्रत्यक्षायोग्यस्य प्रतियोगिनो भ्रान्तिरूप एव प्रतिभास इति तदेकवित्तिवेद्यत्वनियतस्य भेदस्य भेदैकवित्तिवेद्यत्वनियतस्य घटादेश्च भ्रमैकविषयत्वात् प्रत्यक्षं निर्विशेषसन्मात्रग्राह्यद्वैतसिद्ध्यनुकूलमिति ।**

તો પછી ભેદ અંશની જેમ પ્રતિયોગીથી વૈશિષ્ટ્ય અંશમાં પણ પ્રત્યક્ષ જ્ઞાન ભલે હો એમ (પૂર્વપક્ષી) કહે તો ઉત્તર છે કે ના. કારણ કે પ્રતિયોગી અપ્રત્યક્ષ હોય તો તેનાથી વૈશિષ્ટ્યનું પ્રત્યક્ષ સંભવે નહિ, કેમ કે બે સંબંધી (પદાર્થો)ના પ્રત્યક્ષ વિના સંબંધનું પ્રત્યક્ષ સંભવે નહિ. તેથી પ્રત્યક્ષને યોગ્ય નહિ એવા પ્રતિયોગીનો ભ્રાન્તિરૂપ જ પ્રતિભાસ છે માટે તે (પ્રતિયોગી) એકના (પ્રત્યક્ષ) જ્ઞાનથી વેદ્યત્વથી નિયત ભેદ અને એકલા ભેદના (પ્રત્યક્ષ) જ્ઞાનથી વેદ્યત્વથી નિયત ઘટાદિ એકલા ભ્રમના વિષયરૂપ હોવાથી નિર્વિશેષ સન્માત્રનું ગ્રહણ કરનાર પ્રત્યક્ષ અદ્વૈતની સિદ્ધિને અનુકૂલ છે (એમ તત્ત્વશુદ્ધિના કર્તા કહે છે).

**વિવરણ** : 'પ્રતિયોગીથી વૈશિષ્ટ્ય' અંશનું જ્ઞાન સ્મૃતિરૂપ સંભવતું ન હોય તો તેને પ્રત્યક્ષરૂપ માની લઈએ એમ પૂર્વપક્ષી દલીલ કરે તો તેનો ઉત્તર આપતાં કહે છે કે પ્રતિયોગી પ્રત્યક્ષ જ્ઞાનનો વિષય બની શકતો ન હોય તો 'તેનાથી વૈશિષ્ટ્ય'નું પ્રત્યક્ષ જ્ઞાન હોઈ શકે નહિ કારણ કે બે સંબંધી પદાર્થોના જ્ઞાન વિના તેમના સંબંધનું જ્ઞાન સંભવે નહિ. તેથી પ્રત્યક્ષનો વિષય નથી એવા પ્રતિયોગીનો પ્રતિભાસ ભ્રાન્તિરૂપ જ છે. આમ હોઈને ભેદ એકલા પ્રતિયોગી જ્ઞાનના વેદ્યત્વથી નિયત છે, અર્થાત્ નિયમતઃ ભેદ પ્રતિયોગીના પ્રત્યક્ષ જ્ઞાનનો વિષય છે અને ઘટાદિ એકલા ભ્રમના વિષયરૂપ છે તેથી પ્રત્યક્ષથી તો માત્ર નિર્વિશેષ (ભેદ રહિત) સન્માત્રનું ગ્રહણ થાય છે (ઘટત્વ અને પટત્વાદિ ભેદનું નહિ) તેથી પ્રત્યક્ષ જ્ઞાન શ્રુતિથી વિરુદ્ધ નથી, ઊલટું તેને અનુકૂલ છે. અહીં ધ્યાનમાં રાખવું કે 'વિત્તિ' પદ પ્રત્યક્ષના અર્થમાં પ્રયોજ્યું છે કારણ કે 'ભેદ'પદથી જન્ય ભેદજ્ઞાન પ્રતિયોગિવિષયક

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જોવામાં આવતું નથી. માત્ર ભેદનું પ્રત્યક્ષજ્ઞાન જ પ્રતિયોગિવિષયક પણ મનાય છે. ઘટાદિને એકલા ભ્રમના વિષયરૂપ કહ્યા છે; અધિષ્ઠાન પણ ભ્રમનો વિષય હોઈને તેને કલ્પિત માનવું પડે એ પ્રસંગને રોકવા માટે भ्रमैकविषयत्वात् માં 'एक' પદ પ્રયોજ્યું છે, અને અધિષ્ઠાન સમ્યગ્જ્ઞાન પ્રતિ પણ વિષય હોવાથી તેની બાબતમાં 'ભ્રાન્ત્યેકવિષયત્વ' સિદ્ધ થતું નથી. આમ પ્રત્યક્ષ સદ્વસ્તુની બાબતમાં પ્રમાણ હોઈને શ્રુતિને અનુકૂલ છે.

**न्यायसुधाकृतस्त्वाहुः–घटादेरैन्द्रियकत्वेऽपि 'सन् घटः' इत्यादिरधिष्ठानसत्तानुवेध इति न विरोधः। एवं 'नीलो घटः' इत्यादिरधिष्ठाननैल्यानुवेधः किं न स्याद् इति चेत्, न। श्रुत्या सद्रूपस्य वस्तुनो जगदुपादानत्वमुक्तमविरोधात् सर्वसम्मतमिति तदनुवेधेनैव 'सन् घटः' इत्यादिप्रतिभासोपपत्तौ घटादावपि सत्ताकल्पने गौरवम्। तस्य रूपादिहीनत्वाद् नैल्यादिकं घटादावेव कल्पनीयमिति वैषम्यादिति।**

જ્યારે ન્યાયસુધાકાર કહે છે કે ઘટાદિ ઇન્દ્રિયના વિષય હોય તો પણ 'सन् घटः' (ઘટ છે) વગેરે (જ્ઞાન) અધિષ્ઠાનની સત્તાના પ્રતિભાસરૂપ છે તેથી કોઈ વિરોધ નથી. શંકા થાય કે એ જ રીતે 'નીલ ઘટ', ઇત્યાદિ (જ્ઞાન) અધિષ્ઠાનની નીલતાના પ્રતિભાસરૂપ કેમ ન હોય, તો ઉત્તર છે કે 'ના. શ્રુતિએ સદ્રૂપ વસ્તુમાં (બ્રહ્મમાં) જગતની ઉપાદાન કારણતા કહી છે (સદ્રૂપ બ્રહ્મને જગતનું ઉપાદાન કારણ કહ્યું છે) તે વિરોધ ન હોવાથી સર્વને સમ્મત છે (—સમ્મત કે સ્વીકાર્ય હોવું જોઈએ) તેથી તેના (અધિષ્ઠાન–સત્તાના) પ્રતિભાસથી જ 'सन् घटः' ઇત્યાદિ પ્રતિભાસની ઉપપત્તિ થતી હોય ત્યારે ઘટાદિમાં પણ સત્તાની કલ્પના કરવામાં ગૌરવ (દોષ) છે. તે (જગતનું અધિષ્ઠાનરૂપ બ્રહ્મ) રૂપાદિહીન હોવાથી નીલતા આદિની ઘટાદિમાં જ કલ્પના કરી શકાય એ વૈષમ્ય છે માટે (દલીલ બરાબર નથી).

**વિવરણ : ન્યાયસુધાના** કર્તાની દલીલ છે કે આપણો અનુભવ છે કે ઘટાદિ ચક્ષુના વિષય છે. તે પ્રમાણે ઘટાદિને ચક્ષુ આદિથી જ્ઞાત થતા માનીએ તો પણ પ્રપંચના મિથ્યાત્વને સિદ્ધ કરનાર શ્રુતિ અને તેને અનુકૂલ યુક્તિઓનો તેમાં કોઈ વિરોધ નથી કારણ કે પ્રત્યક્ષ પણ ઘટાદિમાં જુદા (અધિષ્ઠાનગત સત્ત્વથી જુદા) સત્ત્વનું ગ્રહણ નથી કરતું. 'सन् घटः' ઇત્યાદિ ઘટાદિની સત્તાનો પ્રતિભાસ છે તે અધિષ્ઠાનની સત્તાના સંબંધવિષયક જ છે તેથી વિરોધ નથી એમ કહેવાનો અર્થ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**(શંકા)** : આની સામે શંકા થાય છે કે ઘટાદિમાં જ્ઞાત થતું સત્ત્વ એ અધિષ્ઠાનમાં રહેલું સત્ત્વ છે એમ માનીએ તો એમ પણ માનવું પડશે કે 'नीलः घटः' ઇત્યાદિ ઘટાદિમાં નીલતા (નીલ રૂપ)નો પ્રતિભાસ છે તે પણ અધિષ્ઠાનમાં રહેલી નીલતાના સંબંધને વિષય કરનારો છે. અને આમ માનીએ તો અધિષ્ઠાનભૂત બ્રહ્મ રૂપવાળું બને.

**ઉત્તર** : આ દલીલ બરાબર નથી. નીલતા આદિમાં અને સત્તામાં વૈષમ્ય છે શ્રુતિમાં કહ્યું છે કે સત્ જ (સદ્રૂપ બ્રહ્મવસ્તુ જ) જગત્નું ઉપાદાન કારણ છે અને જેમ રજ્જુ સર્પનું ઉપાદાન છે એ બાબતમાં વિરોધ નથી તેમ કૂટસ્થ બ્રહ્મ જગત્નું ઉપાદાન કારણ છે એમાં કોઈ વિરોધ નથી તેથી આ શ્રુતિપ્રતિપાદિત હકીકત સર્વસંમત છે (—સર્વસંમત હોવી જોઈએ એમ અર્થ કરવો જોઈએ કારણ કે વૈશેષિક વગેરે આ સ્વીકારતા નથી). આમ અધિષ્ઠાનગત સત્તાના પ્રતિભાસથી 'सन् घटः' ઇત્યાદિ પ્રતિભાસ ઉપપન્ન બનતા હોય તો ઘટાદિમાં એક જુદી સત્તા માનવાની જરૂર રહેતી નથી. 'नीलः घटः' (નીલ ઘટ)એ જ્ઞાનની વાત જુદી છે કારણ કે ત્યાં અધિષ્ઠાનભૂત બ્રહ્મમાં નીલ રૂપની કલ્પના કરી શકાય જ નહિ (—એ શ્રુતિવિરુદ્ધ છે). તેથી નીલરૂપની કલ્પના ઘટમાં જ કરવી જોઈએ.

**संक्षेपशारीरकाचार्यास्त्वाहुः—प्रत्यक्षस्य घटादिसत्त्वग्राहित्वेऽपि पराग्विषयस्य प्रत्यक्षादेस्तत्त्वावेदकत्वलक्षणप्रामाण्याभावाद् न तद्विरोधेनाद्वैतश्रुत्यादिबाधशङ्का । अज्ञातबोधकं हि प्रमाणम् । न च प्रत्यक्षादिविषयस्य घटादेरज्ञातत्वमस्ति । जडे आवरणकृत्याभावेनाज्ञानविषयत्वानुपगमात् । स्वप्रकाशतया प्रसक्तप्रकाशं ब्रह्मैवाज्ञानविषय इति तद्बोधकमेव तत्त्वावेदकं प्रमाणम् । तदेव प्रमितिविषयः ।**

**अत एव श्रुतिरपि 'आत्मा वा अरे द्रष्टव्यः' (बृहद्. २.४.५; ४.५.६) इत्यात्मन एव प्रमेयत्वमिति नियमयति । न हि 'द्रष्टव्यः' इत्यनेन दर्शनं विधीयते प्रमाणपरतन्त्रस्य तस्य विध्यगोचरत्वात्, किं तु 'आत्मा दर्शनार्हः' इति । अज्ञातत्वादात्मन एव प्रमेयत्वमुचितं नान्यस्येति नियम्यते इति ।**

જ્યારે સંક્ષેપશારીરકના કર્તા આચાર્ય (સર્વજ્ઞાત્મમુનિ) કહે છે : પ્રત્યક્ષ ઘટાદિના સત્ત્વનું ગ્રહણ કરનાર હોય તો પણ જડવિષયક પ્રત્યક્ષાદિમાં 'તત્ત્વનું આવેદકત્વ' એ લક્ષણવાળું પ્રામાણ્ય નહોવાથી તેની સાથે વિરોધને કારણે અદ્વૈતનો બોધ કરાવનાર શ્રુતિ આદિના બાધની શંકા થવી જોઈએ નહિ. એ જાણીતું છે કે અજ્ઞાતનો બોધ કરાવે તે પ્રમાણ અને પ્રત્યક્ષાદિના વિષય એવા ઘટાદિ અજ્ઞાત નથી, કારણ કે જડ (પદાર્થ)માં આવરણનું કાર્ય ન હોવાથી તેને અજ્ઞાનનો વિષય માનવામાં આવતો નથી. સ્વપ્રકાશ હોવાથી જેમાં પ્રકાશ પ્રસક્ત છે એવું બ્રહ્મ જ અજ્ઞાનનો વિષય છે તેથી તેનો બોધ કરાવનાર જ તત્ત્વાવેદક પ્રમાણ છે. તે જ પ્રમિતિનો (પ્રમારૂપ જ્ઞાનનો) વિષય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માટે જ શ્રુતિ પણ 'અરે, આત્મા દ્રષ્ટવ્ય છે' (બૃહદ્. ઉપ. ૨.૪.૫, ૪.૫.૬) કહીને આત્મા પ્રમેય છે એમ નિયમ કરે છે. 'द्रष्टव्यः' થી દર્શનનું વિધાન નથી (દર્શન અંગે વિધિ માનવાનો નથી), કારણકે પ્રમાણને અધીન તે (દર્શન) વિધિનો વિષય નથી, પણ 'આત્મા દર્શન (સાક્ષાત્કાર)ને યોગ્ય છે' એમ કહ્યું છે. અજ્ઞાત હોવાને લીધે આત્માનું જ પ્રમેયત્વ ઉચિત છે, અન્યનું નહિ એવો નિયમ કરવામાં આવ્યો છે.

વિવરણ : પ્રત્યક્ષ ઘટાદિમાં જુદા સત્ત્વનું ગ્રહણ કરે છે એમ માનીએ તો પણ કોઈ મુશ્કેલી નથી કારણ કે પ્રત્યક્ષ પ્રમાણ નથી, પણ પ્રમાણાભાસ છે તેથી પ્રત્યક્ષથી શ્રુતિનો બાધ થાય એવી શંકાને કોઈ અવકાશ નથી એમ **સંક્ષેપશારીરકના** કર્તા **સર્વજ્ઞાત્મમુન** માને છે. તત્ત્વનું આવેદક હોય તે પ્રમાણ; અને અનધિગત (અજ્ઞાત) અર્થનું જ્ઞાન કરાવે તે પ્રમાણ. અનધિગત હોઈને અબાધિત હોય તે તત્ત્વ અને આવા તત્ત્વનો બોધ કરાવે તે પ્રમાણ એવું પ્રમાણનું લક્ષણ ચિંતકોને માન્ય છે. આ દૃષ્ટિએ વિચારીએ તો જડ માત્રને વિષય કરનાર પ્રત્યક્ષને આ લક્ષણ લાગુ પડતું નથી. ઘટાદિ જે પ્રત્યક્ષના વિષય છે તે અબાધિત હોય તો પણ અજ્ઞાત નથી. તેથી પ્રત્યક્ષ પ્રમાણ નથી એવો સર્વજ્ઞાત્મમુનિનો કહેવાનો આશય છે. અન્યથા અબાધિતત્વનો અભાવ હોય તો પણ પ્રત્યક્ષને પ્રમાણાભાસ તરીકે પ્રતિપાદિત કરી શકાય તેમ છતાં અજ્ઞાતત્વાભાવ માત્રનું પ્રતિપાદન કર્યું છે તે યોગ્ય ન ગણાય. તેથી બાધિતત્વનો અભાવ માનીને અજ્ઞાતવિષયત્વાભાવને આધારે પ્રત્યક્ષને આભાસ તરીકે પ્રતિપાદિત કરવું વિવક્ષિત છે એમ સમજવું જોઈએ. જડમાં આવરણનું કાર્ય અથવા ફલ ન હોવાથી તે અજ્ઞાનનો વિષય મનાતો નથી. સ્વપ્રકાશ બ્રહ્મ પ્રકાશરૂપ હોવું જ જોઈએ છતાં જ્ઞાત થતું નથી તેથી અજ્ઞાનનો વિષય છે, અને અજ્ઞાત એવા બ્રહ્મતત્વનો બોધ કરાવે તેને જ પ્રમાણ માની શકાય. સ્વપ્રકાશ આત્મા કે બ્રહ્મ જ પ્રમિતિ (પ્રમાજ્ઞાન)-નો વિષય છે. સ્વપ્રકાશ આત્મા જ પ્રમેય છે એમ માનવા માટે શ્રુતિ પણ પ્રમાણ છે. આત્મા અજ્ઞાત છે તેથી તે જ દર્શનને યોગ્ય છે, પ્રમેય છે એમ શ્રુતિ નિયમ કરે છે. આત્મા સિવાય કશું અજ્ઞાનનો વિષય નથી તેથી પ્રમેય નથી.

અહીં શંકા થાય કે શ્રુતિમાં 'द्रष्टव्य' થી શું આત્મદર્શન અંગે વિધિ છે. તેનો ઉત્તર છે કે ના. પુરુષયત્નથી સાધ્ય ક્રિયા જ વિધિને યોગ્ય છે. દર્શન કે સાક્ષાત્કાર વસ્તુતંત્ર અને પ્રમાણતંત્ર છે. વિષય હોય અને તેને જાણવા માટેનું પ્રમાણ હોય તો જ્ઞાન પોતાની મેળે થાય જ; જ્ઞાન થાય કે ન થાય તેનો આધાર પુરુષના પ્રયત્ન પર નથી માટે તેને વિષે વિધિ હોઈ શકે નહિ તો 'तव्य' એ વિધિપ્રત્યય પ્રયોજ્યો છે તેનું શું? તેનો ઉત્તર છે કે તવ્ય પ્રત્યય 'અર્હ'ના અર્થમાં પ્રયોજ્યો છે આત્મા દર્શનને યોગ્ય છે અર્થાત્ આત્મા જ દર્શનયોગ્ય છે, ઇતર પદાર્થ નહિ એવો નિયમ કર્યો છે.

જુઓ **સંક્ષેપશારીરક**, ૨.૮,૨૧ :

> अज्ञातमर्थमवबोधयदेव मान तच्च प्रकाशकरणक्षममित्यभिज्ञाः ।
> न प्रत्यगात्मविषयादपरस्य तच्च मानस्य संभवति कस्यचिदत्र युक्त्या ॥८॥
> अज्ञातमर्थमवबोधयितुं न शक्तमेवं प्रमाणमखिलं जडवस्तुनिष्ठम् ।
> किन्त्वप्रबुद्धपुरुषं व्यवहारकाले संश्रित्य संजनयति व्यवहारमात्रम् ॥२१॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અજ્ઞાત અર્થનું જ્ઞાન કરાવે તે જ પ્રમાણ અને તે પોતાના વિષયને પ્રકાશિત કરવા સમર્થ છે એમ અભિસો કહે છે. પ્રત્યગાત્માને વિષય કરનાર તે પ્રમાણ; અન્ય કોઈ પ્રમાણમાં અહીં આ યુક્તિથી અજ્ઞાતજ્ઞાપકત્વ સંભવતું નથી. જડ વસ્તુને વિષય કરનારાં બધાં પ્રમાણ અજ્ઞાત અર્થનું જ્ઞાપન કરાવી શકતાં નથી. પણ અજ્ઞાની પુરુષનો આધાર લઈને વ્યવહાર કાલમાં વ્યવહારમાત્રને શક્ય બનાવે છે. (વ્યવહારમાં પ્રમાણ તરીકે ખપે છે, પણ વાસ્તવમાં પ્રમાણાભાસ છે)

केचित्तु—घटादिसत्त्वग्राहिणः प्रत्यक्षस्य प्रामाण्ये ब्रह्मप्रमाणन्यूनताऽनवगमेऽपि तद्ग्राह्यं सत्त्वमनुगतप्रत्ययात् सत्ताजातिरूपं वा, 'इहेदानीं घटोऽस्ति' इति देशकालसंबन्धप्रतीतेः तत्तद्देशकालसंबन्धरूपं वा, 'नास्ति घटः' इति स्वरूपनिषेधप्रतीतेर्घटादिस्वरूपं वा पर्यवस्यति। तच्च स्वमिथ्यात्वेन न विरुध्यते। न हि मिथ्यात्ववादिनाऽपि घटादेः स्वरूपं वा, तस्य देशकालसंबन्धो वा, तत्र जात्यादिकं वा नाभ्युपगम्यते, किं तु तेषामबाध्यत्वम्। न चाबाध्यत्वमेव सत्त्वं प्रत्यक्षग्राह्यमस्त्विति वाच्यम्। 'कालत्रयेऽपि नास्य बाधः' इति वर्तमानमात्रग्राहिणा प्रत्यक्षेण ग्रहीतुमशक्यत्वादित्याहुः।

કેટલાક તો કહે છે કે ઘટાદિના સત્ત્વનું ગ્રહણ કરનાર પ્રત્યક્ષના પ્રામાણ્યમાં બ્રહ્મવિષયક પ્રમાણથી ન્યૂનતાની પ્રતીતિ ન હોય તો પણ તેનાથી ગ્રાહ્ય સત્ત્વ ('ઘટઃ સન્', 'પટઃ સન્' ઇત્યાદિ) અનુગત પ્રત્યયને લીધે સત્તા જાતિરૂપ છે, અથવા 'અહીં અત્યારે ઘટ છે' એમ દેશ અને કાલના સંબંધની પ્રતીતિને લીધે તે તે દેશ અને કાલ સાથેના સંબંધરૂપ છે, અથવા 'नास्ति घटः' 'ઘટ છે નહિ' એમ સ્વરૂપના નિષેધની પ્રતીતિને લીધે ઘટાદિનું સ્વરૂપ ઠરે છે. અને તેનો પોતાના મિથ્યાત્વની સાથે વિરોધ નથી; કારણ કે મિથ્યાત્વવાદી પણ ઘટાદિના સ્વરૂપને કે તેના દેશ કાલ સાથેના સંબંધને કે તેમાં જાતિ આદિને સ્વીકારતો નથી એમ નથી. પણ તેમનું અબાધ્યત્વ (સ્વીકારતો નથી). એવી દલીલ કરવી નહિ કે અબાધ્યત્વરૂપ સત્ત્વ જ ભલે પ્રત્યક્ષથી ગ્રાહ્ય હો. (આ દલીલ બરાબર નથી) કારણ કે 'ત્રણેય કાલમાં આનો બાધ નથી' એમ (તેનું અબાધ્યત્વરૂપ સત્ત્વ) વર્તમાન માત્રનું ગ્રહણ કરનાર પ્રત્યક્ષથી જાણવું અશક્ય છે (–તેનાથી જ્ઞાત થઈ શકતું નથી).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ** : પ્રત્યક્ષ પ્રમાણનો વિષય જડ પદાર્થ અજ્ઞાત છે તેથી જડનું જ્ઞાન કરાવનાર પ્રત્યક્ષ શ્રુતિતુલ્ય પ્રમાણ છે એમ સ્વીકાર કરીએ તો પણ પ્રત્યક્ષથી ગૃહીત થતું ઘટાદિનું સત્ત્વ મિથ્યાત્વથી અવિરુદ્ધ છે (—અર્થાત્ ઘટાદિનું સત્ત્વ મિથ્યા હોઈ શકે–) તેથી તેના મિથ્યાત્વનું જ્ઞાન કરાવનાર શ્રુતિ વગેરે સાથે પ્રત્યક્ષનો વિરોધ છે એવી શંકાને અવકાશ નથી એમ **કેટલાક** કહે છે. પ્રત્યક્ષથી ગ્રાહ્ય ઘટાદિનું સત્ત્વ સત્તા જાતિરૂપ છે અથવા તે તે દેશકાલ સાથેના ઘટાદિના સંબંધરૂપ છે અથવા ઘટાદિસ્વરૂપરૂપ છે એમ થતી પ્રતીતિઓ પરથી ઠરે છે—'ઘટ: સન્', 'પટ: સન્' એમ સત્ત્વના અનુગતત્વની પ્રતીતિ થાય છે અને અનુગત હોવું એ જાતિનું લક્ષણ છે તેથી પ્રત્યક્ષથી ગ્રાહ્ય સત્ત્વ જાતિરૂપ ઠરે છે. વળી 'અહીં અત્યારે ઘટ છે' એ પ્રતીતિ ઘટને વિષે જ્ઞાત થતા દેશકાલના સંબંધને જ સત્તારૂપે વિષય કરે છે. नास्ति घट: 'ઘટ છે નહીં' એમાં જે ઘટના અસ્તિત્વનો નિષેધ છે તે રૂપે એ ઘટના સ્વરૂપના નિષેધનો અનુભવ હોવાથી ઘટનું અસ્તિત્વ, ઘટનું સત્ત્વ એ ઘટનું સ્વરૂપ ઠરે છે. અને આ સત્ત્વ ત્રણમાંથી ગમે તે હોય પણ પોતાના મિથ્યાત્વ સાથે તેનો વિરોધ નથી, અર્થાત્ તે મિથ્યા હોઈ જ શકે. ઘટના સત્ત્વનો ઉપર કહેલા ત્રણમાંથી ગમે તે અર્થ લઈએ તો પણ એને મિથ્યા કહેનાર અદ્વૈતવેદાન્તી આવા સત્ત્વને સ્વીકારતો નથી એમ તો નથી જ કારણ કે તુચ્છ પ્રપંચથી (વંધ્યાપુત્ર વગેરેથી) વિલક્ષણ એવું પ્રપંચનું સ્વરૂપ એ સ્વીકારે છે. મિથ્યાત્વવાદી પણ ઘટના સત્ત્વને જાતિરૂપ કે તેના દેશકાલ સાથેના સંબંધરૂપ કે ઘટસ્વરૂપરૂપ સ્વીકારે જ છે કારણ કે આ સત્ત્વને મિથ્યાત્વ સાથે કોઈ વિરોધ નથી. માત્ર આમને એ અબાધ્ય માનતો નથી.

**(શંકા)** મિથ્યાત્વ બાધ્યત્વરૂપ છે, અર્થાત્ મિથ્યા હોય તેનો બાધ થઈ શકે છે તેથી તેનાથી વિરુદ્ધ સત્યત્વ (સત્ત્વ) અબાધ્યત્વરૂપ જ હોય તો અબાધ્યત્વરૂપ સત્ત્વને જ પ્રત્યક્ષનો વિષય માનો ને, અને એમ હોય તો પ્રત્યક્ષ સાથે શ્રુત્યાદિના વિરોધની શંકા થઈ શકે.

**(ઉત્તર)** : આ શંકા બરાબર નથી. અબાધિત એ કહેવાય જેનો ત્રણેય કાલમાં બાધ ન હોય. પ્રત્યક્ષ વર્તમાન પદાર્થનું જ ગ્રહણ કરનારું છે. તે ત્રણેય કાલમાં અબાધિતત્વરૂપ સત્ત્વનું ગ્રહણ કેવી રીતે કરી શકે. તેથી પ્રત્યક્ષ પ્રમાણથી જગતના અબાધિતત્વરૂપ સત્ત્વનું ગ્રહણ થઈ શકે તેમ નથી અને જે જાત્યાદિરૂપ સત્ત્વનું ગ્રહણ એ કરે છે એ સત્ત્વ મિથ્યા છે. તેથી શ્રુતિ અને પ્રત્યક્ષ પ્રમાણોનો કોઈ વિરોધ નથી; શ્રુતિ અબાધિત સત્ત્વ (આત્મા કે બ્રહ્મ) નો બોધ કરાવે છે જ્યારે પ્રત્યક્ષ મિથ્યા સત્ત્વનું જ્ઞાન કરાવે છે.

**<u>अन्ये</u> तु—अबाध्यत्वरूपसत्यत्वस्य प्रत्यक्षग्राह्यत्वेऽपि 'प्राणा वै सत्यं तेषामेष सत्यम्' (बृहद्० २.१.२०, २.३.६) इति श्रुत्या प्रधानभूतप्राणग्रहणोपलक्षितस्य कृत्स्नस्य प्रपञ्चस्य ब्रह्मणश्च सत्यत्वोत्कर्षापकर्षप्रतीतेः, सत्यत्वे चाबाध्यत्वरूपे सर्वदैवाबाध्यत्वं किञ्चित्कालमबाध्यत्वमित्येवंविधोत्कर्षापकर्ष**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**विना 'राजराजः', 'मन्मथमन्मथः' इत्यादिशब्दतात्पर्यगोचरनियन्तृत्व-सौन्दर्यादीनामिव भूयोविषयत्वाल्पविषयत्वादिरूपोत्कर्षापकर्षासम्भवात्, विधान्तरेण तत्सम्भवेऽपि प्रपञ्चस्य ब्रह्मज्ञानबाध्यत्वश्रुत्यन्तरैकार्थ्याद् उक्तोत्कर्षापकर्षे एव पर्यवसानाच्च प्रत्यक्षग्राह्यं घटादिसत्यत्वं यावद्ब्रह्मज्ञानमबाध्यत्वरूपमिति न मिथ्यात्वश्रुतिविरोध इत्याहुः ।**

જ્યારે **બીજા** કહે છે કે અબાધ્યત્વરૂપ સત્યત્વ પ્રત્યક્ષથી ગ્રાહ્ય હોય તો પણ 'પ્રાણો સત્ય છે, તેમનું આ (આત્મા, બ્રહ્મ) સત્ય છે' (બૃહદ્. ઉપ. ૨.૧.૨૦, ૨.૩.૬) એ શ્રુતિથી પ્રધાનભૂત પ્રાણના ગ્રહણથી ઉપલક્ષિત થયેલા સમગ્ર પ્રપંચના અને બ્રહ્મના સત્યત્વના અપકર્ષ અને ઉત્કર્ષની પ્રતીતિ થાય છે; અને અબાધ્યત્વરૂપ સત્યત્વમાં સર્વદા જ અબાધ્ય હોવું અને કેટલાક કાળ માટે અબાધ્ય હોવું એ પ્રકારના ઉત્કર્ષ અને અપકર્ષ સિવાય 'રાજાનો રાજા,' 'કામદેવનો કામદેવ' ઇત્યાદિ શબ્દના તાત્પર્યના વિષયભૂત નિયન્તૃત્વ, સૌંદર્ય વગેરેમાં અધિકવિષયતા અને અલ્પવિષયતા આદિ રૂપ ઉત્કર્ષ અને અપકર્ષ છે તેવા અહીં સંભવે નહિ; (અને) બીજી રીતે તે સંભવે તો પણ પ્રપંચમાં બ્રહ્મજ્ઞાનથી બાધ્યત્વનું પ્રતિપાદન કરનારી અન્ય શ્રુતિ સાથે ઐકાર્થ્ય (એકાર્થતા) હોવાથી ઉપર કહેલા ઉત્કર્ષ અને અપકર્ષમાં જ એ પર્યવસાન પામે છે. (આ બધાંને) કારણે પ્રત્યક્ષથી ગ્રાહ્ય ઘટાદિનું સત્યત્વ બ્રહ્મજ્ઞાન થાય ત્યાં સુધી અબાધ્યત્વરૂપ છે તેથી (તેના) મિથ્યાત્વ અંગેની શ્રુતિ સાથે કોઈ વિરોધ નથી.

**વિવરણ** : બીજા ચિંતકો અબાધ્યત્વરૂપ જ સત્ત્વ પ્રત્યક્ષનો વિષય છે એમ માનીને પણ (મિથ્યાત્વપ્રતિપાદક) શ્રુતિ અને પ્રત્યક્ષ પ્રમાણનો કોઈ વિરોધ નથી એમ કહે છે : ત્રણેય કાળમાં અબાધ્યત્વરૂપ સત્ત્વ મિથ્યાત્વવિરોધી છે અને એવું સત્ત્વ બ્રહ્મનું જ છે; જ્યારે પ્રપંચનું સત્ત્વ તો બ્રહ્મજ્ઞાન થાય ત્યાં સુધી અબાધ્યત્વરૂપ છે અને આ સત્ત્વ મિથ્યાત્વનું વિરોધી નથી તેથી શ્રુતિ અને પ્રત્યક્ષનો કોઈ વિરોધ નથી. પ્રપંચ અને બ્રહ્મના સત્ત્વમાં વિલક્ષણતા છે એ બતાવવા માટે પ્રમાણ રજૂ કર્યું છે. શ્રુતિમાં કહ્યું છે કે પ્રાણો સત્ય છે અને પરમાત્મા તેમનું સત્ય છે. અહીં પ્રાણથી સમગ્ર પ્રપંચ લક્ષણાથી સમજવાનો છે (જેમ 'કાગડાથી દહીં બચાવો'થી બધાં પક્ષીથી દહીં બચાવો એમ સમજવાનું છે, કાગડો એ તો માત્ર ઉપલક્ષણ છે). પરમાત્મા પ્રાણોનું પણ સત્ત્વ છે અર્થાત્ તેમની અપેક્ષાએ વધારે સત્ય છે ઉત્કૃષ્ટ પ્રકારનું સત્ય છે. આમ શ્રુતિમાં કહ્યું છે કે પ્રપંચનું સત્યત્વ નિકૃષ્ટ છે, બ્રહ્મનું સત્યત્વ ઉત્કૃષ્ટ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(સૂત્રાત્મારૂપ) પ્રાણ જગતને ટકાવી રાખે છે તેથી પ્રપંચમાં તેનું પ્રાધાન્ય છે અને 'પ્રાણ' શબ્દથી સકલ પ્રપંચનો અર્થ લક્ષણાથી પ્રાપ્ત થાય છે. આમ અર્થ ન સમજીએ તો બ્રહ્મના સ્વરૂપનું પ્રતિપાદન કરનાર વાક્યમાં પ્રપંચના એક ભાગરૂપ પ્રાણના ઉલ્લેખનું કોઈ પ્રયોજન દેખાશે નહિ. જ્યારે પ્રાણ સમગ્ર પ્રપંચનું ઉપલક્ષણ છે એમ લેતાં સત્ય તરીકે પ્રસિદ્ધ પ્રપંચના અધિષ્ઠાન તરકે બ્રહ્મ જ પરમાર્થસત્ય છે, પ્રપંચ નહિ કારણ કે શ્રુતિથી તેનો બાધ થતો હોઈને તેમાં પરમાર્થસત્યત્વ હોઈ શકે નહિ—આમ બ્રહ્મપ્રમિતિરૂપ પ્રયોજન દેખાય છે. આમ સત્યત્વમાં અપકર્ષ–ઉત્કર્ષ માનીને કહી શકાશે કે પ્રત્યક્ષ પણ અબાધ્યત્વ-ધ્યત્વ–રૂપ સત્ત્વને વિષય કરે છે (એવું સત્ત્વ જે બ્રહ્મજ્ઞાન સુધી અબાધ્ય રહે છે). આવો અર્થ ન લઈએ તો 'રાજાનો રાજા', 'કામદેવનો કામદેવ' જેવા શબ્દપ્રયોગોનો અર્થ ઉપપન્ન ન થાય. રાજા હોવું એટલે પાલક કે નિયન્તા હોવું અને એ પાલ્ય દેશની અપેક્ષા રાખે છે. નાના દેશનો કે મોટા દેશનો રાજા હોઈ શકે પણ બન્નેના રાજાપણામાં તારતમ્ય છે. 'વિષ્ણુશર્મા રાજાનો રાજા છે' પ્રયોગમાં વિષ્ણુશર્મા બીજા રાજાઓ કરતાં ચઢિયાતો છે એમ પ્રતીત થાય છે અને બીજાઓ ઊતરતા છે એમ સમજાય છે. આ તેમનો ઉત્કર્ષ અને અપકર્ષ વધારે મોટા કે નાના દેશપર તેમની સત્તા છે તે પ્રકારનો છે. એ જ રીતે કામદેવ સુંદર મનાય છે. પણ 'શ્રીરામ કામદેવના કામદેવ છે' એમ કહેતાં તે અતિસુંદર છે. સુંદર હોવું એટલે ઉત્કર્ષ-યુક્ત રૂપાદિવાળા હોવું અને અતિસુંદર હોવું એટલે તેનાથી પણ વધારે ઉત્કર્ષવાળા રૂપાદિવાળા હોવું. બાધાભાવરૂપ સત્ત્વમાં ઉત્કર્ષ–અપકર્ષ છે તે અધિકદેશવિષયક–અલ્પદેશ-વિષયક નિયન્તૃત્વ કે રૂપ દિમત્–અધિકરૂપાદિમત્ સૌંદર્ય પ્રકારનું ન હોઈ શકે. પણ સર્વદા જ અબાધ્ય હોવું એ બ્રહ્મ સત્ત્વનો ઉત્કર્ષ છે અને કેટલાક કાલ માટે (બ્રહ્મજ્ઞાન ન થાય ત્યાં સુધી) અબાધ્યત્વ એ પ્રપંચસત્ત્વનો અપકર્ષ છે એમ માનવું જોઈએ. બીજી કોઈ રીતે આ ઉત્કર્ષ–અપકર્ષ સમજાવવાનો પ્રયત્ન કરશો તો પણ પ્રપંચનું સત્ત્વ બ્રહ્મજ્ઞાનથી બાધિત થાય છે એ જે અન્ય શ્રુતિ છે તેની સાથે આ શ્રુતિની એકાર્થતા હોવાથી અંત તો અહીં જ આવીને અટકશો કે બ્રહ્મનું સત્ત્વ ત્રિકાલ–અબાધિત છે જ્યારે પ્રપંચનું સત્ત્વ બ્રહ્મજ્ઞાન ન થાય ત્યાં સુધી જ અબાધિત છે. આમ પ્રત્યક્ષ પ્રમાણ અને શ્રુતિને કોઈ વિરોધ નથી.

अपरे तु—प्रपञ्चस्य मिथ्यात्वसत्यत्वग्राहिणोः श्रुतिप्रत्यक्षयोर्विरोधेऽपि दोषशङ्काकलङ्कितात् प्रथमप्रवृत्तात् प्रत्यक्षाद् निर्दोषत्वाद् अपच्छेदन्यायेन परत्वाच्च श्रुतिरेव बलीयसी ।

"प्राबल्यमागमस्यैव जात्या तेषु त्रिषु स्मृतम् ।" इति स्मरणाच्च ।

न च वेदैकगम्यार्थविषयकमिदं स्मरणम् । तत्र प्रत्यक्षविरोधशङ्काऽभावेन शङ्कितप्रत्यक्षादिरोधे एव वेदार्थे वेदस्य प्राबल्योक्त्यौचित्यात् ।

तलवद् दृश्यते व्योम खद्योतो हव्यवाडिव ।<br>
न तलं विद्यते व्योम न खद्योतो हुताशनः ॥१॥

तस्मात् प्रत्यक्षदृष्टेऽपि युक्तमर्थे परीक्षितुम् ।
परीक्ष्य ज्ञापयन्नर्थान्न धर्मात् परिहीयते ॥२॥

इति नारदस्मृतौ साक्षिप्रकरणे प्रत्यक्षदृष्टस्यापि प्रत्यक्षमविश्वस्य प्रमाणोपदेशादिभिः परीक्षणीयत्वप्रतिपादनाच्च । न हि नभोनैल्यप्रत्यक्षं नभसः शब्दादिषु पञ्चसु शब्दैकगुणत्वप्रतिपादकागमोपदेशमन्तरेण प्रत्यक्षादिना शक्यमपवदितुम् । न च 'नभसि समीपे नैल्यानुपलम्भाद् दूरे तद्धीर्दूरत्वदोषजन्या' इति निश्चयेन तद्बाधः । दूरे नैल्यदर्शनात् समीपे तदनुपलम्भस्तुहिनावगुण्ठनानुपलम्भवत् सामीप्यदोषजन्य इत्यपि सम्भवात् । अनुभवबलाद् नभोनैल्यमव्याप्यवृत्तीत्युपपत्तेश्च ।

જ્યારે **બીજા** કહે છે કે પ્રપંચના મિથ્યાત્વનું અને સત્યત્વનું ગ્રહણ કરનાર (અનુક્રમે) શ્રુતિ અને પ્રત્યક્ષ (પ્રમાણો)નો વિરોધ હોય તો પણ દોષની શંકાથી કલંકિત અને પ્રથમ પ્રવૃત્ત પ્રત્યક્ષ કરતાં દોષ રહિત હોવાને કારણે અને અપચ્છેદન્યાયથી પર હોવાને કારણે શ્રુતિ જ વધારે બળવાન છે. (તેથી શ્રુતિ પ્રત્યક્ષનો બાધ કરશે). અને " તે ત્રણ (પ્રમાણો)માં આગમનું જાતિથી (અર્થાત્ એ આગમ હોવાથી) પ્રામાણ્ય પ્રસિદ્ધ છે (स्मृतम् = વૈદિકોમાં પ્રસિદ્ધ છે)" એવું **સ્મૃતિવચન** છે તેથી.

અને એવી દલીલ કરવી નહિ કે આ **સ્મૃતિવચન** એકલા વેદથી (જ) જાણી શકાય તેવા અર્થ (સ્વર્ગનું સાધન વગેરે) વિષે છે. (આ દલીલ બરાબર નથી) કારણ કે ત્યાં પ્રત્યક્ષના વિરોધની શંકાનો અભાવ હોવાથી જે વેદાર્થમાં પ્રત્યક્ષના વિરોધની શંકા ઊઠે છે ત્યાં જ વેદના પ્રાબલ્યની ઉક્તિનું ઔચિત્ય છે.

"આકાશ (ઇન્દ્રનીલમણિની બનેલી) કઢાઈ જેવું દેખાય છે, આગિયો અગ્નિ જેવો દેખાય છે, (પણ) આકાશ કઢાઈ નથી, આગિયો અગ્નિ નથી. તેથી પ્રત્યક્ષથી દૃષ્ટ પદાર્થની બાબતમાં પણ પરીક્ષા કરવી યોગ્ય છે. પરીક્ષા કરીને (શિષ્યોને) પદાર્થોનો બોધ આપતો (આચાર્ય) ધર્મથી ચલિત થતો નથી." એમ **નારદસ્મૃતિમાં** સાક્ષિપ્રકરણમાં પ્રત્યક્ષથી જોયેલા પદાર્થની પણ, પ્રત્યક્ષમાં વિશ્વાસ ન રાખીને, પ્રમાણ (આગમ), ઉપદેશ, આદિ (અનુમાન, અર્થાપત્તિ વગેરે) થી પરીક્ષા કરવી જોઈએ એવું પ્રતિપાદન છે તેથી (શ્રુતિ પ્રત્યક્ષ કરતાં વધારે બળવાન છે). એ જાણીતું છે કે આકાશની નીલતાના પ્રત્યક્ષનો નિષેધ, આકાશ શબ્દાદિ પાંચ (ગુણો) માં એક શબ્દ ગુણવાળું છે એવું પ્રતિપાદન કરનાર આગમના ઉપદેશ વિના, પ્રત્યક્ષાદિથી શક્ય નથી. એવી દલીલ ન કરી શકાય કે 'આકાશમાં નજીક નીલતાની ઉપલબ્ધિ થતી નથી. તેથી દૂર પ્રદેશમાં તેનું (નીલતાનું) જ્ઞાન થાય છે તે દૂરત્વ દોષથી ઉત્પન્ન થયેલું છે' એવા નિશ્ચયથી તેનો (આકાશના નીલરૂપના પ્રત્યક્ષનો) બાધ થશે. (આ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દલીલ બરાબર નથી) કારણ કે દૂર પ્રદેશમાં નીલ રૂપ દેખાય છે તેથી નજીકમાં તેની અનુપલબ્ધિ છે તે હિમ(ઝાકળ)ના આવરણની અનુપલબ્ધિની જેમ સમીપતા રૂપી દોષથી ઉત્પન્ન થઈ છે(-અર્થાત્ તેના જ્ઞાનનો અભાવ ટકી રહ્યો છે-) એવો પણ સંભવ છે. આને અનુભવના બળે આકાશનું નીલરૂપ અવ્યાપ્યવૃત્તિ છે એમ (માનવું) ઉપપન્ન છે.

**વિવરણ** : અત્યાર સુધી જે મતોની રજૂઆત કરી તેમનો એવો અભિપ્રાય હતો કે પ્રપંચના મિથ્યાત્વને સિદ્ધ કરનારી શ્રુતિ-યુક્તિઓનો વિરોધ પ્રત્યક્ષ નથી કરતું. અર્થાત્ પ્રત્યક્ષ અને શ્રુતિ-યુક્તિ વચ્ચે કોઈ વિરોધ નથી. હવે એવા મતની રજૂઆત છે જે અનુસાર પ્રત્યક્ષ ત્રિકાલાબાધિત સત્ત્વનું ગ્રહણ નથી કરતું અને તેથી તેનો શ્રુતિ સાથે વિરોધ હોય તો પણ પ્રપંચના મિથ્યાત્વની સિદ્ધિ અનુપપન્ન નથી, અર્થાત્ શક્ય છે કારણ કે શ્રુતિથી પ્રત્યક્ષનો બાધ થઈ શકે છે. બે પ્રમાણો વચ્ચે વિરોધ હોય ત્યારે જેમાં દોષની શંકા કરી શકાય અને જે પૂર્વમાં પ્રવૃત્ત થયેલું હોય તે બાધ્ય બને છે, અને જેને વિષે કોઈ દોષની શંકા હોય જ નહિ અને જે પર હોય તે બાધક બને છે. પ્રત્યક્ષ દોષની શંકાથી કલુષિત છે અને પૂર્વપ્રવૃત્ત છે જ્યારે આગમ કે શ્રુતિ દોષરહિત છે અને પર છે તેથી શ્રુતિથી પ્રત્યક્ષનો બાધ થઈ શકે. આ ચર્ચા આગળ આવશે. અપચ્છેદ ન્યાય પ્રમાણે પર, પાછળથી આવતું વધારે બળવાન હોય છે. મનુએ પણ કહ્યું છે કે પ્રત્યક્ષ, અનુમાન અને આગમ એ ત્રણ પ્રમાણોમાં આગમ પ્રબળ છે.

(શંકા) વેદથી જ જાણી શકાય તેવી સ્વર્ગનું સાધન, સ્વર્ગ, મોક્ષ વગેરે બાબતોને વિષે વેદપ્રાબલ્યનું આ વચન છે—જ્યારે મિથ્યાત્વ કંઈ વેદથી જ જાણી શકાય તેવું નથી કારણ કે અનુમાન વગેરેથી પણ તેની સિદ્ધિ માનવામાં આવે છે. તેથી ત્યાં જે શ્રુતિના પ્રાબલ્યવિષયક વચન છે તે પ્રમાણ નથી.

(ઉત્તર) પ્રમાણના પ્રાબલ્યનો પ્રશ્ન ત્યારે ઉપસ્થિત થાય કે જ્યારે બે પ્રમાણો વચ્ચે વિરોધ હોય, અને બન્ને પ્રમાણ ન હોઈ શકે તેથી એકનો બાધ થવો ઘટે. વેદથી જ જાણી શકાય તેવી બાબતોમાં પ્રત્યક્ષાદિના વિરોધનો પ્રશ્ન જ નથી તેથી એવી બાબતોમાં વેદના પ્રાબલ્યની ઉક્તિ નિરર્થક અને અનુચિત બને. તેથી આ કથન એવી બાબતો વિષે છે જ્યાં વેદના મિથ્યાત્વાદિ વિષયક અર્થમાં પ્રત્યક્ષના વિરોધનો પ્રસંગ ઊભો થતો હોય.

(શંકા) પ્રત્યક્ષનું અપ્રામાણ્ય ક્યાંક જોયું હોય તો પ્રપંચના સત્યત્વનું ગ્રહણ કરનાર પ્રત્યક્ષને વિષે પણ મિથ્યાત્વરૂપ વિરોધી કોટિના અનુસંધાનવાળાઓને કદાચ એ પ્રત્યક્ષમાં અપ્રામાણ્યરૂપ દોષની શંકા જાય. અને તો પછી કહી શકાય કે જેમાં દોષની શંકા છે તેવું પ્રત્યક્ષ, નિર્દોષ હોવાને કારણે પ્રબળ એવી મિથ્યાત્વવિષયક શ્રુતિથી બાધિત થાય છે. પણ પ્રત્યક્ષનું અપ્રામાણ્ય તો ક્યાંય જોયું નથી તેથી શ્રુતિથી તેનો બાધ શક્ય નથી.

(ઉત્તર) (બધું પ્રત્યક્ષ સાચું છે એમ માનનાર સત્ખ્યાતિવાદીને નારદનું વચન ટાંકીને ઉત્તર આપ્યો છે). આકાશ કઢાઈ જેવું દેખાય છે, આગિયો આગ જેવો દેખાય છે પણ આ પ્રત્યક્ષ અપ્રમાણ છે એમ આપણે જોઈએ છીએ. માટે પ્રત્યક્ષથી દેખાતી વસ્તુઓ બાબતમાં પણ પ્રત્યક્ષમાં પૂરેપૂરો વિશ્વાસ ન રાખતાં આગમ, ઉપદેશ, અનુમાન, અર્થાપત્તિ વગેરેથી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બરાબર તપાસ કરીને પછી જ એને વિષે પ્રતિપાદન કરવું જોઈએ. સાક્ષિપ્રકરણનો ઉલ્લેખ કરીને નારદે આત્માના સાક્ષિત્વ વિષે પ્રતિપાદન કર્યું છે તેનું પણ ઉદાહરણ સૂચવ્યું છે. પૂર્વપક્ષી કહે કે શ્રુતિ કહે છે કે આત્મા સાક્ષી છે પણ એ અનુપપન્ન છે કારણ કે 'હું કરું છું' એમ આપણો પ્રત્યક્ષ અનુભવ છે અને કર્તામ ઉદાસીનતાનો અભાવ હોય છે—તો આની સામે સિદ્ધાન્તીનો ઉત્તર છે કે કર્તૃત્વનો પ્રત્યક્ષ અનુભવ થાય છે તેથી આત્મામાં કર્તૃત્વ વાસ્તવમાં છે એમ જલદી વિશ્વાસ ન કરી લેવો જોઈએ. લોકમાં પ્રત્યક્ષથી જોયેલી વસ્તુનો પણ બાધ થતો જોઈએ છીએ. માટે પ્રત્યક્ષથી દૃષ્ટ હોવા છતાં આત્મામાં કર્તૃત્વ ચૈતન્યની જેમ વાસ્તવ છે કે કલ્પિત છે એમ બરાબર વિચાર કરવાથી સમજાશે કે શ્રુતિ અને ન્યાયથી તપાસતાં તે કલ્પિત જ છે તેથી સાક્ષિત્વની અનુપપત્તિ નથી. આમ શિષ્યોને બોધ આપતો આચાર્ય શ્રેયઃ—સાધક ધર્મથી ચ્યુત થતો નથી. પ્રત્યક્ષથી દેખાતું પ્રપંચનું સત્ત્વ શું વાસ્તવ છે કે કાલ્પનિક એમ આગમાદિથી તપાસવું જોઈએ. આમ પ્રત્યક્ષ કરતાં શ્રુતિ જ વધારે બળવાન છે એમ આ પ્રતિપાદનથી સિદ્ધ થાય છે.

પ્રત્યક્ષનો બાધ આગમ વિના (ઘણી વાર) શક્ય નથી. આકાશ નીલ દેખાય છે. હવે જો આગમ (શાસ્ત્ર)નો ઉપદેશ ન હોત કે આકાશમાં માત્ર એક શબ્દ ગુણ જ છે તો આકાશમાં નીલરૂપનો નિષેધ કરી શકાત નહિ.

**(શંકા)** આગમ વિના પણ બાધ થઈ શકે. નજીકમાં આકાશમાં નીલરૂપની ઉપલબ્ધિ થતી નથી તેથી નજીકમાંના આકાશમાં રૂપના અભાવનો નિશ્ચય થતાં દૂર પ્રદેશમાં પણ ત્યાં રૂપ નથી એવો નિશ્ચય થાય છે. રૂપ સમગ્ર દ્રવ્યને વ્યાપીને રહે છે તેથી તે એક ભાગમાં હોય અને અન્યત્ર ન હોય તેવું બને નહિ. માટે આકાશમાં રૂપ છે જ નહિ. દૂરત્વરૂપી દોષને કારણે 'નીલ આકાશ' એવું જ્ઞાન ઉત્પન્ન થાય છે.

**(ઉત્તર)** આનાથી વિપરીત દલીલ પણ થઈ શકે ને? હિમરૂપ આવરણ નજીકમાં હોઈને પણ દેખાતું નથી જ્યારે દૂર પ્રદેશમાં વૃક્ષાદિના આવરણરૂપે તે દેખાય છે. તેની જેમ આકાશમાં રૂપ છે જ પણ નજીકમાં તે દેખાતું નથી, તેનું જ્ઞાન ઉત્પન્ન થતું નથી તે સમીપતારૂપી દોષને લીધે છે. મૂળમાં નીલની અનુપલબ્ધિ સામીપ્ય દોષથી ઉત્પન્ન થાય છે એમ કહ્યું છે. એનો અર્થ એમ સમજવાનો છે કે દોષને આધારે અનુપલબ્ધિ કે જ્ઞાનાભાવ—ની સ્થિતિ ચાલુ રહે છે. અનુપલબ્ધિ ઉત્પન્ન થાય છે એમ સમજીએ તો અસંગતિ થાય કારણ કે અનુપલંભ ઉપલંભના પ્રાગભાવરૂપ છે અને પ્રાગભાવ જન્ય નથી, તે અનાદિ છે. તેથી એમ સમજવું કે સામીપ્ય દોષથી નીલનો ઉપલંભ નિરુદ્ધ થાય છે અને આમ ઉપલંભના પ્રાગભાવનો નાશ થતો નથી તેથી દોષને લીધે અનુપલબ્ધિ ચાલુ રહે છે અને આમ કોઈ અસંગતિ નથી રૂપને વ્યાપ્યવૃત્તિ માનીએ તો સામીપ્યદોષથી નજીકમાં તેની અનુપલબ્ધિ સમજાવી શકાય અને દૂર પ્રદેશમાં 'નીલ આકાશ'નું જ્ઞાન થાય છે તે સાચુ છે એમ કહી શકાય. પણ રૂપ વ્યાપ્યવૃત્તિ જ છે એ નિયમ પણ શી રીતે સિદ્ધ થાય? આપણા અનુભવના બળે તો આકાશના નજીકના પ્રદેશમાં રૂપ નથી અને દૂરના પ્રદેશમાં રૂપ છે એમ સિદ્ધ થાય છે તેથી રૂપની અવ્યાપ્યવૃત્તિતાની (—કેટલાક પ્રદેશમાં હોય અને બીજામાં ન હોય તેની) ઉપપત્તિ છે. તેથી યુક્તિથી કરેલા નિશ્ચયથી 'નીલ આકાશ' એ પ્રત્યક્ષ જ્ઞાનનો બાધ થઈ શકે નહિ. આગમોપદેશથી જ એ શક્ય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

नापि दूरस्थस्य पुंसो यत्र भूसन्निहिते नभःप्रदेशे नैल्यधीः, तत्रैव समीपं गतस्य तस्या नैल्यबुद्धेरभावप्रत्यक्षेण बाधः । उपरिस्थितस्यैव नैल्यस्याभ्रनक्षत्रादेरिव दूरत्वदोषाद् भूसन्निधानावभास इत्युपपत्तेः । पृथिव्यादीनां सङ्कीर्णतया प्रतीयमानानां गन्धादीनाम्—

उपलभ्याप्सु चेद् गन्धं केचिद् ब्रूयुरनैपुणाः ।
पृथिव्यामेव तं विद्यादपो वायु च संश्रितम् ॥१॥

इत्यादिभिरागमैरेव व्यवस्थाया वक्तव्यत्वेन प्रत्यक्षादागमप्राबल्यस्य निर्विशङ्कत्वाच्च । न ह्यानानसिद्धजलोपष्टम्भादिगतं गन्धादि 'पृथिवीगुण एव गन्धः, न जलादिगुणः' इत्यादि रूपेणास्मदादिभिः प्रत्यक्षेण शक्यं विवेचयितुम् । पृथिव्यादीनां प्रायः परस्परसंसृष्टतयाऽन्यधर्मस्यान्यत्रावभासः संभवति इति शङ्कितदोषं प्रत्यक्षम् । अतस्तत्रागमेन शिक्ष्यत इति चेत्, तर्हि इहापि ब्रह्मप्रपञ्चयोरुपादानोपादेयभावेन परस्परसंसृष्टतयाऽन्यधर्मस्यान्यत्रावभासः संभाव्यते इति शङ्कितदोषं प्रत्यक्षम्—

अस्ति भाति प्रियं रूपं नाम चेत्यंशपञ्चकम् ।
आद्यं त्रयं ब्रह्मरूपं जगद्रूपं ततो द्वयम् ॥१॥

इति वृद्धोक्तप्रकारेणागमेन व्यवस्थाप्यतामिति तुल्यम् । न चैवमुपजीव्यविरोधः । आगमप्रमाणेन वर्णपदवाक्यादिस्वरूपांशप्रत्यक्षमुपजीव्यानुपजीव्यतत्सत्यत्वांशोपमर्दनादित्याहुः ॥१॥

અને એવી પણ દલીલ કરવી નહિ કે દૂર રહેલા માણસને જ્યાં ભૂમિની નજીકના આકાશપ્રદેશમાં નીલરૂપનું જ્ઞાન થાય છે, ત્યાં જ તે નજીક જાય ત્યારે તે નીલજ્ઞાનનો અભાવ-પ્રત્યક્ષથી બાધ થાય છે. (આ દલીલ બરાબર નથી) કારણ કે ઉપર રહેલા નીલરૂપનો જ વાદળ, નક્ષત્ર વગેરેની જેમ દૂરત્વદોષને કારણે તે ભૂમિની નજીક છે એવો અવભાસ થાય છે એમ ઉપપત્તિ થઈ શકે છે. અને "ગન્ધનું ગ્રહણ કરીને કેટલાક અપરિપક્વ બુદ્ધિવાળા (કે અનભિજ્ઞ) લોકો એમ કહે કે પાણીમાં ગન્ધ છે તો પાણી અને વાયુ સાથે સંકળાયેલી તે ગન્ધને પૃથ્વીમાં જ તેણે (શિષ્યે) જાણવી."—

ઇત્યાદિ આગમ (પ્રમાણો) થી પૃથ્વી વગેરેમાં સંકીર્ણ તરીકે જ્ઞાત થતાં ગન્ધ વગેરેની વ્યવસ્થા કહેવાની છે તેથી પ્રત્યક્ષ કરતાં આગમ વધારે પ્રબળ છે એમાં કોઈ શંકા નથી (માટે આગમથી જ પ્રત્યક્ષનો બાધ થાય છે, અને એ દેખીતું છે (હિ) કે સ્વભાવતઃ સિદ્ધ એવા જળના ઉપષ્ટંભવાળા (પાર્થિવ દ્રવ્ય)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વગેરેમાં રહેલાં ગંધ આદિ વિષે 'ગન્ધ પૃથ્વીનો જ ગુણ છે, જળ આદિનો ગુણ નથી' ઇત્યાદિ રૂપે આપણા જેવાથી પ્રત્યક્ષથી વિવેક કરવો શક્ય નથી.

કોઈ શંકા કરે કે પૃથ્વી વગેરે પ્રાયઃ એકબીજાની સાથે સંસૃષ્ટ (તાદાત્મ્યાપન્ન) હોવાથી એકના ધર્મનો અન્યત્ર અવભાસ સંભવે છે માટે પ્રત્યક્ષ એવું છે જેમાં દોષની શંકા થાય છે તેથી ત્યાં (એ બાબતમાં) આગમથી બોધ આપવામાં આવે છે, (તો ઉત્તર છે કે) એવું હોય તો અહીં પણ બ્રહ્મ અને પ્રપંચનો ઉપાદાન-ઉપાદેયભાવ હોવાને કારણ તેઓ પરસ્પર સંસૃષ્ટ હોવાથી એકના ધર્મના અન્યત્ર અવભાસની સંભાવના છે તેથી પ્રત્યક્ષ દોષની શંકાવાળું છે. (અને) તેની 'છે, ભાસે છે, પ્રિય છે, રૂપ અને નામ એ પંચ અંશનો સમૂહ છે. પહેલાં ત્રણ બ્રહ્મરૂપ છે, તે પછીનાં બે જગદ્રૂપ છે' એમ વૃદ્ધોક્ત આગમથી વ્યવસ્થા કરવામાં આવી—આમ બન્ને (પરિસ્થિતિઓ)માં સમાનતા છે.

આમ ઉપજીવ્યનો વિરોધ થશે એ (દલીલ) પણ (બરાબર) નથી, કારણ કે વર્ણ, પદ, વાક્ય આદિના સ્વરૂપાંશના પ્રત્યક્ષને ઉપજીવ્ય બનાવીને (તેનો આધાર લઈને) આગમ પ્રમાણ અનુપજીવ્ય એવા તેના સત્યત્વ અંશનું ઉપમર્દન કરે છે (એમ આ ચિંતકો કહે છે). (૧)

વિવરણ : આકાશમાં નીલરૂપનું પ્રત્યક્ષ જ્ઞાન થાય તેનો બાધ યૌક્તિક નિશ્ચયથી શક્ય નથી એમ બતાવીને હવે પ્રત્યક્ષથી તેનો બાધ શક્ય નથી એમ બતાવવા પૂર્વપક્ષી પાસે શંકા રજૂ કરાવી તેનું ખંડન અહીં કર્યું છે. વાસ્તવમાં ભૂમિની નજીકના આકાશ પ્રદેશમાં ક્યાંય નીલરૂપ છે જ નહિ. ત્યાં દેખાતું હોય તો ઉપર રહેલા આકાશપ્રદેશમાંના નીલરૂપનું જ દૂરત્વદોષને કારણે ભૂમિની નજીકમાં દર્શન થાય છે એવી સંભાવના બતાવી શકાય. તેથી પ્રત્યક્ષ પ્રમાણથી આકાશમાં પ્રત્યક્ષ જ્ઞાન થાય છે તેનો બાધ થઈ શકે નહિ; એ તો આગમથી જ શક્ય છે એમ કહ્યું. પ્રત્યક્ષનો બાધ આગમથી થાય છે તેનું બીજું ઉદાહરણ આપ્યું છે—પાણીમાં અને વાયુમાં પૃથ્વીની જેમ ગંધની ઉપલબ્ધિ થવાથી કોઈક અનભિજ્ઞ એમ કહે કે તેઓમાં પણ ગન્ધ સ્વાભાવિક છે તો તેમ માની ન લેવું; પણ એમ સમજવું જોઈએ કે પાણી અને વાયુને ચોંટેલી ગંધ તેઓમાં રહેલા પૃથ્વી દ્રવ્યની જ છે. પૃથ્વીમાં જ ગન્ધ છે; એવું જ બીજાં દ્રવ્યોનું છે. રસ એકલા જળનો ગુણ છે, રૂપ તેજનો ગુણ છે, સ્પર્શ વાયુનો, શબ્દ આકાશનો. પૃથ્વી વગેરેમાં રસાદિની ઉપલબ્ધિ પણ પૃથ્વી આદિમાં રહેલા જલાદિ દ્રવ્યને આશ્રિત રસાદિવિષયક જ છે એમ બતાવનાર પુરાણ-વચનો ધ્યાનમાં લેવાં.

(શંકા) જળમાં પુષ્પાદિ પાર્થિવ દ્રવ્યનો સંસર્ગ હોય ત્યારે ગંધની ઉપલબ્ધિ થાય છે, અન્યથા નહિ તેથી અન્વય વ્યતિરેકથી જ એવો નિર્ણય સંભવે છે કે ગન્ધ એ એકલી પૃથ્વીનો ગુણ છે તેને માટે આગમની શી જરૂર ?

(ઉત્તર) પાર્થિવ દ્રવ્ય સ્વભાવથી જ જલના ઉપષ્ટંભ(ટેકા)વાળું છે. હવે આ વસ્તુમાં ગંધ છે તે પૃથ્વીની જ છે, જળની નથી એવો વિવેક પ્રત્યક્ષથી આપણા જેવા કેવી રીતે કરી શકે ? જળમાં જ ગંધ ક્યાંક સ્વાભાવિક છે, ક્યાંક ઔપાધિક છે એવી કલ્પનાની પણ શક્યતા છે જ. તેથી અન્વય-વ્યતિરેકથી નિર્ણય નહીં થઈ શકે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(શંકા) જળમાં ગંધાદિનું પ્રત્યક્ષ થાય છે તે અપ્રામાણ્યરૂપ દોષની શંકાથી કલંકિત છે તેથી આગમથી સાચી હકીકત જાણવા મળે એ બરાબર છે. પણ પ્રપંચના સત્ત્વનું ગ્રહણ કરનાર પ્રત્યક્ષ તો એ શંકા વિનાનું છે તેથી તેનો બાધ આગમથી કઈ રીતે થાય? પૃથ્વી આદિ એકબીજા સાથે સેળભેળ હોય છે તેથી એકનો ગુણ અન્યમાં ભાસે એ સંભવે છે અને આવા પ્રત્યક્ષજ્ઞાન વિષે આપણને શંકા રહ્યા કરે છે પણ પ્રપંચના સત્ત્વના પ્રત્યક્ષજ્ઞાન વિષે તો આવી શંકા નથી થતી

(ઉત્તર) આ બાબતમાં પણ પરિસ્થિતિ સમાન જ છે. બ્રહ્મ ઉપાદાનકારણ છે અને પ્રપંચ ઉપાદેય છે; આમ બ્રહ્મ અને પ્રપંચ પરસ્પર સંસૃષ્ટ, તાદાત્મ્યાપન્ન છે. સત્તા એ શ્રુતિસિદ્ધ સદ્‌વસ્તુ બ્રહ્મનો ધર્મ છે, તેનો સંસૃષ્ટ પ્રપંચમાં અવભાસ થાય એ સંભવે છે. તેથી પ્રપંચના સત્ત્વનું ગ્રહણ કરનાર પ્રત્યક્ષ વાસ્તવમાં અન્યસત્તાવિષયક છે અને તેથી ભ્રાન્તિરૂપ છે; કે પ્રપંચની સ્વાભાવિક સત્તાને જ વિષય કરનારું છે અને તેથી પ્રમારૂપ છે— એવી શંકા પ્રપંચના સત્ત્વનું ગ્રહણ કરનાર પ્રત્યક્ષ વિષે થયા કરે છે તેથી તેનો બાધ આગમથી સંભવે છે. અને વૃદ્ધ—વચન છે કે ઘટાદિમાં સત્તા (अस्ति घटः), ચૈતન્ય (भाति घटः), અને આનંદ (प्रियः घटः)નો અનુભવ થાય છે; તે જ રીતે નામ (ઘટશબ્દાદિ) અને વસ્તુરૂપ (ઘટાદિનાં ગરદન, પેટ વગેરે)નો અનુભવ થાય છે. સમગ્ર જગત્‌માં આ પાંચ અંશનો અનુભવ થાય છે. તેમાં સત્તા, ચૈતન્ય, આનંદ બ્રહ્મરૂપ છે. (—આ શ્રુતિથી સિદ્ધ છે) અને નામ અને રૂપ જગદ્‌રૂપ છે ("सर्वाणि रूपाणि विचित्य धीरः— તૈત્તિરીય આરણ્યક ૩.૧૩.૭ વગેરે શ્રુતિથી આ સિદ્ધ છે); આમ જોઈ શકાશે કે પ્રપંચસત્ત્વનું ગ્રહણ કરનાર પ્રત્યક્ષ જગત્‌ની સ્વાભાવિક સત્તા વિષયક નથી પણ બ્રહ્મ જગત્‌નું અધિષ્ઠાન હોવાથી જગત્‌માં અનુગત બ્રહ્મની સત્તાને વિષય કરનારું છે એમ શ્રુતિથી વ્યવસ્થા કરવામાં આવે છે. (શંકા થાય કે પ્રિય—આનંદ—સિવાય દુઃખ પણ છે અને દુઃખ પ્રિય છે એવો અનુભવ જોવામાં નથી આવતો તો પછી પાંચ અંશ જ કેમ? તેનો ઉત્તર છે કે પારકાના—શત્રુના દુઃખને વિષે 'પ્રિય'નો અનુભવ થાય છે).

પ્રત્યક્ષ આગમથી સ્વતઃ પ્રબળ છે એ શંકાનું ખંડન કરીને હવે ઉપજીવ્યત્વના આધારે પ્રત્યક્ષના પ્રાબલ્યની શંકા રજૂ કરીને તેનું ખંડન કરે છે.

(શંકા) શ્રુતિથી મિથ્યાત્વનો બોધ ઉત્પન્ન થાય છે પણ તેને માટે શ્રુતિએ વર્ણ, પદ, વાક્યરૂપ શબ્દ—પ્રત્યક્ષને ઉપજીવ્ય બનાવવું પડે છે, તેનો આધાર લેવો પડે છે. કાનથી શબ્દજ્ઞાન રૂપી પ્રત્યક્ષ ન થાય તો તેના વિના શાબ્દબોધનો ઉદય ન થાય. હવે જો શ્રુતિથી પ્રત્યક્ષમાત્રનો બાધ થતો હોય તો આ શબ્દપ્રત્યક્ષનો બાધ પણ થવો જોઈએ. અર્થાત્ આ તો પોતાના ઉપજીવ્ય, જેના પર પોતે નભે છે એનો જ બાધ થાય!

(ઉત્તર) શ્રોત્રેન્દ્રિયથી જે પ્રત્યક્ષ ઉત્પન્ન થાય છે તે શબ્દસ્વરૂપને અને તેના સત્ત્વને વિષય કરે છે. અને શ્રુતિ સત્ત્વાંશના પ્રત્યક્ષનો જ બાધ કરે છે, જે શ્રુતિનું ઉપજીવ્ય નથી, કારણ કે કલ્પિત શબ્દ પણ બોધ કરાવી શકે છે; શાબ્દબોધને માટે શબ્દના સ્વાભાવિક સત્ત્વની અપેક્ષા નથી. શ્રુતિ જે શબ્દસ્વરૂપાંશના પ્રત્યક્ષને ઉપજીવ્ય બનાવે છે તેનો બાધ થતો નથી કારણ કે તેની સાથે કોઈ વિરોધ નથી. તેથી ઉપજીવ્યનો વિરોધ નથી. (૧)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(२) नन्वागमस्य प्रत्यक्षाद् बलीयस्त्वे 'यजमानः प्रस्तरः' इत्यत्र प्रत्यक्षाविरोधाय यजमानशब्दस्य प्रस्तरे गौणी वृत्तिर्न कल्पनीया । तथा 'सोमेन यजेत' इत्यत्र वैयधिकरण्येनान्वये यागे इष्टसाधनत्वं, सोमलतायां यागसाधनत्वं च बोधनीयमिति व्यापारभेदेन वाक्यभेदापत्तेः । सामानाधिकरण्येनान्वये तत्तद्ये प्रत्यक्षाविरोधाय 'सोमवता यागेन' इति मत्वर्थलक्षणा न कल्पनीया । उभयत्रापि सत्यपि प्रत्यक्षविरोधे तदनादृत्यागमेन बलीयसा प्रस्तरे यजमानाभेदस्य, यागे सोमाभेदस्य च सिद्धिसम्भवादिति चेत्— ।

શંકા થાય કે 'આગમ પ્રત્યક્ષથી વધારે બળવાન હોય તો यजमानः प्रस्तरः' (પ્રસ્તર કે યજ્ઞમાં તૃણ વગેરેનું પાથરણું કે આસન યજમાન છે) એમાં પ્રત્યક્ષ સાથે વિરોધ ન થાય એટલા માટે 'યજમાન' શબ્દની પ્રસ્તરને વિષે ગૌણી વૃત્તિ ન કલ્પવી (માનવી) જોઈએ. એજ રીતે सोमेन यजेत (સોમવાળા યાગથી ઇષ્ટ પ્રાપ્ત કરવું) એમાં વૈયધિકરણ્યથી અન્વય લેતાં, યાગમાં ઇષ્ટસાધનતા અને સોમલતામાં યાગસાધનતા માનવી પડશે માટે વ્યાપારભેદથી વાક્યભેદની આપત્તિ આવે છે; તેથી સામાનાધિકરણ્યથી અન્વય બતાવવાનો આવતાં પ્રત્યક્ષ સાથે વિરોધ ન આવે એટલા માટે 'સોમવાળા યાગથી' એમ મત્વર્થલક્ષણા ન કલ્પવી જોઈએ બન્નેય સ્થાનમાં પ્રત્યક્ષ સાથે વિરોધ હોય તો પણ તેની પરવા ન કરીને વધારે બળવાન આગમ (પ્રમાણ)થી પ્રસ્તરમાં યજમાનનો અભેદ અને યાગમાં સોમના અભેદની સિદ્ધિ સંભવે છે. આવી શંકા (પૂર્વપક્ષી) કરે તો—

વિવરણ : આગમમાત્ર પ્રત્યક્ષ કરતાં વધારે બળવાન છે એ મત સામે પૂર્વપક્ષીને વાંધો છે. 'यजमानः प्रस्तरः' 'પ્રસ્તર યજમાન છે' એવું શ્રુતિવચન છે. પણ પ્રત્યક્ષથી આપણે જાણીએ છીએ કે પ્રસ્તર તો યજ્ઞનું સાધન છે, એ યજમાન નથી. તેથી આ વિરોધથી બચવાને માટે આપણે 'યજમાન' શબ્દનો અર્થ લક્ષણાવૃત્તિથી કરીએ છીએ— પ્રસ્તર યજમાન છે અર્થાત્ યજ્ઞ પાર પાડનારો છે. એ જ રીતે सोमेन यजेत નો અર્થ જો વૈયધિકરણ્યથી અન્વય કરીને કરવામાં આવે તો यजेतનો અર્થ થાય यागेन इष्टं भावयेत् અને सोमेन નો सोमेन यागं भावयेत् । —યાગ ઇષ્ટ-સાધન છે, અને સોમ યાગરૂપ ઇષ્ટનું સાધન છે (—સિદ્ધાન્તમાં વિધિનો અર્થ છે ઇષ્ટસાધનત્વ—) તેથી એકવાર શ્રુત વિધિ–પ્રત્યય બે કામ કરે તેથી વ્યાપારભેદનો દોષ આવે અને તેનાથી બનતા વાક્યમાં પણ વ્યાપારભેદ કે વાક્યભેદનો દોષ આવે. આ આપત્તિ ટાળવા માટે સિદ્ધાન્તમાં સામાનાધિકરણ્યથી અન્વય બતાવવો એમ ઠર્યું—सोमेन यागेन इष्टं भावयेत्- અર્થાત્ સોમ અને યાગમાં અભેદ માનવો જોઈએ (સામાનાધિકરણ્યમાં પદો એક જ પદાર્થને વિષે પ્રયોજાય છે, સામાનાધિકરણ્ય અભેદાર્થ બતાવે છે). પણ આ પ્રત્યક્ષથી વિરુદ્ધ છે અને એ વિરોધથી બચવા માટે 'सोमवता यागेन इष्टं भावयेत्—સોમવાળા યાગથી ઇષ્ટ સિદ્ધ કરવું' એમ મીમાંસકની રીતથી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વાક્યનો અર્થ કરવામાં આવે છે. ( સિદ્ધાન્તની રીતથી सोमवदभिन्नो याग इष्टसाधनम् । એમ વાક્યાર્થ સમજવો). સોમનો યાગ સાથે મત્વર્થ સંબંધ ક્રિયાકારકભાવ પ્રકારનો છે એમ બતાવવા सोमेन એ તૃતીયા પ્રયોજી છે.

પૂર્વપક્ષીની શંકા છે કે આગમ પ્રત્યક્ષ કરતાં વધારે બળવાન હોય તો પ્રત્યક્ષ સાથેના વિરોધની ચિંતા કરવાની જરૂર શા માટે ઊભી થાય છે. શ્રુતિવચનનો અભિધાથી જ અર્થ માનવો ઘટે — પ્રસ્તરનો યજમાનથી અભેદ અને સોમનો યાગથી અભેદ આ રીતે સંભવે છે તો લક્ષણા લેવાની શી જરૂર ?

**अत्रोक्तं भामतीनिबन्धे—तात्पर्यवती श्रुतिः प्रत्यक्षात् बलवती, न श्रुतिमात्रम् । मन्त्रार्थवादानां तु स्तुतिद्वारभूतेऽर्थे वाक्यार्थद्वारभूते पदार्थे इव न तात्पर्यम् । तात्पर्याभावे मानान्तराविरुद्धदेवताविग्रहादिकं न तेभ्यः सिध्येत्, तात्पर्यवत्येव शब्दस्य प्रामाण्यनियमादिति चेत्, न । "एतस्यैव रेवतीषु वारवन्तीयमग्निष्टोमसाम कृत्वा पशुकामो ह्येतेन यजेत" इति विशिष्टविधेस्तात्पर्यागोचरेऽपि विशेषणस्वरूपे प्रामाण्य-दर्शनेन उक्तनियमासिद्धेः । अत्र हि रेवती-ऋगाधारं वारवन्तीयं साम विशेषणम् न चैतत् सोमादिविशेषणवल्लोकसिद्धम्, येन तद्विशिष्टयाग-विधिमात्रे प्रामाण्यं वाक्यस्य स्यात् । नापि विशिष्टविधिना विशेषणा-क्षेपः । आक्षेपाद्विशेषणप्रतिपत्तौ विशिष्टगोचरो विधिः, तस्मिंश्च सति तेन विशेषणाक्षेपः इति परस्पराश्रयापत्तेः । अतो विशिष्टविधिपरस्यैव वाक्यस्य विशेषणस्वरूपेऽपि प्रामाण्यं वक्तव्यम् । अथ च न तत्र तात्पर्यम्, उभयत्र तात्पर्ये वाक्यभेदापत्तेः । एवमर्थवादानामपि विधेयस्तुतिपराणां स्तुतिद्वारभूतेऽर्थे न तात्पर्यमिति तेभ्यः प्रत्यक्षस्यैव बलवत्त्वात् तदविरोधाय तेषु वृत्त्यन्तरकल्पनम् ।**

આ બાબતમાં **ભામતી** ગ્રંથમાં કહ્યું છે—તાત્પર્યવાળી શ્રુતિ પ્રત્યક્ષ કરતાં બળવાન છે, શ્રુતિમાત્ર (પ્રત્યક્ષ કરતાં બળવાન) નથી. વાક્યાર્થના દ્વારભૂત પદાર્થમાં જેમ (પદોનું) તાત્પર્ય નથી હોતું તેમ મંત્રો અને અર્થવાદોનું સ્તુતિના દ્વારભૂત અર્થમાં તાત્પર્ય નથી હોતું.

શંકા થાય કે તાત્પર્યનો અભાવ હોય તો અન્ય (પ્રત્યક્ષાદિ) પ્રમાણોથી અવિરુદ્ધ એવાં દેવતાઓનાં શરીરાદિ તેમનાથી સિદ્ધ નહીં થાય કારણ કે જેને વિષે તાત્પર્ય હોય તેને જ વિષે શબ્દનું પ્રામાણ્ય હોય છે એવો નિયમ છે, આ શંકાનો ઉત્તર છે કે ના, કારણ કે 'આની જ રેવતીઓમાં વારવન્તીય (નામનું)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અગ્નિષ્ટોમ સામ કરીને આ યાગથી પશુની ઇચ્છા રાખનારે ઇષ્ટ સંપાદન કરવું'' એ વિશિષ્ટવિધિનું પ્રામાણ્ય તાત્પર્યનો વિષય નહિ એવા વિશેષણ સ્વરૂપને વિષે જોવામાં આવે છે, તેથી ઉક્ત નિયમની સિદ્ધિ નથી. એ દેખીતું છે કે અહીં રેવતી ઋચા જેનો આધાર છે તેવું વારવન્તીય સામ વિશેષણ છે. અને એ સોમ આદિ વિશેષણની જેમ લોકસિદ્ધ નથી, જેથી તેનાથી વિશિષ્ટ યાગના વિધિમાત્રમાં વાક્યનું પ્રામાણ્ય હોય. તેમ વિશિષ્ટવિધિથી વિશેષણનો આક્ષેપ થઈ જાય એવું પણ નથી. કારણ કે આક્ષેપથી વિશેષણનું જ્ઞાન થતાં વિશિષ્ટવિષયક વિધિ થશે, અને એ થતાં તેનાથી વિશેષણનો આક્ષેપ થશે એમ અન્યોન્યાશ્રય (દોષ) પ્રસક્ત થશે. તેથી વિશિષ્ટવિધિનો બોધ કરાવનાર જ વાક્યનું વિશેષણના સ્વરૂપ વિષે પણ પ્રામાણ્ય છે એમ કહેવું પડશે. અને ત્યાં (તેને વિષે) તાત્પર્ય નથી, કારણ કે બન્ને સ્થાનમાં તાત્પર્ય હોય તો વાક્યભેદ (દોષ)ની પ્રસક્તિ થશે.

એ જ રીતે વિધેયસ્તુતિપરક અર્થવાદોનું પણ સ્તુતિના દ્વારભૂત અર્થમાં તાત્પર્ય નથી તેથી તેમના કરતાં પ્રત્યક્ષ જ બળવાન હોવાથી તેની (પ્રત્યક્ષની) સાથે વિરોધ ન થાય તેટલા માટે તેઓમાં બીજી વૃત્તિની કલ્પના કરવામાં આવે છે.

**વિવરણ** : પૂર્વપક્ષીની શંકાનું સમાધાન કરતાં **વાચસ્પતિમિશ્રે** પોતાની **ભામતી** નામની **બ્રહ્મસૂત્રશાંકરભાષ્યની** ટીકામાં કહ્યું છે કે જે શ્રુતિ તાત્પર્યવાળી હોય તે જ પ્રત્યક્ષ કરતાં બળવાન છે, બધી શ્રુતિ નહિ. सोमेन यजेत એ શ્રુતિનું સોમયાગના સંબંધમાં તાત્પર્ય નથી માટે એ શ્રુતિની અપેક્ષાએ પ્રત્યક્ષ જ બળવાન છે, તેથી પ્રત્યક્ષ સાથે વિરોધ ન થાય માટે લક્ષણા કલ્પવી એ ઉચિત છે. એ જ રીતે 'यजमानः प्रस्तरः' જેવાં અર્થવાદવાક્યોનું પણ પોતાના અર્થમાં તાત્પર્ય નથી (—આવાં વાક્યોનો કહેવાનો આશય એ નથી કે પ્રસ્તર ખરેખર યજમાન છે ઇત્યાદિ—) તેથી પ્રત્યક્ષ શ્રુતિ કરતાં પ્રબળ છે અને પ્રત્યક્ષ સાથે વિરોધ ન થાય માટે ગૌણી વૃત્તિ આદિની કલ્પના યોગ્ય છે. બીજી બાજુએ પ્રપંચના મિથ્યાત્વનો બોધ કરાવનારી શ્રુતિઓનું તો પોતાના અર્થમાં તાત્પર્ય છે તેથી આવી શ્રુતિઓ પ્રત્યક્ષની અપેક્ષાએ વધારે બળવાન છે અને તે પ્રત્યક્ષનો બાધ કરે એમાં કોઈ મુશ્કેલી નથી.

આ સમાધાનની સામે શંકા થાય કે મંત્રો અને અર્થવાદવાક્યોનું પણ પોતાના અર્થમાં તાત્પર્ય કેમ ન હોય. તેનો ઉત્તર એ છે કે મંત્ર અને અર્થવાદ વાક્યોના પોતાના અર્થમાં ફળ નથી અને ગૌરવદોષ થાય છે તેથી તેમનું સ્વાર્થમાં (પોતાના અર્થમાં) તાત્પર્ય માનવામાં નથી આવતું. 'देवस्य त्वा' જેવા મંત્રોથી અને 'यजमानः प्रस्तरः' જેવા અર્થવાદોથી વિધેયગત સ્તુતિ લક્ષણાથી માનવી જોઈએ, તેથી મંત્રાદિ વાક્યોના દ્રવ્યદેવતાદિરૂપ અર્થનો જેનો લક્ષણા કરવાની છે તે સ્તુતિની સાથે સંબંધ કહેવો જોઈએ. નહીં તો મન્ત્રાદિનો પોતાના લક્ષ્ય સાથે સંબંધ ન હોય તો એ સ્તુતિના લક્ષક બની શકે નહિ. તેથી સ્તુતિને વિષે લક્ષણા કરવાની હોય ત્યારે મંત્રાદિનો વાક્યાર્થ દ્વારભૂત (માધ્યમ) બને છે. જેમ 'गङ्गायां घोषः' માં 'ગંગા' પદથી તીરને વિષે લક્ષણા કરવાની હોય છે ત્યાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેનો અર્થ પ્રવાહ દ્વારભૂત છે. આવા દ્વારભૂત વાક્યાર્થમાં મંત્ર અને અર્થવાદનું તાત્પર્ય નથી. એને માટે દૃષ્ટાન્ત આપ્યું છે કે વાક્યાર્થના તાત્પર્યથી પ્રયુક્ત પદોનું વાક્યાર્થના જ્ઞાનમાં દ્વારભૂત એવા યાદ કરવામાં આવતા પદાર્થોમાં જેમ તાત્પર્ય નથી તેમ અહીં મંત્ર–અર્થવાદનું સ્વાર્થમાં તાત્પર્ય નથી. કારણ કે આ સ્વાર્થ તો લક્ષણીય સ્તુતિને વિષે દ્વારભૂત છે.

**શંકા** : મંત્ર–અર્થવાદોનું પોતાના અર્થમાં તાત્પર્ય ન હોય તો દેવતાનાં શરીરાદિનું પ્રતિપાદન કરનાર '**वज्रहस्तः** पुरन्दरः' જેવાં વાક્યોનું દેવતા–શરીરાદિરૂપ પોતાના અર્થમાં તાત્પર્ય નહીં માની શકાય અને તેમ હોય તો તેમને દેવતાનાં શરીરાદિ અંગે પ્રમિતિ (પ્રમાણભૂત જ્ઞાન) ઉત્પન્ન કરનાર તરીકે પણ નહીં માની શકાય. વેદતાત્પર્યવિષયત્વ વ્યાપક છે અને વેદજન્યપ્રમિતિવિષયત્વ વ્યાપ્ય છે--અર્થાત્ જે વેદજન્યપ્રમિતિનો વિષય હોય તે વેદતાત્પર્યનો વિષય હોય જ. હવે વ્યાપક એવું વેદતાત્પર્યવિષયત્વ જ દેવતાશરીરાદિમાં ન હોય તો વેદજન્યપ્રમિતિવિષયત્વ પણ ન જ હોય. કહ્યું છે यत्परः शब्दः स शब्दार्थः ।—શબ્દ જે પરક હોય તે તેનો શબ્દાર્થ. તેથી માનવું પડશે કે આવા વાક્યોથી ઇન્દ્રાદિ દેવોના શરીરનું પ્રમાણભૂત જ્ઞાન થતું નથી. અને આમ હોય તો બ્રહ્મસૂત્રના દેવતાધિકરણ (બ્ર સૂ. ૧.૩, અધિકરણ ૮) નો વિરોધ થાય છે કારણ કે ત્યાં અન્યપરક મંત્રાદિથી પણ દેવતાના શરીરાદિની સિદ્ધિનું પ્રતિપાદન કર્યું છે.

એ ધ્યાનમાં રાખવું કે આ શંકામાં 'માનાન્તરથી અવિરુદ્ધ', 'પ્રત્ક્ષાદિ પ્રમાણથી અવિરુદ્ધ' એવું વિશેષણ દેવતાશરીરાદિ માટે પ્રયોજ્યું છે. તે 'यजमानः प्रस्तरः' જેવાંને વારવાને માટે. એ જ રીતે 'માનાન્તરથી અપ્રાપ્ત' એવું વિશેષણ પણ સમજવું કારણ કે 'માનાન્તરાવિરુદ્ધ' એનું ઉપલક્ષણ છે, તે 'अग्निर्हिमस्य भेषजम्' (અગ્નિ હિમની દવા છે) વગેરેને વારવા માટે છે. અગ્નિ હિમનું ઔષધ છે એ હકીકત પ્રત્યક્ષથી સિદ્ધ છે તેથી તેની સિદ્ધિને માટે અર્થવાદની અપેક્ષા નથી. પ્રત્યક્ષાદિથી અવિરુદ્ધની જેમ પ્રત્યક્ષાદિથી પ્રાપ્ત હોય તેની સિદ્ધિને પણ મંત્ર કે અર્થવાદની અપેક્ષા નથી હોતી એમ સમજવું. પણ જ્યાં માનાન્તરથી અવિરોધ કે માનાન્તરથી પ્રાપ્તિનો અભાવ હોય ત્યાં અન્યપરક મંત્રાદિથી જ્ઞાત થતો અર્થ સિદ્ધ થાય જ છે. દેવતાશરીરાદિ તેવો જ અર્થ છે તેથી તેની સિદ્ધિ અન્યપરક મંત્રાદિથી થાય તેમાં કોઈ મુશ્કેલી નથી એમ દેવતાધિકરણમાં પ્રતિપાદિત કરવામાં આવ્યું છે.

**ઉત્તર** : આ બરાબર નથી. 'एतस्यैव...' શ્રુતિનો અર્થ છે કે રેવતી ઋચાઓ જેનો આધાર છે તેવું વારવન્તીય નામનું અગ્નિષ્ટોમ સામ કરીને પ્રસ્તુત આ અગ્નિષ્ટુત્ ધર્મવાળા યાગથી પશુઓને સંપન્ન કરવા. આ રેવત્યાધારક વારવન્તીયસામાદિથી વિશિષ્ટ ક્રતુભાવનાવિધિ જે વિશિષ્ટવિધિ છે તેનું પ્રામાણ્ય વિશેષણસ્વરૂપને વિષે છે તેથી શબ્દતાત્પર્યવિષયકત્વ શબ્દજન્યપ્રમિતિવિષયત્વનું વ્યાપક છે એ નિયમની સિદ્ધિ થતી નથી. અહીં રેવતી ઋચા જેનો આધાર છે એવું વારવન્તીય સામ વિશેષણ છે. જો વારવન્તીય સામ રેવતીઋચાઓમાં અધ્યયનથી સિદ્ધ હોત તો એ વિશેષણ દહીં વગેરેની જેમ લોકથી જ સિદ્ધ હોત અને તેથી તેનાથી વ્યતિરિક્ત અર્થમાં જ એ વિધિવાક્યનું પ્રમિતિજનકત્વરૂપ પ્રામાણ્ય હોત. પણ એવું નથી, કારણ કે વારવન્તીય સામ અન્ય ઋચાઓમાં જ અધ્યયનથી સિદ્ધ છે. તેથી વાક્યથી જ 'રેવત્યાધારક વારવન્તીય' વિશેષણની પ્રમિતિ થાય છે એમ કહેવું જોઈએ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**શંકા** : આ વિશિષ્ટવિધિ—વિશિષ્ટને વિષય કરનાર વિધિ અપ્રસિદ્ધ વિશેષણના સ્વરૂપની પ્રમિતિને ઉત્પન્ન કરનાર 'રેવતીઓમાં વારવન્તીય સામ કરવું' (रेवतीषु वारवन्तीयं साम कुर्यात्) એ વિશેષણવિધિનો આક્ષેપ કરે છે (—વિશિષ્ટવિધિમાં વિશેષણવિધિનો ખ્યાલ સમાયેલો જ છે, તેના વિના તેની ઉપપત્તિ નથી) તેથી તે વિશેષણ આ વાક્યથી પ્રમેય નથી.

**ઉત્તર** : આ બરાબર નથી. વિશેષણવિષયક વિધિની કલ્પનાની પહેલાં વિશિષ્ટવિધિથી વિશેષણનું સ્વરૂપ પ્રમિત (સમ્યગ્જ્ઞાત) છે કે નહીં ? જો જ્ઞાત હોય તો તેની કલ્પના વ્યર્થ છે. જો જ્ઞાત ન હોય તો વિશિષ્ટવિધિથી વિશેષણવિધિનો આક્ષેપ સિદ્ધ થતો નથી કારણ કે પ્રમિત એવો દ્રવ્ય–દેવતાસંબંધ યાગવિધિનો આક્ષેપ કરાવે છે એવું જોવામાં આવે છે. તેથી જો કોઈ કહે કે વિશિષ્ટવિધિથી વિશેષણવિધિનો આક્ષેપ કરવામાં આવે છે તો તેણે એ કબૂલવું જોઈએ કે એ આક્ષેપની પહેલા વિશેષણ પ્રમિત છે. અને તેનું જ્ઞાન કરાવનાર કલ્પિત વિધિ છે એમ કહેવું પડશે. તેથી આક્ષિપ્ત વિધિથી વિશેષણસ્વરૂપ પ્રમિત થતાં પ્રસ્તુત વિધિ વિશિષ્ટગોચર સિદ્ધ થાય છે અને તે પ્રસ્તુત વિધિ વિશિષ્ટગોચર હોતાં તે વિશિષ્ટ વિધિથી વિશેષણવિધિનો આક્ષેપ થાય છે એમ અન્યોન્યાશ્રયનો દોષ પ્રસક્ત થતાં વિશેષણ–વિધિનો આક્ષેપ સિદ્ધ થતો નથી. તેથી 'રેવત્યાધારક વારવન્તીય સામ' એ વિશેષણનું પ્રસ્તુત વાક્ય સિવાય અન્યથી જ્ઞાન સંભવતું ન હોવાથી આ પ્રસ્તુત વિશિષ્ટવિધિપરક વાક્યનું જ વિશેષણના સ્વરૂપને વિષે પણ પ્રામાણ્ય છે એમ માનવું પડશે.

**શંકા** : તો વિશેષણસ્વરૂપ અંગે પણ તેનું તાત્પર્ય છે એમ માની લો ને.

**ઉત્તર** : ના, એને વિષે તાત્પર્ય નથી કારણ કે વિશિષ્ટવિધિ અને વિશેષણસ્વરૂપ બન્ને વિષે તાત્પર્ય હોય તો વાક્યભેદનો દોષ પ્રસક્ત થાય. વળી ગૌરવ–દોષ છે.

**શંકા** : આમ હોય તો यत्परः शब्दः स शब्दार्थः (જે પરક શબ્દ હોય એ એનો અર્થ) એ ન્યાયનો વિરોધ થશે.

**ઉત્તર** : આ શંકા બરાબર નથી. આ ન્યાય ઔત્સર્ગિક છે અને અહીં ગૌરવદોષરૂપ બાધક હોવાથી આ ન્યાયની અહીં પ્રવૃત્તિ થતી નથી.

એ જ રીતે અર્થવાદ વાક્યો વિધેયની સ્તુતિપરક છે, અને તેમાં સ્વાર્થ દ્વારભૂત છે અને તેને વિષે તેનું તાત્પર્ય નથી. એ તાત્પર્યનો વિષય ન હોવા છતાં 'રેવતીવારવન્તીય' વિશેષણના સ્વરૂપની બાબતમાં શ્રુતિ જેમ પ્રમિતિજનક છે તેમ અન્યપરક મંત્રો પણ દેવતા શરીરાદિની પ્રમિતિનું જનક બની શકે છે તેથી દેવતાધિકરણનો વિરોધ થતો નથી.

અર્થવાદો સ્વાર્થમાં તાત્પર્યરહિત એવાં શ્રુતિ વાક્યો છે તેથી તેમના કરતાં અને મંત્રો કરતાં પ્રત્યક્ષ વધારે બળવાન છે તેથી તેની સાથે વિરોધ ન થાય તે માટે વૃત્તિની કલ્પના કરવામાં આવે છે.

(જુઓ **ભામતી** ૧.૩.૩૩ તેમ જ **કલ્પતરુ** અને **પરિમલ**).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'सोमेन यजेत' इत्यत्र विशिष्टविधिपरे वाक्ये सोमद्रव्याऽभिन्नयागरूपं विशिष्टं विधेयमित्युपगमे तस्य विधेयस्य 'दध्ना जुहोति' इत्यादौ विधेयस्य दध्यादेरिव लोकसिद्धत्वाभावेन विधिपराद् वाक्यादेव रेवत्याधारवारवन्तीयविशेषणस्येव विना तात्पर्यं सिद्धिरेष्टव्या । न हि तात्पर्यविरहितादागमाद् यागसोमलताभेदग्राहिप्रत्यक्षविरुद्धार्थः सिध्यतीति तत्रापि तदविरोधाय मत्वर्थलक्षणाश्रयणम् ।

अद्वैतश्रुतिस्तु उपक्रमोपसंहारैकरूप्यादिषड्विधलिङ्गावगमिताद्वैततात्पर्या प्रत्यक्षाद् बलवतीति ततः प्रत्यक्षस्यैव बाधः, न तदविरोधाय श्रुतेरन्यथानयनमिति ।

'सोमेन यजेत' એમાં વિશિષ્ટવિધિપરક વાક્યમાં સોમદ્રવ્યથી અભિન્ન યાગ રૂપ વિશિષ્ટ વિધેય છે એમ માનતાં, તે વિધેય 'दध्ना जुहोति' (દહીંથી હોમ કરીને ઇષ્ટ સંપન્ન કરે છે) વગેરેમાં વિધેય દહીં વગેરેની જેમ લોકસિદ્ધ ન હોવાથી વિધિપરક વાક્યથી જ, 'રેવત્યાધારવારવન્તીય' વિશેષણની જેમ, તાત્પર્ય વિના તેની સિદ્ધિ માનવી જોઈએ. એ દેખીતું છે કે તાત્પર્યરહિત આગમથી યાગ અને સોમલતાના ભેદનું ગ્રહણ કરનાર પ્રત્યક્ષથી વિરુદ્ધ અર્થ સિદ્ધ થતો નથી. તેથી ત્યાં પણ તેની (–પ્રત્યક્ષની) સાથે વિરોધ ન થાય તે માટે મત્વર્થમાં લક્ષણાનો આશ્રય લેવાનું થાય છે.

જ્યારે અદ્વૈતશ્રુતિ જેનું તાત્પર્ય ઉપક્રમ અને ઉપસંહારની એકરૂપતા આદિ છ લિંગથી જ્ઞાપિત અદ્વૈતને વિષે છે તે પ્રત્યક્ષથી બળવાન છે તેથી તેનાથી પ્રત્યક્ષનો જ બાધ થાય છે; તેની (પ્રત્યક્ષની) સાથે વિરોધ ન થાય તે માટે શ્રુતિને અન્યથા લઈ જવાની નથી હોતી (—તેનો ગૌણ અર્થ લેવાનો નથી હોતો).

**વિવરણ** : આકાંક્ષા થાય કે सोमेन यजेत નો સામાનાધિકરણ્યથી અન્વય છે (—સોમરૂપ યાગથી ઇષ્ટ સંપન્ન કરવું–) એ સિદ્ધાંતમાં પ્રત્યક્ષવિરોધ કેવી રીતે છે અને વિરોધ ન થાય તેને માટે લક્ષણા કેવી રીતે કલ્પવામાં આવે છે. તેનો ઉત્તર એ છે કે 'दध्ना जुहोति' આદિમાં વિધેય દહીં વગેરે લોકથી સિદ્ધ છે, જ્યારે ઉપર્યુક્ત અર્થ લેતાં સોમદ્રવ્યથી અભિન્ન યાગરૂપ વિશિષ્ટ વિધેય લોકસિદ્ધ નથી. તેથી વિધિપરક વાક્યથી જ તાત્પર્ય વિના તેની સિદ્ધિ માનવી પડશે, જેમ 'રેવત્યાધારવારવન્તીય' વિશેષણની બાબતમાં માનવી પડે છે. પણ તાત્પર્યરહિત વેદવાક્યથી પ્રત્યક્ષનો બાધ થઈ શકતો નથી પ્રત્યક્ષ પ્રમાણથી યાગ અને સોમલતાનો ભેદ સિદ્ધ છે તેથી 'સોમરૂપ યાગ' એમ સામાનાધિકરણ્ય માની શકાશે નહિ. જેમ यजमानः प्रस्तरः માં તેમ અહીં પ્રત્યક્ષ સાથે વિરોધ ન થાય તે માટે અન્ય વૃત્તિની કલ્પના કરવી પડે છે. સોમનો અર્થ सोमवता લેવામાં મત્વર્થમાં લક્ષણાનો આશ્રય છે.

**શંકા** : દ્વૈતના મિથ્યાત્વનો બોધ કરાવનાર શ્રુતિનું પણ મિથ્યાત્વરૂપ સ્વાર્થમાં તાત્પર્ય નથી, કારણ કે તેને માટે કોઈ પ્રમાણ નથી, તેથી દ્વૈતનું સત્યત્વ ગ્રહણ કરનાર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રત્યક્ષ સાથે તેનો વિરોધ ટાળવાને માટે અદ્વૈતશ્રુતિને માટે પણ અન્ય વૃત્તિનો આશ્રય લેવો જોઈએ.

**ઉત્તર** : ના. આ બરાબર નથી. ઉપક્રમ–ઉપસંહારની એકરૂપતા વગેરે ૭ લિંગો મીમાંસાશાસ્ત્રમાં તાત્પર્યનિર્ણય માટે પ્રતિપાદિત કર્યાં છે તેમને લાગુ પાડીએ તો સમજાય છે કે અદ્વૈતશ્રુતિનું તાત્પર્ય અદ્વૈતપરક છે; તેથી તે તાત્પર્યવાળી હોઈ ને પ્રત્યક્ષથી વધારે બળવાન છે અને પ્રત્યક્ષનો જ બાધ તેનાથી થાય છે, તેનો પ્રત્યક્ષથી બાધ ઉપપન્ન નથી માટે અદ્વૈતશ્રુતિની બાબતમાં લક્ષણાવૃત્તિનો આશ્રય લેવાની જરૂર પડતી નથી, અને એ ઉચિત પણ નથી.

[ રેવતી ઋચા—रेवतीर्नः सधमादः ઇત્યાદિ ઋચા. વારવન્તીય—अश्वं नत्वा वारवन्तम्— એ ઋચામાં ગેય સામ અગ્નિષ્ટોમ સામ—यज्ञा यज्ञा वो अग्नय...એમાં ગેય સામ.]

[ જુઓ **બ્ર.સૂ. શાંકરભાષ્ય** ૧.૧.૧. (અધ્યાસભાષ્ય) પર **ભામતી**, પૃ. ૯–૧૩, (પરિમલ પ્રકાશન, ૧૯૮૨)

**विवरणवार्त्तिके तु प्रतिपादितम्—न तात्पर्यवत्त्वेन श्रुतेः प्रत्यक्षात् प्राबल्यम् । 'कृष्णलं श्रपयेत्' इति विधेः श्रपणस्य कृष्णलार्थत्वप्रतिपादने तात्पर्येऽपि कृष्णले रूपरसपरावृत्तिप्रादुर्भावपर्यन्तमुख्यश्रपणसम्बन्धः प्रत्यक्षविरुद्धः इति तदविरोधाय श्रपणशब्दस्य उष्णीकरणमात्रे लक्षणाऽभ्युपगमात् ।**

જ્યારે **વિવરણવાર્ત્તિક**માં પ્રતિપાદન કર્યું છે કે તાત્પર્યવાળી છે માટે શ્રુતિનું પ્રત્યક્ષથી પ્રાબલ્ય નથી: કારણ કે 'કૃષ્ણલને (સોનાનો ટુકડો જેનું વજન કૃષ્ણલ કે ચણોઠી જેટલું છે તેને––) પકવવો' એ વિધિનું પાક કૃષ્ણલને માટે છે એવું પ્રતિપાદન કરવામાં તાત્પર્ય હોવા છતાં કૃષ્ણલમાં રૂપરસની પર વૃત્તિ ( ફેરફાર)ના પ્રાદુર્ભાવ સુધીના મુખ્ય પાકનો સંબંધ પ્રત્યક્ષથી વિરુદ્ધ છે તેથી તેની સાથે વિરોધ ન થાય એટલા માટે 'શ્રપણ' (પાક) શબ્દની ઉષ્ણીકરણ માત્રમાં લક્ષણા સ્વીકારવામાં આવે છે.

**વિવરણ : વાચસ્પતિ**એ કહ્યું છે કે તાત્પર્ય શ્રુતિને બીજાં પ્રમાણો કરતાં પ્રબળ બનાવે છે તેનું ખંડન **વિવરણવાર્ત્તિક**માં કર્યું છે. कृष्णलं श्रपयेत्—'કૃષ્ણલ ( ચણોઠીના વજન જેટલો સોનાનો ટુકડો) પકવવો' એ શ્રુતિનું કૃષ્ણલના અંગ તરીકે શ્રપણને વિષે તાત્પર્ય છે એ સિદ્ધ છે. રૂપ–રસની પરાવૃત્તિનો પ્રાદુર્ભાવ એટલે પૂર્વ રૂપ-રસાદિનો નાશ થાય અને બીજાં રૂપરસાદિની ઉત્પત્તિ થાય ત્યાં સુધીનો અધિશ્રયણ આદિ વ્યાપાર એ 'શ્રપણ' શબ્દનો મુખ્ય (અભિધાવૃત્તિથી) અર્થ છે. પણ કૃષ્ણલની બાબતમાં જ્વાલા અધિશ્રયણ (ચૂલા પર મૂકવું) આદિ સંપાદન કરવારૂપ પાક કરવામાં આવે તો પણ રૂપરસાદિપરાવૃત્તિનો પ્રાદુર્ભાવ થતો નથી એમ પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ થયેલું છે. તેથી પ્રત્યક્ષ સાથે વિરોધ ન થાય એટલા માટે 'શ્રપણ' શબ્દનો અર્થ 'ગરમ કરવું' એટલો જ લક્ષણાવૃત્તિથી સ્વીકારવામાં આવે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'तत्त्वमसि' इति वाक्यस्य जीवब्रह्माभेदप्रतिपादने तात्पर्येऽपि 'त्वम्' पदवाच्यस्य 'तत्' पदवाच्याभेदः प्रत्यक्षविरुद्ध इति तदविरोधाय निष्कृष्टचैतन्ये लक्षणाऽभ्युपगमाच्च ।

अर्थवादानामपि प्रयाजाद्यङ्गविधिवाक्यानामिव स्वार्थप्रमिताव-नन्यार्थतया प्रमितानामेवार्थानां प्रयोजनवशादन्यार्थतेति प्रयाजादि-वाक्यवत् तेषामप्यवान्तरसंसर्गे तात्पर्यमस्त्येव वाक्यैकवाक्यत्वात्, पदैकवाक्यतायामेव परमवान्तरतात्पर्यानभ्युपगमादिति विवरणाचार्यै-र्न्यायनिर्णये व्यवस्थापनेन 'यजमानः प्रस्तरः' इत्यादीनामपि मुख्यार्थतात्पर्यप्रसक्तौ प्रत्यक्षाविरोधायैव लक्षणाऽभ्युपगमाच्च ।

'તું તે છે' એ વાકયનું જીવ અને બ્રહ્મના અભેદના પ્રતિપાદનમાં તાત્પર્ય હોવા છતાં 'તું' પદથી વાચ્ય (જીવ) નો 'તે' પદથી વાચ્ય બ્રહ્મથી અભેદ પ્રત્યક્ષથી વિરુદ્ધ છે તેથી તેની સાથે વિરોધ ન થાય એટલા માટે (વિશિષ્ટરૂપ વાચ્યથી) પૃથક્ કરેલા ચૈતન્યમાત્રમાં લક્ષણા સ્વીકારવામાં આવે છે તેથી (તાત્પર્ય હોવાને કારણે શ્રુતિનું પ્રાબલ્ય માની શકાય નહિ.)

અર્થવાદોનો પણ પ્રયાજ આદિ અંગોનાં વિધિવાકયોની જેમ પોતાના અર્થનો બોધ થતાં, તેમનો અન્ય અર્થ નથી એ રીતે જ્ઞાત થયેલા અર્થોનો જ પ્રયોજનવશાત્ અન્ય અર્થ થાય છે, માટે પ્રયાજાદિ વિષયક વાકયોની જેમ તેમનો પણ અવાન્તર સંસર્ગમાં તાત્પર્ય છે જ કારણ કે વાકયોની એકવાકયતા છે. પણ પદોની એકવાકયતામાં અવાન્તર તાત્પર્યનો સ્વીકાર થતો નથી એમ વિવરણા-ચાર્યે ન્યાયનિર્ણયમાં વ્યવસ્થા કરી છે તેથી 'यजमानः प्रस्तरः' (પ્રસ્તર યજમાન છે) ઇત્યાદિમાં મુખ્યાર્થમાં તાત્પર્ય પ્રસક્ત થતાં પ્રત્યક્ષ સાથે વિરોધ ન થાય એટલા માટે જ લક્ષણાનો સ્વીકાર થાય છે (તેથી તાત્પર્ય હોવાને કારણે શ્રુતિ અન્ય પ્રમાણોથી પ્રબલ છે એમ માની શકાય નહિ).

વિવરણ : પૂર્વપક્ષી દલીલ કરી શકે કે 'कृष्णलं श्रपयेत्' માં શ્રપણ અંગે વિધાન છે અને એ પ્રત્યક્ષથી બાધિત નથી. જ્વાળા અધિશ્રયણ આદિ ક્રિયારૂપ પાક એ જ શ્રપણ શબ્દનો અર્થ છે અને એ તો કૃષ્ણલમાં પણ સંભવે છે. રૂપરસાદિની પરાવૃત્તિનો પ્રાદુર્ભાવ એ ધાતુનો અર્થ છે જ નહિ. તે તો પાકનું ફલ છે અને કર્મત્વરૂપ હોઈને દ્વિતીયા વિભક્તિનો અર્થ છે. જે ફળ હોય તે વિધિને યોગ્ય નથી તેથી વિધેય એવા શ્રપણરૂપ તે ન હોઈ શકે. આમ શ્રપણ વિધેય છે અને તેનું કોઈ દૃષ્ટ પ્રયોજન ન હોવાથી આ વિધિ અદૃષ્ટ અર્થ માટે છે એમ ઠરે છે. તેથી શ્રુતિના તાત્પર્યના વિષયભૂત શ્રપણનો પ્રત્યક્ષથી બાધ ન હોવાથી 'શ્રપણ' શબ્દની ઉષ્ણીકરણ (ગરમ કરવું) માત્રમાં લક્ષણા છે એ બાબતમાં સર્વસંમતિ ન હોઈ શકે. આમ માનીને બીજું ઉદાહરણ આપ્યું છે જેમાં પ્રત્યક્ષથી બાધ થતો હોવાને કારણે લક્ષણાનો આશ્રય લેવો પડે છે,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

तत्त्वमसि શ્રુતિનું જીવ અને બ્રહ્મનો અભેદ પ્રતિપાદિત કરવામાં તાત્પર્ય છે. પણ તત્ શબ્દથી બ્રહ્મ અર્થાત્ સર્વજ્ઞત્વ, અકર્તૃત્વ, અભોક્તૃત્વ આદિથી વિશિષ્ટ ચૈતન્ય વાચ્ય છે જ્યારે त्वम् શબ્દથી અલ્પજ્ઞત્વ, કર્તૃત્વ, ભોક્તૃત્વાદિથી વિશિષ્ટ ચૈતન્ય વાચ્ય છે. જીવ બ્રહ્મ છે એ પ્રત્યક્ષથી વિરુદ્ધ છે તેથી વિરોધ ન થાય માટે વિશિષ્ટરૂપ વાચ્યથી અલગ કરવામાં આવેલા વિશેષ્યરૂપ ચૈતન્ય માત્રમાં બન્ને શબ્દોની લક્ષણા સ્વીકારવામાં આવે છે.

[વ્યાખ્યાકાર કૃષ્ણાનંદતીર્થ કહે છે કે એ ધ્યાનમાં રાખવું કે મહાવાક્યોનું તાત્પર્ય અખંડ એકરૂપ ચૈતન્યરૂપ વસ્તુ માત્રનો બોધ કરાવવામાં છે, કારણ કે 'तमेवैकं जानथ आत्मानम् ।' (મુણ્ડક ઉપ. ૨.૨.૫) 'તે એકને જ આત્મા જાણો,' 'तमेव विदित्वाऽति-मृत्युमेति ।' (શ્વેતાશ્વતર ઉપ. ૩.૮, ૬ ૧૫) [તેને જ જાણીને (સંસારરૂપી) મૃત્યુને ઓળંગી જાય છે], 'एकधैवानु द्रष्टव्यम्' (બૃહદ્ ઉપ. ૪૪.૨૦) (શાસ્ત્ર કે આચાર્યના ઉપદેશને અનુસરીને એકરૂપ તરીકે જાણવું') વગેરે હજારો શ્રુતિવાક્યોથી મુક્તિના સાધન એવા મહા-વાક્યના અર્થજ્ઞાનનો વિષય તે વસ્તુમાત્ર જ છે એમ નિયમ કરવામાં આવ્યો છે. શ્રુતિઓનો અર્થ છે કે જેમાં સકલ જગતનો અધ્યાસ કરવામાં આવ્યો છે તેને જ, હે મુમુક્ષુઓ, આત્મા જાણો. અહીં આધેય જગત્ જ્ઞેય નથી એમ નિષેધ કરવા માટે અવધારણ કર્યું છે (તેને જ જાણો). મુમુક્ષુથી જ્ઞેય આત્મા નાનારસ હોય તો 'એક' પદ વ્યર્થ બની જાય, કારણ કે 'आत्मानम्' શબ્દમાં જે એકવચન છે તેનાથી જ એકત્વ સંખ્યાનો સંબંધ સિદ્ધ થાય છે. તે પ્રસ્તુત પરમાત્માને જ જાણો, તેનાથી જુદું અણુ સરખું પણ નહિ એવો एवનો અર્થ છે. 'જાણીને' અર્થાત્ સાક્ષાત્કાર કરીને. મૃત્યુ શબ્દથી સંસાર અભિપ્રેત છે.

મહાવાક્યોનું આ અખંડ એકરસ વસ્તુમાત્રનો બોધ કરાવવાનું તાત્પર્ય तत्, त्वम् વગેરેની લક્ષણા માન્યા વિના પાર પડતું નથી તેથી તેઓમાં તાત્પર્યને અનુસરીને જ લક્ષણા માનવામાં આવી છે પ્રત્યક્ષ સાથે વિરોધ ટાળવા માટે નહિ પરંતુ तत्, त्वम् એ પદોની ચૈતન્ય માત્રમાં લક્ષણા સ્વીકારીને વાક્યાર્થબોધ સ્વીકારવામાં આવે છે તેમાં પ્રત્યક્ષ સાથેના વિરોધનો પણ પરિહાર થઈ જાય છે એટલા પુરતું જ ગ્રંથોમાં એમ કહેવામાં આવે છે કે પ્રત્યક્ષ સાથેના વિરોધને ટાળવા માટે મહાવાક્યોમા લક્ષણા માનવામાં આવે છે.]

આમ તાત્પર્ય હોવા છતાં પણ તેનો અનાદર કરીને પ્રત્યક્ષ સાથે વિરોધ ન થાય એટલા માટે મહાવાક્યોમાં લક્ષણા સ્વીકારવામાં આવે છે તેથી તાત્પર્યને કારણે શ્રુતિનું પ્રાબલ્ય નથી.

પ્રયાજાદિ અંગનું વિધાન કરનાર વાક્યો પોતાના અર્થનો બોધ કરાવે છે અને તે સિવાય તેમનો કોઈ અર્થ નથી; અનન્યાર્થ અર્થાત્ સ્વાર્થપર તરીકે જ પ્રથમ જ્ઞાત થાય છે અને પછી પ્રયોજનવશાત્ તેમને મુખ્ય યાગના વિધિને શેષ તરીકે સમજવામાં આવે છે. તે જ રીતે અર્થવાદ વાક્યો પણ પોતાના અર્થનો બોધ કરાવવામાં સ્વાર્થપર છે. અન્ય પ્રમાણો સાથે સંવાદ કે વિસંવાદ રહિત અર્થવાદ (અર્થ કહેનાર) આદિ તરીકે જ્ઞાત થાય છે. પોતાના અર્થના જ્ઞાન માત્રથી કોઈ ફળ ન હોવાથી વિધેયની સ્તુતિ કરનાર તરીકે વિધિ સાથે તેમની એકવાક્યતા કલ્પવામાં આવે છે. જેમ પ્રયાજાદિ કર્મોનું શું પ્રયોજન એ આકાંક્ષાને વશ થઈને પ્રયાજાદિવિષયક વાક્યોની ફળવાળા દર્શપૂર્ણમાસવિષયક વિધિવાક્ય સાથે એકવાક્યતા કલ્પવામાં આવે છે તેમ અર્થવાદ વાક્યોનો પણ વિધિ સાથે અન્વય થાય તે પહેલાં પ્રતીત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થતાં દેવતાનાં શરીરાદિના સંસર્ગમાં અવાન્તર તાત્પર્ય છે. પ્રયાજાદિ વાક્યો અને અર્થવાદાદિ વાક્યોનું પોતાના અર્થના જ્ઞાનમાં તાત્પર્ય છે તેનું કારણ વાક્યાની એકવાક્યતા છે. વાક્યો હોઇને જ તેમની વિધિવાક્યો સાથે એકવાક્યતા સ્વીકારવામાં આવે છે અને વાક્યોનું વાક્યાર્થમાં તાત્પર્ય સામાન્યતઃ સિદ્ધ હોય છે. તેથી પ્રયાજાદિ વાક્યો અને અર્થવાદ વાક્યોનું પોતાનુ અવાન્તર તાત્પર્ય હોય છે અને પ્રયોજનવશાત્ અન્યાર્થતા હોય છે. આ વાક્યૈકવાક્યતા માનતાં સંભવે છે.

ઉપર જે **ભામતી**નો મત આપતાં કહ્યું છે કે જેમ વાક્યાર્થના દ્વારભૂત પદાર્થને વિષે તાત્પર્ય નથી તેમ મંત્રો અને અર્થવાદોમાં સ્તુતિના દ્વારભૂત અર્થને વિષે તાત્પર્ય નથી તેનું ખંડન કરતાં કહ્યું છે પદૈકવાક્યતામાં જ અવાન્તર તાત્પર્યનો સ્વીકાર કરવામાં નથી આવતો. પદૈકવાક્યતા એટલે પદો હોઇને જ એક વાક્યાર્થનો બોધ કરાવતાં હોવાથી તેમની એકવાક્યતા છે. ત્યાં પદના અર્થોમાં વાક્યાર્થની જેમ અપૂર્વત્વ નથી હોતું તેથી તેમને વિષે અવાન્તર તાત્પર્ય સ્વીકારવામાં નથી આવતું. આથી—'રેવત્યાધારકવારવન્તીય સામ' એ વિશેષણની બાબતમાં પણ તાત્પર્ય છે તેનું વ્યાખ્યાન થઈ જાય છે. વાક્યનું વાક્યાર્થમાં તાત્પર્ય સામાન્ય નિયમ તરીકે સિદ્ધ હોવાથી અને વિશિષ્ટ વિધિ, વિશિષ્ટ ભાવનામાં તાત્પર્યવાળો હોવાથી તેનુ વિશેષણોમાં તાત્પર્ય સિદ્ધ થાય છે. જો વિશેષ્યમાત્ર વિશિષ્ટવિધિના તાત્પર્યનો વિષય હોય તો તેનું તાત્પર્ય વિશિષ્ટવિષયક હોઈ શકે નહિ **મીમાંસકો** કહે છે કે વિશિષ્ટવિધિનું વિશેષણોમાં તાત્પર્ય નથી. તેમા તેમને એટલું જ અભિપ્રેત છે કે વિશેષણોમાં પ્રત્યેકને વિષે તાત્પર્ય નથી. 'તાત્પર્યના વિષયમાં વેદ પ્રમાજ્ઞાન ઉત્પન્ન કરે છે' એવા નિયમની **ન્યાયનિર્ણય**માં **વિવરણાચાર્યે** વ્યવસ્થા કરી છે. ઉપર કહ્યા પ્રમાણે **यजमानः प्रस्तरः** વગેરે શ્રુતિઓમાં પણ યજમાન અને પ્રસ્તરના અભેદાદિમાં તાત્પર્ય હોય જ અને તે પ્રત્યક્ષથી બાધિત થાય છે એમ કહેવું જોઈએ. તેથી શ્રુતિ તાત્પર્યવાળી છે માટે તે અન્ય પ્રમાણોથી પ્રબળ બને છે એમ માની શકાય નહિ.

વ્યાખ્યાકાર **કૃષ્ણાનંદ** કહે છે કે મંત્ર, અર્થવાદનું પણ પ્રયાજાદિ વાક્યોની જેમ સ્તુતિના દ્વારભૂત અર્થમાં જો અવાન્તર તાત્પર્ય માનવું જ હોય તો તે ભલે હો. તેટલાથી તાત્પર્યની પ્રાબલ્યપ્રયોજકતામાં ક્ષતિ આવવાની નથી, કારણ કે મહાતાત્પર્ય શ્રુતિપ્રાબલ્યનું પ્રયોજક બને એવો સંભવ હોવાથી દ્વૈત શ્રુતિઓનું પ્રપંચમિથ્યાત્વ વિષયક મહાતાત્પર્ય સ્વીકાર્યું છે તેથી ત્યાં પ્રપંચસત્યતાનું ગ્રહણ કરનાર પ્રત્યક્ષનો મિથ્યાત્વપરક શ્રુતિથી બાધ ઉપપન્ન બને છે, વગેરે—એમ વિચારવું જોઈએ.

**कथं तर्हि श्रुतेः प्राबल्यम् ? उच्यते – निर्दोषत्वात् परत्वाच्च । श्रुतिमात्रस्य प्रत्यक्षात् प्राबल्यमित्युत्सर्गः । किं तु श्रुतिबाधितमपि प्रत्यक्षं कथंचित् स्वोचितविषयोपहारेण सम्भावनीयम्, निर्विषयज्ञानायोगात् । अत एवाद्वैतश्रुतिविरोधेन तत्त्वावेदनात् प्रच्यावितं सत्यत्वम् अर्थक्रियासमर्थव्यावहारिकविषयसमर्पणेनोपपाद्यते । किं बहुना – 'नेदं रजतम्'**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**इति सर्वसिद्धप्रत्यक्षबाधितमपि शुक्तिरजतप्रत्यक्षमनुभवानुरोधात् पुरोदेशे शुक्तिसम्भिन्नरजतोपगमेन समर्थ्यते । न तु तद्विरोधेन व्यवहितमान्तरमसदेव वा रजतं विषय इति परिकल्प्यते । एवं च प्रस्तरे यजमानभेदग्राहिणो यावद्ब्रह्मज्ञानमर्थक्रियासंवादेनानुवर्तमानस्य प्रत्यक्षस्य प्रातिभासिकविषयत्वाभ्युपगमेनोपपादनायोगाद् 'यजमानः प्रस्तरः' इति श्रुतिबाध्यत्वे सर्वथा निर्विषयत्वं स्यादिति तत्परिहाराय उत्सर्गमपोद्य श्रुतिरेव तत्सिद्ध्यधिकरणादिप्रतिपादितप्रकारेणान्यथा नीयते ।**

તો પછી શ્રુતિનું પ્રાબલ્ય કઈ રીતે છે? કહીએ છીએ—દોષરહિત હોવાથી અને પર હોવાથી. શ્રુતિમાત્ર પ્રત્યક્ષથી પ્રબળ છે એવો સામાન્ય નિયમ છે. પરંતુ પ્રત્યક્ષ શ્રુતિથી બાધિત હોવા છતાં પણ, કોઈક રીતે પોતાને ઉચિત વિષયને એ રજૂ કરે છે એમ બતાવીને તેની ઉપપત્તિ કરવી જોઈએ, કારણ કે વિષય રહિત જ્ઞાન સંભવતું નથી. તેથી જ અદ્વૈતશ્રુતિ સાથે વિરોધ હોવાથી તત્ત્વાવેદનથી ચ્યુત કરવામાં આવેલા (દ્વૈતબોધક પ્રત્યક્ષના) સત્યત્વની અર્થક્રિયામાં સમર્થ વ્યાવહારિક વિષયના સમર્પણથી ઉપપત્તિ કરવામાં આવે છે. વધારે કહેવાથી શું? 'આ રજત નથી' એ બધાને સિદ્ધ થયેલા પ્રત્યક્ષથી બાધિત થયેલું હોવા છતાં શુક્તિરજતના પ્રત્યક્ષનું અનુભવને અનુસરીને સામેના દેશમાં શુક્તિની સાથે તાદાત્મ્ય પામેલા રજતને માનીને સમર્થન કરવામાં આવે છે. પણ તેની સાથે વિરોધ હોવાથી વ્યવહિત (ઢંકાયેલું, દૂર દેશમાં) અથવા આન્તર અથવા અસત્ જ રજત તેનો વિષય છે એમ કલ્પવામાં આવતું નથી અને આમ પ્રસ્તરને વિષે યજમાનથી ભેદનું ગ્રહણ કરનાર પ્રત્યક્ષ બ્રહ્મજ્ઞાન થાય ત્યાં સુધી અર્થક્રિયાના સંવાદથી ચાલુ રહે છે, તેની ઉપપત્તિ તેનો પ્રાતિભાસિક વિષય છે એમ સ્વીકારીને કરી શકાય નહિ. **यजमानः प्रस्तरः** એ શ્રુતિથી તેને બાધિત થતું માનવામાં આવે તો તે સર્વથા નિર્વિષય બને તેથી તે ટાળવા માટે ઉત્સર્ગ (સામાન્ય નિયમ)નો બાધ કરીને શ્રુતિનો જ તત્સિદ્ધિ–અધિકરણ વગેરેમાં પ્રતિપાદિત રીતે અન્યથા અર્થ ઘટાવવામાં આવે છે.

**વિવરણ** : જો તાત્પર્યને કારણે શ્રુતિની પ્રબળતા ન થતી હોય તો શ્રુતિમાત્ર પ્રત્યક્ષથી પ્રબળ છે એ ઉત્સર્ગ કે સામાન્ય નિયમ છે તે કેવી રીતે હોઈ શકે? આનો ઉત્તર છે કે એવું વચન છે કે આગમ હોવાને કારણે જ શ્રુતિ પ્રત્યક્ષાદિ કરતાં વધારે પ્રબળ છે (प्राबल्यमागमस्यैव जात्या तेषु त्रिषु स्मृतम्). શ્રુતિમાત્રની પ્રબળતા માટે બીજા બે હેતુ પણ છે. શ્રુતિ દોષરહિત છે અને પ્રત્યક્ષાદિની અપેક્ષાએ પર છે તેથી એ વધારે પ્રબળ છે. શ્રુતિ અને તેના વિરોધમાં કોઈ પ્રમાણ વચ્ચે વિરોધ હોય તો શ્રુતિ જ બાધક બને છે એવો સામાન્ય નિયમ છે. અને જ્યાં શ્રુતિથી બાધિત થયેલું પ્રત્યક્ષ નિરવકાશ (કામ કરવાની તક વિનાનું) બની જાય ત્યાં નિરવકાશ એવા પ્રત્યક્ષથી શ્રુતિનો જ બાધ થાય છે કારણ કે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાવકાશ અને નિરવકાશ એ બેમાં નિરવકાશ વધારે બળવાન છે એવો ન્યાય છે ( सावकाश-निरवकाशयोर्निरवकाशं बलवत् ). 'રક્ષાબંધનની રજા બધાં કાર્યાલયોમાં રહેશે', 'નગરપાલિકાનું કાર્યાલય ચાલુ રહેશે.' —આ બેમાં જો પહેલાથી બીજા વચનનો બાધ કરવામાં આવે તો બીજું વચન નિરર્થક બની જાય; તેને કોઈ અવકાશ જ નથી, તે નિરવકાશ છે. તો પછી શા માટે એ રજૂ કરવામાં આવ્યું એવો પ્રશ્ન થાય. પણ બીજા વચનથી પહેલા વચનનો બાધ કરવામાં આવે તો નગરપાલિકાની કચેરી પૂરતી તેને કામ કરવાની તક ન મળે તો પણ અન્યત્ર તો અવકાશ છે જ—તે સાવકાશ છે, તેની સાર્થકતા રહે જ છે. તેથી બીજાથી પહેલા વચનનો બાધ થઈ શકે છે અથવા બીજું વચન વધારે બળવાન છે. આમ નિરવકાશ સાવકાશ કરતાં વધારે બળવાન છે.

પ્રશ્ન થાય કે શ્રુતિથી બાધિત મનાતું પ્રત્યક્ષ નિરવકાશ બની જતું હોય તે સ્થળે પ્રત્યક્ષથી શ્રુતિનો બાધ શા માટે માનવામાં આવે છે? તેનો ઉત્તર આપતાં કહ્યું છે કે પ્રત્યક્ષ શ્રુતિથી બાધિત થતું હોય તો પણ તે પોતાને ઉચિત વિષયનું સમર્પણ કરે છે એમ કહીને તેની ઉપપત્તિ બતાવવી જોઈએ કારણ કે પ્રત્યક્ષ જ્ઞાન છે અને કોઈ જ્ઞાનને વિષય હોય જ નહીં એવું બની શકે નહિ. તેથી જ અદ્વૈતશ્રુતિ સાથે વિરોધ હોવાથી દ્વૈતના પ્રત્યક્ષને તત્ત્વ કે પરમાર્થના આવેદકના સ્થાનથી તો ભ્રષ્ટ કરવામાં આવે છે, પણ તે સફળ પ્રવૃત્તિ કરાવી શકે એવા વ્યાવહારિક વિષયનું સમર્પણ કરે છે એમ માનીને તેની ઉપપત્તિ ભાષ્યાદિ ગ્રંથોમાં કરવામાં આવે છે. શ્રુતિબાધિત-પ્રત્યક્ષનું પણ કેવલાદ્વૈત વેદાંતના સિદ્ધાંતમાં વ્યાવહારિક પ્રામાણ્ય માનવામાં આવે છે તેથી પ્રત્યક્ષ જ્ઞાન વિષયરહિત છે કે નિરવકાશ છે એમ સિદ્ધાન્તને માન્ય નથી. એટલું જ કહેવું પૂરતું છે કે 'આ રજત નથી' એ સર્વને માન્ય પ્રત્યક્ષથી શુક્તિરજતનો બાધ થાય છે તેમ છતાં અનુભવોના સ્વરૂપને ધ્યાનમાં રાખીને સિદ્ધાન્તમાં એવી રજૂઆત કરવામાં આવી છે કે સામેના દેશમાં શુક્તિ સાથે તાદાત્મ્યાપન્ન રજત છે જે તેનો વિષય છે અને એ રીતે શુક્તિરજતના પ્રત્યક્ષનું સમર્થન કરવામાં આવે છે.

વ્યાખ્યાકાર કૃષ્ણાનંદતીર્થ કહે છે કે અદ્વૈતશ્રુતિથી બાધિત થયેલા ઘટાદિ પ્રત્યક્ષને નિર્વિષય માનવામાં સર્વવ્યવહારના ઉચ્છેદની પ્રસક્તિ થાય એ બાધક છે; જ્યારે શુક્તિ-રજતાદિ–પ્રત્યક્ષને નિર્વિષય માનતાં આવું બાધક નથી કારણ કે ક્યાંક અસત્ રજતાદિનું પણ ભાન (પ્રકાશન) સ્વીકારવામાં આવે છે. તેમ છતાં શુક્તિરજતાદિપ્રત્યક્ષ તત્કાલ ઉત્પન્ન થયેલા રજતાદિને વિષય કરે છે એમ સિદ્ધાન્તમાં સ્વીકારવામાં આવે છે કારણ કે કોઈ પણ અનુભવ વિષય વિનાનો હોઈ શકે નહિ. તેથી જ્યાં શ્રુતિથી બાધિત થયેલું પ્રત્યક્ષ નિરવકાશ પ્રસક્ત થતું હોય ત્યાં પ્રત્યક્ષથી શ્રુતિનો બાધ યોગ્ય છે, અને સિદ્ધાન્તને માન્ય છે તેથી શ્રુતિનું પ્રાબલ્ય ઔત્સર્ગિક છે, સામાન્ય નિયમ છે જેમાં અપવાદ શક્ય છે. કેવલાદ્વૈતવેદાંતની અનિર્વચનીયખ્યાતિમાં પુરોવર્તી દેશમાં તે જ વખતે ઉત્પન્ન થયેલું (અનિર્વચનીય) રજત શુક્તિરજતપ્રત્યક્ષનો વિષય માનવામાં આવે છે પણ ઢંકાયેલું કે અન્ય દેશમાં રહેલું રજત (—અન્યથાખ્યાતિની જેમ), કે આન્તર અર્થાત્ જ્ઞાનાકાર રજત (—આત્મખ્યાતિની જેમ) કે અસત્ રજત (—અસત્ખ્યાતિની જેમ) તેનો વિષય માનવામાં નથી આવતું, કારણ કે તેવા રજતનો 'ઇદમ્' અર્થથી અભિન્નત્વના અનુભવ સાથે વિરોધ છે, વ્યવહિત કે આન્તર કે અસત્ રજતાદિનું 'ઇદમ્' અર્થ સાથે તાદાત્મ્ય સંભવે નહિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આમ, વિરોધ હોય ત્યાં નિરવકાશ એવા અન્ય પ્રમાણથી શ્રુતિનો બાધ થાય એ યુક્ત છે તેથી यजमानः प्रस्तरःનો બાધ પ્રત્યક્ષથી થાય છે અને તેથી લક્ષણા લેવી પડે છે.

**શંકા :** પ્રસ્તર અને યજમાનના અભેદ વિષયક શ્રુતિથી બાધિત તેમના ભેદના પ્રત્યક્ષનો શુક્તિરજતપ્રત્યક્ષની જેમ, પ્રાતિભાસિક વિષય સંભવે છે તેથી શ્રુતિનો બાધ માનવો જોઈએ નહિ.

**ઉત્તર :** યજમાન અને પ્રસ્તરના ભેદના પ્રત્યક્ષનો વિષય પ્રાતિભાસિક સંભવતો નથી. શુક્તિરજતની તો બ્રહ્મજ્ઞાન થાય તે પહેલાં જ 'આ રજત નથી' એ પ્રત્યક્ષથી નિવૃત્તિ થાય છે. વળી સ્વોચિત અર્થક્રિયાનો તેમાં અભાવ છે તેથી તે રજતને પ્રાતિભાસિક માની શકાય. પણ પ્રસ્તરનો યજમાનથી ભેદ છે તેનો બ્રહ્મજ્ઞાનની પહેલાં બાધ થતો નથી અને તેમાં અર્થક્રિયાના સામર્થ્યનો અભાવ પણ નથી તેથી તેને પ્રાતિભાસિક માનવા માટે કારણ નથી. આ પ્રત્યક્ષજ્ઞાનનો વિષય તો અર્થક્રિયા માટે સમર્થ એવો ભેદ છે. જો આ ભેદપ્રત્યક્ષને यजमानः प्रस्तरः એ શ્રુતિથી બાધિત થતું માનીએ તો એ જ્ઞાનને તદ્દન નિર્વિષય માનવું પડે. તેનો પ્રાતિભાસિક વિષય સંભવતો નથી એમ ઉપર કહ્યું છે. વ્યાવહારિક ભેદ તેનો વિષય હોઈ શકે નહિ એમ હમણાં જ બતાવવામાં આવશે. અને પારમાર્થિક ભેદ તો અદ્વૈતશ્રુતિથી વિરુદ્ધ હોઈને માની શકાય નહિ. આમ પ્રસ્તરમાં યજમાનના ભેદનું પ્રત્યક્ષજ્ઞાન જો શ્રુતિ-બાધ્ય હોય તો નિર્વિષય અને નિરવકાશ જ હોય. તેથી શ્રુતિનો જ અર્થ **પૂર્વમીમાંસા-સૂત્ર**ના તત્સિદ્ધિ-અધિકરણ આદિથી બતાવેલી રીત પ્રમાણે અન્યથા કરવો જોઈએ (तत्सिद्धिजातिसारूप्यप्रशंसाभूमलिङ्गसमवाया इति गुणाश्रयः—પૂ.મી. ૧.૪.૨૩). યજમાનના 'પરિધિપરિધાન' આદિ કાર્યની સિદ્ધિ પ્રસ્તરથી થાય છે તેથી 'यजमान' શબ્દ ગૌણીવૃત્તિથી પ્રસ્તરની સ્તુતિ કરનારો છે એવો અર્થ છે. આ શ્રુતિનો મુખ્ય અર્થ 'અભેદ', પ્રત્યક્ષ સાથે વિરોધ હોવાથી, સંભવતો નથી તેથી પ્રસ્તરને વિષે 'યજમાન' શબ્દની ગૌણીવૃત્તિ કલ્પવામાં કયો ગુણ પ્રયોજક છે તે સૂત્રકારે બતાવ્યો છે. યજમાન અને પ્રસ્તર બન્ને ક્રતુ (યજ્ઞ)માં ઉપકારક છે. આ ક્રતુ પાર પાડવા રૂપ સાદૃશ્ય ગુણને ધ્યાનમાં રાખીને પ્રસ્તરને યજમાન કહ્યો છે. એ જ રીતે બીજા અર્થવાદવાક્યોમાં પ્રત્યક્ષથી વિરોધ ટાળવાને માટે આવાં આલંબન **જૈમિનિ**એ અન્ય અધિકરણોમાં કલ્પ્યાં છે, એવો અર્થ છે.

न चाद्वैतश्रुतिप्रत्यक्षयोरिव इह श्रुतिप्रत्यक्षयोस्तात्त्विकव्यावहारिक-विषयत्वोपगमेन प्रत्यक्षोपपादनं कर्तुं शक्यम्। ब्रह्मातिरिक्तसकलमिथ्यात्व-प्रतिपादकषड्विधतात्पर्यलिङ्गोपपन्नानेकश्रुतिविरुद्धेन एकेनार्थवादेन प्रस्तरे यजमानतादात्म्यस्य तात्त्विकस्य प्रतिपादनासम्भवात्। एवं 'तत्त्वमसि'-वाक्येन त्वंपदवाच्यस्य सर्वज्ञत्वाभोक्तृत्वाकर्तृत्वादिविशिष्टब्रह्मस्वरूपत्वबोधने तत्रासर्वज्ञत्वभोक्तृत्वादिप्रत्यक्षमत्यन्तं निरालम्बनं स्यादिति तत्परिहाराय 'अहङ्कारशबलितस्य भोक्तृत्वादि ततो निष्कृष्टस्य शुद्धस्य उदासीन-ब्रह्मस्वरूपत्वम्' इति व्यवस्थामाश्रित्य भागत्यागलक्षणाऽऽश्रीयते। एवं

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'कृष्णलं श्रपयेत्' इत्यादावपि प्रत्यक्षस्यात्यन्तनिर्विषयत्वप्रसक्तौ तत्परिहाराय श्रुतौ लक्षणा उष्णीकरणे । 'नेह नानाऽस्ति किञ्चन' इत्यत्र प्रत्यक्षस्य कथंचिद्विषयोपपादनसम्भवे तु न प्रबलायाः श्रुतेरन्यथानयनमिति न कश्चिदप्यव्यवस्थाप्रसङ्गः ।

અને અદ્વૈત–શ્રુતિ અને પ્રત્યક્ષની બાબતમાં બને છે તેમ અહીં શ્રુતિનો પારમાર્થિક વિષય અને પ્રત્યક્ષનો વ્યાવહારિક વિષય માનીને પ્રત્યક્ષનું ઉપપાદન કરવું શક્ય નથી; કારણ કે બ્રહ્મથી અતિરિક્ત બધું મિથ્યા છે એવું પ્રતિપાદન કરનાર છ પ્રકારના તાત્પર્ય–લિંગથી ઉપપન્ન એવી અનેક શ્રુતિથી વિરુદ્ધ એવા એક અર્થવાદથી પ્રસ્તરમાં યજમાનના તાત્ત્વિક તાદાત્મ્યનું પ્રતિપાદન સંભવતું નથી. એ જ પ્રમાણે 'तत्त्वमसि' (તું તે છે) વાક્યથી त्वम् પદથી વાચ્ય (જીવ) સર્વજ્ઞત્વ, અભોક્તૃત્વ, અકર્તૃત્વાદિથી વિશિષ્ટ બ્રહ્મ સ્વરૂપ છે એવો બોધ કરાવવામાં આવે છે, તેમાં ત્યાં (જીવમાં) અસર્વજ્ઞત્વ, ભોક્તૃત્વાદિનું પ્રત્યક્ષ તદ્દન આલંબન વિનાનું બની જાય છે તેથી તેનો પરિહાર કરવાને માટે 'અહંકારથી શબલિત (અર્થાત્ અન્તઃકરણથી વિશિષ્ટ) (ચૈતન્યનું) ભોક્તૃત્વાદિ છે અને તેનાથી વિરહિત શુદ્ધ તે ઉદાસીન બ્રહ્મસ્વરૂપ છે' એવી વ્યવસ્થાનો આશ્રય લઈને ભાગત્યાગલક્ષણાનો આશ્રય લેવામાં આવે છે. એ જ પ્રમાણે 'कृष्णलं श्रपयेत्' વગેરેમાં પણ પ્રત્યક્ષ તદ્દન નિર્વિષય બની જાય એવો પ્રસંગ થતાં તેના પરિહારને માટે શ્રુતિમાં ઉષ્ણીકરણ (ગરમ કરવું)ને વિષે લક્ષણાનો આશ્રય લેવામાં આવે છે. જ્યારે 'नेह नानाऽस्ति किञ्चन' (અહીં કશું અનેક કે ભિન્ન નથી) એમાં પ્રત્યક્ષના વિષયનું કોઈક રીતે ઉપપાદન સંભવે છે તેથી પ્રબલ એવી શ્રુતિનો જુદી રીતે અર્થ કરવામાં નથી આવતો; માટે કોઈ પણ અવ્યવસ્થા પ્રસક્ત નથી.

**વિવરણ :** શંકા થાય કે અદ્વૈત વિષયક શ્રુતિ અને (દ્વૈત)પ્રત્યક્ષમાં વિરોધ હોય છે ત્યાં જેમ કલ્પના કરવામાં આવે છે કે પારમાર્થિક અદ્વૈત શ્રુતિનો વિષય છે અને વ્યાવહારિક દ્વૈત પ્રત્યક્ષનો વિષય છે તેમ 'यजमानः प्रस्तरः' જેની ચર્ચા ચાલે છે તેમાં એવી વ્યવસ્થા કલ્પી શકાય કે યજમાન અને પ્રસ્તરનો વાસ્તવિક અભેદ શ્રુતિનો વિષય છે અને તેમનો કલ્પિત ભેદ પ્રત્યક્ષનો વિષય છે. આનો ઉત્તર આપતાં કહ્યું છે કે અહીં આ શક્ય નથી. 'यजमानः प्रस्तरः' એ અર્થવાદવાક્ય છે અને તે યજમાન અને પ્રસ્તરના વાસ્તવિક તાદાત્મ્યનું પ્રતિપાદન કરી શકે નહિ કારણ કે બ્રહ્માદ્વૈતનું પ્રતિપાદન કરનાર શ્રુતિઓ સાથે વિરોધ થાય.

**શંકા :** અદ્વૈતશ્રુતિઓ પણ વિધિરૂપ નથી માટે અર્થવાદથી તેમાં કોઈ વિશેષતા નથી, તેથી અદ્વૈતશ્રુતિ વાસ્તવિક અભેદનું પ્રતિપાદન કરી શકે જ્યારે આ અર્થવાદવાક્ય યજમાન અને પ્રસ્તરના વાસ્તવિક અભેદનું પ્રતિપાદન ન કરી શકે એમ નક્કી કરવા માટે કોઈ નિર્ણાયક લિંગ નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉત્તર : આ વાત બરાબર નથી. એવું હોય તો અદ્વૈતશ્રુતિઓ બહુ છે તેથી એ હકીકત આ બાબતમાં નિર્ણાયક બની શકે છે. વળી એ અર્થવાદવાક્યનું તાત્પર્ય યજમાન અને પ્રસ્તરના અભેદમાં નથી, કારણ કે તેવું ગ્રહણ કરાવનાર લિંગ નથી. જ્યારે અદ્વૈતશ્રુતિઓનું તાત્પર્ય પોતાના અર્થ પરક જ છે એવું જ્ઞાન કરાવનાર છ પ્રકારનાં લિંગ છે.

જેમકે, છાંદોગ્ય ઉપનિષદ્‌ના છઠ્ઠા અધ્યાયમાં ' सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयम् । ' (છા. ૬.૨.૧) ત્યાંથી ઉપક્રમ (શરૂઆત) કરીને ' ऐतदात्म्यमिदं सर्वम् । ' (છા. ૬.૧૬.૩) ' આ અદ્વિતીય વસ્તુ આ સર્વનું સ્વરૂપ છે ' એમ શ્રુતિ ઉપસંહાર કરે છે. તેથી '**ઉપક્રમ અને ઉપસંહારની એકરૂપતા**' પ્રકારના લિંગથી એ અધ્યાયનું તાત્પર્ય અદ્વિતીય વસ્તુમાં છે એમ નિશ્ચય થાય છે. ' ऐतदात्म्यमिदं सर्वम् '—આ બધું એતદાત્મક છે, પ્રકૃત સદ્‌વસ્ત્વાત્મક છે એ વાક્યનો વારંવાર પાઠ છે તેથી **અભ્યાસ** પ્રકારનું લિંગ સિદ્ધ થાય છે. અદ્વિતીય વસ્તુ બીજા કોઈ પ્રમાણથી જાણી શકાય તેમ ન હોવાથી તે અપૂર્વ છે તેથી **અપૂર્વત્વ** પ્રકારના લિંગની સિદ્ધિ છે. आचार्यवान् पुरुषो वेद (છા. ૬.૧૪.૨) આચાર્યવાળો પુરુષ તેને જાણે છે) એ વાક્યથી પ્રકૃત અદ્વૈત સદ્‌વસ્તુના જ્ઞાનની વાત માંડીને સંપત્તિવાક્યથી (છા. ૬.૧૫.૨) તેના મુક્તિરૂપ ફળની વાત શ્રુતિ કરે છે તેથી **ફળ** પ્રકારનું લિંગ પણ તાત્પર્યનું ગ્રહણ કરાવનાર છે. પિતા (ઉદ્દાલક આરુણિ) અને પુત્ર (શ્વેતકેતુ)ની આખ્યાયિકા–આદિરૂપ **અર્થવાદ** તે તાત્પર્યનું ગ્રહણ કરાવનાર છે. માટી વગેરેના દૃષ્ટાંતોથી પ્રપંચ બ્રહ્મનું કાર્ય છે એવું પ્રતિપાદન કરીને પ્રપંચ બ્રહ્મથી અનન્ય છે (બ્રહ્મસ્વરૂપ છે) એ પ્રતિપાદન **ઉપપત્તિ** પ્રકારનું લિંગ છે. આમ છ પ્રકારનાં તાત્પર્ય-લિંગોથી એ અધ્યાય અદ્વિતીયવસ્તુપરક છે એમ સિદ્ધ થાય છે. આ જ રીતે બીજા અધ્યાયો અને બીજી શ્રુતિઓની બાબતમાં તાત્પર્યનિર્ણાયક લિંગોનો વિચાર કરવો.

આમ ષડ્‌વિધ તાત્પર્યલિંગોનું જેને સમર્થન મળ્યું છે એવી પ્રપંચનું મિથ્યાત્વ બતાવનારી અનેક શ્રુતિઓ છે તેનાથી વિરુદ્ધ જઈને એક અર્થવાદ વાક્ય એવું પ્રતિપાદન કરી શકે નહિ કે પ્રસ્તર અને યજમાનનું તાદાત્મ્ય વાસ્તવિક છે.

શંકા : તો પછી એમ માની લેવાય કે યજમાન અને પ્રસ્તરનો વ્યાવહારિક અભેદ શ્રુતિનો અર્થ છે અને એમ હોય તો તેમના વ્યાવહારિક અભેદનું પ્રતિપાદન કરનાર શ્રુતિથી બાધિત થતું પ્રત્યક્ષ પણ વ્યવહારિક ભેદવિષયક ભલે હોય. આમ પ્રત્યક્ષ નિરવકાશ ન હોવાથી તે શ્રુતિનું બાધક બનતું નથી.

ઉત્તર : આ બરાબર નથી. સમાન (વ્યાવહારિક) સત્તાવાળા ભેદ અને અભેદ એક સ્થળે હોઈ શકે નહિ તેથી આ કલ્પના બરાબર નથી. શ્રુતિનો અર્થ યજમાન અને પ્રસ્તરના પ્રાતિભાસિક અભેદપરક છે એમ પણ નહીં કહી શકાય કારણ કે શુક્તિમાં રજતના અભેદનો પ્રતિભાસ થાય છે તેમ પ્રસ્તરમાં યજમાનના અભેદનો પ્રત્યક્ષ પ્રતિભાસ થતો નથી.

શ્રુતિ પ્રત્યક્ષ કરતાં પ્રબળ છે એ ઉત્સર્ગ (સામાન્ય નિયમ)નો ' यजमानः प्रस्तरः એ સ્થળે અપવાદ છે એમ બતાવીને હવે બીજું અપવાદ સ્થળ બતાવ્યું છે. तत्त्वमसि વાક્ય સ્વતઃ તો અલ્પજ્ઞત્વ, કર્તૃત્વ, ભોક્તૃત્વાદિથી વિશિષ્ટ ચૈતન્ય (જીવ)ના તેનાથી વિપરીત સર્વજ્ઞત્વ, અભોક્તૃત્વ, અકર્તૃત્વાદિથી વિશિષ્ટ ચૈતન્યરૂપ બ્રહ્મ સાથે સાર્વકાલિક અભેદ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રતિપાદિત કરે છે. એને અનુસરીને જીવમાં સદા સર્વજ્ઞત્વ આદિ ધર્મ માનવામાં આવે તો જીવમાં તેનાથી વિરુદ્ધ અસર્વજ્ઞત્વ, કર્તૃત્વ આદિરૂપ સંસારનું ગ્રહણ કરનાર પ્રત્યક્ષ નિરાલંબન બની જાય. તેથી નિરવકાશ સંસાર-પ્રત્યક્ષ વધારે બળવાન છે અને તેનાથી શ્રુતિનો બાધ થાય છે એમ માનવું જોઈએ એ બાધ શ્રુતિના સંકોચરૂપ છે—શ્રુતિ વિશેષ્ય ચૈતન્યમાત્રના અભેદનું પ્રતિપાદન કરે છે એમ સંકોચયુક્ત અર્થ સમજવારૂપ છે. જ્યારે यजमानः प्रस्तरः માં પૂરેપૂરા મુખ્ય અર્થનો ત્યાગ કરીને ગૌણ અર્થની કલ્પના કરવામાં આવે છે એટલો બે અપવાદ સ્થળોમાં ફરક છે त्वम् પદથી વાક્યના બે ભાગ છે—વિશેષણ ભાગ અને વિશેષ્ય ભાગ વિશેષણ ભાગનો ત્યાગ કરીને त्वम् પદની વિશેષ્ય-ભાગ ચૈતન્યમાત્રમાં લક્ષણા સ્વીકારવામાં આવે છે; એવું જ तत् પદનું પણ છે. તેથી આ ભાગત્યાગલક્ષણા કે જહદજહલ્લક્ષણા કહેવાય છે. આવો જ બીજો અપવાદ कृष्णलं श्रपयेत्માં જોવામાં આવે છે. શ્રુતિના બળે જો એમ સ્વીકારી લઈએ કે રૂપ-રસની પરાવૃત્તિના પ્રાદુર્ભાવ પર્યંતનું પાકરૂપ શ્રપણ થાય છે તો કૃષ્ણલોમાં શ્રપણના અભાવનું પ્રત્યક્ષ થાય છે તેને વિષય રહેતો નથી, તે નિર્વિષય બની જાય છે—અદ્વૈત શ્રુતિ સાથે વિરોધ થાય તેથી પારમાર્થિક શ્રપણાભાવ સંભવે નહિ, શ્રુતિએ કહેલું વ્યાવહારિક શ્રપણ જ કૃષ્ણલોમાં માનવું પડે, અને તેઓમાં તેનો અભાવ પણ વ્યાવહારિક હોય એ સંભવે નહિ, અને વ્યવહારકાળમાં શ્રપણાભાવ બાધરહિત છે તેથી એ પ્રાતિભાસિક હોઈ શકે નહિ. આમ શ્રુતિને માનતાં શ્રપણાભાવ-પ્રત્યક્ષ તદ્દન નિર્વિષય બને છે તેથી તેને પ્રબળ માનીને શ્રુતિમાં લક્ષણાથી જુદો અર્થ કરવાનો રહે છે—'કૃષ્ણલોને ગરમ કરવાં'. એ જ રીતે सोमेन यजेतनो सोमेन यागेनेष्टं भावयेत् એવો વાક્યાર્થ છે, ત્યાં શ્રુતિના બળે સોમ અને યાગનો અભેદ માનવામાં આવે તો તેમના ભેદનું ગ્રહણ કરનાર પ્રત્યક્ષ નિરવકાશ બને તેથી તેમનો વિરોધ ટાળવાને માટે સોમપદની લક્ષણા સ્વીકારવામાં આવે છે—सोमवता यागेन......

આવા અપવાદો હોવા છતાં શ્રુતિ પ્રત્યક્ષ કરતાં વધારે પ્રબળ છે એ ઉત્સર્ગ છે. અને જ્યાં પ્રત્યક્ષ નિરવકાશ ન બને એવી કોઈપણ સંભાવના હોય ત્યાં શ્રુતિનો બાધ થતો નથી; જેમ કે नेह नानाऽस्ति किञ्चन શ્રુતિની બાબતમાં દ્વૈતના મિથ્યાત્વનું પ્રતિપાદન કરનાર શ્રુતિ અને તેના સત્યત્વનું ગ્રહણ કરનાર પ્રત્યક્ષમાં વિરોધ છે ત્યાં પ્રત્યક્ષ શ્રુતિથી બાધિત થતું હોવા છતાં તે નિરવકાશ બનતું નથી, કારણ કે કલ્પિત દ્વૈત અને તેમાં રહેલાં સત્તા, જાતિ વગેરે તેના વિષય માની શકાય તેથી તે સાવકાશ છે માટે શ્રુતિથી પ્રત્યક્ષનો બાધ થાય છે. પ્રત્યક્ષ કલ્પિત દ્વૈતાદિનું સમર્પણ કરે છે એમ માની તેના વિષયનું ઉપપાદન કરી શકાય ત્યાં શ્રુતિ સાથે વિરોધ હોય ત્યારે પ્રત્યક્ષનો જ બાધ થાય કારણ કે શ્રુતિ પ્રબળ છે એ ઉત્સર્ગ છે. આમ, તાત્પર્ય શ્રુતિમાં પ્રબળતાનું પ્રયોજક છે એ પક્ષમાં જેમ તાત્પર્યના વિષય શ્રપણાદિના બાધનું દર્શન થાય છે એ અવ્યવસ્થા પ્રસક્ત છે તેવી કોઈ જ અવ્યવસ્થા શ્રુતિનું પ્રાબલ્ય ઔત્સર્ગિક છે એ પક્ષમાં જોવામાં નથી આવતી. તેથી તેની પ્રસક્તિ નથી,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अथवा 'कृष्णलं श्रपयेत्', 'सोमेन यजेत' इत्यादौ न प्रत्यक्षानुरोधेन लक्षणाऽऽश्रयणम्, किं त्वनुष्ठानाशक्त्या। न हि कृष्णले उष्णीकरणमात्रमिव मुख्यः पाकोऽनुष्ठातुं शक्यते। न वा सोमद्रव्यकरणको याग इव तदभिन्नो यागः केनचिदनुष्ठातुं शक्यते। न च अनुष्ठेयत्वाभिमतस्य प्रत्यक्षविरोध एवानुष्ठानाशक्तिरिति शब्दान्तरेण व्यवह्रियते इति वाच्यम्। 'शशिमण्डलं कान्तिमत् कुर्याद्' इति विधौ अनुष्ठेयत्वाभिमतस्य शशिमण्डले कान्तिमत्त्वस्य प्रत्यक्षाविरोधेऽप्यनुष्ठानाशक्तिदर्शनेन तस्यास्ततो भिन्नत्वात्। तथा च तत्र तत एव लक्षणाऽश्रयणम्। तस्मादपच्छेदन्यायादिसिद्धस्य श्रुतिबलीयस्त्वस्य न कश्चित् बाधः। इति।

અથવા 'कृष्णलं श्रपयेत्', 'सोमेन यजेत' ઇત્યાદિમાં પ્રત્યક્ષના અનુરોધથી (તેને ધ્યાનમાં રાખીને) લક્ષણાનો આશ્રય નથી લેવામાં આવતો, પણ અનુષ્ઠાનની અશક્તિને કારણે (લક્ષણા માનવામાં આવે છે). એ દેખીતું છે કે કૃષ્ણલમાં ગરમ કરવાની ક્રિયા (ઉષ્ણીકરણની જેમ મુખ્ય પાક રૂપરસાદિપરાવૃત્તિના પ્રાદુર્ભાવ રૂપ પાક) કરી શકાતો નથી. અથવા સોમદ્રવ્ય જેનું કરણ (મુખ્ય સાધન) છે તેવા યાગની જેમ તેનાથી (સોમથી અભિન્ન યાગ કોઈનાથી કરી શકાતો નથી. અને એવી દલીલ ન કરવી કે અનુષ્ઠેય તરીકે જે અભિમત (માનવામાં આવેલું) છે તેનો પ્રત્યક્ષ સાથે વિરોધ એને જ બીજા શબ્દથી 'અનુષ્ઠાનાશક્તિ' એવું નામ આપ્યું છે. (આ દલીલ બરાબર નથી) કારણ કે 'ચંદ્રમંડલને કાન્તિવાળું બનાવવું'' એ વિધિમાં અનુષ્ઠેય તરીકે અભિમત જે ચંદ્રમંડલમાં કાન્તિમત્ત્વ છે તેનો પ્રત્યક્ષ સાથે વિરોધ ન હોવા છતાં અનુષ્ઠાનની અશક્તિ દેખાય છે તેથી તે (અનુષ્ઠાનની અશક્તિ) તેનાથી (પ્રત્યક્ષવિરોધથી) ભિન્ન છે. તેમ ત્યાં (कृष्णलं श्रपयेत्, વગેરેમાં) તેને લઈને જ (અનુષ્ઠાનાશક્તિને લઈને જ) લક્ષણાનો આશ્રય લેવામાં આવે છે. તેથી અપચ્છેદ ન્યાય વગેરેથી સિદ્ધ શ્રુતિના પ્રાબલ્યનો કોઈ બાધ નથી (એમ વિવરણવાર્ત્તિકમાં કહ્યું છે).

**વિવરણ :** પ્રત્યક્ષથી શ્રુતિનો બાધ થાય છે તેનાં અનેક ઉદાહરણ બતાવ્યાં છે, જ્યારે શ્રુતિથી પ્રત્યક્ષના બાધનું એક જ ઉદાહરણ બતાવ્યું છે એ પરથી તો ઊલટું એમ કહેવું જોઈએ કે પ્રત્યક્ષ શ્રુતિ કરતાં પ્રબળ છે; એમ શી રીતે કહેવાય કે શ્રુતિ પ્રત્યક્ષ કરતાં પ્રબળ છે? આ શંકા વાજબી છે તેથી શ્રુતિના પ્રાબલ્ય માટે બીજી ઉપપત્તિ વિવરણવાર્ત્તિકમાં રજૂ કરવામાં આવી છે. અપચ્છેદન્યાય આદિથી શ્રુતિનું પ્રાબલ્ય સિદ્ધ કરવામાં આવે છે. કેટલાક શ્રુતિવાક્યોમાં લક્ષણા લેવી પડે છે તે અનુષ્ઠાનની અશક્તિને કારણે, પ્રત્યક્ષવિરોધને કારણે નહિ તેથી શ્રુતિનું બલીયસ્ત્વ (વધારે બળવાન હોવાપણું) સહેજ પણ બાધિત થતું નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अथ कथमत्रापच्छेदन्यायप्रवृत्तिः ? उच्यते – यथा ज्योतिष्टोमे बहिष्पवमानार्थं प्रसर्पतामुद्गातुरपच्छेदे सति 'यद्युद्गाताऽपच्छिद्येता-दक्षिणं यज्ञमिष्ट्वा तेन पुनर्यजेत' इति श्रुतिनिरीक्षणेन जाता उद्गात्रप-च्छेदनिमित्तकप्रायश्चित्तकर्तव्यताबुद्धिः पश्चात् प्रतिहर्त्रपच्छेदे सति 'यदि प्रतिहर्ताऽपच्छिद्येत सर्ववेदसं दद्यात्' इति श्रुतिनिरीक्षणेन जातया तद्विरुद्धप्रतिहर्त्रपच्छेदनिमित्तप्रायश्चित्तकर्तव्यताबुद्ध्या बाध्यते, एवं पूर्वं घटादिसत्यत्वप्रत्यक्षं परया तन्मिथ्यात्वश्रुतिजन्यबुद्ध्या बाध्यते ।

न चोदाहृतस्थले पूर्वनैमित्तिककर्तव्यताबुद्धेः परनैमित्तिककर्तव्यता-बुद्ध्या बाधेऽपि पूर्वनैमित्तिककर्तव्यताजनकं शास्त्रं यत्रोद्गातृमात्रापच्छेदः, उभयोरपि युगपदपच्छेदौ वा, उद्गात्रपच्छेदस्य परत्वं वा तत्र सावकाशम्, प्रत्यक्षं तु अद्वैतश्रुत्या बाधे विषयान्तराभावान्निरालम्बनं स्यादिति वैषम्यं शङ्कनीयम् । यत्र घटादौ श्रुत्या बाध्यं प्रत्यक्षं प्रवर्तते, तत्रैव व्यावहारिकं विषयं लब्ध्वा कृतार्थस्य तस्य परापच्छेदस्थले सर्वथा बाधितस्य पूर्वापच्छेदशास्त्रस्येव विषयान्तरान्वेषणाभावात् । इहापि सर्वप्रत्ययवेद्यब्रह्म-सत्तायां सावकाशं प्रत्यक्षमिति वक्तुं शक्यत्वाच्च ।

હવે પ્રશ્ન થાય કે અહીં અપચ્છેદન્યાયની પ્રવૃત્તિ કઈ રીતે છે? કહીએ છીએ— જ્યોતિષ્ટોમ યાગમાં બહિષ્પવમાન સ્તોત્રને માટે ગતિ કરતા ઋત્વિજોમાં જો ઉદ્ગાતાનો અપચ્છેદ (વિચ્છેદ) થઈ જાય તો 'જો ઉદ્ગાતાનો અપચ્છેદ થાય તો દક્ષિણા વિના યજ્ઞ કરીને ફરી તે યજ્ઞ કરવો.' એ શ્રુતિના નિરીક્ષણથી ઉદ્ગાતા-ના અપચ્છેદ નિમિત્તે પ્રાયશ્ચિત કરવું જોઈએ એવી બુદ્ધિ ઉત્પન્ન થાય છે તે પછીથી પ્રતિહર્તાનો અપચ્છેદ થતાં 'જો પ્રતિહર્તાનો અપચ્છેદ થાય તો સર્વ ધન આપી દેવું' એવી શ્રુતિના નિરીક્ષણથી ઉત્પન્ન થયેલી તેનાથી વિરુદ્ધ એવી પ્રતિ-હર્તાના અપચ્છેદ નિમિત્તે પ્રાયશ્ચિત કરવું જોઈએ એવી બુદ્ધિથી બાધિત થાય છે. એ જ રીતે પૂર્વ એવું ઘટાદિના સત્યત્વનું પ્રત્યક્ષ પર એવી તેના મિથ્યાત્વની શ્રુતિથી ઉત્પન્ન થયેલી બુદ્ધિથી બાધિત થાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શંકા થાય કે ઉદાહૃત સ્થળમાં પૂર્વ નૈમિત્તિક પ્રાયશ્ચિતકર્તવ્યતાબુદ્ધિ (ઉદ્ગાતાના અપચ્છેદરૂપી નિમિત્તને લઈને મારે પ્રાયશ્ચિત કરવું જોઈએ એવી પહેલાં થયેલી બુદ્ધિ) પર નૈમિત્તિક કર્તવ્યતાબુદ્ધિથી (પ્રતિહર્તાના અપચ્છેદરૂપી નિમિત્તને લઈને મારે પ્રાયશ્ચિત કરવું જોઈએ એવી પાછળથી થયેલી બુદ્ધિથી) બાધિત થાય તો પણ પૂર્વ નૈમિત્તિક કર્તવ્યતા(બુદ્ધિ)ને ઉત્પન્ન કરનારું શાસ્ત્ર, જ્યાં માત્ર ઉદ્ગાતાનો અપચ્છેદ હોય, જ્યાં બન્નેનો એકસાથે અપચ્છેદ હોય, અથવા ઉદ્ગાતાનો અપચ્છેદ પરમાં હોય (પાછળથી થયો હોય) ત્યાં સાવકાશ છે, જ્યારે (ઘટાદિ સત્યત્વ–) પ્રત્યક્ષ તો અદ્વૈતશ્રુતિથી બાધિત થતાં તેનો બીજો વિષય ન હોવાથી નિરાલંબન બની જાય એટલું વૈષમ્ય (બન્ને કિસ્સાઓમાં છે). પણ આવી શંકા કરવી નહિ; કારણ કે જ્યાં ઘટાદિમાં શ્રુતિથી બાધ્ય (બાધિત થઈ શકે તેવું) પ્રત્યક્ષ પ્રવૃત્ત થાય છે ત્યાં જ વ્યાવહારિક (સત્સ્વરૂપ) વિષય મેળવીને કૃતાર્થ થયેલા તેની બાબતમાં, પરાપચ્છેદ સ્થળમાં સર્વથા બાધિત થયેલા પૂર્વાપચ્છેદશાસ્ત્રની જેમ, અન્ય વિષયના અન્વેષણનો અભાવ હોય છે (–તેને બીજો વિષય શોધવાની જરૂર પડતી નથી); અને અહીં પણ સર્વ જ્ઞાનોથી જ્ઞાત થતી બ્રહ્મસત્તાને વિષે પ્રત્યક્ષ સાવકાશ છે એમ કહેવું શક્ય છે.

**વિવરણ :** પ્રશ્ન થાય કે અહીં અપચ્છેદન્યાય કેવી રીતે લાગુ પાડશો ? તેનો ઉત્તર આપતાં અપચ્છેદન્યાયની સમજૂતી આપી છે. બહિષ્પવમાન સ્તોત્ર 'उपास्मै गायतो नरः', 'दविद्युतत्या रुचा', 'पवमानस्य ते कवे' એ ત્રણ સૂક્તોના ગાનથી સાધ્ય છે. જ્યોતિષ્ટોમ યજ્ઞમાં બહિષ્પવમાન સ્તોત્રને માટે એકબીજાનું વસ્ત્ર પકડીને છ ઋત્વિજો અને યજમાન ફરતા હોય છે. બેધ્યાનપણાને લઈને કોઈ નો હાથ છૂટી જાય તો આ અપચ્છેદ કે વિચ્છેદને નિમિત્ત ગણીને પ્રાયશ્ચિત કરવું જોઈએ જેને માટે વિધિઓ શાસ્ત્રમાં છે. જો ઉદ્ગાતાનો અપચ્છેદ થાય તો આરંભેલો યજ્ઞ દક્ષિણા વિના પૂરો કરવો અને ફરી પાછો તે જ યજ્ઞ કરવો એવું શાસ્ત્રનું વિધાન છે. જો પ્રતિહર્તા ઋત્વિજનો અપચ્છેદ થાય તો બધું ધન આપી દેવું જોઈએ એવું વિધાન છે. હવે એક પ્રયોગમાં દૈવવશાત્ એવું બને કે પહેલાં ઉદ્ગાતાનો અપચ્છેદ થાય અને પછી પ્રતિહર્તાનો અપચ્છેદ થાય. બન્ને વખતે તે નિમિત્તે વિહિત પ્રાયશ્ચિત કરવું જોઈએ એવી બુદ્ધિ શાસ્ત્રને જોઈને (અર્થાત્ અપચ્છેદ થતાં જ શાસ્ત્ર મગજમાં આવી જાય છે તેથી —) થાય છે, પણ આ કર્તવ્યતાબુદ્ધિ એકબીજાથી વિરુદ્ધ છે—એક પ્રમાણે પ્રાયશ્ચિતરૂપે પૂરા કરેલા યજ્ઞમાં દક્ષિણા આપવાની નથી, જ્યારે બીજામાં સર્વસ્વનું દાન કરવાનું છે. આ બેનું એક કાળમાં અનુષ્ઠાન સંભવે નહિ તેથી પર એવી નૈમિત્તિક કર્તવ્યતાબુદ્ધિથી પૂર્વનો બાધ થાય છે. આ જ અપચ્છેદન્યાય પ્રમાણે પૂર્વમાં આપણને ઘટાદિના સત્યત્વનું પ્રત્યક્ષ થાય છે તેનો બાધ પાછળથી થતી શાસ્ત્રજન્ય પ્રપંચમિથ્યાત્વબુદ્ધિથી થાય છે કારણ કે એક સ્થળે સત્યત્વ અને મિથ્યાત્વ બન્ને સંભવે નહિ. પૂર્વ જ્ઞાન પર જ્ઞાનથી બાધિત થાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અહીં શંકા થાય કે ઉદ્‌ગાતાના અપચ્છેદ નિમિત્તે પ્રાયશ્ચિત અંગે જે શાસ્ત્રવચન છે તેનો યાગમાં ઉદ્‌ગાતાનો અપચ્છેદ પહેલાં થાય અને પછીથી પ્રતિહર્તાનો અપચ્છેદ થાય ત્યાં બાધ થતો હોય તો પણ તે સર્વથા નિરવકાશ નથી, તેને અન્યત્ર કામ કરવાની તક છે, તેની સાર્થકતા છે—જ્યાં માત્ર ઉદ્‌ગાતાનો અપચ્છેદ થયો હોય ત્યાં એ સાવકાશ છે; અથવા પહેલાં પ્રતિહર્તાનો અપચ્છેદ અને પછીથી ઉદ્‌ગાતાનો અપચ્છેદ થાય ત્યાં એ કામ કરશે. અને ઉદ્‌ગાતા અને પ્રતિહર્તા બન્નેનો અપચ્છેદ એક કાળમાં થાય ત્યાંય એ સાવકાશ છે કારણ કે **આપસ્તંબે** કહ્યું છે કે ઉદ્‌ગાતા અને પ્રતિહર્તાનો અપચ્છેદ એકસાથે થાય ત્યારે ઉદ્‌ગાતાના અપચ્છેદ નિમિત્તે જે પ્રાયશ્ચિત્ત બતાવ્યું છે તે જ કરવું ( उद्गातृप्रतिहर्त्रपच्छेदयोर्यौगपद्यस्थले उद्गात्रपच्छेदनिमित्तकमेव प्रायश्चित्तमनुष्ठेयम् । ). પણ અદ્વૈતશ્રુતિથી ઘટાદિના સત્યત્વનું પ્રત્યક્ષ બાધિત થાય તો તેને અન્ય કોઈ વિષય ન હોવાથી કોઈ અવકાશ રહેતો નથી, તેથી દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિકમાં આ ફરક છે. માટે અપચ્છેદન્યાય લાગુ પાડવો ન જોઈએ —પ્રત્યક્ષ વિષય વિનાનું હોય એવું તો બને જ નહિ.

આનો ઉત્તર એ છે કે દ્વૈત પ્રપંચમાં પારમાર્થિક સત્યત્વનો બાધ શ્રુતિથી થાય તો પણ વ્યાવહારિક સત્યત્વ પ્રત્યક્ષના વિષય તરીકે સલામત છે તેથી પ્રત્યક્ષ નિરવકાશ છે તેવું નથી. વ્યાવહારિક સત્ત્વરૂપી વિષયમાં તો ઘટાદિ પ્રત્યક્ષ કૃતાર્થ છે જ તેથી તેને સાર્થકતાને માટે અન્ય વિષય શોધવાની જરૂર પડતી નથી. જ્યારે ઉપર કહેલા દૃષ્ટાન્તમાં પૂર્વાપચ્છેદ–શાસ્ત્રનો સર્વથા બાધ થાય છે તેથી અન્યત્ર વિષય શોધવો પડે છે—તેના સાવકાશત્વને માટે. જો એવી દલીલ કરવામાં આવે કે સર્વત્ર સત્તા એક જ છે; વ્યાવહારિક સત્તા, પ્રાતિભાસિક સત્તા જેવું કશું છે જ નહિ તેથી સત્તાનો સત્ત્વપ્રત્યક્ષને માટે પણ બીજો વિષય શોધવાનો રહે જ છે, —તો તેનો ઉત્તર એ છે કે દ્વૈતસત્ત્વ-પ્રત્યક્ષ પણ નિરવકાશ નહીં બને કારણ કે પૂર્વાપચ્છેદનિમિત્તક પ્રાયશ્ચિતશાસ્ત્ર જેમ અન્ય પ્રયોગમાં સાવકાશ છે તેમ ઘટાદિદ્વૈતથી અન્યત્ર, તેના અધિષ્ઠાનભૂત બ્રહ્મસત્તાને વિષે સત્ત્વપ્રત્યક્ષ સાવકાશ છે જ. બ્રહ્મરૂપ સત્ સર્વ પ્રપંચનું અધિષ્ઠાન છે અને જે જે વસ્તુનું જ્ઞાન આપણને થાય છે તે સર્વનું જ્ઞાન 'સત્' તરીકે જ થાય છે— ઘટોઽસ્તિ, પટોઽસ્તિ વગેરે. આમ સર્વ જગત્‌ની સત્તા સર્વ જ્ઞાનોથી પ્રતીત થાય છે અને સર્વની અધિષ્ઠાનભૂત બ્રહ્મસત્તા જ છે, તેનાથી અતિરિક્ત કોઈ સત્તા નથી. એ અધિષ્ઠાનભૂત બ્રહ્મસત્તાને વિષે પ્રપંચસત્યત્વ–પ્રત્યક્ષ સાવકાશ રહે છે, તેથી કોઈ દોષ નથી.

**यत्त्वेकस्मिन्नपि प्रयोगे क्रमिकाभ्यां निमित्ताभ्यां क्रतौ तत्तन्नैमित्तिककर्तव्यतयोर्बदरफले श्यामरक्तरूपयोरिव क्रमेणोत्पादाद् रूपज्ञानद्वयवत् कर्तव्यताज्ञानद्वयमपि प्रमाणमेवेति न परेण पूर्वज्ञानबाधे अपच्छेदन्याय उदाहरणम् । अत एवापच्छेदाधिकरणे (पू.मी. अ. ६, पा. ५, अधि. १९) "नैमित्तिकशास्त्रस्य ह्ययमर्थः निमित्तोपजननात् प्रागन्यथाकर्तव्योऽपि क्रतुर्निमित्ते सत्यन्यथा कर्तव्यः" इति शास्त्रदीपिकावचनमिति ।**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

तन्न । अङ्गस्य सतः कर्तव्यत्वम् । न च पश्चाद्भाविप्रतिहर्त्रपच्छेदवति क्रतौ पूर्ववृत्तोद्गात्रपच्छेदनिमित्तकस्य प्रायश्चित्तस्याङ्गत्वमस्ति । आहवनीयशास्त्रस्य पदहोमातिरिक्तहोमविषयत्ववद् 'यद्युद्गाताऽपच्छिद्येत' इति शास्त्रस्य पश्चाद्भाविप्रतिहर्त्रपच्छेदरहितक्रतुविषयत्वात् । उक्तं हि न्यायरत्नमालायाम्—

"साधारणस्य शास्त्रस्य विशेषविषयादिना ।
सङ्कोचः क्लृप्तरूपस्य प्राप्तबाधोऽभिधीयते ॥"

(न्यायरत्नमाला, ४.१४)

इत्युक्तलक्षणप्राप्तबाधविवेचने "तत्रैवं सति शास्त्रार्थो भवति, पश्चाद्भाव्युद्गात्रपच्छेदविधुरप्रतिहर्त्रपच्छेदवतः क्रतोस्सर्ववेदसदानमङ्गम्, एवमुद्गात्रपच्छेदेऽपि द्रष्टव्यम्" इति ।

એમ કહેવામાં આવે કે જેમ બોરના ફળમાં ક્રમથી લીલો અને લાલ રંગ ઉત્પન્ન થતા હોવાથી (બન્ને) રૂપોનાં બે જ્ઞાનો પ્રમાણ છે (યથાર્થ છે) તેમ એક પ્રયોગમાં પણ એક પછી એક થતાં બે નિમિત્તોને કારણે યાગને વિષે તે તે નિમિત્તને લીધે કરવાનાં (પ્રાયશ્ચિતની) બે કર્તવ્યતા—બુદ્ધિઓ પ્રમાણ જ છે તેથી પર(જ્ઞાન)થી પૂર્વજ્ઞાનના બાધમાં અપચ્છેદન્યાય ઉદાહરણ નથી. તેથી જ અપચ્છેદાધિકરણમાં શાસ્ત્રદીપિકાનું વચન છે કે "નૈમિત્તિક (—કોઈ નિમિત્તને લઈને પ્રવૃત્ત થતું—) શાસ્ત્રનો આ અર્થ છે કે (ઉત્તર) નિમિત્ત ઉત્પન્ન થતાં પહેલાં અન્ય રીતે યાગ કરવા યોગ્ય હતો તેમ છતાં નિમિત્ત થતાં જુદી રીતે કરવો જોઈએ."

પણ આ (દલીલ) બરાબર નથી. અંગ હોય તો કરવાપણું હોય. અને પાછળ થતા પ્રતિહર્તાના અપચ્છેદવાળા ક્રતુમાં આગળ થઈ ગયેલા ઉદ્‌ગાતાના અપચ્છેદ નિમિત્તે જે પ્રાયશ્ચિત છે તે અંગ નથી. 'आहवनीये जुहोति' એ આહવનીયશાસ્ત્રનો જેમ પદહોમથી અતિરિક્ત હોમ વિષય છે તેમ 'જો ઉદ્‌ગાતાનો વિચ્છેદ થાય' એ શાસ્ત્રનો પાછળથી થતા પ્રતિહર્તાના વિચ્છેદથી શૂન્ય એવો ક્રતુ વિષય છે. ન્યાયરત્નમાલામાં કહ્યું છે, "(પ્રત્યક્ષસિદ્ધ) સાધારણ શાસ્ત્રનો વિશેષવિષયક (શાસ્ત્ર) આદિથી જે સંકોચ માનવામાં આવે છે તેને પ્રાપ્તબાધ કહે છે" આમ જેનું લક્ષણ આપ્યું છે તે 'પ્રાપ્તબાધ'ના વિવેચનમાં "ત્યાં આમ હોય ત્યારે શાસ્ત્રનો અર્થ એવો છે કે પાછળથી થતા ઉદ્‌ગાતાના અપચ્છેદરહિત અને પ્રતિહર્તાના અપચ્છેદથી યુક્ત ક્રતુમાં સર્વ ધનનું દાન અંગ છે; તેમ ઉદ્‌ગાતાના અપચ્છેદ વિષે પણ વિચારવું."

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ** : ઉપર જે કહ્યું છે અને અપચ્છેદ-ન્યાયનું ઉદાહરણ આપ્યું છે તેને વિષે શંકા થઈ શકે. બોરના ફળમાં પહેલાં લીલો રંગ ઉત્પન્ન થાય છે, પછી ત્યાં જ પૂર્વના લીલા રંગના નાશ પછી લાલ રંગ ઉત્પન્ન થાય છે અને એક જ વસ્તુને વિષે, જુદા જુદા સમયે થતાં હોવાથી, બન્ને રૂપજ્ઞાન પ્રમાણભૂત છે. તેવી રીતે પૂર્વ નિમિત્ત ઉદ્દ્ગાતાનો વિચ્છેદ) ઉત્પન્ન થયું છે તેટલા માત્રથી પૂર્વ નૈમિત્તિકની કર્તવ્યતા ઉત્પન્ન થાય છે, અને પાછળ થતા નિમિત્ત (પ્રતિહર્તાનો અપચ્છેદ)થી પૂર્વ કર્તવ્યતાનો નાશ થયા પછી ઉત્તર નૈમિત્તિકની કર્તવ્યતા ઉત્પન્ન થાય છે, અને પાછળ થતા નિમિત્ત (પ્રતિહર્તાનો અપચ્છેદ)થી પૂર્વ કર્તવ્યતાનો નાશ થયા પછી ઉત્તર નૈમિત્તિકની કર્તવ્યતા ઉત્પન્ન કરવામાં આવે છે. આમ ઉદ્દ્ગાતાના વિચ્છેદરૂપી નિમિત્ત થતાં દક્ષિણા વિનાના યાગની કર્તવ્યતા જન્મી. પછીથી પ્રતિહર્તાના વિચ્છેદરૂપ નિમિત્ત થતાં તે પૂર્વ કર્તવ્યતાનો નાશ કરીને સર્વસ્વના દાનવાળા યાગની કર્તવ્યતાને ઉત્પન્ન કરે છે તેથી પાછળથી થતા વિરુદ્ધ પ્રકારના વિચ્છેદવાળા યજ્ઞમાં પણ પૂર્વ નૈમિત્તિકશાસ્ત્રનું અપ્રામાણ્ય નથી. ઉત્તર નિમિત્ત ઉત્પન્ન થયું તે પહેલાં પૂર્વ નૈમિત્તિક કર્તવ્યતા વસ્તુતઃ હતી એમ **શાસ્ત્રદીપિકા**માં પણ કહ્યું છે. ઉત્તરભાવી પ્રતિહર્તાનો વિચ્છેદ ઉત્પન્ન થયો તે પહેલાં જુદી રીતે અર્થાત્ દક્ષિણા આપ્યા સિવાય ક્રતુ વસ્તુતઃ કરવાનો હતો જ, તેમ છતાં પાછળથી પ્રતિહર્તાના વિચ્છેદરૂપ નિમિત્ત થતાં તે યજ્ઞ જુદી રીતે અર્થાત્ સર્વ ધનની દક્ષિણા આપીને કરવાનો થાય છે. તેથી પર શાસ્ત્રથી પૂર્વ શાસ્ત્રનો બાધ નથી. બન્ને પ્રમાણ છે.

આ શંકા બરાબર નથી. જો પૂર્વ પ્રાયશ્ચિત્ત યાગમાં અંગરૂપ હોત તો આ બરાબર હતું, પણ ક્રમથી થતા વિરુદ્ધ વિચ્છેદવાળા યજ્ઞમાં પૂર્વ નૈમિત્તિકની કર્તવ્યતાની નિષ્પત્તિમાં કોઈ પ્રમાણ નથી કારણ કે પૂર્વ નૈમિત્તિક યજ્ઞનું અંગ નથી - તેને અંગ તરીકે જણાવનાર કોઈ પ્રમાણ નથી. પૂર્વ નૈમિત્તિકશાસ્ત્ર(—ઉદ્દ્ગાતાનો વિચ્છેદ થાય તો તે યજ્ઞ દક્ષિણા આપ્યા વિના પૂરો કરવો અને ફરી યજ્ઞ કરીને તેમાં દક્ષિણા આપવી—)થી વિહિત આ પ્રાયશ્ચિત આ યાગમાં અંગ છે એ અંગેનું પ્રમાણ નથી, કારણ કે તે અન્ય પ્રયોગોમાં સાવકાશ હોઈ ને ત્યાં પણ અંગત્વનું બોધક નથી. શાસ્ત્રનો સંકોચ થાય છે. એક ઉદાહરણ લઈએ. आहवनीये जुहोति એ સામાન્યશાસ્ત્ર હોમમાત્રમાં આહવનીયનું વિધાન કરવા પ્રવૃત્ત થાય છે ત્યાં पदे जुहोति— (ગાયના પગલામાં —સાતમી ખરી જ્યાં પડે ત્યાં —હોમ કરવો) એ વિશેષશાસ્ત્રથી ઉપર્યુક્ત સામાન્ય શાસ્ત્રનો સંકોચ થાય છે અને તે પદહોમથી અતિરિક્ત હોમમાં આહવનીયનું વિધાયક બને છે. તે જ રીતે ઉદ્દ્ગાતાના અપચ્છેદ નિમિત્તે પ્રાયશ્ચિતનું વિધાન કરતાર શાસ્ત્ર જ્યાં પાછળથી પ્રતિહર્તાનો વિચ્છેદ ન થતો હોય એવા યાગ વિષે છે અને પ્રતિહર્તાના અપચ્છેદ નિમિત્તે પ્રાયશ્ચિતનું વિધાન કરનાર શાસ્ત્ર જ્યાં પાછળથી ઉદ્દ્ગાતાનો વિચ્છેદ ન થતો હોય એવા યાગ વિષે છે. આ રીતે થતા શાસ્ત્રના સંકોચને **પ્રાપ્તબાધ** કહે છે. (તેથી બાધ થાય જ છે.) અપચ્છેદના સ્થળે ઉત્તરજ્ઞાનથી પૂર્વજ્ઞાનનો બાધ થાય છે ત્યાં પાછળથી થતા પ્રતિહર્તાના અપચ્છેદ વિનાના એવા ઉદ્દ્ગાતાના અપચ્છેદવાળા યાગમાં યાગનું દક્ષિણા વિના સમાપન એનું અંગ છે; અને પાછળથી ઉદ્દ્ગાતાનો અપચ્છેદ ન થતો હોય તેવા પ્રતિહર્તાના અપચ્છેદવાળા યાગમાં સર્વ ધનનું દાન યાગનું અંગ છે એમ **પાર્થસારથિમિશ્રકૃત ન્યાયરત્નમાલા**માંના× વિવેચનથી જ્ઞાત થાય છે.

× જુઓ ન્યાયરત્નમાલા, ૬ ૧૪ (પૃ ૨૮૪)—પાર્થસારથિમિશ્ર (સં.)—રામસ્વામી શાસ્ત્રી (ઓરિયેન્ટલ ઇન્સ્ટીટ્યૂટ, વડોદરા, ૧૯૩૭).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**यत्तु शास्त्रदीपिकावचनमुदाहृतम् , तदपि 'तेनोत्पन्नमपि पूर्वप्रायश्चित्त-ज्ञानं मिथ्या भवति बाधितत्वाद्, उत्तरस्य तु न किञ्चिद् बाधकमस्ति' इति पूर्वकर्तव्यताबाध्यत्वप्रतिपादकग्रन्थोपसंहारपठितत्वाद् निमित्तोपजननात् प्राङ् निमित्तोपजननं विना निमित्तोपजननाभावे सति अन्यथा कर्तव्योऽपीति कृत्वा चिन्तामात्रपरम् । न तूत्तरनिमित्तोपजननात्प्राक् पूर्वनैमित्तिक-कर्तव्यता वस्तुत आसीदित्येवंपरम्, पूर्वग्रन्थसन्दर्भविरोधापत्तेः ।**

જ્યારે **શાસ્ત્રદીપિકા**નું જે વચન ટાંક્યું છે તે પણ "તેનાથી (—પૂર્વ પ્રવૃત્ત નૈમિત્તિક શાસ્ત્રથી) ઉત્પન્ન થયેલું હોવા છતાં પૂર્વપ્રાયશ્ચિત્ત જ્ઞાન (ઉત્તર નૈમિત્તિક શાસ્ત્રથી) બાધિત થવાને કારણે મિથ્યા બને છે; જ્યારે ઉત્તર (પાછળ ઉત્પન્ન થયેલા પ્રાયશ્ચિત્તજ્ઞાન)નું કશું બાધક નથી" એમ પૂર્વ કર્તવ્યતાના બાધ્યત્વનું પ્રતિપાદન કરનાર ગ્રંથના ઉપસંહારમાં પઠિત હોવાથી નિમિત્તની ઉત્પત્તિની પહેલાં (અર્થાત્) નિમિત્તની ઉત્પત્તિ વિના, નિમિત્તની ઉત્પત્તિનો અભાવ હોય ત્યારે (યાગ) અન્યથા કરવા યોગ્ય પણ છે' એને કરીને ચિન્તામાત્ર—પરક છે. પણ ઉત્તરનિમિત્તની ઉત્પત્તિની પહેલાં પૂર્વ નૈમિત્તિક કર્તવ્યતા વસ્તુતઃ હતી એમ તેનું તાત્પર્ય નથી, કારણ કે (એમ માનતાં) પૂર્વગ્રન્થના સંદર્ભનો વિરોધ આવી પડે.

**વિવરણ** : શંકાકારે नैमित्तिकशास्त्रस्य (નિર્ણયસાગરની આવૃત્તિ પ્રમાણે પાઠ नैमित्तिकशास्त्राणां) ह्ययमर्थः ...ઇત્યાદિ **શાસ્ત્રદીપિકા**નું વચન ટાંક્યું છે તે એમ બતાવવાને માટે કે જેમ એક ઘટમાં ક્રમિક બે રૂપનાં જ્ઞાન પ્રામાણિક છે તેમ એક યાગમાં ક્રમિક બે નૈમિત્તિક પ્રાયશ્ચિત્તનાં જ્ઞાન પણ પ્રામાણિક હોઈ શકે છે તેથી પૂર્વજ્ઞાનનો પરથી બાધ થાય છે એમ માની શકાય નહિ. આનો ઉત્તર આપતાં **સિદ્ધાન્તી** કહે છે કે ઉક્ત ગ્રંથનું તાત્પર્ય જુદું છે— नैमित्तिकशास्त्रस्य...વાક્ય ઉપસંહાર ભાગમાં છે તેથી ઉપક્રમગ્રંથ પ્રમાણે જ તેનો અભિપ્રાય નક્કી કરી શકાય અને ઉપક્રમમાં તો तेनोत्पन्नमपि...એ વાક્ય છે. આ ઉપક્રમ વાક્યનું તાત્પર્ય એવું છે કે જે શંકા કરવામાં આવી છે કે ઉદ્ગાતા અને પ્રતિહર્તાનો ક્રમિક અપચ્છેદ થાય ત્યાં પૂર્વ નિમિત્તને લીધે કરવાનું થતું પ્રાયશ્ચિત જ કરવું જોઈએ કારણકે એનું કોઈ વિરોધી નથી તેથી તેનું જ્ઞાન અનાયાસે થઈ જાય છે જ્યારે પાછળના નિમિત્તને લઈને કરવાનું પ્રાયશ્ચિત પૂર્વનિમિત્તક પ્રાયશ્ચિતથી વિરુદ્ધ હોઈને તેનું જ્ઞાન થઈ શકતું નથી. તેથી પૂર્વ જ બળવાન છે, —આ શંકાનો ઉત્તર 'तेनोत्पन्नम्...' થી આપ્યો છે. પૂર્વ નૈમિત્તકશાસ્ત્રથી પૂર્વ પ્રાયશ્ચિત્તનું જ્ઞાન થાય છે પણ તે ઉત્તરથી બાધિત થતાં મિથ્યા બને છે. 'જો ઉદ્ગાતાનો અપચ્છેદ થાય...' વગેરે શાસ્ત્રથી પૂર્વનિમિત્તક પ્રાયશ્ચિતનું જ્ઞાન થાય છે પણ જે ઉત્તરનિમિત્તક પ્રાયશ્ચિતનું જ્ઞાન છે તે પોતાથી વિરુદ્ધ એવું જે પૂર્વજ્ઞાન છે તેનો બાધ કરીને જ પ્રવૃત્ત થાય છે. આમ 'तेनोत्पन्नमपि...' એ જે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉપક્રમ ગ્રંથ છે તેના પ્રમાણે જ ઉપસંહારમાં આવતા ગ્રંથનું તાત્પર્ય નક્કી કરવું જોઈએ. અને તેનું તાત્પર્ય એ જ હોઈ શકે કે જે ક્રતુમાં ક્રમિક વિરુદ્ધ અપચ્છેદ ન હોય ત્યાં દ્વિતીય નિમિત્તની ઉત્પત્તિના અભાવમાં પૂર્વનિમિત્તના બળે એ ક્રતુનો પ્રયોગ જુદી રીતે થઈ પણ શકે. પણ પ્રકૃતમાં તો એવું નથી. અહીં તો દ્વિતીય નિમિત્તની ઉત્પત્તિ થઈ ગઈ છે તેથી ઉત્તરનિમિત્તક પ્રાયશ્ચિત્તનું જ્ઞાન પૂર્વનો બાધ કરશે જ. આમ પૂર્વ નિમિત્તથી અન્યથા-કર્તવ્યતાની ક્રતુમાં માત્ર સંભાવના ઊભી થાય છે. આ તો શંકા ઊભી કરીને ચર્ચા માત્ર કરી છે. વસ્તુતઃ એ અન્યથાકર્તવ્ય યાગ છે એ રીતની એની સત્તા નિશ્ચિત થતી નથી. આમ **શાસ્ત્રદીપિકા**નું વચન પણ બન્ને જ્ઞાનના પ્રામાણ્યનું સમર્થન કરી શકે નહિ.

જ્યોતિષ્ટોમ યજ્ઞ સોમયાગનો પ્રકાર છે (જુઓ **તૈત્તિરીય બ્રાહ્મણ** ૧.૫.૧૧). આ જ્યોતિષ્ટોમ યાગમાં હવિર્ધાનથી બહિષ્પવમાન દેશ તરફ માત્ર ઋત્વિજોનો 'અન્વારંભ' શ્રુત છે. અર્થાત્ અધ્વર્યુનો કચ્છ પકડીને પ્રસ્તોતા, પ્રસ્તોતાનો કચ્છ પકડીને ઉદ્ગાતા, ઉદ્ગાતાનો કચ્છ પકડીને પ્રતિહર્તા, પ્રતિહર્તાનો કચ્છ પકડીને બ્રહ્મા, બ્રહ્માનો કચ્છ પકડીને યજમાન અને યજમાનનો કચ્છ પકડીને પ્રશાસ્તા એમ જાય છે. ઋત્વિજોમાંથી કોઈનો અપચ્છેદ કે વિચ્છેદ થતાં પ્રાયશ્ચિત કરવું પડે છે — જો પ્રસ્તોતાનો અપચ્છેદ થાય તો બ્રહ્માને વર દે; જો પ્રતિહર્તાનો અપચ્છેદ થાય તો સર્વસ્વનું દાન દેવું પડે; જો ઉદ્ગાતાનો અપચ્છેદ થાય તો એ યજ્ઞ દક્ષિણા આપ્યા વિના પૂરો કરીને ફરી યાગ કરવો પડે અને એમાં જે આગલા યજ્ઞમાં દક્ષિણા આપવાની હતી તે આ યજ્ઞમાં આપવી પડે. આ પ્રાયશ્ચિત્તોના અનુસંધાનમાં એક જ યાગમાં બે અપચ્છેદો સાથે થાય અથવા એક પછી એક થાય તો શું કરવું તેની ચર્ચા કરી છે. ઉત્તર-જ્ઞાનના પ્રામાણ્યના નિર્ણય માટે આ ચર્ચા ટાંકી છે.

**आस्तां मीमांसकमर्यादा । इयामतदुत्तररक्तरूपन्यायेन क्रमिककर्तव्यताद्वयोत्पत्त्युपगमे को विरोधः ?**

**उच्यते – तथा हि, किं तत् कर्तव्यत्वं यत् परनैमित्तिककर्तव्यतोत्पत्त्या निवर्तेत । न तावत् पूर्वनैमित्तिकस्य कृतिसाध्यत्वयोग्यत्वम्, तस्य पश्चादप्यनपायात् । नापि फलमुखं कृतिसाध्यत्वम्, तस्य पूर्वमप्यजननात् । नापि यदननुष्ठाने क्रतोर्वैकल्यं तत्त्वम्, अङ्गत्वं वा । अननुष्ठाने क्रतुवैकल्यप्रयोजकत्वस्य नियमविशेषरूपत्वेन, कर्माङ्गत्वस्य फलोपकारितया सन्निपातितया वा कारणत्वविशेषरूपत्वेन च तयोः कादाचित्कत्वायोगेन स्वाभाविकत्वनिर्वाहाय पश्चाद्भाविविरुद्धापच्छेदाभाववतः क्रतोः पूर्वापच्छेदनैमित्तिकमङ्गम्, तत्रैव तदननुष्ठानं क्रतुवैकल्यप्रयोजकमिति विशेषणीयतया पाश्चात्यापच्छेदान्तरवति क्रतौ पूर्वापच्छेदनैमित्तिके क्रत्वङ्गस्य, तदननुष्ठाने क्रतुवैकल्यप्रयोजकत्वस्य वा पाश्चात्यापच्छेदोत्पत्तेः पूर्वमसम्भवात् । न हि वस्तु किञ्चिद्वस्त्वन्तरं प्रति कञ्चित्कालं व्याप्य पश्चान्नेति वा,**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**कञ्चित्कालं कारणं पश्चान्नेति वा क्वचिद् दृष्टम्, युक्तं वा। नापि कर्तव्यत्वं नाम धर्मान्तरमेवागमापाययोग्यं कल्प्यम्, मानाभावात्। विरुद्धापच्छेद-शास्त्रयोः पदाहवनीयशास्त्रवद् व्यवस्थोपपत्तेः।**

**तस्मान्निरालम्बनं क्रमिककर्तव्यताद्वयोत्पत्तिवचः।**

મીમાંસકોની પરિપાટી ભલે (બાજુએ) રહે. શ્યામ અને તેની પછી લાલ રંગના ન્યાયથી ક્રમિક બે કર્તવ્યતાની ઉત્પત્તિને માનવામાં શો વિરોધ છે?

કહીએ છીએ—જેમકે, એ શી કર્તવ્યતા છે જે ઉત્તરકાલીન નૈમિત્તિકની કર્તવ્યતાની ઉત્પત્તિથી નાશ પામે? જો કહો કે પૂર્વ નિમિત્તથી ઉત્પન્ન થતા પ્રાયશ્ચિત્તની કૃતિસાધ્યતાની યોગ્યતા રૂપ છે તો એ તો યુક્ત નથી કારણકે એવી કર્તવ્યતાનો પછીથી પણ નાશ થતો નથી (એ ચાલુ જ રહે છે). કર્તવ્યતા ફલ-સુખ કૃતિસાધ્યતા પણ નથી કારણ કે તે પહેલાં પણ ઉત્પન્ન થતી નથી. કર્તવ્યતા એટલે એવા હેતુ કે જેના અનનુષ્ઠાનથી ક્રતુમાં વૈકલ્ય થાય, અથવા અંગ હોવું એમ પણ ન કહી શકાય, કેમ કે અનુષ્ઠાન ન કરાતાં જે ક્રતુમાં વૈકલ્યપ્રયોજકત્વ હોય એ નિયમવિશેષરૂપ છે, અને કર્મનું અંગ હોવું તે ફળમાં ઉપકારક તરીકે કે સન્નિપાતી તરીકે કારણવિશેષરૂપ છે તેથી આ બે (વૈકલ્યપ્રયોજકત્વ અને અંગત્વ)માં કાદાચિત્કત્વ ન હોઈ શકે: તેથી તેમના સ્વાભાવિકત્વના નિર્વાહને માટે 'પાછળથી થતા વિરુદ્ધ અપચ્છેદના અભાવવાળા ક્રતુનું પૂર્વ નિમિત્તને લઈને થતું પ્રાયશ્ચિત્ત (નૈમિત્તિક) અંગ છે, અને ત્યાં જ તેનું અનનુષ્ઠાન ક્રતુમાં વૈકલ્યપ્રયોજક છે' એમ વિશેષણ લગાડવું પડતું હોવાથી, પાછળથી થતા બીજા અપચ્છેદવાળા ક્રતુમાં પૂર્વ અપચ્છેદને નિમિત્તે કરવાના થતા પ્રાયશ્ચિત્તમાં ક્રતુના અંગ હોવાપણું, અથવા તેના અનનુષ્ઠાનથી ક્રતુમાં વૈકલ્યપ્રયોજક હોવાપણું પાછળથી થતા અપચ્છેદની ઉત્પત્તિની પહેલાં સંભવતું નથી. કારણ કે કોઈ વસ્તુ બીજી વસ્તુની પ્રતિ કેટલાક કાળ માટે વ્યાપ્ય હોય અને પછીથી ન હોય, અથવા કેટલાક કાળ માટે કારણ હોય અને પછીથી ન હોય એવું ક્યાંય જોવામાં નથી આવ્યું; અથવા એ યુક્ત (પણ) નથી. કર્તવ્યતા એટલે ઉત્પત્તિ અને નાશને યોગ્ય એવો બીજો કોઈ ધર્મ એમ પણ કહી શકાય નહિ. કારણ કે એને માટે પ્રમાણ નથી કેમ કે વિરુદ્ધ એવાં જે બે અપચ્છેદ-શાસ્ત્રો છે તેમની 'पदे जुहोति' અને 'आहवनीये जुहोति' એ બે શાસ્ત્રોની જેમ વ્યવસ્થા થઈ શકે છે.

તેથી ક્રમિક બે કર્તવ્યતાની ઉત્પત્તિ વિષેનું વચન આધાર વિનાનું છે.

**વિવરણ :** શંકાકાર કહે છે કે મીમાંસકની અર્થનિર્ણયની પદ્ધતિ છે તેને બાજુએ રહેવા દઈએ. જેમ ઘટમાં પહેલાં શ્યામ રંગ હોય છે, પછી પાકથી શ્યામ રંગનો નાશ કરીને લાલ રંગ ઉત્પન્ન થાય છે તેમ પહેલાં પૂર્વ નૈમિત્તિકકર્તવ્યતા ઉત્પન્ન થાય છે, પછી ઉત્તર નૈમિત્તિકકર્તવ્યતાની ઉત્પત્તિથી તેનો નાશ થાય છે. આમ બે કર્તવ્યતાઓની ક્રમિક ઉત્પત્તિ માનવામાં કોઈ વિરોધ હોઈ શકે નહિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સિદ્ધાન્તી ઉત્તર આપતાં કહે છે કે તમે 'કર્તવ્યતા'થી શું સમજો છો ? જે પર નિમિત્તથી ઉત્પન્ન થતા પ્રાયશ્ચિત્તની કર્તવ્યતાની ઉત્પત્તિથી નાશ પામે છે ? જો ઉત્તર નૈમિત્તિકની કર્તવ્યતાની ઉત્પત્તિથી પૂર્વ નિમિત્તથી ઉત્પન્ન થતા પ્રાયશ્ચિત્તની કર્તવ્યતા નાશ પામતી હોય તો એનું નિરૂપણ જ શકય નથી શું એ કર્તવ્યતા કૃતિસાધ્યત્વયોગ્યત્વ છે, કે ફલાભિમુખ કૃતિસાધ્યત્વ છે, કે ક્રતુવૈકલ્ય લાવનાર અનનુષ્ઠાનના પ્રતિયોગી એવા અનુષ્ઠાનશાળી હોવું એ છે, કે અંગ હોવું એ છે, કે બીજું કશુંક છે ? કર્તવ્યતા પૂર્વકાલીન નિમિત્તથી ઉત્પન્ન થતા પ્રાયશ્ચિત્તમાં કૃતિસાધ્યતાની યોગ્યતારૂપ હોઈ શકે નહિ, કારણ કે ઉત્તરકાલીન પ્રાયશ્ચિત્તના કર્તવ્યતાકાળમાં પણ ઉક્ત લક્ષણવાળી પૂર્વ કર્તવ્યતા અનુવર્તમાન રહે છે તેથી તેનાથી એ નાશ ન પામતી હોવાને કારણે ઘડાના કાળા અને લાલ રંગોના જેમ તેમને ક્રમિક માનવામાં વિરોધ ઊભો થાય છે કર્તવ્યતા ફલોન્મુખ કૃતિસાધ્યતારૂપ પણ હોઈ શકે નહિ, કારણ કે પહેલાં પણ તેની ઉત્પત્તિ થતી નથી. જો એની ઉત્પત્તિ થાય તો તેમાં ફલોન્મુખ કૃતિસાધ્યત્વ રહે, પણ તેમ થતું નથી. આ દૃષ્ટિએ પૂર્વ નિમિત્તથી ઉત્પન્ન થતા પ્રાયશ્ચિત્તની કર્તવ્યતાના જ્ઞાનમાં મીમાંસકની મર્યાદાથી સિદ્ધ ભ્રાન્તત્વ જ આવે છે (કારણ કે ઉત્તર નૈમિત્તિકકર્તવ્યતાથી બાધિત થાય છે); પૂર્વપક્ષીએ રજૂ કરેલી ન્યાયવૈશેષિક મર્યાદા અનુસાર શ્યામતાના જ્ઞાનની જેમ એ પ્રમારૂપ રહેતું નથી.

કર્તવ્યતા એટલે એવા અનુષ્ઠાનશાળી હોવું જેના અનનુષ્ઠાનથી યાગમાં વૈકલ્ય ઊભું થાય, અથવા ક્રતુના અંગરૂપ હોવું એમ પણ ન કહી શકાય. જ્યાં પહેલાં ઉદ્ગાતાનો અપચ્છેદ થાય અને પછી પ્રતિહર્તાનો અપચ્છેદ થાય ત્યાં ઉદ્ગાતાના અપચ્છેદ નિમિત્તે જે પ્રાયશ્ચિત્ત કરવાનું છે તેનું અનનુષ્ઠાન તે ક્રતુમાં વૈકલ્યપ્રયોજક છે; અને તે પ્રાયશ્ચિત્ત ક્રતુનું અંગ છે એમ કહેનારે એ કહેવું પડશે કે પૂર્વ પ્રાયશ્ચિત્તનું અનનુષ્ઠાન ક્રતુવૈકલ્યપ્રયોજક છે એમ કહો છો તે કયા અર્થમાં—એ વૈકલ્ય ઉત્પન્ન કરનારું છે, કે વૈકલ્યનું વ્યાપક છે, કે વૈકલ્યથી વ્યાપ્ય છે. વૈકલ્યનું ઉત્પાદક છે એમ કહી શકાય નહિ કારણ કે અનનુષ્ઠાન તો અભાવરૂપ છે. તે કેવી રીતે ઉત્પાદક બની શકે ? અને ક્રતુવૈકલ્ય પણ ક્રતુના ઉપકારના પ્રાગભાવરૂપ હોઈને તેનાથી ઉત્પાદ્ય હોઈ શકે નહિ. તે વૈકલ્યપ્રયોજકતાનું વ્યાપક પણ હોઈ શકે નહિ અર્થાત્ જ્યાં જ્યાં વૈકલ્યપ્રયોજકતા હોય ત્યાં ત્યાં પૂર્વ પ્રાયશ્ચિત્તનું અનનુષ્ઠાન હોય જ એમ પણ માની શકાય નહિ. જ્યાં માત્ર ઉદ્ગાતાનો અપચ્છેદ થયો છે એવા ક્રતુમાં તે અંગે પ્રાયશ્ચિત્ત કર્યું હોવા છતાં કોઈ બીજા કારણને લઈને વૈકલ્ય હોય ત્યાં વૈકલ્ય હોવા છતાં પ્રાયશ્ચિત્તના અનનુષ્ઠાનનો અભાવ હોવાથી આ નિયમનો વ્યભિચાર છે. તેથી ત્રીજો પક્ષ બાકી રહે છે કે અનનુષ્ઠાન ક્રતુવૈકલ્યથી વ્યાપ્ય છે; અર્થાત્ અનનુષ્ઠાન હોય ત્યાં વૈકલ્ય હોય જ. પ્રાયશ્ચિત્તની કર્તવ્યતાને જો ક્રતુના અંગરૂપ હોવું તે માનીએ તો એ બે રીતે થઈ શકે—ફલોપકારી તરીકે અને સન્નિપત્યોપકારી તરીકે. ફલોપકારી હોવું એટલે પરમ કે મુખ્ય અપૂર્વમાં અદૃષ્ટ દ્વારા કારણ હોવું, જેમ કે પ્રયાજ આદિ અદૃષ્ટ દ્વારા પરમાપૂર્વમાં ઉપકારક હોય છે. સન્નિપત્યોપકારક હોવું એટલે યાગના સ્વરૂપના ઉત્પાદક હોવું; જેમ કે દ્રવ્ય દેવતા વગેરે સન્નિપત્યોપકારક તરીકે યાગનાં અંગ છે પ્રશ્ન થાય કે અનનુષ્ઠાનને ક્રતુવૈકલ્યવ્યાપ્ય અને ક્રત્વંગત્વને ફલોપકારિત્વ કે સન્નિપત્યોપકારિત્વ માનીએ તો શો વાંધો ? આના ઉત્તરમાં પૂછી શકાય કે એકઆજ્ઞાથી વિરુદ્ધ એવા

એ ક્રમિક અપચ્છેદોવાળા ક્રતુમાં પૂર્વ પ્રાયશ્ચિત્તના અનનુષ્ઠાનમાં રહેલું ક્રતુવૈકલ્યવ્યાપ્યત્વરૂપ ક્રતુવૈકલ્યપ્રયોજકત્વ, અને પૂર્વ પ્રાયશ્ચિત્તનું અંગત્વ એ બીજું નિમિત્ત ઉત્પન્ન થયા પછી ચાલુ રહે છે કે નહિ. જો ચાલુ રહેતાં હોય તો ક્રતુવૈકલ્યપ્રયોજક અનનુષ્ઠાનના પ્રતિયોગી અનુષ્ઠાનશાલિતારૂપ પૂર્વપ્રાયશ્ચિત્તકર્તવ્યતા, અને એ પ્રાયશ્ચિત્તમાં રહેલી અંગત્વરૂપ કર્તવ્યતા ઉત્તરનૈમિત્તિકકર્તવ્યતાથી નાશ પામે છે એમ જે માનવામાં આવે છે તેનો ભંગ થાય. જો ન ચાલુ રહેતાં હોય તો પૂર્વપ્રાયશ્ચિત્તના અનનુષ્ઠાનનું ક્રતુવૈકલ્યવ્યાપ્યત્વ દ્વિતીય નિમિત્તની ઉત્પત્તિની પહેલાં જ છે, જ્યારે તેની ઉત્પત્તિની પછી તે નથી એમ ઠરે. એ જ રીતે પૂર્વ પ્રાયશ્ચિત્તમાં રહેલી અંગત્વરૂપ કર્તવ્યતા દ્વિતીય નિમિત્તની ઉત્પત્તિ પહેલાં જ છે. પણ પાછળથી નથી એમ ઠરે. આમ વ્યાપ્યત્વ અને કારણત્વ પોતાના આશ્રયમાં કાદાચિત્ક છે (થોડા સમય માટે છે, સ્વાભાવિક નથી) એમ માનવું પડે પણ આ બરાબર નથી. કોઈ વસ્તુ કોઈ બીજી વસ્તુની પ્રતિ થોડા સમય માટે વ્યાપ્ય હોય અને પછી ન હોય, કે થોડા સમય માટે કારણ હોય અને પછી ન હોય એવું ક્યાંય જોયું નથી, તેમ એ યુક્તિયુક્ત નથી. ધૂમમાં ક્યારેક વહ્નિવ્યાપ્યતા છે એમ માનતાં સોપાધિકતા પ્રસક્ત થાય છે: કોઈ ઉપાધિને લીધે જ્યાં ધૂમ છે ત્યાં વહ્નિ પણ હાજર છે એમ માનવું પડે; અને એ જ પ્રમાણે વહ્નિની ધૂમકારણતામાં કાદાચિત્કત્વ હોય તો ધૂમરૂપ કાર્ય મેળવવા માટે વહ્નિરૂપ કારણના ગ્રહણને વિષે કોઈની પ્રવૃત્તિ નિષ્કમ્પ વિશ્વાસપૂર્વકની નહીં હોય તેથી વ્યાપ્યત્વ અને અંગત્વને સ્વાભાવિક—યાવદાશ્રયભાવી—માનવાં જોઈએ. આ વ્યાપ્યત્વ અને અંગત્વ કાદાચિત્ક ન માનવાં પડે. પણ સ્વાભાવિક માની શકાય એટલા માટે એમ સ્પષ્ટતાપૂર્વક કહેવું જોઈએ કે પાછળથી થતા વિરુદ્ધ અપચ્છેદના અભાવવાળા ક્રતુમાં પૂર્વ અપચ્છેદને નિમિત્તે કરાયેલુ પ્રાયશ્ચિત્ત તેનું અંગ છે, અને ત્યાં જ એ પ્રાયશ્ચિત્તનું અનનુષ્ઠાન ક્રતુવૈકલ્યપ્રયોજક છે. તેથી જે ક્રતુમાં પાછળથી બીજો અપચ્છેદ થાય છે, ત્યાં પૂર્વ અપચ્છેદને નિમિત્તે જે પ્રાયશ્ચિત્ત કરવાનું થાય તે ક્રતુનું અંગ સંભવતું નથી; અને એ પૂર્વનિમિત્તક પ્રાયશ્ચિત્તના અનનુષ્ઠાનમાં ક્રતુવૈકલ્યપ્રયોજકતા પાછળથી થતા અપચ્છેદની ઉત્પત્તિની પહેલાં સંભવતી નથી. આમ ક્રમિક વિરુદ્ધ અપચ્છેદવાળા ક્રતુમાં પૂર્વનૈમિત્તિક–કર્તવ્યતાજ્ઞાન ભ્રાન્તિરૂપ જ છે.

છેલ્લા વિકલ્પ તરીકે કર્તવ્યતાનો એવો ધર્મ માનવામાં આવે જે ઉત્પત્તિ અને નાશને યોગ્ય છે; અર્થાત્ પ્રસ્તુત ઉદાહરણમાં પ્રથમ નિમિત્તની ઉત્પત્તિ પછી જ જે ઉત્પન્ન થાય છે અને બીજું નિમિત્ત ઉત્પન્ન થયા પછી નાશ પામે છે. આની સામે વાંધો એ છે કે આવા કોઈ ધર્મ માટે કોઈ પ્રમાણ નથી. પૂર્વનૈમિત્તિકશાસ્ત્રને અન્યત્ર અવકાશ હોવાથી તેને પાછળથી અપચ્છેદ થતો હોય તેવા ક્રતુમાં સ્થાન નથી, જેમ आहवनीये जुहोति એ શાસ્ત્ર પદહોમાતિરિક્ત સ્થાને જ કામ કરે છે. તેથી આવો કોઈ ધર્મ માની શકાય નહિ. ક્રમિક વિરુદ્ધ અપચ્છેદવાળા ક્રતુમાં પૂર્વનૈમિત્તિક–કર્તવ્યતાજ્ઞાન અપ્રમા હોય એ સંભવે છે, તેથી વિરોધ હોય ત્યારે ઉત્તર જ્ઞાનથી પૂર્વ જ્ઞાનનો બાધ થાય છે એમ બતાવવા માટે અપચ્છેદ–ન્યાયનું ઉદાહરણ છે જ. માટે ક્રમિક એ કર્તવ્યતાની ઉત્પત્તિ અંગેનું વચન આધારહીન છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ननु चोपक्रमाधिकरणन्यायेनासञ्जातविरोधित्वात् प्रत्यक्षमेवागमाद् बलीयः किं न स्यात् ।

उच्यते—यत्रैकवाक्यता प्रतीयते, तत्रैकस्मिन्नेवार्थे पर्यवसानेन भाव्यम्, अर्थभेदे प्रतीतैकवाक्यताभङ्गप्रसङ्गात् । अतस्तत्र प्रथममसञ्जातप्रतिपक्षेण 'प्रजापतिर्वरुणायाश्वमनयद्' इत्याद्युपक्रमेण परकृतिसरूपार्थवादेन दातुरिष्टौ बुद्धिमधिरोपितायां तद्विरुद्धार्थं 'यावतोऽश्वान् प्रतिगृह्णीयात् तावतो वारुणान् चतुष्कपालान्निर्वपेत्' इत्युपसंहारगतं पदजातमुपजातप्रतिपक्षत्वाद् यथाश्रुतार्थसमर्पणेन तदेकवाक्यतामप्रतिपद्यमानमेकवाक्यतानिर्वाहाय णिजर्थमन्तर्भाव्य तदानुगुण्येनैवात्मानं लभते इति उपक्रमस्य प्राबल्यम् । यत्र तु परस्परमेकवाक्यता न प्रतीयते तत्र पूर्ववृत्तमविगणय्य लब्धात्मकं विरुद्धार्थकं वाक्यं स्वार्थं बोधयत्येवेति न तत्र पूर्ववृत्तस्य प्राबल्यम् ।

अत एव षोडशिग्रहणवाक्यं पूर्ववृत्तमविगणय्य तदग्रहणवाक्यस्यापि स्वार्थबोधकत्वमुपेयते, किन्तूभयोर्विषयान्तराभावाद् अगत्या तत्रैव विकल्पानुष्ठानमिष्यते ।

एवं चाद्वैतागमस्य प्रत्यक्षेणैकवाक्यत्वशङ्काऽभावात् पूर्ववृत्तमपि तदविगणय्य स्वार्थबोधकत्वमप्रतिहतम् ।

तदर्थबोधजनने च—

"पूर्वं परमजातत्वादबाधित्वैव जायते ।
परस्यानन्यथोत्पादान्नाद्याबाधेन सम्भवः ॥"

इत्यपच्छेदन्यायस्यैव प्रवृत्तिः, नोपक्रमन्यायस्य ।

अत एव लोकेऽपि प्रथमवृत्तं शुक्तिरूप्यप्रत्यक्षमाप्तोपदेशेन बाध्यत इति ॥२॥

(શંકા) અને ઉપક્રમાધિકરણ ન્યાયથી, વિરોધી (હજુ) ઉત્પન્ન ન થયો હોવાથી પ્રત્યક્ષ જ આગમ કરતાં વધારે બળવાન શા માટે ન હોય ?

(ઉત્તર) (આની સામે) કહેવામાં આવે છે કે જ્યાં એકવાક્યતા પ્રતીત થાય છે ત્યાં એક જ અર્થમાં પર્યવસાન થવું જોઈએ, કારણકે અર્થભેદ હોય તો જ્ઞાત થયેલી એકવાક્યતાનો ભંગ થાય. તેથી ત્યાં પહેલાં જેનો વિરોધી ઉત્પન્ન નથી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થયો એવા 'પ્રજાપતિએ વરુણને અશ્વ આપ્યો' ઇત્યાદિ ઉપક્રમથી પરકૃતિ (પ્રજાપતિના અનુષ્ઠાનના) (પ્રતિપાદક વાક્ય) સદૃશ અર્થવાદથી દાતાની ઇષ્ટિ બુદ્ધિમાં આરોપિત કરવામાં આવતાં તેનાથી વિરુદ્ધ અર્થવાળો 'જેટલા અશ્વોનું ગ્રહણ કરે (ગ્રહણ કરાવે) તેટલા વારુણ ચતુષ્કપાલનો નિર્વાપ કરે' એ ઉપસંહારમાં રહેલો પદસમૂહ તેનો વિરોધી થઈ ગયેલો હોવાથી યથાશ્રુત અર્થના સમર્પણથી તેની સાથે એકવાક્યતા પામતો ન હોવાથી એકવાક્યતાના નિર્વાહને માટે (શક્ય બનાવવાને માટે) णिच्‌ના (પ્રેરકના) અર્થનો અન્તર્ભાવ (સમાવેશ કરીને) તેને (ઉપક્રમને) અનુકૂલ રીતે પોતે સ્વરૂપ પામે છે, તેથી ઉપક્રમ બળવાન છે. પણ જ્યાં (ઉપક્રમ અને ઉપસંહારની) પરસ્પર એકવાક્યતા પ્રતીત થતી નથી ત્યાં અગાઉ થઈ ગયેલાને ગણકાર્યા વિના સ્વરૂપ પામેલું વિરુદ્ધ અર્થવાળું વાક્ય પોતાનો અર્થ જણાવે જ છે, તેથી ત્યાં અગાઉ આવી ગયેલું વધારે પ્રબળ નથી.

માટે જ 'ષોડશિગ્રહણ' વિષયક વાક્ય જે અગાઉ આવી ગયું છે તેની દરકાર કર્યા વિના તેના (ષોડશીના) અગ્રહણ વિષેનું વાક્ય પણ પોતાના અર્થનું બોધક માનવામાં આવે છે. પણ બન્નેને. વિષય (કાર્યક્ષેત્ર) જુદા જુદા ન હોવાથી નક્કી કે ત્યાં જ (અતિરાત્રમાં જ) વિકલ્પથી અનુષ્ઠાન માનવામાં આવે છે.

અને એમ અદ્વૈતશાસ્ત્રની પ્રત્યક્ષની સાથે એકવાક્યતાની શંકા (સંભાવનાની અપેક્ષા) ન હોવાથી તે પ્રત્યક્ષ) અગાઉ થયું હોવા છતાં તેને ગણકાર્યા વિના અદ્વૈતશાસ્ત્ર પોતાનો અર્થ અપ્રતિહત (નિર્બાધ રહીને જણાવે છે.

અને તે તેનો અર્થબોધ ઉત્પન્ન કરે છે તેમાં

'પૂર્વ પાછલું ઉત્પન્ન ન થયું હોવાને કારણે તેનો બાધ કર્યા વિના જ ઉત્પન્ન થાય છે, જ્યારે પાછળનું બીજી રીતે (આગલાનો બાધ કર્યા વિના) ઉત્પન્ન થઈ શકતું ન હોવાથી, પહેલાનો બાધ કર્યા વિના તેનો જન્મ નથી" એમ અપચ્છેદન્યાયની જ પ્રવૃત્તિ છે, ઉપક્રમ ન્યાયની નહિ.

તેથી જ લોકમાં પણ પ્રથમ થઈ ગયેલું શુક્તિ-રજતનું પ્રત્યક્ષ (પાછળથી થતા) આપ્તોપદેશથી બાધિત થાય છે. (૨)

**વિવરણ** : શંકા થાય કે જેમ અપચ્છેદન્યાય છે તેમ ઉપક્રમાધિકરણન્યાય પણ છે. જો અપચ્છેદન્યાયથી શ્રુતિ પ્રત્યક્ષની અપેક્ષાએ વધારે બળવાન જ્ઞાત થતી હોય તો ઉપક્રમાધિકરણન્યાયથી પ્રત્યક્ષ શ્રુતિ કરતાં વધારે બળવાન તરીકે જ્ઞાત થવું જોઈએ. પ્રત્યક્ષ જ આગમ કરતાં વધારે બળવાન કેમ ન હોય? ઉપક્રમાધિકરણ ન્યાય પ્રમાણે જે શરૂઆતમાં હોય તે જ્યારે થાય ત્યારે અન્ય કોઈ ન હોવાથી તેને કોઈનો વિરોધ ન હોવાથી તે પોતાના મૂળ સ્વરૂપમાં સ્થિર થાય છે; જે પછીથી આવે તેને આગળ થઈ ગયેલાને અનુરૂપ એવું સ્વરૂપ ધારણ કરવું પડે છે. તેથી પૂર્વવૃત્ત વધારે પ્રબળ છે. દ્વૈતવિષયક પ્રત્યક્ષજ્ઞાન આમ અસંજાતવિરોધી હોવાથી વધારે પ્રબળ છે કારણ કે તે થાય છે ત્યારે આગમોપદેશ નથી હોતો, જ્યારે આગમોપદેશ વખતે પ્રત્યક્ષજ્ઞાન થઈ ગયેલું હોય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ શંકાનું સમાધાન એ છે કે જ્યાં બન્નેમાં એકવાક્યતાની પ્રતીતિ હોય ત્યાં જ ઉપક્રમાધિકરણન્યાય પ્રવૃત્ત થાય છે. ઉદાહરણ લઈએ : ઉપક્રમ અને ઉપસંહાર બન્ને વારુણ ઇષ્ટિ રૂપ એક અર્થને સ્પર્શતા હોય ત્યાં એકવાક્યતા છે એમ સમજાય અને એ જાળવી રાખવાને માટે આ બન્નેનું એક અર્થમાં પર્યવસાન જરૂરી છે. જેમ કે ઉપક્રમ દાતાની ઇષ્ટિનું વિધાન કરે છે, અને ઉપસંહાર પ્રતિગ્રહીતાની. તેથી જેવા શબ્દો છે તેવો વાક્યાર્થ સ્વીકારીએ તો જ્ઞાત થયેલી એકવાક્યતાનો ભંગ થાય છે, તેથી ઉપસંહારમાંના પ્રતિગૃહ્ણીયાત્‌નો પ્રતિગ્રાહયેત્‌ (ગ્રહણ કરાવે) તરીકે અર્થ કરવામાં આવે છે. આમ જ્યાં એકવાક્યતાની પ્રતીતિ હોય ત્યાં જ પૂર્વની દરકાર કરીને પાછળથી આવતા પદસમૂહનો તેને અનુકૂલ અર્થ કરવામાં આવે છે. પણ જ્યાં એકવાક્યતા જ્ઞાત ન થઈ હોય ત્યા પૂર્વની દરકાર કર્યા વિના પાછળ આવતું પોતાની રીતે અસ્તિત્વમાં આવે છે અને બોધ કરાવે છે. દા. ત., 'ષોડશિન્‌' નામના સ્તોત્રની પછી જ્યાં અતિરાત્ર સામનું ગાન કરવામાં આવે છે એ જ્યોતિષ્ટોમને અતિરાત્ર નામ આપવામાં આવ્યું છે. હવે अतिरात्रे षोडशिनं गृह्णाति અને 'नातिरात्रे षोडशिनं गृह्णाति' એવાં બે વાક્યો છે જેમાં અગ્રહણ અંગેનું વાક્ય પૂર્વવૃત્ત ગ્રહણ-વિષયક વાક્યની અપેક્ષા કે દરકાર રાખ્યા સિવાય પોતાની રીતે પોતાનો અર્થબોધ કરાવે છે. અહીં એટલું ધ્યાનમાં રહે કે બન્નેનો વિષય (કાર્યક્ષેત્ર) જુદા ન હોવાથી ત્યાં જ અતિરાત્રમાં જ વિકલ્પથી અનુષ્ઠાન માન્યું છે (પ્રયોગભેદ છે, ક્રતુભેદ નથી). સમુચ્ચય સંભવતો ન હોવાથી નછૂટકે આમ માન્યું છે. હવે પ્રત્યક્ષ અને અદ્વૈતાગમની એકવાક્યતા હોય એવી તો લેશમાત્ર સંભાવના કોઈને જણાતી નથી તેથી પૂર્વવૃત્ત પ્રત્યક્ષની અપેક્ષાએ આગમનો અર્થ કરવાનો કે પ્રત્યક્ષને વધારે બળવાન માનવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. બે વચ્ચે વિરોધ હોય તો અહીં તો અપચ્છેદન્યાય જ લાગુ પડશે. પૂર્વ જ્ઞાન ઉત્પન્ન થયું ત્યારે પર જ્ઞાનનું અસ્તિત્વ નહોતું તેથી તેનો બાધ કર્યા વિના તે અસ્તિત્વમાં આવ્યું છે. પણ પર જ્ઞાન તો પૂર્વ જ્ઞાનનો બાધ કર્યા વિના અસ્તિત્વમાં આવી શકે જ નહિ તેથી પૂર્વ જ્ઞાનનો બાધ કરીને જ તેનો સંભવ છે. આમ અપચ્છેદન્યાય જ દ્વૈત-પ્રત્યક્ષ અને અદ્વૈતાગમને લાગુ પડે છે. વ્યવહારમાં પણ પ્રથમ થઈ ગયેલા શુક્તિરજતના જ્ઞાનનો આપ્તોપદેશ ('આ રજત નથી')થી બાધ થાય છે. તેથી પ્રત્યક્ષ શ્રુતિ કરતાં વધારે બળવાન હોઈ શકે નહિ. (૨)

**(३) ननु तथाप्युपजीव्यत्वेन प्रत्यक्षस्यैव प्राबल्यं दुर्वारम् । अपच्छेदशास्त्रयोर्हि न पूर्वं परस्योपजीव्यमिति युक्तः परेण पूर्वस्य बाधः । इह तु वर्णपदादिस्वरूपग्राहकतया मिथ्यात्वबोधकागमं प्रति प्रत्यक्षस्योपजीव्यत्वाद् आगमस्यैव तद्विरुद्धमिथ्यात्वावबोधकत्वरूपो बाधो युज्यते । न च मिथ्यात्वश्रुत्या वर्णपदादिसत्यत्वांशोपमर्देऽपि उपजीव्यस्वरूपांशोपमर्दाभावान्नोपजीव्यविरोध इति वाच्यम् । "नेह नानास्ति किञ्चन" इत्यादिश्रुतिभिः स्वरूपेणैव प्रपञ्चाभावबोधनात् ।।**

(૩) (શંકા) શંકા થાય કે તેમ હોય (આગમની જેમ પ્રત્યક્ષનું સ્વતઃ પ્રાબલ્ય ન હોય) તો પણ ઉપજીવ્ય (જેના પર આગમ નભે છે તેવું) હોવાથી પ્રત્યક્ષની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રબળતાને ટાળવી મુશ્કેલ છે. બે અપચ્છેદ–શાસ્ત્રોમાં પૂર્વ(શાસ્ત્ર) પર(શાસ્ત્ર)નું ઉપજીવ્ય નથી તેથી પરથી પૂર્વનો બાધ થાય એ બરાબર છે. જ્યારે અહીં તો વર્ણ, પદ આદિના સ્વરૂપનું ગ્રહણ કરનાર તરીકે પ્રત્યક્ષ મિથ્યાત્વનો બોધ કરાવનાર આગમની પ્રતિ ઉપજીવ્ય હોવાથી આગમનો જ તેનાથી વિરુદ્ધ મિથ્યાત્વનો બોધ કરાવનાર હોવાથી બાધ થાય એ બરાબર છે. અને એવી દલીલ ન કરવી જોઈએ કે મિથ્યાત્વ-શ્રુતિથી વર્ણ, પદ આદિના સત્યત્વ અંશનો ઉપમર્દ (બાધ) થતો હોવા છતાં ઉપજીવ્ય સ્વરૂપ અંશનો બાધ થતો નથી તેથી ઉપજીવ્યનો વિરોધ નથી (આ દલીલ બરાબર નથી) કારણ કે 'અહીં કશું જ નાના (ભિન્ન, બ્રહ્મથી જુદું) નથી' વગેરે શ્રુતિઓથી સ્વરૂપથી જ પ્રપંચના અભાવનો બોધ કરાવવામાં આવે છે.

**વિવરણ :** શાસ્ત્રથી ઉપજીવ્ય અર્થાત્ જેના પર પોતે નિર્ભર છે એવા પ્રત્યક્ષનો બાધ કેવી રીતે થઈ શકે એ શંકાનો ઉત્તર અગાઉ આપ્યો છે કે આમ માનતાં ઉપજીવ્ય પ્રત્યક્ષનો વિરોધ થતો નથી. આ પરિહારની સામે વાંધો લેવા માટે ફરીથી શંકા અને સમાધાન રજૂ કર્યાં છે. શંકા રજૂ કરી છે કે આગમ ભલે સ્વતઃ પ્રબળ હોય અને પ્રત્યક્ષ તેવું ન હોય તેમ છતાં પ્રત્યક્ષ આગમનું ઉપજીવ્ય હોવાથી જેના પર પોતે નિર્ભર છે તે પ્રત્યક્ષનો આગમ બાધ કરી શકે નહિ. બાધ્યબાધકભાવનો વિચાર કરતી વખતે આનું ધ્યાન રાખવું જ જોઈએ. ઉદાહરણ તરીકે રજૂ કરેલ અપચ્છેદ-શાસ્ત્રોમાં પર શાસ્ત્રથી પૂર્વનો બાધ થાય છે પણ પૂર્વશાસ્ત્ર પરનું ઉપજીવ્ય નથી, જ્યારે પ્રત્યક્ષ તો વર્ણ, પદ આદિના સ્વરૂપનું ગ્રહણ કરે છે અને આમ તે આગમનું ઉપજીવ્ય છે તેથી વર્ણ, પદ આદિના મિથ્યાત્વનો બોધ કરાવનાર આગમથી તેનો બાધ થાય એ બરાબર નથી; ઊલટું પ્રત્યક્ષથી જ આગમનો બાધ થવો જોઈએ કે એ પ્રત્યક્ષથી વિરુદ્ધ મિથ્યાત્વનો બોધ કરાવતું નથી. ઉપર પરિહાર કરતાં કહ્યું છે કે મિથ્યાત્વ અંગેની શ્રુતિ વર્ણ, પદ આદિના સત્યત્વ અંશનો ઉપમર્દ કરે છે પણ પોતાનાં ઉપજીવ્ય સ્વરૂપ અંશનો ઉપમર્દ નથી કરતી (—વર્ણ, પદ વગેરે મિથ્યા છે એમ કહે છે, પણ વર્ણ, પદ આદિ નથી એમ નથી કહેતી—) પણ આ દલીલ બરાબર નથી. नेह नानास्ति किञ्चन જેવી શ્રુતિઓ સ્વરૂપથી જ પ્રપંચના અભાવનો બોધ કરાવે છે, અર્થાત્ તેમનું કહેવું એમ છે કે અહીં બ્રહ્મમાં કોઈ જ ભિન્ન વસ્તુ નથી. આમ વર્ણ, પદ આદિનું સ્વરૂપ જ ન હોવાથી ઉપજીવ્યનો વિરોધ છે જ, તેને ટાળવો મુશ્કેલ છે માટે ઉપજીવ્ય પ્રત્યક્ષનો આગમથી બાધ થઈ શકે નહિ.

अत्र केचिदाहुः—'घृषमानय' इत्यादिवाक्यं श्रवणदोषाद् 'वृषभमानय' इत्यादिरूपेण शृण्वतोऽपि शाब्दप्रमितिदर्शनेन शाब्दप्रमितौ वर्णपदादिप्रत्यक्षं प्रमाभ्रमसाधारणमेवापेक्षितमित्यद्वैतागमेन वर्णपदादि-प्रत्यक्षमात्रमुपजीव्यम्, न तत्प्रमा । तथा च वर्णपदादिस्वरूपोपमर्देऽपि नोपजीव्यविरोध इति ।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અહીં કેટલાક કહે છે—'वृषमानय' (બળદને લાવ) ઇત્યાદિ વાક્યને શ્રવણના દોષને લીધે કોઈ 'वृषममानय' ઇત્યાદિ રૂપથી સાંભળતો હોય તો પણ તેને યથાર્થ (પ્રમારૂપ) શાબ્દ જ્ઞાન થતું જોવામાં આવે છે તેથી શાબ્દ પ્રમિતિમાં (શબ્દજન્ય યથાર્થ જ્ઞાનમાં) વર્ણ, પદ આદિનું પ્રત્યક્ષ જે પ્રમા અને ભ્રમને સાધારણ છે તે જ અપેક્ષિત છે તેથી અદ્વૈત વિષેનો શ્રુતિ વર્ણ, પદ આદિના પ્રત્યક્ષમાત્ર પર નિર્ભર છે, તેની પ્રમા ઉપર નહિ. અને આમ વર્ણ, પદ આદિના સ્વરૂપનો ઉપમર્દ થતો હોય તો પણ ઉપજીવ્યનો વિરોધ નથી.

વિવરણ : સ્વરૂપનો ઉપમર્દ થાય છે એમ માની લઈને જ ઉપજીવ્યના વિરોધની શંકાનો પરિહાર કરે છે. કેટલાક કહે છે કે પ્રપંચને સત્ય માનનારના પક્ષમાં પણ वृषमानय એ ઉદાહરણ અનુસાર ભ્રમ અને પ્રમાને સાધારણ જ શબ્દપ્રત્યક્ષ શાબ્દબોધનું ઉપજીવ્ય છે એમ કહેવું જોઈએ. અમે જે પ્રપંચને મિથ્યા માનીએ છીએ ત્યાં અમારા મતમાં નિષેધ-શ્રુતિના પ્રમાણથી સર્વત્ર ભ્રમરૂપ જ પ્રત્યક્ષ શાબ્દબોધ તેમ જ બીજા વ્યવહારોમાં કારણ છે એટલો ફરક છે, તેથી ઉપજીવ્યનો વિરોધ નથી કારણ કે શબ્દનું સ્વરૂપ ઉપજીવ્ય નથી.

अन्ये त्वाहुः—शाब्दप्रमितौ वर्णपदादिस्वरूपसिद्ध्यनपेक्षायामप्ययोग्यशब्दात् प्रमित्यनुदयाद्योग्यतास्वरूपसिद्ध्यपेक्षाऽस्ति । तदपेक्षायामपि नोपजीव्यविरोधः । 'नेह नानाऽस्ति' इति श्रुत्या निषेधेऽपि यावद्ब्रह्मज्ञानमनुवर्तमानस्यार्थक्रियासंवादिनोऽसद्विलक्षणप्रपञ्चस्वरूपस्याङ्गीकारात् । अन्यथा प्रत्यक्षादीनां व्यावहारिकप्रमाणानां निर्विषयत्वप्रसङ्गात् ।

न च स्वरूपेण निषेधेऽपि कथं प्रपञ्चस्वरूपस्यात्मलाभः, निषेधस्य प्रतियोग्यप्रतिक्षेपरूपत्वे व्याघातादिति वाच्यम् । शुक्तौ 'इदं रजतम्' 'नेदं रजतम्' इति प्रतीतिद्वयानुरोधेनाधिष्ठानगताध्यस्ताभावस्य बाधपर्यन्तानुवृत्तिकासद्विलक्षणप्रतियोगिस्वरूपसहिष्णुत्वाभ्युपगमात् ।

एतेन प्रपञ्चस्य स्वरूपेण निषेधे शशशृङ्गवदसत्त्वमेव स्यादिति निरस्तम्; ब्रह्मज्ञाननिवर्त्यस्वरूपाङ्गीकारेण वैषम्यात् ।

જ્યારે **બીજા** કહે છે કે શાબ્દ પ્રમિતિમાં વર્ણ, પદ આદિના સ્વરૂપની સિદ્ધિની અપેક્ષા ન હોય તો પણ અયોગ્ય શબ્દથી (શાબ્દ)પ્રમિતિ (યથાર્થ જ્ઞાન)ની ઉત્પત્તિ થતી નથી તેથી યોગ્યતા–સ્વરૂપની સિદ્ધિની અપેક્ષા છે. તેની અપેક્ષા હોય, તો પણ ઉપજીવ્યનો વિરોધ નથી, કારણ કે 'नेह नानाऽस्ति' એ શ્રુતિથી નિષેધ હોવા છતાં પણ બ્રહ્મજ્ઞાન થાય ત્યાં સુધી ચાલુ રહેતા, અર્થક્રિયા (સફળ પ્રવૃત્તિ) સાથે સંવાદી એવા અસતથી વિલક્ષણ પ્રપંચના સ્વરૂપનો સ્વીકાર કરવામાં આવે છે. અન્યથા પ્રત્યક્ષ વગેરે વ્યાવહારિક પ્રમાણો નિર્વિષય બની જાય (તેમને નિર્વિષયત્વના દોષની પ્રસક્તિ થાય).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને એવી દલીલ કરવી નહિ કે "નિષેધ હોવા છતાં પ્રપંચને પોતાની પ્રાપ્તિ કેવી રીતે થઈ શકે (અર્થાત્ પ્રપંચ છે એમ કેવી રીતે માની શકાય) કારણ કે નિષેધ પ્રતિયોગીના પ્રતિક્ષેપ (અભાવ) રૂપ ન હોય તો વ્યાઘાત થશે." (આ દલીલ બરાબર નથી) કારણ કે શુક્તિમાં 'આ રજત છે', 'આ રજત નથી' એમ બે પ્રતીતિ થાય છે તે અનુસાર (શુક્તિ આદિ) અધિષ્ઠાનમાં રહેલા અધ્યસ્ત (રજત આદિ)નો અભાવ બાધ પર્યન્ત જે ચાલુ રહે છે એવા અસત્થી વિલક્ષણ પ્રતિયોગીના સ્વરૂપને સહન કરનારો હોય છે એમ સ્વીકારવામાં આવે છે.

આ (ઉત્તર)થી 'પ્રપંચનો સ્વરૂપથી નિષેધ કરવામાં આવે તો તે સસલાના શીંગડાની જેમ અસત્ જ હોય' એ (દલીલ)નો નિરાસ થઈ ગયો, કારણ કે બ્રહ્મજ્ઞાનથી નિવર્ત્ય એવા સ્વરૂપનો અંગીકાર હોવાથી (સસલાના શીંગડાથી પ્રપંચનું) વૈષમ્ય છે.

**વિવરણ** : ઉપજીવ્યના વિરોધનો પરિહાર બીજા વિચારકોએ જુદી રીતે કર્યો છે તે હવે રજૂ કરે છે તેઓ આગળ જે મત આપ્યો તેની સાથે સંમત નથી. પૂર્વ મત પ્રમાણે માત્ર પ્રત્યક્ષજ્ઞાન ઉપજીવ્ય છે, વર્ણ, પદ આદિ વિષય ઉપજીવ્ય નથી. પણ આ બરાબર નથી કારણ કે પ્રત્યક્ષ જ્ઞાન વિષય વિનાનું હોઈ શકે નહિ. તેથી વર્ણ, પદ વગેરેના સ્વરૂપને પણ ઉપજીવ્ય માનવું જોઈએ અને આમ ઉપજીવ્યનો વિરોધ થાય છે તેથી પૂર્વ સમાધાન બરાબર નથી અને એક વાર તેમના સ્વરૂપની અપેક્ષા નથી એમ માની લઈએ તો પણ અયોગ્ય શબ્દથી તો યથાર્થ શબ્દ જ્ઞાન ઉત્પન્ન થતું નથી તેથી યોગ્યતા સ્વરૂપની સિદ્ધિની અપેક્ષા રહે જ છે.

આમ યોગ્યતાને ઉપજીવ્ય તરીકે ટાળી શકાતી નથી તેનો વિરોધ પૂર્વમતમાં થવાનો જ. કોઈ દલીલ કરે કે યોગ્યતાસ્વરૂપની સિદ્ધિ હોય એટલા માત્રથી પૂર્વપક્ષીને માન્ય સમગ્ર પ્રપંચના સ્વરૂપની સિદ્ધિ થતી નથી પણ આ દલીલ બરાબર નથી. શાબ્દપ્રમિતિરૂપ કાર્યના અનુરોધથી બ્રહ્મથી અતિરિક્ત યોગ્યતા સ્વરૂપની સિદ્ધિ થાય છે તેમજ જલ-આહરણ આદિ કાર્યના અનુરોધથી ઘટાદિ સ્વરૂપની પણ સિદ્ધિ થાય જ છે તેથી આ મત બરાબર નથી.

વર્ણ, પદ આદિના સ્વરૂપની અપેક્ષા માની લેવામાં આવે તો પણ ઉપજીવ્યનો વિરોધ નથી, કારણ કે નિષેધશ્રુતિના અર્થથી અવિરુદ્ધ એવા પ્રપંચ-સ્વરૂપનો સ્વીકાર કરવામાં આવે છે. તેથી આ બીજા મતમાં ઉપજીવ્યનો વિરોધ નથી. આ પ્રપંચ-સ્વરૂપ એવું છે જે બ્રહ્મજ્ઞાન થાય ત્યાં સુધી ટકી રહે છે, વ્યવહારમાં સફળ પ્રવૃત્તિ કરે છે અને (શશવિષાણાદિ) અસત્થી વિલક્ષણ છે. આવું પ્રપંચસ્વરૂપ ન સ્વીકારીએ તો પ્રત્યક્ષ આદિ વ્યાવહારિક પ્રમાણોને નિર્વિષય માનવાં પડે જે યુક્ત નથી. કદાચ પ્રપંચસત્યત્વવાદી દલીલ કરે કે શ્રુતિ જો પ્રપંચનો નિષેધ કરતી હોય તો પછી પ્રપંચ છે એમ કેવી રીતે માની શકાય કારણ કે નિષેધ જેનો નિષેધ કર્યો હોય તેના અભાવરૂપ ન હોય તો એ નિષેધ જ શાનો હોય. બ્રહ્મમાં પ્રપંચનો નિષેધ અને પ્રપંચસ્વરૂપ એક સાથે રહી શકે નહિ. જો નિષેધ-શ્રુતિ અનુસાર બ્રહ્મમાં પ્રપંચનિષેધ માનીએ તો પ્રપંચની અવસ્થિતિ નહીં માની શકાય કારણ કે અભાવ તેના પ્રતિયોગી સાથે રહી શકે નહિ. જો પ્રપંચની સ્થિતિ માનીએ તો નિષેધનો વ્યાઘાત થાય તેથી ઉપજીવ્ય એવું પ્રત્યક્ષ નિર્વિષય ન બને માટે પ્રપંચને સત્ય માનવો જોઈએ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આનો ઉત્તર એ છે કે શુક્તિને વિષે 'આ રજત છે' અને 'આ રજત નથી' એમ બે જ્ઞાનો થતાં આપણે જોઈએ છે. તેના અનુરોધથી એમ સ્વીકારવામાં આવે છે કે શુક્તિમાં અધ્યસ્ત રજતનો અભાવ, બાધ ન થાય ત્યાં સુધી અનુવૃત્તિવાળા, અસતથી વિલક્ષણ એવા રજતરૂપી પ્રતિયોગીના સ્વરૂપને સહન કરી લે છે. કલ્પિત પદાર્થ જેનો પ્રતિયોગી છે એવો અભાવ અધિષ્ઠાનથી અન્યત્ર સદા પ્રતિયોગીનો વિરોધી હોવા છતાં પણ અધિષ્ઠાનમાં કેટલાક સમય માટે પ્રતિયોગીની સ્થિતિને સહન કરી લેવાના સ્વભાવવાળો હોય છે. આમ દ્વૈતગ્રાહી પ્રત્યક્ષ પ્રમાણરૂપ રહે છે અને નિષેધશ્રુતિ પણ પ્રમાણરૂપ રહે છે. ન્યાયવૈશેષિક મતમાં ઘટાદિનો અત્યન્તાભાવ પોતાના અધિકરણ (ભૂતલાદિ) માં ઘટાદિનો પ્રતિક્ષેપક (પોતાની સાથે નહીં રહેવા દેનાર) છે, પણ સંયોગાદિનો અત્યન્તાભાવ ક્યાંક પોતાના અધિકરણમાં પ્રતિયોગીનો પ્રતિક્ષેપ નહીં કરનાર તરીકે પ્રતીત થાય છે. સંયોગ અને સંયોગનો અભાવ એક અધિકરણમાં રહી શકે છે (—વૃક્ષના એક પ્રદેશમાં વાનર સાથે સંયોગ છે, જ્યારે અન્ય પ્રદેશમાં સંયોગાભાવ છે). એ પ્રતીતિના બળે અભાવ ક્યારેક પ્રતિયોગીનો પ્રતિક્ષેપક નથી હોતો એમ માનવામાં આવે છે તે ધ્યાનમાં રાખીને બાધ થાય ત્યાં સુધી શુક્તિમાં રજતની સ્થિતિને અધ્યસ્ત રજતનો અભાવ સહન કરી લે છે એમ માનીએ છીએ.

પ્રપંચના સ્વરૂપનો નિષેધ કરવામાં આવે તો એ સસલાના શીંગડાની જેમ અસત્ જ હોવું જોઈએ એ દલીલનો પણ આનાથી ઉત્તર આપી દીધો છે, કારણ કે શુક્તિરજત કે જગત્પ્રપંચ શશશૃંગની જેમ અસત્ નથી, એ અસદ્વિલક્ષણ છે તેથી શશશૃંગ તેમને માટે દૃષ્ટાંત બની શકે નહિ. પ્રપંચ તો સમ્યગ્જ્ઞાનથી બાધ થાય ત્યાં સુધી ટકી રહેનારો અસદ્વિલક્ષણ પદાર્થ છે.

**न चास्याध्यस्तस्याधिष्ठाने स्वरूपेण निषेधे अन्यत्र तस्य स्वरूपेण निषेधः स्वतः सिद्ध इति तस्य सर्वदेशकालसम्बन्धिनिषेधप्रतियोगित्वापत्त्या असत्त्वं दुर्वारम् । 'सर्वदेशकालसम्बन्धिनिषेधप्रतियोगित्वमसत्त्वम्' इत्येवासत्त्वनिर्वचनात्, विधान्तरेण तन्निर्वचनायोगाद् इति वाच्यम् । असतः सर्वदेशकालसम्बन्धिनिषेधप्रतियोगित्वमुपगच्छता, तस्य तथात्वे प्रत्यक्षस्य सर्वदेशकालयोः प्रत्यक्षीकरणायोगेन, आगमस्य तादृशागमानुपलम्भेन च प्रमाणयितुमशक्यतयाऽनुमानमेव प्रमाणयितव्यमिति तदनुमाने यत् सद्व्यावृत्तं लिङ्गं वाच्यम्, तस्यैव प्रथमप्रतीतस्यासत्त्वनिर्वचनत्वोपपत्तेरित्याहुः ।**

અને એવી દલીલ કરવી નહિ કે અધ્યસ્તનો અધિષ્ઠાનમાં સ્વરૂપથી નિષેધ કરવામાં આવે તો અન્યત્ર તેનો સ્વરૂપથી નિષેધ સ્વતઃ સિદ્ધ છે તેથી તેને સર્વદેશકાલસંબંધી નિષેધનું પ્રતિયોગિત્વ પ્રસક્ત થવાથી તેના અસત્ત્વને વારવું મુશ્કેલ છે, કારણ કે અસત્ હોવું એટલે સર્વ દેશકાલ સાથે સંબંધિત નિષેધના પ્રતિયોગી હોવું એવું નિર્વચન (સમજૂતી) છે કેમ કે બીજી કોઈ રીતથી તેનું



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિર્વચન શક્ય નથી. (આ દલીલ બરાબર નથી). જે અસત્‌ને સર્વદેશકાલ સંબંધી નિષેધનું પ્રતિયોગી માને છે, તે તેના એવા હોવાની બાબતમાં પ્રત્યક્ષને પ્રમાણ તરીકે રજૂ કરી શકશે નહિ કેમ કે પ્રત્યક્ષ પ્રમાણ સર્વદેશકાલને પ્રત્યક્ષ કરી શકતું નથી; અને આગમને પ્રમાણ તરીકે રજૂ કરી શકશે નહિ કારણ કે તેવું આગમ-વચન ઉપલબ્ધ થતું નથી: તેથી તેને અનુમાનને જ પ્રમાણ તરીકે રજૂ કરવું પડશે. માટે તે અનુમાનમાં જે સદ્‌વ્યાવૃત્ત (સત્‌ સાથે સંકળાયેલું ન હોય તેવું) લિંગ કહેવું પડશે તે જ પ્રથમ પ્રતીત થતું હોઈને અસત્‌ના નિર્વચન તરીકે ઉપપન્ન હશે એમ (આ વિચારકો) કહે છે.

વિવરણ : જો અધિષ્ઠાન(બ્રહ્મ)માં અધ્યસ્ત પ્રપંચનો સ્વરૂપતઃ નિષેધ કરવામાં આવે તો અધિષ્ઠાનથી અતિરિક્ત દેશ-કાળમાં પણ તેનો સ્વરૂપતઃ નિષેધ સિદ્ધ થઈ જ જાય છે. આમ સર્વ દેશકાલ સાથે સંબંધિત નિષેધ કે અભાવનો પ્રતિયોગી હોવાથી પ્રપંચને શશશૃંગની જેમ અસત્‌ માનવો જ પડશે. જે સર્વદેશકાલસંબંધી નિષેધનું પ્રતિયોગી હોય એ અસત્‌—એ સિવાય બીજી કોઈ રીતે અસત્‌નું લક્ષણ આપી શકાય તેમ નથી. આવી દલીલ કોઈ કરે તો એ બરાબર નથી પ્રપંચ સર્વદેશકાલસંબંધી નિષેધનો પ્રતિયોગી છે એમ માનવા માટે કોઈ પ્રમાણ નથી, તેથી પ્રપંચને અસત્‌ માની શકાય નહિ. પ્રત્યક્ષ પ્રમાણથી સર્વદેશકાલનું પ્રત્યક્ષ જ્ઞાન થઈ શકતું નથી. અને 'શશશૃંગ આદિ સર્વ દેશકાલસંબંધી નિષેધનું પ્રતિયોગી છે' એ પ્રકારનું કોઈ આગમવચન નજરે ચઢતું નથી. બાકી રહ્યું અનુમાન પ્રમાણ. તો પ્રપંચને અસત્‌ સિદ્ધ કરવા માટે સત્‌ પદાર્થમાં નહીં રહેલું એવું કોઈ લિંગ (હેતુ) રજૂ કરવું પડશે. દા. ત. શશશૃંગ અસત્‌ છે, નિઃસ્વરૂપ હોવાને કારણે જેમ કે આકાશકુસુમ; જે અસત્‌ નથી તે નિઃસ્વરૂપ નથી જેમ કે બ્રહ્મ—આ નિઃસ્વરૂપત્વ લિંગ જ પ્રથમ જ્ઞાત થાય છે તેથી નિઃસ્વરૂપત્વને જ અસત્‌નું લક્ષણ માની લેવું બરાબર થાય. અસત્‌ હોવું એટલે સર્વદેશકાલસંબંધી નિષેધના પ્રતિયોગી હોવું એવું માનવાની શી જરૂર! જેની વાત ચાલી રહી છે તે પ્રપંચમાં નિઃસ્વરૂપત્વરૂપ અસત્ત્વ નથી કારણ કે તેના જ્ઞાનનિવર્ત્ય સ્વરૂપનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આમ પ્રપંચને શશશૃંગાદિથી વિલક્ષણ કહ્યો છે તે બરાબર જ છે એમ કહેવાનો આ વિચારકોનો આશય છે.

अपरे तु 'नेह नानास्ति' इति श्रुतेः सत्यत्वेन प्रपञ्चनिषेधे एव तात्पर्यम्, न स्वरूपेण । स्वरूपेण निषेधस्य स्वरूपाप्रतिक्षेपकत्वे तस्य तन्निषेधत्वायोगात् । तत्प्रतिक्षेपकत्वे प्रत्यक्षविरोधात् ।

न च सत्यत्वस्यापि 'सन् घटः' इत्यादि-प्रत्यक्षसिद्धत्वाद् न तेनापि रूपेण निषेधो युक्त इति वाच्यम् । प्रत्यक्षस्य श्रुत्यविरोधाय सत्यत्वाभासरूपव्यावहारिकसत्यत्वविषयत्वोपपत्तेः । न चैवं सति पारमार्थिकसत्यत्वस्य ब्रह्मगतस्य प्रपञ्चे प्रसक्त्यभावात् तेन रूपेण प्रपञ्च-निषेधानुपपत्तिः । यथा शुक्तौ रजताभासप्रतीतिरेव सत्यरजतप्रसक्तिरिति

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**तन्निषेधः, अत एव 'नेदं रजतम्, किं तु तत्', नेयं मदीया गौः, किं तु सैव', 'नात्र वर्तमानश्चैत्रः, किं त्वपवरके' इति निषिध्यमानस्यान्यत्र सत्त्वमवगम्यते, एवं सत्यत्वाभासप्रतीतिरेव सत्यत्वप्रसक्तिरिति तन्निषेधोपपत्तेः । अतो वर्णपदयोग्यतादिस्वरूपोपमर्दशङ्काऽभावान्नोपजीव्यविरोध इत्याहुः ।**

જ્યારે **બીજા** કહે છે કે 'અહીં નાના નથી (બ્રહ્મમાં દ્વૈતપ્રપંચ નથી)' એ શ્રુતિનું પ્રપંચના સત્ય રૂપથી નિષેધમાં જ તાત્પર્ય છે. (પ્રપંચના) **સ્વરૂપથી** નિષેધમાં તાત્પર્ય નથી, કારણ કે સ્વરૂપથી નિષેધ જો સ્વરૂપનો પ્રતિક્ષેપક (દૂર કરી દેનાર, સાથે રહેવા ન દેનાર) ન હોય તો તે તેનો નિષેધ હોઈ શકે નહિ. (અને) જો તે તેનો પ્રતિક્ષેપક હોય તો પ્રત્યક્ષનો વિરોધ થાય.

અને એવી દલીલ ન કરવી કે સત્યત્વ પણ 'सन् घटः' (ઘટ સત્ છે) ઇત્યાદિ પ્રત્યક્ષથી સિદ્ધ હોવાથી તે રૂપથી પણ નિષેધ કરવો બરાબર નથી. (આ દલીલ ઠીક નથી) કારણ કે શ્રુતિ સાથે વિરોધ ન થાય એટલા માટે સત્યત્વાભાસરૂપ વ્યાવહારિક સત્યત્વની (જ) પ્રત્યક્ષના વિષય તરીકે ઉપપત્તિ છે. અને નામ હોય તો બ્રહ્મમાં રહેલા પારમાર્થિક સત્યત્વની પ્રપંચમાં પ્રસક્તિ ન હોવાથી તે રૂપથી પ્રપંચનો નિષેધ અનુપપન્ન છે એમ નથી કારણ કે જેમ શુક્તિમાં રજતાભાસની પ્રતીતિ જ સત્ય રજતની પ્રસક્તિ છે તેથી તેનો નિષેધ છે, માટે જ 'આ રજત નથી, પણ તે (રજત) છે', 'આ મારી ગાય નથી, પણ તે જ (મારી ગાય છે), 'અહીં' ચૈત્ર હાજર નથી, પણ ઓરડામાં છે', એમ જેનો નિષેધ કરાય છે તેનું અન્યત્ર સત્ત્વ જ્ઞાત થાય છે, તેમ સત્યત્વાભાસપ્રતીતિ એ જ સત્યત્વપ્રસક્તિ છે તેથી તેનો નિષેધ ઉપપન્ન છે તેથી વર્ણ, પદ, યોગ્યતા આદિના સ્વરૂપના ઉપમર્દની શંકા ન હોવાથી ઉપજીવ્ય(પ્રત્યક્ષ)નો વિરોધ નથી.

**વિવરણ** : ઉપજીવ્ય (પ્રત્યક્ષ) ના વિરોધની શંકાનો પરિહાર અન્ય કેટલાક ચિંતકો બીજી રીતે કરે છે—नेह नानास्ति...... શ્રુતિનું તાત્પર્ય પ્રપંચનો સત્ય તરીકે નિષેધ કરવામાં છે, સ્વરૂપથી નિષેધ કરવામાં નથી. સ્વરૂપથી નિષેધ જો સ્વરૂપનો પ્રતિક્ષેપક ન હોય, અર્થાત્ સ્વરૂપ અને સ્વરૂપનો અભાવ જો સાથે રહી શકતા હોય તો એ એનો નિષેધ જ ન હોઈ શકે. આમ અભાવના દરેક અધિકરણમાં પ્રતિયોગીની સ્થિતિ હોઈ શકે નહિ, તેથી પ્રપંચના અધિકરણ બ્રહ્મમાં પ્રપંચનો અભાવ આ શ્રુતિથી જ્ઞાત થઈ શકે નહિ, આ શ્રુતિ બ્રહ્મમાં પ્રપંચ નથી એમ ન કહી શકે, માત્ર એ પ્રપંચનો સત્ય તરીકે નિષેધ કરી શકે. જો સ્વરૂપથી નિષેધ કરે તો પ્રત્યક્ષનો વિરોધ થાય.

વિરોધી શંકા કરે છે કે એમ તો 'सन् घटः' વગેરે પ્રત્યક્ષથી સત્યત્વ પણ સિદ્ધ છે તો સત્યરૂપથી પણ પ્રપંચનો નિષેધ શ્રુતિથી જ્ઞાત ન થઈ શકે. આનો ઉત્તર એ છે કે પ્રત્યક્ષાદિથી ગ્રાહ્ય પ્રપંચ-સત્યત્વ બ્રહ્મસત્યત્વની જેમ પરમાર્થ નથી. એ પરમાર્થ હોય તો ઉપક્રમ આદિના આધારે સ્વાર્થમાં જ તાત્પર્ય છે એવું જેમને વિષે નિશ્ચિત કરવામાં આવ્યું છે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેવી ઘણીખરી નિષેધ-શ્રુતિઓ નિર્વિષય બની જાય. પ્રત્યક્ષનો વિષય તો પારમાર્થિક સત્યત્વના આભાસરૂપ વ્યાવહારિક સત્યત્વ છે એમ માનવું ઉપપન્ન છે જેથી શ્રુતિ સાથે પ્રત્યક્ષનો વિરોધ ન થાય.

શંકા થાય કે પ્રપંચસત્યત્વને જો વ્યાવહારિક માનવામાં આવે તો બ્રહ્મગત પારમાર્થિક સત્યત્વની તો પ્રપંચમાં પ્રસક્તિ જ નથી તેથી સત્યત્વ રૂપથી પ્રપંચનો નિષેધ કરવો યોગ્ય નથી. પ્રપંચમાં પારમાર્થિક સત્યત્વ જો પ્રસક્ત જ ન થતું હોય તો નિષેધ કરવાનો પ્રશ્ન જ ક્યાં છે? આનો ઉત્તર છે કે આ દલીલ બરાબર નથી. 'આ રજત નથી' એમ જે નિષેધવિષયક પ્રત્યક્ષ છે તે સત્યરજતનિષેધ વિષયક છે એમ જ માનવું જોઈએ. અમારા મતમાં પ્રાતિભાસિક રજતના અધિકરણ એવા શુક્તિના ટુકડામાં કલ્પિત રજતનો અભાવ માનવામાં નથી આવતો, તેથી બાધપ્રત્યક્ષ કલ્પિતરજતાભાવ વિષયક હોઈ શકે નહિ. માટે 'આ રજત નથી, પણ તે રજત છે,' વગેરે જ્ઞાનોમાં જેનો નિષેધ કરવામાં આવે છે તેની અન્યત્ર સત્તા જ્ઞાત થાય છે. પારમાર્થિક સત્યત્વ પ્રપંચમાં ન હોય તો બ્રહ્મમાં માનવાનું જ રહ્યું. માટે સત્યત્વાભાસની પ્રતીતિ એ જ સત્યત્વની પ્રસક્તિ છે તેથી તેનો નિષેધ ઉપપન્ન છે. આમ વર્ણ, પદ, યોગ્યતા આદિના સ્વરૂપના ઉપમર્દની તો શંકા જ નથી, તેથી ઉપજીવ્ય પ્રત્યક્ષનો શ્રુતિથી વિરોધ નથી.

**अन्ये तु ब्रह्मणि पारमार्थिकसत्यत्वम्, प्रपञ्चे व्यावहारिकसत्यत्वं सत्यत्वाभासरूपम्, शुक्तिरजतादौ प्रातिभासिकसत्यत्वं ततोऽपि निकृष्टमिति सत्तात्रैविध्यं नोपेयते, अधिष्ठानब्रह्मगतपारमार्थिकसत्तानुवेधादेव घटादौ शुक्तिरजतादौ च सत्त्वाभिमानोपपत्त्या सत्यत्वाभासकल्पनस्य निष्प्रमाणकत्वात्। एवं च प्रपञ्चे सत्यत्वप्रतीत्यभावात्, तत्तादात्म्यापन्ने ब्रह्मणि तत्प्रतीतेरेवाविवेकेन प्रपञ्चे तत्प्रसक्त्युपपत्तेश्च सत्यत्वेन प्रपञ्चनिषेधे नोपजीव्यविरोधः, न वा अप्रसक्तनिषेधनम्।**

**न च ब्रह्मगतपारमार्थिकसत्ताऽतिरेकेण प्रपञ्चे सत्त्वाभासानुपगमे व्यवहितसत्यरजतातिरेकेण शुक्तौ रजताभासोत्पत्तिः किमर्थमुपेयत इति वाच्यम्। व्यवहितस्यासन्निकृष्टस्यापरोक्ष्यासम्भवात् तन्निर्वाहाय तदुपगमात् ॥३॥**

જ્યારે બીજા બ્રહ્મમાં પારમાર્થિક સત્યત્વ, પ્રપંચમાં વ્યાવહારિક સત્યત્વ જે સત્યત્વાભાસરૂપ છે, (અને) શુક્તિરજત આદિમાં પ્રાતિભાસિક સત્યત્વ જે તેનાથી પણ નિકૃષ્ટ (હલકી કોટિનું) એમ ત્રિવિધ સત્તા નથી સ્વીકારતા, કારણ કે અધિષ્ઠાનરૂપ બ્રહ્મમાં રહેલી પારમાર્થિક સત્તાના અનુવેધથી (તે વ્યાપ્ત હોવાથી સંબંધથી અને તેથી પ્રતીતિથી) જ ઘટાદિમાં અને શુક્તિરજતાદિમાં સત્તાના અભિમાનની (તેમનામાં સત્તા છે એ માન્યતાની) ઉપપત્તિ હોવાથી સત્યત્વાભાસની કલ્પના કરવા માટે કોઈ પ્રમાણ નથી. અને આમ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રપંચમાં સત્યત્વની પ્રતીતિ ન હોવાથી, અને તેની સાથે તાદાત્મ્યાપન્ન બ્રહ્મમાં તેની (સત્યત્વની) પ્રતીતિ થાય છે તેના અવિવેકથી પ્રપંચમાં તેની (સત્યત્વની) પ્રસક્તિ ઉત્પન્ન હોવાથી, સત્યત્વથી પ્રપંચનો (—અર્થાત્ સત્ય તરીકે પ્રપંચનો) નિષેધ કરવામાં આવે તો ઉપજીવ્ય (પ્રત્યક્ષ)નો વિરોધ નથી, કે નથી અપ્રસક્ત (સત્તા)નો નિષેધ કરવાપણું.

અને "બ્રહ્મગત પારમાર્થિક સત્તાથી અતિરિક્ત એવો પ્રપંચમાં સત્ત્વાભાસ ન સ્વીકારતા હો તો શુક્તિમાં વ્યવહિત સત્ય રજતથી અતિરિક્ત એવા રજતાભાસની ઉત્પત્તિ શા માટે માનવામાં આવે છે?" એવી દલીલ કરવી નહિ કારણ કે વ્યવહિત (ઇન્દ્રિયની સાથે) અસંનિકૃષ્ટ (રજત)માં અપરોક્ષતા સંભવતી ન હોવાથી તેના (અપરોક્ષતાના) નિર્વાહને માટે તે (રજતાભાસની ઉત્પત્તિ) માનવામાં આવે છે. (૩)

**વિવરણ :** પ્રપંચમાં પારમાર્થિક સત્યત્વની પ્રસક્તિ ન હોવાથી નિષેધ અનુપપન્ન છે એ શંકાનો ત્રિવિધ સત્તાનો આધાર લઈને ઉપર ઉત્તર આપ્યો છે. હવે સર્વત્ર એક જ સત્તા છે એમ માનનાર પક્ષ પ્રમાણે એ શંકાનો ઉત્તર રજૂ કરે છે. ત્રિવિધ સત્તા માનવાની જરૂર નથી કારણ કે પારમાર્થિક બ્રહ્મગત (વાસ્તવમાં બ્રહ્મરૂપ) સત્તાના અનુવેધથી, તે વ્યાપેલી હોવાથી તેની પ્રતીતિથી જ ઘટાદિમાં અને શુક્તિરજત આદિમાં સત્તાનું ભાન થાય છે તે ઉપપન્ન બને છે. બ્રહ્મની સત્તા જ ઘટાદિમાં છે તેથી સત્યત્વાભાસની કલ્પના માટે કોઈ પ્રમાણ પ્રાપ્ત થતું નથી. જેમ 'मृद् घटः' એ પ્રતીતિની મૃદ્–અંશમાં મૃદ્–વિષયકતા છે તેમ 'सन् घटः' એ પ્રતીતિ સત્ અંશમાં બ્રહ્મવિષયક જ છે. બ્રહ્મમાં સત્તાની પ્રતીતિ થાય છે તેને લીધે જ ઘટાદિમાં સત્તાનો વ્યવહાર થાય છે, ઘટ સત્ છે એમ માનીને ચાલીએ છીએ અને એ પ્રમાણે કહીએ છીએ. આમ પ્રપંચમાં સત્યત્વની પ્રત્યક્ષ પ્રતીતિ થતી જ નથી તેથી શ્રુતિથી પ્રત્યક્ષનો વિરોધ થતો નથી. પ્રપંચ અને બ્રહ્મના ભેદનું ગ્રહણ થતું નથી તેથી બ્રહ્મમાં જે સત્તાની પ્રતીતિ છે તે જ પ્રપંચમાં સત્ત્વની પ્રસક્તિ બને છે અને એને કારણ સત્ત્વ અંગે વ્યવહાર થાય છે (सन् घटः ઇત્યાદિ), તેથી અપ્રસક્ત સત્તાનો નિષેધ છે એવું પણ નથી. શ્રુતિજન્ય મિથ્યાત્વ-જ્ઞાનની પ્રતિ ઉપજીવ્ય એવું વર્ણ, પદાદિનું પ્રત્યક્ષ આલંબનયુક્ત માનવામાં આવે છે, અને તેનો બાધ નથી તેથી ઉપજીવ્ય પ્રત્યક્ષનો વિરોધ નથી.

શંકા થાય કે જો ઘટાદિ પ્રપંચમાં બ્રહ્મસત્તાથી જ સત્ત્વ વ્યવહારની સિદ્ધિ હોવાથી તેમનું પૃથક્ સત્ત્વ કલ્પવામાં નથી આવતું કારણ કે તે કલ્પના માટે કોઈ પ્રમાણ નથી અને આમ લાઘવ પણ સિદ્ધ થાય છે તો પછી આવું સર્વત્ર માનવું જોઈએ. આ સંજોગોમાં શુક્તિમાં દૂર રહેલા વ્યાવહારિક રજતથી અતિરિક્ત રજતાભાસની ઉત્પત્તિ શા માટે માનવામાં આવે છે કારણ કે એમ માનતાં ગૌરવ દોષ થાય છે. આનો ઉત્તર છે કે ગૌરવને પ્રમાણનું સમર્થન હોય તો એ દોષ રહેતું નથી. ઢંકાયેલું કે દૂર રહેલું રજત વ્યવહિત છે, ચક્ષુરિન્દ્રિય સાથે તેનો સન્નિકર્ષ નથી, અભિવ્યક્ત ચૈતન્ય સાથે તાદાત્મ્ય વિનાનું છે તેથી તે અપરોક્ષ હોઈ શકે નહિ. અપરોક્ષતા શક્ય બનાવવા માટે વ્યવહિત વ્યાવહારિક સત્યતાવાળા રજતથી અતિરિક્ત એવા રજતાભાસની ઉત્પત્તિ શુક્તિમાં માનવામાં આવે છે. (૩)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(४) नन्वेवं प्रतिबिम्बभ्रमस्थलेऽपि ग्रीवास्थमुखातिरेकेण दर्पणे मुखाभासोत्पत्तिरुपेया स्यात् । स्वकीये ग्रीवास्थमुखे नासाद्यवच्छिन्नप्रदेशापरोक्ष्यसम्भवेऽपि नयनगोलकललाटादिप्रदेशापरोक्ष्यायोगात् । प्रतिबिम्बभ्रमे नयनगोलकादिप्रदेशापरोक्ष्यदर्शनाच्च । न च बिम्बातिरिक्तप्रतिबिम्बाभ्युपगमे इष्टापत्तिः । ब्रह्मप्रतिबिम्बजीवस्यापि ततो भेदेन मिथ्यात्वापत्तेः ।

(૪) શંકા થાય કે આમ હોય તો (–રજતની અપરોક્ષતાને માટે શુક્તિમાં અનિર્વચનીય રજતની ઉત્પત્તિ માનવામાં આવતી હોય તો) પ્રતિબિંબમાં ભ્રમ થાય છે ત્યાં પણ ગ્રીવા (ગરદન, ડોક) પર રહેલ મુખથી અતિરિક્ત દર્પણમાં મુખાભાસની ઉત્પત્તિ માનવાની રહે, કારણ કે ગ્રીવા પર રહેલા પોતાના મુખમાં નાસિકા આદિથી અવચ્છિન્ન પ્રદેશમાં અપરોક્ષતા સંભવતી હોય તો પણ નયન ગોલક, લલાટ આદિ પ્રદેશની અપરોક્ષતા હોઈ શકે નહિ, અને પ્રતિબિંબભ્રમમાં નયનગોલક આદિ પ્રદેશની અપરોક્ષતા જોવામાં આવે છે. અને બિંબથી અતિરિક્ત પ્રતિબિંબ માનવામાં ઇષ્ટાપત્તિ છે એવું નથી, કારણ કે બ્રહ્મના પ્રતિબિંબરૂપ જીવને તેનાથી ભેદને લીધે મિથ્યાત્વ આવી પડશે (–જીવને બ્રહ્મથી ભિન્ન અને મિથ્યા માનવો પડશે).

**વિવરણ** : રજતની અપરોક્ષતાના નિર્વાહને માટે જો શુકિતમાં રજતાભાસની ઉત્પત્તિ માનવામાં આવતી હોય તો પ્રતિબિંબભ્રમ થાય છે ત્યાં પણ દર્પણમાં મુખાભાસની ઉત્પત્તિ માનવી પડશે એવી શંકા સ્વાભાવિક રીતે જ થાય. ગ્રીવાપર રહેલા મુખનો નાસિકાથી યુક્ત પ્રદેશ કદાચ અપરોક્ષ હોઈ શકે કારણ કે ત્યાં ઇન્દ્રિયસન્નિકર્ષ સંભવે છે, પણ નયનગોલક, લલાટ વગેરે પ્રદેશ તો અપરોક્ષ હોઈ શકે જ નહિ, જ્યારે પ્રતિબિંબભ્રમમાં તો નયનગોલક આદિ પ્રદેશની અપરોક્ષતા જોવામાં આવે છે.

દલીલ થઈ શકે કે બિંબ અને પ્રતિબિંબનો અભેદ માનવામાં આવે તો પોતાના મુખનું પ્રતિબિંબ હોય ત્યાં પ્રતિબિંબની અપરોક્ષતા સંભવતી નથી માટે પ્રતિબિંબને બિંબથી ભિન્ન અને મિથ્યા માનવામાં આવે તો અદ્વૈતવાદીને શો વાંધો હોઈ શકે? પણ બિંબ અને પ્રતિબિંબનો ભેદ માનવો ઇષ્ટ નથી કારણકે બ્રહ્મના પ્રતિબિંબરૂપ જીવને બ્રહ્મથી ભિન્ન માનવામાં આવે તો તેને મિથ્ય જ માનવો પડે, અન્યથા અદ્વૈતની હાનિ થાય. 'જીવ બ્રહ્મથી સ્વરૂપતઃ ભિન્ન છે, બ્રહ્મનું પ્રતિબિંબ હોવાથી, મુખપ્રતિબિંબની જેમ' એમ બ્રહ્મથી જીવનો ભેદ અનુમાનથી સિદ્ધ થતાં 'જીવ મિથ્યા છે, બ્રહ્મથી ભિન્ન હોવાને કારણે, ઘટાદિની જેમ' એ અનુમાનથી જીવના મિથ્યાત્વની પ્રસક્તિ થાય છે. આ ઇષ્ટાપત્તિ નથી. તેથી મુખાભાસની ઉત્પત્તિ માની શકાય નહિ. તો શો ઉકેલ કાઢી શકાય?

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अत्र विवरणानुसारिणः प्राहुः — ग्रीवास्थ एव मुखे दर्पणोपाधिसन्निधानदोषाद् दर्पणस्थत्वप्रत्यङ्मुखत्वबिम्बभेदानामध्याससम्भवेन न दर्पणे मुखस्याध्यासः कल्पनीयः गौरवाद् । 'दर्पणे मुखं नास्ति' इति संसर्गमात्रबाधात्, मिथ्यावस्त्वन्तरत्वे 'नेदं मुखम्' इति स्वरूपबाधापत्तेः, 'दर्पणे मम मुखं भाति' इति स्वमुखाभेदप्रत्यभिज्ञानाच्च ।

न च ग्रीवास्थमुखस्याधिष्ठानस्यापरोक्ष्यासम्भवः, उपाधिप्रतिहतनयनरश्मीनां परावृत्य बिम्बग्राहित्वनियमाभ्युपगमाल्लतादिवद् । तन्नियमानभ्युपगमे परमाणोः, कुड्यादिव्यवहितस्थूलस्यापि चाक्षुषप्रतिबिम्बभ्रमप्रसङ्गात् ।

આ બાબતમાં વિવરણને અનુસરનારા કહે છે—ગ્રીવા પર રહેલા (ગ્રીવારથ) મુખમાં જ દર્પણરૂપી ઉપાધિના સાન્નિધ્યરૂપી દોષને લીધે દર્પણસ્થત્વ, પ્રત્યક્ મુખત્વ તથા બિંબથી ભેદ સંભવતાં હોવાથી દર્પણમાં મુખનો અધ્યાસ કલ્પવાની જરૂર નથી, કારણ કે (તેમ માનવામાં) ગૌરવ (દોષ) છે. 'દર્પણમાં મુખ નથી' એમ માત્ર સંસર્ગનો બાધ છે (સ્વરૂપબાધ નથી : જો (પ્રતિબિંબ) (ગ્રીવાસ્થ મુખરૂપી બિંબથી) અન્ય એવી મિથ્યા વસ્તુ હોત તો 'આ મુખ નથી' એમ સ્વરૂપબાધ થાત; અને 'દર્પણમાં મારું મુખ દેખાય છે' એમ પોતાના મુખથી અભેદની પ્રત્યભિજ્ઞા થાય છે—(આ કારણોને લઈને દર્પણમાં મુખનો અધ્યાસ માનવાની જરૂર નથી પણ ગ્રીવાસ્થ મુખમાં જ દર્પણસ્થત્વાદિ ધર્મોનો અધ્યાસ માની શકાય).

ગ્રીવાસ્થ મુખ જે (પ્રતિબિંબત્વ, દર્પણસ્થત્વાદિનું) અધિષ્ઠાન છે તેમાં અપરોક્ષતાનો સંભવ નથી એવું નથી, કારણ કે લતા વગેરેની જેમ (દર્પણાદિ) ઉપાધિથી પ્રતિહત થયેલાં નયનરશ્મિ પાછા ફરીને બિંબનું ગ્રહણ કરે છે એવો નિયમ સ્વીકારવામાં આવે છે. જો એ નિયમ સ્વીકારવામાં ન આવે તો પરમાણુ, અને ભીત વગેરેથી વ્યવહિત સ્થૂલ વસ્તુનો પણ ચાક્ષુષ પ્રતિબિંબભ્રમ થવો જોઈએ.

વિવરણ : પ્રકાશાત્મનના વિવરણમાં પ્રતિપાદિત મતને સ્વીકારનારા આનું સમાધાન કરતાં કહે છે કે બિંબ અને પ્રતિબિંબનો લોકમાં ભેદ નથી તેથી ઉપર્યુક્ત દોષ નથી. દર્પણમાં મુખનો અધ્યાસ માનવામાં ગૌરવ દોષ છે. માટે ગ્રીવા ઉપર રહેલા મુખમાં જ દર્પણરૂપ ઉપાધિની હાજરીને જ કારણે દર્પણસ્થત્વ વગેરે ધર્મોનો અધ્યાસ થાય છે એમ માનવું વધારે સારું. ધર્માધ્યાસ માનવા કરતાં ધર્મીનો અધ્યાસ માનવામાં ગૌરવદોષ છે.

(શંકા) પ્રતિબિંબમુખને વિષે એ દર્પણસ્થ છે એવો અનુભવ થાય છે—'દર્પણમાં મુખ છે' અને ગ્રીવાસ્થ મુખ તો દર્પણસ્થ હોઈ શકે નહિ; વળી મુખ અને પ્રતિમુખ જો એક હોય તો એ જ વસ્તુ પોતાને અભિમુખ હોઈ શકે નહિ; જ્યારે પ્રતિબિંબમુખ ગ્રીવાસ્થ-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મુખ પ્રતિ અભિમુખ છે એવો અનુભવ થાય છે. તેથી ગ્રીવાસ્થમુખ અને પ્રતિબિંબમુખનો ભેદ હોવો જ જોઈએ. આ અનુભવોના આધારે માનવું જ જોઈએ કે દર્પણમાં અનિર્વચનીય પ્રતિબિંબનો અધ્યાસ છે. ગૌરવને પણ જો પ્રમાણોનું સમર્થન હોય તો એ દોષાવહ નથી હોતું.

(ઉત્તર૨) ધર્મીની કલ્પના કરતાં બહુ ધર્મોની કલ્પના કરવામાં પણ લાઘવ છે. પ્રતિબિંબનો બાધ થાય છે તેથી એ મિથ્યા છે એમ કહી શકાય નહિ; પ્રતિબિંબમુખના સ્વરૂપનો બાધ નથી, પણ દર્પણમાં મુખ નથી એમ મુખના દર્પણસ્થત્વરૂપ સંસર્ગનો જ બાધ છે. સંસર્ગ મિથ્યા છે એટલે પ્રતિબિંબ સત્ય છે એમ માનવું જોઈએ. જો પ્રતિબિંબ અલગ જ મિથ્યા વસ્તુ હોત તો 'આ મુખ નથી' એમ સ્વરૂપ બાધ થાત, જ્યારે અહીં તો માત્ર સંસર્ગબાધ થાય છે 'દર્પણમાં મારું મુખ છે' એમ સ્વરૂપના અભેદની પ્રત્યભિજ્ઞા થાય છે તે પણ બિંબ અને પ્રતિબિંબના માત્ર અભેદ માનવામાં અનુકૂલ છે, પ્રતિબિંબને મિથ્યા માનવામાં નહિ. આ જ્ઞાનનો બાધ પણ થતો નથી. આમ બાધના અભાવથી અને બિંબથી અભિન્ન હોવાથી પ્રતિબિંબ મિથ્યા નથી. પ્રતિબિંબ બિંબથી અભિન્ન છે અને સત્ય છે એમ સિદ્ધ કર્યું તેથી જીવ બ્રહ્મના પ્રતિબિંબરૂપ હોય તો બ્રહ્મથી ભિન્ન હોવો જોઈએ અને મિથ્યા હોવો જોઈએ એ પ્રસંગનો નિરાસ થઈ જાય છે.

ગ્રીવાસ્થ મુખ અને પ્રતિબિંબ-મુખ એક હોય તો નયનગોલક આદિ પ્રદેશોમાં પોતાની આંખનો સન્નિકર્ષ ન હોવાથી પ્રતિબિંબ પૂરેપૂરું પ્રત્યક્ષ ન હોઈ શકે એમ કહેવું પણ બરાબર નથી. પ્રતિબિંબત્વ, પ્રત્યઙ્મુખત્વ, દર્પણસ્થત્વ, પ્રતિબિંબાભેદ એ ધર્મોની કલ્પનાનું અધિષ્ઠાન એવું ગ્રીવાસ્થમુખ અપરોક્ષ હોઈ શકે છે. નયનરશ્મિઓ ચક્ષુર્ગોલકમાંથી બહાર નીકળીને દર્પણાદિ ઉપાધિ સુધી પહોંચે છે, પણ તેનાથી પ્રતિહત થઈને પાછાં ફરે છે અને ગ્રીવાસ્થમુખ અને તેના અવયવો સાથે સંસર્ગમાં આવે છે. તેથી સામે ઊભેલા માણસના મુખનો સાક્ષાત્કાર થાય તેમ પોતાની ગ્રીવા પર રહેલા પોતાના મુખનો પણ સાક્ષાત્કાર પૂરેપૂરી રીતે સંભવે છે.

**(શંકા)** : અન્યત્ર એમ માનવામાં આવ્યું છે કે પાછાં ફરેલાં નયનરશ્મિ ગોલક દ્વારા અંદર પ્રવેશે છે તેથી અહીં એવી કલ્પના કરવી કે મુખ સાથે સંનિકર્ષમાં આવીને તે મુખનું દર્શન કરે છે એમાં ગૌરવદોષ છે.

**ઉત્તર** : આ દલીલ બરાબર નથી કારણ કે જેઓ પ્રતિબિંબની ઉત્પત્તિ માને છે તેઓએ પણ ચક્ષુ સાથે સંનિકર્ષમાં આવેલા મુખને જ બિંબ કહેવું પડશે તેથી ઉપર કહેલો નિયમ તેમને સ્વીકારવો જ પડશે. નયનરશ્મિ પાછાં ફરીને બિંબનું ગ્રહણ કરે છે એ બન્ને પક્ષને માન્ય હોવાથી ગૌરવ હોય તો પણ એ દોષાવહ નથી.

**શંકા** : પ્રતિબિંબનો અધ્યાસ માનનાર એમ નથી સ્વીકારતો કે ચક્ષુરિન્દ્રિયથી સન્નિકૃષ્ટ હોય તે જ બિંબ હોઈ શકે તેથી ગ્રીવાસ્થ મુખને બિંબ બનાવવા માટે તેને પોતાના ચક્ષુ સાથેના સંનિકર્ષની જરૂર નથી તેથી તેને આ નિયમ માનવો પડતો નથી.

**ઉત્તર** : બિંબ સાથેનો સંનિકર્ષ એ જો ચાક્ષુષ પ્રતિબિંબાધ્યાસનો હેતુ ન હોય તો વ્યવહિત વસ્તુઓનું પણ ચાક્ષુષ પ્રતિબિંબ હોવું જોઈએ 'ચાક્ષુષ' એવું વિશેષણ ન હોય તો ગમે તે વસ્તુનું પ્રતિબિંબ માનવું પડે અને પરમાણુ અને વાયુનું પ્રતિબિંબ પણ હોવું જોઈએ. તેથી દર્પણમાં પ્રતિબિંબનો અધ્યાસ માનવાની જરૂર નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

न च 'अव्यवहितस्थूलोद्भूतरूपवत एव चाक्षुषप्रतिबिम्बभ्रमः, नान्यस्य' इति नियम इति वाच्यम् । बिम्बस्थौल्योद्भूतरूपयोः क्लृप्तेन चाक्षुषज्ञानजननेन उपयोगसम्भवे विधान्तरेणोपयोगकल्पनानुपपत्तेः । कुड्यादिव्यवधानस्य प्रतिहतनयनरश्मिसम्बन्धविघटनं विनैवेह प्रतिबन्धकत्वे तथैव घटप्रत्यक्षादिस्थलेऽपि तस्य प्रतिबन्धकत्वसम्भवेन चक्षुःसन्निकर्षमात्रस्य कारणत्वविलोपप्रसङ्गाच्च । दर्पणे मिथ्यामुखाध्यासवादिनाऽपि कारणत्रयान्तर्गतसंस्कारसिद्ध्यर्थं नयनरश्मीनां कदाचित् परावृत्य स्वमुखग्राहकत्वकल्पनयैव पूर्वानुभवस्य समर्थनीयत्वाच्च । न च नासादिप्रदेशावच्छिन्नपूर्वानुभवादेव संस्कारोपपत्तिः । तावता नयनगोलकादिप्रतिबिम्बाध्यासानुपपत्तेः । तटाकसलिले तटविटपिसमारूढादृष्टचरपुरुषप्रतिबिम्बाध्यासस्थले कथमपि पूर्वानुभवस्य दुर्वचत्वाच्च । एवं चोपाधिप्रतिहतनयनरश्मीनां बिम्बं प्राप्य तद्ग्राहकत्वेऽवश्यं वक्तव्ये फलबलाद्दर्पणाद्यभिहतानामेव बिम्बं प्राप्य तद्ग्राहकत्वं, न शिलादिप्रतिहतानाम् । अनतिस्वच्छताम्रादिप्रतिहतानां मलिनोपाधिसम्बन्धदोषाद् मुखादिसंस्थानविशेषाग्राहकत्वम् । साक्षात् सूर्यं प्रेप्सूनामिव उपाधिं प्राप्य निवृत्तानां न तथा सौरतेजसा प्रतिहतिरिति न प्रतिबिम्बसूर्यावलोकने साक्षात्तदवलोकने इवाशक्यत्वम् । जलाद्युपाधिसन्निकर्षे केषाञ्चिदुपाधिप्रतिहतानां बिम्बप्राप्तावपि केषाञ्चित्तदन्तर्गमनेनान्तरसिकतादिग्रहणमित्यादिकल्पनान्न कश्चिद्दोष इति ॥

અને એવી દલીલ કરવી ન જોઈએ કે "વ્યવધાનરહિત, સ્થૂલ અને ઉદ્‌ભૂત રૂપવાળી વસ્તુનો ચાક્ષુષ પ્રતિબિંબભ્રમ થાય છે, બીજાનો નહિ એવો નિયમ છે". (આ દલીલ બરાબર નથી) કારણ કે બિંબની સ્થૂલતા અને તેના ઉદ્‌ભૂત રૂપનો માનવામાં આવેલા ચાક્ષુષ જ્ઞાનના ઉત્પાદનથી ઉપયોગ સંભવતો હોય ત્યારે તેમનો બીજી રીતે પોતાના આશ્રયરૂપ બિંબ દ્વારા પ્રતિબિંબાધ્યાસની ઉત્પત્તિમાં) ઉપયોગ કલ્પવો એ ઉપપન્ન નથી (વજૂદવાળો નથી). અને જો દીવાલ વગેરે વ્યવધાન પ્રતિહત (પાછાં ધકેલાયેલાં) નયનરશ્મિના સંબંધના વિઘટન વિના જ અહીં પ્રતિબંધક થઈ શકતાં હોય તો તે જ રીતે ઘટપ્રત્યક્ષ વગેરે સ્થળે પણ તે પ્રતિબંધક સંભવી શકે તેથી ચક્ષુઃસંનિકર્ષમાત્રમાં કારણત્વનો લોપ પ્રસક્ત થાય (અર્થાત્ કોઈ ચક્ષુઃસંનિકર્ષને પ્રત્યક્ષ જ્ઞાનનું કારણ માનવું શક્ય નહીં બને).

અને જે દર્પણમાં મિથ્યામુખાધ્યાસ માને છે તેણે પણ ત્રણ કારણો (દોષ, સંપ્રયોગ અને સંસ્કાર)માં અન્તર્ગત સંસ્કારની સિદ્ધિને માટે નયનરશ્મિઓ ક્યારેક પાછાં ફરીને પોતાના મુખનું ગ્રહણ કરે છે એવી કલ્પના કરીને પૂર્વાનુભવનું સમર્થન કરવું પડવાનું છે. (આ કારણોને લઈને ઉપર્યુક્ત દલીલ બરાબર નથી, અને નાસિકા આદિ પ્રદેશથી અવચ્છિન્ન પૂર્વ અનુભવથી જ સંસ્કારની ઉત્પત્તિ છે એવું નથી, કારણ કે તેટલાથી નયનગોલક આદિનો પ્રતિબિંબાધ્યાસ ઉપપન્ન થતો નથી. અને તળાવના પાણીમાં કિનારા પરના વૃક્ષ પર ચઢેલા એવા ક્યારેય નજરે અહીં ચઢેલા માણસનો પ્રતિબિંબાધ્યાસ થાય છે ત્યાં પૂર્વાનુભવની વાત કરવી કોઈ પણ રીતે મુશ્કેલ છે. અને આમ ઉપાધિથી પ્રતિહત નયનરશ્મિ બિંબને પ્રાપ્ત કરીને તેનું ગ્રહણ કરે છે એમ અવશ્ય કહેવું પડવાનું છે ત્યારે ફળના બળે કહેવું પડશે કે દર્પણાદિથી ધકેલાયેલાં (નયનરશ્મિ) જ બિંબને પ્રાપ્ત કરીને તેનું ગ્રહણ કરે છે, શિલા આદિથી પાછાં ધકેલાયેલાં નહિ. અત્યન્ત સ્વચ્છ નહિ એવા તામ્ર (તાંબુ) આદિથી પાછાં ધકેલાયેલાં નયનરશ્મિ મલિન ઉપાધિના સંબંધ દોષને કારણે મુખ વગેરે વિશેષ અવયવ-રચનાનું ગ્રહણ કરતાં નથી. સાક્ષાત્ સૂર્યને પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળાં (પ્રાપ્ત કરવાની તૈયારીમાં હોય તેવાં) નયનરશ્મિ જેમ સૂર્યના તેજથી પ્રતિહત થાય છે તેમ ઉપાધિને પ્રાપ્ત કરીને પાછાં ફરેલાં (નયનરશ્મિ) સૂર્યના તેજથી પ્રતિહત થતાં નથી તેથી સાક્ષાત્ સૂર્યનું અવલોકન અશક્ય છે તેવું પ્રતિબિંબસૂર્યનું અવલોકન અશક્ય નથી. જલ આદિ ઉપાધિનો સન્નિકર્ષ થતાં કેટલાંક નયનરશ્મિ ઉપાધિથી પ્રતિહત થયેલાં બિંબને પ્રાપ્ત કરે છે તો પણ બીજાં કેટલાંક અંદર જઈને અંદર રહેલી રેતી વગેરેનું ગ્રહણ કરે છે ઇત્યાદિ કલ્પના કરવાથી કોઈ જ દોષ નથી.

**વિવરણ** : પ્રતિબિંબનો અધ્યાસ માનનાર પ્રતિબિંબાધ્યાસમાં બિંબના સંનિકર્ષને હેતુ માન્યા વિના જ પરમાણુ અને દીવાલ વગેરેથી વ્યવહિત પદાર્થનો ચાક્ષુષ પ્રતિબિંબ ભ્રમ કેમ થતો નથી તે સમજાવવા પ્રયત્ન કરે છે. જે મુખાદિ દીવાલ વગેરેથી વ્યવહિત હોય તેનું, કે પરમાણુ કે વાયુનું ચાક્ષુષ પ્રતિબિંબ માનવું પડે એવું નથી કારણ કે એવો નિયમ છે કે અવ્યવહિત, સ્થૂલ અને પ્રકટ (ઉદ્‌ભૂત) રૂપવાળા દ્રવ્યનો પ્રતિબિંબભ્રમ થાય છે. આની સામે બિંબ-પ્રતિબિંબનો અભેદ માનનાર કહે છે કે દ્રવ્યના ચાક્ષુષ જ્ઞાનની પ્રતિ દ્રવ્યમાં રહેલી મહત્તા (સ્થૂલતા), અને તેના ઉદ્‌ભૂત રૂપને કારણ માનવામાં આવ્યાં છે. તે જ રીતે દીવાલ વગેરે ઇન્દ્રિય અને અર્થના સંનિકર્ષનું વિઘટન કરીને તે દ્વારા બાહ્ય વસ્તુવિષયક પ્રત્યક્ષમાં પ્રતિબંધક બને છે એમ માનવામાં આવ્યું છે. બિંબ અને પ્રતિબિંબનો અભેદ માનનાર પક્ષમાં બિંબનું ચાક્ષુષ જ્ઞાન છે તેથી બિંબભૂત મુખ આદિમાં રહેલાં સ્થૂલત્વ અને ઉદ્‌ભૂતરૂપત્વને જે ચાક્ષુષ પ્રત્યક્ષનાં કારણ માન્યાં છે તેનાથી ઇતર સ્થળે તેમને કારણ કલ્પવાની જરૂર પડતી નથી એટલું આ પક્ષમાં લાઘવ છે. જ્યારે શુક્તિરજતની જેમ સાક્ષીથી ભાસ્ય પ્રતિબિંબાધ્યાસની ઉત્પત્તિ માનનારા પક્ષમાં બિંબસન્નિકર્ષને પ્રતિબિંબાધ્યાસનો હેતુ માનવામાં નથી આવતો તેથી વાયુ અને પરમાણુના ચાક્ષુષ પ્રતિબિંબની શક્યતાને વારવાને માટે તેમને માનવું પડે છે કે બિંબભૂત દ્રવ્યમાં રહેલાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મહત્ત્વ અને ઉદ્ભૂતરૂપ જેમ એ દ્રવ્યના ચાક્ષુષ જ્ઞાનમાં હેતુભૂત છે તેમ તેમના આશ્રયભૂત એ દ્રવ્યરૂપ બિંબને કારણે થતા પ્રતિબિંબાધ્યાસની ઉત્પત્તિમાં પણ એ હેતુભુત છે, તેથી ગૌરવદોષ છે. વળી બિંબપ્રતિબિંબાભેદ પક્ષમાં નયનરશ્મિ પાછાં ફરીને બિંબ સાથે સંબંધમાં આવે છે એમ માનવામાં આવે છે તેથી પ્રતિબિંબસ્થળમાં પણ બિંબસંનિકર્ષ જ હેતુ છે તેથી ઘટાદિ ચાક્ષુષ જ્ઞાનની જેમ પ્રતિબિંબ ચાક્ષુષમાં પણ દિવાલ વગેરે સંનિકર્ષના વિઘટન દ્વારા જ પ્રતિબંધક બને છે, અન્યત્ર ક્યાંય નહીં સંભવતું એવું તેમનું સીધું (સાક્ષાત્) પ્રતિબંધકત્વ કલ્પવાની જરૂર પડતી નથી, એ લાઘવગુણ છે. જ્યારે પ્રતિબિંબાધ્યાસમાં બિંબસંનિકર્ષને હેતુ માનવામાં નથી આવતો તેથી દીવાલ વગેરેનું જે સંનિકર્ષવિઘટકત્વ માનેલું છે તે પ્રતિબિંબસ્થળમાં છે એમ કહી શકાતું નથી, તેથી પ્રતિબિંબાધ્યાસની પ્રતિ દીવાલ વગેરે સાક્ષાત્ (–અર્થાત્ સંનિકર્ષવિઘટન દ્વારા નહીં–) પ્રતિબંધક છે એમ વ્યવહિત વસ્તુનું પ્રતિબિંબ નથી પડતું એ ધ્યાનમાં રાખીને કલ્પવું પડે છે એ ગૌરવ છે. દીવાલ વગેરે સાક્ષાત્ પ્રતિબંધક બની શકતાં હોય તો ઘટપ્રત્યક્ષ વગેરેમાં પણ એ સાક્ષાત્ પ્રતિબંધક બની શકે અને એમ હોય તો કોઈ ચક્ષુઃસન્નિકર્ષ પ્રત્યક્ષ જ્ઞાનનું કારણ બની શકે નહિ. વળી પ્રતિબિંબાધ્યાસવાદીને પણ ચાક્ષુષપ્રતિબિંબભ્રમ સ્થળે બિંબસન્નિકર્ષ માનવો જ પડે છે કારણ કે તે વિના ભ્રમનાં ત્રણ કારણોમાંનું જે એક કારણ સંસ્કાર છે તેની ઉપપત્તિ નથી. પોતાના મુખનો પોતાની આંખ સાથે સન્નિકર્ષ ન માનવામાં આવે તો દર્પણાદિમાં આરોપ્ય પ્રતિમુખના સજાતીય એવા પોતાના મુખનો સાક્ષાત્કાર ક્યારેય જન્મે નહિ અને તો પછી અધ્યાસનું કારણભૂત અને પૂર્વાનુભવથી જન્ય એવો સંસ્કાર પ્રાપ્ત ન થતાં પ્રતિબિંબરૂપ અધ્યાસની ઉત્પત્તિ ન થાય. માટે પોતાના મુખનો પોતાની આંખ સાથે સન્નિકર્ષ થાય તે માટે માનવું જ પડશે કે દર્પણાદિ ઉપાધિથી પ્રતિહત નયનરશ્મિ પાછાં ફરીને સ્વમુખરૂપ બિંબને પ્રાપ્ત કરીને તેનું ગ્રહણ કરે છે. કદાચ સ્વમુખનો પૂર્વાનુભવ હોય તો પણ એ નાસિકા આદિ પ્રદેશ પૂરતો સીમિત હોય અને એવું હોય તો સંસ્કારના અભાવમાં નયનગોલકાદિનો પ્રતિબિંબાધ્યાસ શક્ય ન જ બને. માટે પ્રતિહત થયેલાં નયનરશ્મિની પરાવૃત્તિ અને બિંબસંનિકર્ષ માનવાં જ જોઈએ. ક્યારેક તો બિલકુલ પૂર્વાનુભવ નથી હોતો. તળાવના કિનારા પરના વૃક્ષ પર કોઈ ક્યારેય નહીં જોયેલો માણસ ચઢીને બેઠો હોય તેના પ્રતિબિંબાધ્યાસસ્થળે પૂર્વાનુભવની જરા પણ શક્યતા નથી.

જો ઉપર્યુક્ત નિયમ સ્વીકારવાનો જ હોય તો અનુભવને આધારે એમ પણ સ્વીકારવું જોઈએ કે દર્પણાદિથી પ્રતિહત થયેલાં જ નયનરશ્મિ બિંબને પ્રાપ્ત કરીને તેનું ગ્રહણ કરે છે; શિલા આદિથી પ્રતિહત થયેલાં નયનરશ્મિ નથી કરતાં, અને બહુ સ્વચ્છ નહિ એવા તામ્રાદિથી પ્રતિહત નયનરશ્મિ મુખાદિનું સફલતાથી ગ્રહણ કરતાં નથી. આમ ફળ અનુસાર પદાર્થનો સ્વભાવ માનવામાં આવે તો બીજા પણ દોષોનો નિરાસ થાય છે. સૂર્યને સીધો જોવા પ્રયત્ન કરીએ તો સૂર્યના તેજથી નયનરશ્મિ પ્રતિહત થાય છે અને સૂર્યનું ગ્રહણ કરી શકાતું નથી. જ્યારે જલ આદિ ઉપાધિને પ્રાપ્ત કરીને પાછાં ફરેલાં નયનરશ્મિ સૂર્યના તેજથી પ્રતિહત થતાં નથી તેથી સૂર્યને જોઈ શકે છે. શંકા થાય કે ઉપાધિભૂત જલથી પ્રતિહત થયેલાં નયનરશ્મિ બિંબદેશને પ્રાપ્ત કરે છે એમ જો માનવામાં આવે છે તો સૂર્યાદિનું પ્રતિબિંબ ભલે દેખાય પણ જળની અંદર રેતી વગેરે દેખાય છે તે દેખાવાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જોઈએ નહિ, કારણ કે તેમની સાથે સંનિકર્ષ નથી. આનો ખુલાસો એ છે કે જલ આદિ ઉપાધિથી પ્રતિહત કેટલાંક નયનરશ્મિ બિંબને પ્રાપ્ત કરે છે પણ કેટલાંક નયનરશ્મિ અંદર જઈને અંદર રહેલી રેતી વગેરે સાથે સન્નિકર્ષમાં આવીને તેનું ગ્રહણ કરે છે. આવા ખુલાસા આપી શકાય છે તેથી બિંબપ્રતિબિંબનો અભેદ માની શકાય છે અને ઉપાધિથી પ્રતિહત નયનરશ્મિ બિંબને પ્રાપ્ત કરીને તેનું ગ્રહણ કરે છે એ નિયમ સ્વીકારવો જોઈએ. એક બીજું સમાધાન જોઈએ. શંકા થાય કે ઉપાધિથી પ્રતિહત નયનરશ્મિ જો બિંબદેશને પ્રાપ્ત કરતાં હોય તો પીઠથી વ્યવહિત પદાર્થનું પણ પ્રતિબિંબ દેખાવું જોઈએ. આનો ઉત્તર એ છે કે ફળના બળે એમ માનવું જોઈએ કે શરીરના અવયવ સંનિકર્ષના વિઘટક છે. તેથી કોઈ દોષ નથી.

નયનરશ્મિ પાછાં ફરીને બિંબનું ગ્રહણ કરે છે એમ **સુરેશ્વરાચાર્યે** કહ્યું છે :

दर्पणाभिहता दृष्टिः परावृत्य स्वमाननम् ।
व्याप्नुवत्याभिमुख्येन व्यत्यस्तं दर्शयेन्मुखम् ॥

દર્પણથી પ્રતિહત થએલી દૃષ્ટિ પાછી ફરીને પોતાના મુખને વ્યાપ્ત કરતી તેને સામે રહેલ તરીકે અને બાજુઓની ફેરબદલીવાળું બતાવે.

આમ બિંબ અને પ્રતિબિંબનો ભેદ માનનાર પક્ષનું ખંડન કરીને તેમના અભેદ માનનાર પક્ષનું નિરૂપણ કર્યું.

હવે તેમના અભેદનું નિરાકરણ કરીને ભેદપક્ષનું નિરૂપણ કરે છે :

**अद्वैतविद्याकृतस्तु प्रतिबिम्बस्य मिथ्यात्वमभ्युपगच्छतां त्रिविधजीववादिनां विद्यारण्यगुरुप्रभृतीनामभिप्रायमेवमाहुः—**

**चैत्रमुखाद् भेदेन तत्सदृशत्वेन च पार्श्वस्थैः स्पष्टं निरीक्ष्यमाणं दर्पणे तत्प्रतिबिम्बं ततो भिन्नं स्वरूपतो मिथ्यैव, स्वकरगतादिव रजताच्छुक्तिरजतम् । न च 'दर्पणे मम मुखं भाति' इति बिम्बाभेदज्ञानविरोधः । स्पष्टभेदद्विस्वप्रत्यङ्मुखत्वादिज्ञानविरोधेनाभेदज्ञानासम्भवात् । 'दर्पणे मम मुखम्' इति व्यपदेशस्य स्वच्छायामुखे स्वमुखव्यपदेशवद् गौणत्वाच्च । न चाभेदज्ञानविरोधाद् भेदव्यपदेश एव गौणः किं न स्यादिति शङ्क्यम् । बालानां प्रतिबिम्बे पुरुषान्तरभ्रमस्य हानोपादित्साद्यर्थक्रियापर्यन्तस्यापलपितुमशक्यत्वात् । न च प्रेक्षावतामपि स्वमुखविशेषपरिज्ञानाय दर्पणाद्युपादानदर्शनाद् अभेदज्ञानमप्यर्थक्रियापर्यन्तमिति वाच्यम् । भेदेऽपि प्रतिबिम्बस्य बिम्बसमानाकारत्वनियमविशेषपरिज्ञानादेव तदुपादानोपपत्तेः ।**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્યારે અદ્વૈતવિદ્યાકાર તો પ્રતિબિંબનું મિથ્યત્વ સ્વીકારનારા અને ત્રિવિધ (પારમાર્થિક, વ્યાવહારિક અને પ્રાતિભાસિક) જીવને માનનારા વિદ્યારણ્ય ગુરુ વગેરેનો અભિપ્રાય આ પ્રમાણે રજૂ કરે છે : (ચૈત્ર જ્યારે દર્પણમાં પોતાનું મુખ જોતા હોય ત્યારે) તેના પડખે ઊભેલાંઓથી ચૈત્રના મુખથી ભિન્ન તરીકે અને તત્સદૃશ તરીકે સ્પષ્ટ જોવામાં આવતું દર્પણમાં તેનું પ્રતિબિંબ તેનાથી (ચૈત્રમુખથી) ભિન્ન અને સ્વરૂપથી મિથ્યા જ છે, જેમ પોતાના હાથમાં રહેલા રજતથી શુક્તિરજત ભિન્ન છે અને મિથ્યા છે. અને (આમ માનતાં) 'દર્પણમાં મારું મુખ ભાસે છે' એ બિંબથી અભેદના જ્ઞાનનો વિરોધ થાય છે એવું નથી, કારણ કે (મુખ–પ્રતિબિંબના) સ્પષ્ટ ભેદ, દ્વિત્વ, પ્રત્યઙ્મુખત્વ આદિ (—અર્થાત્ પ્રત્યઙ્મુખત્વ, ગ્રીવાસ્થત્વ, દર્પણસ્થત્વ આદિ)ના જ્ઞાનના વિરોધથી અભેદજ્ઞાન સંભવતું નથી. અને 'દર્પણમાં મારું મુખ' એવો ઉલ્લેખ પોતાના છાયામુખને વિષે સ્વમુખના ઉલ્લેખ (વ્યવહાર)ની જેમ ગૌણ છે. અને એવી શંકા કરવી ન જોઈએ કે અભેદજ્ઞાનના વિરોધને લીધે ભેદવ્યવહાર જ કેમ ગૌણ ન હોય? (આ શંકા બરાબર નથી) કારણ કે બાળકોને પ્રતિબિંબમાં કોઈ બીજા પુરુષનો ભ્રમ થાય છે જે હાન (ત્યાગ), ઉપાદિત્સા (લેવાની ઇચ્છા) વગેરે અર્થક્રિયા (કોઈ પ્રયોજન માટેની પ્રવૃત્તિ) સુધીનો છે તેની ના પાડી શકાય તેમ નથી. અને એવી દલીલ કરવી નહિ કે બુદ્ધિશાળી લોકો પણ પોતાના મુખની વિશેષતા (ખાસિયત) બરાબર જાણવાને માટે દર્પણાદિને લેતા જોવામાં આવે છે તેથી અભેદજ્ઞાન પણ અર્થક્રિયા સુધીનું છે. (આ દલીલ બરાબર નથી) કારણ કે ભેદ હોવા છતાં પણ પ્રતિબિંબ બિંબના જેવા આકારવાળું જ હોય છે એવા નિયમવિશેષના બરાબર જ્ઞાનથી જ તેનું (દર્પણાદિનું) ઉપાદાન ઉપપન્ન બને છે (—દર્પણાદિ લેવાની તેમની પ્રવૃત્તિ વજૂદવાળી બને છે).

**વિવરણ** : પ્રતિબિંબ મુખરૂપ બિંબથી ભિન્ન છે, અને તેનાં લક્ષણો જુદાં છે એવું સ્પષ્ટ જ્ઞાન સૌને હોય છે તેથી બિંબ–પ્રતિબિંબના અભેદનું જ્ઞાન શક્ય જ નથી. મુખ ગરદન પર છે, પ્રતિબિંબ દર્પણમાં છે, મુખ પોતાનું અંગ છે, પ્રતિબિંબ સામે છે, મુખ સ્વતંત્ર છે જ્યારે પ્રતિબિંબ પરતંત્ર છે વગેરે સ્પષ્ટ ભેદ અને દ્વિત્વ જ્ઞાત થતાં હોય ત્યારે 'દર્પણમાં મારું મુખ' એમ કોઈ કહે તો એ વચન ગૌણ અર્થમાં સમજવાનું છે. શંકા થાય કે 'દર્પણમાં મારું મુખ ભાસે છે.' 'મારું મુખ મલિન દેખાય છે,' 'મારું મુખ લાંબું દેખાય છે' વગેરે કેટલાય બિંબ–પ્રતિબિંબના અભેદવિષયક અનુભવો પણ સ્પષ્ટ થાય છે; તે અભેદવ્યવહાર મુખ્ય છે અને અભેદાનુભવના વિરોધથી ભેદનો અનુભવ જ સંભવતો નથી તેથી માત્ર ભેદવ્યવહાર બાકી રહે છે તે કલ્પિતભેદના આધારે સમજાવી શકાય, અર્થાત્ ભેદવ્યવહાર જ ગૌણ છે. આનો ઉત્તર આપતાં કહ્યું કે પ્રતિબિંબને વિષે પ્રવૃત્તિ વગેરે થતાં જોવામાં આવે છે તે બિંબથી તેના ભેદ વિના સિદ્ધ થતાં નથી. બાળકો જળાશયમાં ભયંકર પ્રતિબિંબ જોઈને તેને પડતું મૂકીને નાસી જાય છે અને સૌમ્ય અને પ્રીતિ ઉપજાવે એવું પ્રતિબિંબ જોઈ ને તેને લેવા ઇચ્છે છે અને પ્રતિબિંબદેશ તરફ જાય છે એ સૌ જાણે છે. કર્ણામૃતાચાર્યે કહ્યું છે કે નાના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(શ્રી કૃષ્ણે) ધૂંટણિયે ચાલતાં ચાલતાં રત્નમયી ભૂમિમાં પડેલા પોતાના મુખપ્રતિબિંબને લેવાની ઇચ્છા કરી અને તે ન મળતાં ખેદથી પોતાની ધાત્રીના ચહેરા સામે જોઈને રડવા લાગ્યા.

रत्नस्थले जानुचरः कुमारः सङ्क्रान्तमात्मीयमुखारविन्दम् ।
आदातुकामस्तदलाभखेदाद्विलोक्य धात्रीवदनं रुरोद ॥

શંકા થાય કે અભેદજ્ઞાન પણ પ્રવૃત્તિ કરાવે છે પોતાના મુખની ખાસિયતો બરાબર જાણવા માટે બુદ્ધિશાળીઓ પણ દર્પણ હાથમાં લે છે. જો બિંબ-પ્રતિબિંબમાં વસ્તુતઃ ભેદ જ હોય તો પ્રમાણોને આધારે પરીક્ષા કરનારાઓને તે ભેદનો નિર્ણય (તેનું ચોક્કસ જ્ઞાન) હોય જ. અને એવું હોય તો પોતાના મુખમાં રહેલી વિશેષતાના નિર્ણયને માટે દર્પણાદિ લે નહિ પણ તેઓ પણ તેમ કરતા દેખાય છે તેથી તેમને ખાતરી છે કે બિંબ-પ્રતિબિંબનો અભેદ છે એમ જ કહેવું જોઈએ એનો ઉત્તર એ છે કે તેમની પ્રવૃત્તિ અન્ય રીતે સિદ્ધ થઈ શકે છે. તેમને ઉપર્યુક્ત પ્રમાણોથી ભેદનું જ્ઞાન તો છે જ. પણ તેમને એ પણ બરાબર જ્ઞાત છે કે પ્રતિબિંબ બિંબના જેવા જ આકારવાળું હોય છે · એવો નિયમવિશેષ છે, તેથી તેઓ દર્પણાદિનો ઉપયોગ કરે છે.

બિંબ-પ્રતિબિંબઅભેદવાદનું વિવેચન કરતાં વ્યાખ્યાકાર **કૃષ્ણાનંદતીર્થ** કહે છે કે શંકા થાય કે બાળકોની પ્રતિબિંબવિષયક જે હાન આદિ પ્રવૃત્તિ છે તે બિંબ ઉપાધિમાં રહેલું છે એવા ભ્રમથી જ સંભવે છે એમ એની પણ અન્યથા સિદ્ધિ માની શકાય. આમ ભેદ અને અભેદ બન્ને વિષે અનુભવો અને તે બન્નેથી પ્રયુક્ત ક્રિયાઓ તુલ્ય હોય ત્યારે અભેદને સ્વાભાવિક માનવો એ જ ઠીક છે કારણ કે એમાં લાઘવ છે. બ્રહ્મરૂપ બિંબ અને પ્રતિબિંબરૂપ જીવ વિષે શાસ્ત્રથી જે, જીવ અને બ્રહ્મનો અભેદ સિદ્ધ છે તેના જ્ઞાનમાં ઉપયોગી હોવાથી લૌકિક બિંબ અને પ્રતિબિંબના અભેદની કલ્પના અભેદ શ્રુતિથી સમર્થિત છે પ્રતિબિંબરૂપ જીવનો બ્રહ્મથી અભેદ સંભવતો હોય ત્યારે તેનાથી અતિરિક્ત પારમાર્થિક અવચ્છિન્ન જીવની કલ્પનામાં ગૌરવ છે. यथा ह्ययं ज्योतिरात्मा विवस्वान्...× જેવા મંત્રનું પણ અભેદ પક્ષમાં જ સ્વારસ્ય છે. ત્યાં એવું પ્રતિપાદન છે કે સૂર્ય વગેરે અનેક ઉપાધિઓમાં પ્રતિબિંબિત થવાને લીધે નાના (ભિન્ન) છે, સ્વતઃ એક છે, તેમ ચૈતન્ય અનેક ઉપાધિઓમાં પ્રતિબિંબિત થવાને કારણે નાના છે, સ્વતઃ એક છે. આ બિંબ-પ્રતિબિંબના ભેદપક્ષમાં સંભવતું નથી. એ પક્ષમાં બિંબ ચૈતન્યનું એકત્વ અને પ્રતિબિંબોનું નાનાત્વ છે એમ ઠરતું હોવાથી એક જ વસ્તુમાં ઔપાધિક નાનાત્વ છે એમ વાત આવીને અટકી શકે નહિ. માટે **વિવરણ** આદિને માન્ય બિંબ-પ્રતિબિંબનો અભેદપક્ષ જ વધારે સારો છે—લૌકિક અને શાસ્ત્રીય બંને દૃષ્ટિએ.

આ શંકાનો ઉત્તર એ છે કે સૂક્ષ્મ દૃષ્ટિએ તો આ જ સાચું છે માટે **ભામતી** વગેરે ગ્રંથોમાં જીવ-બ્રહ્મનો અભેદ હોવા છતાં લૌકિક બિંબ-પ્રતિબિંબની જેમ કલ્પિત ભેદ હોવાથી તેમના ધર્મો(બ્રહ્મમાં સર્વજ્ઞત્વાદિ, જીવમાં અલ્પજ્ઞત્વાદિ)ની વ્યવસ્થા છે માટે

---

× यथा ह्ययं ज्योतिरात्मा विवस्वानपो भिन्ना बहुधैकोऽनुगच्छन् ।
उपाधिना क्रियते भेदरूपो देवः क्षेत्रेष्वेवमजरोऽयमात्मा ॥

જુઓ **બ્રહ્મસૂત્રશાંકરભાષ્ય** ૩. ૨. ૧૮

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એ અનુસાર સાર્વત્રિક વ્યવહાર છે. બીજી બાજુએ શ્રી વિદ્યારણ્ય વગેરેએ મંદબુદ્ધિના અધિકારીઓને તત્ત્વનું જ્ઞાન થઈ શકે તે માટે પ્રતિબિંબની ઉત્પત્તિની પ્રક્રિયાનું ઉપપાદન કર્યું છે. 'કર્તૃત્વ, ભોક્તૃત્વાદિ સંસારનો આશ્રય ચિદાભાસ મિથ્યાભૂત છે, અને એ આત્મા નથી; જ્યારે અસંગ ચૈતન્યરૂપ આત્મા સંસારનો આશ્રય નથી' એ પ્રક્રિયાથી મંદબુદ્ધિના અધિકારીઓને તત્ત્વ બુદ્ધિમાં ઊતરી જાય છે એટલી સરળ રીતે 'આત્મા બ્રહ્મપ્રતિબિંબરૂપ હોઈને તેનું બ્રહ્મત્વ સ્વતઃસિદ્ધ છે, અન્તઃકરણના તાદાત્મ્યથી તે સંસારનો આશ્રય છે' એ પ્રક્રિયાથી તત્ત્વ બુદ્ધિમાં ઊતરતું નથી; કારણ કે લોકમાં વિરુદ્ધ ધર્મોનું અસાંકર્ય ધર્મીનો ભેદ હોય ત્યાં સ્ફુટ હોય છે; વિરુદ્ધ ધર્મો બે જુદા પદાર્થોમાં જ રહી શકે છે; તેની જેમ ધર્મીનો અભેદ હોય ત્યાં વિરુદ્ધ ધર્મોનું અસાંકર્ય સ્ફુટ નથી હોતું. **વિદ્યારણ્ય મુનિનો** અભિપ્રાય **કૂટસ્થદીપ**માં 'यया यया भवेत् पुंसाम्' એમ **વાર્તિક** વચનના * ઉદાહરણથી સ્પષ્ટ છે. **કૃષ્ણાનંદતીર્થ** ભેદપક્ષની સાથે સંમત નથી એ સ્પષ્ટ છે.

**यत्तु 'नात्र मुखम्' इति दर्पणे मुखसंसर्गमात्रस्य बाधः, न मुखस्येति, तन्न। 'नेदं रजतम्' इत्यत्रापि इदमर्थे रजततादात्म्यमात्रस्य बाधो न रजतस्येत्यापत्तेः। यदि च इदमंशे रजतस्य तादात्म्येनाध्यासाद् 'नेदं रजतम्' इति तादात्म्येन रजतस्यैव बाधः, न तादात्म्यमात्रस्य, तदा दर्पणे मुखस्य संसर्गितयाऽध्यासाद् 'नात्र मुखम्' इति संसर्गितया मुखस्यैव बाधः, न संसर्गमात्रस्येति तुल्यम् ।**

જે એમ કહ્યું છે કે **'અહીં મુખ નથી'** એમ દર્પણમાં મુખના સંસર્ગમાત્રનો બાધ છે, મુખનો નહિ, —એ બરાબર નથી. કારણ કે એમ હોય તો 'આ રજત નથી' આ સ્થળે પણ 'ઇદમ્' અર્થમાં રજતના તાદાત્મ્યમાત્રનો બાધ પ્રસક્ત થશે, રજતનો નહિ એ આપત્તિ થશે. અને જો (એમ કહેવામાં આવે કે) 'ઇદમ્' અંશમાં રજતનો તાદાત્મ્યથી અધ્યાસ હોવાથી 'આ રજત નથી' એમ તાદાત્મ્યથી રજતનો જ બાધ છે, તાદાત્મ્યમાત્રનો નહિ, તો દર્પણમાં મુખનો સંસર્ગ ધરાવનાર તરીકે અધ્યાસ હોવાથી 'અહીં મુખ નથી' એમ સંસર્ગ ધરાવનાર તરીકે મુખનો જ બાધ છે, સંસર્ગમાત્રનો નહિ.—આમ (પરિસ્થિતિ) સમાન છે.

**વિવરણ** : પ્રતિબિંબસ્થળે દર્પણસ્થત્વ આદિરૂપ સંસર્ગમાત્રનો બાધ કહ્યો છે તેની રજૂઆત કરીને પ્રતિબંદીથી (–એ જ દલીલ વિરુદ્ધપક્ષે પણ કહી શકાય એમ દલીલ કરીને) પ્રતિબિંબના સ્વરૂપનો બાધ અહીં સિદ્ધ કર્યો છે. 'ઇદમ' અંશમાં રજતના તાદાત્મ્ય માત્રનો નિષેધ માનવો પડે અને એવું હોય તો શુક્તિરજતનું અનિર્વચનીયત્વ સિદ્ધાંતને માન્ય હોઈ શકે નહિ. અહીં જો કે તાદાત્મ્ય માત્ર બાધ્ય હોવા છતાં અનિર્વચનીય રજતની ઉત્પત્તિને

---

* यया यया भवेत् पुंसां व्युत्पत्तिः प्रत्यगात्मनि ।
सा सैव प्रक्रियेह स्यात् साध्वी सा चानवस्थिता ॥

—સુરેશ્વરાચાર્યકૃત બૃહદારણ્યકોપનિષદ્–ભાષ્યવાર્તિક ૧,૪,૪૦૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રોકી શકાય નહિ કારણ કે અન્ય દેશમાં રહેલું રજત સંવિદ્‌થી અભિન્ન ન હોવાથી સામે રહેલી વસ્તુથી અભિન્ન તરીકે પ્રત્યક્ષ જ્ઞાત થઈ શકે નહિ, તોપણ શુક્તિરજતનો બાધ પણ ઉપપન્ન તરીકે બતાવી શકાય એમ માનીને બિંબ–પ્રતિબિંબાભેદવાદી શંકા કરે છે કે 'આ રજત નથી'માં તાદાત્મ્યથી રજતનો જ બાધ છે, તાદાત્મ્યમાત્રનો નહિ. આનો ઉત્તર એ છે કે એવું હોય તો એમ પણ માનવું પડે કે 'અહીં મુખ નથી'થી સંસર્ગ-ધરાવનાર તરીકે મુખનો જ બાધ છે, સંસર્ગમાત્રનો નહિ.

यत्तु धर्मिणोऽप्यध्यासकल्पने गौरवमिति, तद् रजताभासकल्पनागौरववत् प्रामाणिकत्वान्न दोषः, स्वनेत्रगोलकादिप्रतिबिम्बभ्रमस्थले बिम्बापरोक्ष्यकल्पनोपायाभावात् । नयनरश्मीनामुपाधिप्रतिहतानां बिम्बप्राप्तिकल्पने हि दृष्टविरुद्धं बह्वापद्यते । कथं हि जलसन्निकर्षे केषुचिन्नयनरश्मिषु अप्रतिहतमन्तर्गच्छत्सु अन्ये जलसम्बन्धेनापि प्रतिहन्यमाना नितान्तमृदवः सकलनयनरश्मिप्रतिघातिनं किरणसमूहं निर्जित्य तन्मध्यगतं सूर्यमण्डलं प्रविशेयुः । कथं च चन्द्रावलोकन इव तत्प्रतिबिम्बावलोकनेऽपि अमृतशीतलं तद्बिम्बसन्निकर्षाविशेषे लोचनयोः शैत्याभिव्यक्त्या आप्यायनं न स्यात् । कथं च जलसम्बन्धेनापि प्रतिहन्यमानाः शिलादिसंबन्धेन न प्रतिहन्येरन् । तत्प्रतिहत्या परावृत्तौ वा नयनगोलकादिभिर्न संसृज्येरन् । तत्संसर्गे वा संसृष्टं न साक्षात्कारयेयुः । दोषेणापि हि विशेषांशग्रहणमात्रं प्रतिबध्यमानं दृश्यते, न तु सन्निकृष्टधर्मिस्वरूपग्रहणमपि ।

જે એમ કહ્યું છે કે ધર્મીનો પણ અધ્યાસ કલ્પવામાં ગૌરવ છે, (તેને વિષે કહેવાનું કે) રજતાભાસની કલ્પનામાં જેમ ગૌરવ પ્રામાણિક છે (પ્રમાણાનુસાર છે) તેમ (અહીં) તે (ગૌરવ) પ્રામાણિક હોવાથી દોષ નથી, કારણ કે પોતાના નયનગોલકાદિના પ્રતિબિંબ ભ્રમ સ્થળમાં બિંબની અપરોક્ષતાની કલ્પનાનો ઉપાય નથી. નયનરશ્મિઓ (દર્પણાદિ) ઉપાધિથી પ્રતિહત થઈને બિંબને પ્રાપ્ત કરે છે એવી કલ્પના કરવામાં, જોવામાં આવે છે તેનાથી વિરુદ્ધ ઘણું આવી પડે છે. જેમ કે જલ સાથે સન્નિકર્ષ થતાં કેટલાંક નયનરશ્મિ કોઈ રુકાવટ વિના (અપ્રતિહત રીતે) અંદર જતાં હોય ત્યારે બીજાં જળના સંબંધથી પણ પ્રતિહત થતાં (એટલાં) તદ્દન મૃદુ એવાં (નયનરશ્મિ) સકલ નયનરશ્મિને પાછાં ધકેલનાર (સૂર્ય)કિરણસમૂહને જીતીને તેની મધ્યમાં રહેલા સૂર્યમંડલમાં પ્રવેશી શકે! (—કેવી રીતે પ્રવેશી શકે?) અને (બિંબભૂત) ચંદ્રને જોવામાં થાય છે તેમ તેના પ્રતિબિંબને જોવામાં પણ અમૃત જેવી શીતલ રીતે લોચનોમાં શીતળતાની અભિવ્યક્તિથી તાજગી (ઉષ્ણતાનું શમન) કેમ ન થાય જ્યારે (બિંબ અને પ્રતિબિંબનો અભેદ હોઈને) અમૃત જેવા શીતલ તે બિંબ સાથે સંનિકર્ષ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**સમાન છે ? અને જળના સંબંધથી પાછાં ધકેલાતાં (નયનરશ્મિ) શિલા આદિના સંબંધથી કેમ પાછાં ન ધકેલાય ? અથવા તેના પ્રતિઘાતથી પાછાં ફરતાં હોય તો નયનગોલક આદિ સાથે સંસર્ગમાં કેમ ન આવે ? અથવા તેની સાથે સંસર્ગમાં આવતાં સંસૃષ્ટ (જેની સાથે સંસર્ગ થયો છે એવાં નયનગોલકાદિ)નો સાક્ષાત્કાર કેમ ન કરાવે ? કારણ કે (કોઈ) દોષથી પણ માત્ર વિશેષ અંશનું ગ્રહણ પ્રતિબદ્ધ થતું (—તેમા રુકાવટ આવતી—) જોવામાં આવે છે, પણ સંનિકૃષ્ટ ધર્મી(દ્રવ્ય)ના સ્વરૂપનું ગ્રહણેય પ્રતિબદ્ધ થતું જોવામાં આવતું નથી.**

**વિવરણ** : દર્પણસ્થત્વ, આદિ ધર્મોનો અધ્યાસ માનવા કરતાં (પ્રતિબિંબરૂપ) ધર્મીનો જ અધ્યાસ માનવામાં ગૌરવદોષ છે એમ જે દલીલ કરી હતી તેનો ઉત્તર અહીં આપ્યો છે. પ્રમાણથી સમર્થન પ્રાપ્ત થતું હોય તો ગૌરવ પણ દોષરૂપ નથી. શુક્તિરજતમાં જેમ બાધક પ્રમાણ છે તેમ પ્રતિબિંબમાં પણ છે તેથી અધ્યાસની કલ્પનામાં ગૌરવ હોય તો પણ તે પ્રમાણમૂલક છે તેથી દોષ નથી. બીજી બાજુએ બિંબ–પ્રતિબિંબનો અભેદ માનનાર પક્ષમાં પોતાના મુખમાં રહેલાં નયનગોલક આદિનો પ્રતિબિંબભ્રમ થાય છે ત્યાં બિંબને અપરોક્ષ માનવા માટે કોઈ ઉપાય નથી. દર્પણ, જળ આદિ ઉપાધિથી પ્રતિહત થતાં નયનરશ્મિ પાછાં ફરીને બિંબનો સાક્ષાત્કાર કરે છે એમ માનવામાં ઘણી બધી મુશ્કેલીઓ છે. નયનરશ્મિ એવાં નાજુક હોય કે જળ સાથે સંબંધમાં આવતાં કેટલાંક અંદર પ્રવેશી શકે, અને બીજાં કેટલાંક પાછાં ફરેલાં તદ્દન નાજુક નયનરશ્મિઓ બધાં જ નયનરશ્મિઓને પાછાં ધકેલવા સમર્થ એવા સૂર્યના કિરણસમૂહને હરાવીને તેમની મધ્યમાં રહેલા સૂર્યમંડળમાં પ્રવેશી જાય એમ માનવું કેટલું યુક્તિયુક્ત છે ? પણ અભેદપક્ષમા માનવું જ પડે છે.

એમ માની લઈએ કે જળથી નયનરશ્મિ પ્રતિહત થતાં નથી પણ જળની અંદર રહેલી રેતીથી પ્રતિહત થાય છે અને જેમ સૂર્યાદિનાં કિરણ પોતે તૃણાદિને બાળી શકતાં નથી પણ સૂર્યકાન્ત મણિથી પ્રતિહત થયેલાં હોય તો બાળી શકે છે તેમ નયનરશ્મિ સ્વતઃ સૂર્યકિરણનો પ્રતિઘાત કરી શકતાં નથી પણ ઉપાધિથી પ્રતિહત થયેલાં હોય ત્યારે સૂર્યકિરણસમૂહને હરાવવામાં તેમનું સામર્થ્ય વધી જાય છે તેથી કોઈ દોષ નથી. પણ એવું જો હોય તો ચંદ્રના અવલોકનથી લોચનોને શીતળતાનો અનુભવ થાય છે તેના કરતાં જળાશયમાં ચંદ્રપ્રતિબિંબને કોઈ નિરંતર જોયા કરે તો તે શીતળતાની અભિવ્યક્તિ દ્વારા ઉષ્ણતાનું શમન કરવામાં વધારે સમર્થ હોવું જોઈએ.

કોઈ એમ દલીલ કરી શકે કે શીતલતાનો અનુભવ ચંદ્રના સંનિકર્ષાદિને કારણે નથી પણ ચંદ્રકિરણોના સતત સંસર્ગને લીધે છે તેથી નીચું મુખ રાખીને ઊભેલા માણસની આંખોને શીતલતાનો અનુભવ થતો નથી, કારણ કે ચંદ્રકિરણોનો સતત સંપર્ક નથી હોતો જો કે ચંદ્ર સાથે સંનિકર્ષ અને તેનું દર્શન તો હોય જ છે. માટે ભેદપક્ષે બીજી દલીલ કરી છે.

જળના સંબંધમાં આવતાં પાછાં ફરી શકતાં નયનરશ્મિ શિલા વગેરે સાથે સંબંધમાં આવતાં કેમ પાછાં ન ફરે ? પ્રતિહત થવાં જ જોઈએ અને તેમનો બિંબ સાથે સંસર્ગ થવાથી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેનો સાક્ષાત્કાર કરાવવો જ જોઈએ. કોઈ દોષને કારણે આમ થતું નથી એમ કોઈ દલીલ કરે તો એ બરાબર નથી કારણ કે દોષ હોય તો પણ બિંબરૂપ મુખાદિની વિશેષતાનો સાક્ષાત્કાર ન થાય પણ સામાન્યરૂપથી તો જ્ઞાન થવું જોઈએ. શુક્તિરજત આદિ ભ્રમના સ્થળે દોષને કારણે બિલકુલ જ્ઞાન થતું નથી એવું તો થતું નથી. આમ બિંબ-પ્રતિબિંબનો અભેદ અને ઉપાધિથી પ્રતિહત થયેલાં નયનરશ્મિ પાછાં ફરી બિંબને પ્રાપ્ત કરે છે અને તેનું દર્શન કરે છે એમ માનવામાં જોઈએ છીએ તેથી વિરુદ્ધ ઘણું માની લેવું પડે છે તેથી આ પક્ષ સ્વીકાર્ય નથી.

કૃષ્ણાનંદતીર્થ વ્યાખ્યાકારને અભેદ-પક્ષ વધારે સ્વીકાર્ય લાગે છે તેથી તેઓ કહે છે કે પરિસ્થિતિ જેવી છે તેવી માની લઈએ તો એમ માનવું જોઈએ કે સ્વચ્છ દ્રવ્ય કે તેની સાથે અંસૃષ્ટ વસ્તુ (રેતી) જે પ્રતિબિંબના ઉદયને યોગ્ય હોય તે જ પ્રતિઘાતક બની શકે છે. તેથી ઉપર કહેલો દોષ નથી એમ સમજવું.

**प्रतिमुखाध्यासपक्षे तु न किञ्चिद् दृष्टविरुद्धं कल्पनीयम् । तथा हि—अव्यवहितस्थूलोद्भूतरूपस्यैव चाक्षुषाध्यासदर्शनाद् बिम्बगतस्थौल्योद्भूतरूपयोः स्वाश्रयसाक्षात्कारकारणत्वेन क्लृप्तयोः स्वाश्रयप्रतिबिम्बाध्यासेऽपि कारणत्वम्, कुड्याद्यावरणद्रव्यस्य त्वगिन्द्रियादिन्यायेन प्राप्यकारितयाऽवगतनयनसन्निकर्षविघटनद्वारा व्यवहितवस्तुसाक्षात्कारप्रतिबन्धकत्वेन क्लृप्तस्य व्यवहितप्रतिबिम्बाध्यासेऽपि विनैव द्वारान्तरं प्रतिबन्धकत्वं च कल्पनीयम् । तत्र को विरोधः क्वचित् कारणत्वादिना क्लृप्तस्य फलबलादन्यत्रापि कारणत्वादिकल्पने ।**

**एतेनोपाधिप्रतिहतनयनरश्मीनां बिम्बप्राप्त्यनुपगमे व्यवहितस्योद्भूतरूपादिरहितस्य च चाक्षुषप्रतिबिम्बभ्रमप्रसङ्ग इति निरस्तम् ।**

બીજી બાજુએ પ્રતિમુખનો અધ્યાસ માનનાર પક્ષમાં, જોવામાં આવ્યું હોય તેનાથી વિરુદ્ધ કશું જ કલ્પવાનું રહેતું નથી. જેમ કે, અવ્યવહિત, સ્થૂલ અને ઉદ્ભૂતરૂપવાળા પદાર્થનો જ ચાક્ષુષ અધ્યાસ જોવામાં આવે છે તેથી બિંબમાં રહેલાં સ્થૂલતા (મહત્ત્વ) અને ઉદ્ભૂત રૂપ જેમને પોતાના આશ્રયભૂત (દ્રવ્ય)ના સાક્ષાત્કારનું કારણ માનવામાં આવે છે તેમને પોતાના આશ્રયના પ્રતિબિંબના અધ્યાસમાં પણ કારણ માની શકાય; (અને) દીવાલ વગેરે આવરણ કરનાર દ્રવ્ય જેને ત્વગિન્દ્રિય આદિના ન્યાયથી પ્રાપ્યકારી તરીકે જ્ઞાત નયનના સંનિકર્ષના વિઘટન દ્વારા વ્યવહિત વસ્તુના સાક્ષાત્કારનું પ્રતિબંધક માનવામાં આવે છે તેને વ્યવહિતના પ્રતિબિંબાધ્યાસમાં પણ કોઈ બીજી દ્વારભૂત વસ્તુ વિના પ્રતિબંધક કલ્પી શકાય. ક્યાંક કારણ આદિ તરીકે માનેલી વસ્તુને ફળના બળે અન્યત્ર પણ કારણ આદિ તરીકે કલ્પવામાં આવે તો શો વિરોધ હોઈ શકે?

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ (દલીલ)થી 'ઉપાધિથી પ્રતિહત નયનરશ્મિઓ બિંબને પ્રાપ્ત કરે છે એમ ન સ્વીકારવામાં આવે તો વ્યવહિત અને ઉદ્દ્ભૂત રૂપ આદિ વિનાની વસ્તુનો પણ ચાક્ષુષ પ્રતિબિંબભ્રમ પ્રસક્ત થશે' એ (દલીલ)નું ખંડન થઈ જાય છે.

**વિવરણ :** બિંબ-પ્રતિબિંબાભેદ-પક્ષમાં ઘણો બધો દૃષ્ટવિરોધ આવી પડે છે એમ બતાવીને હવે પ્રતિબિંબાધ્યાસની ઉત્પત્તિ માનનાર પક્ષનું ઉપપાદન કરે છે. ઘટાદિના ચાક્ષુષ જ્ઞાનમાં ઘટાદિનું મહત્ત્વ, તેમનું ઉદ્દ્ભૂતરૂપત્વ અને અવ્યવહિતત્વ કારણભૂત છે તેથી આ ધર્મોને પોતાના આશ્રયભૂત પદાર્થના પ્રતિબિંબાધ્યાસમાં પણ કારણભૂત માની શકાય; અર્થાત્ બિંબભૂત મુખાદિના ચાક્ષુષ જ્ઞાનમાં જેમ અવ્યવહિતત્વાદિ (—વસ્તુ અને ઇન્દ્રિય વચ્ચે કોઈ અંતરાય ન જોઈએ, એ સ્થૂળ હોવી જોઈએ અને પ્રકટ રૂપવાળી હોવી જોઈએ એ —) કારણભૂત છે તેમ પોતાના આશ્રય મુખાદિના પ્રતિબિંબરૂપ અધ્યાસની ઉત્પત્તિમાં પણ આ ધર્મોને કારણભૂત માની શકાય. અને જેમ ત્વગિન્દ્રિય વિષયદેશને પ્રાપ્ત કરીને જ તે વિષયનું ગ્રહણ કરે છે તેમ જ ચક્ષુરિન્દ્રિય પણ વિષયદેશને જ પ્રાપ્ત કરીને જ વિષયનું ગ્રહણ કરે છે તેથી તેમને પ્રાપ્યકારી માનવામાં આવે છે. માટે દીવાલનું વ્યવધાન સંનિકર્ષના વિઘટન દ્વારા (સંપર્ક ન થવા દઈને તે દ્વારા) પ્રત્યક્ષજ્ઞાનમાં બાધક માનવામાં આવે છે તેમ દીવાલ વગેરે તેમનાથી વ્યવહિત મુખાદિના પ્રતિબિંબાધ્યાસમાં પણ સાક્ષાત્ પ્રતિબંધક માની શકાય. તેમને બીજી કોઈ દ્વારભૂત વસ્તુની અપેક્ષા રહેતી નથી. પ્રતિબિંબની ઉત્પત્તિ માનનાર પક્ષમાં બિંબ સાથેના સંનિકર્ષને જો હેતુ માનવામાં ન આવે તો વ્યવહિત વસ્તુનું પણ પ્રતિબિંબ પડવું જોઈએ પણ તેમ થતું નથી તેથી દીવાલ વગેરેને વ્યવહિતના પ્રતિબિંબાધ્યાસમાં સાક્ષાત્ પ્રતિબંધક માનવામાં કોઈ વિરોધ હોઈ શકે નહિ.

આ સમાધાનથી બિંબ-પ્રતિબિંબ-અભેદવાદીએ જે શંકા કરી હતી કે ઉપાધિથી પ્રતિહત થયેલાં નયનરશ્મિ બિંબને પ્રાપ્ત કરે છે એમ સ્વીકારવામાં ન આવે તો વ્યવહિત અને ઉદ્દ્ભૂત રૂપ તથા સ્થૂલતા વિનાની વસ્તુઓનો પણ પ્રતિબિંબભ્રમ થવો જોઈએ—એ શંકાનો પણ નિરાસ થઈ જાય છે કારણ કે અવ્યવહિતત્વ અને મહત્તા આદિ પ્રતિબિંબાધ્યાસમાં પણ કારણભૂત છે એમ ઉપર્યુક્ત દલીલ અનુસાર માની શકાય.

**किं च तदुपगमे एव उक्तदूषणप्रसङ्गः । कथम्? साक्षात् सूर्यावलोकन इव विना चक्षुर्विक्षेपमवनतमौलिना निरीक्ष्यमाणे सलिले ततः प्रतिहतानां नयनरश्मीनामूर्ध्वमुत्प्लुत्य बिम्बसूर्यग्राहकत्ववत् तिर्यक्चक्षुर्विक्षेपं विना ऋजुचक्षुषा दर्पणे विलोक्यमाने तत्प्रतिहतानां पार्श्वस्थमुखग्राहकत्ववच्च वदनसाचीकरणाभावेऽप्युपाधिप्रतिहतानां पृष्ठभागव्यवहितग्राहकत्वं तावद्दुर्वारम्, उपाधिप्रतिहतनयनरश्मीनां प्रतिनिवृत्तिनियमं विहाय यत्र बिम्बं तत्रैव गमनोपगमनात् । तथा मलिनदर्पणे श्यामतया गौरमुखप्रतिबिम्बस्थले विद्यमानस्यापि बिम्बगतगौररूपस्य चाक्षुषज्ञानेऽ-**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

न्नुपयोगितया पीतशङ्खभ्रमन्यायेनारोप्यरूपवैशिष्ट्येनैव बिम्बमुखस्य चाक्षुषत्वं निर्वाह्यमिति तथैव नीरूपस्यापि दर्पणोपाधिश्यामत्ववैशिष्ट्येन चाक्षुषप्रतिबिम्बभ्रमविषयत्वमपि दुर्वारम्, स्वतो नीरूपस्यापि नभसोऽध्यस्तनैल्यवैशिष्ट्येन चाक्षुषत्वसंप्रतिपत्तेः। तस्मात् स्वरूपतः प्रतिमुखाध्यासपक्ष एव श्रेयान्।

વળી તેના (—પ્રતિહત નયનરશ્મિઓ બિંબને પ્રાપ્ત કરે છે તેના) સ્વીકારમાં જ ઉક્ત દૂષણનો પ્રસંગ છે. કેવી રીતે? જેમ સાક્ષાત્ સૂર્યના અવલોકનમાં ચક્ષુના વિક્ષેપ (નજર એ તરફ નાખવી તે)ની જરૂર છે, તેનાથી વિપરીત ચક્ષુના વિક્ષેપ વિના માથું નમેલું છે તેવા (માણસ)થી પાણીને જોવામાં આવતાં તેથી પ્રતિહત થયેલા નયનરશ્મિ ઉપર કૂદીને બિંબસૂર્યનું ગ્રહણ કરનારાં હોય છે, અને ત્રાંસી નજર નાખ્યા વિના સીધી આંખવાળાથી દર્પણને જોવામાં આવતાં તેનાથી પ્રતિહત થયેલાં (નયનરશ્મિ) બાજુમાં રહેલા (માણસ)ના મુખનું ગ્રહણ કરનારાં હોય છે, તેની જેમ ચહેરાનું સાચીકરણ (પીઠ પાછળની વસ્તુ જોવા માટે તેને અનુકૂળ થાય એ રીતે મુખને તેની તરફ ફેરવવું તે) ન હોય તો પણ ઉપાધિથી પ્રતિહત થયેલાં નયનરશ્મિ પૃષ્ઠભાગથી વ્યવહિત વસ્તુનું ગ્રહણ કરનારાં હોવાં જ જોઈએ (અક્ષરશઃ—ગ્રહણ કરનારાં હોય તેને રોકવું મુશ્કેલ બને), કારણ કે ઉપાધિથી પ્રતિહત થયેલાં નયનરશ્મિ (નયનગોલક દ્વારા શરીરમાં) પાછાં ફરે છે એ નિયમને છોડીને જ્યાં બિંબ હોય ત્યાં જ જાય છે એમ સ્વીકારવામાં આવે છે. તે જ પ્રમાણે મલિન દર્પણમાં શ્યામ તરીકે ગૌર મુખનું પ્રતિબિંબ થાય છે ત્યાં બિંબમાં ગૌર રૂપ હોવા છતાં પણ ચાક્ષુષ જ્ઞાનમાં તેનો ઉપયોગ ન હોવાથી પીતશંખભ્રમન્યાયથી આરોપ્ય રૂપના વૈશિષ્ટ્યથી જ બિંબમુખના ચાક્ષુષત્વનો નિર્વાહ કરવાનો રહે છે; માટે તે જ રીતે નીરૂપ વસ્તુ દર્પણરૂપ ઉપાધિના શ્યામત્વના વૈશિષ્ટ્યથી ચાક્ષુષપ્રતિબિંબભ્રમનો વિષય બને તેને પણ રોકવું મુશ્કેલ બને, કારણ કે સ્વતઃ રૂપહીન હોવા છતાં પણ આકાશ અધ્યસ્ત નીલતાના વૈશિષ્ટ્યથી ચાક્ષુષ બને છે એ બાબતમાં સંમતિ છે. તેથી સ્વરૂપતઃ પ્રતિમુખનો અધ્યાસ માનનાર પક્ષ જ વધારે સારો છે.

[1] વિવરણ : ઉપાધિથી પ્રતિહત થયેલાં નયનરશ્મિ બિંબને પ્રાપ્ત કરે છે અને તેનું ગ્રહણ કરે છે એમ માનવામાં ઉપર કહેલાં દૂષણો આવી પડશે. સૂર્યને સીધો જોતાં હોઈએ તો નજર તેની તરફ નાખવી પડે છે પણ નજર તેના તરફ નાખ્યા સિવાય નીચું મોઢું રાખીને પાણીને જોઈએ છીએ ત્યારે નયનરશ્મિ એ પાણીથી પાછાં ધકેલાઈને ઉપર કૂદીને બિંબરૂપ સૂર્યનું ગ્રહણ કરે છે એમ જો માનવામાં આવે; અને બાજુમાં ઊભેલા માણસનું મુખ જોવા માટે નજર ત્રાંસી કરવી પડે છે પણ દર્પણને સીધી નજરે જોતાં હોઈએ તો પ્રતિહત થયેલાં નયનરશ્મિ બાજુમાં રહેલા મુખનું ગ્રહણ કરે છે એમ જો માનવામાં આવે, તો એ જ રીતે મોઢું પાછળ ફેરવ્યા સિવાય પીઠ પાછળ રહેલી વસ્તુનું પણ જ્ઞાન થવું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જોઈએ કારણ કે ઉપાધિથી પ્રતિહત થયેલાં નયનરશ્મિ તેના સુધી પહોંચી જાય અને તેનું ગ્રહણ કરી શકે. આ સિદ્ધાંતમાં નયનગોલકની સામે રહેલી વસ્તુથી પ્રતિહત થયેલાં નયનરશ્મિ ફરી ગોલક દ્વારા શરીરના અંદર પ્રવેશ કરે છે એ નિયમને છોડીને જ્યાં બિંબ હોય ત્યાં એ ઉપાધિથી પ્રતિહત થયેલાં નયનરશ્મિ જાય છે એમ સ્વીકારવામાં આવ્યું છે, તેથી પીઠ પાછળની વસ્તુનું પણ આ પ્રતિહત નયનરશ્મિઓએ ગ્રહણ કરવુ જોઈએ, પણ તેમ થતું નથી.

આ પ્રસંગાપત્તિના પરિહાર કરતાં વિરોધી એમ કહી શકે કે સંનિકર્ષનું વિઘટન કરનાર વ્યવધાયકનો અભાવ તો અપેક્ષિત છે જ. જ્યારે અહીં શરીર અને તેના અવયવોનુ વ્યવધાન હોવાથી દર્પણથી પ્રતિહત થયેલાં નયનરશ્મિ પૃષ્ઠભાગથી વ્યવહિત વસ્તુને પ્રાપ્ત કરી શકતાં નથી તેથી તેનું ગ્રહણ થતું નથી. આ દૃષ્ટાન્તમાં આમ થોડી મુશ્કેલી રહે તેથી બીજું દૃષ્ટાંત આપ્યું છે. રૂપહીન વાયુ આદિના ચાક્ષુષ પ્રતિબિંબની આપત્તિ પણ પ્રતિહત થયેલાં નયનરશ્મિ શરીરમાં પાછાં ન ફરતાં બિંબને પ્રાપ્ત કરે છે એ પક્ષમાં રહે છે એ પણ દૂષણ છે. વિરોધી એમ દલીલ કરે કે દર્પણાદિ ઉપાધિગત રૂપના ઉપધાનથી રૂપહીન વાયુ આદિ પણ ચાક્ષુષ પ્રતિબિંબ ભ્રમના વિષય બનવા જ જોઈએ એમ માનવું બરાબર નથી કારણ કે દ્રવ્યના ચાક્ષુષ પ્રતિબિંબભ્રમમાં બિંબમાં રહેલા મહત્ત્વ (સ્થૂલત્વ)ની જેમ તેના ઉદ્‌ભૂતરૂપત્વને પણ કારણ માન્યું છે. આનો ઉત્તર આપતાં, બિંબગત રૂપનો ઉપયોગ ચાક્ષુષપ્રતિબિંબભ્રમમાં નથી હોતો એમ બતાવવા મલિન દર્પણમાં ગૌર મુખનું પ્રતિબિંબ શ્યામ તરીકે દેખાય છે તેનું ઉદાહરણ આપ્યું છે. ત્યાં ગૌર મુખ આરોપ્યમાણ શ્યામરૂપથી ઉપહિત થયેલું ચાક્ષુષ બને છે એમ જ માનવું જોઈએ, જેમ પીત શંખના ભ્રમમાં આરોપ્યમાણ રૂપથી જ શંખદ્રવ્ય ચાક્ષુષ બને છે તેમ આ ચર્ચા કવિતાર્કિકમત સમજાવતી વખતે કરી છે.

[વ્યાખ્યાકાર કૃષ્ણાનંદતીર્થ આ દલીલો સાથે સંમત નથી. તેઓ કહે છે કે દ્રવ્યના ચાક્ષુષ જ્ઞાનમાં તેમાં જ રહેલું ઉદ્‌ભૂત રૂપ કારણ છે તેથી રૂપહીન દ્રવ્ય (વાયુ આદિ) ચાક્ષુષ પ્રતિબિંબભ્રમનો વિષય બને એ પ્રસક્ત થતું જ નથી. મલિન દર્પણમાં ગૌર મુખનો શ્યામ તરીકે પ્રતિબિંબભ્રમ થાય છે ત્યાં, અથવા 'પીતશંખ'નો ભ્રમ થાય છે ત્યાં ભ્રમની પહેલાં અધ્યાસની પ્રતિ કારણીભૂત ધર્મીના જ્ઞાનમાં ગૌર રૂપ કે શુક્લ રૂપ કારણ છે જ તેથી તેના ઉપયોગનો અભાવ સિદ્ધ થતો નથી. અર્થાત્ ધર્મિજ્ઞાનને માટે બિંબમાં રહેલા રૂપની આવશ્યકતા છે જ. દ્રવ્ય-ચાક્ષુષમાં રૂપવિષયકત્વનિયમાભાવ (દ્રવ્યના ચાક્ષુષ જ્ઞાનમાં તેનું રૂપ વિષય બને જ એ આવશ્યક નથી એમ) કવિતાર્કિકનો મત સમજાવતી વખતે સમજાવ્યો છે તેથી પીતશંખભ્રમનો સંભવ છે એમ પ્રતિબિંબની ઉત્પત્તિ માનનારે કહ્યું છે એમ સમજવું.

આરોપ્ય રૂપથી વિશિષ્ટ તરીકે રૂપરહિત વસ્તુનો ચાક્ષુષભ્રમ થાય છે તેને માટે 'નીલ આકાશ'નું ઉદાહરણ આપ્યુ છે અને આ બાબતમાં સર્વસંમતિ છે એમ કહ્યું છે. પણ આપાતતઃ ગગન ચાક્ષુષવૃત્તિનો વિષય છે એમ કેવલ કવિતાર્કિકને માન્ય છે. પૂર્વાચાર્યોને આ માન્ય નથી. આચાર્યોના મતે તો ગગનવ્યાપી સૂર્યપ્રકાશ આદિ વિષયક ચાક્ષુષવૃત્તિથી પ્રકાશાદિથી અવચ્છિન્ન ચૈતન્યની અભિવ્યક્તિના કાળમાં પ્રકાશાદિમાં અનુગત એવું ગગનથી અવચ્છિન્ન ચૈતન્ય છે તેની પણ અભિવ્યક્તિ થાય છે એમ માનીને અભિવ્યક્ત ગગનાવચ્છિન્ન સાક્ષીમાં નીલતાદિનો અધ્યાસ સ્વીકારીને નીલતાદિથી વિશિષ્ટ ગગન સાક્ષી માત્રથી ભાસ્ય બને છે એમ સ્વીકાર્યું છે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ. આમ પ્રતિબિંબનો અધ્યાસ થાય છે એ સિદ્ધાન્ત મંદ બુદ્ધિવાળાઓને માટે જ વધારે સારો હશે એમ **કૃષ્ણાનંદતીર્થ** કહે છે. તેમની **સંમતિ** આ પક્ષને વિષે નથી.]

**न च तत्रापि पूर्वानुभवसंस्कारदौर्घट्यम् । पुरुषसामान्यानुभवसंस्कारमात्रेण स्वप्नेऽदृष्टचरपुरुषाध्यासवन्मुखसामान्यानुभवसंस्कारमात्रेण दर्पणेषु मुखविशेषाध्यासोपपत्तेः । इयांस्तु भेदः —स्वप्नेषु शुभाशुभहेत्वदृष्टानुरोधेन पुरुषाकृतिविशेषाध्यासः, इह तु बिम्बसन्निधानानुरोधेन मुखाकृतिविशेषाध्यास इति ।**

**न च प्रतिबिम्बस्य स्वरूपतो मिथ्यात्वे ब्रह्मप्रतिबिम्बजीवस्यापि मिथ्यात्वापत्तिर्दोषः । प्रतिबिम्बजीवस्य तथात्वेऽप्यवच्छिन्नजीवस्य सत्यतया मुक्तिभाक्त्वोपपत्तेरिति ।**

અને ત્યાં (પ્રતિબિંબાધ્યાસપક્ષમાં) પણ પૂર્વ અનુભવનો સંસ્કાર દુર્ઘટ છે (—અર્થાત્ સંભવે નહિ) એવું નથી, કારણ કે જેમ પુરુષસામાન્યના અનુભવના સંસ્કાર માત્રથી સ્વપ્નોમાં કયારેય ન જોયેલા પુરુષનો અધ્યાસ થાય છે તેમ મુખસામાન્યના અનુભવના સંસ્કાર માત્રથી દર્પણોમાં મુખવિશેષનો અધ્યાસ ઉપપન્ન (શકય) છે. પણ આટલો ભેદ છે— સ્વપ્નોમાં શુભ કે અશુભના હેતુભૂત અદૃષ્ટના અનુરોધથી પુરુષાકૃતિવિશેષનો અધ્યાસ થાય છે, જ્યારે અહીં બિંબના સાન્નિધ્યના અનુરોધથી મુખાકૃતિવિશેષનો અધ્યાસ છે.

અને જો પ્રતિબિંબ સ્વરૂપતઃ મિથ્યા હોય તો બ્રહ્મના પ્રતિબિંબરૂપ જીવને પણ મિથ્યાત્વ પ્રસક્ત થશે એ દોષ નથી, કારણ કે પ્રતિબિંબભૂત જીવ તેવો (મિથ્યા) હોય તો પણ અવચ્છિન્ન જીવ સત્ય હોવાથી તે મુક્તિ પામી શકે છે (અર્થાત્ તેનો બ્રહ્મથી અભેદ છે).

**વિવરણ** : ઉપાધિથી પ્રતિહત થયેલાં નયનરશ્મિ બિંબને પ્રાપ્ત કરે છે એમ જો ન સ્વીકારવામાં આવે તો જેનો અધ્યાસ કરવામાં આવે છે તેના સજાતીય મુખ વિષે પૂર્વ અનુભવ સંભવે નહિ. અને તેથી અધ્યાસના કારણભૂત સંસ્કારની ઉપપત્તિ ન થાય એમ જે શંકા કરેલી તેને ફરી રજૂ કરીને તેનું ખંડન અહીં કર્યું છે. પ્રતિબિંબનો અધ્યાસ માનીએ તો પણ સંસ્કારનો સંભવ નથી એમ ન કહી શકાય પુરુષસામાન્યના (પુરુષમાં સામાન્યતઃ દેખાતાં લક્ષણોના) અનુભવથી જે સંસ્કાર ઉત્પન્ન થયો હોય તેનાથી કયારેય ન જોયેલા પુરુષનો અધ્યાસ સ્વપ્નમાં સંભવે છે તેમ મુખસામાન્યાનુભવજન્ય સંસ્કારથી દર્પણમાં મુખવિશેષનો અધ્યાસ શકય છે શંકા થાય કે આવું જો હોય તો ચૈત્રનું મુખ અને દર્પણ એકબીજાના સાન્નિધ્યમાં હોય ત્યારે ગમે તેના મુખના અધ્યાસનો પ્રસંગ થાય, સ્વપ્નની જેમ; આવા સંજોગોમાં સામે જે મુખ છે તેનો જ અધ્યાસ નિયમ તરીકે (અપવાદ વિના) થાય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે એવું ન બને. આનો ઉત્તર આપતાં કહ્યું છે કે સ્વપ્ન અને પ્રતિબિંબ અધ્યાસોમાં ફરક એટલો જ છે કે સ્વપ્નમાં ભાવિ શુભ કે અશુભ ઉત્પન્ન કરનાર અદૃષ્ટાનુસાર પુરુષાકૃતિવિશેષનો અધ્યાસ થાય છે જ્યારે પ્રતિબિંબભ્રમમાં બિંબની સમીપતા અનુસાર મુખાકૃતિવિશેષનો અધ્યાસ થાય છે.

પ્રતિબિંબ મિથ્યા હોય તો બ્રહ્મપ્રતિબિંબભૂત જીવ પણ મિથ્યા હોવો જોઈએ અને એવું હોય તો મુક્તિ કોને મળશે? એવી શંકાનો ઉત્તર આપતાં કહ્યું છે કે પ્રતિબિંબભૂત જીવ મિથ્યા હોય તો પણ અવચ્છિન્ન જીવ તો સત્ય છે અને તે મુક્તિ પામશે અથવા તેનો બ્રહ્મથી અભેદ છે.

**यत्तु प्रतिबिम्बं दर्पणादिषु मुखच्छायाविशेषरूपतया सत्यमेवेति कस्यचिन्मतम्, तन्न। छाया हि नाम शरीरादेस्तत्तदवयवैरालोके कियद्देशव्यापिनि निरुद्धे तत्र देशे लब्धात्मकं तम एव। न च मौक्तिकमाणिक्यादिप्रतिबिम्बस्य तमोविरुद्धसितलोहितादिरूपवतस्तमोरूपछायात्वं युक्तम्। न वा तमोरूपच्छायारहिततपनादिप्रतिबिम्बस्य तथात्वमुपपन्नम्।**

**ननु तर्हि प्रतिबिम्बरूपच्छायायास्तमोरूपत्वासम्भवे द्रव्यान्तरत्वमस्तु, क्लृप्तद्रव्यानन्तर्भावे तमोवद् द्रव्यान्तरत्वकल्पनोपपत्तेरिति चेत्, तत् किं द्रव्यान्तरं प्रतीयमानरूपपरिमाणसंस्थानविशेषप्रत्यङ्मुखत्वादिधर्मयुक्तं तद्रहितं वा स्यात्? अन्त्ये न तेन द्रव्यान्तरेण रूपविशेषादिघटितप्रतिबिम्बोपलम्भनिर्वाह इति व्यर्थं तत्कल्पनम्। प्रथमे तु कथमेकस्मिन्नल्पपरिमाणे युगपदसंकीर्णतया प्रतीयमानानां महापरिमाणानामनेकमुखप्रतिबिम्बानां सत्यतानिर्वाहः? कथं च निबिडावयवानुस्यूते दर्पणे तथैवावतिष्ठमाने तदन्तर्हनुनासिकाद्यनेकनिम्नोन्नतप्रदेशवतो द्रव्यान्तरस्योत्पत्तिः? किं च सितपीतरक्ताद्यनेकवर्णादिमतः प्रतिबिम्बस्योत्पत्तौ दर्पणमध्ये स्थितं तत्सन्निहितं न तादृशं कारणमस्ति।**

બીજી બાજુએ જે કોઈકનો મત છે કે પ્રતિબિંબ દર્પણાદિમાં મુખની વિશેષ પ્રકારની છાયારૂપ (પડછાયો) હોવાથી સાચું જ છે — એ બરાબર નથી. એ જાણીતું છે કે શરીરાદિની છાયા એ તે તે અવયવોથી કેટલાક દેશમાં વ્યાપતો પ્રકાશ નિરુદ્ધ થતાં તે દેશમાં અસ્તિત્વમાં આવેલું તમસ (અંધકાર) જ છે. અને મોતી, માણેક વગેરેનું પ્રતિબિંબ જે તમસથી વિરુદ્ધ શ્વેત, લાલ વગેરે રંગવાળું છે તે તમસરૂપ (અંધકારરૂપ) છાયા હોય એ યુક્ત નથી અને તમસરૂપ છાયાથી રહિત સૂર્યાદિના પ્રતિબિંબનું તે (છાયારૂપ) હોવું (પણ) ઉપપન્ન નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શંકા થાય કે તો પછી પ્રતિબિંબરૂપ છાયા જો તમસરૂપ ન હોઈ શકે તો ભલે બીજું દ્રવ્ય હોય, કારણ કે માનેલાં દ્રવ્યોમાં તેનો સમાવેશ (અન્તર્ભાવ) ન થઈ શકતો હોય તો તમસ (અંધકાર)ની જેમ તેને બીજું (જુદું) દ્રવ્ય કલ્પી શકાય છે (તે સ્વતંત્ર દ્રવ્ય છે એમ માનવા માટે પૂરતું વજૂદ છે). (આ શંકાનો ઉત્તર છે કે) તે બીજું દ્રવ્ય શું પ્રતીયમાન (જ્ઞાત થતા) ચોક્કસ રૂપ, પરિમાણ અને અવયવરચના અને પ્રત્યઙ્‌મુખત્વ આદિ ધર્મોથી યુક્ત છે કે તેમના વિનાનું છે? જો આ છેલ્લો (બીજો) (વિકલ્પ) માનવામાં આવે (અર્થાત્ તે ધર્મોથી રહિત હોય) તો એ બીજા દ્રવ્યથી રૂપવિશેષ આદિથી યુક્ત પ્રતિબિંબની ઉપલબ્ધિનો નિર્વાહ થઈ શકે નહિ, તેથી તેની કલ્પના વ્યર્થ છે. જ્યારે પ્રથમ વિકલ્પ (તે આ ધર્મોથી યુક્ત છે એમ) માનવામાં આવે તો એક અલ્પપરિમાણવાળા (દર્પણમાં) એકસાથે અસંકીર્ણ તરીકે (જુદાં જુદાં, એકબીજામાં સેળભેળ ન થઈ જતાં એવાં) જ્ઞાત થતાં મહાન (સ્થૂલ) પરિમાણવાળાં અનેક મુખપ્રતિબિંબોની સત્યતાનો નિર્વાહ કઈ રીતે થઈ શકે? અને નિબિડ (ગીચ) અવયવોમાં અનુસ્યૂત દર્પણ જે તેવું જ રહેનારું છે તેની અંદર હનુ (હડપચી), નાસિકા આદિ અનેક નીચા, ઊંચા પ્રદેશવાળા અન્ય દ્રવ્યની ઉત્પત્તિ કઈ રીતે થઈ શકે? વળી શ્વેત, પીળા લાલ આદિ અનેક રંગવાળા પ્રતિબિંબની ઉત્પત્તિમાં (કારણ બની શકે તેવું) દર્પણની અંદર રહેલું તેની નજીક રહેલું તેવું (તે રંગોથી યુક્ત) કોઈ કારણ નથી.

**વિવરણ :** પ્રતિબિંબના મિથ્યાત્વનો ખ્યાલ દૃઢ કરવા માટે તેના સત્યત્વમાં માનનાર મતની રજૂઆત કરીને તેનું ખંડન કરે છે. એક મત એવો છે કે પ્રતિબિંબ એ દર્પણાદિમાં પડેલો મુખનો એક ખાસ પ્રકારનો પડછાયો છે (વૃક્ષાદિના પડછાયામાં નીલતા—કાળાશ પડતો રંગ દેખાય છે જ્યારે પ્રાયઃ પ્રતિબિંબોમાં નીલતા દેખાતી નથી પણ તેનો અર્થ એ નહિ કે એ પડછાયો નથી, એ એક વિશેષ પ્રકારનો પડછાયો છે, માટે 'મુખચ્છાયાવિશેષ' પદ પ્રયોજ્યું છે). આમ બિંબથી ભિન્ન હોવા છતાં તે શુક્તિરજત આદિની જેમ પ્રાતિભાસિક નથી, પણ બિંબની જેમ સત્ય છે. આ મત સ્વીકારવો યોગ્ય નથી કારણ કે શરીરાદિની છાયા (પડછાયો) એ તો અંધકાર જ છે એ જાણીતું છે. મોતી, સ્ફટિક આદિનું પ્રતિબિંબ શ્વેત રંગવાળું હોય છે, માણેકનું પ્રતિબિંબ લાલ રંગવાળું, સુવર્ણનું પ્રતિબિંબ પીળા રંગનું હોય છે—આ રંગો અંધકારમાં સંભવે નહિ તેથી પ્રતિબિંબ તમસરૂપ છાયા ન હોઈ શકે. વળી સૂર્ય આદિનો પડછાયો હોતો નથી જ્યારે તેમનું પ્રતિબિંબ તો હોય છે તેથી પ્રતિબિંબ છાયા ન હોઈ શકે. અને જેમ તમસ (અંધકાર)નો અન્તર્ભાવ માનેલાં નવ દ્રવ્ય (પૃથ્વી, પાણી વગેરે)માં ન થતો હોવાથી તેને દસમું દ્રવ્ય માન્યું છે તેમ પ્રતિબિંબરૂપ છાયાને પણ એક જુદું જ દ્રવ્ય માનો—એવી દલીલ કોઈ કરે તો એ પણ બરાબર નથી જો એ જુદું જ દ્રવ્ય હોય તો દેખાતાં રૂપ, પરિમાણ, આકૃતિ વગેરેથી યુક્ત દ્રવ્ય છે કે તે વિનાનું? જો એ ધર્મો વિનાનું હોય તો એ માનવાથી રૂપવિશેષ આદિથી યુક્ત પ્રતિબિંબનું ચાક્ષુષ જ્ઞાન થાય છે તેને સમજાવી શકાય નહિ અને તેથી આ કલ્પના અર્થહીન છે. જો ચોક્કસ રૂપ, પરિમાણ આદિથી યુક્ત એવું સત્ય દ્રવ્ય માનવામાં આવે તો એક જ નાના દર્પણમાં એક સાથે, અસંકીર્ણ—એકબીજાની સાથે સેળભેળ ન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થતાં એવાં—અને સ્થૂલ પરિમાણવાળાં અનેક પ્રતિબિંબો હોય છે તે સાચાં છે એમ કેવી રીતે માની શકાય? જો પ્રતિબિંબને મિથ્યા માનો તો આ દોષ રહેતો નથી. સ્વપ્નદશામાં શરીરની અંદરની નાનકડી જગ્યામાં પણ રથ, હાથી વગેરે પદાર્થ અને તેમને ઉચિત વિશાળતાનો અધ્યાસ કરવામાં આવે છે તેમ અલ્પપરિમાણવાળા દર્પણમાં પરસ્પર અસંકીર્ણ અનેક પ્રતિબિંબો અને તેમને ઉચિત વિશાળતાનો અધ્યાસ સંભવે છે એવો ભાવ છે.

વળી પ્રતિબિંબને સાચું માનીએ તો સામગ્રીના અભાવમાં તેની ઉત્પત્તિ કેવી રીતે સંભવે? જો દર્પણનો જે વર્ણ (રંગ) હોય એ જ પ્રતિબિંબનો પણ હમેશ નિયમ તરીકે થતો હોય તો એ વર્ણથી યુક્ત કોઈ કારણ દર્પણમાં છે એમ માની શકાત. પણ તેવું નથી કારણ કે દર્પણથી જુદા રંગનાં પ્રતિબિંબો પણ દેખાય છે. શ્વેત, પીળા, લાલ વગેરે રંગોથી યુક્ત બિંબોને પણ પ્રતિબિંબનાં કારણ માની ન શકાય. તેઓ કદાચ નિમિત્ત કારણ હોય પણ ઉપાદાન કારણ નથી કારણ કે પ્રતિબિંબ ઉત્પન્ન થાય છે ત્યાં તેમનો અભાવ છે. વળી પ્રતિબિંબ દર્પણની અંદર તેના પૃષ્ઠભાગમાં દર્પણની સંનિધિમાં દેખાય છે, દર્પણમાં રહેલા રંગ, પરિમાણ વગેરેની જેમ દર્પણના ઉપરના ભાગમાં નહિ, તેથી એ પણ કારણ હોઈ શકે નહિ. આમ પ્રતિબિંબનું કારણ થઈ શકે તેવું દર્પણની અંદર, તેની નિકટ રહેલું, પ્રતિબિંબનાં જેવાં રૂપાદિવાળું કોઈ દ્રવ્ય દેખાતું નથી કે સંભવતું નથી. અને ગીચ અવયવોથી બનેલું દર્પણ, જેમાં કોઈ ફેરફાર દેખાતો નથી, તેમાં ઊંચા, નીચા પ્રદેશોવાળા પ્રતિબિંબરૂપ બીજા દ્રવ્યની ઉત્પત્તિ શી રીતે થઈ શકે? આ બધું જોતાં પ્રતિબિંબાધ્યાસ જ માનવો જોઈએ.

**यद्युच्येत —'उपाधिमध्यविश्रान्तियोग्यपरिमाणानामेव प्रतिबिम्बानां महापरिमाणज्ञानं तादृशनिम्नोन्नतादिज्ञानं च भ्रम एव। यथापूर्वं दर्पणतदवयवावस्थानाविरोधेन तादृक्प्रतिबिम्बोत्पादनसमर्थं च किञ्चित् कारणं कल्प्यम्' इति। तर्हि शुक्तिरजतमपि सत्यमस्तु। तत्रापि शुक्तौ यथापूर्वं स्थितायामेव तत्तादात्म्यापन्नरजतोत्पादनसमर्थं किञ्चित् कारणं परिकल्प्य तस्य रजतस्य दोषत्वाभिमतकारणसहकृतेन्द्रियग्राह्यत्वनियम-वर्णनोपपत्तेः, किं 'शुक्तिरजतमसत्यम्, प्रतिबिम्बः सत्यः' इत्यर्ध-जरतीयन्यायेन। न च तथा सति 'रजतम्' इति दृश्यमानायाः शुक्तेरग्नौ प्रक्षेपे रजतवद् द्रवीभावापत्तिः। अनलकस्तूरिकादिप्रतिबिम्बस्यौष्ण्य-सौरभादिराहित्यवच्छुक्तिरजतस्य द्रवीभावयोग्यताराहित्योपपत्तेः।**

જો એમ કહેવામાં આવે કે "ઉપાધિની અંદર આરામથી રહી શકવાને યોગ્ય પરિમાણવાળાં જ પ્રતિબિંબ છે; તેમનું મહાપરિમાણનું જ્ઞાન તથા તેવા નીચા, ઊંચા (પ્રદેશવાળાં) હોવાનું જ્ઞાન એ ભ્રમ જ છે: અને દર્પણ અને તેના અવયવો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પહેલાંની જેમ રહે તેની સાથે વિરોધ ન થાય એ રીતનું, તેવા પ્રતિબિંબને ઉત્પન્ન કરવામાં સમર્થ એવું કોઈક કારણ કલ્પવું જોઈએ ''—તો એનો ઉત્તર છે કે એમ હોય તો પછી શુક્તિરજત પણ ભલે સત્ય હોય. ત્યાં પણ પહેલાંની જેમ જ રહેલી શુક્તિમાં તેની સાથે તાદાત્મ્ય પામેલા રજતના ઉત્પાદનમાં સમર્થ એવું કોઇક કારણ કલ્પીને, તે રજત દોષ તરીકે માનેલા કારણથી સહકૃત ઇન્દ્રિયથી ગ્રાહ્ય છે એવા નિયમનું વર્ણન શકય છે, તેથી 'શુક્તિરજત અસત્ય છે, પ્રતિબિંબ સત્ય છે' એ અર્ધજરતીયન્યાયથી શું ? (એ સ્વીકારવાનો શો ફાયદો ?) અને એવું હોય તો (શુક્તિરજત સત્ય હોય તો) 'રજત' એમ દેખાતી શુક્તિને અગ્નિમાં નાખવામાં આવતાં તે રજતની જેમ પીગળવી જોઈએ એમ માનવું નહીં પડે. કારણ કે અગ્નિ અને કસ્તૂરી આદિનું પ્રતિબિંબ જેમ ઉષ્ણતા, સુગન્ધ આદિથી રહિત હોય છે (છતાં તમે તેને સાચું માનવા તૈયાર છો), તેમ શુક્તિરજત દ્રવીભાવ (પીગળી જવું તે)ની યોગ્યતા વિનાનું હોઈ શકે (—અને છતાં સત્ય હોય).

**વિવરણ** : પ્રતિબિંબ સત્ય છે એવો દુરાગ્રહ રાખનાર દલીલ કરે કે પ્રતિબિંબ સત્ય છે પણ તેનું મહાપરિમાણ, ઊંચાનીચા પ્રદેશ વગેરે પ્રતીત થતા ધર્મો કલ્પિત છે. વસ્તુતઃ તો દર્પણાદિમાં રહી શકે તેટલા જ પરિમાણવાળાં પ્રતિબિંબ હોય છે. તેમનું મહાપરિમાણ વગેરે ભ્રાન્તિથી ભાસે છે. આમ પ્રતિબિંબ સત્ય છે, તેથી જેમ **મીમાંસકો** નીવારના અવયવોમાં વ્રીહિના અવયવો માને છે તેમ દર્પણના અવયવોમાં સંસૃષ્ટ પ્રતિબિંબના અવયવો માનવા જોઈએ જે એને ઉત્પન્ન કરે છે. આનો એવો જ ઉત્તર (પ્રતિબંદી) આપતાં પ્રતિબિંબ-મિથ્યાત્વવાદી કહે છે કે એવું જો હોય તો શુક્તિરજતને પણ સાચું માનો અને સાચું હોય અને શુક્તિમાં સદા હોય તો શુક્તિ દેખાય ત્યારે એ દેખાવું જ જોઈએ, પણ તેવું થતું નથી તેથી તે સત્ય હોઈ શકે નહિ એમ કોઈ કહે તો તેનો ઉત્તર એ છે કે એ રજત એવું છે જે નિયમ તરીકે જેને દોષ માનવામાં આવે છે એનાથી યુક્ત ઇન્દ્રિયથી જ ગ્રાહ્ય છે તેથી એનું હંમેશાં ગ્રહણ થતું નથી. માટે શુક્તિરજત અસત્ય પણ પ્રતિબિંબ સત્ય એમ માનવું એ અર્ધજરતીયન્યાય જેવું છે. વૃદ્ધાના મુખની કોઈ અભિલાષા કરે પણ તેની અધઃકાયની અભિલાષા ન કરે તેના જેવું છે અને તેવું માનવાથી કોઈ જ પ્રયોજન સરતું નથી. માટે માનો તો બન્નેને સત્ય માનો અથવા પ્રતિબિંબને પણ શુકિતરજતની જેમ મિથ્યા માનો ! કોઈ કહે કે શુકિતરજત જો સત્ય હોય તો એ અગ્નિમાં નાખતાં પીગળી જાય પણ તેમ થતું નથી. તો એની સામે ઉત્તર છે કે પ્રતિબિંબને સત્ય માનો છો તો અગ્નિનું પ્રતિબિંબ ઉષ્ણતાથી યુક્ત હોવું જોઈએ અને કસ્તૂરીનુ પ્રતિબિંબ સુગંધી હોવું જોઈએ. પણ તેવું નથી અને છતાં તમે જો એ પ્રતિબિંબને સત્ય માનવા તૈયાર હો તો શુક્તિરજતને પણ સત્ય માનવું જોઈએ. અર્થાત્ બન્ને મિથ્યા છે એમ જ સ્વીકારવું જોઈએ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**अथोच्येत—'नेदं रजतम्', 'मिथ्यैव रजतमभाद्' इति सर्वसम्प्रतिपन्नबाधान्न शुक्तिरजतं सत्यम् इति, तर्हि 'दर्पणे मुखं नास्ति', 'मिथ्यैवात्र दर्पणे मुखमभाद्' इत्यादिसर्वसिद्धबाधात् प्रतिबिम्बमप्यसत्यमित्येव युक्तम् । तस्मादसङ्गतः प्रतिबिम्बसत्यत्ववादः ॥**

જો એમ કહેવામાં આવે કે 'આ રજત નથી' 'રજત ખોટું જ દેખાયું !' એમ સર્વસંમત બાધ હોવાથી શુક્તિરજત સત્ય નથી, તો (તેનો ઉત્તર છે કે) તો પછી 'દર્પણમાં મુખ નથી', 'અહીં દર્પણમાં મુખ ખોટું જ દેખાયું' ઇત્યાદિ સર્વસિદ્ધ (બધાંને અનુભવાતો) બાધ હોવાથી પ્રતિબિંબ પણ અસત્ય છે એ જ યુક્ત છે તેથી પ્રતિબિંબસત્યત્વવાદ અસંગત છે.

**વિવરણ** : વિવેચન કરતાં **કૃષ્ણાનંદતીર્થ** કહે છે કે એ ધ્યાનમાં રાખવું જોઈએ કે બિંબપ્રતિબિંબાભેદ પક્ષમાં પ્રતિબિંબના મિથ્યાત્વનો અનુભવ થાય છે તે પ્રતિબિંબત્વથી વિશિષ્ટરૂપથી પ્રતિબિંબને વિષય કરનારો છે, સ્વરૂપથી નહિ. શંકા થાય કે શુક્તિરજતમિથ્યાત્વનો અનુભવ પણ 'ઇદમ્' અર્થ સાથે તાદાત્મ્ય પામેલા તરીકે રજતને વિષય કરનારો છે, રજતને તેના સ્વરૂપથી વિષય કરનારો નથી એમ કહી શકાય; તેથી 'રજત' અને 'ઇદમ્' અર્થનું તાદાત્મ્ય માત્ર કલ્પિત છે, રજત કલ્પિત નથી એમ માનવું પડે. આનો ઉત્તર છે કે ના; શુક્તિમાં રજતની ઉત્પત્તિ ન થઈ હોય તો સંવિદ્‌થી અભિન્નત્વ ન હોવાને કારણે તેનું પ્રત્યક્ષજ્ઞાન થઈ શકે નહિ તેથી ત્યાં રજતની ઉત્પત્તિ માનવી જ પડે છે. અને તેની ઉત્પત્તિમાં અન્વય–વ્યતિરેકથી અનિર્વચનીય અજ્ઞાન જ કારણ છે, બીજું કશું નહિ; તેથી તે શુક્તિ–રજત મિથ્યા હોય એ યુક્ત છે. ઉપર બતાવ્યું છે તેમ બિંબ–પ્રતિબિંબના અભેદને સિદ્ધ કરનારું પ્રમાણ છે તેમ શુક્તિ–રજતના સત્યત્વને સિદ્ધ કરનારું અનન્યથાસિદ્ધ પ્રમાણ (બીજી કોઈ રીતે સિદ્ધ ન થઈ શકતું એવું પ્રમાણ) ન હોવાથી શુક્તિરજતમિથ્યાત્વનો અનુભવ રજતના સ્વરૂપને જ વિષય કરે છે એમ માનવું યુક્ત છે તેથી શુક્તિ–રજત મિથ્યા છે. સ્પષ્ટ છે કે વ્યાખ્યાકાર **કૃષ્ણાનંદતીર્થ અપ્પય્યદીક્ષિતની** જેમ તટસ્થ નથી, તેઓ બિંબ–પ્રતિબિંબાભેદવાદી છે. તેઓ મિથ્યા પ્રતિબિંબનો અધ્યાસ માનતા નથી.

**ननु तन्मिथ्यात्ववादोऽप्ययुक्तः । शुक्तिरजत इव कस्यचिदन्वयव्यतिरेकशालिनः कारणस्याज्ञानस्य निवर्तकस्य च ज्ञानस्य चानिरूपणात् ॥**

**अत्र केचित्—यद्यपि सर्वात्मनाऽधिष्ठानज्ञानानन्तरमपि जायमाने प्रतिबिम्बाध्यासे नाधिष्ठानावरणमज्ञानमुपादानम्, न चाऽधिष्ठानविशेषांशज्ञानं निवर्तकम्, तथाऽप्यधिष्ठानाज्ञानस्यावरणशक्त्यंशेन निवृत्तावपि विक्षेपशक्त्यंशेनानुवृत्तिसम्भवात् तदेवोपादानम् । बिम्बोपाधिसंनिधिनिवृत्तिसचिवं चाधिष्ठानज्ञानं सोपादानस्य तस्य निवर्तकमिति ॥**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શંકા થાય કે પ્રતિબિંબમિથ્યાત્વવાદ પણ યુક્તિયુક્ત નથી, કારણ કે શુક્તિ રજતની બાબતમાં છે તેમ અન્વયવ્યતિરેકથી યુક્ત અજ્ઞાનરૂપ કારણ અને તેના નિવર્તક જ્ઞાનનું નિરૂપણ થતું નથી.

અહીં (આ શંકાના ઉત્તરમાં) કેટલાક કહે છે કે જો કે અધિષ્ઠાનનું પૂરેપૂરું (સામાન્ય અને વિશેષ એમ સર્વ અંશથી) જ્ઞાન થયા પછી પણ ઉત્પન્ન થતા પ્રતિબિંબાધ્યાસમાં અધિષ્ઠાનનું આવરણ કરનાર અજ્ઞાન ઉપાદાન (કારણ) નથી, કે નથી અધિષ્ઠાનના વિશેષ અંશનું જ્ઞાન (તેનું) નિવર્તક, તોય અધિષ્ઠાનના અજ્ઞાનની આવરણ શક્તિ અંશથી નિવૃત્તિ થઈ હોવા છતાં વિક્ષેપશક્તિ અંશથી તેની અનુવૃત્તિ સંભવતી હોવાથી તે જ ઉપાદાન છે. અને બિંબ અને ઉપાધિની સંનિધિની નિવૃત્તિથી યુક્ત (તેની મદદ જેને મળી છે તેવું–) અધિષ્ઠાનજ્ઞાન ઉપાદાન સહિત તેનું (પ્રતિબિંબાધ્યાસનું) નિવર્તક છે.

**વિવરણ** : પ્રતિબિંબાધ્યાસપક્ષને વિષે શંકા થાય છે કે અજ્ઞાનને પ્રતિબિંબાધ્યાસનું ઉપાદાન (કારણ) માનવું જોઈએ; પણ તે સંભવતું નથી, કારણ કે દર્પણાદિરૂપ અધિષ્ઠાનનું પૂરેપૂરું જ્ઞાન થયું જ છે અને તેનાથી દર્પણાદિથી અવચ્છિન્ન ચૈતન્યનિષ્ઠ અજ્ઞાનની નિવૃત્તિ થઈ ગઈ છે, અને છતાં પ્રતિબિંબાધ્યાસ ચાલુ રહે છે અને તેથી તેનાથી નિવર્ત્ય નથી. બીજું કોઈ નિવર્તક જ્ઞાન દેખાતું નથી. જે જ્ઞાન માત્રથી નિવર્ત્ય હોય તે મિથ્યા હોય છે જ્યારે અહીં તેવું નથી માટે પ્રતિબિંબમિથ્યાત્વવાદ પણ અસંગત છે. શુક્તિરજતમાં કારણ શુક્તિનું અજ્ઞાન છે એમ અન્વય–વ્યતિરેકથી સિદ્ધ થાય છે. પણ પ્રતિબિંબાધ્યાસને વિષે એમ કહી શકાય તેમ નથી કે દર્પણાદિનું અજ્ઞાન હોય તો પ્રતિબિંબાધ્યાસ થાય, તે ન હોય તો ન થાય. તેથી દર્પણાદિના અજ્ઞાનને પ્રતિબિંબાધ્યાસનું ઉપાદાન માની શકાય નહિ. આમ તેનું કારણ થઈ શકે તેવા અજ્ઞાનનું કે પ્રતિબિંબાધ્યાસ અને તેના ઉપાદાન અજ્ઞાનના નિવર્તક જ્ઞાનનું નિરૂપણ થઈ શકતું નથી માટે પ્રતિબિંબમિથ્યાત્વવાદ પણ અસંગત છે.

આનો ઉત્તર જુદા જુદા ચિંતકોએ આપ્યો છે. **કેટલાક** કહે છે કે એ વાત સાચી છે કે શુક્તિમાં રજતનો અધ્યાસ થાય છે તે પહેલાં શુક્તિનું 'इदम्' તરીકે પ્રત્યક્ષ જ્ઞાન હોવા છતાં શુક્તિ આદિ વિશેષ રૂપથી તેનું પ્રત્યક્ષ જ્ઞાન નથી તેથી અધિષ્ઠાનના વિશેષ-અંશનું આવરણ કરનાર અજ્ઞાન ઉપાદાન તરીકે પ્રાપ્ત થાય છે. જ્યારે અહીં તો ચક્ષુની સાથે સંનિકૃષ્ટ દર્પણને વિષે પ્રતિબિંબાધ્યાસ પહેલાં જ 'इदम्' તરીકે તેમ જ દર્પણત્વાદિ વિશેષ રૂપથી યુક્ત તરીકે પ્રત્યક્ષજ્ઞાન થઈ જ ગયું છે. તેનાથી અધિષ્ઠાનના વિશેષ–અંશનું આવરણ કરનાર અજ્ઞાન નિવૃત્ત થઈ ગયું છે તેથી તે ઉપાદાન કારણ સંભવતું નથી. તેમ છતાં અજ્ઞાનમાં બે શક્તિ હોય છે–આવરણ અને વિક્ષેપ—જેમાંથી તેના આવરણશક્તિ અંશની જ નિવૃત્તિ થઈ છે. પૂરેપૂરી નિવૃત્તિ થઈ નથી એમ પ્રતિબિંબાધ્યાસ થાય છે એ ફળના બળે કલ્પી શકાય માટે દર્પણાદિ-અજ્ઞાનનો વિક્ષેપ-શક્તિ અંશ પ્રતિબિંબાધ્યાસનું ઉપાદાન કારણ સંભવે છે. અને બિંબ અને ઉપાધિની સંનિધિની નિવૃત્તિનો સહકાર જેને પ્રાપ્ત થયો છે તેવું (અર્થાત્ મુખ અને દર્પણ દૂર થઈ જાય ત્યારે થતું) દર્પણમાં મુખ નથી એ જ્ઞાન જ પ્રતિબિંબાધ્યાસ અને તેના ઉપાદાનનું નિવર્તક છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अन्ये तु ज्ञानस्य विक्षेपशक्त्यंशं विहायावरणशक्त्यंशमात्रनिवर्तकत्वं न स्वाभाविकम् । ब्रह्मज्ञानेन मूलाज्ञानस्य शुक्त्यादिज्ञानेनाऽवस्थाऽज्ञानस्य चावरणशक्त्यंशमात्रनिवृत्तौ तस्य विक्षेपशक्त्या सर्वदाऽनुवृत्तिप्रसङ्गात् । न च बिम्बोपाधिसन्निधिरूपविक्षेपशक्त्यंशनिवृत्तिप्रतिबन्धकप्रयुक्तं तत् । बिम्बोपाधिसन्निधानात् प्रागेव बिम्बे चैत्रमुखे दर्पणसंसर्गाद्यभावे दर्पणे चैत्रमुखाभावे वा प्रत्यक्षतोऽवगम्यमाने विक्षेपशक्त्यंशस्यापि निवृत्त्यवश्यम्भावेन तत्काले तयोस्सन्निधाने सति उपादानाभावेन प्रतिबिम्बभ्रमाभावप्रसङ्गात् । अतो मूलाज्ञानमेव प्रतिबिम्बाध्यासस्योपादानम् ।

न चात्राप्युक्तदोषतौल्यम् । पराग्विषयवृत्तिपरिणामानां स्वस्वविषयावच्छिन्नचैतन्यप्रदेशे मूलाज्ञानावरणशक्त्यंशाभिभावकत्वेऽपि तदीयविक्षेपशक्त्यंशानिवर्तकत्वात् । अन्यथा तत्प्रदेशस्थितव्यावहारिकविक्षेपाणामपि विलयापत्तेः ।

न च प्रतिबिम्बस्य मूलाज्ञानकार्यत्वे व्यावहारिकत्वापत्तिः, अविद्यातिरिक्तदोषाजन्यत्वस्य व्यावहारिकत्वप्रयोजकत्वात् । प्रकृते च तदतिरिक्तबिम्बोपाधिसन्निधानदोषसद्भावेन प्रातिभासिकत्वोपपत्तेः ।

જ્યારે બીજાઓ કહે છે કે જ્ઞાન અજ્ઞાનના વિક્ષેપશક્તિ અંશને છોડીને માત્ર આવરણ–શક્તિ અંશનું નિવર્તક હોય એ સ્વાભાવિક હોઈ શકે નહિ કારણ કે (એમ હોય તો) બ્રહ્મજ્ઞાનથી મૂળ અજ્ઞાનના માત્ર આવરણશક્તિ અંશની નિવૃત્તિ થતી હોય અને શુક્તિ આદિના જ્ઞાનથી અવસ્થારૂપ અજ્ઞાનના માત્ર આવરણશક્તિ અંશની નિવૃત્તિ થતી હોય તો તેની (અજ્ઞાનની) વિક્ષેપ શક્તિ (અંશ)થી સર્વદા અનુવૃત્તિ હોવી જોઈએ (–અર્થાત્ વિદેહકૈવલ્યની અવસ્થામાં પણ અજ્ઞાન વિક્ષેપશક્તિ અંશથી ચાલુ રહેશે.) અને તે (માત્ર આવરણશક્તિનું નિવર્તકત્વ) બિંબ અને ઉપાધિનું સાંનિધ્ય જે વિક્ષેપશક્તિ અંશની નિવૃત્તિમાં પ્રતિબંધક છે તેનાથી પ્રયુક્ત છે એમ (પણ) નથી. તેનું કારણ એ છે કે બિંબ અને ઉપાધિના (આભિમુખ્યરૂપ) સન્નિધાનની પહેલાં જ (અર્થાત્ તેની પૂર્વ-ક્ષણમાં જ) બિંબરૂપ ચૈત્રમુખને વિષે દર્પણાદિના સંસર્ગના અભાવનું, અથવા દર્પણમાં ચૈત્રમુખના અભાવનું પ્રત્યક્ષ પ્રમાણથી જ્ઞાન થયું હોવાથી વિક્ષેપશક્તિ અંશની પણ નિવૃત્તિ અવશ્ય થવી જ જોઈએ, તેથી તે કાળમાં તે બેનું (બિંબ અને ઉપાધિનું) સાંનિધાન હોય ત્યારે (અવસ્થા–અજ્ઞાનરૂપ) ઉપાદાનના અભાવને કારણે પ્રતિબિંબ–ભ્રમનો અભાવ પ્રસક્ત થાય (–પ્રતિબિંબભ્રમ થવો જોઈએ નહિ). તેથી મૂળ અજ્ઞાન જ પ્રતિબિંબાધ્યાસનું ઉપાદાન છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને અહીં પણ ઉક્ત દોષ સમાન રીતે છે એવું નથી. તેનું કારણ એ છે કે જડ વસ્તુ વિષયક (અન્તઃકરણના) વૃત્તિરૂપ પરિણામો પોતપોતાના વિષયથી અવચ્છિન્ન ચૈતન્ય પ્રદેશમાં મૂળ અજ્ઞાનના આવરણશક્ત અંશનો અભિભવ કરે છે તે છતાં તેની વિક્ષેપશક્તિ અંશના એ નિવર્તક નથી નહીં તો તે પ્રદેશમાં રહેલા વ્યાવહારિક વિક્ષેપોનો પણ વિલય થઈ જવો જોઈએ

અને એવું પણ નથી કે પ્રતિબિંબ મૂળ અજ્ઞાનનું કાર્ય હોય તો એ વ્યાવહારિક હોય (અર્થાત્ તે પ્રાતિભાસિક નહીં પણ વ્યાવહારિક સત્તાવાળું હોવું જોઈએ). કેમકે અવિદ્યાથી અતિરિક્ત દોષથી ઉત્પાદ્ય ન હોવું તે વ્યાવહારિકત્વનું પ્રયોજક છે. અને પ્રસ્તુતમાં તેનાથી અતિરિક્ત બિંબ અને ઉપાધિના સન્નિધાનરૂપ દોષનો સદ્ભાવ છે તેથી તે પ્રાતિભાસિક હોય એ ઉપપન્ન છે.

**વિવરણ** : દર્પણાદિથી અવચ્છિન્ન ચૈતન્યમાં દર્પણાદિનું ઉપાદાન કારણ એવું મૂળ અજ્ઞાન એક છે, અને બીજું અજ્ઞાન જે છે તે અવસ્થારૂપ અજ્ઞાન જેની નિવૃત્તિ દર્પણાદિના જ્ઞાનથી થઈ શકે છે. અહીં શંકાનો બીજો પરિહાર રજૂ કર્યો છે કે મૂળ અજ્ઞાન જેમ દર્પણાદિનું ઉપાદાન છે તેમ પ્રતિબિંબાધ્યાસનું પણ ઉપાદાન છે. અગાઉ કહેલું કે જ્ઞાન માત્ર આવરણ-શક્તિ અંશનું નિવર્તક છે. તે શું તેના સ્વભાવથી જ એવું છે કે પછી વિક્ષેપ-શક્તિ-અંશની નિવૃત્તિમાં કોઈ પ્રતિબંધકની હાજરીને કારણે વિક્ષેપ-શક્તિ-અંશનું એ નિવર્તક બનતું નથી? જો સ્વભાવથી જ તેવું હોય તો બ્રહ્મજ્ઞાનથી પણ મૂલ-અજ્ઞાનની આવરણ-શક્તિ-અંશની જ નિવૃત્તિ થાય અને વિક્ષેપ-શક્તિ અંશ વિદેહમુક્તિની અવસ્થામાં પણ ચાલુ રહે.

આની સામે કદાચ એમ કહેવામાં આવે કે વિક્ષેપ-શક્તિ-અંશનું એ નિવર્તક તો છે જ પણ તેની નિવૃત્તિને આડે કોઈ પ્રતિબંધક આવે છે તેથી તેની નિવૃત્તિ થતી નથી. જ્યારે આવા પ્રતિબંધકની ગરજ સારતું પ્રારબ્ધ કર્મ નાશ પામશે ત્યારે બ્રહ્મજ્ઞાનના સંસ્કારથી વિશિષ્ટ ચૈતન્યમાત્રથી વિક્ષેપ અંશની નિવૃત્તિ સંભવશે, તેથી વિદેહમુક્તિની અવસ્થામાં તેની અનુવૃત્તિ નહીં હોય. પ્રતિબિંબાધ્યાસમાં પણ બિંબ અને ઉપાધિના સાંનિધ્યરૂપ પ્રતિબંધકને કારણે અવસ્થા-અજ્ઞાનના વિક્ષેપ-શક્તિ અંશની નિવૃત્તિ થતી નથી.

આવી દલીલનો ઉત્તર એ છે કે બિંબ-પ્રતિબિંબ-અભેદ પક્ષ સ્વીકારીએ કે પ્રતિબિંબાધ્યાસ પક્ષ સ્વીકારીએ કોઈમાં પણ અવસ્થા-અજ્ઞાનને કારણ માની શકાય નહિ. બિંબ-પ્રતિબિંબ-અભેદપક્ષમાં પ્રતિબિંબની ઉત્પત્તિ થતી નથી તો પણ ચૈત્રના બિંબભૂત મુખમાં બિંબત્વ, પ્રતિબિંબત્વ, દર્પણસ્થત્વ આદિ જે અનિર્વચનીય છે તેમની ઉત્પત્તિ સ્વીકારવામાં આવી છે અને તેનું કારણ ચૈત્રમુખથી અવચ્છિન્ન ચૈતન્યમાં રહેલું અવસ્થા-અજ્ઞાન જ છે એમ વિરોધીને કહેવું પડશે. અને તે તો ચૈત્રનું મુખ દર્પણની અભિમુખ થયું તે પહેલાં વિષ્ણુમિત્રે તેને જોયું ત્યારે જ પ્રતિબંધક ન હોવાથી ચૈત્રમુખ-વિષયક વિષ્ણુમિત્રના સાક્ષાત્કારથી તેની વિક્ષેપશક્તિ સાથે નષ્ટ થાય છે, અને તે પછીની ક્ષણમાં જ ચૈત્રનું મુખ દર્પણની સામે આવતાં વિષ્ણુમિત્રને પ્રતિબિંબભ્રમ થાય છે કે 'દર્પણમાં ચૈત્રનું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મુખ છે. તેથી અવસ્થા-અજ્ઞાનને જો ઉપાદાન માનવામાં આવતું હોય તો ચૈત્રના મુખમાં દર્પણસ્થત્વ આદિની ઉત્પત્તિ ઉપાદાનના અભાવે ન થવી જોઈએ. તેથી અવસ્થા-અજ્ઞાનને કારણ માની શકાય નહિ અપ્પય્ય દીક્ષિતે બિંબભૂત ચૈત્રમુખમાં દર્પણસંસર્ગ (અર્થાત્ દર્પણસ્થત્વ) આદિ (પ્રત્યઙ્‌મુખત્વાદિ)નો અભાવ પ્રત્યક્ષથી જ્ઞાત થતાં વિક્ષેપશક્તિ-અંશની પણ નિવૃત્તિ થવી જ જોઈએ એમ કહ્યું તે બિંબ-પ્રતિબિંબાભેદપક્ષને ધ્યાનમાં રાખીને કહ્યું છે. 'ચૈત્રમુખમાં દર્પણસ્થત્વાદિ નથી' એમ પહેલેથી સાક્ષાત્કાર થઈ ગયો હોય તો પછી અવસ્થા-અજ્ઞાન વિક્ષેપશક્તિ સહિત નષ્ટ થઈ ગયું હોવાથી દર્પણસ્થત્વાદિ ધર્મોનો અધ્યાસ સંભવે નહિ એવો ભાવ છે. પ્રતિબિંબાધ્યાસપક્ષમાં દર્પણમાં પ્રતિબિંબાધ્યાસની ઉત્પત્તિ માનવામાં આવે છે. પણ પહેલાં જ 'દર્પણમાં ચૈત્ર મુખ નથી' એવો સાક્ષાત્કાર થઈ ગયો હોય તો અવસ્થા-અજ્ઞાન વિક્ષેપશક્તિ-અંશ સાથે નષ્ટ થઈ ગયું હોવાથી ઉપાદાનના અભાવને લીધે પ્રતિબિંબાધ્યાસની ઉત્પત્તિ સંભવે નહિ. 'દર્પણમાં મુખાભાવ પ્રત્યક્ષથી જ્ઞાત થતાં...' એમ જે કહ્યું છે તે પ્રતિબિંબાધ્યાસોત્પત્તિપક્ષને ધ્યાનમાં રાખીને કહ્યું છે. મતભેદને ધ્યાનમાં રાખીને અધિષ્ઠાનભેદ (મુખ, દર્પણ) અને સાક્ષાત્કારભેદ ('ચૈત્રમાં દર્પણસ્થત્વાદિ નથી,' 'દર્પણમાં મુખ નથી') ને બતાવવા માટે જ ચૈત્રમુખે અને દર્પણે એમ પૃથક્ સપ્તમી-નિર્દેશ કર્યો છે અને મતભેદ જણાવવા 'વા' શબ્દ પ્રયોજ્યો છે. આમ અવસ્થા-અજ્ઞાનને પ્રતિબિંબભ્રમનું કારણ માની શકાય નહિ. મૂળ અજ્ઞાન જ ઉપાદાન હોઇ શકે.

**શંકા** : આ પક્ષમાં પણ બિંબ અને ઉપાધિના સન્નિધાનથી પૂર્વની ક્ષણમાં ઉત્પન્ન થયેલા ચૈત્રમુખ આદિના સાક્ષાત્કારથી ચૈત્રમુખાદિથી ચૈતન્યનું આવરણ કરનાર મૂળ અજ્ઞાન પણ નાશ પામ્યું જ છે તેથી ઉપાદાન બની શકે તેવા અજ્ઞાનના અભાવમાં અધ્યાસ નહીં સંભવે એ દોષ તો સમાન જ છે. અને તેનાથી તેની નિવૃત્તિ ન થઈ હોય તો ચૈત્રમુખ આદિ દેખાવું જોઈએ નહિ કારણ કે જે કંઈ આવરણ હોય તે છે જ.

**ઉત્તર** : બ્રહ્મજ્ઞાન જ મૂળ અજ્ઞાનનું નિવર્તક હોઈ શકે. જડ પદાર્થોને વિષય કરનારા વૃત્તિરૂપ અન્તઃકરણ-પરિણામો તો પોતપોતાના વિષયથી અવચ્છિન્ન ચૈતન્યમાં રહેલા મૂળ અજ્ઞાનનો જે આવરણઅંશ છે તેના વિષયનું જ્ઞાન થતું હોય ત્યાં સુધી માત્ર અભિભાવક છે એમ માનવામાં આવે છે. વિષયનો સાક્ષાત્કાર કે પ્રત્યક્ષ જ્ઞાન જેમ અવસ્થા-અજ્ઞાનના વિક્ષેપશક્તિ અંશની નિવૃત્તિ કરી શકે તેમ મૂળ અજ્ઞાનના વિક્ષેપ-શક્તિ અંશની નિવૃત્તિ ન કરી શકે. વિષય-ચૈતન્યમાં રહેલા મૂળ અજ્ઞાનની નિવૃત્તિ જો વિષયજ્ઞાનથી થતી હોય તો વ્યાવહારિક સત્તા ધરાવનારાં દર્પણાદિ જે વિક્ષેપશક્તિનાં કાર્યો છે તે નાશ પામે કારણ કે તેમનું ઉપાદાન નષ્ટ થયું છે—જેમ શુક્તિ આદિના સાક્ષાત્કારથી રજત આદિ પ્રાતિભાસિક વિક્ષેપોનો નાશ થાય છે તેમ.

**શંકા** : દર્પણાદિ જે મૂલ અજ્ઞાનનાં કાર્ય છે તે વ્યાવહારિક સત્તા ધરાવતાં જોવામાં આવે છે તેથી પ્રતિબિંબાધ્યાસ પણ જો મૂળ અજ્ઞાનનું કાર્ય હોય તો એનું પણ વ્યાવહારિકત્વ હોવું જોઈએ; પણ નથી.

**ઉત્તર** : મૂળ અજ્ઞાનના કાર્ય હોવાથી કોઈ વસ્તુમાં વ્યાવહારિકત્વ આવી જતું નથી અનાદિ અવિદ્યા કોઈ મૂળ અવિદ્યાનું કાર્ય નથી છતાં તે વ્યાવહારિક છે. અવિદ્યાથી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અતિરિક્ત કોઈ દોષથી જન્ય ન હોય તે વ્યાવહારિક હોય છે. પ્રતિબિંબાધ્યાસ મૂળ અજ્ઞાનનું કાર્ય હોવા છતાં વ્યાવહારિક નથી કારણ કે મૂળ અજ્ઞાનથી અતિરિક્ત બિંબ અને ઉપાધિના સંસર્ગરૂપ દોષથી પણ એ ઉત્પન્ન થાય છે.

આ મત અનુસાર મૂળ અજ્ઞાન જ પ્રતિબિંબાધ્યાસનું ઉપાદાન કારણ છે.

न चैवं सति बिम्बोपाधिसन्निधिनिवृत्तिसहकृतस्याप्यधिष्ठानज्ञानस्य प्रतिबिम्बाध्यासानिवर्तकत्वप्रसङ्गः, तन्मूलाज्ञानानिवर्तकत्वाभावादिति वाच्यम्। विरोधाभावात् । ब्रह्माज्ञानानिवर्तकत्वेऽपि तदुपादानकप्रतिबिम्बाध्यास-विरोधिविषयकतयाऽधिष्ठानयाथात्म्यज्ञानस्य प्रतिबन्धकविरहसहकृतस्य तन्निवर्तकत्वोपपत्तेः ।

अवस्थाऽज्ञानोपादानत्वपक्षेऽपि तस्य प्राचीनाधिष्ठानज्ञाननिवर्तिता-वरणशक्तिकस्य समानविषयत्वभङ्गेन प्रतिबन्धकाभावकालीनाधिष्ठानज्ञानेन निवर्तयितुमशक्यतया प्रतिबिम्बाध्यासमात्रस्यैव तन्निवर्त्यत्वस्योपेयत्वात् । अथवा स्वोपादानाज्ञाननिवर्तकब्रह्मज्ञाननिवर्त्य एवायमध्यासोऽस्तु । व्यावहारिकत्वापत्तिस्तु अविद्यातिरिक्तदोषजन्यत्वेन प्रत्युक्तेत्याहुः ॥४॥

અને એવી દલીલ કરવી નહિ કે "આમ હોય તો બિંબ અને (દર્પણાદિ) ઉપાધિના સાંનિધ્યની નિવૃત્તિથી યુક્ત હોવા છતાં અધિષ્ઠાન-જ્ઞાન પ્રતિબિંબા-ધ્યાસનું નિવર્તક નહીં બની શકે કારણ કે તે મૂળ અજ્ઞાનનું એ નિવર્તક નથી". (આ દલીલ બરાબર નથી) કારણ કે વિરોધનો અભાવ છે. બ્રહ્મજ્ઞાન (મૂળ અજ્ઞાન)નું નિવર્તક ન હોવા છતાં એ (મૂળ અજ્ઞાન) જેનું ઉપાદાન છે તેના પ્રતિબિંબાધ્યાસના વિરોધી (પ્રતિબિંબાધ્યાસાભાવ)ને વિષય કરનારું હોવાથી અધિષ્ઠાનના સાચા સ્વરૂપનું જ્ઞાન જે પ્રતિબંધક (બિંબઉપાધિસંનિધાન)ની નિવૃત્તિથી યુક્ત છે તે તેનું (પ્રતિબિંબાધ્યાસનું) નિવર્તક બની શકે.

અવસ્થા-અજ્ઞાન ઉપાદાન છે એમ માનનાર પક્ષમાં પણ તે (અવસ્થા-અજ્ઞાન) જેની આવરણ-શક્તિનો અગાઉ (અધ્યાસની પહેલાં) થયેલા અધિષ્ઠાનજ્ઞાનથી નાશ થઈ ગયો છે, તેનો સમાનવિષયત્વનો ભંગ થતો હોવાથી, પ્રતિબંધકના અભાવના (સમાન) કાળમાં થતા અધિષ્ઠાન-જ્ઞાનથી નાશ કરવો શક્ય નથી તેથી માત્ર પ્રતિબિંબાધ્યાસની તેનાથી નિવૃત્તિ થાય છે એમ સ્વીકારવામાં આવે છે.

અથવા પોતાના (પ્રતિબિંબાધ્યાસના) ઉપાદાનભૂત અજ્ઞાનના નિવર્તક બ્રહ્મ-જ્ઞાનથી જ નિવૃત્તિ પામી શકે તેવો ભલે આ અધ્યાસ હોય. તેના વ્યાવહારિક-ત્વની આપત્તિનો ઉત્તર તે અવિદ્યાથી અતિરિક્ત દોષ (બિંબ-ઉપાધિ સન્નિધાન)થી જન્ય છે એમ કહીને આપી દીધો છે. (એમ મૂલ અજ્ઞાનને ઉપાદાન માનનારા ચિંતકો કહે છે.) (૪)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ** : શંકા થાય કે મૂળ અજ્ઞાન જો પ્રતિબિંબાધ્યાસનું કારણ હોય તો બિંબ–ઉપાધિસન્નિધિની નિવૃત્તિથી યુક્ત અધિષ્ઠાનજ્ઞાનથી પ્રતિબિંબાધ્યાસની નિવૃત્તિ ન થવી જોઈએ કારણ કે બ્રહ્મજ્ઞાનરૂપ મૂળ અજ્ઞાનની નિવૃત્તિ તેનાથી થતી નથી, જ્યારે આપણે જોઈએ છીએ કે શુક્તિરજતાદિના મૂળરૂપ અવિદ્યાની નિવૃત્તિ કરનાર શુક્તિ આદિનો સાક્ષાત્કાર જ રજતાદિ અધ્યાસની નિવૃત્તિ કરે છે.

**ઉત્તર** : આ દલીલ બરાબર નથી, કારણ કે વિરોધનો અભાવ છે. જ્ઞાન અને અજ્ઞાનનો વિરોધ ત્યાં જ હોય જ્યાં તેમનો વિષય સમાન હોય. જેને વિષે રજતજ્ઞાન થયું હોય તેને જ વિષે એ જ દેશ–કાળમાં શુક્તિજ્ઞાન થાય તો એ બે જ્ઞાનો વિરોધી હોય છે અને તેમની વચ્ચે બાધ્યબાધકભાવ હોય છે. મૂળ અજ્ઞાન બ્રહ્મવિષયક છે જ્યારે પ્રતિબિંબાધ્યાસના અધિષ્ઠાનભૂત દર્પણાદિનું જ્ઞાન દર્પણાદિથી અવચ્છિન્ન ચૈતન્યવિષયક છે. આમ આ બે જ્ઞાનોનો વિષય સમાન ન હોવાથી તેમની વચ્ચે કોઈ વિરોધ નથી. આ અધિષ્ઠાન-જ્ઞાન બ્રહ્મવિષયક મૂળ અજ્ઞાનનું નિવર્તક ન બને તો પણ તે પ્રતિબિંબાધ્યાસ ભ્રમનું નિવર્તક તો બનશે જ કારણ કે 'દર્પણમાં મુખ નથી' ઇત્યાદિરૂપ અધિષ્ઠાનનું સાચું જ્ઞાન પ્રતિબિંબાધ્યાસાભાવને વિષય કરનારું છે.

**શંકા** : અવસ્થા–અજ્ઞાન પ્રતિબિંબાધ્યાસનું ઉપાદાન છે એમ માનનાર પક્ષમાં બિંબ–ઉપાધિના સન્નિકર્ષની નિવૃત્તિથી યુક્ત અધિષ્ઠાનજ્ઞાન એ ઉપાદાનભૂત અવસ્થા–અજ્ઞાનનું નિવર્તક બની શકે છે. અને આમ 'જ્ઞાન અજ્ઞાનનું જ નિવર્તક છે, જ્યારે અજ્ઞાનના કાર્યની નિવૃત્તિ તો ઉપાદાનભૂત અજ્ઞાનની નિવૃત્તિથી થાય છે' એમ **પંચપાદિકાકાર** (**પદ્મપાદાચાર્ય**)ના વચનની સંગતિ સધાય છે.

**ઉત્તર** : એ પક્ષમાં પણ પ્રતિબિંબાધ્યાસની પહેલાં 'દર્પણમાં મુખ નથી' એવું જે અધિષ્ઠાન–જ્ઞાન થાય છે તેનાથી અવસ્થા–અજ્ઞાનની આવરણશક્તિનો નાશ કરવામાં આવ્યો હોય છે. અજ્ઞાનનો વિષય હોવું એટલે અજ્ઞાનથી આવૃત હોવું. અને આવરણનો નાશ થતાં દર્પણાદિથી અવચ્છિન્ન ચૈતન્ય અવસ્થા–અજ્ઞાનનો વિષય બની શકે નહિ તેથી અધિષ્ઠાન-જ્ઞાન અને અવસ્થા-અજ્ઞાનનું સમાનવિષયકત્વ રહેતું નથી. આમ બિંબ–ઉપાધિસંનિધિની નિવૃત્તિ વખતે થતા અધિષ્ઠાન–જ્ઞાનથી અવસ્થા–અજ્ઞાનની નિવૃત્તિ કરી શકાતી નથી. માટે એ પક્ષમાં પણ અધિષ્ઠાન–જ્ઞાનથી અવસ્થા-અજ્ઞાનની નહિ પણ માત્ર પ્રતિબિંબાધ્યાસની જ નિવૃત્તિ માનવામાં આવે છે. તેથી **પંચપાદિકા** સાથેનો વિરોધ તો એ પક્ષમાં પણ તુલ્ય છે.

**પંચપાદિકાકાર**ના મત સાથે વિરોધ ન થાય એ રીતે સમજાવવાનો પ્રયત્ન કરતાં કહ્યું છે કે અધ્યાસની નિવૃત્તિ પોતાના ઉપાદાનભૂત મૂળ અજ્ઞાનના નિવર્તક બ્રહ્મજ્ઞાનથી જ થાય છે. બિંબ–ઉપાધિ–સંનિધિનિવૃત્તિ થાય ત્યારે અધિષ્ઠાન–જ્ઞાનથી પ્રતિબિંબાધ્યાસનો નાશ થાય છે એમ જે કહેવામાં આવે છે એનો અર્થ એટલો જ છે કે એ પ્રતિબિંબાધ્યાસ સૂક્ષ્મ અવસ્થા પ્રાપ્ત કરે છે (એટલે પ્રતિબિંબ દેખાતું નથી) પણ બાધરૂપ નિવૃત્તિ ત્યારે થતી નથી; એ તો બ્રહ્મજ્ઞાનને અધીન છે કારણ કે બ્રહ્મજ્ઞાન જ અધ્યાસના ઉપાદાનભૂત મૂળ અજ્ઞાનનું નિવર્તક છે. અને છતાં પ્રતિબિંબાધ્યાસને બ્રહ્મજ્ઞાનથી બાધ્ય ઘટાદિની જેમ વ્યાવહારિક સત્તા ધરાવનાર તરીકે માનવાની જરૂર નથી કારણ કે ઘટાદિ માત્ર મૂળ અજ્ઞાનથી જન્ય છે જ્યારે પ્રતિબિંબાધ્યાસ મૂળ અજ્ઞાનથી અતિરિક્ત બિંબ–ઉપાધિ–સન્નિકર્ષરૂપ દોષથી પણ જન્ય છે અને તેથી પ્રાતિભાસિક છે. (૪)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(५) एवं स्वप्नाध्यासस्याप्यनवच्छिन्नचैतन्ये अहङ्कारोपहितचैतन्ये वाऽवस्थारूपाज्ञानशून्येऽध्यासात् ,

'सुषुप्त्याख्यं तमोऽज्ञानं यद् बीजं स्वप्नबोधयोः ।' इति

आचार्याणां स्वप्नजाग्रत्प्रपञ्चयोरेकाज्ञानकार्यत्वोक्तेश्च मूलाज्ञानकार्यतया स्वोपादाननिवर्तकब्रह्मज्ञानैकबाध्यस्य अविद्याऽतिरिक्तनिद्रादिदोषजन्यतयैव प्रातिभासिकत्वमिति केचिदाहुः ॥

(૫) એ જ રીતે સ્વપ્નાધ્યાસ, જે મૂળ અજ્ઞાનનું કાર્ય હોઈને પોતાના ઉપાદાન (મૂળ અજ્ઞાન)ના નિવર્તક બ્રહ્મજ્ઞાન એ એકથી જ બાધ્ય છે. તે પણ અવિદ્યાથી અતિરિક્ત નિદ્રા આદિ દોષથી ઉત્પન્ન થતો હોઈને પ્રાતિભાસિક છે. સ્વપ્નાધ્યાસ મૂળ અજ્ઞાનનું કાર્ય છે કારણ કે અનવચ્છિન્ન ચૈતન્ય અથવા અહંકાર જેની ઉપાધિ છે એવું ચૈતન્ય, જે અવસ્થા–અજ્ઞાનશૂન્ય છે તેમાં તેનો અધ્યાસ છે, અને 'સુષુપ્તિ નામનું તમસ્ (અંધકાર) અજ્ઞાન જે સ્વપ્ન અને જાગ્રત્(પ્રપંચ) નું બીજ (ઉપાદાન)' છે એમ આચાર્યનું કથન છે કે સ્વપ્ન પ્રપંચ અને જાગ્રત્પ્રપંચ એક અજ્ઞાનનાં કાર્ય છે–એમ કેટલાક કહે છે.

**વિવરણ** : સ્વપ્નાધ્યાસનું પણ ઉપાદાન કારણ મૂળ અજ્ઞાન જ છે, અવસ્થા–અજ્ઞાન નહિ. જુદા જુદા મત અનુસાર અનવચ્છિન્ન ચૈતન્ય સ્વપ્નાધ્યાસનું અધિષ્ઠાન હોય કે અહંકારથી ઉપહિત ચૈતન્ય તેનું અધિષ્ઠાન હોય, એમાંથી કોઈ અવસ્થા–અજ્ઞાનવાળું નથી. અહંકારથી અવચ્છિન્ન બ્રહ્મચૈતન્ય માત્ર મૂળ અજ્ઞાનનો આશ્રય છે તેથી અવસ્થા-અજ્ઞાનશૂન્ય છે. અહંકારોપહિત સાક્ષિચૈતન્ય જે સુખાદિનું અધિષ્ઠાન છે તેમાં આવરણ સ્વીકારવામાં નથી આવતું તેથી તે અવસ્થા–અજ્ઞાનશૂન્ય છે. કહેવાનો આશય એ છે કે અજ્ઞાનના કાર્યરૂપ સ્વપ્નાધ્યાસનો અવસ્થા–અજ્ઞાનશૂન્ય ચૈતન્યમાં અધ્યાસ હોઈને મૂળ અજ્ઞાનનું કાર્ય છે તેના સમર્થનમાં આચાર્યનું વચન ટાંક્યું છે. સુષુપ્તિ અજ્ઞાનાવસ્થારૂપ છે એમ કહેવા માટે 'સુષુપ્તિ' નામનું અજ્ઞાન એમ કહ્યું છે જાગ્રત્પ્રપંચ મૂલ અજ્ઞાનનું કાર્ય છે એ બાબતમાં સર્વસંમતિ છે. આચાર્યવચન પ્રમાણે સ્વપ્નપ્રપંચ પણ મૂળ અજ્ઞાનનું કાર્ય છે અને મૂળ અજ્ઞાનના નિવર્તક બ્રહ્મજ્ઞાનથી જ તેનો બાધ થઈ શકે. ઊંઘમાંથી જાગતાં સ્વપ્નપ્રપંચનો માત્ર સૂક્ષ્માવસ્થાપત્તિરૂપ નાશ થાય છે, અર્થાત્ સ્વપ્ન–પ્રપંચ સૂક્ષ્મ અવસ્થા પ્રાપ્ત કરે છે તેથી દેખાતો નથી, પણ બાધરૂપ નિવૃત્તિ તો એક બ્રહ્મજ્ઞાનથી જ સાધ્ય છે. મૂળ અજ્ઞાન ઉપરાંત નિદ્રા આદિ દોષથી જન્ય હોઈને સ્વપ્નાધ્યાસ પ્રાતિભાસિક છે (વ્યાવહારિક નહીં).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अन्ये तु 'बाध्यन्ते चैते रथादयः स्वप्नदृष्टाः प्रबोधे' [ब्र. सू. शाङ्करभाष्य ३.२.३] इति भाष्योक्तेः, 'अविद्यात्मकबन्धप्रत्यनीकत्वाद् जाग्रद्बोधवद्' इति विवरणदर्शनात्, उत्थितस्य स्वप्नमिथ्यात्वानुभवाच्च जाग्रद्बोधः स्वाप्नाध्यासनिवर्तक इति ब्रह्मज्ञानेतरज्ञानबाध्यतयैव तस्य प्रातिभासिकत्वम् । न चाधिष्ठानयाथात्म्यगोचरं स्वोपादानाज्ञानानिवर्तकं ज्ञानं कथमध्यासनिवर्तकं स्यादिति वाच्यम् । रज्जुसर्पाध्यासस्य स्वोपादानाज्ञाननिवर्तकाधिष्ठानयाथात्म्यज्ञानेनेव तत्रैव स्वानन्तरोत्पन्नदण्डभ्रमेणापि निवृत्तिदर्शनादित्याहुः ।

જ્યારે **બીજા** કહે છે કે 'અને જાગ્રત કાળમાં સ્વપ્નમાં જોયેલા રથ આદિનો બાધ થાય છે' એમ **ભાષ્યમાં** કહ્યું છે તેથી, '(અવિદ્યાકાર્ય હોઈને) અવિદ્યાત્મક બંધનું (બ્રહ્મજ્ઞાન) નિવર્તક છે, જાગ્રતકાલીન જ્ઞાનની જેમ તેથી' એમ **વિવરણ** જોવામાં આવે છે તેથી, અને (સ્વપ્નમાંથી) ઊઠેલા માણસને સ્વપ્ન (પ્રપંચ)ના મિથ્યાત્વનો અનુભવ થાય છે તેથી જાગ્રત્કાલીન જ્ઞાન એ સ્વપ્નાધ્યાસનું નિવર્તક છે, માટે બ્રહ્મજ્ઞાનથી ઇતર જ્ઞાનથી બાધિત થઈ શકતો હોવાને કારણે જ તે (સ્વપ્નાધ્યાસ) પ્રાતિભાસિક છે. એવી દલીલ કરવી નહિ કે "અધિષ્ઠાનના સાચા સ્વરૂપને વિષય નહીં કરનારું અને પોતાના (-સ્વપ્નાધ્યાસના-) ઉપાદાનભૂત અજ્ઞાનની નિવૃત્તિ ન કરી શકનારું જ્ઞાન કેવી રીતે અધ્યાસનું નિવર્તક હોઈ શકે?" (આ દલીલ બરાબર નથી) કારણ કે પોતાના (સર્પાધ્યાસના) ઉપાદાનભૂત અજ્ઞાનનું નિવર્તક એવું જે (રજ્જુરૂપ) અધિષ્ઠાનના સાચા સ્વરૂપનુ જ્ઞાન તેનાથી જેમ રજ્જુસર્પાધ્યાસની નિવૃત્તિ થતી જોવામાં આવે છે તેમ ત્યાં જ (સર્પાધ્યાસના અધિષ્ઠાનભૂત રજ્જુમાં જ) પોતાની (સર્પભ્રમની-) તરત જ પછી ઉત્પન્ન થયેલા દંડભ્રમથી પણ રજ્જુસર્પાધ્યાસની નિવૃત્તિ થતી જોવામાં આવે છે.

**વિવરણ** : ઉપર 'અવિદ્યાથી અતિરિક્ત દોષથી જન્ય હોવાને લીધે પ્રાતિભાસિકત્વ થાય છે' એ મત પ્રમાણે સ્વપ્નાધ્યાસ નિદ્રાદિદોષજન્ય હોઈ ને પ્રાતિભાસિક છે એમ સમજાવ્યું. હવે 'વ્યવહારકાળમાં બાધિત થવાને કારણે પ્રાતિભાસિક છે' એ મત પ્રમાણે સ્વપ્નાધ્યાસનું પ્રાતિભાસિકત્વ સમજાવે છે. **શંકરાચાર્ય**, **પ્રકાશાત્મન**નાં વચન અને આપણા લૌકિક અનુભવનો આધાર લઈને બતાવ્યું છે કે જાગ્રત્કાલીન જ્ઞાનથી સ્વપ્નાધ્યાસની નિવૃત્તિ થાય છે. જો સ્વપ્નપ્રપંચ બ્રહ્મજ્ઞાનથી બાધિત થતો હોત તો સ્વપ્નમાંથી ઊઠેલા માણસને 'મેં જે કંઈ સ્વપ્નમાં જોયું એ ખોટું જ જોયું' એમ તેના મિથ્યાત્વનો અનુભવ ન થાત, જેમ બ્રહ્મજ્ઞાન થાય તે પહેલાં એનાથી બાધ્ય ઘટાદિને વિષે તેમના મિથ્યાત્વનો અનુભવ થતો જોવામાં નથી આવતો. તેથી બ્રહ્મજ્ઞાનથી ઇતર જાગ્રત્કાલીન બોધથી જ સ્વપ્ન પ્રપંચનો બાધ થાય છે એમ જ કહેવું જોઈએ; અને શુક્તિરજત આદિની જેમ વ્યવહારકાળમાં બાધ થતો હોવાને લીધે જ તે પ્રાતિભાસિક છે; અને વ્યવહારકાળ તે બ્રહ્મતત્ત્વજ્ઞાનથી પૂર્વનો કાળ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**શંકા** : જે જાગ્રત્કાલીન જ્ઞાન સ્વપ્નાધ્યાસના ઉપાદાન કારણ મૂળ અજ્ઞાનની નિવૃત્તિ ન કરી શકે અને પૂર્વોક્ત સ્વપ્નાધિષ્ઠાન(અનવચ્છિન્ન કે અહંકારોપહિત ચૈતન્ય)ના સાચા સ્વરૂપને વિષય કરનારું ન હોય તે કેવી રીતે સ્વપ્નાધ્યાસનું નિવર્તક હોઈ શકે? અધિષ્ઠાનનું યથાર્થજ્ઞાન જ અજ્ઞાનની નિવૃત્તિ દ્વારા અધ્યાસનું નિવર્તક હોઈ શકે એવો નિયમ છે.

**ઉત્તર** : આ નિયમની સિદ્ધિ નથી. અધિષ્ઠાન રજ્જુના યથાર્થ જ્ઞાનથી જેમ સર્પાધ્યાસના ઉપાદાનભૂત અજ્ઞાનની નિવૃત્તિ થતાં સર્પાધ્યાસનો બાધ થાય છે તેમ રજ્જુને વિષે સર્પભ્રમ થયા પછી 'આ સર્પ નથી, આ તો દંડ છે' એમ દંડભ્રમ થાય તો તેનાથી પણ સર્પાધ્યાસની નિવૃત્તિ થતી જોવામાં આવે છે. માટે જાગ્રત્કાલીન જ્ઞાન સ્વપ્નાધ્યાસનું નિવર્તક છે.

**अपरे तु जाग्रद्भोगप्रदकर्मोपरमे सति जाग्रत्प्रपञ्चद्रष्टारं प्रतिबिम्बरूपं व्यावहारिकं जीवं तद्दृश्यं जाग्रत्प्रपञ्चमप्यावृत्य जायमानो निद्रारूपो मूलाज्ञानस्यावस्थाभेदः स्वाप्नप्रपञ्चाध्यासोपादानम्, न मूलाज्ञानम्। न च निद्राया अवस्थाज्ञानरूपत्वे मानाभावः। मूलाज्ञानेनानावृतस्य जाग्रत्प्रपञ्चद्रष्टुः व्यावहारिकजीवस्य 'मनुष्योऽहम्, ब्राह्मणोऽहम्, देवदत्तपुत्रोऽहम्' इत्यादिना स्वात्मानमसन्दिग्धाविपर्यस्तमभिमन्यमानस्य तदीयचिरपरिचयेन तं प्रति सर्वदा अनावृतैकरूपस्यानुभूतस्वपितामहात्यया- दिजाग्रत्प्रपञ्चवृत्तान्तस्य च स्वप्नसमये केनचिदावरणाभावे जागरण इव स्वप्नेऽपि 'व्याघ्रोऽहम्, शूद्रोऽहम्, यज्ञदत्तपुत्रोऽहम्' इत्यादिभ्रमस्य स्वपितामहजीवदशादिभ्रमस्य चाभावप्रसङ्गेन निद्राया एव तत्कालोत्पन्न- व्यावहारिकजगज्जीवावरकाज्ञानावस्थाभेदरूपत्वसिद्धेः। न चैवं जीवस्याप्यावृतत्वात् स्वप्नप्रपञ्चस्य द्रष्टृभावप्रसङ्गः, स्वप्नप्रपञ्चेन सह द्रष्टुर्जीवस्यापि प्रातिभासिकाध्यासात्। एवं च पुनर्जाग्रद्भोगप्रदकर्मोद्भूते बोधे व्यावहारिक- जीवस्वरूपज्ञानात् स्वोपादाननिद्रारूपाज्ञाननिवर्तकादेव स्वाप्नप्रपञ्चबाधः। न चैवं तद्द्रष्टुः प्रातिभासिकजीवस्यापि ततो बाधे 'स्वप्ने करिणमन्वभूवम्' इत्यनुसन्धानं न स्यादिति वाच्यम्। व्यावहारिकजीवे प्रातिभासिक- जीवस्याध्यस्ततया तदनुभवाद् व्यावहारिकजीवस्यानुसन्धानोपगमेऽप्यति- प्रसङ्गाभावादित्याहुः॥**

જ્યારે **બીજા** કહે છે કે જાગ્રત્ ભોગનું પ્રદાન કરનાર કર્મ અટકી જતાં જાગ્રત્પ્રપંચને જોનાર, પ્રતિબિંબરૂપ વ્યાવહારિક જીવ અને તેનાથી જોવામાં આવતા જાગ્રત્પ્રપંચનું પણ આવરણ કરીને ઉત્પન્ન થતી મૂળ અજ્ઞાનની નિદ્રારૂપ વિશેષ અવસ્થા સ્વપ્નપ્રપંચાધ્યાસનું ઉપાદાન છે, મૂળ અજ્ઞાન નહિ. અને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિદ્રા અવસ્થા—અજ્ઞાનરૂપ છે એ બાબતમાં પ્રમાણનો અભાવ છે એવું નથી. એનું કારણ એ છે કે (નિદ્રા અવસ્થા અજ્ઞાનરૂપ ન હોય તો) મૂળ અજ્ઞાનથી અનાવૃત એવો જાગ્રત્-પ્રપંચને જોનાર વ્યાવહારિક જીવ, જે 'હું મનુષ્ય છું, બ્રાહ્મણ છું, દેવદત્તનો પુત્ર છું' ઇત્યાદિ રૂપથી પોતાના આત્માને વિષે સંદેહ અને ભ્રમ ન હોય એ રીતે અભિમાન કરે છે તેનું, તથા તેના ચિરપરિચયથી તેની પ્રતિ સદા અનાવૃત એકરૂપ રહેતા અનુભવેલા પિતામહના મૃત્યુ આદિ જાગ્રત્-પ્રપંચ વૃત્તાન્તનું સ્વપ્નકાળમાં કશાકથી આવરણ ન થતુ હોય તો જાગરણની જેમ સ્વપ્નમાં પણ 'હું વાઘ છું, શૂદ્ર છું, યજ્ઞદત્તનો પુત્ર છું' ઇત્યાદિ ભ્રમનો તથા પોતાના પિતામહની જીવતી દશા આદિના ભ્રમનો અભાવ પ્રસક્ત થાય છે તેથી નિદ્રા જ તે કાળમાં (નિદ્રાકાળમાં) ઉત્પન્ન થયેલી વ્યાવહારિક જગત્ અને જીવનું આવરણ કરનારી વિશેષ અજ્ઞાનાવસ્થારૂપ છે એમ સિદ્ધ થાય છે. અને એમ હોય તો જીવનું પણ આવરણ થઈ જતાં સ્વપ્નપ્રપંચના દ્રષ્ટાનો અભાવ પ્રસક્ત થશે (સ્વપ્રપંચનો દ્રષ્ટા કોઈ રહેશે નહિ એ પરિસ્થિતિ આવી પડશે) એવું નથી, કારણ કે સ્વપ્નપ્રપંચની સાથે દ્રષ્ટા જીવનો પણ પ્રાતિભાસિક અધ્યાસ થાય છે.

અને આમ (—અર્થાત્ વ્યાવહારિક જીવ અને જગત્ જ સ્વપ્નજીવ અને સ્વપ્ન-જગત્ના અધ્યાસનું અધિષ્ઠાન છે એમ સિદ્ધ થતાં) ફરી જાગ્રત્ ભોગનું પ્રદાન કરનાર કર્મથી ઉત્પન્ન થતું જાગરણ થાય ત્યારે વ્યાવહારિક જીવના સ્વરૂપનું જ્ઞાન જે પોતાના (સ્વપ્નપ્રપંચના) ઉપાદાનભૂત નિદ્રારૂપ અજ્ઞાનનું નિવર્તક છે તેનાથી જ સ્વપ્નપ્રપંચનો બાધ થાય છે. અને એવી દલીલ કરવી નહિ કે "(આમ હોય તો) એ જ રીતે તે(સ્વપ્નપ્રપંચ)ના દ્રષ્ટા પ્રાતિભાસિક જીવનો પણ તેથી જ (—વ્યાવહારિક જીવના સ્વરૂપના જ્ઞાનથી જ) બાધ થતાં 'સ્વપ્નમાં મેં હાથીનો અનુભવ કર્યો' એમ અનુસંધાન ન થાય". (આ દલીલ બરાબર નથી) કારણ કે વ્યાવહારિક જીવમાં પ્રાતિભાસિક જીવનો અધ્યાસ થયેલો હોવાથી તેના (—પ્રાતિભાસિક જીવના) અનુભવથી વ્યાવહારિક જીવને અનુસંધાન થાય છે એમ સ્વીકારવામાં અતિપ્રસંગદોષનો અભાવ છે. (એમ આ ચિંતકો કહે છે.)

(વિવરણ : અધિષ્ઠાનના યથાર્થ જ્ઞાનથી જ અધ્યાસની નિવૃત્તિ થાય છે એવો નિયમ હોય તો પણ કોઈ અનુપપત્તિ નથી એમ માનનાર પક્ષની રજૂઆત કરે છે. આ મતમાં વ્યાવહારિક જીવ સ્વપ્ન જોનાર પ્રાતિભાસિક જીવનું અધિષ્ઠાન છે, અને જાગ્રત્પ્રપંચ સ્વપ્નપ્રપંચનુ અધિષ્ઠાન છે; અનવચ્છિન્ન ચૈતન્ય કે અહંકારોપહિત ચૈતન્ય નહિ. વ્યાવહારિક જીવ અને જાગ્રતપ્રપંચ એ દ્વિવિધ અધિષ્ઠાનનું આવરણ કરીને તે દ્વારા નિદ્રારૂપ અવસ્થા-અજ્ઞાન દ્રષ્ટા-દૃશ્યરૂપ દ્વિવિધ સ્વપ્નપ્રપંચનું ઉપાદાન બને છે. મૂળ અજ્ઞાન સ્વપ્નપ્રપંચનું ઉપાદાન નથી, કારણ કે તે માત્ર બ્રહ્મચૈતન્યનુ આવરણ કરનારુ હોઈને વ્યાવહારિક જીવ આદિનું આવરણ કરતું નથી તેથી વ્યાવહારિક જીવ અને જગત્ને વિષય કરનારું જાગ્રત્કાલીન જ્ઞાન અધિષ્ઠાનના યથાર્થજ્ઞાનરૂપ હોઈને તેનાથી સ્વપ્નાધ્યાસનો બાધ સંભવે છે એવો તાત્પર્યાર્થ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિદ્રાને આવરણ કરનારી અને ઉપાદાન કહી છે તેનું આવરણ અને વિક્ષેપશક્તિવાળા અજ્ઞાન તરીકેનું લક્ષણ કહેવાઈ ગયું. આ નિદ્રારૂપ અજ્ઞાન ઉત્પત્તિવાળું હોઇને (-જાગ્રત્કાલીન ભોગનું પ્રદાન કરનાર કર્મનો ઉપરમ થતાં તે ઉત્પન્ન થાય છે-) અવસ્થારૂપ અજ્ઞાન છે. આ મત પ્રમાણે બધાં અવસ્થા-અજ્ઞાનો ઉત્પત્તિવાળાં છે. મૂળ અજ્ઞાનથી અનાવૃત વ્યાવહારિક જીવ અને જાગ્રત્પ્રપંચવૃત્તાન્તનું સ્વપ્નકાળમાં કોઈ આવરણ કરનારું ન હોય તો જાગ્રત્કાળમાં જેવો અનુભવ થાય છે તેવો જ અનુભવ સ્વપ્નકાળમાં થાત; જ્યારે આપણે જોઈએ છીએ કે વ્યાવહારિક જીવ પોતાને વિષે કોઈ સંદેહ કે ભ્રમ વિના અભિમાન સેવે છે કે 'હું મનુષ્ય છું, બ્રાહ્મણ છું, દેવદત્તના પુત્ર છું'. વળી આ દેવદત્તના પુત્રની પ્રતિ જાગ્રત્પ્રપંચવૃત્તાન્ત—પોતાના પિતામહનું મૃત્યુ આદિ—અનાવૃત હોઈને એકરૂપે ટકે છે. દેવદત્તનો પુત્ર પહેલાં પોતાના પિતામહના મરણનો અનુભવ કરીને પછી પ્રત્યેક મહિને અને વર્ષે શ્રાદ્ધ તર્પણાદિ કરે છે. તેથી પિતામહના મરણનો અનુભવ અને વારંવાર થતા સ્મરણથી તે વૃત્તાન્તનો તેને ચિરપરિચય છે તેથી પોતાના પિતામહના મૃત્યુ આદિ વિષે કોઈ સંશય કે ભ્રમ ન હોતાં તે અનાવૃત સદા એકરૂપથી રહે છે. જો નિદ્રારૂપ અજ્ઞાનનું આવરણ ન હોત તો સ્વપ્નકાળમાં પણ આ જ અનુભવ થાત. એને બદલે એ સ્વપ્ન જોનારને જ્ઞાન થાય છે કે 'હું વાઘ છું, શૂદ્ર છું, યજ્ઞદત્તનો પુત્ર છું.' તેને પોતાના પિતામહની જીવતી દશાનો અનુભવ સ્વપ્નમાં થાય છે તેથી નિદ્રાકાળમાં ઉત્પન્ન થયેલી આ વિશેષ અજ્ઞાનાવસ્થા જે વ્યાવહારિક જગત અને જીવનું આવરણ કરે છે, તે જ નિદ્રાનું રૂપ છે એમ સિદ્ધ થાય છે, કારણ કે તેના સિવાય આવરણ અને વિક્ષેપ શક્તિવાળું બીજું કશું ઉપસ્થિત નથી.

(શંકા—) આમ હોય તો વ્યાવહારિક જીવનું આવરણ થઈ જતાં સ્વપ્નદ્રષ્ટા નહીં રહે.

(ઉત્તર) સ્વપ્નપ્રપંચની જેમ સ્વપ્નદ્રષ્ટા જીવ પણ પ્રાતિભાસિક છે તેથી આ મુશ્કેલી નથી. પ્રાતિભાસિક અન્તઃકરણમાં ચિત્પ્રતિબિંબરૂપ બીજો જીવ માનવામાં આવે છે તેથી આ શંકાને અવકાશ નથી.

ફરી જાગરણ થતાં વ્યાવહારિક જીવના સ્વરૂપના જ્ઞાનથી આ નિદ્રારૂપ અવસ્થા-અજ્ઞાનનો નાશ થાય છે અને તેથી તેના કાર્ય એવા સ્વપ્નપ્રપંચનો બાધ થાય છે.

(શંકા) જો સ્વપ્નપ્રપંચ જોનાર જીવ પણ પ્રાતિભાસિક હોય અને તેનો પણ વ્યાવહારિક જીવના સ્વરૂપના જ્ઞાનથી બાધ થતો હોય તો જાગ્રતકાળમાં સ્વપ્નના અનુભવોનું સ્મરણ થાય છે તે ન થવું જોઈએ કારણ કે અનુભવ કરનાર એક (પ્રાતિભાસિક જીવ) અને સ્મરણ કરનાર બીજો (વ્યાવહારિક જીવ) હોય એ બરાબર નથી. આવું હોય તો અતિપ્રસંગ-દોષ થાય—યજ્ઞદત્તે જેનો અનુભવ કર્યો હોય તેનું સ્મરણ વિષ્ણુમિત્રને આ હિસાબે થવું જોઈએ જે શક્ય નથી.

(ઉત્તર) : પ્રાતિભાસિક જીવ વ્યાવહારિક જીવમાં અધ્યસ્ત છે તેથી અધિષ્ઠાનરૂપ વ્યાવહારિક જીવ અને આરોપ્ય પ્રાતિભાસિક જીવનું તાદાત્મ્ય હોવાથી પ્રાતિભાસિક જીવે કરેલા અનુભવને કારણે વ્યાવહારિક જીવને સ્વપ્ન-પદાર્થનું અનુસંધાન સંભવે છે જ્યારે યજ્ઞદત્તે અનુભવેલા પદાર્થનુ વિષ્ણુમિત્રને અનુસંધાન સંભવતું નથી કારણ કે તેમનું તાદાત્મ્ય નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**नन्वनवच्छिन्नचैतन्ये अहङ्कारोपहितचैतन्ये वा स्वाप्नप्रपञ्चाध्यास इति प्रागुक्तं पक्षद्वयमप्ययुक्तम् । आद्ये स्वाप्नगजादेरहङ्कारोपहितसाक्षिणो विच्छिन्नदेशत्वेन सुखादिवदन्तःकरणवृत्तिसंसर्गमनपेक्ष्य तेन प्रकाशनस्य, चक्षुरादीनामुपरततया वृत्त्युदयासम्भवेन तत्संसर्गमपेक्ष्य तेन प्रकाशनस्य चायोगात् । द्वितीये 'इदं रजतम्' इतिवद् 'अहं गजः' इति वा 'अहं सुखी' इतिवद् 'अहं गजवान्' इति वाऽध्यासप्रसङ्गात् ॥**

શંકા થાય કે અનવચ્છિન્ન ચૈતન્યમાં કે અહંકાર જેની ઉપાધિ છે તેવા ચૈતન્યમાં સ્વપ્નપ્રપંચાધ્યાસ થાય છે એમ અગાઉ જે બે પક્ષ કહ્યા તે યુક્ત નથી. તેનું કારણ એ કે પહેલા (પક્ષ)માં સ્વપ્ન–ગજ આદિ અહંકારોપહિત સાક્ષીરૂપ ચૈતન્યથી અલગ દેશમાં હોવાને કારણે સુખ આદિની જેમ અંતઃકરણની વૃત્તિના સંસર્ગની અપેક્ષા રાખ્યા સિવાય તેનાથી (સાક્ષીરૂપ ચૈતન્યથી) તેનું પ્રકાશન થઈ શકે નહિ. અને ચક્ષુ આદિ ઉપરત (કામ કરતાં અટકી ગયેલાં) હોવાથી વૃત્તિના ઉદયનો સંભવ નથી તેથી તેના (—વૃત્તિના) સંસર્ગની અપેક્ષા રાખીને તેનાથી (સાક્ષી ચૈતન્યથી) (સ્વપ્નગજાદિનું) પ્રકાશન શક્ય નથી. બીજા (પક્ષ)માં (અહંકારોપહિત ચૈતન્ય સ્વપ્નાધ્યાસનું અધિષ્ઠાન છે એમ માનનાર પક્ષમાં) 'આ રજત છે' ની જેમ 'હું હાથી છું', અથવા 'હું સુખી છું' (એ જ્ઞાન) ની જેમ 'હું હાથીવાળો છું' એમ અધ્યાસ પ્રસક્ત થાય (—આવો અધ્યાસ થવો જોઈએ પણ થતો નથી તેથી આ બીજો પક્ષ પણ માની શકાય નહિ).

**વિવરણ :** જીવ ત્રિવિધ છે એ પક્ષમાં વ્યાવહારિક જીવ, જેને દ્રષ્ટા-દૃશ્યરૂપ સ્વપ્નાધ્યાસનું અધિષ્ઠાન માનવામાં આવે છે, તે મિથ્યા હોવાથી તે સ્વપ્નપ્રપંચનું પ્રકાશન કરનારો હોઈ શકે નહિ અને ચૈતન્ય તેનું પ્રકાશક છે એમ પણ માની શકાય નહિ કારણ કે તે જ જો અધિષ્ઠાન બનીને સ્વપ્નપ્રપંચનું પ્રકાશન કરી શકતું હોય તો જડ વ્યાવહારિક જીવને અધિષ્ઠાન તરીકે શા માટે સ્વીકારવો પડે. ચૈતન્ય જ ભલેને સ્વપ્નાધ્યાસનુ અધિષ્ઠાન હોય એમ કોઈ દલીલ કરે તો તે સંભવતું નથી એમ આ પ્રશ્નકાર કહે છે. અનવચ્છિન્ન ચૈતન્યને અધિષ્ઠાન માનીએ તો સ્વપ્નગજ આદિ દેહથી બહારના દેશમાં છે એમ કહેવું જોઈએ. અને એમ હોય તો એ સાક્ષીથી પ્રકાશિત થાય છે કે ઇન્દ્રિયનો વિષય છે ? સાક્ષીથી પ્રકાશિત થઈ શકે નહિ કારણ કે અલગ દેશમાં હોવાથી સાક્ષીનો સ્વપ્નગજાદિ સાથે સ્વતઃ સંસર્ગ નથી. જેમ સુખાદિવિષયક અન્તઃકરણવૃત્તિ સંસર્ગની અપેક્ષા વિના સાક્ષીથી પ્રકાશિત થાય છે તેમ દેહની બહાર રહેલાં સ્વપ્નગજાદિ થઈ શકે નહિ. આ સ્વપ્નગજાદિ ચક્ષુ આદિ ઇન્દ્રિય દ્વારા પણ પ્રકાશિત થઈ શકે નહિ કારણ કે ઇન્દ્રિયો કામ કરતી અટકી ગઈ હોવાથી વૃત્તિનો સંભવ નથી તેથી વૃત્તિસંસર્ગની અપેક્ષા રાખીને પણ સાક્ષીથી તે પ્રકાશિત થઈ શકે નહિ, માટે આ પક્ષ સ્વીકાર્ય નથી.

અહંકારોપહિત ચૈતન્ય સ્વપ્નાધ્યાસનું અધિષ્ઠાન છે એ પક્ષ સ્વીકારીએ તો પણ શું ગજાદિનો તાદાત્મ્યથી ત્યાં અધ્યાસ છે કે આધારાધેય પ્રકારના સંસર્ગથી અધ્યાસ છે ?

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પહેલા વિકલ્પમાં 'આ રજત છે' એમ ભ્રમ થાય છે તેની જેમ 'હું હાથી છું' એમ અધ્યાસ થવો જોઈએ. બીજા વિકલ્પમાં 'હું સુખી છું'ની જેમ 'હું હાથીવાળો છું' એમ અધ્યાસ થવો જોઈએ તેથી આ પક્ષ પણ સ્વીકારી શકાય નહિ.

अत्र केचिदाद्यपक्षं समर्थयन्ते—अहङ्कारानवच्छिन्नचैतन्यं न देहाद् बहिः स्वाप्नप्रपञ्चस्याधिष्ठानमुपेयते, किं तु तदन्तरेव । अत एव दृश्यमानपरिमाणोचितदेशसम्पत्त्यभावात् स्वाप्नगजादीनां मायामयत्वमुच्यते । एवं चान्तःकरणस्य देहाद् बहिरस्वातन्त्र्याज्जागरणे बाह्यशुक्तीदमंशादिगोचरवृत्त्युत्पादाय चक्षुराद्यपेक्षायामपि देहान्तरन्तःकरणस्य स्वतन्त्रस्य स्वयमेव वृत्तिसम्भवाद्देहान्तरन्तःकरणवृत्त्यभिव्यक्तस्यानवच्छिन्नचैतन्यस्याधिष्ठानत्वे न काचिदनुपपत्तिः । अत एव यथा जागरणे सम्प्रयोगजन्यवृत्त्यभिव्यक्तशुक्तीदमंशावच्छिन्नचैतन्यस्थिताऽविद्या रूप्याकारेण विवर्तते, तथा स्वप्नेऽपि देहस्यान्तरन्तःकरणवृत्तौ निद्रादिदोषोपहितायामभिव्यक्तचैतन्यस्थाऽविद्या अदृष्टोद्बोधितनानाविषयसंस्कारसहिता प्रपञ्चाकारेण विवर्ततामिति विवरणोपन्यासे भारतीतीर्थवचनमिति ।

અહીં કેટલાક પહેલા પક્ષનું સમર્થન કરે છેઃ—અહંકારથી અનવચ્છિન્ન ચૈતન્યને દેહની બહાર સ્વપ્નપ્રપંચનું અધિષ્ઠાન માનવામાં નથી આવતું, પરંતુ તેની અંદર જ (માનવામાં આવે છે). તેથી જ દેખાતા પરિમાણને ઉચિત દેશ (જગ્યા) (દેહની અંદર) પ્રાપ્ત ન થતી હોવાને કારણે સ્વપ્નગજ આદિને માયામય કહેવામાં આવે છે. અને એ જ પ્રમાણે (–ચૈતન્ય દેહની અંદર સ્વપ્નાધ્યાસનું અધિષ્ઠાન હોય તો) અન્તઃકરણ દેહની બહાર અસ્વતંત્ર હોવાને કારણે જાગ્રત અવસ્થામાં તેને બાહ્ય શુક્તિના 'ઇદમ્' અંશ આદિ વિષયક વૃત્તિ ઉત્પન્ન કરવાને માટે ચક્ષુ આદિની અપેક્ષા રહેતી હોય તો પણ દેહની અંદર અન્તઃકરણ સ્વતંત્ર હોવાથી (ચક્ષુ આદિની અપેક્ષા વિના) પોતાની મેળે જ વૃત્તિ સંભવતી હોવાથી દેહની અંદર અન્તઃકરણની વૃત્તિથી અભિવ્યક્ત થયેલું અનવચ્છિન્ન ચૈતન્ય (સ્વપ્નાધ્યાસનું) અધિષ્ઠાન હોય તો તેમાં કોઈ જ અનુપપત્તિ નથી (—કશું શક્ય નહીં એવું નથી). તેથી જ જેમ જાગ્રત્કાળમાં (ઇન્દ્રિયના) સંનિકર્ષથી જન્ય વૃત્તિથી અભિવ્યક્ત શુક્તિના 'ઇદમ્' અંશથી અવચ્છિન્ન ચૈતન્યમાં રહેલી અવિદ્યા રજતાકારે વિવર્ત પામે છે, તેમ સ્વપ્નમાં પણ દેહની અંદર અન્તઃકરણવૃત્તિ જે નિદ્રાદિ દોષથી ઉપહિત છે તેમાં અભિવ્યક્ત ચૈતન્યમાં રહેલી અવિદ્યા જે અદૃષ્ટથી ઉદ્બોધિત અનેક વિષયોના સંસ્કારથી યુક્ત છે તે પ્રપંચાકારથી ભલે વિવર્ત પામતી (અર્થાત્ એમ માનવામાં વાંધો નથી).—એ પ્રકારનું વિવરણોપન્યાસમાં ભારતીતીર્થનું વચન છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ** : કેટલાક ચિંતકો અહંકારથી અનવચ્છિન્ન ચૈતન્ય દેહની અંદર જ સ્વપ્ન-પ્રપંચનું અધિષ્ઠાન છે એમ પ્રતિપાદન કરીને પ્રથમ પક્ષનું સમર્થન કરે છે. વ્યાખ્યાકાર **કૃષ્ણાનંદતીર્થ** કહે છે કે અવિદ્યામાં બિંબભૂત ઈશ્વર-ચૈતન્યને અહીં અનવચ્છિન્ન ચૈતન્ય કહ્યું છે, કારણ કે ઈશ્વરચૈતન્ય જ સર્વનું અધિષ્ઠાન છે, અવિદ્યામાં પ્રતિબિંબરૂપ જીવચૈતન્ય નહિ કારણ કે તે ઉપાદાન નથી એમ સમજવું. દેહમાં રહેલું આવું અનવચ્છિન્ન ચૈતન્ય સ્વપ્નાધ્યાસનું અધિષ્ઠાન છે એમ આ મતમાં સ્વીકાર્યું છે. જે તે પરિમાણવાળાં હાથી વગેરેને માટે પૂરતી જગ્યા શરીરની અંદર નથી તેથી આ હાથી વગેરેને પ્રાતિભાસિક માનવામાં આવે છે. શરીરની બહારનું ચૈતન્ય જો અધિષ્ઠાન હોત તો જાગ્રત્કાળનાં હાથી વગેરેની જેમ સ્વપ્ન-ગજ વગેરેને પણ યોગ્ય દેશ પ્રાપ્ત થવાથી એ પણ વ્યાવહારિક જ હોત અને એમ હોત તો **સૂત્રાદિમાં** (બ્રહ્મસૂત્ર ૩.૨.૩ અને તેના પર **શાંકરભાષ્ય**) સ્વપ્નપ્રપંચને મિથ્યા કહ્યો છે તેનો વિરોધ થાત.

**શંકા** : આમ હોય તો શરીરમાં અંદર રહેલું બ્રહ્મચૈતન્ય આવૃત છે તેથી ત્યાં અધ્યસ્ત સ્વપ્ન-ગજ આદિનો અવભાસ થઈ શકે નહિ. એમ પણ નહીં કહી શકાય કે અન્તઃકરણ વૃત્તિથી આવરણનો નાશ થતાં તેમનો અવભાસ સંભવે છે, કારણ કે સ્વપ્નમાં ચક્ષુ આદિ કામ કરતાં નથી તેથી આ વૃત્તિ સંભવતી નથી. અન્તઃકરણવૃત્તિ પોતાની મેળે (ચક્ષુ આદિની મદદ વિના) સ્વપ્નકાળમાં સંભવે છે એમ પણ માની શકાય નહિ કારણ કે જાગ્રત્કાળમાં પણ તેવું થવું જોઈએ અને એમ હોય તો ચક્ષુ આદિની અપેક્ષા ન રહે.

**ઉત્તર** : દેહાદિની બહાર અન્તઃકરણ સ્વતંત્ર નથી તેથી વૃત્તિના ઉત્પાદનને માટે ચક્ષુ આદિની અપેક્ષા રહે છે, જ્યારે દેહની અંદર અન્તઃકરણ સ્વતંત્ર છે તેથી ચક્ષુ આદિની અપેક્ષા વિના વૃત્તિ સંભવે છે અને આ અન્તઃકરણવૃત્તિથી અભિવ્યક્ત થયેલું અનવચ્છિન્ન ચૈતન્ય સ્વપ્નપ્રપંચાધ્યાસનું અધિષ્ઠાન હોય તેમાં કોઈ અનુપપત્તિ નથી. આન્તર અભિવ્યક્ત ચૈતન્યને અધિષ્ઠાન માનવામાં કે સ્વપ્ન-પ્રપંચના અવભાસમાં કે તેના પ્રાતિભાસિકત્વમાં કોઈ અનુપપત્તિ કશું અસંભવિત, ન માની શકાય તેવું નથી અને તેથી જાગ્રત્કાળમા જેમ ઇન્દ્રિય-સંનિકર્ષથી ઉત્પન્ન થયેલી વૃત્તિથી અભિવ્યક્ત થયેલા અને શુક્તિના 'ઇદમ્' અંશથી અવચ્છિન્ન થયેલા ચૈતન્યમાં રહેલી અવિદ્યા રજત આકારે વિવર્ત પામે છે—અહીં પરિણામ પામે છે એવો અર્થ કરવો જોઈએ—તેમ સ્વપ્નમાં પણ દેહની અંદર નિદ્રા, પિત્તનો ઉદ્રેક આદિ દોષથી દૂષિત અન્તઃકરણવૃત્તિથી અભિવ્યક્ત થયેલા ચૈતન્યમાં રહેલી અવિદ્યા સ્વપ્નપ્રપંચ આકારે વિવર્ત પામે છે, અર્થાત્ પરિણમે છે એમ માનવામાં શો વાંધો હોઈ શકે? સ્વપ્નપ્રપંચમાં જે વૈચિત્ર્ય છે, જાતજાતનું જોવામાં મળે છે તેનું કારણ એ છે કે જાગ્રત્-કાળમાં નાના પ્રકારના અનુભવો થયા હોય છે તેના સંસ્કારો અન્તઃકરણમાં રહે છે; તે સંસ્કારો અદૃષ્ટવશાત્ ઉદ્બોધિત થતાં તે ઉદ્બોધિત સંસ્કારોથી યુક્ત અવિદ્યા વિચિત્ર પ્રપંચાકારે પરિણમે છે—આની ચર્ચા **ભારતીતીર્થે વિવરણોપન્યાસમાં** કરી છે. (અહીં (**સ્વરૂપપ્રમેયસંગ્રહ** તરીકે જાણીતા ગ્રંથનો ઉલ્લેખ જણાય છે. જુઓ પૃ. ૧૪૧થી, **અચ્યુત ગ્રંથમાલા**, સંવત્ ૧૯૯૬).



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अन्ये स्वनवच्छिन्नचैतन्यं न वृत्त्यभिव्यक्तं सत् स्वाप्नप्रपञ्चस्याधिष्ठानम्, अशब्दमूलकानवच्छिन्नचैतन्यगोचरवृत्त्युदयासम्भवाद् अहङ्काराद्यवच्छिन्नचैतन्य एवाहमाकारवृत्त्युदयदर्शनात् । तस्मात् स्वतोऽपरोक्षमहङ्काराद्यनवच्छिन्नचैतन्यं तदधिष्ठानम् ।

अत एव संक्षेपशारीरके—

अपरोक्षरूपविषयभ्रमधीरपरोक्षमास्पदमपेक्ष्य भवेत् ।
मनसा स्वतो नयनतो यदि वा स्वपनभ्रमादिषु तथा प्रथितेः ॥
[अध्याय १.४१]

इति श्लोकेनापरोक्षाध्यासापेक्षितमधिष्ठानापरोक्ष्यं कचित् स्वतः, कचिन्मानसवृत्त्या, क्वचिद् बहिरिन्द्रियवृत्त्येत्यभिधाय,

स्वतोऽपरोक्षा चितिरत्र विभ्रमस्तथाऽपि रूपाकृतिरेव जायते ।
मनोनिमित्तं स्वपने मुहुर्मुहुर्विनाऽपि चक्षुर्विषयं स्वमास्पदम् ॥
मनोऽवगम्येऽप्यपरोक्षताबलात्तथाऽम्बरे रूपमुपोल्लिखन् भ्रमः ।
सितादिभेदैर्बहुधा समीक्ष्यते यथाऽक्षगम्ये रजतादिविभ्रमे ॥
[संक्षेप० १.४२–४३]

इत्याद्यनन्तरश्लोकेन स्वप्नाध्यासे स्वतोऽधिष्ठानापरोक्ष्यमुदाहृतम् । न चाहङ्कारानवच्छिन्नचैतन्यमात्रमावृतमिति वृत्तिमन्तरेण न तदभिव्यक्तिरिति वाच्यम्, ब्रह्मचैतन्यमेवावृतमविद्याप्रतिबिम्बजीवचैतन्यमहङ्कारानवच्छिन्नमप्यनावृतमित्युपगमात् । एवं चाहङ्कारानवच्छिन्नचैतन्येऽध्यस्यमाने स्वाप्नगजादौ तत्समनियताधिष्ठानगोचरान्तःकरणादिवृत्तिकृताभेदाभिव्यक्त्या प्रमातृचैतन्यस्यापि 'इदं पश्यामि' इति व्यवहार इत्याहुः ॥

બીજા કહે છે કે અનવચ્છિન્ન ચૈતન્ય વૃત્તિથી અભિવ્યક્ત થઈને સ્વપ્નપ્રપંચનું અધિષ્ઠાન થતું નથી, કારણ કે શબ્દથી ઇતર મૂળવાળી અનવચ્છિન્ન ચૈતન્યને વિષય કરનારી વૃત્તિનો ઉદય સંભવતો નથી માટે અહંકાર આદિથી અવચ્છિન્ન ચૈતન્યને વિષે જ 'अहम्' 'હું' આકારવાળી વૃત્તિનો ઉદય થતો જોવામાં આવે છે. તેથી સ્વતઃ (અર્થાત્ વૃત્તિ વિના) અપરોક્ષ અને અહંકાર આદિથી અનવચ્છિન્ન ચૈતન્ય તેનું (સ્વપ્નાધ્યાસનું) અધિષ્ઠાન છે.

તેથી જ સંક્ષેપશારીરક (૧.૪૧)માં—

'અપરોક્ષરૂપ જે શુક્તિરજતાદિ વિષયક ભ્રમરૂપ બુદ્ધિ છે તે અપરોક્ષ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અધિષ્ઠાનની અપેક્ષા રાખીને થાય. અને અધિષ્ઠાનની અપરોક્ષતા મનથી, સ્વતઃ અથવા ચક્ષુથી થાય છે, કારણ કે સ્વપ્નભ્રમ આદિમાં તેમ થ ય છે એમ પ્રસિદ્ધ છે.” (સંક્ષેપશારીરક ૧૪૧)

એ શ્લોકથી અપરોક્ષ અધ્યાસને માટે અપેક્ષિત એવી અધિષ્ઠાનની અપરોક્ષતા ક્યાંક સ્વતઃ, ક્યાંક માનસવૃત્તિથી અને ક્યાંક બહિરિન્દ્રિયની વૃત્તિથી થાય છે એમ કહીને

" અહીં (સ્વપ્નાધ્યાસરૂપ ભ્રમમાં) સ્વતઃ અપરોક્ષ ચૈતન્ય (જ અધિષ્ઠાન છે) તેમ છતાં ભ્રમ રૂપ-આકૃતિવાળો જ વારંવાર જન્મે છે. સ્વપ્નમાં અપરોક્ષ સ્વપ્નભ્રમ થાય છે તે ચક્ષુનો વિષય થાય એવા પોતાના અધિષ્ઠાન વિના પણ મન (મનમાં રહેલી રૂપાદિ વાસના)રૂપી નિમિત્તને લીધે થાય છે.

એ જ રીતે મનથી (અપરોક્ષ) જાણી શકાય તેવા આકાશમાં રૂપોલ્લેખી ભ્રમ ઘણું કરીને શુકલ આદિ રૂપભેદથી અપરોક્ષતાના બળે જ થતો જોવામાં આવે છે, જેમ ઇન્દ્રિયગમ્યમાં રજતાદિવિભ્રમ થાય છે.” (સંક્ષેપશારીરક ૧.૪૨–૪૩)

ઇત્યાદિ તરત પછીના શ્લોકમાં સ્વપ્નાધ્યાસમાં અધિષ્ઠાનની સ્વતઃ અપરોક્ષતા છે એમ દાખલો આપ્યો છે. અને એવી દલીલ કરી શકાય નહિ કે "અહંકારથી અનવચ્છિન્ન ચૈતન્ય માત્ર (પૂરેપૂરું ચૈતન્ય—દેહની અંદર હોય કે બહાર) આવૃત છે તેથી વૃત્તિ વિના તેની અભિવ્યક્તિ થઈ શકે નહિ.” (આ દલીલ બરાબર નથી) કારણ કે બ્રહ્મચૈતન્ય જ આવૃત છે અને અવિદ્યામાં પ્રતિબિંબરૂપ જીવ-ચૈતન્ય અહંકારથી અનવચ્છિન્ન હોવા છતાં પણ અનાવૃત છે એમ સ્વીકારવામાં આવ્યું છે. અને આમ (સ્વતઃ અપરોક્ષ જીવચૈતન્ય અધિષ્ઠાન હોય ત્યારે) અહંકારથી અનવચ્છિન્ન ચૈતન્યમાં સ્વપ્નગજ આદિનો અધ્યાસ કરવામાં આવે છે ત્યારે તેની સમનિયત તેના અધિષ્ઠાનને વિષય કરનારી જે અન્તઃકરણ આદિની વૃત્તિ થાય છે તેનાથી કરવામાં આવેલી અભેદાભિવ્યક્તિથી 'હું આ જોઉં છું' એમ પ્રમાતૃચૈતન્યનો વ્યવહાર થાય છે (—ચૈતન્યને વિષે એ પ્રમાતા છે એવો વ્યવહાર થાય છે). (–એમ આ ચિંતકો કહે છે).

**વિવરણ** : હવે અવિદ્યામાં પ્રતિબિંબભૂત અનવચ્છિન્ન ચૈતન્ય જ સ્વપ્નાધ્યાસનું અધિષ્ઠાન છે એ બીજો મત રજૂ કરે છે. બિંબભૂત અનવચ્છિન્ન ચૈતન્ય વૃત્તિથી અભિવ્યક્ત થઈને સ્વપ્નપ્રપંચનું અધિષ્ઠાન થઈ શકે નહિ, કારણ કે શુદ્ધ બ્રહ્મની જેમ ઈશ્વરચૈતન્ય પણ માત્ર શાસ્ત્રથી એકથી જ ગમ્ય છે તેથી તેને વિષે સ્વપ્નકાળમાં કોઈ વૃત્તિનો ઉદય સંભવતો નથી.

**શંકા** : અનવચ્છિન્ન હોવા છતાં પણ અવિદ્યા–પ્રતિબિંબરૂપ જીવચૈતન્યને વિષે શબ્દનિરપેક્ષ એવી 'અહમ્' આકારવાળી વૃત્તિ ઉદય પામતી જોવામાં આવે છે તો બ્રહ્મ-ચૈતન્યને વિષે પણ તે જ રીતે વૃત્તિનો ઉદય કેમ ન થાય?

**ઉત્તર** : ના. અહંકાર, શરીર આદિથી અવચ્છિન્ન ચૈતન્યને વિષે જ વૃત્તિનો ઉદય થાય છે; અહંકાર આદિથી અનવચ્છિન્ન જીવચૈતન્ય વિષે વૃત્તિનો ઉદય થતો નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીવચૈતન્યનું પણ વ્યાપકત્વ શ્રુતિ અને તેને અનુકૂલ ન્યાયથી જ ગમ્ય છે તેથી શંકાકારે આપેલા દૃષ્ટાંતની સિદ્ધિ નથી. માટે બિંબભૂત અનવચ્છિન્ન બ્રહ્મચૈતન્ય અધિષ્ઠાન થઈ શકે નહિ. તેથી પોતાની મેળે, વૃત્તિ વિના જ અભિવ્યક્ત થયેલું આન્તર ચૈતન્ય જ અધિષ્ઠાન છે.

અપરોક્ષરૂપ જે શુક્તિરજત આદિની ભ્રમરૂપ અપરોક્ષ બુદ્ધિ (જ્ઞાન) તે અપરોક્ષ અધિષ્ઠાનની અપેક્ષાથી થાય છે. અધિષ્ઠાન અપરોક્ષ હોય એટલું જ જરૂરી છે, અધ્યસ્ત રૂપાદિની જેમ જ તે જ ઇન્દ્રિયથી અપરોક્ષ હોય એ જરૂરી નથી. અધિષ્ઠાનની અપરોક્ષતા કયારેક સ્વત: હોય છે, કયારેક મનથી થાય છે અને કયારેક ચક્ષુ આદિ બાહ્ય ઇન્દ્રિયના સંનિકર્ષથી થાય છે. જેમ કે શુક્તિના 'ઇદમ્' અંશનો નયન સાથે સંનિકર્ષ થતાં તેની રજતાધ્યાસ માટે જરૂરી એવી અપરોક્ષતા સંભવે છે, અન્યથા નહિ એમ અન્વય–વ્યતિરેકથી જાણવા મળે છે તે જ રીતે ગગન–નીલતા આદિના અધ્યાસને માટે જરૂરી ગગનથી અવચ્છિન્ન ચૈતન્યરૂપ અધિષ્ઠાનની અપરોક્ષતા મનથી થાય છે. (વ્યાખ્યાકાર કૃષ્ણાનંદતીર્થ કહે છે કે 'મનથી' એ પદથી ગગનથી અવચ્છિન્ન ચૈતન્યને વ્યક્ત કરનાર આલોક આદિ વિષયક ચાક્ષુષ વૃત્તિ વિવક્ષિત છે. રૂપહીન ગગનવિષયક ચાક્ષુષ વૃત્તિ સંભવતી નથી અને આંખ ખોલ્યા પછી જ 'નીલ ગગન' ઇત્યાદિ પ્રત્યક્ષ જ્ઞાન થાય છે, નહિ તો થતું નથી. એ અન્વય–વ્યતિરેકથી જ્ઞાત થાય છે કે ગગનાવચ્છિન્ન ચૈતન્યની અભિવ્યક્તિમાં ચાક્ષુષવૃત્તિનો ઉપયોગ છે. આમ ફળને આધારે અન્ય આકારવાળી વૃત્તિથી પણ અન્ય વસ્તુથી અવચ્છિન્ન ચૈતન્યની અભિવ્યક્તિ માનવામાં આવી છે. તેની ચર્ચા **અદ્વૈતદીપિકા** આદિ ગ્રંથોમાં છે.) પ્રસ્તુત સ્વપ્નાધ્યાસરૂપ ભ્રમમાં સ્વત: અપરોક્ષ ચૈતન્ય અધિષ્ઠાન છે. આ વાતને **સંક્ષેપશારીરકકાર સર્વજ્ઞાત્મમુનિનું** સમર્થન છે. **અદ્વૈતદીપિકા** વગેરે ગ્રંથોમાં આની વિસ્તારથી ચર્ચા કરી છે. અવિદ્યામાં પ્રતિબિંબરૂપ જીવચૈતન્ય અહંકારથી અનવચ્છિન્ન હોવા છતાં અનાવૃત જ હોય છે તેથી તેની અભિવ્યક્તિ સ્વત: થાય છે.

**શંકા** : જો સર્વગત જીવચૈતન્ય અનાવૃત હોય તો ઘટાદિ વિષયના દેશમાં તે સદા હોવું જોઈએ તેથી ચાક્ષુષ વૃત્તિની અપેક્ષા વિના સદા સર્વ વિષયનો અવભાસ થવો જોઈએ, પણ થતો નથી.

**ઉત્તર** : ના. સર્વત્ર હોવા છતાં તે ઉપાદાન ન હોવાથી ઘટ આદિ વિષયો સાથે તેને સંબંધ નથી. માટે જ સંબંધાર્થે વૃત્તિની અપેક્ષા હોવાથી જ્ઞાનોના નિયત વિષયો હોય છે.

**શંકા** : જો અવિદ્યાપ્રતિબિંબરૂપ જીવચૈતન્ય જે શરીરની અન્તર્ગત છે અને જેને વિશેષણ તરીકે કે ઉપાધિ તરીકે અહંકારની અપેક્ષા નથી અને જેને અનવચ્છિન્ન ચૈતન્ય કહેવામાં આવે છે તેમાં સ્વપ્નાધ્યાસ માનવામાં આવે તો તે જ સ્વપ્નકાળમાં દ્રષ્ટા હોવું જોઈએ, પ્રમાતા નહિ કારણ કે પ્રમાતાનું અહંકાર સાથે તાદાત્મ્ય હોય છે તેથી તેનાથી અવચ્છિન્ન તે અનવચ્છિન્ન એવા અવિદ્યાપ્રતિબિંબ જીવચૈતન્યથી ભિન્ન છે. અને આ ઇષ્ટાપત્તિ નથી, કારણ કે સ્વપ્નકાળમાં 'હું શ્રીકૃષ્ણને જોઉં છું' એમ પ્રમાતા સ્વપ્નના પદાર્થોનો દ્રષ્ટા છે એવો અનુભવ છે તેનો વિરોધ આવી પડે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉત્તર : ના, સ્વતઃ અપરોક્ષ જીવચૈતન્ય સ્વપ્નાધ્યાસનું અધિષ્ઠાન હોય તો પણ મુશ્કેલી નથી. જ્યારે ગજ આદિનો અધ્યાસ થાય છે ત્યારે જ તેના અધિષ્ઠાનને વિષય કરનારી અન્તઃકરણવૃત્તિ કે અવિદ્યાવૃત્તિ ઉત્પન્ન થાય છે. આમ સ્વપ્નગજાદિના અધિષ્ઠાનભૂત ચૈતન્યનો વૃત્તિવાળા અન્તઃકરણ સાથે સંબંધ થતાં તેને પ્રમાતૃત્વ પ્રાપ્ત થાય છે અને પ્રમાતામાં તે સ્વપ્ન પદાર્થનું દ્રષ્ટૃત્વ સંભવે છે, કારણ કે ઉક્ત પ્રકારે પ્રમાતૃચૈતન્ય અને વિષય-ચૈતન્યના અભેદની અભિવ્યક્તિ થાય છે.

**अपरे तु द्वितीयं पक्षं समर्थयन्ते—अहङ्कारावच्छिन्नचैतन्यमधिष्ठानमित्यहङ्कारस्य विशेषणभावेनाधिष्ठानकोटिप्रवेशो नोपेयते, किं त्वहङ्कारोपहितं तत्प्रतिबिम्बरूपचैतन्यमात्रमधिष्ठानमिति । अतो न 'अहं गजः' इत्याद्यनुभवप्रसङ्ग इति ।**

જ્યારે અન્ય ચિંતકો બીજા પક્ષનું સમર્થન કરે છે–અહંકારથી અવચ્છિન્ન ચૈતન્ય અધિષ્ઠાન છે માટે અહંકારના વિશેષણ તરીકે અધિષ્ઠાન કોટિમાં પ્રવેશ સ્વીકારવામાં નથી આવતો પણ અહંકારથી ઉપહિત (—અહંકાર જેની ઉપાધિ છે તેવું—) તેમાં (અહંકારમાં) પ્રતિબિંબરૂપ ચૈતન્ય માત્ર અધિષ્ઠાન છે એમ સ્વીકારવામાં આવે છે તેથી 'હું હાથી છું' ઇત્યાદિ અનુભવનો પ્રસંગ નથી (—આવો અનુભવ થવો જોઈએ એમ આક્ષેપ થઈ શકે નહિ.)

વિવરણ : અહંકારથી અવચ્છિન્ન ચૈતન્ય સ્વપ્નાધ્યાસનું અધિષ્ઠાન છે એ પક્ષનું સમર્થન કરનારા અહંકારનો વિશેષણ તરીકે અધિષ્ઠાન કોટિમાં પ્રવેશ માનતા નથી.

શંકા : 'આ ગજ છે' એ જ્ઞાનને બદલે 'હું હાથી છું' ઇત્યાદિ જ્ઞાન પ્રસક્ત ન થાય એટલા માટે અહંકાર અંશનો સમાવેશ અધિષ્ઠાનમાં ન કરવામાં આવતો હોય તો અનવચ્છિન્ન ચૈતન્ય અધિષ્ઠાન છે એ જ વાત આવી ગઈ અને આગલા પક્ષથી તેનો અભેદ થઈ જશે.

ઉત્તર : અન્તઃકરણમાં ચૈતન્યપ્રતિબિંબભૂત જે જીવચૈતન્ય છે તેને જ અધિષ્ઠાન માનવામાં આવે છે. અને તે પરિચ્છિન્ન છે કારણ કે તેની ઉપાધિ પરિચ્છિન્ન છે. આમ 'અહમ્' ઉલ્લેખનું પ્રયોજક જે અહંકારરૂપ અન્તઃકરણ તેનો અધિષ્ઠાન કોટિમાં પ્રવેશ ન હોવાથી 'હું હાથી છું' એવા અનુભવની કોઈ શક્યતા નથી.

વ્યાખ્યાકાર કૃષ્ણાનંદતીર્થ વિવેચન કરતાં કહે છે કે અવિદ્યામાં બિંબભૂત બ્રહ્મચૈતન્ય અથવા તેમાં પ્રતિબિંબભૂત જીવચૈતન્ય સ્વપ્નપ્રપંચાધ્યાસનું અધિષ્ઠાન છે એ મતમાં આ બન્ને સર્વ પ્રમાતાને સાધારણ હોવાથી સ્વપ્નપ્રપંચ પણ સાધારણ હોવું જોઈએ. જ્યારે અન્તઃકરણમાં પ્રતિબિંબભૂત ચૈતન્ય જો તેનું અધિષ્ઠાન હોય તો આ દોષ રહેતો નથી એ આશયથી આ બીજો પક્ષ પ્રવૃત્ત થયો છે એમ સમજવું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**एवं शुक्तिरजतमपि शुक्तीदमंशावच्छिन्नचैतन्यप्रतिबिम्बे वृत्तिमदन्तःकरणगतेऽध्यस्यते । शुक्तीदमंशावच्छिन्नबिम्बचैतन्ये सर्वसाधारणे तस्याध्यासे सुखादिवदनन्यवेद्यत्वाभावप्रसङ्गादिति केचित् ॥**

એ જ રીતે શુક્તિરજત પણ શુક્તિના 'ઇદમ્' અંશથી અવચ્છિન્ન ચૈતન્યનું વૃત્તિવાળા અન્તઃકરણમાં પ્રતિબિંબ છે તેમાં અધ્યસ્ત છે. આમ માનવાનું કારણ એ છે કે શુક્તિના 'ઇદમ્' અંશથી અવચ્છિન્ન બિંબરૂપ ચૈતન્ય, જે સર્વસાધારણ છે, તેમાં તેનો અધ્યાસ હોય તો સુખાદિની જેમ તેનું અનન્યવેદ્યત્વ (—ભ્રમ જેને થાય છે તે સિવાય કોઈથી જ્ઞાત ન થવું તે—) છે તેના અભાવ પ્રસક્ત થાય એમ કેટલાક કહે છે.

[વિવરણ : કેટલાક સ્વપ્નાધ્યાસની જેમ શુક્તિરજતનો અધ્યાસ શુક્તિના 'ઇદમ્' અંશથી અવચ્છિન્ન ચૈતન્યનું પ્રતિબિંબ વૃત્તિયુક્ત અંતઃકરણમાં પડ્યું હોય છે તેમાં માને છે. શુક્તિના 'ઇદમ્' અંશની સાથે સંસૃષ્ટ વૃત્તિમાં શુક્તિના 'ઇદમ્' અંશથી અવચ્છિન્ન બ્રહ્મચૈતન્યનું જે પ્રતિબિંબ હોય છે તેમાં શુક્તિરજતનો આરોપ થાય છે. ખરેખર તો એ પ્રતિબિંબ વૃત્તિમાં જ રહેલું છે. વૃત્તિ અને વૃત્તિમાનનો અભેદોપચાર કરીને (તેમને એક માનીને) પ્રતિબિંબ અન્તઃકરણમાં છે એમ કહ્યું છે એ ધ્યાનમાં રાખવું એમ કૃષ્ણાનંદતીર્થ કહે છે. વૃત્તિમાં રહેલા બ્રહ્મપ્રતિબિંબને શુક્તિરજતનું અધિષ્ઠાન ન માનવામાં આવે તો એ ભ્રમ સર્વસાધારણ હોવો જોઈએ એ પ્રસંગાપત્તિ જેવી ને તેવી ઊભી રહે દેવદત્તનાં સુખ દુઃખ, રાગ, દ્વેષ આદિ દેવદત્ત સિવાય કોઈને અપરોક્ષ નથી હોતાં અર્થાત્ તે અનન્યવેદ્ય છે. તે જ રીતે શુક્તિરજતાદિ પણ અનન્યવેદ્ય છે તેથી અન્તઃકરણવૃત્તિમાં પડેલા શુક્તિના 'ઇદમ્' અંશથી અવચ્છિન્ન ચૈતન્યના પ્રતિબિંબને જ અધિષ્ઠાન માની શકાય, અન્યથા તેમનું પ્રત્યક્ષ જ્ઞાન સૌને થવું જોઈએ.

**केचित्तु बिम्बचैतन्य एव तदध्यासमुपेत्य 'यदीयाज्ञानोपादानकं यत्, तत्तस्यैव प्रत्यक्षम्, न जीवान्तरस्य' इत्यनन्यवेद्यत्वमुपपादयन्ति ॥५॥**

જ્યારે કેટલાક બિંબચૈતન્યમાં જ તેનો (શુક્તિરજતનો) અધ્યાસ માનીને 'જેનું અજ્ઞાન જેનું ઉપાદાન હોય તેને જ તે પ્રત્યક્ષ થાય છે, અન્ય જીવને નહીં' એમ અનન્યવેદ્યત્વનું ઉપપાદન કરે છે (—તેનો સંભવ બતાવે છે). (૫)

વિવરણ : અધિષ્ઠાનભૂત ચૈતન્ય સાધારણ હોવા છતાં શુક્તિરજતાદિનું ઉપાદાનભૂત અજ્ઞાન અસાધારણ હોવાથી શુક્તિરજતાદિ સર્વસાધારણ નથી એમ કેટલાક સમજાવે છે. વૃત્તિગત પ્રતિબિંબની પ્રતિ જે બિંબભૂત ચૈતન્ય છે તેમાં જ શુક્તિરજતનો અધ્યાસ છે એવો અર્થ છે. અથવા અવિદ્યાપ્રતિબિંબ પ્રતિ બિંબભૂત બ્રહ્મચૈતન્ય જે શુક્તિના 'ઇદમ્' અંશથી અવચ્છિન્ન છે તેમાં અધ્યાસ છે. અસાધારણ એવા વૃત્તિમાં પડેલા ચૈતન્યના પ્રતિબિંબમાં અધ્યાસ નથી. (એમ एव 'જ' નો અર્થ છે). જે પુરુષનું અજ્ઞાન જે રજતનું ઉપાદાન હોય એ પુરુષને જ એ રજત પ્રત્યક્ષ હોય છે. અન્યને નહિ એ કલ્પનાની ઉપપત્તિ છે (એવી કલ્પના વજૂદવાળી છે) તેથી શુક્તિરજતાદિની સર્વસાધારણતાનો પ્રસંગ નથી એવો અર્થ છે. (૫)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(६) ननु शुक्तिरजताध्यासे चाक्षुषत्वानुभवः साक्षाद्वाऽधिष्ठानज्ञानद्वारा तदपेक्षणाद्वा समर्थ्यते । स्वाप्नगजादिचाक्षुषत्वानुभवः कथं समर्थनीयः ।

उच्यते—न तावत् तत्समर्थनाय स्वाप्नदेहवद्विषयवच्च इन्द्रियाणामपि प्रातिभासिको विवर्तः शक्यते वक्तुम् । प्रातिभासिकस्याज्ञातसत्त्वाभावात् । इन्द्रियाणां चातीन्द्रियाणां सत्त्वेऽज्ञातसत्त्वस्य वाच्यत्वात् । नापि व्यावहारिकाणामेवेन्द्रियाणां स्वस्वगोलकेभ्यो निष्क्रम्य स्वाप्नदेहमाश्रित्य स्वस्वविषयग्राहकत्वं वक्तुं शक्यते । स्वप्नसमये तेषां व्यापारराहित्य-रूपोपरतिश्रवणात् । व्यावहारिकस्य स्पर्शनेन्द्रियस्य स्वोचितव्यावहारिक-देशसम्पत्तिविधुरान्तःशरीरे स्वाधिकपरिमाणकृत्स्नस्वाप्नशरीरव्यापित्वा-योगाच्च । तदेकदेशाश्रयत्वे च तस्य स्वाप्नजलावगाहनजन्यसर्वाङ्गीणशीत-स्पर्शानिर्वाहात् ।

अत एव 'स्वप्ने जाग्रदिन्द्रियाणामुपरतावपि तैजसव्यवहारोपयुक्तानि सूक्ष्मशरीरावयवभूतानि सूक्ष्मेन्द्रियाणि सन्ति इति तैस्स्वाप्नपदार्था-नामैन्द्रियकत्वम्' इत्युपपादनशङ्कापि निरस्ता । जाग्रदिन्द्रियव्यतिरिक्त-सूक्ष्मेन्द्रियाप्रसिद्धेः ।

(૬) શંકા થાય કે શુક્તિરજતાધ્યાસમાં ચાક્ષુષત્વનો અનુભવ થાય છે તેનું સમર્થન સાક્ષાત્ અથવા અધિષ્ઠાનના જ્ઞાન દ્વારા તેની (ચક્ષુની) અપેક્ષા હોવાથી કરવામાં આવે છે; (પણ) સ્વપ્નગજાદિના ચાક્ષુષત્વનો અનુભવ થાય છે તેનું સમર્થન કેવી રીતે કરી શકાશે ?

એના ઉત્તરમાં કહેવામાં આવે છે—તેના સમર્થન માટે સ્વાપ્ન દેહ અને (સ્વાપ્ન) વિષયોની જેમ ઇન્દ્રિયો પણ પ્રાતિભાસિક વિવર્ત છે એમ તો કહેવું શકય નથી, કારણ કે જે પ્રાતિભાસિક હોય તેની સત્તા અજ્ઞાત નથી હોતી અને અતીન્દ્રિય ઇન્દ્રિય જો હોય તો તે અજ્ઞાત સત્તવાળી છે એમ કહેવું પડશે (—કારણ કે કલ્પના દૃષ્ટાનુસારી હોવી જોઈએ અને આપણે નિયમથી ઇન્દ્રિયોનું અજ્ઞાત સત્ત્વ અનુભવીએ છીએ) એમ પણ કહેવું શકય નથી કે વ્યાવહારિક જ ઇન્દ્રિયો પોતપોતાના ગોલકોમાંથી નીકળીને, સ્વાપ્ન દેહનો આશ્રય લઈને પોતપોતાના વિષયોનું ગ્રહણ કરે છે, કારણ કે સ્વપ્નકાળમાં તેઓની (વ્યાવહારિક ઇન્દ્રિયોની) વ્યાપારહીનતારૂપ ઉપરતિ હોય છે એમ શ્રુતિમાં કહ્યું છે. અને (બીજું કારણ એ છે કે) વ્યાવહારિક સ્પર્શનેન્દ્રિય (ત્વચા) પોતાને ઉચિત જે વ્યાવહારિક દેશ તેની સંપત્તિથી રહિત અન્તઃશરીરમાં (શરીરની અંદર) પોતાનાથી અધિક પરિમાણવાળા સ્વપ્ન-શરીરને વ્યાપે એ ઉપપન્ન નથી (—વ્યાપી શકે નહિ). જો તેનો (સ્વાપ્ન-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દેહનો) એકદેશ તેનો (વ્યાવહારિક ત્વગિન્દ્રિયનો) આશ્રય હોય તો સ્વાપ્નજળમાં અવગાહન કરવાથી (ડૂબકી મારવાથી) ઉત્પન્ન થતા સર્વાંગીણ શીત સ્પર્શ (—સર્વ અંગોમાં શીતળતાનો અનુભવ)નો નિર્વાહ ન થાય (—એ કેવી રીતે થાય છે તેનો સંભવ બતાવી શકાય નહિ).

આનાથી જ "સ્વપ્નમાં જાગ્રત્-ઇન્દ્રિયોની ઉપરતિ થઈ ગઈ હોવા છતાં તૈજસ (સ્વપ્નાવસ્થાના જીવ)ના વ્યવહારમાં ઉપયુક્ત (કામમાં આવતી) એવી સૂક્ષ્મ શરીરના અવયવભૂત (ભાગરૂપ) સૂક્ષ્મ ઇન્દ્રિયો છે તેમનાથી સ્વપ્નપદાર્થોનું ઐન્દ્રિયક જ્ઞાન થાય છે" એમ જે ઉપપાદન-શંકા છે તેનો પણ નિરાસ થઈ જાય છે, કેમ કે જાગ્રત્-ઇન્દ્રિયોથી વ્યતિરિક્ત (અલગ) સૂક્ષ્મ ઇન્દ્રિયો જાણીતી નથી (—તેમની જાણ નથી)

**વિવરણ** : સ્વપ્નપ્રપંચાધ્યાસના અધિષ્ઠાનનું નિરૂપણ કરીને સ્વાપ્નપદાર્થોનો અનુભવ ઇન્દ્રિયજન્ય છે કે સાક્ષિરૂપ છે એ સંશયના નિર્ણયને માટે પ્રશ્ન રજૂ કર્યો છે. શુક્તિરજત-અધ્યાસમાં ચાક્ષુષત્વનો અનુભવ થાય છે તેનું સમર્થન તેને સાક્ષાત્ માનીને (—શુક્તિરજત આદિ ઇન્દ્રિયગ્રાહ્ય છે એ કથન **કવિતાર્કિકના** મતને અનુસરીને છે એમ જાણવું એમ **કૃષ્ણાનંદતીર્થ** કહે છે—) અથવા અધિષ્ઠાનજ્ઞાન દ્વારા ચક્ષુની જરૂરિયાત બતાવીને (—શુક્તિ-રજત આદિ સાક્ષિભાસ્ય છે એ મત અનુસાર આ કહ્યું છે કે ધર્મીના જ્ઞાનદ્વારા ચક્ષુની અપેક્ષા છે—) કરી શકાય. પણ સ્વાપ્નગજાદિના ચાક્ષુષત્વનો અનુભવ થાય છે તે વાસનામય ઇન્દ્રિયોથી થાય છે કે વ્યાવહારિક ઇન્દ્રિયોથી, કે સૂક્ષ્મ ઇન્દ્રિયથી કે આરોપરૂપ માનીને—આમ કઈ રીતથી તેનું સમર્થન થઈ શકે? એ પ્રશ્ન છે. આરોપિત તરીકે તેનુ સમર્થન કરવાનું છે તેથી પહેલા ત્રણ પ્રકારનુ નિરાકરણ કરે છે. વાસનામય અર્થાત્ પ્રાતિભાસિક ઇન્દ્રિયોથી સ્વાપ્નપ્રપંચના ચાક્ષુષત્વનું સમર્થન થઈ શકે નહિ. સ્વાપ્ન દેહ અને સ્વાપ્ન વિષયોને જેમ પ્રાતિભાસિક અર્થાત્ ચૈતન્યના વિવર્તરૂપ માનવામાં આવે છે તેમ ઇન્દ્રિયોનું સ્વરૂપ પ્રાતિભાસિક ચૈતન્યવિવર્તરૂપ છે એમ કહી શકાય નહિ. પ્રાતિભાસિક પદાર્થો અજ્ઞાત સત્તા ધરાવનારા હોતા નથી, અર્થાત્ તેમનું જ્ઞાન થતું ન હોય ત્યારે પણ તેમનું અસ્તિત્વ તો હોય જ એવા હોતા નથી, દા.ત શુક્તિરજત; જ્યારે ઇન્દ્રિયો વિષે તો આપણે જાણીએ છીએ કે એ અતીન્દ્રિય છે અને એવી જ કલ્પના સ્વાપ્ન ઇન્દ્રિયો વિષે પણ કરવી જોઈએ કારણકે એ કલ્પના દૃષ્ટને જ અનુસરે છે. તેથી પ્રાતિભાસિક ઇન્દ્રિયો માનીને સ્વપ્નપ્રપંચનું ચાક્ષુષત્વ સમજાવી શકાય નહિ.

બીજા પ્રકારનું નિરાકરણ કરતાં કહ્યું છે કે વ્યાવહારિક સત્તાવાળી જ ઇન્દ્રિયો પોતપોતાના ગોલકમાંથી નીકળીને પ્રાતિભાસિક સ્વાપ્નદેહમાં દાખલ થઈને પોતપોતાના વિષયનું ગ્રહણ કરે છે એમ પણ કહી શકાય નહિ કારણ કે શ્રુતિવચન છે કે માણસ સૂતો હોય ત્યારે ઇન્દ્રિયો સુપ્ત હોય છે, અને ઇન્દ્રિયોનું સૂવું તેને અહીં ઉપરતિ કહી છે. ઉપરતિ એટલે સ્વરૂપ મટી જવું એમ નહિ પણ ઇન્દ્રિયોની વૃત્તિ બંધ થઈ જાય છે, ઇન્દ્રિયો વ્યાપારરહિત થઈ જાય છે તે. આમ સ્વપ્ન સમયે વ્યાવહારિક ઇન્દ્રિયો વ્યાપારરહિત હોવાથી પોતપોતાના વિષયોનું ગ્રહણ કરી શકે નહિ. [ **કૃષ્ણાનંદતીર્થ** કહે છે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કે 'य एषु सुप्तेषु जागर्ति (કઠ. ૫ ૮) શ્રુતિ છે તેમાં एषु શબ્દ કરણ અર્થાત્ ઇન્દ્રિયો માટે છે અને સુષુપ્ત અવસ્થામાં તેમના વ્યાપારની ઉપરતિની વાત કરી છે.] વળી વ્યાવહારિક ત્વગિન્દ્રિયની જ વાત કરીએ તો એક બીજો દોષ પણ છે. સ્પર્શનેન્દ્રિય પોતાને ઉચિત વ્યાવહારિક દેશની સંપત્તિ વિનાનો એવો જે શરીરનો અંદરનો પ્રદેશ તેમાં રહેલા અને કદાચિત્ ત્વગિન્દ્રિયના પરિમાણ કરતાં અધિક પરિમાણવાળા સ્વાપ્નદેહને તે પૂરેપૂરો વ્યાપી શકે નહિ. (અહીં એવું સૂચવ્યું છે ત્વગિન્દ્રિય સ્વપ્નદેહમાં પ્રવેશ કરવા માટે અન્તઃશરીરમાં જઈ જ ન શકે કારણ કે ત્યાં તેના વ્યાપાર માટે ઉચિત દેશકાળ નથી). તે સ્વપ્નદેહને પૂરેપૂરો ન વ્યાપી શકે તો તેના એક ભાગને વ્યાપશે એમ પણ કહી શકાય નહિ કારણ કે સ્વપ્ન-જળમાં ડુબકી મારનાર માણસને સર્વ અંગોમાં ત્વગિન્દ્રિયથી શીતળ સ્પર્શનો અનુભવ થાય છે તેથી તે દેહને પૂરેપૂરો વ્યાપે એ આવશ્યક છે.

સૂક્ષ્મ શરીરના એક ભાગરૂપ સૂક્ષ્મ ત્વગિન્દ્રિય છે અને વ્યાવહારિક ઇન્દ્રિયો સ્વપ્નકાળમાં કામ કરતી અટકી જાય ત્યારે સૂક્ષ્મ ઇન્દ્રિયોથી તૈજસ—સ્વપ્નાવસ્થાનો જીવ—સ્વાપ્ન પદાર્થોનું ગ્રહણ કરશે એમ દલીલ કરવામાં આવે છે તેનું ખંડન પણ ઉપર્યુક્ત દલીલથી જ થઈ ગયું. વ્યાવહારિક ત્વગિન્દ્રિય જ જો પોતાનાથી અધિક પરિમાણવાળા સ્વાપ્નદેહને વ્યાપી શકતી ન હોય તો તેના એક અવયવભૂત સૂક્ષ્મ ત્વગિન્દ્રિય તેને વ્યાપે તેવું બિલકુલ જ મનાય નહિ. વળી 'સૂક્ષ્મ શરીર' શબ્દથી વ્યાવહારિક અગિયાર ઇન્દ્રિયો અભિપ્રેત છે તેમનાથી જુદી કોઈ સૂક્ષ્મ ઇન્દ્રિયો છે એ વાતની પ્રસિદ્ધિ નથી, અર્થાત્ છે જ નહિ. આમ ત્રીજો પ્રકાર કે સૂક્ષ્મ ઇન્દ્રિયથી સ્વપ્નપ્રપંચના ચાક્ષુષત્વનો નિર્વાહ થઈ શકશે તેનું પણ ખંડન થઈ ગયું.

**किञ्च 'अत्रायं पुरुषः स्वयंज्योतिः' [बृहद्. उप. ४.३.९; ४.३.१४] इति जागरे आदित्यादिज्योतिर्व्यतिकराच्चक्षुरादिवृत्तिसञ्चाराच्च दुर्विवेकमात्मनः स्वयंज्योतिष्ट्वमिति स्वप्नावस्थामधिकृत्य तत्रात्मनः स्वयंज्योतिष्ट्वं प्रतिपादयति । अन्यथा तस्य सर्वदा स्वयंज्योतिष्ट्वेनात्रेति वैयर्थ्यात् । तत्र यदि स्वप्नेऽपि चक्षुरादिवृत्तिसञ्चारः कल्प्येत, तदा तत्रापि जागर इव तस्य स्वयंज्योतिष्ट्वं दुर्विवेचं स्यादित्युदाहृता श्रुतिः पीड्येत ।**

વળી 'અહીં (સ્વપ્નાવસ્થામાં) આ પુરુષ સ્વયંજ્યોતિ (સ્વપ્રકાશ છે)' (બૃહદ્. ૪.૩.૯. ૧૪) એ શ્રુતિ જાગ્રત્કાળમાં સૂર્યાદિના પ્રકાશનો સંપર્ક (સંસર્ગ) હોવાથી અને ચક્ષુ આદિની વૃત્તિઓનો સંચાર હોવાથી આત્માના સ્વપ્રકાશત્વનો વિવેક કરવો મુશ્કેલ છે (—તેમના પ્રકાશથી આત્માના પ્રકાશનો અનુભવ જુદો થઈ શકતો નથી) તેથી સ્વપ્નાવસ્થાનો અધિકાર કરીને (તેની વાત ચાલતી હોય ત્યારે) ત્યાં આત્માના સ્વપ્રકાશત્વનું પ્રતિપાદન કરે છે. અન્યથા (આવું ન માનીએ તો) તે (આત્મા) સર્વદા સ્વપ્રકાશ હોઈને 'અત્ર' ('અહીં') એમ કહ્યું છે તે વ્યર્થ

બને જો ત્યાં સ્વપ્નમાં પણ ચક્ષુ આદિની વૃત્તિઓનો સંચાર કલ્પવામાં આવે તો ત્યાં પણ જાગ્રત્કાળમાં થાય છે તેમ તેના સ્વપ્રકાશત્વનો વિવેક કરવો મુશ્કેલ બને તેથી ટાંકેલી શ્રુતિ પીડિત થાય.

**વિવરણ** : શંકા થાય કે સ્વપ્નકાળમાં પદાર્થો ચાક્ષુષ છે ઇત્યાદિ પ્રસિદ્ધ ન હોવા છતાં અનુભવાનુસાર તેવી કલ્પના કરવામાં આવે છે. આ શંકાનો ઉત્તર આપતાં કહ્યું છે કે આમ હોય તો શ્રુતિનો વિરોધ થાય. જાગ્રત્કાળમાં ઊઠવું, બેસવું વગેરે વ્યવહારનાં દેહ અને ઇન્દ્રિયો રૂપી સાધનો હોય છે અને સૂર્ય આદિનો પ્રકાશ જેની મદદથી વ્યવહાર ચાલે છે તે પદાર્થોની સાથે સંકીર્ણ રહે છે. અને એ પ્રમાણેના વ્યવહારનાં સાધન તરીકે જ ચક્ષુ આદિથી ઉત્પન્ન થયેલી વૃત્તિઓ વિષય જ્યાં હોય ત્યાં જાય છે. આ બધાંની વચ્ચે તેમના સંપર્ક કે સંસર્ગને લઈને આત્માના સ્વયંપ્રકાશત્વને આ પ્રકાશોથી જૂદું પાડવું મુશ્કેલ બને છે. આત્માનું સ્વપ્રકાશત્વ એટલે અન્યથી પ્રકાશિત ન થવું અને પોતાના સિવાય જે અન્ય છે તે સર્વને અવભાસિત કરવાની યોગ્યતાવાળા હોવું. આ સ્વપ્રકાશત્વનું ગ્રહણ જાગ્રત્કાળમાં અશક્ય છે. જાગ્રત્કાળમાં સૂર્ય આદિનો પ્રકાશ અને ચક્ષુ આદિથી જન્ય વૃત્તિજ્ઞાનો પદાર્થોને પ્રકાશિત કરનારાં છે એવી પ્રસિદ્ધિ છે તેથી બધું આત્માથી જ પ્રકાશિત થાય છે એમ કહેવું શક્ય નથી, અને આત્મા પોતે પણ 'અહમ્' ('હું') એ જ્ઞાનથી પ્રકાશિત થતો હોવાથી એ અન્યથી પ્રકાશિત થતો નથી એમ કહેવું પણ શક્ય નથી—આવી શંકાનો પરિહાર જાગ્રત્કાળમાં થઈ શકતો નથી કારણ કે તે કાળમાં આત્માના સ્વયંપ્રકાશત્વનો નિર્ણય થઈ શકતો નથી. જ્યારે સ્વપ્નાવસ્થામાં સૂર્યાદિના પ્રકાશનો અને ચક્ષુ આદિથી જન્ય વૃત્તિજ્ઞાનોનો અભાવ હોવાથી 'આત્મચૈતન્ય માત્રથ સ્વપ્ન-જગત્ અવભાસિત થાય છે' એ નિર્ણય સંભવે છે. 'અહમ્' એ વૃત્તિરૂપ જ્ઞાન આત્માનું પ્રકાશક નથી એમ કહેવામાં આવશે. આમ અન્યથી અવભાસિત ન હોતાં સકલ જગતનું અવભાસક થવાને યોગ્ય હોવું એ લક્ષણવાળું આત્માનું સ્વયંપ્રકાશત્વ સ્વપ્નાવસ્થાનું સાક્ષી છે એવો નિર્ણય શક્ય છે.

**શંકા** : 'अत्रायं पुरुषः स्वयंज्योतिः' એ શ્રુતિનું તાત્પર્ય તેના અભિહિત અર્થ પ્રમાણે જ માનવું જોઈએ તેથી શ્રુતિ એમ જ કહે છે કે સ્વપ્નદશામાં આત્મા સ્વયંપ્રકાશ છે.

**ઉત્તર** : આત્મા સર્વદા સ્વયંપ્રકાશ છે એવો નિશ્ચય 'तमेव भान्तमनुभाति सर्वम्' (કઠ. ૫ ૧૫, મુણ્ડક ૨ ૧૧) જેવી શ્રુતિઓની પર્યાલોચનાથી થાય છે. 'अत्रायं पुरुषः स्वयंज्योतिः' એ શ્રુતિનું તાત્પર્ય યથાશ્રુત અર્થમાં નથી, પણ તેનો તાત્પર્યાર્થ એ છે કે અહીં સ્વપ્નાવસ્થામાં આત્માનું સ્વપ્રકાશત્વ સુવિવેક છે જ્યારે જાગ્રત્કાળમાં એ દુર્વિવેક છે (—તેને જુદું તારવીને અનુભવી શકાતું નથી). આવો અર્થ કરીએ તો જ 'अत्र' શબ્દની સાર્થકતા જળવાઈ રહે. તેનું સ્વયંજ્યોતિષ્ટ્વ સ્વપ્નાવસ્થાના સાક્ષી તરીકે સુગમ છે એમ શ્રુતિતાત્પર્ય સિદ્ધ થતાં જો એમ માનીએ કે સ્વપ્નાવસ્થામાં પણ જાગ્રત્કાળની જેમ ચક્ષુ આદિ ઇન્દ્રિયોની વૃત્તિનો સંચાર છે તો આ શ્રુતિનો વિરોધ થાય. આમ સ્વપ્ન-જગત્ આત્મા માત્રથી ભાસિત થાય છે એમ ઠર્યું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ननु स्वप्ने चक्षुराद्युपरमकल्पनेऽपि अन्तःकरणमनुपरतमस्ति इति परिशेषासिद्धेर्न स्वयंज्योतिष्ट्वविवेकः। मैवम्, 'कर्ता शास्त्रार्थवत्त्वाद्' इत्यधिकरणे (ब्र. सू. अ. २, पा. ३, सू. ३३) न्यायनिर्णयोक्तरीत्याऽन्तःकरणस्य चक्षुरादिकरणान्तरनिरपेक्षस्य ज्ञानसाधनत्वाभावाद्वा, तत्त्वप्रदीपिकोक्तरीत्या स्वप्ने तस्यैव गजाद्याकारेण परिणामेन ज्ञानकर्मतयाऽवस्थितत्वेन तदानीं ज्ञानसाधनत्वायोगाद्वा परिशेषोपपत्तेः।

न च स्वप्नेऽन्तःकरणवृत्त्यभावे उत्थितस्य स्वप्नदृष्टगजाद्यनुसन्धानानुपपत्तिः। सुषुप्तिक्लृप्तया अविद्यावृत्त्या तदुपपत्तेः। सुषुप्तौ तदवस्थोपहितमेव स्वरूपचैतन्यमज्ञानसुखादिप्रकाशः। उत्थितस्यानुसन्धानमुपाधिभूतावस्थाविनाशजन्यसंस्कारेणेति वेदान्तकौमुद्यभिमते सुषुप्तावविद्यावृत्त्यभावपक्षे इहापि स्वाप्नगजादिभासकचैतन्योपाधिभूतस्वप्नावस्थाविनाशजन्यसंस्कारादनुसन्धानोपपत्तेश्च।

શંકા થાય કે સ્વપ્નમાં ચક્ષુ આદિની ઉપરતિ (—તે કામ કરતાં અટકી જાય છે એમ) કલ્પવામાં આવે તો પણ અન્તઃકરણ અનુપરત (કામ કરતું) રહે છે તેથી પરિશેષની સિદ્ધિ નથી માટે સ્વપ્રકાશકત્વનો વિવેક થતો નથી. આનો ઉત્તર છે કે આમ નથી. 'આત્મા કર્તા છે, કારણ કે (આમ માનો તો જ) શાસ્ત્ર અર્થયુક્ત બને છે' (બ્ર. સૂ. ૨.૩.૩૩) એ અધિકરણમાં ન્યાયનિર્ણયમાં કહેલી રીતથી અન્તઃકરણ ચક્ષુ આદિ બીજાં કરણ (ઇન્દ્રિય) ની અપેક્ષા વિના જ્ઞાનનું સાધન થઈ શકતું નથી તેથી, અથવા તત્ત્વપ્રદીપિકામાં કહેલી રીતથી સ્વપ્નમાં તેનો જ (અન્તઃકરણનો જ) ગજ આદિ આકારથી પરિણામ થાય છે તેથી જ્ઞાનના કર્મ તરીકે રહેલું હોવાથી તે ત્યારે જ્ઞાનનું સાધન થઈ શકે નહિ (આ બેમાંથી કોઈ પણ રીતથી વિચારતાં) પરિશેષની ઉપપત્તિ છે (તેથી શંકા બરાબર નથી).

અને 'સ્વપ્નમાં અન્તઃકરણની વૃત્તિનો અભાવ હોય તો ઊઠેલા માણસને સ્વપ્નમાં જોયેલા હાથી વગેરેનું અનુસંધાન અશક્ય બને' એવું નથી (—આ શંકા બરાબર નથી) કારણ કે સુષુપ્તિમાં માનેલી અવિદ્યાવૃત્તિથી તેની ઉપપત્તિ છે. અને સુષુપ્તિ (સ્વપ્નરહિત નિદ્રા)માં તે (સુષુપ્તિ) અવસ્થાથી ઉપહિત સ્વરૂપચૈતન્ય જ અજ્ઞાન, સુખાદિનો પ્રકાશ (અનુભવ) છે. ઊઠેલા માણસને અનુસંધાન થાય છે તે ઉપાધિભૂત અવસ્થાના વિનાશથી ઉત્પન્ન થયેલા સંસ્કારથી થાય છે એમ વેદાન્તકૌમુદીને સ્વીકાર્ય એવા, સુષુપ્તિમાં અવિદ્યાવૃત્તિનો અભાવ છે એ પક્ષમાં અહીં (સ્વપ્નાવસ્થામાં) પણ સ્વપ્નગજ આદિને ભાસિત કરનાર ચૈતન્યની ઉપાધિભૂત સ્વપ્નાવસ્થાના વિનાશથી ઉત્પન્ન થયેલા સંસ્કારથી અનુસંધાનની ઉપપત્તિ છે (—આથી પણ સ્વપ્નમાં જોયેલા પદાર્થોના અનુસંધાનની ઉપપત્તિ છે).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ** : સૂર્યાદિનો પ્રકાશ કે ઇન્દ્રિયજન્ય વૃત્તિજ્ઞાન આત્મા ઉપરાંત પદાર્થનો પ્રકાશ કરી શકે. હવે સ્વપ્નકાળમાં સૂર્યાદિનો પ્રકાશ કે ઇન્દ્રિયજન્ય વૃત્તિજ્ઞાન નથી તેથી બાકી રહેલા આત્માને જ સ્વપ્ન-જગત્‌નો અવભાસક માની શકાય. આમ પરિશેષથી સિદ્ધિ થાય છે—એમ જે કહ્યું છે તે બરાબર નથી કારણ કે હજુ અન્તઃકરણ બાકી રહ્યું છે જે સ્વપ્નાવસ્થામાં ઉપરત નથી હોતું તેથી આત્માના સ્વયંપ્રકાશત્વનો વિવેક સ્વપ્નાવસ્થામાં પણ દુર્ગમ છે. આવી શંકાનો ઉત્તર આપતાં કહે છે કે સ્વપ્નાવસ્થામાં મન જ્ઞાનનું કરણ છે એ સિદ્ધ નથી તેથી તે સ્વપ્ન-જગત્‌નું અવભાસક હોઈ શકે નહિ માટે પરિશેષસિદ્ધિ છે જ. **ન્યાયાનર્ણય**માં એવું પ્રતિપાદન છે કે મન ચક્ષુ આદિ ઇન્દ્રિયો વિના જ્ઞાનનું સાધન થઈ શકતું નથી; અને **તત્ત્વપ્રદીપિકા**માં કહ્યું છે કે સ્વપ્નમાં વિવિધ સંસ્કારોથી વિશિષ્ટ મન જ સ્વપ્નપ્રપંચાકારથી પરિણામ માને છે; અવિદ્યા વિચિત્ર એવા સ્વપ્નપ્રપંચાકારે પરિણામ પામી શકે નહિ કારણ કે તે સંસ્કારનો આશ્રય નથી આમ મન જ્ઞાનનો વિષય બનવામાં જ ઉપક્ષીણ થઈ જાય છે તેથી તે વિષયી રૂપ પ્રકાશક બની શકે નહિ જાગ્રત્કાળમાં ભલે મન જ્ઞાનનું કરણ હોય, પણ સ્વપ્નમાં તેને જ્ઞાન કરણ માની શકાય નહિ કારણ કે ત્યારે તે વિષય તરીકે જ અવસ્થિત છે એમ સૂચિત થાય છે.

**શંકા** : સ્વપ્નમાં અન્તઃકરણની વૃત્તિ ન હોય તો તેમાંથી જાગેલા માણસને સ્વપ્નમાં જોયેલા પદાર્થોનું અનુસંધાન—સ્મરણ—નહીં થાય કારણ કે તેને માટે જરૂરી સંસ્કારનો અભાવ હશે.

**ઉત્તર** : ના, એવું નહીં થાય કારણ કે સુષુપ્તિમાં માનેલી અવિદ્યાવૃત્તિથી તેનો સંભવ છે.

**શંકા** : સુષુપ્તિમાં પણ અવિદ્યાવૃત્તિ માનવાની જરૂર નથી. સુષુપ્તિ આદિનું સાક્ષી ચૈતન્ય નિત્ય હોવા છતાં સાક્ષીથી ભાસિત થતી સુષુપ્તિ અવસ્થા વિનાશી છે તેથી વિષયભૂત સુષુપ્તિ-અવસ્થાથી વિશિષ્ટ તરીકે તેના સાક્ષીના વિષયભૂત ઉપાધિના નાશલક્ષણ સંસ્કારનો સંભવ છે તેથી ઊઠીને અનુસંધાન (સ્મરણ) શક્ય બને છે.

**ઉત્તર** : **વેદાન્તકૌમુદી**ને માન્ય જે પક્ષ છે કે સુષુપ્તિમાં અવિદ્યાવૃત્તિનો અભાવ છે તે પ્રમાણે સ્વપ્નાવસ્થામાં પણ અવિદ્યાવૃત્તિનો અભાવ માનીએ તો પણ સ્વપ્નસાક્ષીને પ્રાતિભાસિક વિષયથી વિશિષ્ટરૂપે વિષય તરીકે ઉપાધિભૂત સ્વપ્નાવસ્થાના નાશ લક્ષણ સંસ્કારનો સંભવ છે તેથી સ્વપ્નમાં જોયેલા પદાર્થોના અનુસંધાનની ઉપપત્તિ છે.

अथवा 'तदेतत् सत्त्वं येन स्वप्नं पश्यति' इत्यादिश्रुतेरस्तु स्वप्नेऽपि कल्पतरूक्तरीत्या स्वाप्नगजादिगोचरान्तःकरणवृत्तिः । न च तावता परिशेषासिद्धिः । अन्तःकरणस्य 'अहम्' इति गृह्यमाणस्य सर्वात्मना जीवैक्येनाध्यस्ततया लोकदृष्ट्या तस्य तद्व्यतिरेकाप्रसिद्धेः परिशेषार्थं चक्षुरादिव्यापाराभावमात्रस्यैवापेक्षितत्वात् । 'प्रसिद्धदृश्यमात्रं दृगवभासयोग्यम्' इति निश्चयतत्त्वेन परिशेषार्थेऽन्यानपेक्षणात् ।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**तस्मात् सर्वथाऽपि स्वप्ने चक्षुरादिव्यापारासम्भवात् स्वाप्नगजादौ चाक्षुषत्वाद्यनुभवो भ्रम एव ।**

અથવા 'આ તે અન્ત:કરણ છે જેનાથી સ્વપ્ન જુએ છે' ઇત્યાદિ શ્રુતિથી સ્વપ્નમાં પણ, કલ્પતરુમા કહેલી રીતથી, ભલે સ્વપ્નગજ આદિને વિષય કરનારી અન્ત:કરણવૃત્તિ હોય (—અન્ત:કરણવૃત્તિ છે એમ માનીએ તો પણ કોઈ હાનિ નથી). અને તેટલાથી પરિશેષની અસિદ્ધિ થશે એવું નથી. એનું કારણ એ છે કે 'હું' એમ ગૃહીત થતા અન્ત:કરણનો જીવચૈતન્ય સાથે તદ્દન એક તરીકે અધ્યાસ થયો હોવાથી લોકદૃષ્ટિએ તેનાથી તેના ભેદની પ્રસિદ્ધિ નથી, તેથી પરિશેષને માટે માત્ર ચક્ષુ આદિના વ્યાપારનો અભાવ જ અપેક્ષિત છે. 'પ્રસિદ્ધ દૃશ્યમાત્ર દૃક્‌થી અવભાસયોગ્ય છે એમ નિશ્ચય હોવાથી પરિશેષને માટે અન્યની અપેક્ષા નથી.

તેથી દરેક રીતે (પૂર્વોક્ત સર્વ પ્રકારથી) સ્વપ્નમાં ચક્ષુ આદિના વ્યાપારનો સંભવ ન હોવાને કારણે સ્વપ્નગજાદિને વિષે ચાક્ષુષત્વ આદિનો અનુભવ થાય છે તે ભ્રમ જ છે.

**વિવરણ** : અથવા જાગ્રતની જેમ સ્વપ્નમાં પણ સ્વપ્નગજાદિ વિષયક અન્ત:કરણવૃત્તિ માની લેવામાં આવે તો સંસ્કારના અભાવની જે શંકા કરવામાં આવે છે તેને અવકાશ જ ન રહે. તેમ છતાં આત્મચૈતન્ય એકમાત્ર અવભાસક બાકી રહે છે એમ જે પરિશેષસિદ્ધિ થાય છે તેને હાનિ થતી નથી કારણ કે પરિશેષ પણ લોકદૃષ્ટિથી ઉપપન્ન છે—એમ પ્રતિપાદન કરનાર બીજો મત અહીં રજૂ કર્યો છે. શ્રુતિનું પણ સમર્થન છે કે સ્વપ્નમાં ચક્ષુ આદિથી જન્ય વૃત્તિનો અભાવ હોવા છતાં તેમાં માનસ વૃત્તિ તો છે જ તેથી સંસ્કારનો અસંભવ નથી એમ કલ્પતરુમાં બતાવ્યુ છે. (શ્રુતિમાં 'સત્ત્વ' શબ્દ અન્ત:કરણને માટે પ્રયોજાયો છે—તૃતીયા વિભક્તિથી કરણનો અર્થ પ્રાપ્ત થાય છે). અન્ત:કરણનો જીવચૈતન્ય સાથે તદ્દન એક તરીકે અધ્યાસ કરવામાં આવે છે. 'હું જોઉં છું' ઇત્યાદિ રૂપે દ્રષ્ટા તરીકે ગૃહીત થતા અન્ત:કરણનો ચિદાત્માથી ભેદ લોકદૃષ્ટિએ પ્રસિદ્ધ નથી. તેથી લોકદૃષ્ટિએ લોકપ્રસિદ્ધ દ્રષ્ટાથી વ્યતિરિક્ત ચક્ષુ આદિ કરણના વ્યાપારનો અભાવ જ અપેક્ષિત છે. તેથી સ્વપ્નમાં અન્ત:-કરણની વૃત્તિનો સદ્ભાવ માનીએ તેટલા માત્રથી ઉપર્યુક્ત પરિશેષની અસિદ્ધિ થાય છે એવું નથી. કહેવાનો આશય એ છે કે અન્ત:કરણવૃત્તિ રૂપ વ્યાપાર વસ્તુત: કરણનો વ્યાપાર છે છતાં લોકપ્રતીતિ અનુસાર તે દ્રષ્ટાનો વ્યાપાર જ છે કારણ કે લોકો અન્ત:કરણનું દ્રષ્ટા તરીકે ગ્રહણ કરે છે.

આ બધું જોતાં કોઈ પણ રીતે વિચાર કરતાં સ્વપ્નમાં ચક્ષુ આદિનો વ્યાપાર સંભવતો નથી તેથી સ્વપ્નગજ આદિ ઇન્દ્રિયગમ્ય છે એવો જે અનુભવ છે તે ભ્રમાત્મક છે એમાં કોઈ શંકા નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ननु स्वप्नेऽपि चक्षुरुन्मीलने गजाद्यनुभवः, तन्निमीलने नेति जागर इव गजाद्यनुभवस्य चक्षुरुन्मीलनाद्यनुविधानं प्रतीयते इति चेत्, 'चक्षुषा रजतादिकं पश्यामि' इत्यनुभववदयमपि कश्चित् स्वप्नभ्रमो भविष्यति यत् केवलसाक्षिरूपे स्वप्नगजाद्यनुभवे चक्षुराद्यनुविधानं तदनुविधायिनी वृत्तिर्वाऽध्यस्यते । किमिव हि दुर्घटमपि भ्रमं माया न करोति विशेषतो निद्रारूपेण परिणता, यस्या माहात्म्यात् स्वप्ने रथः प्रतीतः क्षणेन मनुष्यः प्रतीयते स च क्षणेन मार्जारः । स्वप्नद्रष्टुश्च न पूर्वापरविरोधानुसन्धानम् । तस्मादन्वयाद्यनुविधानप्रतीतितौल्येऽपि जाग्रद्गजाद्यनुभव एव चक्षुरादिजन्यः, न स्वाप्नगजाद्यनुभवः ॥

શંકા થાય છે કે સ્વપ્નમાં પણ આંખ ખોલતાં હાથી આદિનો અનુભવ થાય છે અને તે બંધ કરતાં થતો નથી તેથી જાગ્રત્કાળની જેમ હાથી વગેરેનો અનુભવ આંખના ખોલવા આદિને અનુસરતો (તેની સાથે અન્વય-વ્યતિરેક સંબંધ ધરાવતો, અનુવિધાયી) જ્ઞાત થાય છે. આ શંકાનો ઉત્તર છે કે 'આંખથી રજત આદિ જોઉં છું' એ અનુભવની જેમ આ પણ કોઈક સ્વપ્નભ્રમ થશે કે કેવળ સાક્ષીરૂપ સ્વપ્નગજ આદિના અનુભવમાં ચક્ષુ આદિનું અનુવિધાન, અથવા તેની અનુવિધાયી વૃત્તિ અધ્યસ્ત થાય છે. એવો કયો દુર્ઘટ પણ ભ્રમ છે જેને માયા કરતી નથી, ખાસ કરીને નિદ્રારૂપથી પરિણમેલી માયા, જેના માહાત્મ્યથી સ્વપ્નમાં પ્રતીત થયેલો (દેખાયેલો) રથ ક્ષણમાં મનુષ્ય દેખાય છે, અને તે ક્ષણમાં બિલાડો દેખાય છે, અને સ્વપ્ન જોનારને પૂર્વાપર વિરોધનું અનુસંધાન થતું નથી! તેથી અન્વયાદિ અનુવિધાનની પ્રતીતિ સમાન હોવા છતાં પણ જાગ્રત્-હાથી આદિનો અનુભવ જ ચક્ષુ આદિથી જન્ય છે, સ્વપ્નગજ આદિનો અનુભવ ચક્ષુ આદિથી જન્ય નથી.

વિવરણ : સ્વાપ્ન અનુભવ જો સાક્ષિરૂપ હોય તો આંખ ખુલ્લી હોય તો સ્વપ્નગજનો અનુભવ થાય, આંખ બંધ હોય તો ન થાય એવો જે ચક્ષુ આદિ સાથે અનુભવનો અન્વય-વ્યતિરેક સંબંધ જ્ઞાત થાય છે તેની સાથે વિરોધ છે—એવી શંકા થાય તેનું સમાધાન દૃષ્ટાંત રજૂ કરીને કર્યું છે. વ્યાખ્યાકાર સ્પષ્ટતા કરતાં કહે છે કે જાગ્રત્કાળમાં ચક્ષુ આદિનું અનુવિધાન કરતી વૃત્તિ જાણીતી છે તેનો સ્વપ્નસાક્ષી પર અધ્યાસ કરવામાં આવે છે એવો જે કહેવામાં આવ્યું છે તેનો યથાશ્રુત (અક્ષરશઃ) અર્થ લેવાનો નથી, કારણ કે આમ માનતાં અન્યથાખ્યાતિ માનવી પડે (—જે કેવલાદ્વૈતી વેદાન્તીને માન્ય નથી); પણ 'तदेवत् सत्त्वं येन स्वप्नं पश्यति' (આ તે અન્તઃકરણ છે જેનાથી સ્વપ્ન જુએ છે) એ શ્રુતિને અનુસરીને કલ્પતરુના કર્તાએ ગજ આદિને વિષય કરનારી માનસવૃત્તિ માની છે તેમાં ચક્ષુરાદિના અનુવિધાયિત્વનો અધ્યાસ છે એવો અર્થ છે. આમ કેવળ સાક્ષીરૂપ એવા સ્વપ્નગજાદિના અનુભવમાં ચક્ષુ આદિના અનુવિધાનનો અધ્યાસ કરવામાં આવે છે; અથવા તેનું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અનુવિધાન કરનારી વૃત્તિનો અધ્યાસ કરવામાં આવે છે એમ જે લાગે છે તે ભ્રમમાત્ર છે. આ દુર્ઘટ ભ્રમ છે એવી શંકા કરવી નહિ કારણ કે માયા કયો ભ્રમ ઊભો કરી શકતી નથી? જાદુગરની માયાની બાબતમાં આ જાણીતું છે. આકાશાદિપ્રપંચભ્રમની હેતુભૂત માયા દુર્ઘટ એવો પ્રપંચભ્રમ વ્યવસ્થિત રૂપવાળો કરે છે, જ્યારે નિદ્રારૂપથી પરિણત થયેલી માયા તેથી વિલક્ષણ જ ભ્રમ કરે છે. આમ સ્વપ્નાવસ્થામાં ગજાદિના ચાક્ષુષત્વનો અનુભવ છે તે તો ભ્રમ જ છે; જો કે જાગ્રત્કાળમાં અને સ્વપ્નકાળમાં બન્નેમાં ચક્ષુ આદિ સાથે અન્વય–વ્યતિરેકની પ્રતીતિ થાય છે તેમ છતાં સ્વપ્નમાં ચાક્ષુષત્વની પ્રતીતિ ભ્રમ છે.

**दृष्टिसृष्टिवादिनस्तु कल्पितस्याज्ञातसत्त्वमनुपपन्नमिति कृत्स्नस्य जाग्रत्प्रपञ्चस्य दृष्टिसमसमयां सृष्टिमुपेत्य घटादिदृष्टेश्चक्षुःसन्निकर्षा-नुविधानप्रतीतिं दृष्टेः पूर्वं घटाद्यभावेनासङ्गच्छमानां स्वप्नवदेव समर्थयमानाः जाग्रद्गजाद्यनुभवोऽपि न चाक्षुष इत्याहुः ॥६॥**

**દૃષ્ટિસૃષ્ટિવાદીઓ** તો જે કલ્પિત છે તેની સત્તા અજ્ઞાત હોઈ શકે નહિ માટે સમગ્ર જાગ્રત્પ્રપંચની દૃષ્ટિસમકાલીન સૃષ્ટિ માનીને ઘટાદિદૃષ્ટિ (પ્રત્યક્ષજ્ઞાન)ને વિષે જે ચક્ષુઃસંનિકર્ષના અનુવિધાનની પ્રતીતિ થાય છે તે દૃષ્ટિની પહેલાં ઘટાભાવ હોય છે તેની સાથે સંગત થતી નથી તેથી સ્વપ્નની જેમ જ તેઓ તેનું સમર્થન કરતાં કહે છે કે જાગ્રત્કાલીન ગજ આદિનો અનુભવ પણ ચાક્ષુષ નથી. (૬)

**વિવરણ :** દૃષ્ટિસૃષ્ટિવાદીઓ જાગ્રત્કાળ અને સ્વપ્નકાળના પદાર્થોના ચાક્ષુષત્વાદિના અનુભવને સમાન ગણે છે અને બન્નેને ભ્રમરૂપ માને છે. વ્યાખ્યાકાર **કૃષ્ણાનંદતીર્થ** કહે છે કે જે અધિકારીઓને બહુવિધ જ્ઞાનકર્મના અનુષ્ઠાનથી નિરતિશય એવી પરમેશ્વરની કૃપા પ્રાપ્ત થઈ છે અને તેના મહિમાથી જેમનાં અન્તઃકરણ નિતાન્ત નિર્મળ થયાં છે તેમને જાગ્રત્માં પણ સ્વપ્નથી કોઈ વિલક્ષણતા દેખાતી નથી. આવા બ્રહ્મવિદ્યાભિલાષીઓને ધ્યાનમાં રાખીને પ્રવૃત્ત થયેલી જાગ્રત્ અને સ્વપ્નકાળમાં સમગ્ર જગત્‌ની ઉત્પત્તિ અને તેના પ્રલયનું પ્રતિપાદન કરતી શ્રુતિને અનુસરીને પૂર્વાચાર્યોએ દૃષ્ટિસૃષ્ટિવાદનું નિરૂપણ કર્યું છે. સ્વપ્નનો વિચાર કરતાં એ વાદનો ખ્યાલ આવી ગયો તેથી **અપ્પય્યદીક્ષિત** તેને અહીં રજૂ કરે છે. કોઈ કલ્પિત વસ્તુ અજ્ઞાત સત્તા વાળી તો હોય જ નહિ એ સિદ્ધાન્ત માનીને આ આચાર્યો કહે છે કે દૃષ્ટિની સમકાળ સમગ્રજગત્પ્રપંચની સૃષ્ટિ છે. જો જ્ઞાનની પહેલાં ઘટાદિ પદાર્થ હોય જ નહિ તો ચક્ષુઃસંનિકર્ષ સાથે જ્ઞાનનો અનુવિધાન–સંબંધ (ચક્ષુ ઘટાદિ સાથે સંપર્કમાં આવે પછી જ્ઞાન થાય છે એમ) માની શકાય નહિ તેથી ઘટાદિ–ચાક્ષુષજ્ઞાનનું પણ સ્વપ્નની જેમ ભ્રમમાત્ર તરીકે તેઓ સમર્થન કરે છે. આમ જાગ્રત્કાલીન ઘટાદિનો અનુભવ પણ સ્વપ્નના અનુભવની જેમ કેવળ સાક્ષીરૂપ જ છે. (૬)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(७) ननु दृष्टिसृष्टिमवलम्ब्य कृत्स्नस्य जाग्रत्प्रपञ्चस्य कल्पितत्वोपगमे कस्तस्य कल्पकः— निरुपाधिरात्मा वा, अविद्योपहितो वा। नाद्यः, मोक्षेऽपि साधनान्तरनिरपेक्षस्य कल्पकस्य सत्त्वेन प्रपञ्चानुवृत्त्या संसाराविशेषप्रसङ्गात्। न द्वितीयः। अविद्याया अपि कल्पनीयत्वेन तत्कल्पनात्प्रागेव कल्पकसिद्धेर्वक्तव्यत्वात्।

(૭) પ્રશ્ન થાય છે કે દૃષ્ટિસૃષ્ટિનું અવલંબન કરીને સમગ્ર જાગ્રત્-પ્રપંચ કલ્પિત છે એમ માનવામાં આવે તો તેની કલ્પના કરનાર કોણ છે?—ઉપાધિરહિત આત્મા કે અવિદ્યારૂપ ઉપાધિવાળો આત્મા? પહેલો (નિરુપાધિ આત્મા) હોઈ શકે નહિ, કારણ કે મોક્ષમાં પણ બીજા સાધનની અપેક્ષા ન રાખનાર કલ્પક (આત્મા) હોવાથી પ્રપંચની અનુવૃત્તિ રહેશે, તેથી (મોક્ષનો) સંસારથી કોઈ ભેદ નહીં રહે એ પ્રસંગ થશે (—મોક્ષનો સંસારથી ભેદ માની શકાશે નહિ). બીજો (અવિદ્યોપહિત આત્મા) (સંસારનો કલ્પક) હોઈ શકે નહિ, કારણ કે અવિદ્યાની પણ કલ્પના કરવાની હોઈને, તેની કલ્પનાની પહેલાં જ કલ્પના કરનારની સિદ્ધિ કહેવાની રહે (—અવિદ્યાની કલ્પના પહેલાં જ તેની કલ્પના કરનાર અવિદ્યોપહિત આત્મા માનવો પડે.)

વિવરણ : જાગ્રત્કાલીન જગત્પ્રપંચને કલ્પિત અર્થાત્ પ્રાતિભાસિક માનવામાં આવે તો દૃષ્ટિસૃષ્ટિવાદ અનુસાર તેની કલ્પના કરનાર કોણ હોઈ શકે? નિરુપાધિ આત્મા કે અવિદ્યોપહિત આત્મા? બન્ને વિકલ્પ યોગ્ય નથી. તેનો અર્થ એ કે અવિદ્યા આદિની સૃષ્ટિ સંભવતી નથી અને એવું હોય તો સંસારની અનુપલબ્ધિ રહેવી જોઈએ. આ સમસ્યાનું સમાધાન આચાર્યોએ જુદી જુદી રીતે કર્યું છે તેનું હવે પ્રતિપાદન કરશે.

अत्र केचिदाहुः—पूर्वपूर्वकल्पिताविद्योपहित उत्तरोत्तराविद्याकल्पकः। अनिदंप्रथमत्वाच्च कल्पककल्पनाप्रवाहस्य नानवस्थादोषः। न चाविद्याया अनादित्वोपगमाच्छुक्तिरजतवत् कल्पितत्वं न युज्यते, अन्यथा साद्यनादिविभागानुपपत्तेरिति वाच्यम्। यथा स्वप्ने कल्प्यमानं गोपुरादि किञ्चित् पूर्वसिद्धत्वेन कल्प्यते, किञ्चित्तदानीमुत्पाद्यमानत्वेन, एवं जागरेऽपि किञ्चित् कल्प्यमानं सादित्वेन कल्प्यते, किञ्चदन्यथेति तावता साद्यनादिविभागोपपत्तेः। एतेन कार्यकारणविभागोऽपि व्याख्यात इति।

અહીં (આને વિષે) કેટલાક કહે છે કે પૂર્વ પૂર્વ કલ્પિત અવિદ્યાથી ઉપહિત (આત્મા) ઉત્તર ઉત્તર અવિદ્યાનો કલ્પક છે. અને આ પ્રથમ અવિદ્યા છે એવું ન હોવાથી કલ્પક-કલ્પનાના પ્રવાહમાં અનવસ્થા દોષ નથી. એવી દલીલ કરવી નહિ કે "અવિદ્યાને અનાદિ માનવામાં આવે તો શુક્તિરજતની જેમ એ કલ્પિત હોય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એ યુક્ત નથી, અન્યથા સાદિ (આદિવાળા) અને અનાદિના વિભાગની ઉપપત્તિ ન રહે." (આ શંકા બરાબર નથી) કારણ કે જેમ સ્વપ્નમાં કલ્પવામાં આવતું કેટલુંક ગોપુર આદિ પૂર્વસિદ્ધ તરીકે કલ્પવામાં આવે છે અને કેટલુંક ત્યારે ઉત્પન્ન કરવામાં આવતા તરીકે કલ્પવામાં આવે છે તેમ જાગ્રત્‌માં પણ કેટલુંક કલ્પવામાં આવતું સાદિ તરીકે કલ્પવામા આવે છે અને કેટલુંક અન્યથા (અનાદિ તરીકે) કલ્પવામાં આવે છે માટે તેટલાથી સાદિ-અનાદિ વિભાગની ઉપપત્તિ થાય છે. આથી કાર્ય-કારણ વિભાગની પણ વ્યાખ્યા થઈ ગઈ.

**વિવરણ** : દરેક આગળની અવિદ્યાથી ઉપહિત આત્મા પછીની અવિદ્યાની કલ્પના કરનારો બને છે એમ કેટલાક કહે છે.

**શંકા** : એમ હોય તો પણ સૌ પ્રથમ અવિદ્યાની કલ્પના કરનાર કોણ?

**ઉત્તર** : સૌ પ્રથમ અવિદ્યા જેવું કશું છે જ નહિ તેથી આ શંકાને સ્થાન નથી. આમ માનતાં અનવસ્થા થાય છે પણ એ દોષરૂપ નથી. અવિદ્યાથી ઉપહિત આત્મા પ્રપંચના કલ્પક તરીકે શ્રુતિસિદ્ધ છે અને તેના આ કલ્પકત્વનો નિર્વાહ પૂર્વ પૂર્વ અવિદ્યા વિના થઈ શકે જ નહિ તેથી અનવસ્થા દોષ નથી.

**શંકા** : સિદ્ધાન્તસંગ્રહનો શ્લોક છે તે અનુસાર જીવ, ઈશ્વર, વિશુદ્ધચૈતન્ય, જીવ અને ઈશ્વરનો ભેદ, અવિદ્યા અને અવિદ્યા અને ચૈતન્યનો સંબંધ એ છ પદાર્થ વેદાન્ત મતમાં અનાદિ છે અને બાકીનાં સાદિ છે.

(जीव ईशो विशुद्धा चित्तथा जीवेशयोर्भिदा ।
अविद्या तच्चितोर्योगः षडस्माकमनादयः ॥)

અવિદ્યાનું જો પ્રવાહાનાદિત્વ માનવામાં આવે, સ્વરૂપનિત્યત્વ નહિ, તો એ આ સિદ્ધાન્તથી વિરુદ્ધ થાય, કારણ કે ઉપર્યુક્ત શ્લોકમાં ચૈતન્યની જેમ અવિદ્યાનું પણ સ્વરૂપ-નિત્યત્વ પ્રતીત થાય છે. સ્વરૂપ-નિત્યત્વ ન માનવામાં આવે તો લોકસિદ્ધ અને શાસ્ત્રસિદ્ધ એવો સાદિ-અનાદિ વિભાગ છે તેનો વિરોધ થશે.

**ઉત્તર** : સ્વપ્નમાં બધું કલ્પિત છે તેમ છતાં કેટલીક વસ્તુ આગળથી હતી જ એ રીતે કલ્પવામાં આવે છે અને કેટલીક આંખ સામે ઉત્પન્ન કરવામાં આવતી હોય એ રીતે કલ્પવામાં આવે છે, તે જ રીતે જાગ્રત્‌માં પણ કેટલુંક કલ્પવામા આવતું પૂર્વ પૂર્વ અવિદ્યાથી ઉપહિત આત્માથી સાદિ તરીકે (જેમકે આકાશાદિ) કલ્પવામાં આવે છે અને કેટલુંક અનાદિ તરીકે (જેમકે અવિદ્યા આદિ) કલ્પવામાં આવે છે. આટલી કલ્પનાથી સાદિ-અનાદિ વિભાગનો ખુલાસો શક્ય બને છે.

**શંકા** : ઘટાદિ વિષય ઘટવિષયક પ્રત્યક્ષજ્ઞાનનું કારણ છે તેથી ઘટદષ્ટિ થાય તે પહેલાં ઘટ અજ્ઞાત હતો એમ જ માનવું જોઈએ. નહીં તો કાર્યકારણવિભાગ ન થાય. તેમ જ જો અવિદ્યાથી ઉપહિત ચિદાત્મા એક જ પોતામ સંસારની કલ્પના કરનાર હોય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તો સંસારી જીવ એક જ હશે અને એવું હોય તો ગુરુ–શિષ્ય–વિભાગ, દેવ–મનુષ્યાદિ વિભાગ ન હોઈ શકે.

ઉત્તર : ઉપર જે સાદિ–અનાદિવિભાગની ઉપપત્તિ દર્શાવી તેનાથી જ આનું પણ સમાધાન થઈ જાય છે. વસ્તુતઃ વિષય( ઘટાદિ) પ્રત્યક્ષનું કારણ નથી, તેમ છતાં તેની કલ્પના તેના કારણ તરીકે કરવામાં આવે છે. એ જ રીતે બીજું બધું સ્વપ્નભ્રમની જેમ સમજવું.

अन्ये तु वस्तुतोऽनाद्येवाविद्याऽऽदि । तत्र दृष्टिसृष्टिर्नोपेयते, किं तु ततोऽन्यत्र प्रपञ्चमात्रे इत्याहुः ।

नन्वेवमपि श्रुतिमात्रप्रतीतस्य वियदादिसर्गतत्क्रमादेः कः कल्पकः । न कोऽपि । किमालम्बना तर्हि 'आत्मन आकाशः सम्भूतः' इत्यादिश्रुतिः ? । निष्प्रपञ्चब्रह्मात्मैक्यावलम्बनेत्यवेहि । अध्यारोपापवादाभ्यां निष्प्रपञ्चब्रह्मप्रतिपत्तिर्भवतीति तत्प्रतिपत्त्युपायतया श्रुतिषु सृष्टिप्रलयोपन्यासः, न तात्पर्येणेति भाष्याद्युद्घोषः । व्यर्थस्तर्हि तात्पर्याभावे वियत्प्राणपादयो[ब्रह्मसूत्र २.३–४]र्वियदादिसर्गतत्क्रमादिविषयश्रुतीनां परस्परविरोधपरिहाराय यत्नः ? न व्यर्थः । न्यायव्युत्पत्त्यर्थमभ्युपेत्य तात्पर्यं तत्प्रवृत्तेः ।

उक्तं हि शास्त्रदर्पणे—

'श्रुतीनां सृष्टितात्पर्यं स्वीकृत्येदमिहेरितम् ।
ब्रह्मात्मैक्यपरत्वात्तु तासां तन्नैव विद्यते ॥' इति ।

જ્યારે બીજાઓ કહે છે કે અવિદ્યા આદિ વસ્તુતઃ અનાદિ જ છે, ત્યાં દૃષ્ટિસૃષ્ટિ નથી માનવામાં આવતી, પરંતુ તેનાથી અન્યત્ર પ્રપંચમાત્રમાં તે માનવામાં આવે છે.

પ્રશ્ન થાય કે એમ હોય તો પણ માત્ર શ્રુતિથી પ્રતીત થતાં આકાશ આદિની ઉત્પત્તિ, તેના ક્રમ આદિની કલ્પના કરનાર કોણ છે ? (ઉત્તર) કોઈ નહિ ?

(શંકા) તો પછી "આત્મામાંથી આકાશ ઉત્પન્ન થયું" ઇત્યાદિ શ્રુતિનું આલંબન શું ?

(ઉત્તર) તેનું આલંબન પ્રપંચશૂન્ય બ્રહ્માત્મૈક્ય છે એમ જાણો. અધ્યારોપ અને અપવાદથી પ્રપંચશૂન્ય બ્રહ્મનું જ્ઞાન થાય છે તેથી તેના જ્ઞાનના ઉપાય તરીકે શ્રુતિઓમાં સૃષ્ટિ અને પ્રલયની રજૂઆત કરવામાં આવી છે, તાત્પર્યથી નહિ એમ ભાષ્ય આદ (ગ્રંથો)માં ઉદ્‌ઘોષણા છે (—વારંવાર ભારપૂર્વક કહ્યું છે).

(શંકા–) તો પછી જો તેમાં તાત્પર્ય ન હોય તો વિયત્પાદ અને પ્રાણપાદ (બ્રહ્મસૂત્ર અધ્યાય ૨ પાદ ૩ અને ૪) માં વિયત્ (આકાશ) આદિના સર્ગ (સૃષ્ટિ) અને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેના ક્રમ આદિ વિષયક શ્રુતિઓના પરસ્પર વિરોધનો પરિહાર કરવા માટે યત્ન કર્યો છે એ વ્યર્થ ? (ઉત્તર) વ્યર્થ નથી. કારણ કે ન્યાયોની વ્યુત્પત્તિની ખાતર તાત્પર્ય સ્વીકારીને તે (પાદ)માં (વિરોધપરિહાર માટે) પ્રવૃત્ત છે.

શાસ્ત્રદર્પણ (ગ્રંથ)માં કહ્યું જ છે—

શ્રુતિઓનું સૃષ્ટિ વિષયક તાત્પર્ય સ્વીકારીને આ (વિરોધનું સમાધાન) અહીં કહેવામાં આવ્યું છે પણ તે (શ્રુતિઓ) બ્રહ્માત્મૈકયપરક છે તેથી તે (સૃષ્ટિવિષયક તાત્પર્ય) છે જ નહિ.''

**વિવરણ** : કેટલાક કલ્પક એવા અવિદ્યોપહિત આત્માનું આનન્ત્ય ટાળવાને માટે અને સાદિ-અનાદિ વિભાગનું સામંજસ્ય ટકી રહે તેટલા માટે દષ્ટિસૃષ્ટિનો સંકોચ કરે છે. અવિદ્યા આદિ તો સ્વરૂપતઃ જ અનાદિ છે. પ્રલય અને ઉત્પત્તિનું પ્રતિપાદન કરનારી અનેક શ્રુતિઓ સ્વપ્ન અને જાગ્રત્કાળમાં કાર્યપ્રપંચના પ્રલય અને ઉત્પત્તિ વિષે છે, તેથી અવિદ્યા આદિ સિવાયનો પૂરેપૂરા પ્રપંચને વિષે દષ્ટિસૃષ્ટિ સ્વીકારવામાં આવે છે. ('માત્ર' પદ 'કાત્સ્ન્ય', 'પૂરેપૂરુ'ના અર્થમાં છે).

**શંકા** : दृष्टिसमये एव प्रपञ्चसृष्टिः (દૃષ્ટિના સમયે જ પ્રપંચસૃષ્ટિ થાય છે) એ મતમાં 'દષ્ટિ' શબ્દથી પ્રત્યક્ષપ્રતીતિ જ વિવક્ષિત છે, પરોક્ષપ્રતીતિ નહિ. અપરોક્ષ પ્રતીતિનો જ વિષય સાથે અવિનાભાવ સંબંધ છે અને તેથી તે પ્રાતિભાસિક વિષયની સાધક છે જ્યારે પરોક્ષ પ્રતીતિનું તેવું નથી. જો આકાશ આદિ (—'આદિ' શબ્દથી વાયુ વગેરેનો સંગ્રહ કર્યો છે—)ની ઉત્પત્તિ(સર્ગ)વિષયક શ્રુતિથી અને પ્રત્યક્ષથી આકાશ આદિના સર્ગની પ્રતીતિ થતી હોય તો પ્રત્યક્ષના બળે ઘટ આદિની જેમ તેના પણ પ્રાતિભાસિકત્વની સિદ્ધિ, સંભવત, પણ તેવું નથી. આકાશાદિનો સર્ગ તો માત્ર શ્રુતિથી ગમ્ય છે તો પછી આકાશ આદિના સર્ગ અને તેના ક્રમ આદિ (પ્રલય અને તેના ક્રમ)ની કલ્પના કરનાર કોણ હોઈ શકે ? કોઈ નહિ.

**ઉત્તર** : આ ઇષ્ટાપત્તિ છે. વાસ્તવમાં તેમની કલ્પના કરનાર કોઈ નથી.

**શંકા** : તો પછી સૃષ્ટિ આદિ વિષયક શ્રુતિથી પ્રતિપાદિત આકાશ આદિની સૃષ્ટિ અને તેનો ક્રમ આદિ બધું સસલાના શીંગડા જેવું બની જાય અને શ્રુતિનું કોઈ આલંબન ન રહેતાં તેનું પ્રામાણ્ય રહે નહિ.

**ઉત્તર** : એ સર્ગાદિવિષયક શ્રુતિઓનો તાત્પર્યવિષયીભૂત અર્થ છે તેથી તે પ્રમાણ નથી એવું નથી.

**શંકા** : સૃષ્ટિ આદિ વિષયક શ્રુતિવાક્યોનો શ્રુતાર્થ (વાચ્યાર્થ) ત્યાગીને જો અર્થ વાચ્ય નથી એવા તાત્પર્યાર્થની કલ્પના કરવી યોગ્ય નથી. શ્રુતિ અનુસાર આકાશ આદિની સૃષ્ટિ અને તેના કલ્પકની કલ્પના જ યુક્તિયુક્ત છે.

**ઉત્તર** : જે વસ્તુનું જ્ઞાન સીધું આપી ન શકાય તેનું અધ્યારોપ અને અપવાદથી જ્ઞાન કરાવવામાં આવે છે. જેમ લોકમાં ગગન તત્ત્વનું જ્ઞાન કરાવનાર કોઈ શિક્ષક પહેલાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નીલ રંગ, વિશાળતા વગેરેના અધ્યારોપ (—સત્ય વસ્તુ પર અસત્યવસ્તુનો આરોપ તે અધ્યારોપ—)થી યુક્ત ગગનનું ગ્રહણ કરાવ્યા પછી 'વસ્તુતઃ આ નીલ રંગ આદિથી યુક્ત નથી' એમ તેના અપવાદ (નિષેધ, બાધ)થી 'ગગન તત્ત્વ રૂપરહિત વ્યાપક છે' એમ સમજાવે છે, તેમ ઉપનિષદો પણ પહેલાં સૃષ્ટિ આદિ વિષયક વાક્યોથી એવો બોધ કરાવે છે કે 'આકાશ આદિના સર્ગ, પ્રલય આદિનું જે કારણ છે તે બ્રહ્મ'. આમ અધ્યારોપિત સર્ગ આદિથી યુક્ત તરીકે બ્રહ્મનું જ્ઞાન કરાવીને પછી નિષેધવાક્યોથી અધ્યારોપિત સર્ગ આદિનો અપવાદ કરીને નિષ્પ્રપંચબ્રહ્માત્મૈક્યનું પ્રતિપાદન કરે છે. આમ સૃષ્ટિ આદિ વિષયક વાક્યો નિષેધવાક્યોને જે નિષેધ્યની અપેક્ષા છે તેનું સમર્પણ કરનારાં છે અને તેથી નિષેધ-વાક્યો સાથે તેમની એકવાક્યતા હોવાથી સૃષ્ટિવાક્યોનું પ્રયોજન પણ નિષ્પ્રપંચ બ્રહ્મનું જ્ઞાન કરાવવાનું છે. પોતાનો જે વાચ્યાર્થ છે—સૃષ્ટિ આદિનું પ્રતિપાદન—તેટલાથી જ તે ચરિતાર્થ નથી. અર્થવાદ વાક્યોની જેમ તે પોતાના અર્થનું પ્રતિપાદન કરતાં હોય તો ફળનો અભાવ હોય અને ફળ રહિત અર્થમાં વેદનું તાત્પર્ય હોઈ શકે નહિ. માટે સૃષ્ટિ આદિ વિષયક વાક્યોનો પોતાનો અર્થ છોડીને તેમનું નિષ્પ્રપંચબ્રહ્માત્મૈક્યમાં તાત્પર્ય કલ્પવું એ યુક્ત જ છે કારણ કે એ જ્ઞાનનું મુક્તિરૂપ ફળ છે એમ શ્રુતિથી સિદ્ધ છે. આમ પહેલાં અધ્યારોપથી સપ્રપંચબ્રહ્મનું જ્ઞાન થાય છે; પછી પ્રપંચના અપવાદથી એ જ બ્રહ્મના નિષ્પ્રપંચત્વનું જ્ઞાન થાય છે. પૂર્વજ્ઞાન ઉત્તર જ્ઞાનને શેષ હોય છે, સ્વતંત્ર નથી હોતું.

**શંકા** : જો સૃષ્ટિ આદિ વિષયક શ્રુતિવચનોનું પોતાના વાચ્યાર્થમાં તાત્પર્ય જ ન હોય તો પછી **બ્રહ્મસૂત્ર** અને તેના પરના **ભાષ્ય** આદિ ગ્રંથોમાં આવાં વાક્યોમાં પરસ્પર વિરોધ જેવું દેખાય—કોઈ શ્રુતિમાં આત્મામાંથી બધાં ભૂતો ઉત્પન્ન થાય છે એમ કહ્યું હોય, બીજી શ્રુતિમાં ક્રમ બતાવ્યો હોય, કોઈક શ્રુતિમાં આકાશ, વાયુની ઉત્પત્તિની વાત જ ન હોય, વગેરે—તેનો પરિહાર કરવા માટે આટલો બધો પ્રયત્ન કર્યો છે એ શું વ્યર્થ ?

**ઉત્તર** : બ્ર.સૂ. બીજા અધ્યાયના वियत्पाद (બ્ર.સૂ. ૨.૩) અને प्राणपाद (બ્ર.સૂ.૨.૪) નાં અધિકરણોમાં જે સિદ્ધાન્તન્યાયોનું નિરૂપણ કર્યું છે તેને વિષે એમ સમજવું કે વેદાર્થ-નિર્ણયના સિદ્ધાંતો શીખવવા ધાર્યા છે તેને માટે આવો પ્રયત્ન કર્યો છે. આ ન્યાયો સૃષ્ટિ આદિ વિષયક વાક્યોના અર્થના અવિરોધના નિર્ણય માટે અપેક્ષિત ન હોવા છતાં શ્રુતિના તાત્પર્યના વિષય અંગે ક્યાંક વિરોધ પ્રસક્ત થાય તો તેના સમાધાનમાં તેમનો ઉપયોગ થશે એવા આશયથી સૂત્રકાર આદિએ આ યત્ન કર્યો છે અને આ દૃષ્ટિએ તે પ્રયોજનવાળો છે. આ શ્રુતિઓનું તાત્પર્ય સૃષ્ટિ આદિ વિષયક છે એમ કામ ચલાઉ રીતે માનીને વિરોધના સમાધાન અને અવિરોધની સિદ્ધિ માટેના ન્યાયોનું પ્રતિપાદન કર્યું છે. પણ વાસ્તવમાં સૃષ્ટિ આદિ વિષયક શ્રુતિઓ બ્રહ્માત્મૈક્યપરક જ છે તેથી સૃષ્ટિ આદિ વિષે તાત્પર્ય છે જ નહિ. બ્રહ્માત્મૈક્ય ઉપરાંત એ વાક્યોનું સ્વાર્થમાં પણ તાત્પર્ય હોય તો એક વાક્યમાં બે અર્થ થતાં વાક્યભેદનો પ્રસંગ થાય. વળી તેમના પોતાના અર્થમાં તો ફલાભાવ છે. તેથી એ અભિપ્રેત અર્થ નથી, કલ્પતરુકાર અમલાનંદે પોતાના બ્રહ્મસૂત્રાનુગામી ગ્રંથ **શાસ્ત્રદર્પણમાં** (૧.૪.૪) આ જ વાત કરી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ज्योतिष्टोमादिश्रुतिबोधितानुष्ठानात् फलसिद्धिः स्वाप्नश्रुतिबोधितानुष्ठानप्रयुक्तफलसंवादतुल्या । ज्योतिष्टोमादिश्रुतीनां च सत्त्वशुद्धिद्वारा ब्रह्मणि तात्पर्यान्नाप्रामाण्यमित्यादि-दृष्टिसृष्टिव्युत्पादनप्रक्रियाप्रपञ्चस्त्वाकरग्रन्थेषु द्रष्टव्यः । अयमेको दृष्टिसमसमया विश्वसृष्टिरिति दृष्टिसृष्टिवादः ।**

જ્યોતિષ્ટોમ આદિ વિષયક શ્રુતિથી પ્રતિપાદિત અનુષ્ઠાનથી ફળસિદ્ધિ સ્વપ્નમાં કલ્પિત શ્રુતિથી પ્રતિપાદિત અનુષ્ઠાનથી પ્રયુક્ત ફળના સંવાદના જેવો છે. અને જ્યોતિષ્ટોમ આદિ વિષયક શ્રુતિઓનું સત્ત્વશુદ્ધિ (અન્તઃકરણની શુદ્ધિ) દ્વારા બ્રહ્મમાં તાત્પર્ય હોવાથી તેમનું અપ્રામાણ્ય નથી ઇત્યાદિ દૃષ્ટિસૃષ્ટિના વિવેચનની પ્રક્રિયાનો વિસ્તાર તો આકર ગ્રંથોમાંથી જોવો. દૃષ્ટિની સમકાલ વિશ્વસૃષ્ટિ છે એમ આ એક પ્રકારનો દૃષ્ટિસૃષ્ટિવાદ છે.

**વિવરણ** : કર્મ અને ઉપાસના વિષયક વાક્યો પણ, સ્વાર્થપરક તેમનું તાત્પર્ય ન હોવા છતાં, નિરાલંબન નથી એમ હવે બતાવે છે. 'ज्योतिष्टोमेन यजेत स्वर्गकामः' જેવી શ્રુતિથી સ્વર્ગાદિના સાધન તરીકે જેનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે તે યાગ આદિના અનુષ્ઠાનથી ફળસિદ્ધિ થાય છે તે સ્વપ્નમાં કોઈક ક્યારેક જ્યોતિષ્ટોમ આદિ અંગે શ્રુતિની કલ્પના કરીને તેમાંથી સાધનવિશેષનું જ્ઞાન મેળવીને તે યાગનું અનુષ્ઠાન કરીને ફળ મેળવે તેના જેવું જ છે. વસ્તુતઃ તો શ્રુતિમાત્રથી પ્રતીત આકાશ આદિ સર્ગ અને તેના ક્રમ આદિની જેમ શ્રુતિમાત્રથી પ્રતીત સ્વર્ગ આદિ ફળ પણ અસત્ જ છે એમ અભિપ્રેત છે. બંનેમાં કલ્પકનો અભાવ સમાન છે તેથી આમ છે એમ સમજવું. છતાં આ શ્રુતિવાક્યો અપ્રમાણ છે એવું નથી. કર્મવાક્યો અને ઉપાસનાવાક્યોથી વિહિત કર્મ અને ઉપાસનાનું અનુષ્ઠાન કરવાથી સત્ત્વની (અન્તઃકરણની) શુદ્ધિ થાય છે અને શુદ્ધ અન્તઃકરણવાળા અધિકારીને વેદાન્તશાસ્ત્રથી બ્રહ્મનું સમ્યગ્જ્ઞાન થાય છે. આમ કર્મકાંડ અને ઉપાસનાકાંડ અધિકારિત્વના સંપાદન દ્વારા બ્રહ્મજ્ઞાનના શેષ છે, અને તેમનું તેને વિષે જ તાત્પર્ય છે; પોતાના સ્વર્ગસાધનત્વ આદિ અર્થમાં તાત્પર્ય નથી. આમ બ્રહ્મજ્ઞાનનાં અંગ તરીકે આ વાક્યો પ્રમાણભૂત છે જ. સમગ્ર વેદ બ્રહ્મજ્ઞાનપરક જ છે એમાં કોઈ શંકા નથી કારણ કે सर्वे वेदा यत्पदमामनन्ति, (કઠ. ૨.૧૫), तमेतं वेदानुवचनेन ब्राह्मणा विविदिषन्ति (બૃહદ્. ૪.૪.૨૨) જેવાં હજારો શ્રુતિવચનો એ બાબતમાં પ્રમાણભૂત છે. દૃષ્ટિસૃષ્ટિવાદના વિવેચન અંગે વધારે ચર્ચા આકર ગ્રંથોમાં મળશે. દૃષ્ટિસમકાલ સૃષ્ટિ એમ માનનાર આ દૃષ્ટિસૃષ્ટિવાદનો એક પ્રકાર છે. બીજો પ્રકાર પ્રકાશાનન્દકૃત **સિદ્ધાન્તમુક્તાવલી** આદિ ગ્રંથોમાં બતાવેલો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अन्यस्तु दृष्टिरेव विश्वसृष्टिः । दृश्यस्य दृष्टिभेदे प्रमाणाभावात् ।

'ज्ञानस्वरूपमेवाहुर्जगदेतद्विचक्षणाः ।
अर्थस्वरूपं भ्राम्यन्तः पश्यन्त्यन्ये कुदृष्टयः ॥' इति ।

स्मृतेश्चेति सिद्धान्तमुक्तावल्यादिदर्शितो दृष्टिसृष्टिवादः ॥

બીજો દૃષ્ટિસૃષ્ટિવાદ સિદ્ધાન્તમુક્તાવલી આદિમાં બતાવ્યો છે—દૃષ્ટિ જ વિશ્વ સૃષ્ટિ છે કારણ કે દૃશ્ય પદાર્થના દૃષ્ટિથી ભેદને વિષે કોઈ પ્રમાણ નથી. અને સ્મૃતિ છે કે—

"વિચક્ષણ માણસો આ જગતને જ્ઞાનસ્વરૂપ જ કહે છે. બીજા ખરાબ દૃષ્ટિવાળાં (—અર્થાત્ ખોટા તર્કથી જેમની દૃષ્ટિ દૂષિત થઈ છે તેવા) ભ્રમમાં પડતાં તેને (સ્વતન્ત્ર) અર્થસ્વરૂપ જુએ છે."

**વિવરણ :** પ્રકાશાનન્દની સિદ્ધાન્તમુક્તાવલી આદિ ગ્રંથોમાં પ્રતિપાદિત દૃષ્ટિસૃષ્ટિવાદનો જે બીજો પ્રકાર છે તેનું હવે નિરૂપણ કરે છે. આ પ્રકાર અનુસાર દૃષ્ટિ, સ્વપ્રકાશ જ્ઞાનસ્વરૂપ દર્શન એ જ વિશ્વસૃષ્ટિ છે, દૃષ્ટિસમકાલીન કોઈ અન્ય પ્રપંચસૃષ્ટિ નથી. દૃશ્યપ્રપંચની સાથે તાદાત્મ્યવાળું જ્ઞાનસ્વરૂપ જ પ્રપંચના આદ્ય ક્ષણથી અવચ્છિન્ન થતાં તેની સૃષ્ટિ કહેવાય છે. દૃશ્ય પદાર્થ દૃષ્ટિથી ભિન્ન સત્તાવાળું છે એમ માનવા માટે કોઈ પ્રમાણ નથી. દૃષ્ટિથી દૃશ્ય ભિન્ન હોય તો 'सन् घटः' ઇત્યાદિરૂપથી સત્ રૂપ જ્ઞાન અને ઘટ આદિના સામાનાધિકરણ્યનું જ્ઞાન ન થાય. સ્મૃતિ પણ કહે છે કે ખોટા તર્કથી જે ભ્રાન્ત થયા છે તેઓ જ જગત્‌ને જ્ઞાનસ્વરૂપસત્તાથી સ્વતંત્ર ભિન્ન સત્તાવાળું માને છે. આમ ભેદદૃષ્ટિની નિંદા કરીને દૃષ્ટિ અને દૃશ્યની અભિન્ન સત્તા સિદ્ધ કરી છે. કૃષ્ણાનંદતીર્થ કહે છે કે 'स्मृतेश्च'માં चથી અભિપ્રેત છે કે શ્રુતિરૂપ પ્રમાણ પણ છે, દા.ત. 'चिद्धि इदं सर्वम्' ઇત્યાદિ.

द्विविधेऽपि दृष्टिसृष्टिवादे मनःप्रत्ययमलभमानाः केचिदाचार्याः सृष्टिदृष्टिवादं रोचयन्ते । श्रुतिदर्शितेन क्रमेण परमेश्वरसृष्टमज्ञातसत्ताकमेव विश्वं, तत्तद्विषयप्रमाणावतरणे तस्य तस्य दृष्टिसिद्धिरिति ।

न चैवं प्रपञ्चस्य कल्पितत्वाभावे श्रुत्यादिप्रतिपन्नस्य सृष्टिप्रलयादिमतः प्रत्यक्षादिप्रतिपन्नार्थक्रियाकारिणश्च तस्य सत्यत्वमेवाभ्युपगतं स्यादिति वाच्यम् । शुक्तिरजतादिवत् सम्प्रयोगसंस्कारदोषरूपेण, अधिष्ठानज्ञानसंस्कारदोषरूपेण वा कारणत्रयेणाजन्यतया कल्पनासमसमयत्वाभावेऽपि ज्ञानैकनिवर्त्यत्वरूपस्य, सदसद्विलक्षणत्वरूपस्य, प्रतिपन्नोपाधिगतत्रैकालिकनिषेधप्रतियोगित्वरूपस्य वा मिथ्यात्वस्याभ्युपगमात् । सत्यत्वपक्षे प्रपञ्चे उक्तरूपमिथ्यात्वाभावेन ततो भेदात् ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બન્ને પ્રકારના દૃષ્ટિસૃષ્ટિવાદમાં મનનો વિશ્વાસ ન મેળવતા કેટલાક આચાર્યો સૃષ્ટિદૃષ્ટિવાદને પસંદ કરે છે—શ્રુતિમાં બતાવેલા ક્રમથી પરમેશ્વરે સર્જેલું વિશ્વ અજ્ઞાત સત્તાથી યુક્ત છે; તે તે વસ્તુ વિષયક પ્રમાણની પ્રવૃત્તિ થતાં તેની દૃષ્ટિ સિદ્ધ થાય છે.

અને એવી દલીલ કરવી નહિ કે "આમ પ્રપંચ કલ્પિત ન હોય તો શ્રુતિ આદિથી જ્ઞાત થતા, સૃષ્ટિ, પ્રલય આદિવાળા પ્રત્યક્ષ આદિ (પ્રમાણ) થી જ્ઞાત અર્થક્રિયાકારિત્વવાળા તે (પ્રપંચ) નું સત્યત્વ જ સ્વીકૃત થઈ જાય." (આ દલીલ બરાબર નથી) કારણ કે શુક્તિ-રજત આદિની જેમ સંપ્રયોગ, સંસ્કાર અને દોષરૂપ ત્રણ કારણ, અથવા અધિષ્ઠાન–જ્ઞાન, સંસ્કાર અને દોષરૂપ ત્રણ કારણથી ઉત્પન્ન થયેલો ન હોઈને તે (આકાશ આદિ પ્રપંચ) કલ્પના–સમકાલીન નથી તોપણ જ્ઞાન એકલાથી નિવાર્યત્વરૂપ, સદસદ્વિલક્ષણત્વરૂપ, અથવા પ્રતીતની ઉપાધિમાંના ત્રૈકાલિક નિષેધના પ્રતિયોગિત્વરૂપ મિથ્યાત્વ (પ્રપંચમાં) સ્વીકારવામાં આવે છે.

સત્યત્વપક્ષમાં પ્રપંચમાં ઉક્ત રૂપવાળું મિથ્યાત્વ નથી તેથી આનો ભેદ છે (માટે પ્રપંચને મિથ્યા માન્યું છે).

**વિવરણ** : કેટલાક આચાર્યોના મનમાં દૃષ્ટિસૃષ્ટિવાદ વિશ્વાસ જન્માવી શકતો નથી, તેઓ તેના પ્રામાણિકત્વનો નિશ્ચય કરી શકતા નથી. તેનું કારણ એ છે કે જાગ્રત્પ્રપંચને પણ પ્રાતિભાસિક માનવો પડે છે, આકાશ આદિના સર્ગ આદિનો તેમાં નિષેધ છે, કર્મકાંડના અર્થરૂપ કર્મના અનુષ્ઠાનને અધીન સ્વર્ગલોકની પ્રાપ્તિ અને ઉપાસનાકાંડના અર્થરૂપ ઉપાસનાના અનુષ્ઠાનને અધીન બ્રહ્મલોકની પ્રાપ્તિનો નિષેધ, જાગ્રતમાં ચક્ષુ આદિની અનુવિધાયી પ્રતીતિનો ભ્રમ તરીકે સ્વીકાર—આ બધાંનો દૃષ્ટિસૃષ્ટિવાદ સ્વીકારતાં અંગીકાર કરવો પડે છે. તેના કરતાં સૃષ્ટિદૃષ્ટિવાદ સ્વીકાર્ય છે—શ્રુતિમાં બતાવેલા ક્રમ પ્રમાણે પરમેશ્વરે ઉત્પન્ન કરેલું જગત્ અજ્ઞાત છે અને જે જે પદાર્થોને વિષે પ્રત્યક્ષાદિ પ્રમાણ પ્રવૃત્ત થાય છે તેમનું જ્ઞાન થાય છે.

**શંકા** : આમ હોય તો પ્રપંચની સત્યતાનો જ સ્વીકાર થઈ ગયો કહેવાય. પ્રપંચ સત્ય છે કારણ કે શ્રુતિથી સિદ્ધ છે, બ્રહ્મની જેમ. તે સ્વરૂપથી પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ હોવા છતાં સૃષ્ટિ, પ્રલય આદિથી વિશિષ્ટ તરીકે શ્રુતિ, સ્મૃતિ આદિથી સિદ્ધ છે. એમ પણ દલીલ કરી શકાય કે પ્રપંચ સત્ય છે, અર્થક્રિયાકારી છે તેથી, સષ્ટિ આદિ અર્થક્રિયા કરનાર બ્રહ્મની જેમ. પૃથ્વી, જળ આદિમાં 'અર્થક્રિયાકારિત્વ' હેતુ પ્રત્યક્ષાદિથી સિદ્ધ છે તેથી હેતુ અસિદ્ધ નથી.

**ઉત્તર** : પ્રપંચને સત્ય સિદ્ધ કરવામાં આ હેતુઓ પ્રયોજક નથી. દૃષ્ટિસૃષ્ટિવાદીને માન્ય કલ્પનાસમસમયત્વ આકાશાદિપ્રપંચમાં, શુક્તિરજત આદિમાં છે, તેમ નથી. તેમ છતાં સૃષ્ટિદૃષ્ટિવાદ અનુસાર પારમાર્થિકત્વથી વિરુદ્ધ મિથ્યાત્વ તેમાં માનવામાં આવે છે શુક્તિ-રજત આદિ કલ્પનાસમસમય છે તેનું કારણ એ કે એ સંપ્રયોગ (ઇન્દ્રિયસંનિકર્ષ), સંસ્કાર અને દોષથી ઉત્પાદિત છે. સ્વપ્નભ્રમમાં સંપ્રયોગ નથી હોતો પણ તે અધિષ્ઠાનજ્ઞાન, સંસ્કાર

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને દોષ એ ત્રણ કારણથી ઉત્પન્ન થયેલો હોય છે તેથી કલ્પનાસમસમય છે. કલ્પનાસમસમય ન હોવા છતાં આકાશ આદિ પ્રપંચ મિથ્યા તો છે જ.

મિથ્યાત્વનું ત્રિવિધ નિર્વચન છે. અધિષ્ઠાનના સમ્યગ્જ્ઞાન માત્રથી જેની નિવૃત્તિ થઈ શકે તે મિથ્યા હોય છે— જેમ કે અધિષ્ઠાનભૂત શુક્તિના સમ્યગ્જ્ઞાન માત્રથી અધ્યસ્ત રજતની નિવૃત્તિ થાય છે. બીજું નિર્વચન એ કે જે સદ્-અસદ્-વિલક્ષણ હોય તે મિથ્યા. કેવળ સદ્વિલક્ષણને મિથ્યા કહેતાં લક્ષણ અસત્ શશશૃંગને લાગુ પડત; અને કેવળ અસદ્-વિલક્ષણ કહેતાં લક્ષણ સત્ બ્રહ્મને લાગુ પડત. આ અતિવ્યાપ્તિ દોષ ટાળવાને માટે 'સદસદ્-વિલક્ષણ' એમ 'મિથ્યા'નું લક્ષણ છે. ત્રીજું લક્ષણ —અધિષ્ઠાનમાં જ્ઞાત જે અત્યન્તાભાવ તેનો જે પ્રતિયોગી તે મિથ્યા. જેમ કે શુક્તિરજતના ઉપાધિ કે અધિષ્ઠાનરૂપ શુક્તિમાં રહેનાર 'જ્ઞાત થતા શુક્તિ-રજતનો' ત્રૈકાલિકનિષેધરૂપ અત્યન્તાભાવ છે—શુક્તિમાં રજત નથી, નહોતું અને હશે નહીં; આ અત્યન્તાભાવનું પ્રતિયોગી રજત છે તેથી તે મિથ્યા છે. મિથ્યાત્વનાં ત્રણેય લક્ષણ પ્રપંચને લાગુ પડે છે. આકાશ આદિ પ્રપંચનો બ્રહ્મરૂપ અધિષ્ઠાનના સાક્ષાત્કારથી જ બાધ થાય છે. ઘટાદિને સત્ય માનનાર પક્ષમાં પણ જ્ઞાનથી તેમનો નાશ થઈ શકે ('હું ઘટનો નાશ કરું'—એ સંકલ્પથી, પણ માત્ર જ્ઞાનથી નહિ) તેથી અહીં જ્ઞાન એકથી જ નાશ થઈ શકે એમ કહ્યું છે. સત્ય વસ્તુનો નાશ માત્ર જ્ઞાનથી થાય છે એમ સત્યત્વવાદી સ્વીકારતા નથી. તેથી આ સૃષ્ટિદૃષ્ટિવાદનો સત્યત્વવાદથી ભેદ નથી એમ નહિ. વળી સત્યત્વવાદી પ્રપંચને સદ્રૂપ માને છે, તેઓ તેને સદ્વિલક્ષણ નહીં માને એથી આ બાબતમાં પણ ભેદ નથી એમ નહિ. સત્યત્વવાદી ઘટાદિના ઉપાદાનમાં ઘટાદિનો ત્રૈકાલિક નિષેધ સ્વીકારતા નથી, જ્યારે અહીં પ્રપંચનો તેના ઉપાદાન બ્રહ્મમાં ત્રૈકાલિક નિષેધ માન્યો છે. આ ત્રીજા લક્ષણમાં પણ સત્યત્વવાદીથી ભેદ છે. આમ સૃષ્ટિદૃષ્ટિવાદમાં પણ જગત્ મિથ્યા જ માનવામાં આવે છે.

नन्वेवमहङ्कारतद्धर्माणामपि उक्तरूपमिथ्यात्वं वियदादिवत् कल्पितत्वाभावेऽपि सिध्यतीति भाष्यटीकाविवरणेषु तदध्यासे कारणत्रितयसम्पादनादियत्नो व्यर्थ इति चेत्,

अहङ्कारादीनामपि केवलसाक्षिवेद्यतया शुक्तिरजतवत् प्रातिभासिकत्वमभिमतमिति चित्सुखाचार्याः ॥

अभ्युपेत्यवादमात्रं तत् । 'अद्वितीयाधिष्ठानब्रह्मात्मप्रमाणस्य चैतन्यस्य' इत्यादितत्रत्यकारणत्रितयसम्पादनग्रन्थस्य चैतन्यस्य प्रमाकरणत्वे वेदान्तकरणत्वादिकल्पनाभङ्गप्रसङ्गेन प्रौढिवादत्वस्य स्फुटत्वादिति रामाद्वयाचार्याः ॥७॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(દૃષ્ટિસૃષ્ટિવાદીને) શંકા થાય કે આમ (—મિથ્યાત્વનું આવું લક્ષણ માનતાં) આકાશ આદિની જેમ અહંકાર અને તેના ધર્મો કલ્પિત (પ્રાતિભાસિક) ન હોય તો પણ તેમનું ઉક્તરૂપ મિથ્યાત્વ સિદ્ધ થાય છે તેથી ભાષ્ય, ટીકા અને વિવરણમાં તેના (અહંકારાદિ)ના અધ્યાસની બાબતમાં ત્રણ કારણોના સંપાદન આદિને વિષે જે યત્ન કર્યો છે તે વ્યર્થ છે. (આ શંકાનો ઉત્તર છે કે એવું નથી). અહંકાર આદિ પણ કેવળ સાક્ષીથી વેદ્ય હોવાથી શુક્તિરજતની જેમ તેમનું પ્રાતિભાસિકત્વ માન્યું છે એમ ચિત્સુખાચાર્ય કહે છે.

રામાદ્વયાચાર્ય કહે છે કે તે માત્ર અભ્યુપેત્યવાદ છે.

'અદ્વિતીય અધિષ્ઠાનરૂપ બ્રહ્માત્મામાં ચૈતન્ય પ્રમાણ છે' ઇત્યાદિ ત્યાંના (ભાષ્ય, ટીકા, વિવરણમાં કહેલા) ત્રણ કારણનું સંપાદન કરનાર ગ્રંથનું પ્રૌઢિવાદ હોવું સ્પષ્ટ છે, કારણ કે ચૈતન્ય પ્રમાનું કરણ હોય તો વેદાન્ત (બ્રહ્મપ્રમાનાં) કરણ છે ઇત્યાદિ કલ્પનાનો ભંગ પ્રસક્ત થાય છે. (એમ રામાદ્વયાચાર્યનો મત છે.) (૭)

**વિવરણ :** દૃષ્ટિસૃષ્ટિવાદી શંકા કરે છે કે જ્ઞાનૈકનિવર્ત્યત્વ આદિ મિથ્યાત્વનું લક્ષણ જો આકાશ આદિની જેમ અહંકાર અને તેના ધર્મોમાં પણ હોય અને તે પ્રાતિભાસિક ન હોય તો ભાષ્ય, ટીકા અને વિવરણમાં અહંકારાદિના અધ્યાસને માટે ત્રણ કારણો મેળવી આપવાનો અને ચિદાત્મા તેનું અધિષ્ઠાન છે એમ સિદ્ધ કરવાનો આટલો બધો પ્રયત્ન કર્યો છે તે વ્યર્થ ઠરે છે. આનો ઉત્તર ચિત્સુખાચાર્ય અને રામાદ્વયાચાર્ય જુદી જુદી રીતે આપે છે. ચિત્સુખાચાર્ય માને છે કે અહંકાર અને તેના ધર્મો શુક્તિરજતની જેમ કેવળ સાક્ષિવેદ્ય હોઈને પ્રાતિભાસિક જ છે તેથી ત્યાં ભાષ્યાદિગ્રંથોમાં ત્રણ કારણના સંપાદનનો પ્રયત્ન વ્યર્થ નથી.

રામાદ્વયાચાર્ય માને છે કે અહંકાર અને તેના ધર્મો કેવળ સાક્ષિવેદ્ય હોવા છતાં શુક્તિરજત આદિની જેમ તેમને પ્રાતિભાસિક માની શકાય નહિ, કારણ કે વ્યવહારકાળમાં તેમનો બાધ થતો જોવામાં આવતો નથી. આમ વસ્તુતઃ તે પ્રાતિભાસિક છે એમ માની લઈને ત્યાં ભાષ્યાદિના ગ્રંથમાં કારણ–ત્રયસંપાદનને વિષે પ્રયત્ન કર્યો છે. આમ કામચલાઉ માની લેવું, અને વસ્તુના સ્વરૂપને ધ્યાનમાં ન રાખવું તેને अभ्युपेत्य वाद કે प्रौढिवाद કહે છે अद्वितीयाधिष्ठान... એવું પ્રતિપાદન કરનાર ટીકા, વિવરણ આદિમાંનો ગ્રંથ પ્રૌઢિવાદનો આશ્રય લે છે એ સ્પષ્ટ છે. જો અહીં કહ્યું છે તેમ ચૈતન્ય બ્રહ્મપ્રમા (બ્રહ્મના સમ્યગનુભવ)નું કરણ છે એમ માનવામાં આવે તો 'तं तु औपनिषदं पुरुषं पृच्छामि' એ શ્રુતિ અનુસાર વેદાન્ત જ બ્રહ્મપ્રમાનું કરણ છે એ જે કલ્પના છે, અને વેદાન્તવાક્યજન્ય બ્રહ્મપ્રમા અપરોક્ષ છે એવી જે કલ્પના છે તેના ભંગનો પ્રસંગ આવે. માટે વાસ્તવમાં અહંકાર અને તેના ધર્મો પ્રાતિભાસિક ન હોવા છતાં તેમને તેવા માનીને ચર્ચા કરી છે એમ રામાદ્વયાચાર્ય કહે છે.

પ્રકૃત શંકા અને ચર્ચાનું બીજ છે तथान्तःकरणधर्मान् कामसंकल्पविचिकित्साध्यवसायादीन् । एवमहंप्रत्ययिनम् अशेषस्वप्रचारसाक्षिणि प्रत्यगात्मन्यध्यस्य तं च प्रत्यगात्मानं



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

सर्वसाक्षिकं तद्विपर्ययेणान्तःकरणादिष्वध्यस्यति ।......(બ્ર સૂ. શાંકરભાષ્ય — અધ્યાસભાષ્ય); युष्मदर्थलक्षणापन्नोऽहङ्कारोऽध्यस्त इति...ननु बहिरर्थकरणदोषोऽर्थागतः...न त्विह कारणान्तरायत्ता ઇત્યાદિ ટીકા, અને अद्वितीयचैतन्यात्मनि ઇત્યાદિ વિવરણ જેનાથી અહંકાર આદિનો અધ્યાસ સિદ્ધ કરવામાં આવ્યો છે. (૭)

(૮) ननु दृष्टिसृष्टिवादे सृष्टिदृष्टिवादे च मिथ्यात्वसंप्रतिपत्तेः कथं मिथ्याभूतस्यार्थक्रियाकारित्वम्? स्वप्नवदिति ब्रूमः। ननु स्वाप्नजलादिसाध्यावगाहनादिरूपाऽर्थक्रिया असत्यैव । किं नु जाग्रज्जलादिसाध्या सा सत्या ? अविशिष्टमुभयत्रापि स्वसमानसत्ताकार्थक्रियाकारित्वमिति केचित् ॥

પ્રશ્ન થાય કે દૃષ્ટિસૃષ્ટિવાદમાં અને સૃષ્ટિદૃષ્ટિવાદમાં મિથ્યાત્વ માનવામાં આવતું હોવાથી, મિથ્યાભૂત પદાર્થની અર્થક્રિયાકારિતા (સફળ પ્રવૃત્તિ) કેવી રીતે થાય છે ? સ્વપ્નની જેમ એમ કહીએ છીએ. શંકા થાય કે સ્વપ્નજળ આદિથી સાધ્ય અવગાહન આદિરૂપ અર્થક્રિયા અસત્ય જ છે. (આનો ઉત્તર છે કે) શું જાગ્રત્કાલીન જળ આદિથી સાધ્ય (અવગાહનાદિરૂપ અર્થક્રિયા) સાચી જ છે? બંને જગ્યાએ (જાગ્રત્ અને સ્વપ્ન બંને અવસ્થામાં) પોતાની (અર્થક્રિયાની હેતુભૂત વસ્તુ) સાથે સમાન સત્તાવાળું અર્થક્રિયાકારિત્વ સમાન છે એમ કેટલાક કહે છે. (૮)

વિવરણ : દૃષ્ટિસૃષ્ટિવાદ અને સૃષ્ટિદૃષ્ટિવાદ બંને એ બાબતમાં સંમત છે કે પદાર્થો મિથ્યા છે, તો પછી અર્થક્રિયાકારિત્વ—સફળ પ્રવૃત્તિ કરનારાં હોવું—એ કેવી રીતે સંભવે છે. અર્થક્રિયાકારિત્વ સત્યત્વનું પ્રયોજક છે. મિથ્યા એવા શુક્તિરજતથી કડું નથી બનતું જ્યારે રજતથી બને છે. આનો ઉત્તર એ છે કે અર્થક્રિયાકારિત્વ પરમાર્થ હોવાને વિષે પ્રયોજક નથી. મિથ્યા સ્વપ્નજળ આદિથી પણ અર્થક્રિયા સંભવે છે. જો એમ કહેવામાં આવે કે સ્વપ્નની આ અર્થક્રિયા અસત્ય છે માટે સત્ય અર્થક્રિયા સત્યત્વનું પ્રયોજક છે, તો એ વાત પણ બરાબર નથી, કારણ કે જાગ્રત્કાલીન અર્થક્રિયા પણ સત્ય—ત્રિકાલાબાધિત—છે એવું તો નથી જ. સ્વપ્નજળ પોતાના સમયમાં અર્થક્રિયા કરી શકે છે તેમ જાગ્રત્કાલીન જળ પણ પોતાના સમયમાં જ અર્થક્રિયા કરી શકે છે. જાગ્રત્કાલીન જલથી સાધ્ય અવગાહન સ્વપ્નમાં રહેતું નથી, જેમ સ્વપ્નજળથી અવગાહન જાગ્રત્કાળમાં રહેતું નથી. પોતાના સમયમાં જ અર્થક્રિયાકારિત્વ હોય તેટલાથી વસ્તુનું પરમાર્થત્વ સિદ્ધ થતું નથી.

'अर्थक्रिया असत्यैव' —અર્થક્રિયા અસત્ય જ છે, અર્થાત્ સત્ય નથી. બીજો પાઠ છે 'अर्थक्रिया असत्येव' —અર્થક્રિયા અસત્માં જ છે, અર્થાત્ સત્માં નથી. અસત્ એવા સ્વપ્નદેહનું જ સ્નાન સ્વપ્નજળથી જ શક્ય છે, સત્ય દેહનું નહિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अद्वैतविद्याचार्यास्त्वाहुः–स्वाप्नपदार्थानां न केवलं प्रबोधबाध्यार्थक्रियामात्रकारित्वम्, स्वाप्नाङ्गनाभुजङ्गमादीनां तदबाध्यसुखभयादिजनकत्वस्यापि दर्शनात् । स्वाप्नविषयजन्यस्यापि हि सुखभयादेः प्रबोधानन्तरं न बाधोऽनुभूयते, प्रत्युत प्रबोधानन्तरमपि मनःप्रसादशरीरकम्पमादिना सह तदनुवृत्तिदर्शनात् प्रागपि सत्त्वमेवावसीयते । अत एव प्राणिनां पुनरपि सुखजनकविषयगोचरस्वप्ने वाञ्छा, अतादृशे च स्वप्ने प्रद्वेषः । सम्भवति च स्वप्नेऽपि ज्ञानवद् अन्तःकरणवृत्तिरूपस्य सुखभयादेरुदयः । न च स्वाप्नाङ्गनादिज्ञानमेव सुखादिजनकम्, तच्च सदेवेति वाच्यम् । तस्यापि दर्शनस्पर्शनादिवृत्तिरूपस्य स्वप्नप्रपञ्चसाक्षिण्यध्यस्तस्य कल्पनामात्रसिद्धत्वात् । न ह्युपरतेन्द्रियस्य चक्षुरादिवृत्तयः सत्याः सम्भवन्ति । न च तद्विषयापरोक्ष्यमात्रं सुखजनकम्, तच्च साक्षिरूपं सदेवेति वाच्यम् । दर्शनात् स्पर्शने कामिन्याः, पदा स्पर्शनात्पाणिना स्पर्शने, भुजङ्गस्यामर्मस्थले स्पर्शनाद् मर्मस्थले स्पर्शने सुखविशेषस्य भयविशेषस्य चानुभवसिद्धत्वेन स्वप्नेऽपि तत्तत्सुखभयादिविशेषस्य कल्पितदर्शनस्पर्शनादिवृत्तिविशेषजन्यत्वस्य वक्तव्यत्वादिति ।

જ્યારે અદ્વૈતવિદ્યાચાર્ય કહે છે કે સ્વપ્ન–પદાર્થોની જાગવાથી બાધિત થાય એવી જ કેવળ અર્થક્રિયાકારિતા નથી, કારણ કે સ્વપ્નકાલીન અંગના, ભયંકર સર્પ વગેરે તેનાથી (જાગરણથી) બાધિત ન થતાં એવાં સુખ, ભય આદિનાં જનક જોવામાં આવે છે. એ જાણીતું છે કે સ્વપ્નવિષયથી ઉત્પન્ન થયેલાં સુખ, ભય આદિનો બાધ જાગરણ પછી અનુભવાતો નથી. ઊલટું, જાગ્યા પછી પણ મનની પ્રસન્નતા, શરીરના કમ્પ આદિની સાથે તેની (સુખાદિની) અનુવૃત્તિ જોવામાં આવતી હોવાથી, પહેલાં પણ (જાગરણ પહેલાં પણ) તેમના (સુખાદિના) અસ્તિત્વનો જ નિશ્ચય થાય છે. માટે જ પ્રાણીઓને ફરીથી પણ સુખજનક વિષયો વિષયક સ્વપ્નની ઇચ્છા થાય છે અને તેના જેવું ન હોય તેવા સ્વપ્ન વિષે દ્વેષ થાય છે. અને સ્વપ્નમાં પણ જ્ઞાનની જેમ અંતઃકરણવૃત્તિરૂપ સુખ, ભય આદિનો ઉદય (ઉત્પત્તિ) સંભવે છે.

અને 'સ્વપ્નકાલિક અંગના આદિનું જ્ઞાન જ સુખ આદિને ઉત્પન્ન કરનારું છે અને એ તો સત્ય જ છે' એમ કહેવું નહિ. (આ દલીલ બરાબર નથી) કારણ કે તે (જ્ઞાન), જે દર્શન, સ્પર્શન આદિ વૃત્તિરૂપ છે અને સ્વપ્નપ્રપંચના સાક્ષીમાં અધ્યસ્ત છે, તે પણ કેવળ કલ્પનાથી સિદ્ધ છે. એ દેખીતું છે કે જેની ઇન્દ્રિયો કામ કરતી અટકી ગઈ છે તેવા (પ્રાણી)ની ચક્ષુ આદિના વૃત્તિઓ સત્ય હોઈ શકે નહિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને એમ કહી શકાય નહિ કે 'તે (સ્વપ્નકાલીન) વિષયની માત્ર અપરોક્ષતા સુખજનક છે અને એ સાક્ષિરૂપ હોઈને સત્ય જ છે.' (આ દલીલ બરાબર નથી) કારણ કે કામિનીના દર્શન કરતાં સ્પર્શ કરવામાં, પગથી સ્પર્શ કરવા કરતાં હાથથી સ્પર્શ કરવામાં, ભયંકર સર્પના મર્મસ્થળ નહિ એવા સ્થળમાં સ્પર્શ કરવા કરતાં મર્મસ્થળમાં સ્પર્શ કરવામાં સુખવિશેષ (ખાસ પ્રકારનું સુખ) અને ભયવિશેષ અનુભવથી સિદ્ધ હોવાથી સ્વપ્નમાં પણ તે તે સુખવિશેષ, ભયવિશેષ આદિ કલ્પિત દર્શન, સ્પર્શન આદિ વૃત્તિવિશેષથી ઉત્પન્ન થાય છે એમ કહેવું પડશે.

[વિવરણ : અદ્વૈતવિદ્યાચાર્યના મતમાં સ્વપ્નકાલીન પદાર્થોની પણ અર્થક્રિયાકારિતા સત્ય છે એમ કહીને મૂળ પ્રશ્નનો ઉત્તર આપ્યો છે. જાગતાં બાધિત થાય તે અર્થક્રિયા પ્રાતિભાસિક અને જાગતાં બાધિત ન થાય તે અર્થક્રિયા સ્વપ્નકાલીન હોવા છતાં તેનું વ્યાવહારિક સત્ય જ છે એવો વિભાગ છે. આમ સ્વપ્નકાલીન પદાર્થોનું કેવળ પ્રાતિભાસિક અર્થક્રિયાકારિત્વ નથી હોતું, પરંતુ વ્યાવહારિક અર્થક્રિયાકારિત્વ પણ હોય છે. સ્વપ્ન-સ્ત્રી વગેરે પ્રબોધ (જાગવા)થી બાધિત ન થાય તેવા ભય, કંપ આદિ કરનારાં છે એમ આપણે જોઈએ છીએ. આમ પદાર્થો મિથ્યા હોય તો પણ અર્થક્રિયાકારી હોઈ શકે છે, તેમના અર્થક્રિયાકારિત્વમાં કોઈ અનુપપત્તિ નથી. જાગ્યા પછી પણ 'સ્વપ્નકાળમાં મને સુખ, ભય આદિ નહોતાં થયાં' એમ સુખ, ભય આદિનો બાધ અનુભવાતો નથી. ઊલટું જાગ્યા પછી પણ વર્તમાન સુખાનુભવના કાર્યરૂપ એવી મનની પ્રસન્નતા અને વર્તમાન વ્યથા કે દુઃખાનુભવના કાર્યરૂપ શરીરકંપ આદિ થાય છે તેથી જ્ઞાન થાય છે કે જાગ્યા પછી પણ સુખ, ભય, દુઃખની અનુવૃત્તિ છે આમ પ્રબોધ પછી પણ ચાલુ રહેતાં ભય આદિ સત્ય હોવાથી એવો નિશ્ચય થાય છે કે જાગ્યા પહેલાં પણ એ સત્ય હતાં સ્વપ્નકાલીન સુખ, ભય આદિ પણ જાગ્રત્-સુખ આદિની જેમ વ્યાવહારિક સત્ય છે, તે પ્રાતિભાસિક નથી કારણ કે પ્રબોધ પછી પણ તેમનો બાધ થતો નથી, અને પ્રબોધ પછી પણ તેમની અનુવૃત્તિ છે એવો નિષ્કર્ષ આમાંથી પ્રાપ્ત થાય છે. માટે પ્રાણીઓને તીવ્ર ઇચ્છા થાય છે કે સુખજનક વિષય અંગે સ્વપ્ન ફરી આવે અને દુઃખજનક વિષય અંગે સ્વપ્ન ન આવે,

(શંકા–) સ્વપ્નમાં બધું વાસના માત્ર છે તેથી સત્ય ભય આદિનો સંભવ ક્યાંથી હોય ? (ઉત્તર) 'तदेतत सर्वं येन स्वप्नं पश्यति' એ શ્રુતિ અનુસાર કલ્પતરુના કર્તાએ માનસવૃત્તિરૂપ જ્ઞાન સ્વપ્નમાં છે એમ સ્વીકાર્યું છે. તેની જેમ અન્તઃકરણના પરિણામરૂપ ભય આદિ વ્યાવહારિક હોઈ શકે. તેનાથી અતિરિક્ત જે પદાર્થ છે તે જ વાસનાના પરિણામ હોઈને તેમને પ્રાતિભાસિક માન્યાં છે.

(શંકા–) સ્વપ્નકાલીન ભય આદિ સર્પ, સ્ત્રી આદિ પદાર્થોથી ઉત્પન્ન થતાં નથી પણ તેમના જ્ઞાનથી ઉત્પન્ન થાય છે. આમ જ્ઞાન સત્ય છે તેથી અસત્યમાંથી સત્ય કાર્યની પણ ઉત્પત્તિ સ્વપ્નમાં જોવામાં આવે છે એમ કહેવું યુક્તિયુક્ત નથી.

એ જ્ઞાન સત્ય જ છે એમ કહો છો તો તમારે એ કહેવું પડશે કે એ જ્ઞાન માત્ર મનથી ઉત્પન્ન થયેલી વૃત્તિરૂપ છે કે ચક્ષુ આદિથી જન્ય વૃત્તિરૂપ છે કે કેવળ સાક્ષીરૂપ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જો એ મનોમાત્રજન્ય વૃત્તિરૂપ હોય તો શું વૃત્તિમાત્ર ભય આદિનો હેતુ છે કે સ્વાપ્ન સર્પ આદિરૂપ વિષયથી વિશેષિત વૃત્તિ ભય આદિનો હેતુ છે? પહેલો વિકલ્પ યુક્ત નથી કારણ કે એવું હોય તો ગમે તે વિષય અંગેના વૃત્તિરૂપ જ્ઞાનથી ભય આદિ થવાં જોઈએ. બીજો વિકલ્પ પણ બરાબર નથી કારણ કે વૃત્તિમાત્ર સત્ય હોય તો પણ તેનો વિષય અસત્ય હોવાથી, તેનાથી વિશિષ્ટ વૃત્તિ પણ પ્રાતિભાસિક હોવાની. આમ પ્રાતિભાસિક જ્ઞાનથી વ્યાવહારિક અર્થક્રિયાની ઉત્પત્તિમાં તે ઉદાહરણ થાય છે—એમ માનીને પ્રથમ ત્રણ વિકલ્પોમાંથી બીજા વિકલ્પના ખંડનમાં કહી શકાય કે ઇન્દ્રિય જ કામ કરતી અટકી ગઈ હોય તો ચક્ષુ આદિથી જન્ય વૃત્તિ સત્ય ન સંભવે. તેથી ચક્ષુ આદિથી જન્ય વૃત્તિજ્ઞાન સત્ય નથી. (तस्यापि=ज्ञानस्यापि). ત્રીજો વિકલ્પ કે જ્ઞાન સાક્ષીરૂપ અને તેથી સત્ છે એ પણ યુક્ત નથી. સુંદર સ્ત્રીના દર્શનથી થાય છે તેના કરતાં તેને સ્પર્શ કરવાથી વધારે સુખ થાય છે. અને તેને જ પગથી સ્પર્શ કરવાથી થાય છે તેના કરતાં હાથથી સ્પર્શ કરવાથી વધારે સુખ થાય છે એ અનુભવથી સિદ્ધ છે. એ જ રીતે ભયંકર સર્પની પૂંછડી કે એવા કોઈ ભાગને સ્પર્શ કરવાથી ભય થાય છે તેના કરતાં મર્મસ્થળ માથાપર સ્પર્શ કરવાથી વિશેષ ભય થાય છે એ અનુભવથી સિદ્ધ છે. જાગ્રત્ અવસ્થામાં માત્ર વિષયની અપરોક્ષતાથી સુખવિશેષ કે દુઃખવિશેષ થતા નથી, પણ દર્શન, સ્પર્શન આદિરૂપ વૃત્તિવિશેષથી વિશિષ્ટ એવી જે કાર્યવિષયની અપરોક્ષતા તેનાથી થાય છે, કારણ કે માત્ર વિષયની અપરોક્ષતા એકરૂપ હોવાથી વિશેષની પ્રયોજક બની શકે નહિ. તેવું જ સ્વપ્નમાં પણ હોવું જોઈએ. આમ સ્વપ્નમાં તે તે વિષયની માત્ર અપરોક્ષતા જે સાક્ષીરૂપ છે તે સત્ય હોવા છતાં, સુખ ભય આદિ ઉત્પન્ન કરનાર જે પ્રાતિભાસિક દર્શન, સ્પર્શન આદિ વૃત્તિવિશેષથી વિશિષ્ટ તે તે વિષયની અપરોક્ષતા છે તે પ્રાતિભાસિક છે. તેથી પ્રાતિભાસિકથી વ્યાવહારિક સુખ, ભય આદિનો સંભવ છે (એમ અદ્વૈતવિદ્યાચાર્ય કહે છે).

**तथा जागरे घटादिप्रकाशनक्षमतत्रत्यपुरुषान्तरनिरीक्ष्यमाणालोकवत्यपवरके सद्यः प्रविष्टेन पुंसा कल्पितस्य सन्तमसस्य प्रसिद्धसन्तमसोचितार्थक्रियाकारित्वं दृष्टम् । तेन तं प्रति घटाद्यावरणं, दीपाद्यानयने तदपसरणं, तन्नयने पुनरावरणमित्यादेर्दर्शनादित्यपि केचित् ॥**

તેમ જાગ્રત્ અવસ્થામાં (પણ) ઘટાદિનું પ્રકાશન કરવા સમર્થ, અને ત્યાં રહેલા બીજા પુરુષોથી જોવામાં આવતા એવા પ્રકાશવાળી ઓરડીમાં તરત જ દાખલ થયેલા પુરુષથી કલ્પિત જે અંધકાર છે તે પ્રસિદ્ધ અંધકારને ઉચિત અર્થક્રિયા કરતો જોવામાં આવે છે કારણ કે તે (અંધકાર)થી તે (પુરુષ)ની પ્રતિ ઘટાદિનું આવરણ, દીપ આદિ લાવતાં તેનું અપસરણ, તે (દીપ આદિ) લઈ જતાં ફરી આવરણ આદિ (અર્થક્રિયા) જોવામાં આવે છે એમ પણ કેટલાક કહે છે.

**વિવરણ :** સ્વપ્નાવસ્થાની જેમ જાગ્રત્ અવસ્થામાં પણ અસત્યથી સત્ય અર્થક્રિયા શક્ય છે એમ કેટલાક કહે છે. એક નાની ઓરડી હોય ત્યાં ઘડા વગેરેનું પ્રકાશન કરી શકે એટલો પ્રકાશ છે અને એ પ્રકાશનો અનુભવ એ ઓરડીમાંના બીજા માણસોને થાય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે એટલે પ્રકાશ છે એમાં શંકા નથી આ ઓરડીમાં અચાનક કોઈ માણસ દાખલ થાય તો તેને અંધારું લાગે છે અને આ કલ્પિત અધંકાર સાચા, બધાને જાણતા અધકાર જેવું કામ કરે છે—આવરણાદિ કરવાનું, તેથી કેટલાકના મતે જાગ્રત્‌અવસ્થામાં પણ અસત્યની સત્ય અર્થક્રિયાકારિતા હોય છે

अन्ये तु पानावगाहनाद्यर्थक्रियायां जलादिस्वरूपमात्रमुपयोगि न तद्गतं सत्यत्वम् । तस्य कारणत्वतदवच्छेदकत्वयोरभावादिति किं तेन । न चैवं सति मरुमरीचिकोदकशुक्तिरजतादेरपि प्रसिद्धोदकाद्युचितार्थ-क्रियाकारित्वप्रसङ्गः । 'मरीचिकोदकादावुदकत्वादिजातिर्नास्तीति तद्विषयक-भ्रमस्य उदकशब्दोल्लेखित्वं तदुल्लेखिपूर्वानुभवसंस्कारजन्यत्वप्रयुक्तम्' इति तत्त्वशुद्धिकारादिमते तत्तदर्थक्रियाप्रयोजकोदकत्वादिजात्यभावादेव तदप्रसङ्गात् ।

જ્યારે **બીજા** કહે છે કે પીવું, નહાવું ઇત્યાદિ અર્થક્રિયામાં જળ આદિનું માત્ર સ્વરૂપ ઉપયોગી છે, તેમાં રહેલું સત્યત્વ નહીં, કારણ કે તે (સાયત્વ)માં કારણત્વ અને તેનું (કારણત્વનું) અવચ્છેદકત્વ નથી, માટે તેનું શું પ્રયોજન? અને 'એમ હોય તો મરુમરીચિકાજળ (મૃગજળ), શુક્તિરજત આદિની પણ પ્રસિદ્ધ જળ આદિને ઉચિત એવી અર્થપ્રક્રિયાકારિતા પ્રસક્ત થશે'—એમ (દલીલ કરવી) નહિ. મરીચિકાજળ આદિમાં જલત્વ આદિ જાતિ નથી માટે તેને વિષેનો ભ્રમ જળ શબ્દના ઉલ્લેખવાળો છે તે તે ઉલ્લેખવાળા પૂર્વ અનુભવના સંસ્કારથી જન્મે છે તેને કારણે છે'—એ તત્ત્વશુદ્ધિકાર આદિના મતમાં તે તે અર્થક્રિયામાં પ્રયોજક (કારણભૂત) જલત્વ આદિ જાતિના અભાવથી જ તેનો (પ્રસિદ્ધ જળ આદિના જેવા અર્થકારિત્વનો) પ્રસંગ નથી (તેથી ઉપર્યુક્ત દલીલ બરાબર નથી).

**વિવરણ** : જગતને સત્ય માનનારા પણ એમ નહીં કહી શકે કે અર્થક્રિયાકારિત્વ એટલે જ સત્યત્વ, કારણ કે અર્થક્રિયાની ઉત્પત્તિ ન હોય એવી દશામાં પણ ઘટ આદિ સત્ય હોય છે. પણ એમ કહી શકે કે 'સત્યત્વ અર્થક્રિયાનું પ્રયોજક છે'. તો શું સત્યત્વ અર્થક્રિયાના કારણ તરીકે અભિપ્રેત છે કે કારણતાવચ્છેદક તરીકે? એમાંથી કોઈ વિકલ્પ યુક્ત નથી. જળ આદિ સ્વરૂપ જ કારણ તરીકે ઉપયોગી છે અને જલત્વ આદિ સ્વરૂપ જ કારણતાવચ્છેદક તરીકે ઉપયોગી છે. (મૂળમાં 'જલાદિ' પદ છે તે જલત્વ આદિનો પણ સંગ્રહ કરનારો છે એમ સમજવું જોઈએ), પણ અર્થક્રિયામાં જલ આદિની સત્યતાનો કોઈ ઉપયોગ નથી. જળ આદિના સ્વરૂપથી અતિરિક્ત તરીકે સત્યત્વ કારણ નથી, અને કારણતાનું અવચ્છેદક પણ નથી. આમ સત્ય ન હોય તો પણ પ્રપંચમાં અર્થક્રિયાકારિત્વ સંભવે છે તેથી મિથ્યાત્વનો વિરોધ નથી.

**શંકા** : એવું જો હોય તો મરુમરીચિકા જળથી પણ સ્નાનાદિ અર્થક્રિયા થવી જોઈએ (મરુભૂમિમાં સંસૃષ્ટ કિરણોમાં આરોપિત જળ તે મરુમરીચિકાજળ).

**ઉત્તર** : આ જળ તે જલાભાસ છે તેથી તેમાં જલત્વ જાતિ નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**શંકા :** એવું જો હોય તો 'આ જળ છે' એમ શબ્દના ઉલ્લેખવાળું જ્ઞાન કેવી રીતે થાય છે?

**ઉત્તર :** 'જળ' શબ્દના ઉલ્લેખથી યુક્ત એવો સત્ય જળવિષયક પૂર્વમાં અનુભવ થયો હતો તેનાથી ઉત્પન્ન થયેલા સંસ્કારથી આ મરુમરીચિકાજળનો ભ્રમ જન્મે છે; તેને કારણે આ મરીચિકાજળને માટે પણ 'જલ' શબ્દથી ઉલ્લેખ કરવામાં આવે છે. પ્રસિદ્ધ જળસંબંધી પીવું, નહાવું વગેરે અર્થક્રિયા છે તેમાં જલત્વ જાતિ પ્રયોજક છે, કારણ કે જ્યાં જલત્વ નથી હોતું ત્યાં પાન, સ્નાન આદિ જોવામાં નથી આવતાં. એ જ રીતે પ્રસિદ્ધ રજતની કટક આદિ લક્ષણ અર્થક્રિયા છે તેમાં રજતત્વ પ્રયોજક છે, મરીચિકાજલમાં અર્થક્રિયા-કારિત્વની પ્રયોજક જલત્વ જાતિ ન હોવાથી તેનાથી અર્થક્રિયા થતી નથી, અને અર્થ-ક્રિયાની પ્રસક્તિ પણ નથી.

**तत्राप्युदकत्वादिजातिरस्ति । अन्यथा तद्वैशिष्ट्योल्लेखिभ्रमविरोधाद्, उदकाद्यर्थिनस्तत्र प्रवृत्त्यभावप्रसङ्गाच्चेति प्रातिभासिके पूर्वदृष्टसजातीयत्व-व्यवहारानुरोधिनां मते क्वचिदधिष्ठानविशेषज्ञानेन समूलाध्यासनाशात्, क्वचिदधिष्ठानसामान्यज्ञानोपरमेण केवलाध्यासनाशात्, क्वचित् गुञ्जा-पुञ्जादौ चक्षुषा वह्न्याद्यध्यासस्थले दाहपाकादिप्रयोजकस्योष्णस्पर्शादे-रनध्यासाच्च तत्र तत्रार्थक्रियाऽभावोपपत्तेः । क्वचित् कासाञ्चिदर्थक्रियाणा मिष्यमाणत्वाच्च । मरीचिकोदकादिव्यावर्तकस्यार्थक्रियोपयोगिरूपस्य वक्तव्यत्वे च श्रुतिविरुद्धं प्रत्यक्षादिना दुर्ग्रहं त्रिकालाबाध्यत्वं विहाय दोषविशेषाजन्यरजतत्वादेरेव रजताद्युचितार्थक्रियोपयोगिरूपस्य वक्तुं शक्यत्वाच्च । तस्मान्मिथ्यात्वेऽप्यर्थक्रियाकारित्वसम्भवान्मिथ्यैव प्रपञ्चः, न सत्य इति ॥८॥**

ત્યાં (મરુમરીચિકાજલ આદિમાં) પણ જલત્વ આદિ જાતિ છે; અન્યથા (—તેમનામાં જલત્વ આદિ જાતિ ન હોય તો) તેનાથી વૈશિષ્ટ્યનો ઉલ્લેખ કરનાર ભ્રમ સાથે વિરોધ થાય છે, અને જળ આદિની અભિલાષા રાખનારની ત્યાં પ્રવૃત્તિનો અભાવ પ્રસક્ત થાય છે (—તે મરુમરીચિકાજલ આદિને વિષે પ્રવૃત્તિ નહીં કરે), માટે પ્રાતિભાસિકમાં પહેલાં જોયેલાં (જળ આદિની સજાતીયતાના વ્યવહારનો અનુરોધ કરનારાઓના મતમાં ક્યાંક અધિષ્ઠાનના વિશેષ (ખાસિયત)ના જ્ઞાનથી મૂળસહિત અધ્યાસનો નાશ થાય છે તેથી, ક્યાંક અધિષ્ઠાનના સામાન્ય (અંશ)ના જ્ઞાનના નાશથી કેવળ અધ્યાસનો નાશ થાય છે તથી, અને ક્યાંક ચણોઠીના ઢગલા આદિમાં ચક્ષુથી વહ્નિ આદિનો અધ્યાસ થાય છે ત્યાં દાહ પાક આદિના પ્રયોજક ઉષ્ણ સ્પર્શ આદિનો અધ્યાસ નથી હોતો તેથી ત્યાં ત્યાં અર્થક્રિયાનો અભાવ ઉપપન્ન છે ( —અર્થક્રિયા ન થાય એ સમજી શકાય તેવી વાત છે) (માટે તેઓ પ્રાતિભાસિક મરુમરીચિકાજળ આદિમાં જલત્વાદિ જાતિ છે એમ માને છે). અને ક્યાંક કેટલીક અર્થક્રિયાઓ માનવામાં આવે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મરુમરીચિકાજળ આદિની વ્યાવૃત્તિ કરનારું (તેમને જુદાં પાડનારું) એવું અર્થક્રિયામાં ઉપયોગી રૂપ કહેવાનું હોય તો પણ શ્રુતિથી વિરુદ્ધ, પ્રત્યક્ષાદિથી જેનું ગ્રહણ થવું મુશ્કેલ છે તેવું ત્રિકાલાબાધ્યત્વ છોડીને દોષવિશેષથી ઉત્પાદ્ય નહિ એવું રજતત્વ આદિ જ રજત આદિને ઉચિત અર્થક્રિયામાં ઉપયોગી રૂપ કહી શકાય છે. તેથી (અર્થ) મિથ્યા હોય તો પણ અર્થક્રિયાકારિત્વનો સંભવ છે તેથી પ્રપંચ મિથ્યા જ છે, સત્ય નથી. (૮)

**વિવરણ** : કેટલાક પ્રાતિભાસિક એવા મરુમરીચિકાજળ આદિમાં અર્થક્રિયાકારિત્વની પ્રયોજક જાતિ માનીને પણ અતિપ્રસંગનો પરિહાર કરે છે. જો પ્રાતિભાસિક જળમાં પણ જલત્વ ન હોય તો જલત્વથી વિશિષ્ટ તરીકે તેનું ભ્રાન્ત જ્ઞાન થાય છે તે ન સંભવે અને પ્રષ્ટતાવચ્છેદક જલત્વ આદિથી તે વિશિષ્ટ છે એવું જ્ઞાન ન થતું હોય તો જળની ઇચ્છા રાખનાર તેને વિષે પ્રવૃત્તિ ન કરે. વળી શુક્તિરજત અને સત્ય રજત અર્થાત્ પ્રાતિભાસિક અને વ્યાવહારિક રજતમાં એક રજતત્વ જાતિ ન હોત તો પ્રાતિભાસિક અધ્યાસોમાં પૂર્વદૃષ્ટના સજાતીયનો વ્યવહાર ભાષ્યાદિ ગ્રંથોમાં છે તે ન સંભવત એ ધ્યાનમાં રાખીને પણ પ્રાતિભાસિક જલ આદિમાં જલત્વ આદિ જાતિ માનવી જોઈએ. તો પછી પ્રાતિભાસિક પદાર્થોથી અર્થક્રિયા કેમ નથી થતી? તેમનો સફળ ઉપયોગ કેમ નથી કરી શકાતો? એનો ઉત્તર એ છે કે ક્યાંક એવું બને છે કે દૂરથી મરુમરીચિકાજલનો ભ્રમ થયા પછી નજીક ગયેલા માણસને 'આ જળ નથી, આ તો મરીચિકા છે' એમ વિશેષદર્શન થતાં જલનો અધ્યાસ પોતાના અજ્ઞાનરૂપ મૂળ સાથે જ નાશ પામે છે તેથી અર્થક્રિયાની ઉત્પત્તિ પ્રસક્ત થતી નથી. જ્યાં શુક્તિ આદિમાં રજત આદિના અધ્યાસ પછી વિશેષદર્શન થાય છે ત્યાં ઉપર કહ્યું તેમ થાય છે. પણ જ્યાં આવું વિશેષદર્શન નથી થતું ત્યાં અધ્યાસના અધિષ્ઠાનના સામાન્યજ્ઞાનરૂપ કારણના નાશથી માત્ર રજત આદિના અધ્યાસનો નાશ સંભવે છે અને ત્યાં પણ અર્થક્રિયાની ઉત્પત્તિ પ્રસક્ત થતી નથી. આગળ 'સ્વપ્નની જેમ' એમ કહીને જે કેટલાક પ્રાતિભાસિક પદાર્થોની અર્થક્રિયાકારિતા માની છે તે ઉક્ત અતિપ્રસંગમાં ઇષ્ટાપત્તિ પણ છે.

હવે એમ બતાવે છે કે પ્રાતિભાસિક પદાર્થોમાં અર્થક્રિયાકારિતા નથી હોતી એમ માનીને પણ સત્યત્વ અર્થક્રિયાકારિત્વની પ્રતિ કારણતાવચ્છેદક છે એમ કહી શકાય નહિ. શ્રુતિ તો કહે જ છે કે બ્રહ્મ સિવાય બધું મિથ્યા છે, તેથી અર્થક્રિયાકારી પદાર્થો સત્ય છે માટે અર્થક્રિયાકારી છે એમ કહેવું શ્રુતિથી વિરુદ્ધ છે. માટે સત્ત્વનું અર્થક્રિયાકારિતાના અવચ્છેદક તરીકે ગ્રહણ કરવું હશે તો જ 'સદ્રૂપ રજતથી કડું વગેરે થાય છે, તેનાથી વિલક્ષણ શુક્તિરજતથી કડું વગેરે થતું નથી' એમ અન્વય વ્યતિરેકથી સહકૃત પ્રત્યક્ષથી તે કરવું પડશે પણ તેવું સત્ત્વ મિથ્યાત્વથી વિરુદ્ધ ત્રણે કાળમાં અબાધ્યત્વરૂપ નથી હોતું, કારણ કે ત્રિકાલાબાધ્યત્વ પ્રત્યક્ષથી ગ્રહણ થઈ શકતું નથી. પ્રત્યક્ષ અને શ્રુતિના વિરોધને કારણે અનુમાન આદિથી પણ પ્રપંચમાં ત્રણેય કાળમાં અબાધ્યત્વરૂપ સત્ત્વનું ગ્રહણ થઈ શકતું નથી. તેથી સત્ય છે માટે કોઈ વસ્તુ અર્થક્રિયાકારી છે એમ કહી શકાય નહિ માટે આ વાત પડતી મૂકીને એમ કહેવું જોઈએ કે દોષથી જન્ય નહિ એવા રજતત્વ અને વ્યવહારકાલીન બાધરહિત રજતત્વ આદિ જાતિને લીધે જ રજત આદિના અર્થક્રિયાકારિતા છે. આમ પદાર્થ મિથ્યા હોય તો પણ તેમાં અર્થક્રિયાકારિત્વ સંભવે છે તેથી પ્રપંચ મિથ્યા જ છે, તે સત્ય નથી. (૮)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(९) ननु मिथ्यात्वस्य प्रपञ्चधर्मस्य सत्यत्वे ब्रह्माद्वैतक्षतेस्तदपि मिथ्यैव वक्तव्यमिति कुतः प्रपञ्चस्य सत्यत्वक्षतिः । मिथ्याभूतं ब्रह्मणः सप्रपञ्चत्वं न निष्प्रपञ्चत्वविरोधीति त्वदुक्तरीत्या मिथ्याभूतमिथ्यात्वस्य सत्यत्वाविरोधात् ।

अत्रोक्तमद्वैतदीपिकायाम्—वियदादिप्रपञ्चसमानस्वभावं मिथ्यात्वम् । तच्च धर्मिणः सत्यत्वप्रतिक्षेपकम् । धर्मस्य स्वविरुद्धधर्मप्रतिक्षेपकत्वे हि उभयवादिसिद्धं धर्मिसमसत्त्वं तन्त्रम्, न पारमार्थिकत्वम् । अघटत्वादिप्रतिक्षेपके घटत्वादावस्माकं पारमार्थिकत्वासम्प्रतिपत्तेः । ब्रह्मणः सप्रपञ्चत्वं न धर्म्मिसमसत्ताकमिति न निष्प्रपञ्चत्वप्रतिक्षेपकम् ।

(૯) શંકા થાય કે પ્રપંચનો ધર્મ મિથ્યાત્વ જો સાચો હોય તો બ્રહ્મના અદ્વૈતની ક્ષતિ થાય છે તેથી તે પણ મિથ્યા જ છે એમ (સિદ્ધાન્તીએ) કહેવું પડશે. માટે પ્રપંચના સત્યત્વની ક્ષતિ ક્યાંથી થાય? બ્રહ્મનું મિથ્યાભૂત એવું સપ્રપંચત્વ (પ્રપંચતાદાત્મ્ય) નિષ્પ્રપંચત્વનું (પ્રપંચના અત્યન્તાભાવવાળા હોવું તેનું) વિરોધી નથી એમ તમે કહેલી રીતથી મિથ્યાભૂત એવા મિથ્યાત્વનો સત્યત્વ સાથે વિરોધ નથી (તેથી પ્રપંચ-સત્યત્વની ક્ષતિ નથી).

આ બાબતમાં અદ્વૈતદીપિકામાં કહ્યું છે કે મિથ્યાત્વ આકાશ આદિ પ્રપંચ સાથે સમાન સ્વભાવવાળું છે. અને તે ધર્મીના સત્યત્વનું વિરોધી છે (તેને દૂર કરનારું છે). ધર્મ પોતાનાથી વિરુદ્ધ ધર્મનો વિરોધી બને તેમાં તેનું ધર્મી સાથે સમાન સત્તાવાળું હોવું તે પ્રયોજક છે, અને આ બન્ને પક્ષને સિદ્ધ છે (બન્ને પક્ષને માન્ય છે), ધર્મની પારમાર્થિકતા પ્રયોજક નથી, કારણ કે અઘટત્વ આદિનો વિરોધ કરનાર ઘટત્વ આદિમાં પારમાર્થિકત્વ અંગે અમારી સંમતિ નથી (—અમે એ બાબતમાં સંમત નથી). બ્રહ્મનું સપ્રપંચત્વ ધર્મી સાથે સમાન સત્તાવાળું નથી તેથી તે નિષ્પ્રપંચત્વનું વિરોધી નથી.

**વિવરણ** : બીજી રીતે પ્રપંચના સત્યત્વની શંકા રજૂ કરે છે મિથ્યાત્વને પ્રપંચનો ધર્મ માનવામાં આવતો હોય અને તે જો સત્ય હોય તો બ્રહ્માદ્વૈતની ક્ષતિ થાય છે. જો મિથ્યાત્વ પણ મિથ્યા જ છે એમ સિદ્ધાન્તીને કહેવું પડે તો પ્રપંચના સત્યત્વને કોઈ હાનિ થતી નથી. સિદ્ધાન્તી એમ કહે કે મિથ્યાભૂત હોવા છતાં મિથ્યાત્વ પોતાના આશ્રયભૂત પ્રપંચમાં પોતાના વિરોધી સત્યત્વનું પ્રતિક્ષેપક (—સત્યત્વને સાથે નહીં રહેવા દેનાર, વિરોધી) છે, તેથી સત્યત્વની ક્ષતિ થવાની જ—તો તેના ઉત્તરમાં શંકાકાર, દલીલ કરે છે કે બ્રહ્મનું સપ્રપંચત્વ અર્થાત્ પ્રપંચ સાથેનું તાદાત્મ્ય મિથ્યા છે. અને તેનું નિષ્પ્રપંચત્વ એટલે પ્રપંચના અત્યન્તાભાવવાળા હોવું તે વાસ્તવ છે, કારણ કે બ્રહ્મમાં વ્યાવહારિક પ્રપંચના



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અત્યન્તાભાવને પરમાર્થ માનવામાં આવે છે. માટે જેમ સપ્રપંચત્વ અને નિષ્પ્રપંચત્વનો એક સ્થાનમાં વિરોધ નથી એમ સિદ્ધાન્તી માને છે તેમ મિથ્યાભૂત મિથ્યાત્વ અને સત્યત્વનો પણ અવિરોધ છે.

'મિથ્યાત્વ ધર્મ મિથ્યાભૂત છે' એ પક્ષને જ સ્વીકારીને **અદ્વૈતદીપિકામાં** આ શંકાનું સમાધાન કર્યું છે કે મિથ્યાત્વ આકાશ આદિ પ્રપંચની સાથે સમાન સ્વભાવવાળું છે; અર્થાત્ આકાશ આદિની વ્યાવહારિક સત્તા છે તેમ મિથ્યાત્વની પણ વ્યાવહારિક સત્તા હશે અને પ્રપંચના સત્યત્વનું વિરોધી બની શકશે.

**(શંકા)** આરોપિત ઘટત્વ આદિ આરોપના અધિષ્ઠાનભૂત પોતાના આશ્રયમાં પોતાનાથી વિરુદ્ધ અઘટત્વ આદિના વિરોધી હોય એમ આપણે જોતાં નથી તેથી સત્ય જ ઘટત્વ આદિ પોતાના આશ્રયમાં પોતાનાથી વિરુદ્ધ ધર્મના વિરોધી બને છે એમ કલ્પવું જોઈએ. તો પછી મિથ્યાભૂત મિથ્યાત્વ પોતાના ધર્મી પ્રપંચમાં સત્યત્વનું વિરોધી કેવી રીતે હોઈ શકે?

**(ઉત્તર)** પોતાનાથી વિરુદ્ધ ધર્મનો વિરોધી એ જ ધર્મ હોઈ શકે જે ધર્મીની સાથે સમાન સત્તાવાળો હોય—આ વાત બન્ને પક્ષને માન્ય છે. હવે પરમત પ્રમાણે તો ઘટત્વ આદિમાં પારમાર્થિકત્વ રૂપ સત્યત્વ છે અને ધર્મિસમાન સત્તાવાળા હોવું એ જ સ્વવિરુદ્ધના પ્રતિક્ષેપક થવામાં પ્રયોજક છે એમ બન્ને પક્ષ સ્વીકારે છે. ઘટત્વ આદિ ધર્મ સ્વાભાવિક આશ્રયમાં પોતાનાથી વિરુદ્ધ ધર્મના વિરોધી બને તેને માટે પ્રયોજકની આકાંક્ષા થતાં બન્ને પક્ષને માન્ય એવું પ્રયોજક કલ્પવું જોઈએ, જેની બાબતમાં મતભેદ છે તેવું પ્રયોજક કલ્પી શકાય નહિ. બ્રહ્મનું સપ્રપંચત્વ વ્યાવહારિક છે જ્યારે બ્રહ્મ પારમાર્થિક છે તેથી સપ્રપંચત્વ બ્રહ્મમાં નિષ્પ્રપંચત્વનું વિરોધી બની શકે નહિ.

**अत एव मिथ्यात्वस्य व्यावहारिकत्वे तद्विरोधिनोऽप्रातिभासिकस्य प्रपञ्चसत्यत्वस्य पारमार्थिकत्वं स्यादिति निरस्तम् । धर्मिसमसत्ताकस्य मिथ्यात्वस्य व्यावहारिकत्वे धर्मिणोऽपि व्यावहारिकत्वनियमात् ।**

આથી જ એ દલીલનો (પણ) નિરાસ થઈ ગયો કે 'મિથ્યાત્વ વ્યાવહારિક હોય તો તેનું વિરોધી અપ્રાતિભાસિક પ્રપંચસત્યત્વ પારમાર્થિક હોવું જોઈએ"—કારણ કે ધર્મી સાથે સમાન સત્તાવાળું મિથ્યાત્વ વ્યાવહારિક હોય તો ધર્મી પણ વ્યાવહારિક હોવો જોઈએ એવો નિયમ છે.

**વિવરણ :** શંકા થાય છે કે પ્રપંચનું મિથ્યાત્વ મિથ્યા છે એ પક્ષમાં મિથ્યાત્વ વ્યાવહારિક છે એમ જ કહેવું પડશે, કારણ કે એક બ્રહ્મજ્ઞાનથી જ નિવૃત્તિ પામે તેવો મિથ્યાત્વ ધર્મ પ્રાતિભાસિક કે પારમાર્થિક હોઈ શકે નહિ. પણ જો એ વ્યાવહારિક હોય તો પ્રપંચમાં રહેલું સત્યત્વ પારમાર્થિક સિદ્ધ થાય છે. 'सन् घटः' ઇત્યાદિ પ્રત્યક્ષથી સિદ્ધ અને તત્ત્વજ્ઞાન (બ્રહ્મજ્ઞાન) થાય ત્યાં સુધી અનુવર્તમાન પ્રપંચસત્યત્વ પ્રાતિભાસિક હોઈ શકે નહિ કારણ કે પ્રાતિભાસિકની નિવૃત્તિ બ્રહ્મજ્ઞાન સિવાય પણ થાય છે. અને વ્યાવહારિક મિથ્યાત્વરૂપ ધર્મવાળા પ્રપંચમાં તેનું સત્યત્વ વ્યાવહારિક હોઈ શકે નહિ. તેથી પ્રપંચમાં રહેલો સત્યત્વ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધર્મ પારમાર્થિક સિદ્ધ થાય છે માટે ધર્મી પ્રપંચના પારમાર્થિકત્વને નિવારી શકાશે નહિ. આમ બ્રહ્માદ્વૈતની ક્ષતિ થાય છે.

આ શંકાનો ઉત્તર પણ ઉપર કહેલી દલીલથી અપાઈ જાય છે. મિથ્યાત્વ ધર્મ ધર્મીની સાથે સમાન સત્તાવાળું હોવું જોઈએ માટે વ્યાવહારિક છે એમ માનીને મિથ્યાત્વના ધર્મી એવા પ્રપંચમાં સત્યત્વપર્યવસાયી એવું પ્રપંચસત્યત્વમાં પારમાર્થિકત્વનું આપાદન વિરોધને કારણે સંભવતું નથી. મિથ્યાત્વવાળા પ્રપંચમાં પારમાર્થિક સત્યત્વ છે એમ મનાવી શકાય નહિ. એવી દલીલ કરી શકાય નહિ કે પ્રપંચમાં પારમાર્થિક સત્યત્વનો અભાવ હોય તો તેમાં પ્રાતિભાસિક કે વ્યાવહારિક સત્યત્વ પણ અગાઉ બતાવ્યા પ્રમાણે હોઈ શકે નહિ તેથી સત્ત્વના અનુભવનો વિરોધ થાય છે. આ દલીલ બરાબર નથી કારણ કે પ્રપંચમાં વ્યાવહારિક જ સત્ત્વનો સ્વીકાર હોવાથી અનુભવનો વિરોધ રહેતો નથી. મિથ્યાત્વ અને સત્યત્વ બન્ને વ્યાવહારિક હોય તો સમાન સત્તાવાળા હોવાને કારણે એક સ્થાનમાં રહી શકે નહિ એમ પણ કહેવું જોઈએ નહિ, કારણ કે મિથ્યાત્વથી અવિરુદ્ધ અને બ્રહ્મજ્ઞાન ન થાય ત્યાં સુધી અબાધિત સ્વરૂપવાળું પ્રપંચસત્ત્વ પ્રત્યક્ષાદિનો વિષય છે એમ વારંવાર કહ્યું છે.

**अथ वा यो यस्य स्वविषयसाक्षात्कारानिवर्त्यो धर्मः, स तत्र स्वविरुद्धधर्मप्रतिक्षेपकः। शुक्तौ शुक्तितादात्म्यं तद्विषयसाक्षात्कारानिवर्त्यम् अशुक्तित्वविरोधि, तत्रैव रजततादात्म्यं तन्निवर्त्यमरजतत्वाविरोधीति व्यवस्थादर्शनात् । एवं च प्रपञ्चमिथ्यात्वं कल्पितमपि प्रपञ्चसाक्षात्कारानिवर्त्यमिति सत्यत्वप्रतिक्षेपकमेव । ब्रह्मणः सप्रपञ्चत्वं तु ब्रह्मसाक्षात्कारनिवर्त्यमिति न निष्प्रपञ्चत्वप्रतिक्षेपकमिति ।**

અથવા જે (ધર્મ) જે (ધર્મી)નો પોતાના વિષેના સાક્ષાત્કારથી નિવૃત્તિ ન પામે તેવો ધર્મ હોય તે જ ત્યાં (ધર્મીમાં) પોતાનાથી વિરુદ્ધ ધર્મનો પ્રતિક્ષેપક (-તેને ત્યાં રહેવા નહીં દેનાર) હોય છે. કારણ કે શુક્તિમાંનું શુક્તિતાદાત્મ્ય જે તે (શુક્તિ) વિષેના સાક્ષાત્કારથી નિવૃત્ત થતું નથી તે અશુક્તિત્વનું વિરોધી છે (જ્યારે) ત્યાં જ રજતતાદાત્મ્ય તેનાથી નિવૃત્ત થતું હોવાથી અરજતત્વનું વિરોધી નથી એવી વ્યવસ્થા જોવામાં આવે છે અને આમ પ્રપંચમિથ્યાત્વ કલ્પિત હોવા છતાં પ્રપંચ સાક્ષાત્કારથી નિવૃત્ત થાય તેવું નથી માટે સત્યત્વનું પ્રતિક્ષેપક જ છે. બીજી બાજુએ બ્રહ્મનું સપ્રપંચત્વ બ્રહ્મસાક્ષાત્કારથી નિવૃત્ત થાય તેવું છે તેથી તે નિષ્પ્રપંચત્વનું પ્રતિક્ષેપક નથી (એમ અદ્વૈતદીપિકામાં કહ્યું છે).

**વિવરણ :** 'સર્વત્ર બ્રહ્મસત્તા જ જ્ઞાત થાય છે, તેનાથી અતિરિક્ત વ્યાવહારિક કે પ્રાતિભાસિક સત્તા નથી' એમ માનનાર પક્ષમાં પ્રતિક્ષેપક થવામાં ધર્મીની સાથે સમાન સત્તાવાળા હોવું એ પ્રયોજક છે એ સમાધાન સંભવતું નથી એમ માનીને બીજું સમાધાન રજૂ કર્યું છે. ધર્મ પોતાનાથી વિરુદ્ધ ધર્મનું પ્રતિક્ષેપક બને તેમાં 'પોતાના આશ્રયના સાક્ષાત્કારથી નિવૃત્તિ થાય તેવા ન હોવું' એ પ્રયોજક છે કારણ કે તે અંગે બન્ને પક્ષમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંમતિ છે; પારમાર્થિકત્વ પ્રયોજક નથી કારણ કે એ બાબતમાં સંમતિ નથી. શુક્તિનો સાક્ષાત્કાર થતા છતાં પણ શુક્તિત્વની નિવૃત્તિ થતી નથી માટે શુક્તિત્વ પોતાના આશ્રયમાં અશુક્તિત્વને રહેવા દેતું નથી. જ્યારે શુક્તિનો સાક્ષાત્કાર થતાં તેમાં જ્ઞાત થતા રજતત્વની નિવૃત્તિ થાય છે તેથી તે (રજતત્વ) શુક્તિમાં અરજતત્વ ધર્મનું પ્રતિક્ષેપક બની શકતું નથી. આમ પોતાના આશ્રયના સાક્ષાત્કારથી નિવૃત્તિ ન પામતો ધર્મ પોતાના આશ્રયમાં પોતાથી વિરુદ્ધ ધર્મની સ્થિતિનો વિરોધ કરે છે એમ પ્રમાણથી સિદ્ધ થતાં, ઘટાદિ રૂપ પ્રપંચનો સાક્ષાત્કાર થતાં શ્રુતિ અને ન્યાયથી સિદ્ધ મિથ્યાત્વ નિવૃત્ત થતું નથી માટે તે પ્રપંચ સત્યત્વનો પ્રતિક્ષેપક છે; બ્રહ્મનું સપ્રપંચત્વ બ્રહ્મના સાક્ષાત્કારથી નિવૃત્તિ પામે છે તેથી તે નિષ્પ્રપંચત્વનું પ્રતિક્ષેપક નથી.

**एतेन शब्दगम्यस्य ब्रह्मणः सत्यत्वे शब्दयोग्यतायाः, शाब्दधी-प्रामाण्यस्य च सत्यत्वं वक्तव्यम् । प्रातिभासिकयोग्यतावताऽनाप्तवाक्येन व्यावहारिकार्थस्य व्यावहारिकयोग्यतावताऽग्निहोत्रादिवाक्येन तात्त्विकार्थस्य वा सिद्ध्यभावेन योग्यतासमानसत्ताकस्यैव शब्दार्थस्य सिद्धिनियमात् । अर्थाबाधरूपप्रामाण्यस्यासत्यत्वे अर्थस्य सत्यत्वायोगाच्च । तथा च ब्रह्मातिरिक्तसत्यवस्तुसत्त्वेन द्वैतावश्यम्भाव इति वियदादिप्रपञ्चोऽपि सत्योऽस्त्विति निरस्तम् ।**

આથી "શબ્દગમ્ય બ્રહ્મ સત્ય હોય તો શબ્દની યોગ્યતા અને શબ્દજન્ય જ્ઞાનના પ્રામાણ્યને સત્ય કહેવાં જોઈએ, કારણ કે પ્રાતિભાસિક યોગ્યતાવાળા અનાપ્ત (પુરુષના) વાક્યથી વ્યાવહારિક અર્થની સિદ્ધિ થતી નથી અને વ્યાવહારિક યોગ્યતાવાળા અગ્નિહોત્ર આદિ વિષયક વાક્યથી તાત્ત્વિક અર્થની સિદ્ધિ થતી નથી તેથી યોગ્યતાની સાથે સમાન સત્તા ધરાવનાર શબ્દાર્થની (જ) સિદ્ધિ થાય છે એવો નિયમ છે; અને અર્થનું અબાધ રૂપ પ્રામાણ્ય જો અસત્ય હોય તો અર્થ સત્ય હોઈ શકે નહિ. આમ બ્રહ્મથી અતિરિક્ત (યોગ્યતા આદિ) સત્ય વસ્તુની સત્તા હોવાથી દ્વૈત હોવાનું જ તથી આકાશ આદિ પ્રપંચ પણ ભલે સત્ય હોય"—એ દલીલનું પણ ખંડન આનાથી થઈ જાય છે.

**વિવરણ** : કેટલાક દલીલ કરે છે કે શબ્દગમ્ય બ્રહ્મ જો સત્ય હોય તો શબ્દનિષ્ઠ યોગ્યતાને સત્ય કહેવી પડશે. વાક્યાર્થ અને વાક્યનિષ્ઠ યોગ્યતાની સમાન સત્તા હોવી જોઈએ એવો નિયમ છે. કોઈ અનાપ્ત (વિશ્વાસપાત્ર નહિ એવા) પુરુષના વાક્યની પ્રતિભાસિક યોગ્યતા હોય છે તેનાથી વ્યાવહારિક અર્થની સિદ્ધિ થતી નથી; અને 'અગ્નિહોત્રં જુહોતિ' જેવા વ્યાવહારિક યોગ્યતાવાળા વાક્યથી તાત્ત્વિક અર્થની સિદ્ધિ થતી નથી. આમ શબ્દગમ્ય બ્રહ્મ સત્ય હોય તો બ્રહ્મવિષયક શબ્દજ્ઞાનના પ્રામાણ્યને સત્ય કહેવું જોઈએ. વેદાન્તના અર્થરૂપ બ્રહ્મના સત્યત્વના સંરક્ષણ માટે બ્રહ્મજ્ઞાનના પ્રામાણ્યને સત્ય માનવું જ પડશે. આમ બ્રહ્મ ઉપરાત યોગ્યતા આદિના સત્યત્વની સિદ્ધિ થતા દ્વૈત સિદ્ધ થાય છે તો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પછી આકાશ આદિ પ્રપંચ પણ ભલેને સત્ય હોય. એમાં શો વાંધો હોઈ શકે? એ દલીલનું પણ ખંડન ઉપર્યુક્ત ચર્ચાથી થઈ જાય છે. બાધના નિશ્ચયનો અભાવ એ યોગ્યતા છે અને તે શાબ્દબોધમાં કારણ છે. જેમ કે जलेन सिञ्चति, જળ સિંચનનું કારણ છે—એમાં બાધનો નિશ્ચય નથી તેથી શાબ્દબોધ થાય છે; જ્યારે 'वह्निना सिञ्चति' (અગ્નિથી સિંચન કરે છે) એમાં અગ્નિ સિંચનનું કારણ છે એના બાધનો નિશ્ચય છે તેથી આ વાક્યથી શાબ્દબોધ થતો નથી. પ્રસ્તુતમાં જે વેદાન્તવાક્યથી બ્રહ્મનો બોધ થાય છે તેમાં યોગ્યતા હોવી જ જોઈએ. તેથી દ્વૈત માનવું જ પડશે. જે જ્ઞાનના વિષયનો બાધ થતો નથી તે જ્ઞાનનું પ્રામાણ્ય સ્વીકારવામાં આવે છે; અને જેના અર્થનો બાધ થાય છે તેને પ્રમાણ માનવામાં નથી આવતું જેમ કે શુક્તિમાં રજતજ્ઞાન. આમ બ્રહ્મવિષયક શાબ્દજ્ઞાનનું પ્રામાણ્ય સત્ય હોય તો દ્વૈત માનવું જ પડે અને એનું પ્રામાણ્ય સત્ય ન હોય તો એનો બ્રહ્મરૂપ અર્થ પણ સત્ય હોઈ શકે નહિ —એવી દલીલ વિરોધીની છે. તેનું પણ ખંડન ઉપર્યુક્ત દલીલથી થઈ જાય છે.

**व्यावहारिकस्यार्थक्रियाकारित्वस्य व्यवस्थापितत्वेन व्यावहारिकयोग्यताया अपि सत्यब्रह्मसिद्धिसम्भवात् । ब्रह्मपरे वेदान्ते सत्यादिपदसत्त्वाद् ब्रह्मसत्यत्वसिद्धेः । अग्निहोत्रादिवाक्ये तादृशपदाभावात्, तत्सत्त्वेऽपि प्रबलब्रह्माद्वैतश्रुतिविरोधात् तदसिद्धिरित्येव वैषम्योपपत्तेः । शब्दार्थयोग्यतयोः समानसत्ताकत्वनियमस्य निष्प्रमाणकत्वात् । घटज्ञानप्रामाण्यस्याघटत्ववत् सत्यभूतब्रह्मज्ञानप्रामाण्यस्यापि तदतिरिक्तघटितत्वेन मिथ्यात्वोपपत्तेश्च । तस्माद् आरम्भणाधिकरणोक्तन्यायेन (ब्र.सू. २. १. १४–२०) कृत्स्नस्य वियदादिप्रपञ्चस्य मिथ्यात्वं वज्रलेपायते ॥९॥**

તેનું કારણ એ છે કે વ્યાવહારિક (પ્રપંચના અર્થ) ક્રિયાકારિતા સ્થાપિત કરવામાં આવી છે તેથી વ્યાવહારિક યોગ્યતાથી પણ સત્ય(ત્રિકાલાબાધિત)બ્રહ્મની સિદ્ધિ સંભવે છે. બ્રહ્મપરક વેદાન્તમાં 'સત્ય' આદિ પદ છે તેથી બ્રહ્મના સત્યત્વની સિદ્ધિ થાય છે. અગ્નિહોત્ર આદિ વિષયક વાક્યમાં તેવું પદ નથી (તેથી અગ્નિહોત્રાદિનું સત્યત્વ સિદ્ધ થતું નથી), (અને) તે ('સત્ય' જેવું પદ) હોય તો પણ પ્રબળ એવી બ્રહ્માદ્વૈત-શ્રુતિના વિરોધને કારણે તેની સિદ્ધિ થતી નથી—આમ જ વૈષમ્યની ઉપપત્તિ છે. શબ્દાર્થ અને યોગ્યતા સમાન સત્તાવાળાં હોવાં જોઈએ એવા નિયમ માટે કોઈ પ્રમાણ નથી અને જેમ ઘટજ્ઞાનના પ્રામાણ્યમાં અઘટત્વનો, તેમ સત્યભૂત બ્રહ્મના જ્ઞાનના પ્રામાણ્યમાં પણ તેનાથી ભિન્નનો સંબંધ હોવાથી તેનું મિથ્યાત્વ ઉપપન્ન છે. તેથી (બ્રહ્મસૂત્રના) આરંભણાધિકરણમાં (બ્ર.સૂ. ૨.૧. અધિકરણ ૬, સૂત્ર ૧૪–૨૦) કહેલા ન્યાયથી સમગ્ર આકાશાદિ પ્રપંચનું મિથ્યાત્વ વજ્રલેપની જેમ ચોંટી જાય છે (—માનવું જ પડે છે) (૯)

**વિવરણ :** વેદાન્તશબ્દમાં રહેલી યોગ્યતાનું સત્યત્વ શાને માટે અપેક્ષિત છે—તેની શાબ્દબોધરૂપ અર્થક્રિયાકારિતાની સિદ્ધિને માટે કે બ્રહ્મના સત્યત્વની સિદ્ધિને માટે? પહેલા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રયોજનને માટે તે જરૂરી નથી. કારણ કે વ્યાવહારિક પ્રપંચની અર્થક્રિયાકારિતા સ્થાપિત થઈ છે. તેથી વ્યાવહારિક યોગ્યતાથી પણ સત્ય બ્રહ્મની સિદ્ધિરૂપ શાબ્દ બોધ શક્ય છે. બીજો પક્ષ પણ બરાબર નથી કારણ કે યોગ્યતા સત્ય ન હોય તો પણ બ્રહ્મનું સત્યત્વ સિદ્ધ થાય છે. બ્રહ્મવિષયક ઉપનિષદ્ વાક્યમાં 'સત્ય' 'ચિત્' જેવાં પદ છે તેથી બ્રહ્મનું સત્યત્વ સિદ્ધ થાય છે, જ્યારે અગ્નિહોત્રાદિ વિષયક વાક્યમાં તેવાં પદ નથી તેથી તેમનું સત્યત્વ સિદ્ધ થતું નથી. શંકા થાય કે 'यो वै स धर्मः सत्यं वै तत्' 'જે તે ધર્મ છે એ આ સત્ય છે' એમ ધર્મને વિષે પણ શ્રુતિમાં 'સત્ય'પદનો પ્રયોગ છે. તે. એનો ઉત્તર છે કે આ વાક્યનું તાત્પર્ય અગ્નિહોત્રાદિના પરમાર્થત્વના પ્રતિપાદનમાં છે એમ બતાવવા માટે લિંગ કે પુરાવો ન હોવાથી આવા વાક્યના સત્યત્વપરક અર્થનો પ્રબળ એવી અદ્વૈત-શ્રુતિથી બાધ થતો હોવાથી બ્રહ્મની જેમ ધર્મનું પરમાર્થત્વ સિદ્ધ થતુ નથી. શ્રુતિમાં અગ્નિહોત્રાદિનું જ્ઞાનની અવસ્થામાં સત્યત્વ અને અનુષ્ઠાનની અવસ્થામાં ધર્મત્વ કહેવા ધાર્યું છે તેથી સત્ય અને ધર્મનો અભેદ કહ્યો છે એમ સમજવું. વ્યાવહારિક યોગ્યતાવાળા વેદાન્તવાક્યથી સત્ય બ્રહ્મની સિદ્ધિ થાય છે શબ્દાર્થ અને યોગ્યતા સમાન સત્તાવાળાં હોવાં જોઈએ એમ માનવા માટે કોઈ પુરાવો નથી. બ્રહ્મ સત્ય હોય તો પણ તેના જ્ઞાનમાં રહેલા પ્રામાણ્યનું સત્યત્વ સિદ્ધ થતું નથી; કારણ કે એ બ્રહ્મમાત્ર નથી. બ્રહ્મત્વવાળા બ્રહ્મમાં બ્રહ્મત્વપ્રકારવાળું અનુભવત્વરૂપ તેનું પ્રામાણ્ય નથી. પણ બ્રહ્મથી અતિરિક્ત બ્રહ્મ-વૈશિષ્ટ્યથી યુક્ત છે માટે તે સત્ય નથી. અને બ્રહ્મજ્ઞાનનું પ્રામાણ્ય અબાધિત અનુભવત્વરૂપ છે અને એ વિવક્ષિત વિવેકથી બાધને યોગ્ય નહિ એવા વિષયનું સ્વરૂપમાત્ર ઠરે છે. આમ વિષયસ્વરૂપમાં પર્યવસાન પામતું પ્રામાણ્ય અખંડાર્થપરક વેદાન્તવાક્યોમાં બ્રહ્મમાત્ર જ છે, તેનાથી ભિન્નથી યુક્ત નથી તેથી બ્રહ્મજ્ઞાનનું પ્રામાણ્ય સત્ય સંભવે છે—એવી દલીલ કોઈ કરે તો બ્રહ્મ વિષયક શાબ્દજ્ઞાનનું પ્રામાણ્ય સત્ય હોય તો પણ વિરોધીને ઇષ્ટ દ્વૈતની સિદ્ધિ થતી નથી. પ્રામાણ્ય બ્રહ્મમાત્ર હોઈને બ્રહ્મથી અતિરિક્ત સત્ય વસ્તુની સિદ્ધિ થતી નથી. આમ કોઈ વિરોધ ન હોવાથી 'तदनन्यत्वमारम्भणशब्दादिभ्यः' બ્રહ્મરૂપ કારણથી તે કાર્ય ભિન્ન નથી કારણ કે वाचारम्भणं विकारो नामधेयम् (છા. ૬.૧. ૪–૬; ૬.૪.૪) (વિકાર કેવળ વાણીએ ઉત્પન્ન કરેલ છે, નામ છે), ऐतदात्म्यमिदं सर्वम् (છા. ૬.૮.૭) (જે કંઈ છે તેનો આ આત્મા છે), सर्वं खल्विदं ब्रह्म (છા. ૩.૧૪.૧; सर्वं ह्येतद् ब्रह्म—માણ્ડૂક્ય, ૨) (આ બધું બ્રહ્મ જ છે) ઇત્યાદિ શ્રુતિ પ્રમાણ છે (જુઓ બ્રહ્મસૂત્ર ૨ ૧ અધિકરણ ૬, સૂત્રો ૧૪–૨૦)—એ અધિકરણમાં કહેલા ન્યાય પ્રમાણે પ્રપંચનું મિથ્યાત્વ માનવું જ પડે છે. (૯)

(१०) ननु आरम्भणशब्दादिभिरचेतनस्य वियदादिप्रपञ्चस्य मिथ्यात्वसिद्धावपि चेतनानामपवर्गभाजां मिथ्यात्वायोगाद् अद्वितीये ब्रह्मणि समन्वयो न युक्तः। न च तेषां ब्रह्माभेदः प्रागुक्तो युक्तः। परस्परभिन्नानां तेषामेकेन ब्रह्मणाऽभेदासम्भवात्। न च तद्भेदासिद्धिः, सुखदुःखादिव्यवस्थया तत्सिद्धेरिति चेत्, न तेषामभेदेऽपि उपाधिभेदादेव तद्व्यवस्थोपपत्तेः ॥१०॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૦) શંકા થાય કે આરંભણ શબ્દ આદિથી અચેતન એવા આકાશ આદિ પ્રપંચનું મિથ્યાત્વ સિદ્ધ થતું હોય તો પણ અપવર્ગ (મુક્તિ) પામનાર ચેતન જીવોમાં મિથ્યાત્વનો સંબંધ ન હોઈ શકે (–જીવો મિથ્યા ન હોઈ શકે) તેથી અદ્વિતીય બ્રહ્મમાં સમન્વય (માનવો) બરાબર નથી. અને તેમનો બ્રહ્મથી અભેદ અગાઉ કહ્યો છે તે યુક્ત નથી કારણ કે એકબીજાથી ભિન્ન એવા તેમનો એક બ્રહ્મની સાથે અભેદ સંભવતો નથી અને તેમના ભેદની સિદ્ધિ નથી એમ નથી કારણ કે સુખ-દુઃખ આદિની વ્યવસ્થાથી તેની સિદ્ધિ થાય છે. આ શંકા કોઈ કરે તો ઉત્તર છે કે ના તેમનો અભેદ હોવા છતાં ઉપાધિઓના ભેદથી જ તેની વ્યવસ્થા સંભવે છે.

**વિવરણ**: आरम्भणाधिकरणમાં દલીલ કરી છે તેથી આકાશાદિ જડ પ્રપંચ મિથ્યા છે એમ સિદ્ધ થઈ શકતું હોય તો પણ જે મોક્ષ પ્રાપ્ત કરનાર છે એવા ચેતન જીવો મિથ્યા છે એમ તો ન જ સિદ્ધ થઈ શકે માટે વેદાંતનો સમન્વય અદ્વિતીય બ્રહ્મને વિષે છે એમ માનવું બરાબર નથી. અગાઉ જીવોનો બ્રહ્મની સાથે અભેદ છે એમ કહ્યું છે તે બરાબર નથી. જીવો એકબીજાથી જુદા છે, જ્યારે એકને સુખનો અનુભવ થતો હોય ત્યારે બીજાને દુઃખનો અનુભવ થતો હોય છે; એ જ રીતે દરેકના રાગદ્વેષાદિના અસાધારણ અનુભવો હોવાથી જીવો એકબીજાથી જુદા છે તો તે સર્વનો એક બ્રહ્મની સાથે અભેદ કેવી રીતે હોઈ શકે? આવી શંકા કોઈ કરે તો તેનો ઉત્તર એ છે કે પ્રતિ શરીરમાં આત્મા જુદા છે એમ માનવાની જરૂર નથી. એક જ બ્રહ્મથી અભિન્ન આત્મતત્ત્વ છે; અન્તઃકરણાદિ ઉપાધિભેદને લીધે જુદાં જુદાં સુખદુઃખાદિની વ્યવસ્થા સંભવે છે. (૧૦)

**(११) ननु उपाधिभेदेऽपि तदभेदानपायात् कथं व्यवस्था । न ह्याश्रयभेदेनोपपादनीयो विरुद्धधर्मासङ्करस्तदतिरिक्तस्य कस्यचिद् भेदोपगमेन सिध्यति ।**

**अत्र केचिदाहुः—सिध्यत्येवान्तःकरणोपाधिभेदेन सुखदुःखादिव्यवस्था । "कामस्सङ्कल्पो विचिकित्सा श्रद्धाऽश्रद्धा धृतिरधृतिर्ह्रीर्धीर्भीरित्येतत्सर्वं मन एव" (बृहद् १.५.३), 'विज्ञानं यज्ञं तनुते' (तैत्तिरीय-उप.२.५) इत्यादि–श्रुतिभिस्तस्यैव निखिलानर्थाश्रयत्वप्रतिपादनात् । 'असङ्गो ह्ययं पुरुषः', (बृहद् ४.३.१५), 'असङ्गो न हि सज्जते' (बृहद्. ४.२.४; ४.४.२२; ४.५.१५) इत्यादिश्रुतिभिः चेतनस्य सर्वात्मनौदासीन्यप्रतिपादनाच्च ।**

(૧૧) શંકા થાય કે ઉપાધિનો ભેદ હોવા છતાં તેના (આત્મા)ના અભેદનો લોપ થતો નથી તેથી (સુખદુઃખદિની) વ્યવસ્થા કેવી રીતે થાય? કારણ કે વિરુદ્ધ ધર્મોના અસાંકર્યનું આશ્રયના ભેદથી ઉપપાદન કરવાનું છે (તેની સંભાવના બતાવવાની છે) તે તેનાથી ભિન્ન કોઈનો ભેદ માનીને સિદ્ધ થતું નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ બાબતમાં કેટલાક કહે છે અન્તઃકરણરૂપ ઉપાધિના ભેદથી સુખદુઃખાદિની વ્યવસ્થા સિદ્ધ થાય છે જ. કારણ કે 'કામ, સંકલ્પ, સંશય, શ્રદ્ધા, અશ્રદ્ધા, ધૈર્ય, અધૈર્ય, લજ્જા, બુદ્ધિ, ભય એ બધું (મનનો પરિણામ હોઈને) મન જ છે' (બૃહદ્. ઉપ. ૧.૫.૩), 'વિજ્ઞાન (અર્થાત્ અન્તઃકરણ) યજ્ઞ (અર્થાત્ શાસ્ત્રીય કર્મ) કરે છે' (તૈત્તિ. ઉપ. ૨. ૫) ઇત્યાદિ શ્રુતિઓ તે (મન) જ સર્વ અનર્થોનો આશ્રય છે એવું પ્રતિપાદન કરે છે, અને ' આ પુરુષ અસંગ છે (કોઈની સાથે સંબંધ ધરાવતો નથી.)' (બૃહદ્ ૪.૩.૧૫), 'અસંગ તે સંબંધ ધરાવતો નથી' (બૃહદ્ ૪.૨.૪, ૪.૪.૨૨, ૪.૫.૧૫) વગેરે શ્રુતિઓ ચેતન (આત્મતત્ત્વ) સર્વથા ઉદાસીન છે એવું પ્રતિપાદન કરે છે.

**વિવરણ** : શંકા થાય કે અન્તઃકરણરૂપ ઉપાધિ ભિન્ન ભિન્ન હોય તો પણ આત્મા તો અભિન્ન જ રહે છે અને વિરુદ્ધ સુખદુઃખ આદિના આશ્રય (આત્મા) થી અતિરિક્ત અને 'અહમ્' (હું) અનુભવનો ગોચર (વિષય) નહીં એવી કોઈક વસ્તુ(અન્તઃકરણ)ના ભેદથી સુખદુઃખની વ્યવસ્થા કેવી રીતે સમજાવી શકાય. આનો ઉત્તર છે કે અન્તઃકરણ કે મન જ કર્તૃત્વાદિ બંધનો આશ્રય છે, તે જ 'અહમ્' અનુભવનો ગોચર છે; આત્મા નહિ, કારણ કે તે તો કૂટસ્થ છે. તેથી સુખાદિનો અન્તઃકરણરૂપ આશ્રય જુદો જુદો હોવાથી સુખદુઃખની વ્યવસ્થા સંભવે છે. અન્તઃકરણ જ સર્વ અનર્થોનો આશ્રય છે અને ચિદાત્મા તદ્દન કૂટસ્થ છે એવું શ્રુતિઓ જણાવે છે.

**न चैवं सति कर्तृत्वादिबन्धस्य चैतन्यसामानाधिकरण्यानुभवविरोधः । अन्तःकरणस्य चेतनतादात्म्येनाध्यस्ततया तद्धर्माणां चैतन्यसामानाधिकरण्यानुभवोपपत्तेः । न चान्तःकरणस्य कर्तृत्वादिबन्धाश्रयत्वे चेतनः संसारी न स्यादिति वाच्यम् । 'कर्तृत्वादिबन्धाश्रयाहङ्कारग्रन्थितादात्म्याध्यासाधिष्ठानभाव एव तस्य संसारः' इत्युपगमात् । तावतैव भीषणत्वाश्रयसर्पतादात्म्याध्यासाधिष्ठाने रज्ज्वादौ 'अयं भीषणः' इत्यभिमानवद् आत्मनोऽनर्थाश्रयत्वाभिमानोपपत्तेः । एतदभिप्रायेणैव 'ध्यायतीव लेलायतीव' (बृहद्. ४.३.७) 'अहङ्कारविमूढात्मा कर्ताऽहमिति मन्यते' (भगवद्गीता ३.२७) इत्यादिश्रुतिस्मृतिदर्शनाच्च ।**

અને આમ હોય તો કર્તૃત્વ આદિ બંધના ચૈતન્ય સાથેના સામાનાધિકરણ્યનો અનુભવ થાય છે તેનો વિરોધ થાય છે એવું નથી કારણ કે અન્તઃકરણનો ચેતનની સાથે તાદાત્મ્યરૂપથી અધ્યાસ થયેલો હોઈને, તેના (અન્તઃકરણના) ધર્મોનો ચૈતન્યની સાથે તાદાત્મ્યરૂપથી અનુભવ સંભવે છે અને એવી દલીલ કરવી નહિ કે અન્તઃકરણ કર્તૃત્વાદિ બંધનો આશ્રય હોય તો ચેતન (આત્મા) સંસારી નહીં થાય. (આ દલીલ બરાબર નથી) કારણ કે 'કર્તૃત્વાદિ બંધના આશ્રય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અહંકારરૂપ ગ્રંથિ સાથેના તાદાત્મ્યના અધ્યાસનું અધિષ્ઠાન હોવું એ જ તેનો (આત્માનો) સંસાર' એમ સ્વીકારવામાં આવ્યું છે. તેટલાથી જ જેમ ભીષણત્વ (ભયકારણત્વ)ના આશ્રયરૂપ સર્પની સાથે તાદાત્મ્યના અધ્યાસના અધિષ્ઠાન એવા રજ્જુ આદિમાં 'આ ભીષણ છે' એવું અભિમાન થાય છે તેમ આત્માની બાબતમાં એ અનર્થનો આશ્રય છે એવું અભિમાન સંભવે છે. આ અભિપ્રાયથી જ 'જાણે કે ધ્યાન કરે છે, જાણે કે ચાલે છે', "અહંકારથી વિમૂઢ આત્મા (અર્થાત્ કર્તૃત્વના આશ્રયરૂપ અહંકારની સાથે તાદાત્મ્યાધ્યાસ પામેલો આત્મા પોતાને) 'હું કર્તા છું' એમ માને છે" (ભ ગીતા ૩.૨૭ એવી શ્રુતિસ્મૃતિ જોવામાં આવે છે.

**વિવરણ** : શંકા થાય કે અન્તઃકરણને જ કર્તૃત્વાદિ બંધનો આશ્રય માનીએ તો 'હું કરું છું', 'હું સુખી છું', 'હું દુઃખી છું' ઇત્યાદિ રૂપે કર્તૃત્વ, સુખ, દુઃખ આદિરૂપ બંધની સાથે ઉપલબ્ધિરૂપ ચૈતન્યના તાદાત્મ્યનો અનુભવ થાય છે તેનો વિરોધ થાય છે. આનો ઉત્તર છે કે 'આ રજત છે' મા 'ઇદમ્ (આ) અંશની સાથે તાદાત્મ્યથી જેનો આરોપ કે અધ્યાસ થાય છે તે રજતમાં રજતત્વના ઇદંતાની સાથેના સામાનાધિકરણ્યનો અનુભવ થાય છે તેના જેવું આ છે. અન્તઃકરણનો ચેતન આત્મતત્ત્વ સાથે તાદાત્મ્યથી અધ્યાસ થાય છે તેથી અન્તઃકરણના ધર્મો ચૈતન્ય સાથે સમાન આધકરણમાં છે એવો અનુભવ થઈ શકે છે. કહેવાનો આશય એ છે કે આત્મા ચૈતન્યસ્વરૂપ હોવા છતાં પણ ભેદની કલ્પનાથી ચૈતન્યને આત્માનો ધર્મ માનવામાં આવ્યો છે. અને આત્મા અને અન્તઃકરણનો ઐક્યાધ્યાસ થતાં તેમના ધર્મો ચૈતન્ય અને કર્તૃત્વાદિનું સામાનાધિકરણ્ય સંપન્ન થાય છે.

પ્રશ્ન થાય કે અન્તઃકરણ જ જો કર્તૃત્વાદિ બંધનો આશ્રય હોય તો એ જ સંસારી હોવું જોઈએ. આત્માને સંસાર સાથે કશો સબંધ હોઈ શકે નહિ આનો ઉત્તર છે કે ચેતન આત્મા વાસ્તવમાં સ્વતઃ સંસારનો આશ્રય છે જ નાહ, તો પણ બુદ્ધિનિષ્ઠ સંસારાશ્રયત્વ સાક્ષીથી અનુભવાતું હોવાથી (સાક્ષીથી પ્રતિભાસિત થતું હોવાથી) તેનો આત્મામાં આરોપ સંભવે છે. આમ સંસારાશ્રયત્વ આત્મામાં આરોપિત છે. આત્મા અહંકાર સાથેના તાદાત્મ્યના અધ્યાસનું અધિષ્ઠાન બને છે એ જ તેના સંસારાશ્રયત્વની ભ્રાન્તિમાં પ્રયોજક છે એમ માનવામાં આવે છે. જેમ 'આ' પર સર્પતાદાત્મ્યના અધ્યાસને લીધે 'આ ભીષણ છે' એવી ભ્રાન્તિ સંભવે છે તેમ આત્મા પર અન્તઃકરણ-તાદાત્મ્યના અધ્યાસને કારણે 'આત્મા અનર્થનો આશ્રય છે' એવી ભ્રાન્તિ સંભવે છે. પ્રકૃતમાં શંકા થાય કે બુદ્ધિનિષ્ઠ સંસારાશ્રયત્વનો જો આત્મામાં આરોપ માનવામાં આવે તો અન્યથાખ્યાતિનો પ્રસંગ આવશે. પણ આ શંકા બરાબર નથી કારણ કે અનુભૂયમાન આરોપ સ્થળમાં આરોપ્ય અને અધિષ્ઠાનના અનિર્વચનીય સંસર્ગની ઉત્પત્તિ અહીં માનવામાં આવે છે જ્યારે અન્યથાખ્યાતિમાં સંસર્ગની ઉત્પત્તિ માનવામાં નથી આવતી. બુદ્ધિનિષ્ઠ સંસારનો આત્મામાં આરોપ થાય છે તેને ધ્યાનમાં રાખીને જ શ્રુતિ કહે છે કે બુદ્ધિ ધ્યાન કરતી હોય ત્યારે જાણે કે આત્મા ધ્યાન કરતો હોય તેવું લાગે છે, બુદ્ધિ ચાલતી હોય ત્યારે આત્મા જાણે કે ચાલતો હોય તેવું લાગે છે. સ્મૃતિ પણ આ જ વાત કહે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

न चैकस्मिन्नेवात्मनि विचित्रसुखदुःखाश्रयतत्तदन्तःकरणाना-मध्यासाद् आत्मन्याभिमानिकसुखदुःखादिव्यवस्थैवमपि न सिध्यतीति वाच्यम् । आध्यासिकतादात्म्यापन्नान्तःकरणगतानर्थजातस्येव तद्‌गत-परस्परभेदस्यापि अभिमानत आत्मीयतया आत्मनो यादृशमनर्थभाक्त्वम्, तादृशेन भेदेन तद्व्यवस्थापपत्तेः ।

અને એવી દલીલ કરવી જોઈએ નહિ કે એક જ આત્મામાં વિચિત્ર સુખ–દુઃખના આશ્રયીભૂત તે તે અન્તઃકરણોનો અધ્યાસ થવાથી આત્મામાં આભિમાનિક સુખ દુઃખાદિની વ્યવસ્થા આમ પણ (બુદ્ધિના ધર્મોની વ્યવસ્થા સિદ્ધ થતી હોય તો પણ) સિદ્ધ થતી નથી. (આ દલીલ બરાબર નથી) કારણ કે અધ્યાસથી તાદાત્મ્ય પામેલ અન્તઃકરણોમાં રહેલા અનર્થોના સમુદાયની જેમ તેમનામાં રહેલો પરસ્પર ભેદ પણ અભિમાનથી આત્મા સાથે સકળાયેલો બને છે તેથી જેવું આત્માનું અનર્થ પામવાપણું છે તેવા ભેદથી તેની વ્યવસ્થા ઉપપન્ન છે.

(વિવરણ–) બુદ્ધિ સ્વતઃ સંસારાશ્રય છે જ્યારે ચિદાત્મામાં સંસારાશ્રયત્વ ભ્રાન્તિથી સિદ્ધ છે એવો વિભાગ માનવામાં આવે તેથી પ્રત્યેક શરીરમાં બુદ્ધિના ભેદથી તેના ધર્મોની વ્યવસ્થા સિદ્ધ થાય છે (પ્રત્યેક શરીરમાં સુખદુઃખના અનુભવો જુદા જુદા છે એવું સિદ્ધ થઈ શકે) તો પણ પ્રત્યેક શરીરમાં આત્મા જુદો જુદો ન હોવાથી તે તે આત્માના બંધની, સુખદુઃખાદિની વ્યવસ્થા સિદ્ધ થતી નથી. આવી શંકાનો ઉત્તર છે કે બુદ્ધિમ રહેલા બંધાશ્રયત્વનો આરોપ આત્મામાં માનવામાં આવે છે તેમ બુદ્ધિમાં રહેલા પરસ્પરભેદાશ્રયત્વનો આરોપ આત્મામાં માનવામાં આવે છે તેથી અવ્યવસ્થા નહીં થાય. જેવું આત્માનું અનર્થ ભોગવવાપણું (મિથ્યા, આધ્યાસિક) તેવો તેનો ભેદ અને તેવા ભેદથી તેની વ્યવસ્થા.

एतेन सुखदुःखादीनामन्तःकरणधर्मत्वेऽपि तदनुभवः साक्षिरूप इति तस्यैकत्वात् सुखदुःखानुभवरूपभोगव्यवस्था न सिध्यतीति निरस्तम् । तत्तदन्तःकरणतादात्म्यापत्त्या तत्तदन्तःकरणभेदेन भेदवत एव साक्षिण-स्तत्तदन्तःकरणसुखदुःखाद्यनुभवरूपत्वेन तद्व्यवस्थाया अप्युपपत्तेरिति ।

"સુખ, દુઃખ વગેરે અન્તઃકરણના ધર્મો હોય તો પણ તેમનો અનુભવ તો સાક્ષીરૂપ છે તેથી તે એક હોવાથી સુખ દુઃખના અનુભવરૂપ ભોગવ્યવસ્થા સિદ્ધ થતી નથી"–એ શંકાનો આનાથી નિરાસ થઈ જાય છે કારણ કે તે તે અન્તઃકરણની સાથે તાદાત્મ્ય પ્રાપ્ત થયું હોવાથી તે તે અન્તઃકરણના ભેદથી ભેદવાળો જ સાક્ષી તે તે અન્તઃકરણના સુખદુઃખાદિના અનુભવરૂપ હોવાથી તેની વ્યવસ્થાની પણ ઉપપત્તિ છે (એમ આ વિચારકો કહે છે).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(વિવરણ) સાક્ષી ચૈતન્ય સર્વ શરીરોમાં એક છે તેથી સુખદુઃખાદિ ભલે અન્તઃકરણના ધર્મો હોય પણ તેમનો અનુભવ સાક્ષીરૂપ હોઈને તે એક હોવો જોઈએ તેથી જે દેવદત્તનો સુખાનુભવ છે તે જ યજ્ઞદત્તનો પણ હોવો જોઈએ અને દેવદત્તને સુખનો અનુભવ થાય ત્યારે એ જ અનુભવને લઈને યજ્ઞદત્તને પણ 'હું સુખી છું' એવો બોધ થવો જોઈએ આવી શંકાનો ઉત્તર આપતાં કહ્યું છે કે જેમ અન્તઃકરણમાં રહેલા ભેદનો આત્મામાં આરોપ થાય છે તેમ સાક્ષી ચૈતન્યરૂપ સુખાદિ અનુભવમાં પણ અન્તઃકરણગત ભેદનો આરોપ છે એમ સ્વીકારવામાં આવે છે તેથી સુખદુઃખાદિની વ્યવસ્થા સિદ્ધ થાય છે. તે તે અન્તઃકરણનો ભેદ જે સાક્ષી પર આરોપિત છે તેને કારણે તે સાક્ષી ભેદવાળો બને છે, ભેદ-વિશિષ્ટ બને છે.

अन्ये तु जडस्य कर्तृत्वादिबन्धाश्रयत्वानुपपत्तेः "कर्ता शास्त्रार्थवत्त्वाद् (ब्र. सू. २.३.३३) इति चेतनस्यैव तदाश्रयत्वप्रतिपादकसूत्रेणान्तःकरणे चिदाभासो बन्धाश्रयः। तस्य चासत्यस्य बिम्बाद् भिन्नस्य प्रत्यन्तःकरणभेदाद् विद्वदविद्वत्सुखिदुःखिकर्त्रकर्त्रादिव्यवस्था। न चैवमध्यस्तस्य बन्धाश्रयत्वे बन्धमोक्षयोर्वैयधिकरण्यापत्तिः। अस्य चिदाभासस्यान्तःकरणावच्छिन्ने स्वरूपतस्सत्यतया मुक्त्यन्वयिनि परमार्थजीवेऽध्यस्ततया कर्तृत्वाश्रयचिदाभासतादात्म्याध्यासाधिष्ठानभावस्तस्य बन्ध इत्यभ्युपगमादित्याहुः।

જ્યારે બીજા કહે છે કે જડ (અન્તઃકરણ) કર્તૃત્વાદિ બંધનો આશ્રય થઈ શકે નહિ માટે 'ચેતન કર્તા છે કારણ કે (એમ હોય તો જ) શાસ્ત્ર અર્થવાળું રહે છે' (બ્ર.સૂ. ૨.૩, ૩૩) એમ ચેતન જ તે (કર્તૃત્વાદિ બંધ)નો આશ્રય છે એવું પ્રતિપાદન કરનાર સૂત્રથી અન્તઃકરણમાં ચૈતન્યનો આભાસ બંધનો આશ્રય છે. અને બિંબથી ભિન્ન, મિથ્યારૂપ એવો તે પ્રત્યેક અન્તઃકરણમાં ભિન્ન હોવાથી વિદ્વાન્, અવિદ્વાન્, સુખી દુઃખી, કર્તા, અકર્તા આદિની વ્યવસ્થા થાય છે (—વ્યવસ્થા શક્ય છે), અને આમ (બિંબ અને પ્રતિબિંબનો ભેદ સ્વીકારતાં) જે અધ્યસ્ત છે તે બંધનો આશ્રથ થતાં (અને બિંબચૈતન્ય મોક્ષનો આશ્રય થતાં) બંધ અને મોક્ષનું વૈયધિકરણ્ય આવી પડશે એમ માનવું ન જોઈએ. કારણ કે આ ચિદાભાસ અન્તઃકરણથી અવચ્છિન્ન, સ્વરૂપતઃ સત્ય તરીકે મુક્તિમાં ચાલુ રહેનાર પરમાર્થ જીવમાં અધ્યસ્ત હોવાથી કર્તૃત્વના આશ્રય ચિદાભાસ સાથેના તાદાત્મ્યના અધ્યાસનું અધિષ્ઠાન હોવું એ તેનો બંધ છે એમ સ્વીકારવામાં આવે છે.

વિવરણ : સર્વ શરીરોમાં આત્મા એક હોય તો સુખાદિવ્યવસ્થા સંભવે નહિ એમ પૂર્વપક્ષના આક્ષેપનું જુદી રીતે સમાધાન રજૂ કર્યું છે : બંધ ચેતનનો ધર્મ છે એ જાણીતું છે તેથી જડ અન્તઃકરણ કર્તૃત્વાદિ બંધનો આશ્રય હોઈ શકે નહિ. બ્રહ્મસૂત્રમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૨. ૩. ૩૩) બુદ્ધિ જ કર્તા છે, કૂટસ્થ હોઈને ચેતના (પુરુષ) કર્તા નથી એ **સાંખ્યમતનું** ખંડન કરીને કહ્યું છે કે ચેતન જ કર્તા છે કારણ કે એમ માનીએ તો જ कर्ता विज्ञानात्मा पुरुषः (प्रश्नोपनिषद् ४.९) એ શાસ્ત્ર અર્થવાળુ બને છે, અન્યથા એ અર્થહીન થઈ જાય. માટે અન્તઃકરણમાં ચિદાભાસ બંધનો આશ્રય છે એમ માનવું જોઈએ; સાક્ષાત્ ચિદાત્મા જ કર્તા નથી, કર્તૃત્વાદિ બંધનો આશ્રય નથી કારણ કે કૂટસ્થ હોઈને તે બંધરૂપે પરિણમી શકે નહિ. બિંબ અને પ્રતિબિંબ અભિન્ન હોવા છતાં જુદાં જુદાં અન્તઃકરણમાં પ્રતિબિંબનો ભેદ પ્રાપ્ત થાય છે કારણ કે ઉપાધિના ભેદથી તેનાથી નિરૂપિત પ્રતિબિંબનો કલ્પિત ભેદ સ્વીકારવામાં આવે છે આમ છતાં પ્રતિબિંબ મિથ્યા છે. માટે જ તે બંધનો આશ્રય હોય એ સ્વાભાવિક સંભવે છે. આમ પ્રતિબિંબભેદને કારણે કર્તૃત્વાદિની વ્યવસ્થા સંભવે છે. શંકા થાય કે બિંબ અને પ્રતિબિંબનો ભેદ સ્વીકારતાં અસત્ય ચિદાભાસ કે પ્રતિબિંબ બંધનો આશ્રય અને સત્ય બિંબચૈતન્ય બ્રહ્મભાવરૂપ મોક્ષનો આશ્રય એમ બંધ અને મોક્ષના આશ્રય જુદા જુદા બની જશે. પણ આ શંકા બરાબર નથી. આનું કારણ એ કે મુક્તિમાં ટકી રહેતું બિંબભૂત અન્તઃકરણથી અવચ્છિન્ન ચૈતન્ય સ્વતઃ સંસારનો આશ્રય ન હોય તો પણ ભ્રાન્તિસિદ્ધ તેનું સંસારાશ્રયત્વ તો સંભવે જ છે તેથી વૈયધિકરણ્યનો દોષ નથી. ચિદાભાસમાંના બંધના ચિદાત્મામાં અધ્યાસ થાય છે તેનો હેતુ ચિદાત્મા અને ચિદાભાસનો તાદાત્મ્યાધ્યાસ છે કારણ કે ચિદાભાસના પરમાર્થજીવમાં અધ્યાસ થાય છે. આમ બંધ બંધારોપનો હેતુ છે એમ માનવામાં આવ્યું છે, કારણ કે કહ્યું છે તે પ્રમાણે અધ્યાસાધિષ્ઠાનત્વ બંધરૂપ નથી, પણ સુખાદિ જ બંધ રૂપ છે એમ સમજવું એમ **વ્યાખ્યાકાર** સ્પષ્ટતા કરે છે.

**<u>अपरे</u> तु— 'आत्मेन्द्रियमनोयुक्तं भोक्तेत्याहुर्मनीषिणः' (कठ. ३.४) इति सहकारित्वेन देहेन्द्रियैस्तादात्म्येन मनसा च युक्तस्य चेतनस्य भोक्तृत्वश्रवणादन्तःकरणभेदेन तद्विशिष्टभेदाद् व्यवस्था । न चैवं विशिष्टस्य बन्धः, शुद्धस्य मोक्ष इति वैयधिकरण्यम्, विशिष्टगतस्य बन्धस्य विशेष्येऽन्वयाभावाद् विशिष्टस्यानतिरेकादित्याहुः ॥**

બીજા વળી કહે છે કે 'દેહ ઇન્દ્રિય અને મનથી યુક્ત (આત્મા) ભોક્તા છે એમ મનીષીઓ કહે છે' (કઠ. ૩.૪) એ શ્રુતિ પ્રમાણે સહકારી તરીકે દેહ અને ઇન્દ્રિયોથી યુક્ત અને તાદાત્મ્યથી મનથી યુક્ત ચેતન તત્ત્વ ભોક્તા છે તેથી અન્તઃકરણના ભેદથી તેનાથી વિશિષ્ટ (ચેતન)નો ભેદ થાય છે તેથી (સુખ-દુઃખ આદિની) વ્યવસ્થા થાય છે. અને આમ વિશિષ્ટમાં બંધ અને શુદ્ધમાં મોક્ષ એમ વૈયધિકરણ્ય થશે એમ (માનવું) નહિ, કારણ કે વિશિષ્ટમાં રહેલા બંધનો વિશેષ્યમાં અન્વય નથી થતો એમ નથી તેથી વિશિષ્ટ વિશેષ્યથી ભિન્ન નથી.

**વિવરણ** : વળી બીજું સમાધાન એવું આપવામાં આવે છે કે સર્વ શરીરોમાં ચિદાત્મા એક હોવા છતાં કેવલ તે બંધનો આશ્રય નથી મનાતો પણ બુદ્ધિથી વિશિષ્ટ ચિદાત્મા બંધનો આશ્રય મનાય છે. આ બુદ્ધિથી વિશિષ્ટ બંધાશ્રય પ્રત્યેક શરીરમાં ભિન્ન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હોવાથી સુખદુઃખાદિનું સાંકર્ય નથી. શંકા થાય કે દેહ વિશેષણ છે તેથી તેનો સમાવેશ ભોક્તાની કોટિમાં ન થઈ શકે કારણ કે તે આત્મામાં ભોગની પ્રતિ અવચ્છેદક હોવાથી ઉપકરણ છે. ઇન્દ્રિયોનો પણ ભોક્તાની કોટિમાં સમાવેશ ન થઈ શકે કારણ કે ઇન્દ્રિયો તો માત્ર ઉપકરણ છે, અને સ્વપ્નમાં ઇન્દ્રિયોના અભાવમાં પણ ભોગ જોવામાં આવે છે. માટે દેહ અને ઇન્દ્રિયથી યુક્ત આત્માને ભોક્તા કહેનારી શ્રુતિ અનુપપન્ન છે. આ શંકાનો ઉત્તર આપતાં કહ્યું છે કે દેહ અને ઇન્દ્રિયનો ચેતન આત્મા સાથે યોગ (સંબંધ) સહકારી તરીકેનો છે. બીજી બાજુએ કામ, સંકલ્પ વગેરે આત્મામાં અનુભવાય છે તે મનના ધર્મો છે એમ શ્રુતિને આધારે સ્પષ્ટ છે. આમ કામ સંકલ્પાદિવાળા મન સાથે તાદાત્મ્ય વિના આત્મા કામ આદિનો આશ્રય બની શકે નહિ તેથી તાદાત્મ્યથી મન સાથે સંબંધ છે અને મનથી વિશિષ્ટ આત્મા ભોક્તા છે એમ માનવું યુક્ત છે.

ફરી શંકા થાય કે બુદ્ધિવિશિષ્ટ આત્મા કેવલ આત્માથી ભિન્ન છે, કારણ કે વિશિષ્ટમાં કૈવલ્ય નથી હોતું એવી પ્રતીતિ થાય છે. વિશિષ્ટમાં રહેલ એવો, કેવલ જેનો પ્રતિયોગી છે તેવો ભેદ (અર્થાત્, વિશિષ્ટનો કેવલથી ભેદ) વિશેષ્યમાં રહે છે એવો નિયમ છે. આમ વિશિષ્ટ આત્મામાં રહેલા બંધનો વિશેષ્ય સાથે સંબંધ હોવા છતાં મુક્તિમાં અન્વિત કેવલ ચૈતન્યમાં બંધ અન્વિત નથી તેથી બંધ અને મોક્ષનું વૈયધિકરણ્ય રહેવાનું જ. આનો ઉત્તર છે કે વિશિષ્ટમાં સમાયેલો વિશેષ્ય કેવલથી જુદો નથી. કહેવાનો ભાવ એ છે કે દેહવિશિષ્ટ પુરુષમાં કેવલ પુરુષનો અભેદ પ્રત્યભિજ્ઞાત (ઓળખાઈ ગયેલો) થાય છે તેથી તેની પ્રત્યભિજ્ઞાને કારણે તથા બાધક ન હોવાથી વિશિષ્ટમાં અન્તર્ગત વિશેષ્યમાં અને કેવલમાં સ્વાભાવિક એકત્વ છે અને વિશિષ્ટ-અવિશિષ્ટના રૂપભેદને લઈને કાલ્પનિક ભેદ મનાય છે. અને આમ વિશિષ્ટમાં રહેલો બંધ વિશેષ્યમાં અન્વયવાળો હોય છે તેથી કેવલ આત્મામાં પણ તેનો અન્વય ચાલુ રહે છે.

इतरे तु अस्तु केवलश्चेतनः कर्तृत्वादिबन्धाश्रयः । स्फाटिकलौहित्यन्यायेनान्तःकरणस्य तद्विशिष्टस्य वा कर्तृत्वाद्याश्रयस्य सन्निधानाच्चेतनेऽपि कर्तृत्वाद्यन्तरस्याध्यासोपगमात् । न च तस्यैकत्वाद् व्यवस्थाऽनुपपत्तिः । उपाधिभेदादेव तदुपपत्तेः । न चान्यभेदादन्यत्र विरुद्धधर्मव्यवस्था न युज्यते इति वाच्यम् । मूलाग्ररूपोपाधिभेदमात्रेण वृक्षे संयोगतदभावव्यवस्था-दर्शनात् । तत्तत्पुरुषकर्णपुटोपाधिभेदेन श्रोत्रभावमुपगतस्याकाशस्य तत्र शब्दोपलम्भकत्वानुपलम्भकत्वतारमन्द्रेष्टानिष्टशब्दोपलम्भकत्वादिवैचित्र्य-दर्शनाच्चेत्याहुः ॥

જ્યારે બીજા કહે છે કે કેવલ ચેતન કર્તૃત્વાદિ બંધનો આશ્રય ભલે હોય, કારણ કે સ્ફટિકલૌહિત્યન્યાયથી કર્તૃત્વાદિના આશ્રય એવા અન્તઃકરણ અથવા તેનાથી (અન્તઃકરણથી) વિશિષ્ટના સન્નિધાનને લીધે ચેતનમાં પણ અન્ય કર્તૃત્વાદિનો અધ્યાસ માનવામાં આવે છે. અને તે (ચેતન) એક હોવાથી (સુખ-દુઃખાદિની)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વ્યવસ્થા નહી સંભવે એમ નહિ, કારણ કે ઉપાધિના ભેદથી જ તેની ઉપપત્તિ છે (—તે સમજાશે) અને એવી દલીલ કરવી નહિ કે અન્યના ભેદથી અન્યત્ર વિરુદ્ધ ધર્મોની વ્યવસ્થા થઈ શકે નહિ (આ દલીલ બરાબર નથી) કારણ કે મૂળ અને ટોચ રૂપ ઉપાધિના ભેદ માત્રથી વૃક્ષમાં સંયોગ અને તેના અભાવની વ્યવસ્થા જોવામાં આવે છે. અને તે તે પુરુષના કર્ણપુટરૂપ ઉપાધિના ભેદથી શ્રોત્રેન્દ્રિય રૂપને પ્રાપ્ત થયેલા આકાશની બાબતમાં ત્યાં ત્યાં શબ્દનું ઉપલંભકત્વ તથા અનુપલંભકત્વ, તથા તાર, મન્દ્ર, ઇષ્ટ અને અનિષ્ટ શબ્દનુ ઉપલંભકત્વ આદિ વૈચિત્ર્ય જોવામાં આવે છે.

**વિવરણ** : કેટલાક બંધ અને મોક્ષનું સીધું સામાનાધિકરણ્ય બતાવે છે. તેઓ કહે છે કે કેવલ ચિદાત્મા જ કર્તૃત્વાદિ બંધનો આશ્રય છે. જેમ લાલાશના આશ્રય એવા જપા કુસુમ આદિની નજીકમાં હાજરીને કારણે સ્ફટિકમાં ઉપાધિમાં રહેલી લાલાશની અપેક્ષાએ તેની પ્રતિબિંબભૂત બીજી લાલાશ ઉત્પન્ન થાય છે, તેમ ચિદાત્મામાં બુદ્ધિ આદિમાં રહેલા બંધની અપેક્ષાએ અન્ય અધ્યાસાત્મક કર્તૃત્વાદિ બંધની ઉત્પત્તિ થાય છે. શંકા થાય કે બુદ્ધિ આદિમાં સાક્ષીથી અનુભવાતા બંધના માત્ર સંસર્ગનો અધ્યાસ ચિદાત્મામાં માનવામાં આવે તો પણ વૈયધિકરણ્યની શંકાનો પરિહાર સંભવે છે તેથી ત્યાં બુદ્ધિ આદિમાં રહેલા કર્તૃત્વાદિના જેવો કર્તૃત્વાદિ બંધ ઉત્પન્ન થાય છે એવી કલ્પના માટે કોઈ પ્રમાણ નથી પણ આ શંકા બરાબર નથી बुद्धेर्गुणेनाराग्रमात्रो ह्यवरः (શ્વેતા ૫.૮) (જીવ અન્તઃકરણના ગુણને કારણે કારણે આરાના અગ્રભાગ જેટલો છે) એ શ્રુતિમાં બતાવ્યું છે કે બુદ્ધિના પરિમાણને કારણે જીવનું પણ અલ્પ પરિમાણ છે. એ જ રીતે બુદ્ધિના કર્તૃત્વાદિ ધર્મ જેવું કર્તૃત્વાદિ પણ ચિદાત્મામાં ઉત્પન્ન થાય છે એ અર્થ શ્રુતિસંમત હોવાથી પ્રામાણિક છે.

ફરી શંકા થાય કે કર્તૃત્વાદિના અધ્યાસનું અધિષ્ઠાન —ચિદાત્મા તો એક છે તો સુખદુઃખાદિની વ્યવસ્થા શી રીતે થશે ? આનો ઉત્તર એ છે કે ન્યાય–વૈશેષિક દર્શનમાં સ્વીકાર્યું છે કે એક જ વૃક્ષમાં મૂલરૂપ અવચ્છેદકની અપેક્ષાએ વાનરનો સંયોગાભાવ છે જ્યારે ટોચરૂપ અવચ્છેદકની અપેક્ષાએ તેનાથી વિરુદ્ધ સંયોગ છે. આમ અવચ્છેદક કે ઉપાધિના ભેદથી એ વિરુદ્ધ ધર્મોની એકમાં વ્યવસ્થા છે. એ જ રીતે કર્ણપુટથી અવચ્છિન્ન આકાશ તે શ્રોત્રેન્દ્રિય. આકાશ એક હોવા છતાં અલગ અલગ વ્યક્તિના કર્ણપુટોથી અવચ્છિન્ન આકાશ ભિન્ન ભિન્ન શ્રોત્રેન્દ્રિય-રૂપ ધારણ કરે છે અને જુદે જુદે સ્થળે શબ્દનું ગ્રહણ કરનાર કે ગ્રહણ નહીં કરનાર કે તાર કે મંદ્ર કે ઇષ્ટ કે અનિષ્ટ શબ્દનું ગ્રહણ કરનાર કે એવું બીજું ભિન્ન ભિન્ન વૈચિત્ર્યવાળું બને છે એમ આપણે જોઈએ છીએ. એ જ રીતે ચિદાત્મામાં પણ ભિન્ન ભિન્ન ઉપાધિને કારણે સુખિત્વ, દુઃખિત્વની વ્યવસ્થા સંભવશે.

વ્યાખ્યાકાર **કૃષ્ણાનંદતીર્થ** કહે છે કે વૃક્ષ અને આકાશનું દૃષ્ટાન્ત પરમત (ન્યાય–વૈશેષિક) ધ્યાનમાં રાખીને આપ્યું છે. સિદ્ધાન્તમાં મૂલથી અવચ્છિન્ન વૃક્ષ અને ટોચથી અવચ્છિન્ન વૃક્ષનો કાલ્પનિક ભેદ માન્યો છે તેથી જ સંયોગ અને સંયોગાભાવની વ્યવસ્થા થઈ શકે છે. અને શ્રોત્રેન્દ્રિયને દિશાથી ઉત્પન્ન થયેલી માનવામાં આવી છે એમ ધ્યાનમાં રાખવું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

एके तु यथाश्रयभेदादेव विरुद्धधर्मव्यवस्थोपपादननियमः तदा चेतने निष्कृष्टे एवोपाधिवशात् भेदकल्पनाऽस्तु । अकल्पिताश्रयभेद एव व्यवस्थाप्रयोजक इति क्वाप्यसम्प्रतिपत्तेः । मणिमुकुरकृपाणाद्युपाधिकल्पितेन भेदेन मुखे श्यामावदातवर्तुलदीर्घत्वादिधर्माणामङ्गुल्युपष्टम्भोपाधिकल्पितेन भेदेन दीपे पाश्चात्यपौरस्त्यादिधर्माणां च व्यवस्थासम्प्रतिपत्तेरित्याहुः ॥११॥

જ્યારે એક વર્ગ કહે છે કે જો આશ્રયના ભેદથી જ વિરુદ્ધ ધર્મોની વ્યવસ્થાના ઉપપાદન (સંભાવના બતાવવી)નો નિયમ હોય તો નિષ્કૃષ્ટ (અન્તઃકરણથી વિશિષ્ટ રૂપથી બહાર ખેંચી કાઢેલુ, એ ઉપાધિવાળું) ચેતનમા જ ઉપાધિ (ભેદ)ને કારણે ભેદની કલ્પના ભલે હો, કેમ કે અકલ્પિત (સત્ય) એવો આશ્રયભેદ જ વ્યવસ્થાના પ્રયોજક છે એમ કયાંય સર્વસંમતિ નથી. કારણ કે મણિ. દર્પણ, તલવાર આદિ ઉપાધિથી કલ્પિત ભેદથી મુખમાં શ્યામત્વ, સ્વચ્છત્વ, વર્તુલત્વ, દીર્ઘત્વ આદિ ધર્મોની અને અંગુલિ-ઉપષ્ટંભ (આંગળીથી દાબવું તે) રૂપ ઉપાધિથી કલ્પિત ભેદથી દીવામાં પાશ્ચાત્ય, પૌરસ્ત્ય આદિ ધર્મોની વ્યવસ્થા અંગે સર્વસંમતિ છે. (૧૧)

**વિવરણ :** જો ઉપરના દૃષ્ટાન્તોમાં ઉપાધિના ભેદને કારણે એ ઉપાધિથી ઉપહિત વૃક્ષાદિમાં ભેદ બીજા માનતા હોય તો પ્રકૃત ચેતનમાં પણ ઉપાધિને કારણે ભેદની કલ્પના કરી સુખિત્વ દુઃખિત્વની વ્યવસ્થા બતાવી શકાય એમ બીજા કેટલાક માને છે. સત્ય ભેદ જ વ્યવસ્થાનો પ્રયોજક (કારણ) હોઈ શકે એવું કયાંય નક્કી કરવામા નથી આવ્યું. વેદાંતમાં તો ઘટાદિના ભેદને પણ સત્ય માનવામાં નથી આવ્યો એવો ભાવ છે. મુખમાં મલિન દર્પણાદિએ કરેલા ભેદને કારણે શ્યામત્વાદિની વ્યવસ્થા અંગે નિશ્ચય છે. ઉપાધિ અનુસાર મુખ ગોળ કે લાંબુ વગેરે બને છે એ વ્યવસ્થા આપણે જોઈએ છીએ, અને સૌ એ બાબતમાં સંમત છે. આંગળી આંખ પર દાબતાં દીવામાં આગળ હોવાપણું પાછળ હોવાપણું વગેરે ધર્મોની વ્યવસ્થા આપણે જોઈએ છીએ. (અવચ્છેદપક્ષનાં ઔપાધિકભેદનું વ્યવસ્થાપકત્વ અહીં બતાવ્યું છે–). જીવોની ઉપાધિના ભેદને કારણે અથવા તેમના ઔપાધિક ભેદને કારણે સુખદુઃખાદિની વ્યવસ્થા સિદ્ધ થતાં તેમના વસ્તુતઃ પરસ્પરભેદને વિષે પ્રમાણ ન હોવાથી એક બ્રહ્મ સાથે તેમનો અભેદ સિદ્ધ થાય છે. અને એ સિદ્ધ થતાં, જીવથી અભિન્ન, નિષ્પ્રપંચ બ્રહ્મને વિષે ઉપનિષદોનો સમન્વય છે એમ સિદ્ધ થાય છે એમ પ્રતિપાદિત કર્યું છે.

(૧૨) હવે બીજો વિચાર આરંભે છે. ઉપાધિનો ઉલ્લેખ ઉપર વારંવાર કર્યો છે તો આ સુખાદિવ્યવસ્થા માટે ઉપયોગી ઉપાધિ કઈ? અનુસંધાન અને અનનુસંધાનમાં ભોગાયતનનો અભેદ અને તેનો ભેદ અથવા શરીરનો અભેદ અને તેનો ભેદ, કે અન્તઃકરણનો અભેદ કે તેનો ભેદ, કે અજ્ઞાનનો અભેદ કે તેનો અભેદ પ્રયોજક છે એ પ્રશ્નનું નિરૂપણ કરવું જોઈએ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(१२) एवमुपाधिवशाद् व्यवस्थोपपादने सम्भाविते जीवानां परस्परसुखाद्यननुसन्धानप्रयोजक उपाधि क इति निरूपणीयम् ।

अत्र केचिदाहुः—भोगायतनाभेदतद्भेदावनुसन्धानाननुसन्धानप्रयोजकोपाधी । शरीरावच्छिन्नवेदनायास्तदवच्छिन्नेनानुसन्धानात् चरणावच्छिन्नवेदनाया हस्तावच्छिन्नेनाननुसन्धानाच्च । 'हस्तावच्छिन्नोऽहं पादावच्छिन्नवेदनामनुभवामि' इत्यप्रत्ययात् । कथं तर्हि चरणलग्नकण्टकोद्धाराय हस्तव्यापारः । नायं हस्तव्यापारः हस्तावच्छिन्नानुसन्धानात्, किं त्ववयवावयविनोश्चरणशरीरयोर्भेदासत्त्वेन चरणावच्छिन्नवेदना शरीरावच्छिन्नेन 'अहं चरणे वेदनावान्' इत्यनुसन्धीयते इति तदनुसन्धानात् । एवं चैत्रमैत्रशरीरयोरभेदाभावात् चैत्रशरीरावच्छिन्नवेदना न मैत्रशरीरावच्छिन्नेनानुसन्धीयते । नाप्युभयशरीरानुस्यूतावयव्यन्तरावच्छिन्नेनानुसन्धीयते, उभयानुस्यूतस्यावयविनो भोगायतनस्यैवाभावादिति न चैत्रशरीरलग्नकण्टकोद्धाराय मैत्रशरीरव्यापारप्रसङ्ग इति ।

આમ ઉપાધિના આધારે વ્યવસ્થાનું ઉપપાદન કરી બતાવ્યું તો જીવોને એકબીજાના સુખાદિનું અનુસંધાન નથી થતું તેની પ્રયોજક ઉપાધિ કઈ છે એનું નિરૂપણ કરવું જોઈએ.

આ બાબતમાં કેટલાક કહે છે કે ભોગાયતનનો અભેદ અને તેનો ભેદ અનુસંધાન અને અનનુસંધાનમાં (ક્રમશઃ) પ્રયોજક ઉપાધિ છે, કારણ કે શરીરથી અવચ્છિન્ન આત્માની વેદનાનું તેનાથી (શરીરથી) અવચ્છિન્ન આત્માથી અનુસંધાન થાય છે, અને ચરણથી અવચ્છિન્ન આત્માની વેદનાનું હાથથી અવચ્છિન્ન આત્માથી અનુસંધાન થતું નથી, કેમકે 'હાથથી અવચ્છિન્ન હું પગથી અવચ્છિન્ન વેદનાનો અનુભવ કરું છું' એવું જ્ઞાન થતું નથી. તો પછી પગમાં લાગેલા કાંટાને ખેંચી કાઢવા માટે હાથનો વ્યાપાર કેવી રીતે થાય છે? આ હાથનો વ્યાપાર હાથથી અવચ્છિન્નના અનુસંધાનને કારણે નથી; પણ અવયવ અને અવયવી એવા ચરણ અને શરીરમાં ભેદ ન હોવાને કારણે ચરણથી અવચ્છિન્ન આત્માની વેદનાનું શરીરથી અવચ્છિન્ન આત્માથી 'હું ચરણમાં વેદનાવાળો છું' એમ અનુસંધાન કરવામાં આવે છે માટે તેના અનુસંધાનને કારણે છે. એ જ રીતે ચૈત્ર અને મૈત્રના શરીરોમાં અભેદ ન હોવાથી ચૈત્રના શરીરથી અવચ્છિન્ન આત્માની વેદનાનું મૈત્રના શરીરથી અવચ્છિન્ન આત્માથી અનુસંધાન કરાતું નથી તેમ બન્નેના શરીરમાં અનુસ્યૂત (બન્ને દ્વારા પસાર થતા બન્નેમાં હાજર) અન્ય અવયવીથી અવચ્છિન્ન આત્માથી પણ અનુસંધાન કરાતું નથી કારણ કે બન્નમાં અનુસ્યૂત એવું અવયવી જે ભોગાયતન હોય તેનો અભાવ છે. માટે ચૈત્રના શરીરમાં લાગેલા કાંટાને ખેંચી કાઢવા માટે મૈત્રના શરીરનો વ્યાપાર પ્રસક્ત થતો નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[વિવરણ : ભોગાયતન=ભોગનું પાત્ર કે સ્થાન, અવચ્છેદકતા સંબંધથી ભોગનો આશ્રય—હાથ, પગ, શરીર આદિ. અહીં ઉપર દર્શાવેલા વિકલ્પોમાંથી પહેલો વિકલ્પ ચર્ચ્યો છે.

अन्ये तु विश्लिष्टोपाधिभेदोऽननुसन्धानप्रयोजकः । तथा च हस्तावच्छिन्नस्य चरणावच्छिन्नवेदनानुसन्धानाभ्युपगमेऽपि न दोषः । न चैवं सति गर्भस्थस्य मातृसुखानुसन्धानप्रसङ्गः । एकस्मिन्नवयविन्यवयवभावेनाननुप्रविष्टयोर्विश्लिष्टशब्देन विवक्षितत्वाद् मातृगर्भशरीरयोस्तथात्वादित्याहुः ॥

न च "उद्यतायुधदोर्दण्डाः पतितस्वशिरोऽक्षिभिः ।
पश्यन्तः पातयन्ति स्म कबन्धा अप्यरीनिह ॥" इति—

भारतोक्त्या विश्लेषेऽप्यनुसन्धानमवगतमिति वाच्यम् । तत्रापि शिरःकबन्धयोरेकस्मिन् अवयविन्यवयवभावेनानुप्रविष्टत्वात् । शिरश्छेदनानन्तरं मूर्च्छामरणयोरन्यतरावश्यंभावेन दृष्टविरुद्धार्थस्य तादृशवचनस्य कैमुत्यन्यायेन योधोत्साहातिशयप्रशंसापरत्वात् । तादृक्प्रभावयुक्तपुरुषविशेषविषयत्वेन भूतार्थवादत्वेऽपि निरुक्तस्योत्सर्गतोऽननुसन्धानतन्त्रत्वाविघाताच्च । अत एवोक्तवक्ष्यमाणपक्षेषु योगिनां जातिस्मराणां च शरीरान्तरवृत्तान्तानुसन्धाने न दोषप्रसक्तिः ।

જ્યારે બીજા કહે છે કે વિશ્લિષ્ટ (એકબીજાથી જોડાયેલ નહીં એવી) (ભોગાયતનરૂપ) ઉપાધિનો ભેદ અનનુસંધાનનો પ્રયોજક છે. અને આમ (-આને કારણે-) હસ્તાવચ્છિન્ન આત્માને ચરણથી અવચ્છિન્ન આત્માની વેદનાનું અનુસંધાન થાય છે એમ માનવામાં પણ દોષ નથી. અને આમ હોય તો ગર્ભમાં રહેલ જીવને માતાના સુખનું અનુસંધાન પ્રસક્ત થશે એમ (માનવાની જરૂર) નથી. કારણ કે 'એક અવયવીમાં અવયવભાવથી જે બે વસ્તુ માનો પ્રવેશ ન હોય તે વિશ્લિષ્ટ' શબ્દથી વિવક્ષિત છે તેથી માતાના અને ગર્ભનાં શરીરે તેવાં (વિશ્લિષ્ટ) છે.

અને એવી દલીલ કરવી નહિ કે "જેમના બાહુદંડમાં આયુધ ઉદ્યત (ઊંચા કરેલાં) છે એવા, (છૂટાં) પડેલાં પોતાનાં માથાંની આંખોથી જોતા એવા કબન્ધો (માથાં કપાયેલાં ધડ) પણ અહીં શત્રુઓને પાડે છે", એ મહાભારતની ઉક્તિથી વિશ્લેષ હોવા છતાં અનુસંધાન જ્ઞાત થાય છે. (આ દલીલ બરાબર નથી) કારણ કે ત્યાં પણ માથું અને ધડ એક અવયવી (શરીર)માં અવયવભાવથી પૂર્વમાં પ્રવિષ્ટ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હતાં. માથું છેદાયા પછી મૂર્છા કે મરણમાંથી એક અવશ્ય થવું જોઈએ તેથી પ્રત્યક્ષ જોવામાં આવે છે તેનાથી વિરુદ્ધ અર્થવાળું તેવું વચન કૈમુતિક ન્યાયથી યોદ્ધાઓના ઉત્સાહાતિશયની પ્રશંસાપરક છે (—તેને પ્રશંસાપરક માનવું જોઈએ). અને જો તેવા પ્રભાવથી યુક્ત પુરુષવિશેષ વિષયક (આ વચન) હોય તો વાસ્તવિક હકીકતનું કથન કરતું હોવા છતાં જે નિયમ (ઉપર) સમજાવ્યો છે (કે વિશ્લિષ્ટ ઉપાધિનો ભેદ અનનુસંધાનમાં પ્રયોજક છે) તે ઔત્સર્ગિક (સામાન્ય નિયમ) હોવાથી (તેમાં આ અપવાદ છે તેથી) (વિશ્લિષ્ટ ઉપાધિનો ભેદ) અનનુસંધાનમાં પ્રયોજક છે તેમાં વિઘાત થતો નથી (અનનુસંધાન વિશ્લિષ્ટ ઉપાધિના ભેદ પર આધારિત છે એ સામાન્ય નિયમનો લોપ થતો નથી). તેથી કહેલા અને કહેવામાં આવશે તે પક્ષોમાં યોગીઓને અને પૂર્વજન્મને યાદ કરનારાઓને અન્ય શરીરના વૃત્તાન્તનું અનુસંધાન થતું હોય તો તેમાં દોષ પ્રસક્ત થતો નથી.

**વિવરણ** : પગમાં કાંટો લાગ્યો હોય તો તેને ખેંચી કાઢવા માટે હાથ કામે લાગી જાય છે માટે એમ સ્વીકારવામાં આવે છે કે હાથથી અવચ્છિન્ન આત્માને ચરણથી અવચ્છિન્ન આત્માની વેદનાનું અનુસંધાન થાય છે. શંકા થાય કે આમ છે તો પછી ભોગાયતનનો (ભોગના આશ્રયનો) ભેદ અનનુસંધાનમાં કારણભૂત બને છે એમ માની નહીં શકાય કારણ કે ચરણ અને હાથ જુદાં હોવા છતાં અનુસંધાન જોવામાં આવે છે. આ શંકાને દૂર કરવા માટે કેટલાક વિચારકો બીજી ઉપાધિનું નિરૂપણ કરે છે કે વિશ્લિષ્ટ અર્થાત્ નહીં જોડાયેલી એવી ઉપાધિઓનો (ભોગાયતનોનો) ભેદ અનનુસંધાનનો પ્રયોજક છે. હાથ અને પગ એ બે ભોગાયતન ભિન્ન હોવા છતાં વિશ્લિષ્ટ નથી માટે અનુસંધાન સંભવે છે. પણ ચૈત્રને મૈત્રના દુઃખ કે સુખનું અનુસંધાન થતું નથી. અહીં પણ શંકા થઈ શકે કે ગર્ભસ્થ જીવનું જે ભોગાયતન છે તેનો માતાના શરીરથી વિશ્લેષ નથી તેથી ત્યાં અનુસંધાન થવું જોઈએ. આ શંકાનો ઉત્તર આપતાં કહ્યું છે કે એક જ અવયવીમાં તેના અવયવરૂપે જે દાખલ થયેલાં ન હોય તેને 'વિશ્લિષ્ટ' તરીકે સમજવાનાં છે. ગર્ભસ્થ જીવનું ભોગાયતન અને માતાનું શરીર આ રીતે વિશ્લિષ્ટ છે, તે એક અવયવીના અવયવ નથી તેથી અનુસંધાન નથી.

આ બાબતમાં પણ શંકા થાય કારણ કે **મહાભારત**માં એવું કથન છે કે માથા કપાયેલાં ધડ શસ્ત્ર ઉગામીને પોતાનાં નીચે પડેલાં માથાંની આંખોથી જોઈને યુદ્ધભૂમિ પર શત્રુઓને પાડતાં હતાં. અહીં ચૈત્ર અને મૈત્રના શરીરોની જેમ ધડ અને માથું ભિન્ન હોવા છતાં માથાથી અવચ્છિન્ન આત્માને ધડથી અવચ્છિન્ન આત્માના યોદ્ધાપણાનું અનુસંધાન હતું એમ સમજાય છે. આનું સમાધાન કરતાં કહ્યું છે કે ચૈત્ર અને મૈત્રનાં શરીર તો હમેશાં જુદાં જ રહ્યાં છે જ્યારે માથું અને ધડ તો એક શરીરમાં પહેલાં અનુપ્રવિષ્ટ હતાં. વળી માથું છેદાય તો મૂર્છા થવી જોઈએ કે મૃત્યુ થવું જોઈએ માટે **મહાભારત**ના ઉપર્યુક્ત વચનને મુખ્ય અર્થમાં સમજી ન શકાય તેનો અર્થ તો એમ જ લેવો જોઈએ કે માથા વિનાનાં ધડ પણ શત્રુઓને પાડતાં હોય તો બીજાઓની તો વાત જ શી કરવી (किमुत अन्ये). આમ કૈમુતિકન્યાયથી યોદ્ધાઓના ઉત્સાહાતિશયની આ વચન પ્રશંસા કરે છે. માટે ઉપર્યુક્ત નિયમનો ભંગ થતો નથી. હવે ક્યારેક યોગબળે કરીને કે વરદાનના મહિમાને લીધે માથું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કપાઈ જાય પછી પણ પુચ્છનું અનુસંધાન વગેરે કેટલાકની બાબતમાં સંભવે છે અને તેથી એમ હોય તો ઉપર્યુક્ત વચન સાચી પરિસ્થિતિનું વર્ણન કરે છે એમ માનવું જોઈએ. પણ આ તો અપવાદ છે તેથી 'વિશ્લિષ્ટ ઉપાધિ કે ભોગાયતનનો ભેદ અનનુસંધાનનો પ્રયોજક છે' એ સામાન્ય નિયમનો સંકોચ માત્ર થાય છે પણ લોપ તો નથી જ થતો. ભોગાયતનનો ભેદ અનનુસંધાનમાં પ્રયોજક છે એમ માનીએ તો યોગીઓમાં અને જાતિસ્મરોમાં (પૂર્વજન્મનું સ્મરણ જેમને થાય છે તેવાઓમાં) ભોગાયતનભેદ વગેરે અનનુસંધાનના ઉપર્યુક્ત ચાર પ્રયોજક હોવા છતાં અનનુસંધાન થતું નથી (ઊલટું અનુસંધાન થાય છે) એ અપવાદ હોવાથી દોષની પ્રસક્તિ નથી. અદૃષ્ટવિશેષનો સાથ ન હોય ત્યારે ઉપાધિભેદ અનનુસંધાનનો પ્રયોજક છે એમ વિવક્ષિત છે તેથી યોગીઓ વગેરેમાં અદૃષ્ટવિશેષનો સાથ મળતો હોવાથી ઉપાધિભેદ અનનુસંધાનનો પ્રયોજક ન બને તો દોષ નથી, વ્યભિચાર નથી એમ તાત્પર્ય છે.

**अपरे तु शरीरैक्यभेदावनुसन्धानतदभावप्रयोजकोपाधी । बाल्य-भवान्तरानुभूतयोरनुसन्धानतदभावदृष्टेः । न च बाल्ययौवनयोरपि शरीरभेदः शङ्कनीयः प्रत्यभिज्ञानात् । न च परिमाणभेदेन तद्भेदावगमः । एकस्मिन् वृक्षे मूलाग्रभेदेनेव कालभेदेनैकस्मिन्ननेकपरिमाणान्वयोपपत्तेः ।**

**नन्ववयवोपचयमन्तरेण न परिमाणभेदः । अवयवाश्च पश्चादापतन्तो न पूर्वसिद्धं शरीरं परियुज्यन्ते इति परिमाणभेदे शरीरभेद आवश्यक इति चेत्, न । प्रदीपारोपणसमसमयसौधोदरव्यापिप्रभामण्डलविकास-तत्पिधानसमसमयतत्सङ्कोचाद्यनुरोधिनः परमाणुप्रक्रिययोरसम्भवादस्यान-भ्युपगमात् । विवर्तवादे चन्द्रजालिकदर्शितशरीरवद् विनैवावयवोपचयं मायया शरीरस्य वृद्ध्युपपत्तेरित्याहुः ।**

બીજા વળી કહે કે શરીરનું ઐક્ય અને શરીરનો ભેદ અનુસંધાન અને તેના અભાવમાં પ્રયોજક ઉપાધિ છે, કારણ કે બાલ્યાવસ્થામાં અને અન્ય જન્મમાં અનુભવાયેલાનું (યૌવન કે વૃદ્ધાવસ્થામાં) અનુસંધાન અને (અન્ય જન્મમાં) તેનો અભાવ જોવામાં આવે છે. બાલ્ય અને યૌવનમાં પણ શરીરનો ભેદ છે એવી શંકા કરવી નહિ કારણ કે (એ જ શરીર છે એવી) ઓળખ (પ્રત્યભિજ્ઞા) થાય છે અને પરિમાણના ભેદથી તેના (શરીરના) ભેદનું જ્ઞાન થાય એવું નથી, કારણ કે એક વૃક્ષમાં મૂળ અને ટોચના ભેદથી (અનેક પરિમાણનો સંબંધ સંભવે છે) તેમ એક (શરીર)માં કાલભેદથી અનેક પરિમાણનો સંબંધ સંભવે છે. કોઈ શંકા કરે છે કે અવયવોના ઉમેરા સિવાય પરિમાણ ભેદ હોઈ ન શકે અને પાછળથી આવતા અવયવો પૂર્વસિદ્ધ શરીરની આજુબાજુ જોડાતા નથી માટે પરિમાણમાં ભેદ હોય તો શરીરનો ભેદ આવશ્યક છે, તો (આ શંકાનો ઉત્તર છે કે) ના. દીવો મૂકતાંની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાથે જ એ જ સમયમાં (ક્ષણમાં) હવેલીની અંદર વ્યાપનાર પ્રભામંડલના વિકાસ અને એનું આચ્છાદન કરતાં એ જ સમયમાં (ક્ષણમાં) તેના (પ્રભામંડલના) સંકોચ આદિને નહી અનુસરનારના મતમાં પરમાણુની (ઉત્પત્તિ અને નાશ માટે સંયોગ અને વિભાગની) પ્રક્રિયાનો સંભવ નથી તેથી આ સ્વીકારવામાં નથી આવતું. અને વિવર્તવાદમાં ઐન્દ્રજાલિકે (જાદુગરે) બતાવેલા શરીરની જેમ અવયવોના ઉમેરા વિના જ માયાથી શરીરની વૃદ્ધિ ઉપપન્ન છે.

**વિવરણ** : ત્રીજો પક્ષ લઈને અનુસંધાન–અનનુસંધાનનું નિરૂપણ કરે છે. શરીર એક હોય તો અનુસંધાન થાય છે જેમ કે બાલ્યાવસ્થામાં જે અનુભવ્યું હોય તેનું યૌવન કે વૃદ્ધાવસ્થામાં અનુસંધાન થાય છે, જ્યારે શરીરોનો ભેદ હોય તો અનુસંધાન થતું નથી જેમકે એક જન્મમાં જે અનુભવ્યું હોય તેનું અન્ય જન્મમાં અનુસંધાન થતું નથી. શંકા થાય કે બાલ્ય અને યૌવનમાં પણ શરીર તો જુદાં જ છે કારણ કે તેમનાં પરિમાણ જુદાં છે, આનો ઉત્તર છે કે બાલ્યાદિ અવસ્થાઓનો ભેદ હોવા છતાં શરીરનો ભેદ નથી કારણ કે 'આ એ જ શરીર છે' એમ પ્રત્યભિજ્ઞા થતી જોવામાં આવે છે.

**આરંભવાદ** (ન્યાયવૈશેષિકને માન્ય કાર્યકારણવાદ)ને આધારે શંકા રજૂ કરી શકાય કે અવયવોનો ઉમેરો થાય તે સિવાય પરિમાણનો ભેદ સંભવે નહિ. પૂર્વસિદ્ધ શરીરની આજુબાજુ આ પાછળથી આવતા અવયવો જોડાઈ શકે નહિ. તેથી પૂર્વસિદ્ધ શરીરનો નાશ થાય છે, પછી તેના અવયવો અને નવા ઉમેરાયેલા અવયવો મળીને એક બીજું શરીર દ્વ્યણુક, ત્ર્યણુક આદિ ક્રમથી ઉત્પન્ન કરે છે એમ માનવુ જોઈએ. માટે પરિમાણમાં ભેદ હોય તો શરીરમાં ભેદ હોવો જ જોઈએ. પ્રત્યભિજ્ઞા થાય છે તે શરીરત્વ સામાન્ય વિષયક છે. આનો ઉત્તર આપતાં કહ્યું છે કે દીવો મૂકવામાં આવતાં એ જ ક્ષણમાં પ્રદીપપ્રભા સમગ્ર ઓરડામાં ફેલાઈ જાય છે અને દીવાની વાટ ઢાંકી દેતાં એ જ ક્ષણે દીવાની પ્રભાનો સંકોચ થાય છે, આ અને ઉપાદાન અને ઉપાદેયના સામાનાધિકરણ્યનો અનુભવ થાય છે ઇત્યાદિને જે અનુસરતો નથી તેના મતમાં ઉત્પત્તિ અને નાશની પરમાણુપ્રક્રિયા સંભવતી નથી તેથી આ સ્વીકારી શકાય નહિ દ્વ્યણુક આદિ ક્રમથી સ્થૂળ ઉત્પત્તિ થાય છે એમ માનનાર પક્ષમાં વિલંબ માનવો જ પડે. તેથી જ સમસમયત્વના અનુભવનો—પ્રકાશ એ જ કાળમાં વિકાસ પામે છે એ અનુભવનો—વિરોધ થાય છે. પરમાણુના સંયોગના નાશના ક્રમથી પ્રભા આદિનો નાશ થાય તેમાં પણ વિલંબ માનવો પડે. વળી આરંભવાદમાં ઉપાદાન અને ઉપાદેયમાં અત્યન્ત ભેદ માન્યો છે તેથી સામાનાધિકરણ્યના અનુભવનો વિરોધ થાય છે માટે તે વાદ છોડી જ દેવો જોઈએ એવો ભાવાર્થ છે.

જો અવયવના ઉમેરાના ક્રમથી બીજા શરીરની ઉત્પત્તિ માનવામાં ન આવતી હોય તો એક શરીરમાં નાનું–મોટું એમ વિરુદ્ધ પરિમાણ કેવી રીતે સંભવે—એવા પ્રશ્નના ઉત્તરમાં કહ્યું છે કે વિવર્તવાદમાં જાદુગરે બતાવેલા શરીરમાં થાય છે તેમ અવયવોના ઉમેરા વિના માયાથી શરીરમાં વૃદ્ધિનો સંભવ છે. આમ કહી શકાય કે બાલ્ય અને યૌવન કે વૃદ્ધાવસ્થામાં શરીર એક હોવાથી અનુસંધાન છે જ્યારે શરીરના ભેદને કારણે જન્માન્તરમાં નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

इतरे त्वन्तःकरणाभेदतद्भेदाभ्यामनुसन्धानाननुसन्धानव्यवस्थामाहुः । अयं च पक्षः प्रागुपपादितः ।

केचित्तु 'अज्ञानानि जीवभेदोपाधिभूतानि नाना' इति स्वीकृत्य तद्भेदाभेदाभ्याम् अनुसन्धानाननुसन्धानव्यवस्थामाहुः ॥१२॥

**બીજા** અન્તઃકરણના ભેદ અને તેના અભેદથી અનુસંધાન અને અનનુસંધાનની વ્યસ્થા બતાવે છે. અને આ પક્ષનું ઉપપાદન પહેલાં (સુખદુઃખાદિ વ્યવસ્થાનું ઉપપાદન કરતી વખતે) કર્યું છે. જ્યારે કેટલાક જીવભેદનાં ઉપાધિભૂત અજ્ઞાનો નાના (ભિન્ન ભિન્ન) છે એમ માનીને તેમના (અજ્ઞાનના) અભેદ અને ભેદથી અનુસંધાન અને અનનુસંધાનની વ્યવસ્થા કહે છે. (૧૨)

વિવરણ : ચોથો અને પાંચમો પક્ષ અહીં રજૂ કર્યો છે.

(१३) अत्र केचिद् (ब्र. सू. २.३.४३) 'अंशो नानाव्यपदेशाद्' इत्यधिकरणे, 'अदृष्टानियमात्' (ब्र. सू. २.३.५१), 'अभिसन्ध्यादिष्वपि चैवम्' (ब्र. सू. २.३.५२), प्रदेशादिति चेन्न, नान्तर्भावाद् (ब्र. सू. २.३.५३) इति सूत्रतद्गतभाष्यरीतिमनुसृत्य एकस्मिन्नात्मन्युपाधिभेदेन व्यवस्थानुपगमे कणभुगादिरीत्याऽऽत्मभेदवादेऽपि व्यवस्थाऽनुपपत्तितौल्यमाहुः ॥

तथा हि—चैत्रचरणलग्नकण्टकेन चैत्रस्य वेदनोत्पादनसमये अन्येषामप्यात्मनां कुतो वेदना न जायते । सर्वात्मनां सर्वगतत्वेन चैत्रशरीरान्तर्भावाविशेषात् । न च 'यस्य शरीरे कण्टकवेधादि तस्यैव वेदना, नान्येषाम्', इति व्यवस्था । सर्वात्मसन्निधावुत्पद्यमानं शरीरं कस्यचिदेव, नान्येषाम् इति नियन्तुमशक्यत्वात् ।

(૧૩) આ બાબતમાં, કેટલાક એમ કહે છે '(જીવ બ્રહ્મનો) અંશ છે કારણ કે તેમનો જુદો જુદો ઉલ્લેખ છે' (બ્ર.સૂ. ૨.૩.૪૩) એ અધિકરણમાં 'અદૃષ્ટનો નિયમ નથી તેથી '(બ્ર.સૂ. ૨ ૩.૫૧), 'અને સંકલ્પ વગેરેની બાબતમાં પણ એમ છે' (બ્ર.સૂ. ૨ ૩.૫૨), 'પ્રદેશથી (વ્યવસ્થા થશે) એમ કોઈ કહે તો ના, કારણ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કે (સર્વનો) અન્તર્ભાવ છે' (બ્ર સૂ. ૨.૩ ૫૩) એ સૂત્ર અને તેના ભાષ્યની પદ્ધતિને અનુસરીને એક આત્મામાં તેની ઉપાધિના ભેદથી (સુખ-દુઃખની) વ્યવસ્થા માનવામાં ન આવે તો કણાદ આદિની રીતથી આત્માઓનો ભેદ સ્વીકારનાર વાદમાં પણ (સુખ-દુઃખની) વ્યવસ્થાની અનુપપત્તિ સમાન (જ) છે.

જેમ કે, ચૈત્રના પગમાં લાગેલા કાંટાથી ચૈત્રને વેદના ઉત્પન્ન કરવામાં આવે છે તે સમયે અન્ય આત્માઓને પણ વેદના કયા કારણસર થતી નથી, કારણ કે બધા આત્મા સર્વગત હોવાથી ચૈત્રના શરીરમાં (સૌનો) અન્તર્ભાવ સમાન છે 'જેના શરીરમાં કાંટો વાગ્યો હોય કે એવું થયું હોય તેને જ વેદના થાય, અન્યને નહીં' એમ વ્યવસ્થા થઈ શકે નહિ કારણ કે સર્વ આત્માઓની સમીપતામાં ઉત્પન્ન થયેલું શરીર કોઈ એક (આત્મા)નું જ છે, અન્ય (આત્માઓ)નું નથી એમ નિયમ કરવો શક્ય નથી.

**વિવરણ :** એકાત્મવાદમાં સુખ-દુઃખની વ્યવસ્થાની ઉપપત્તિ રજૂ કર્યા પછી આત્માઓ નાના (દરેક શરીર માટે જુદો આત્મા) માનનાર વાદમાં આ સુખ દુઃખની વ્યવસ્થાની ઉપપત્તિ મુશ્કેલ છે એમ હવે બતાવે છે. બ્રહ્મસૂત્ર અને તેના પરના શાંકરભાષ્યમાં ચર્ચા છે કે જીવ બ્રહ્મનો અંશ છે, કારણ કે તેમનો ભિન્ન તરીકે ઉલ્લેખ આવે છે, વગેરે. વાસ્તવમાં નિરંશ બ્રહ્મનો જીવ અંશ હોઈ શકે નહિ પણ જે અર્થમાં ઘટથી અવચ્છિન્ન ઘટાકાશ મહાકાશનો અંશ છે તે અર્થમાં અવચ્છિન્ન ચૈતન્ય અનવચ્છિન્ન ચૈતન્યરૂપ બ્રહ્મનો અંશ છે એમ માનવામાં આવે છે. સાંખ્યો અને વૈશેષિકો અનેક વિભુ આત્મા સ્વીકારે છે કારણ કે તેઓ માને છે કે આત્માઓનો ભેદ માન્યા સિવાય સુખ-દુઃખની વ્યવસ્થા સરળ રીતે થઈ શકતી નથી. એક આત્મા માનીને ઉપાધિભેદથી આ વ્યવસ્થાના ઉપપાદનમાં ક્લિષ્ટતા છે જ્યારે આત્માનો ભેદ માનવાથી સીધીસીધી વ્યવસ્થા થઈ શકે છે આની સામે વેદાન્તી દલીલ કરે છે કે સાંખ્યમતમાં પ્રધાનમાં રહેલું અદૃષ્ટ અને ન્યાય-વૈશેષિક મતમાં આત્મા અને મનનો સંયોગ જે અદૃષ્ટનો હેતુ છે તે દરેક આત્માને માટે સાધારણ છે તેથી આ અદૃષ્ટ અમુક જ આત્માનો છે એવો નિયમ કરી શકાય નહિ જેમ એક આત્મા અમુક મનની સાથે સંયુક્ત છે તેમ બીજા આત્મા પણ સંયુક્ત છે તેથી એ અદૃષ્ટ એકનું જ છે અને બીજા આત્માનું નથી એવો નિયમ થઈ શકે નહિ. મનનો સંયોગ સર્વસાધારણ હોવાથી સંકલ્પ વગેરેની બાબતમાં પણ એમ જ છે. શરીરાદિ પ્રદેશને આધારે નિયમ થઈ શકશે, જેના શરીરમાં મન સાથે સંયોગ થયો હોય તેનું અદૃષ્ટ કે સંકલ્પાદિ—એમ પણ કહી નહીં શકાય કારણ કે સર્વ શરીરોમાં સર્વ વિભુ આત્માઓ હાજર છે તેથી અમુક શરીર અમુક આત્માનું જ છે એમ નિયમ કરી શકાશે નહિ. આમ અનેક આત્મા માનીએ તો ઊલટી મુશ્કેલી વધે છે અને ચૈત્રને વાગેલો કાંટો તેને જ કેમ વેદના કરે છે, અન્યને કેમ નહિ એ સમજાવી શકાતું નથી. એક આત્મા માનીને ઉપાધિના ભેદથી સુખદુઃખવ્યવસ્થાનું ઉપપાદન વધુ યોગ્ય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

न च 'यददृष्टोत्पादितं यच्छरीरं तत्तदीयम्' इति नियमः, अदृष्टस्यापि नियमासिद्धेः । यदा हि तददृष्टोत्पादनाय केनचिदात्मना संयुज्यते मनः, संयुज्यत एव तदाऽन्यैरपि; कथं कारणसाधारण्ये क्वचिदेव तददृष्टमुत्पद्येत । ननु मनस्संयोगमात्रसाधारण्येऽपि 'अहमिदं फलं प्राप्नवानि' इति अभिसन्धिरदृष्टोत्पादककर्मानुकूलकृतिरित्येवमादि व्यवस्थितमिति तत एवादृष्टनियमो भविष्यतीति चेत्, न । अभिसन्ध्यादीनामपि साधारणमनस्संयोगादिनिष्पाद्यतया व्यवस्थित्यसिद्धेः । ननु स्वकीयमनःसंयोगोऽभिसन्ध्यादिकारणमिति मनस्संयोग एवासाधारणो भविष्यतीति, न । नित्यं सर्वात्मसंयुक्तं मनः कस्यचिदेव स्वमिति नियन्तुमशक्यत्वात् । न चादृष्टविशेषादात्मविशेषाणां मनसस्स्वस्वामिभावसिद्धिः, तस्याप्यदृष्टस्य पूर्ववद् व्यवस्थित्यसिद्धेः ।

'જેના અદૃષ્ટથી જે શરીર ઉત્પન્ન કરવામાં આવ્યું હોય એ તેનું છે' એવો નિયમ થઈ શકે નહિ કેમ કે અદૃષ્ટનો પણ નિયમ સિદ્ધ નથી; કારણ કે જ્યારે તે અદૃષ્ટ ઉત્પન્ન કરવા માટે મન કોઈ (એક) આત્મા સાથે સંયોગમાં આવે છે ત્યારે અન્ય (આત્માઓ) સાથે પણ સંયોગમાં આવે જ છે. જો કારણની સાધારણતા હોય તો તે અદૃષ્ટ ક્યાંક જ (કોઈ એક આત્મામાં જ) ઉત્પન્ન થાય એ કેવી રીતે બને ?

શંકા થાય કે માત્ર મનનો સંયોગ સાધારણ હોવા છતાં 'હું આ ફળ પ્રાપ્ત કરું' એમ સંકલ્પ અને અદૃષ્ટને ઉત્પન્ન કરનાર કર્મને અનુકૂલ કૃતિ (માનસિક પ્રયત્ન) વગેરે વ્યવસ્થિત છે (દરેકનું પોતાનું છે) માટે તેથી જ અદૃષ્ટનો નિયમ થશે. આવી દલીલ કોઈ કરે) તો તેનો ઉત્તર છે કે ના; સંકલ્પ વગેરે પણ સાધારણ એવા મનઃસંયોગ આદિથી ઉત્પન્ન થયેલાં હોવાથી વ્યવસ્થા સિદ્ધ થતી નથી.

શંકા થાય કે પોતાના મનનો સંયોગ સંકલ્પ આદિનું કારણ છે માટે મનનો સંયોગ જ અસાધારણ (કારણ) બનશે. (આ દલીલનો ઉત્તર છે કે)ના; નિત્ય સર્વ આત્માઓની સાથે સંયુક્ત મન કોઈ એકની જ માલિકીનું છે એમ નિયમ કરી શકાય નહિ. અને અદૃષ્ટવિશેષથી ચોક્કસ આત્માઓ અને મનના સ્વ-સ્વામિભાવ (માલિકી)ની સિદ્ધિ થશે એમ માની શકાય નહિ કારણ કે તે અદૃષ્ટની પણ પૂર્વની જેમ વ્યવસ્થિતિ સિદ્ધ થતી નથી. (આ અદૃષ્ટ પણ અમુક આત્માનું છે એમ સિદ્ધ થતું નથી એમ ઉપર બતાવ્યું છે).

**વિવરણ :** अदृष्टानियमात् અને अभिसन्ध्यादिष्वपि चैवम् (બ્રહ્મ સૂત્ર ૨.૩.૫૧, ૫૨ એ બે સૂત્રો અહીં સમજાવ્યાં છે. આત્મા અને મનના સંયોગરૂપ અસમવાયિ કારણ અને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમવાયિ-કારણરૂપ આત્મા સાધારણ હોય ત્યારે એક જ આત્મામાં અદૃષ્ટ ઉત્પન્ન થાય અને બીજામાં ન થાય એ કેવી રીતે બને? દલીલ થઈ શકે કે મનનો સંયોગ ભલે સાધારણ હોય પણ અભિસંધિ (ફળની ઇચ્છા), અદૃષ્ટને ઉત્પન્ન કરનાર કર્મને અનુકૂલ કૃતિ (માનસિક પ્રયત્ન) એ બધું તો દરેકમાં જુદું જુદું હોય છે તેથી તે પ્રમાણે અમુક જ આત્મામાં અદૃષ્ટ ઉત્પન્ન થાય છે, અન્યમાં નહિ. પણ આ શંકા બરાબર નથી. આ સંકલ્પ વગેરે પણ મન-સંયોગથી જ ઉત્પન્ન થાય છે અને કોઈ પણ એક મન સાથે બધા જ આત્માઓનો સંયોગ હોય છે તેથી અમુકનો જ સંકલ્પ છે એવો નિયમ થઈ શકે નહિ. મન કે મન સાથે સંયોગ કોઈ એક જ આત્માનો છે એવો દાવો કરી શકાય નહિ. મન નિત્ય સર્વ આત્માઓની સાથે સંયુક્ત છે તેથી તે કોઈ એક આત્માની જ માલિકીનું છે એમ કેવી રીતે સિદ્ધ થાય? અદૃષ્ટવિશેષથી પણ કોઈ એક આત્માની માલિકી સિદ્ધ થતી નથી કારણ કે એ અદૃષ્ટ જ કોઈ એક આત્માનું છે એમ સિદ્ધ થતું નથી.

**नन्वात्मनां विभुत्वेऽपि तेषां प्रदेशविशेषा एव बन्धभाज इति आत्मान्तराणां चैत्रशरीरे तत्प्रदेशविशेषाभावात् सुखदुःखादिव्यवस्था भविष्यतीति। न। यस्मिन् प्रदेशे चैत्रः सुखाद्यनुभूय तस्मात् प्रदेशादपक्रान्तस्तस्मिन्नेव मैत्रे समागते तस्यापि तत्र सुखदुःखादिदर्शनेन शरीरान्तरे आत्मान्तरप्रदेशविशेषस्याप्यन्तर्भावात्। तस्मादात्मभेदेऽपि व्यवस्था दुरुपपादैव। कथञ्चित्तदुपपादने च श्रुत्यनुरोधाल्लाघवाच्चैकात्म्यमङ्गीकृत्य तत्रैव तदुपपादनं कर्तुं युक्तमिति ॥१३॥**

શંકા થાય કે આત્માઓ વિભુ હોવા છતાં તેમના પ્રદેશવિશેષો જ બંધ (સુખાદિ) પામનારા છે તેથી ચૈત્રના શરીરમાં અન્ય આત્માઓનો તે પ્રદેશવિશેષ ન હોવાથી સુખ-દુઃખાદિની વ્યવસ્થા થશે. (આ દલીલનો ઉત્તર છે કે)ના; જે પ્રદેશમાં સુખાદિનો અનુભવ કર્યા પછી તેમાંથી ચૈત્ર જતો રહ્યો હોય તે જ પ્રદેશમાં મૈત્ર આવતાં તેનાં પણ ત્યાં સુખ-દુઃખાદિ જોવામાં આવે છે તેથી અન્ય શરીરમાં અન્ય આત્માઓના પ્રદેશવિશેષનો પણ અન્તર્ભાવ છે (માટે આ દલીલ બરાબર નથી); તેથી આત્માઓનો ભેદ માનનાર પક્ષમાં પણ વ્યવસ્થાનું ઉપપાદન મુશ્કેલ (અશક્ય) જ છે. કોઈક રીતે તેનું ઉપપાદન કરવામાં આવે તો શ્રુતિના અનુરોધથી અને લાઘવને કારણે એક આત્મા સ્વીકારીને ત્યાં જ તેનું ઉપપાદન કરવું યોગ્ય છે. (૧૩)

**વિવરણ :** प्रदेशादिति चेत् (બ્ર સૂ. ૨.૩.૫૩) એ સૂત્રનું વ્યાખ્યાન અહીં કર્યું છે. એક શરીરમાં એક જ આત્માનો પ્રદેશ હોય છે, અન્ય આત્માઓનો નહિ એમ માનીને સુખ-દુઃખાદિની વ્યવસ્થા સમજાવવામાં આવે તો તેનો ઉત્તર અહીં આપ્યો છે. અદૃષ્ટ, સુખ આદિ અવ્યાપ્યવૃત્તિ છે તેથી આત્માનો જે પ્રદેશ અદૃષ્ટ આદિનો આશ્રય હોય એ જ અહીં 'પ્રદેશ' શબ્દથી અભિપ્રેત હોઈ શકે. આપણે જોઈએ છીએ કે જે આસન આદિ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રદેશમાં ચૈત્ર-શરીર રહીને ચૈત્ર-સુખાદિનો આધાર બને છે, ત્યાં જ ચૈત્રનું શરીર ખસી ગયા પછી મૈત્રનું શરીર આવે છે અને મૈત્ર-સુખાદિનો આધાર બને છે. તેથી ત્યાં પાછળથી આવેલા મૈત્રીશરીરમાં ચૈત્ર અને મૈત્ર બન્નેના આત્મ-પ્રદેશ જે અદૃષ્ટના આશ્રય છે તેમનો પ્રવેશ હોવાથી તે (મૈત્રના) શરીરમાં ચૈત્ર અને મૈત્ર બન્નેના ભોગની પ્રસક્તિ થશે. કોઈ દલીલ કરે કે પૂર્વ શરીર ખસી જાય છે તે સમયે તે શરીરમાં રહેલ ચૈત્રનો આત્મપ્રદેશ પણ ખસી જાય છે. પણ આ દલીલ બરાબર નથી. પ્રદેશવાળો આત્મા સ્થિર હોવાથી પ્રદેશનું ચલન શકય નથી. આમ અન્ય આત્માઓના પણ પ્રદેશનું ચલન શકય નથી. આમ અન્ય આત્માઓના પણ પ્રદેશનો અન્તર્ભાવ થશે તેથી ભોગસાંકર્ય માનવું જોઈએ. આત્માઓને વ્યાપક માનતાં સુખાદિની વ્યવસ્થાની ઉપપત્તિ મુશ્કેલ બને છે. જો કોઈ દલીલ કરે કે જેમ એક આત્મા માનીને કોઈક રીતે સુખાદિની વ્યવસ્થાની ઉપપત્તિ રજૂ કરવામાં આવે છે તેમ આ અનેક વિભુ આત્માના મતમાં પણ થઈ શકશે. તો એનો ઉત્તર છે કે એ વધારે સારું નથી કે શ્રુતિને અનુસરીને એક આત્મા માનવામાં આવે। એમાં શ્રુતિનો અનુરોધ અને લાઘવ એ બે ગુણો છે. એક આત્મા માનીને ઉપાધિભેદથી સુખાદિવ્યવસ્થાનું ઉપપાદન યુક્ત છે. (૧૩)

(१४) सन्तु तर्ह्यणव एवात्मानः यदि विभुत्वे व्यवस्था न सुवचा। मैवम्। आत्मनामणुत्वे कदाचित् सर्वाङ्गीणसुखोदयस्य करशिरश्चरणाधिष्ठानस्य चानुपपत्तेः।

यदत्रार्वाचीनकल्पनम् — उत्क्रान्तिगत्यागति[ कौषी. ३.३; १.२; बृहद् ४.४.६]श्रवणान्यथानुपपत्त्या ‘अणुर्ह्येवैष आत्मा यं वा एते सिनीतः पुण्यं च पाप च,’ ‘बालाग्रशतभागस्य ( श्वेता. ५.९ ) इत्यादिश्रुतिषु साक्षादणुत्वश्रवणेन च अणव एव जीवाः। तेषामणुत्वेऽपि ज्ञानसुखादीनां प्रदीपप्रभान्यायेन आश्रयातिरिक्तप्रदेशविशेषव्यापिगुणतया न सर्वाङ्गीणसुखानुपलब्धिः। ‘द्रोणं बृहस्पतेर्भागम्’ इत्यादिस्मृत्यनुरोधेन जीवानामंशत्वात्। करशिरश्चरणाद्यनुगतेषु सुखदुःखादियौगपद्यं कायव्यूहगतेषु योगिनां भोगवैचित्र्यं चेति न काचिदनुपपत्तिः। एवं च जीवानामणुत्वेनासङ्करात् सुखदुःखादिव्यवस्था विभोरीश्वराद् भेदश्चेति।

(૧૪) જો જીવોને વિભુ માનતાં (સુખાદિની) વ્યવસ્થા બરાબર કહી શકાતી ન હોય તો પછી આત્માઓ ભલે ને અણુ (પરમાણુ) રહ્યા. (એવી દલીલનો ઉત્તર છે કે) એમ ન (માનો), કારણ કે આત્માઓ અણુ હોય તો કયારેક સર્વ અંગોમાં સુખનો ઉદય થાય છે અને (આત્મા) (એક સાથે) હાથ, માથુ, પગ (સર્વ)નું સંચાલન કરે છે તેની અનુપપત્તિ થશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ બાબતમાં **અર્વાચીનોએ** કલ્પના કરી છે કે ઉત્ક્રાંતિ, ગતિ, આગતિ વિષેનું શ્રવણ બીજી રીતે અનુપપન્ન હોવાથી, અને 'જેને આ પુણ્ય અને પાપ બાંધે છે તે આ આત્મા અણુ જ છે,' 'વાળની અણીના સોમા ભાગના (સોમા ભાગના સોમા ભાગ—) જેટલો (શ્વેતા. ૫.૯) આદિ શ્રુતિઓમાં સાક્ષાત્ અણુત્વ વિષે શ્રવણ છે તેથી જીવો અણુ જ છે. તેઓ અણુ હોવા છતાં જ્ઞાન, સુખ આદિ પ્રદીપ-પ્રભા ન્યાયથી (જેમ દીવાની પ્રભા પોતાના આશ્રય દીવાને છોડીને ઓરડાના ભાગોમાં ફેલાય છે તેમ) આશ્રયથી અતિરિક્ત પ્રદેશવિશેષમાં વ્યાપી શકે તેવા ગુણ હોવાથી સર્વ અંગોમાં સુખની અનુપલબ્ધિ નહીં થાય (—સર્વ અંગોમાં સુખાદિની ઉપલબ્ધિ ઉપપન્ન છે). 'બૃહસ્પતિના ભાગ એવા દ્રોણને' ઇત્યાદિ સ્મૃતિ પ્રમાણે જીવોને અંશ હોય છે તેથી હાથ, માથું પગ વગેરેમાં અનુગત (જીવાંશોમાં) સુખ-દુઃખાદિનું યૌગપદ્ય અને કાયવ્યૂહમાં રહેલા (જીવાંશોમાં) યોગીઓનું ભોગ-વૈચિત્ર્ય સંભવે છે—આમ કોઈ અનુપપત્તિ નથી. અને આમ જીવો અણુ હોવાથી સંકર (પ્રદેશોની સેળભેળ) ન થતો હોવાથી સુખ-દુઃખાદિની વ્યવસ્થા અને વિભુ ઈશ્વરથી ભેદ ઉપપન્ન બને છે.

**વિવરણ :** એમ દલીલ કરી શકાય કે શ્રુતિ-યુક્તિનો આધાર લઈને જીવને અણુ માની શકાય અને એ રીતે વિભુ ઈશ્વરથી જીવનો ભેદ પણ માની શકાશે. ઉપનિષદોમાં ઉલ્લેખ મળે છે કે જીવ શરીરમાંથી ઉત્ક્રાન્ત થાય છે (બહાર નીકળી જાય છે), તે ગતિ કરે છે અને ફરી પાછો શરીરમાં આવે છે. જીવ વિભુ હોય તો ઉત્ક્રાન્તિ, ગતિ, આગતિ સંભવે જ નહિ; તેને મધ્યમ-પરિમાણ માની શકાય નહિ કારણ કે તે નિત્ય છે. તેથી જીવને—આ ઉત્ક્રાન્તિ આદિ વિષેની શ્રુતિ બીજી કોઈ રીતે ઉપપન્ન (વજૂદ વાળી) ન હોવાથી—અણુ જ માનવો જોઈએ. શંકા થાય કે જીવના બ્રહ્મભાવ અંગેની શ્રુતિની ઉપપત્તિ ખાતર જીવને વિભુ માનવો પડશે કારણકે બન્ને જગ્યાએ શ્રુતાર્થાપત્તિ સમાન છે. (શ્રુતાર્થાપત્તિ એટલે જે શ્રુત છે અને માનવું જોઈએ તેને ઉપપન્ન કરાવવા માટે અમુક માનવું પડે—એ સિદ્ધાન્તને અનુસરતું અર્થાપત્તિ પ્રમાણ). આ શંકાનો ઉત્તર છે કે અનેક શ્રુતિઓ છે જેમાં જીવને સીધો જ અણુ કહ્યો છે અને કોઈ અર્થાપત્તિ પર આધાર રાખવો પડતો નથી આમ શ્રુતિના આધારે જીવને અણુ માનતાં પણ સુખાદિનો અનુભવ આખા શરીરમાં થાય છે તેની ઉપપત્તિ છે જ. જેમ દીપની પ્રભા પોતાના આશ્રય દીપને છોડીને બીજા પ્રદેશોમાં વ્યાપે છે તેમ જીવાત્માના જ્ઞાન, સુખ વગેરે ગુણો પોતાના આશ્રય એવા અણુ આત્માને છોડીને ક્યારેક શરીરમાં વ્યાપી શકશે. શંકા થાય કે આત્મા શરીરવ્યાપી હોય તો એક સાથે ઉત્પન્ન થતાં સુખ, દુઃખ, પ્રયત્ન વગેરે તેમાં અવયવભેદથી સંભવે. પણ આત્મા અણુ જ હોય તો સુખ, દુઃખ, પ્રયત્ન આદિનું યૌગપદ્ય કેવી રીતે સંભવે? આનો ઉત્તર છે કે 'દ્રોણાચાર્ય દેવાચાર્ય બૃહસ્પતિના અંશ છે' આદિ સ્મૃતિના આધારે કહી શકાય કે જીવોને અંશ હોય છે તેથી હાથ, પગ, વગેરેમાં અનુગત જીવાંશોમાં સુખદુઃખાદિનું યૌગપદ્ય ઉપપન્ન છે. વળી યોગીઓના કાયવ્યૂહ (કાય-સમૂહ)માં રહેલા જીવાંશોમાં ભોગ અર્થાત્ ભોગવાતાં સુખ-દુઃખાદિનું વૈચિત્ર્ય, એક સાથે નાનાવિષયત્વ અને યોગીઓ પોતાના અંશોથી એક સાથે અનેક શરીરનું અધિષ્ઠાન (સંચાલન) કરે છે તે પણ આ રીતે જ સંભવે છે. જીવને અણુ માનનાર પક્ષમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કોઈ અનુપપત્તિ નથી એટલું જ નહિ, ઊલટો લાભ છે. જીવ અણુ હોય તો એક શરીરમાં સર્વ જીવોના પ્રદેશ ન હોવાથી સુખ-દુઃખાદિની વ્યવસ્થા સારી રીતે બતાવી શકાય છે; અને જીવ જો વિભુ હોય તો ઈશ્વર અને જીવનાં લક્ષણમાં ભેદ ન હોવાથી ઈશ્વરથી જીવનો ભેદ સિદ્ધ થતો નથી, જ્યારે જીવ અણુ હોય તો ઈશ્વરથી તેનું અત્યન્ત વૈલક્ષણ્ય હોવાથી તેમનો ભેદ સુગમ બને છે.

અર્વાચીનોની× જીવના અણુત્વ વિષેની જે આ કલ્પના છે તે અંગે કેવલાદ્વૈતી વેદાન્તીઓનાં મત હવે રજૂ કરે છે—

**अत्रोक्तमद्वैतदीपिकायाम्—एवमपि कथं व्यवस्थासिद्धिः । चैत्रस्य 'पादे वेदना शिरसि सुखम्' इति स्वांशभेदगतसुखदुःखानुसन्धानवद् मैत्रगतसुखदुःखानुसन्धानस्यापि दुर्वारत्वात् । अविशेषो हि चैत्रजीवात् तदंशयोः मैत्रस्य च भेदः । कायव्यूहस्थले वियुज्यान्यत्र प्रसरणसमर्थाना-मंशानां जीवाद् भेदावश्यंभावाद् अंशांशिनोस्त्वया भेदाभेदाभ्युपगमाच्च । न च शुद्धभेदोऽननुसन्धानप्रयोजक इति वाच्यम् । शुद्धत्वं हि भेदस्यांशांशिभावासहचरितत्वं वा अभेदासहचरितत्वं वा स्यात् । नाद्यः । 'अंशो ह्येष परमस्य', 'ममैवांशो जीवलोके', (भ.गी. १५.७) 'अंशो नानाव्यपदेशात्' (ब्र.सू. २.३.४३) इति श्रुतिस्मृतिसूत्रैर्जीवस्य ब्रह्मांशत्वप्रतिपादनेन ब्रह्मजीवयोर्भोगसाङ्कर्यप्रसङ्गात् ।**

આ બાબતમાં અદ્વૈતદીપિકામાં કહ્યું છે—આમ પણ (–અર્થાત્ જીવને અણુ અને સાંશ માનીએ તો પણ) વ્યવસ્થાની સિદ્ધિ શી રીતે થાય? કારણ કે ચૈત્રને 'પગમાં વેદના, માથામાં સુખ' એમ પોતાના જુદા જુદા અંશમાં રહેલાં સુખ, દુઃખનું અનુસંધાન થાય છે તેમ તેને મૈત્રમાં રહેલ સુખ, દુઃખનું અનુસંધાન (–થવું જોઈએ એવી શંકા થાય) તેનો પણ પરિહાર કરી શકશે નહિ, કેમકે ચૈત્રના જીવથી તેના એ બે અંશોનો ભેદ અને ચૈત્રના જીવથી મૈત્રનો ભેદ સરખો જ છે. (યોગીના) કાય–વ્યૂહ સ્થળમાં (અંશીથી) છૂટા પડીને અન્યત્ર પ્રસરણ કરવા સમર્થ એવા અંશોનો જીવથી ભેદ અવશ્ય છે અને અંશ અને અંશીનો તમે ભેદાભેદ સ્વીકારો છો (તેથી ચૈત્રજીવના એક અંશનો અંશીથી ભેદ છે જ અને છતાં ચૈત્ર-જીવને અંશગત સુખદુઃખનું અનુસંધાન થતું હોય તો મૈત્રજીવનાં સુખાદિનું પણ અનુસંધાન થતું રોકી શકાશે નહિ). અને શુદ્ધ ભેદ અનનુસંધાનનું પ્રયોજક છે એમ કહી શકાય નહિ (આ દલીલ બરાબર નથી) કારણ કે ભેદનું શુદ્ધત્વ અંશાંશિભાવનું અસાહચર્ય હોઈ શકે કે અભેદનું અસાહચર્ય હોઈ શકે? પહેલો વિકલ્પ નથી કારણ કે 'આ (જીવ) પરમાત્માનો અંશ છે,' 'જીવલોકમાં મારો જ

× રામાનુજાચાર્ય, મધ્વાચાર્ય, વલ્લભાચાર્ય વગેરે વેદાન્તીઓ જીવને અણુ માને છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અંશ,' (ભ. ગી. ૧૫.૭) અને (જીવ) અંશ છે કારણ કે નાનાત્વનો ઉલ્લેખ છે (બ્ર. સૂ. ૨.૩.૪૩) આ શ્રુતિ, સ્મૃતિ અને સૂત્રથી જીવ બ્રહ્મનો અંશ છે એવું પ્રતિપાદન હોવાથી બ્રહ્મ અને જીવના ભોગનું સાંકર્ય પ્રસક્ત થશે.

**વિવરણ** : જે વિચારકો જીવને અણુ અને સાંશ માનીને સુખ-દુ:ખની વ્યવસ્થા કલ્પે છે તેમનું ખંડન કરતાં અદ્વૈતદીપિકામાં કહ્યું છે કે જીવને પોતાના અંશમાં રહેલાં સુખાદિનું અનુસંધાન થાય છે, પણ અન્ય જીવમાં રહેલાં સુખાદિનું અનુસંધાન થતું નથી એમ તમે માનો છો. તેનો અર્થ એ થયો કે ભેદ અનનુસંધાનનો પ્રયોજક છે અને અભેદ અનુસંધાનનો પ્રયોજક છે એમ તમે માનો છો. હવે અમે પૂછીએ છીએ કે અનનુસંધાનનો પ્રયોજક ભેદ ભેદ માત્ર છે કે શુદ્ધ ભેદ છે? જો ભેદ માત્ર હોય તો ચૈત્રને પોતાના અંશમાં રહેલાં સુખાદિનું અનુસંધાન ન થવું જોઈએ કારણ કે પોતાના અંશથી તેનો ભેદ છે જ, જો અનનુસંધાન પ્રયોજક બને જો ભેદ હોવા છતાં પોતાના અંશમાં રહેલાં સુખાદિનું તેને અનુસંધાન થઈ શકતું હોય તો ચૈત્રને મૈત્રમાં રહેલાં સુખાદિનું પણ અનુસંધાન થવું જ જોઈએ. યોગીઓના કાયવ્યૂહની વાત કરીએ તો અંશી જીવથી છૂટા પડીને યોગીના પોતાના શરીરથી અન્યત્ર જે કાયવ્યૂહ છે તેમાં પહોંચવા સમર્થ એવા તેના અંશોનો અંશીથી ભેદ માનવો જ પડશે અને વિરોધી વિચારક પણ અંશ અને અંશી વચ્ચે ભેદાભેદ તો માને જ છે. હવે જો એમ કહેવામાં આવે કે શુદ્ધ ભેદ જ અનનુસંધાન પ્રયોજક છે તો એમ પૂછીએ છીએ કે શુદ્ધ ભેદ એટલે શું? જે અંશાંશિભાવ સાથે ન રહેતો હોય તે શુદ્ધ ભેદ, કે અભેદ સાથે ન રહેતો હોય તે શુદ્ધ ભેદ? જો પહેલો વિકલ્પ માનીએ તો જીવ અને ઈશ્વરનો ભેદ તો અંશાંશિભાવ સાથે રહે છે તેથી તેમની વચ્ચે શુદ્ધ ભેદ નથી માટે તેમના પરસ્પર સુખાદિનું અનુસંધાન અને ભોગનું સાંકર્ય થવું જ જોઈએ. શ્રુતિ–સ્મૃતિ–બ્રહ્મસૂત્રના આધારે એ સિદ્ધ છે કે જીવ ઈશ્વરનો અંશ છે તેથી જીવ અને ઈશ્વરનો ભેદ શુદ્ધ ભેદ નથી અને અનુસંધાન શક્ય જ હોવું જોઈએ.

**ननु जीवांशानां जीवं प्रतीव जीवस्य ब्रह्म प्रति नांशत्वम्, किं तु 'चन्द्रबिम्बस्य गुरुबिम्बः शतांशः' इतिवत् 'सदृशत्वे सति ततो न्यूनत्वमात्रम्' औपचारिकांशत्वमिति चेत्, किं तदतिरेकेण मुख्यमंशत्वं जीवांशानां जीवं प्रति, यदत्रानुसन्धानप्रयोजकशरीरे निवेश्यते? न तावत् पटं प्रति तन्तूनामिवारम्भकत्वम्, जीवस्यानादित्वात्। नापि महाकाशं प्रति घटाकाशादीनामिव प्रदेशत्वम्, टङ्कच्छिन्नपाषाणशकलादीनामिव खण्डत्वं वा। अणुत्वेन निष्प्रदेशत्वादच्छेद्यत्वाच्च। भिन्नाभिन्नद्रव्यत्वमंशत्वमभिमतमिति चेत्, न। तथा सति जीवेश्वरयोर्जीवानां च भोगसाङ्कर्यप्रसङ्गात्। स्वतो भिन्नानां तेषां चेतनत्वादिना अभेदस्यापि त्वयाऽङ्गीकारात्। समूहसमूहिनोर्भेदाभेदवादिनस्तव मते एकसमूहान्तर्गतजीवानां**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**परस्परमप्यभेदसत्त्वाच्च स्वाभिन्नसमूहाभिन्नेन स्वस्याप्यभेदस्य दुर्वारत्वात्। यदि संयोगादीनां जातेश्चानेकाश्रितत्वं स्यात्, तदा गुणगुण्यादेरभेदाद् घटाभिन्नसंयोगाभिन्नपटादेरपि घटाभेदः प्रसज्येतेत्यादि वदता त्वया तदभिन्नाभिन्नस्य तदभेदनियमाभ्युपगमात् ।**

દલીલ કરવામાં આવે કે જીવની પ્રતિ જીવાંશો જેમ અંશ છે તેમ બ્રહ્મની પ્રતિ જીવ અંશ નથી, પણ 'ગુરુબિંબ ચંદ્રબિંબનો શતાંશ છે' તેના જેમ 'સદૃશ હોઈને તેનાથી માત્ર ન્યૂન હોવું' એ ઔપચારિક અંશત્વ (જીવમાં બ્રહ્મ પ્રતિ) છે. આવી દલીલ વિરોધી કરે તો પૂછીએ છીએ કે તેના સિવાયનું કયું મુખ્ય અંશત્વ જીવાંશોનું જીવ પ્રતિ છે જે અહીં અનનુસંધાન પ્રયોજક શરીરમાં દાખલ કરવામાં આવે છે. પટની પ્રતિ તન્તુઓ જેમ તેના આરંભક છે અને તેથી મુખ્ય અંશ છે તેમ જીવના અંશો જીવ પ્રતિ આરંભક તો હોઈ શકે જ નહિ કારણ કે જીવ અનાદિ છે. તેમ મહાકાશની પ્રતિ ઘટાકાશ આદિ જેમ પ્રદેશ છે અને તેથી અંશ છે, કે ટાંકણાથી તોડવામાં આવેલા પાષાણના ટુકડા જેમ ખંડ હોઈને અંશ છે તેમ પણ જીવાંશો જીવના મુખ્ય અંશ હોઈ શકે નહિ, કારણ કે (જીવ) અણુ છે તેથી તેના પ્રદેશ નથી તેમ તેને કાપી શકાતો નથી. જો એમ કહેવામાં આવે કે અંશ હોવું એટલે ભિન્નાભિન્ન દ્રવ્ય હોવું એમ અભિપ્રેત છે, તો એ બરાબર નથી, કારણ કે એમ હોય તો જીવ અને ઈશ્વરના તેમ જ જીવોના ભોગના સાંકર્યનો પ્રસંગ આવે. તેનું કારણ એ છે કે સ્વતઃ ભિન્ન હોવા છતાં તેમનો ચેતનત્વ આદિ (–સત્ત્વ, દ્રવ્યત્વ વગેરે સમાન ધર્મો) ને કારણે અભેદ પણ છે એમ તમે સ્વીકારો છો. અને સમૂહ અને સમૂહી (સમૂહનાં ઘટક તત્ત્વ) નો ભેદાભેદ માનનાર તમારા મતમાં એક સમૂહમાં અન્તર્ગત જીવોમાં પરસ્પર પણ અભેદ હશે તેથી પોતાનાથી અભિન્ન સમૂહથી અભિન્ન સાથે પોતાનો પણ અભેદ ટાળી શકાશે નહિ. જો સંયોગ આદિ અને જાતિ આદિ અનેકાશ્રિત હોય તો ગુણ અને ગુણીના અભેદ હોવાથી ઘટથી અભિન્ન સંયોગથી અભિન્ન પટ આદિનો પણ ઘટથી અભેદ પ્રસક્ત થશે ઇત્યાદિ કહેનાર તમારાથી તેનાથી અભિન્નથી અભિન્ન હોય તે તેનાથી અભિન્ન હોય જ એવો નિયમ સ્વીકારવામાં આવ્યો છે.

**વિવરણ** : વિરોધી દલીલ કરે છે કે જે મુખ્ય અર્થમાં જીવાંશ જીવનો અંશ છે એ અર્થમાં જીવ ઈશ્વરનો અંશ નથી, તેને અંશ કહ્યો છે એ ગૌણ અર્થમાં –એટલું જ બતાવવા કે ચૈતન્ય સત્તા, દ્રવ્યત્વ વગેરે બાબતમાં જીવ ઈશ્વર સદૃશ છે પણ તેનાથી ન્યૂન છે. આમ મુખ્ય અંશાંશિભાવની સાથે જેનો સહચાર ન હોય તેવો ભેદ શુદ્ધ ભેદ કહેવાય છે અને તે અનનુસંધાન પ્રયોજક છે. જીવ અને ઈશ્વરનો અંશાંશિભાવ મુખ્ય નથી પણ ગૌણ છે તેથી તેમનો ભેદ શુદ્ધ છે અને તેમને પરસ્પરના સુખ દુઃખાદિનું અનુસંધાન થતું નથી. બીજી બાજુએ જીવ અને તેના અંશોમાં મુખ્ય અંશાંશિભાવ છે તેથી તેમનો શુદ્ધ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભેદ નથી માટે અનુસંધાનની ઉપપત્તિ છે. અદ્વૈતદીપિકાકાર આનો ઉત્તર આપતાં પૂછે છે કે જીવ અને તેના અંશો વચ્ચે જે મુખ્ય અંશાંશિભાવ છે તે આ સિવાય શું છે કે તમે તેને આ અનુસંધાન-અનનુસંધાનના નિયમમાં દાખલ કરો છો? મુખ્ય અંશ હોવું એટલે આરંભક હોવું જેમ તન્તુ પટના આરંભક છે? કે પ્રદેશ હોવું કે ખંડ હોવું કે ભિન્નાભિન્ન દ્રવ્ય હોવું? જીવ અનાદિ છે તેથી તેનું આરંભક કશું કોઈ શકે નહિ? તે અણુ છે તેથી તેનો પ્રદેશ સંભવતો નથી અને તેને કાપી પણ શકાતો નથી. જો એમ કહેવામાં આવે કે જીવના અંશો જીવથી ભિન્ન હોઈને અભિન્ન દ્રવ્ય છે, અને એ અર્થમાં એ જીવના મુખ્ય અંશ છે. ભિન્નાભિન્ન દ્રવ્યત્વની સાથે જેનો સહચાર ન હોય તે ભેદ શુદ્ધ ભેદ છે અને એ અનનુસંધાન પ્રયોજક છે એવો નિષ્કર્ષ નીકળે—તો તેનો ઉત્તર છે કે તમે જ જીવ અને ઈશ્વરને ભિન્નાભિન્ન દ્રવ્ય માનો છો તેથી તેમનો ભેદ શુદ્ધ ભેદ નથી. વળી જીવાંશો પણ પરસ્પર ભિન્નાભિન્ન દ્રવ્ય છે એમ તમે સ્વીકાર્યું છે તેથી તેમનો ભેદ શુદ્ધ ભેદ નથી. આમ અનનુસંધાન-પ્રયોજક શુદ્ધ ભેદ ન હોવાથી જીવ અને ઈશ્વરના ભોગનું તેમ જ જીવાંશોના ભોગનું સાંકર્ય થશે. તેઓ સ્વતઃ ભિન્ન હોવા છતાં ચેતનત્વ, સત્ત્વ, દ્રવ્યત્વરૂપ ધર્મોને કારણે તેમનો અભેદ છે. વળી સમૂહ (વન) અને સમૂહી (વૃક્ષો)નો પરસ્પર ભેદ હોવા છતાં અભેદ તમે માનો છો. તો સમૂહીઓનો પણ પરસ્પર અભેદ માનવો પડશે આમ ઉત્સવાદિમાં એક જગ્યાએ મળેલા જીવોમાં ભેદ હોવા છતાં પરસ્પર અભિન્ન દ્રવ્યત્વ પણ છે તેથી તેમનો પરસ્પર ભેદ શુદ્ધ ભેદ નથી અને તેથી પરસ્પર સુખાદિના અનુસંધાનનો પ્રસંગ આવશે. સમૂહ! દેવદત્ત, તેનાથી અભિન્ન સમૂહ, અને તેનાથી અભિન્ન યજ્ઞદત્ત —આમ દેવદત્ત અને યજ્ઞદત્તનો અભેદ માનવો જ પડે કારણ કે વિરોધી વિચારક પણ તદભિન્નાભિન્નને તદભિન્ન માને છે. ગુણ અને ગુણીનો અભેદ માનવામાં આવે અને સંયોગ, વિભાગ, દ્વિત્વાદિ ગુણને જો અનેકાશ્રિત માનવામાં આવે, અથવા જાતિ અને વ્યક્તિનો અભેદ માનીને જાતિને જો અનેકાશ્રિત માનવામાં આવે તો પટાદિનો ઘટથી અભેદ પ્રસક્ત થાય છે. ઘટાદિથી અભિન્ન સંયોગથી પટાદિ અભિન્ન છે તેથી ઘટાદિથી પટાદિનો અભેદ છે એમ માનવુ જ પડે. તેથી ઘટાદિથી પટાદિનો અભેદ માનવો પડશે અને ભોગસાંકર્યનો પ્રસંગ આવશે. માટે આ દલીલ બરાબર નથી.

न च जीवान्तरसाधारणचेतनत्वादिधर्मैकरूप्यैकसमूहान्तर्गतत्वादिप्रयुक्ता-भेदविलक्षणमभेदान्तरमंशांशिनोरस्ति भेदेऽप्यनुसन्धानप्रयोजकम्, यदत्रा-नतिप्रसङ्गाय विवक्ष्येत। तथा सति तस्यैव विशिष्य निर्वक्तव्यत्वापत्तेः। धर्मैकरूप्याद्यप्रयुक्तत्वमंशांशिनोरभेदे विशेष इति चेत्, न। जीवतदंशयो-श्चेतनत्वादिधर्मैकरूप्यसत्त्वेन एकशरीरावच्छेदे कायव्यूहमेलने च समूहत्वेन च तयोरभेदे धर्मैकरूप्यादिप्रयुक्तत्वस्यापि सद्भावात्। धर्मैकरूप्यादि-प्रयुक्ताभेदान्तरसत्त्वेऽपि जीवतदंशयोरंशांशभावप्रयोजकाभेदो न तत्प्रयुक्त इति चेन, न। तयोरभेदद्वयाभावात्; त्वन्मतेऽधिकरणैक्ये सति भेदस्या-भेदस्य वा प्रतियोगिभेदेन तदाकारभेदेन वा अनेकत्वानभ्युपगमात्। तस्मादाद्यपक्षे सुस्थोऽतिप्रसङ्गः।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને અન્ય જીવોને સાધારણ એવા ચેતનત્વ આદિ ધર્મોની એકરૂપતાથી પ્રયુક્ત તથા એક સમૂહમાં અન્તર્ગત હોવા ઇત્યાદિથી પ્રયુક્ત એવા અભેદથી વિલક્ષણ એવો બીજો અંશ અને અંશીનો અભેદ જે ભેદ હોવા છતાં અનુસંધાનનો પ્રયોજક બની શકે તેવો નથી જે અહીં અતિપ્રસંગને રોકવા માટે વિવક્ષિત હોઈ શકે, કારણ કે તેમ હોય તો તેનું જ વિશેષ રૂપથી નિર્વચન કરવાનું આવી પડે (તેનું જ વિશેષરૂપથી નિર્વચન કરવું જરૂરી બને). જો એમ કહો કે ધર્મૈકરૂપ્ય આદિથી પ્રયુક્ત ન હોવું એ આ અંશ અને અંશીના અભેદમાં વિશેષ (ખાસિયત) છે, તો ના, (એ બરાબર નથી) કારણ કે જીવ અને તેના અંશમાં ચેતનત્વ આદિ ધર્મોની એકરૂપતા હોવાથી એક શરીરથી અવચ્છેદમાં તેમ જ કાય-સમૂહના મેલનમાં તેમનો સમૂહ હોવાથી તેમના (જીવ અને તેના અંશના) અભેદમાં ધર્મૈકરૂપ્ય આદિથી પ્રયુક્તત્વ પણ છે. જો એમ કહો કે (જીવ અને તેના અંશમાં) ધર્મૈકરૂપ્ય આદિથી પ્રયુક્ત બીજો અભેદ ભલે હોય પણ જીવ અને તેના અંશના અંશાંશિભાવનો પ્રયોજક જે અભેદ છે તે તેનાથી (ધર્મૈક રૂપ્યાદિથી) પ્રયુક્ત નથી—તો ના (આ બરાબર નથી) કારણ કે તેમનામાં (જીવ અને તેના અંશમાં) બે અભેદ નથી, કેમ કે તમારા મતમાં અધિકરણ એક હોય ત્યારે પ્રતિયોગીના ભેદથી કે તેના આકારના ભેદથી ભેદ કે અભેદની અનેકતા માનવામાં નથી આવી. તેથી આદ્ય પક્ષમાં (—શુદ્ધ ભેદ એટલે એવો ભેદ જેનો અંશાંશિભાવ સાથે સહચાર ન હોય એ પક્ષમાં) અતિપ્રસંગ બરાબર સ્થિર છે.

**વિવરણ :** વિરોધી ચિંતક એમ ઠસાવવા પ્રયત્ન કરે છે કે જીવ અને ઈશ્વરનો કે જીવના અંશોનો કે સમૂહથી અભિન્ન જીવોનો જે ચેતનત્વાદિ ધર્મોની એકરૂપતાથી પ્રયુક્ત અભેદ છે કે એક સમૂહમાં અન્તર્ગત હોવા આદિથી પ્રયુક્ત અભેદ છે તેની અપેક્ષાએ કોઈ જુદો જ અભેદ જીવ અને તેના અંશનો છે. તેથી જીવ અને તેના અંશમાં ભેદ હોવા છતાં પરસ્પર અનુસંધાન થાય છે, જ્યારે જીવ-ઈશ્વર કે જીવાંશો કે સમૂહી જીવોમાં તેવો અભેદ ન હોવાથી ચેતનત્વાદિથી પ્રયુક્ત અભેદ હોવા છતાં પરસ્પર અનુસંધાન થતું નથી એવી વ્યવસ્થા છે. તેથી ભિન્નાભિન્ન દ્રવ્યત્વ સાથે જેનો સહચાર ન હોય તે શુદ્ધ ભેદ અને તે અનનુસંધાનનો પ્રયોજક છે એમ જે કહ્યું તેમાં જીવ અને તેના અંશમાં પરસ્પર અનુસંધાનના પ્રયોજક તરીકે માનેલો વિલક્ષણ અભેદ જ દાખલ થયો તેથી જીવ ઈશ્વર વગેરેમાં આ વિલક્ષણ અભેદ ન હોવાથી ઉક્ત અતિપ્રસંગ (ભોગ–સાંકર્ય) નહીં આવે.

વેદાન્તી ઉત્તર આપે છે કે જીવ અને તેના અંશમાં આવો કોઈ વિલક્ષણ અભેદ નથી. અને હોય તો તેનું વિશેષરૂપે તમારે નિર્વચન કરવું પડશે. આ અંશ અને અંશીનો અભેદ ધર્મૈકરૂપ્ય આદિ (—અહીં અમુખ્ય અંશાંશિભાવનો સંગ્રહ 'આદિ'થી કર્યો છે)થી પ્રયુક્ત નથી એ તેની વિશેષતા છે એમ નહીં કહી શકાય. જીવ અને તેના અંશોની ચેતનત્વ, સત્ત્વ, દ્રવ્યત્વ આદિ ધર્મોથી એકરૂપતા છે. તેમ જ જીવ અને તેના અવયવોનો એક શરીરમાં અનુપ્રવેશ હોય એ કાળમાં એ શરીરના અવચ્છેદથી સમૂહ પણ છે તેમ યોગીના જીવના અવયવો કાયવ્યૂહ કહેવાતા અનેક શરીરોમાં પ્રવેશ પામે અને કદાચિત્ તેમના શરીરોને મેળવવામાં આવે તો અંશી એવા યોગી–જીવ સાથે સમૂહ હોય છે. તેથી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીવ અને તેના અંશનો ભેદ હોવા છતાં ધર્મૈકરૂપ્યાદિપ્રયુક્ત અભેદ સંભવે છે તેથી તેમનો અભેદ તેનાથી પ્રયુક્ત નથી એમ સિદ્ધ થતું નથી. જો વિરોધી કહે કે આ અભેદ ભલે હોય પણ જીવ અને તેના અંશનો અંશાંશિભાવ હોવાથી એ અંશાંશિભાવનો પ્રયોજક બીજો એક અભેદ છે જે આ ધર્મૈકરૂપ્યથી પ્રયુક્ત નથી—તો વેદાન્તી ઉત્તર આપે છે કે આમ હોય તો બે અભેદ માનવા પડે, જ્યારે ભેદ કે અભેદનું અધિકરણ (આશ્રય) એક હોય ત્યારે પ્રતિયોગીના ભેદથી કે પ્રતિયોગિતાવચ્છેદકના ભેદથી ભેદ કે અભેદની અનેકતા વિરોધીને માન્ય નથી. તેથી જીવ અને ઈશ્વરનો જે અંશાંશિભાવ ઉપર બતાવ્યો છે તેના સિવાયનો જીવ અને તેના અંશનો મુખ્ય અંશાંશિભાવ છે એમ બતાવી શકાતું નથી. અને તેથી જીવ અને ઈશ્વરનો ભેદ છે તેનો અંશાંશિભાવ સાથે સહચાર છે તેથી શુદ્ધ ભેદ નથી તેથી તે અનનુસંધાનનો પ્રયોજક બની શકે નહિ અને ભોગસાંકર્યની આપત્તિ એવી ને એવી સ્થિર રહે છે. ('જીવનો ઈશ્વરથી ભેદ' તેમાં જીવ ભેદનો આશ્રય છે અને ઈશ્વર પ્રતિયોગી છે).

**एतेनैव द्वितीयपक्षोऽपि निरस्तः । अभेदासहचरितभेदस्यानुसन्धानप्रयोजकत्वे उक्तरीत्या त्वन्मते जीवब्रह्मणोर्जीवानां चाभेदस्यापि सत्त्वेनातिप्रसङ्गस्य दुर्वारत्वात् ।**

**ननु 'अभेदप्रत्यक्षमनुसन्धाने प्रयोजकम्' इति तदभावेऽननुसन्धानम् । स्वस्य स्वाभेदः स्वांशाभेदश्च प्रत्यक्ष इति तद्द्रष्टुर्दुःखाद्यनुसन्धानम् । जीवान्तरेणाभेदसत्त्वेऽपि तस्याप्रत्यक्षत्वान्न तद्दुःखाद्यनुसन्धानम् । जातिस्मरस्य प्राग्भवीयात्मनाऽपि अभेदस्य प्रत्यक्षसत्त्वात् तद्वृत्तान्तानुसन्धानम्, अन्येषां तदभावाद् नेत्यादि सर्वं सङ्गच्छते इति चेत्, तर्ह्यैकात्म्यवादेऽपि सर्वात्मतावरकाज्ञानावरणाच्चैत्रस्य न मैत्रात्माद्यभेदप्रत्यक्षमिति तत एव सर्वव्यवस्थोपपत्तेर्व्यर्थः श्रुतिविरुद्ध आत्मभेदाभ्युपगमः ।**

આનાથી બીજો પક્ષ (-ભેદની શુદ્ધતા એટલે અભેદ સાથે સહચાર ન હોવો—તે પક્ષ) નો પણ નિરાસ થઈ ગયો; કારણ કે અભેદ સાથે સહચાર વિનાનો ભેદ એ જો અનનુસંધાનનો પ્રયોજક હોય તો ઉક્ત રીતથી (ચેતનત્વાદિધર્મૈકરૂપ્યથી) તમારા મતમાં જીવ અને બ્રહ્મનો તેમજ જીવોનો અભેદ પણ છે તેથી અતિપ્રસંગને વારવો મુશ્કેલ છે.

દલીલ કરવામાં આવે કે 'અભેદનું પ્રત્યક્ષ અનુસંધાનમાં પ્રયોજક છે' તેથી તેનો (અભેદપ્રત્યક્ષનો) અભાવ હોય ત્યાં અનનુસંધાન હોય છે; પોતાને પોતાથી અને પોતાના અંશોથી અભેદ પ્રત્યક્ષ છે માટે તે જોનાર છે તેને દુઃખાદિનું અનુસંધાન થાય છે. બીજા જીવ સાથે અભેદ હોવા છતાં પણ તેનું પ્રત્યક્ષ ન હોવાથી તેના દુઃખાદિનુ અનુસંધાન નથી. પૂર્વજન્મનું સ્મરણ હોય છે તેને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પૂર્વના ભવના આત્મા સાથેના પણ અભેદનું પ્રત્યક્ષ જ્ઞાન હોવાથી તેના વૃત્તાન્તનું અનુસંધાન થાય છે; બીજા ઓને તે ન હોવાથી થતું નથી; આમ બધું સંગત બને છે. આવી દલીલ કોઈ કરે તો ઉત્તર છે કે ઐકાત્મ્યવાદમાં પણ સર્વાત્મતાનું આવરણ કરનાર અજ્ઞાનથી આવરણ હોવાને કારણે ચૈત્રને મૈત્ર-આત્મા આદિથી અભેદનું પ્રત્યક્ષ નથી માટે તેથી જ સર્વ વ્યવસ્થાની ઉપપત્તિ હોવાથી શ્રુતિથી વિરુદ્ધ એવો આત્માના ભેદનો સ્વીકાર વ્યર્થ છે.

**વિવરણ** : બીજો પક્ષ કે અભેદની સાથે જેનો સહચાર ન હોય તે શુદ્ધ ભેદ—તેનું પણ ખંડન થઈ જાય છે કારણ કે ચેતનત્વાદિધર્મૈકરૂપ્યથી પ્રયુક્ત અભેદ તો જીવ અને બ્રહ્મ વચ્ચે અને જીવો વચ્ચે પણ છે તેથી ભોગ-સાંકર્યનો દોષ રહેવાનો જ.

વિરોધી દલીલ કરે છે કે જીવ-બ્રહ્મનો કે જીવોનો અભેદ હોય તો પણ એ અભેદનું પ્રત્યક્ષ જ્ઞાન હોય તો જ અનુસંધાન થાય, અન્યથા નહિ. જીવને પોતાથી અભેદ કે પોતાના અંશોથી અભેદનું પ્રત્યક્ષ જ્ઞાન છે તેથી તેને દુઃખાદિનું અનુસંધાન થાય છે. બે ભવમાં આત્મા એ જ હોવા છતાં અભેદનું પ્રત્યક્ષ જ્ઞાન ન હોવાથી પૂર્વના ભવના સુખાદિનું અનુસંધાન થતું નથી, જ્યારે વામદેવ વગેરે કે મને પૂર્વજન્મનું સ્મરણ હતું, તેમને પૂર્વ ભવના આત્માથી અભેદનું પ્રત્યક્ષજ્ઞાન હોવાથી આગળના ભવના વૃત્તાન્તનું સ્મરણ હતું. આમ બધું બરાબર સમજાવી શકાય છે. વેદાન્તીનો આની સામે ઉત્તર છે કે આ દલીલથી જ બધું સમજાવી શકાય છે તો શ્રુતિથી વિરુદ્ધ જઈને અનેક આત્માઓ માનવાની કોઈ જરૂર નથી. સર્વાત્મતાનું આવરણ કરનાર અજ્ઞાન છે તેનાથી પરમાર્થનું આવરણ થાય છે તેથી ચૈત્રને મૈત્રના આત્મા સાથેના અભેદનું પ્રત્યક્ષ ન હોવાથી અનુસંધાન થતું નથી એમ કહી શકાય માટે જુદા જુદા આત્મા માનવાની જરૂર નથી.

**न चेत्थमपि प्रपञ्चतत्त्ववादिनस्तव व्यवस्थानिर्वाहः, सर्वज्ञस्येश्वरस्य वस्तुसज्जीवान्तराभेदप्रत्यक्षावश्यम्भावेन जीवेषु दुःखवत्सु 'अहं दुःखी' इत्यनुभवापत्तेः । अस्मन्मते त्वीश्वरः स्वाभिन्ने जीवे संसारं प्रतिबिम्बमुखे मालिन्यमिव पश्यन्नपि मिथ्यात्वनिश्चयान्न शोचतीति नैष प्रसङ्गः ।**

અને આમ માનવાથી પણ પ્રપંચને તાત્ત્વિક માનનાર તમારે માટે (સુખાદિ) વ્યવસ્થાનો નિર્વાહ શક્ય નથી, કારણ કે સર્વજ્ઞ ઈશ્વરને પરમાર્થ એવો જે બીજા જીવો સાથેનો અભેદ તે અવશ્ય પ્રત્યક્ષ હોવાથી જીવો દુઃખવાળા હોય ત્યારે 'હું દુઃખી છું' એવો અનુભવ તેને થવો જોઈએ. જ્યારે અમારા મતમાં ઈશ્વર પોતાનાથી અભિન્ન જીવમાં સંસારને, પ્રતિબિંબભૂત મુખમાં મલિનતાની જેમ, જોતો હોવા છતાં તેના મિથ્યાત્વનો નિશ્ચય હોવાથી તેનો શોક નથી કરતો માટે આ પ્રસંગ નથી.

**વિવરણ** : પરમતમાં અભેદ-પ્રત્યક્ષ અનુસંધાન પ્રયોજક છે એમ માનવાથી મુશ્કેલી દૂર થતી નથી. ઈશ્વર સર્વજ્ઞ છે અને પરમતમાં જીવો અનેક છે અને આ બીજા જીવો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાથેના સાચા અભેદનું ઈશ્વરને પ્રત્યક્ષ જ્ઞાન હોવું જોઈએ તેથી સર્વ જીવોનાં સુખ-દુઃખાદિનું તેને અનુસંધાન થવું જોઈએ અને 'હું દુઃખી છું' ઇત્યાદિ અનુભવો તેને થવા જોઈએ. સિદ્ધાન્તમાં પણ બ્રહ્મ સર્વજ્ઞ છે અને જીવો તેનાથી અભિન્ન છે તેમ છતાં ઉક્ત દોષ નથી કારણ કે બ્રહ્મને નિશ્ચયાત્મક જ્ઞાન છે કે જીવોનો સંસાર મિથ્યા છે તેથી તે જોતો હોવા છતાં તેને શોક થતો નથી.

વ્યાખ્યાકાર કૃષ્ણાનંદતીર્થ પૂર્વપક્ષીની કેટલીક દલીલ જેમનો ઉત્તર અપાયો નથી તેનું ખંડન આ સ્થળે કરે છે. દલીલ કરી હતી કે જીવો સાંશ હોવાથી હાથ માથું, પગ વગેરેમાં અનુગત જીવાંશોમાં સુખ-દુઃખાદિનું યૌગપદ્ય સંભવે છે; અને યોગીઓની બાબતમાં કાયવ્યૂહમાં રહેલા યોગિજીવના અવયવોમાં એક સાથે સુખ-દુઃખાદિના ભોગની વિચિત્રતા સંભવે છે તેથી કોઈ અનુપપત્તિ નથી. પણ આ દલીલ બરાબર નથી. જીવોની પ્રતિ જીવાંશો મુખ્ય-અંશ છે એવી દલીલનું ખંડન કર્યું છે. અને જીવસદૃશ હોવા છતાં જીવની અપેક્ષાએ ન્યૂન પરિમાણવાળા છે એ અર્થમાં જીવાંશોમાં ઔપચારિક અંશત્વ છે એમ પણ જીવને અણુ માનનાર કહી શકે નહિ કારણ કે અણુ પરિમાણથી કોઈ ન્યૂન પરિમાણ હોઈ શકે નહિ. વળી ન્યૂનત્વરૂપ અંશત્વ એ તો જીવ અને તેના અંશોના અત્યન્ત ભેદનું પ્રયોજક હોય અને તેવું માનતાં જીવને પોતાના અંશમાં રહેલાં સુખાદિનું અનુસંધાન સંભવે નહિ. એ જ રીતે યોગિજીવના અંશો કાયવ્યૂહના અધિષ્ઠાતા હોય તો પણ તેમનાથી તદ્દન ભિન્ન યોગિજીવ કાયવ્યૂહનો અધિષ્ઠાતા નહીં બની શકે. વળી શરીરનો અધિષ્ઠાતા જીવ અને શરીરના હાથ, પગ વગેરે અવયવોના અધિષ્ઠાતા જીવ શો અત્યન્ત ભિન્ન હોવાથી એક શરીરમાં અનેક ભોક્તાની પ્રસક્તિ થશે. જીવ સાંશ છે એમ માનવા માટે કોઈ પ્રમાણ નથી. 'દ્રોણ બૃહસ્પતિના ભાગ છે' ઇત્યાદિ વચન ઉપર કહ્યા પ્રમાણે અંશપરક હોઈ શકે નહિ તેથી તેમનું તાત્પર્ય એવું છે કે બૃહસ્પતિ આદિએ યોગ પ્રભાવથી પૃથ્વીનો ભાર હરવા માટે કે એના જેવા દેવકાર્યને અર્થે અન્ય શરીરનું પરિગ્રહણ કર્યું. આથી રામ, કૃષ્ણ વગેરેને વિષ્ણુના અંશ કહેવામાં આવે છે તેનો અર્થ પણ સ્પષ્ટ થઈ જાય છે.

स्यादेतत्—मा भूदंशभेदः करशिरश्चरणादीनां कायव्यूहस्य चाधिष्ठानम्, अस्मदीयस्यानपायिनी ज्ञानप्रभाऽस्ति व्यापिनीति सैव सर्वाधिष्ठानं भविष्यतीति चेत्, न। ज्ञानवद् आत्मधर्मस्य सुखदुःखभोगस्य ज्ञानमाश्रित्य उत्पत्त्यसम्भवेन करचरणाद्यवयवभेदेनावयविनः, कायव्यूहवतः कायभेदेन च भोगवैचित्र्याभावप्रसङ्गात्। 'सुखदुःखभोगादि ज्ञानधर्म एव नात्मधर्मः' इत्यभ्युपगमे तद्वैचित्र्येण आत्मगुणस्य ज्ञानस्य भेदसिद्धावप्यात्मनो भेदासिद्ध्या भोगवैचित्र्यादिनाऽऽत्माभेदप्रतिक्षेपायोगात्। 'भोगाश्रयस्याऽऽत्मनोऽणुत्वेन प्रतिशरीरं विच्छिन्नतया तद्व्यापित्ववाद इवात्मभेदवाद इव च न सर्वधर्मसङ्करापत्तिः' इति मतहानेश्च। तस्माज्जीवस्यांशत्वोपगमेन व्यवस्थोपपादनं न युक्तमिति।

એવી દલીલ કરવામાં આવે કે જુદા જુદા અંશ ભલે હાથ, શિર, ચરણ આદિના અને કાયવ્યૂહના પ્રેરક ન હોય; આત્મારૂપી દીપની અવિનાશી જ્ઞાનરૂપ પ્રભા છે જે વ્યાપક છે તેથી તે જ સર્વની પ્રેરક બનશે. આવી દલીલ (વિરોધી) કરે તો ઉત્તર છે કે ના (આ બરાબર નથી); જ્ઞાનની જેમ આત્માના ધર્મ એવા સુખદુઃખાત્મક ભોગની જ્ઞાનનો આશ્રય લઈને ઉત્પત્તિ સંભવે નહિ તેથી હાથ પગ વગેરે અવયવના ભેદથી અવયવી (જીવ)ને, તથા કાયવ્યૂહવાળા યોગીને કાયના ભેદથી ભોગના વૈચિત્ર્યનો અભાવ પ્રસક્ત થશે (તેથી ઉપર્યુક્ત દલીલ બરાબર નથી). 'સુખદુઃખભોગાદિ જ્ઞાનનો ધર્મ છે, આત્માનો ધર્મ નથી' એમ માનવામાં આવે તો તેના વૈચિત્ર્યથી આત્માના ગુણરૂપ જ્ઞાનનો ભેદ સિદ્ધ થાય, પણ આત્માનો ભેદ સિદ્ધ થતો નથી; તેથી ભોગના વૈચિત્ર્ય આદિથી આત્માના અભેદનો નિરાસ કરવો શક્ય નથી. અને "ભોગાદિનો આશ્રય આત્મા અણુ હોવાથી પ્રત્યેક શરીરમાં વિચ્છિન્ન (જુદો) છે, તેથી તેને (જીવને) વ્યાપક માનનાર વાદમાં થાય છે તેમ અને તેનો અભેદ માનનાર વાદમાં થાય છે તેમ સર્વ ધર્મોના સાંકર્યનો પ્રસંગ નહીં થાય" —એ મતની હાનિ થશે. તેથી જીવને અણુ માનીને (સુખદુઃખાદિની) વ્યવસ્થાનું ઉપપાદન કરવું એ યુક્ત નથી.

**વિવરણ :** જીવાંશવિશેષ હાથ પગ વગેરેનું સંચાલન કરી શકે નહિ, તેમ કાયવ્યૂહાદિનું સંચાલન પણ સંભવતું નથી એવો પૂર્વ ગ્રંથનો આશય હોય તો વિરોધી તેની સામે દલીલ કરે છે કે જીવ પોતે અણુ હોઈને શરીરના એકદેશમાં રહેતો હોવા છતાં પોતામાં સમવેત એવા વ્યાપનશીલ જ્ઞાનથી તે હાથ પગ વગેરેનો અને કાયવ્યૂહનો પ્રેરક બનશે; તેથી નિરંશ અણુ જીવ સમગ્ર શરીરનું સંચાલન આદિ કરી શકશે. આની સામે કેવલાદ્વૈતી વેદાન્તી કહે છે કે સુખાદિ જો જ્ઞાનના ધર્મ હોય તો જ્ઞાનમાં તેમની ઉત્પત્તિ સંભવે, અને તો પછી જ્ઞાનવ્યાપક હોવાથી તેને આશ્રિત સુખાદિ–ભોગનો પણ હાથ, પગ વગેરેમાં તથા કાયવ્યૂહમાં ઉદય સંભવે. પણ પૂર્વપક્ષી સુખાદિને જ્ઞાનનો ધર્મ માનતો નથી, તે તો સુખાદિને જ્ઞાનની જેમ આત્માનો જ ધર્મ માને છે. તેથી જ્ઞાન વ્યાપક હોવા છતાં હાથ. પગ વગેરેમાં તેમ જ કાયવ્યૂહમાં યુગપદ્ ભોગવૈચિત્ર્ય સંભવશે નહિ; જ્યારે યોગીને ભોગવૈચિત્ર્ય હોય છે એવું સ્મૃતિવચન છે –યોગી યોગસામર્થ્યથી બળ મેળવીને અનેક હજાર શરીરો બનાવીને તેમનાથી આખી પૃથ્વી પર ફરી શકે; કેટલાકથી વિષયો પ્રાપ્ત કરી શકે અને કેટલાકથી ઉગ્ર તપનું આચરણ કરી શકે અને ફરી પાછો તે શરીરોને સંકેલી શકે જેમ સૂર્ય પોતાના કિરણોને સંકેલી લે છે તેમ.

आत्मनां च सहस्राणि बहूनि भरतर्षभ ।
योगी कुर्याद् बलं प्राप्य तैश्च सर्वां महीं चरेत् ॥
प्राप्नुयाद्विषयान् कैश्चित् कैश्चिदुग्रं तपश्चरेत् ।
सङ्क्षिपेच्च पुनस्तानि सूर्यो रश्मिगणानिव ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પૂર્વપક્ષી કબૂલે કે સુખાદિને જ્ઞાનના ધર્મરૂપ માનવાથી જો ભોગવૈચિત્ર્ય સંભવતું હોય તો સુખાદિ ભલે જ્ઞાનધર્મ હોય. આનો ઉત્તર આપતાં સિદ્ધાન્તી કહે છે કે આવું માનતાં સુખાદિભોગવૈચિત્ર્યથી આત્માના ગુણરૂપ જ્ઞાનનો ભેદ સિદ્ધ થશે પણ આત્માનો ભેદ સિદ્ધ થતો નથી. કારણકે જ્ઞાન સુખાદિનું અધિકરણ હશે, આત્મા નહીં. વળી સુખાદિને વ્યાપી જ્ઞાનના ધર્મ માનવાં એ પૂર્વપક્ષીના મતથી વિરુદ્ધ છે તેથી તેના મતની હાનિ થશે. "જીવને વ્યાપક માનનાર વાદ તે નૈયાયિકનો મત, અને આત્માનો અભેદ માનનાર વાદ તે કેવલાદ્વૈતીનો મત—આ બન્ને મતોમાં સર્વ ધર્મનું સાંકર્ય પ્રસક્ત થાય છે, જ્યારે ભોગાદિનો આશ્રય આત્મા અણુ હોવાથી પ્રત્યેક શરીરમાં જુદો છે માટે ભોગસાંકર્યની આપત્તિ નથી" —એમ પૂર્વપક્ષી માને છે તે મતની હાનિ થશે. તેથી જીવને અણુ માનીને તેના જ્ઞાનસુખાદિ ગુણને વ્યાપક માનવા અને એથી સુખાદિની વ્યવસ્થા કરવાનો પ્રયત્ન કરવો એ બરાબર નથી.

**नापि तेन तस्येश्वराद् भेदसाधनं युक्तम् । उत्क्रान्त्यादिश्रवणात् साक्षादणुत्वश्रवणाच्च 'अणुर्जीवः' इति वदतः तव मते 'तत् सृष्ट्वा तदेवानुप्राविशत्' (तैत्ति २.६), 'अन्तः प्रविष्टश्शास्ता जनानाम्', 'गुहां प्रविष्टौ परमे परार्ध्ये' (कठ. ३.१) इत्यादिश्रुतिषु प्रवेशादिश्रवणात्, 'स एषोऽणिमा',+ 'एष म आत्माऽन्तर्हृदयेऽणीयान् व्रीहेर्वा यवाद्वा' (छा. ३.१४.३) इति श्रुतौ साक्षादणुत्वश्रवणाच्च परोऽप्यणुरेव सिध्येदिति कुतः परजीवयोर्विभुत्वाणुत्वाभ्यां भेदसिद्धिः ।**

તેમ તેનાથી (જીવનું અણુત્વ માનીને) તેનો ઈશ્વરથી ભેદ સિદ્ધ કરવો એ પણ યુક્ત નથી. ઉત્ક્રાન્તિ આદિના શ્રવણને કારણે અને અણુત્વનું સાક્ષાત્ શ્રવણ હોવાથી 'જીવ અણુ છે' એમ કહેનાર તમારા મતમાં 'તેને સર્જીને તેમાં જ પ્રવેશ કર્યો (તૈત્તિ. ૨. ૬.), 'અંદર પ્રવેશેલો ઈશ્વર જનોનો નિયામક છે,' 'ઉત્કૃષ્ટ હૃદયાકાશમાં (બુદ્ધિરૂપી) ગુફામાં પ્રવેશેલા બે (જીવ અને ઈશ્વર) (કઠ. ૩.૧) ઇત્યાદિ શ્રુતિઓમાં પ્રવેશ આદિનું શ્રવણ હોવાથી, અને 'તે આ (પરમાત્મા) અણુ છે', (છા. ૬.૮.૭), 'આ મારા હૃદયની અંદર આત્મા છે, ચોખા કે જવ કરતાં વધારે અણુ' (છા. ૩ ૧૪. ૩) એ શ્રુતિમાં સાક્ષાત અણુત્વનું શ્રવણ હોવાથી પર (પરમાત્મા, ઈશ્વર) પણ અણુ જ સિદ્ધ થાય તેથી પર અને જીવનો વિભુત્વ અને અણુત્વથી ભેદ કેવી રીતે સિદ્ધ કરી શકાશે ?

---

+ स य एषो ऽणिमा......छा. ६. ८. ७

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ** : જીવને અણુ માનીને ઈશ્વરથી તેનો ભેદ સિદ્ધ કરી શકાશે નહિ. શ્રુતિ અને તેના પર આધારિત અર્થાપત્તિથી પૂર્વપક્ષી જીવને અણુ માને છે. હવે જો આમ જ હોય તો એવાં જ શ્રુતિવચનોને આધારે ઈશ્વરનું પણ અણુત્વ સિદ્ધ થાય છે. જગત્ બનાવીને ઈશ્વરે તેમાં પ્રવેશ કર્યો (તૈત્તિ. ૨.૬), 'તે શરીરોમાં પ્રવેશ કરીને જનોનો નિયન્તા બને છે', 'જીવ અને ઈશ્વર બન્ને બુદ્ધિરૂપી ગુફામાં પરમ પરાર્ધ્ય(—પરના અર્ધ, સ્થાનને યોગ્ય છે તે પરાર્ધ્ય, પરમ ઉત્કૃષ્ટ હાર્દાકાશ)માં પ્રવેશેલા છે', 'ઈશ્વર અણુ છે'–વગેરે શ્રુતિવચનો છે તેથી ઈશ્વરને પણ અણુ માનવો પડે અને એમ હોય તો અણુત્વને આધારે જીવનો ઈશ્વરથી ભેદ સિદ્ધ થતો નથી.

**ननु 'आकाशवत् सर्वगतश्च नित्यः', 'ज्यायान् दिवो ज्यायानन्तरिक्षात्' इत्यादिश्रवणात्, सर्वप्रपञ्चोपादानत्वाच्च परस्य सर्वगतत्वसिद्धेः तदणुत्वश्रुतयः उपासनार्थाः, दुर्ग्रहत्वाभिप्राया वा उन्नेयाः । प्रवेशश्रुतयश्च शरीराद्युपाधिना निर्वाह्याः । न च जीवोत्क्रान्त्यादिश्रुतयोऽपि बुद्ध्या उपाधिना निर्वोढुं शक्या इति शङ्क्यम् । 'तमुत्क्रामन्तं प्राणोऽनूत्क्रामति' (बृहद्. ४.४.२) इति प्राणाख्यबुद्ध्युत्क्रान्तेः प्रागेव जीवोत्क्रान्तिवचनात् । तथा 'विद्वान् नामरूपाद्विमुक्तः परात्परं पुरुषमुपैति दिव्यम्' (मुण्डक ३.२.८) इति नामरूपविमोक्षानन्तरमपि गतिश्रवणाच्च । "तद्यथाऽनस्सुसमाहितमुत्सर्जद् यायादेवमेवायं शारीर आत्मा प्राज्ञेनात्मनाऽन्वारूढ उत्सर्जन् याति" (बृहद्. ४.३.३५) इति स्वाभाविकगत्याश्रयशकटदृष्टान्तोक्तेश्चेति चेत्, नैतत् सारम् ।**

પૂર્વપક્ષી દલીલ કરે કે '(ઈશ્વર) આકાશની જેમ સર્વગત અને નિત્ય છે,' 'ઈશ્વર દ્યુલોકથી અને અન્તરિક્ષથી મોટો છે' (છા. ૩. ૧૪. ૩) ઇત્યાદિ શ્રુતિને કારણે અને સર્વ પ્રપંચનું (ઈશ્વર) ઉપાદાન છે તેથી, પરમાત્મા સર્વગત છે એમ સિદ્ધ થાય છે, તેથી તેના (ઈશ્વરના) અણુત્વ વિષેની શ્રુતિઓ ઉપાસનાને માટે છે, અથવા (ઈશ્વર) દુર્ગ્રહ (ગ્રહણ કરવો મુશ્કેલ છે) એવા અભિપ્રાયવાળી છે એમ તેમને સમજાવવી જોઈએ. અને પ્રવેશ અંગેની શ્રુતિઓનો શરીર આદિ ઉપાધિથી નિર્વાહ કરવો જોઈએ. અને એવી શંકા કરવી નહિ કે જીવની ઉત્ક્રાન્તિ આદિનું

* एष म आत्माऽन्तर्हृदये ज्यायान् पृथिव्या ज्यायानन्तरिक्षाज्ज्यायान् दिवो ज्यायानेभ्यो लोकेभ्यः ।—छा. ३.१४.३

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રતિપાદન કરનાર શ્રુતિઓનો પણ બુદ્ધિરૂપ ઉપાધિથી નિર્વાહ કરી શકાય. (આ શંકા બરાબર નથી) કારણ કે 'ઉત્ક્રાન્ત કરનાર (જીવ) ની પાછળ પ્રાણ ઉત્ક્રાંતિ કરે છે' (બૃહદ્. ઉપ. ૪.૪.૨) એમ 'પ્રાણ' શબ્દથી વાચ્ય બુદ્ધિની ઉત્ક્રાંતિની પહેલાં જ જીવની ઉત્ક્રાંતિ કહેલી છે, તેમ 'જ્ઞાની (જીવ) નામરૂપથી વિમુક્ત થયેલો પરાત્પર દિવ્ય પુરુષની પાસે જાય છે' (મુંડક ૩ ૨ ૮) એમ નામ-રૂપથી મુક્તિ મેળવ્યા પછી પણ (જીવની) ગતિનું શ્રવણ છે. અને 'જેમ (સામાનથી) બરાબર ભરેલું ગાડું અવાજ કરતું જાય તેમ જ આ શરીરમાં રહેલો આત્મા પ્રાજ્ઞ આત્મા (ઈશ્વર) થી પ્રેરિત થયેલો અવાજ કરતો (પરલોકમાં) જાય છે' (બૃહદ્. ૪.૩.૩૫) એમ સ્વાભાવિક ગતિના આશ્રય એવા ગાડાનું દૃષ્ટાન્ત આપ્યું છે (તેથી જીવમાં પણ સ્વાભાવિક ગતિ છે, ઔપાધિક નહિ એમ સિદ્ધ થાય છે). (તેથી જીવના અણુત્વ અંગેની શ્રુતિઓને કોઈ બીજી રીતે સમજાવી શકાય નહિ, તેથી જીવનું અણુત્વ અને ઈશ્વરનું વિભુત્વ સિદ્ધ થાય છે.) —આવી દલીલ પૂર્વપક્ષી કરે તો આ બરાબર નથી.

વિવરણ : પૂર્વપક્ષી દલીલ કરે છે કે ઈશ્વરને વિભુ કહેનારી અનેક શ્રુતિઓ છે તેથી જ્યાં ઈશ્વરને અણુ કહ્યો છે તેવી શ્રુતિઓ ઈશ્વરનું સ્વરૂપ બતાવવા માટે નથી પણ ઉપાસનાર્થે છે એમ સમજાવી શકાય. જે અણુત્વ પ્રતિપાદક શ્રુતિઓ ઉપાસનાના પ્રકરણમાં અન્તર્ગત ન હોય ત્યાં 'અણુ' નો અર્થ 'દુર્ગ્રહ ગ્રહણ કરવો કે જાણવો મુશ્કેલ' એમ લઈ શકાય. ઈશ્વર પ્રવેશ કરે છે એમ કહ્યું છે ત્યાં શરીરોમાં ઈશ્વરનો પ્રવેશ મુખ્ય અર્થમાં નથી પણ સ્વેચ્છાએ સ્વીકારેલાં શરીર ઇંદ્રિયને ઉપાધિ માનીને છે. તેથી ઈશ્વર શ્રુતિને આધારે વિભુ જ સિદ્ધ થાય છે વિરોધી સિદ્ધાન્તી શંકા કરે કે જીવના અણુત્વ અંગે શ્રુતિ કે લિંગ છે તેને પણ આમ બીજી રીતે સમજાવી શકાય અને તો પછી જીવનું ઔપાધિક અણુત્વ જ કેમ ન માનવું ? આવી શંકાનો જીવાણુત્વવાદી પૂર્વપક્ષી ઉત્તર આપતાં કહે છે કે ઉત્ક્રાન્તિ આદિ વિષેની શ્રુતિઓમાં બુદ્ધિને ઉપાધિ માનીને ઉત્ક્રાન્તિ આદિને સમજાવી નહીં શકાય. આ શ્રુતિમાં 'પ્રાણ' શબ્દ, બુદ્ધિના અર્થમાં છે (यो वै प्राणः सा प्रज्ञा या वा प्रज्ञा स प्राणः'–કૌષી ૩.૩.૪ એવી સ્પષ્ટ શ્રુતિ છે). તેથી બુદ્ધિની ઉત્ક્રાન્તિ પહેલાં જીવની સ્વાભાવિક ઉત્ક્રાન્તિ છે એમ જ માનવું જોઈએ. વળી 'નામરૂપ' ઉપાધિની નિવૃત્તિ થયા પછી પણ જીવ બ્રહ્મ તરફ ગતિ કરે છે એમ કહ્યું છે તેથી જીવની ગતિ ઔપાધિક નહીં પણ સ્વાભાવિક છે અને જીવનું અણુ પરિમાણ પણ સ્વાભાવિક છે. જીવનુ પરલોક પ્રતિ ગમન સમજાવવા માટે ગાડાનું દૃષ્ટાન્ત આપ્યું છે જે પણ બતાવે છે કે જીવની ગતિ સ્વાભાવિક છે. તેથી જીવ અણુ જ છે અને ઈશ્વર વિભુ છે અને તેમનો ભેદ સિદ્ધ થાય છે. એકાત્મવાદી સિદ્ધાન્તીને આ દલીલ માન્ય નથી. તે હવે દલીલો રજૂ કરે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'स वा एष महानज आत्मा योऽयं विज्ञानमयः' (बृहद्. ४.४.२२)

'घटसंवृतमाकाशं नीयमाने घटे यथा ।
घटो नीयेत नाकाशं तद्वज्जीवो नभोपमः ॥

(त्रिपुरातापनी उप. ५.३)

इत्यादिश्रुतिषु जीवस्यापि विभुत्वश्रवणात् । त्वन्मते प्रकृतेरेव जगदुपादानत्वेन ब्रह्मणो जगदुपादानत्वाभावाज्जीवस्य कायव्यूहगतविचित्रसुखदुःखोपादानत्ववदणुत्वेऽपि जगदुपादानत्वसम्भवाच्च ततस्तस्य सर्वगतत्वासिद्धेः । तत्प्रवेशश्रुतीनां शरीरोपाधिकत्वकल्पने जीवोत्क्रान्त्यादिश्रुतीनामपि बुद्ध्युपाधिकत्वोपममसम्भवात् । 'पञ्चवृत्तिर्मनोवद् व्यपदिश्यते' (ब्र. सू. २.४.१२) इति सूत्रभाष्ये बुद्धिप्राणयोः कार्यभेदाद् भेदस्य प्रतिपादितत्वेन बुद्ध्युपाधिके जीवे प्रथममुत्क्रामति प्राणस्यानूत्क्रमणोपपत्तेः । नामरूपविमोक्षानन्तरं ब्रह्मप्राप्तिश्रवणस्य प्राप्तरि जीव इव प्राप्तव्ये ब्रह्मण्यपि विभुत्वविरोधित्वात् । प्राकृतनामरूपविमोक्षानन्तरमपि अप्राकृतलोकविग्रहाद्युपधानेन ब्रह्मणः प्राप्तव्यत्ववादिमते प्राप्तुर्जीवस्याप्यप्राकृतदेहेन्द्रियादिसत्त्वेन तदुपधानेन ब्रह्मप्राप्तिश्रवणाविरोधात् । स्वाभाविकगत्याश्रयशकटदृष्टान्तश्रवणमात्राद् जीवस्य स्वाभाविकगतिसिद्धौ 'गुहां प्रविष्टौ' इति स्वाभाविकप्रवेशाश्रयजीवसमभिव्याहारेण ब्रह्मणोऽपि स्वाभाविकप्रवेशसिद्धिसम्भवाद्, ब्रह्मजीवोभयान्वयिन एकस्य प्रविष्टपदस्य एकरूपप्रवेशपरत्वस्य वक्तव्यत्वात् । तस्मात् परमते ब्रह्मजीवयोर्विभुत्वाणुत्वव्यवस्थित्यसिद्धेर्न ततो भेदसिद्धि प्रत्याशा ।

'જે આ વિજ્ઞાનમય (જીવ) છે તે આ મહાન (વ્યાપક) અજ આત્મા છે,' "ઘટથી ઘેરાયેલું આકાશ ઘટ લઈ જવાતાં લઈ જવાય છે, (ત્યાં) ઘટ લઈ જવાય છે, આકાશ નહીં. તેની જેમ (જીવ ઉપાધિના ગમનથી ગમન કરે છે, સ્વતઃ નહિ). જીવ આકાશ જેવો છે" ઇત્યાદિ શ્રુતિઓમાં જીવના પણ વિભુત્વનું શ્રવણ છે. તમારા મતમાં પ્રકૃતિ જ જગતનું ઉપાદાન છે તેથી બ્રહ્મ જગતનું ઉપાદાન

નથી. અને જીવ જેમ (અણુ હોવા છતાં) કાયવ્યૂહમાં રહેલા વિચિત્ર સુખદુઃખનુ ઉપાદાન બની શકે છે તેમ (ઈશ્વર) અણુ હોવા છતાં જગતનું ઉપાદાન હોઈ શકે તેથી તેનાથી (–જગતનું ઉપાદાન છે એ કારણથી) તેના (ઈશ્વરના) સર્વગતત્વની સિદ્ધિ થતી નથી. તેના (બ્રહ્મના) પ્રવેશ વિષયક શ્રુતિઓમાં જો પ્રવેશ શરીરરૂપ ઉપાધિથી કલ્પવામાં આવતો હોય તો જીવની ઉત્ક્રાંતિ આદિ વિષયક શ્રુતિઓમાં પણ બુદ્ધિને ઉપાધિ તરીકે સ્વીકારી (તેની ઉપપત્તિ કરી) શકાય. 'મનની જેમ (પ્રાણને) પાંચ (પ્રાણાદિ) વૃત્તિવાળો કહ્યો છે' (બ્ર.સૂ. ૨.૪.૧૨) એ સૂત્રના ભાષ્યમાં કાર્યના ભેદથી બુદ્ધિ અને પ્રાણના ભેદનું પ્રતિપાદન કર્યું છે તેથી બુદ્ધિરૂપ ઉપાધિવાળો જીવ પહેલાં ઉત્ક્રમણ કરે પછી પ્રાણનું તેની પાછળ ઉત્ક્રમણ ઉપપન્ન છે. નામરૂપમાંથી મુક્ત થયા પછી (જીવ) બ્રહ્મને પ્રાપ્ત કરે છે એમ જે શ્રુતિવચન છે તે જેમ પ્રાપ્ત કરનાર જીવના વિભુત્વનું વિરોધી છે તેમ પ્રાપ્તવ્ય બ્રહ્મના પણ વિભુત્વનું વિરોધી છે. પ્રાકૃત નામરૂપમાંથી મુક્ત થયા પછી પણ અપ્રાકૃત લોક અને શરીર આદિ ઉપાધિ હોવાથી બ્રહ્મ પ્રાપ્તવ્ય છે એમ કહેનારના મતમાં પ્રાપ્ત કરનાર જીવને પણ અપ્રાકૃત દેહ ઇન્દ્રિય આદિ હોય છે તેથી તેમના ઉપધાનથી બ્રહ્મપ્રાપ્તિના શ્રવણમા વિરોધ નથી. સ્વાભાવિક ગતિના આશ્રય એવા ગાડાના દૃષ્ટાન્તના શ્રવણ માત્રથી જો જીવની સ્વાભાવિક ગતિ સિદ્ધ થતી હોય તો 'ગુફામાં પ્રવેશેલા (જીવ અને ઈશ્વર)' એમ સ્વાભાવિક પ્રવેશના આશ્રય એવા જીવની સાથે ઉલ્લેખ હોવાથી બ્રહ્મની બાબતમાં પણ સ્વાભાવિક પ્રવેશની સિદ્ધિ સંભવે છે, કારણ કે બ્રહ્મ અને જીવ બન્ને સાથે જેનો અન્વય છે એવું એક 'प्रविष्ट' પદ એકરૂપ પ્રવેશપરક છે એમ કહેવું જોઈએ. તેથી પરમતમાં બ્રહ્મ વિભુ છે અને જીવ અણુ છે એવી વ્યવસ્થા સિદ્ધ થતી નથી માટે તે (વ્યવસ્થા થી (જીવ અને ઈશ્વરના) ભેદની આશા નથી.

વિવરણ : અહીં સિદ્ધાન્તી જીવને અણુ માનનાર પૂર્વપક્ષીની દલીલોનું ખંડન કરે છે પૂર્વપક્ષી જે રીતે અર્થઘટન કરે છે તે પ્રમાણે તો જીવ અને ઈશ્વર બન્નેને અણુ સિદ્ધ કરી શકાય. અથવા બન્નેને વિભુ સિદ્ધ કરી શકાય. જીવ અણુ છે અને ઈશ્વર વિભુ છે એવી વ્યવસ્થા ઉપપન્ન નથી જ. જીવ નામરૂપમાંથી મુક્ત થયા પછી બ્રહ્મ પાસે જાય છે— એ શ્રુતિ જીવના વિભુત્વને વિરોધ કરે છે એમ માનીએ તો ઈશ્વરના વિભુત્વનો પણ એ વિરોધ કરે છે કારણ કે ઈશ્વર વિભુ હોય તો એ પ્રાપ્ત હોય જ, તેને પ્રાપ્ત કરવાનો ન હોય. પરમતમાં બ્રહ્મ વ્યાપક સ્વરૂપથી મુક્તોને માટે પ્રાપ્ય નથી પણ અપ્રાકૃત લોક આદિથી ઉપહિત રૂપથી પ્રાપ્તવ્ય છે તેથી બ્રહ્મના વ્યાપકત્વનો વિરોધ નથી એમ મનાતું હોય, તો વિદ્વાન જીવ પ્રાકૃત નામરૂપથી મુક્ત બની અપ્રાકૃત નામરૂપ ઉપાધિથી પરિચ્છિન્ન રૂપે બ્રહ્મની પ્રતિ ગમન કરે છે એમ વિભુ હોય તો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પણ જીવની ગતિ સંભવે છે. તેથી જીવના વિભુત્વનો પણ વિરોધ થતો નથી. બ્રહ્મ જગતનું ઉપાદાન છે તેથી વિભુ છે એમ પણ ન કહી શકાય. તેનું પહેલું કારણ એ કે પરમતમાં પ્રકૃતિને જગતનું ઉપાદાન માની છે. બીજું એ કે જીવ અણુ હોવા છતાં કાયવ્યૂહનાં સુખ-દુઃખનું ઉપાદાન બની શકતો હોય તો બ્રહ્મ અણુ હોઈને પણ જગતનું ઉપાદાન બની શકે. આમ જગત્‌નું ઉપાદાન છે માટે વિભુ છે એ દલીલ બરાબર નથી. જીવ અને ઈશ્વર બન્ને ગુફામાં પ્રવેશેલા છે એમ કહ્યું છે તેના આધારે જો જીવનું અણુત્વ મનાતું હોય તો ઈશ્વરને પણ અણુ માનવો જોઈએ એક જ સંદર્ભમાં પ્રયોજાયેલું 'પ્રવિષ્ટ' પદ એકની બાબતમાં સ્વાભાવિક પ્રવેશ દર્શાવે અને બીજા (ઈશ્વર)ની બાબતમાં ગૌણ કે ઔપાધિક પ્રવેશ એમ માનવું બરાબર નથી. આમ જીવનું અણુત્વ અને ઈશ્વરનું વિભુત્વ પરમતમાં સિદ્ધ થતું નથી અને તેને આધારે જીવ અને ઈશ્વરનો ભેદ સિદ્ધ કરવાની તો આશા જ રાખી શકાય નહિ.

**अस्मन्मते ब्रह्मात्मैक्यपरमहावाक्यानुरोधेनावान्तरवाक्यानां नेयत्वात् स्वरूपेण जीवस्य विभुत्वम्, औपाधिकरूपेण परिच्छेद इत्यादिप्रकारेण जीवब्रह्मभेदप्रापकश्रुतीनामुपपादनं भाष्यादिषु व्यक्तम् ।**

અમારા મતમાં બ્રહ્મ અને જીવના ઐક્યનાં બોધક મહાવાક્યના અનુરોધથી અવાન્તર વાક્યોનો અર્થ ઘટાવવાનો હોવાથી, જીવ સ્વરૂપથી વિભુ છે, ઔપાધિક રૂપથી તે પરિચ્છિન્ન છે ઇત્યાદિ પ્રકારે જીવ અને બ્રહ્મનો ભેદ (આપણી પાસે) ગ્રહણ કરાવનાર શ્રુતિઓનું ઉપપાદન ભાષ્યાદિમાં સ્પષ્ટ છે.

**વિવરણ:**– પૂર્વપક્ષી દલીલ કરી શકે કે જેમ પરમતને માટે તમે કહ્યું કે જીવ અને ઈશ્વર બન્નેના અણુત્વ તેમજ વિભુત્વ વિષયક શ્રુતિ અને લિંગ સમાન રીતે હોવાથી બન્ને વિભુ સિદ્ધ થાય કે બન્ને અણુ સિદ્ધ થાય પણ જીવ અણુ અને ઈશ્વર વિભુ એમ સિદ્ધ થતું નથી, તેમ સિદ્ધાન્તમાં પણ જીવને પરિચ્છિન્ન કહેનારી અને તેને વિભુ કહેનારી શ્રુતિઓ હોવાથી જીવનું વિભુત્વ સ્વાભાવિક છે અને અણુત્વ ઔપાધિક છે એવી વ્યવસ્થા સિદ્ધ થતી નથી તેથી દોષ પ્રસક્ત થાય જ છે. આનો ઉત્તર આપતાં સિદ્ધાન્તી કહે છે કે બ્રહ્માત્મૈક્યજ્ઞાન મુક્તિનું સાધન છે તેથી તે જ જ્ઞાન ઉત્પન્ન કરનાર तत्त्वमसि આદિ વાક્યો મહાવાક્ય છે અને તે વાક્યોના અર્થના જ્ઞાનમાં કારણીભૂત तत्, त्वम् જેવાં પદોના જ્ઞાનની પ્રતિ જે સાધનભૂત છે એવાં જીવનાં સ્વરૂપનાં પ્રતિપાદક વાક્યો એ અવાન્તર વાક્યો છે. આ અવાન્તર વાક્યો મહાવાક્યોને શેષ હોવાથી અમારા મતમાં આ પ્રધાન વાક્યોના અર્થ અનુસાર જ આ ગુણભૂત વાક્યોનો અર્થ કરવાનો હોય છે તેથી કોઈ મુશ્કેલી નથી જીવ જો સ્વરૂપથી અણુ હોય તો મહાવાક્યમાં પ્રતિપાદ્ય તેનો બ્રહ્મથી અભેદ ઉપપન્ન બને નહિ. તેથી એમ જ માનવાનું રહે છે કે જીવ સ્વરૂપથી વિભુ છે અને તેનું પરિચ્છિન્નત્વ ઔપાધિક છે. જીવ અને બ્રહ્મનો ભેદ માનીને કથન કરનાર શ્રુતિઓનો અર્થ આ અને આવી રીતે જ કરવાનો છે એમ ભાષ્યાદિ ગ્રંથોમાં સ્પષ્ટ બતાવ્યું છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

तस्मादचेतनस्य प्रपञ्चस्य मिथ्यात्वात् चेतनप्रपञ्चस्य ब्रह्माभेदाच्च न वेदान्तानामद्वितीये ब्रह्मणि विद्यैकप्राप्ये समन्वयस्य कश्चिद्विरोधः ।

इति सिद्धान्तलेशसङ्ग्रहे द्वितीयः परिच्छेदः समाप्तः ।

તેથી અચેતન પ્રપંચ મિથ્યા હોવાથી અને ચેતન પ્રપંચનો બ્રહ્મથી અભેદ હોવથી એક વિદ્યાથી જ પ્રાપ્ય એવા અદ્વિતીય બ્રહ્મમાં વેદાન્તોનો (ઉપ-નિષદોનો) સમન્વય છે તેનો કોઈ વિરોધ નથી.

**વિવરણ** : આ પરિચ્છેદનું પ્રયોજન ઉપનિષદોનું તાત્પર્ય અદ્વિતીય બ્રહ્મપરક છે અને આ વેદાન્ત સમન્વયનો કોઈ વિરોધ નથી એમ બતાવવાનું હતું તેનો અહીં ઉપસંહાર કર્યો છે.

**સિદ્ધાન્તલેશસંગ્રહના ભાષાનુવાદનો દ્વિતીય પરિચ્છેદ સમાપ્ત.**

*

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# તૃતીય પરિચ્છેદ

(१) ननु कथं विद्ययैव ब्रह्मप्राप्तिः, यावता कर्मणामपि तत्प्राप्तिहेतुत्वं स्मर्यते—

'तत्प्राप्तिहेतुर्विज्ञानं कर्म चोक्तं महामुने' इति ।

सत्यम् । 'नान्यः पन्था विद्यतेऽयनाय' [श्वेता. ६.१५] इति श्रुतेः । नित्यसिद्धब्रह्मावाप्तौ कण्ठगतविस्मृतकनकमालाऽवाप्तितुल्यायां विद्याऽतिरिक्तस्य साधनत्वासम्भवाच्च । ब्रह्मावाप्तौ परम्परया कर्मापेक्षा-मात्रपरा तादृशी स्मृतिः । क्व तर्हि कर्मणामुपयोगः ?

(૧) શંકા થાય કે વિદ્યાથી જ બ્રહ્મપ્રાપ્તિ થાય એમ કેવી રીતે હોઈ શકે, જ્યારે કર્મો પણ તેની પ્રાપ્તિના હેતુ છે એમ સ્મૃતિમાં કહ્યું છે—'હે મહામુનિ ! તેની (બ્રહ્મની) પ્રાપ્તિના હેતુ વિજ્ઞાન અને કર્મ કહ્યાં છે'. સાચું છે (તોપણ શંકા બરાબર નથી). 'મુક્તિ માટે બીજો માર્ગ નથી (શ્વેતા. ૬.૧૫) એવી શ્રુતિ છે; અને નિત્ય-સિદ્ધ બ્રહ્મની પ્રાપ્તિ જે ગળામાં રહેલી પણ ભુલાઈ ગયેલી સોનાની માળાની પ્રાપ્તિ જેવી છે તેમાં વિદ્યા સિવાય બીજું કશું સાધન હોઈ શકે નહિ, તેથી તેવી સ્મૃતિ બ્રહ્મની પ્રાપ્તિમાં પરંપરાથી કર્મની અપેક્ષા માત્ર બતાવવા માટે છે. તો પછી કર્મોનો ઉપયોગ ક્યાં છે?

વિવરણ: પૂર્વ પરિચ્છેદના અન્તે એમ કહેવામાં આવ્યું કે બ્રહ્મપ્રાપ્તિરૂપ મોક્ષ એક વિદ્યાથી જ પ્રાપ્ત થઈ શકે તેમ છે. સમુચ્ચયવાદી આ સહન નથી કરતો અને શંકા કરે છે કે સ્મૃતિ પ્રમાણે કર્મ અને જ્ઞાન બંને બ્રહ્મપ્રાપ્તિના હેતુ છે એમ કહ્યું છે. तेनैति ब्रह्मवित् पुण्यकृत । (બૃહદ્. ૪.૪.૯) ઇત્યાદિ શ્રુતિમાં કહ્યું છે તે પરથી સમજાય છે કે બ્રહ્મજ્ઞાન અને પુણ્યના સમુચ્ચયથી બ્રહ્મની પ્રાપ્તિ થાય છે સિદ્ધાન્તી આનો ઉત્તર આપતાં કહે છે કે આવું કહ્યું છે એ વાત સાચી પણ સમુચ્ચયવાદ યુક્ત નથી. યુક્તિ સમર્થિત અન્ય શ્રુતિ—नान्यः पन्था विद्यतेऽयनाय (શ્વેતા.૬.૧૫)સાથે તેનો વિરોધ છે, તેથી સમુચ્ચય અંગે જે શ્રુતિ છે અને તન્મૂલક જે સ્મૃતિવચન છે તેનો અર્થ ક્રમસમુચ્ચયપરક લેવો જોઈએ. બ્રહ્મજ્ઞાન સિવાય બીજો કોઈ જ્ઞાનકર્મસમુચ્ચયરૂપ કે કેવળ કર્મરૂપ ઉપાય મોક્ષ માટે નથી એવો શ્રુતિનો અર્થ છે. બ્રહ્મ નિત્ય આત્મસ્વરૂપ તરીકે સિદ્ધ છે તેથી બ્રહ્મની પ્રાપ્તિ એ અપ્રાપ્ત છે એવા ભ્રમ આદિના નિવૃત્તિરૂપ જ છે. અને લોકમાં આપણે જોઈએ છીએ કે ભ્રમ આદિની નિવૃત્તિ માત્ર જ્ઞાનથી થઈ શકે છે. સોનાની માળા ગળામાં જ હોય પણ ભુલાઈ ગઈ હોય તો તે મળતી નથી એવા ભ્રમથી શોધખોળ થાય છે પણ કોઈ વિશ્વાસપાત્ર માણસના કહેવાથી જ્ઞાન થતાં જ એ અપ્રાપ્ત છે એ ભ્રમની નિવૃત્તિરૂપ પૂર્વસિદ્ધ કનકમાલાની પ્રાપ્તિ થાય છે. બ્રહ્મપ્રાપ્તિ આના જેવી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ છે. બ્રહ્મ જીવનું સ્વરૂપ છે તેથી નિત્યપ્રાપ્ત છે, માત્ર તે અપ્રાપ્ત છે એવા ભ્રમની નિવૃત્તિ કરવાની છે અને તેને બ્રહ્મપ્રાપ્તિ કહેવામાં આવે છે. તેથી વિદ્યા સિવાય કોઈ સાધનની જરૂર નથી અને જ્ઞાન સિવાય કોઈ સાધનમાં ભ્રમ આદિની નિવૃત્તિની બાબતમાં સામર્થ્ય નથી. તેમ છતાં કર્મનો મુક્તિમાં પરંપરાથી, અર્થાત્ આડકતરો ઉપયોગ છે.

કર્મ મુક્તિનો સાક્ષાત્ હેતુ ન હોય પણ પરંપરાથી ઉપયોગી હોય તો પ્રશ્ન થાય કે વિવિદિષા (જ્ઞાનની ઇચ્છા)માં તે સાધન છે કે વિદ્યામાં ?

अत्र भामतीमतानुवर्तिन आहुः —'तमेतं वेदानुवचनेन ब्राह्मणा विविदिषन्ति यज्ञेन दानेन तपसाऽनाशकेन [बृहद् ४.४.२२] इति श्रुतेर्विद्यासम्पादनद्वारा ब्रह्मप्राप्त्युपायभूतायां विविदिषायामुपयोगः । ननु इष्यमाणविद्यायामेवोपयोगः किं न स्यात् ? । न स्यात् प्रत्ययार्थस्य प्राधान्यात् । "विद्यासम्प्रयोगात् प्रत्यासन्नानि विद्यासाधनानि शमदमादीनि, विविदिषासंयोगात्तु बाह्यतराणि यज्ञादीनि" इति सर्वापेक्षाधिकरण-भाष्याच्च । (ब्र. सू. शा. भा. ३.४.२७, अधि० ६) ।

આ બાબતમાં ભામતીના મતને અનુસરનારા કહે છે—'તે આને (જીવાભિન્ન પરમાત્માને) બ્રાહ્મણો યજ્ઞથી, દાનથી, અનાશક તપથી જાણવા ઇચ્છે છે' (બૃહદ્. ૪.૪.૨૨) એ શ્રુતિથી (કર્મનો) વિદ્યા–સંપાદન દ્વારા બ્રહ્મપ્રાપ્તિની ઉપાયભૂત એવી વિવિદિષા (બ્રહ્મજ્ઞાનની ઇચ્છા)માં ઉપયોગ છે. શંકા થાય છે કે ઇચ્છવામાં આવે છે તે વિદ્યામાં જ ઉપયોગ શા માટે ન હોય? (ઉત્તર છે કે) ન હોય કારણ કે (પ્રકૃત્યર્થ અને પ્રત્યયાર્થમાં) પ્રત્યયાર્થ પ્રધાન છે. અને સર્વાપેક્ષાધિકરણ પરનું ભાષ્ય છે કે "વિદ્યા સાથે સંબંધ હોવાથી (અર્થાત્ વિદ્યાનાં સાધન હોવાથી) શમ, દમ આદિ વિદ્યાનાં અન્તરંગ (નજીકનાં) સાધન છે, જ્યારે વિવિદિષા (બ્રહ્મજ્ઞાનની ઇચ્છા) સાથે સંયોગ હોવાથી (—વિવિદિષાનાં સાધન હોવાથી) યજ્ઞ આદિ બાહ્યતર (વિદ્યાસાધન) છે". (બ્ર સૂ. શાઙ્કરભાષ્ય ૩.૪.૨૭).

(વિવરણ : તમેતમ્...માં તમ્ પદ પ્રકૃત પરમાત્મા પરક છે જ્યારે एतम् પદ નિત્ય અપરોક્ષ જીવપરક છે તેથી અર્થ છે કે જીવાભિન્ન પરમાત્માને બ્રાહ્મણો યજ્ઞાદિથી જાણવા ઇચ્છે છે. તપને "અનાશક" એવું વિશેષણ લગાડ્યું છે જેથી અનશન આદિ પ્રકારના તપની વ્યાવૃત્તિ થાય. આમ હિત, મિત તથા પવિત્ર અશન આદિ પ્રકારનું તપ અહીં વિવક્ષિત છે એમ પ્રાપ્ત થાય છે. શંકા થાય કે યજ્ઞાદિનો વિનિયોગ વિવિદિષા જે પુરુષાર્થ તરીકે માન્ય નથી, તેમાં કેવી રીતે હોઈ શકે ? વિવિદિષા વિદ્યાનું સંપાદન કરાવે છે અને એ રીતે બ્રહ્મપ્રાપ્તિનો ઉપાય છે તેથી તે ગૌણ પુરુષાર્થ તો છે જ. ફરી શંકા થાય કે વિદ્યા મુક્તિનું સાક્ષાત્ સાધન છે તો તેમાં જ યજ્ઞાદિનો વિનિયોગ કેમ ન હોય ? ઇષ્યમાણ સ્વર્ગાદિની પ્રતિ જેમ યજ્ઞનો વિનિયોગ છે તેમ ઇષ્યમાણ વિદ્યાની પ્રતિ યજ્ઞાદિનો વિનિયોગ કેમ ન હોય ? ઇચ્છાના વિષય તરીકે જેનો ઉલ્લેખ છે તે સ્વર્ગાદિ કર્મનાં ફળ તરીકે સ્વીકારવામાં આવે છે તેમ જેની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઇચ્છા કરવામાં આવે છે તે વિદ્યાને કર્મફલ માની શકાય અને કર્મનો વિનિયોગ વિદ્યામાં જ માની શકાય. આ શંકાનું સમાધાન કરતાં કહ્યું છે કે ज्योतिष्टोमेन यजेत स्वर्गकामः જેવાં વાક્યોમાં યાગ આદિની ઇષ્ટસાધનતા વિધિપ્રત્યયથી બોધિત થાય છે. એ ઇષ્ટ શું છે? એમ વિશેષ આકાંક્ષા થતાં પુરુષના વિશેષણ તરીકે શ્રુત કામના અને સ્વર્ગ એ બેમાંથી એકેયની શબ્દતઃ પ્રધાનતા નથી તો પછી અર્થતઃ પ્રધાનતા તપાસતાં જણાય છે કે સ્વતઃ પુરુષાર્થ હોવાથી સ્વર્ગનો જ ફળ તરીકે અન્વય હોઈ શકે— યાગ સ્વર્ગનું સાધન છે. યાગ કામનાનું સાધન છે એમ ન માની શકાય જ્યારે અહીં તો વેદનકામના (વિવિદિષા-નો જ ફળ તરીકે અન્વય હોય એ ઉચિત છે કારણ કે તેનું શબ્દતઃ પ્રાધાન્ય છે. તેથી ફળ–પ્રત્યાસત્તિ વગેરે અકિંચિત્કર છે (બિનઅસરકારક છે). सन् પ્રત્યયનો અર્થ બળવાન હોવાથી વિવિદિષાનો જ ફળ તરીકે અન્વય છે. કર્મનો વિવિદિષામાં વિનિયોગ છે એ બાબતમાં બ્ર. સૂ. શાંકર ભાષ્યની (૩-૪-૨૭) પણ સંમતિ છે એમ બતાવ્યું છે

तस्माद्यज्ञादीनि शमदमादीनि च यथाश्रमं सर्वाण्येवाश्रमकर्माणि विद्योत्पत्तावपेक्षितव्यानि । तत्राप्येवंविद् इति विद्यासंयोगात्प्रत्यासन्नानि विद्यासाधनानि शमादीनि विविदिषासंयोगात्तु बाह्यतराणि यज्ञादीनीति विवेक्तव्यम् —બ્ર. સૂ. શા. ભા. ૩–૪–૨૭

યજ્ઞાદિ કર્મ વિવિદિષાનાં સાધન છે તેથી વિવિદિષાની ઉત્પત્તિ સુધી જ તેમનું અનુષ્ઠાન કરવાનું રહે છે.

**ननु विविदिषार्थं यज्ञाद्यनुष्ठातुर्वेदनगोचरेच्छावत्त्वे विविदिषायाः सिद्धत्वेन तदभावे वेदनोपायविविदिषायां कामनाऽसम्भवेन च विविदिषार्थं यज्ञाद्यनुष्ठानायोगाद् न यज्ञादीनां विविदिषायां विनियोगो युक्त इति चेत्, न। अन्नद्वेषेण कार्श्यं प्राप्तस्य तत्परिहारायान्नविषयोत्कण्ठरूप-लक्षणायामिच्छायां सत्यामप्युत्कटाजीर्णादिप्रयुक्तधातुवैषम्यदोषात् तत्र प्रवृत्तिपर्यन्ता रुचिर्न जायते इति तद्रोचकौषधविधिवद् निरतिशयानन्दरूपं ब्रह्म तत्प्राप्तौ विद्या साधनमित्यर्थे प्राचीनबहुजन्मानुष्ठितानभिसंहितफलक-नित्यनैमित्तिककर्मोपसञ्जातचित्तप्रसादमहिम्ना सम्पन्नविश्वासस्य पुरुषस्य ब्रह्मावाप्तौ विद्यायां च तदौन्मुख्यलक्षणायामिच्छायां सत्यामप्यनादि-भवसञ्चितानेकदुरितदोषेणास्तिककामुकस्य हेयकर्मणीव विषयभोगे प्रावण्यं सम्पादयता प्रतिबन्धाद्विद्यासाधने श्रवणादौ प्रवृत्तिपर्यन्ता रुचिर्न जायते इति प्रतिबन्धनिरासपूर्वं तत्सम्पादकयज्ञादिविधानोपपत्तेरिति ।**

શંકા થાય કે વિવિદિષા (જ્ઞાન કે વેદનની ઇચ્છા)ને માટે યજ્ઞાદિનું અનુષ્ઠાન કરનાર જો વેદન વિષયક ઇચ્છાવાળો હોય તો વિવિદિષા સિદ્ધ છે, અને તેના વિનાનો હોય (વેદનવિષયક ઇચ્છા વિનાનો હોય) તો વેદનના ઉપાયભૂત વિવિદિષાને વિષે તેને કામના સંભવે નહિ તેથી (બન્ને સંજોગોમાં) વિવિદિષાને અર્થે યજ્ઞાદિનું અનુષ્ઠાન સંભવે નહિ માટે વિવિદિષામાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

યજ્ઞાદિનો વિનિયોગ યુક્ત નથી. આવી શંકા કોઈ કરે તો ઉત્તર છે કે ના. અન્ન પ્રત્યેના દ્વેષને કારણે કૃશ (પાતળો, નબળો) થઈ ગયેલા માણસને તે (કૃશતા) દૂર કરવા માટે અન્નવિષયક ઉત્કંઠારૂપ ઇચ્છા હોવા છતાં પણ ઉત્કટ અજીર્ણ આદિથી ઉત્પન્ન થયેલા ધાતુવૈષમ્યના દોષને લીધે તે બાબતમાં (અન્ન ખાવાની બાબતમાં) તેની પ્રવૃત્તિ થાય ત્યાં સુધીની રુચિ તેને થતી નથી તેથી તે (અન્ન)ને વિષે રુચિ ઉત્પન્ન કરે એવા ઔષધનું વિધાન હોય છે. તેની જેમ બ્રહ્મ નિરતિશય આનંદરૂપ છે અને તેની પ્રાપ્તિમાં વિદ્યા સાધન છે એ બાબતમાં, પ્રાચીન અનેક જન્મોમાં ફળની ઇચ્છા વિના કરેલાં નિત્ય–નૈમિત્તિક કર્મોથી ઉત્પન્ન થયેલી ચિત્ત–પ્રસન્નતાના બળે, જેને વિશ્વાસ પ્રાપ્ત થયો છે એવા માણસને બ્રહ્મની પ્રાપ્તિ અને વિદ્યાની બાબતમાં તેમના પ્રત્યે ઉન્મુખતારૂપ ઇચ્છા હોવા છતાં પણ અનેક જન્મોમાં સંચિત (ભેગાં કરેલાં) અનેક પાપોનો દોષ, આસ્તિક કામુકમાં હોય કર્મ પ્રત્યે વલણની જેમ, તેમાં વિષયભોગ પ્રત્યે વલણ ઉત્પન્ન કરે છે તેને લીધે પ્રતિબંધ (રુકાવટ) થતો હોવાથી વિદ્યાનાં સાધન શ્રવણાદિ વિષે પ્રવૃત્તિ થાય ત્યાં સુધીની રુચિ ઉત્પન્ન થતી નથી. તેથી પ્રતિબંધને દૂર કરીને તેનું (શ્રવણાદિમાં પ્રવૃત્તિ થાય ત્યાં સુધીની રુચિ જેને વિવિદિષા કહેવામાં આવે છે તેનું) સંપાદન કરી શકે તેવાં યજ્ઞાદિનું વિધાન ઉપપન્ન છે (માટે શંકા બરાબર નથી).

**વિવરણ** : વિવિદિષામાં કર્મોનો વિનિયોગ છે એ બાબતમાં બીજી રીતે વાંધો રજૂ કર્યો છે. વેદનની ઇચ્છા જો યજ્ઞાદિનું ફળ હોય તો વેદનેચ્છા વિષયક ઇચ્છાથી યજ્ઞાદિનું અનુષ્ઠાન થાય છે એમ કહેવું જોઈએ અને વેદનેચ્છા સ્વતઃ ફળ હોઈ શકે નહિ તેથી વેદન દ્વારા મુક્તિ તેનું ફળ છે એમ કહેવું જોઈએ આમ આ ક્રમ પ્રાપ્ત થાય છે—પહેલાં મુક્તિ સ્વતઃ પુરુષાર્થ છે એ જ્ઞાનથી મુક્તિને વિષે ઇચ્છા, પછી વેદન મુક્તિનું સાધન છે એ જ્ઞાનથી વેદનને વિષે ઇચ્છા. પછી વેદનેચ્છા એ વેદનનું સાધન છે એ જ્ઞાનથી વેદનેચ્છાને વિષે ઇચ્છા અને આમ યજ્ઞાદિનું અનુષ્ઠાન. આમ હોય તો વેદનેચ્છારૂપ વિવિદિષાના ઉદ્દેશ્યથી યજ્ઞાદિના અનુષ્ઠાનમાં પ્રવૃત્ત થનારને વિવિદિષાના ફળભૂત બ્રહ્મવેદનને વિષે ઇચ્છા છે કે નહિ ? જો હોય તો વિવિદિષા છે જ માટે તેને માટે યજ્ઞાદિનું અનુષ્ઠાન જરૂરી નથી. અને જો વિવિદિષાના ફલરૂપ વેદનની ઇચ્છા ન હોય તો વિવિદિષાને વિષે પણ ઇચ્છા નહીં હોય અને તેથી વિવિદિષાના ઉદ્દેશ્યથી યજ્ઞાદિનું અનુષ્ઠાન નહીં થાય.

આ શંકાનો ઉત્તર આપતાં કહ્યું છે કે વિવિદિષા અર્થે યજ્ઞાદિનું અનુષ્ઠાન કરનારને વેદનવિષયક ઇચ્છા હોય જ છે. પણ તેટલા માત્રથી યજ્ઞાદિનું અનુષ્ઠાન વ્યર્થ નથી બની જતું. વિવિદિષા બે પ્રકારની છે—વિદ્યા પ્રત્યે ઉન્મુખતા પ્રકારની અને રુચિ પ્રકારની. વેદન કે વિદ્યા પ્રત્યેની ઉન્મુખતા પ્રકારની વિવિદિષા તો યજ્ઞાદિના અનુષ્ઠાનની પહેલાં પણ હોય છે તેથી તેને લઈને વેદનની સાધનભૂત વિવિદિષાને વિષે કામના સંભવે છે. માટે વિવિદિષાને અર્થે યજ્ઞાદિનું અનુષ્ઠાન ઉપપન્ન છે જે વિદ્યા પ્રત્યેની રુચિ પ્રકારની વિવિદિષા છે તે યજ્ઞાદિના ફલરૂપ છે અને તે યજ્ઞાદિના અનુષ્ઠાન પછી જ થાય છે. માટે વિવિદિષામાં યજ્ઞાદિનો વિનિયોગ યુક્ત છે. આ સમજાવવા ઉદાહરણ આપ્યું છે. અન્ન પ્રત્યે અરુચિ થઈ જવાને કારણે કોઈ માણસ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃશ થઈ ગયો હોય તેને એ કૃશતા દૂર કરવા માટે અન્ન વિષે ઉન્મુખતા પ્રકારની ઇચ્છા તો હોય છે; પણ ઉત્કટ અજીર્ણ કે અનશન એવા કોઈ કારણથી ઉદ્ભવેલા ધાતુવૈષમ્યને લીધે અન્નભક્ષણની પ્રવૃત્તિ સુધીની રુચિરૂપ ઇચ્છા તેને થતી નથી તેથી એ રુચિ ઉત્પન્ન કરે તેવાં ઓષધોનું વિધાન કરવામાં આવે છે. તેવી જ રીતે જેણે અંગો સહિત વેદોનું અધ્યયન કર્યું છે તેવા માણસને, ઉપનિષદોમાંથી બ્રહ્મ નિરતિશય આનન્દરૂપ છે અને વિદ્યા તેની પ્રાપ્તિનું સાધન છે એમ જાણીને, એ બાબતમાં વિશ્વાસ પ્રાપ્ત થાય છે. અલબત્ત ઘણાને આટલું કર્યા પછી પણ વિશ્વાસ બેસતો નથી તેથી વિશ્વાસ બેસતો હોય તો તેમાં અનેક જન્મમાં જે નિષ્કામ નિત્ય–નૈમિત્તિક કર્મ કર્યાં હોય અને તેનાથી જે ચિત્તની પ્રસન્નતારૂપ શુદ્ધિ શક્ય થઈ હોય તેનો મહિમા કારણભૂત છે જ. સ્મૃતિ પણ કહે છે કે હજારો માણસોમાં કોઈક જ વિદ્યાની સિદ્ધિ કે લાભ માટે પ્રયત્ન કરે છે (मनुष्याणां सहस्रेषु कश्चिद् यतति सिद्धये—भ.गीता ७.३).

શંકા થાય કે બ્રહ્મપ્રાપ્તિની સાધનભૂત વિદ્યાને વિષે ઉત્કટ ઇચ્છા હોય તો તેનાં સાધનો શ્રવણાદિને વિષે પ્રવૃત્તિ થાય ત્યાં સુધીની રુચિ થાય જ તેથી યજ્ઞાદિનું અનુષ્ઠાન જરૂરી નથી. આ શંકાનો ઉત્તર આપ્યો છે કે અનેક જન્મોમાં સંચિત પાપ વિષયભોગ તરફ આવા માણસને વાળે છે અને તેથી આવી પ્રવૃત્તિ પર્યંતની રુચિરૂપ વિવિદિષામાં રુકાવટ કરે છે તેથી યજ્ઞાદિની જરૂર છે. ફરી શંકા થાય કે પૂર્વોક્ત ચિત્તપ્રસન્નતાના મહિમાથી બ્રહ્મવિદ્યામાં વિશ્વાસ બેઠો હોય એટલા આસ્તિક માણસનું અનર્થપ્રચુર વિષયભોગ પ્રત્યે વલણ કેવી રીતે સંભવે. આનો ઉત્તર અનુભવસિદ્ધ દૃષ્ટાન્ત રજૂ કરીને આપ્યા છે. જે શાસ્ત્રવિહિત છે તેના અનુષ્ઠાનથી શ્રેય થાય છે અને શાસ્ત્રથી નિષિદ્ધ એવું કરવાથી મહાન અનર્થ થાય છે એમ શાસ્ત્રના આધારે જાણી શકાય છે એવો નિશ્ચય કોઈ આસ્તિકને થયો હોય તે છતાં તેને કામોદ્રેક, નિંદિત મૈથુન આદિ હેય કર્મને વિષે વલણ પાપવિશેષને કારણે સંભવે છે. તેમ આ મુમુક્ષુની બાબતમાં વિષયભોગ તરફ તેવું જ વલણ અનેક જન્મોમાં એકઠા થયેલા પાપરૂપી દોષના પ્રતિબંધને કારણે સંભવે છે. તેથી શ્રવણાદિમાં પ્રવૃત્તિ સુધીની રુચિરૂપ વિવિદિષાનું સંપાદન કરવા માટે યજ્ઞાદિનું વિધાન જરૂરી છે. જુઓ ભામતી, પૃ. ૫૧-૬૧—शास्त्रार्थः– 'विविदिषन्ति यज्ञेन' इति तृतीयाश्रुत्या यज्ञादीनामङ्गत्वेन ब्रह्मज्ञाने विनियोगात्... नित्यस्वाध्यायेन ब्राह्मणा विविदिषन्ति न तु विदन्ति, वस्तुतः प्रधानस्यापि वेदनस्य प्रकृत्यर्थतया शब्दतो गुणत्वात्, इच्छायाश्च प्रत्ययार्थतया प्राधान्यात्, प्रधानेन च कार्यसम्प्रत्ययात्। (શંકા અને ઉત્તર બન્નેની ચર્ચા છે).

विवरणानुसारिणस्त्वाहुः —'प्रकृतिप्रत्ययार्थयोः प्रत्ययार्थस्य प्राधान्यम्' इति सामान्यन्यायाद् 'इच्छाविषयतया शब्दबोध्ये एव शाब्दसाधनतान्वयः' इति स्वर्गकामादिवाक्ये क्लृप्तविशेषन्यायस्य बलवत्त्वात्; 'अश्वेन जिगमिषति' 'असिना जिघांसति' इत्यादिलौकिकप्रयोगे अश्वादिरूपसाधनस्य, 'तदन्वेष्टव्यं तद्वाव विजिज्ञासितव्यम्', 'मन्तव्यो निदिध्यासितव्यः' (बृहद्. २.४.५) इत्यादिवैदिकप्रयोगे

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**तव्यार्थभूतविधेश्च सन्प्रत्ययाभिहितेच्छाविषये एव गमनादावन्वयस्य व्युत्पन्नत्वाच्च प्रकृत्यभिहितायां विद्यायां यज्ञादीनां विनियोगः ।**

બીજી બ જુ વિવરણને અનુસરનારા કહે છે—'પ્રકૃતિનો અર્થ અને પ્રત્યયનો અર્થ એ બેમાં પ્રત્યયના અર્થનું પ્રાધાન્ય છે' એ સામાન્ય ન્યાય કરતાં 'ઇચ્છાનો વિષય હોવાને કારણે શબ્દબોધ્ય અર્થમાં જ શાબ્દ સાધનતાનો અન્વય છે' એમ જે स्वर्गकामः ઇત્યાદિ વાક્યમાં વિશેષ ન્યાય માન્યો છે તે વધારે બળવાન છે. અને 'અશ્વથી જવા ઇચ્છે છે', 'તલવારથી મારવા ઇચ્છે છે', ઇત્યાદિ લૌકિક પ્રયોગમાં અશ્વાદિરૂપ સાધનનો, અને 'તેનું અન્વેષણ (વિચાર) કરવું જોઈએ, તેની વિજિજ્ઞાસા કરવી જોઈએ (ધ્યાન કરવું જોઈએ)', '(આત્માનું) મનન કરવું જોઈએ, ધ્યાન કરવુ જોઈએ', ઇત્યાદિ વૈદિક પ્રયોગમાં तव्य (પ્રત્યય)ના અર્થભૂત વિધિનો सन् (ઇચ્છાદર્શક) પ્રત્યયથી અભિહિત ઇચ્છાના વિષય ગમન આદિમાં અન્વય વ્યુત્પન્ન છે (આ બે કારણોથી) પ્રકૃતિથી અભિહિત (વાચ્ય) વિદ્યામાં યજ્ઞાદિનો વિનિયોગ છે.

**વિવરણ** : 'કર્મનો વિનિયોગ શામાં છે?' એ પ્રશ્નનો જુદો ઉત્તર **વિવરણમતને** અનુસરનારા આપે છે તે હવે રજૂ કરે છે—યજ્ઞાદિનો વિનિયોગ વિદ્યામાં છે. આગળ જે મત રજૂ કર્યો છે તેમાં 'યજ્ઞ' આદિ શબ્દોની તૃતીયા વિભક્તિને લીધે યજ્ઞ આદિ સાધન તરીકે જ્ઞાત થાય છે અને સાધ્યની આકાંક્ષા થતાં વિવિદિષાનો જ સાધ્ય તરીકે અન્વય થાય છે. કારણ કે એ શબ્દતઃ પ્રધાન છે, અને જે પદાર્થ શબ્દત જ પ્રધાન હોય તેનો જ તેની સાથે ઉચ્ચારેલા બીજા પદાર્થો સાથે અન્વય હોય છે એમ વ્યુત્પત્તિથી સિદ્ધ છે—આ આશયથી (અગાઉના મતમાં) વિવિદિષામાં યજ્ઞાદિનો વિનિયોગ કહ્યો છે. તે ન રુચતું હોવાથી હવે વિદ્યામાં યજ્ઞાદિના વિનિયોગનું ઉપપાદન કરે છે. અગાઉના મતમાં દલીલ એ હતી કે विविदिषामां विद् પ્રકૃતિ છે અને सन् ઇચ્છાનો વાચક પ્રત્યય છે. પ્રકૃતિના અર્થ કરતાં પ્રત્યયનો અર્થ વધારે બળવાન છે તેથી પ્રકૃતિના અર્થ 'વેદન' કરતાં પ્રત્યયનો અર્થ '(વેદનની) ઇચ્છા' શબ્દતઃ પ્રધાન છે તેથી વિવિદિષાનો જ યજ્ઞાદિના ફળ તરીકે અન્વય છે— એમ માનવામાં સામાન્ય ન્યાય સ્વીકાર્યો છે, જે राजपुरुषमानय (રાજપુરુષને લાવો) ઇત્યાદિમાં પ્રસિદ્ધ છે. આ ન્યાય પ્રમાણે શબ્દતઃ પ્રધાન હોય તેનો જ સાથે ઉચ્ચારેલા ક્રિયાકારક સાથે અન્વય હોય છે. પણ स्वर्गकामः यजेत ઇત્યાદિના અનુસંધાનમાં એક બીજો વિશેષ ન્યાય છે यजेत વગેરેમાં જે વિધિપ્રત્યય છે તેથી ઇષ્ટના સાધન તરીકે જ્ઞાત યજ્ઞાદિનું ઇષ્ટવિશેષ શું છે એવી આકાંક્ષા થતાં શબ્દતઃ પ્રધાન ન હોવા છતાં સ્વર્ગનો ફળ તરીકે અન્વય માન્યો છે કામનાનો જ યજ્ઞાદિના ફળ તરીકે અન્વય કેમ નથી માન્યો એવી શંકાનો ઉત્તર એ છે કે ઇચ્છાનો વિષય હોવું એ એના ફલત્વનું વ્યંજક છે, અને પુરુષાર્થ તરીકે સ્વર્ગ જ ફળ છે, કામના નહીં હવે પ્રશ્ન થાય કે જેમ સ્વર્ગ કામનાનો વિષય છે તેમ મુક્તિ પણ કામનાના વિષય છે તો મુક્તિને જ યજ્ઞાદિનું ફળ કેમ ન માની શકાય? તેનો ઉત્તર છે કે શાબ્દી આકાંક્ષાની પૂર્તિ શબ્દથી જ થાય છે વેદનનો ઉલ્લેખ હોવાથી તે જ ફળ છે. 'ઇચ્છા અને ઇચ્છા-વિષયનું એક સાથે ઉચ્ચારણ હોય તો ઇચ્છાના વિષયનું જ પ્રાધાન્ય છે, ઇચ્છાનું પ્રાધાન્ય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નથી' इच्छेत्यमाणसमभिव्याहारे इष्यमाणस्यैव प्राधान्यम्, न त्विच्छायाः) એ વિશેષ ન્યાયથી ઉક્ત સામાન્ય ન્યાયનો બાધ ज्योतिष्टोमेन यजेत स्वर्गकामः જેવાં વાક્યોમાં માન્યો છે. તેથી विविदिषन्ति...માં પણ પ્રત્યયનો અર્થ હોવાને કારણે વિવિદિષાનું શાબ્દ પ્રાધાન્ય છે તે છોડીને વેદનના પ્રાધાન્યનો જ આદર કરવો જોઈએ. ઇચ્છાવાચક सन् પ્રત્યયના પ્રયોગવાળા લૌકિક અને વૈદિક વાક્યોમાં પ્રત્યયનો અર્થ હોવાને કારણે ઇચ્છા પ્રધાનભૂત છે એ આગ્રહ છોડીને ઇચ્છાના વિષય(ગમન આદિ)માં જ સાથે ઉચ્ચારેલા બીજા પદાર્થોનો અન્વય જોવામાં આવે છે; જેમ કે अश्वेन जिगमिषतिમાં અશ્વને ગમનનું સાધન માનવામાં આવે છે. તેમ विविदिषन्ति...માં યજ્ઞાદિનો વિનિયોગ વેદનમાં જ છે એમ સ્વીકારવું જોઈએ. જુઓ विवरण—नित्यनैमित्तिककर्मानुष्ठानैः संस्कृतस्यात्मनो यदि श्रवणमननध्यानाभ्यासादीनि ज्ञानसाधनानि संपद्यन्ते तदा संस्कारकर्माणि सहकारिविशेषादात्मज्ञानमवतारयन्ति...। (પૃ. ૧૫૭—કાશી, ૧૮૯૨)

ननु तथा सति यावद्विद्योदयं कर्मानुष्ठानापत्त्या 'त्यजतैव हि तज्ज्ञेयम्' इत्यादि श्रुतिप्रसिद्धं कर्मत्यागरूपस्य सन्न्यासस्य विद्यार्थत्वं पीड्येतेति चेत्, न। प्राग् बीजावापात् कर्षणम्, तदनन्तरमकर्षणमिति कर्षणाकर्षणाभ्यां व्रीह्यादिनिष्पत्तिवद्—

'आरुरुक्षोर्मुनेर्योगं कर्म कारणमुच्यते।
योगारूढस्य तस्यैव शमः कारणमुच्यते॥' [भ.गीता ६.३]

इत्यादि वचनानुसारेण चेतसः शुद्धौ विविदिषादिरूपप्रत्यक्प्रावण्योदयपर्यन्तं कर्मानुष्ठानम्, ततः सन्न्यास इति कर्मतत्सन्न्यासाभ्यां विद्यानिष्पत्त्यभ्युपगमात्।

उक्तं हि <u>नैष्कर्म्यसिद्धौ</u> (१.४९)—

प्रत्यक्प्रवणतां बुद्धेः कर्माण्यापाद्य शुद्धितः।
कृतार्थान्यस्तमायान्ति प्रावृडन्ते घना इव॥ इति॥

શંકા થાય કે તેમ હોય તો વિદ્યાનો ઉદય થાય ત્યાં સુધી કર્મનું અનુષ્ઠાન પ્રસક્ત બનશે (કર્મનું અનુષ્ઠાન કરવું પડશે) તેથી '(કર્મનો) ત્યાગ કરનારથી જ તે જાણી શકાય છે', ઇત્યાદિ શ્રુતિથી પ્રસિદ્ધ જે કર્મત્યાગરૂપ સંન્યાસની વિદ્યાર્થતા છે (—કર્મસંન્યાસ વિદ્યા અર્થે છે એમ કહ્યું છે) તેનો બાધ થાય. (આવી શંકા કોઈ કરે તો ઉત્તર છે કે) ના. બી વાવતાં પહેલાં ખેડવાનું કામ થાય છે, તે પછી ખેડવાનું હોતું નથી—આમ ખેડવું અને ન ખેડવું એ બન્નેથી વ્રીહિ વગેરેની ઉત્પત્તિ થાય છે, તેની જેમ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

"યોગ પ્રતિ આરોહણ ઇચ્છતા મુનિને માટે કર્મને કારણ કહેવામાં આવે છે. યોગારૂઢ એવા તેને જ માટે શમને કારણ કહેવામાં આવે છે' (ભગવદ્‌ગીતા ૬.૩) ઇત્યાદિ વચન પ્રમાણે ચિત્તની શુદ્ધિમાં વિવિદિષા આદિરૂપ પ્રત્યક્‌પ્રવણતાના ઉદય સુધી કર્મનું અનુષ્ઠાન અને તે પછી સંન્યાસ—એમ કર્મ અને તેના સંન્યાસ બન્નેથી વિદ્યાની ઉત્પત્તિ માનવામાં આવી છે.

નૈષ્કર્મ્યસિદ્ધિમાં કહ્યું છે કે—"કર્મો શુદ્ધિ દ્વારા બુદ્ધિની પ્રત્યક્‌પ્રવણતા ઉત્પન્ન કરીને કૃતાર્થ થયેલાં અસ્ત પામે છે જેમ વર્ષાકાળના અન્તે વાદળો અસ્ત પામે છે".

**વિવરણ** : શંકા થાય કે યજ્ઞાદિનો વિનિયોગ વિદ્યામાં માનતાં અન્ય શ્રુતિવચનનો વિરોધ થશે. त्यजतैव हि तज्ज्ञेयम् જેવાં શ્રુતિવચનમાં કહ્યું છે કે કર્મનો ત્યાગ કરતો મુમુક્ષુ પોતાના પ્રત્યગાત્મસ્વરૂપ બ્રહ્મનો સાક્ષાત્કાર કરી શકે, ત્યાગ ન કરનાર નહિ. अथ परिव्राड् થી માંડીને ब्रह्मभूयाय भवति (જાબાલ ૫) સુધીની બીજી શ્રુતિમાં પણ परिव्राज् શબ્દથી કથિત સંન્યાસને 'બ્રહ્મભૂય' શબ્દથી કથિત બ્રહ્મસાક્ષાત્કારનો હેતુ કહ્યો છે. આ શંકાનો ઉત્તર આપતાં કહ્યું છે કે આ બે પ્રકારનાં શ્રુતિવચનોનો કોઈ વિરોધ નથી. જેમ બી વાવ્યા પહેલાં ખેતર ખેડવાનું હોય અને તે પછી ખેડવાનું ન હોય અને ખેડવું અને ન ખેડવું એ બન્ને વ્રીહિની ઉત્પત્તિમાં કારણ બને છે, તેમ કર્મ અને કર્મસંન્યાસ બન્ને વિદ્યાની ઉત્પત્તિનાં કારણ છે. ભ ગીતા (૬.૩) માં કહ્યું છે કે યોગ અર્થાત્ ચિત્તશુદ્ધિ, વિવિદિષા આદિરૂપ પ્રત્યક્‌પ્રવણતામાં કર્મ કારણ છે અર્થાત્ તેને માટે કર્મ કરવું જોઈએ. અને પ્રત્યક્‌પ્રવણતા પ્રાપ્ત થઈ જાય એટલે શમ અર્થાત્ સંન્યાસનો આશ્રય લેવો.

રાગાદિરાહિત્યરૂપ ચિત્તશુદ્ધિ, વિવિદિષા, વૈરાગ્ય, ગુરુ દેવતા આદિની ભક્તિ પ્રકારની પ્રત્યક્‌પ્રવણતાની ઉત્પત્તિ સુધી કર્મનું અનુષ્ઠાન કરવું જોઈએ એ બાબતમાં **સુરેશ્વરાચાર્ય**ની પણ સંમતિ છે. આવી પ્રત્યક્‌પ્રવણતા થતાં કર્મ કૃતાર્થ થઈ જાય છે માટે તેમનો ત્યાગ કરવાનો હોય, જેમ વરસ્યા પછી વર્ષા ઋતુના અન્તે વાદળ જતાં રહે છે.

**कर्मणां विद्यार्थत्वपक्षेऽपि विविदिषापर्यन्तमेव कर्मानुष्ठाने विविदिषार्थत्वपक्षात् को भेद इति चेत्, अयं भेदः— कर्मणां विद्यार्थत्वपक्षे द्वारभूतविविदिषासिद्ध्यनन्तरमुपरतावपि फलपर्यन्तानि विशिष्टगुरुलाभानिर्विघ्नश्रवणमननादिसाधनानि निवृत्तिप्रमुखानि सम्पाद्य विद्योत्पादकत्वनियमोऽस्ति । विविदिषार्थत्वपक्षे तु श्रवणादिप्रवृत्तिजननसमर्थोत्कटेच्छासम्पादनमात्रेण कृतार्थतेति नावश्यं विद्योत्पादकत्वनियमः । 'यस्यैते चत्वारिंशत् संस्काराः' इति स्मृतिमूले कर्मणामात्मज्ञानयोग्यतापादकमलापकर्षणगुणाधानलक्षणसंस्कारार्थत्वपक्षे इवेति वदन्ति ॥१॥**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કર્મ વિદ્યા અર્થે છે એ પક્ષમાં પણ વિવિદિષા સુધી જ જો કર્મનું અનુષ્ઠાન હોય તો (કર્મ) વિવિદિષા અર્થે છે એ પક્ષથી (આ પક્ષનો) શો ભેદ છે? એવી શંકા થાય તો ઉત્તર છે કે આ ભેદ છે—કર્મ વિદ્યા અર્થે છે એ પક્ષમાં દ્વારભૂત વિવિદિષાની સિદ્ધિ પછી કર્મ અટકી જાય તો પણ (—તેમનો ત્યાગ કરવામાં આવે તો પણ) (અદૃષ્ટ દ્વારા) ફળ સુધીનાં, વિશિષ્ટ ગુરુની પ્રાપ્તિથી નિર્વિઘ્ન શ્રવણ, મનન આદિ સાધનો જેમાં નિવૃત્તિ મોખરે છે તેમનું સંપાદન કરીને (કર્મ) વિદ્યાનાં ઉત્પાદક બને જ છે એવો નિયમ છે. જ્યારે કર્મ વિવિદિષા અર્થે છે એ પક્ષમાં શ્રવણાદિમાં પ્રવૃત્તિને ઉત્પન્ન કરવા સમર્થ એવી ઉત્કટ ઇચ્છાના સંપાદન માત્રથી (કર્મોની) કૃતાર્થતા છે તેથી કર્મ અવશ્ય વિદ્યા ઉત્પન્ન કરનારાં હોય જ એવો નિયમ નથી; જેમ 'જેના આ ચાળીસ સંસ્કારો છે' ઇત્યદિ સ્મૃતિમૂલક પક્ષ કે કર્મો આત્મજ્ઞાનની યોગ્યતાના સંપાદક મલાપકર્ષણરૂપ અને ગુણાધાનરૂપ સંસ્કાર અર્થે છે— તેમાં (ઉક્ત નિયમ નથી)—એમ (વિવરણને અનુસરનારા) કહે છે. (૧)

**વિવરણ :** સ્વાભાવિક રીતે જ શંકા થાય કે કર્મોનો વિનિયોગ વિવિદિષામાં છે એ પક્ષમાં જેમ વિવિદિષાના ઉદય સુધી જ યજ્ઞાદિનું અનુષ્ઠાન છે એ નિર્વિવાદ છે તેમ કર્મોનો વિનિયોગ વિદ્યામાં છે એ પક્ષમાં પણ વિવિદિષા પર્યંત જ કર્મનું અનુષ્ઠાન હોય તો બે પક્ષોમાં શો ભેદ છે? તેનો ઉત્તર એ છે કે કર્મના અનુષ્ઠાનમાં ભેદ ન હોય તો પણ ફળની દૃષ્ટિએ ભેદ છે. કર્મ વિવિદિષા અર્થે છે એ પક્ષમાં યજ્ઞાદિ કર્મથી ઉત્પન્ન થયેલું અદૃષ્ટ શ્રવણાદિમાં પ્રવૃત્તિ પર્યંતની રુચિ જેને વિવિદિષા કહી છે તે ઉત્પન્ન કરીને નષ્ટ થાય છે કારણ કે અદૃષ્ટનો નાશ એક તેના ફળથી જ થાય છે. વિવિદિષાની ઉત્પત્તિ પછી શ્રવણાદિમાં પ્રતિબંધક પાપ ન હોય તો વિવિદિષાના બળે જ શ્રવણાદિનું સંપાદન કરીને તે મુમુક્ષુ વિદ્યા મેળવે છે. પણ શ્રવણાદિમાં પ્રતિબંધક પાપ હોય તો યત્ન કર્યા છતાં પણ શ્રવણાદિ પ્રાપ્ત થતાં નથી તેના પરથી તેનું અસ્તિત્વ નક્કી કરીને તેની નિવૃત્તિ માટે પ્રયત્ન કરે છે; પ્રાયઃ એવું બને છે કે તેના નિવર્તક ઉપાયનું અનુષ્ઠાન ન થવાને કારણે અથવા તેના અનુષ્ઠાનમાં પણ ઘણાં બધાં વિઘ્નો હોય તેને કારણે શ્રવણાદિ સંભવતાં નથી અને તેથી જ્ઞાનનો ઉદય થતો નથી. દૃષ્ટાંત આપી શકાય કે ઔષધના બળે અન્ન ખાવા તરફ રુચિ ઉત્પન્ન થતાં કોઈ પ્રતિબંધ વિના અન્નની પ્રાપ્તિ થાય તો તેના ભક્ષણથી કૃશતાની નિવૃત્તિ સિદ્ધ કરી શકાય છે. પણ જો અન્ન પ્રાપ્ત ન થાય તો તેને મેળવવા એ માણસ યત્ન કરે છે. જો યત્ન કર્યા છતાં અન્ન ન મેળવી શકે તો કૃશતાની નિવૃત્તિ સિદ્ધ કરી શકતો નથી; એ જ રીતે અહીં પણ કર્મથી વિવિદિષા પ્રાપ્ત થતાં જ્ઞાન ઉત્પન્ન થાય જ એવો નિયમ નથી. કર્મોનો વિનિયોગ વિવિદિષામાં છે એને માટે કર્મોનો વિનિયોગ સંસ્કારમાં છે એ પક્ષનું ઉદાહરણ આપ્યું છે. જે માણસને શ્રૌત–સ્માર્ત એવા ચાળીસ સંસ્કારો છે અને શમ આદિની સંપત્તિ છે તેવા કર્મોથી સંસ્કાર પામેલા વિદ્યાધિકારીને શ્રવણાદિ પ્રાપ્ત થતાં તત્ત્વજ્ઞાન દ્વારા પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે; અને શ્રવણ આદિ સાધન ન પ્રાપ્ત થાય તો પુણ્ય લોકની પ્રાપ્તિ થાય છે. આમ કર્મ સંસ્કાર અર્થે છે એ પક્ષમાં કર્મ જ્ઞાનને ઉત્પન્ન કરે જ એવો નિયમ નથી કારણ કે કર્મ સંસ્કાર ઉત્પન્ન કરીને જ ચરિતાર્થ થઈ જાય છે તેથી વિદ્યાની ઉત્પત્તિ સુધી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેમનો વ્યાપાર નથી હોતો. તેવું જ કર્મ વિવિદિષા અર્થે છે એ પક્ષમાં પણ છે. 'આ બે પક્ષમાં જ્ઞાનની ઉત્પત્તિનો અનિયમ સમાન હોવા છતાં પણ કર્મ વિવિદિષા અર્થે છે એ પક્ષમાં જ્ઞાનની ઉત્પત્તિ પ્રાયિકી છે (અર્થાત્ ઘણું ખરું થાય), કારણ કે તીવ્ર ભૂખની જેમ દૃઢ વિવિદિષા બધા પ્રયત્નથી વિદ્યાનું સંપાદન કરવા સમર્થ છે. જ્યારે કર્મ સંસ્કાર અર્થે છે એ પક્ષમાં બ્રહ્મજ્ઞાનની યોગ્યતા માત્ર સિદ્ધ થાય તોય વિવિદિષા પણ અનિયત હોય છે તેથી વિદ્યાની ઉત્પત્તિ પ્રાયિકી પણ નથી હોતી. એ ભેદ કર્મ વિવિદિષા અર્થે છે અને કર્મ સંસ્કાર અર્થે છે એ બે પક્ષોમાં પણ છે—એમ સમજવું એમ વ્યાખ્યાકાર કૃષ્ણાનંદતીર્થ સ્પષ્ટતા કરે છે.' બીજી બાજુએ, કર્મ વિદ્યા અર્થે છે એ પક્ષમાં દ્વારભૂત વિવિદિષાને ઉત્પન્ન કર્યા પછી કર્મ અટકી જાય છતાં અદૃષ્ટ દ્વારા વિશિષ્ટ ગુરુના લાભથી વિઘ્નરહિત નિવૃત્તિ-પ્રધાન શ્રવણાદિનું સંપાદન કરીને વિદ્યાનું ઉત્પાદન કરે છે જ એવો નિયમ છે. (૧)

**(२) ननु केषां कर्मणामुदाहृतश्रुत्या विनियोगो बोध्यते । अत्र कैश्चिदुक्तम्—'वेदानुवचनेन' इति ब्रह्मचारिधर्माणाम्, 'यज्ञेन दानेन' इति गृहस्थधर्माणाम्, 'तपसाऽनाशकेन' इति वानप्रस्थधर्माणां च उपलक्षणमित्याश्रमधर्माणामेव विद्योपयोगः । अत एव 'विहितत्वाच्चाश्रमकर्मापि' (ब्र. सू. ३.४.३२) इति शारीरकसूत्रे विद्यार्थकर्मस्वाश्रमकर्मपदप्रयोग इति ।**

(૨) શંકા થાય કે ટાંકેલી શ્રુતિથી કયાં કર્મોનો વિનિયોગ જણાવવામાં આવે છે? આ બાબતમાં કેટલાક કહે છે કે 'વેદાનુવચનથી' બ્રહ્મચારીના ધર્મોનું ઉપલક્ષણ છે, 'યજ્ઞથી, દાનથી' એ ગૃહસ્થના ધર્મોનું ઉપલક્ષણ છે, અને 'અનાશક તપથી' વાનપ્રસ્થના ધર્મોનું ઉપલક્ષણ છે તેથી આશ્રમધર્મોનો જ વિદ્યામાં ઉપયોગ છે. માટે જ 'અને વિહિત હોવાને કારણે આશ્રમકર્મ (અભિલાષારહિત) (આશ્રમીએ) પણ (કરવાં જોઈએ)' એ શારીરક સૂત્રમાં 'વિદ્યા અર્થે કર્મ'ના અર્થમાં 'આશ્રમકર્મ' પદનો પ્રયોગ છે.

**વિવરણ :** શંકા થાય કે શ્રુતિમાં ક્યાં કર્મોનો વિનિયોગ વિવિદિષા કે વિદ્યામાં બતાવ્યો છે—આશ્રમ કર્મોનો કે બીજાં કર્મોનો પણ. અને આશ્રમ કર્મોનો હોય તો પણ બધાં આશ્રમ કર્મોનો તો ઉલ્લેખ છે નહિ તેથી કેટલાંકનો જ સમજવાનો? આનો ઉત્તર આપતાં કહ્યું છે કે શ્રુતિમાં 'વેદાનુવચન' (ગુરુ વેદનું ઉચ્ચારણ કરે તેની પાછળ ઉચ્ચારણ કરવું તે)નો ઉલ્લેખ છે તે વેદાધ્યયનરૂપી કર્મ બ્રહ્મચારીના ધર્મોમાં મુખ્ય છે તેથી તેનાથી બ્રહ્મચારીના સર્વ ધર્મો સમજવાના છે. એવું જ ગૃહસ્થ અને વાનપ્રસ્થની બાબતમાં સમજવું. ગીતામાં કહ્યું છે કે 'કર્મફળનો આશ્રય લીધા વિના જે કરવાનું કર્મ કરે છે' ઇત્યાદિ તેનો એવો અર્થ છે કે તે તે આશ્રમમાં રહેલા લોકો માટે જે કર્મ કરવા લાયક હોય તે ફળની આશા રાખ્યા સિવાય કોઈ કરે તો તે પૂર્વોક્ત ચિત્તશુદ્ધિ, વિવિદિષારૂપ પ્રત્યક્પ્રવણતા જેને માટે 'યોગ' શબ્દ પ્રયોજ્યો છે તે મેળવે છે. તેથી આ સ્મૃતિના મૂળભૂત વિવિદિષા વિષયક શ્રુતિવાક્યમાં પણ સર્વ આશ્રમ કર્મોનું ઉપલક્ષણ છે એમ સમજવું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બરાબર છે. બ્રહ્મસૂત્રમાં પણ આશ્રમ કર્મોનો જ વિનિયોગ સ્વીકાર્યો છે. કોઈ ને શંકા થાય કે વિવિદિષાવિષયક વાક્યથી આશ્રમ કર્મોનો વિદ્યા આદિમાં વિનિયોગ કર્યો છે તેથી તેની કામના ન હોય તેવા આશ્રમીને પોતાના આશ્રમ માટે વિહિત કર્મ કરવાની જરૂર નથી. આ શંકાનો ઉત્તર આપતાં કહ્યું છે કે આવા આશ્રમીએ પણ તે આશ્રમ કર્મ કરવું જોઈએ કારણ કે એ વિહિત છે. અન્યથા પાપનો પ્રસંગ થાય.

(આ શાંકર સંપ્રદાયમાં અપિનો સબંધ આશ્રમી સાથે લેવામાં આવે છે. સૂત્રનો સીધો અર્થ તો એ લાગે છે કે આવા માણસે આશ્રમકર્મ પણ કરવું કારણ કે એ વિહિત છે.)

कल्पतरौ तु नाश्रमधर्माणामेव विद्योपयोगः । 'अन्तरा चापि तु तद्दृष्टेः' (ब्र. सू. ३.४.३६) इत्यधिकरणे आश्रमरहितविधुराद्यनुष्ठितकर्मणामपि विद्योपयोगनिरूपणात् । न च विधुरादीनामनाश्रमिणां प्राग्जन्मानुष्ठितयज्ञाद्युत्पादितविविदिषाणां विद्यासाधनश्रवणादावधिकारनिरूपणमात्रपरं तदधिकरणम्, न तु तदनुष्ठितकर्मणां विद्योपयोगनिरूपणपरमिति शङ्कयम् । 'विशेषानुग्रहश्च' (ब्र.सू. ३.४.३०) इति तदधिकरणसूत्रतद्भाष्ययोस्तदनुष्ठितानां जपादिरूपवर्णमात्रधर्माणामपि विद्योपयोगस्य कण्ठत उक्तेः । 'विहितत्वाच्चाश्रमकर्मापि' इति सूत्रे आश्रमकर्मपदस्य वर्णधर्माणामप्युपलक्षणत्वादित्यभिप्रायेणोक्तम्—आश्रमधर्मव्यतिरिक्तानामप्यस्ति विद्योपयोगः किं तु नित्यानामेव । तेषां हि फलं दुरितक्षयं विद्याऽपेक्षते, न काम्यानां फलं स्वर्गादि । तत्र यथा प्रकृतौ क्लृप्तोपकाराणामङ्गानामतिदेशे सति न प्राकृतोपकारातिरिक्तोपकारकल्पनम्, एवं ज्ञाने विनियुक्तानां यज्ञादीनां क्लृप्तनित्यफलपापक्षयातिरेकेण न नित्यकाम्यसाधारणविद्योपयोग्युपकारकल्पनमिति ॥

જ્યારે કલ્પતરુમાં કહ્યું છે આશ્રમધર્મોનો જ વિદ્યામાં ઉપયોગ છે એવું નથી. કારણ કે 'અને કોઈ આશ્રમના નહીં એવાઓનો પણ (બ્રહ્મવિદ્યાનો) અધિકાર છે. કારણ કે તેમ જોવામાં આવે છે' (બ્ર. સૂ. ૩.૪ ૩૬) એ અધિકરણમાં આશ્રમરહિત વિધુર આદિએ કરેલાં કર્મોના પણ વિદ્યામાં ઉપયોગનું નિરૂપણ છે. અને એવી શંકા કરવી નહિ કે "એ અધિકરણનું તાત્પર્ય આશ્રમરહિત વિધુર આદિ જેમનામાં પૂર્વ જન્મોમાં કરેલા યજ્ઞાદિથી વિવિદિષા ઉત્પન્ન કરવામાં આવી છે તેઓનો વિદ્યાનાં સાધન શ્રવણ આદિમાં અધિકાર છે એવું નિરૂપણ કરવા માત્રનું છે, પણ તેમણે કરેલાં કર્મોના વિદ્યામાં ઉપયોગનું નિરૂપણ કરવાનું તાત્પર્ય નથી (આ શંકા યુક્ત નથી) કારણ કે 'અને (ધર્મ)વિશેષથી (વિદ્યાનો) અનુગ્રહ (ઉપકાર)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થાય છે' (બ્ર. સૂ. ૩. ૪. ૩૦) એમ એ અધિકરણ ના સુત્ર અને તેના **ભાષ્યમાં** તેમણે કરેલા જપાદિરૂપ વર્ણમાત્રના ધર્મોનો પણ વિદ્યામાં ઉપયોગ સાક્ષાત્ (શબ્દશઃ, કંઠથી) કહ્યા છે. 'विहितत्वाच्चाश्रमकर्मापि' 'એ સૂત્રમાં આશ્રમકર્મ' શબ્દ વર્ણધર્મોનું પણ ઉપલક્ષણ છે (અર્થાત્ તેનાથી આશ્રમકર્મ ઉપરાંત વર્ણધર્મોનો પણ અર્થ સમજવો જોઈએ)–એ અભિપ્રાયથી (**કલ્પતરુ**માં) કહ્યું છે :—

"આશ્રમધર્મો સિવાયના ધર્મોનો પણ વિદ્યામાં ઉપયોગ છે, પણ તે નિત્ય કર્મોનો જ; કારણકે તેમના પાપનાશરૂપ ફળની વિદ્યાને અપેક્ષા છે, કામ્ય કર્મોના સ્વર્ગાદિ ફળની (વિદ્યાને અપેક્ષા) નથી. ત્યાં જેમ પ્રકૃતિ (યાગ)માં જેમનો ઉપકાર માન્યો છે તેવાં અંગોનો અતિદેશ થતાં પ્રકૃતિ(યાગ)માં તેમનો જે ઉપકાર હોય તેનાથી અતિરિક્ત ઉપકાર કલ્પવામાં નથી આવતો, તેમ જ્ઞાનમાં જેનો વિનિયોગ છે તેવા યજ્ઞાદિનો, નિત્યકર્મના માનેલા પાપક્ષયરૂપ ફળથી અતિરિક્ત નિત્ય અને કામ્ય કર્મને સાધારણ, (અને) વિદ્યામાં ઉપયોગી એવો ઉપકાર કલ્પી શકાય નહિ."

**વિવરણ** : બીજાં કર્મોનો ઉપયોગ છે એ પક્ષમાં અન્ય કર્મથી નિત્ય કર્મો જ સમજવાનાં છે એવો પક્ષ રજૂ કરે છે જે **અમલાનન્દના કલ્પતરુ**માં મળે છે. આશ્રમધર્મોનો જ વિદ્યામાં ઉપયોગ છે એવું નથી, વર્ણધર્મોનો પણ ઉપયોગ છે. **બ્રહ્મસૂત્રના** એક અધિકરણમાં ચર્ચાનો વિષય છે કે જે વિધુર વગેરે આશ્રમરહિત લોકો છે તેમને વિદ્યા પ્રતિ બહિરંગ સાધન એવાં કર્મ અને અન્તરંગ સાધન એવાં શ્રવણાદિમાં અધિકાર છે કે નહિ. પૂર્વપક્ષ એવો છે કે આશ્રમકર્મોનો જ વિદ્યામાં વિનિયોગ કર્યો છે અને આ અનાશ્રમીઓને આશ્રમકર્મ છે નહિ. વળી નિત્યાનિત્યવસ્તુવિવેક વગેરે સાધનચતુષ્ટયથી સજ્જ હોય તેને શ્રવણાદિમાં અધિકાર છે જ્યારે આ અનાશ્રમીઓમાં સાધનચતુષ્ટયની અન્તર્ગત જે ઉપરતિ અર્થાત્ સંન્યાસ છે તેનો અભાવ હોવાથી તેઓ સાધનચતુષ્ટયસંપન્ન નથી. એમ અનાશ્રમીઓને વિદ્યામાં અધિકાર નથી. જ્યારે સિદ્ધાન્તપક્ષ છે કે કોઈ આશ્રમમાં ન હોય તેવા માણસને પણ શ્રવણાદિ જે વિદ્યા અર્થે કરવાનાં કર્મ છે તેમાં અધિકાર છે કારણ કે શ્રુતિ અને સ્મૃતિમાં આપણે જોઈએ છીએ કે રૈક્વ, વાચક્નવી વગેરે અનાશ્રમી હતાં છતાં વિદ્યાવાળાં હતાં. પરિવ્રાજકનો શ્રવણાદિમાં મુખ્ય અધિકાર હોવા છતાં ગૃહસ્થ વગેરેની જેમ અનાશ્રમીનો પણ ગૌણ અધિકાર ઉપપન્ન છે. એ અધિકરણના **શાંકરભાષ્યમાં** (૩.૪.૩૮) કહ્યું છે કે '**दृष्टार्थो च विद्या प्रतिषेधाभावमात्रेणार्थिनमधिकरोति श्रवणादिषु**'– અવિદ્યા-નિવૃત્તિ એ વિદ્યાનું દૃષ્ટ ફળ છે. જે અવિદ્યાના નિવર્તક સાક્ષાત્કારનો અર્થી હોય તેને વિદ્યા અધિકારી તરીકે સ્વીકારે છે. શૂદ્રની બાબતમાં છે તેવો અનાશ્રમીને માટે વેદાન્તશ્રવણ આદિની બાબતમાં પ્રતિષેધ નથી તેથી તેમનો સંન્યાસની અપેક્ષા વિના પણ વિદ્યામાં (ગૌણ) અધિકાર છે.

અને એવી શંકા કરવી નહી કે '**अन्तरा चापि**' એ અધિકરણનું તાત્પર્ય એટલું જ છે કે ગત જન્મમાં કરેલાં યજ્ઞાદિથી જેમાં વિવિદિષા ઉત્પન્ન થઈ હોય તેવા અનાશ્રમીને શ્રવણાદિ વિદ્યાનાં સાધનોમાં અધિકાર છે. આ અધિકરણનું તાત્પર્ય એવું નથી કે અનાશ્રમીના કર્મોનો વિદ્યામાં ઉપયોગ છે. અર્થાત્ સૂત્રમાં 'આશ્રમકર્મ' શબ્દ છે તેનો અર્થ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વર્ણધર્મ સુધી વિસ્તારી શકાય નહિ. આવી શંકા બરાબર નથી.

રૈક્વ આદિ વિદ્યાવાળાં હતાં તેનું કારણ એ છે કે અન્ય જન્મમાં વિદ્યાનાં સાધનોનું અનુષ્ઠાન તેમણે કરેલું તેના બળે જ તેમને વિદ્યા પ્રાપ્ત થઈ. માટે 'રૈક્વાદિ વિદ્યાવાળાં હતાં' એવું જે લિંગ (હેતુ) રજૂ કરવામાં આવ્યું તે અનન્યથાસિદ્ધ (સાધ્ય સિવાય બીજી કોઈ રીતે સિદ્ધ ન હોઈ શકે તેવું) લિંગ નથી. માટે અન્ય હેતુ રજૂ કરવાના આશયથી બ્રહ્મસૂત્રકારે **विशेषानुग्रहश्च** એમ કહ્યું છે. જપાદિ ધર્મવિશેષ જે બ્રાહ્મણત્વાદિ વર્ણમાત્ર સાથે સંબંધિત છે તેમનાથી પણ આશ્રમધર્મની જેમ ચિત્તશુદ્ધિ–વિવિદિષા દ્વારા વિદ્યામાં ઉપકાર સંભવે છે. કહ્યું છે કે જપથી જ બ્રાહ્મણ સિદ્ધિ મેળવે છે, તેમાં કોઈ સંશય નથી. ગંગામાં સ્નાનમાત્રથી તે મુક્ત થાય છે તેમાં કોઈ સંશય નથી.

'जपेनैव तु संसिध्येत् ब्राह्मणो नात्र संशयः ।'
'गङ्गायां स्नानमात्रेण मुच्यते नात्र संशयः ।'

બીજી પંક્તિ એવી પણ છે—**कुर्यादन्यन्न वा कुर्यात् मैत्रो ब्राह्मण उच्यते**—બીજું કરે, કે ન કરે, દયાભાવવાળો બ્રાહ્મણ કહેવાય છે. જપ, તીર્થસ્નાન, દેવતાધ્યાન વગેરે ધર્મો શુદ્ધિ આદિ દ્વારા વિદ્યા આદિનાં સાધન બની શકે છે એવું પ્રતિપાદન છે એવો સૂત્રનો અર્થ છે. તેથી સૂત્રના 'આશ્રમકર્મ' શબ્દને વર્ણધર્મના ઉપલક્ષણ તરીકે લઈ શકાય.

શંકા થાય કે યજ્ઞાદિનો વિનિયોગ માન્યો છે તે કામ્ય અને નિત્ય બન્ને પ્રકારનાં કર્મોનો સાધારણ વિનિયોગ છે કે નિત્ય કર્મનો જ છે? પહેલો પક્ષ બરાબર નથી કારણકે કામ્ય કર્મનાં સ્વર્ગાદિ ફળ છે તેની વિદ્યાને જરૂર નથી તેથી કામ્ય કર્મ વિદ્યામાં ઉપકારક હોઈ શકે નહિ. બીજો પક્ષ પણ ગ્રાહ્ય નથી કારણ કે નિત્ય કર્મનું ફળ પાપક્ષય છે અને પ્રમાણસાધ્ય વિદ્યાને આ પાપક્ષયની અપેક્ષા છે એમ માનવા માટે કોઈ પ્રમાણ નથી. તેથી તેમનો પણ વિદ્યામાં વિનિયોગ ઉપપન્ન નથી. આ શંકાનું સમાધાન કરતાં કલ્પતરુ (જુઓ પૃ. ૬૨–૬૩ માં કહ્યું છે કે નિત્ય કર્મોનો વિદ્યામાં વિનિયોગ છે. '**ज्ञानमुत्पद्यते पुसां क्षयात् पापस्य कर्मणः**'— પાપકર્મના નાશથી માણસોને જ્ઞાન ઉત્પન્ન થાય છે. આમ નિત્યકર્મના ફળ એવા પાપક્ષયની વિદ્યાને અપેક્ષા છે. વિદ્યા પ્રમાણજન્ય છે એ વાત સાચી, છતાં પાપ પ્રતિબંધક બની શકે તેથી પાપનાશની અપેક્ષા હોય એ યુક્ત છે. પણ કામ્ય કર્મ ઉપકારક નથી. તેમનું નિત્ય કર્મની જેમ પાપનાશ ફળ હોઈ શકે નહિ કારણકે તેમ માનવા માટે પ્રમાણ નથી. અને વિદ્યામાં કર્મના વિનિયોગ અંગે જે વિધિ છે તે એવો ઉપકાર જેનો માન્યો છે તે નિત્યકર્મથી જ ચરિતાર્થ થઈ જાય છે. **પૂર્વમીમાંસા**માં દર્શપૂર્ણમાસને પ્રકૃતિયાગ માન્યો છે કારણ કે તેનાં અંગોનો અતિદેશ વિકૃતિભૂત સૌર્ય પશુયાગમાં કરવામાં આવ્યો છે. પણ અંગોનો પ્રકૃતિયાગમાં જે ઉપકાર હોય તે સિવાયનો કોઈ ઉપકાર વિકૃતિયાગમાં માની શકાય નહિ. તેની જેમ નિત્ય-કર્મોના વિદ્યોપકારકત્વનો અતિદેશ જો કામ્ય કર્મમાં કરવામાં આવે તો તેમનો ઉપકાર પાપક્ષયરૂપ જ હોઈ શકે પણ તેમ માનવામાં ગૌરવ છે કારણ કે નિત્ય કર્મથી એ સિદ્ધ થાય જ છે. જ્યારે કામ્ય કર્મનું તો સ્વર્ગાદિ અસાધારણ ફળ માન્યું છે. તેથી નિત્ય કર્મોનો જ વિદ્યામાં વિનિયોગ માનવો જોઈએ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

संक्षेपशारीरके तु नित्यानां काम्यानां च कर्मणां विनियोग उक्तः यज्ञादिशब्दाविशेषात् । प्रकृतौ क्लृप्तोपकाराणां पदार्थानां क्लृप्तप्राकृतोपकारातिदेशमुखेनैव विकृतिष्वतिदेशेन सम्बन्धः, न तु पदार्थानामतिदेशानन्तरमुपकारकल्पनेति न तत्र प्राकृतोपकारातिरिक्तोपकारकल्पनाप्रसक्तिः । इह तु प्रत्यक्षश्रुत्या प्रथममेव विनियुक्तानां यज्ञादीनुपदिष्टानामङ्गानामिव पश्चात् कल्पनीय उपकारः प्रथमावगतविनियोगनिर्वाहायाक्लृप्तोऽपि सामान्यशब्दोपात्तसकलनित्यकाम्यसाधारणः कथं न कल्प्यः । अध्वरेषु अध्वरमीमांसकैरपि हि 'उपकारमुखेन पदार्थान्वये एव क्लृप्तोपकारनियमः । पदार्थान्वयानन्तरम् उपकारकल्पने त्वक्लृप्तोऽपि विनियुक्तपदार्थानुगुण एव उपकारः कल्पनीयः' इति सम्प्रतिपन्नैव बाधलक्षणारम्भसिद्ध्यर्थमुपकारमुखेन विकृतिषु प्राकृतान्वयो दशमाद्ये समर्थितः ।

જ્યારે સંક્ષેપશારીરકમાં નિત્ય અને કામ્ય (બન્ને પ્રકારનાં) કર્મોનો વિનિયોગ કહ્યો છે કારણ કે યજ્ઞાદિ શબ્દોમાં ભેદ નથી (યજ્ઞાદિ શબ્દ કામ્ય તેમ જ નિત્ય યજ્ઞાદિ બન્ને માટે સમાન રીતે રૂઢ છે). પ્રકૃતિ યાગમાં જેમનો ઉપકાર માન્યો છે તેવા પદાર્થોનો માનેલા પ્રકૃતિયાગસંબંધી ઉપકારના અતિદેશ દ્વારા જ વિકૃતિ યાગોમાં અતિદેશથી સંબંધ છે પદાર્થોના અતિદેશ પછી ઉપકારની કલ્પના કરવાની હોય એવું નથી તેથી ત્યાં પ્રકૃતિયાગમાં કરાતા ઉપકારથી અતિરિક્ત ઉપકારની કલ્પનાની પ્રસક્તિ નથી. જ્યારે અહીં તો સાક્ષાત્ (यज्ञेन ઇત્યાદિ) શ્રુતિથી જેમનો વિનિયોગ દર્શાવ્યો છે તેવા યજ્ઞાદિનો પાછળથી ઉપકાર કલ્પવાનો હોય તો, જેમ ઉપદિષ્ટ અંગોના પ્રથમ જ્ઞાત થયેલા વિનિયોગના નિર્વાહને માટે નહીં માનેલા દૃષ્ટાદૃષ્ટરૂપ) ઉપકારની કલ્પના કરવામાં આવે છે તેમ પ્રથમ જ્ઞાત થયેલા વિનિયોગના નિર્વાહને માટે સામાન્ય શબ્દથી ગૃહીત થતાં બધાં નિત્ય અને કામ્ય(કર્મ)ને સાધારણ એવો, (પહેલાં) માન્યો ન હોય તેવો પણ ઉપકાર કેમ ન કલ્પી શકાય? ઉપકારને (અતિદેશ કરીને તે) દ્વારા જ્યારે પદાર્થોના સંબંધ હોય ત્યારે જ (તે સ્થળે જ) માનેલા ઉપકારની જ કલ્પનાનો નિયમ છે; પણ જ્યારે પદાર્થોના સંબંધ પછી ઉપકારની કલ્પના કરવાની હોય ત્યારે જેનો વિનિયોગ બતાવ્યો હોય તેવા પદાર્થોને અનુરૂપ એવો ન માન્યો હોય તેવો પણ ઉપકાર કલ્પી શકાય એમ યાગોની બાબતમાં સ્વીકારીને જ કર્મમીમાંસકોથી બાધાધ્યાયના આરંભની સિદ્ધિને માટે ઉપકારના અતિદેશ કરીને તે દ્વારા વિકૃતિયાગોમાં પ્રકૃતિ યાગના પદાર્થોના સંબંધનું સમર્થન દશમા અધ્યાયના પ્રથમ પાદમાં કરવામાં આવ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[વિવરણ : આશ્રમકર્મ સિવાયના કર્મોનો પણ વિનિયોગ છે એ પક્ષમાં નિત્ય અને કામ્ય બન્ને પ્રકારનાં કર્મો સમજવાનાં છે એમ સંક્ષેપશારીરક ગ્રંથમાં સર્વજ્ઞાત્મમુનિએ બતાવ્યું છે. તેમની દલીલ એ છે કે 'યજ્ઞેન...' એ શ્રુતિમાં યજ્ઞ આદિ શબ્દો છે તે નિત્ય તેમ જ કામ્ય બન્ને પ્રકારનાં યજ્ઞાદિ માટે સમાન રીતે રૂઢ છે તેથી આ શ્રુતિથી નિત્યની જેમ કામ્ય કર્મોનો પણ વિનિયોગ જ્ઞાત થાય છે.✦ નિત્ય અને કામ્ય બન્નેને સાધારણ એવો વિદ્યામાં ઉપયોગી ઉપકાર કલ્પવામાં આવે તો પૂર્વમીમાંસાના ન્યાયનો વિરોધ થાય એમ બતાવવા કલ્પતરુમાં વિકૃતિ યાગમાં જેમનો અતિદેશ કરવામાં આવ્યો છે તે અંગોનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. પણ સંક્ષેપશારીરકકાર પ્રમાણે પ્રકૃત યજ્ઞાદિ માટે એ દૃષ્ટાન્ત આપી શકાય નહિ. દર્શપૂર્ણમાસ આદિ પ્રકૃતિ યોગોમાં પદાર્થોનો જે ઉપકાર માન્યો હોય તેનો પહેલાં અતિદેશ કરવામાં આવ્યો છે, પછી તે પદાર્થોનો સૌર્ય પશુયાગ આદિ વિકૃતિયાગોમાં અતિદેશ કરવામાં આવ્યો છે. એવું નથી કે પ્રકૃતિયાગ સંબંધી પદાર્થોનો અતિદેશથી વિકૃતિયાગોમાં વિનિયોગ બતાવીને પછી પદાર્થોના ઉપકારની કલ્પના કરવાની રહે, તેથી ત્યાં પ્રકૃતિયાગમાં જે ઉપકાર માન્યો હોય તેને છોડીને બીજા ઉપકારની કલ્પનાનો પ્રસંગ જ ઊભો થતો નથી. અહીં યજ્ઞાદિના વિનિયોગ પછી ઉપકારની કલ્પના કરવાની છે, જ્યારે અતિદેશ સ્થળમાં પ્રકૃતિયાગમાં ઉપકારની કલ્પના કર્યા પછી એ પ્રકૃતિયાગ સંબંધી પદાર્થોનો વિકૃતિયાગમાં વિનિયોગ બતાવ્યો છે. તેથી દૃષ્ટાન્ત વિષમ છે; દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિકની પરિસ્થિતિ જુદી હોઈ ને આ દૃષ્ટાંત સ્વીકાર્ય નથી.

પ્રકૃતને અનુરૂપ દૃષ્ટાન્ત આપતાં સંક્ષેપશારીરકકાર કહે છે કે દર્શપૂર્ણમાસ આદિના પ્રકરણમાં કે અન્યત્ર જે નિર્દિષ્ટ પદાર્થોનો શ્રુતિ લિંગ આદિથી દર્શપૂર્ણમાસ આદિમાં વિનિયોગ જ્ઞાત થાય છે તેમના આ જ્ઞાત થયેલા વિનિયોગના નિર્વાહને માટે યથાયોગ્ય દૃષ્ટાદૃષ્ટરૂપ કોઈ ઉપકાર કલ્પવામાં આવે છે. તેની જેમ અહીં જેમનો વિનિયોગ જ્ઞાત થયો છે એવાં યજ્ઞાદિના વિનિયોગના નિર્વાહને માટે તેમનો કોઈ ઉપકાર કલ્પવાનો રહેશે. પ્રથમ જ્ઞાત થયેલા વિનિયોગનો ત્યાગ તો ઉચિત નથી જ કારણ કે 'યજ્ઞાદિ' શ્રુતિ જે સમાન રીતે નિત્ય અને કામ્ય કર્મોનો વિનિયોગ બતાવે છે તેનો બાધ પ્રસક્ત થશે. જેમ ચોક્કસ સંજોગોમાં માનેલા ઉપકારથી અતિરિક્ત ઉપકારની કલ્પના ન થાય એમ કલ્પતરુકારે કહ્યું તે મીમાંસકને સંમત છે, તેમ પ્રથમ જ્ઞાત થયેલા વિનિયોગને અનુરૂપ નહીં માનેલા એવા ઉપકારની કલ્પના પણ મીમાંસકને સંમત જ છે. કહેવાનો આશય એ છે કે પૂર્વમીમાંસાના દસમા અધ્યાયમાં વિકૃતિમાં અતિદિષ્ટ અંગોનો પ્રકૃતિમાં માનેલો ઉપકાર ન સંભવતો હોય તો બાધનું નિરૂપણ કર્યું છે. અને વિકૃતિમાં અતિદેશથી પદાર્થની પ્રાપ્તિ થાય તે પછી ઉપકાર કલ્પવાનો હોય તો એ પક્ષમાં એ બાધનિરૂપણની સિદ્ધિ ન હોઈ શકે. પ્રકૃતિમાં શ્રુતિ, લિંગ આદિથી જેમનો વિનિયોગ નક્કી કરવામાં આવ્યો છે તેવા પદાર્થોનો

✦ एकाहाहीनसत्रप्रविविधविहितेनैककर्मानुभावं ज्ञात्वाऽन्तोपरोधाः कथमपि पुरुषार्थविहितं लभन्ते ।
यज्ञेनेत्यादिवाक्यं शतपथविहितं कर्मवृन्दं गृहीत्वा स्वोत्पत्त्यात्मज्ञानसिद्धं पुरुषार्थविदिषासाधनाभ्ये
युनक्ति ॥— संक्षेपशारीरक, ३.६४



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દષ્ટ ઉપકાર સંભવતો ન હોય તો અદૃષ્ટ ઉપકારની કલ્પના કરવામાં આવે છે; તેની જેમ વિકૃતિમાં પણ અતિદેશથી જેનો વિનિયોગ બતાવવામાં આવ્યો છે તે પદાર્થોનો દષ્ટ ઉપકાર ન સંભવે તો અદષ્ટ ઉપકારની કલ્પના કરવામાં આવે છે, તેથી તેની સિદ્ધિને માટે બધાં જ અંગોનું અનુષ્ઠાન અવશ્ય બની જાય છે માટે કેટલાંક અંગોનું અનુષ્ઠાન કે અંશાતિદેશ પ્રામાણ્યરૂપ બાધનો સંભવ નથી તેથી બાધનિરૂપણની સિદ્ધિ ન થઈ શકે. માટે બાધનિરૂપણની સિદ્ધિ અર્થે પ્રકૃતિયાગમાં માનેલા ઉપકારનો અતિદેશ કરીને તે દ્વારા જ પ્રકૃતિયાગના પદાર્થોનો વિકૃતિયાગમાં સંબંધ છે એમ પૂ. મીમાંસાસૂત્રના દસમા અધ્યાયના પ્રથમ અધિકરણમાં સિદ્ધ કર્યું છે અને આમ જ્યાં પદાર્થોના વિનિયોગ પછી ઉપકારની કલ્પના કરવાની હોય ત્યાં તે પદાર્થના સામર્થ્ય અનુસાર પ્રથમ જ્ઞાત થયેલા વિનિયોગના નિર્વાહને માટે ન માનેલા ઉપકારની કલ્પના કરવી પડે તો એ મીમાંસકને માન્ય છે એમ જણાય છે. વિનિયોગ પછી ઉપકારની કલ્પના કરવામાં આવે ત્યાં પણ માનેલો ઉપકાર ન સંભવતો હોય તો જેનો વિનિયોગ જ્ઞાત થયો છે એ પદાર્થનો ત્યાગ જ થવો જોઈએ, પણ નહીં માનેલા ઉપકારની કલ્પના તો ન જ થવી જોઈએ એમ જો મીમાંસક માનતા હોય તો 'ઉપકારનો અતિદેશ કરીને તે દ્વારા પદાર્થોનો અતિદેશ' (उपकारमुखेनैव पदार्थानामतिदेशः) એવું નિરૂપણ કરનાર અધિકરણ વ્યર્થ બની જાય શ્રપણ, અવઘાત વગેરે પદાર્થોનો અતિદેશથી વિનિયોગ હોવા છતાં વિકૃતિયાગસ્થ કૃષ્ણલ આદિમાં શ્રપણાદિનો જે વિક્લિત્તિ (રંધાઈને પોચા પડવું), ફોતરાંથી મુક્ત થવું વગેરે લોકસિદ્ધ દષ્ટ ઉપકાર છે તેનો અભાવ છે, અને નહીં માનેલા ઉપકારની કલ્પનાનો સ્વીકાર ન હોવાથી શ્રપણાદિનો અનનુષ્ઠાનાદિરૂપ બાધ જેનું દસમા અધ્યાયમાં નિરૂપણ છે તે સંભવે છે; તો પછી તેને માટે 'उपकारमुखेनैव पदार्थानामतिदेशः' એવા નિરૂપણની જરૂર નથી. પણ તેવું નિરૂપણ કર્યું છે તે બતાવે છે કે જ્યાં વિનિયોગ પ્રથમ જ્ઞાત હોય ત્યાં નહીં માનેલા ઉપકારની પણ કલ્પના કરી શકાય એમ મીમાંસકને સ્વીકાર્ય હતું. તેથી વિવિદિષા વિષયક વાક્યથી નિત્ય અને કામ્ય કર્મોનો સમાન રીતે સાધારણ વિનિયોગ પ્રથમ જ્ઞાત થાય છે ત્યારે તેના નિર્વાહને માટે નહીં માનેલા ઉપકારની કલ્પના કરવી પડે તો એ યુક્ત છે.

**किं च 'क्लृप्तोपकारालाभान्नित्यानामेवायं विनियोगः' इत्यभ्युपगमे नित्येभ्यो दुरितक्षयस्य तस्माच्च ज्ञानोत्पत्तेरन्यतः सिद्धौ व्यर्थोऽयं विनियोगः । अन्यतस्तदसिद्धौ ज्ञानापेक्षितोपकारजनकत्वं तेष्वक्लृप्तमित्यविशेषाद् नित्यकाम्यसाधारणा विनियोगो दुर्वारः ।**

**ननु नित्यानां दुरितक्षयमात्रहेतुत्वस्यान्यतः सिद्धावपि विशिष्य ज्ञानोत्पत्तिप्रतिबन्धकदुरितनिबर्हकत्वं न सिद्धम् । किं तु अस्मिन् विनियोगे सति ज्ञानोद्देशेन नित्यान्यनुतिष्ठतोऽवश्यं ज्ञानं भवति । इतरथा शुद्धिमात्रम्, न नियता ज्ञानोत्पत्तिरिति सार्थकोऽयं विनियोग इति चेत्, तर्हि नित्यानामपि अक्लृप्तमेव ज्ञानोत्पत्तिप्रतिबन्धकदुरितनिबर्हणत्वम् ।**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ज्ञानसाधनविशिष्टगुरुलाभश्रवणमननादिसम्पादकापूर्वं च द्वारं कल्पनीयमित्यक्लृप्तोपकारकल्पनाऽविशेषाच्च सामान्यश्रुत्यापादितो नित्यकाम्यसाधारणो विनियोगो भङ्जनीय इति ॥२॥**

વળી 'માનેલા ઉપકારની (કામ્ય કર્મોમાં) પ્રાપ્તિ ન હોવાથી નિત્ય (કર્મો)નો જ આ વિનિયોગ છે' એમ સ્વીકારવામાં આવે તો નિત્ય કર્મોથી પાપના નાશની અને તેનાથી જ્ઞાનની ઉત્પતિની અન્યતઃ (અન્ય શ્રુતિવચનથી) સિદ્ધિ હોય તો આ વિનિયોગ વ્યર્થ છે. જો અન્યતઃ તેની સિદ્ધિ ન હોય તો જ્ઞાનને અપેક્ષિત ઉપકારની જનકતા તેમનામાં માનવામાં નથી આવી, તેથી નિત્ય અને કામ્ય કર્મોને સાધારણ એવો વિનિયોગ વારવો મુશ્કેલ છે (—એનું નિવારણ કરી શકાય નહિ).

શંકા થાય કે નિત્ય કર્મો કેવલ પાપનાશના હેતુ છે એમ અન્યતઃ સિદ્ધ હોવા છતાં વિશેષે કરીને તે જ્ઞાનની ઉત્પત્તિમાં પ્રતિબંધક પાપનાં નાશક છે એવું સિદ્ધ નથી. પરંતુ આ વિનિયોગ હોય તો જ્ઞાનના ઉદ્દેશ્યથી નિત્ય કર્મો કરનારને અવશ્ય જ્ઞાન થાય છે; અન્યથા માત્ર શુદ્ધિ થાય છે, નિયમથી જ્ઞાનની ઉત્પત્તિ ન થાય. તેથી આ વિનિયોગ સાર્થક છે. આવી શંકા કરવામાં આવે તો ઉત્તર છે કે તો પછી નિત્ય કર્મોની બાબતમાં પણ જ્ઞાનની ઉત્પત્તિમાં પ્રતિબંધક પાપનાં નાશક હોવું એ નહીં માનેલું જ છે. અને જ્ઞાનનાં સાધનભૂત વિશિષ્ટ ગુરુનો લાભ, શ્રવણ, મનન આદિને પ્રાપ્ત કરાવનાર અપૂર્વરૂપ દ્વાર કલ્પવું પડશે તેથી નહીં માનેલા ઉપકારની કલ્પના સમાન હોવાથી સામાન્ય શ્રુતિથી પ્રાપ્ત કરાતા, નિત્ય અને કામ્ય કર્મોને સાધારણ એવા વિનિયોગનો ભંગ કરવો જોઈએ નહીં (૨)

**વિવરણ :** અહીં એ બતાવ્યું છે કે હકીકતમાં તો નિત્ય કર્મમાં વિદ્યાને જરૂરી ઉપકારની જનકતાની કલ્પના સિદ્ધ નથી. કામ્ય કર્મોમાં આવો ઉપકાર પ્રાપ્ત નથી તેથી નિત્ય કર્મોનો જ આ વિનિયોગ છે એમ જો માનવામાં આવે તો પ્રશ્ન થાય છે કે નિત્ય કર્મ વિદ્યાને અપેક્ષિત દુરિતક્ષય (પાપનાશ)રૂપ ઉપકાર દ્વારા વિદ્યાના હેતુ છે એ વિવિદિષાવાક્યથી અન્ય કોઈ વાક્યથી સિદ્ધ છે કે પછી અસિદ્ધ જ છે? વિવિદિષાવાક્યથી અન્ય એવા વાક્યથી એ સિદ્ધ નથી, કારણ કે એમ હોય તો વિવિદિષાવાક્ય વ્યર્થ બની જાય. જો એ વિદ્યાહેતુત્વ અસિદ્ધ હોય તો નિત્ય કર્મોમાં પણ નહીં માનેલું જ વિદ્યોપકારકત્વ કલ્પવાનું રહે તેથી નિત્ય અને કામ્ય કર્મોને સાધારણ એવા વિદ્યોપકારકત્વની કલ્પના યુક્ત જ છે.

શંકા થાય કે નિત્ય કર્મોનું પાપનાશ દ્વારા વિદ્યોપકારકત્વ વિવિદિષાવાક્યથી અલગ વાક્યથી સિદ્ધ છે. પણ દુરિત કે પાપ બે પ્રકારનું છે—જ્ઞાનની ઉત્પત્તિમાં પ્રતિબંધક અને બીજું જ્ઞાનની ઉત્પત્તિ પ્રતિ ઉદાસીન હોઈને નરકાદિ પ્રાપ્ત કરાવનારું. આમ નિત્ય કર્મોનો જ્ઞાનમાં વિનિયોગ ન હોય તો નિત્ય કર્મોથી જ્ઞાનપ્રતિબંધક દુરિતનો ક્ષય થાય છે એ બાબતમાં કોઈ પ્રમાણ નથી. धर्मेण पापमपनुदति (ધર્મથી પાપનો નાશ કરે છે), यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् (યજ્ઞ, દાન, અને તપ મનીષીઓને પાવન કરનારાં છે) ઇત્યાદિ શ્રુતિ–

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રુતિ વચનો નિત્ય કર્મો સામાન્ય પાપના ક્ષયના હેતુ છે એટલું જ માત્ર પ્રતિપાદન કરે છે. તેથી નિત્ય કર્મો નિયમતઃ જ્ઞાનમાં પ્રતિબંધક દુરિતના ક્ષયના હેતુ છે એ અન્યતઃ પ્રાપ્ત નથી, તેથી તેની પ્રાપ્તિને માટે આ વિનિયોગ છે. નિત્ય કર્મોના અનુષ્ઠાનથી જ્ઞાનમાં પ્રતિબંધક દુરિતનો નાશ થતાં પ્રતિબંધક રહિત મહાવાક્યથી અવશ્ય જ્ઞાન થાય છે એવો અર્થ છે. આ વિવિદિષાવાક્યથી વિનિયોગ ન હોય તો પાપસામાન્યના ક્ષયરૂપ શુદ્ધિ થાય પણ નિયમથી જ્ઞાનપ્રતિબંધક દુરિતનાશરૂપ શુદ્ધિવિશેષ ન થાય, કારણકે જ્ઞાનના ઉદ્દેશ્યથી નિત્ય કર્મોનું અનુષ્ઠાન ન થાય. આમ અનેક જન્મોમાં નિત્ય કર્મોનું અનુષ્ઠાન કરતો આવ્યો હોય એવા માણસને પણ નિયમથી જ્ઞાન ન થાય, પણ દૈવયોગે કદાચ જ્ઞાનમાં પ્રતિબંધક પાપસમૂહનો પૂરેપૂરો નાશ સંભવે તો જ્ઞાન પણ કદાચિત થાય. આમ જ્ઞાનોત્પત્તિ અનિયત માનવી પડે.

આ શંકાનો ઉત્તર આપતાં કહ્યું છે કે આવું હોય તો નિત્ય કર્મોથી જ્ઞાનને અપેક્ષિત ઉપકાર માન્યો છે એ મત પાયા વિનાનો છે. જેમ કામ્ય કર્મોમાં તેમ નિત્ય કર્મોમાં પણ નહીં માનેલું ઉપકારકત્વ માનવાનું રહે છે. તેથી બન્નેની પરિસ્થિતિ સમાન છે.

વિરોધી દલીલ કરી શકે કે એમ હોય તો પણ નિત્ય કર્મોનો જ વિનિયોગ છે એ પક્ષમાં લાઘવ છે. આ પક્ષમાં નિત્ય કર્મોનું જ્ઞાનપ્રતિબંધક પાપનું નાશકત્વ અન્ય વચનથી પ્રાપ્ત હોઈને આ વિધિથી માત્ર નિયમ પ્રાપ્ત થાય છે. જ્યારે કામ્ય કર્મોનું જ્ઞાનપ્રતિબંધક દુરિતનું નાશકત્વ સર્વથા અપ્રાપ્ત છે તેથી જો કામ્ય કર્મોનો પણ વિનિયોગ છે એમ માનવામાં આવે તો વિધિના તાત્પર્યનો ગૌરવ દોષ ટાળી શકાય નહિ. આ દલીલનો ઉત્તર છે: સાચું છે. તો પણ યજ્ઞાદિશ્રુતિઓના સંકોચરૂપ બાધનો પરિહાર કરવાને માટે કામ્ય કર્મોનો પણ વિનિયોગ આવશ્યક છે યજ્ઞ ઇત્યાદિનો અર્થ નિત્ય યજ્ઞ આદિ એમ અર્થસંકોચ કરવો પડે છે, એ પણ એક અંશનો બાધ છે; તે ટાળવા માટે નિત્ય અને કામ્ય બન્ને પ્રકારના યજ્ઞાદિનો વિનિયોગ છે એવું જ તાત્પર્ય સમજવું જોઈએ. નિત્ય કર્મોથી જ્ઞાનમાં પ્રતિબંધક પાપના જ ક્ષયરૂપ શુદ્ધિવિશેષનો લાભ થતો હોય તો પણ તેટલા માત્રથી જ્ઞાનની ઉત્પત્તિ થતી નથી, કારણ કે પ્રમાણ કે પ્રમેયની અસંભાવના આદિ રૂપ પ્રત્યક્ષ પ્રતિબંધક હોય છે. તેથી આ પ્રતિબંધકના નિરાસમાં ઉપયોગી એવા ઉત્કૃષ્ટ ગુરુ અને તેમને અધીન શ્રવણ, મનન, ધ્યાન આદિને પ્રાપ્ત કરાવે તેવા અદૃષ્ટનું જનકત્વ જે અન્યતઃ માન્યું નથી તેની વિવિદિષાવાક્યમાં રહેલા વિનિયોગના બળે કલ્પના કરવી જોઈએ. આ સંજોગોમાં સામાન્ય શ્રુતિ (યજ્ઞેન...) દ્વારા નિત્ય અને કામ્ય કર્મોનો વિનિયોગ પ્રાપ્ત થાય છે તેની અવગણના ન કરતાં એ જ માનવો જોઈએ. (૨)

## (૩) नन्वेवमपि कथम्—

'कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः ।' (भ. गी. ३.२०) इत्यादिस्मरणनिर्वाहः ? न च तस्य विद्यार्थकर्मानुष्ठानपरत्वम् । विविदिषावाक्ये (बृहद्. ४.४.२२) ब्राह्मणग्रहणेन ब्राह्मणानामेव विद्यार्थकर्मण्यधिकारप्रतीतेः । अतो जनकाद्यनुष्ठितकर्मणां साक्षादेव मुक्त्युपयोगो वक्तव्यः ।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

मैवम् । विविदिषावाक्ये ब्राह्मणग्रहणस्य त्रैवर्णिकोपलक्षणत्वात् । यथाहुरत्रभवन्तो वार्त्तिककाराः—

'ब्राह्मणग्रहणं चात्र द्विजानामुपलक्षणम् ।
अविशिष्टाधिकारित्वात् सर्वेषामात्मबोधने ॥' इति ।

न हि 'विद्याकामो यज्ञादीननुतिष्ठेद्' इति विपरिणमिते विद्याकामाधिकारविधौ ब्राह्मणपदस्याधिकारिविशेषसमर्पकत्वं युज्यते, उद्देश्ये विशेषणायोगात् ।

(૩) શંકા થાય કે આમ હોય તો પણ 'જનક વગેરેએ કર્મથી જ મુક્તિ મેળવી' (ભ. ગી. ૩. ૨૦) ઇત્યાદિ સ્મૃતિનો નિર્વાહ કેવી રીતે થશે? આવી સ્મૃતિનું તાત્પર્ય વિદ્યા માટેના કર્મના અનુષ્ઠાનપરક છે એવું નથી. કારણ કે વિવિદિષા અંગેના વાક્યમાં 'બ્રાહ્મણ' શબ્દ પ્રયોજ્યો હોવાથી બ્રાહ્મણોનો વિદ્યા માટેના કર્મમાં અધિકાર છે એવું પ્રતીત થાય છે. તેથી જનક આદિએ કરેલા કર્મોનો સીધો જ મુક્તિમાં ઉપયોગ છે એમ કહેવું જોઈએ.

(આ શંકાનો ઉત્તર છે કે) આવું ન બોલશો, કારણ કે વિવિદિષા-વાક્યમાં 'બ્રાહ્મણ'નું ગ્રહણ ત્રૈવર્ણિકનું ઉપલક્ષણ છે ('બ્રાહ્મણ'થી ત્રણેય વર્ણના માણસો સમજવાના છે—બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય); જેમ માનનીય વાર્તિકકારે કહ્યું છે—: "અને અહીં (વિવિદિષા-વાક્યમાં) 'બ્રાહ્મણ'નું ગ્રહણ દ્વિજોનું ઉપલક્ષણ છે, કારણ કે આત્મજ્ઞાન કરાવનાર સાધનમાં સર્વનો સરખો અધિકાર છે." (બૃહદારણ્યકોપનિષદ્ભાષ્યવાર્તિક, પૃ ૧૮૮૯).

'વિદ્યાની અભિલાષા સેવનારે યજ્ઞાદિનું અનુષ્ઠાન કરવું' એમ વિપરિણત કરાતા વિદ્યાભિલાષીના અધિકારવિધિમાં 'બ્રાહ્મણ' પદ અધિકારીવિશેષ(બ્રાહ્મણ)નું બોધક છે એમ માનવું યુક્ત નથી, કારણકે ઉદ્દેશ્યમાં વિશેષણનો સંભવ નથી હોતો.

(વિવરણ : કર્મોનો વિવિદિષા દ્વારા વિદ્યામાં વિનિયોગ છે એવું નિરૂપણ કર્યા પછી ત્રૈવર્ણિકને (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય એ ત્રણ વર્ણના માણસનો અધિકાર છે એમ (શંકા અને ઉત્તર રજૂ કરીને) સિદ્ધ કરે છે. तस्मात्त्वमहेतुर्विज्ञानं कर्म चोक्तं महामुने એમ જ્ઞાન-કર્મના સમુચ્ચયનું પ્રતિપાદન કરનાર સ્મૃતિવાક્ય છે તેનો વિવિદિષા–વાક્ય સાથે વિરોધ નથી તેથી 'જ્ઞાન બ્રહ્મપ્રાપ્તિનું સાક્ષાત્ સાધન છે અને કર્મ વિદ્યા દ્વારા બ્રહ્મપ્રાપ્તિનું સાધન છે' એ ક્રમસમુચ્ચય પરક આ વાક્યનું તાત્પર્ય છે એવું માની લઈએ તો પણ 'જનક વગેરેએ કર્મથી જ મુક્તિ મેળવી' એ સ્મૃતિથી કર્મથી અતિરિક્ત ઉપાયનો નિષેધ હોવાથી જનક વગેરેએ કરેલાં કર્મોનો મુક્તિમાં સાક્ષાત્ ઉપયોગ હતો એમ પ્રતીત થાય છે. અને આ વિવિદિષા-વાક્યથી વિરુદ્ધ છે તો આ સ્મૃતિની ઉપપત્તિ કઈ રીતે બતાવી શકાશે? શુદ્ધિ દ્વારા કર્મથી જ વિદ્યા (સંસિદ્ધિ) પ્રાપ્ત કરી' એવો અર્થ લઈ શકાશે નહિ કારણ કે વિવિદિષા-વાક્યમાં 'બ્રાહ્મણ પદ છે તેથી બ્રાહ્મણ સિવાય કોઈને વિવિદિષા–વાક્યમાં કહેલા વિદ્યાના સાધનભૂત કર્મમાં અધિકાર નથી. તેથી કર્મ મુક્તિનું સાક્ષાત્ સાધન છે એમ જ માનવું જોઈએ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ શંકાનો ઉત્તર આપતાં કહ્યું છે કે 'બ્રાહ્મણ' પદનો અર્થ 'ત્રૈવર્ણિક' સમજવાનો છે; વિદ્યા માટેના કર્મમાં જનક વગેરેનો અધિકાર હતો તેથી 'કર્મથી જ' એમ સ્મૃતિમાં કહ્યું છે તેનું તાત્પર્ય વિદ્યા માટેના કર્મના અનુષ્ઠાનપરક છે. માટે આવા વાક્યના બળે तमेव विदित्वाऽतिमृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय (શ્વેતા. ૩.૮;૬.૧૫) (તેને જ જાણીને મૃત્યુને ઓળંગે છે, મુક્તિ માટે બીજો માર્ગ નથી) ઇત્યાદિ શ્રુતિનો વિરોધ કરીને કર્મ મુક્તિનો સાક્ષાત્ ઉપાય છે એમ કહેવું ન જોઈએ. સુરેશ્વરાચાર્ય બૃહદારણ્યકોપનિષદ્ભાષ્યવાર્ત્તિક (ચોથો અધ્યાય, ચોથું બ્રાહ્મણ, પૃ. ૧૮૮૯)માં આજ વાત કહી છે કે ત્રૈવર્ણિકોમાં સર્વને આત્મબોધન–આત્મજ્ઞાનના સાધનભૂત યજ્ઞાદિ કર્મમાં સરખો અધિકાર છે. તેથી વિદ્યા માટેના કર્મની જ વાત છે.

શંકા થાય કે વિવિદિષાવાક્યમાં 'બ્રાહ્મણ' પદથી બ્રાહ્મણનો જ વિદ્યા માટેના કર્મોમાં અધિકાર જ્ઞાત થાય છે તો પછી ત્રણેય વર્ણનો સાધારણ અધિકાર કેવી રીતે સિદ્ધ થઈ શકે ? આનો ઉત્તર આપતાં પ્રશ્ન પૂછી શકાય કે 'બ્રાહ્મણ'પદ યજ્ઞાદિવિધિમાં ઉદ્દેશ્યના વિશેષણના સમર્પક તરીકે બ્રાહ્મણમાત્રના અધિકારનો બોધ કરાવે છે, કે વિધેયભૂત કર્તાના સમર્પક તરીકે તેનો બોધ કરાવે છે કે આ બન્નેનું સમર્પક ન હોઈને પણ પોતાની હાજરી માત્રથી બ્રાહ્મણમાત્રના અધિકારનો બોધ કરાવે છે, કારણ કે અન્ય કોઈ રસ્તો નથી. પહેલો વિકલ્પ કે યજ્ઞાદિવિધિમાં ઉદ્દેશ્યના વિશેષણના સમર્પક તરીકે બ્રાહ્મણમાત્રના અધિકારનો બોધ કરાવે છે એ યુક્ત નથી. यज्ञेन...विविदिषन्ति એ શ્રુતિવાક્યને અધિકારવિધિના રૂપમાં આ રીતે મૂકી શકાય : 'विद्याकामो यज्ञादीननुतिष्ठेत्'. તેમાં યજ્ઞાદિનો વિદ્યારૂપ ફળમાં વિનિયોગ બતાવનાર વિધિમાં વિદ્યાભિલાષીનો અધિકાર સિદ્ધ જ છે તેથી 'બ્રાહ્મણ' પદ અધિકારીના વિશેષણનું સમર્પક છે એવું કહી ન શકાય. વિધેય યજ્ઞાદિથી નિરૂપિત ઉદ્દેશ્યતાનું વિદ્યાભિલાષીમાં જ પર્યવસાન સંભવે છે તેથી 'બ્રાહ્મણતા' રૂપ વિશેષણની આકાંક્ષા રહેતી નથી. માટે 'બ્રાહ્મણ' પદનો 'વિદ્યાભિલાષી'(विद्याकाम)ના વિશેષણ તરીકે અન્વય યુક્ત નથી. અને વિશિષ્ટને ઉદ્દેશ્ય માનવામાં ગૌરવ છે. विद्याकाम અને ब्राह्मण પ્રત્યેકને ઉદ્દેશ્ય માનતાં વાક્યભેદનો પ્રસંગ થશે—'વિદ્યાકામ યજ્ઞાદિ કરે', 'બ્રાહ્મણ યજ્ઞાદિ કરે' એમ વાક્યભેદ પ્રસક્ત થશે.

**नापि 'राजा स्वाराज्यकामो राजसूयेन यजेत' इति स्वाराज्यकामाधिकारे राजसूयविधौ "स्वाराज्यकामो राजकर्तृकेण राजसूयेन यजेत' इति कर्तृतया यागविशेषणत्वेन विधेयस्य राज्ञो राजकर्तृकराजसूयस्याराज्ञा सम्पादयितुमशक्यत्वाद् अर्थादधिकारिकोटिनिवेशवद् इह यज्ञादिकर्तृतया विधेयस्य ब्राह्मणस्यार्थादधिकारिकोटिनिवेश इति युज्यते । 'सर्वथाऽपि त एवोभयलिङ्गात्' इति सूत्रे (ब्र.सू. ३.४.३४) 'अन्यत्र विहितानामेव यज्ञादीनां विविदिषावाक्ये फलविशेषसम्बन्धविधिः, नापूर्वयज्ञादिविधिः' इति व्यवस्थापितत्वेन प्राप्तयज्ञाद्यनुवादेन एकस्मिन् वाक्ये 'कर्तृरूपगुणविधिः, फलसम्बन्धविधिश्च' इत्युभयविधानाद् वाक्यभेदापत्तेः ।**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

"સ્વારાજ્યને ઇચ્છનાર રાજાએ રાજસૂય યજ્ઞથી અપૂર્વ ઉત્પન્ન કરવું" (શબ્દશઃ, રાજસૂય યજ્ઞ કરવો) એ સ્વારાજ્ય ઇચ્છનારના અધિકારનો બોધ કરાવનાર રાજસૂયવિધિમાં 'સ્વારાજ્ય ઇચ્છનારે રાજા જેનો કર્તા છે તેવો રાજસૂય યજ્ઞ કરવો (રાજસૂય યજ્ઞથી અપૂર્વ ઉત્પન્ન કરવું)' એમ કર્તૃત્વરૂપથી યાગના વિશેષણ તરીકે વિધેયભૂત રાજાનો—રાજા જેનો કર્તા છે એવો રાજસૂય યજ્ઞ રાજા નહિ એવાથી કરી શકાતો ન હોવાથી—અર્થતઃ અધિકારી કોટિમાં (વિશેષણ તરીકે) નિવેશ થાય છે. તેની જેમ અહીં ('વિદ્યાભિલાષી બ્રાહ્મણકર્તૃક યજ્ઞાદિ કરે' એમાં) વિધેયભૂત બ્રાહ્મણનો અર્થતઃ અધિકારી કોટિમાં નિવેશ થશે"—એમ કહેવું પણ બરાબર નથી. 'સર્વથા પણ તે જ વિહિત છે કારણ કે (શ્રુતિ-સ્મૃતિ) ઉભય લિંગ છે' એ બ્રહ્મસૂત્રમાં (૩.૪.૩૪) એવી વ્યવસ્થા કરવામાં આવી છે કે અન્યત્ર (વિવિદિષા-વાક્યથી અન્યત્ર કર્મકાંડમાં) જે યજ્ઞાદિનું વિધાન છે તેમનો જ વિવિદિષા-વાક્યમાં ફલવિશેષના સંબંધનો વિધિ છે, અપૂર્વ યજ્ઞાદિનો વિધિ નથી; તેથી પ્રાપ્ત યજ્ઞાદિનો અનુવાદ કરીને એક વાક્યમાં કર્તારૂપ ગુણવિધિ અને ફલસંબંધનો વિધિ એમ બન્નેનું વિધાન હોવાથી વાક્યભેદની આપત્તિ થશે.

**વિવરણ :** પૂર્વોક્ત બીજા વિકલ્પનું નિરાકરણ કરે છે કે વિધેય કર્તાના સમર્પક તરીકે પણ 'બ્રાહ્મણ' પદ બ્રાહ્મણમાત્રના અધિકારનો બોધ કરાવી શકે નહિ. "राजा स्वाराज्यकामो राजसूयेन यजेत" એ વાક્યમાં 'રાજા' એ પદ ઉપર કહ્યું તેમ 'સ્વારાજ્ય ઇચ્છનાર'નું વિશેષણ હોઈ શકે નહિ તેથી કર્તૃવિધાયકતા માનીને રાજસૂય યજ્ઞમાં રાજા હોઈને સ્વારાજ્યાભિલાષી હોય તેનો અધિકાર પ્રતિપાદિત કરવામાં આવ્યો છે. જેમ અહીં અર્થતઃ 'રાજા'નો અધિકારી–કોટિમાં નિવેશ છે કારણ કે રાજાએ કરવાનો યજ્ઞ રાજા નહીં તેવો કરી શકે નહિ, તેમ અહીં વિવિદિષા-વાક્યમાં વિદ્યાભિલાષા 'બ્રાહ્મણ જેનો કર્તા છે એવા યજ્ઞાદિ કરે' એમ વિધેય 'બ્રાહ્મણ'નો અર્થતઃ અધિકારી કોટિમાં નિવેશ થશે કારણ કે બ્રાહ્મણે કરવાનાં યજ્ઞાદિ અબ્રાહ્મણ કરી શકે નહિ.—આવી દલીલ બરાબર નથી. બ્રહ્મસૂત્રમાં સ્પષ્ટ કહ્યું છે કે યજ્ઞાદિ આશ્રમકર્મ છે એ પક્ષમાં કે યજ્ઞાદિ વિદ્યાના સહકારી છે એ પક્ષમાં 'यावज्जीवमग्निहोत्रं जुहुयात्' ઇત્યાદિ વાક્યોમાં જે અગ્નિહોત્ર આદિ વિહિત છે તેમનું અનુષ્ઠાન કરવાનું છે કારણ કે શ્રુતિ-સ્મૃતિ રૂપ ઉભય લિંગ છે. શ્રુતિ તે વિવિદિષા-વાક્યગત યજ્ઞાદિ-શ્રુતિ જ કારણ કે તેમાં જાણીતાં યજ્ઞ, દાન આદિ તરત ઓળખાય છે. અપૂર્વ યજ્ઞાદિનું વિધાન હોત તો આ હકીકતનો વિરોધ થાત. અને પ્રસિદ્ધ યજ્ઞાદિનો અનુવાદ કરીને માત્ર તેમની સાથે ફળના સંબંધનો બોધ કરાવે છે એમ માનવામાં લાઘવ છે વળી यज्ञेन, दानेन એમ પ્રયોગ હોવાથી યજ્ઞાદિ વિધેય તરીકે પ્રતીત થતાં નથી. સૂત્રમાં સ્મૃતિનો ઉલ્લેખ છે તે 'अनाश्रितः कर्मफलम्' (ભ ગીતા ૬.૧) ઇત્યાદિ સ્મૃતિ છે જે પ્રસિદ્ધ યજ્ઞાદિ ફળની ઇચ્છા વિના કરવામાં આવે છે તો વિદ્યાના હેતુ છે એમ બતાવે છે.

આમ કર્મકાંડમાં વિહિત યજ્ઞાદિનો વિવિદિષા–વાક્યમાં ફળ સાથે સંબંધ બતાવ્યો છે તે વિધિ છે, અપૂર્વ, નહીં જાણેલા વાત છે), અપૂર્વ યજ્ઞાદિવિધિ નથી, એમ બ્રહ્મસૂત્રમાં વ્યવસ્થા કરી છે. પ્રાપ્ત યજ્ઞનો અનુવાદ (—જાણેલા વાતનો ઉલ્લેખ કરવો તે અનુવાદ અને નવી વાત કહેવી તે વિધિ—) કરીને કર્તારૂપ ગુણ અંગે વિધાન છે અને ફળ સંબંધ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અંગે વિધાન છે એમ માનતાં વાક્યભેદનો દોષ આવશે. તેથી વિધેયના વિશેષણ તરીકે 'બ્રાહ્મણ' પદ માત્ર બ્રાહ્મણનો અધિકાર બતાવી શકે નહિ. રાજસૂય અંગેના વાક્યમાં તો કર્તા આદિ ગુણથી વિશિષ્ટ અપૂર્વ કર્મ અંગે જ વિધિ માનવામાં આવ્યા છે તેથી વાક્યભેદનો દોષ નથી. ત્યાં 'રાજા' પદ કર્તૃરૂપ ગુણનું વિધાયક હોય એ યુક્ત છે એવો ભાવ છે.

**नापि राजसूयवाक्ये राज्ञः कर्तृतया विधेयत्वाभावपक्षे राजपदसमभिव्याहारमात्राद् विशिष्टकर्तृत्वलाभवद् इह वाक्यभेदाय कर्तृतया ब्राह्मणाविधानेऽपि ब्राह्मणपदसमभिव्याहारमात्रेण ब्राह्मणकर्तृकत्वलाभात् तदधिकारपर्यवसानमित्युपपद्यते । अन्यत्र त्रैवर्णिकाधिकारिकत्वेन क्लृप्तानामिहापि त्रैवर्णिकाधिकारात्मविद्यार्थत्वेन विधीयमानानां यज्ञादीनां त्रैवर्णिकाधिकारित्वस्य युक्ततया विधिसंसर्गहीनब्राह्मणपदसमभिव्याहारमात्रादधिकारसङ्कोचासम्भवेन ब्राह्मणपदस्य यथाप्राप्तविद्याधिकारिमात्रोपलक्षणत्वौचित्यात् ॥३॥**

"રાજસૂય-વાક્યમાં રાજાનું કર્તા તરીકે વિધેયત્વ નથી એ પક્ષમાં 'રાજા' પદના સમભિવ્યહાર (બીજાં પદો સાથે તેનું ઉચ્ચારણ, તેની હાજરી) માત્રથી વિશિષ્ટ કર્તૃત્વનો લાભ થાય છે, તેની જેમ અહીં વાક્યભેદ ન થાય તેટલા માટે કર્તા તરીકે બ્રાહ્મણનું વિધાન ન હોય તો પણ 'બ્રાહ્મણ' પદના સમભિવ્યાહાર માત્રથી (યજ્ઞાદિ) બ્રાહ્મણકર્તૃક છે એમ પ્રાપ્ત થાય છે તેથી તેના (બ્રાહ્મણના) અધિકારમાં પર્યવસાન થાય છે"– એ પણ યુક્ત નથી. અન્યત્ર (કર્મકાંડમાં) ત્રૈવર્ણિકને જેમાં અધિકાર છે તેવાં તરીકે માનેલાં (યજ્ઞાદિ) અહીં પણ ત્રૈવર્ણિકને જેમાં અધિકાર છે તેવી આત્મવિદ્યાને માટે છે એવું જેમને વિષે વિધાન છે તે યજ્ઞાદિ ત્રૈવર્ણિકને જેમને વિષે અધિકાર છે એવાં હોય એ યુક્ત છે તેથી વિધિ સાથે સંસર્ગ વિનાના 'બ્રાહ્મણ' પદના સમભિવ્યાહાર માત્રથી અધિકારનો સંકોચ સંભવતો નથી, માટે 'બ્રાહ્મણ' પદ યથાપ્રાપ્ત વિદ્યાધિકારીમાત્રનું ઉપલક્ષણ છે એમ માનવું ઉચિત છે (—તેથી ઉપર્યુક્ત દલીલ બરાબર નથી). (૩)

**વિવરણ :** તૃતીય વિકલ્પનું ખંડન કરે છે. "રાજસૂયવાક્યમાં રાજાનું કર્તા તરીકે વિધાન ન હોવા છતાં રાજાનો જ રાજસૂય યજ્ઞમાં અધિકાર સિદ્ધ થાય છે કારણ કે 'રાજા' પદની હાજરી માત્રથી સમજાય છે કે 'स्वाराज्यकाम.' પદ ક્ષત્રિયપરક છે. અન્યથા 'રાજા' પદ વ્યર્થ બની જાય. આમ જે રાજાનો કર્તા તરીકે વિધિ નથી માનતાં તેમના પક્ષમાં 'રાજા' પદની હાજરી માત્રથી રાજાનો રાજસૂયમાં અધિકાર સિદ્ધ થાય છે. તેમ અહીં વિવિદિષા–વાક્યમાં 'બ્રાહ્મણ' પદની હાજરી માત્રથી બ્રાહ્મણનો જ યજ્ઞાદિમાં અધિકાર સિદ્ધ થશે."—આવી દલીલ કરવામાં આવે તો તેમાં ઔચિત્ય નથી. અન્યત્ર કર્મકાંડમાં ત્રૈવર્ણિકને યજ્ઞાદિના અધિકારી માન્યા છે. તે જ યજ્ઞાદિના અહીં વાત છે તેથી ત્રૈવર્ણિક

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેના અધિકારી હોઈ શકે. બ્રાહ્મણની જેમ જ ક્ષત્રિય અને વૈશ્યનો પણ વિદ્યાભિલાષિત્વ-રૂપ અધિકાર સમાન રીતે હોય જ છે. અને જેમ શૂદ્રની બાબતમાં નિષેધ છે તેમ ક્ષત્રિય અને વૈશ્યની બાબતમાં નિષેધ નથી કે વિદ્યા અર્થે તેઓ યજ્ઞાદિ ન કરી શકે. તેથી અધિકારનો સંકોચ કરવાની આવશ્યકતા નથી. તેમ એ પ્રમાણે કરવા માટે કોઈ પ્રમાણ સાંપડતું નથી. કોઈ શંકા કરે કે 'બ્રાહ્મણ' પદનો પ્રયોગ જ બતાવે છે કે આ અપવાદ છે તેથી વિદ્યાને માટે યજ્ઞાદિ બ્રાહ્મણ જ કરી શકે, ક્ષત્રિય કે વૈશ્ય નહિ—તો તેનો ઉત્તર છે કે વિધિની સાથે કોઈ સંસર્ગ વિના જે 'બ્રાહ્મણ'પદનો સમભિવ્યાહાર છે તેનાથી આ સિદ્ધ થઈ શકે નહિ. ઉદ્દેશ્યના સમર્પક તરીકે કે વિધેયના સમર્પક તરીકે 'બ્રાહ્મણ' પદ વિધિવાક્યના અર્થના અન્વયનો બોધ કરાવવામાં ઉપયોગી નથી.

રાજસૂયવાક્યમાં પરિસ્થિતિ જુદી છે. ત્યાં તો રાજસૂયયજ્ઞનું વિધાન એ જ સ્થળે છે; ત્રૈવર્ણિક તેનો અધિકારી છે એવું અન્યત્ર માનેલું નથી તેથી એ યુક્ત છે કે વિધિસંસર્ગહીન હોવા છતાં 'રાજા' પદ સમભિવ્યાહાર માત્રથી રાજા જ તેનો કર્તા છે એવો નિયમ સિદ્ધ કરે. વ્યાખ્યાકાર કહે છે કે શંકા થાય કે ઉક્ત ન્યાયથી તો 'બ્રાહ્મણ' પદ મૂકવાની કોઈ જરૂર જ નહોતી કારણ કે ક્ષત્રિય અને વૈશ્યની જેમ બ્રાહ્મણનો વિદ્યા માટેના કર્મોમાં અધિકાર સિદ્ધ જ છે. આનો ઉત્તર છે કે આ દલીલ બરાબર નથી. વિદ્યા માટેનાં કર્મોમાં બ્રાહ્મણનો મુખ્ય અધિકાર છે એમ જણાવવા માટે 'ब्राह्मण' પદનો પ્રયોગ ઉપપન્ન છે તેથી તે વ્યર્થ છે એવી શંકાને અવકાશ નથી. (૩)

**(४) ननु विद्याधिकारिमात्रोपलक्षणत्वे शूद्रस्यापि विद्यायामर्थित्वादिसम्भवेन तस्यापि विद्यार्थकर्माधिकारप्रसङ्ग इति चेत्, न । 'अध्ययनगृहीतस्वाध्यायजन्यतदर्थज्ञानवत एव वैदिकेष्वधिकारः' इत्यपशूद्राधिकरणे (ब्र. सू. १.३.३४) अध्ययनवेदवाक्यश्रवणादिविधुरस्य शूद्रस्य विद्याधिकारनिषेधात् । 'न शूद्राय मतिं दद्यात्' इति स्मृतेरापाततोऽपि तस्य विद्यामहिमावगत्युपायासम्भवेन तदर्थित्वानुपपत्तेश्च तस्य विद्यायामनधिकारादिति केचित् ॥**

શંકા થાય કે જો વિવિદિષા-વાક્યમાં ('બ્રાહ્મણ' પદ) વિદ્યાધિકારી માત્રનું ઉપલક્ષણ હોય તો શૂદ્રમાં પણ વિદ્યાભિલાષિત્વ આદિનો સંભવ હોવાથી તેનો પણ વિદ્યાને માટેના કર્મમાં અધિકાર (માનવા)નો પ્રસંગ આવશે. આવી શંકા કોઈ કરે તો ઉત્તર છે કે ના. કેમ કે (વિધિવત્) અધ્યયનથી ગૃહીત સ્વાધ્યાયથી ઉત્પન્ન થતું તેના અર્થનું જ્ઞાન જેને હોય તેને જ વૈદિક (કર્મોમાં) અધિકાર છે એમ અપશૂદ્રાધિકરણમાં (ब्र सू. ૧.૩.૩૪) અધ્યયન, વેદવાક્યનું શ્રવણ, આદિ વિનાના શૂદ્રના વિદ્યામાં અધિકારનો નિષેધ છે. અને 'શૂદ્રને (શાસ્ત્રાર્થ) જ્ઞાન આપવું નહિ' એ સ્મૃતિ હોવાથી આપાતતઃ (ઉપર ઉપરથી) પણ તેને માટે વિદ્યાના મહિમાના (અર્થાત્, વિદ્યા નિરતિશય આનંદરૂપ બ્રહ્મપ્રાપ્તિનું સાધન છે તેના) જ્ઞાનના



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાધનનો સંભવ ન હોવાથી, તેનામાં વિદ્યાભિલાષિત્વની ઉપપત્તિ (સંભવ) નથી માટે તેનો વિદ્યામાં અધિકાર નથી (—આ કારણોને લઈને પૂર્વપક્ષીની દલીલ બરાબર નથી) એમ કેટલાક કહે છે.

(વિવરણ : શંકા થાય છે કે જો વિવિદિષા–વાક્યમાંના 'બ્રાહ્મણ' પદને 'વિદ્યાધિકારી'ના અર્થમાં લેવામાં આવે તો વિદ્યાભિલાષા હોવું એ જ વિદ્યામાં અધિકાર માટે પૂરતું છે અને એ શૂદ્રમાં સંભવે છે તેથી ક્ષત્રિયાદિની જેમ શૂદ્રને પણ વિદ્યા માટેના કર્મમાં અધિકાર છે એમ માનવું જ પડશે. આનો ઉત્તર છે કે બ્રહ્મસૂત્રના અપશૂદ્રાધિકરણમાં એવો નિર્ણય કરવામાં આવ્યો છે કે શૂદ્રનો વેદપ્રતિપાદિત સગુણ બ્રહ્મવિદ્યામાં તેમ જ નિર્ગુણબ્રહ્મવિદ્યાના સાધનભૂત વેદાન્તશ્રવણાદિમાં અધિકાર નથી. આને માટે બ્ર. સૂ. શાંકરભાષ્યમાં એવો હેતુ રજૂ કરવામાં આવ્યો છે કે તેણે વેદનું અધ્યયન નથી કર્યું (—અધ્યયન એટલે ઉપનયનાદિ પછી ગુરુ વેદ–પાઠ કરે તેની પાછળ પાછળ પાઠ કરીને વેદ મોઢે કરી લેવા અને તેથી ઉપર ઉપરથી વેદના અર્થનું જ્ઞાન પણ થાય તે). શાંકરભાષ્યમાં એવી શંકા રજૂ કરવામાં આવી છે કે શૂદ્રને વેદના ઉચ્ચારણ, શ્રવણ અને ધારણનો નિષેધ છે તેથી વેદાધ્યયનનો અભાવ હોય તો પણ વેદાર્થજ્ઞ ઉપાસનાદિનું અનુષ્ઠાન તે કેમ ન કરી શકે ? આનો ઉત્તર આપતાં કહ્યું છે કે સ્વાધ્યાયોઽધ્યેતવ્યઃ એ અધ્યયનવિધિથી વેદાર્થનાં અનુષ્ઠાનોમાં વેદજન્ય વેદાર્થજ્ઞાન આવશ્યક જ છે એવો નિયમ કરવામાં આવ્યો છે તેથી વેદાધ્યયન વિનાના શૂદ્રને સગુણ અને નિર્ગુણ વિદ્યા સંબંધી અનુષ્ઠાનોમાં અધિકાર નથી. સમાન પરિસ્થિતિથી વિદ્યા અર્થે કરવાનાં કર્મમાં પણ શૂદ્રનો અધિકાર નથી. શંકા થાય કે વેદોક્ત યજ્ઞાદિમાં અધિકાર ન હોય તો પણ વિદ્યાકામના હોય તો શૂદ્ર વિદ્યા અર્થે કર્મોનું અનુષ્ઠાન કરી શકે. તેનો ઉત્તર આપતાં કહ્યું છે કે શૂદ્રમાં વિદ્યાકામના જ સંભવતી નથી તેથી વિદ્યા અર્થે કર્મોના અનુષ્ઠાનનો પ્રશ્ન જ નથી. આ એક મત છે. હવે બીજો મત રજૂ કરશે.

<u>अन्ये</u> त्वाहुः—शूद्रस्याप्यस्त्येव विद्यार्थकर्माधिकारः । तस्य वेदानुवचनाग्निहोत्राद्यसम्भवेऽपि कण्ठोक्तसर्ववर्णाधिकारश्रीपञ्चाक्षरमन्त्रराजविद्यादिजपपापक्षयहेतुतपोदानपाकयज्ञादिसम्भवात्, 'वेदानुवचनेन यज्ञेन दानेन' इत्यादिपृथक्कारकविभक्तिश्रुतेः विधुरादीनां विद्यार्थजपदानादिमात्रानुष्ठानानुमतेश्च वेदानुवचनादिसमुच्चयानपेक्षणात् ।

જ્યારે બીજા કહે છે—શૂદ્રને પણ વિદ્યા અર્થે કરવાનાં કર્મમાં અધિકાર છે જ. તેની બાબતમાં વેદાનુવચન, અગ્નિહોત્ર આદિનો સંભવ ન હોવા છતાં જેમાં સર્વ વર્ણોનો અધિકાર કંઠથી (સાક્ષાત્) કહ્યો છે તેવા શ્રીપંચાક્ષરરૂપ મંત્રરાજ વિદ્યા આદિના જપ અને પાપક્ષયનાં હેતુભૂત, તપ, દાન, પાકયજ્ઞાદિનો સંભવ હોવાથી, અને 'વેદાનુવચનથી' 'યજ્ઞથી', 'દાનથી' ઇત્યાદિ કારકવિભક્તિના જુદા જુદા શ્રવણથી, અને વિધુર આદિની બાબતમાં વિદ્યાને માટે જપ, દાનાદિ માત્રના અનુષ્ઠાનની અનુમતિ હોવાથી વેદાનુવચન આદિના સમુચ્ચયની જરૂર નથી તેથી (શૂદ્રને પણ વિદ્યા અર્થે કરવાનાં કર્મમાં અધિકાર છે જ).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિવરણ : 'શૂદ્રને પણ વિદ્યા માટે કરવાનાં કર્મમાં અધિકાર પ્રસક્ત થશે'—એને ઇષ્ટાપત્તિ માનીને ઉક્ત આક્ષેપનું સમાધાન અન્ય કેટલાક વિચારક કરે છે. શૂદ્રોની બાબતમાં વેદાનુવચન, અગ્નિહોત્રાદિ સંભવતાં ન હોય તો પણ જેમાં સર્વનો અધિકાર સ્પષ્ટ શબ્દોમાં કહ્યો છે તેવા શીઘ્રપંચાક્ષરરૂપ મંત્રરાજવિદ્યા, અને બીજા આગમિક અને પૌરાણિક મંત્રોના જપ અને પાપનો ક્ષય કરનાર તપ, દાન, પાકયજ્ઞ, દ્વિજશુશ્રૂષા, નામકીર્તન, સ્નાનાદિમાં તો તેનો અધિકાર સંભવે જ છે. બ્રહ્મોત્તરખંડમાં કહ્યું છે :

'किं तस्य बहुभिर्मन्त्रैः किं तीर्थैः किं तपोऽध्वरैः ।
यस्यों नमःशिवायेति मन्त्रो हृदयगोचरः ॥
मन्त्राधिराजराजोऽयं सर्ववेदान्तशेखरः ।
सर्वज्ञाननिधानं च सोऽयं शैवषडक्षरः ॥
प्रणवेन विना मन्त्रः सोऽयं पञ्चाक्षरः स्मृतः ।
स्त्रीभिः शूद्रैश्च सङ्कीर्णैर्धार्यते मुक्तिकाङ्क्षिभिः ॥

(જેના હૃદયમાં ૐ નમઃ શિવાય એ મંત્ર હોય તેને અનેક મંત્રો, તીર્થો, તપ અને યજ્ઞની શી જરૂર. જે મંત્રોનો અધિરાજ છે, જે સર્વ વેદાન્તનો મૂર્ધન્ય છે, જે સર્વ જ્ઞાનનો ખજાનો છે તે આ છ અક્ષરોવાળો શૈવ મંત્ર. પ્રણવ (ૐ કાર) વિના તે પાંચ અક્ષરવાળો મનાય છે, અને મુક્તિની આકાંક્ષા રાખનાર સ્ત્રીઓ, શૂદ્રો તથા સંકીર્ણ જાતિના લોકોથી તેનું ધ્યાન ધરવામાં આવે છે.)

શંકા થાય કે વિવિદિષા-વાક્યનું શૂદ્ર સહિત સર્વ વર્ણોના ધર્મોનું પ્રતિપાદન કરવાનું તાત્પર્ય હોય તો પણ યજ્ઞાદિનું એક વાક્યમાં ગ્રહણ છે તેથી તેમનો સમુચ્ચય વિદ્યાનું સાધન છે એમ જણાય છે. પણ શૂદ્રની બાબતમાં યજ્ઞાદિ-સમુચ્ચયનો બાધ થયેલો છે તો પછી શૂદ્રનો વિદ્યા માટેનાં કર્મમાં અધિકાર કેવી રીતે હોઈ શકે ? આ શંકાનો ઉત્તર છે કે વેદાનુવચનેન, યજ્ઞેન ઇત્યાદિ દરેકને અલગ અલગ કારક વિભક્તિ લગાડી છે તેથી પ્રત્યેક સાધન છે એમ પ્રતીત થાય છે અને સમુચ્ચયની અપેક્ષા નથી. જો સમુચ્ચય વિવક્ષિત હોત તો વેદાનુવચનયજ્ઞદાનતપોભિર્વિવિદિષન્તિ એમ વાક્ય હોત. અથવા અલગ અલગ વિભક્તિ હોત તો પણ પ્રત્યેક પદાર્થ સાથે च નો પ્રયોગ સમુચ્ચય બતાવવા માટે હોત—વેદાનુવચનેન च यज्ञेन च दानेन च तपसा च; પણ એમ નથી. તેથી શૂદ્રને વેદાનુવચનનો અધિકાર ન હોય તો પણ વિદ્યાને માટે જપ, દાન વગેરે તો એ કરી જ શકે.

न च शूद्रस्य विद्यायामर्थित्वासम्भवः । 'श्रावयेच्चतुरो वर्णान् कृत्वा ब्राह्मणमग्रतः ।' इतीतिहासपुराणश्रवणे चातुर्वर्ण्याधिकारस्मरणेन पुराणाद्यवगतविद्यामाहात्म्यस्य तस्यापि तदर्थित्वसम्भवात् । 'न शूद्राय मतिं दद्यात्' इति स्मृतेश्च तदनुग्रहानुपयोग्यग्निहोत्रादिकर्मज्ञानदान-निषेधपरत्वात् । अन्यथा तस्य स्ववर्णधर्मस्याप्यवगमानुपपत्त्या 'शूद्रश्चतुर्थो वर्ण एकजातिस्तस्यापि सत्यमक्रोधः शौचमाचमनार्थे पाणिपादक्षालनमेवैके श्राद्धकर्म भृत्यभरणं स्वदारतुष्टिः परिचर्या चोत्तरेषाम्' इत्यादितद्धर्मविभाजकवचनानामननुष्ठानलक्षणाप्रामाण्यापत्तेः ।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને શૂદ્રને વિદ્યામાં અભિલાષિત્વ સંભવતું નથી એમ નહીં કહી શકાય, કારણ કે 'બ્રાહ્મણને આગળ કરીને ચાર વર્ણોને (પુરાણ આદિ) સંભળાવે' (—જો ક્ષત્રિય આદિને પુરાણ આદિ સંભળાવવાનાં હોય તો બ્રાહ્મણને આગળ કરીને સંભળાવે—) એ પ્રમાણે ઇતિહાસ, પુરાણના શ્રવણમાં ચારેય વર્ણોના અધિકાર અંગે સ્મૃતિવચન હોવાથી જેને પુરાણાદિથી વિદ્યાનું માહાત્મ્ય (—કે વિદ્યા બ્રહ્મપ્રાપ્તિનું સાધન છે—) જ્ઞાત થયું છે તે (શૂદ્ર)ની બાબતમાં પણ તેને (વિદ્યાને વિષે અભિલાષા સંભવે છે. અને 'શૂદ્રને (શાસ્ત્રાર્થ)જ્ઞાન આપવું નહીં' એ સ્મૃતિ તેના અનુષ્ઠાનમાં ઉપયોગી નહિ એવા અગ્નિહોત્ર આદિ કર્મના જ્ઞાનના દાનના નિષેધપરક છે. અન્યથા (—અર્થાત્ સંપૂર્ણ શાસ્ત્રવિષયક જ્ઞાનના નિષેધપરક હોત તો—) તેને પોતાના વર્ણના ધર્મના જ્ઞાનના સાધનનો સંભવ ન રહેવાથી 'શૂદ્ર ચોથો વર્ણ છે, તેનો એક જન્મ છે (કેમ કે ઉપનયનરૂપ બીજો જન્મ તેને નથી)+, તેને પણ સત્ય, ક્રોધ, શુદ્ધતા; આચમનના સ્થાનમાં હાથ-પગનું પ્રક્ષાલન જ એમ કેટલાક માને છે, શ્રાદ્ધકર્મ, નોકરનું ભરણ પોષણ, પોતાની પત્નીને સંતુષ્ટ રાખવી અને ઉપરનાંઓ (દ્વિજ, બ્રાહ્મણાદિ ત્રણ વર્ણ)ની સેવા' ઇત્યાદિ તેના ધર્મનું વિભાજન કરનાર વચનોનું અનનુષ્ઠાનરૂપ અપ્રામાણ્ય પ્રસક્ત થાય.

વિવરણ : શૂદ્રને ઉપરછલ્લી રીતે પણ વિદ્યાના મહિમાનું જ્ઞાન થાય તેવા કોઈ સાધનનો સંભવ નથી તેથી વિદ્યાભિલાષિત્વરૂપ તેનો અધિકાર સંભવતો નથી એમ જે વાંધો રજૂ કરવામાં આવ્યો હતો તેનું અહીં ખંડન કર્યું છે. સ્મૃતિવચન પ્રમાણે શૂદ્રને ઇતિહાસ, પુરાણના શ્રવણનો અધિકાર છે જ. તેથી 'न शूद्राय मतिं दद्यात्' એ નિષેધવચનના અર્થનો સંકોચ કરવો જોઈએ—તેના અનુષ્ઠાનમાં ઉપયોગી નહિ એવા અગ્નિહોત્રાદિ કર્મ અંગે જ્ઞાન આપવું નહિ. જો સર્વ શાસ્ત્રાર્થજ્ઞાનના દાનનો નિષેધ હોત તો શૂદ્રને પોતાની મેળે પુરાણાદિપઠનનો નિષેધ હોવાથી જો અને બીજાઓ પાસેથી પણ પુરાણ આદિનું શ્રવણ પ્રાપ્ત ન થતું હોય તો તેને પોતાના ધર્મનું જ્ઞાન પણ ન સંભવે અને એ જ્ઞાનના અભાવે જો એ પોતાના ધર્મનું આચરણ ન કરે તો તે ધર્મનું વિધાન કરનાર વચન અપ્રમાણ બને. અને એક વાર એમ માની લઈએ કે શાસ્ત્રાર્થજ્ઞાનમાત્રના દાનનો નિષેધ છે તો પણ

"वृद्धौ च मातापितरौ भार्या साध्वी सुतः शिशुः ।
अप्यकार्यशतं कृत्वा भर्तव्या मनुरब्रवीत् ॥

(મનુએ કહ્યું કે નહીં કરવા જેવાં સો કામ કરીને પણ વૃદ્ધ માતા, સતી સ્ત્રી અને બાળ એવા પુત્રનું ભરણપોષણ કરવું જોઈએ) એ વચન બતાવીને જે બ્રાહ્મણો માતા-પિતા આદિના ભરણપોષણ માટે અર્થલાભ ખાતર શૂદ્રો આગળ પુરાણ આદિનો પાઠ કરવામાં પ્રવૃત્ત થાય છે તેમની પાસેથી શૂદ્રને વિદ્યાના મહાત્મ્યનું અને પોતાના ધર્મોનું જ્ઞાન સંભવે છે તેથી કોઈ અનુપપત્તિ નથી.

---

+ જુઓ મનુસ્મૃતિ. ૧૦.૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

न चैवं सत्यपशूद्राधिकरणस्य (ब्र. सू. १.३.३४–३८) निर्विषयत्वम्, तस्य—'न शूद्रे पातकं किञ्चित् न च संस्कारमर्हति' (मनुस्मृति १९.१२) इत्यादिस्मृतेर्गुरूपसदनाख्यविद्याङ्गोपनयनसंस्कारविधुरस्य शूद्रस्य सगुणविद्यासु निर्गुणविद्यासाधनवेदान्तश्रवणादिषु चाधिकारनिषेधपरत्वाद् निर्गुणविद्यायां शूद्रस्यापि विषयसौन्दर्यप्रयुक्तार्थित्वस्य निषेद्धुमशक्यत्वात् । अविधेयायां च तस्यां तदतिरिक्ताधिकाराप्रसक्त्या तन्निषेधायोगाच्च ।

એવી દલીલ બરાબર નથી કે આમ હોય તો (—અર્થાત્ શૂદ્રનો પણ વિદ્યાને માટેના કર્મમાં અધિકાર સ્વીકારવામાં આવે તો—) અપશૂદ્રાધિકરણનો (બ્ર. સૂ. ૧.૩ ૩૪–૩૮) વિષય છીનવાઈ જાય, કારણ કે તે અધિકરણનું 'શૂદ્રને (અભક્ષ્યભક્ષણ આદિથી) પાપ નથી, તેમ તેને (ગુરૂપસદન આદિ) સંસ્કાર નથી હોતો' એ સ્મૃતિથી ગુરૂપસદન નામના વિદ્યાના અંગભૂત ઉપનયન સંસ્કાર વિનાના શૂદ્રના સગુણ વિદ્યાઓમાં અને નિર્ગુણ વિદ્યાના સાધનભૂત વેદાન્ત–શ્રવણ આદિના અધિકારના નિષેધમાં તાત્પર્ય છે, તેથી નિર્ગુણ વિદ્યામાં વિષયના સૌન્દર્યથી પ્રયુક્ત અભિલાષિત્વનો શૂદ્રની બાબતમાં નિષેધ કરી શકાય નહિ. અને તે (નિર્ગુણ વિદ્યા) વિધેય ન હોવાથી તે (અભિલાષિત્વ)થી અતિરિક્ત અધિકારની પ્રસક્તિ નથી માટે તેનો નિષેધ કરી શકાય નહિ.

**વિવરણ :** બ્રહ્મસૂત્રના અપશૂદ્રાધિકરણનું તાત્પર્ય શૂદ્રના અધિકારનો નિષેધ કરવાનું છે તેથી તેનો અધિકાર સ્વીકારવામાં આવે તો આ અધિકરણને કશું કહેવાનું જ ન રહે, તે વ્યર્થ બની જાય—એવી દલીલ બરાબર નથી. એ સાચું છે કે એ અધિકરણ શૂદ્રના અધિકારના નિષેધપરક છે; પણ તે વિદ્યા માટેના કર્મોના અધિકારનો નિષેધ નથી કરતું. તે નિષેધ કરે છે વેદાન્ત–શ્રવણાદિના અધિકારનો. સ્મૃતિ પ્રમાણે શૂદ્રને અભક્ષ્યભક્ષણ આદિને કારણે કોઈ પાપ નથી, તેમ તેને કોઈ સંસ્કાર નથી હોતો. સંસ્કાર બે પ્રકારના છે—અધ્યયનના અંગભૂત ઉપનયનરૂપ અને વિદ્યાના અંગભૂત ઉપનયનરૂપ. શિષ્ય તરીકે સ્વીકારીને પોતાની પાસે સ્થાપવારૂપ જે વિદ્યાનો અંગભૂત ઉપનયન સંસ્કાર આચાર્ય કરે છે તે શિષ્યે કરેલા ગુરૂપસદન (ગુરુની પાસે જવું તે) પૂર્વક હોય છે તેથી એમ કહ્યું છે કે 'ગુરૂપસદન નામનો વિદ્યાનો અંગભૂત ઉપનયન સંસ્કાર'. तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत् (મુંડક ઉપ ૧ ૨.૧૨) (બ્રહ્મને જાણવા માટે તેણે ગુરુની જ પાસે જવું જોઈએ) ઇત્યાદિથી 'ગુરૂપસદન સંસ્કાર વિદ્યાના અંગ તરીકે વિહિત છે, અને तं होपनिन्ये (શતપથ બ્રાહ્મણ ૧૧.૫.૩.૧૩) ઇત્યાદિ શ્રુતિથી ઉપનયન વિદ્યાના અંગ તરીકે પ્રતીત થાય છે—વિદ્યાના અભિલાષી તેનું ગુરુએ ઉપનયન કર્યું' એવો શ્રુતિનો અર્થ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શંકા થાય કે અપશૂદ્રાધિકરણ જેમ શ્રુતિમાં પ્રતિપાદિત સગુણ ઉપાસનાઓમાં, તેમ જ નિર્ગુણ બ્રહ્મવિદ્યાનાં સાધનભૂત વેદાન્તશ્રવણાદિમાં શૂદ્રના અધિકારનો નિષેધ કરે છે તેમ નિર્ગુણ વિદ્યામાં પણ તેના અધિકારનો નિષેધ કરે છે એમ કેમ ન માની શકાય? કારણ કે એક નિષેધ કરે છે પણ બીજો નથી કરતું એમ નક્કી કરવા માટે કોઈ સાધન નથી. અને જો નિર્ગુણવિદ્યામાં અધિકાર ન હોય તો તેનાં સાધનભૂત કર્મોમાં પણ શૂદ્રનો અધિકાર સિદ્ધ ન થાય. આ શંકાનું સમાધાન એ છે કે બ્રહ્મવિદ્યારૂપ વિષયનું સૌંદર્ય, તેનું મુક્તિનું સાધન હોવું તે, —તેના જ્ઞાનથી પ્રયુક્ત થયેલા વિદ્યામાં અભિલાષિત્વરૂપ અધિકારનો તે અધિકરણના ન્યાયથી નિષેધ કરી શકાય નહિ. ફરી શંકા થાય કે શૂદ્રનો વિદ્યામાં અભિલાષિત્વરૂપ અધિકાર હોવા છતાં પણ તેનાથી અતિરિક્ત અધીતવેદત્વ (વેદનું અધ્યયન કરેલું હોવું) ઇત્યાદિરૂપ અન્ય વિશેષણ ન હોવાથી તે શૂદ્રનો વિદ્યામાં અધિકાર કેવી રીતે હોઈ શકે? આ શંકાનું સમાધાન કરતાં કહ્યું છે કે સ્વર્ગના અનુભવની જેમ બ્રહ્માનન્દાનુભવરૂપ નિર્ગુણવિદ્યા ફળરૂપ છે તેથી તે વિધેય નથી કારણ કે ફળ વિધેય નથી હોતું (યત્ન કરો એમ કહેવાય પણ તેના ફળરૂપ સ્વર્ગ કરો એમ વિધિ સંભવે નહિ). આમ જેમ સ્વર્ગાનુભવ આદિ ફળમાં તેના અભિલાષી હોવું એ જ માત્ર અધિકાર છે, તેમ નિર્ગુણબ્રહ્મવિદ્યામાં પણ તેના અભિલાષી હોવું એ જ અધિકાર છે અને તેનો નિષેધ કરી શકાય નહિ. વિધેય એવી ઉપાસના આદિમાં જ પૂર્વોક્ત અધિકારીના અન્ય વિશેષણની અપેક્ષાનું નિરૂપણ શાસ્ત્રમાં કર્યું છે તેથી ઉપાસનાનું દૃષ્ટાન્ત બરાબર નથી એવો ભાવ છે.

न च तस्य वेदान्तश्रवणासम्भवे विद्यार्थकर्मानुष्ठानसम्भवेऽपि
विद्यानुत्पत्तेस्तस्य तदर्थकर्मानुष्ठानं व्यर्थमिति वाच्यम् । तस्य वेदान्त-
श्रवणाधिकाराभावेऽपि भगवत्पादैः— " 'श्रावयेच्चतुरो वर्णान्' इति
चेतिहासपुराणाधिगमे चातुर्वर्ण्याधिकारस्मरणाद् वेदपूर्वस्तु नास्त्यधिकारः
शूद्राणामिति स्थितम्" इति अपशूद्राधिकरणोपसंहारभाष्ये (ब्र. सू. शा. भ.
१.३.३८) ब्रह्मात्मैक्यपरपुराणादिश्रवणे विद्यासाधनेऽधिकारस्य दर्शित-
त्वात् । विद्योत्पत्तियोग्यविमलदेवशरीरनिष्पादनद्वारा मुक्त्यर्थत्वं भविष्यतीति
त्रैवर्णिकानां क्रममुक्तिफलकसगुणविद्यार्थकर्मानुष्ठानवद् वेदान्तश्रवणयोग्य-
त्रैवर्णिकशरीरनिष्पादनद्वारा विद्योत्पत्त्यर्थत्वं भविष्यतीति शूद्रस्य विद्यार्थ-
कर्मानुष्ठानाविरोधाच्च । तस्माद्विविदिषावाक्ये ब्राह्मणपदस्य यथाप्राप्त-
विद्याऽधिकारिमात्रविषयत्वेन शूद्रस्यापि विद्यार्थकर्माधिकारः
सिध्यत्येवेति ॥४॥

અને એવી દલીલ કરી શકાય નહિ કે તેને (શૂદ્રને) વેદાન્તના શ્રવણનો સંભવ ન હોતાં વિદ્યાને માટે કર્મના અનુષ્ઠાનનો સંભવ હોવા છતાં પણ વિદ્યાની ઉત્પત્તિ નહીં થાય, તેથી તેને (વિદ્યાને) માટે કર્મોનું અનુષ્ઠાન વ્યર્થ છે. (આ દલીલ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બરાબર નથી) કારણ કે તેનો વેદાન્તના શ્રવણનો અધિકાર ન હોવા છતાં 'ચારેય વર્ણોને (ઇતિહાસ પુરાણ) સંભળાવવાં' એમ ઇતિહાસ-પુરાણના જ્ઞાનમાં ચારેય વર્ણના અધિકાર અંગે સ્મૃતિવચન હોવાથી વેદપૂર્વક જ (શ્રવણનો) અધિકાર શૂદ્રને નથી એમ અપશૂદ્રાધિકરણના ઉપસંહાર-ભાષ્યમાં (બ્રહ્મસૂત્રશાંકરભાષ્ય ૧.૩.૩૮) બ્રહ્મ અને આત્મા (જીવ)ના ઐક્યપરક પુરાણ આદિનું શ્રવણ જે વિદ્યાનું સાધન છે, તેમાં અધિકાર ભગવત્પાદે (શંકરાચાર્યે) બતાવ્યો છે. અને વિદ્યાની ઉત્પત્તિને યોગ્ય શુદ્ધ દેવ-શરીરના ઉત્પાદન દ્વારા મુક્તિને માટે ઉપયોગી થશે માટે જેમ ત્રણ વર્ણોનું ક્રમમુક્તિ જેનું ફળ છે એવી સગુણ વિદ્યાને માટે કર્માનુષ્ઠાન થાય છે, તેમ વેદાન્ત–શ્રવણને યોગ્ય ત્રૈવર્ણિક-(બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્યના) શરીરના ઉત્પાદન દ્વારા વિદ્યાને માટે ઉપયોગી થશે માટે શૂદ્રના વિદ્યા અર્થે કર્માનુષ્ઠાનમાં વિરોધ નથી, તેથી વિવિદિષા-વાક્યમાં 'બ્રાહ્મણ' પદ યથાપ્રાપ્ત વિદ્યાધિકારી વિષયક હોવાથી શૂદ્રનો પણ વિદ્યા અર્થે કરવાનાં કર્મમાં અધિકાર સિદ્ધ થાય જ છે. (૪)

**વિવરણ :** અહીં એ બતાવવા પ્રયત્ન કર્યો છે કે શંકરાચાર્ય અનુસાર શૂદ્રને વેદાન્તના શ્રવણનો અધિકાર ન હોવા છતાં બ્રહ્મ અને આત્માના ઐક્યનું પ્રતિપાદન કરનાર પુરાણ આદિના શ્રવણમાં તો તેને પણ અધિકાર છે તેથી તેને પણ વિદ્યાની ઉત્પત્તિ સંભવે છે.

વ્યાખ્યાકાર કૃષ્ણાનંદ વિવેચન કરતાં કહે છે કે श्रावयेच्चतुरो वर्णान् એ સ્મૃતિ-વચનથી શૂદ્રને પુરાણાદિ શ્રવણ અંગે પરવાનગી હોય તો પણ મનન અને નિદિધ્યાસન અંગે પરવાનગી નથી તેથી તેની બાબતમાં મનન આદિનું અનુષ્ઠાન સિદ્ધ થતું નથી. મનન આદિ શ્રવણનાં અંગભૂત છે તેથી જુદી પરવાનગીની જરૂર નથી એવી દલીલ કરી શકાય નહિ. પ્રયાજ આદિ શેષ છે અને દર્શપૂર્ણમાસ આદિ શેષી છે એમ જણાવતાં પ્રમાણ મળે છે તેવાં પ્રમાણ મનનાદિને શ્રવણનાં અંગભૂત માનવા માટે મળતાં નથી માટે તેમ કહેવામાં આવે છે તે માત્ર ઔપચારિક વ્યવહાર છે તેથી શૂદ્ર પુરાણ આદિના અદ્વૈતપરક ભાગનું શ્રવણ કરે તો પણ તેની બાબતમાં વિદ્યાની ઉત્પત્તિ સંભવતી નથી, તેથી વિદ્યા અર્થે કર્માનુષ્ઠાન વ્યર્થ છે એ જે દોષ બતાવ્યો તે જેવોને તેવો ઊભો રહે છે — એ અસ્વરસથી (—મનમાં વાત બેસતી ન હોવાથી) વિદ્યાની ઉત્પત્તિને યોગ્ય...' કહ્યું છે. અથવા 'इतिहास-पुराणाभ्यां वेदं समुपबृंहयेत्'—'ઇતિહાસ અને પુરાણથી વેદનું ઉપબૃંહણ (સમર્થન, તેના અર્થ અંગે નિશ્ચય) કરવું' એ વચનથી ઇતિહાસ આદિમાં બ્રહ્માત્મૈક્યપરક ભાગ છે તે વેદાંત–શ્રવણથી ઉત્પન્ન કરવામાં આવતા વેદાન્તના અર્થના જ્ઞાનને ઉપકારક છે એટલું જ જ્ઞાત થાય છે; પણ તેનાથી એવા નિશ્ચય પર આવી શકાય નહીં કે વેદાંત–શ્રવણની અપેક્ષા રાખ્યા વગર ઇતિહાસ આદિમાંનો બ્રહ્માત્મૈક્યપરક ભાગ બ્રહ્માત્મૈક્યના જ્ઞાનને ઉત્પન્ન કરી શકે છે આમ માનીએ તો જ એ વચનો પૂર્વાર્ધ—'बिभेत्यल्पश्रुताद्वेदो मामयं प्रतरिष्यति' (અલ્પ શ્રવણવાળાથી વેદ ડરે છે કે એ મને છેતરશે) સંગત બને છે આ વચનનો અર્થ એવો છે કે જેણે અલ્પ, અર્થાત્ વેદમાત્રનું, શ્રવણ કર્યું છે તે અલ્પશ્રુત માણસથી તેનાથી શ્રુત વેદ ગભરાય છે કે એ મારી વિચારરૂપ મીમાંસામાં ન્યાયાભાસત્વ આદિની શંકા કરીને મારો ભળતો જ અર્થ કરશે. તેથી ઇતિહાસપુરાણના મીમાંસાનુસારી વચનોથી સમર્થિત

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થ તેમાં રહેલો છે એવો નિશ્ચય કરીને મીમાંસાથી નક્કી કરેલા અર્થમાં જ વેદની સ્થાપના કરવી જોઈએ.

આનો નિષ્કર્ષ એ છે કે વેદાન્તના શ્રવણ વિનાનો શૂદ્ર વેદાન્તના અર્થના ઉપબૃંહણરૂપ બ્રહ્મૈકપરક ઇતિહાસ આદિના શ્રવણમાં પ્રવૃત્ત થાય તો પણ તેને વિદ્યા ઉત્પન્ન થતી નથી. 'श्रावयेच्चतुरो वर्णान्' એ વચન પણ શૂદ્રને અદ્વૈતપરક પુરાણ આદિના શ્રવણ અંશમાં પરવાનગી આપે છે તે એને અદૃષ્ટાર્થ (તેનાથી અદૃષ્ટ ઉત્પન્ન થાય છે એમ) માનીને. બ્રહ્મસૂત્રના અપશૂદ્રાધિકરણભાષ્યમાં શૂદ્રના અદ્વૈતપરક પુરાણ આદિના શ્રવણમાં અધિકારનું પ્રતિપાદન છે તે 'बिभेत्यल्पश्रुता...' એ વચન નથી એમ માનીને કર્યું છે તેથી ભાષ્યનો વિરોધ પણ નથી. માટે વિદ્યા જે કેવળ વેદાન્તના શ્રવણથી જ ઉત્પન્ન થઈ શકે તે શૂદ્રની બાબતમાં સિદ્ધ થઈ શકે નહિ એ અસ્વરસથી એમ કહ્યું છે કે 'વિદ્યાની ઉત્પત્તિને યોગ્ય...'. જેમ સગુણવિદ્યા જેનું ફળ ક્રમમુક્તિ છે, તેને માટે કર્મનું અનુષ્ઠાન ત્રૈવર્ણિકો એમ માનીને કરે છે કે આ કર્મ વિદ્યાની ઉત્પત્તિને યોગ્ય શુદ્ધ દેવશરીર ઉત્પન્ન કરશે અને તે દ્વારા મુક્તિ શક્ય બનશે; તેમ આ કર્મો દ્વારા વેદાન્તશ્રવણને યોગ્ય ત્રૈવર્ણિક શરીર ઉત્પન્ન થશે અને તે દ્વારા વિદ્યાની ઉત્પત્તિ શક્ય બનશે એમ માનીને શૂદ્ર વિદ્યા અર્થે કર્મ કરે તો તેમાં કોઈ વિરોધ નથી. વિવિદિષાવાક્યમાં 'બ્રાહ્મણ' પદ બ્રાહ્મણમાત્ર પરક નથી તેમ બધા ત્રૈવર્ણિકપરક નથી પણ વિદ્યાધિકારમાત્ર પરક છે. તેથી શૂદ્ર મારા કરેલાં કર્મોથી વિદ્યાની ઉત્પત્તિ (ત્રૈવર્ણિક શરીરની ઉત્પત્તિદ્વારા) શક્ય બનશે એમ સમજીને વિદ્યા અર્થે કર્મ કરે તો કોઈ વિરોધ નથી.

વ્યાખ્યાકાર કૃષ્ણાનંદ કહે છે કે વાર્તિકમાં 'બ્રાહ્મણ' પદને દ્વિજના અર્થમાં સમજવાનું કહ્યું છે અને તેને માટે હેતુ રજૂ કર્યો છે કે 'ત્રણેય વર્ણને આત્મજ્ઞાનના સાધનરૂપ કર્મોમાં સરખો અધિકાર છે', તે શૂદ્રને પણ લાગુ પાડી શકાય એવો ભાવ છે. તેથી ઉપર સમજાવ્યા પ્રમાણે (અર્થાત્ કર્મ દ્વારા વિદ્યાને યોગ્ય એવું ત્રૈવર્ણિકનું શરીર પ્રાપ્ત થાય છે. એ દૃષ્ટિએ) શૂદ્રને પણ વિદ્યા અર્થે કર્મમાં અધિકાર છે. (૪)

**(५) नन्वस्तु कर्मणां चित्तशुद्धिद्वारा विद्योपयोगः । सन्न्यासस्य किंद्वारा तदुपयोगः ?**

**केचिदाहुः—विद्योत्पत्तिप्रतिबन्धकदुरितानामनन्तत्वात् किञ्चिद् यज्ञाद्यनुष्ठाननिवर्त्यम्, किञ्चित् सन्न्यासापूर्वनिवर्त्यमिति तन्नैवचित्तशुद्धिद्वारैव सन्न्यासस्यापि तदुपयोगः । तथा च गृहस्थादीनां कैश्चिच्छिद्रेषु श्रवणाद्यनुतिष्ठतां न तस्मिन् जन्मनि विद्यावाप्तिः, किं तु जन्मान्तरे सन्न्यासं लब्ध्वैव । येषां तु गृहस्थानामेव सतां जनकादीनां विद्या विद्यते तेषां पूर्वजन्मनि सन्न्यासाद्विद्याऽवाप्तिः । अतो न विद्यायां सन्न्यासापूर्वव्यभिचारशङ्काऽपीति ।**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૫) શંકા થાય કે કર્મોનો ભલે ચિત્તશુદ્ધિ દ્વારા વિદ્યામાં ઉપયોગ હોય, (પણ) સંન્યાસનો કોના દ્વારા તેમાં ઉપયોગ છે? કેટલાક કહે છે (બ્રહ્મ)વિદ્યાની ઉત્પત્તિમાં પ્રતિબંધક અનેક પાપ છે તેથી કેટલુંક પાપ યજ્ઞાદિના અનુષ્ઠાનથી નિવૃત્ત થઈ શકે છે, કેટલુંક સંન્યાસથી ઉત્પન્ન થયેલા અપૂર્વથી નિવૃત્ત થઈ શકે છે, માટે કર્મની જેમ ચિત્તશુદ્ધિ દ્વારા જ સંન્યાસનો પણ તેમાં ઉપયોગ છે. અને આમ કર્મમાંથી સમય મળતાં (કર્મોની વચ્ચેના ગાળામાં) શ્રવણ આદિનું અનુષ્ઠાન કરતા ગૃહસ્થ આદિને એ જન્મમાં વિદ્યાની પ્રાપ્તિ થતી નથી, પરંતુ બીજા જન્મમાં સંન્યાસ મેળવ્યા પછી જ થાય છે. જ્યારે જે જનક આદિને ગૃહસ્થ રહીને જ વિદ્યા (પ્રાપ્ત) છે, તેમને પૂર્વજન્મમાં સંન્યાસને કારણે વિદ્યા પ્રાપ્ત થઈ છે. તેથી સંન્યાસથી ઉત્પાદિત અપૂર્વનો વિદ્યામાં વ્યભિચાર નથી.

**વિવરણ :** વિદ્યામાં સંન્યાસના ઉપયોગમાં શંકા રજૂ કરીને સમાધાન કર્યું છે. સંન્યાસનો અદૃષ્ટ દ્વારા વિદ્યામાં ઉપયોગ છે કે દૃષ્ટ દ્વારા? પહેલો વિકલ્પ બરાબર નથી કારણ કે વિદ્યામાં પ્રતિબંધક પાપનો યજ્ઞાદિના અનુષ્ઠાનથી ઉત્પાદ્ય અદૃષ્ટથી નાશ કરી દેવામાં આવ્યો છે, તેથ સંન્યાસ-જનિત અપૂર્વથી જેનો નાશ કરવો પડે તેવું પાપ રહ્યું ન હોવાથી સંન્યાસ વ્યર્થ બનશે બીજો વિકલ્પ પણ સ્વીકાર્ય નથી, કારણ કે સંન્યાસથી ઉત્પન્ન થતું દૃષ્ટ દ્વાર જોવામાં નથી આવતું. આ શંકાનું સમાધાન કરતાં કેટલાક પહેલા પક્ષનું સમર્થન કરે છે કે સંન્યાસથી ઉત્પાદ્ય અદૃષ્ટ વિદ્યાની ઉત્પત્તિમાં કારણભૂત છે.

શંકા થાય કે આમ માની શકાય નહિ. કારણ કે સંન્યાસી નહીં એવા કેટલાક વિદ્યાના ઉદ્દેશ્યથી શ્રવણાદિનું અનુષ્ઠાન કરતા જોવામાં આવે છે; અને કેટલાકની બાબતમાં સંન્યાસ વિના જ વિદ્યાનો ઉદય પ્રમાણથી સિદ્ધ છે (—જેમ કે જનકાદિની બાબતમાં). આ શંકાનો ઉત્તર છે કે સંન્યાસનું વિદ્યા પ્રતિ કોઈ દૃષ્ટ દ્વાર દેખાતું નથી તેથી સંન્યાસવિધિથી સિદ્ધ થાય છે કે સંન્યાસ અદૃષ્ટ દ્વારા વિદ્યાની ઉત્પત્તિમાં હેતુભૂત છે. શંકા થાય કે દૃષ્ટ દ્વાર જોવામાં નથી આવતું એમ કહેવું બરાબર નથી, કારણ કે જેનું ચિત્ત લૌકિક વૈદિક વ્યાપારથી વિક્ષિપ્ત હોય તેને માટે (બ્રહ્મ)વિદ્યાનો ઉદય શક્ય નથી તેથી સર્વ કર્મનો સંન્યાસ વિક્ષેપની નિવૃત્તિરૂપ દૃષ્ટ દ્વારા વિદ્યાનો હેતુ બની શકે છે. આ શંકાનું સમાધાન કરતાં કહ્યું છે કે કેટલાક ઉત્કૃષ્ટ કોટિના પુરુષો લૌકિક-વૈદિક કર્મો કરતા હોય ત્યારે પણ દીનતા હર્ષ, ભય, ક્રોધ આદિરૂપ વિક્ષેપની નિવૃત્તિ હોય છે એ અનુભવથી સિદ્ધ છે. તેથી ચિત્તવિક્ષેપની નિવૃત્તિ માટે સંન્યાસની અનિવાર્યતા નથી. આમ સંન્યાસજનિત અપૂર્વ દ્વારા જ વિદ્યાનો ઉદય થાય એમ સિદ્ધ થાય છે. એ અપૂર્વ વિના વિદ્યા સંભવે એવું ક્યારેય થતું નથી, જનક આદિની બાબતમાં પૂર્વજન્મમાં સંન્યાસ દ્વારા વિદ્યાનો ઉદ્ભવ થયો હતો તેથી ગૃહસ્થ હોઈને પણ તેઓને વિદ્યા પ્રાપ્ત હતી; માટે સંન્યાસાપૂર્વ અને વિદ્યોત્પત્તિના અવિનાભાવ સંબંધમાં કોઈ વ્યભિચાર નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अन्ये तु 'शान्तो दान्तः उपरतः' (बृहद्. उप. ४.४.२३) इत्यादिश्रुतौ उपरतशब्दगृहीततया सन्न्यासस्य साधनचतुष्टयान्तर्गतत्वात् 'सहकार्यन्तरविधिः' इति (ब्र. सू. ३.४.४७) सूत्रभाष्ये "तद्वतो विद्यावतः सन्न्यासिनो बाल्यपाण्डित्यापेक्षया तृतीयमिदं मौनं विधीयते । 'तस्माद् ब्राह्मणः पाण्डित्यम्' इत्यादिश्रुतौ ततः प्राग् 'भिक्षाचर्यं चरन्ति' इति सन्न्यासाधिकाराद्" * इति प्रतिपादनात्,

'त्यक्ताशेषक्रियस्यैव संसारं प्रजिहासतः ।
जिज्ञासोरेव चैकात्म्यं त्रय्यन्तेष्वधिकारिता ॥' इति

(सम्बन्धवार्तिक, पृ. १०)

वार्तिकोक्तेश्च सन्न्यासापूर्वस्य ज्ञानसाधनवेदान्तश्रवणाद्यधिकारिविशेषणत्वमिति तस्य विद्योपयोगमाहुः ॥

જ્યારે બીજા કહે છે કે 'શમયુક્ત, દમયુક્ત, ઉપરત (નિત્ય કર્મોના ત્યાગથી યુક્ત)' (બૃહદ્.ઉપ ૪.૪.૨૩) ઇત્યાદિ શ્રુતિમાં 'ઉપરત' શબ્દથી સંન્યાસનું ગ્રહણ હોવાથી સાધનચતુષ્ટયમાં તેનો સમાવેશ છે તેથી 'અન્ય સહકારી (અર્થાત્ મૌન)નું વિધાન છે' એ (બ્રહ્મ)સૂત્રના (૩.૪.૪૭) ભાષ્યમાં " તેવાળા અર્થાત્ વિદ્યાવાળા સંન્યાસીને માટે બાલ્ય અને પાંડિત્યની અપેક્ષાએ આ ત્રીજા (સાધન) મૌનનું વિધાન કરવામાં આવે છે, કારણ કે 'તેથી બ્રાહ્મણે પાંડિત્ય' ઇત્યાદિ શ્રુતિમાં તેની પહેલાં 'ભિક્ષાવૃત્તિનું આચરણ કરે છે' એમ સન્યાસનો અધિકાર છે" એમ પ્રતિપાદન કરવામાં આવ્યું છે અને

" જે સંસારને છોડવા ઇચ્છે છે, જેણે બધી જ ક્રિયાઓનો ત્યાગ કર્યો છે અને જે (જીવ અને બ્રહ્મની) એકતા ને જાણવા ઇચ્છે છે તેને જ વેદાન્તમાં અધિકાર છે" એમ વાર્ત્તિકનું વચન છે. તેથી સંન્યાસજન્ય અપૂર્વ જ્ઞાનના સાધનભૂત વેદાન્તશ્રવણ આદિમાં અધિકારીનું વિશેષણ છે, માટે તેનો (સંન્યાસનો) વિદ્યામાં ઉપયોગ છે (એમ આ બીજાઓ કહે છે)

**વિવરણ** : સન્યાસ અદૃષ્ટ દ્વારા વિદ્યામાં ઉપયોગી છે એ જ પક્ષનું આલંબન લઈને સંન્યાસજન્ય અપૂર્વનો શ્રવણાદિમાં અધિકારીના વિશેષણ તરીકે વિદ્યામાં ઉપયોગ છે એમ પ્રમાણો રજૂ કરીને બતાવ્યું છે. शान्तो दान्त उपरतः तितिक्षुः समाहितः श्रद्धावित्तो भूत्वाऽऽत्मन्येवात्मानं पश्येत् એ શ્રુતિમાં શમ એટલે આન્તર ઇન્દ્રિયોનો નિગ્રહ; દમ એટલે બાહ્ય ઇન્દ્રિયનો નિગ્રહ; ઉપરતિ એટલે નિત્ય કર્મોનો ત્યાગ, તેનાથી યુક્ત તે ઉપરત. તિતિક્ષુ એટલે શીતોષ્ણાદિ દ્વન્દ્વોની બાબતમાં સહિષ્ણુ; સમાહિત એટલે શ્રવણાદિને માટે અપેક્ષિત ચિત્ત–સમાધાનવાળો; શ્રદ્ધાવિત્ત એટલે દેવતા, ગુરુ, વેદાન્તમાં શ્રદ્ધા એ જ જેનું ધન છે તેવો. શમ, દમ ઇત્યાદિથી યુક્ત બનીને આત્મામાં અર્થાત્ કાર્યકારણના (દેહ–ઇન્દ્રિયના) સંઘાતમાં તેના

* બ્ર. સૂ શાંકરભાષ્ય ૩.૪.૪૭માંથી આ શબ્દશઃ ઉદ્ધરણ નથી પણ છૂટાં છૂટાં વાક્યોનો ઉપયોગ કરીને સાર આપ્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાક્ષીરૂપ આત્માને 'હું બ્રહ્મ છું' એમ જોવે—એમ શ્રુતિનો ઉપદેશ છે. શંકા થાય કે 'શાન્ત', દાન્ત' એ બે પદોથી જ કર્મમાત્રનું નિવારણ કર્યું છે તો ઉપરતિના ઉલ્લેખની જરૂર નથી. આ શંકાનું સમાધાન એ છે કે શમ, દમનું વિધાન કરનાર શાસ્ત્ર સામાન્ય શાસ્ત્ર છે, તેનો નિત્યકર્મવિધાયક વિશેષ શાસ્ત્રથી બાધ થઈ શકે. તેથી શમ દમ વિધાયક શાસ્ત્રનો અર્થ નિત્યનૈમિત્તિક કર્મોથી અતિરિક્ત બાહ્ય ઇન્દ્રિય અને અન્તઃકરણના વ્યાપારની નિવૃત્તિ માત્ર પરક તરીકે સંકોચ પામે: અને આમ નિત્ય કર્મોનો ત્યાગ પ્રાપ્ત ન થતો હોવાથી ફરીથી ઉપરતઃ એ શ્રુતિવચનથી નિત્યકર્મના ત્યાગનો બોધ કરાવ્યો છે તેથી એ વચન વ્યર્થ નથી. આમ સંન્યાસનો સમાવેશ સાધનચતુષ્ટયમાં છે. સાધનચતુષ્ટય એટલે નિત્યાનિત્ય-વસ્તુવિવેક, ઐહિક અને આમુષ્મિક (પારલૌકિક) ભોગ પ્રત્યે વૈરાગ્ય, શમ-દમ આદિ છ, અને મુમુક્ષા (મોક્ષની ઇચ્છા). અને એ શ્રવણાદિના અધિકારીનું વિશેષણ છે એમ બ્રહ્મસૂત્રના પ્રથમ સૂત્રમાં સ્થાપિત કર્યું છે.

सहकार्यन्तरविधिः એ સૂત્ર ભાગનો અર્થ છે કે વિદ્યા પ્રતિ અન્ય સહકારી, અન્ય સાધન—મૌનનું વિધાન છે. अथ मुनिः तद्वतः—વિદ્યાવાળા અર્થાત્, શ્રવણાદિના અનુષ્ઠાનને ઉપયોગી આપાત (ઉપરછલ્લા, સામાન્ય) જ્ઞાનવાળા સંન્યાસીને માટે બાલ્ય અને પાંડિત્યની અપેક્ષાએ ત્રીજું એવું જે બ્રહ્મજ્ઞાનનું સાધન—મૌન તેનું વિધાન છે. શંકા થાય કે तद्वतः सहकार्यन्तरविधिः એ સૂત્રમાં સંન્યાસીનો ઉલ્લેખ નથી તો પછી સંન્યાસીની વાત છે એમ કેવી રીતે કહી શકાય તેનો ઉત્તર तस्मात् ब्राह्मणः पाण्डित्यम् એ શ્રુતિમાંથી મળે છે. तस्मात् એટલે ભૂતકાળના બ્રાહ્મણો આપાતતઃ, ઉપરછલ્લી રીતે જીવ બ્રહ્મરૂપ છે એમ જાણીને તે બ્રહ્માત્મતાના સાક્ષાત્કારને માટે વ્યુત્થાન અર્થાત્ સંન્યાસનું ગ્રહણ કરતા તેથી અત્યારના મુમુક્ષુ બ્રાહ્મણે પણ સંન્યાસનું ગ્રહણ કરીને પરમાર્થના સાક્ષાત્કારને માટે પાંડિત્ય આદિનું અનુષ્ઠાન કરવું જોઈએ. પાંડિત્ય એટલે શ્રવણ; મૌન એટલે ધ્યાન. સંન્યાસજનિત અપૂર્વ અધિકારીનું વિશેષણ છે એ માટે વાર્ત્તિકકાર સુરેશ્વરની સંમતિરૂપ બીજો હેતુ–त्यक्ताशेष०. આપ્યો છે (જુઓ सम्बन्धवार्तिक, પૃ. ૧૦—आनन्दाश्रमग्रन्थावलि). તેમાં त्यक्ताशेषक्रियस्य એ વિશેષણ સંન્યાસપરક છે. च શબ્દ સંન્યાસ, મુમુક્ષા અને જિજ્ઞાસાના સમુચ્ચયના અર્થમાં છે તેથી મુમુક્ષુત્વ આદિની જેમ સંન્યાસ પણ વેદાન્તશ્રવણ આદિમાં અધિકારીનું વિશેષણ છે એમ જ્ઞાત થાય છે. સંન્યાસ ત્યાગ પ્રકારની ક્રિયારૂપ હોઈ પોતે સ્વરૂપથી ટકી શકે નહીં તેથી સંન્યાસજનિત અપૂર્વ શ્રવણ આદિના અધિકારીનું વિશેષણ છે એમ સમજવું.

**<u>अपरे</u> तु 'श्रवणाद्यङ्गतयाऽऽत्मज्ञानफलता सन्न्यासस्य सिद्धा'× इति <u>विवरणोक्ते</u>रनन्यव्यापारतया श्रवणादिनिष्पादनं कुर्वतस्तस्य विद्यायामुपयोगः । दृष्टद्वारे सम्भवति अदृष्टकल्पनाऽयोगात् । यदि स्वनलसस्य धीमतः पुरुषधौरेयस्याश्रमान्तरस्थस्यापि कर्मच्छिद्रेषु श्रवणादि संपद्यते, तदा 'चतुर्ष्वाश्रमेषु संन्यासाश्रमपरिग्रहेणैव श्रवणादि निर्वर्तनीयम्' इति नियमोऽभ्युपेय इति ॥५॥**

---

× પ્રકાશાત્મયતિ વિરચિત पञ्चपादिकाविवरण, પૃ. ૧૬૨ (કાશી, ૧૮૯૨).

વળી, બીજા કહે છે કે "શ્રવણાદિનું અંગ હોવાને કારણે સંન્યાસનું ફળ આત્મજ્ઞાન સિદ્ધ થાય છે" એ વિવરણની ઉક્તિ હોવાથી અનન્યવ્યાપાર તરીકે શ્રવણાદિની નિષ્પત્તિ કરતા તે(સંન્યાસ)નો વિદ્યામાં ઉપયોગ છે, કારણ કે દૃષ્ટ દ્વાર સંભવતું હોય ત્યાં સુધી અદૃષ્ટની કલ્પના કરવી બરાબર નથી. જો કોઈ બીજા આશ્રમમાં સ્થિત આળસ વિનાના બુદ્ધિશાળી, ઉત્કૃષ્ટ પુરુષને કર્મોના વચ્ચેના સમયોમાં શ્રવણ આદિ થતા હોય ત્યારે "ચાર આશ્રમોમાં સંન્યાસ આશ્રમનું ગ્રહણ કરીને જ શ્રવણ આદિનું સંપાદન કરવું જોઈએ" એવો નિયમ માનવો જોઈએ. (૫)

વિવરણ : સંન્યાસનો દૃષ્ટ દ્વારથી વિદ્યામાં ઉપયોગ છે એ દ્વિતીય પક્ષનું સમર્થન હવે બતાવે છે—વિવરણની ઉક્તિ ટાંકીને. શંકા થાય કે સંન્યાસ વિદ્યાનું અંગ છે એવો બોધ કરાવનાર શ્રુતિ આદિની જેમ તે શ્રવણાદિનું અંગ છે એવો બોધ કરાવનાર કોઈ પ્રમાણ નથી તેથી વિવરણની ઉક્તિ બરાબર નથી. આનો ઉત્તર છે કે એ ઉક્તિનું તાત્પર્ય એવું છે કે સંન્યાસને કારણે અનન્યવ્યાપાર તરીકે—વિક્ષેપરહિત એક માત્ર વ્યાપાર તરીકે—શ્રવણાદિનું સંપાદન થાય છે; કેટલાક સમય માટે કરવામાં આવેલાં શ્રવણ આદિ વિદ્યાના ઉદય દ્વારા અમૃતત્વનું (મોક્ષનું) સાધન નથી, પણ સર્વદા કરેલું શ્રવણાદિ છે, કારણ કે 'ब्रह्मसंस्थोऽमृतत्वमेति' (છા ઉપ. ૨.૨૩.૧), आसुप्तेरामृतेः कालं नयेद्वेदान्तचिन्तया (સૂતાં સુધી, મરતાં સુધી વેદાન્તવિચારમાં સમય પસાર કરવો) જેવી સેંકડો શ્રુતિ અને સ્મૃતિ છે. આમ અનન્યવ્યાપાર તરીકે શ્રવણાદિના અનુષ્ઠાનનું વિધાન કરનાર શાસ્ત્રને સંન્યાસની અપેક્ષા છે. ગૃહસ્થ વગેરે પોતાના આશ્રમ માટે વિહિત કર્મોમાં રોકાયેલા હોય છે તેથી તેમને માટે સદા શ્રવણાદિના અનુષ્ઠાનનો સંભવ નથી. એ જ રીતે વિદ્યાના સાધન તરીકે સંન્યાસનું વિધાન કરનાર શાસ્ત્રને પણ દ્વાર તરીકે નિરંતર શ્રવણાદિ–અનુષ્ઠાનની અપેક્ષા છે, કારણ કે સંન્યાસ સાક્ષાત્ વિદ્યાનું સાધન નથી. અને દૃષ્ટ દ્વાર સંભવતું હોય ત્યાં સુધી અદૃષ્ટ દ્વારની કલ્પના યોગ્ય નથી. ત્યાં પણ શ્રવણ આદિ તત્ત્વનું વ્યંજક હોવાથી તે અર્થતઃ પ્રધાન છે, જ્યારે સંન્યાસ તત્ત્વનો વ્યંજક ન હોવાથી ગૌણ રહે છે. આમ શ્રવણાદિવિધિ અને સંન્યાસવિધિને પરસ્પર અપેક્ષા છે તેથી તેમની એકવાક્યતા છે અને આ બે વિધિઓથી સંન્યાસરૂપ અંગથી યુક્ત, મનન–નિદિધ્યાસન સહિત શ્રવણનું વિધાન છે. તેથી સિદ્ધ છે કે સંન્યાસ શ્રવણાદિનું અંગ હોવાને કારણે સંન્યાસનું ફળ આત્મજ્ઞાન છે.

અથવા વિવરણની ઉક્તિનો ભાવ એ છે કે શ્રવણવિધિને શ્રવણના સાધન તરીકે વિક્ષેપનિવૃત્તિના હેતુ સંન્યાસની અપેક્ષા છે. વિક્ષિપ્ત ચિત્તવાળાની શ્રવણાદિના અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ સંભવતી નથી; અને ગૃહસ્થ વગેરેને પોતાના આશ્રમનાં કર્મ કરતા હોય તે સિવાયના કાળમાં પણ અનેક વિષયો હોવાથી વિક્ષેપ રહેવાનો જ. વિક્ષેપનિવૃત્તિરૂપ દૃષ્ટ દ્વારથી શ્રવણાદિ શક્ય બનાવીને વિદ્યાનું સંપાદન કરનાર સંન્યાસના વિધાનથી સંન્યાસવિધિ ચરિતાર્થ થઈ શકતો હોય તો એ અદૃષ્ટ દ્વારથી વિદ્યાનાં સાધનરૂપ સંન્યાસનું વિધાન કરનારો હોય એનો સંભવ નથી. આમ, અગાઉ[illegible]નું તેમ શ્રવણાદિના અંગરૂપ હોવાથી તેનું ફળ વિદ્યા છે, અદૃષ્ટ દ્વારથી નહીં એમ [illegible]ય છે. આ અર્થ કરીં તેમાં अनन्यव्यापारतया નો 'વિક્ષેપ-નિવૃત્તિ દ્વારા' એવો અર્થ વિવક્ષિત છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શંકા થાય કે સંન્યાસ વિક્ષેપનિવૃત્તિ દ્વારા શ્રવણાદિનું અંગ બને છે અને એ રીતે વિદ્યાનું સાધન છે એમ કહ્યું છે તે બરાબર નથી કારણ કે સંન્યાસ વિના પણ કેટલાક શ્રવણાદિના અધિકારીમાં વિક્ષેપનિવૃત્તિ સંભવે છે—જો એ વ્યક્તિ આળસ વિનાનો (અર્થાત્ સત્ત્વગુણના પ્રાધાન્યવાળો) બુદ્ધિશાળી (અર્થાત્ વિષયોમાં દોષદર્શનશીલ) અને ઉત્કૃષ્ટ (અર્થાત્ વિષયોમાંથી ઇન્દ્રિયોનો નિગ્રહ કરવામાં સમર્થ) હોય. આવું હોય તો સંન્યાસનું ફળ—વિક્ષેપનો અભાવ—જેમ સંન્યાસથી પ્રાપ્ત છે તેમ સંન્યાસથી અન્ય હેતુથી પણ પ્રાપ્ત છે; તેથી શ્રવણાદિ માટે અપેક્ષિત વિક્ષેપ-નિવૃત્તિ પ્રતિ જેનું વિધાન કરવાધાર્યું છે તે સંન્યાસ પક્ષમાં પ્રાપ્ત છે, અને પક્ષમાં અપ્રાપ્ત છે એમ માનવું જોઈએ. આ શંકાનું સમાધાન એ છે કે આવું જો હોય તો સંન્યાસ આશ્રમ અંગેનો વિધિ અપૂર્વવિધિ નથી પણ નિયમવિધિ છે એમ સમજવું (૫)

(६) नन्वस्मिन् पक्षद्वये क्षत्त्रियवैश्ययोः कथं वेदान्तश्रवणाद्यनुष्ठानम्, सन्न्यासस्य ब्राह्मणाधिकारित्वाद् 'ब्राह्मणो निर्वेदमायाद्', 'ब्राह्मणो व्युत्थाय', 'ब्राह्मणः प्रव्रजेद्' इति सन्न्यासविधिषु ब्राह्मणग्रहणात्।

'अधिकारिविशेषस्य ज्ञानाय ब्राह्मणग्रहः।
न सन्न्यासविधिर्यस्माच्छ्रुतौ क्षत्रियवैश्ययोः॥' इति

वार्त्तिकोक्तेश्चेति चेत्,

अत्र केचित्—'यदि वेतरथा ब्रह्मचर्यादेव प्रव्रजेद् गृहाद्वा वनाद्वा (जाबाल ४) इत्याद्यविशेषश्रुत्या,

'ब्राह्मणः क्षत्रियो वापि वैश्यो वा प्रव्रजेद् गृहात्।
त्रयाणामपि वर्णानाममी चत्वार आश्रमाः॥'

इति स्मृत्यनुगृहीततया क्षत्रियवैश्ययोरपि सन्न्यासाधिकारसिद्धेः श्रुत्यन्तरेषु ब्राह्मणग्रहणं त्रयाणामुपलक्षणम्। अत एव वार्त्तिकेऽपि 'अधिकारिविशेषस्य' इति श्लोकेन भाष्याभिप्रायमुक्त्वा—

'त्रयाणामविशेषेण सन्न्यासः श्रूयते श्रुतौ।
यदोपलक्षणार्थं स्याद् ब्राह्मणग्रहणं तदा॥'

इत्यनन्तरश्लोकेन स्वमते क्षत्रियवैश्ययोरपि सन्न्यासाधिकारो दर्शित इति तयोः श्रवणाद्यनुष्ठानसिद्धिं समर्थयन्ते।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૯) શંકા થાય કે આ બન્ને પક્ષમાં (—સંન્યાસને અધિકારીનું વિશેષણ માનનાર પક્ષમાં અને તેને શ્રવણાદિનું અંગ માનનાર પક્ષમાં—) ક્ષત્રિય અને વૈશ્યનું વેદાન્તના શ્રવણાદિનું અનુષ્ઠાન કેવી રીતે હોઈ શકે? કારણ કે સંન્યાસનો બ્રાહ્મણ અધિકારી છે, કેમ કે 'બ્રાહ્મણ વૈરાગ્ય પ્રાપ્ત કરે (–અર્થાત્ વૈરાગ્યપૂર્વક સંન્યાસ કરે).' 'બ્રાહ્મણે સંન્યાસ ગ્રહણ કરીને', 'બ્રાહ્મણ પ્રવ્રજ્યા કરે' એ સંન્યાસ-વિધાયક વાક્યોમાં 'બ્રાહ્મણ'નું ગ્રહણ કર્યું છે. અને "વિશેષ અધિકારીનું જ્ઞાન થાય એટલા માટે 'બ્રાહ્મણ'નું ગ્રહણ કર્યું છે કારણ કે શ્રુતિમાં ક્ષત્રિય અને વૈશ્ય માટે સંન્યાસ અંગે વિધિ નથી" એવું વાર્ત્તિકનું વચન છે.

આવી શંકા થાય તો આ બાબતમાં કેટલાક આ પ્રમાણે તે બે (ક્ષત્રિય અને વૈશ્ય)ના શ્રવણાદિના અનુષ્ઠાનની સિદ્ધિનું સમર્થન કરે છે—'અન્યથા જો (બ્રહ્મચર્યમાં જ વૈરાગ્ય ઉત્પન્ન થાય તો) બ્રહ્મચર્યાશ્રમમાંથી જ સંન્યાસનું ગ્રહણ કરવું અથવા ગૃહસ્થાશ્રમમાંથી અથવા વનપ્રસ્થાશ્રમમાંથી' (જાબાલોપનિષદ્, ૪)—આ સમાન (ભેદ ન કરનારી) શ્રુતિ, 'બ્રાહ્મણ, ક્ષત્રિય કે પછી વૈશ્ય ગૃહસ્થાશ્રમમાંથી સંન્યાસ લઈ શકે—ત્રણેય વર્ણોને માટે આ ચાર આશ્રમ છે" એ સ્મૃતિથી અનુગૃહીત (સમર્થિત) થતી હોવાથી તેનાથી ક્ષત્રિય અને વૈશ્યના પણ સંન્યાસના અધિકારની સિદ્ધિ થાય છે. માટે બીજી શ્રુતિઓમાં 'બ્રાહ્મણ'નું ગ્રહણ ત્રણેય વર્ણોનું ઉપલક્ષણ છે (—'બ્રાહ્મણ' પદનો 'બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય' અર્થ સમજવાનો છે). તેથી જ વાર્ત્તિકમાં પણ 'अधिकारिविशेषस्य થી શરૂ થતા શ્લોકથી ભાષ્યનો અભિપ્રાય કહીને "જ્યારે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય ત્રણેયના સંન્યાસનું સમાન રૂપથી શ્રુતિમાં શ્રવણ હોય ત્યારે 'બ્રાહ્મણ'નું ગ્રહણ ઉપલક્ષણને માટે છે" એમ પછીના શ્લોકથી પોતાના મતમાં (વાર્ત્તિકકારના મતમાં) ક્ષત્રિય અને વૈશ્યનો પણ સંન્યાસનો અધિકાર બતાવ્યો છે. (આ દલીલો રજૂ કરીને કેટલાક ક્ષત્રિય અને વૈશ્યના શ્રવણાદિ–અનુષ્ઠાનની સિદ્ધિનું સમર્થન કરે છે).×

વિવરણ : ब्रह्मचर्यं समाप्य गृही भवेत् गृहाद् वनी भवेद् वनी भूत्वा प्रव्रजेत् (જાબાલ ૪) એમ ચારેય આશ્રમોનો સમુચ્ચય બતાવ્યા પછી, શ્રુતિ વિકલ્પ બતાવે છે કે જે કોઈ આશ્રમમાં વૈરાગ્ય ઉત્પન્ન થાય તે આશ્રમમાંથી સંન્યાસનું ગ્રહણ કરી શકાય—यदि वेतरथा...અહીં બ્રાહ્મણાદિ વિશેષ વર્ણનો ઉલ્લેખ નથી તેથી સંન્યાસ બ્રાહ્મણ ક્ષત્રિય, વૈશ્ય એ ત્રણેય વર્ણને સાધારણ છે માટે જ્યાં 'બ્રાહ્મણ' પદ હોય ત્યાં તેને ઉપલક્ષણ અર્થે સમજીને—બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય એવો અર્થ સમજવો જોઈએ એવો એક મત છે જેને સુરેશ્વરના વાર્ત્તિકનું સમર્થન છે.

(જુઓ બ્રહ્મસૂત્રશાંકરભાષ્ય ૩.૪. ૧૮–૨૦, ૪૦.)

× જુઓ बृहदारण्यकोपनिषद्भाष्यवार्त्तिक १.४.१६५१–५३; ४.५.१०११.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अन्ये त्वनेकेषु सन्न्यासविधिवाक्येषु ब्राह्मणग्रहणाद् उदाहृत-जाबालश्रुतौ सन्न्यासविधिवाक्ये ब्राह्मणग्रहणाभावेऽपि श्रुत्यन्तरसिद्धं ब्राह्मणाधिकारमेव सिद्धं कृत्वा 'सन्न्यासावस्थायामयज्ञोपवीती कथं ब्राह्मणः' इति ब्राह्मणपरामर्शाच्च ब्राह्मणस्यैव सन्न्यासाधिकारः; विरोधाधिकरणन्यायेन (पू.मी. १.३. अधि. २) श्रुत्यविरुद्धस्यैव स्मृत्यर्थस्य सङ्ग्राह्यत्वात् । यत्तु सन्न्यासस्य सर्वाधिकारित्वेन वार्त्तिकवचनं तद् विद्वत्सन्न्यासविषयम्, न तु आतुरविविदिषासन्न्यासे भाष्याभिप्रायविरुद्धसर्वाधिकारप्रतिपादनपरम् ।

'सर्वाधिकारविच्छेदि विज्ञानं चेदुपेयते ।
कुतोऽधिकारनियमो व्युत्थाने क्रियते बलात् ॥'

इत्यनन्तरश्लोकेन ब्रह्मज्ञानोदयानन्तरं जीवन्मुक्तिकाले विद्वत्सन्न्यास एवाधिकारनियमनिराकरणात् । एवं च ब्राह्मणानामेव श्रवणाद्यनुष्ठाने सन्न्यासोऽङ्गम् । क्षत्रियवैश्ययोस्तन्निरपेक्षः श्रवणाद्यधिकार इति श्रवणाद्य-नुष्ठाननिर्वाहः । न हि सन्न्यासस्य श्रवणापेक्षिततत्त्वपक्षे श्रवणमात्रस्य तदपेक्षा नियन्तुं शक्यते । क्रममुक्तिफलकसगुणोपासनया देवभावं प्राप्तस्य श्रवणादौ सन्न्यासनैरपेक्ष्यस्यावश्यं वक्तव्यत्वाद् देवानां कर्मानुष्ठाना-प्रसक्त्या तत्त्यागरूपस्य सन्न्यासस्य तेष्वसम्भवादित्याहुः ।

જ્યારે બીજા એમ કહે છે કે સંન્યાસના વિધાયક અનેક વાક્યોમાં 'બ્રાહ્મણ' (શબ્દ)નું ગ્રહણ હોવાથી ટાંકેલી જાબાલ શ્રુતિના સંન્યાસવિધાયક વાક્ય (यदि वेतरथा...)માં 'બ્રાહ્મણ'નું ગ્રહણ ન હોવા છતાં બીજી શ્રુતિ (ब्राह्मणः व्युत्थाय...)થી બ્રાહ્મણના અધિકારને જ સિદ્ધ કરીને અને 'સંન્યાસ–અવસ્થામાં યજ્ઞોપવીત ન ધારણ કરનાર કેવી રીતે બ્રાહ્મણ હોઈ શકે' એમ બ્રાહ્મણનો પરામર્શ હોવાથી બ્રાહ્મણનો જ સંન્યાસમાં અધિકાર છે, કારણ કે વિરોધાધિકરણ-ન્યાયથી (પૂર્વમીમાંસાસૂત્ર-૧.૩. અધિકરણ ૨) શ્રુતિથી અવિરુદ્ધ હોય તેવો જ સ્મૃતિનો અર્થ સંગ્રહ કરવા યોગ્ય છે. જ્યારે સંન્યાસમાં સર્વનો (ત્રૈવર્ણિકનો) અધિકાર છે એ પ્રકારનું વાર્ત્તિકનું વચન છે તે વિદ્વત્સંન્યાસવિષયક છે, પણ આતુર અને વિવિદિષા – સંન્યાસમાં ભાષ્યના અભિપ્રાયથી વિરુદ્ધ સર્વના અધિકારનું પ્રતિપાદન કરવાનું તો તેનું તાત્પર્ય નથી, કારણ કે

"(ક્ષત્રિય અને વૈશ્યની બાબતમાં) જો સર્વ અધિકારનો વિચ્છેદ કરનાર વિજ્ઞાન માનવામાં આવે તો વ્યુત્થાનમાં (બ્રાહ્મણોનો) અધિકાર છે એવો નિયમ શા માટે બળથી કરવામાં આવે છે?" એ પછીના શ્લોકથી બ્રહ્મજ્ઞાનના ઉદય પછી જીવન્મુક્તિના કાળમાં વિદ્વત્સંન્યાસમાં જ અધિકારના નિયમનું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિરાકરણ કરવામાં આવ્યું છે. અને આમ બ્રાહ્મણોના જ શ્રવણાદિના અનુષ્ઠાનમાં સંન્યાસ અંગ છે. ક્ષત્રિય અને વૈશ્યનો તેની (સંન્યાસની) અપેક્ષા વિના શ્રવણાદિમાં અધિકાર છે તેથી તે બે (ક્ષત્રિય અને વૈશ્ય)નું શ્રવણાદિનું અનુષ્ઠાન ઉપપન્ન છે (—તેઓને માટે શ્રવણાદિનું અનુષ્ઠાન સંન્યાસ વિના શક્ય બને છે.)

શ્રવણને સંન્યાસની અપેક્ષા છે એ પક્ષમાં શ્રવણમાત્રને તેની જરૂર છે એવો નિયમ કરી શકાય નહિ. કારણ કે ક્રમમુક્તિ જેનું ફળ છે એવી સગુણ ઉપાસનાથી જેને દેવભાવ પ્રાપ્ત થયો છે તેને શ્રવણાદિમાં સંન્યાસની અપેક્ષા નથી એમ અવશ્ય કહેવું પડશે, કેમકે દેવોને કર્મના અનુષ્ઠાનની પ્રસક્તિ ન હોવાથી તેના ત્યાગરૂપ સંન્યાસનો તેઓમાં સંભવ નથી. (એમ ભાષ્યને અનુસરનારા કહે છે જેમના મતે સંન્યાસનો અધિકારી બ્રાહ્મણ જ છે).

**વિવરણ : ભાષ્યને** અનુસરનારા માને છે કે સંન્યાસમાં બ્રાહ્મણનો જ અધિકાર છે, કારણ કે કોઈક સંન્યાસવિધાયક શ્રુતિમાં 'બ્રાહ્મણ' શબ્દ ન હોય તો પણ અનેક બીજી શ્રુતિઓમાં 'બ્રાહ્મણ' શબ્દનું ગ્રહણ છે જ. વળી એવી શંકા કરવામાં આવી છે કે તન્તુઓથી બનેલાં યજ્ઞોપવીત આદિ બ્રાહ્મણત્વનાં અભિવ્યંજક છે, જ્યારે પરમહંસ સંન્યાસીને તો યજ્ઞોપવીત આદિ નથી હોતાં તો તેને બ્રાહ્મણ કેવી રીતે માની શકાય ? જો અહીં ક્ષત્રિય અને વૈશ્યનો પણ સંન્યાસ વિવક્ષિત હોત તો कथं ब्राह्मणः ની જેમ 'कथं क्षत्रियः, कथं वैश्यः' (તેને ક્ષત્રિય કે વૈશ્ય કેવી રીતે માની શકાય ?) એવું પણ વચન હોત, પણ તે નથી તે બતાવે છે કે શ્રુતિને ક્ષત્રિય અને વૈશ્યનો સંન્યાસ માન્ય નથી. આમ સંન્યાસવિધાયક શ્રુતિઓમાં કોઈ વિશેષ નથી તેથી ब्राह्मणः क्षत्रियो वाऽपि... એ સ્મૃતિવચન **જાબાલ** શ્રુતિના તાત્પર્યના અજ્ઞાન પર આધારિત હોવાથી તે પ્રમાણ નથી. જૈમિનિના પૂર્વમીમાંસાસૂત્રમાં વિરોધાધિકરણ છે તેનો ન્યાય છે કે જે સ્મૃતિવચન પ્રત્યક્ષ શ્રુતિથી વિરુદ્ધ હોય તે પ્રમાણ નથી. (આ અધિકરણમાં એમ બતાવ્યું છે કે શ્રુતિ અને સ્મૃતિનો વિરોધ હોય ત્યાં શ્રુતિનું જ પ્રામાણ્ય હોય છે, સ્મૃતિનું નહિ જેમ કે જ્યોતિષ્ટોમયજ્ઞમાં યજ્ઞમંડપની વચ્ચે ઉદુમ્બર વૃક્ષની શાખા જમીનમાં ખોડવામાં આવે છે. સ્મૃતિનું વચન છે કે તેને વસ્ત્રથી પૂરેપૂરી ઢાંકી દેવી—औदुम्बरी सर्वा वेष्टयितव्या, જ્યારે શ્રુતિમાં એવું વિધાન છે કે તેનો સ્પર્શ કરીને ઉદ્‌ગાન કરવું (औदुम्बरीं स्पृष्ट्वोद्गायेत्). હવે જો શાખા પૂરેપૂરી ઢંકાયેલી હોય તો સ્પર્શ ન કરી શકાય, અને જો સ્પર્શ કરવાનો હોય તો પૂરેપૂરી ઢંકાયેલી ન હોવી જોઈએ. તેથી સ્પર્શ અને પૂરેપૂરું ઢાંકી દેવું એ એક સાથે સંભવે નહિ. શંકા થાય કે સ્મૃતિનું વચન માનીને તેને પૂરેપૂરી ઢાંકી દેવી કે શ્રુતિનો અનુરોધ કરીને સ્પર્શને માટે તેનો કેટલોક ભાગ ઢાંકતાં છોડી દેવો. આ શંકાનો ઉત્તર છે કે સ્મૃતિનું પ્રામાણ્ય તો વેદ દ્વારા જ છે, તે મૂળ વેદનું અનુમાન કરાવે છે માટે પ્રમાણ છે, સ્વતંત્ર રીતે નહિ. હવે આ સ્મૃતિ મૂળ વેદનું અનુમાન કરાવવા પ્રવૃત્ત થાય છે એટલામાં તો વિરોધી વેદવચનથી તેની કલ્પકત્વશક્તિનો વ્યાઘાત થઈ જાય છે તેથી આ સ્મૃતિનું પ્રામાણ્ય નથી. સર્વવેષ્ટનનો સ્મૃતિનો અર્થ છે તે સ્પર્શશ્રુતિથી વિરુદ્ધ હોવાથી તેનું અનુષ્ઠાન કરવાનું નથી). तस्मात् ब्राह्मणः पाण्डित्यं निर्विद्य...' (બૃહદ્. ૩.૫.૧) શ્રુતિમાં બ્રાહ્મણના સંન્યાસનો અધિકાર કહ્યો છે તે પ્રમાણે બ્રાહ્મણે સંન્યાસનું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગ્રહણ કર્યા પછી પાંડિત્યાદિનું અનુષ્ઠાન કરવું એવો વાક્યનો અર્થ પ્રાપ્ત થતો હોવાથી વિદ્યાને માટેના સંન્યાસનું ગ્રહણ વિવિદિષુ (વિદ્યાની ઇચ્છા રાખનાર)એ કરવાનું હોય ત્યાં બ્રાહ્મણનો જ અધિકાર છે એવો ભાષ્યકાર શંકરાચાર્યનો મત છે. જો વાર્ત્તિકકારના વચનનું તાત્પર્ય પ્રમાણમૂલક ભાષ્યકારમતથી વિરુદ્ધ અર્થમાં કલ્પવામાં આવે તો સંન્યાસ સર્વને સાધારણ છે એમ પ્રતિપાદન કરનાર સ્મૃતિવચનની જેમ તેનો પણ ત્યાગ કરવો પડે. માટે વાર્ત્તિકકારનું વચન ભાષ્યથી અવિરુદ્ધ છે અને તે સંન્યાસમાં સર્વનો અધિકાર બતાવે છે તે વિદ્વત્સંન્યાસની બાબતમાં. તે વિવિદિષા-સંન્યાસમાં સર્વના અધિકારનું પ્રતિપાદન કરે છે એવું નથી; એ વાર્ત્તિકના જ પ્રસ્તુત શ્લોક પછીના શ્લોકથી પણ સિદ્ધ થાય છે. ક્ષત્રિય અને વૈશ્યનું તત્ત્વજ્ઞાન સ્વીકારવામાં આવે છે કે નહિ? બીજો વિકલ્પ સ્વીકારી શકાય તેમ નથી કારણ કે તેમ કરતાં જનક આદિ તત્ત્વજ્ઞાનવાળા હતા એવું પ્રતિપાદન કરનાર શાસ્ત્રનો વિરોધ થાય. પહેલો વિકલ્પ પણ બરાબર નથી. એમ હોય તો તત્ત્વજ્ઞાનથી કર્મનો અધિકાર લાવનાર વર્ણ, આશ્રમ આદિના અભ્યાસની નિવૃત્તિ થતાં સકલ કર્મની નિવૃત્તિરૂપ વિદ્વત્સંન્યાસ ક્ષત્રિય અને વૈશ્યની બાબતમાં વારી શકાય નહિ માટે વિવિદિષા-સંન્યાસની જેમ વિદ્વત્સંન્યાસમાં પણ બ્રાહ્મણનો જ અધિકાર છે એવો નિયમ સંભવતો નથી. કયા બળના આધારે નિયમ કરી શકાય કે વિદ્વત્સંન્યાસમાં બ્રાહ્મણનો જ અધિકાર છે? માટે ભારપૂર્વક આ નિયમ કરવામાં આવે છે તે બરાબર નથી. આમ શ્રવણના અંગ તરીકે કે અધિકારીના વિશેષણ તરીકે વિદ્યાના સાધનરૂપ વિવિદિષા-સંન્યાસમાં બ્રાહ્મણનો અધિકાર છે એમ સિદ્ધ થતાં બ્રાહ્મણોના જ શ્રવણાદિ-અનુષ્ઠાનમાં સંન્યાસ અંગરૂપ છે.

પ્રશ્ન થાય કે અધિકારીના વિશેષણ તરીકે કે અંગ તરીકે સંન્યાસની અપેક્ષા શ્રવણને છે એ પક્ષમાં શ્રવણમાત્રને સંન્યાસની અપેક્ષા છે એમ માનવામાં આવ્યું છે. હવે ક્ષત્રિય અને વૈશ્ય તો વિવિદિષા-સંન્યાસ રહિત છે તો તેમને માટે શ્રવણાદિનું અનુષ્ઠાન શક્ય જ નથી એમ કહ્યું, નહિ કે તેમનું શ્રવણ સંન્યાસનિરપેક્ષ છે એમ. આમ હોય તો ક્ષત્રિય અને વૈશ્ય શ્રવણાદિ કેવી રીતે કરી શકે? આનો ઉત્તર છે કે શ્રવણમાત્રને સંન્યાસની અપેક્ષા છે એવો નિયમ કરી શકાય નહિ. સગુણ ઉપાસક બ્રહ્મલોકમાં જાય છે તેને ઉપાસનાથી દેવભાવ પ્રાપ્ત થાય છે તે ઉપાસક જો નિર્ગુણ બ્રહ્મના સાક્ષાત્કાર માટે શ્રવણાદિ કરે તો તેમાં સંન્યાસનો વ્યભિચાર છે (–સંન્યાસ વિના પણ શ્રવણાદિ સંભવે છે).

શંકા થાય કે આ દલીલ બરાબર નથી કારણ કે તેવા ઉપાસકને સગુણવિદ્યાના સામર્થ્યથી જ નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર સંભવે છે તેથી તેનું શ્રવણાદિનું અનુષ્ઠાન પણ હોતું નથી. માટે વ્યભિચાર નથી.

આ શંકાનો ઉત્તર છે કે બ્રહ્મસૂત્રમાં દેવતાધિકરણમાં (૧.૩.૨૬–૩૩) સગુણવિદ્યાથી દેવભાવ પ્રાપ્ત કરેલા ઉપાસકને જ મુખ્યત્વે ધ્યાનમાં રાખીને શ્રવણાદિમાં દેવાદિના અધિકારનું નિરૂપણ કર્યું છે આવા ઉપાસકને પણ શ્રવણાદિના અનુષ્ઠાન વિના વિદ્યાનો ઉદય ન થાય એમ શ્રવણાદિના વિધિવિચારના પ્રસંગે બતાવ્યું છે. આમ ત્યાં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વ્યભિચાર છે તેથી સંન્યાસ શ્રવણમાત્રના અંગરૂપ નથી, પણ બ્રાહ્મણે કરેલા શ્રવણનું અંગ તે જરૂર છે. માટે ક્ષત્રિય અને વૈશ્યની બાબતમાં સંન્યાસના અભાવમાં પણ શ્રવણાદિનું અનુષ્ઠાન સંભવે છે. દેવોને કર્મનું અનુષ્ઠાન કરવાનું હોતું નથી તેથી કર્મના ત્યાગરૂપ સંન્યાસ દેવોમાં સંભવતો નથી અને છતાં સંન્યાસના અભાવમાં પણ શ્રવણાદિ સંભવે છે. (વિવિદિષા–સંન્યાસ એને કહે છે જેનું ગ્રહણ આ જન્મ કે જન્માન્તરમાં કરેલા વેદાનુવચન આદિથી ઉત્પન્ન થયેલી બ્રહ્મજ્ઞાનની ઇચ્છાથી કરવામાં આવે છે, અને જેને માટે દંડ આદિનું ગ્રહણ કરવામાં આવે છે એવો પરમહંસાશ્રમ; જ્યારે વિદ્વત્સંન્યાસનું ગ્રહણ શ્રવણ–મનન–નિદિધ્યાસનથી પર તત્ત્વને જાણીને કરવામાં આવે છે, જેમ યાજ્ઞવલ્ક્ય વગેરેએ કર્યું તેમ વિદ્વત્સંન્યાસમાં સર્વનો અધિકાર છે, જ્યારે વિવિદિષા–સંન્યાસમાં કેવળ બ્રાહ્મણનો અધિકાર છે.)

अपरे तु 'ब्रह्मसंस्थोऽमृतत्वमेति (छा. उप. २.२३.१) इति-श्रुत्युदिता यस्य ब्रह्मणि संस्था समाप्तिः, अनन्यव्यापारस्वरूपं तन्निष्ठत्वं तस्य श्रवणादिषु मुख्याधिकारः ।

गच्छतस्तिष्ठतो वाऽपि जाग्रतः स्वपतोऽपि वा ।
न विचारपरं चेतो यस्यासौ मृत उच्यते ॥

आसुप्तेरामृतेः कालं नयेद्वेदान्तचिन्तया ।

इत्यादिस्मृतिषु सर्वदा विचारविधानात् । सा च ब्रह्मणि संस्था विना सन्न्यासमाश्रमान्तरस्थस्य न सम्भवति स्वस्वाश्रमविहितकर्मानुष्ठानवैयग्र्यादिति सन्न्यासरहितयोः क्षत्रियवैश्ययोर्न मुख्यः श्रवणाद्यधिकारः । किं तु 'इहार्थी च विद्या प्रतिषेधाभावमात्रेणाप्यर्थिनमधिकरोति श्रवणादिषु' इति (ब्र. सू. शा. भा. ३.४.३८) 'अन्तरा चापि तु तद्दृष्टेः' (ब्र. सू. ३. ४. ३६ ) इत्यधिकरणभाष्योक्तन्यायेन शूद्रवदप्रतिषिद्धयोस्तयोर्विधुरादीनामिव देहान्तरे विद्याप्रापकेणामुख्याधिकारमात्रेण श्रवणाद्यनुमतिः । न हि 'अन्तरा चापि तु तद्दृष्टेः' इत्यधिकरणे विधुरादीनामङ्गीकृतश्रवणाद्यधिकारो मुख्य इति वक्तुं शक्यते । 'अतस्त्वितरज्ज्यायो लिङ्गाच्च' (ब्र. सू. ३.३.३९) इति सूत्रकारेणैव तेषाममुख्याधिकारस्फुटीकरणात् ।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**न च तत्र तेषां श्रवणाद्यधिकार एव नोक्तः, किं तु तदीयकर्मणां विद्याऽनुग्राहकत्वमिति शङ्क्यम् । 'दृष्टार्थी च विद्या' इत्युदाहृततदधिकरणभाष्यविरोधात् । न च क्षत्रियवैश्ययोः सन्न्यासाभावाद् अमुख्याधिकारे तत एव देवानामपि श्रवणादिष्वमुख्य एवाधिकारः स्यात् । तथा च क्रममुक्तिफलकसगुणविद्यया देवदेहं प्राप्य श्रवणाद्यनुतिष्ठतां विद्याप्राप्त्यर्थं सन्न्यासार्हं पुनर्ब्राह्मणजन्म वक्तव्यमिति 'ब्रह्मलोकमभिसम्पद्यते (छा.उप ८.१५.१] 'न च पुनरावर्तते [छा. ८.१५.१] 'अनावृत्तिश्शब्दात्' (ब्र. सू. ४.४.२२) इत्यादिश्रुतिसूत्रविरोध इति वाच्यम् । देवानामनुष्ठेयकर्मवैयग्र्याभावात् स्वत एवानन्यव्यापारत्वं सम्भवतीति क्रममुक्तिफलकसगुणविद्याभिधायिशास्त्रप्रामाण्याद्विनाऽपि सन्न्यासं तेषां मुख्याधिकाराभ्युपगमादित्याहुः ॥६॥**

જ્યારે બીજા કહે છે કે '**ब्रह्मसंस्थोऽमृतत्वमेति**'—(બ્રહ્મનિષ્ઠ અમૃતત્વ મેળવે છે) (છા. ઉપ. ૨ ૨૩.૧)—એ શ્રુતિમાં કહેલી બ્રહ્મમાં સંસ્થા—સમાપ્ત, અનન્યવ્યાપારત્વ(બીજા કોઈ વ્યાપાર વિનાની અવસ્થાવાળા હોવું)રૂપ બ્રહ્મનિષ્ઠત્વ—જેની હોય તેનો શ્રવણાદિમાં મુખ્ય અધિકાર છે, કારણ કે 'જતાં કે બેસતાં, જાગતાં કે સૂતાં જેનું ચિત્ત વિચારપરક નથી હોતું તે મરેલો કહેવાય છે', "સૂતાં સુધી, મરતાં સુધી સમય વેદાન્ત-વિચારથી વ્યતીત કરવો જોઈએ' ઇત્યાદિ સ્મૃતિઓમાં સર્વદા (બ્રહ્મવિષયક) વિચારનું વિધાન છે. અને આ બ્રહ્મમાં સંસ્થા સંન્યાસ સિવાયના અન્ય આશ્રમમાં રહેલાને સંભવતી નથી કારણ કે પોતપોતાના આશ્રમો માટે વિહિત કર્મોના અનુષ્ઠાનમાં વ્યગ્રતા હોય છે, તેથી સંન્યાસરહિત ક્ષત્રિય અને વૈશ્યનો શ્રવણાદિમાં મુખ્ય અધિકાર નથી; પરંતુ "દૃષ્ટ ફળવાળી વિદ્યા પ્રતિષેધના અભાવ માત્રથી અર્થી (ફળની ઇચ્છા રાખનાર) પુરુષને શ્રવણાદિમાં અધિકારી બનાવે છે", એમ '**अन्तरा चापि तु तद्दृष्टेः**' એ અધિકરણના ભાષ્યમાં દર્શાવેલા ન્યાયથી શૂદ્રની જેમ જેમને વિષે નિષેધ નથી કરવામાં આવ્યો તેવા તેમને (ક્ષત્રિય અને વૈશ્યને) વિધુર આદિની જેમ અન્ય દેહમાં વિદ્યા પ્રાપ્ત કરાવનાર અમુખ્ય અધિકાર માત્રથી શ્રવણાદિની અનુમતિ છે.

એવી દલીલ કરી શકાય નહિ કે '**अन्तरा चापि तु तद्दृष्टेः**' એ અધિકરણમાં વિધુર આદિનો શ્રવણાદિમાં અધિકાર સ્વીકાર્યો છે તે મુખ્ય છે. (આ દલીલ બરાબર નથી) કારણ કે 'આના કરતાં બીજું ચઢિયાતું છે અને તેને માટે લિંગ છે તેથી' (બ્ર સૂ. ૩.૩ ૩૯) એમ સૂત્રકારે જ તેમના અમુખ્ય અધિકાર છે એમ સ્પષ્ટતા કરી છે.

અને એવી શંકા કરવી નહિ કે ત્યાં (વિધુરાધિકરણમાં) તેમનો શ્રવણ આદિમાં અધિકાર જ કહ્યો નથી પણ તેમના કર્મો વિદ્યામાં ઉપકારક છે એમ કહ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(આ શંકા બરાબર નથી) કારણ કે 'દૃષ્ટ અર્થ' (પ્રયોજન) વાળી વિદ્યા' વગેરે (ઉપર) ટાંકેલા તે અધિકરણના ભાષ્યની સાથે વિરોધ છે. અને એવી શંકા કરવી નહિ કે, "ક્ષત્રિય અને વૈશ્યનો સંન્યાસના અભાવને કારણે અમુખ્ય અધિકાર છે તો તે જ કારણથી દેવોનો પણ શ્રવણાદિમાં અમુખ્ય અધિકાર હોવો જોઈએ અને એમ હોય તો (અર્થાત્ દેવોના અમુખ્ય અધિકાર માનીએ તો) ક્રમમુક્તિ જેનું ફળ છે એવી સગુણ વિદ્યાથી દેવનો દેહ પ્રાપ્ત કરીને શ્રવણાદિનું અનુષ્ઠાન કરતા તેમને વિદ્યાપ્રાપ્તિને માટે સંન્યાસને યોગ્ય એવો બ્રાહ્મણજન્મ ફરી માનવો પડશે, તેથી બ્રહ્મલોક પ્રાપ્ત કરે છે', 'અને ફરી પાછો આવતો નથી' (છા. ઉપ. ૮.૧૫.૧) 'તેને પાછા આવવાનું હોતું નથી કારણ કે શ્રુતિ છે,' (બ્ર. સૂ. ૪.૪ ૨૨) ઇત્યાદિ શ્રુતિ અને સૂત્રનો વિરોધ થશે". (આ શંકા બરાબર નથી) કારણ કે દેવોની બાબતમાં કરવાના (વિહિત) કર્મોને કારણે વ્યગ્રતા નથી હોતી તેથી અનન્યવ્યાપારત્વ પોતાની મેળે જ સંભવે છે તેથી ક્રમમુક્તિ જેનું ફળ છે એવી સગુણ વિદ્યાનું પ્રતિપાદન કરનાર શાસ્ત્રના પ્રામાણ્યથી સંન્યાસ વિના પણ તેમનો મુખ્ય અધિકાર સ્વીકારવામાં આવ્યો છે (એમ આ અન્ય વિચારકો કહે છે). (૬)

**વિવરણ :** કેટલાકને એમ લાગે છે કે ઉપર જે દલીલ કરી કે શ્રવણમાત્રને સંન્યાસની અપેક્ષા નથી અને તેને માટે દેવોનું ઉદાહરણ આપ્યું તે બરાબર નથી. જો દેવોએ કરેલા શ્રવણમાં સંન્યાસાશ્રમનો વ્યભિચાર હોય (સંન્યાસ ન હોય તો પણ શ્રવણ સંભવે) તો ત્રણેય વર્ણના મનુષ્યે કરેલા શ્રવણમાં સંન્યાસાશ્રમને હેતુ માનવામાં શો વાંધો? બ્રાહ્મણે કરેલા શ્રવણમાં એ હેતુ છે એમ શા માટે કહેવું પડે છે? એમ સંકોચ કરવા માટે કોઈ પ્રમાણ નથી. કહ્યું છે કે ચારેય આશ્રમમાં સંન્યાસાશ્રમના પરિગ્રહથી શ્રવણાદિનું અનુષ્ઠાન કરવું આ આશ્રમોનો વિભાગ ત્રણેય વર્ણને માટે સાધારણ જ છે, કેવળ બ્રાહ્મણને માટે નથી. તેથી સંન્યાસી બ્રાહ્મણની જેમ સંન્યાસહીન ક્ષત્રિય અને વૈશ્યને શ્રવણાદિમાં અધિકાર સંભવે નહીં. આ દૃષ્ટિએ આગળની દલીલ ન રુચતાં બીજા કેટલાક કહે છે કે સંન્યાસીને શ્રવણાદિમાં મુખ્ય અધિકાર છે. અમૃતત્વની ઇચ્છા રાખનારે બ્રહ્મનિષ્ઠા, બ્રહ્મવિચાર સિવાય અન્ય કોઈ વ્યાપાર વિનાના હોવું જોઈએ. શ્રુતિ અને સ્મૃતિમાં સતત વેદાન્તવિચારનું વિધાન પ્રાપ્ત થાય છે. स जीवति मनो यस्य मननेनैव जीवति—તે (જ) જીવે છે જેનું મન મનનથી જ જીવે છે—જેવાં બીજાં સ્મૃતિવચનો પણ છે. અને આને માટે ચિત્તવિક્ષેપનો અભાવ આવશ્યક છે; પણ સર્વ સમયની વિક્ષેપનિવૃત્તિ અસંન્યાસીને સંભવે નહિ તેથી અસંન્યાસી એવા ક્ષત્રિય કે વૈશ્યનો શ્રવણાદિમાં મુખ્ય અધિકાર નથી; અર્થાત્ તેમનો શાસ્ત્રીય અધિકાર નથી. બ્રહ્મનિષ્ઠત્વ સંન્યાસાશ્રમના ધર્મ તરીકે વિહિત છે તેથી સંન્યાસી બ્રાહ્મણનો બ્રહ્મનિષ્ઠત્વ એ સ્વધર્મ છે માટે તેમાં તેનો મુખ્ય અધિકાર છે અને જે બ્રાહ્મણ સંન્યાસ ગ્રહણ કરીને શમદમાદિ સહિત બ્રહ્મનિષ્ઠત્વનું અનુષ્ઠાન નથી કરતો તે દુર્ગતિ પામે છે એમ કહ્યું છે. સંન્યાસીને માટે જ્ઞાનનિષ્ઠાનું વિધાન કરનારાં અને તેનું અનુષ્ઠાન ન કરે તો પાપ થાય છે એમ બોધ કરાવનારાં અનેક વચનો છે. સંન્યાસાધિકરણમાં શંકરાચાર્યે પોતે કહ્યું છે કે "બ્રહ્મનિષ્ઠત્વ એ જ તેનું શમ, દમ આદિથી યુક્ત પોતાના આશ્રમ માટે વિહિત કર્મ છે, અને યજ્ઞાદિ બીજાઓનાં કર્મ છે; તેનું ઉલ્લંઘન કરતાં તેને પાપ થાય." (ब्रह्मनिष्ठत्वमेव हि

तस्य शमदमाद्युपबृंहितं स्वाश्रमविहितं कर्म, यज्ञादीनि चेतरेषाम्, तद्व्यतिक्रमे चैतस्य प्रत्यवायः ।). આમ શ્રવણાદિ ભિક્ષુ માટે વિહિત છે, અને તેનું ઉલ્લંઘન કરતાં પ્રત્યવાય થાય છે એમ કહ્યું છે તેથી સંન્યાસીનો શ્રવણાદિમાં મુખ્ય અધિકાર છે, જ્યારે જે સંન્યાસરહિત છે તેમને માટે શ્રવણાદિનું વિધાન નથી. તેમ તે ન કરવાથી પ્રત્યવાયનો બોધ પણ નથી કરાવ્યો તેથી સંન્યાસરહિત ક્ષત્રિય-વૈશ્યનો શ્રવણાદિમાં અમુખ્ય અધિકાર છે.

શંકા થાય કે ક્ષત્રિયાદિને અધિકાર જ નથી એમ કેમ નથી કહેતા. આનો ઉત્તર એ છે કે **શંકરાચાર્યે** કહ્યું છે કે નિત્યાધિકારરૂપ મુખ્ય અધિકાર ન સંભવતા હોવા છતાં કામ્યાધિકારરૂપ ગૌણ અધિકાર સંભવે છે. જેમ ભોજનની ક્રિયા એ ભૂખ દૂર કરવા રૂપ દૃષ્ટ ફળવાળી છે તેમ વિદ્યા પણ સર્વ અનર્થના મૂળભૂત અવિદ્યાની નિવૃત્તિરૂપ દૃષ્ટ ફળ વાળી છે. તેથી જે જે અનર્થની નિવૃત્તિ ઇચ્છનારા છે તે સર્વનો તે વિદ્યામાં અર્થિત્વરૂપ અધિકાર સંભવે છે. આમ વેદાન્તવિચારમાં સર્વનો એક સરખો અધિકાર પ્રાપ્ત થતાં શૂદ્રનો વેદશ્રવણાદિના નિષેધને કારણે અધિકાર નથી એમ અપશૂદ્રાધિકરણમાં (બ્ર. સૂ. ૧.૩.૩૪–૩૮) કહ્યું છે. પણ ક્ષત્રિયાદિને માટે આવો કોઈ નિષેધ નથી તેથી વિધુર વગેરેની જેમ તેમના વેદાન્તશ્રવણના અધિકારને ભાષ્યકારની અનુમતિ છે.

શંકા થાય કે આ અમુખ્ય અધિકારવાળા જે વેદાન્તશ્રવણાદિ કરશે તે પણ વિદ્યાના ઉત્પાદક અવશ્ય બનશે જ, નહીં તો ગૌણ અધિકારનું નિરૂપણ કરનાર ભાષ્ય વ્યર્થ બની જાય. જો વિદ્યા આનાથી પણ ઉત્પન્ન થતી હોય તો મુખ્ય અને ગૌણ અધિકાર એવો ભેદ કરવાની જરૂર શી? આનો ઉત્તર છે કે અન્ય દેહમાં વિદ્યા પ્રાપ્ત કરાવનાર અમુખ્ય અવિકાર માત્રથી તેમને શ્રવણાદિની અનુમતિ છે. મુખ્ય અધિકારી અનન્ય વ્યાપાર તરીકે દરરોજ નિરંકુશ બ્રહ્મચર્ય, અહિંસા, શમ, દમ આદિથી યુક્ત શ્રવણાદિ કરતો હોય છે તેને માટે તે પ્રાયઃ આ જન્મમાં જ વિદ્યાને ઉત્પન્ન કરનારું બને છે. જ્યારે અમુખ્યાધિકારીને પોતાના વર્ણને ઉચિત અન્ય સ્વધર્મ હોવાથી અનન્યવ્યાપારત્વ નથી હોતું અને તેનું બ્રહ્મચર્યાદિ સંકુચિત હોય છે તેથી તેણે કરેલું વેદાન્તશ્રવણાદિ આ જન્મમાં વિદ્યા ઉત્પન્ન કરી શકે તેવું નથી હોતું. પરંતુ અનક જન્મોમાં થોડું થોડું શ્રવણાદિ થતું જાય તે સાથે મળીને અન્ય દેહમાં ક્યાંક જ્ઞાન ઉત્પન્ન કરે તેથી ગૌણ અને મુખ્ય અધિકારના ફળમાં મોટો ભેદ છે. (જુઓ अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम्—ભ. ગીતા ૬.૪૫). વિધુર આદિનો પણ અધિકાર અમુખ્ય જ છે કારણ કે સ્પષ્ટતા કરી છે કે અનાશ્રમીઓએ કરેલી વિદ્યા–સાધનાની અપેક્ષાએ આશ્રમીઓએ કરેલી વિદ્યાસાધના—કર્મ કે શ્રવણાદિ—વધારે પ્રશસ્ત હોય છે. આમ અનાશ્રમીના શ્રવણાદિ વિદ્યોપયોગી હોવા છતાં તેનો નિકર્ષ બતાવ્યો છે, તે તેમનો મુખ્ય અધિકાર ન હોવાને કારણે છે. (જુઓ **બ્રહ્મસૂત્રશાંકરભાષ્ય–૩.૪.૩૮–૩૯**).

શંકા થાય કે વિધુરાધિકરણમાં તો એટલું જ કહ્યું છે કે વિધુર આદિએ કરેલું કર્મ વિદ્યાનું સાધન છે. આ ઉપરત વિધુર આદિના શ્રવણાદિમાં અધિકારનું પણ પ્રતિપાદન છે એવું નથી. પણ આ શંકા બરાબર નથી કારણ કે 'વિદ્યા દૃષ્ટ ફળવાળી છે' વગેરે ભાષ્યનો વિરોધ થશે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ફરી શંકા થાય કે સંન્યાસના અભાવમાં જો ક્ષત્રિય-વૈશ્યનો શ્રવણાદિમાં અમુખ્ય અધિકાર માનતા હો તો એ જ કારણથી દેવોનો પણ અમુખ્ય અધિકાર માનવો જોઈએ અને તો પછી ક્રમમુક્તિ મેળવી આપનાર સગુણ વિદ્યાથી દેવનો દેહ પ્રાપ્ત કરીને શ્રવણાદિનું અનુષ્ઠાન કરનાર તેમને વિદ્યાપ્રાપ્તિ અર્થે સંન્યાસને યોગ્ય એવું બ્રાહ્મણ શરીર ગ્રહણ કરવું પડે, ને એમ હોય તો બ્રહ્મલોક પ્રાપ્ત કર્યા પછી ફરી આ લોકમાં આવવું પડતું નથી વગેરે શ્રુતિવચનનોનો વિરોધ થાય સ્મૃતિ પણ કહે છે કે બ્રહ્મલોકવાસીઓ મહા પ્રલય વખતે અર્થાત્ બ્રહ્મલોકના સ્વામી હિરણ્યગર્ભના આયુષ્યનો અંત આવતાં, આત્માનો સાક્ષાત્કાર કરીને પરમ સ્થાન પ્રાપ્ત કરે છે. આનો ઉત્તર એ છે કે દેવોને માટે કોઈ કર્મનું વિધાન નથી તેથી તેમની ચિત્તવિક્ષેપનિવૃત્તિ સ્વતઃ હોય છે અને આમ અનન્યવ્યાપારત્વ સ્વતઃ સંભવે છે તેથી સંન્યાસ વિના પણ દેવોનો મુખ્ય અધિકાર છે. મનુષ્યોમાં જ સંન્યાસ મુખ્યાધિકારનો પ્રયોજક છે, કારણ કે વર્ણાશ્રમ વિભાગ મનુષ્યોને માટે છે. (૬)

(૭) नन्वमुख्याधिकारिणा दृष्टफलभूतवाक्यार्थावगत्यर्थमविहित-शास्त्रान्तरविचारवत् क्रियमाणो वेदान्तविचारः कथं जन्मान्तरविद्याऽवाप्तावुपयुज्यते । न खलु विचारस्य दिनान्तरीयविचार्यावगतिहेतुत्वमपि युज्यते, दूरे जन्मान्तरीयतद्धेतुत्वम् । न च वाच्यं मुख्याधिकारिणा परिव्राजकेन क्रियमाणमपि श्रवणं दृष्टार्थमेव, अवगतेर्दृष्टार्थत्वात् । तस्य यथा प्रारब्धकर्मविशेषरूपप्रतिबन्धादिह जन्मनि फलमजनयतो जन्मान्तरे प्रतिबन्धापगमेन फलजनकत्वम् 'ऐहिकमप्यप्रस्तुतप्रतिबन्धे तद्दर्शनाद्' इत्यधिकरणे (ब्र. सू. ३.४.५१) तथा निर्णयात्, एवममुख्याधिकारिकृतस्यापि स्यादिति । यतश्शास्त्रीयाङ्गयुक्तं श्रवणमपूर्वविधित्वपक्षे फलपर्यन्तमपूर्वम्, नियमविधित्वपक्षे नियमादृष्टं वा जनयति । तच्च जातिस्मरत्वप्रापकादृष्टवत् प्राग्भवीयसंस्कारमुद्बोध्य तन्मूलभूतस्य विचारस्य जन्मान्तरीयविद्योपयोगितां घटयतीति युज्यते । शास्त्रीयाङ्गविधुरं श्रवणं नादृष्टोत्पादकमिति कुतस्तस्य जन्मान्तरीयविद्योपयोगित्वमुपपद्यते, घटकादृष्टं विना जन्मान्तरीयप्रमाणव्यापारस्य जन्मान्तरीयावगतिहेतुत्वोपगमे अतिप्रसङ्गात् ।

શંકા થાય કે દૃષ્ટ ફળરૂપ વાક્યાર્થજ્ઞાનને માટે અમુખ્ય અધિકારીથી કરવામાં આવતો વેદાન્તવિચાર, અવિહિત અન્ય (ન્યાયાદિ) શાસ્ત્રના વિચારની જેમ, જન્માન્તરમાં વિદ્યાપ્રાપ્તિમાં ઉપયોગી કેવી રીતે બનશે? (આજનો) વિચાર ખરેખર તો બીજા દિવસના પણ વિચાર્ય (વિચાર-વિષય)ના જ્ઞાનનો હેતુ થઈ શકતો નથી, તે બીજા જન્મના (વિચાર્યના જ્ઞાનનો) તે હેતુ બને એ દૂર રહ્યું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(—કલ્પી પણ ન શકાય)! અને એવી દલીલ કરવી નહિ કે મુખ્ય અધિકારી એવા પરિવ્રાજકથી કરવામાં આવતુ શ્રવણ પણ દૃષ્ટ પ્રયોજનવાળું જ છે, કારણ કે જ્ઞાન દૃષ્ટ અર્થ (પ્રયોજન, ફળ)વાળું છે તે જેમ પ્રારબ્ધ કર્મવિશેષરૂપ પ્રતિબંધને લઈને આ જન્મમાં ફળ ઉત્પન્ન નથી કરતું પણ અન્ય જન્મમાં પ્રતિબંધક દૂર થતાં ફળ ઉત્પન્ન રે છે, કારણ કે 'કોઈ પ્રસ્તુત પ્રતિબંધ ન હોય તો આ જન્મમાં પણ (જ્ઞાન) થાય છે, કારણ કે તેમ જોવામાં આવે છે '(બ્ર. સૂ. ૩.૪.૫૧) એ અધિકરણમાં તે પ્રમાણે નિર્ણય છે,—તેમ અમુખ્ય અધિકારીએ કરેલા (વેદાન્તવિચાર)ની બાબતમાં પણ થઈ શકે. (આ દલીલ બરાબર નથી) કારણ કે શાસ્ત્રીય અંગ (સંન્યાસ)થી યુક્ત શ્રવણ (શ્રવણવિધિ) અપૂર્વવિધિ છે એ પક્ષમાં (વિદ્યારૂપ) ફળની ઉત્પત્તિ સુધી અપૂર્વ ઉત્પન્ન કરે છે, અને (શ્રવણવિધિ) નિયમવિધિ છ એ પક્ષમાં (નિયમવિશિષ્ટ થઈને શ્રવણ ફળની ઉત્પત્તિ સુધી ટકે એવું) નિયમાદૃષ્ટ ઉત્પન્ન કરે છે. અને તે પૂર્વજન્મનું સ્મરણ પ્રાપ્ત કરાવનાર અદૃષ્ટની જેમ પૂર્વજન્મના સંસ્કારને જગાડીને તેના મૂળભૂત વિચારને અન્ય જન્મની વિદ્યામાં ઉપયોગી બનાવે છે એમ (માનવું) યુક્ત છ. શાસ્ત્રીય અંગ (સંન્યાસ) વિનાનું શ્રવણ અદૃષ્ટનુ ઉત્પાદક નથી તેથી તે અન્ય જન્મની વિદ્યામાં ઉપયોગી કેવી રીતે હોઈ શકે, કારણ કે જો ઘટક (સંપાદક, શક્ય બનાવનાર) અદૃષ્ટ વિના એક જન્મના પ્રમાણવ્યાપારને અન્ય જન્મના જ્ઞાનનો હેતુ માનવામાં આવે તો અતિપ્રસંગ થશે (—અન્ય જન્મમાં અનુભવેલા સકલ પદાર્થોની સ્મૃતિની પ્રસક્તિ થશે).

**વિવરણ** : શંકાકાર દલીલ કરે છે કે આપણો અનુભવ છે એક દિવસે કરેલો વિચાર અન્ય દિવસના વિચાર્ય(વિચાર વિષય)ના જ્ઞાનનો હેતુ નથી બનતો તો પછી એક જન્મમાં અમુખ્ય અધિકારીએ કરેલો વેદાન્તવિચાર અન્ય જન્મમાં વિચાર્યના જ્ઞાનનો હેતુ બને છે એમ તો કેવી જ રીતે કહી શકાય. આની સામે કોઈ દલીલ કરે કે મુખ્ય અધિકારીએ કરેલું શ્રવણ દૃષ્ટ ફળવાળું માનવામાં આવે છે તેમ છતાં પ્રતિબંધ હોય તો તે આ જન્મમાં વિદ્યારૂપ ફળ ઉત્પન્ન નથી કરતું અને અન્ય જન્મમાં ફળ આપે છે, જેમ વામદેવ વગેરેની બાબતમાં બન્યું હતુ (—વામદેવને ગર્ભમાં હતા ત્યારે જ્ઞાનપ્રાપ્તિ થયેલી જ હતી), તે જ રીતે અમુખ્ય અધિકારીએ કરેલું શ્રવણ પણ અન્ય જન્મમાં ફળ ઉત્પન્ન કરનારું હોઈ શકે. પણ આ દલીલ બરાબર નથી. દૃષ્ટાન્ત વિષમ છે. 'શ્રોતવ્યઃ' એ શ્રવણવિધિને અપૂર્વવિધિ માનનાર પક્ષમાં સંન્યાસરૂપ શાસ્ત્રીય અંગથી યુક્ત શ્રવણ પોતે વિદ્યારૂપ ફળની ઉત્પત્તિ થાય ત્યં સુધી ટકે તેવું અદૃષ્ટ ઉત્પન્ન કરે છે. જ્યારે શ્રવણવિધિને નિયમવિધિ માનનાર પક્ષમાં શ્રવણ નિયમવિશિષ્ટ હોઈને ફળપર્યન્ત નિયમાદૃષ્ટ ઉત્પન્ન કરે છે. જેમ પૂર્વજન્મની સ્મૃતિ સિદ્ધ કરનાર અદૃષ્ટ પૂર્વજન્મ અને તેના વૃત્તાન્તના અનુભવથી ઉત્પન્ન થયેલા સંસ્કારને આ જન્મમાં જગાડીને, તેનું ઉદ્બોધન કરીને તે દ્વારા પૂર્વજન્મ અને તેના વૃત્તાન્તની સ્મૃતિ શક્ય બનાવે છે તેમ આ અદૃષ્ટ પૂર્વજન્મમાં શ્રવણાદિથી ઉત્પન્ન થયેલા સંસ્કારને જગાડીને તે સંસ્કારના કારણભૂત શ્રવણની ભાવી જન્મમાં ઉત્પન્ન થતી વિદ્યામાં ઉપયોગિતા શક્ય બનાવે છે. પણ સંન્યાસરહિત ક્ષત્રિય આદિથી કરવામાં આવતું શ્રવણ અદૃષ્ટને ઉત્પન્ન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરી શકતું નથી, કારણ કે ક્ષત્રિય આદિની પ્રતિ શ્રવણાદિનું વિધાન નથી પ્રશ્ન થાય કે અવિહિત શ્રવણ ભલે અદૃષ્ટને ઉત્પન્ન ન કરે, પણ સંસ્કાર તો ઉત્પન્ન કરી શકે અને તેના બળે જ તે અન્ય જન્મમાં ઉત્પન્ન થતી વિદ્યાનું કારણ કેમ ન બની શકે? આનો ઉત્તર છે કે આ શક્ય બનાવનાર અદૃષ્ટ વિના જ જો આમ માનશો તો એક જન્મમાં અનુભવેલી બધી વસ્તુની સ્મૃતિ અન્ય જન્મમાં થવી જોઈએ પણ તેમ થતું નથી. તેથી એક જન્મમાં કરેલો વેદાંત-વિચાર અદૃષ્ટ દ્વારા જ અન્ય જન્મમાં વિદ્યા ઉત્પન્ન કરી શકે છે. પણ ક્ષત્રિય આદિની બાબતમાં શાસ્ત્રીય અંગ સંન્યાસ વિનાનું શ્રવણ અદૃષ્ટ ઉત્પન્ન નથી કરતું તેથી અન્ય જન્મમાં વિદ્યા ઉત્પન્ન ન કરી શકે.

આ શંકાનો ઉત્તર નીચે આપ્યો છે :

**उच्यते—अमुख्याधिकारिणाऽपि उत्पन्नविविदिषेण क्रियमाणं श्रवणं द्वारभूतविविदिषोत्पादकप्राचीनविद्यार्थयज्ञाद्यनुष्ठानजन्यापूर्वप्रयुक्तमिति तदेवापूर्वं विद्यारूपफलपर्यन्तं व्याप्रियमाणं जन्मान्तरीयायामपि विद्यायां स्वकारितश्रवणस्य उपकारकतां घटयतीति नानुपपत्तिः। श्रवणादौ विध्यभावपक्षे तु सन्न्यासपूर्वकं कृतस्यापि श्रवणस्यादृष्टानुत्पादकत्वात् सति प्रतिबन्धे तस्य जन्मान्तरीयविद्याहेतुत्वमित्थमेव निर्वाह्यम् ।**

(આ શંકાના ઉત્તરમાં) કહેવામાં આવે છે કે—જેમાં જ્ઞાનની ઇચ્છા ઉત્પન્ન થઈ છે એવા અમુખ્ય અધિકારીથી પણ કરવામાં આવતું શ્રવણ દ્વારભૂત વિવિદિષાને ઉત્પન્ન કરનાર પ્રાચીન (ગત જન્મમાં) વિદ્યા અર્થે થયેલા યજ્ઞાદિના અનુષ્ઠાનથી ઉત્પન્ન કરવામાં આવેલા અપૂર્વથી પ્રયુક્ત છે તેથી તે જ અપૂર્વ વિદ્યારૂપ ફળ સુધી વ્યાપૃત (કામે લાગેલું) રહેતું અન્ય જન્મની વિદ્યામાં પોતાથી કરાવવામાં આવેલા શ્રવણની ઉપકારકતાને ઘડે છે (શક્ય બનાવે છે), તેથી અનુપપત્તિ નથી. બીજી બાજુ શ્રવણાદિ અંગે વિધિ નથી એમ માનનાર પક્ષમાં સંન્યાસપૂર્વક કરેલું હોવા છતાં શ્રવણ અદૃષ્ટને ઉત્પન્ન નથી કરતું તેથી પ્રતિબંધ હોય તો તે (શ્રવણ) અન્ય જન્મમાં વિદ્યાનો હેતુ બને છે તેનો નિર્વાહ આ રીતે જ કરવાનો રહેશે.

વિવરણ : 'કર્મનો વિદ્યામાં વિનિયોગ છે' એ પક્ષને આધારે ઉપર્યુક્ત શંકાનો ઉત્તર આપે છે યજ્ઞાદિ દ્વારા વિદ્યા ઉત્પન્ન કરવાની હોય છે તેમાં વિવિદિષા દ્વારભૂત બને છે, અને વિદ્યા અર્થે ગત જન્મમાં જે યજ્ઞાદિનું અનુષ્ઠાન થયું હોય તેનાથી આ વિવિદિષા ઉત્પન્ન થાય છે. આમ આ વિદ્યા અર્થે થયેલા યજ્ઞાદિ–અનુષ્ઠાનથી જન્ય જે અપૂર્વ છે તે વિદ્યારૂપ ફળ ઉત્પન્ન થાય ત્યાં સુધી વ્યાપૃત (કામે લાગેલું) રહે છે. તેથી યજ્ઞાદિ–અનુષ્ઠાનથી જન્ય અપૂર્વ પોતે જે શ્રવણ કરાવે છે. તેની જન્માન્તરીય વિદ્યામાં ઉપયોગિતા શક્ય બનાવે છે. આ વાત અમુખ્ય અધિકારીની થઈ. વાચસ્પતિમિશ્રના મતમાં મુખ્ય અધિકારીથી કરવામાં આવતા શ્રવણનો નિર્વાહ પણ યજ્ઞાદિથી ઉત્પન્ન થતા અપૂર્વથી જ થાય છે. તેથી કહ્યું છે કે જે પક્ષમાં શ્રવણ અંગે વિધિ માનવામાં નથી આવતો તે મતમાં સંન્યાસપૂર્વક કરેલું હોય તો પણ શ્રવણ અપૂર્વ નથી ઉત્પન્ન કરતું તેથી વિદ્યા અર્થે થયેલા યજ્ઞાદિ અનુષ્ઠાનથી ઉત્પન્ન કરાયેલા અપૂર્વના આધારે જ શ્રવણ પ્રતિબંધ હોય ત્યારે અન્ય જન્મની વિદ્યાનું કારણ બની શકે છે. (પ્રતિબંધ ન હોય ત્યારે તો દૃષ્ટ ફળ જ્ઞાન આ જન્મમાં જ પ્રાપ્ત થાય છે).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

आचार्यास्तु नियमविधिपक्षेऽपि अयमेव निर्वाहः । श्रवणमभ्यस्यतः फलप्राप्तेरर्वाक् प्रायेण तन्नियमादृष्टानुत्पत्तेः । तस्य फलपर्यन्तावृत्तिगुणक-श्रवणानुष्ठाननियमसाध्यत्वात् । न हि नियमादृष्टजनकश्रवणनियमः फलपर्यन्तमावर्तनीयस्य श्रवणस्योपक्रममात्रेण निर्वर्तितो भवति येन तज्जन्यनियमादृष्टस्यापि फलपर्यन्तश्रवणावृत्तेः प्रागेवोत्पत्तिः सम्भाव्येत । अवघातवदावृत्तिगुणकस्यैव श्रवणस्य फलसाधनत्वेन फलसाधनपदार्थनिष्पत्तेः प्राक् तन्नियमनिर्वर्तिवचनस्य निरालम्बनत्वात् श्रवणावघाताद्युपक्रममात्रेण नियमनिष्पत्तौ तावतैव नियमशास्त्रानुष्ठानं सिद्धमिति तदनावृत्तावप्यवैकल्य-प्रसङ्गाच्चेत्याहुः ।

જ્યારે આચાર્ય (વિવરણાચાર્ય) કહે છે કે નિયમવિધિ પક્ષમાં પણ આ જ નિર્વાહ છે, કારણ કે જે શ્રવણનો અભ્યાસ કરે છે તેની બાબતમાં (પ્રતિબંધ-નિવૃત્તિરૂપ) ફળની પ્રાપ્તિની પહેલાં પ્રાયઃ તેના (શ્રવણના) નિયમથી જન્ય અદૃષ્ટની ઉત્પત્તિ થતી નથી. તેનું કારણ એ કે (નિયમાદૃષ્ટ) ફળ પર્યંત આવૃત્તિ જેનું લક્ષણ છે તેવા શ્રવણાનુષ્ઠાનના નિયમથી ઉત્પન્ન થાય છે. એ દેખીતું છે કે નિયમાદૃષ્ટને ઉત્પન્ન કરનારો શ્રવણનિયમ ફળપર્યંત જેની આવૃત્તિ કરવાની છે તેવા શ્રવણના ઉપક્રમ(—આરંભ—) માત્રથી પૂરો થતો નથી જેથી કરીને તેનાથી ઉત્પન્ન થતા નિયમાદૃષ્ટની પણ ફળ પર્યંત શ્રવણાવૃત્તિની પહેલાં જ ઉત્પત્તિ સંભવે અવઘાતની જેમ આવૃત્તિરૂપ ગુણથી યુક્ત જ શ્રવણ ફળનું સાધક છે તેથી ફળના સાધન પદાર્થની,—આવૃત્તિયુક્ત શ્રવણની—)ઉત્પત્તિ પહેલાં તે નિયમને સિદ્ધ કરનાર વચન નિરાલંબન બને છે (—આવૃત્તિયુક્ત શ્રવણની ઉત્પત્તિની પહેલાં, શ્રવણનિયમ નિષ્પન્ન કરનાર વચન નિરાલંબન છે). અને શ્રવણ તેમજ અવઘાત આદિના ઉપક્રમ(આરંભ) માત્રથી જો નિયમની નિષ્પત્તિ થતી હોય તો તેટલા માત્રથી નિયમશાસ્ત્રના અનુષ્ઠાનની સિદ્ધિ થઈ જાય તેથી આવૃત્તિ ન હોય તો પણ અવૈકલ્ય (ખામીનો અભાવ) પ્રસક્ત થાય (તેથી નિયમાદૃષ્ટ ફળપર્યન્ત આવૃત્તિયુક્ત શ્રવણના અનુષ્ઠાનના નિયમથી જ સાધ્ય છે). (એમ વિવરણાચાર્ય કહે છે).

વિવરણ : વિવરણાચાર્યના વચનનું તાત્પર્ય એ છે કે પ્રમાણની અસંભાવનાની નિવૃત્તિ શ્રવણનું ફળ છે; પ્રમેયની અસંભાવનાની નિવૃત્તિ મનનનું ફળ છે, અને વિપરીત



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભાવનાની નિવૃત્તિ નિદિધ્યાસનનું ફળ છે. આમ ત્રિવિધ પ્રતિબંધકની નિવૃત્તિરૂપ ફળ ઉત્પન્ન થાય ત્યાં સુધી આવૃત્તિથી વિશિષ્ટ શ્રવણ આદિ મુખ્ય અધિકારીનાં નિષ્પન્ન થાય છે, તેનાથી નિયમાદષ્ટની ઉત્પત્તિ થાય જ છે. આ રીતે વિદ્યાનું સાધન સંપન્ન થયા છતાં પણ પ્રતિબંધને લીધે જો વિદ્યા ઉત્પન્ન ન થાય તો પુનર્જન્મની પ્રાપ્તિથી પ્રતિબંધનો ક્ષય થતાં ફરી વિચારની અપેક્ષા વિના જ વિદ્યા ઉત્પન્ન થાય છે, જેમ વામદેવ, હિરણ્યગર્ભ આદિની વિદ્યા ઉત્પન્ન થઈ હતી. પણ જેની બાબતમાં ઉક્ત પ્રતિબંધની નિવૃત્તિ પર્યંત શ્રવણાદિની આવૃત્તિ ન થઈ હોય અને વચ્ચે મૃત્યુ થઈ જાય, તેવાનું એ મુખ્ય અધિકારી હોવા છતાં નિયમાદષ્ટ ઉત્પન્ન થતું નથી. અને અન્ય જન્મમાં ઉક્ત પ્રતિબંધની નિવૃત્તિ પર્યંત શ્રવણાદિનો અભ્યાસ કરવાથી તે શ્રવણાદિના નિયમાદષ્ટથી વિદ્યામાં પ્રતિબંધક પાપનો ક્ષય થતાં તે વિદ્યા પ્રાપ્ત કરે છે. ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે :—

तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदेहिकम् ।
यतते च ततो भूयस्संसिद्धौ कुरुनन्दन ।। (भ. गीता ६. ४३)

—અર્થાત્ સારા કુળમાં જન્મ પ્રાપ્ત થતાં પૂર્વદેહનો અને અત્યારે સંસ્કારરૂપે ચાલુ રહેલો બુદ્ધિ-સંયોગ—શ્રવણાદિ મારે કરવાં જોઈએ એવી બુદ્ધિની સાથે સંબંધ—પ્રાપ્ત કરે છે. આ જન્મમાં પણ પ્રતિબંધની નિવૃત્તિ દ્વારા 'વિદ્યાના ઉદય માટે મારે શ્રવણાદિ કરવાં જોઈએ' એ બુદ્ધિથી યુક્ત થાય છે એવો અર્થ છે. તેનાથી પૂર્વજન્મના યત્નની અપેક્ષાએ ફરીથી અધિક યત્ન સિદ્ધિને માટે તે કરે છે એવો અર્થ છે. આમ આ ફળપર્યંત આવૃત્તિથી યુક્ત શ્રવણાદિથી રહિત જે યોગભ્રષ્ટ છે તેની બાબતમાં નિયમાદષ્ટના અભાવને કારણે યજ્ઞાદિના અદષ્ટથી જ નિર્વાહ કરવાના હોય છે.

નિયમાદષ્ટ શ્રવણમાત્રથી ઉત્પન્ન થઈ શકતું નથી, પણ શ્રવણ-નિયમથી ઉત્પન્ન થઈ શકે છે; અને શ્રવણનિયમની નિષ્પત્તિ તો જ થાય જો શ્રવણ આદિની જ ફળપર્યંત આવૃત્તિ હોય. આમ ફળના ઉત્પત્તિની પહેલાં શ્રવણાદિ—નિયમનો જ અભાવ હોવાથી નિયમાદષ્ટની ઉત્પત્તિ થતી નથી. જેમ આવૃત્તિથી યુક્ત અવઘાત (ડાંગર છડવી તે) ચોખાની નિષ્પત્તિરૂપ ફળનું સાધન છે એ લોકસિદ્ધ છે, તેમ આવૃત્તિથી યુક્ત શ્રવણાદિ ફળનું સાધન છે. તેનાથી જ ફળપર્યંત શ્રવણનો અપ્રાપ્તાંશ—પરિપૂરણરૂપ નિયમ નિષ્પન્ન થાય છે, તે પહેલા નહિ એવો અર્થ છે. ડાંગરને છડવા અંગે જે નિયમવિધિ છે તેમાં એ અભિપ્રેત જ છે કે ઉપરનું પડ નીકળીને ચોખા પ્રાપ્ત થાય ત્યાં સુધી આઘાતની ક્રિયા કર્યા જ કરવાની છે અને ત્યારે નિયમ નિષ્પન્ન થાય, તેમ શ્રવણ અંગે જે નિયમવિધિ છે તેમાં પણ વિદ્યારૂપી ફળ પર્યંત શ્રવણ ચાલુ રહે તો જ નિયમ નિષ્પન્ન થાય છે—આરંભ માત્રથી નહિ. શ્રવણનો આરંભમાત્ર કે કેટલીક આવૃત્તિ માત્ર થતાં 'શ્રવણનિયમ નિષ્પન્ન થયો' એ વચન વિષયના અભાવમાં, વિષય ન હોવાથી, નિરાલંબ બને છે. જો શ્રવણના આરંભ માત્રથી જ નિયમ નિષ્પન્ન થતો હોય તો શ્રવણ અવઘાત આદિના અનુષ્ઠાનનો આરંભ કરીને શ્રવણ અવઘાત આદિને છોડીને ભાષા—પ્રબંધ આદિના વિચાર કરવામાં આવે અને નખથી ફોલીને ફોતરાં કાઢવામાં આવે, વગેરે તો એ પ્રવૃત્તિમાં પણ નિયમવિધિનો વિરોધ ન માની શકાય. પણ તેવું નથી, તેથી આવૃત્તિવિશિષ્ટ શ્રવણાદિથી જ નિયમાદષ્ટ શક્ય બને છે.

(જુઓ પંચપાદિકાવિવરણ, પૃ. ૧૦૨થી આગળ).

केचित्तु दृष्टार्थस्यैव वेदान्तश्रवणस्य—

'दिने दिने तु वेदान्तश्रवणाद् भक्तिसंयुतात् ।
गुरुशुश्रूषया लब्धात् कृच्छ्राशीतिफलं लभेत् ॥'

इत्यादिवचनप्रामाण्यात् स्वतन्त्रादृष्टोत्पादकत्वमप्यस्ति । यथा अग्निसंस्कारस्याधानस्य पुरुषसंस्कारेषु परिगणनात् तदर्थत्वमपि, एवं वचनबलादुभयार्थत्वोपपत्तेः । तथा च प्रतिदिनश्रवणजनितादृष्टमहिम्नैवामुष्मिकविद्योपयोगित्वं श्रवणमननादिसाधनानामित्याहुः ॥७॥

જ્યારે કેટલાક કહે છે કે "પ્રતિદિન ગુરુસેવાથી પ્રાપ્ત અને ભક્તિથી યુક્ત વેદાન્તશ્રવણથી વ્યક્તિ એંશી કૃચ્છ્ર (વ્રત)નું (પુણ્યરૂપ) ફળ મેળવે" ઇત્યાદિ વચનના પ્રમાણથી દૃષ્ટ અર્થ (ફળ કે પ્રયોજન)વાળું જ વેદાન્ત-શ્રવણ સ્વતંત્ર પણે અદૃષ્ટને ઉત્પન્ન કરનારું પણ છે. કારણ કે જેમ અગ્નિના સંસ્કાર માટેના આધાનની પુરુષ-સંસ્કારોમાં ગણના હોવાથી તે તેને માટે પણ છે (—પુરુષાર્થ સંસ્કાર પણ છે), તેમ વચનના બળથી (વેદાંત-શ્રવણ) ઉભયાર્થ (—દૃષ્ટ અને અદૃષ્ટ ફળવાળું) હોય એ ઉપપન્ન છે. અને આમ પ્રતિદિન શ્રવણથી ઉત્પન્ન કરવામાં આવતા અદૃષ્ટના મહિમાથી જ શ્રવણ, મનન આદિ સાધનો આમુષ્મિક (જન્માન્તરની) વિદ્યામાં ઉપયોગી બને છે. (૭)

**વિવરણ :** અહીં બીજો મત રજૂ કરતાં કહ્યું છે કે મુખ્ય કે અમુખ્ય અધિકારીઓ દ્વારા દરરોજ કરવામાં આવતું વેદાંતશ્રવણ જેમ ઉક્ત પ્રતિબંધકનિવૃત્તિરૂપ દૃષ્ટ ફળ ઉત્પન્ન કરે છે તેમ અદૃષ્ટ પણ ઉત્પન્ન કરે છે અને તેના સામર્થ્યથી બીજા જન્મમાં વેદાંત વિચાર વિદ્યામાં ઉપયોગી બની શકે છે.

વ્યાખ્યાકાર કૃષ્ણાનંદ કહે છે કે ટાંકેલા વચનમાં तु છે તે च ના અર્થમાં છે. તેથી દેવતા, ગુરુ અને વેદાંતના વિષય પ્રતિ ભક્તિ તેમ જ ગુરુશુશ્રૂષા જેમનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, અને શમ, દમ, બ્રહ્મચર્ય, અહિંસા આદિ જેમનો ઉલ્લેખ નથી કરવામાં આવ્યો તે સર્વ સાથે વેદાંતશ્રવણનો સમુચ્ચય જ્ઞાત થાય છે. વેદાંતશ્રવણ સ્વતંત્ર અદૃષ્ટ પણ ઉત્પન્ન કરી શકે છે એમ કહ્યું છે તેનો અર્થ એવો સમજવાનો છે કે અદૃષ્ટ ઉત્પન્ન કરવામાં શ્રવણને વિદ્યામાં વિનિયોગ બતાવનાર શ્રવણવિધિની અપેક્ષા નથી.

વેદાંતશ્રવણનું દૃષ્ટ અને અદૃષ્ટ ફળ હોઈ શકે તે બતાવવા અગ્ન્યાધાનનું દૃષ્ટાન્ત આપ્યું છે. अग्नीनादधीत એ વચનથી આધાનને આહવનીય આદિ અગ્નિના સંસ્કાર તરીકે સ્વીકારવામાં આવે છે. જ્યારે अग्न्याधेयमग्निहोत्रम् ઇત્યાદિ પુરુષ સંસ્કારોનો સંગ્રહ કરનાર સૂત્રમાં અગ્ન્યાધાનનો પણ સમાવેશ હોવાથી તે પુરુષ-સંસ્કાર પણ છે આમ વેદાંતશ્રવણનું દૃષ્ટ અને અદૃષ્ટ બન્ને પ્રયોજન હોઈ શકે અને વેદાંત-શ્રવણથી ઉત્પન્ન કરવામાં આવેલા અદૃષ્ટની યોગ્યતાથી તેનો વિદ્યામાં જ વિનિયોગ કહેવો જોઈએ, તેથી તેના બળે તે અન્ય જન્મમાં થની વિદ્યામાં ઉપયોગી બની શકે છે એવો ભાવ છે. (૭)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(८) एवं 'श्रवणमननादिसाधनानुष्ठानप्रणाल्या विद्याऽवाप्तिः' इत्यस्मिन्नर्थे सर्वसम्प्रतिपन्ने स्थिते भारतीतीर्थाः ध्यानदीपे विद्याऽवाप्तौ उपायान्तरमप्याहुः । 'तत् कारणं साङ्ख्ययोगाभिपन्नम्'(श्वेता. ६.१३), 'यत्साङ्ख्यैः प्राप्यते स्थानं तद्योगैरपि गम्यते।' इति (भ.गीता ५.५) श्रुतिस्मृतिदर्शनाद् यथा साङ्ख्यं नाम वेदान्तविचारः श्रवणशब्दितो मननादिसहकृतो विद्याऽवाप्त्युपायः, एवं योगशब्दितं निर्गुणब्रह्मोपासनमपि।

न च निर्गुणस्योपासनमेव नास्तीति शङ्क्यम् । प्रश्नोपनिषदि शैव्यप्रश्ने 'यः पुनरेतं त्रिमात्रेणोङ्कारेण परं पुरुषमभिध्यायीत (५.५) इति निर्गुणस्यैवोपासनप्रतिपादनात् । तदनन्तरम्—'स एतस्माज्जीवघनात् परात् परं पुरिशयं पुरुषमीक्षते (प्रश्न ५.५) इति उपासनाफलवाक्ये "ईक्षतिकर्मत्वेन निर्दिष्टं यन्निर्गुणं ब्रह्म तदेवोपासनवाक्येऽपि ध्यायतिकर्म, नान्यत् । ईक्षतिध्यानयोः कार्यकारणभूतयोरेकविषयत्वनियमात्" इत्यस्यार्थस्य ईक्षतिकर्माधिकरणे (ब्र. सू. १.३.१३) भाष्यकारादिभिरङ्गीकृतत्वात् । अन्यत्रापि तापनीयकठवल्ल्यादिश्रुत्यन्तरे निर्गुणोपास्तेः प्रपञ्चितत्वात् । सूत्रकृताऽप्युपास्यगुणपरिच्छेदार्थमारब्धे गुणोपसंहारपादे निर्गुणेऽपि 'आनन्दादयः प्रधानस्य' इति सूत्रेण (ब्र. सू. ३.३.११) भावरूपाणां ज्ञानानन्दादिगुणानां, 'अक्षरधियां त्ववरोधः' इत्यादिसूत्रेण (ब्र. सू. ३.३.३३) अभावरूपाणामस्थूलत्वादिगुणानां चोपसंहारस्य दर्शितत्वाच्च ।

(૮) આમ 'શ્રવણ મનન આદિ સાધનના અનુષ્ઠાન દ્વારા વિદ્યાની પ્રાપ્તિ થાય છે' એ અર્થ બધાંને સંમત ઠરતાં (અર્થાત્ સર્વશ્રુતિસ્મૃતિઓમાં બરાબર નિશ્ચિત થતાં) ભારતીતીર્થે (પંચદશીના નવમા પ્રકરણ) ધ્યાનદીપમાં વિદ્યાની પ્રાપ્તિમાં અન્ય ઉપાયનું પણ નિરૂપણ કર્યું છે. 'તે કારણ (કારણ તરીકે ઉપલક્ષિત બ્રહ્મ) સાંખ્ય અને યોગથી પ્રાપ્ત થાય છે,' 'જે (બ્રહ્મસ્વરૂપ) સ્થાનની (શ્રવણાદિપર) સાંખ્યોથી પ્રાપ્તિ કરવામાં આવે છે તે યોગો (ઉપાસકો)થી પણ પ્રાપ્ત કરવામાં આવે છે' એમ શ્રુતિ અને સ્મૃતિ જોવામાં આવે છે. તેથી જ્ઞાત થાય છે કે જેમ સાંખ્ય નામનો વેદાંતવિચાર જેને માટે 'શ્રવણ' શબ્દ પ્રયોજાય છે તે મનન આદિથી સહકૃત (થતાં) વિદ્યાની પ્રાપ્તિનો ઉપાય છે, તેમ જેને 'યોગ' કહેવામાં આવે છે તે નિર્ગુણ બ્રહ્મોપાસના પણ (વિદ્યાની પ્રાપ્તિનો ઉપાય છે).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને એવી શંકા કરવી ન જોઈએ કે નિર્ગુણની ઉપાસના જ નથી. (આ શંકા બરાબર નથી) કારણ કે **પ્રશ્નોપનિષદ્**માં શૈબ્ય-પ્રશ્નમાં 'જે વળી આ પરમ પુરુષનું ધ્યાન ત્રણ માત્રાવાળા ઓંકારથી કરે' (પ્રશ્ન ૫.૫) એમ નિર્ગુણની જ ઉપાસનાનું પ્રતિપાદન છે. તે પછી 'ત આ જીવઘન પરથી પર એવા પુરમાં સૂતેલા (હૃદય આકાશમાં બુદ્ધિના સાક્ષી તરીકે રહેલા) (નિરુપાધિક) પુરુષને જુએ છે (તેનો સાક્ષાત્કાર કરે છે)' એ ઉપાસનાના ફલવિષયક વાક્યમાં "ઈક્ષ્' ક્રિયાના કર્મ તરીકે જે નિર્ગુણ બ્રહ્મનો નિર્દેશ છે તે જ ઉપાસના-વાક્યમા ध्यायति ક્રિયાનું કર્મ છે, અન્ય નહિ, કારણ કે ઈક્ષણ અને ધ્યાન જે કાર્ય અને કારણ રૂપ છે તેમનો વિષય એક હોય છે એવો નિયમ છે"—એમ આ અર્થ **ईक्षतिकर्माधिकरण** (બ્ર.સૂ. ૧.૩.૧૩)માં **ભાષ્યકાર** આદિએ સ્વીકાર્યો છે. અન્યત્ર પણ **તાપનીય**, **કઠવલ્લી** આદિ અન્ય શ્રુતિઓમાં નિર્ગુણોપાસનાનું પ્રતિપાદન કર્યું છે અને સૂત્રકારે પણ ઉપાસ્યના ગુણના નિર્ણય માટે આરંભ કરેલા ગુણોપસંહારપાદમાં નિર્ગુણ બ્રહ્મમાં પણ આનંદ આદિ પ્રધાનભૂત (બ્રહ્મ)નાં છે (બ્ર. સૂ. ૩.૩.૧૧) એ સૂત્રથી ભાવરૂપ જ્ઞાન આનંદ આદિ ગુણોનો અને 'અક્ષર બ્રહ્મના જ્ઞાનનો (જેનાથી અક્ષરબ્રહ્મજ્ઞાન થાય તેવા અભાવાત્મક ધર્મોનો) તો ઉપસંહાર થાય છે' (બ્ર. સૂ. ૩.૩.૩૩) એ સૂત્રથી અભાવરૂપ અસ્થૂલત્વ આદિ ગુણોનો ઉપસંહાર દર્શાવ્યો છે.

**વિવરણ** : વ્યાખ્યાકાર કૃષ્ણાનંદ કહે છે કે આ રીતે ઉત્તમ અને મધ્યમ પ્રકારના અધિકારીઓ માટે સાંખ્યમાર્ગનું નિરૂપણ કરીને હવે **અપ્પય્યદીક્ષિત** એ સાંખ્યમાર્ગને માટે ક્ષમતાવાળા નહીં એવા અત્યંત મંદ અધિકારીઓ માટે યોગમાર્ગનું નિરૂપણ શરૂ કરે છે. શ્રવણને મનન આદિ સાધનોનો સહકાર મળતાં તેના અનુષ્ઠાનથી વિદ્યાની પ્રાપ્તિ થાય છે એ બાબતમાં સર્વ શ્રુતિ-સ્મૃતિની સંમતિ છે પણ **ભારતીતીર્થે પંચદશી**ના નવમા પ્રકરણ **ધ્યાનદીપ**માં એ બતાવ્યું છે કે જેમ સાંખ્ય અર્થાત્ વેદાંત-વિચાર અર્થાત્ મનન આદિથી સહકૃત શ્રવણ વિદ્યાની પ્રાપ્તિનો ઉપાય છે, તેમ નિર્ગુણબ્રહ્મની ઉપાસના—યોગ—પણ વિદ્યાની પ્રાપ્તિનો ઉપાય છે.* તેને માટે શ્રુતિ સ્મૃતિનું પ્રમાણ પણ મળી રહે છે. શ્રુતિ કહે છે કે તે કારણ તરીકે ઉપલક્ષિત બ્રહ્મ સાંખ્યયોગથી વિદ્યા દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. ભ.ગીતા (૫.૫) પણ કહે છે કે જે બ્રહ્મસ્વરૂપ સ્થાન સાંખ્યોને અર્થાત્ સાંખ્ય કે વેદાંતવિચારથી યુક્ત માણસોને મળે છે તે સ્થાન યોગોને અર્થાત્ યોગ કે નિર્ગુણ બ્રહ્મની ઉપાસના કરનારાઓને પણ વિદ્યા દ્વારા પ્રાપ્ત થાય છે. વ્યાખ્યાકાર **કૃષ્ણાનંદ** કહે છે કે 'યોગોને પણ' એમ 'પણ' શબ્દનો પ્રયોગ છે તેથી યોગ માર્ગ અનુકલ્પ છે એમ સમજાય છે.

---

* निर्गुणब्रह्मतत्त्वस्य न ह्युपास्तेरसम्भवः ।
सगुणब्रह्मणीवात्र प्रत्ययावृत्तिसम्भवात् ॥ (ધ્યાનદીપ, ૫૫)

જેમ સગુણબ્રહ્મમાં તેમ નિર્ગુણબ્રહ્મમાં પ્રત્યય (જ્ઞાન)ની આવૃત્તિ (ધ્યાન, તત્ત્વાભ્યાસ) સંભવે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કોઈને શંકા થાય કે નિર્ગુણબ્રહ્મની ઉપાસના જ શ્રુતિ આદિમાં પ્રતિપાદિત નથી તેથી તેને માટે કોઈ પ્રમાણુ નથી પણ આ શંકા બરાબર નથી. 'યોગ' શબ્દનો અર્થ સગુણ બ્રહ્મોપાસના છે એમ માની ન શકાય કારણ કે પ્રશ્નોપનિષદ્ આદિમાં બ્રહ્મની ઉપાસના જ બતાવેલી છે. આ યોગ કે ઉપાસનાનું ફળ સાક્ષાત્કાર છે એમ કહ્યું છે. ઉપાસના અને સાક્ષાત્કાર વચ્ચે કારણ અને કાર્યનો સંબંધ છે. ઉપાસના જે કારણરૂપ છે તેનો વિષય સગુણ બ્રહ્મ હોય અને તેના કાર્યરૂપ સાક્ષાત્કારનો વિષય નિર્ગુણ બ્રહ્મ હોય એ તો શક્ય જ નથી. તેથી યોગ નિર્ગુણબ્રહ્મની ઉપાસના જ છે. 'યોગ' પદ ધ્યાનના અર્થમાં રૂઢ છે. કર્મયોગ મુખ્ય યોગ દ્વારા બ્રહ્મપ્રાપ્તિનું સાધન છે, સાક્ષાત્ નહિ તેથી એ અર્થમાં 'યોગ' શબ્દનો પ્રયોગ 'કર્મ' સાથે ગીતામાં ઉપચારથી કર્યો છે.

(વ્યાખ્યાકાર કૃષ્ણાનંદ તીર્થ કહે છે કે માટે જ કોઈને પ્રશ્ન થાય છે નિર્ગુણ ઉપાસના માટે આટલાં પ્રમાણ હોય તો તેને વિષે શંકા કેવી રીતે કરી શકાય. આનો ઉત્તર એ છે કે આ વાત બરાબર નથી. ટાંકેલી શ્રુતિ, સ્મૃતિ સિવાય ક્યાંય નિર્ગુણોપાસના જોવા મળતી નથી એ દૃષ્ટિએ આ શંકા ઉપપન્ન છે. સર્વ શ્રુતિઓમાં નિર્ગુણ બ્રહ્મની ઉપાસનાનું પ્રતિપાદન છે તેથી શંકાને કોઈ સ્થાન નથી એમ મંદબુદ્ધિના અધિકારીઓના આશ્વાસન માટે બતાવ્યું છે.)

**પ્રશ્નોપનિષદ્**માં अ, उ અને म એ ત્રણ માત્રાવાળા ૐકારથી પરમ પુરુષનું ધ્યાન કરવાનું કહ્યું છે તેનો અર્થ એ છે કે ૐકારમાં નિર્ગુણ બ્રહ્મનું તેનાથી અભિન્ન તરીકે ધ્યાન કરવું. આ વાક્ય પછી આ ધ્યાનનું ફળ બતાવતાં કહ્યું છે કે જીવઘન અર્થાત્ ઘટાકાશની જેમ ઉપાધિથી પરિચ્છિન્ન ચૈતન્યાત્મા, તેનાથી પર જે નિરુપાધિક પરમાત્મા છે અને જે પોતાના હૃદયાકાશમાં બુદ્ધિના સાક્ષી તરીકે રહેલો છે તેનો સાક્ષાત્કાર (ઈક્ષણ) આ ધ્યાન કરનારને થાય છે. આમ ધ્યાન એ સાક્ષાત્કારનું કારણ છે એમ સમજાય છે તેથી ધ્યાન કે ઉપાસના અને સાક્ષાત્કારનો વિષય એક જ હોવો જોઈએ.

શંકા થાય કે **ભામતી** પરના **કલ્પતરુ**(૧.૩.૧૩)માં 'स तेजसि सूर्ये सम्पन्नः' (પ્રશ્ન ૫.૫) ઇત્યાદિ સંપત્તિપ્રતિપાદક વચન અનુસાર ધ્યાતવ્ય બ્રહ્મને માટે 'सूर्यान्तःस्थ' 'સૂર્યની અંદર રહેલ' એવું વિશેષણ છે. તેથી ૐકારમાં ધ્યાતવ્ય પુરુષ નિર્ગુણ બ્રહ્મરૂપ છે એમ કલ્પતરુ-કારને સ્વીકાર્ય નથી એમ લાગે છે. આ શંકાનો ઉત્તર છે કે એવું નથી, સૂર્યસંપત્તિ વિષયક વચન અર્ચિરાદિ માર્ગમાં પ્રાપ્તિપરક છે એમ ચોથા અધ્યાયમાં કલ્પતરુકાર અમલાનંદે પોતે પ્રતિપાદિત કર્યું છે તેથી સૂર્ય કે તેના અંદર રહેલા ઈશ્વરની પ્રાપ્તિનું એ બોધક નથી. **કલ્પતરુકાર**નાં પોતાનાં અન્ય વચનોની પર્યાલોચના કરવાથી અને શ્રુતિ માર્ગપરક હોવાથી 'સૂર્યાન્તઃસ્થત્વ' વિશેષણ આપવામાં તાત્પર્ય નથી એમ સમજાય છે એમ **કલ્પતરુ** ઉપરના **પરિમલ**માં **અપ્પય્ય દીક્ષિતે** પ્રતિપાદિત કર્યું છે.

નિર્ગુણ બ્રહ્મોપાસના માટે પ્રમાણ **તાપનીયોપનિષદ્**માં છે : देवा ह वै प्रजापतिमब्रुवन् अणोरणीयांसमिममात्मानमोङ्कारं नो व्याचक्ष्व। (દેવોએ પ્રજાપતિને કહ્યું કે અણુથી વધારે અણુ, સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ એવો આ પ્રત્યગ્‌રૂપ આત્મા જે ઓંકારગમ્ય છે તે અમને કહો). એ જ રીતે બીજાં શ્રુતિવચનો છે—'एतद्ध्येवाक्षरं ब्रह्म—કઠોપનિષદ્ ૨.૧૬, ओमित्येतदक्षरमिदं सर्वम्'—માંડૂક્યોપનિષદ્, ૧, ओमित्येवं ध्यायथ आत्मानम्—મુણ્ડકોપનિષદ્ ૨.૨.૬.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિર્ગુણ બ્રહ્મ ઉપાસ્ય હોઈ શકે એ બાબતમાં બ્રહ્મસૂત્રકારની પણ સંમતિ છે એમ બતાવ્યું છે. બ્રહ્મસૂત્રકારે નિર્ગુણમાં પણ ગુણોનો ઉપસંહાર બતાવ્યો છે. શંકા થાય કે નિર્ગુણમાં ગુણોનો ઉપસંહાર નિર્ગુણ બ્રહ્મના જ્ઞાન અર્થે છે કે નિર્ગુણ બ્રહ્મની ઉપાસના અર્થે છે. આવી શંકાનો નિરાસ કરતાં કહ્યું છે કે નિર્ગુણમાં ગુણોપસંહારનું નિરૂપણ છે તે ઉપાસ્યના નિર્ણય માટે છે અને તેનું નિર્ગુણોપાસના પણ ફળ છે—આમ ન હોય તો તે નિરૂપણની ત્રીજા પાદ સાથે કોઈ સંગતિ ન રહે. आनन्दादयः प्रधानस्य (૩.૩.૧૧) સૂત્રનો અર્થ એવો છે કે આનંદ વગેરેનો ઉલ્લેખ એક જગ્યાએ હોય તેનો અન્યત્ર ઉપસંહાર કરવો જોઈએ; કારણ કે વેદ્ય બ્રહ્મ પ્રધાન છે અને તે સર્વ ઉપનિષદોમાં અભિન્ન છે તેથી બ્રહ્મવિદ્યા એક છે. અન્યત્ર અભાવરૂપ ધર્મોનો પણ ઉપસંહાર બતાવ્યો છે. સ્થૂલત્વાદિનો નિષેધ નિષ્પ્રપંચ બ્રહ્મના જ્ઞાનનો હેતુ છે એવો ભાવ છે.

अक्षरधियां...-પૂરું સૂત્ર આ પ્રમાણે છે—अक्षरधियां त्ववरोधः सामान्यतद्भावाभ्यामौपसदवत्तदुक्तम् (બ્રહ્મસૂત્ર ૩.૩.૩૩)--અક્ષર બ્રહ્મને વિષે જ્ઞાન કરાવનાર (અસ્થૂલત્વ આદિ નિષેધો)નો ઉપસંહાર કરવો જોઈએ કારણ એ નિષેધથી સર્વત્ર શ્રુતિઓમાં બ્રહ્મનું પ્રતિપાદન અને એકત્વરૂપથી પ્રત્યભિજ્ઞાન પણ સમાન છે, જેમ પુરોડાશના અંગભૂત ઓપસદ મંત્રોનું અન્યત્ર શ્રવણ થતાં અધ્વર્યુ સાથે જ સંબંધ હોય છે.

ननु आनन्दादिगुणोपसंहारे उपास्यं निर्गुणमेव न स्यादिति चेत्, न । आनन्दादिभिरस्थूलत्वादिभिश्चोपलक्षितमखण्डैकरसं ब्रह्मास्मीति निर्गुणत्वानुपमर्देन उपासनासम्भवात् । ननु 'तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते' (केनोपनिषद् १.५) इति श्रुतेः न परं ब्रह्मोपास्यमिति चेत्, 'अन्यदेव तद्विदिताद्' (केन उप. १.४) इति श्रुतेस्तस्य वेद्यत्वस्याप्यसिद्ध्यापातात् । श्रुत्यन्तरेषु ब्रह्मवेदनप्रसिद्धेरवेद्यत्वश्रुतिर्वास्तवावेद्यत्वपरा चेत्, आथर्वणादौ तदुपासनाप्रसिद्धेस्तदनुपास्यत्वश्रुतिरपि वस्तुवृत्तपराऽस्तु । एवं च 'श्रवणायापि बहुभिर्यो न लभ्यः' (कठ. २.७) इति श्रवणाद् येषां बुद्धिमान्द्याद्, न्यायव्युत्पादनकुशलविशिष्टगुर्वलाभाद्वा श्रवणादि न सम्भवति, तेषामध्ययनगृहीतैः वेदान्तैरापाततोऽधिगमितब्रह्मात्मभावानां तद्विचारं विनैव प्रश्नोपनिषदाद्युक्तमार्गग्रन्थेषु ब्रह्मवासिष्ठादिकल्पेषु पञ्चीकरणादिषु चानेकशाखाविप्रकीर्णसर्वार्थोपसंहारेण कल्पसूत्रेष्वग्निहोत्रादिवन्निर्धारितानुष्ठानप्रकारं निर्गुणोपासनं सम्प्रदायमात्रविद्भ्यो गुरुभ्योऽवधार्य तदनुष्ठानात् क्रमेणोपास्यभूतनिर्गुणब्रह्मसाक्षात्कारः सम्पद्यते । अविसंवादिभ्रमन्यायेन उपास्तेरपि क्वचित् फलकाले प्रमापर्यवसानसम्भवात् ।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શંકા થાય કે આનંદ આદિ ગુણોનો ઉપસંહાર હોય તો ઉપાસ્ય નિર્ગુણ જ ન હોય. (આવી શંકા કોઈ કરે તે ઉત્તર છે કે) ના. આનંદ આદિથી અને અસ્થૂલત્વ આદિથી ઉપલક્ષિત અખંડ એકરસ જે બ્રહ્મ તે હું છું એમ નિર્ગુણત્વની હાનિ વિના ઉપાસના સંભવે છે. જો કોઈ શંકા કરે કે 'તે (બુદ્ધિ આદિના સાક્ષી ચૈતન્ય)ને જ બ્રહ્મ જાણો, આને નહિ જેની ઉપાસના કરે છે' (કેનોપનિષદ્ ૧.૫) એ શ્રુતિથી પરબ્રહ્મ ઉપાસ્ય નથી, તો ઉત્તર છે કે 'તે જ્ઞાત (જ્ઞાનના વિષય)થી અન્ય જ છે' (કેન. ૧.૪) એ શ્રુતિથી તેના વેદ્યત્વ (જ્ઞેયત્વ) ની પણ અસિદ્ધિ આપન્ન થશે (બ્રહ્મને વેદ્ય માની શકાશે નહિ) (તેથી શંકા બરાબર નથી). જો દલીલ કરવામાં આવે કે અન્ય શ્રુતિઓમાં બ્રહ્મવેદનની પ્રસિદ્ધિ હોવાથી અવેદ્યત્વ અંગેની શ્રુતિ વાસ્તવિક અવેદ્યત્વપરક છે, તો ઉત્તર છે કે આથર્વણ આદિ (શ્રુતિ)માં તેની (બ્રહ્મની) ઉપાસનાની પ્રસિદ્ધિ હોવાથી તેના અનુપાસ્યત્વ અંગેની શ્રુતિ પણ વસ્તુના સ્વરૂપપરક જ ભલે હોય (—પરમાર્થતઃ અનુપાસ્યત્વનું પ્રતિપાદન જ તે ભલે હોય). અને આમ (નિર્ગુણ બ્રહ્મની ઉપાસના પ્રમાણસિદ્ધ થતાં) 'અનેકને શ્રવણ માટે પણ તે પ્રાપ્ત થઈ શકતો નથી' (કઠ. ૨.૭) એમ શ્રુતિ હોવાથી જેમને બુદ્ધિની મંદતાને કારણે અથવા ન્યાયને બરાબર સમજાવવામાં કુશલ એવા વિશિષ્ટ ગુરુ નહીં મળવાને કારણે શ્રવણ આદિ સંભવતું નથી તેવાઓ જેમને અધ્યયનથી ગૃહીત થયેલા વેદાંતો (ઉપનિષદો)થી ઉપરછલ્લી રીતે બ્રહ્માત્મભાવ જણાવવામાં આવ્યો છે, તેમને તેના વિચાર વિના જ —જેમ અનેક શાખાઓમાં વિખરાયેલા સર્વ પદાર્થો (બાબતો) ના ઉપસંહારથી કલ્પસૂત્રોમાં અગ્નિહોત્ર આદિનો નિર્ણય કરવામાં આવે છે તેમ પ્રશ્નોપનિષદ્ આદિમાં ઉક્ત તથા બ્રાહ્મ વાસિષ્ઠ આદિ કલ્પોમાં અને પંચીકરણ આદિમાં જેના અનુષ્ઠાન પ્રકારનો નિર્ણય કરવામાં આવ્યો છે તેવા નિર્ગુણોપાસનનો સંપ્રદાયમાત્રના જાણકાર એવા ગુરુઓ પાસેથી નિશ્ચયાત્મક જ્ઞાન મેળવીને તેના અનુષ્ઠાનથી ક્રમથી ઉપાસ્યભૂત નિર્ગુણબ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે. અવિસંવાદી ભ્રમના ન્યાયથી ઉપાસના પણ કયારેક ફળકાળમાં પ્રમામાં પર્યવસાન પામી શકે છે.

**વિવરણ** : શંકા થાય કે આનંદ આદિ ગુણોનો ઉપસંહાર કરવામાં આવે તો ઉપાસ્ય બ્રહ્મ સગુણ જ બની જાય છે, તે નિર્ગુણ રહેતું જ નથી. આનો ઉત્તર એ છે કે આનંદ આદિ ગુણોનો ઉપાસ્ય કોટિમાં અંગીકાર નથી કરવામાં આવતો જેથી કરીને ઉપાસ્ય બ્રહ્મ સગુણ બને. પણ ઉપાસ્યના નિર્ગુણત્વના નિર્ણય દ્વારા નિર્ગુણોપાસનામાં તેના ઉપયોગનો જ સ્વીકાર કરવામાં આવે છે. આનંદ આદિ ભાવરૂપ ગુણોનો અને અસ્થૂલત્વ આદિ નિષેધરૂપ ગુણોનો ઉપસંહાર એ તેમના વાચક પદોના સહોચ્ચારણરૂપ વિવક્ષિત છે. આમ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉપાધિથી વિશિષ્ટ ચૈતન્યના વાચક 'આનંદ' આદિ પદો અને સ્થૂલત્વાદિના અભાવથી વિશિષ્ટ ચૈતન્યના વાચક અસ્થૂલત્વ' આદિ શબ્દો બધા વાચ્યાર્થોમાં અનુગત અખંડ એકરસ જે બ્રહ્મ છે તેનો બોધ લક્ષણાથી કરાવે છે, કારણ કે 'તે હું છું' એમ ઉપાસના સંભવે છે. ધ્યાનદીપમાં કહ્યું છે :

आनन्दादिभिरस्थूलादिभिश्चात्माऽत्र लक्षितः ।
योऽखण्डैकरसस्सोऽहमस्मीत्येवमुपासते ॥ (ધ્યાનદીપ, ૭૩)

(અહીં વેદાન્તોમાં 'આનંદ' આદિથી અને 'અસ્થૂલ' આદિથી લક્ષિત જે અખંડ એકરસ આત્મા તે હું છું એમ ઉપાસના કરે છે.)

આમ નિર્ગુણ બ્રહ્મ ઉપાસ્ય છે એમ શ્રુતિ અને સૂત્રથી સિદ્ધ થાય છે. તેમ છતાં નિર્ગુણોપાસનાની બાબતમાં બીજી શ્રુતિઓનો વિરોધ છે એવી શંકા થાય કારણ કે 'બુદ્ધિ આદિનો સાક્ષી તે જ બ્રહ્મ છે, આ લોકો જેની ઉપાસના કરે છે તે બ્રહ્મ નથી' (કેન ૧.૫) એમ બ્રહ્મના ઉપાસ્યત્વનો નિષેધ છે. પણ આ રીતે વિચારતાં તો બ્રહ્મના વેદ્યત્વનો પણ નિષેધ છે, અર્થાત્ જે જ્ઞાત છે તે બ્રહ્મ નથી (કેન, ૧.૪). આમ પરબ્રહ્મજ્ઞાનની પણ સિદ્ધિ ન માની શકાય. આવી નિષેધશ્રુતિઓનું તાત્પર્ય એ છે કે વેદ્યત્વ કે ઉપાસ્યત્વ બ્રહ્મમાં પરમાર્થતઃ નથી.

હવે નિર્ગુણોપાસનાનો અધિકારી કોણ તે દર્શાવે છે. કેટલાક મુમુક્ષુઓની બાબતમાં અત્યંત બુદ્ધિમાન્દ્યને કારણે અથવા પોતે કુશળ મતિવાળા હોય પણ વિશિષ્ટ ગુરુ ન મળવાને કારણે અર્થાત્ સામગ્રીના અભાવમાં શ્રવણ આદિની સંભાવના નથી; તેમને પરમાત્મા શ્રવણ માટે પ્રાપ્ત થતો નથી તો શ્રુતના સાક્ષાત્કારની વાત દૂર જ રહે છે. વિશિષ્ટ ગુરુ એટલે નિર્ભેળ આર્ય મર્યાદા, કરુણા આદિ લક્ષણોવાળા ગુરુ. આ જિજ્ઞાસુઓને નિત્યકર્મ તરીકે કરેલા વેદાધ્યયનથી ઉપનિષદો ગૃહીત થઈ ગયાં છે અને તેથી ઉપરછલી રીતે બ્રહ્માત્મભાવ વિશે તેઓ જાણે છે. તેમને તેના વિચાર વિના જ નિર્ગુણોપાસનાનો પ્રકાર ગુરુઓ પાસેથી ચોક્કસ જાણીને તેના સતત અનુષ્ઠાનથી સાક્ષાત્કાર સંભવે છે. નિર્ગુણબ્રહ્મવિચાર વિના જ નિર્ગુણબ્રહ્મોપાસનાના અનુષ્ઠાનથી સાક્ષાત્કાર સંભવે છે.

(જુઓ ધ્યાનદીપ, ૫૪—अत्यन्तबुद्धिमान्द्याद्वा सामग्र्या वाऽप्यसम्भवात् ।
यो विचारं न लभते ब्रह्मोपासीत सोऽनिशम् ॥)

શંકા થાય કે પ્રશ્નોપનિષદ્ આદિમાં ઉપાસનની જ વાત કરી છે પણ તેના અનુષ્ઠાનનો પ્રકાર તો બતાવ્યો નથી આ શંકાનું નિરાકરણ કરતાં કહ્યું છે કે જુદા જુદા આર્ષ ગ્રંથો વગેરેમાં અનેક શાખાઓમાં અનેક બાબતો વિખરાયેલા રૂપમાં પડી છે તેમનો ઉપસંહાર કરીને અનુષ્ઠાનનો પ્રકાર જાણી શકાય છે, જેમ અગ્નિહોત્રની બાબતમાં નિર્ણય કરવામાં આવે છે તેમ.

[વ્યાખ્યાકાર કૃષ્ણાનંદ વિવેચન કરતાં શંકા રજૂ કરે છે કે પંચીકરણ ગ્રંથમાં ઉપનિષદથી લક્ષિત અખંડ એકરસમાં પ્રણવાત્મક સમગ્ર પ્રપંચના અવિલાપનની વાત કરીને 'હું બ્રહ્મ છું' એમ અભેદથી અવસ્થાન એ જ સમાધિ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એ વચનમાં અને 'योऽखण्डैकरसस्सोऽहमस्मीत्येवमुपासते (જે અખંડ એકરસ તે હું છું એમ ઉપાસના કરે છે)' એ ઉપર ટાંકેલા ધ્યાનદીપના વચનમાં પ્રકૃત નિર્ગુણોપાસન અહંગ્રહપૂર્વક વિવક્ષિત છે, તેમાં બ્રહ્મનો ખ્યાલ છૂટતો નથી. જ્યારે **પ્રશ્નોપનિષદ્**માંના શૈબ્યના પ્રશ્નમાં ઓઙ્કારરૂપ પ્રતીકમાં નિર્ગુણ બ્રહ્મદૃષ્ટિ વિવક્ષિત છે. તેવું **કઠવલ્લી**માં પણ છે. આમ હોય તો પ્રકૃત નિર્ગુણોપાસનમાં પ્રમાણ તરીકે **પ્રશ્ન** આદિના વાક્યને કેવી રીતે રજૂ કરી શકાય? આ શંકાનો ઉત્તર આપતાં **કૃષ્ણાનંદ** કહે છે કે પ્રકૃત ઉપાસનમાં **તાપનીય, માંડૂક્ય, મુણ્ડક** શ્રુતિઓ જ પ્રમાણ તરીકે વિવક્ષિત છે. **પ્રશ્ન** અને **કઠવલ્લી** શ્રુતિ ટાંકી છે તે તો એટલું જ બતાવવા કે નિર્ગુણની ઉપાસના અન્યત્ર સ્થળોએ પણ જોવામાં આવે છે તેથી વિરોધ નથી.]

શ્રવણ અર્થાત્ વેદાન્તવિચાર વિના પણ સંપ્રદાય અર્થાત્ ઉપાસનાના અનુષ્ઠાનના પ્રકારને જાણનાર ગુરુ પાસેથી નિર્ગુણોપાસન અંગે નિશ્ચયાત્મક જ્ઞાન મેળવીને નિર્ગુણોપાસનાના અનુષ્ઠાનથી ક્રમથી ઉપાસ્યભૂત નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર સંભવે છે. ભગવાન શ્રી કૃષ્ણ નિર્ગુણ પ્રકરણ (૧૩.૨૫)માં કહે છે—श्रुत्वाऽन्येभ्य उपासते। (બીજાઓ પાસેથી સાંભળીને ઉપાસના કરે છે) 'ક્રમથી' 'એટલે ઉપાસનાના પરિપાકના ક્રમથી'.

શંકા થાય કે નિર્ગુણોપાસનાનું પ્રમારૂપ સાક્ષાત્કારમાં પર્યવસાન કેવી રીતે હોઈ શકે? આનો ઉત્તર એ છે કે ક્યારેક ભ્રમ પણ અવિસંવાદી નીવડે છે. કોઈ એક ઘરમાં શ્રીકૃષ્ણની મૂર્તિ છે તેનું પ્રતિબિંબ ઘરની બહાર દૂર ઊભેલો માણસ જુએ છે અને 'આ શ્રીકૃષ્ણ છે' એવો ભ્રમ તે પ્રતિબિંબમાં તેને થાય છે; તે ભ્રમને કારણે તે પ્રતિબિંબાધ્યાસની ઉપાધિની પાસે ગયેલા તે માણસને સાચી કૃષ્ણમૂર્તિ અંગે પ્રમા થાય છે એ લોકસિદ્ધ છે. ત્યાં પ્રતિબિંબમાં બિંબભૂત શ્રીકૃષ્ણનો ભ્રમ અવિસંવાદી ભ્રમ છે. વિસંવાદ એટલે ફળનો અભાવ, તેના વિનાનો તે અવિસંવાદી ભ્રમ અર્થાત્ ફળવાળો ભ્રમ. જેમ તે ભ્રમથી પ્રવૃત્ત થયેલા માણસને શ્રીકૃષ્ણની પ્રાપ્તિરૂપ ફળના કાળમાં શ્રીકૃષ્ણની પ્રમા થાય છે તેમ નિર્ગુણોપાસનામાં પ્રવૃત્ત થયેલાને બ્રહ્મપ્રાપ્તિરૂપ ફળકાળમાં નિર્ગુણબ્રહ્મપ્રમા થાય છે.

**पाणौ पञ्च वराटकाः पिधाय केनचित् 'करे कति वराटकाः' इति पृष्टे 'पञ्च वराटकाः' इति तदुत्तरवक्तुर्वाक्यप्रयोगमूलभूतसङ्ख्याविशेषज्ञानस्य मूलप्रमाणशून्यस्याहार्यारोपरूपस्यापि यथार्थत्ववन्निर्गुणब्रह्मोपासनस्यार्थतथात्वविवेचकनिर्विचिकित्समूलप्रमाणनिरपेक्षस्य दहराद्युपासनवदुपासनाशास्त्रमात्रमवलम्ब्य क्रियमाणस्यापि वस्तुतो यथार्थत्वेन दहराद्युपासनेनेव निर्गुणोपासनेन जन्यस्य स्वविषयसाक्षात्कारस्य श्रवणादिप्रणालीजन्यसाक्षात्कारवदेव तत्त्वार्थविषयत्वावश्यम्भावाच्च ।**

**इयांस्तु विशेषः—प्रतिबन्धरहितस्य पुंसः श्रवणादिप्रणाड्या ब्रह्मसाक्षात्कारो झटिति सिध्यतीति साङ्ख्यमार्गो मुख्यः कल्पः, उपास्त्या तु विलम्बेनेति योगमार्गोऽनुकल्प इति ॥८॥**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હાથમાં પાંચ કોડી બંધ કરીને કોઈ 'હાથમાં કેટલી કોડી છે?' એમ પૂછે અને બીજો ઉત્તર આપે કે 'પાંચ કોડી' તો તે ઉત્તર આપનારના વાકયપ્રયોગના મૂળભૂત જે સંખ્યાવિશેષનું જ્ઞાન છે તે મૂળપ્રમાણશૂન્ય અને આહાર્ય આરોપરૂપ છે તો પણ યથાર્થ છે (–અર્થ છે તેને અનુરૂપ છે). તેની જેમ નિર્ગુણબ્રહ્મોપાસન અર્થના તથાત્વ(સાચા સ્વરૂપ)ના નિશ્ચાયક સંદેહરહિત મૂળ પ્રમાણથી નિરપેક્ષ છે અને દહરાદિની ઉપાસનાની જેમ કેવળ ઉપાસનાશાસ્ત્રનો આધાર લઈને કરવામાં આવે છે તો પણ તે વસ્તુતઃ યથાર્થ હોવાથી દહરાદિ–ઉપાસનાથી જન્ય (સાક્ષાત્કારની) જેમ નિર્ગુણોપાસનાથી જન્ય પોતાના વિષયના સાક્ષાત્કાર, શ્રવણાદિ પ્રણાલીથી જન્ય સાક્ષાત્કારની જેમ જ, તત્ત્વાર્થવિષયક અવશ્ય હોવો જોઈએ. આ કારણથી પણ (નિર્ગુણબ્રહ્મોપાસનાની સિદ્ધિ છે અને તેનાથી બ્રહ્મસાક્ષાત્કાર સંભવે છે).

પણ વિશેષ (ભેદ) આટલો છે —પ્રતિબંધરહિત પુરુષને શ્રવણ આદિ દ્વારા બ્રહ્મસાક્ષાત્કાર જલદીથી સિદ્ધ થાય છે માટે સાંખ્યમાર્ગ મુખ્ય કલ્પ છે, જ્યારે ઉપાસનાથી (સાક્ષાત્કાર) વિલંબથી સિદ્ધ થાય છે માટે યોગમાર્ગ અનુકલ્પ (ગૌણ કલ્પ) છે. (૮)

**વિવરણ :** શંકા થાય છે કે સંવાદી ભ્રમના દૃષ્ટાન્તથી નિર્ગુણ ઉપાસનાનું પર્યવસાન પ્રમામાં થાય છે એમ જે કહ્યું તે બરાબર નથી કારણ કે દૃષ્ટાન્તમાં વૈષમ્ય છે. ત્યાં તો ઉપાધિની પાસે પહોંચ્યા પછી સાચા શ્રીકૃષ્ણ સાથે ચક્ષુઃસંનિકર્ષ થતાં તેનાથી શ્રીકૃષ્ણપ્રમા થાય છે, સંવાદી ભ્રમ માત્રથી શ્રીકૃષ્ણપ્રમા થતી નથી. જ્યારે નિર્ગુણ ઉપાસનામાં પ્રમા ઉત્પન્ન કરવાનું સામર્થ્ય નથી. અને બીજી કોઈ સામગ્રી છે નહિ તો પછી એ પ્રમામાં કેવી રીતે પર્યવસાન પામી શકે? આ શંકાનું સમાધાન કરતાં નિર્ગુણ ઉપાસનામાં જ સ્વસમાનવિષયક (અર્થાત્ નિર્ગુણબ્રહ્મવિષયક) પ્રમા ઉત્પન્ન કરવાનું સામર્થ્ય છે એમ બતાવવા માટે તેનું યથાર્થત્વ કોડીનું દૃષ્ટાન્ત આપીને બતાવ્યું છે. 'પાંચ કોડી છે' એ દૈવયોગે આપેલા ઉત્તરના મૂળમાં જે 'પાંચ' એ સંખ્યાવિશેષનું જ્ઞાન છે તે પ્રમાણશૂન્ય અને જાણી બૂજીને કરેલા આરોપરૂપ છે તેમ છતાં તે યથાર્થ છે, તેમ નિર્ગુણોપાસના પણ યથાર્થ છે. 'હું અખંડ એકરસ બ્રહ્મ છું' એ પ્રત્યયસન્તતિરૂપ ઉપાસનાના વિષયનો બાધ થતો નથી તેથી એ યથાર્થ છે એવો ભાવ છે.

શંકા થાય કે પ્રકૃત ઉપાસના સંદેહરહિત તત્ત્વજ્ઞાન (સમ્યગ્જ્ઞાન)પૂર્વક છે તેથી જ શ્રવણ–મનન પછી આવતા નિદિધ્યાસનની જેમ તેનું યથાર્થત્વ સંભવે છે, તો તેના યથાર્થત્વનું દૈવયોગથી સમર્થન શા માટે કરો છો? આ શંકાનો ઉત્તર છે કે બ્રહ્મનું તથાત્વ એટલે કે પ્રત્યગ્રૂપત્વ, નિષ્પ્રપંચત્વ આદિ, તેનો નિર્ણય કરનાર સંદેહરહિત શ્રુતિરૂપ મૂળ પ્રમાણ છે, તેનો આધાર આ નિર્ગુણોપાસનાને છે જ નહિ. નિદિધ્યાસનથી વિપરીત એવી પ્રકૃત નિર્ગુણોપાસના વિચારપૂર્વક નથી, તેથી નિદિધ્યાસનની જેમ તેનું યથાર્થત્વ સંદેહરહિત તત્ત્વનિર્ણયથી પ્રયુક્ત નથી.

શંકા થાય કે પ્રત્યક્થી અભિન્ન બ્રહ્મના વિચારપૂર્વક નિર્ણયના અભાવમાં પ્રત્યય–સન્તતિરૂપ ઉપાસનાનું અનુષ્ઠાન કેવી રીતે સંભવે? આનો ઉત્તર છે કે સગુણ ઈશ્વરથી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીવના અભિન્નત્વ વિષે વિચારપૂર્વક નિર્ણય ન હોવા છતાં પણ 'સગુણ ઈશ્વરથી પોતાના અભેદનું ચિંતન કરવું' એ પ્રકારના સગુણોપાસના-વિધિશાસ્ત્રનો આધાર લઈને સગુણોપાસના કરવામાં આવે છે, તેમ 'નિર્ગુણોપાસના કરવી' એવા શાસ્ત્ર માત્રનો આધાર લઈને નિર્ગુણોપાસના કરવામાં આવે છે. જેમ દહરાદિ ઉપાસનાથી સ્વવિષયક સાક્ષાત્કાર સંભવે છે તેમ નિર્ગુણોપાસનાથી નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર થાય જ છે, શ્રવણાદિ પ્રણાલીથી થતા સાક્ષાત્કારની જેમ જ.

તેમ છતાં ભારપૂર્વક કહેવું જોઈએ કે સાંખ્ય અને યોગમાર્ગ સમાન કલ્પ નથી. બુદ્ધિમાંદ્ય આદિ પ્રતિબંધ ન હોય અને વિશિષ્ટ ગુરુ આદિ સામગ્રી પ્રાપ્ત હોય તો સાંખ્ય માર્ગ(શ્રવણાદિ દ્વારા સાક્ષાત્કાર)નું અનુષ્ઠાન કરવું જોઈએ કારણ કે તેનાથી ત્વરાથી સિદ્ધિ થાય છે આ શક્ય ન હોય તો યોગનું અનુષ્ઠાન કરવું. સાંખ્યમાર્ગ કલ્પ છે જ્યારે યોગમાર્ગ અનુકલ્પ છે એટલું ધ્યાનમાં રાખવું. (૮)

## (९) नन्वस्मिन् पक्षद्वयेऽपि ब्रह्मसाक्षात्कारे किं करणम् ?

केचिदाहुः—प्रत्ययाभ्यासरूपं प्रसङ्ख्यानमेव । योगमार्गे आदित आरभ्योपासनरूपस्य साङ्ख्यमार्गे मननानन्तरनिदिध्यासनरूपस्य च तस्य सत्त्वात् । न च तस्य ब्रह्मसाक्षात्कारकरणत्वे मानाभावः । 'ततस्तु तं पश्यते निष्कलं ध्यायमानः (मुण्डक ३.१.८) इति श्रवणात् । कामातुरस्य व्यवहितकामिनीसाक्षात्कारे प्रसङ्ख्यानस्य करणत्वक्लृप्तेश्च । 'आ प्रायणात् तत्रापि हि दृष्टम्' (ब्र. सू. ४.१.१२) इत्यधिकरणे, 'विकल्पोऽविशिष्टफलत्वात्' (ब्र. सू. ३.३.५९) इत्यधिकरणे च दहराद्यहंग्रहोपासकानां प्रसङ्ख्यानादुपास्यसगुणब्रह्मसाक्षात्काराङ्गीकाराच्च ।

(૯) શંકા થાય કે આ બે પક્ષ (સાંખ્યમાર્ગ અને યોગમાર્ગ)માંય બ્રહ્મ-સાક્ષાત્કારમાં કરણ શું છે ?

કેટલાક કહે છે કે પ્રત્યયાભ્યાસરૂપ પ્રસંખ્યાન જ (બ્રહ્મસાક્ષાત્કારમાં કરણ છે), કારણ કે યોગમાર્ગમાં પહેલેથી માંડીને ઉપાસનારૂપ તે (પ્રસંખ્યાન) અને સાંખ્ય માર્ગમાં મનન પછી તરત જ નિદિધ્યાસનરૂપ તે (પ્રસંખ્યાન) વિદ્યમાન છે. અને તેના બ્રહ્મસાક્ષાત્કારના કરણ હોવાની બાબતમાં પ્રમાણ નથી એમ નહિ, કારણ કે 'નિર્વિશેષ (પરમાત્મા)નું ધ્યાન કરનારો તેનાથી (તે ધ્યાનથી) તેને જુએ છે (મુણ્ડક ૩.૧.૮.) એવી શ્રુતિ છે. અને કામાતુરને થતા વ્યવહિત (અસંનિકૃષ્ટ) કામિનીના સાક્ષાત્કારમાં પ્રસંખ્યાનને કરણ માનવામાં આવ્યું છે. 'મરણ પર્યંત (સગુણની ઉપાસનાની) આવૃત્તિ કરવી જોઈએ કારણ કે ત્યાં (અર્થાત્ મરણકાલમાં) પણ (યોગીઓ બ્રહ્મની ઉપાસના કરે છે એમ) જોવામાં આવે છે (—અર્થાત્ આ શ્રુતિ-સ્મૃતિમાં પ્રસિદ્ધ છે)' એ અધિકરણમાં (બ્ર. સૂ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૪.૧.૧૨) અને '(સગુણ ઉપાસનાઓનો) વિકલ્પ છે કારણ કે (બ્રહ્મસાક્ષાત્કારરૂપ) ફળ (સર્વમાં) સમાન છે' એ અધિકરણમાં (બ્ર. સૂ. ૩.૩.૫૯) દહર આદમાં અહંગ્રહના ઉપાસકોને પ્રસંખ્યાનથી ઉપાસ્ય સગુણબ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે એમ સ્વીકારવામાં આવ્યું છે.

વિવરણ : હવે પ્રશ્ન રજૂ કર્યો છે કે સાંખ્યમાર્ગ હોય કે યોગમાર્ગ બન્નેથી બ્રહ્મ-સાક્ષાત્કાર થાય છે તેમાં કરણ શું છે, કરણ અથવા સાધકતમ કારણ શું છે? આનો ઉત્તર છે કે પ્રત્યયાવૃત્તિરૂપ પ્રસંખ્યાન જ કરણ છે, કારણ કે યોગમાર્ગમાં તો શરૂઆતથી જ ઉપાસના-રૂપ પ્રસંખ્યાન હોય છે જ અને સાંખ્યમાર્ગમાં મનન પછી તરત જ નિદિધ્યાસનરૂપ પ્રસંખ્યાન હોય છે. અને પ્રસંખ્યાન સાક્ષાત્કારનું કરણ છે એ એનાથી પણ સિદ્ધ થાય છે કે કામાતુરને જેની સાથે ચક્ષુનો સંનિકર્ષ નથી એવી કામિનીનો સાક્ષાત્કાર થાય છે તેમાં પ્રસંખ્યાનને જ કરણ માનવું પડે છે. ચક્ષુનો સંનિકર્ષ ન હોવાથી તે કરણ ન હોઈ શકે, અને મન બાહ્ય અર્થની બાબતમાં સ્વતંત્ર નથી તેથી એ કરણ નથી. આમ કામિની વિષયક સાક્ષાત્કારનું પ્રસંખ્યાન જ કરણ છે એ જ્ઞાત થાય છે. મરણ પર્યંત યોગીઓ સગુણોપાસનાની આવૃત્તિ કરે છે તેથી પણ પ્રસંખ્યાન બ્રહ્મસાક્ષાત્કારનું કરણ છે એમ સિદ્ધ થાય છે.

વ્યાખ્યાકાર કૃષ્ણાનંદ કહે છે કે શંકા થાય છે કે યોગમાર્ગમાં સગુણોપાસનાનું દૃષ્ટાંત આપી નિર્ગુણોપાસનાને સાક્ષાત્કારનું કરણ કહ્યું છે તેથી બન્ને માર્ગમાં સાધારણ એવા કરણ અંગે પ્રશ્ન અનુપપન્ન છે. આનો ઉત્તર છે કે આ શંકા યુક્ત નથી, કારણ કે ઉપાસના સાક્ષાત્કારનું કરણ છે એ બાબતમાં પ્રમાણના અભિપ્રાયથી આ પ્રશ્નની ઉપપત્તિ છે. માટે જ પ્રમાણ રજૂ કરવામાં આવ્યું છે. અથવા પહેલા સગુણોપાસનાના દૃષ્ટાંતથી નિર્ગુણોપાસના હેતુ કે કારણ છે એટલું જ બતાવ્યું છે, તે કરણ છે એમ નથી કહ્યું. તેથી યોગમાર્ગમાં પણ ઉપાસના જ કરણ છે કે કંઈ બીજું કરણ છે એ પ્રશ્નનો અભિપ્રાય સંગત છે એવો ભાવ છે.

**ननु च प्रसङ्ख्यानस्य प्रमाणपरिगणनेष्वपरिगणनात् तज्जन्यो ब्रह्मसाक्षात्कारः प्रमा न स्यात् । न च काकतालीयसंवादिवराटक-सङ्ख्याविशेषाहार्यज्ञानवद् अर्थाबाधेन प्रमात्वोपपत्तिः, प्रमाणामूलकस्य प्रमात्वायोगात् । आहार्यवृत्तेश्च उपासनावृत्तिवज् ज्ञानभिन्नमानसक्रिया-रूपतया इच्छादिवद् अबाधितार्थविषयत्वेऽपि प्रमाणत्वानभ्युपगमात् ।**

**मैवम् । क्लृप्तप्रमाकरणामूलकत्वेऽपीश्वरमायावृत्तिवत् प्रमात्वोपपत्तेः, विषयाबाधतौल्यात् । मार्गद्वयेऽपि प्रसङ्ख्यानस्य विचारिताद्विचारिताद्वा वेदान्ताद् ब्रह्मात्मैक्यावगतिमूलकतया प्रसङ्ख्यानजन्यस्य ब्रह्मसाक्षात्कारस्य**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

प्रमाणमूलकत्वाच्च । उक्तं च कल्पतरुकारैः—

वेदान्तवाक्यजज्ञानभावनाजाऽपरोक्षधीः ।
मूलप्रमाणदार्ढ्येन न भ्रमत्वं प्रपद्यते ॥ (१.१.१, पृ. ५६)
न च प्रामाण्यपरतस्त्वापत्तिस्तु प्रसज्यते ।
अपवादनिरासाय मूलशुद्ध्यनुरोधनात् ॥ इति ॥×

શંકા થાય કે પ્રમાણુની ગણુતરીઓમાં પ્રસંખ્યાનની ગણુના કરવામાં નથી આવતી તેથી તેનાથી ઉત્પન્ન થતો બ્રહ્મસાક્ષાત્કાર પ્રમા ન હોઈ શકે અને કાકતાલીય (અર્થાત્ અકસ્માત્) સંવાદી એવા કોડીના સંખ્યાવિશેષના આહાર્ય જ્ઞાનની જેમ અર્થનો બાધ ન થતો હોવાને કારણે તેના (પ્રસંખ્યાનના) પ્રમાત્વની ઉપપત્તિ નથી (—તેને પ્રમા માની શકાય નહિ) કારણ કે જે પ્રમાણ(પ્રમા-કરણ)મૂલક નથી (પ્રમાણથી ઉત્પન્ન થતુ નથી) તે પ્રમા હોઈ શકે નહિ. અને આહાર્યવૃત્તિ ઉપાસનાવૃત્તિની જેમ જ્ઞાનથી ભિન્ન માનસ ક્રિયારૂપ છે તેથી ઇચ્છા આદિની જેમ અબાધિત અર્થવિષયક હોવા છતાં તેને પ્રમાણ માનવામાં નથી આવતી.

(ઉત્તર) એવું નથી કારણ કે માનેલા પ્રમાનાં કરણો (પ્રમાણો)થી જન્ય ન હોવા છતાં ઈશ્વરની માયાવૃત્તિની જેમ તેના પ્રમાત્વની ઉપપત્તિ છે (—તેને પ્રમા માની શકાય) કારણ કે વિષયનો બાધ ન થવો તે (બન્નેમાં) સમાન છે. અને બન્નેય માર્ગમાં પ્રસંખ્યાન વિચારિત કે અવિચારિત એવા વેદાન્તથી થતા જીવ અને બ્રહ્મના ઐક્યના જ્ઞાનથી જન્ય હોવાને કારણે પ્રસંખ્યાનથી જન્ય બ્રહ્મસાક્ષાત્કાર પ્રમાણમૂલક છે. અને કલ્પતરુના કર્તાએ કહ્યું છે :

"વેદાન્તવાક્યથી ઉત્પન્ન થતા જ્ઞાનની ભાવના (અર્થાત્ પ્રસંખ્યાન)થી ઉત્પન્ન થતું અપરોક્ષ જ્ઞાન મૂળ પ્રમાણની દૃઢતાને લીધે ભ્રમ બનતું નથી.

"અને આથી (તેના) પરતઃ પ્રામાણ્યની આપત્તિની પ્રસક્તિ નથી કારણ કે અપવાદ (અપ્રામાણ્યની શંકા)ના નિરાસને માટે મૂલ(પ્રમાણ)ની શુદ્ધિનું અનુસરણ કરવામાં આવ્યું છે" (એમ આ પ્રસંખ્યાનને બ્રહ્મસાક્ષાત્કારનું કરણ માનનારા કહે છે.)

વિવરણ— શંકા થાય કે પ્રસંખ્યાનની તો ક્યાંય પ્રમાણ (પ્રમાકરણ) તરીકે ગણુતરી નથી કરવામાં આવી તો પછી તેનાથી ઉત્પન્ન થતો બ્રહ્મસાક્ષાત્કાર પ્રમા કેવી રીતે હોઈ શકે ? મુઠ્ઠીમાં બંધ કરેલી કોડીની ચોક્કસ સંખ્યા કોઈ અકસ્માતે સાચી બતાવી દે તો

× કલ્પતરુની પ્રકાશિત આવૃત્તિમાં આ પ્રમાણે છે —न च प्रामाण्यपरतस्त्वापातः अपवादनिरासाय मूलशुद्ध्यनुरोधात् । (पृ. ५६) (निर्णयसागर).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્થનો બાધ થતો નથી એટલા કારણસર જ તેને પ્રમા કહી શકાય નહિ કારણ કે જ્ઞાનનાં માનેલાં કારણોથી જે ઉત્પન્ન થયેલું ન હોય તે જ્ઞાન જ ન હોઈ શકે, તો તેના પ્રમાત્વની વાત જ ક્યાં કરવાની રહે? અવિસંવાદી એવી જે કોડીની સંખ્યાવિષયક આહાર્ય વૃત્તિ તે પણ પ્રમાણ નથી. ઉપાસનાની જેમ એ જ્ઞાન નથી, પણ માનસ ક્રિયા છે. તે અબાધિત અર્થવિષયક હોય તેનાથી તે પ્રમા ન બની શકે, જેમ ઇચ્છા અબાધિત અર્થવિષયક હોય તો પણ એ પ્રમા નથી. કોડીની સંખ્યા વિષયક આહાર્ય વૃત્તિ જ્ઞાન નથી. અબાધિત અર્થજ્ઞાન પ્રમા છે, અબાધિત અર્થવાળી બીજી કોઈ વસ્તુ (જેમ કે ઇચ્છા, આહાર્યવૃત્તિ) પ્રમા ન હોઈ શકે.

આ શંકાનો ઉત્તર આપતાં કહ્યું છે કે માનેલાં પ્રમાણોથી જન્ય ન હોવા છતાં ઈશ્વરની માયાવૃત્તિની જેમ સાક્ષાત્કારને પ્રમા કહી શકાય. જો ઈશ્વરની માયાવૃત્તિને જ્ઞાન ન માનીએ તો 'યઃ સર્વજ્ઞઃ સર્વવિત્ (મુણ્ડક ૧.૧.૯., ૨.૨.૭) ઇત્યાદિ શ્રુતિઓમ જ્ઞા (જાણવું) એ ધાતુ ન હોવો જોઈએ. ઇચ્છાથી ભિન્ન હોઈને તે અબાધિતાર્થવિષયક છે માટે ઈશ્વરની માયાવૃત્તિની જેમ બ્રહ્મસાક્ષાત્કારને પ્રમા માની શકાય. વળી પ્રસંખ્યાનજન્ય બ્રહ્મસાક્ષાત્કાર પ્રમાણમૂલક નથી એમ નથી. યોગમાર્ગમાં જેનો વિચાર, જેનું શ્રવણ નથી કરેલ એવા વેદાંતવાક્યથી જન્ય જીવ અને બ્રહ્મના એકત્વના જ્ઞાનના અભ્યાસરૂપ પ્રસંખ્યાનથી બ્રહ્મસાક્ષાત્કાર થાય છે; જ્યારે સાંખ્યમાર્ગમાં જેનો વિચાર કે શ્રવણ કરેલ છે એવા વેદાંતવાક્યના જ્ઞાનથી થતા નિદિધ્યાસનરૂપ પ્રસંખ્યાનથી બ્રહ્મસાક્ષાત્કાર થાય છે તેથી બન્ને માર્ગમાં બ્રહ્મસાક્ષાત્કાર પ્રમાણમૂલક જ છે. પ્રશ્ન થાય કે વેદાન્તવાક્યથી જ બ્રહ્મજ્ઞાન થતું હોય તો પ્રસંખ્યાનની શી જરૂર? તેનું સમાધાન એ છે કે પ્રસંખ્યાનના પહેલાં અવિદ્યાનો નાશ કરી શકે તેવું અપ્રતિબદ્ધ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થતું નથી તેથી આવા જ્ઞાનને માટે તેની આવશ્યકતા છે. કલ્પતરુની પણ આ બાબતમાં સંમતિ છે બ્રહ્મસાક્ષાત્કાર પ્રમાણજન્ય ન હોવા છતાં પ્રમાણ-પ્રયોજ્ય છે તેથી જ પ્રમા છે. કલ્પતરુકાર અમલાનન્દે કહ્યું છે કે બ્રહ્મસાક્ષાત્કાર કે બ્રહ્મનું અપરોક્ષજ્ઞાન વેદાંતવાક્યથી ઉત્પન્ન થતા જ્ઞાનની ભાવના કે જ્ઞાનાભ્યાસરૂપ પ્રસંખ્યાનથી ઉત્પન્ન થાય છે અને મૂળ પ્રમાણ (—વેદાન્તવાક્ય કે તેનાથી ઉત્પન્ન થતી પ્રમા—)ની દૃઢતા (—અર્થાત્ અવિપ્રતિપન્ન પ્રામાણ્યવાળા હોવું તે—)ને કારણે આ ભ્રમરૂપ નથી. હવે એવી શંકા થાય કે પ્રસંખ્યાનજન્ય સાક્ષાત્કારમાં રહેલા પ્રામાણ્યને જાણવા માટે જો મૂળ પ્રમાણને જાણવાની જરૂર રહેતી હોય તો તેનું પરતઃપ્રામાણ્ય માનવું પડશે જે વેદાંતસિદ્ધાન્તથી વિરુદ્ધ છે (—અપસિદ્ધાન્તનો દોષ થાય). આનું સમાધાન એ છે કે પ્રસંખ્યાનથી જન્ય સાક્ષાત્કારમાં રહેલું પ્રામાણ્ય પણ નિયમથી પોતાના આશ્રય (સાક્ષાત્કાર)ના ગ્રાહક સાક્ષીથી જ ભાસ્ય છે (સાક્ષાત્કારના ભાન સાથે જ તેના પ્રામાણ્યનું પણ ભાન થાય છે) તેથી તેના પ્રામાણ્યના જ્ઞાનને માટે મૂળ પ્રમાણને અનુસરવાનું નથી. પણ શક્ય છે કે પ્રસંખ્યાનથી જન્ય એવા વ્યવહિત કામિનીના સાક્ષાત્કારનું અપ્રમાત્વ જોઈને કદાચિત કોઈ ને શંકા થાય કે પ્રસંખ્યાનથી જન્ય બ્રહ્મસાક્ષાત્કારમાં પણ અપ્રામાણ્ય છે, માટે તે શંકાના નિરાસને માટે મૂળ પ્રમાણનો અનુરોધ કર્યો છે તેથી અપસિદ્ધાન્તનો દોષ નથી. આમ પ્રસંખ્યાન બ્રહ્મસાક્ષાત્કારનું કરણ છે એમ કેટલાક માને છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अन्ये तु 'एषोऽणुरात्मा चेतसा वेदितव्यः' (मुण्डक ३.१.९), 'दृश्यते त्वग्र्यया बुद्ध्या (कठ. ३.१२) इत्यादिश्रुतेर्मन एव ब्रह्मसाक्षात्कारे करणम् । तस्य सोपाधिकात्मनि अहंवृत्तिरूपप्रमाकरणत्वक्लृप्तेः । ' स्वप्नप्रपञ्चविपरीतप्रमात्रादिज्ञानसाधनस्यान्तःकरणस्य ' इत्यादिपञ्चपादिकाविवरणग्रन्थैरपि तथा प्रतिपादनात् । 'अहमेवेदं सर्वं सर्वोऽस्मीति मन्यते सोऽस्य परमो लोकः' (बृहद्. ४.३.४०) इति श्रुत्युक्ते स्वाप्ने ब्रह्मसाक्षात्कारे एव मनसः करणत्वसम्प्रतिपत्तेश्च । तदा करणान्तराभावात् । प्रसङ्ख्यानं तु मनस्सहकारिभावेनापि उपयुज्यते । 'वाक्यार्थभावनापरिपाकसहितमन्तःकरणं त्वम्पदार्थस्यापरोक्षस्य तत्तदुपाध्याकारनिषेधेन तत्पदार्थतामाविर्भावयति' इति भामतीवचनात् । 'ज्ञानप्रसादेन विशुद्धसत्त्वस्ततस्तु तं पश्यते निष्कलं ध्यायमानः' (मुण्डक ३.८.१) इति श्रुतावपि ज्ञानप्रसादशब्दितचित्तैकाग्र्यहेतुतयैव ध्यानोपादानात् । न तु प्रसङ्ख्यानं स्वयं करणम् । तस्य क्वचिदपि ज्ञानकरणत्वाक्लृप्तेः । कामातुरकामिनीसाक्षात्कारादावपि प्रसङ्ख्यानसहकृतस्य मनस एव करणत्वोपपत्त्याऽक्लृप्तज्ञानकरणान्तरकल्पनाऽयोगादित्याहुः ॥

જ્યારે બીજા કહે છે કે 'આ અણુ (અત્યન્ત સૂક્ષ્મ, દુર્વિજ્ઞેય) આત્માને મનથી જાણવો જોઈએ' (મુણ્ડક ૩.૧.૯), 'એકાગ્ર (પ્રસંખ્યાનથી સંસ્કૃત) બુદ્ધિથી તે જોવામાં આવે છે' (કઠ. ૩.૧૨) ઇત્યાદિ શ્રુતિ છે માટે મન જ બ્રહ્મસાક્ષાત્કારમાં કરણ છે, કારણ કે તેને સોપાધિક આત્મામાં અહંવૃત્તિરૂપ પ્રમાનું કરણ માનવામાં આવે છે. 'સ્વપ્ન પ્રપંચથી વિપરીત (વ્યાવહારિક) પ્રમાતા (પ્રમેય) આદિના જ્ઞાનના સાધન અન્તઃકરણનું' ઇત્યાદિ પઞ્ચપાદિકાવિવરણનાં વચનોથી પણ તે પ્રમાણે પ્રતિપાદન કરવામાં આવ્યું છે. 'હું જ આ બધું છું (હું સર્વ વસ્તુઓમાં સદ્રૂપે અનુભવાતું સર્વાત્મક બ્રહ્મ જ છું) તેથી સર્વ છું એમ તે (સ્વપ્નમાં બ્રહ્મવત્) માને છે, તે એનો પરમલોક છે' (બૃહદ્. ૪.૩.૨૦) એ શ્રુતિમાં કહેલા સ્વપ્નકાલીન બ્રહ્મસાક્ષાત્કારમાં જ મનને કરણ માનવામાં આવ્યું છે (—તેમા શ્રુતિનું સમર્થન છે) કારણ કે ત્યારે (મન સિવાય) બીજું કરણ નથી હોતું. પ્રસંખ્યાન તો મનના સહકારી તરીકે પણ ઉપયોગી બને છે, કારણ કે 'વાક્યાર્થની ભાવનાના પરિપાકથી યુક્ત અન્તઃકરણ તે તે ઉપાધિના આકારનો નિષેધ કરીને ત્વમ્ પદાર્થ જે અપરોક્ષ છે તેની તત્-પદાર્થતાનો આવિર્ભાવ કરે છે (ત્વમ્‌નું તત્‌સ્વરૂપ પ્રકટ કરે છે)' એમ ભામતીનું કથન છે.

'પણ તે નિર્વિશેષનું ધ્યાન કરતાં ચિત્તની એકાગ્રતાથી વિશુદ્ધ સત્ત્વવાળો તેથી તેને જુએ છે (મુણ્ડક ૩.૧.૮) એ શ્રુતિમાં પણ ધ્યાનનું ઉપાદાન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(સ્વીકાર, ધ્યાન શબ્દનો પ્રયોગ) ચિત્તની એકાગ્રતા જેને માટે જ્ઞાન પ્રસાદ શબ્દ પ્રયોજાયો છે—તેના હેતુ તરીકે જ કહ્યું છે. પણ પ્રસંખ્યાન પોતે કરણ નથી કારણ કે તેને ક્યાંય જ્ઞાનનું કરણ માન્યું નથી કામાતુરને કામિનીનો સાક્ષાત્કાર થાય છે, વગેરેમાં પણ પ્રસંખ્યાન-સહકૃત મન જ કરણ તરીકે ઉપપન્ન હોવાથી (—એમ માનવું જ વજૂદવાળું હોવાથી—) નહીં માનેલા એવા અન્ય જ્ઞાનકરણની કલ્પના કરવી યોગ્ય નથી.

**વિવરણ** : માત્ર પ્રસંખ્યાન સાક્ષાત્કારમાં કરણ નથી પણ પ્રસંખ્યાન-સહકૃત મન તેનું કરણ છે એવો મત હવે રજૂ કરે છે. ટાંકેલી શ્રુતિઓ ઉપરાંત मनसैवानुद्रष्टव्यम् (બૃહદ્. ઉપ ૪.૪.૧૯) જેવી શ્રુતિઓ પણ આ બાબતમાં પ્રમાણ છે. જીવસાક્ષાત્કારમાં મન કરણ છે એ બાબતમાં પંચપાદિકાવિવરણની સંમતિ બતાવી છે, કારણ કે ત્યાં પ્રમાતા કે સોપાધિક આત્માના સાક્ષાત્કારમાં મનને કરણ માન્યું છે. નિરુપાધિક આત્માના સાક્ષાત્કારમાં પણ મન કરણ માનવામાં આવ્યું છે, કારણ કે अहमेवेदं सर्वम्' ઇત્યાદિ શ્રુતિઓ છે, જેમાં સ્વપ્નકાલીન બ્રહ્મસાક્ષાત્કારમાં મનને કરણ માન્યું છે. મન સિવાય અન્ય કોઈ કરણ સ્વપ્નકાળમાં હોતું નથી, તેથી એવી દલીલ ન કરી શકાય કે સ્વપ્નમાં બ્રહ્મવિદ્‌ને મહાવાક્યનું અનુસંધાન સંભવે છે માટે વાક્ય જ કરણ કેમ ન હોય? સ્વપ્નમાં મહાવાક્યનું અનુસંધાન હોય જ એવું નથી એવો આનો ભાવ છે. **વાચસ્પતિએ** પણ **ભામતીમાં** કહ્યું છે કે મહાવાક્યાર્થની ભાવનાના પરિપાકથી યુક્ત મન, नेति नेति ઇત્યાદિ વાક્યોથી સ્થૂલ, સૂક્ષ્મ, કારણરૂપ ઉપાધિના નિષેધ દ્વારા જે શોધિત થયો છે તેવા સ્વપ્રકાશ ચૈતન્યાત્મક त्वम् પદાર્થની પૂર્ણતાનો આવિર્ભાવ કરે છે અને આવિર્ભાવ વૃત્તિસાક્ષાત્કારરૂપ છે. ધ્યાન સાક્ષાત્કારનો હેતુ છે એમ શ્રુતિ કહે છે એમ માનવું બરાબર નથી જ્ઞાન એટલે જ્ઞાનકરણ (ज्ञायते अनेन इति ज्ञानम्) અર્થાત્ ચિત્ત, તેનો પ્રસાદ એટલે તેની એકાગ્રતા. ધ્યાન કરનાર ધ્યાનથી પ્રાપ્ત થયેલા જ્ઞાનપ્રસાદ(ચિત્તની એકાગ્રતા)થી તેને જુએ છે એમ શ્રુતિવાક્યનો અર્થ સમજવો. ('નિર્વિશેષનું ધ્યાન કરતો ધ્યાનથી તેને જુએ છે' એમ નહિ.) આમ એકલું પ્રસંખ્યાન બ્રહ્મસાક્ષાત્કારનું કરણ નથી, મન જ તેનું કરણ છે, પ્રસંખ્યાન તો તે કામમાં તેનું સહકારી બની શકે.

(જુઓ ભામતી, ૪.૧.૧-૨; ૧.૧.૪.)

अपरे तु 'तद्धास्य विजज्ञौ' (छा. उप ६.१६.३), 'तमसः पारं दर्शयति' (छा. ७.२६.२), 'आचार्यवान् पुरुषो वेद तस्य तावदेव चिरम्' (छा. ६.१४.२) इत्यादिश्रुतिषु आचार्योपदेशानन्तरमेव ब्रह्मसाक्षात्कारोदये जीवन्मुक्तिश्रवणाद् 'वेदान्तविज्ञानसुनिश्चितार्थाः' (मुण्डक. ३.२.६) इति ज्ञानान्तरनैराकाङ्क्ष्यश्रवणात्, 'तं त्वौपनिषदं पुरुषम् (बृहद्. ३.९.२६) इति ब्रह्मण उपनिषदेकगम्यत्वश्रवणाच्च औपनिषदं महावाक्यमेव ब्रह्मसाक्षात्कारे करणम् न मनः; 'यन्मनसा न मनुते' (केन १.६) इति

तस्य ब्रह्मसाक्षात्कारकरणत्वनिषेधात् । न चापक्वमनोविषयमिदम्, 'येनाहुर्मनो मतम्' (केन १.६) इति वाक्यशेषे मनोमात्रग्रहणात् । न चैव 'यद्वाचाऽनभ्युदितम्' (केन १.५) इति शब्दस्यापि तत्करणत्वं निषिध्यते इति शङ्क्यम् । मनःकरणत्ववादिनामपि शब्दस्य निर्विशेषपरोक्षज्ञानकरणत्वस्याभ्युपगतत्वेन तस्य 'यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह' (तैत्ति. उप. २.४;२.९) इति श्रुत्यनुरोधेन शब्दार्थप्राप्तिरूपशक्तिमुखेन शब्दस्य तत्करणत्वनिषेधे तात्पर्यस्य वक्तव्यतया शक्यसम्बन्धरूपलक्षणामुखेन तस्य तत्करणत्वाविरोधात् । न च 'मनसैवानुद्रष्टव्यम्' (बृहद्. ४.४.१९) इति श्रुतिसिद्धं मनसोऽपि तत्करणत्वं न पराकर्तुं शक्यमिति वाच्यम् । शाब्दसाक्षात्कारजननेऽपि तदैकाग्र्यस्यापेक्षितत्वेन हेतुत्वमात्रेण तृतीयोपपत्तेः । 'मनसा ह्येव पश्यति मनसा शृणोति' इत्यादौ तथा दर्शनात् । <u>गीताविवरणे भाष्यकारीयमनःकरणत्ववचनस्य</u> मतान्तराभिप्रायेण प्रवृत्तेरित्याहुः ॥९॥

જ્યારે બીજા કહે છે કે 'તેણે તેના (પિતાના ઉપદેશથી) તે (બ્રહ્મ)નો સાક્ષાત્કાર કર્યો' (છા. ૬.૧૬.૩), 'તે અવિદ્યાનો પાર (અધિષ્ઠાનભૂત બ્રહ્મ) બતાવે છે (છા. ૭.૨૬.૨), 'આચાર્યવાળો પુરુષ જાણે છે, તેને (વિદેહમુક્તિમાં) ત્યાં સુધી જ વિલંબ છે (જ્યાં સુધી તે પ્રારબ્ધ કર્મમાંથી મુક્ત ન થાય)" (છા. ૬.૧૪.૨) ઇત્યાદિ શ્રુતિઓમાં આચાર્યના ઉપદેશ પછી તરત જ બ્રહ્મસાક્ષાત્કારનો ઉદય થતાં જીવન્મુક્તિનું શ્રવણ છે: અને 'વેદાન્ત(વાક્યો)ના જ્ઞાનથી જેમને (બ્રહ્માત્મૈક્યરૂપ) અર્થ નિશ્ચિત થઈ ગયો છે' (મુણ્ડક ૩.૨.૬) એમ બીજા જ્ઞાનની આકાંક્ષા નથી એમ શ્રવણ છે; અને 'તે ઉપનિષદ્ પ્રમાણથી ગમ્ય પુરુષ વિષે (પૂછું છું) (બૃહદ્. ૩.૯.૨૬) એમ બ્રહ્મ એકલા ઉપનિષદ્(વાક્ય)થી ગમ્ય છે એવું શ્રવણ છે તેથી ઉપનિષદ્નું મહાવાક્ય જ બ્રહ્મસાક્ષાત્કારમાં કરણ છે, મન નહીં. કેમ કે જેનું મનથી જ્ઞાન થતું નથી' (કેન ૧.૬) એમ તેના (મનના) બ્રહ્મસાક્ષાત્કારના કરણ હોવાનો નિષેધ છે. અને આ (નિષેધવચન) અપક્વ મન વિષયક છે એવું નથી કારણ કે 'જે (ચૈતન્ય)થી મનનું પ્રકાશન થાય છે એમ કહે છે' (કેન ૧.૬) એ વાક્યશેષમાં મન માત્રનું ગ્રહણ છે (મન વિશેષ—અપક્વ મનનું નહિ). અને એવી શંકા કરવી નહિ કે "આ રીતે 'જે (ચૈતન્ય)નું વાણીથી કથન (પ્રકાશન) થતું નથી' (કેન ૧.૫) એમ શબ્દ પણ તેનું (બ્રહ્મસાક્ષાત્કારનું) કરણ હોય તેનો નિષેધ કરવામાં આવે છે." (આ શંકા બરાબર નથી), કારણ કે જેમના મતમાં મનને (બ્રહ્મસાક્ષાત્કારનું) કરણ માન્યું છે તેઓ પણ શબ્દ નિર્વિશેષના પરોક્ષજ્ઞાનનું કરણ છે એમ સ્વીકારે છે. તેથી 'મનની સાથે વાણી પ્રાપ્ત કર્યા વિના જ્યાંથી નિવૃત્ત થાય છે' (તૈત્તિ. ૨.૪; ૨.૯) એ શ્રુતિના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અનુરોધથી ('જેનું પ્રકાશન વાણીથી થતું નથી') એ (નિષેધશ્રુતિ)નું શબ્દની પ્રાપ્તિરૂપ શક્તિ દ્વારા શબ્દ તેનું (બ્રહ્મસાક્ષાત્કારનું) કરણ નથી એ નિષેધમાં તાત્પર્ય છે એમ કહેવું જોઈએ; માટે શક્યસંબંધરૂપ લક્ષણા દ્વારા તે (શબ્દ) તેનું (બ્રહ્મસાક્ષાત્કારનું) કરણ બને તેમાં વિરોધ નથી. અને એવી દલીલ કરવી નહિ કે "મનથી જ તેનું ઉપદેશને અનુસરીને દર્શન કરવું (બૃહદ્. ૪.૪.૧૯) એમ મનનું પણ તેનું (બ્રહ્મસાક્ષાત્કારનું) કરણ હોવું શ્રુતિસિદ્ધ છે, તેનો નિષેધ શક્ય નથી. (આ દલીલ બરાબર નથી) કારણ કે શબ્દથી થતા સાક્ષાત્કારની ઉત્પત્તિમાં પણ તે (મન)ની એકાગ્રતા અપેક્ષિત હોવાથી કેવળ હેતુના અર્થમાં (मनसा ની) તૃતીયા વિભક્તિની ઉપપત્તિ છે, કારણ કે 'આ મનથી જુએ છે, મનથી સાંભળે છે' ઇત્યાદિમાં તેમ (મન કરણ નહિ પણ હેતુ છે એ અર્થમાં તૃતીયા) જોવામાં આવે છે. ગીતાના વિવરણમાં મનના કરણ હોવા વિષે જે ભાષ્યકારનું વચન છે તેની અન્યમત (–વૃત્તિકારના મત)ના અભિપ્રાયથી પ્રવૃત્તિ છે (તેથી જ્યાં મનને તૃતીયા વિભક્તિ લગાડી છે ત્યાં મન હેતુ છે એમ સમજવું, કરણ છે એમ નહિ). (૯)

**વિવરણ :** હવે મહાવાક્ય જ બ્રહ્મસાક્ષાત્કારમાં કરણ છે એ મત રજૂ કરે છે. શ્રુતિ વચનોથી સમજાય છે કે વાક્યાર્થના જ્ઞાન પછી પ્રસંખ્યાનના અનુષ્ઠાનની જરૂર નથી. એ વાક્યથી અપરોક્ષ જ્ઞાન થાય છે એમ માનીએ તો જ આની સંગતિ શક્ય બને. સાંખ્ય માર્ગના અનુષ્ઠાનથી કે યોગમાર્ગના અનુષ્ઠાનથી દૃષ્ટ અને અદૃષ્ટ પ્રકારના ક્રમે પ્રતિબંધનો ક્ષય થતાં પ્રતિબંધરહિત થયેલું વાક્ય જ સાક્ષાત્કાર ઉત્પન્ન કરે છે. તેથી વાક્ય બ્રહ્મસાક્ષાત્કારનું કરણ છે એ પક્ષમાં સાંખ્ય અને યોગમાર્ગ વ્યર્થ બની જશે એવી શંકાને સ્થાન નથી. શ્રુતિ મનના કરણત્વનો નિષેધ કરે છે. અપક્વ મન વિષયક આ શ્રુતિ છે એમ ન કહી શકાય કારણ કે 'જેનાથી મન પ્રકાશિત થાય છે એમ કહે છે' એ વાક્યશેષમાં મન સામાન્યનો ઉલ્લેખ છે. અપક્વ મન જ ચૈતન્યથી ભાસિત થાય છે એવું તો કહી શકાય નહિ; તેથી પૂર્વ વાક્ય ('જેને મનથી જાણતા નથી',માં પણ મન માત્રનું ગ્રહણ હોવું જ જોઈએ. શબ્દ માત્ર બ્રહ્મજ્ઞાનનું કરણ નથી એવો પણ શ્રુતિમાં નિષેધ છે. પણ એ વચન શબ્દ અભિધા શક્તિથી બ્રહ્મજ્ઞાનનું કરણ નથી એમ નિષેધપરક છે; લક્ષણાથી એ તેનું કરણ બને તેનો નિષેધ નથી કારણ કે એમ હોય તો औपनिषदं पुरुषं पृच्छामि ઉપનિષદ્‌ગમ્ય પુરુષ વિષે પૂછું છું (બૃહદ્. ૩.૯.૨૬) એ શ્રુતિ નિરાલંબ બની જાય. જેઓ મનને બ્રહ્મસાક્ષાત્કારનું કરણ માને છે તેઓ પણ શબ્દને નિર્વિશેષના પરોક્ષજ્ઞાનનો હેતુ તો માને જ છે કારણ કે વેદાન્ત વાક્યોને જો લક્ષણાથી પણ બ્રહ્મનાં બોધક ન માનીએ તો બ્રહ્મની જ સિદ્ધિ ન થાય. ભેદ એટલો કે મનને કરણ માનનારા વાક્યથી પરોક્ષ જ્ઞાન ઉત્પન્ન થાય છે એમ માને છે જ્યારે મહાવાક્યને કરણ માનનારા માને છે કે તેનાથી અપરોક્ષ જ્ઞાન ઉત્પન્ન થાય છે. શ્રુતિ બ્રહ્મરૂપ વિષયમાં શબ્દની પ્રાપ્તિનો નિષેધ કરે છે, અને એ પ્રાપ્તિ શક્તિ જ છે, કારણ કે શબ્દોમાં ઔત્સર્ગિક શક્તિ હોય છે (શબ્દો સામાન્ય રીતે અભિધાશક્તિથી જ અર્થના વાચક હોય છે. લક્ષણા દ્વારા શબ્દ કરણ બની શકે. ગીતાભાષ્યમાં ભાષ્યકારે જે કહ્યું છે કે શમ, દમ આદિથી સંસ્કૃત મન જ આત્મદર્શનમાં કરણ છે (शमदमादिसंस्कृतं मन एवात्मदर्शने करणम्) એ વૃત્તિકારના મતના અભિપ્રાયથી કહ્યું છે, પોતાના મતના અભિપ્રાયથી નહિ કારણ કે ઉક્ત પ્રમાણોનો વિરોધ છે. (૯)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(१०) ननु तथापि शब्दस्य परोक्षज्ञानजनकत्वस्वभावस्यापरोक्षज्ञानजनकत्वं न सङ्गच्छते इति चेत् ।

अत्र केचित्—स्वतोऽसमर्थोऽपि शब्दः शास्त्रश्रवणमननपूर्वकप्रत्ययाभ्यासजनितसंस्कारप्रचयलब्धब्रह्मैकाग्र्यचित्तदर्पणानुगृहीतोऽपरोक्षज्ञानमुत्पादयति शास्त्रीयसंस्कारसंस्कृताग्न्यधिकरणक इव होमोऽपूर्वमिति कल्प्यते । 'तरति शोकमात्मविद्' (छा. १.२.३) इति शास्त्रप्रामाण्यात् । अपरोक्षस्य कर्तृत्वाध्यासस्यापरोक्षाधिष्ठानज्ञानं विना निवृत्त्ययोगाद् औपनिषदे ब्रह्मणि मानान्तराप्रवृत्तेः शब्दादप्यपरोक्षज्ञानानुत्पत्तौ अनिर्मोक्षप्रसङ्गादित्याहुः ।

(૧૦) શંકા થાય કે તેમ હોય તો પણ શબ્દ જેનો પરોક્ષ જ્ઞાન ઉત્પન્ન કરવાનો સ્વભાવ છે તે અપરોક્ષ જ્ઞાનનો જનક બને એ સંગત થતું નથી.

આવી શંકા કોઈ કરે તો એ બાબતમાં કેટલાક કહે છે કે શબ્દ સ્વતઃ (અપરોક્ષ જ્ઞાન ઉત્પન્ન કરવા) સમર્થ ન હોવા છતાં શાસ્ત્રના શ્રવણ અને મનનપૂર્વક પ્રત્યયાભ્યાસથી ઉત્પન્ન થયેલા સંસ્કાર સમૂહથી પ્રાપ્ત થયેલી બ્રહ્મમાં એકાગ્રતાથી યુક્ત મન રૂપી દર્પણથી અનુગૃહીત થયેલો તે (શબ્દ) અપરોક્ષ જ્ઞાન ઉત્પન્ન કરે છે, જેમ શાસ્ત્રીય સંસ્કારથી સંસ્કૃત અગ્નિમાં થયેલો હોમ અપૂર્વ ઉત્પન્ન કરે છે એમ કલ્પવામાં આવે છે—કેમ કે 'આત્મવિદ્ શોકને તરે છે' (છા. ૭.૧.૩) એ શ્રુતિ પ્રમાણ છે. અપરોક્ષ એવા કર્તૃત્વાદિ–અધ્યાસની નિવૃત્તિ અધિષ્ઠાન વિષયક અપરોક્ષ જ્ઞાન વિના થઈ શકે નહિ. તેની ઉપનિષદ્ગમ્ય બ્રહ્મમાં બીજા પ્રમાણની પ્રવૃત્તિ ન હોવાથી શબ્દથી પણ જો અપરોક્ષ જ્ઞાનની ઉત્પત્તિ ન થાય તો અનિર્મોક્ષનો પ્રસંગ આવે (—તેથી શબ્દથી અપરોક્ષજ્ઞાન થાય એમ માનવામાં આવે છે.)

**વિવરણ** : શંકા થાય કે શબ્દને બ્રહ્મસાક્ષાત્કારનું કરણ માનવામાં શ્રુતિ કે ભાષ્યનો વિરોધ ન હોય તો પણ શબ્દપ્રમાણનો સ્વભાવ છે પરોક્ષ જ્ઞાન ઉત્પન્ન કરવાનો તેનો વિરોધ તો છે જ તેથી મહાવાક્ય બ્રહ્મસાક્ષાત્કારમાં કરણ ન હોઈ શકે. આ શંકાના ઉત્તરમાં શબ્દના સ્વભાવના અનુરોધથી જ તે અપરોક્ષ જ્ઞાનનું કરણ છે એમ સિદ્ધ કરે છે. જેમ ચક્ષુ સ્વતઃ પ્રતિબિંબનો અનુભવ ઉત્પન્ન કરવા સમર્થ નથી પણ દર્પણથી અનુગૃહીત થતાં તે અનુભવ ઉત્પન્ન કરે છે, તેમ શાસ્ત્રનાં શ્રવણ, મનન જેની પૂર્વમાં છે તેવા પ્રત્યયાભ્યાસથી ઉત્પન્ન થયેલા પ્રચુર સંસ્કારથી પ્રાપ્ત થયેલી જે બ્રહ્મમાં એકાગ્રતા તેનાથી યુક્ત ચિત્તરૂપ દર્પણનો અનુગ્રહ પ્રાપ્ત થતાં શબ્દ અપરોક્ષ જ્ઞાન ઉત્પન્ન કરે છે. આધાન આદિથી ઉત્પન્ન કરવામાં આવેલા સંસ્કાર વિનાના અગ્નિમાં કરેલો હોમ અપૂર્વ ઉત્પન્ન નથી કરતો, કારણ કે અગ્નિમાં કરેલા હોમ માત્રનો અપૂર્વ ઉત્પન્ન કરવાનો સ્વભાવ નથી. પણ શાસ્ત્રીય સંસ્કારથી વિશિષ્ટ અગ્નિમાં કરેલો હોમ અપૂર્વ ઉત્પન્ન કરે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે. તેની જેમ શબ્દનું સમજવું. જેમ હોમની બાબતમાં શાસ્ત્રનું બળ પ્રાપ્ત થાય છે તેમ શબ્દને વિષે પણ શાસ્ત્ર પ્રમાણ છે—'આત્મજ્ઞાની શોક તરી જાય છે.'

શંકા થાય કે આ શ્રુતિમાં ચિદાત્મામાં અધ્યસ્ત શોકથી ઉપલક્ષિત કર્તૃત્વ આદિના અધ્યાસની આત્મજ્ઞાનથી નિવૃત્તિ કહી છે; શબ્દ અપરોક્ષજ્ઞાનનું કરણ છે એમ નથી કહ્યું. આ શંકાનું સમાધાન એ છે કે જેમ દૃષ્ટાન્તમાં હોમના અધિકરણરૂપ અગ્નિના આધાન આદિથી સંસ્કૃત થવા વિષેની શ્રુતિની બીજી કોઈ રીતે ઉપપત્તિ ન હોવાથી એવી કલ્પના કરવામાં આવે છે કે શાસ્ત્રીય આધાનરૂપ સંસ્કારથી સંસ્કૃત થયેલા અગ્નિમાં કરેલો હોમ અપૂર્વ ઉત્પન્ન કરે છે, તેમ આત્મજ્ઞાન અપરોક્ષ અધ્યાસનુ નિવર્તક છે એવા શ્રુતિ-વચનની બીજી રીતે ઉપપત્તિ ન હોવાથી એમ કલ્પવામાં આવે છે કે આત્મજ્ઞાન ઉત્પન્ન કરનાર ઉપનિષદ્વાક્યો જ અપરોક્ષ જ્ઞાનનાં કરણ છે. અપરોક્ષ જ્ઞાનથી જ અપરોક્ષ અધ્યાસની નિવૃત્તિ થઈ શકે, કારણ કે શ્રવણથી ઉત્પન્ન થયેલું પરોક્ષ જ્ઞાન હોવા છતાં કર્તૃત્વાદિ-અધ્યાસની નિવૃત્તિ થતી નથી એમ આપણે જોઈએ છીએ. વળી પરોક્ષજ્ઞાન માત્રથી અધ્યાસની નિવૃત્તિ થતી હોય તો મનન આદિ કરવાનું કહ્યું છે તે વ્યર્થ બની જાય. અને અપરોક્ષ અધ્યાસરૂપ દિગ્ભ્રમ વગેરેની દિશાના સાચા સ્વરૂપ આદિના સાક્ષાત્કાર વિના નિવૃત્તિ થતી જોવામાં આવતી નથી.

શંકા થાય કે કર્તૃત્વાદિ-અધ્યાસનું નિવર્તક એવું જે અધિષ્ઠાનભૂત આત્મતત્ત્વના સાક્ષાત્કારરૂપ જ્ઞાન તે મનથી જ સંભવે છે, તો પછી શબ્દની તેના કરણ તરીકે કલ્પના કરવાની શી જરૂર? આનું સમાધાન એ છે અન્તરિન્દ્રિય મન પ્રત્યક્ષ પ્રમાણ (પ્રત્યક્ષ પ્રમાનું કરણ) છે તેથી બ્રહ્મ જો તેનાથી જ્ઞાત થતું હોય તો બ્રહ્મ એકલા ઉપનિષદ્થી ગમ્ય છે એવું પ્રતિપાદન કરનાર શ્રુતિનો બાધ થાય.

ફરી શંકા થાય કે બ્રહ્મ ઉપનિષદ્થી એકથી જ ગમ્ય છે એ શ્રુતિના વિરોધને લઈને બ્રહ્મમાં બીજાં પ્રમાણોની પ્રવૃત્તિ ન હોય અને શબ્દનો સ્વભાવ પરોક્ષજ્ઞાન ઉત્પન્ન કરવાનો છે તેથી શબ્દની પણ બ્રહ્મસાક્ષાત્કારની ઉત્પત્તિમાં પ્રવૃત્તિ ન સંભવે. આમ બ્રહ્મસાક્ષાત્કારનું કરણ જ મળતું ન હોવાથી બ્રહ્મનો સાક્ષાત્કાર નહીં સંભવે. આ શંકાનો ઉત્તર એ છે કે શબ્દથી પણ અપરોક્ષજ્ઞાન ઉત્પન્ન ન થતું હોય તો મોક્ષ સંભવે જ નહિ. મોક્ષ વિષયક શાસ્ત્રના પ્રામાણ્ય ખાતર શબ્દ સાક્ષાત્કારનું કરણ છે એમ કલ્પના કરવી જોઈએ.

**अन्ये तु भावनाप्रचयसाहित्ये सति बहिरसमर्थस्यापि मनसो नष्टवनितासाक्षात्कारजनकत्वदर्शनाद् निदिध्यासनसाहित्येन शब्दस्याप्यपरोक्षज्ञानजनकत्वं युक्तमिति दृष्टानुरोधेन समर्थयन्ते ।**

જ્યારે બીજા, જે જોવામાં આવે છે તેના અનુરોધથી (તેને ધ્યાનમાં રાખીને), સમર્થન કરે છે કે ભાવના પ્રચય (સમૂહ)નો સાથ મળતાં બાહ્ય પદાર્થ(ના પ્રત્યક્ષ ગ્રહણ)માં અસમર્થ હોવા છતાં મન નષ્ટ વનિતાના સાક્ષાત્કારને ઉત્પન્ન કરતું જોવામાં આવે છે તેથી નિદિધ્યાસનના સાથ મળતાં શબ્દ પણ અપરોક્ષ જ્ઞાનને ઉત્પન્ન કરે એ યુક્ત છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિવરણ : આ અન્ય વિચારકો શાસ્ત્રપ્રમાણ પર આધાર રાખ્યા વિના પણ શબ્દ અપરોક્ષ જ્ઞાનનું કરણ બની શકે એમ સિદ્ધ કરે છે.

अपरे तु अपरोक्षार्थविषयत्वं ज्ञानस्यापरोक्षत्वं नाम। अन्यानिरुक्तेः। अर्थापरोक्षत्वं तु नापरोक्षज्ञानविषयत्वं येनान्योन्याश्रयो भवेत्। किं तु तत्तत्पुरुषीयचैतन्याभेदः। अन्तःकरणतद्धर्माणां साक्षिणि कल्पिततया तदभेदसत्त्वात्। बाह्यचैतन्ये कल्पितानां घटादीनां बाह्यचैतन्ये वृत्तिकृत-तत्तत्पुरुषीयचैतन्याभेदाभिव्यक्त्या तदभेदसत्त्वाच्च न क्वाप्यव्याप्तिः। न चान्तःकरणतद्धर्माणां ज्ञानादीनामिव धर्माधर्मसंस्काराणामपि साक्षिणि कल्पितत्वाविशेषाद् आपरोक्ष्यापत्तिः। तेषामनुद्भूतत्वाद् उद्भूतस्यैव जडस्य चैतन्याभेद आपरोक्ष्यमित्यभ्युपगमात्। एवं च सर्वदा सर्वपुरुष-चैतन्याभिन्नत्वाद् 'यत्साक्षादपरोक्षाद् ब्रह्म' इति श्रुत्या (बृहद्. ३.४.१) स्वत एवापरोक्षं ब्रह्मेति अपरोक्षार्थविषयत्वात् शाब्दस्यापि ब्रह्मज्ञानस्या-परोक्षत्ववाचोयुक्तिर्युक्तेत्याहुः।

જ્યારે બીજા કહે છે કે જ્ઞાનનું અપરોક્ષત્વ એટલે તેનું અપરોક્ષ અર્થ-વિષયક હોવું, કારણ કે બીજું નિર્વચન (પ્રમાણભૂત સમજૂતી) નથી. જ્યારે અર્થનું અપરોક્ષત્વ એટલે અપરોક્ષ જ્ઞાનના વિષય હોવું એમ નથી, જેથી કરીને અન્યોન્યાશ્રય થાય, પરંતુ અર્થાપરોક્ષત્વ એટલે તે તે પુરુષના ચૈતન્ય સાથે અભેદ, કારણ કે અન્તઃકરણ અને તેના ધર્મો સાક્ષીમાં કલ્પિત હોવાથી તેની (સાક્ષી કે પ્રમાતા ચૈતન્યની) સાથે અભેદ છે. અને બાહ્ય ચૈતન્યમાં કલ્પિત ઘટાદિનો, બાહ્ય ચૈતન્યમાં વૃત્તિએ કરેલી તે તે પુરુષના ચૈતન્ય સાથેના અભેદની અભિવ્યક્તિથી તેની (તે તે પુરુષના ચૈતન્યની) સાથે અભેદ છે તેથી ક્યાંય અવ્યાપ્તિ નથી (—અર્થા-પરોક્ષત્વનું લક્ષણ ક્યાંય લાગુ નથી પડતું એવું નથી). અને અન્તઃકરણ અને તેના જ્ઞાન આદિ ધર્મોની જેમ ધર્મ, અધર્મ અને સંસ્કાર પણ સાક્ષીમાં સમાન રીતે કલ્પિત હોવાથી—તેમની અપરોક્ષતા પ્રસક્ત થશે (—ધર્માદિને અપરોક્ષ માનવાં પડશે) એવું નથી, કારણ કે તેઓ અનુદ્ભૂત છે અને ઉદ્ભૂત એવા જડનો જ ચૈતન્યથી અભેદ તે (તેનું) અપરોક્ષત્વ એમ સ્વીકારવામાં આવ્યું છે. અને આમ સર્વદા સર્વ પુરુષના ચૈતન્યથી અભિન્ન હોવાથી 'જે સાક્ષાત્ અપરોક્ષ બ્રહ્મ છે' (બૃહદ. ૩.૪.૧) એ શ્રુતિથી બ્રહ્મ સ્વતઃ જ અપરોક્ષ છે તેથી અપરોક્ષ અર્થવિષયક હોવાથી બ્રહ્મજ્ઞાન શાબ્દ (શબ્દજન્ય) હોવા છતાં તે અપરોક્ષ છે એવું કથન યુક્તિ-યુક્ત છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ :** હવે બીજો મત રજૂ કરે છે જે અનુસાર શબ્દનો પરોક્ષ જ્ઞાન ઉત્પન્ન કરવાનો સ્વભાવ જ અસિદ્ધ છે. તેથી નિત્ય અપરોક્ષ બ્રહ્મને વિષે ઉપનિષદ્વાક્યોનું સાક્ષાત્કાર-કરણ હોવું અબાધિત છે. શંકા થાય કે જ્ઞાનનું અપરોક્ષ હોવું એટલે ઇન્દ્રિયજન્ય જ્ઞાન હોવું ઇત્યાદિ જ અને આ બ્રહ્મવિષયક શાબ્દ જ્ઞાનમાં નથી તેથી તે અપરોક્ષ ન હોઈ શકે. આ શંકાનુ સમાધાન કરતાં કહ્યું છે કે જ્ઞાનનું અપરોક્ષ હોવું એટલે અપરોક્ષ અર્થવિષયક હોવું એ નિર્વચન (સમજૂતી) સિવાય બીજું કોઈ પ્રમાણભૂત નિર્વચન નથી. અપરોક્ષ હોવું એટલે ઇન્દ્રિયજન્ય જ્ઞાન હોવું ઇત્યાદિ—તેનું ખંડન તો પ્રથમ પરિચ્છેદના અંતભાગમાં કર્યું છે. ફરી શંકા થાય કે જ્ઞાનનું અપરોક્ષ હોવું એટલે અપરોક્ષ અર્થવિષયક હોવું અને અર્થનું અપરોક્ષ હોવું એટલે અપરોક્ષજ્ઞાનનો વિષય હોવું—આમ અન્યોન્યાશ્રય દોષ થશે, કારણ કે અર્થના અપરોક્ષત્વનું જ્ઞાન થતાં જ્ઞાનના અપરોક્ષત્વનું જ્ઞાન થશે અને જ્ઞાનના અપરોક્ષત્વનું જ્ઞાન થતાં અર્થના અપરોક્ષત્વનું જ્ઞાન થશે. આ શંકાનો ઉત્તર એ છે કે અર્થનું અપરોક્ષ હોવું એટલે અપરોક્ષ જ્ઞાનનો વિષય હોવું એમ નથી, પણ તે તે પ્રમાતૃ-ચૈતન્ય સાથે અભિન્નત્વ એ તે તે વિષયનું તે તે પ્રમાતાની પ્રતિ અપરોક્ષત્વ છે. અર્થાત્ તે તે પ્રમાતૃ-ચૈતન્યથી અભિન્ન એવા અર્થ વિષે જ્ઞાન તે તે પ્રમાતાનું તે પ્રમાતૃ-ચૈતન્યથી અભિન્ન વિષયમાં અપરોક્ષજ્ઞાન છે.

શંકા થાય કે આમ હોય તો અર્થાપરોક્ષતા આદિમાં અનુગમ નહીં રહે. પણ આ શંકા બરાબર નથી, કારણ કે જ્ઞાનમાં અનુગત અપરોક્ષત્વની જાતિરૂપતા તેમજ ઉપાધિરૂપતાનું અગાઉ ખંડન કર્યું છે તેથી તેનો અનુગમ ન હોય તો પણ દોષ નથી. પ્રશ્ન થાય કે અર્થની અપરોક્ષતા એટલે પ્રમાતૃ-ચૈતન્યથી તેનું અભિન્નત્વ એ લક્ષણ જડરૂપ અપરોક્ષ પદાર્થમાં નથી તેથી અવ્યાપ્તિનો દોષ છે, કારણ કે ચૈતન્ય અને જડના ઐક્યનો બાધ થયેલો છે. આનો ઉત્તર આપતાં કહ્યું છે કે અન્તઃકરણ અને તેના ધર્મો સાક્ષી કહેવામાં આવતા પ્રમાતૃ-ચૈતન્યમાં કલ્પિત હોવાથી તેમનો તેનાથી અભેદ છે. આમ અર્થની અપરોક્ષતાના નિર્વચનમાં કલ્પિત કે અકલ્પિત સાધારણ અભેદ વિવક્ષિત છે, તેથી પ્રમાતૃ-ચૈતન્ય અને બ્રહ્મ ચૈતન્યમાં અકલ્પિત અભેદ છે તેવો પ્રમાતૃ ચૈતન્ય અને જડમાં અકલ્પિત અભેદ ન હોવા છતાં પણ 'જડ સત્' એ સામાનાધિકરણ્યના અનુભવથી સિદ્ધ થતો કલ્પિત અભેદ છે, તેથી અવ્યાપ્તિનો દોષ નથી એવો ભાવ છે.

આન્તર જડ પદાર્થોમાં પ્રમાતૃ-ચૈતન્યથી અભિન્નત્વ યુક્તિપૂર્વક બતાવીને હવે બાહ્ય અપરોક્ષ પદાર્થોમાં એ જ સમજાવે છે. બાહ્ય ચૈતન્યમાં કલ્પિત ઘટાદિનો બાહ્ય ચૈતન્યમાં વૃત્તિથી કરવામાં આવતી તે તે પુરુષચૈતન્યની સાથે અભેદની અભિવ્યક્તિને કારણે તેના સાથે અભેદ છે તેથી અર્થાપરોક્ષત્વની વ્યાખ્યા અહીં પણ લાગુ પડે છે. શંકા થાય કે બાહ્ય ચૈતન્ય અને તે તે પુરુષના ચૈતન્યનો વસ્તુતઃ સદા અભેદ હોવા છતાં તેની અભિવ્યક્તિ કેવી રીતે થાય છે. આનો ઉત્તર આપતાં કહ્યું છે કે વૃત્તિને કારણે આ અભિવ્યક્તિ થાય છે. બાહ્યવિષયાવચ્છિન્ન ચૈતન્યમાં ચક્ષુ આદિ દ્વારા બહાર ગયેલી વૃત્તિ અને જેની એ વૃત્તિ છે તે અન્તઃકરણનો અભેદ હોવાથી અન્તઃકરણનો પણ બાહ્ય વિષયાવચ્છિન્ન ચૈતન્ય સાથે સંસર્ગ પ્રાપ્ત થાય છે. આમ વૃત્તિની સાથે સંસર્ગવાળું બાહ્ય ચૈતન્ય જ અન્તઃકરણ સાથેના સંબંધને કારણે તે તે પુરુષનું ચૈતન્ય બને છે તેથી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ રીતે બાહ્ય ચૈતન્યમાં વૃત્તિને કારણે તે તે પુરુષના ચૈતન્ય સાથે અભેદની અભિવ્યક્તિ થાય છે.

શંકા થાય કે કહ્યા પ્રમાણે બાહ્ય ચૈતન્યનો પ્રમાતૃ–ચૈતન્ય સાથે અભેદ સિદ્ધ થતો હોય તો પણ ઘટાદિનો પ્રમાતૃ ચૈતન્ય સાથે અભેદ અસિદ્ધ જ છે. આ શંકાનું સમાધાન એ છે કે બાહ્ય ચૈતન્યમાં ઘટાદિ કલ્પિત છે તેથી બાહ્ય ચૈતન્ય સાથે ઘટાદિનો અભેદ પહેલેથી જ સિદ્ધ છે. આમ વૃત્તિને કારણે તે તે પુરુષના ચૈતન્ય સાથે બાહ્ય ચૈતન્યના અભેદની અભિવ્યક્તિ થતી હોય એ દશામાં ઘટાદિનો પણ તે તે પુરુષના ચૈતન્ય સાથે અભેદ સિદ્ધ થાય છે.

બીજી શંકા થાય કે અર્થાપરોક્ષત્વનું આ લક્ષણ અન્તઃકરણના ધર્મો ધર્મ, અધર્મ અને સંસ્કારને પણ લાગુ પડશે, કારણ કે ધર્માદિનો પણ અધિષ્ઠાનભૂત પ્રમાતૃ-ચૈતન્યથી અભિન્ન સત્તાવાળા હોવાપણારૂપ અભેદ છે આ શંકાનું સમાધાન એ છે કે ઉદ્ભૂત હોઈને પ્રમાતૃ-ચૈતન્યથી અભિન્ન હોવું તે અર્થનું અપરોક્ષત્વ. ઉદ્ભૂતત્વ એ ફળના બળથી કલ્પિત સ્વભાવવિશેષ છે. અને આ ઉદ્ભૂતત્વ ધર્માદિમાં નથી તેથી અર્થાપરોક્ષત્વનું લક્ષણ તેમને લાગુ નહીં પડે.

શબ્દ બ્રહ્મસાક્ષાત્કારમાં કરણ છે એમ સિદ્ધ કરવા માટે આટલો ઉપોદ્ઘાત કરીને હવે પ્રકૃત પર આવે છે કે જ્ઞાનની અપરોક્ષતા અર્થની અપરોક્ષતાથી પ્રયુક્ત છે અને જીવરૂપ સર્વ પ્રમાતાનો બ્રહ્મથી અભેદ શ્રુતિસિદ્ધ છે. બ્રહ્મનું જીવથી અભિન્નત્વ જડના પ્રમાતૃ–ચૈતન્યથી અભિન્નત્વની જેમ કાલ્પનિક નથી પણ વાસ્તવ ઐક્યરૂપ છે, બ્રહ્મ જડની જેમ પોતાનાથી વ્યતિરિક્ત પ્રમાતૃ ચૈતન્યની અપેક્ષાએ અપરોક્ષ નથી બનતું પણ પ્રમાતૃ-ચૈતન્યનુ સ્વરૂપ જ છે તેથી સાક્ષાત્ અપરોક્ષ છે. આમ અપરોક્ષ અર્થ વિષયક હોવાને કારણે શાબ્દ હોવા છતાં પણ બ્રહ્મજ્ઞાન અપરોક્ષ છે એમ જે કહેવામાં આવે છે તે યુક્તિયુક્ત છે.

**<u>अद्वैतविद्याचार्यास्तु</u> नापरोक्षार्थविषयत्वं ज्ञानस्यापरोक्ष्यम् । स्वरूपसुखापरोक्षरूपस्वरूपज्ञानाव्यापनात् स्वविषयत्वलक्षणस्वप्रकाशत्वनिषेधात् । किं तु यथा तत्तदर्थस्य स्वव्यवहारानुकूलचैतन्याभेदोऽर्थापरोक्ष्यम्, एवं तत्तद्व्यवहारानुकूलचैतन्यस्य तत्तदर्थाभेदो ज्ञानापरोक्ष्यम् । तथा च चैतन्यधर्म एवापरोक्ष्यम्, न त्वनुमितित्वादिवद् अन्तःकरणवृत्तिधर्मः । अत एव सुखादिप्रकाशरूपे साक्षिणि, स्वरूपसुखप्रकाशरूपे चैतन्ये चापरोक्ष्यम् । न च घटाद्यैन्द्रियकवृत्तौ तदनुभवविरोधः । अनुभवस्य वृत्त्यवच्छिन्नचैतन्यगतापरोक्ष्यविषयत्वोपपत्तेः ।**

અદ્વૈતવિદ્યાચાર્ય તો કહે છે કે જ્ઞાનનું અપરોક્ષત્વ એટલે અપરોક્ષાર્થવિષયત્વ (અપરોક્ષ અર્થ તેનો વિષય હોય એ) નહિ, કારણ કે પોતે પોતાનો વિષય હોય એ લક્ષણવાળા સ્વપ્રકાશત્વનો નિષેધ છે તેથી સ્વરૂપસુખના અપરોક્ષરૂપ સ્વરૂપ-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્ઞાનને (ઉક્ત લક્ષણ) લાગુ નહિ પડે (તેથી અવ્યાપ્તિનો દોષ થશે). પરંતુ જેમ તે તે અર્થના પોતાના વ્યવહારને અનુકૂલ ચૈતન્યથી અભેદ એ અર્થનું અપરોક્ષત્વ છે તેમ તે તે વ્યવહાર ને અનુકૂલ ચૈતન્યનો તે તે અર્થથી અભેદ એ જ્ઞાનનું અપરોક્ષત્વ છે. અને આમ અપરોક્ષત્વ ચૈતન્યનો જ ધર્મ છે, અનુમિતિત્વ આદિની જેમ અન્તઃકરણની વૃત્તિનો ધર્મ નથી. એથી જ (—અપરોક્ષત્વ ચૈતન્યનો ધર્મ છે માટે જ—) સુખ આદિના પ્રકાશરૂપ સાક્ષીમાં અને સ્વરૂપસુખપ્રકાશરૂપ ચૈતન્યમાં અપરોક્ષત્વ છે, અને (આમ માનતાં) ઘટાદિ વિષયક ઇન્દ્રિયજન્ય વૃત્તિની બાબતમાં તેના (અપરોક્ષત્વના) અનુભવને વિરોધ નહીં થાય કારણ કે અનુભવ વૃત્તિથી અવચ્છિન્ન ચૈતન્યમાં રહેલા અપરોક્ષત્વ વિષયક છે એ ઉપપન્ન છે (વજૂદવાળું છે).

[વિવરણ : અદ્વૈતવિદ્યાચાર્ય જ્ઞાનના અપરોક્ષત્વ અને અર્થના અપરોક્ષત્વનું નિરૂપણ બીજી રીતે કરે છે. તેમના મતે જ્ઞાનનું અપરોક્ષ હોવું એટલે અપરોક્ષ અર્થ વિષયક હોવું એ લક્ષણ સ્વરૂપ સુખના અપરોક્ષરૂપ સ્વરૂપજ્ઞાનને લાગુ પડતું નથી તેથી તેમાં અવ્યાપ્તિનો દોષ છે. કોઈ દલીલ કરી શકે કે આત્મસ્વરૂપ સુખાનુભવ સાક્ષિચૈતન્યરૂપ છે અને તેથી તેને સ્વપ્રકાશ માનવામા આવે છે અને જે સ્વપ્રકાશ છે તે સ્વવિષયક છે માટે સ્વરૂપસુખવિષયકત્વરૂપ અપરોક્ષત્વ સ્વરૂપજ્ઞાનમાં છે જ. આ દલીલનો ઉત્તર એ છે કે એક ચૈતન્યમા વિષયવિષયિભાવરૂપ સંબંધ સંભવતો નથી, કારણ કે સંબંધ બે પદાર્થોમાં રહે છે. પોતાને વિષય કર્યા સિવાય પણ સ્વસત્તાથી પ્રયુક્ત સંશયાદિ-અગોચરત્વ આદિરૂપ સ્વપ્રકાશત્વ હોય છે એમ આકર ગ્રંથોમાં નિરૂપણ કર્યું છે. પોતે પોતાને વિષય ન બનાવે છતાં તેનું સ્વરૂપ જ એવુ હાય કે એ સંશય આદિનો વિષય ન બની શકે—એવું હોય તો એ પદાર્થ સ્વપ્રકાશ છે.

તો પછી અદ્વૈતવિદ્યાચાર્યના મતે જ્ઞાનનું અપરોક્ષત્વ શું? એ સમજાવવા માટે દૃષ્ટાન્ત તરીકે અર્થનું અપરોક્ષત્વ સમજવું જોઈએ. પોતાના વ્યવહારને અનુકૂલ ચૈતન્યથી અભેદ હોવો એ અર્થનું અપરોક્ષત્વ. અન્તઃકરણ અને તેના ધર્મો પોતાના વ્યવહારને અનુકૂલ સાક્ષી ચૈતન્યથી અભિન્ન છે કારણ કે ત્યાં તેમનો અધ્યાસ થયેલો છે. એ જ રીતે ઘટાદિ પોતાના વ્યવહારને અનુકૂલ, ઘટાદિ-વિષયક અર્થાત્ ઘટાદિ આકારવાળી વૃત્તિથી ઉપહિત જે ઘટાદિનું અધિષ્ઠાનભૂત ચૈતન્ય છે તેનાથી અભિન્ન છે. અને તે જ પ્રમાણે બ્રહ્મ પણ પોતાના વ્યવહારને અનુકૂલ બ્રહ્માકાર વૃત્તિથી ઉપહિત સાક્ષી ચૈતન્યથી અભિન્ન છે. તેથી લક્ષણમાં ક્યાંય અવ્યાપ્તિનો દોષ નથી. આ લક્ષણનાં ઘટકોની યથાર્થતા સમજીએ. ઘટાદિ અર્થ ચૈતન્યમાં કલ્પિત છે તેથી ચૈતન્યથી સદા અભિન્ન હોય છે પણ સદા તેમનું અપરોક્ષત્વ નથી હોતું તેથી પોતાના વ્યવહારને અનુકૂલ એમ કહ્યું છે. ઘટાદિગોચર વૃત્તિની દશામાં જ ઘટાદિનું અધિષ્ઠાનભૂત ચૈતન્ય ઘટાદિ-વ્યવહારને અનુકૂલ હોય છે, સર્વદા નહિ, તેથી અતિપ્રસંગ નહીં થાય. એ જ રીતે તે તે વ્યવહારને અનુકૂલ ચૈતન્યનો તે તે અર્થથી અભેદ હોવો તે જ્ઞાનનું અપરોક્ષત્વ.

શંકા થાય કે તે તે વ્યવહારને અનુકૂલ ચૈતન્યનું તે તે અર્થથી અભિન્ન હોવું એ તેનુ અપરોક્ષત્વ ભલે હોય પણ જ્ઞાનનું અપરોક્ષત્વ તો સમજાયું નહિ, કારણ કે વૃત્તિરૂપ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્ઞાન ચૈતન્યથી જુદી વસ્તુ છે. આ શંકાનું સમાધાન એ છે કે ચૈતન્યનું તે તે અર્થના વ્યવહારને અનુકૂલ હોવું વિવક્ષિત હોય ત્યારે 'જ્ઞાનનું અપરોક્ષત્વ' એ પ્રયોગમાં 'જ્ઞાન' 'ચૈતન્ય'ના અર્થમાં જ છે, વૃત્તિજ્ઞાનના અર્થમાં નથી. આમ જ્ઞાનનું અપરોક્ષત્વ એટલે તે તે અર્થના વ્યવહારને અનુકૂલ હોઈને તે તે અર્થથી અભિન્ન હોવું (तत्तदर्थव्यवहारानुकूलत्वे सति तत्तदर्थाभिन्नत्वम्), અને આ અપરોક્ષત્વ ચૈતન્યનો ધર્મ છે, વૃત્તિનો ધર્મ નથી. જો અપરોક્ષત્વને વૃત્તિનો ધર્મ માનવામાં આવે તો સુખ, દુઃખાદિ વિષયક અપરોક્ષ વૃત્તિ માનવામાં આવતી નથી અને સુખ આદિને ભાસિત કરનાર સાક્ષી ચૈતન્યમાં વૃત્તિનો ધર્મ–અપરોક્ષત્વ—સંભવતો ન હોવાથી સુખાદિના અપરોક્ષત્વનો અનુભવ થાય છે તેનો વિરોધ થાય. માટે અપરોક્ષત્વ ચૈતન્યનો ધર્મ છે, વૃત્તિનો નહિ. લક્ષણમાં સતિ સુધી જે કહ્યું છે—તે તે અર્થના વ્યવહારને અનુકૂલ હોવું—તે વહ્નિ વિષયક અનુમિતિ પ્રકારની વૃત્તિથી ઉપહિત જીવચૈતન્યમાં પણ છે—તે પણ વહ્નિ વ્યવહારને અનુકૂળ છે, માટે આ લક્ષણ તેને પણ લાગુ ન પડે અને અતિવ્યાપ્તિનો દોષ ન થાય તેટલા માટે લક્ષણમાં વિશેષ્યભાગ મૂક્યો છે—'તે તે અર્થથી અભિન્ન હોવું'. અનુમિતિવૃત્તિ વિષય જ્યાં છે ત્યાં જતી નથી માટે તેનાથી અવચ્છિન્ન ચૈતન્ય વહ્નિથી અભિન્ન છે એમ ન કહી શકાય; તેથી લક્ષણમાં અતિવ્યાપ્તિનો દોષ નથી. અને ઘટાદિ વિષયક જ્ઞાનના અભાવની દશામાં ઘટાદિથી અવચ્છિન્ન ચૈતન્યમાં (જે ઘટાદિના અપરોક્ષત્વ રહિત છે તેમાં) ઘટાદિ અર્થથી અભિન્નત્વ છે તેથી તેને લક્ષણ લાગુ ન પડે માટે લક્ષણમાં વિશેષણભાગ (સતિ સુધીનો) મૂક્યો છે. ઘટાદિ-વિષયક જ્ઞાન ન હોય ત્યારે ચૈતન્ય પર આવરણ હોવાને કારણે એ ઘટાદિ-વ્યવહારને અનુકૂલ નથી હોતું. આમ અતિવ્યાપ્તિનો દોષ નથી.

શંકા થાય કે જ્ઞાનનું અપરોક્ષત્વ એ ચૈતન્યનો ધર્મ હોય તો ઘટાદિવિષયક વૃત્તિમાં 'હું ઘટનો સાક્ષાત્કાર કરું છું' વગેરે પ્રકારે જે અપરોક્ષત્વનો અનુભવ થાય છે તેનો વિરોધ થાય. આ શંકાનું સમાધાન એ છે કે વૃત્તિ અને ચૈતન્યનુ તાદાત્મ્ય છે તેથી વૃત્તિના સાક્ષાત્કારનો અનુભવ છે તે ચૈતન્યમાં રહેલા અપરોક્ષત્વવિષયક છે તેથી કોઈ મુશ્કેલી રહેતી નથી.

ननूक्तं ज्ञानार्थयोरापरोक्ष्यं हृदयादिगोचरशाब्दवृत्तिशाब्दविषययोरतिप्रसक्तम् । तत्र दैवात् कदाचित् वृत्तिविषयसंसर्गे सति वृत्त्यवच्छिन्नचैतन्यस्य विषयावच्छिन्नचैतन्यस्य चाभेदाभिव्यक्तेरवर्जनीयत्वादिति चेत्, न । परोक्षवृत्तेर्विषयावच्छिन्नचैतन्यगताज्ञाननिवर्तनाक्षमतया तत्राज्ञानेनावृतस्य विषयचैतन्यस्यानावृतेन वृत्त्यवच्छिन्नसाक्षिचैतन्येनाभेदाभिव्यक्तेरभावादापरोक्ष्याप्रसक्तेः । अत एव जीवस्य संसारदशायां वस्तुतस्सत्यपि ब्रह्माभेदे न तदापरोक्ष्यम्, अज्ञानावरणकृतभेदसत्त्वात् । न चैवं ब्रह्मणो जीवापरोक्ष्यासम्भवादसर्वज्ञत्वापत्तिः । अज्ञानस्य ईश्वरं प्रत्यनावरकतया तं प्रति जीवभेदानापादनात् । यद् अज्ञानं यं प्रत्यावरकं तस्य तं प्रत्येव

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**स्वाश्रयभेदापादकत्वात् । अत एव चैत्रज्ञानेन तस्य घटाज्ञाने निवृत्ते अनिवृत्तं मैत्राज्ञानं मैत्रं प्रत्येव विषयचैतन्यस्य भेदापादकमिति न चैत्रस्य घटापरोक्ष्यानुभवानुपपत्तिरपि ।**

શંકા થાય કે ઉક્ત જ્ઞાન અને અર્થનું અપરોક્ષત્વ હૃદય આદિ વિષયક શાબ્દ વૃત્તિ અને શાબ્દજ્ઞાનના વિષયમાં પણ અતિપ્રસક્ત થશે (-શાબ્દ જ્ઞાનના વિષયમાં પણ અપરોક્ષતા માનવી પડશે જે બરાબર નથી), કારણકે કદાચ દૈવવશાત્ ત્યાં વૃત્તિ અને વિષયનો સંસર્ગ થતાં વૃત્તિથી અવચ્છિન્ન ચૈતન્ય અને વિષયથી અવચ્છિન્ન ચૈતન્યના અભેદની અભિવ્યક્તિ ટાળી શકાશે નહિ (—આ અભિવ્યક્તિ માનવી જ પડશે) આવી શંકા કોઈ કરે તો ઉત્તર છે કે ના; કારણ કે પરોક્ષવૃત્તિ વિષયથી અવચ્છિન્ન ચૈતન્યમાં રહેલા અજ્ઞાનની નિવૃત્તિ કરવા સમર્થ ન હોવાથી ત્યાં અજ્ઞાનથી આવૃત (વિષય-ચૈતન્ય (વિષયથી અવચ્છિન્ન ચૈતન્ય)ના અનાવૃત વૃત્તિથી અવચ્છિન્ન સાક્ષિ-ચૈતન્યથી અભેદની અભિવ્યક્તિ ન હોવાથી અપરોક્ષત્વની પ્રસક્તિ નથી (—અપરોક્ષત્વ માનવું પડતું નથી). એટલે જ સંસાર દશામાં જીવનો બ્રહ્મથી વસ્તુતઃ અભેદ હોવા છતાં તેનું અપરોક્ષત્વ નથી (—તે પ્રત્યક્ષ થતો નથી), કારણ કે અજ્ઞાનના આવરણે કરેલો ભેદ છે અને આમ હોય તો બ્રહ્મને જીવની અપરોક્ષતા સંભવશે નહિ તેથી અસર્વજ્ઞત્વની પ્રસક્તિ થશે—એમ નથી (—એવું માનવું બરાબર નથી). કારણકે ઈશ્વર પ્રતિ અજ્ઞાન આવરણ કરનારું નથી તેથી તેનો (ઈશ્વરની) પ્રતિ (અજ્ઞાન) જીવથી ભેદનું આપાદન કરનારું નહીં બને, કેમ કે જે અજ્ઞાન જેની પ્રતિ (વિષય ચૈતન્યનું) આવરણ કરનારું હોય તેની પ્રતિ જ પોતાના આશ્રયભૂત (વિષય-ચૈતન્ય) થી ભેદનું આપાદન કરનારું હોય છે. એટલે જ ચૈત્રના જ્ઞાનથી તેનું ઘટ અંગેનું અજ્ઞાન નિવૃત્ત થતાં, નિવૃત્ત નહીં થયેલું મૈત્રનું અજ્ઞાન મૈત્ર પ્રતિ જ (પોતાના આશ્રયભૂત) વિષયચૈતન્યના ભેદનું આપાદન કરનારું છે; તેથી ચૈત્રને ઘટના અપરોક્ષત્વનો અનુભવ થાય છે. તેની અનુપપત્તિ પણ નથી (—તે ઉપપન્ન પણ છે, વજૂદવાળું છે).

**વિવરણ** : શંકા થાય કે ઉપર જે જ્ઞાન અને અર્થના અપરોક્ષત્વનું લક્ષણ કહ્યું છે તેમાં અતિપ્રસંગનો દોષ સંભવે છે. હૃદય, નાડી, ધર્મ આદિ વિષયક શાબ્દવૃત્તિ અન્તઃકરણમાં શરીરવ્યાપિની ઉત્પન્ન થાય છે; દૈવયોગે એ જો હૃદય, નાડી આદિથી અવચ્છિન્ન એવા અન્તઃકરણના પ્રદેશમાં ઉત્પન્ન થાય તો હૃદય આદિ વિષયથી અવચ્છિન્ન ચૈતન્ય અને હૃદય આદિ વિષયક શાબ્દ વૃત્તિથી અવચ્છિન્ન ચૈતન્યના અભેદની અભિવ્યક્તિ થવાની જ; તેથી હૃદયાદિ અને તેમને વિષય કરનાર શાબ્દજ્ઞાનને અપરોક્ષ માનવાં જ પડશે, કારણ કે ઘટાદિ સ્થળમાં વૃત્તિનો વિષય સાથે સંસર્ગ થતાં વૃત્તિથી અવચ્છિન્ન ચૈતન્ય અને વિષયથી અવચ્છિન્ન ચૈતન્યની અભિવ્યક્તિ સ્વીકારી છે. અને આમ હૃદયાદિ વિષયક શાબ્દવૃત્તિ અને અનુમિતિવૃત્તિ આદિથી અવચ્છિન્ન ચૈતન્યરૂપ પરોક્ષજ્ઞાન જે હૃદયાદિ અર્થથી અભિન્ન છે અને હૃદય આદિના વ્યવહારને અનુકૂળ છે તેને જ્ઞાનના અપરોક્ષત્વનું લક્ષણ લાગુ પડશે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેથી લક્ષણમાં અતિવ્યાપ્તિનો દોષ છે. એ જ રીતે હૃદય આદિ રૂપ પરોક્ષ અર્થ જે પોતાના વ્યવહારને અનુકૂલ શાબ્દાદિ વૃત્તિથી અવચ્છિન્ન ચૈતન્યથી અભિન્ન છે તેને અર્થના અપરોક્ષત્વનું લક્ષણ લાગુ પડશે, તેથી પણ લક્ષણ અતિવ્યાપ્ત છે.

આ શંકાનો ઉત્તર એ છે કે જે બે ચૈતન્યોના અભેદની અભિવ્યક્તિ માનવામાં આવે છે તે બન્નેય અનાવૃત હોય એ અપેક્ષિત છે, તે બેમાંથી કોઈ એક ચૈતન્ય આવૃત હોય તો એ દશામાં તેમના અભેદની પ્રત્યક્ષત્વ કે અપરોક્ષત્વરૂપ અભિવ્યક્તિ થતી નથી. તેથી હૃદયાદિ-વિષયક શાબ્દવૃત્તિના સ્થળમાં અતિવ્યાપ્તિ નથી કારણ કે ત્યાં વિષય-ચૈતન્ય આવૃત છે. આમ પરોક્ષ હૃદયાદિ વિષયનું તથા હૃદયાદિ વિષયક શાબ્દવૃત્તિથી અવચ્છિન્ન ચૈતન્યરૂપ પરોક્ષજ્ઞાનનું અપરોક્ષત્વ પ્રસક્ત થતું નથી. અને આમ હૃદયાદિ વિષયક શાબ્દવૃત્તિથી અવચ્છિન્ન ચૈતન્યરૂપ પરોક્ષજ્ઞાન હૃદયાદિ વ્યવહારને અનુકૂલ હોવા છતાં હૃદયાદિ વિષયથી તેના અભિવ્યક્ત અભેદના અભાવને કારણે 'તે તે અર્થથી અભિન્ન હોઈને તે તે અર્થ-વ્યવહારને અનુકૂલ જ્ઞાન હોવું' એ લક્ષણવાળું જ્ઞાનાપરોક્ષત્વ નથી. એ જ રીતે હૃદય આદિ અર્થનો પોતાના વ્યવહારને અનુકૂલ શાબ્દવૃત્તિથી અવચ્છિન્ન સાક્ષિચૈતન્યથી અભેદ હોવા છતાં તે અભેદની અભિવ્યક્તિના અભાવને લીધે પોતાના વ્યવહારને અનુકૂલ ચૈતન્યથી અભેદ છે તેની અભિવ્યક્તિશીલતારૂપ અર્થનું અપરોક્ષત્વ નથી એવો અર્થ છે.

[ વ્યાખ્યાકાર વિશેષ વિવેચન કરે છે : શંકા થાય કે ' હું સુખી છું', દુઃખી છું' એ પ્રકારના સુખાદિસાક્ષીમાં સુખાદિરૂપ વિષયથી અભેદ વિદ્યમાન હોવા છતાં એ અભિવ્યક્ત થતો નથી કારણ કે સુખાદિના સાક્ષી જીવ અને સુખાદિના આધારાધેયભાવની પ્રતીતિ છે. અને આમ સુખાદિના પ્રત્યક્ષમાં અભિવ્યક્ત વિષયાભેદના અભાવને કારણે અપરોક્ષત્વ માની શકાશે નહિ તેથી લક્ષણમાં અવ્યાપ્તિનો દોષ છે. પણ આ શંકા બરાબર નથી. ઘટાદિ–પ્રત્યક્ષરૂપ ઘટાદિસ્ફુરણમાં 'ઘટ સ્ફુરે છે', 'પટ સ્ફુરે છે' એ પ્રકારના અનુભવને લઈને ઘટાદિ અર્થથી અભેદની અભિવ્યક્તિ છે તેમ 'સુખ સ્ફુરે છે', 'દુઃખ સ્ફુરે છે' ઇત્યાદિ પ્રકારના અનુભવને લઈને જ સુખદુઃખાદિ—પ્રત્યક્ષમાં સુખાદિથી અભેદની અભિવ્યક્તિ છે.

શંકા : 'ઘટ સ્ફુરે છે' એ અનુભવમાં ઘટ સ્ફુરણનો આશ્રય છે એટલું જ્ઞાત થાય છે, તેનો સ્ફુરણથી અભેદ જ્ઞાત થતો નથી.

ઉત્તર : આ બરાબર નથી. જેમ 'દેવદત્ત જાય છે' એ પ્રયોગમાં જવાની ક્રિયાના કર્તાથી અભિન્ન દેવદત્ત એવો વાક્યાર્થ છે એમ જ્ઞાત થાય છે તેમ ઘટ સ્ફુરે છે' એ પ્રયોગમાં 'સ્ફુરણના આશ્રયથી અભિન્ન ઘટ' એ વાક્યાર્થ માનવો જોઈએ, તેથી 'ઘટ સ્ફુરે છે' એ પ્રયોગના મૂલભૂત ઘટ સ્ફુરે છે' એ અનુભવમાં પણ સ્ફુરણના આશ્રયભૂત ચિદાત્માથી અભિન્ન તરીકે ઘટનું ભાન (પ્રકાશન) અવશ્ય હોવું જોઈએ.

શંકા : ઘટનો સ્ફુરણના આશ્રયથી અભેદ અભિવ્યક્ત થતો હોય તો પણ સ્ફુરણથી તેના અભેદની અભિવ્યક્તિનું ઉપપાદન હજુ સુધી નથી જ કર્યું (—આ હકીકત ન્યાયપૂર્વક સમજાવી નથી).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**ઉત્તર** : આવું ન બોલશો. 'ઘટનું સ્વરૂપ' એ પ્રત્યક્ષ ઘટને જ ઘટના સ્વરૂપ તરીકે જેમ વિષય બનાવે છે તેમ 'ઘટ સ્ફુરે છે' એ પ્રત્યક્ષ પણ ઘટાદિવૃત્તિની દશામાં ઘટાદિના અધિષ્ઠાનભૂત અનાવૃત ચિદાત્માને જ સ્વપ્રકાશ ચિદાત્માન આશ્રિત સ્ફુરણ સ્વરૂપે વિષય કરે છે એમ માનવામાં આવે છે તેથી ઘટમાં સ્ફુરણના આશ્રયથી અભેદનુ ભાન જ સ્ફુરણથી અભેદના ભાનરૂપ છે.

કહેવાનો આશય એ છે કે 'ઘટનું સ્વરૂપ' એ શબ્દ પ્રયોગમાં જ ઘટ અને તેના સ્વરૂપનો ભેદ ભાસે છે, પણ તેના મૂળભૂત 'ઘટનું સ્વરૂપ' એ પ્રત્યક્ષમાં ઘટ અને તેના સ્વરૂપનો ભેદ ભાસતો નથી, અન્યથા તે પ્રત્યક્ષ ભ્રમરૂપ બની જાય કારણ કે ઘટ અને તેના સ્વરૂપમાં ભેદ નથી. અને તેને ભ્રમ તો માની શકાય નહિ કારણ કે બાધક જ્ઞાન નથી. એ જ રીતે 'સ્ફુરે છે' એ શબ્દપ્રયોગમાં જ સ્વપ્રકાશ આત્માના સ્ફુરણ અને તેના આશ્રયના સંબંધથી ભેદનું ભાન છે, પણ 'સ્ફુરે છે' એ પ્રત્યક્ષમાં ભાન નથી કારણ કે ત્યાં બે સ્ફુરણોની ઉપલબ્ધિ નથી.

**શંકા** : બ્રહ્મવિષયક શાબ્દવૃત્તિ વિષય સાથે સંસૃષ્ટ છે અને વિષયગત અજ્ઞાનની નિવૃત્તિ કરવા સમર્થ છે, તો પછી હૃદયાદિ વિષયક શાબ્દવૃત્તિનો પણ જો વિષય સાથેનો સંસર્ગ સમાન રીતે હોય તો તે પોતાના વિષયથી અવચ્છિન્ન ચૈતન્યમાં રહેલા અજ્ઞાનની નિવૃત્તિ કરવા કેમ સમર્થ ન હોય ?

**ઉત્તર** : આ દલીલ બરાબર નથી, કારણ કે હૃદયાદિ વિષયક શાબ્દવૃત્તિનો વિષય સાથે સંસર્ગ હોવા છતાં પણ તે વૃત્તિમાં અજ્ઞાનનિવર્તકત્વનું પ્રયોજક નથી તેથી તે અજ્ઞાનના નિવર્તક નથી એમ પ્રથમ પરિચ્છેદને અન્તે બતાવ્યું છે.

અર્થનું અપરોક્ષત્વ એટલે પોતાના વ્યવહારને અનુકૂલ ચૈતન્યથી અભેદ છે તેની અભિવ્યક્તિવાળા હોવું; તેનો અર્થ માત્ર તેવા અભેદવાળા હોવું તેમ થતો નથી. એને માટે પુરાવો રજૂ કરતા કહ્યું છે કે સંસારદશામાં અર્થાત્ તત્ત્વસાક્ષાત્કારની પહેલાં જીવનો બ્રહ્મથી વસ્તુત: અભેદ હોવા છતા, અર્થાત્ બ્રહ્મ સ્વવ્યવહારને અનુકૂલ જીવચૈતન્યથી અભિન્ન હોવા છતાં જીવ પ્રતિ બ્રહ્મના અપરોક્ષત્વના અભાવ છે કારણ કે તેમના અભેદની અભિવ્યક્તિ નથી એમ જ કહેવું પડશે; તેથી અભેદની અભિવ્યક્તિ અપરોક્ષત્વની પ્રયોજક છે એમ માનવું યુક્તિયુક્ત છે. અજ્ઞાનકૃત ભેદ અહીં અભેદની અભિવ્યક્તિમાં પ્રતિબંધક છે.]

**શંકા** : 'હું જીવનો સાક્ષાત્કાર કરું છું', 'જીવ મને અપરોક્ષ છે' એમ જે બ્રહ્મનું જીવવિષયક વ્યવહારને અનુકૂલ જ્ઞાન છે તે માયાવૃત્તિથી ઉપહિત બ્રહ્મચૈતન્ય જ છે. આમ બ્રહ્મ જેનો કર્તા છે તેવા વ્યવહારના વિષય જીવમાં બ્રહ્મકર્તૃક વ્યવહારને અનુકૂલ બ્રહ્મ-ચૈતન્યથી અભિન્નત્વ હોવા છતાં પણ એ અભેદની અભિવ્યક્તિ ન હોવાથી જીવ બ્રહ્મ પ્રાત અપરોક્ષ બની શકે નહિ. તેથી બ્રહ્મ સર્વજ્ઞ નહીં થઈ શકે. તમે એમ પણ નહીં કહી શકો કે બ્રહ્મને જીવવિષયક અપરોક્ષ જ્ઞાન ન સંભવતું હોવા છતાં તેના સર્વજ્ઞત્વનો ભંગ થતો નથી કારણ કે જીવવિષયક પરોક્ષ જ્ઞાન માત્રથી પણ સર્વજ્ઞત્વ સંભવે છે. આ દલીલ બરાબર નથી કારણ કે ઈશ્વરનું જ્ઞાન પરોક્ષ હોઈ શકે એમ સ્વીકારવામાં આવતું નથી.

**ઉત્તર :** અજ્ઞાન જીવધર્મિક બ્રહ્મપ્રતિયોગિક ભેદનું પ્રયોજક છે, અર્થાત્ અજ્ઞાન જીવના બ્રહ્મથી ભેદનું પ્રયોજક છે. કારણ કે 'હું બ્રહ્મ નથી' એમ જીવને બ્રહ્મથી ભેદનો અનુભવ થાય છે; પણ અજ્ઞાન બ્રહ્મધર્મિક જીવપ્રતિયોગિક ભેદ અર્થાત્ બ્રહ્મના જીવથી ભેદનું પ્રયોજક નથી, કારણ કે બ્રહ્મને 'હું જીવ નથી' એવો અનુભવ થાય છે એમ માનવા માટે કોઈ પ્રમાણ નથી, તેથી બ્રહ્મ પ્રતિ જીવના બ્રહ્મથી અભેદની અભિવ્યક્તિમાં પ્રતિબંધક એવો અજ્ઞાનકૃત ભેદ ન હોવાથી ઉક્ત દોષ કે બ્રહ્મ સર્વજ્ઞ નહીં બની શકે એ નથી. ઈશ્વરને 'હું અજ્ઞાની છું' એવો અનુભવ થતો નથી તેથી ઈશ્વર પ્રતિ અજ્ઞાન જીવનું આવરક બનતું નથી.

**શંકા :** જ્યારે લીલાવિગ્રહપૂર્વક વ્યવહાર કરતો હોય તે કાળમાં ઈશ્વરને પણ અજ્ઞાની હોવાપણાનો અનુભવ હોય છે એમ તેના જ વચનથી સમજાય છે.

**ઉત્તર :** આ દલીલ બરાબર નથી તેના તેવા અજ્ઞાનીપણાના બોધક વચનની અન્યથા સિદ્ધિ છે એમ ચોથા પરિચ્છેદમાં બતાવવામાં આવશે. અજ્ઞાનનો એવો સ્વભાવ માનવામાં આવ્યો છે કે જે જીવ પ્રતિ જે અજ્ઞાન વિષયચૈતન્યનું આવરક હોય તેની જ પ્રતિ તે અજ્ઞાન પોતાના આશ્રયભૂત વિષયચૈતન્યથી ભેદનું આપાદન કરનારું બને છે તેથી જ ચૈત્રના જ્ઞાનથી તેનું ઘટાવરક અજ્ઞાન દૂર થતાં મૈત્રનું અજ્ઞાન જે નિવૃત્ત નથી થયું તે તેની જ પ્રતિ વિષયચૈતન્યથી ભેદનું આપાદક બને છે.

ઘટથી અવચ્છિન્ન ચૈતન્યમાં ચૈત્ર પ્રતિ ઘટ-ચૈતન્યનું આવરણ કરનાર અજ્ઞાન જેમ છે તેમ ત્યાં મૈત્ર પ્રતિ પણ ઘટચૈતન્યનું આવરણ કરનાર અજ્ઞાન છે. આમ ચૈત્રને થયેલા ઘટજ્ઞાનથી ચૈત્રનું ઘટ–અજ્ઞાન જે ચૈત્ર પ્રતિ પોતાના આશ્રયભૂત વિષયાવચ્છિન્ન ચૈતન્યથી ભેદનું આપાદન કરનારું હતું તે નાશ પામતાં, ચૈત્રના ઘટજ્ઞાનથી નિવૃત્ત નહીં થયેલું ઘટચૈતન્યમાં રહેલું અજ્ઞાન જે મૈત્ર પ્રતિ ઘટનું આવરણ કરનારું છે તે મૈત્ર પ્રતિ જ પોતાના આશ્રયભૂત ઘટચૈતન્યથી ભેદનું આપાદાન કરનારું બને છે. પણ મૈત્રનું અજ્ઞાન ચૈત્ર પ્રતિ ઘટચૈતન્યનું અનાવરક હોઈને ચૈત્ર પ્રતિ તે પોતાના આશ્રયભૂત ઘટચૈતન્યથી ભેદનું આપાદન કરનારું નથી હોતું. આમ હોય તો ચૈત્રના ઘટજ્ઞાનથી ચૈત્રનું અજ્ઞાન નિવૃત્ત થતાં તેનાથી કરવામાં આવેલા ભેદની નિવૃત્તિ થાય તો પણ મૈત્રના અજ્ઞાનથી કરવામાં આવેલો ભેદ વિદ્યમાન હોવાથી ચૈત્ર (ચૈત્રવૃત્તિથી અવચ્છિન્ન ચૈતન્ય) અને ઘટચૈતન્યના અભેદની અભિવ્યક્તિ ન થાય. તેથી ઘટના અપરોક્ષત્વના અનુભવની ઉપપત્તિ ન જ હોય. માટે એમ કહેવું જોઈએ કે 'મૈત્રનું અજ્ઞાન જેમ મૈત્ર પ્રતિ તેમ ચૈત્ર પ્રતિ પોતાના આશ્રયથી ભેદનું આપાદક નથી બનતું કારણ કે ચૈત્ર પ્રતિ પોતાના આશ્રયનું આવરણ કરનારું નથી હોતું.' આમ ઉક્ત વ્યવસ્થા કે ચૈત્રના જ્ઞાનથી ચૈત્રનું જ અજ્ઞાન દૂર થાય એ સિદ્ધ થાય છે.

**नन्वेवं वृत्तिविषयचैतन्याभेदाभिव्यक्तिलक्षणस्यापरोक्ष्यस्य स्वविषयचैतन्यगताज्ञाननिवृत्तिप्रयोज्यत्वे तस्याज्ञाननिवृत्तिप्रयोजकत्वायोगाद् ज्ञानमात्रमज्ञाननिवर्तकं भवेदिति चेत्, न। 'यद् ज्ञानमुत्पद्यमान स्वकारणमहिम्ना विषयसंसृष्टमेवोत्पद्यते तदेवाज्ञाननिवर्तकम्' इति विशेषणाद्**

**ऐन्द्रियकज्ञानानां तथात्वात् । एवं च शब्दादुत्पद्यमानमपि ब्रह्मज्ञानं सर्वोपादानभूतस्वविषयब्रह्मसंसृष्टमेव उत्पद्यते इति तस्याज्ञाननिवर्तकत्वम-ज्ञाननिवृत्तौ तन्मूलभेदप्रविलयादापरोक्ष्यं चेत्युपपद्यतेतराम् ।**

શંકા થાય કે આમ વૃત્તિથી અવચ્છિન્ન ચૈતન્ય અને વિષયથી અવચ્છિન્ન ચૈતન્યના અભેદની અભિવ્યક્તિરૂપ અપરોક્ષત્વ જો પોતાના વિષયથી અવચ્છિન્ન ચૈતન્યમાં રહેલા અજ્ઞાનની નિવૃત્તિથી પ્રયોજ્ય હોય (—અજ્ઞાનની નિવૃત્તિ કરે છે માટે અપરોક્ષ છે એમ હોય—) તો તેમાં અજ્ઞાનનિવૃત્તિની પ્રયોજકતાનો અભાવ હોવાથી (—અપરોક્ષ છે માટે અજ્ઞાનની નિવૃત્તિ કરે છે એમ ન હોય તો—) જ્ઞાનમાત્ર અજ્ઞાનનું નિવર્તક બને આવી શંકા થાય તો ઉત્તર છે કે ના; કારણ કે 'જે ઉત્પન્ન થતું જ્ઞાન પોતાના કારણના મહિમાથી વિષયની સાથે સંસૃષ્ટ જ ઉત્પન્ન થાય છે, તે (જ્ઞાન) જ અજ્ઞાનનુ નિવર્તક છે એવુ વિશેષણ હોવાથી ઇન્દ્રિયજન્ય જ્ઞાન જ તેવું છે (—સંનિકર્ષરૂપ કારણના મહિમાથી વિષય સાથે સંસૃષ્ટ તરીકે જ ઉત્પન્ન થાય છે). અને આમ શબ્દથી ઉત્પન્ન થતું બ્રહ્મજ્ઞાન પણ સર્વના ઉપાદાનભૂત પોતાના વિષય બ્રહ્મ સાથે સંસૃષ્ટ જ ઉત્પન્ન થાય છે તેથી તે અજ્ઞાનનું નિવર્તક છે અને અજ્ઞાનની નિવૃત્તિ થતાં એ (અજ્ઞાન) જેનું મૂળ છે તેવા ભેદના પ્રવિલય (નાશ) થવાથી તેનું અપરોક્ષત્વ વધારે જ ઉપપન્ન છે.

**વિવરણ** : શંકા થાય કે 'અજ્ઞાનની નિવૃત્તિ કરે તે અપરોક્ષજ્ઞાન' એ રીતથી જ્ઞાન અજ્ઞાનનું નિવર્તક બને તેમાં અપરોક્ષત્વ પ્રયોજક છે એમ ન કહી શકાય કારણ કે જ્ઞાનમાં રહેલું અપરોક્ષત્વ જ અજ્ઞાન નિવૃત્તિને અધીન છે. જ્ઞાન અપરોક્ષ છે માટે અજ્ઞાનનિવર્તક છે એમ નહીં પણ અજ્ઞાનનિવૃત્તિ કરે છે માટે અપરોક્ષ છે એમ તમારા મત પ્રમાણે માનવુ પડે. એમ પણ દલીલ નહીં કરી શકાય કે ભલે ને જ્ઞાનનું અપરોક્ષત્વ અજ્ઞાનની નિવૃત્તિમાં પ્રયોજક ન હોય. આ દલીલ બરાબર નથી કારણ કે એમ હોય તો જ્ઞાનમાત્ર અજ્ઞાનનું નિવર્તક બનવું જોઈએ તેથી પરોક્ષ જ્ઞાન પણ અજ્ઞાનનું નિવર્તક બનશે.

આ શંકાનો ઉત્તર આપતાં એવો આશય રાખ્યો છે કે અપરોક્ષત્વ જ્ઞાનના અજ્ઞાન-નિવર્તકત્વમાં પ્રયોજક ન હોય તો પણ હાનિ નથી કારણ કે બીજુ પ્રયોજક પ્રથમ પરિચ્છેદને અન્તે દર્શાવેલું છે. જે જ્ઞાન પોતાના કારણના મહિમાને લીધે પોતાના વિષયની સાથે સંસૃષ્ટ હોય એ જ જ્ઞાન અજ્ઞાનનિવર્તક હોય છે. ઇન્દ્રિયજન્ય જ્ઞાન સંનિકર્ષરૂપ કારણના મહિમાથી વિષયની સાથે સંસૃષ્ટ તરીકે ઉત્પન્ન થાય છે તેથી અજ્ઞાનનિવર્તક છે. જ્યારે અનુમિતિવૃત્તિ વગેરેનું એવું નથી માટે તેમને અજ્ઞાનનિવર્તક માનવા જ પડે એવું નથી.

શંકા થાય કે અનુમેય અગ્નિ આદિવિષયક અનુમિતિવૃત્તિની જેમ બ્રહ્મ વિષયક શાબ્દ વૃત્તિનો પણ પોતાના વિષયભૂત બ્રહ્મચૈતન્ય સાથે સંસર્ગ ન હોવાથી તે મૂળ અજ્ઞાનનું નિવર્તક નહીં બની શકે તેથી તત્ત્વજ્ઞાન પછી પણ બ્રહ્મનું અપરોક્ષત્વ નહીં હોય. આ શંકાનો ઉત્તર એ છે કે શબ્દથી ઉત્પન્ન થતું બ્રહ્મજ્ઞાન બધાના ઉપાદાનભૂત પોતાના વિષય બ્રહ્મ સાથે સંસૃષ્ટ જ ઉત્પન્ન થાય છે તેથી તેના અજ્ઞાનનું નિવર્તક છે. (જેટલું ઉત્પન્ન થાય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે તે બધું જ બ્રહ્મ સાથે સંસર્ગ ધરાવનાર તરીકે જ ઉત્પન્ન થાય છે તો પછી બ્રહ્મવિષયક વૃત્તિનો પોતાના વિષય બ્રહ્મ સાથે સંસર્ગ હોય જ એમાં શું કહેવાનું ? એ આશયથી 'બધાના ઉપાદાનભૂત' એમ કહ્યું છે.) આમ બ્રહ્મવિષયક વૃત્તિ અગ્નિ આદિ વિષયક અનુમિતિ વૃત્તિ જેવી નથી.

(શંકા–) જ્ઞાનનું અપરોક્ષત્વ અજ્ઞાનની નિવૃત્તિમાં પ્રયોજક નથી એ મતમાં વેદાન્તજન્ય જ્ઞાન અપરોક્ષ છે એમ આ શાબ્દાપરોક્ષવાદમાં સિદ્ધ કરવું વ્યર્થ છે.

(ઉત્તર) ના. 'અજ્ઞાનની નિવૃત્તિ કરનાર જ્ઞાન અપરોક્ષરૂપ હોય છે' એ નિયમ જે ચક્ષુ આદિથી જન્ય જ્ઞાનોમાં જોવામાં આવ્યો છે તે બ્રહ્મના અજ્ઞાનની નિવૃત્તિ કરનાર બ્રહ્મવિષયક શાબ્દજ્ઞાનમાં સાચો છે. અહીં તેના વ્યભિચારને વારવાને માટે વેદાન્તજન્ય જ્ઞાનની અપરોક્ષતાને સિદ્ધ કરવાની સાર્થકતા ઉપપન્ન છે. માટે મૂળ અજ્ઞાનનું નિવર્તક એવું બ્રહ્મવિષયક શાબ્દજ્ઞાન જે तद्धैतत्पश्यन् (બૃહદ્. ૧.૪.૧૦) ઇત્યાદિ શ્રુતિથી અને 'હું બ્રહ્મનો સાક્ષાત્કાર કરું છું' એમ તત્ત્વવિદ્‌ના અનુભવથી સિદ્ધ છે તેની સિદ્ધિ ન કરવામાં આવે તો આ અનુપપન્ન બને. ઘટ આદિમાં ઘટાદિ વિષયક વૃત્તિ હોય ત્યારે જ અપરોક્ષત્વ હોય છે, વૃત્તિ અટકી જતાં ફરી અજ્ઞાનથી કરવામાં આવેલો ભેદ પ્રાપ્ત થવાથી પોતાના વ્યવહારને અનુકૂલ ચૈતન્યથી અભેદની અભિવ્યક્તિ થતી નથી અને તે અપરોક્ષ રહેતાં નથી. જ્યારે બ્રહ્મમાં મૂળ અજ્ઞાનની નિવૃત્તિ થતા અપરોક્ષત્વ હોય છે અને ફરી આવરણકૃત ભેદની શક્યતા નથી, તેથી બ્રહ્મજ્ઞાન પછી સદૈવ અપરોક્ષત્વ હોય જ છે એ ભેદ છે. માટે વેદાન્તજન્ય જ્ઞાનથી બ્રહ્મનું અપરોક્ષત્વ વધારે યુક્તિયુક્ત છે.

**नन्वेवमध्ययनगृहीतवेदान्तजन्येनापि तज्ज्ञानेन मूलाज्ञाननिवृत्त्या आपरोक्ष्यं किं न स्यात् । न च तत्सत्तानिश्चयरूपत्वाभावाद् नाज्ञाननिवर्तकमिति वाच्यम् । तथाऽपि कृतश्रवणस्य निर्विचिकित्सशाब्दज्ञानेन तन्निवृत्त्या मननादिवैयर्थ्यापत्तिरिति चेत्, न । सत्यपि श्रवणाद् निर्विचिकित्सज्ञाने चित्तविक्षेपदोषेण प्रतिबन्धाद् अज्ञानानिवृत्त्या तन्निराकरणे मनननिदिध्यासननियमविध्यर्थानुष्ठानस्यार्थवत्त्वाद् भवान्तरीयमननाद्यनुष्ठाननिरस्तचित्तविक्षेपस्य उपदेशमात्राद् ब्रह्मापरोक्ष्यस्येष्यमाणत्वाच्चेत्याहुः ॥१०॥**

શંકા થાય કે આમ હોય તો અધ્યયનથી ગૃહીત વેદાન્તથી ઉત્પન્ન થયેલા તેના (બ્રહ્મના) જ્ઞાનથી પણ મૂળ અજ્ઞાનની નિવૃત્તિ થવાથી અપરોક્ષત્વ કેમ ન હોય ? એવી દલીલ કરવી ન જોઈએ કે એ અધ્યયનથી ગૃહીત વેદાન્તજન્ય જ્ઞાન) સત્તાનિશ્ચયરૂપ ન હોવાથી અજ્ઞાનનું નિવર્તક નથી (આ દલીલ બરાબર નથી) કારણ કે એમ હોય તો પણ (સત્તાનિશ્ચયાત્મક ન હોય તો પણ) જેણે શ્રવણ કર્યું છે તેનાને સંદેહરહિત શાબ્દજ્ઞાનથી તેની (અજ્ઞાનની) નિવૃત્તિ થવાથી મનન આદિની વ્યર્થતા પ્રસક્ત થશે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(આવી શંકા થાય) તો ઉત્તર છે કે ના; કારણ કે શ્રવણથી સંદેહરહિત જ્ઞાન થાય તો પણ ચિત્તના વિક્ષેપરૂપ દોષથી પ્રતિબંધ થવાને કારણે અજ્ઞાનની નિવૃત્તિ થતી નથી તેથી તેના નિરાકરણમાં મનન અને નિદિધ્યાસનના નિયમવિધિના અર્થના અનુષ્ઠાનની પ્રયોજનવત્તા છે; અને અન્ય જન્મના મનન આદિના અનુષ્ઠાનથી જેના ચિત્તવિક્ષેપની નિવૃત્તિ થઇ છે તેવા માણસની બાબતમાં ઉપદેશમાત્રથી બ્રહ્મની અપરોક્ષતા સ્વીકારવામાં આવે છે (—એમ અદ્વૈતવિદ્યાચાર્ય કહે છે) (૧૦)

**વિવરણ :** શંકા રજૂ કરવામાં આવે કે એવો નિયમ સ્વીકારવામાં આવે કે જે જ્ઞાન વિષયની સાથે સંસૃષ્ટ તરીકે ઉદય પામે છે તે જ્ઞાન અજ્ઞાનનું નિવર્તક અને જ છે—તો આપાતજ્ઞાન (ઉપરછલું જ્ઞાન) પણ પોતાના વિષય સાથે સંસર્ગ ધરાવનાર તરીકે ઉત્પન્ન થાય છે તેથી તેનાથી પણ બ્રહ્મની અપરોક્ષતા થવી જોઈએ. જો એમ કહો કે શ્રવણ કે વિચારની પહેલાં વેદાન્તના અધ્યયનથી થતું આ જ્ઞાન વિષયસંસર્ગી હોવા ઉપરાંત સત્તાના નિશ્ચયરૂપ હોવું જોઈએ, તો પણ શ્રવણથી નિશ્ચયાત્મક જ્ઞાન થાય જ છે તેથી મનનાદિ વ્યર્થ બની જાય.

આ શંકાનું સમાધાન છે કે અજ્ઞાનનું નિવર્તક જ્ઞાન વિષયસંસર્ગી અને નિશ્ચયાત્મક હોવા ઉપરાંત અપ્રતિબદ્ધ હોવું જોઇએ ચિત્તવિક્ષેપને કારણે તેમાં કોઈ પ્રતિબંધ (રુકાવટ) આવેલો ન હોવો જોઈએ. આ ચિત્તવિક્ષેપના દોષને કારણે થતા પ્રતિબંધની નિવૃત્તિને માટે મનન અને નિદિધ્યાસનની આવશ્યકતા છે, અને તે અંગેના નિયમવિધિ અને તેમના અર્થનું અનુષ્ઠાન સાર્થક બને છે. આમ અસંભાવના (બ્રહ્મ આવું હોઈ જ ન શકે એવો ખ્યાલ) અને વિપરીતભાવના (પ્રકૃતિ, કાલ આદિને બ્રહ્મ માની લેવું તે) જેને વિક્ષેપ કહેવામાં આવે છે તેની નિવૃત્તિ માટે મનન આદિની ઉપયોગિતા છે. પણ જે વિદ્યાના અધિકારીની બાબતમાં અન્ય પૂર્વભવના મનનાદિ સહિત શ્રવણના અનુષ્ઠાનથી સમસ્ત વિક્ષેપ દૂર થઈ ગયો હોય તેને ઉપદેશમાત્રથી સત્તાનિશ્ચયરૂપ અપ્રતિબદ્ધ બ્રહ્મજ્ઞાન થાય છે અને અપરોક્ષત્વ સંભવે છે. આમ તેને આ જન્મમાં શ્રવણ, મનન આદિના અનુષ્ઠાન વિના પણ મૂળ અજ્ઞાનની નિવૃત્તિ અને બ્રહ્માપરોક્ષતા થઈ શકે એ આ મતમાં સ્વીકાર્ય છે (૧૦)

**(११) अथैवमपि कृतनिदिध्यासनस्य वेदान्तजन्यब्रह्मज्ञानेनेव घटादिज्ञानेनापि ब्रह्माज्ञाननिवृत्तिः किं न स्यात् । न च तस्य ब्रह्माविषयत्वाद् न ततो ब्रह्माज्ञाननिवृत्तिरिति वाच्यम् । 'घटस्सन्' इत्यादिबुद्धिवृत्तेः सद्रूपब्रह्मविषयत्वोपगमात् ।**

**न च तत्र घटाद्याकारवृत्त्या तदज्ञाननिवृत्तौ स्वतः स्फुरणादेव तदवच्छिन्नं चैतन्यं सदिति प्रकाशते, न तस्य घटाद्याकारवृत्तिविषयत्वमिति वाच्यम् । तदभावे घटविषयं ज्ञानं तदवच्छिन्नचैतन्यविषयमज्ञान-**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

मिति भिन्नविषयेण ज्ञानेन तदज्ञाननिवृत्तेरयोगाद् जडे आवरणकृत्याभावेन घटस्याज्ञानाविषयत्वात् ।

न च घटादिवृत्तेस्तदवच्छिन्नचैतन्यविषयत्वेऽपि अखण्डानन्दाकारत्वाभावाद् न ततो मूलाज्ञाननिवृत्तिरिति वाच्यम् । वेदान्तजन्यसाक्षात्कारेऽपि तदभावात् । न हि तत्राखण्डत्वमानन्दत्वं वा कश्चिदस्ति प्रकारः । वेदान्तानां संसर्गगोचरप्रमाजनकत्वलक्षणाखण्डार्थत्वहानापत्तेः । न च वेदान्तजन्यज्ञानादेव तन्निवृत्तिनियम इति वाच्यम् । क्लृप्ताज्ञाननिवर्तकत्वप्रयोजकस्य रूपस्य ज्ञानान्तरेऽपि सद्भावे तथा नियन्तुमशक्यत्वात् ।

न च घटाद्याकारवृत्तिविषयस्यावच्छिन्नचैतन्यस्यापि कल्पितत्वेन यन्मूलाज्ञानविषयभूतं सत्यमनवच्छिन्नं चैतन्यम्, तद्विषयत्वाभावाद् घटादिवृत्तीनां निवर्त्यत्वाभिमताज्ञानसमानविषयत्वलक्षणं क्लृप्तं प्रयोजकमेव नास्तीति वाच्यम् । तत्रावच्छेदकांशस्य कल्पितत्वेऽप्यवच्छेद्यांशस्याकल्पितमूलाज्ञानविषयचैतन्यरूपत्वात्, तस्य कल्पितत्वे घटवज्जडतया अवस्थाऽज्ञानं प्रत्यपि विषयत्वायोगेनावस्थाऽज्ञानस्य मूलाज्ञानविषयाकल्पितचैतन्यविषयत्वस्य वक्तव्यतया तन्निवर्तकघटादिज्ञानस्यापि तद्विषयत्वावश्यम्भावेन तत्पक्षेऽपि ततो मूलाज्ञाननिवृत्तिप्रसङ्गस्यापरिहारात् ।

(૧૧) હવે શંકા થાય કે એમ હોય તો પણ જેણે નિદિધ્યાસન કર્યું છે તેવા માણસની બાબતમાં જેમ વેદાન્તજન્ય બ્રહ્મજ્ઞાનથી બ્રહ્મ અંગેના અજ્ઞાનની નિવૃત્તિ થાય છે તેમ ઘટાદિના જ્ઞાનથી પણ બ્રહ્મ અંગેના અજ્ઞાનની નિવૃત્તિ કેમ ન થાય? અને એવી દલીલ કરવી નહિ કે તે બ્રહ્મવિષયક નથી તેથી તેનાથી બ્રહ્મ અંગેના અજ્ઞાનની નિવૃત્તિ થતી નથી. (આ દલીલ બરાબર નથી) કારણ કે 'ઘટ સત્ છે' ઇત્યાદિ બુદ્ધિવૃત્તિને સદ્રૂપ બ્રહ્મવિષયક માનવામાં આવી છે. અને એવી દલીલ કરવી નહિ કે ત્યાં ઘટાદિ–આકારવાળી વૃત્તિથી તે (ઘટાદિ) ના અજ્ઞાનની નિવૃત્તિ થતાં સ્વતઃ સ્ફુરણને લીધે જ તેનાથી (ઘટથી) અવચ્છિન્ન ચૈતન્ય 'સત્' એમ પ્રકાશે છે; (તેથી) તે (બ્રહ્મ) ઘટાદિ–આકારવાળી વૃત્તિનો વિષય નથી (આ દલીલ બરાબર નથી) કારણ કે તેનો અભાવ હોય તો –ચૈતન્ય ઘટાદિ-વૃત્તિનો વિષય ન હોય તો—) જ્ઞાન ઘટવિષયક હશે, અને અજ્ઞાન તેનાથી (ઘટથી) અવચ્છિન્ન ચૈતન્ય વિષયક હશે, તેથી ભિન્ન વિષયવાળા જ્ઞાનથી તેના અજ્ઞાનની નિવૃત્તિ નહીં થઈ શકે; (અને) જડમાં આવરણના ફળ (અપ્રકાશ)નો અભાવ હોવાથી ઘટ અજ્ઞાનનો વિષય નથી,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને એવી દલીલ કરવી નહિ કે "ઘટાદિ (આકારમાં પરિણત) વૃત્તિ તેનાથી (ઘટાદિ)થી અવચ્છિન્ન ચૈતન્યવિષયક હોવા છતાં પણ તે અખંડ આનન્દાકાર નથી તેથી તેનાથી મૂળ અજ્ઞાનની નિવૃત્તિ થતી નથી." (આ દલીલ બરાબર નથી) કારણ કે વેદાન્તજન્ય સાક્ષાત્કારમાં પણ તેનો અભાવ છે; ત્યાં અખંડત્વ કે આનંદત્વ એવો કોઈ પ્રકાર નથી, કારણ કે (વેદાન્તજન્ય સાક્ષાત્કારમાં અખંડત્વ કે આનંદત્વ હોય તો) વેદાન્તોના સંસર્ગવિષયક પ્રમાજનકત્વરૂપ અખંડાર્થત્વની હાનિ આવી પડે (—હાનિ માનવી પડે). અને એવી દલીલ કરવી નહિ કે "વેદાન્ત-જન્ય જ્ઞાનથી જ તેની (મૂળ અજ્ઞાનની) નિવૃત્તિનો નિયમ છે". (આ દલીલ બરાબર નથી) કારણ કે અજ્ઞાનનિવર્તકત્વમાં પ્રયોજક એવું જે માનેલું રૂપ છે તે બીજા જ્ઞાનમાં પણ વિદ્યમાન છે તેથી એવો નિયમ કરવો શક્ય નથી.

અને એવી દલીલ કરવી નહિ કે "ઘટાદિ-આકાર વૃત્તિનું વિષયભૂત અવચ્છિન્ન ચૈતન્ય પણ કલ્પિત છે તેથી જે મૂળ અજ્ઞાનનું વિષયભૂત સત્ય અનવચ્છિન્ન ચૈતન્ય તે તેનો વિષય નથી માટે નિવર્ત્ય તરીકે અભિમત (માન્ય) અજ્ઞાન સાથે સમાન વિષયવાળા હોવું એ માનેલું પ્રયોજક લક્ષણ જ ઘટાદિ-વૃત્તિઓમાં નથી." (આ દલીલ બરાબર નથી) કારણ કે ત્યાં અવચ્છેદક અંશ કલ્પિત હોય તો પણ અવચ્છેદ્ય અંશ મૂળ અજ્ઞાનના વિષયભૂત અકલ્પિત ચૈતન્યરૂપ છે; (અને) તે (અવચ્છેદ્ય અંશ) કલ્પિત હોય તો ઘટની જેમ તે જડ હોવાથી અવસ્થા-અજ્ઞાન પ્રતિ પણ તે વિષય હોઈ શકે નહિ, તેથી અવસ્થા-અજ્ઞાન મૂળ અજ્ઞાનના વિષયભૂત અકલ્પિત ચૈતન્યવિષયક છે એમ કહેવું પડશે. માટે તેનું નિવર્તક ઘટાદિ-જ્ઞાન પણ અવશ્ય તદ્વિષયક (અકલ્પિત ચૈતન્યવિષયક) હોવું જોઈએ; તેથી તે પક્ષમાં (અવચ્છેદ્ય અંશ કલ્પિત છે એ પક્ષમાં) પણ તેનાથી (ઘટાદિ જ્ઞાનથી) મૂળ અજ્ઞાનની નિવૃત્તિના પ્રસંગનો પરિહાર થતો નથી.

**વિવરણ** :– પૂર્વપક્ષ તરીકે એક નવો મુદ્દો ઊભો કર્યો છે મનનાદિની જરૂર વિક્ષેપદોષની નિવૃત્તિને માટે છે એમ માની લઈએ તો પણ જેણે નિદિધ્યાસન કર્યું છે તેવા અધિકારીની બાબતમાં ઘટાદિના જ્ઞાનથી પણ મૂળ અજ્ઞાનની નિવૃત્તિ થવી જોઈએ કારણ કે જે મૂળ અજ્ઞાનનો વિષય છે તે જ સમાન રીતે ઘટાદિ જ્ઞાનનો પણ વિષય છે. જો ઘટમાત્રને વિષય કરનારા જ્ઞાનથી ઘટાદિથી અવચ્છિન્ન ચૈતન્યને વિષય કરનારા અજ્ઞાનની નિવૃત્તિ ન સંભવે કારણ કે તે જ્ઞાન અને અજ્ઞાનનો વિષય નથી, તો ઘટ જ્ઞાન અને અજ્ઞાનનો વિષય થાય તેટલા માટે એમ માનવું પડશે કે અજ્ઞાન પણ ઘટાદિ જડ માત્રને વિષય કરનારું છે. પણ આ કલ્પના શક્ય નથી કારણ કે જડ ઘટાદિ જડ હોવાને લીધે જ પ્રમાણની અપ્રવૃત્તિની દશામાં તેના અપ્રકાશની ઉપપત્તિ છે, તેથી જડ વસ્તુ અપ્રકાશ હોય તેને માટે અજ્ઞાનકૃત આવરણની કલ્પના કરવાની જરૂર નથી. આમ વેદાન્તજન્ય જ્ઞાનની જેમ ઘટાદિ જ્ઞાન પણ બ્રહ્મચૈતન્ય વિષયક જ છે તેથી મૂળ અજ્ઞાન સાથે તેનો સમાન વિષય હોવાથી ઘટાદિ જ્ઞાનથી પણ મૂળ અજ્ઞાન-ની નિવૃત્તિ પ્રસક્ત થાય છે. મૂળ અજ્ઞાનના નિવર્તક થવામાં પ્રયોજક લક્ષણ વેદાન્તજન્ય જ્ઞાનમાં માન્યાં છે—મૂલાજ્ઞાનસમાનવિષયકત્વ, સત્તાનિશ્ચયરૂપત્વ, અપ્રતિબદ્ધત્વ—તે નિદિધ્યાસનના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરિપાકના કાળમાં ચક્ષુ આદિથી જન્ય ઘટાદિ જ્ઞાનમાં પણ છે. તેથી વેદાન્તજન્ય જ્ઞાનથી જ મૂળ અજ્ઞાનની નિવૃત્તિ થાય છે, પણ ઘટાદિ જ્ઞાનથી મૂળ અજ્ઞાનની નિવૃત્તિ થતી નથી એવો નિયમ કરી શકાય નહિ, કારણ કે ઉપર્યુક્ત લક્ષણો ઉપરાંત વેદાન્તજન્યત્વને પણ પ્રયોજક લક્ષણ માનવામાં ગૌરવ છે, અને તેને માટે પ્રમાણ નથી.

આની સામે શંકા કરી શકાય કે ઘટાદિ-આકારવાળી વૃત્તિનો વિષય ઘટાદિથી અવચ્છિન્ન ચૈતન્ય છે જે અવચ્છિન્નત્વને કારણે કલ્પિત છે, જ્યારે મૂળ અજ્ઞાનનો વિષય અનવચ્છિન્ન ચૈતન્ય છે જે અનવચ્છિન્ન હોવાને કારણે સત્ય છે. આમ ઘટાદિવૃત્તિઓ કલ્પિત ચૈતન્યવિષયક હોવાથી મૂળ અજ્ઞાનની સાથે તેમનો સમાન વિષય નથી તેથી ઘટાદિજ્ઞાનથી મૂળ અજ્ઞાનની નિવૃત્તિ શક્ય નથી.

આ શંકાનો ઉત્તર આપતાં પૂર્વપક્ષી કહે છે કે ઘટાદિથી અવચ્છિન્ન ચૈતન્યને કલ્પિત કહો છો ત્યારે અવચ્છેદ્ય ચૈતન્યાંશ તમને અકલ્પિત અભિપ્રેત છે કે કલ્પિત. જો પ્રથમ પક્ષ અનુસાર અવચ્છેદક અંશ કલ્પિત હોય તોય અવચ્છેદ્ય અંશ અકલ્પિત હોય તો મૂળ અજ્ઞાનના વિષયભૂત અકલ્પિત બ્રહ્મચૈતન્યરૂપ જ છે તેથી ઘટાદિજ્ઞાન અને મૂળ અજ્ઞાનનો વિષય સમાન રહે છે. જો બીજા પક્ષ અનુસાર અવચ્છેદ્ય અંશ કલ્પિત હોય તો તે જડ હોવો જોઈએ અને એમ હોય તો તે અજ્ઞાનનો વિષય બની શકે નહિ, તેથી અવસ્થા-અજ્ઞાનના વિષય મૂળ અજ્ઞાનનું વિષયભૂત બ્રહ્મચૈતન્ય જ છે એમ કહેવું પડશે કારણ કે અજ્ઞાન વિષય વિનાનું તો સંભવે જ નહિ. અને આમ બ્રહ્મચૈતન્યવિષયક અવસ્થા અજ્ઞાનના નિવર્તક બનવા માટે ઘટાદિ-વૃત્તિને પણ મૂળ અજ્ઞાનના વિષયભૂત બ્રહ્મચૈતન્ય વિષયક માન્યા સિવાય બીજો ઉપાય નથી. ઘટાદિ-વૃત્તિ જો સત્યબ્રહ્મવિષયક ન હોય તો અવસ્થા-અજ્ઞાનની સાથે તેમનુ સમાનવિષયત્વ ન હોય અને તેથી ઘટાદિવૃત્તિ અવસ્થા-અજ્ઞાનની નિવૃત્તિ કરી શકે નહિ. આમ દરેક રીતે વિચારતાં ઘટાદિ-જ્ઞાન પણ વેદાન્તજન્યજ્ઞાનની જેમ મૂળ અજ્ઞાનની સાથે સમાન વિષયવાળું છે અને તેથી ઘટાદિ-જ્ઞાનથી પણ મૂળ-અજ્ઞાનની નિવૃત્તિ થવી જોઈએ એમ પૂર્વપક્ષી માને છે.

**अत्राहुराचार्याः—न चैतन्यं चक्षुरादिजन्यवृत्तिविषयः ।**

**"न सन्दृशे तिष्ठति रूपमस्य न चक्षुषा पश्यति कश्चनैनम्"**
**[कठ, ६.९, श्वेता. ४.२०]**

**"पराञ्चि खानि व्यतृणत्स्वयम्भूस्तस्मात् पराङ् पश्यति नान्तरात्मन्।" [कठ, ४.१] इत्यादिश्रुत्या तस्य परमाण्वादिवत् चक्षुराद्ययोग्यत्वोपदेशात्, 'औपनिषदम्' [बृहद्. ३.९.२६] इति विशेषणाच्च । न च—**

**'सर्वप्रत्ययवेद्ये वा ब्रह्मरूपे व्यवस्थिते ।' इत्यादिवार्त्तिकविरोधः । तस्य घटाद्याकारवृत्त्युदये सति आवरणाभिभवात् स्वप्रभं सद्रूपं ब्रह्म 'घटस्सन्' इति घटवद् व्यवहार्यं भवतीत्यौपचारिकघटादिवृत्तिवेद्यत्व-**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

परत्वात् । आवरणाभिभावकत्वं च घटादिज्ञानस्य घटादिविषयत्वादेव उपपन्नम् । घटादेरपि अज्ञानविषयत्वाद् 'घटं न जानामि', 'घटज्ञानेन घटाज्ञानं नष्टम्' इति अवस्थाऽज्ञानस्य घटादिविषयत्वानुभवात् ।

न च तत्रावरणकृत्याभावादज्ञानाङ्गीकारो न युक्तः, तद्भासकस्य तदवच्छिन्नचैतन्यस्यावरणादेव तदप्रकाशोपपत्तेरिति वाच्यम् । उक्तभङ्ग्या जडस्य साक्षादज्ञानविषयत्वप्रतिक्षेपेऽपि जडावच्छिन्नचैतन्यप्रकाशस्याज्ञानेनावरणम्, ततो नित्यचैतन्यप्रकाशसंसर्गेऽपि जडस्य 'नास्ति', 'न प्रकाशते' इत्यादिव्यवहारयोग्यत्वमिति परम्परया अज्ञानविषयत्वाभ्युपगमात् साक्षात् परम्परया वा यदज्ञानावरणीयम्, तद्विषयत्वस्यैव ज्ञानस्य तदज्ञाननिवर्तकत्वप्रयोजकशरीरे निवेशात् । न चैवं घटादीनामुक्तरीत्या मूलाज्ञानविषयत्वमपीति घटादिसाक्षात्कारादेव मूलाज्ञाननिवृत्त्यापातः । फलबलात् तदज्ञानकार्यातिरिक्ततद्विषयविषयकत्वस्यैव तन्निवर्तकत्वे तन्त्रत्वात् ।

આ બાબતમાં આચાર્ય કહે છે :— ચૈતન્ય ચક્ષુ આદિથી જન્ય વૃત્તિનો વિષય નથી; કારણ કે "તેનું (આત્માનું) રૂપ (ચક્ષુથી) જોવાને યોગ્ય નથી, કોઈ તેને ચક્ષુથી જોતું નથી" (કઠ, ૬.૯; શ્વેતા. ૪. ૨૦), "ઈશ્વરે જડ વિષયક ઇન્દ્રિયો જડી છે, તેથી (માણસ) બાહ્ય (જડ)ને જુએ છે, આત્માની અંદર નહિ (—આત્મા કે ચૈતન્યને જોતો નથી)" (કઠ, ૪.૧) ઇત્યાદિ શ્રુતિથી તે (ચૈતન્ય) પરમાણુ આદિની જેમ ચક્ષુ આદિને યોગ્ય નથી એવો ઉપદેશ છે; અને 'ઔપનિષદ' (બૃહદ્. ૩.૯ ૨૬) (કેવળ ઉપનિષત્ પ્રમાણથી ગમ્ય) એવું વિશેષણ છે. અને 'બધા પ્રત્યયોથી વેદ્ય તરીકે બ્રહ્મરૂપ (વસ્તુ) વ્યવસ્થિત હોય ત્યારે' ઇત્યાદિ વાર્ત્તિકનો (આમ માનતાં) વિરોધ થશે એવું નથી; કારણ કે તેનું (વાર્ત્તિકવચનનું) તાત્પર્ય ઘટાદિ–આકારવાળી વૃત્તિનો ઉદય થતાં આવરણનો અભિભવ (પરાજય, નાશ) થવાથી સ્વપ્રકાશ સદ્રૂપ બ્રહ્મ 'ઘટસ્સન્' (ઘટ સત્ છે) એમ ઘટની જેમ વ્યવહાર્ય બને છે એમ ઔપચારિક ઘટાદિવૃત્તિવેદ્યત્વ બતાવવાનું છે. ઘટાદિજ્ઞાનમાં આવરણનું અભિભાવકત્વ છે તે તે જ્ઞાન ઘટાદિવિષયક છે તેનાથી ઉપપન્ન છે, કારણ કે ઘટાદિ પણ અજ્ઞાનના વિષય છે કેમકે 'હું ઘટને જાણતો નથી,' 'ઘટજ્ઞાનથી ઘટનું અજ્ઞાન નષ્ટ થયું' એમ અવસ્થા-અજ્ઞાન ઘટાદિવિષયક છે એવો અનુભવ થાય છે.

અને એવી દલીલ કરવી નહિ કે "ત્યાં (જડ વસ્તુમાં) આવરણનું કૃત્ય (ફળ —અપ્રકાશ) ન હોવાથી અજ્ઞાનનો સ્વીકાર કરવો યુક્ત નથી કારણ કે તેને (જડ વસ્તુને) ભાસિત કરનાર, તેનાથી (જડથી) અવચ્છિન્ન ચૈતન્યના આવરણથી જ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેના (જડના) અપ્રકાશની ઉપપત્તિ થાય છે." (આ દલીલ બરાબર નથી) કારણ કે કહેલી રીતથી (અર્થાત્ જડમાં આવરણનું કાર્ય અપ્રકાશ નથી તેથી અજ્ઞાનનો અંગીકાર યુક્ત નથી એ દલીલથી) જડ સાક્ષાત્ (સીધેસીધું) અજ્ઞાન-વિષય ન હોઈ શકે એમ ખંડન કર્યું હોવા છતાં જડથી અવચ્છિન્ન ચૈતન્યના પ્રકાશનું અજ્ઞાનથી આવરણ થાય છે, તેથી નિત્ય ચૈતન્યના પ્રકાશ સાથે સંસર્ગ હોવા છતાં પણ જડ 'નથી, 'નથી પ્રકાશતું' ઇત્યાદિ વ્યવહારને યોગ્ય છે માટે પરંપરાથી જડમાં અજ્ઞાનવિષયત્વનો સ્વીકાર છે, તેથી સાક્ષાત્ કે પરંપરાથી (બીજા દ્વારા, આડકતરી રીતે) જે અજ્ઞાનથી આવૃત થઈ શકે છે તદ્વિષયક હોવું એનો જ જ્ઞાનના તેના અજ્ઞાનના નિવર્તકત્વના પ્રયોજક શરીરમાં નિવેશ છે(—અજ્ઞાન જેને આવૃત કરતું હોય એ જ જ્ઞાનનો વિષય હોય એ જ હકીકત જ્ઞાનના અજ્ઞાનનિવર્તકત્વમાં પ્રયોજક છે).

અને આમ કહેલી રીતથી ઘટ આદિ મૂળ અજ્ઞાનના વિષય છે માટે ઘટ આદિના સાક્ષાત્કારથી જ મૂળ અજ્ઞાનની નિવૃત્તિનો પ્રસંગ થશે (—મૂળ અજ્ઞાનની નિવૃત્તિ માનવી પડશે—) એવું નથી. તેનું કારણ એ કે ફળના બળથી તે અજ્ઞાનના કાર્યથી અતિરિક્ત તેના વિષય (ચિન્માત્ર) વિષયક હોવું એ જ તેના (મૂળ અજ્ઞાનના) નિવર્તક હોવામાં પ્રયોજક છે. (—જ્ઞાનનું નિવર્તકત્વ તેના પર નિર્ભર છે).

(વિવરણ : પૂર્વપક્ષીએ જે મુદ્દો દલીલ સહિત રજૂ કર્યો કે "ઘટાદિજ્ઞાન પણ મૂળ અજ્ઞાનનું નિવર્તક હોઈ શકે કારણ કે તે ચૈતન્યવિષયક છે, વેદાન્તજન્ય જ્ઞાનની જેમ"—તેમાં હેતુ ('ઘટાદિજ્ઞાન ચૈતન્યવિષયક છે') અસિદ્ધ છે કારણ કે શ્રુતિનો ઉપદેશ છે કે ચૈતન્યનો સાક્ષાત્કાર ઇન્દ્રિયથી થતો નથી. વાર્ત્તિકમાં એક વચન છે કે જે જે પ્રતીત થાય છે તે બધું 'સત્' તરીકે જ પ્રતીત થાય છે; તેથી આ અનુભવના બળે સમજાય છે કે સદ્રૂપ બ્રહ્મ સર્વ પ્રત્યયથી વેદ્ય તરીકે વ્યવસ્થિત છે. પણ ઉપર્યુક્ત શ્રુતિને ધ્યાનમાં લેતાં એ સ્પષ્ટ છે કે વાર્ત્તિકને ચૈતન્યનું સર્વપ્રત્યયવેદ્યત્વ ગૌણ જ અભિપ્રેત છે, ઘટાદિની જેમ મુખ્ય નહિ. જેમ ઘટ ઘટવિષયક વૃત્તિને અધીન વ્યવહારનો વિષય છે તેમ ઘટાદિનું અધિષ્ઠાનભૂત સદ્રૂપ બ્રહ્મ પણ ઘટાદિવૃત્તિને અધીન વ્યવહારનો વિષય છે. તેથી આ ગુણને લીધે વાર્ત્તિકકારે એમ કહ્યું છે કે સદ્રૂપ બ્રહ્મ ઘટાદિપ્રત્યયવેદ્ય છે. શંકા થાય કે પરોક્ષવૃત્તિઓના વિષયોમાં આવરણનો અભિભવ ન હોવાથી ઉક્ત વ્યવસ્થા ત્યાં નહીં સંભવે. પણ આ દલીલ બરાબર નથી કારણ કે વાર્ત્તિકમાં 'પ્રત્યય' પદ આવરણનો અભિભવ કરનાર વૃત્તિ માટે જ પ્રયોજ્યો છે, તેથી કોઈ મુશ્કેલી નથી એવો ભાવ છે.

ઘટાદિ જ્ઞાન ઘટાદિવિષયક હોય તેટલાથી તે આવરણનું અભિભાવક બની શકે છે; તેને માટે ઘટાદિજ્ઞાન ઘટાદિથી અવચ્છિન્ન ચૈતન્યવિષયક હોય એ જરૂરી નથી. જડ વસ્તુ પણ અજ્ઞાનનો વિષય બની શકે છે એમ અનુભવના બળે સ્વીકારી શકાય છે—'હું ઘટ જાણતો નથી', 'ઘટજ્ઞાનથી ઘટવિષયક અજ્ઞાન નષ્ટ થયું' એવો અનુભવ થાય છે તેથી ઘટાદિ અવસ્થા-અજ્ઞાનનો વિષય છે (—જ્યારે મૂળ અજ્ઞાનનો વિષય માત્ર બ્રહ્મ છે, જડ નહિ એમ ब्रह्म न जानामि—'હું બ્રહ્મને જાણતો નથી' એ અનુભવથી જ્ઞાત થાય છે).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**શંકા :** જડ વસ્તુ અજ્ઞાનનો આશ્રય કે વિષય નથી કારણ કે જડમાં અજ્ઞાનકૃત આવરણનું ફળ—અપ્રકાશ—સંભવતું નથી. 'હું ઘટને જાણુનો નથી' એ અનુભવ તો ઘટ અને તેના અધિષ્ઠાન ચૈતન્યનું તાદાત્મ્ય હોવાથી તે ચૈતન્ય–વિષયક હોય તો પણ ઉપપન્ન બને છે તેથી ઘટ–જ્ઞાન પણ ચૈતન્યવિષયક છે જેમ ઘટ–અજ્ઞાન ચૈતન્યવિષયક છે એવી દલીલ ન કરી શકાય કે જડનું આવરણ ન હોય તો તેનો અપ્રકાશ સંભવે નહીં. આ દલીલ બરાબર નથી કારણ કે જડનો સ્વપ્રકાશ ચૈતન્ય પર અધ્યાસ થયેલો હોવાથી તેનો સર્વદા અવભાસક ચૈતન્ય સાથે સંસર્ગ હોય છે અને આ અવભાસક ચૈતન્યના આવરણથી જ જડનો અપ્રકાશ સંભવે છે.

**ઉત્તર :** જડ વસ્તુ સાક્ષાત્ અજ્ઞાનનો આશ્રય કે વિષય બની શકે નહિ એમ કહ્યું છે તે માની લઈએ તો પણ જડથી અવચ્છિન્ન ચૈતન્યના પ્રકાશનું અજ્ઞાનથી આવરણ થાય છે તેને કારણે નિત્ય ચૈતન્યપ્રકાશ સાથે સંસર્ગ હોવા છતાં જડ 'નથી', 'નથી પ્રકાશતું' 'પ્રિય નથી' એવા વ્યવહારને યોગ્ય બને છે તેથી સાક્ષાત્ નહીં તોય એ પરંપરાથી અજ્ઞાનનો વિષય છે એમ માનવું જ પડે. 'છે', 'પ્રકાશે છે', 'પ્રિય છે' એ પ્રકારના વ્યવહારને અયોગ્ય હોવા રૂપ આવરણ માન્યું છે. આમ સાક્ષાત્ કે પરંપરાથી જે અજ્ઞાનથી આવૃત થતું હોય તેને જ વિષય કરનારા જ્ઞાનથી તે અજ્ઞાનની નિવૃત્તિ થાય છે

**શંકા :** ઉપર કહ્યા પ્રમાણે અવચ્છિન્ન ચૈતન્યમાં રહેલું અવસ્થા–અજ્ઞાન જડ અને તેનાથી અવચ્છિન્ન ચૈતન્ય બંનેનું આવરણ કરે છે એમ પ્રાપ્ત થાય છે; આમ ઘટાદિજ્ઞાનને જડ માત્ર વિષયક માનવાથી તેનું અજ્ઞાન સાથે સર્વાંશે સમાનવિષયકત્વ નહીં હોય તેથી તે અજ્ઞાનનું નિવર્તક બની શકશે નહિ.

**ઉત્તર ;** જ્ઞાનનું અજ્ઞાન સાથે સમાનવિષયક હોવું એ જ વિરોધ–પ્રયોજક શરીરમાં પ્રવિષ્ટ છે: સર્વાંશમાં સમાનવિષયકત્વ નહીં, કારણ કે તેમાં ગૌરવ છે. અજ્ઞાન ઘટ અને ઘટાવચ્છિન્ન ચૈતન્ય વિષયક છે જ્યારે ઘટજ્ઞાન ઘટવિષયક છે તેથી ઘટજ્ઞાનથી ઘટ અજ્ઞાનની નિવૃત્તિ થાય છે, પણ ચૈતન્યવિષયક અજ્ઞાનની નિવૃત્તિ થતી નથી.

**શંકા :** અવચ્છિન્ન ચૈતન્ય સ્વરૂપથી સત્ય છે તેથી બ્રહ્મસ્વરૂપ જેમ અવસ્થા અજ્ઞાનનો વિષય છે તેમ મૂળ અજ્ઞાનનો વિષય પણ છે. આમ અવસ્થા-અજ્ઞાને કરેલા ચૈતન્યના આવરણના બળે જડ પણ પરંપરાથી અવસ્થા–અજ્ઞાનનો વિષય બને છે તેથી ઉપર કહ્યું તેમ મૂળ અજ્ઞાને કરેલા ચૈતન્યના આવરણના બળે ઘટાદિ જડને મૂળ અજ્ઞાનનો વિષય પણ માનવું જ પડશે. તેથી જેમ અવસ્થા–અજ્ઞાન પ્રતિ પરંપરાથી વિષયભૂત એવા જડના સાક્ષાત્કારથી જ અવચ્છિન્ન ચૈતન્યમાં રહેલા અવસ્થા–અજ્ઞાનની નિવૃત્તિ થાય છે તેમ મૂળ અજ્ઞાન પ્રતિ પણ પરંપરાથી વિષયભૂત જડના સાક્ષાત્કારથી જ બ્રહ્મચૈતન્યનિષ્ઠ મૂળ અજ્ઞાનની પણ નિવૃત્તિ પ્રસક્ત થશે (—મૂળ અજ્ઞાનની નિવૃત્તિ માનવી પડશે).

**ઉત્તર :** ઘટાદિનો સાક્ષાત્કાર થવા છતાં મૂળ અજ્ઞાનની અનુવૃત્તિ રહે છે એ ફળના બળે એમ સમજાય છે કે મૂળ અજ્ઞાન અને તેના કાર્યથી અતિરિક્ત જે મૂળ અજ્ઞાનનો વિષય—ચિન્માત્ર—તદ્વિષયક હોવું એ જ જ્ઞાનમાં મૂલાજ્ઞાનનિવર્તકત્વનું પ્રયોજક છે ઘટાદિ-સાક્ષાત્કારમાં એ લક્ષણ નથી તેથી તેને મૂળ અજ્ઞાનનું નિવર્તક માની શકાય નહિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अथवा मूलाज्ञानस्यैव जडं न विषयः । अवस्थाऽज्ञानानां त्ववच्छिन्नचैतन्याश्रितानां तत्तज्जडमेव विषयः । अन्यथा चाक्षुषवृत्त्या चन्दनखण्डचैतन्याभिव्यक्तौ तत्संसर्गिणो गन्धस्याप्यापरोक्ष्यापत्तेः । तदनभिव्यक्तौ चन्दनतद्रूपयोरप्यप्रकाशापत्तेः ।

न च चाक्षुषवृत्त्या चन्दनतद्रूपावच्छिन्नचैतन्ययोरभिव्यक्त्या तयोः प्रकाशः, गन्धाकारवृत्त्यभावेन गन्धावच्छिन्नचैतन्यस्यानभिव्यक्त्या तस्याप्रकाशश्चेति वाच्यम् । चैतन्यस्य द्विगुणीकृत्य वृत्त्ययोगेन एकद्रव्यगुणानां स्वाश्रये सर्वत्र व्याप्य वर्तमानानां पृथक् पृथग् गगनावच्छेदकत्वस्येव चैतन्यावच्छेदकत्वस्याप्यसम्भवात् । तेषां स्वाश्रयद्रव्यावच्छिन्नचैतन्येनैव शुक्तीदमंशावच्छिन्नचैतन्येन शुक्तिरजतवत् प्रकाशतया तस्याभिव्यक्तौ गन्धस्यापि प्रकाशस्य, अनभिव्यक्तौ रजतादेरप्यप्रकाशस्य चापत्तेः । न च गन्धाकारवृत्त्युपरक्त एव चैतन्ये गन्धः प्रकाशत इति नियमः, प्रकाशसंसर्गस्यैव प्रकाशमानशब्दार्थत्वेनासत्यामपि तदाकारवृत्तावनावृतप्रकाशसंसर्गे अप्रकाशमानत्वकल्पनस्य विरुद्धत्वात् । अभिव्यक्तस्य गन्धोपादानचैतन्यस्य गन्धासंसर्गोक्त्यसम्भवात् ।

तस्माद् यथा चैत्रस्य घटवृत्तौ तं प्रत्यावरकस्यैवाज्ञानस्य निवृत्तिरिति तस्यैव विषयप्रकाशो नान्यस्य, तथा तत्तद्विषयाकारवृत्त्या तत्तदावरकाज्ञानस्यैव निवृत्तेर्न विषयान्तरस्यापरोक्ष्यम्, 'अनावृतार्थस्यैव संविदभेदाद् आपरोक्ष्यम्' इत्यभ्युपगमादिति । प्रमातृभेदेनेव विषयभेदेनाप्येकत्र चैतन्ये अवस्थाऽज्ञानभेदस्य वक्तव्यतया अवस्थाऽज्ञानानां तत्तज्जडविषयकत्वमिति घटादिवृत्तीनां नावस्थाऽज्ञाननिवर्तकत्वे काचिदनुपपत्तिः । न वा मूलाज्ञाननिवर्तकत्वापत्तिः ।

અથવા મૂળ અજ્ઞાનનો જ જડ વિષય નથી, પણ અવસ્થા-અજ્ઞાનો જે અવચ્છિન્ન ચૈતન્યમાં આશ્રિત છે તેમનો તો તે તે જડ જ વિષય છે. અન્યથા (—અર્થાત્ જડને અનાવૃત માનવામાં આવે તો) ચક્ષુજન્ય વૃત્તિથી ચંદનખંડથી અવચ્છિન્ન ચૈતન્યની અભિવ્યક્તિ થતાં તેની સાથે સંસર્ગ ધરાવનાર ગન્ધની પણ અપરોક્ષતા થવી જોઈએ, કારણ કે તેની (ચંદનાવચ્છિન્ન ચૈતન્યની) અભિવ્યક્તિ ન થાય તો ચંદન અને તેના રૂપનો પણ પ્રકાશ ન થવો જોઈએ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને એવી દલીલ કરવી નહિ કે "ચક્ષુજન્ય વૃત્તિથી ચંદન અને તેના રૂપથી અવચ્છિન્ન ચૈતન્યોની અભિવ્યક્તિ થવાથી તેમનો પ્રકાશ છે, અને ગન્ધાકાર વૃત્તિ ન હોવાથી ગન્ધથી અવચ્છિન્ન ચૈતન્યની અભિવ્યક્તિ થતી નથી તેથી તેનો અપ્રકાશ છે." (આ દલીલ બરાબર નથી) કારણ કે ચૈતન્યની દ્વિગુણિત વૃત્તિ ન હોઈ શકે; અને એક દ્રવ્યના ગુણો જે પોતાના આશ્રયમાં સર્વત્ર વ્યાપીને રહેનારા છે તેમનું પૃથક પૃથક ગગનાવચ્છેદકત્વની જેમ પૃથક પૃથક ચૈતન્યાવચ્છેદકત્વ પણ સંભવતું નથી. જેમ શુક્તિના 'ઇદમ્' (આ) અંશથી અવચ્છિન્ન ચૈતન્યથી શુક્તિ-રજત પ્રકાશિત થાય તેમ તે (ગુણો) પોતાના આશ્રયભૂત દ્રવ્યથી અવચ્છિન્ન ચૈતન્યથી જ પ્રકાશિત થાય તેથી તેની (ચંદન દ્રવ્યથી અવચ્છિન્ન ચૈતન્યની) અભિવ્યક્તિ થતાં ગંધનો પણ પ્રકાશ થવો જોઈએ અને જો અભિવ્યક્તિ ન હોય તો રજતાદિનો પણ પ્રકાશ ન થવો જોઈએ. અને ગન્ધાકાર વૃત્તિથી ઉપરક્ત ચૈતન્યમાં જ ગન્ધ પ્રકાશે છે એવો નિયમ નથી, કારણ કે 'પ્રકાશસંસર્ગ' એ જ 'પ્રકાશમાન' શબ્દનો અર્થ છે તેથી તે આકારવાળી (ગન્ધાકાર) વૃત્તિ ન હોય તો પણ અનાવૃત પ્રકાશનો સંસર્ગ થતાં અપ્રકાશમાનત્વની કલ્પના વિરુદ્ધ છે; કેમ કે અભિવ્યક્ત ગન્ધોપાદાન (ગન્ધના અધિષ્ઠાનભૂત) ચૈતન્યનો ગન્ધ સાથે સંસર્ગ નથી એવી ઉક્તિ સંભવતી નથી.

તેથી જેમ ચૈત્રની ઘટાકાર વૃત્તિ થતાં તેની પ્રતિ આવરણ કરનાર અજ્ઞાનની નિવૃત્તિ થાય છે માટે તેને જ વિષયનો પ્રકાશ થાય છે, બીજાને નહિ, તેમ તે તે વિષયાકાર વૃત્તિથી તે તે (વિષય)નું આવરણ કરનાર અજ્ઞાનની જ નિવૃત્તિ થાય છે તેથી અન્ય વિષયની અપરોક્ષતા થતી નથી કારણ કે "અનાવૃત અર્થ જ ચૈતન્યથી તેનો અભેદ હોવાથી અપરોક્ષ છે" એમ સ્વીકારવામાં આવ્યું છે. જેમ પ્રમાતાના ભેદથી એક ચૈતન્યમાં અવસ્થા-અજ્ઞાનોનો ભેદ માનવામા આવે છે તેમ વિષયભેદથી પણ એક ચૈતન્યમાં અવસ્થા-અજ્ઞાનોનો ભેદ કહેવો પડશે: તેથી અવસ્થા અજ્ઞાનો તે તે જડ વિષયક છે માટે ઘટાદિવૃત્તિઓ અવસ્થા-અજ્ઞાનોની નિવર્તક હોય તેમાં કોઈ અનુપપત્તિ નથી. તેમ તે (ઘટાદિવૃત્તિ) મૂલ અજ્ઞાનની નિવર્તક હોવી જોઈએ એવી પ્રસક્તિ પણ નથી.

વિવરણ : "અવચ્છિન્ન ચૈતન્યનું આવરણ કરનાર અજ્ઞાનની નિવૃત્તિ જડમાત્ર-વિષયક વૃત્તિથી કેવી રીતે થઈ શકે જ્યારે તેમના વિષયો ભિન્ન છે?" એવી શંકા થતાં અવસ્થા-અજ્ઞાન અવચ્છિન્ન ચૈતન્યના આવરણ દ્વારા જડનું પણ આવરણ કરે છે, તેથી જડમાત્ર-વિષયક વૃત્તિથી પણ અવસ્થા-અજ્ઞાનની નિવૃત્તિ સંભવે છે એવું પ્રતિપાદન કર્યું.

હવે એ જ શંકાનું સમાધાન બીજી રીતે બતાવે છે. અવસ્થા-અજ્ઞાનોનો વિષય જડ જ છે (—જડ તો મૂળ અજ્ઞાનનો જ વિષય નથી—) કારણકે 'घटं न जानामि' એવો અનુભવ થાય છે પણ આ અવસ્થા-અજ્ઞાનનો આશ્રય તો અવચ્છિન્ન-ચૈતન્ય છે જડને અવસ્થા-અજ્ઞાનથી આવૃત ન માનીએ તો પ્રશ્ન થાય કે ચંદનખંડવિષયક ચક્ષુજન્ય વૃત્તિથી ચંદના-



Jain Education International          For Personal & Private Use Only          www.jainelibrary.org

વચ્છિન્ન ચૈતન્ય અભિવ્યક્ત થાય છે કે નહિ? જો થતું હોય તો તેની સાથે સંસર્ગ ધરાવનાર ગન્ધની પણ ચંદનની જેમ અભિવ્યક્તિ થવી જોઈએ કારણ કે બંનેનો અભિવ્યક્ત ચૈતન્ય સાથે સંસર્ગ સમાન છે. પણ જો જડને આવૃત માનીએ તો આ દોષ નથી કારણ કે ચાક્ષુષવૃત્તિથી ગન્ધના આવરણની નિવૃત્તિ થતી નથી. અને જો ચાક્ષુષવૃત્તિથી અવચ્છિન્ન ચૈતન્યની અભિવ્યક્તિ ન હોય તો ચંદનવિષયક ચાક્ષુષવૃત્તિ થાય ત્યારે ચંદન અને તેના રૂપનો અપ્રકાશ હોવો જોઈએ, જે ઇષ્ટ નથી.

**શંકા** : જેમ ચંદનખંડ, ઘટ, પટ આદિ ચૈતન્યના અવચ્છેદક છે તેમ એક દ્રવ્યમાં રહેલા ગુણો પણ ચૈતન્યના અવચ્છેદક છે તેથી ચાક્ષુષવૃત્તિથી ચંદન અને તેના રૂપથી અવચ્છિન્ન ચૈતન્યની અભિવ્યક્તિ થાય ત્યારે ગંધથી અવચ્છિન્ન ચૈતન્યની અભિવ્યક્તિ થતી નથી તેથી તેનો અપ્રકાશ છે:

**ઉત્તર** : એક દ્રવ્યમાં રૂપ, રસ, ગંધ આદિના ભેદથી ચૈતન્યનો ભેદ નથી, ચૈતન્ય નિરવયવ છે તેથી દ્રવ્યના અવચ્છેદથી એક વૃત્તિ અને ગુણના અવચ્છેદથી બીજી વૃત્તિ એમ સંભવે નહિ. જો એક દ્રવ્યમાં પ્રદેશભેદથી ગન્ધ આદિ રહેતા હોય તો ત્યાં દ્રવ્યમાં ગંધ આદિના ભેદથી ચૈતન્યભેદની શંકા સંભવે. પણ તેવું નથી કારણ કે આપણો અનુભવ છે કે ગન્ધ, રસ આદિ સમગ્ર દ્રવ્યને વ્યાપીને રહે છે: આ ગુણો વ્યાપ્યવૃત્તિ છે, અવ્યાપ્યવૃત્તિ નથી. જેમ ઘટ આદિ દ્રવ્યો ગગનના અવચ્છેદક કે ભેદક છે તેમ ગંધ આદિ ગુણ ગગનના ભેદક નથી હોતા, કારણ કે ગંધાદિના ભેદથી ગગનના ભેદનો અનુભવ થતો નથી. આમ ગંધાદિના ભેદથી ચૈતન્યનો ભેદ નથી. તેથી ચદન અને તે ચંદનથી અવચ્છિન્ન ચૈતન્યની અભિવ્યક્તિ થતાં ગંધની અપરોક્ષતા થવી જોઈએ, અથવા ચંદન અને તેના રૂપનો અપ્રકાશ હોવો જોઈએ—એ દોષોનો પરિહાર મુશ્કેલ છે. જેમ શુક્તિના 'ઇદમ્' અંશથી અવચ્છિન્ન ચૈતન્યમાં રજતનો અધ્યાસ હોવાથી ઇદમ્' અંશથી અવચ્છિન્ન ચૈતન્યથી જ રજત અવભાસિત થવું જોઈએ, તેનાથી પૃથક્ એવા પોતાથી અવચ્છિન્ન ચૈતન્યથી નહીં, તેમ દ્રવ્યથી અવચ્છિન્ન ચૈતન્યમાં કલ્પિત રૂપાદિ પણ દ્રવ્યથી અવચ્છિન્ન ચૈતન્યથી જ પ્રકાશિત થવાં જોઈએ. ગંધાકાર વૃત્તિથી ઉપરક્ત ચૈતન્યમાં જ ગંધ પ્રકાશે એવો નિયમ નથી. પ્રકાશમાન હોવું એટલે પ્રકાશ સાથે સંસર્ગ હોવો એટલો જ અર્થ છે; પણ વૃત્તિથી ઉપહિત અનાવૃત પ્રકાશ સાથે સંસર્ગ હોવો એવો અર્થ નથી, કારણ કે એમ હોય તો સુખાદિવિષયક વૃત્તિથી અનુપહિત સંક્ષિપ્રકાશ સાથે સંસર્ગ ધરાવનાર સુખાદિમાં પ્રકાશમાનતા ન હોય. આમ જડ અજ્ઞાનનો વિષય નથી, અનાવૃત છે એમ માનતાં ચંદનાવચ્છિન્ન ચૈતન્યની અભિવ્યક્તિની દશામાં ગંધની પણ અપરોક્ષતા હોવી જોઈએ એ પ્રસંગનો પરિહાર કરી શકાશે નહિ. તેથી જડમાં આવરણ સિદ્ધ થાય છે.

**શંકા** : જડ આવૃત છે એ પક્ષમાં પણ ચંદનવિષયક ચાક્ષુષ વૃત્તિથી જ ગન્ધના આવરણની પણ નિવૃત્તિ થવી જોઈએ કારણ કે ગુણ અને ગુણીનું તાદાત્મ્ય છે. તેથી ચંદન અપરોક્ષ હોય ત્યારે તેની ગન્ધ પણ અપરોક્ષ પ્રસક્ત થાય છે એ દોષ તો અહીં પણ સમાન જ છે.

**ઉત્તર** : ચૈત્રની ઘટાકારવૃત્તિ થતાં તેની જ પ્રતિ આવરણ કરનાર અજ્ઞાનની નિવૃત્તિ થાય છે તેથી ચૈત્રને જ ઘટ પ્રકાશ થાય છે, અન્ય મૈત્ર આદિને થતો નથી. તેમ ગુણ અને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગુણીનું તાદાત્મ્ય હોવા છતાં ભેદ પણ છે તેથી ચંદનવિષયક વૃત્તિથી ગન્ધાદિની અપરોક્ષતાની પ્રસક્તિ નથી.

**શંકા** : ચંદનસંવિદ્‌થી અભિન્ન ગન્ધ આવૃત હોય તો પણ તે અપરોક્ષ કેમ ન બને ?

**ઉત્તર** : અનાવૃત સુખાદિમાં સંવિદ્‌થી અભેદ અપરોક્ષતાનો પ્રયોજક જોવામાં આવે છે.

**શંકા** : એક ચંદનથી અવચ્છિન્ન ચૈતન્યમાં અવસ્થા–અજ્ઞાન ચૈત્રની પ્રતિ ચંદનનું આવરણ કરનાર છે; તે એક છે માટે તે ચંદનવિષયક વૃત્તિથી નિવૃત્ત થઈ જાય છે, તેથી ચંદનવિષયક વૃત્તિ હોય ત્યારે ગન્ધનું આવરણ હોય છે એમ માનવું યુક્તિયુક્ત નથી.

**ઉત્તર** : જેમ એક જ વિષયમાં ચૈત્ર, મૈત્ર આદિ જ્ઞાતાના ભેદથી અજ્ઞાન અનેક છે તેમ એક ચંદનાવચ્છિન્ન ચૈતન્યમાં ગંધાદિ વિષયના ભેદથી પણ અજ્ઞાન અનેક છે એમ કહેવું પડશે. ચંદન અપરોક્ષ હોય ત્યારે ગંધાદિનું આવરણ સંભવે છે તેથી દોષ નથી. અવસ્થા–અજ્ઞાનો જડવિષયક છે, તેથી ઘટાદિવૃત્તિ અવસ્થા–અજ્ઞાનોની નિવૃત્તિ કરે છે તેમાં, અથવા મૂળ અજ્ઞાનની નિવૃત્તિ નથી કરતી તેમાં કોઈ અનુપપત્તિ નથી.

ઘટાદિવૃત્તિઓ ચૈતન્યવિષયક ન હોય તો જ્ઞાન અને અજ્ઞાનમાં વિરોધપ્રયોજક સમાનવિષયત્વ સંભવતું નથી કારણ કે વૃત્તિઓ જડમાત્ર વિષયક છે અને અજ્ઞાન ચૈતન્યમાત્ર વિષયક છે એમ માનવામાં આવે છે. તે જ રીતે જડનું આવરણ માનવામાં આવે તો પણ અપસિદ્ધાંતની આપત્તિ નથી, કારણ કે જડમાં આવરણનો અનભ્યુપગમ મૂળ અજ્ઞાનવિષયક છે (—અર્થાત્ મૂળ અજ્ઞાન જડનું આવરણ નથી કરતું એમ સ્વીકાર્યું છે, અવસ્થા-અજ્ઞાન જડનું આવરણ નથી કરતું એમ માનવામાં નથી આવ્યું). તે જ રીતે તે તે જડનું આવરણ કરનાર અજ્ઞાનો અનેક માનવામાં આવે તો અજ્ઞાન એક છે એ સિદ્ધાંતનો વિરોધ થશે એવી અનુપપત્તિ પણ નથી, કારણ કે તે વસ્તુતઃ એક જ છે. આ અભિપ્રાયથી એમ કહ્યું છે કે કોઈ અનુપપત્તિ નથી. આમ ઘટાદિ વૃત્તિઓ મૂળ અજ્ઞાનના વિષયભૂત બ્રહ્મવિષયક નથી તેથી ઘટાદિવૃત્તિથી મૂળ અજ્ઞાનની નિવૃત્તિ થતી નથી એ ઉપપન્ન છે.

**न चैवमपि जीवविषयाया अहमाकारवृत्तेर्मूलाज्ञाननिवर्तकत्वापत्तिः। तस्याः स्वयम्प्रकाशमानचित्संवलिताचिदंशमात्रविषयत्वात्। 'सोऽहम्' इति प्रत्यभिज्ञाया अपि स्वयम्प्रकाशचैतन्ये अन्तःकरणवैशिष्ट्येन सह पूर्वापरकालवैशिष्ट्यमात्रविषयत्वेन चैतन्यविषयत्वाभावादिति ॥**

અને આમ હોય તો પણ જીવવિષયક 'अहम्' આકારવાળી વૃત્તિ મૂળ અજ્ઞાનની નિવર્તક બને એવી આપત્તિ થશે (એમ માનવું પડશે) એવું નથી, કારણ કે તે (અહમાકાર વૃત્તિ) સ્વયંપ્રકાશમાન ચિત્ સાથે સંવલિત (ચિત્ સાથે તાદાત્મ્યથી ચિત્‌માં અધ્યસ્ત) અચિદ્-અંશ માત્રને વિષય કરનારી છે. 'તે હું છું' એ પ્રત્યભિજ્ઞા પણ સ્વયંપ્રકાશ ચૈતન્યમાં અન્તઃકરણથી વિશિષ્ટતાની સાથે પૂર્વાપર કાલથી વિશિષ્ટતામાત્રને વિષય કરનારી હોવાથી તે ચૈતન્યવિષયક નથી (એમ આ મતને અનુસરનારા કહે છે).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ** : શંકા થાય કે ઘટાદિ વૃત્તિ ચૈતન્યવિષયક ન હોય તો પણ अहम् શબ્દના અર્થભૂત (અહમર્થ) જીવ ચિત્ અને અચિત્‌થી સંવલિત રૂપવાળો છે તેથી જીવ વિષયક अहंवृत्ति ચૈતન્યવિષયક હોવી જ જોઈએ અને તેનાથી મૂળ અજ્ઞાનની નિવૃત્તિની પ્રસક્તિ થશે. આ શંકાનો ઉત્તર છે કે આ વાત બરાબર નથી. સ્વયંપ્રકાશ હોવાને કારણે પોતાની મેળે પ્રકાશમાન ચિત્‌માં ચિત્ સાથે તાદાત્મ્યથી અધ્યસ્ત જે આ અચિદંશ છે તેને જ અહમાકાર વૃત્તિ વિષય કરે છે તેથી એ પણ ચૈતન્યવિષયક નથી. અન્યથા ચિત્ કેવળ ઉપનિષદ્‌થી ગમ્ય છે (ઔપનિષદ છે) એ શ્રુતિનો વિરોધ થશે. શંકા થાય કે 'જે મેં સ્વપ્નમાં શ્રીકૃષ્ણનો અનુભવ કર્યો હતો તે હું જાગૃતાવસ્થામાં તેને સ્મરું છું" ઇત્યાદિ પ્રત્યભિજ્ઞા ચૈતન્યવિષયક હોવી જ જોઈએ, નહીં તો ચિદાત્મા સ્થાયી છે અને શરીરાદિથી વ્યતિરિક્ત છે એમ સિદ્ધ ન થાય. આ શંકાનો ઉત્તર છે કે ઉક્ત પ્રત્યભિજ્ઞા પણ સ્વયં-પ્રકાશમાન ચૈતન્યમાં જેમ 'અહમ્' એમ અન્તઃકરણતાદાત્મ્યને વિષય કરે છે તેમ તત્તા ('તે' પણા) આદિથી વિશિષ્ટતાને વિષય કરે છે; સ્વયંપ્રકાશ ચૈતન્યને વિષય નથી કરતી. આ મતમાં ચિદાત્માનું સ્થાયિત્વ વગેરે શ્રુતિના બળે જ સિદ્ધ થાય છે, પ્રત્યભિજ્ઞાથી નહિ એમ સમજવું.

**केचित्तु घटादिवृत्तीनां तत्तदवच्छिन्नचैतन्यविषयत्वमभ्युपगम्य—**

**"सर्वमानप्रसक्तौ च सर्वमानफलाश्रयात् ।**
**श्रोतव्येति वचः प्राह वेदान्तावरुरुत्सया ॥" इति**

**वार्त्तिकोक्तेः श्रोतव्यवाक्यार्थवेदान्तनियमविध्यनुसारेण वेदान्त-जन्यमेव नियमादृष्टसहितं ब्रह्मज्ञानमप्रतिबद्धं ब्रह्माज्ञाननिवर्तकमिति घटादिज्ञानान्न तन्निवृत्तिप्रसङ्ग इत्याहुः ॥**

જ્યારે કેટલાક ઘટાદિવૃત્તિને તે તે (જડ)થી અવચ્છિન્ન ચૈતન્યવિષયક અંગીકાર કરીને કહે છે કે "બધાં પ્રમાણો ફળ (ચૈતન્ય) વિષયક હોવાથી બધાં પ્રમાણો(ની બ્રહ્મસાક્ષાત્કાર પ્રતિ કારણતા) પ્રસક્ત થતાં, વેદાન્તોના નિયમનની ઇચ્છાથી श्रोतव्यः એ વચન ('વેદાન્તોનો જ વિચાર કરવો') એમ કહે છે". —એમ વાર્ત્તિકની ઉક્તિથી श्रोतव्यः-વાક્યના અર્થભૂત વેદાન્તનિયમવિધિ અનુસાર વેદાન્તજન્ય જ બ્રહ્મજ્ઞાન જે નિયમાદૃષ્ટ સહિત છે અને અપ્રતિબદ્ધ છે તે બ્રહ્મ-વિષયક અજ્ઞાનનું નિવર્તક છે તેથી ઘટાદિજ્ઞાનથી તેની નિવૃત્તિની પ્રસક્તિ નથી.

**વિવરણ** : ઘટાદિવૃત્તિ પણ ચૈતન્યવિષયક જ છે તેથી વેદાન્તજન્ય જ્ઞાનની જેમ મૂળ અજ્ઞાનની નિવર્તક પ્રસક્ત થશે એમ શંકા કરાતાં, હેતુ જ અસિદ્ધ છે તેથી ઉક્ત અતિપ્રસંગ નથી એમ સમાધાન ઉપર બતાવ્યું છે હવે આ ઘટાદિવૃત્તિઓને ચૈતન્યવિષયક માનીને પણ ઉક્ત અતિપ્રસંગ નથી એમ કહે છે. આમ માનતાં ચૈતન્યની ચક્ષુરાદિવિષયતાનો શ્રુતિમાં નિષેધ છે તેનો બાધ થશે એવી દલીલ બરાબર નથી કારણ કે તે શ્રુતિઓ નિરુપાધિક

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચૈતન્યની વિષયતાનો નિષેધ કરે છે તેથી અવચ્છિન્ન ચૈતન્ય ચક્ષુ આદિથી જન્ય વૃત્તિનો વિષય હોય તો શ્રુતિનો વિરોધ નથી. તેથી જ બ્રહ્મચૈતન્ય સર્વપ્રત્યયવેદ્ય છે એમ પ્રતિપાદન કરનાર અગાઉ ટાંકેલા **વાર્તિક** વચનની પણ સંગતિ છે. અજ્ઞાતનું જ્ઞાન કરાવે તે પ્રમાણ અને વસ્તુચૈતન્ય જ અજ્ઞાત છે કારણ કે તે સ્વપ્રકાશ હોવાથી સદા પ્રસક્ત પ્રકાશવાળું છે અને તેની બાબતમાં જ અજ્ઞાનવિષયત્વની કલ્પના ઉચિત છે ચૈતન્ય સ્વપ્રકાશ હોવાથી સર્વદા પ્રકાશિત હોવું જોઈએ. પણ તેવું નથી તેથી તે અજ્ઞાનથી આવૃત છે એમ માનવું જોઈએ. અવભાસક ચૈતન્યનું આવરણ થતાં જડનો અપ્રકાશ સંભવે છે તેથી જડને માટે પૃથક્ આવરણની કલ્પના કરવી બરાબર નથી, અને અજ્ઞાન ચૈતન્યાશ્રિત જ હોવાથી તે અંધકારની જેમ પોતાના આશ્રયથી અન્ય સ્થળે આવરણનું કારણ બની શકે નહિ. અને પ્રત્યક્ષ આદિના પ્રામાણ્યની સિદ્ધિને માટે તેમને પણ ઘટાદિથી અવચ્છિન્ન ચૈતન્યવિષયક જ સ્વીકારવાં જોઈએ. જડમાત્ર વિષયક નહિ. આમ બધાં પ્રમાણો ચૈતન્યવિષયક હોવાથી અમૃતત્વના સાધન બ્રહ્મદર્શનમાં બધાં પ્રમાણોની કારણતા પ્રસક્ત થતાં વેદાંતોનું નિયમન કરવાની ઇચ્છાથી શ્રોતવ્યઃ એ વચન 'વેદાન્તોનો જ વિચાર કરવો' એ અર્થ કહે છે એમ **વાર્તિકના** વચનનો અર્થ છે. ઘટાદિ વૃત્તિઓ તો ચૈતન્યવિષયક હોવા છતાં વેદાંતજન્ય નથી તેથી શ્રોતવ્યવિધિથી સિદ્ધ નિયમાદૃષ્ટ સહિત નથી માટે તેમના મૂલાજ્ઞાનનિવર્તકત્વનો પ્રસંગ નથી. આ વેદાન્તજન્ય જ્ઞાન અપ્રતિબદ્ધ હોય છે કારણ કે નિયમાદૃષ્ટથી પ્રતિબંધભૂત દુરિતનો નાશ થાય છે.

બીજું સમાધાન બતાવે છે :—

"'तत्त्वमसि' આદિ વાક્યથી ઉત્પન્ન થતું જ્ઞાન મોક્ષનું સાધન છે" એ **નારદવચન** છે+ અને "तत्त्वमसि આદિ વાક્યથી થતું જે જીવ અને પરમાત્માના તાદાત્મ્યવિષયક જ્ઞાન તે આ મુક્તિનું સાધન છે"× એમ **ભગવત્પાદનું** વચન છે તેથી અને મૂળ અજ્ઞાન જીવ અને બ્રહ્મના અભેદનું આવરણ કરનારું હોવાથી જીવ અને બ્રહ્મના ઐક્યરૂપ તાદાત્મ્યવિષયક જે જ્ઞાન છે તે જ મુક્તિનું સાધન છે માટે ઉક્ત અતિપ્રસંગ નથી.—

**अन्ये तु तत्त्वमस्यादिवाक्यजन्यं जीवब्रह्माभेदगोचरमेव ज्ञानं मूलाज्ञाननिवर्तकम्, मूलाज्ञानस्य तदभेदगोचरत्वादिति न चैतन्यस्वरूपमात्रगोचराद् घटादिज्ञानात्तन्निवृत्तिप्रसङ्गः। न चाभेदस्य तत्त्वावेदकप्रमाणबोध्यस्य चैतन्यातिरेके द्वैतापत्तेः 'चैतन्यमात्रमभेदः' इति तद्गोचरं घटादिज्ञानमप्यभेदगोचरमिति वाच्यम्। न ह्यभेदज्ञानमिति विषयतो विशेषं ब्रूमः, किं तु तत्त्वम्पदवाच्यार्थधर्मिद्वयपरामर्शादिरूपकारणविशेषाधीनेन स्वरूपसम्बन्धविशेषेण चैतन्यविषयत्वमेव तदभेदज्ञानत्वम्।**

---

\+ तत्त्वमस्यादिवाक्योत्थं ज्ञानं मोक्षस्य साधनम्।

× तत्त्वमस्यादिवाक्योत्थं यज्जीवपरमात्मनोः।
तादात्म्यविषयं ज्ञानं तदिदं मुक्तिसाधनम्॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

यथा हि विशेषणविशेष्यतत्सम्बन्धगोचरत्वाविशेषेऽपि विशिष्टज्ञानस्य विशेषणज्ञानादिकारणविशेषाधीनस्वरूपसम्बन्धविशेषेण तत्त्रितयगोचरत्वमेव समूहालम्बनव्यावृत्तं विशिष्टज्ञानत्वम्, यथा वा 'स्थाणुत्वपुरुषत्ववान्' इति आहार्यवृत्तिव्यावृत्तं संशयत्वं विषयतो विशेषानिरूपणात्, तथा घटादावपि 'सोऽयं घटः' इत्यादिज्ञानस्य स्वरूपसम्बन्धविशेषेण घटादिविषयत्वमेव केवलघटशब्दादिजन्यज्ञानव्यावृत्तं तदभेदज्ञानत्वम्, अतिरिक्ताभेदानिरूपणात् । अभावसादृश्यादीनामधिकरणप्रतियोग्यादिभिः स्वरूपसम्बन्धयुक्तानामधिकरणेनाधाराधेयभावरूपः स्वरूपसम्बन्धविशेषः, प्रतियोगिना प्रतियोग्यनुयोगिभावरूप इत्यादिप्रकारेण स्वरूपसम्बन्धे अवान्तरविशेषकल्पनावद् वृत्तीनां विषयेऽपि संयोगतादात्म्ययोरतिप्रसक्त्या विषयैर्विषयविषयिभावरूपस्वरूपसम्बन्धवतीनां विषयविशेषनिरूपणासम्भवे क्लृप्ते एव स्वरूपसम्बन्धे अवान्तरविशेषकल्पनेनाभेदज्ञानत्वादिपरस्परवैलक्षण्यनिर्वाहाच्च ।

एवं च ब्रह्मज्ञानस्याभेदाख्यकिञ्चित्संसर्गगोचरत्वानभ्युपगमाद् न वेदान्तानामखण्डार्थत्वहानिरपीत्याहुः ॥

જ્યારે બીજાઓ કહે છે કે 'तत्त्वमसि' ('તું તે છે') આદિ વાક્યથી જન્ય જીવ અને બ્રહ્મના અભેદ-વિષયક જ જ્ઞાન મૂળ અજ્ઞાનનું નિવર્તક છે, કારણ કે મૂળ અજ્ઞાન તેમના અભેદ વિષયક છે, તેથી ચૈતન્યસ્વરૂપમાત્ર વિષયક ઘટાદિ જ્ઞાનથી તેની નિવૃત્તિનો પ્રસંગ નથી.

અને એવી દલીલ કરવી નહિ કે "તત્ત્વ (પરમાર્થ વસ્તુ)નું જ્ઞાન કરાવનાર પ્રમાણથી ગમ્ય (જીવ અને બ્રહ્મનો) અભેદ ચૈતન્યથી અતિરિક્ત હોય તો દ્વૈતની પ્રસક્તિ થાય છે, તેથી અભેદ ચૈતન્ય માત્ર છે માટે તેને (ચૈતન્યમાત્રને) વિષય કરનારું ઘટાદિ-જ્ઞાન પણ અભેદવિષયક છે (તેથી ઘટાદિજ્ઞાનથી પણ મૂળ અજ્ઞાનની નિવૃત્તિનો પ્રસંગ છે)". (આ દલીલ બરાબર નથી) કારણ કે એ મહાવાક્યજન્યજ્ઞાન અભેદ-જ્ઞાન છે માટે વિષયને કારણે તેનો (ઘટાદિજ્ઞાનની અપેક્ષાએ) વિશેષ છે (ભેદ છે) એમ અમે નથી કહેતા. પરંતુ તત્ અને ત્વમ્ પદોના વાચ્યાર્થરૂપ બે ધર્મી (ઈશ્વર અને જીવ)ના પરામર્શ આદિરૂપ કારણ વિશેષને અધીન સ્વરૂપસંબંધ વિશેષથી તેમના અભેદનું જ્ઞાન હોવું એટલે જ ચૈતન્યવિષયક હોવું; જેમ કે વિશેષણ, વિશેષ્ય અને તેમના સંબંધ વિષયક હોવાપણાનો અવિશેષ(સમાનતા) હોવા છતાં પણ વિશેષણજ્ઞાન આદિ કારણ વિશેષને અધીન સ્વરૂપસંબંધ વિશેષથી વિશિષ્ટજ્ઞાનનું સમૂહાલંબનથી વ્યાવૃત્ત વિશિષ્ટજ્ઞાન હોવું એટલે જ તે ત્રણ વિષયક હોવું. અથવા જેમ 'સ્થાણુત્વ પુરુષત્વવાળો'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એમ આહાર્યવૃત્તિથી વ્યાવૃત્ત સંશયત્વ છે કારણ કે વિષયતઃ વિશેષ (ભેદ)નું નિરૂપણ નથી, તેમ ઘટાદિમાં પણ 'તે જ આ ઘટ છે' ઇત્યાદિ જ્ઞાનનું કેવળ ઘટ શબ્દ આદિથી જન્ય જ્ઞાનથી વ્યાવૃત્ત તેના અભેદનું જ્ઞાન એટલે સ્વરૂપસંબંધ વિશેષથી ઘટાદિવિષયક હોવું એ જ, કારણકે (ઘટથી) અતિરિક્ત અભેદનુ નિરૂપણ નથી. અભાવ, સાદૃશ્ય આદિ જે અધિકરણ અને પ્રતિયોગી આદિ સાથે સ્વરૂપસંબંધથી યુક્ત છે તેમનો અધિકરણ સાથે આધારાધેયભાવરૂપ સ્વરૂપસંબંધવિશેષ છે, પ્રતિયોગી સાથે પ્રતિયોગિ-અનુયોગિભાવરૂપ સ્વરૂપસંબંધવિશેષ છે ઇત્યાદિ પ્રકારથી જેમ સ્વરૂપસંબંધમાં અવાન્તર વિશેષો (ભેદો)ની કલ્પના કરી શકાય છે. તેમ વૃત્તિઓના વિષય (નિર્વિશેષ ચૈતન્ય)માં પણ સંયોગ અને તાદાત્મ્યનો અતિપ્રસંગ હોવાથી, વિષયો સાથે વિષયવિષયિભાવરૂપ સંબંધવાળી વૃત્તિઓના વિષયવિશેષનું નિરૂપણ સંભવ ન હોય ત્યારે માનેલા સ્વરૂપસંબંધમાં જ અવાન્તર વિશેષની કલ્પના કરીને અભેદજ્ઞાનત્વ આદિ પરસ્પર વિલક્ષણતાનો નિર્વાહ થાય છે (માટે અભેદજ્ઞાન ચૈતન્યવિષયક જ હોવા છતાં તેનો ઘટાદિજ્ઞ નથી સામગ્રીને લીધે ભેદ છે).

અને આમ બ્રહ્મજ્ઞાન અભેદ નામના કોઈક સંસર્ગ વિષયક છે એવો સ્વીકાર ન હોવાથી વેદાન્તોના અખંડાર્થત્વની હાનિ પણ નથી (—એમ આ વિચારકો કહે છે).

(વિવરણ : આ મતમાં એવું પ્રતિપાદન કર્યું છે કે तत्त्वमसि આદિ મહાવાક્યજન્ય અભેદજ્ઞાન જ અજ્ઞાનનું નિવર્તક છે તેથી જીવ અને બ્રહ્મના અભેદને વિષય નહીં કરનારું પણ કેવળ ચૈતન્ય વિષયક એવા ઘટાદિ જ્ઞાનથી મૂળ અજ્ઞાનની નિવૃત્તિની પ્રસક્તિ નથી.

શંકા : જીવ અને બ્રહ્મનો અભેદ ચૈતન્યની અપેક્ષાએ અતિરિક્ત વસ્તુ છે એમ ન કહી શકાય કારણ કે એમ હોય તો વેદાન્તનો તાત્પર્યભૂત અભેદ સત્ય જ હોવો જોઈએ તેથી ચૈતન્યના અદ્વિતીયત્વની હાનિની પ્રસક્તિ થાય. અને જો અભેદ અસત્ય હોય તો તત્ત્વ (પરમાર્થ વસ્તુ)નું આવેદકત્વરૂપ પ્રામાણ્ય જે સિદ્ધાન્તને સમ્મત છે તેના ભંગની આપત્તિ આવે.

ઉત્તર : ઘટાદિજ્ઞાન ચૈતન્ય વિષયક હોય તો પણ જીવ અને બ્રહ્મનો અભેદ તેનો વિષય નથી, જ્યારે મહાવાક્યાર્થજન્ય જ્ઞાનમાં જીવ અને બ્રહ્મનો અભેદ વિષય છે. આમ ઘટાદિજ્ઞાનની અપેક્ષા મહાવાક્યજન્ય જ્ઞાનમાં વિષયને કારણે વિશેષ (ભેદ) છે એમ અમે નથી કહેતા જેથી ઉપર્યુક્ત દોષ અમારા મતમાં હોય.

શંકા : 'इदम् रजतम्' (આ રજત છે) એ ભ્રમમાં જેટલો અધિષ્ઠાન અંશ ભાસે છે તેટલાની અપેક્ષાએ અધિક શુક્તિત્વ આદિ વિશેષને વિષય કરનારું શુક્તિ આદિનુ જ્ઞાન રજતાદિ ભ્રમનુ વિરોધી જોવામાં આવે છે. આમ सन् घटः, स्फुरति घटः ઇત્યાદિ ભ્રમોમાં જેટલું અધિષ્ઠાનભૂત ચૈતન્ય વિષય છે તેટલાની અપેક્ષાએ અધિક અભેદને મહાવાક્યજન્ય જ્ઞાન વિષય કરે છે એમ જો સ્વીકારવામાં ન આવે તો મહાવાક્યથી જન્ય જ્ઞાન ભ્રમનું નિવર્તક હોઈ શકે નહિ. તેથી વિષયપ્રયુક્ત વિશેષ (ભેદ) માનવો જ જોઈએ.

ઉત્તર : ભ્રમથી અધિકને વિષય કરનારાં જ જ્ઞાન ભ્રમનિવર્તક હોય છે એવો નિયમ નથી. ભ્રમથી અધિક વિષયવાળાં ન હોય એવાં જ્ઞાન પણ ભ્રમનિવર્તક જોવામાં આવે છે,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જેમ કે વસ્તુતઃ ઘોષના આધારભૂત ગંગાતીરમાં કોઈને એ તળાવનું તીર કિનારો છે) એવો ભ્રમ થવાથી તેને 'તળાવના કિનારે ઘોષ' એવો ભ્રમ થાય છે. તેની પ્રતિ 'गङ्गायां घोषः' એ વાક્ય પ્રયોગ કરવામા આવે છે તો તે વાક્યથી તે માણસને ગંગાના તીર પર ઘોષ એવું જ્ઞાન થાય છે. અને એ જ્ઞાનથી ગંગાતીરમાં તળાવનું તીર હોવાનો ભ્રમ થયેલ. તેની નિવૃત્તિ થાય છે. અહીં ભ્રમના વિષય ગંગાતીર અંશમાં ભ્રમની અપેક્ષાએ વાક્યજન્યજ્ઞાનમાં કોઈ વિષય-વિશેષ જોવામાં નથી આવતો.

**શંકા** : ત્યાં વાક્યજન્ય જ્ઞાનમાં તળાવના તીરનો વ્યાવર્તક ગંગાતીરત્વ-વિશેષ વિષય જોવામાં આવે છે તેથી વિશેષ વિષય નથી એમ દલીલ કરી તે અસિદ્ધ છે.

**ઉત્તર** : ના, આવું બોલશો નહિ. જ્યાં તીરત્વ માત્ર પ્રકારના તાત્પર્યથી गङ्गायां घोषः એવો પ્રયોગ છે અને એ જ રીતે ભ્રમમાં પડેલાને તાત્પર્યનું ગ્રહણ થાય છે ત્યાં ગંગાતીરત્વ-પ્રકારક બોધ ન હોવા છતાં ભ્રમની નિવૃત્તિ જોવામાં આવે છે તેથી તમે કહ્યો તે નિયમનો ભંગ છે જ. એજ રીતે 'કોઈ પણ કપાલથી તુષના ઉપવાપ કરવો જોઈએ' એવા ભ્રમવાળા પુરુષની પ્રતિ કપાલત્વ માત્ર પ્રકારના તાત્પર્યથી પ્રયુક્ત અને એ જ તાત્પર્યવાળા તરીકે ગૃહીત થયેલા 'पुरोडाशकपालेन तुषानुपवपति' એ વાક્યથી 'કપાલથી તુષનો ઉપવાપ કરવો' એવો બોધ તે પુરુષને થાય છે, ત્યાં કપાલ અંશમાં બીજા કપાલોના વ્યાવર્તક વિશેષનું ગ્રહણ ન હોવા છતાં પુરોડાશ કપાલથી અતિરિક્ત કપાલો તુષના ઉપવાપનાં સાધન છે એવો જે ભ્રમ એ પુરોડાશ-કપાલથી અતિરિક્ત કપાલોમાં હતો તેની નિવૃત્તિ થતી જોવામાં આવે છે તેથી તમે બતાવેલા નિયમનો ભંગ છે. તેથી तीरे घोषः એવો શાબ્દબોધ ગંગાતીરત્વરૂપ વિશેષને વિષય કરનારો ન હોય તો પણ તેના હેતુભૂત પદાર્થની ઉપસ્થિતિના કાળમાં તીરની ગંગા સાથે સંબંધ ધરાવનાર તરીકે ઉપસ્થિતિ છે તેના મહિમાથી વસ્તુગત્યા (વાસ્તવિક પરિસ્થિતિથી) ગંગાતીર વિષયક જ્ઞાન જે ભ્રમથી અધિક વિષયવાળું નથી તે ભ્રમનિવર્તક છે એમ કહેવું પડશે. એ જ રીતે 'કપાલથી તુષનો ઉપવાપ કરવો' એ શાબ્દબોધ પોતે અન્ય કપાલના વ્યાવર્તક વિશેષને વિષય ન કરતો હોવા છતાં તેવા શાબ્દબોધના હેતુભૂત પદાર્થની ઉપસ્થિતિના કાળમા કપાલની પુરોડાશ સાથે સંબંધ ધરાવનાર તરીકે ઉપસ્થિતિ હોવાથી એ ઉપસ્થિતિના મહિમાથી એ જ્ઞાન ભ્રમથી અધિક વિષયવાળું ન હોવા છતાં ભ્રમનિવર્તક છે એમ કહેવું જોઈએ. આમ જ્ઞાન ભ્રમવિરોધી બને તેમાં સામગ્રીવિશેષથી એ પ્રયોજ્ય હોય એ પ્રયોજક છે, ભ્રમથી અધિક વિષયવાળા હોવું એ પ્રયોજક નથી.

વળી મહાવાક્યજન્ય જ્ઞાન સંસારના મૂળભૂત ભ્રમનું વિરોધી છે એમ શ્રુતિ, સ્મૃતિ અને વિદ્વદનુભવથી સિદ્ધ છે. અને મહાવાક્યો ચૈતન્યસ્વરૂપ માત્રનાં બોધક છે એમ દ્વિતીય પરિચ્છેદકમાં સિદ્ધ કર્યું છે, અને નિબંધોમાં તેની વિસ્તારથી ચર્ચા કરેલી છે.

એ જ રીતે શુક્તિરજત આદિ સ્થળે ભ્રમથી અધિક વિષયવાળું શુક્તિજ્ઞાન જે ભ્રમ-વિરોધી છે તેમાં જેમ એ ભ્રમથી અધિક વિષયવાળું છે એમ જોવામાં આવે છે તેમ દોષાભાવ આદિ સામગ્રીવિશેષને અધીન તેનું ભ્રમવિરોધિત્વ છે એમ પણ જોવામાં આવે છે. તેથી અખંડાર્થક વેદાન્તને અનુસરીને અને ઉપર ટાંકેલા નિયમભંગના સ્થળોને ધ્યાનમાં રાખીને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્ઞાનના ભ્રમવિરોધિત્વમાં સામગ્રીવિશેષાધીનત્વ બધામાં અનુગત પ્રયોજક કલ્પવું યુક્ત છે. ભ્રમથી અતિરિક્ત વિષયવાળા હોવું એ ભ્રમવિરોધિત્વમાં પ્રયોજક ગણી શકાય નહિ. આમ મહાવાક્યાર્થજન્ય જ્ઞાન ભ્રમથી અધિક વિષયવાળું ન હોય તો પણ ભ્રમનિવર્તક બની શકે. આજ અભિપ્રાયથી तत्त्वम्पदवाक्यार्थे... ગ્રંથ છે.

तत् અને त्वम् પદના વાચ્યાર્થભૂત ઈશ્વર અને જીવ એ બે ધર્મી છે. સૌ પ્રથમ એ પદોથી શક્તિથી તેમનો સ્મૃતિરૂપ પરામર્શ થાય છે. પછી तत् અને त्वम् એ પદોના સામાનાધિકરણ્યના બળથી 'જીવ ઈશ્વરથી અભિન્ન છે' એમ તેમનું વિશેષણ-વિશેષ્યભાવથી જ્ઞાન થાય છે. તે પછી આ વિશિષ્ટોનું ઐક્ય સંભવતું નથી એમ વિરોધની પ્રતીતિ થાય છે. તે પછી तत्, त्वम् પદોથી વાચ્યાર્થરૂપ વિશિષ્ટમાં અન્તર્ગત જે અભેદને યોગ્ય વિશેષ્ય ચૈતન્ય અંશો છે તેમની લક્ષણાથી પ્રતીતિ થાય છે. અને પછી બે વિશેષ્યના અભેદવિષયક શાબ્દ બોધ થાય છે. (આ ક્રમ બતાવવા परामर्शादिमां आदि પદ મૂક્યું છે).

(જુઓ સુરેશ્વરાચાર્યકૃત नैष्कर्म्यसिद्धि, અધ્યાય ૩ અને बृहद्. उप. भाष्यवार्तिक, ૩.૪)

વાક્યજન્ય જ્ઞાનના પોતાના વિષયભૂત ચૈતન્ય સાથે જે સામગ્રીવિશેષાધીનત્વથી પ્રયુક્ત સ્વરૂપસંબંધવિશેષ છે તે સંબંધથી ઘટજ્ઞાનાદિથી વ્યાવૃત્ત ચૈતન્યવિષયકત્વ છે. એજ તેનું અભેદજ્ઞાનત્વ, અને તેના બળથી તે મૂળ અજ્ઞાન, મિથ્યાજ્ઞાન આદિનું વિરોધી બને છે.

મહાવાક્યજન્ય જ્ઞાનનો ઘટાદિજ્ઞાનની અપેક્ષાએ ચૈતન્ય અંશમાં વિષયપ્રયુક્ત વિશેષ ન હોવા છતાં સામગ્રીવિશેષને કારણે જ ઘટાદિજ્ઞાનની અપેક્ષાએ અભેદજ્ઞાન હોવામાં વૈલક્ષણ્ય છે એમ બતાવવા દૃષ્ટાન્તો આપ્યાં છે.

'दण्डी पुरुषः (દંડવાળો પુરુષ' એ વિશિષ્ટજ્ઞાન છે. વિશેષણ જ્ઞાન, વિશેષ્યજ્ઞાન અને તેમના અસંસર્ગનો અગ્રહ એ ત્રણ તેનાં કારણ છે. તે ત્રણેને વિષય કરનારું છે. બીજી બાજુએ दण्डपुरुषसंयोगाः (દંડ, પુરુષ અને સંયોગ) એ સમૂહાલંબન જ્ઞાનમાં પણ ત્રણ વિષયો છે. તેથી આ વિશિષ્ટજ્ઞાન અને સમૂહાલંબન જ્ઞાનમાં વિષયને લીધે કોઈ ભેદ નથી. પણ વિશિષ્ટ-જ્ઞાનનો સમૂહાલંબનજ્ઞાનથી ભેદ વિશેષણજ્ઞાન આદિ કારણવિશેષને અધીન સ્વરૂપસંબંધવિશેષને લીધે છે, તે કારણકૃત છે સામગ્રીપ્રયુક્ત છે.

स्थाणुत्वविरुद्धपुरुषत्ववान्, સ્થાણુત્વથી વિરુદ્ધ પુરુષત્વવાળો—આ પ્રકારનો નિશ્ચય જે આહાર્યવૃત્તિરૂપ છે તે સંશયની સાથે સમાન વિષય વાળો છે. એનાથી વ્યાવૃત્ત સંશયથી એનો ભેદ વિષયપ્રયુક્ત નથી, પરંતુ સામગ્રીવિશેષપ્રયુક્ત છે. આહાર્યવૃત્તિમાં સંશયથી વિષયકૃત ભેદ ન હોઈ શકે કારણ કે બન્નેના વિષય સમાન છે. (સ્થાણુ અને પુરુષનો ભેદ જાણતા છતાં આવો નિશ્ચય છે તેથી તે આહાર્યવૃત્તિ છે).

કેવળ तत्त्वमसि વાક્યજન્ય જ્ઞાનના અભેદજ્ઞાન હોવામાં જ આ રીત નથી. પણ 'सोऽयं देवदत्तः' (આ તે જ દેવદત્ત છે), 'सोऽयं घटः' (આ તે જ ઘટ છે) ઇત્યાદિ વાક્યજન્ય જ્ઞાન કેવળ દેવદત્ત શબ્દ કે કેવળ ઘટ શબ્દ આદિથી જન્ય જ્ઞાનથી વ્યાવૃત્ત અભેદજ્ઞાન છે. તેમાં પણ આ રીત અનુસરવાની છે. કેવળ દેવદત્ત શબ્દ કે કેવળ ઘટ શબ્દ આદિથી જન્ય જ્ઞાનના વિષયભૂત દેવદત્ત આદિના સ્વરૂપની અપેક્ષાએ सोऽयम् એ વાક્યથી ગમ્ય અભેદ અતિરિક્ત છે એમ માનવા માટે પ્રમાણ નથી. આમ घटः અને सोऽयं घटः ઇત્યાદિમાં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિષયપ્રયુક્ત વિશેષ નથી તેથી સોઽયં ઘટઃ ઇત્યાદિમાં તત્ત્વમસિ માં છે તેમ સોઽયમ્ એ બે પદના વાચ્યાર્થરૂપ બે ધર્મી એના પરામર્શ આદિ કારણવિશેષને અધીન સ્વરૂપસંબંધવિશેષથી ઘટાદિનું અભેદજ્ઞાન હોવું એટલે જ ઘટાદિસ્વરૂપવિષયક હોવું તે જ; બીજું કંઈ નહિ એમ સમજવું.

**શંકા** : કેવળ ઘટ શબ્દ આદિથી જન્ય જ્ઞાનનો પણ વિષયની સાથે સ્વરૂપસંબંધ જ છે. તો પછી સ્વરૂપસંબંધકૃત અભેદજ્ઞાનત્વ આદિની વ્યવસ્થા કેવી રીતે થઈ શકે? એવી દલીલ ન કરવી કે વૃત્તિજ્ઞાનોના વિષયો સાથે વિષયવિષયિભાવ-પ્રયોજક સ્વરૂપસંબંધો સાધારણ હોવા છતાં તેઓમાં જ વિષયો અને તેમના જ્ઞાનમાં સ્વરૂપાત્મક સંબંધોમાં સામગ્રીવિશેષને અધીન હોવાને લીધે પ્રયુક્ત પરસ્પર વૈલક્ષણ્યની કલ્પનાથી વ્યવસ્થાનું ઉપપાદન શક્ય છે. આ દલીલ બરાબર નથી કારણ કે સ્વરૂપસંબંધોમાં ક્યાંય વૈલક્ષણ્ય દેખાતું નથી તેથી તેવી કલ્પના અનુપપન્ન છે.

**ઉત્તર** : સ્વરૂપસંબંધમાં વૈલક્ષણ્ય સંભવે જ. અભાવ, સાદૃશ્ય આદિ અધિકરણ અને પ્રતિયોગીની સાથે સ્વરૂપસંબંધથી યુક્ત છે તેમ છતાં તેમનો અધિકરણ સાથે આધારાધેયભાવરૂપ સ્વરૂપસંબંધવિશેષ છે, પ્રતિયોગીની સાથે પ્રતિયોગિ-અનુયોગિભાવરૂપ સ્વરૂપસંબંધ છે ઇત્યાદિ.

**શંકા** :– વૃત્તિનો વિષયો સાથેનો વિષયવિષયિભાવ સ્વરૂપસંબંધથી પ્રયુક્ત છે જ નહિ, પરંતુ સંયોગાદિકૃત છે. આમ વૃત્તિઓનો વિષયો સાથે સ્વરૂપસંબંધ જ અસિદ્ધ છે ત્યાં તેમનામાં વૈલક્ષણ્યાત્મક વિશેષની કલ્પના કરવાની વાત જ ક્યાં રહી.

**ઉત્તર** : જો વૃત્તિના સંયોગને વૃત્તિવિષયત્વમાં પ્રયોજક માનવામાં આવે તો ચક્ષુના ગોલક આદિનો પણ ઘટાદિ-વૃત્તિ સાથે સંયોગ હોવાથી તેઓને પણ વિષય માનવા પડશે—તેમનું વિષયત્વ પ્રસક્ત થશે. તેથી જો વૃત્તિ સાથે તાદાત્મ્યને વૃત્તિવિષયત્વમાં પ્રયોજક માનવામાં આવે તો વૃત્તિના અધિષ્ઠાન તરીકે વૃત્તિ સાથે તાદાત્મ્ય ધરાવતું ઘટાદ્યવચ્છિન્ન ચૈતન્ય ઘટાદિવૃત્તિનો વિષય સંભવે, પણ વૃત્તિતાદાત્મ્યરહિત ઘટાદિ તેના વિષય ન હોઈ શકે; ઘટાદિમાં અવિષયત્વની પ્રસક્તિ થાય અને ઘટાદિવૃત્તિરૂપે પરિણામ પામતા અન્તઃકરણને ઘટાદિ-વૃત્તિનો વિષય માનવો પડે કારણ કે પરિણામ અને પરિણામીનું તાદાત્મ્ય હોય છે. આ મુશ્કેલીઓ હોવાથી વૃત્તિનો વિષય સાથેનો વિષય-વિષયિભાવ સંયોગકૃત નથી.

**શંકા** : તત્ત્વમસિ આદિ વાક્યજન્ય જ્ઞાનનો વિષય સાથે જે ચૈતન્ય અને તે વિષયકજ્ઞાનનો ઉભયસ્વરૂપાત્મક સ્વરૂપસંબંધ છે ત્યાં સામગ્રીવિશેષના સામર્થ્યથી પણ વિષયસ્વરૂપાત્મક સંબંધમાં વિશેષનું નિરૂપણ કરવું શક્ય નથી.

**ઉત્તર** : નિર્વિશેષચૈતન્યાત્મક વિષયમાં વિશેષનું આધાન સંભવતું નથી તો પણ સ્વરૂપસંબંધમાં અન્તર્ગત તરીકે જ માનેલા જ્ઞાનસ્વરૂપાત્મક સંબંધમાં સામગ્રીવિશેષના સામર્થ્યથી વિશેષનું આધાન સંભવે છે તેથી દોષ નથી.

અથવા વૃત્તિઓના વિષયમાં પણ સંયોગ અને તાદાત્મ્યનો અતિપ્રસંગ હોવાને કારણે વિષયવિશેષનું નિરૂપણ સંભવતું ન હોય ત્યારે વૃત્તિઓને વિષયો સાથે વિષયવિષયિભાવરૂપ સ્વરૂપસંબંધવાળી માની શકાય. અભાવ, સાદૃશ્ય આદિનો જેમ અધિકરણાદિમાં તેમ વૃત્તિઓના પણ વિષયમાં સંયોગ અને તાદાત્મ્યનો અતિપ્રસંગ છે તેથી સંયોગ અને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તાદાત્મ્યથી વૃત્તિઓ પ્રતિ વિષયવિશેષનું નિયમન સંભવતું નથી. ત્યારે પરિશેષથી વૃત્તિઓને વિષય-વિષયિભાવ પ્રયોજક સ્વરૂપસંબંધવાળી માની શકાય એવો અર્થ છે. 'વિષયવિષયિભાવરૂપ-સ્વરૂપસંબંધવાળી' પદમાં 'રૂપ' પદનો અર્થ નિયામક છે. સ્વરૂપ સંબંધ વિષય-વિષયિભાવનો નિયામક છે તેથી 'સ્વરૂપ' શબ્દનો અર્થ તેમનો અભેદ હોઈ શકે નહિ

શંકા : સંયોગ અને તાદાત્મ્ય વિષયવિશેષનાં નિયામક ન હોય તો પણ વૃત્તિઓનો વિષયની સાથે સ્વરૂપસંબંધ છે એમ પરિશેષથી સિદ્ધ થતું નથી કારણ કે સ્વરૂપસંબંધથી અતિરિક્ત બીજા સંબંધની કલ્પના ઉપપન્ન છે.

ઉત્તર : સ્વરૂપસંબંધ વૃત્તિ-આદિ સ્વરૂપ તરીકે માનેલો છે, અને માનેલા સ્વરૂપસંબંધમાં વિશેષની કલ્પના કરવામાં લાઘવ છે; જ્યારે એક બીજો સંબંધ કલ્પીને તે બીજા સંબંધમાં અભેદજ્ઞાનત્વ આદિના નિર્વાહકવિશેષની કલ્પના કરવામાં ગૌરવ છે. તેથી વૃત્તિઓનો વિષયોની સાથે સ્વરૂપસંબંધ જ છે.

(શંકા) :– तत्त्वमसि આદિ વાક્યથી જીવના બ્રહ્મથી અભેદનું જ સંસર્ગની રીતથી ભાન થાય છે તેથી વેદાન્તીનો સંસર્ગને વિષય નહીં કરનાર પ્રમિતિના જનકરૂપ અખંડાર્થ હોય છે એ સિદ્ધાંતની હાનિ થાય છે.

ઉત્તર : મહાવાક્યજન્ય જ્ઞાનમાંના અભેદજ્ઞાનત્વનું બીજી રીતે ઉપપાદન કર્યું છે તેથી અભેદસંસર્ગભાનની અપેક્ષા નથી. માટે અખંડાર્થત્વની હાનિ નથી. ઘટાદિવૃત્તિઓને મૂળ અજ્ઞાનની નિવર્તક માનવી પડશે એવી આપત્તિ તો નથી જ, ઉપરાત અખંડાર્થત્વની હાનિ નથી એવો अपि શબ્દનો અર્થ છે.

ननु घटादिज्ञानवद् ब्रह्मज्ञानस्यापि न मूलाज्ञाननिवर्तकत्वं युक्तम् । निवर्तकत्वे तदवस्थानासहिष्णुत्वरूपस्य विरोधस्य तन्त्रत्वात्, कार्यस्य चोपादानेन सह तादृशविरोधाभावादिति चेत्, न । कार्यकारणयोरन्यत्र तादृशविरोधादर्शनेऽपि एकविषयज्ञानाज्ञानप्रयुक्तस्य तादृग्विरोधस्यात्र सत्त्वात् कार्यकारणयोरप्यग्निसंयोगपटयोस्तादृशविरोधस्य दृष्टेश्च । न चाग्निसंयोगादवयवविभागप्रक्रियया असमवायिकारणसंयोगनाशादेव पट-नाशः, नाग्निसंयोगादिति वाच्यम् । दग्धपटेऽपि पूर्वसंस्थानानुवृत्ति-दर्शनेन मुद्गरचूर्णीकृतघटवद् अवयवविभागादर्शनात् तत्रावयवविभागादि-कल्पनाया अप्रामाणिकत्वात् । नापि तत्र तन्तूनामपि दाहेन समवायि-कारणनाशात् पटनाश इति युक्तम् । अंशुतन्त्वादिभिस्सह युगपदेव पटस्य दाहदर्शनेन क्रमकल्पनाऽयोगात् । यतोऽधस्तान्नावयवनाशः तत्रावयवे अग्निसंयोगादेव नाशस्य वाच्यत्वात् ॥११॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શંકા થાય કે ઘટાદિજ્ઞાનની જેમ બ્રહ્મજ્ઞાન પણ મૂળ અજ્ઞાનનું નિવર્તક હોઈ શકે નહિ, કારણ કે નિવર્તકત્વમાં જવાબદાર તેના (—નિવર્ત્યના—) અવસ્થાનના અસહિષ્ણુ હોવારૂપ વિરોધ કારણભૂત છે, અને કાર્યનો ઉપાદાનની સાથે તેવો વિરોધ નથી. આવી શંકા થાય તો ઉત્તર છે કે ના, કારણ કે કાર્ય અને કારણનો અન્યત્ર આવો વિરોધ ન દેખાતો હોય તો પણ અહીં તેવો એક-વિષયક જ્ઞાન અને અજ્ઞાનથી પ્રયુક્ત વિરોધ છે, અને કાર્ય અને કારણ હોવા છતાં અગ્નિસંયોગ અને પટનો તેવો વિરોધ જોવામાં આવે છે. અને એવી દલીલ કરવી નહિ કે "અગ્નિસંયોગથી અવયવવિભાગની પ્રક્રિયાથી અસમવાયિ-કારણ એવા સંયોગના નાશથી જ પટનો નાશ થાય છે, અગ્નિસંયોગથી નહિ." (આ દલીલ બરાબર નથી) કારણ કે બળેલા પટમાં પણ પૂર્વની અવયવ-રચનાની અનુવૃત્તિ જોવામાં આવે છે તથી મુદ્‌ગરથી ચૂરો કરાયેલા ઘટની જેમ અવયવોનો વિભાગ જોવામાં નથી આવતો માટે ત્યાં અવયવના વિભાગ આદિની કલ્પના અપ્રામાણિક છે (—તેને માટે કોઈ પુરાવો નથી). ત્યાં તન્તુઓ પણ બળી જાય છે તેથી સમવાયિકારણના નાશથી પટનો નાશ થાય છે એમ કહેવું પણ બરાબર નથી, કારણ કે અંશુ, તન્તુ આદિની સાથે એક સાથે જ (એક સમયે જ) પટનો દાહ જોવામાં આવે છે (—પટ બળી જતો જોવામાં આવે છે) તેથી ક્રમની કલ્પના અયુક્ત છે. જ્યાં નીચે ઊતરતાં અવયવનો નાશ નથી હોતો ત્યાં અવયવમાં અગ્નિનો સંયોગ થવાને કારણે જ નાશ કહેવો પડશે. (૧૧)

વિવરણ : શંકા રજૂ કરી છે કે જેમ ઘટજ્ઞાન મૂળ અજ્ઞાનનું નિવર્તક નથી તેમ બ્રહ્મજ્ઞાન પણ તેનું નિવર્તક હોઈ શકે નહિ, કારણ કે કોઈ વસ્તુ બીજી વસ્તુની નિવર્તક તો જ બની શકે જો તેમની વચ્ચે વિરોધ હોય, અર્થાત્ નિવર્તક નિવાર્યની સાથે રહેવાનું સહન ન કરતું હોય. અહીં અન્તઃકરણ બ્રહ્મવિષયક વૃત્તિનું ઉપાદાન કારણ છે તેથી કાર્યરૂપ બ્રહ્મજ્ઞાન પોતાના ઉપાદાનનું વિરોધી હોઈ શકે નહિ, કારણ કે લોકમાં કાર્યને ઉપાદાનસ્થિતિવિરોધી જોવામાં આવતું નથી.

આ શંકાનું સમાધાન એ છે કે અન્તઃકરણ બ્રહ્મવિષયક વૃત્તિનું ઉપાદાન છે, અજ્ઞાન વૃત્તિનું ઉપાદાન નથી તેથી બ્રહ્મવિષયક વૃત્તિ અજ્ઞાનની નિવર્તક બની શકે. અને માની લઈએ કે અજ્ઞાન બ્રહ્મવિષયક વૃત્તિનું ઉપાદાન છે તો પણ ઉપાદાન અને ઉપાદેયનો નિવર્ત્ય-નિવર્તકભાવનો પ્રયોજક વિરોધ નથી હોતો એ સામાન્ય નિયમ છે, જેનો અપવાદ બ્રહ્મજ્ઞાન અને તેના ઉપાદાનની બાબતમાં જોવા મળે છે. નિવર્ત્ય અને નિવર્તક તરીકે માનેલા એક વસ્તુ વિષયક અજ્ઞાન અને જ્ઞાનનો વિરોધ એ વિશેષ છે જેનાથી સામાન્યરૂપ ઉપાદાન-ઉપાદેયભાવથી પ્રયુક્ત અવિરોધનો બાધ ઉપપન્ન છે. અને કાર્ય અને કારણમાં વિરોધ નથી હોતો એવું પણ નથી. અગ્નિસંયોગરૂપ કાર્ય પોતાના ઉપાદાનભૂત પટનો નાશ કરે છે એમ આપણે જોઈએ છીએ. સંયોગ દ્વિષ્ઠ (બેમાં રહેલો) ધર્મ છે અને એ બે દ્રવ્ય તેનાં ઉપાદાન કારણ છે, તેથી પટ અગ્નિસંયોગનું ઉપાદાન કારણ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વૈશેષિક દૃષ્ટિએ કહી શકાય કે અગ્નિસંયોગનું પટનાશક તરીકે દર્શન ભ્રાન્તિ છે. હકીકતમાં અગ્નિસંયોગથી તંતુઓમાં ક્રિયા થાય છે, પછી તંતુઓનો વિભાગ થાય છે, પછી પટના અસમવાયિકારણ એવા તંતુ-સંયોગનો નાશ થાય છે, પછી પટનાશ થાય છે. પણ આ વાત સાચી નથી કારણ કે બળેલા પટમાં પણ આપણે અવયવ-વિભાગ નથી જોતા પણ પૂર્વવત્ સંયુક્તાવસ્થા જ જોઈએ છીએ. મગદળથી ઘડાનો ભૂકો કે ચૂરો કરી નાખતાં અવયવ-વિભાગ જોવામાં આવે છે તેમ કપડું બાળી નાખતાં બળેલા તંતુઓમાં વિભાગ જોવામાં નથી આવતો. વૈશેષિકો માને છે તેમ સમવાયિકારણના નાશથી કાર્યરૂપ પટનો નાશ થાય છે એમ પણ કહી ન શકાય. કારણ કે તંતુઓ પહેલાં નાશ પામે છે અને તેને કારણે પટ નાશ પામે છે એવું નથી થતું; પણ અંશુ, તંતુ આદિ અને પટ એક સામટા બળી જતા જોવામાં આવે છે. વળી વૈશેષિકો કારણનાશથી કાર્યનાશ સર્વત્ર નહીં માની શકે. દ્વયણુકથી નીચે દ્વયણુકના અવયવ પરમાણુનો નાશ થતો નથી. ત્યાં દ્વયણુકમાં વિદ્યમાન અગ્નિસંયોગથી જ તેના ઉપાદાનભૂત દ્વયણુકનો નાશ થાય છે એમ કહેવું પડશે. ત્યાં અવયવવિભાગની પ્રક્રિયાથી બે પરમાણુના સંયોગનો નાશ થાય છે અને તેથી જ દ્વયણુકનો નાશ થાય છે એમ કહી શકાશે નહિ કારણ કે અવયવવિભાગની પ્રક્રિયાનું ઉપર ખંડન કર્યું છે. આમ અગ્નિસંયોગનું પોતાના ઉપાદાનભૂત પટના નાશક તરીકે દર્શન ભ્રાન્તિ નથી. (૧૧)

**(૧૨) નન્વસ્ત્વેતદેવમ્, તથાઽપિ સવિલાસાજ્ઞાનનાશકમિદં બ્રહ્મજ્ઞાનં કથં નશ્યેદ્, નાશકાન્તરસ્યાભાવાદ્ ઇતિ ચેત્ ।**

**યથા કતકરજઃ સલિલેન સંયુજ્ય પૂર્વયુક્તરજોઽન્તરવિશ્લેષં જનયત્ સ્વવિશ્લેષમપિ જનયતિ તથાઽઽત્મન્યધ્યસ્યમાનં બ્રહ્મજ્ઞાનં પૂર્વાધ્યસ્તસર્વપ્રપઞ્ચં નિવર્તયત્ સ્વાત્માનમપિ નિવર્તયતિ ઇતિ કેચિત્ ।**

**અન્યે તુ અન્યન્નિવર્ત્ય સ્વયમપિ નિવૃત્તૌ દગ્ધલોહપીતામ્બુન્યાયમુદાહરન્તિ ।**

**અપરે ત્વત્ર દગ્ધતૃણકૂટદહનોદાહરણમાહુઃ ।**

(૧૨) શંકા થાય કે ભલે આમ હોય (—અર્થાત્ બ્રહ્મજ્ઞાન જ અન્તઃકરણ દ્વારા પોતાના ઉપાદાનભૂત અજ્ઞાનનું નાશક ભલે હોય—) ના પણ વિલાસ સહિત અજ્ઞાનનો નાશ કરનાર આ બ્રહ્મજ્ઞાન કેવી રીતે નાશ પામી શકે કારણ કે બીજું નાશક છે નહિ. આવી શંકા થાય તો (ઉત્તર આપતાં) કેટલાક કહે છે જેમ કતક રજ જળ સાથે સંયોગમાં આવીને પૂર્વમાં યુક્ત અન્ય રજનો વિશ્લેષ ઉત્પન્ન કરતી પોતાનો વિશ્લેષ પણ ઉત્પન્ન કરે છે, તેમ આત્મામાં અધ્યસ્યમાન (—આરોપિત કરાતું) બ્રહ્મજ્ઞાન પૂર્વમાં અધ્યસ્ત સર્વ પ્રપંચની નિવૃત્તિ કરતું પોતાની પણ નિવૃત્તિ કરે છે.

જ્યારે બીજા અન્યની નિવૃત્તિ કરીને પોતાની નિવૃત્તિમાં દગ્ધલોહપીતામ્બુ ન્યાયને ઉદાહરણ તરીકે રજૂ કરે છે.

જ્યારે બીજા અહીં દગ્ધતૃણકૂટદહનને દૃષ્ટાન્ત તરીકે બતાવે છે.

**વિવરણ :** શંકા થાય કે બ્રહ્મજ્ઞાન જ અંતઃકરણ દ્વારા પોતાના ઉપાદાનભૂત અજ્ઞાનનો નાશ કરે છે એમ માની લઈએ તો પણ કાર્ય સહિત અજ્ઞાનનો નાશ થાય ત્યારે બાકી રહેતા બ્રહ્મજ્ઞાનનો નાશ સિદ્ધ થતો નથી કારણ કે પોતે પોતાનો નાશ કરી શકે નહીં અને બીજું કશું નાશક બાકી રહેતું નથી.

આ શંકાનું સમાધાન એ છે કે પહેલાં બ્રહ્મજ્ઞાન સિવાય સર્વનો બ્રહ્મજ્ઞાનથી નાશ અને પછી બાકી રહેતા બ્રહ્મજ્ઞાનનો નાશ એવો ક્રમ નથી માનવામાં આવતો. પરંતુ બ્રહ્મજ્ઞાનથી પોતાના વિલાસ (કાર્યપ્રપંચ) સહિત અજ્ઞાનનો નાશ થતો હોય ત્યારે તેની સાથે જ બ્રહ્મજ્ઞાનનો પણ નાશ થાય છે એમ માનવામાં આવે છે, કારણ કે બ્રહ્મજ્ઞાનને પોતાના નાશ પ્રતિ પણ હેતુ સ્વીકારવામાં આવે છે. એક જ વસ્તુ પોતાનો અને બીજાનો નાશ કરતી જોવામાં નથી આવતી એમ કહેવું બરાબર નથી. એક જ વસ્તુ અન્યની અને પોતાનો પણ નાશક બનતી જોવામાં આવે છે. તેનાં જુદાં જુદાં ઉદાહરણ વિદ્વાનોએ આપ્યાં છે. (૧) કતકરજ (—નિર્મળી જેનાથી ગંદું પાણી સાફ થાય છે) જળ સાથે સંપર્કમાં આવીને પોતાની પહેલાં સંપર્કમાં આવેલી રજને જળથી છૂટી પાડતી પોતે પણ જળથી છૂટી પડી જાય છે; અન્યનો વિશ્લેષ કરતી તે પોતાનો પણ વિશ્લેષ ઉત્પન્ન કરે છે. (૨) અગ્નિથી તપેલા લોખંડ પર નાખેલું પાણી લોખંડમાં રહેલા અગ્નિનો નાશ કરતું પોતાનો પણ નાશ કરે છે. બળેલા લોખંડથી પીવાયેલા પાણીનું દૃષ્ટાન્ત પોતાના સિવાય સર્વનો નાશ કરતું બ્રહ્મજ્ઞાન ત્યારે જ પોતાનો પણ નાશ કરે છે તેને માટે આપવામાં આવે છે (૩) સૂકેલા ઘાસની ગંજી (સમૂહ)નો નાશ કરતો અગ્નિ પોતાનો પણ નાશ કરે છે તેમ અજ્ઞાન અને તેના કાર્યસમૂહમાં ઉત્પન્ન થયેલું બ્રહ્મજ્ઞાન તેનો નાશ કરતું, પોતાનો પણ નાશ કરે છે.

**न च ध्वंसस्य प्रतियोग्यतिरिक्तजन्यत्वनियमः । अप्रयोजकत्वात् । निरिन्धनदहनादिध्वंसे व्यभिचाराच्च । न च ध्वंसस्य प्रतियोगिमात्रजन्यत्वेऽतिप्रसङ्गात् कारणान्तरमवश्यं वाच्यम्, निरिन्धनदहनादिध्वंसेऽपि कालादृष्टेश्वरेच्छादिकारणान्तरमस्तीति वाच्यम् । अतिप्रसङ्गापरिज्ञानात् ।**

**न च घटादिध्वंसस्यापि कारणान्तरनिरपेक्षत्वं स्यादित्यतिप्रसङ्गः । ध्वंसमात्रे कारणान्तरनैरपेक्ष्यानभिधानात् । न च घटध्वंसदृष्टान्तेन ब्रह्मज्ञानध्वंसस्य कारणान्तरापेक्षासाधनम् । तद्दृष्टान्तेन मुद्गरपतनापेक्षाया अपि साधनापत्तेः । नापि ज्ञानध्वंसत्वसाम्याद् घटज्ञानादिध्वंसस्यापि कारणान्तरनैरपेक्ष्यं स्यादित्यतिप्रसङ्गः । सेन्धनानलध्वंसस्य**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**जलसेकादिदृष्टकारणापेक्षत्वेऽपि निरिन्धनानलध्वंसस्य तदनपेक्षत्ववद्, जाग्रज्ज्ञानध्वंसस्य विरोधिविशेषगुणान्तरापेक्षत्वेऽपि सुषुप्तिपूर्वज्ञानध्वंसस्य तदनपेक्षत्ववच्च मूलज्ञानानिवर्तकज्ञानध्वंसस्य कारणान्तरापेक्षत्वेऽपि तन्निवर्तकज्ञानध्वंसस्य तदनपेक्षत्वोपपत्तेः । नापि कारणान्तरनैरपेक्ष्ये स्वोत्पत्त्युत्तरक्षणे एव नाशः स्यादित्यतिप्रसङ्गः । इष्टापत्तेः । तदुत्पत्त्युत्तरक्षणे एव ब्रह्माध्यस्तनिखिलप्रपञ्चदाहेन तदन्तर्गतस्य तस्यापि तदैव दाहाभ्युपगमात् । निरिन्धनदहनध्वंसन्यायेन ब्रह्मज्ञानध्वंसस्यापि कालादृष्टेश्वरेच्छादिकारणान्तरजन्यत्वेऽप्यविरोधाच्च । सर्वप्रपञ्चनिवृत्त्यनन्तरमेकशेषस्य ब्रह्मज्ञानस्य निवृत्तिरित्यनभ्युपगमेन युगपत् सर्वदाहे पूर्वक्षणे चिदविद्यासम्बन्धरूपस्य द्रव्यान्तररूपस्य वा कालस्य, ईश्वरप्रसादरूपस्यान्तःकरणगुणविशेषस्य वाऽदृष्टस्य, अन्येषां च सत्त्वात् ।**

અને ધ્વંસ (નાશ) પ્રતિયોગીથી અતિરિક્ત (કારણ)થી જન્ય છે એવો નિયમ છે એવું નથી, કારણ કે એ અપ્રયોજક છે; અને ઇન્ધન વિનાના અગ્નિ આદિના ધ્વંસમાં વ્યભિચાર છે. અને એવી દલીલ કરવી નહિ કે "ધ્વંસ માત્ર પ્રતિયોગીથી જન્ય હોય તો અતિપ્રસંગ થશે તેથી બીજું કારણ કહેવું (બતાવવું, માનવું) જોઈએ; ઇન્ધન રહિત અગ્નિ આદિના ધ્વંસમાં પણ કાળ, અદૃષ્ટ, ઈશ્વરેચ્છા આદિ કારણ છે." (આ દલીલ બરાબર નથી) કારણ કે અતિપ્રસંગનું જ્ઞાન નથી (થઈ શકતું).

અને એ અતિપ્રસંગ નથી કે (જો બ્રહ્મજ્ઞાનધ્વંસ પ્રતિયોગીથી અતિરિક્ત કારણથી જન્ય ન હોય તો) ઘટાદિના ધ્વંસને પણ અન્ય કારણની અપેક્ષા ન હોવી જોઈએ: કારણ કે ધ્વંસમાત્રમાં (અપવાદ વિના સર્વ ધ્વંસમાં) અન્ય કારણની અપેક્ષા નથી એમ કહેવામાં નથી આવ્યું. અને ઘટધ્વંસના દૃષ્ટાન્તથી બ્રહ્મજ્ઞાનના ધ્વંસને અન્ય કારણની અપેક્ષા છે એવું (પણ) સિદ્ધ કરવામાં નથી આવતું, કારણ કે તે દૃષ્ટાન્તથી મુદ્ગર-પાતની અપેક્ષા પણ સિદ્ધ થાય એ આપત્તિ છે (તેમ) જ્ઞાનધ્વંસત્વના સામ્યથી ઘટજ્ઞાન આદિના ધ્વંસને પણ અન્ય કારણની અપેક્ષા ન હોવી જોઈએ એવો અતિપ્રસંગ પણ નથી. તેનું કારણ એ છે કે જેમ ઇન્ધનયુક્ત અગ્નિના ધ્વંસને જળસિંચન આદિ દૃષ્ટ કારણની અપેક્ષા હોવા છતાં ઇન્ધનરહિત અગ્નિના ધ્વંસને તેની અપેક્ષા નથી, અને જાગ્રત્કાલીન જ્ઞાનધ્વંસને વિરોધી એવા અન્ય વિશેષ ગુણની અપેક્ષા હોવા છતાં સુષુપ્તિની પૂર્વના જ્ઞાનના ધ્વંસને તેની અપેક્ષા નથી. તેની જેમ મૂળ અજ્ઞાનના અનિવર્તક એવા જ્ઞાનના ધ્વંસને અન્ય કારણની અપેક્ષા હોય તો પણ તેના (—મૂળ અજ્ઞાનના) નિવર્તક જ્ઞાનના ધ્વંસને તેની અપેક્ષા ન હોય એ ઉપપન્ન છે. (તેમ) અન્ય કારણની અપેક્ષા ન હોય તો પોતાની ઉત્પત્તિની પછીની ક્ષણમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ નાશ થવો જોઈએ એવો અતિપ્રસંગ પણ નથી, કારણ કે એ ઇષ્ટાપત્તિ છે કેમ કે તેની ઉત્પત્તિની પછીની ક્ષણમા જ બ્રહ્મમાં અધ્યસ્ત સકલ પ્રપંચનો દાહ થવાથી તેમાં જેનો સમાવેશ છે તેવા તેનો (—બ્રહ્મજ્ઞાનનો) પણ ત્યારે જ દાહ થાય છે એમ સ્વીકારવામાં આવે છે; અને ઇન્ધનશૂન્ય અગ્નિના ધ્વંસના ન્યાયથી બ્રહ્મજ્ઞાનનો ધ્વંસ પણ કાલ, અદૃષ્ટ, ઈશ્વરેચ્છા આદિ અન્ય કારણથી જન્ય હોય તો પણ વિરોધ નથી. કારણ કે સર્વ પ્રપંચની નિવૃત્તિ પછી એક બાકી રહેલા બ્રહ્મજ્ઞાનની નિવૃત્તિ થાય છે એમ સ્વીકારવામાં ન આવ્યું હોવાથી એક સાથે સર્વનો દાહ થાય છે તેની પૂર્વક્ષણમાં ચિત્ અને અવિદ્યાના સંબંધરૂપ અથવા દ્રવ્યાન્તરરૂપ કાળ, ઈશ્વરના પ્રસાદરૂપ કે અન્તઃકરણના ગુણવિશેષરૂપ અદૃષ્ટ, અને બીજાં (ઈશ્વર, દિશા વગેરે સાધારણ કારણ) હોય છે.

**વિવરણ :** શંકા થાય કે દગ્ધદાહકનાદિ—ન્યાયથી બ્રહ્મજ્ઞાનથી જ બ્રહ્મજ્ઞાનનો નાશ થાય છે એમ ઉપપાદન યુક્ત નથી. આપણે જોઈએ છીએ કે ઘટાદિના નાશમાં પ્રતિયોગી ઘટાદિથી અતિરિક્ત મુદ્ગરપાત આદિ અન્ય કારણ હોય છે, તેથી ધ્વંસ પ્રતિયોગીથી અતિરિક્ત કારણથી જન્ય છે એવો નિયમ છે.

આ શંકાનું સમાધાન એ છે કે આ નિયમ પ્રયોજક નથી. વળી ઇન્ધન પૂરેપૂરાં નાશ પામે પછી અગ્નિ પોતાની મેળે જ (અન્ય કારણ વિના) નાશ પામે છે એમ આપણે જોઈએ છીએ. તેથી નિરિન્ધન (ઇન્ધન રહિત) અગ્નિના ધ્વંસમાં, અને સુષુપ્તિની તરત જ પહેલાંની ક્ષણના જ્ઞાન આદિનો ધ્વંસ જે પ્રતિયોગીમાત્રથી જન્ય છે તેમાં આ નિયમનો વ્યભિચાર છે.

**શંકા :** ઇન્ધનરહિત અગ્નિના નાશમાં અન્ય કારણ નથી એવું નથી; કાળ, અદૃષ્ટ, ઈશ્વરેચ્છા આદિ અન્ય કારણ છે જ. વળી ધ્વંસ પ્રતિયોગીથી જ જન્ય હોય તો અતિપ્રસંગનો દોષ થશે તેથી બ્રહ્મજ્ઞાનના ધ્વંસમાં અન્ય કારણ બતાવવું જ જોઈએ.

**ઉત્તર :** અતિપ્રસંગની જ સિદ્ધિ નથી તેથી ધ્વંસ પ્રતિયોગીથી અતિરિક્ત કારણથી જન્ય છે એ નિયમ પ્રયોજક નથી. અતિપ્રસંગથી શું અભિપ્રેત છે?

(૧) બ્રહ્મજ્ઞાનનો ધ્વંસ પ્રતિયોગીથી અતિરિક્ત કારણથી જન્ય ન હોય તો ઘટાદિના ધ્વંસને પણ પ્રતિયોગી ઘટાદિથી અતિરિક્ત કારણની અપેક્ષા ન હોવી જોઈએ એ અતિપ્રસંગ અભિપ્રેત છે એમ કહેતા હો તો અમારો ઉત્તર છે કે અમે એમ કહેતા જ નથી કે ધ્વંસમાત્રમાં અન્ય કારણની અપેક્ષા નથી. અમે એટલું જ કહીએ છીએ કે એવા કેટલાક ધ્વંસ છે જેમાં પ્રતિયોગીથી અતિરિક્ત કારણની અપેક્ષા નથી. અને અમે ધ્વંસમાત્રમાં કારણાન્તરનિરપેક્ષતા ન માનતા હોઈએ છતાં ધ્વંસત્વ સમાન હોવાને કારણે ત્યાં એવી આપત્તિ આપવામાં આવતી હોય તો એ અપ્રયોજક છે. (૨) ઘટાદિના ધ્વંસના જેમ બ્રહ્મજ્ઞાનના ધ્વંસને પણ પ્રતિયોગીથી અતિરિક્ત કારણની અપેક્ષા હોવી જોઈએ, એ અતિપ્રસંગ અભિપ્રેત હોય તો ઘટધ્વંસના દૃષ્ટાન્તથી તો એમ પણ કહેવું પડે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કે ધ્વંસ હોવાને કારણે બ્રહ્મજ્ઞાનધ્વંસને ઘટધ્વંસની જેમ મુદ્‌ગરપાતની અપેક્ષા હોવી જોઈએ, જે સ્વીકાર્ય નથી (૩) બ્રહ્મજ્ઞાનના ધ્વંસની જેમ ઘટજ્ઞાન આદિના ધ્વંસને પણ અન્ય કારણની અપેક્ષા ન હોવી જોઈએ એ અતિપ્રસંગ અભિપ્રેત હોય તો એ પણ સ્વીકાર્ય નથી. ઇન્ધનયુક્ત અગ્નિના ધ્વંસને માટે જળાસિંચનની જરૂર પડે છે પણ ઇન્ધનરહિત અગ્નિના ધ્વંસને માટે અન્ય કારણની જરૂર નથી હોતી. જાગ્રત્કાલીન જ્ઞાનના ધ્વંસને માટે એ જ્ઞાનથી અતિરિક્ત કોઈ વિશેષ ગુણની અપેક્ષા હોય છે પણ સુષુપ્તિની પહેલાંના જ્ઞાનાદિ ગુણના ધ્વંસને માટે તેની જરૂર નથી હોતી કારણ કે એવા નાશક ગુણાન્તરની અપેક્ષા હોય તો તેનો નાશક થઈ શકે તેવા આત્માના ગુણાન્તરની કલ્પના કરવી પડે અને આમ સુષુપ્તિના ઉચ્છેદનો પ્રસંગ આવે. આમ મૂળ અજ્ઞાનના નિવર્તક નહીં એવા જ્ઞાનના ધ્વંસને માટે અન્ય કારણની અપેક્ષા હોય તો પણ મૂળ અજ્ઞાનના નિવર્તક એવા બ્રહ્મજ્ઞાનના ધ્વંસને માટે કારણાન્તરની અપેક્ષા ન માનીએ તો એ ઉપપન્ન છે, યુક્તિયુક્ત છે. (૪) ધ્વંસ માટે અન્ય કારણની અપેક્ષા ન હોય તો બ્રહ્મજ્ઞાનનો તેની ઉત્પત્તિની બીજી જ ક્ષણમાં નાશ થવો જોઈએ એ અતિપ્રસંગ અભિપ્રેત હોય તો એ અતિપ્રસંગ નથી, કારણ કે આ ઇષ્ટ જ છે.

સાધારણ કારણ જેવાં કે કાળ, અદૃષ્ટ વગેરેની જરૂર માનવામાં કારણનિરપેક્ષત્વના દૃષ્ટાન્તનો વિરોધ નથી કારણ કે નિરિન્ધન અગ્નિના ધ્વંસમાં પણ આ સાધારણ કારણ તો હોય જ છે. બ્રહ્મજ્ઞાનની ઉત્પત્તિ પછી સકલ પ્રપંચની નિવૃત્તિ થાય છે. તેમાં સાથોસાથ બ્રહ્મજ્ઞાનની નિવૃત્તિ પણ થાય જ છે કારણ કે બ્રહ્મમાં અધ્યસ્ત પ્રપંચમાં બ્રહ્મજ્ઞાનનો પણ સમાવેશ છે.

**શંકા** : પ્રથમ ક્ષણમાં બ્રહ્મજ્ઞાનનો જન્મ થાય છે, દ્વિતીય ક્ષણમાં સવિલાસ (કાર્યસહિત) અજ્ઞાનની નિવૃત્તિ થાય છે અને તૃતીય ક્ષણમાં બ્રહ્મજ્ઞાનની નિવૃત્તિ થાય છે એ ક્રમ હોય તો બ્રહ્મજ્ઞાનના નાશની પૂર્વ ક્ષણમાં કાળ, અદૃષ્ટ આદિનો અભાવ હોય તો કાળ આદિને બ્રહ્મજ્ઞાનના નાશના હેતુ કેવા રીતે માની શકાય ?

**ઉત્તર** : સર્વ પ્રપંચની નિવૃત્તિ બ્રહ્મજ્ઞાનથી થાય છે અને તે પછીની ક્ષણમાં એક માત્ર બાકી રહેલા બ્રહ્મજ્ઞાનની નિવૃત્તિ થાય છે એવું સ્વીકારવામાં નથી આવ્યું પણ એક સાથે સર્વનો બ્રહ્મજ્ઞાનથી નાશ થાય છે ત્યારે પૂર્વક્ષણમાં કાળ, અદૃષ્ટ અને એવાં બીજાં સાધારણ કારણ હોય જ છે. કાળ ચિત્ અને અવિદ્યાના સંબંધરૂપ છે (કેવલાદ્વૈતી વેદાન્તીના મતમાં); અથવા (પરમતમાં) દ્રવ્યાન્તર રૂપ છે (—વેદાન્તીના મતમાં ઈશ્વરને કાળ માને છે તે અભિપ્રાયથી પણ 'દ્રવ્યાન્તર' એમ કહ્યું હોય). અદૃષ્ટ ઈશ્વરના પ્રસાદરૂપ છે (—એમ સમજવું જોઈએ કે પુણ્યરૂપ અદૃષ્ટ ઈશ્વરના પ્રસાદરૂપ છે અને પાપ ઈશ્વરના કોપરૂપ છે); અથવા અદૃષ્ટ એ અન્તઃકરણનો ગુણવિશેષ છે (—કેવલાદ્વૈતી વેદાન્તીના મતમાં આત્મા નિર્ગુણ છે તેથી અદૃષ્ટ અન્તઃકરણનો ગુણ છે; ન્યાયવૈશેષિક પ્રમાણે અદૃષ્ટ આત્માનો ગુણ છે). 'અન્ય'થી ઈશ્વર, દિશા આદિ અભિપ્રેત છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

न च तत्र ज्ञानातिरिक्तकारणापेक्षणे ब्रह्मज्ञानस्यामिथ्यात्वप्रसङ्गः, ज्ञानैकनिवर्त्यत्वं मिथ्यात्वमित्यभ्युपगमादिति वाच्यम् । ज्ञानाघटित-सामग्र्यनिवर्त्यत्वे सति ज्ञाननिवर्त्यत्वस्य तदर्थत्वात् । 'नान्यः पन्थाः' (श्वेता. ६ १५) इति श्रुतेरपि तत्रैव तात्पर्यात् । अतो युक्त एव दग्धदाह्यदहनादिन्यायः ॥

અને એવી દલીલ કરવી નહિ કે "જ્ઞાનથી અતિરિક્ત કારણની અપેક્ષા રહેતી હોય તો બ્રહ્મજ્ઞાનનું અમિથ્યાત્વ પ્રસક્ત થશે કારણ કે મિથ્યા હોવું એટલે કેવળ જ્ઞાનથી નિવર્ત્ય હોવું એમ સ્વીકારવામાં આવ્યું છે." (આ દલીલ બરાબર નથી) કારણ કે જ્ઞાનથી અઘટિત સામગ્રીથી નિવર્ત્ય ન હોઈને જ્ઞાનથી નિવર્ત્ય હોવું એ તેનો (મિથ્યાત્વનો) અર્થ છે : 'બીજો માર્ગ નથી' (શ્વેતા. (૬.૧૫) એ શ્રુતિનું પણ એમાં જ તાત્પર્ય છે તેથી दग्धदाह्यदहनादिन्याय યુક્ત જ છે.

**વિવરણ** : શંકા થાય કે બ્રહ્મજ્ઞાનના ધ્વંસને જો અતિરિક્ત કારણ (કાળ આદિ) ની અપેક્ષા હોય તો બ્રહ્મજ્ઞાનને સત્ય માનવું પડે કારણ કે કેવળ જ્ઞાનથી નિવર્ત્ય હોવું અર્થાત્ જ્ઞાનથી અતિરિક્ત કારણથી નિવર્ત્ય ન હોઈને જ્ઞાનથી નિવર્ત્ય હોવું એ મિથ્યાત્વનું લક્ષણ છે જ્યારે જ્ઞાનથી સાધ્ય અજ્ઞાન-નિવૃત્તિમાં જ્ઞાનથી અતિરિક્ત પણ હેતુ છે.

**ઉત્તર** : મિથ્યાત્વ એટલે જ્ઞાનથી અઘટિત સામગ્રીથી નિવર્ત્ય ન હોઈને જ્ઞાનથી નિવર્ત્ય હોવું. પ્રપંચને સત્ય માનનાર મતમાં પણ ઘટાદિ જ્ઞાનનિવર્ત્ય છે કારણ કે 'હું નાશ કરું છે' ઇત્યાદિ જ્ઞાનપૂર્વક મુદ્ગરના પ્રહારાદિથી તેનો નાશ થતો જોવામાં આવે છે ઘટાદિને આ લક્ષણ લાગુ ન પડે માટે 'જ્ઞાનથી અઘટિત સામગ્રીથી નિવર્ત્ય ન હોઈને' એમ કહ્યું છે. ઘટાદિના નાશ જ્ઞાનપૂર્વક જ હોય એવો નિયમ નથી તેથી જ્ઞાનથી અઘટિત સામગ્રીથી નિવર્ત્ય પ્રકારના ઘટાદિમાં જ્ઞાનથી અઘટિત સામગ્રીથી અનિવર્ત્યત્વ નથી.

**શંકા** : પરમતમાં નાશમાત્ર ઈશ્વરજ્ઞાનઘટિત સામગ્રીથી સાધ્ય છે તેથી તેના જ્ઞાનને લઈને કાર્યમાત્રમાં જ્ઞાનથી અઘટિત સામગ્રીથી અનિવર્ત્ય હોઈને જ્ઞાનનિવર્ત્યત્વ છે તેથી આ મિથ્યાત્વનું નિર્વચન નથી.

**ઉત્તર** : મિથ્યાત્વના લક્ષણમાં 'જ્ઞાન' પદ જીવના જ્ઞાનપરક છે. 'આત્મા'માં અતિવ્યાપ્તિ ન થાય તેટલા માટે 'જ્ઞાનથી નિવર્ત્ય હોવું' એમ લક્ષણમાં કહ્યું છે.

**શંકા** : કાર્યમાત્રમાં કાળ, અદૃષ્ટ આદિ કારણ છે એમ અંગીકાર કરીને બ્રહ્મજ્ઞાનના ધ્વંસમાં પણ કાળ, અદૃષ્ટ આદિ કારણ છે એમ માનવામાં આવે તો મૂળ અજ્ઞાનના ધ્વંસરૂપ મોક્ષમાં પણ કાળ આદિ કારણ બને કારણ કે એ પણ સમાન રીતે કાર્ય છે. અને આ ઇષ્ટાપત્તિ નથી કારણ કે 'જ્ઞાન સિવાય મોક્ષનો બીજો માર્ગ નથી' (જ્ઞાન જ મોક્ષનું સાધન છે) એ શ્રુતિનો વિરોધ થાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉત્તર : આ શ્રુતિનું તાત્પર્ય એવું નથી કે જ્ઞાન જ મોક્ષનું સાધન છે. પણ તેનું તાત્પર્ય એવું છે કે મોક્ષનું જ્ઞાનથી અઘટિત કોઈ પણ સાધન નથી. તેથી શ્રુતિનો વિરોધ નથી. માટે दग्धदाह्यदहनादिन्याय યુક્ત જ છે.

केचित्तु वृत्तिरूपं ब्रह्मज्ञानं नाज्ञानतन्मूलप्रपञ्चनिवर्हकम्। अज्ञानस्य प्रकाशनिवर्त्यत्वनियमेन जडरूपवृत्तिनिवर्त्यत्वायोगात् । किं तु तदारूढ-चैतन्यप्रकाशस्तन्निवर्तकः। स्वरूपेण तस्याज्ञानादिसाक्षितया तदनिवर्तकत्वेऽ-प्यखण्डाकारवृत्त्युपारूढस्य तस्य तन्निवर्तकत्वोपपत्तेः ।

"तृणादेर्भासिकाऽप्येषा सूर्यदीप्तिस्तृणं दहेत् ।
सूर्यकान्तमुपारुह्य तन्न्यायं तत्र योजयेत् ॥" इत्यभियुक्तोक्तेः ।

एवं च यथा किञ्चित् काष्ठमुपारुह्य ग्रामनगरादिकं दहन् वह्निर्दहत्येव तदपि काष्ठम्, तथा चरमवृत्तिमुपारुह्य निखिलप्रपञ्चमुन्मूलयन्नखण्ड-चैतन्यप्रकाशस्तन्निवर्तनेऽपि प्रकल्पते इति न तन्नाशे काचिदनुपपत्ति-रित्याहुः ।

જ્યારે કેટલાક કહે છે કે વૃત્તિરૂપ બ્રહ્મજ્ઞાન અજ્ઞાન અને તે (અજ્ઞાન) જેનું મૂળ છે તે પ્રપંચનું નાશક નથી કારણ કે અજ્ઞાનની નિવૃત્તિ પ્રકાશથી થાય છે એવો નિયમ છે તેથી જડરૂપ વૃત્તિથી તેની નિવૃત્તિ થઈ શકે નહિ. પરંતુ તે (વૃત્તિ)માં આરૂઢ ચૈતન્યાત્મક પ્રકાશ તેનો નિવર્તક છે, કારણ કે તે અજ્ઞાનાદિનો સાક્ષી હોવાથી સ્વરૂપથી તેનો નિવર્તક ન હોવા છતાં પણ અખંડાકાર વૃત્તિમાં આરૂઢ તે તેનો નિવર્તક હોય એ ઉપપન્ન છે, કેમ કે

"તૃણ આદિને પ્રકાશિત કરનાર હોવા છતાં આ સૂર્ય-દીપ્તિ સૂર્યકાન્ત-(મણિ)માં આરૂઢ થઈને તૃણ આદિને બાળી શકે, તે જ ન્યાય ત્યાં પણ લગાડવો " એવી તજ્જ્ઞ વિદ્વાનની ઉક્તિ છે.

અને આમ જેમ કોઈ કાષ્ઠ(લાકડા)માં ઉપારૂઢ થઈને ગ્રામ, નગર આદિને બાળતો અગ્નિ તે કાષ્ઠને પણ બાળે જ છે. તેમ ચરમ વૃત્તિમાં આરૂઢ થઈને સકલ પ્રપંચનો ઉચ્છેદ કરતો અખંડ ચૈતન્યાત્મક પ્રકાશ તેની (ચરમવૃત્તિ)ની નિવૃત્તિ કરવામાં પણ સમર્થ છે તેથી તેના નાશમાં કોઈ જ અનુપપત્તિ નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિવરણ : વૃત્તિરૂપ બ્રહ્મજ્ઞાન જેમ અવિદ્યા આદિનું નાશક છે તેમ પોતાનું પણ નાશક છે એમ બતાવ્યું. હવે એવો મત રજૂ કરે છે કે વૃત્તિરૂપ બ્રહ્મજ્ઞાન અવિદ્યા આદિનું કે પોતાનું નાશક નથી. ચૈતન્ય અજ્ઞાન આદિનુ સાધક છે તેથી સ્વરૂપતઃ એ એનું નાશક ન હોઈ શકે, પણ વૃત્તિરૂપ બ્રહ્મજ્ઞાનમાં આરૂઢ થઈ ને તેનું નાશક બને છે. ચૈતન્ય સ્વરૂપથી અજ્ઞાન આદિનું પ્રકાશક છે તેમ છતાં વૃત્તિવિશેષથી સંસૃષ્ટ થઈને અજ્ઞાન આદિનું તે નાશક છે એમ નિશ્ચય કરવો જોઈએ. સાધક હોય તે કેવી રીતે ઘાતક બની શકે એવી અસંભાવનાથી પ્રમાણસિદ્ધ અર્થની ઉપેક્ષા કરવી જોઈએ નહિ.

શંકા થાય કે મણિમાં આરૂઢ સૂર્યદીપ્તિ મણિથી વ્યતિરિક્ત તૃણ આદિને બાળે છે, પણ મણિને બાળતી નથી તેમ વૃત્તિમાં આરૂઢ ચૈતન્ય વૃત્તિથી વ્યતિરિક્ત એવા અજ્ઞાનાદિનો નાશ કરી શકે, પણ વૃત્તિનો નાશ ન કરે. અને આમ હોય તો બ્રહ્મજ્ઞાનનો નાશ કેવી રીતે થાય કારણ કે બીજું નાશક છે નહિ.

આ શંકાનું સમાધાન એ છે કે વૃત્તિમાં આરૂઢ ચૈતન્ય નાશક છે તેમાં લોકમાં પ્રકાશ અને અન્ધકારનો જ નિવર્તક અને નિવર્ત્યનો સંબંધ જોઈએ છીએ તેથી વિરોધ નથી, અને પ્રકાશ પણ સહકારિવિશેષ પર આધાર રાખીને નાશક બને તેમાં વિરોધ નથી. તેથી એમ કહી શકાય કે અખંડ ચૈતન્યપ્રકાશ ચરમ વૃત્તિમાં આરૂઢ થઈ ને સકલ પ્રપંચનો અજ્ઞાનની સાથે નાશ કરતાં તે ચરમ વૃત્તિનો પણ નાશ કરે છે, જેમ કાષ્ઠમાં આરૂઢ અગ્નિ ગ્રામનગર આદિને બાળતો તે કાષ્ઠને પણ બાળે જ છે.

<u>अन्ये</u> तु ब्रह्मज्ञानमज्ञानस्यैव निवर्तकम्, ज्ञानाज्ञानयोरेव साक्षाद्विरोधात्। प्रपञ्चस्य तूपादाननाशान्नाश इति प्रपञ्चान्तर्गतस्य ब्रह्मज्ञानस्यापि तत एव नाशः। न च प्रपञ्चस्य ज्ञानानिवर्त्यत्वे मिथ्यात्वानुपपत्तिः। प्रपञ्चनिवृत्तेरसाक्षाद् ज्ञानजन्यत्वाभावेऽपि ज्ञानजन्याज्ञाननाशजन्यत्वात्। 'साक्षात् परम्परया वा ज्ञानैकनिवर्त्यत्वं मिथ्यात्वम्' इत्यङ्गीकारात्। एवं च तत्त्वसाक्षात्कारोदयेऽपि जीवन्मुक्तस्य देहादिप्रतिभास उपपद्यते। प्रारब्धकर्मणा प्रतिबन्धेन तत्त्वसाक्षात्कारोदयेऽपि प्रारब्धकर्मतत्कार्यदेहादिप्रतिभासानुवृत्त्योपादानाविद्यालेशानुवृत्त्युपपत्तेः। अज्ञानवत् प्रपञ्चस्यापि साक्षाद् ब्रह्मसाक्षात्कारनिवर्त्यत्वे नायमुपपद्यते। विरोधिनि ब्रह्मसाक्षात्कारे सति प्रारब्धकर्मणः स्वयमेवावस्थानासम्भवेनाविद्यालेशनिवृत्तिप्रतिबन्धकत्वायोगादित्याहुः॥

इति सिद्धान्तलेशसङ्ग्रहे तृतीयः परिच्छेदः समाप्तः।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્યારે બીજા કહે છે કે બ્રહ્મજ્ઞાન અજ્ઞાનનું જ નિવર્તક છે કારણ કે જ્ઞાન અને અજ્ઞાનનો જ સાક્ષાત્ વિરોધ છે. પ્રપંચનો તો ઉપાદાન (અજ્ઞાન) ના નાશથી નાશ થાય છે માટે પ્રપંચમાં જેનો સમાવેશ થાય છે તે બ્રહ્મજ્ઞાનનો પણ તેનાથી જ (ઉપાદાનનાશથી જ) નાશ થાય છે. અને પ્રપંચની નિવૃત્તિ જ્ઞાનથી ન થાય તો તેના મિથ્યાત્વની અનુપપત્તિ થશે (—તેને મિથ્યા નહીં માની શકાય—) એવું નથી, કારણ કે પ્રપંચની નિવૃત્તિ સાક્ષાત્ જ્ઞાનજન્ય ન હોવા છતાં જ્ઞાનથી જન્ય અજ્ઞાનનાશથી જન્ય છે, કેમ કે 'સાક્ષાત્ કે પરંપરાથી જ્ઞાનથી એકથી નિવર્ત્ય હોવું તે મિથ્યાત્વ' એમ સ્વીકારવામાં આવ્યું છે. અને આમ (અજ્ઞાનથી અતિરિક્ત જડનો જ્ઞાનની સાથે સાક્ષાત્ વિરોધ નથી ત્યારે) તત્ત્વસાક્ષાત્કારનો ઉદય હોવા છતાં જીવન્મુક્તને દેહાદિનો પ્રતિભાસ થાય એ ઉપપન્ન છે કારણ કે પ્રારબ્ધ કર્મથી પ્રતિબંધ થાય છે તેનાથી તત્ત્વસાક્ષાત્કારનો ઉદય થયો હોવા છતાં પ્રારબ્ધ કર્મ અને તેના કાર્ય દેહાદિપ્રતિભાસની અનુવૃત્તિથી ઉપાદાનભૂત અવિદ્યાલેશની અનુવૃત્તિ ઉપપન્ન બને છે. જો અજ્ઞાનની જેમ પ્રપંચની પણ બ્રહ્મસાક્ષાત્કારથી નિવૃત્તિ થઈ શકતી હોત તો આ (જીવન્મુક્તને દેહાદિપ્રતિભાસ થાય છે એ) ઉપપન્ન ન હોત, કારણ કે વિરોધી એવો બ્રહ્મસાક્ષાત્કાર હોય ત્યારે પ્રારબ્ધકર્મ પોતે જ રહી શકે નહિ તેથી અવિદ્યાલેશની નિવૃત્તિનું એ પ્રતિબંધક બની શકે નહિ (એમ આ ચિંતકો કહે છે).

**વિવરણ** : અજ્ઞાનનાશ એ જ બ્રહ્મજ્ઞાનના નાશનો હેતુ છે એ મત હવે રજૂ કરે છે. **પંચપાદિકામાં** કહ્યું છે : ज्ञानमज्ञानस्यैव निवर्तकम्', જ્ઞાન અજ્ઞાનનું જ નિવર્તક છે. વિરોધ હોવામાં સમાનવિષયત્વ આદિ જરૂરી છે તે અજ્ઞાનમાં જ સંભવે છે. મૂળ અજ્ઞાન જ કેવળ જ્ઞાનથી જ નિવર્ત્ય છે અને તેથી તે મિથ્યા સિદ્ધ થાય છે. મૂળ અજ્ઞાનથી અતિરિક્ત જડમાત્ર તેને અધીન હોવાથી પોતે સાક્ષાત્ જ્ઞાનથી નિવર્ત્ય નથી તેમ છતાં સકળ પ્રપંચનું મિથ્યાત્વ સિદ્ધ કરી શકાય છે કારણ કે જ્ઞાનથી ઉત્પન્ન થતા અજ્ઞાન–નાશથી પ્રપંચની નિવૃત્તિ થાય છે તેથી તે પરંપરયા જ્ઞાનનિવર્ત્ય છે.

શંકા થાય કે તત્ત્વસાક્ષાત્કારથી અજ્ઞાનનો નાશ થતાં ઉપાદાનના અભાવમાં દેહાદિ રહી શકે નહિ તો વિદ્યાનો ઉદય હોવા છતાં દેહાદિનો પ્રતિભાસ કેવી રીતે હોઈ શકે. આનું સમાધાન એ છે કે સાક્ષાત્કારનો ઉદય થતાં અજ્ઞાનનિવૃત્તિની પ્રસક્તિ થાય છે પણ પ્રારબ્ધ-કર્મકૃત પ્રતિબંધને કારણે અજ્ઞાનલેશની નિવૃત્તિ સંભવતી નથી. આમ અવિદ્યાલેશની અનુવૃત્તિ હોય ત્યારે તત્ત્વજ્ઞાન પછી પણ પ્રારબ્ધકર્મ અને તેના કાર્ય દેહાદિપ્રતિભાસની પણ અનુવૃત્તિ ઉપપન્ન બને છે, કારણ કે દેહાદિના ઉપાદાનભૂત અવિદ્યાલેશની અનુવૃત્તિ છે. પૂર્વમાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે મત રજૂ કર્યો તેમાં જીવન્મુક્તિની સિદ્ધિ થતી નથી કારણ કે અજ્ઞાનની જેમ પ્રપંચની પણ સાક્ષાત્ બ્રહ્મસાક્ષાત્કારથી જ નિવૃત્તિ થતી હોય તો જીવન્મુક્તને દેહાદિ-પ્રતિભાસ ન થવો જોઈએ કારણ કે સાક્ષાત્કાર જેમ અજ્ઞાનનો વિરોધી છે તેમ પ્રારબ્ધકર્મનો પણ વિરોધી છે તેથી તે રહી શકે નહિ અને અવિદ્યાલેશની નિવૃત્તિમાં પ્રતિબંધક બની શકે નહિ. માટે બ્રહ્મજ્ઞાનથી અજ્ઞાનનો જ નાશ થાય છે અને અજ્ઞાનનાશને લીધે અજ્ઞાનના કાર્યભૂત પ્રપંચનો નાશ થાય છે એમ જ માનવું જોઈએ એમ આ ચિંતકો કહે છે.

સિદ્ધાન્તલેશસંગ્રહના ભાષાનુવાદનો તૃતીય પરિચ્છેદ સમાપ્ત.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ચતુર્થ પરિચ્છેદ

**अथ कोऽयमविद्यालेशः यदनुवृत्त्या जीवन्मुक्तिः ।**

**आवरणविक्षेपशक्तिमत्या मूलाविद्यायाः प्रारब्धकर्मवर्तमानदेहाद्यनुवृत्ति-प्रयोजको विक्षेपशक्त्यंश इति केचित् ।**

**क्षालितलशुनभाण्डानुवृत्तलशुनवासनाकल्पोऽविद्यासंस्कार इत्यन्ये ।**

**दग्धपटन्यायेनानुवृत्ता मूलाविद्येवेत्यपरे ।**

**सर्वज्ञात्मगुरवस्तु—विरोधिसाक्षात्कारोदये लेशतोऽप्यविद्यानुवृत्त्य-सम्भवाज् जीवन्मुक्तिशास्त्रं श्रवणादिविध्यर्थवादमात्रम् । शास्त्रस्य जीवन्मुक्तिप्रतिपादने प्रयोजनाभावात् । अतः कृतनिदिध्यासनस्य ब्रह्म-साक्षात्कारोदयमात्रेण सविलासवासनाऽविद्यानिवृत्तिरित्यपि कञ्चित् पक्षमाहुः ॥१॥**

હવે પ્રશ્ન થાય કે શો છે આ અવિદ્યાલેશ જેની અનુવૃત્તિથી જીવન્મુક્તિ (સંભવે) છે.

કેટલાક કહે છે કે આવરણશક્તિ અને વિક્ષેપશક્તિવાળી મૂળ અવિદ્યાનો પ્રારબ્ધકર્મ અને વર્તમાન દેહાદિની અનુવૃત્તિમાં પ્રયોજક એવો વિક્ષેપશક્તિ-અંશ (તે અવિદ્યાલેશ).

**બીજા** કહે છે ધોયેલા લસણના વાસણમાં અનુવૃત્ત લસણની વાસનાના જેવો અવિદ્યાનો સંસ્કાર (તે અવિદ્યાલેશ).

**બીજા** કહે છે કે તે દગ્ધપટન્યાયથી અનુવૃત્ત મૂળ અવિદ્યા જ છે.

જ્યારે **સર્વજ્ઞાત્મગુરુ** એવો પણ કોઈક પક્ષ રજૂ કરે છે કે (અવિદ્યાના) વિરોધી સાક્ષાત્કારનો ઉદય થતાં અવિદ્યાની લેશતઃ પણ અનુવૃત્તિ સંભવતી **નથી** માટે જીવન્મુક્તિનું (પ્રતિપાદન કરનાર) શાસ્ત્ર શ્રવણ આદિ વિષયક વિધિના માત્ર અર્થવાદરૂપ છે (—તેની પ્રશંસા કરનારું છે), કારણ કે જીવન્મુક્તિના પ્રતિપાદનમાં શાસ્ત્રનું કોઈ પ્રયોજન **નથી** તેથી જેણે નિદિધ્યાસન કર્યું છે તેવાની બાબતમાં બ્રહ્મસાક્ષાત્કારના ઉદય **માત્રથી** વિલાસ (કાર્ય) અને વાસના સહિત અવિદ્યાની નિવૃત્તિ થાય છે. (૧)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ :** ત્રીજા પરિચ્છેદમાં બ્રહ્મજ્ઞાનરૂપ મુક્તિસાધનની વિસ્તૃત ચર્ચા કરી છે. હવે તેના ફલરૂપ મુક્તિનું નિરૂપણ કરવામાં આવે છે અથ શબ્દનો અર્થ 'સાધનનિરૂપણપરક ત્રીજા પરિચ્છેદની અનન્તર (તરત જ પછી) ફળનિરૂપણપરક ચોથો પરિચ્છેદ' એમ થાય છે. લેશ એટલે અવયવ. પણ અનાદિ અવિદ્યાનો તો અવયવ શક્ય નથી, કારણ કે જે અવયવોવાળું હોય તે કાર્યરૂપ હોય જ, અર્થાત્ સાદિ હોય જ. તેથી અવિદ્યાનો લેશ સંભવતો નથી એમ કઃ શબ્દ સૂચવે છે. આ શંકાનું સમાધાન કરવા માટે 'લેશ' શબ્દના અર્થ અંગે જુદા જુદા મત રજૂ કર્યા છે કારણ કે અવિદ્યા અનાદિ તો છે જ.

(૧) અવિદ્યા બે શક્તિથી યુક્ત છે—આવરણશક્તિ અને વિક્ષેપ શક્તિ. વૃત્તિરૂપ આત્મ-સાક્ષાત્કારથી આવરણ શક્તિનો નાશ થાય છે. હવે જે વિક્ષેપશક્તિવાળી અવિદ્યા છે તેનું, પ્રારબ્ધકર્મરૂપ પ્રતિબંધકનો ક્ષય થતાં અગાઉ જ જેનું આવરણ નાશ પામ્યું છે તે અનાવૃત અવસ્થામાં રહેલું ચૈતન્ય (પ્રતિબંધ જનો રહે એ કાળમાં) નાશક બને છે એમ માનવામાં આવે છે. આમ તત્ત્વજ્ઞાનથી વિક્ષેપશક્તિયુક્ત અવિદ્યારૂપ અવિદ્યાલેશની નિવૃત્તિ ન થતી હોય તો પાછળથી તેનો નાશ કરનાર કોણ એ શંકાને અવકાશ નથી. અવિદ્યાલેશ એટલે વિક્ષેપશક્તિવાળી અવિદ્યા.

(૨) તત્ત્વજ્ઞાનથી અન્તઃકરણ આદિની ઉપાદાનભૂત અવિદ્યાની નિવૃત્તિ થાય તો પણ અવિદ્યાથી જન્ય કોઈ વાસનાવિશેષ રહે છે જે દેહાદિના ટકી રહેવામાં પ્રયોજક છે. એવી શંકા કરવી ન જોઈએ કે ઉપાદાનનો નાશ થઈ ગયો હોય તો કાર્ય કેવી રીતે રહી શકે, આ શંકા યુક્ત નથી કારણ કે ન્યાય-વૈશેષિક મતમાં ઘટાદિના નાશની ક્ષણમાં પટનાં રૂપ આદિની સ્થિતિ માનવામાં આવે છે, તેમ કેવલાદ્વૈતી વેદાન્તી પણ ઉપાદાનભૂત અવિદ્યાનો નાશ થાય તો પણ કાર્યભૂત વાસનાવિશેષની સ્થિતિ માની શકે. એવી દલીલ કરવી નહિ કે સમવાયિકારણના નાશરૂપ જે (પટરૂપાદિની અનવસ્થિતિનું) કારણ છે તેની પ્રતીક્ષામાં રૂપ આદિ ઉપાદાનના અભાવના કાળમાં પણ રહતા હોય તો એ ઉપપન્ન છે. આ દલીલ બરાબર નથી કારણ કે તેમ હોય તો પ્રકૃતમાં પણ તત્ત્વજ્ઞાનથી થતો દેહાદિની ઉપાદાનભૂત અવિદ્યાનો નાશ જે દેહાદિના નાશનું કારણ છે તે પ્રારબ્ધકર્મથી પ્રતિબદ્ધ હોવાથી પ્રતિબંધકરહિત અવિદ્યાનાશની પ્રતીક્ષાના કારણે દેહાદિની સ્થિતિ ઉપપન્ન છે. પ્રારબ્ધ કર્મના પ્રતિબંધકત્વ બાબતમાં જીવન્મુક્તિ પ્રતિપાદક શાસ્ત્ર અને તત્ત્વવિદોનો અનુભવ આદિ પ્રમાણ છે જ્યારે ન્યાય-વૈશેષિક મત માટે આવો કોઈ પુરાવો નથી કારણ કે પટ અને તેનાં રૂપાદિનો એક સાથે નાશ જોવામાં આવે છે. વિદ્યારણ્ય મુનિએ કહ્યું છે :

विना क्षोदक्षमं मानं तैर्वृथा परिकल्प्यते ।
श्रुतियुक्त्यनुभूतिभ्यो वदतां किं नु दुःशकम् ॥ (चित्रदीप, ५६)

(તેઓ નક્કર પ્રમાણ વિના વૃથા કલ્પના કરે છે, જ્યારે શ્રુતિ યુક્તિ અને અનુભૂતિ અનુસાર કહેનારાઓ માટે શું અશક્ય છે ?).

અવિદ્યાલેશ એટલે અવિદ્યાસંસ્કાર—લસણ મૂક્યું હોય તે વાસણ ધોઈ નાખ્યા પછી પણ લસણની વાસ આવે છે તેના જેવું આ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૩) તત્ત્વજ્ઞાનથી બાધિત થઈ ગયેલી અને કોઈ ખૂબ અસરકારક કાર્ય કરવા માટે અસમર્થ બનાવી દેવામાં આવેલી અવિદ્યા પોતે જ અવિદ્યાલેશ. કુ બળી જાય પછી પણ તેનો આકાર પૂર્વવત્ રહે છે પણ તેનાથી કોઈ કામ થઈ શકતું નથી તેવી હાલત અવિદ્યાની થાય ત્યારે તેને અવિદ્યાલેશ કહે છે.

(૪) સર્વજ્ઞાત્મમુનિએ એવો પણ એક મત રજૂ કર્યો છે કે જીવન્મુક્તિ છે જ નહિ તેથી જે શંકા કરી કે અવિદ્યાલેશ શો પદાર્થ છે જેની અનુવૃત્તિથી જીવન્મુક્તિ શક્ય બને છે એ શંકા ઇષ્ટાપત્તિરૂપ જ છે. तस्य तावदेव चिरम् (છા. ૬.૧૪૨) ઇત્યાદિ જીવન્મુક્તિ અંગેનું શાસ્ત્ર છે તે તો श्रोतव्यः વગેરે વિધિથી વિહિત શ્રવણાદિની પ્રશંસા કરવા માટે છે — શ્રવણ આદિ પ્રશસ્ત છે, જેના અનુષ્ઠાનથી જીવતા માણસને પણ મુક્તિ પ્રાપ્ત થાય છે. આ જીવન્મુક્તિ વિષયક વાક્યો સ્વાર્થપરક ન લઈ શકાય કારણ કે શાસ્ત્ર નિષ્ફળ અર્થનું પ્રતિપાદન કરે નહિ. બ્રહ્મસાક્ષાત્કારના ઉદય માત્રથી કાર્ય અને વાસના સહિત અવિદ્યાનો નાશ થઈ જાય છે.

જુઓ—संक्षेपशारीरक ૪.૩૮-૩૯ :

सम्यग्ज्ञानविभावसुः सकलमेवाज्ञानतत्सम्भवं
सद्यो वस्तुबलप्रवर्तनमहद्व्यापारसन्दीपितः ।
निर्लेपेन हि दन्दहीति न मनागप्यस्य रूपान्तरम् ।
संसारस्य शिनष्टि तेन विदुषः सद्यो विमुक्तिर्ध्रुवा ।।३८।।
जीवन्मुक्तिप्रत्ययं शास्त्रजातं जीवन्मुक्ते कल्पिते योजनीयम्
तावन्मात्रेणार्थवत्त्वोपपत्तेः सद्योमुक्तिः सम्यगेतस्य हेतोः ।।३९।।

તેમ છતાં રજ્જુ આદિના સાચા જ્ઞાનથી સર્પાદિ અધ્યાસનો તેના મૂળ સાથે નાશ થયો હોય તો ય સર્પાદિના અધ્યાસના સંસ્કારને લીધે કેટલાક સમય સુધી ભય, કંપ આદિ ચાલુ રહેતાં જોવામાં આવે છે તેથી, અને તત્ત્વજ્ઞાનને અવિદ્યા આદિના સંસ્કાર સાથે વિરોધ ન હોવાથી મૂળ અવિદ્યા આદિના અધ્યાસથી ઉત્પન્ન થયેલા સંસ્કારને લીધે દેહાદિની અનુવૃત્તિ હોવાથી જીવન્મુક્તિ હોય તો તેમાં કોઈ અનુપપત્તિ નથી—માટે એવો 'પણ' એક મત રજૂ કર્યો છે એમ કહ્યું છે. (૧)

## (२) अथ केयमविद्यानिवृत्तिः ?

आत्मैवेति ब्रह्मसिद्धिकाराः । न च तस्य नित्यसिद्धत्वाद् ज्ञान-वैयर्थ्यम् । असति ज्ञानेऽनर्थहेत्वविद्याया विद्यमानतया अनर्थमपि तिष्ठेदिति तदन्वेषणात् । 'यस्मिन् सत्यग्रिमक्षणे यस्य सत्त्वम्, यद्व्यतिरेके चाभावः तत् तत्साध्यम्' इति लक्षणानुरोधेनात्मरूपाया अप्यविद्यानिवृत्तेः ज्ञान-साध्यत्वाच्च । ज्ञाने सत्यग्रिमक्षणे आत्मरूपाविद्यानिवृत्तिसत्त्वम्, तद्व्यति-रेके तत्प्रतियोग्यविद्यारूपस्तदभाव इति उक्तलक्षणसत्त्वात् ।



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હવે પ્રશ્ન થાય કે અવિદ્યાનિવૃત્તિ શી વસ્તુ છે?

બ્રહ્મસિદ્ધિના કર્તા કહે છે કે એ આત્મા જ છે.

અને તે (અવિદ્યાનિવૃત્તિરૂપ આત્મા) નિત્યસિદ્ધ હોવાથી જ્ઞાન નિરર્થક છે એવું નથી; કારણ કે જ્ઞાન ન હોય તો અનર્થની હેતુભૂત અવિદ્યા વિદ્યમાન હોવાથી અનર્થ પણ રહે માટે (અનર્થનિવૃત્તિને માટે) તેનું (જ્ઞાનનું) અન્વેષણ (ઉપપન્ન છે); અને 'જે રહેતાં પછીની ક્ષણમાં જેની સત્તા હોય, અને જેના અભાવમાં જેનો અભાવ હોય તે તેનાથી સાધ્ય છે' એ લક્ષણ પ્રમાણે અવિદ્યા-નિવૃત્તિ આત્મરૂપ હોવા છતાં પણ તે જ્ઞાનથી સાધ્ય છે; કારણ કે જ્ઞાન હોતાં પછીની ક્ષણમાં આત્મરૂપ અવિદ્યા-નિવૃત્તિનું અસ્તિત્વ હોય છે, અને તેના અભાવમાં તે (અવિદ્યા-નિવૃત્તિ) જેની પ્રતિયોગી છે એવો અવિદ્યારૂપ તેનો (અવિદ્યનિવૃત્તિનો) અભાવ હોય છે એ ઉક્ત લક્ષણ (લાગુ પડે) છે. (આમ આત્મરૂપ હોવા છતાં અવિદ્યાનિવૃત્તિ જ્ઞાનસાધ્ય છે).

(વિવરણ : પ્રશ્ન થાય કે જેની ચર્ચા ચાલે છે એ અવિદ્યાનિવૃત્તિ શી વસ્તુ છે? એ આત્મસ્વરૂપ છે કે અતિરિક્ત છે જો આત્મસ્વરૂપ હોય તો એ સાધ્ય ન હોઈ શકે અને આત્માથી અતિરિક્ત હોય તો તે હોય તો દ્વૈત માનવું પડે, અને ન હોય તો સાધ્ય જ હોઈ શકે નહિ. આનું સમાધાન કરતાં બ્રહ્મસિદ્ધિકાર મંડનમિશ્ર કહે છે કે અવિદ્યાનિવૃત્તિ આત્મસ્વરૂપ જ છે, અતિરિક્ત નહીં, કારણ કે અતિરિક્ત હોય તો ઉક્ત દોષ માનવા પડે.

શંકા થાય કે આત્મા જ અવિદ્યાનિવૃત્તિરૂપ હોય તો તત્ત્વજ્ઞાન વ્યર્થ બની જાય. આની સામે પ્રશ્ન પૂછી શકાય કે તત્ત્વજ્ઞાનને વ્યર્થ કહો છો ત્યારે શું વિવક્ષિત છે? જ્ઞાનસંપાદનનું પ્રયોજન નથી માટે તેનું વ્યર્થત્વ વિવક્ષિત છે? કે અવિદ્યાનિવૃત્તિ આત્મ-સ્વરૂપ હોય તો તે અનાદિ હોવાથી જ્ઞાન વિના પણ સિદ્ધ હોય તેથી તે જ્ઞાનસાધ્ય હોઈ શકે નહિ માટે જ્ઞાન વ્યર્થ છે એમ વિવક્ષિત છે? પહેલો વિકલ્પ બરાબર નથી કારણ કે જ્ઞાન ન હોય તો અનર્થની હેતુભૂત અવિદ્યા વિદ્યમાન રહેવાથી અનર્થ પણ ટકી રહે તેથી અનર્થની નિવૃત્તિને માટે જ્ઞાનનું અન્વેષણ અર્થાત્ જ્ઞાનનાં સાધનનું અનુષ્ઠાન ઉપપન્ન છે.

અવિદ્યાનિવૃત્તિ જો આત્મરૂપ જ હોય તો તે અનાદિ હોવાથી જ્ઞાનસાધ્ય હોઈ શકે નહિ એમ કહેવું પણ બરાબર નથી. સાધ્યનું લક્ષણ દ્વિવિધ છે—એક સાદિ પદાર્થમાત્રને સાધારણ જન્યત્વરૂપ; જ્યારે બીજું લક્ષણ સાદિ અને અનાદિ પદાર્થોને સાધારણ છે—જે હોતાં પછીની ક્ષણમાં જેનું અસ્તિત્વ હોય અને જે ન હોતાં જે ન હોય તે તેનું સાધ્ય છે. આ બીજું લક્ષણ આત્મસ્વરૂપ અવિદ્યાનિવૃત્તિમાં સંભવે છે. દા.ત. પ્રાયશ્ચિત્ત હોય તો પછીની ક્ષણમાં દુઃખ-પ્રાગભાવ હોય છે, અને પ્રાયશ્ચિત્તના અભાવમાં દુઃખનો જ ઉદય હોવાથી પછીની ક્ષણમાં દુઃખ-પ્રાગભાવનો પણ અભાવ હોય છે તેથી દુઃખપ્રાગભાવ અનાદિ હોવા છતાં દુઃખનાં સાધનભૂત પાપનો ધ્વંસ જે સાદિ છે તેની જેમ તે પ્રાયશ્ચિતથી સાધ્ય છે. આમ અવિદ્યાનિવૃત્તિ અનાદિ હોવા છતાં આ બીજા લક્ષણ અનુસાર જ્ઞાનસાધ્ય છે, જ્ઞાનના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અભાવમાં આત્મરૂપ અવિદ્યાનિવૃત્તિનો જ અભાવ હોય છે એ પ્રકારથી આત્મરૂપ અવિદ્યાનિવૃત્તિમાં જ્ઞાનસાધ્યત્વરૂપ લક્ષણ છે.

શંકા થાય કે અવિદ્યાનિવૃત્તિ આત્મરૂપ હોય તો આત્માં અનન્ત હોવાથી વસ્તુતઃ તેનો અભાવ જ નથી તો પછી અવિદ્યાનિવૃત્તિનો અભાવ કેવી રીતે હોઈ શકે? આ શંકાનું સમાધાન એ છે કે નિર્વિશેષ ચૈતન્યનો વાસ્તવમાં અભાવ ન હોવા છતાં 'તેવું ચૈતન્ય નથી જ' એમ ભ્રાન્તિસિદ્ધ તેનો કોઈ અભાવ છે, અને એ અવિદ્યા જ છે, કારણ કે ચૈતન્ય જેનું પ્રતિયોગી છે એવો જે કલ્પિત અભાવ તે અવિદ્યાથી અતિરિક્ત છે એમ માનવા માટે કોઈ પ્રમાણ નથી.

શંકા થાય કે લોકમાં ઘટાદિ ભાવ પદાર્થ અભાવ જેનો પ્રતિયોગી છે એવા અભાવરૂપ જ છે એમ આપણે જોઈએ છીએ (ઘટ=ઘટાભાવાભાવ); ઘટાદિને ભાવ પદાર્થ જેનો પ્રતિયોગી છે એવા અભાવરૂપ આપણે નથી જોતા. આમ અવિદ્યા જે ભાવરૂપ છે તે ચૈતન્ય જેનું પ્રતિયોગી છે એવા અભાવરૂપ કેવી રીતે હોઈ શકે? આ શંકાનું સમાધાન એ છે કે અવિદ્યાનિવૃત્તિનો અભાવ આત્મરૂપ અવિદ્યાનિવૃત્તિ જેની પ્રતિયોગી છે એ અવિદ્યારૂપ છે. કહેવાનો આશય છે કે ચૈતન્ય પોતામાં અધ્યસ્ત અવિદ્યા પ્રતિ અભાવરૂપ હોવાથી, અવિદ્યા પોતાના અભાવરૂપ ચૈતન્ય જેનું પ્રતિયોગી છે તેવા અભાવરૂપ હોઈ શકે.

**आत्मान्यैवाविद्यानिवृत्तिः । सा च न सती अद्वैतहानेः । नाप्यसती, ज्ञानसाध्यत्वायोगात् । नापि सदसद्रूपा विरोधात् । नाप्यनिर्वाच्या, अनिर्वाच्यस्य सादेरज्ञानोपादनकत्वनियमने मुक्तावपि तदुपादानाज्ञानानुवृत्त्यापत्तेः, ज्ञाननिवर्त्यत्वापत्तेश्च । किं तु उक्तप्रकारचतुष्टयोत्तीर्णा पञ्चमप्रकारेत्यानन्दबोधाचार्याः ।**

અવિદ્યા-નિવૃત્તિ આત્માથી ભિન્ન જ છે. એ સત્ નથી, કારણ કે સત્ હોય તો અદ્વૈતની હાનિ થાય. એ અસત્ પણ નથી કારણ કે અસત્ હોય તો જ્ઞાનથી સાધ્ય ન હોઈ શકે. સત્-અસત્ રૂપ પણ નથી કારણ કે (સત્ત્વ અને અસત્ત્વનો) વિરોધ છે (તેથી એકમાં હોઈ ન શકે) (અવિદ્યાનિવૃત્તિ) અનિર્વચનીય પણ નથી, કેમકે અનિર્વચનીય સાદિ પદાર્થનું અજ્ઞાનરૂપ ઉપાદાન કારણ હોય છે એવો નિયમ હોવાથી મુક્તિમાં પણ તેના (અવિદ્યાનિવૃત્તિના) ઉપાદાન કારણ અજ્ઞાનની અનુવૃત્તિ પ્રસક્ત થશે; અને જ્ઞાનનિવર્ત્યત્વ પ્રસક્ત થશે. પરંતુ ઉક્ત ચાર પ્રકારથી તે પર એવા પાંચમા પ્રકારની છે એમ આનન્દબોધાચાર્ય કહે છે.

વિવરણ : અવિદ્યાનિવૃત્તિ આત્માથી ભિન્ન પદાર્થ છે એમ બે રીતે સિદ્ધ કર્યું છે. આનન્દબોધાચાર્યના મતે અવિદ્યાનિવૃત્તિ સત્, અસત્, સત્-અસત્ કે અનિર્વાચ્ય નથી પણ આ ચારથી વિલક્ષણ એવા પાંચમા પ્રકારની છે. જો અવિદ્યાનિવૃત્તિ અનિર્વચનીય હોય તો અજ્ઞાન તેનું ઉપાદાન કારણ હોવું જોઈએ અને એમ હોય તો મુક્તિમાં પણ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અજ્ઞાનની અનુવૃત્તિ માનવી પડશે તેથી અનિર્મોક્ષની પ્રસક્તિ થશે. વળી મુક્તિકાળમાં ચાલુ રહેતી અવિદ્યાનિવૃત્તિના અનિર્વાચ્યત્વરૂપ મિથ્યાત્વના નિર્વાહ માટે તેને જ્ઞાનનિવર્ત્ય માનવી પડશે, કારણ કે જે મિથ્યા હોય તે જ્ઞાનથી એકથી જ નિવર્ત્ય છે એમ સ્વીકારવામાં આવે છે. અને મુક્તિકાળમાં તેની નિવૃત્તિ કરી શકે એવું જ્ઞાન સંભવતું નથી કારણ કે સામગ્રીનો અભાવ છે. તેથી અવિદ્યાનિવૃત્તિ અનિર્વાચ્ય નથી. આમ સત્, અસત્, સત્-અસત્, અનિર્વાચ્ય એ ચારથી વિલક્ષણ પ્રકારની અવિદ્યા નિવૃત્તિ હોવી જોઈએ. શંકા થાય કે આવો કોઈ બીજો પ્રકાર પ્રસિદ્ધ નથી તો પછી એમ જ માની લો કે અવિદ્યાનિવૃત્તિ જ નથી. આ શંકાનું સમાધાન એ છે કે મોક્ષશાસ્ત્રના પ્રામાણ્યથી આવો કોઈ પાંચમો પ્રકાર પ્રસિદ્ધ ન હોવા છતાં માનવો જોઈએ, આમ આનંદબોધાચાર્યના મત પ્રમાણે અવિદ્યાનિવૃત્તિ આત્માથી અન્ય છે અને સત્, અસત્, સત્-અસત્ અને અનિર્વચનીય એ ચારથી વિલક્ષણ પ્રકારની છે.

જુઓ આનંદબોધાચાર્યકૃત न्यायमकरन्द (पृ. ३५२) —
(चौखम्भा—मुद्रित)—

नन्वविद्याक्षतेः सत्त्वे सद्वितीयत्वमात्मनः ।
मिथ्याभावे त्वनिर्मोक्षो मूलाविद्याऽव्यवस्थितेः ।

उक्तमेवदविद्यास्तमयो मोक्ष इति । तत्रैतद्विचार्यते—स किं सत्यो मिथ्या वेति...
अतः कथमविद्याव्यावृत्तिर्मोक्षः इति ।

न सन्नासन्न सदसन्नानिर्वाच्योऽपि तत्क्षयः ।
यस्मात्तस्मादयं पञ्चप्रकारो हि कलिरित्याचार्या व्यचीचरन् ॥

વિમુક્તાત્મન્ (ઇષ્ટસિદ્ધિના કર્તા)નો પ્રભાવ આનંદબોધ પર હતો કારણ કે વિમુક્તાત્મન્ આનંદબોધના ગુરુ હતા.

अविद्यावत्तन्निवृत्तिरप्यनिर्वाच्यैव । न च तदनुवृत्तौ तदुपादानाज्ञानस्याप्यनुवृत्तिनियमाद् अनिर्मोक्षप्रसङ्गः । तदनुवृत्तौ प्रमाणाभावात् । उत्पत्तेः प्रथमसमयमात्रसंसर्गिभावविकारत्ववद् निवृत्तेरपि चरमसमयमात्रसंसर्गिभावविकारत्वोपपत्तेः । अत एव यथा पूर्वं पश्चाच्च 'उत्पत्स्यते, उत्पन्नः' इति भाविभूतभावेन व्यवह्रियमाणाया उत्पत्तेः प्रथमसमयमात्रे 'उत्पद्यते' इति वर्तमानव्यवहारः, तथा पूर्वं पश्चाच्च 'निवर्तिष्यते, निवृत्तः' इति भाविभूतभावेन व्यवह्रियमाणाया निवृत्तेश्चरमसमयमात्रे 'निवर्तते, नश्यति, ध्वंसते' इति वर्तमानव्यपदेशः । निवृत्तेरनुवृत्तौ तु चिरस्नकलितेऽपि घटे 'इदानीं निवर्तते' इत्यादिव्यवहारः स्यात् । आख्यातानां प्रकृत्यर्थगतवर्तमानत्वाद्यर्थाभिधायित्वात् ।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(અદ્વૈતવિદ્યાચાર્યનો મત—) અવિદ્યાની જેમ તેની નિવૃત્તિ પણ અનિર્વચનીય જ છે અને તેની અનુવૃત્તિ હોય તો તેના ઉપાદાનભૂત અજ્ઞાનની અનુવૃત્તિનો નિયમ હોવાથી અનિર્મોક્ષની પ્રસક્તિ થશે એમ માની શકાય નહિ, કારણ કે તેની અનુવૃત્તિમાં પ્રમાણ નથી; કેમ કે (ઘટાદિની) ઉત્પત્તિ જેમ પ્રથમ ક્ષણ માત્રમાં સંસર્ગ ધરાવનાર ભાવ-વિકાર છે તેમ નિવૃત્તિ પણ અન્તિમ ક્ષણ માત્રમાં સંસર્ગ ધરાવનાર ભાવ-વિકાર હોય એ ઉપપન્ન છે. તેથી જ જેમ (ઉત્પત્તિની) પહેલાં અને પછી 'ઉત્પન્ન થશે,' અને 'ઉત્પન્ન થયા' એમ ભાવી અને ભૂતરૂપથી જેનો વ્યવહાર કરવામાં આવે છે તે ઉત્પત્તિનો કેવળ પ્રથમ ક્ષણમાં 'ઉત્પન્ન થાય છે' એમ વર્તમાન વ્યવહાર થાય છે, તેમ પહેલાં અને પછી 'નિવૃત્ત થશે' અને 'નિવૃત્ત થયો' એમ ભાવી અને ભૂતરૂપથી જેનો વ્યવહાર કરવામાં આવે છે તે નિવૃત્તિનો કેવળ અન્તિમ ક્ષણમાં 'નિવૃત્ત થાય છે,' 'નાશ પામે છે,' 'ધ્વંસ પામે છે' એવો વર્તમાન વ્યવહાર છે (તેથી નિવૃત્તિ પણ ક્ષણિક છે એમ સિદ્ધ થાય છે). બીજી બાજુએ જો નિવૃત્તિની અનુવૃત્તિ હોય તો લાંબા સમયથી ટુકડા કરી નાખવામાં આવેલા ઘડાની બાબતમાં પણ 'હમણાં નિવૃત્ત પામે છે' ઇત્યાદિ વ્યવહાર થવો જોઈએ કારણ કે આખ્યાતો (ક્રિયાપદ) પ્રકૃતિ-અર્થ(ધાત્વર્થ)માં રહેલા વર્તમાનત્વ આદિ અર્થનાં વાચક છે.

**વિવરણ :** અવિદ્યા–નિવૃત્તિ આત્માથી અન્ય પદાર્થ છે એ પક્ષમાં બાજો મત રજૂ કરે છે. અવિદ્યાની જેમ અવિદ્યા–નિવૃત્તિ પણ અનિર્વચનીય છે મુક્તિ અવસ્થામાં અવિદ્યા–નિવૃત્તિ ચાલુ રહેશે અને અનિર્મોક્ષ પ્રસક્ત થશે એમ માનવાની જરૂર નથી. ઘટાદિ પદાર્થોની ઉત્પત્તિ કેવળ પ્રથમ ક્ષણમાં સંબંધ ધરાવનાર ભાવરૂપ વિકાર માનવામાં આવે છે, અભાવરૂપ નહિ. તેમ જેને નિવૃત્તિ કહી છે એ નાશ પણ ઘટાદિ પદાર્થોનો અન્તિમ ક્ષણમાં જ સંબંધ ધરાવનાર કોઈ ભાવરૂપ જ વિકાર માનવો જોઈએ, અભાવરૂપ નહિ. ઉત્પત્તિને ક્ષણિક ભાવવિકાર માનવા માટે તેમ નાશને પણ ક્ષણિક ભાવ વિકાર માનવા માટે સમાન પ્રમાણ છે. ઉત્પત્તિની પહેલાં 'ઘટ ઉત્પન્ન થશે' એમ ભાવિ પદાર્થ તરીકે તને વિષે વ્યવહાર થાય છે, અને ઉત્પત્તિની પછી 'ઘટ ઉત્પન્ન થયો' એમ ભૂતરૂપથી વ્યવહાર કરવામાં આવે છે, જ્યારે ઉત્પત્તિની પ્રથમ ક્ષણમાં જ 'ઉત્પન્ન થાય છે' એમ વર્તમાન તરીકે વ્યવહાર કરવામાં આવે છે, જે સિદ્ધ કરે છે કે ઉત્પત્તિ ક્ષણિક ભાવવિકાર છે. તેમ નિવૃત્તિને વિષે પણ તેની પહેલાં અને પછી 'નાશ પામશે,' 'નાશ પામ્યો' એમ ઘટાદિનાશનો ભાવી કે ભૂતરૂપથી વ્યવહાર થાય છે અને માત્ર નિવૃત્તિની પ્રથમ ક્ષણમાં જ 'નાશ પામે છે' એમ વર્તમાન તરીકે વ્યવહાર થાય છે તે જતાવે છે કે નિવૃત્તિ કે નાશ પણ ઘટાદિની છેલ્લી ક્ષણમાં સંબંધ ધરાવનાર ક્ષણિક ભાવવિકાર છે. જો નિવૃત્તિ કે નાશને સ્થાયી માનવામાં આવે તો એક મહિના પહેલાં ઘડાનો નાશ થયો હોવા છતાં વર્તમાન કાળમાં પણ કપાલરૂપ ટુકડાઓમાં નિવૃત્તિરૂપ એવો પર-(ન્યાય વૈશેષિક)ને માન્ય ધ્વંસરૂપ અભાવ વર્તમાન હોવાથી 'અત્યારે નાશ પામે છે, ધ્વંસ પામે છે' એમ નિવૃત્તિનો વર્તમાન તરીકે વ્યવહાર થાય, કારણ કે ક્રિયાપદ (આખ્યાત) ધાતુના અર્થમાં રહેલા વર્તમાનત્વ કે અતીતત્વ કે ભાવિત્વના વાચક છે (—ન્યાય-વૈશેષિકના મતે પ્રધ્વંસાભાવને આદિ છે પણ અંત નથી જ્યારે પ્રાગભાવને આદિ નથી પણ અંત છે).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ननु च तेषां स्वाभिहितसङ्ख्याश्रयप्रकृत्यर्थकर्तृकर्मगतवर्तमानत्वाद्यर्थाभिधायकत्वम्, स्वाभिहितप्रकृत्यर्थानुकूलव्यापारगतवर्तमानत्वाद्यर्थाभिधायकत्वं वाऽस्तु । तथा च निवृत्तिक्रियाकर्तुश्चिरचूर्णितस्य घटस्य, तद्गतनिवृत्त्यनुकूलव्यापारस्य चावर्तमानत्वाद् नोक्तातिप्रसङ्ग इति चेत्, न । आद्ये उत्पन्नेऽपि घटे 'उत्पद्यते' इति व्यवहारापत्तेः । उत्पत्तिक्रियाकर्तुर्घटस्य वर्तमानत्वात् । द्वितीये आमवातजडीकृतकलेवरे उत्थानानुकूलयत्नवति उत्थानानुदयेऽपि 'उत्तिष्ठति' इति व्यवहारापत्तेः । आख्यातार्थस्य प्रकृत्यर्थभूतोत्थानानुकूलस्य यत्नरूपव्यापारस्य वर्तमानत्वात् । तस्मात् प्रकृत्यर्थगतमेव वर्तमानत्वादि आख्यातार्थ इति ध्वंसस्य स्थायित्वे चिरनिवृत्तेऽपि घटे 'निवर्तते' इति व्यवहारो दुर्वारः ।

અને શંકા થાય કે તે (આખ્યાત) પોતાનાથી અભિહિત સંખ્યાના આશ્રયભૂત એવા ધાત્વર્થ ક્રિયાના કર્તા કે કર્મમાં રહેલ વર્તમાનત્વ આદિ અર્થનાં, અથવા પોતાનાથી અભિહિત જે પ્રકૃતિ-અર્થ ને અનુકૂલ વ્યાપાર તેમાં રહેલા વર્તમાનત્વ આદિ અર્થનાં અભિધાયક (વાચક) ભલે હોય. અને આમ નિવૃત્તિરૂપ ક્રિયાનો કર્તા એવો લાંબા કાળથી ભૂકો કરી નખાયેલો ઘટ, અને તેમાં રહેલો નિવૃત્તિને અનુકૂલ વ્યાપાર વર્તમાન ન હોવાથી ઉક્ત આપત્તિ થતી નથી.— આવી શંકા કોઈ કરે તો ઉત્તર છે કે ના. પહેલા પક્ષમાં (—આખ્યાત પોતાનાથી અભિહિત સંખ્યાના આશ્રય એવા ધાત્વર્થ ક્રિયાના કર્તા કે કર્મમાં રહેલ વર્તમાનત્વ આદિ અર્થનાં વાચક હોય તો—) ઉત્પન્ન થઈ ગયેલા ઘડામાં પણ 'ઉત્પન્ન થાય છે' એમ વ્યવહારની પ્રસક્તિ છે, કારણ કે ઉત્પત્તિક્રિયાનો કર્તા ઘટ વર્તમાન છે. બીજા પક્ષમાં (—આખ્યાત પોતાનાથી અભિહિત ધાત્વર્થને અનુકૂલ વ્યાપારમાં રહેલા વર્તમાનત્વ આદિ અર્થનાં અભિધાયક હોય તો—) જે માણસનું શરીર આમવાતથી જડ થઈ ગયું છે (અકડાઈ ગયું છે) (પણ) જે ઊઠવાને અનુકૂલ યત્નવાળો છે તેવાની બાબતમાં ઉત્થાનનો ઉદય ન થયો હોય તો પણ (ઊઠવાની ક્રિયા ઉત્પન્ન ન થઈ હોય તો પણ) 'ઊભો થાય છે' એ વ્યવહારની પ્રસક્તિ થશે કારણ કે પ્રકૃતિના અર્થભૂત ઉત્થાનને અનુકૂલ યત્નરૂપ વ્યાપાર, જે આખ્યાતનો અર્થ છે, તે વર્તમાન છે. તેથી પ્રકૃતિ-અર્થમાં જ રહેલાં વર્તમાનત્વ આદિ આખ્યાતના અર્થ છે, માટે ધ્વંસ સ્થાયી હોય તો ઘટ લાંબા કાળથી (નષ્ટ) થયો હોય તો પણ તેની બાબતમાં 'નિવૃત્ત થાય છે' એવો વ્યવહાર રોકી શકાશે નહિ (—એવો વ્યવહાર થશે જ)

વિવરણ : શંકાકાર કહે છે કે આખ્યાતોનો ધાત્વર્થમાં રહેલાં વર્તમાનત્વ આદિ અર્થ નથી, પણ અન્યમાં રહેલાં વર્તમાનત્વ આદિ જ તેમનો અર્થ છે. એક વચન આદિ રૂપથી

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આખ્યાતથી અભિહિત સંખ્યાઓના આશ્રયભૂત અને 'ઘટ નિવૃત્ત થાય છે, દેવદત્ત રાંધે છે, ચોખા રંધાય છે' ઇત્યાદિ પ્રયોગોમાં ધાત્વર્થ નિવૃત્તિ આદિ ક્રિયાઓનાં કર્તા, કર્મ આદિ રૂપ જે ઘટાદિ તેમનામાં રહેલાં વર્તમાનત્વ આદિ અર્થનાં આખ્યાત વાચક છે અથવા 'ઘડો નિવૃત્ત થાય છે (નાશ પામે છે)' એમાં આખ્યાતથી કહેલા ધાત્વર્થ 'નિવૃત્તિ'ને અનુકૂલ જે વ્યાપાર તેમાં રહેલાં વર્તમાનત્વાદિનાં આખ્યાત વાચક છે. સંખ્યા અને ધાત્વર્થને અનુકૂલ વ્યાપાર સમાન પ્રત્યયથી ઉપાત્ત હોવાથી અન્તરંગ છે જ્યારે ધાત્વર્થ 'નિવૃત્તિ' આદિ અને ધાત્વર્થ ક્રિયાના કર્તા કે કર્મ ઘટાદિ તેવાં નથી માટે બહિરંગ છે એવો અભિપ્રાય છે. માટે સ્વાભિહિત સંખ્યા, 'સ્વાભિહિત વ્યાપાર' એમ કહ્યું છે.

આ શંકાનો ઉત્તર સ્પષ્ટ છે. યત્ન રૂપ વ્યાપાર એટલે માનસિક યત્ન જેના વિના ક્રિયા શક્ય નથી, પણ જેની પછી ક્રિયા થવી જ જોઈએ એ જરૂરી નથી. આમવાતથી પીડિત મનુષ્યમાં ઊઠવાને અનુકૂલ યત્ન છે પણ ઉત્થાન ક્રિયા નથી.

यदि च मुद्गरादिशकलिते घटे ध्वंसो नाम कश्चिदभावस्तत्प्रतियोगिकः स्थायी भूतलाद्याश्रित उपेयते तदा कपालमालापसरणे तदनपसरणेऽपि मणिकशरावादिकपालव्यावृत्तकपालसंस्थानविशेषादर्शने च किमिति स प्रत्यक्षो न स्यात्। कपालसंस्थानविशेषादिनाऽनुमेयो घटादिध्वंसो न प्रत्यक्ष इति चेत्, तर्हि तेन मुद्गरपातकालीनस्य उत्पत्तिवद् भावविकाररूपतया प्रतियोग्याश्रितध्वंसस्यानुमानं सम्भवतीति न ततः पश्चादनुवर्तमानं प्रतियोग्यधिकरणाश्रिताभावरूपध्वंससिद्धिः। 'इह भूतले घटध्वंसः' इति भूतले ध्वंसाधिकरणत्वव्यवहारस्य 'इह भूतले घट उत्पन्नः' इतिवत् भावविकारयुक्तप्रतियोग्यधिकरणत्वविषयत्वोपपत्तेः। घटध्वंसानन्तरं भूतले घटाभावव्यवहारस्य घटापसरणानन्तरं तदभावव्यवहारवत् समयविशेषसंसर्गात्यन्ताभावालम्बनतोपपत्त्या ध्वंसविषयत्वस्याकल्पनीयत्वाच्च। एवं सति घटोत्पत्तेः पूर्वं तदभावव्यवहारोऽप्यत्यन्ताभावेन चरितार्थ इति प्रागभावोऽपि न स्यादिति चेत्, सोऽपि मा भूत्। नन्वेवं 'प्रागभावाधारकालः पूर्वकालः, ध्वंसाधार उत्तरकालः' इति निर्वचनासम्भवात् काले पूर्वोत्तरादिव्यवहारः किमालम्बनस्स्यात्। घटादिषु प्रतियोगित्वादिव्यवहारवदखण्डकिञ्चिद्धर्मगोचरोऽस्तु। अभावरूपस्थायिध्वंसाभ्युपगमेऽपि तेषु ध्वंसत्वादेरखण्डस्य वक्तव्यत्वात्। न च जन्याभावत्वरूपं सखण्डमेव ध्वंसत्वम्। ध्वंसप्रागभावरूपस्य घटस्य तद्ध्वंसत्वापत्तेः।

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને જો મુદ્દગર આદિથી ઘટના ટુકડા કરાતાં ધ્વંસ નામનો તત્પ્રતિયોગિક (ઘટ જેનો પ્રતિયોગી છે તેવો) સ્થાયી અને 'ભૂતલ આદિમાં આશ્રિત એવો કોઈ અભાવ માનવામાં આવે છે તો તે કપાલમાલાને ખસેડી લેતાં અને તેને ન ખસેડી હોય તો પણ મણિક (માટીનું મોટું વાસણ, માણ), શરાવ (શકોરું) આદિના કપાલથી વ્યાવૃત્ત કપાલોના સંસ્થાનવિશેષનું દર્શન ન થતાં શા માટે તે (ધ્વંસ નામનો અભાવ) પ્રત્યક્ષ ન થાય? જો એમ દલીલ કરવામાં આવે કે કપાલોના સંસ્થાનવિશેષ આદિથી અનુમેય ઘટાદિધ્વંસ પ્રત્યક્ષ નથી (—અનુમેય છે પણ પ્રત્યક્ષ નથી), તો (—ઉત્તર છે કે એમ હોય તો) પછી તેનાથી મુદ્દગરના ફટકાનાં સમકાલીન, પ્રતિયોગીમાં આશ્રિત ધ્વસનું, ઉત્પત્તિના જેમ, એક ભાવવિકાર તરીકે અનુમાન સંભવે છે; માટે તે(અનુમાન)થી પાછળથી ટકી રહેતા પ્રતિયોગી (ઘટ) ના અધિકરણ (ભૂતલ)માં આશ્રિત એવા અભાવરૂપ ધ્વંસની સિદ્ધિ થતી નથી. 'અહીં ભૂતલમાં ઘટનો ધ્વંસ છે' એમ ભૂતલમાં ધ્વંસના અધિકરણ હોવા અંગેનો વ્યવહાર 'અહીં ભૂતલમાં ઘટ ઉત્પન્ન થયો છે' એની જેમ ભાવવિકારથી યુક્ત પ્રતિયોગીના અધિકરણ હોવા વિષયક હોઈ શકે છે અને ઘટના ધ્વસ પછી ભૂતલમાં ઘટાભાવનો વ્યવહાર છે તેનું ઘટ ખસેડી લીધા પછી તેના (ઘટના) અભાવના વ્યવહારની જેમ, સમયવિશેષ સાથે સંબંધ ધરાવનાર અત્યન્તાભાવ આલંબન ઉપપન્ન છે માટે તે વ્યવહાર ધ્વંસવિષયક છે એવું કલ્પી શકાય નહિ.

દલીલ કરવામાં આવે કે "આમ હોય તો ઘટની ઉત્પત્તિની પહેલાં તેના (ઘટના) અભાવનો વ્યવહાર થાય છે તે પણ અત્યન્તાભાવથી ચરિતાર્થ છે તેથી પ્રાગભાવ પણ ન હોય" તો ઉત્તર છે કે એ (પ્રાગભાવ) પણ (ભલે) ન હોય.

શંકા થાય કે આમ (પ્રાગભાવ અને પ્રધ્વંસાભાવ ન હોય તો) 'પ્રાગભાવનો આધારભૂત કાળ તે પૂર્વકાળ અને ધ્વંસનો આધારભૂત કાળ તે ઉત્તરકાળ' એમ નિર્વચન નહીં સંભવે, તેથી કાળમાં પૂર્વ, ઉત્તર આદિ વ્યવહાર થાય છે તેનું આલંબન શું હોય? (આ શંકાનો ઉત્તર છે કે) ઘટાદિમાં પ્રતિયોગિત્વ આદિના વ્યવહારની જેમ (પૂર્વ, ઉત્તર આદિ વ્યવહાર) કોઈક અખંડ ધર્મવિષયક ભલે હોય, કારણ કે અભાવરૂપ સ્થાયી ધ્વંસનો સ્વીકાર કરવામાં આવે તો પણ તેઓમાં ધ્વંસત્વ આદિ અખંડ ધર્મ માનવો આવશ્યક બને છે. અને ધ્વંસત્વ જન્ય એવા અભાવત્વ રૂપ હોઈને સખંડ જ છે એમ નથી. (—ધ્વંસત્વને સખંડ માની શકાય નહિ) કારણ કે (તેમ માનતાં) ધ્વંસના પ્રાગભાવરૂપ ઘટમાં પણ તેના (ઘટના) ધ્વંસત્વની પ્રસક્તિ થશે.

વિવરણ : જે અન્ય દર્શનના (ન્યાય–વૈશેષિક) લોકો અભાવરૂપ ધ્વંસ માને છે તે પ્રત્યક્ષ છે કે અનુમેય એમ વિકલ્પ મનમાં ગોઠવીને તેમનું ખંડન કર્યું છે. કેટલાક ઘટ-ધ્વંસ નામના અભાવને ઘટ–પ્રતિયોગિક અને ભૂતલમાં આદિમાં આશ્રિત સ્થાયી 'પદાર્થ' માને છે. ધ્વંસ (ઘટનો નાશ) થયા પછી જેમ કપાલોમાં તેમ જેને તોડી નાખવામાં આવ્યો છે તે ઘટના

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અધિકરણ ભૂતલ આદિમાં પણ 'અહીં ઘટનો નાશ થયો' એવી પ્રતીતિ થાય છે તેના બળે કેટલાક તાર્કિકો માને છે કે ભૂતલ આદિ પણ ઘટધ્વંસનાં અધિકરણ છે. તેમનો મત અહીં રજૂ કરીને તેનું ખંડન કર્યું છે.

જો ઘટધ્વંસ પ્રત્યક્ષ પદાર્થ હોય તો કપાલમાલા(ઠીકરાંનો સમૂહ) ખસેડી લેતાં તે પ્રત્યક્ષ કેમ થતો નથી ? દલીલ થાય કે ઘટધ્વંસના પ્રત્યક્ષમાં કપાલમાલાનું પ્રત્યક્ષ પણ કારણ છે. એ ખસેડી લેતાં ઘટધ્વંસનું પ્રત્યક્ષ જ્ઞાન થતું નથી આ દલીલનો ઉત્તર છે કે એ કપાલ-માલાને ખસેડી લેવામાં ન આવે તો પણ જ્યારે ભૂતલપર રહેલા ઘટ કપાલોમાં મણિક, શરાવ આદિના કપાલોથી વ્યાવૃત્ત સંસ્થાનવિશેષ જે ઘટકપાલનું અસાધારણરૂપ છે, તેનું દર્શન નથી હોતું, પણ કેવળ કપાલમાલા વિષયક જ દર્શન થાય છે ત્યારે પણ ધ્વંસનું પ્રત્યક્ષ થતું નથી તેનું શું કારણ ? કપાલમાલાનું દર્શન તો છે જ માટે ધ્વંસપ્રત્યક્ષ થવું જોઈએ વસ્તુતઃ પ્રધ્વંસાભાવ પ્રત્યક્ષ હોઈ શકે નહિ કારણ કે ઇન્દ્રિયસંનિકર્ષનું નિરૂપણ નથી. સાદી ભાષામાં કહીએ તો કેવળ ઠીકરાં પડેલાં જોઈએ તો ઘટપ્રધ્વંસનું જ્ઞાન થતું નથી મણિક શરાવ આદિથી અલગ અવયવ–રચના ધરાવતા પદાર્થનાં ઠીકરાં છે એવું જ્ઞાન હોય તો જ ઘટધ્વંસનું જ્ઞાન થાય છે. આ બતાવે છે કે ઘટધ્વંસ પ્રત્યક્ષ થઈ શકે તેવો પદાર્થ નથી.

ધ્વંસ અનુમેય છે એમ પણ કહી શકાય નહિ, અતીત ધ્વંસનું પણ અનુમાન સંભવે છે તેથી અનુમાનથી ધ્વંસમાત્રની સિદ્ધિ થતી હોય તો પણ પરપક્ષી કહે છે કે ધ્વંસ સ્થાયી છે તે તો અનુમાનથી સિદ્ધ થતું નથી. શંકા થાય છે કે "આ ભૂતલ ઘટધ્વંસવાળું છે, કારણ કે કપાલમાલાવિશેષવાળું છે: જે પ્રદેશ ઘટધ્વંસવાળો નથી તે કપાલમાલાવિશેષનું અધિકરણ નથી" એવું અનુમાન ઘટાશ્રિત ધ્વંસને કેવી રીતે વિષય કરી શકે ? આ શંકા બરાબર નથી. ધ્વંસની ઉત્પત્તિના કાળમાં ધ્વંસ પ્રતિયોગી (ઘટ)માં આશ્રિત છે તેમ છતાં પ્રતિયોગી દ્વારા તે ભૂતલમાં પણ આશ્રિત છે તેથી અનુમાન તદ્વિષયક હોઈ શકે છે. આ જ રીતે 'અહીં ભૂતલમાં ઘટધ્વંસ' એ વ્યવહારને તદ્વિષય સમજવાનો છે.

ભૂતલરૂપ અધિકરણમાં સ્થાયી સિદ્ધ ધ્વંસ કરનાર બીજા પ્રમાણનું ખંડન કર્યું છે. ઘટના ધ્વંસ પછી ભૂતલમાં ઘટના અભાવનો વ્યવહાર થાય છે તેના આલંબન તરીકે ઘટપ્રધ્વંસને કલ્પવાની કોઈ આવશ્યકતા નથી. 'ભૂતલમાં ઘટ નથી' એ વ્યવહારનું આલંબન સમયવિશેષમાં ભૂતલમાં ઘટસંયોગના અભાવના કાળમાં સંબંધ ધરાવનાર અત્યન્તાભાવ છે. આ માનેલા અત્યન્તાભાવથી જો ઘટાભાવ–વ્યવહારની ઉપપત્તિ હોય, તેને ઘટાવી શકાતો હોય તો તે ઉપરાંત પ્રધ્વંસાભાવની કલ્પના કરવી જોઈએ નહિ. 'अतोऽन्यदार्तम्' (બૃહદ્. ઉપ. ૩.૪.૨) (એ ચૈતન્યથી ઇતર બધું નશ્વર છે) એ શ્રુતિથી ચૈતન્ય સિવાયની વસ્તુમાત્ર અનિત્ય છે એમ પ્રતિપાદિત થયું છે તેથી પરદર્શનવાળા માને છે તેવા નિત્ય ધ્વંસનો નિરાસ થઈ જાય છે. ઘટધ્વંસ પછી કપાલમાલામાં 'ઘટ નથી' એ વ્યવહારનું પણ આલંબન અત્યન્તાભાવ જ છે કારણ કે ઉપાદાનમાં પણ સમયવિશેષમાં અત્યન્તાભાવના સંસર્ગને લઈને તે વ્યવહારની ઉપપત્તિ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શંકા થાય કે ઘટનાશ પછી થતા ઘટાભાવ-વ્યવહારનું આલબંન જો સામયિક અત્યન્તાભાવ હોય તો ઘટની ઉત્પત્તિની પહેલાં માટીમાં 'ઘટ નથી' એવો વ્યવહાર થાય છે તેનું આલંબન પણ સામયિક અત્યન્તાભાવ હોઈ શકે અને ઘટ-પ્રાગભાવ કલ્પવાની આવશ્યકતા નથી. આ શંકાનો ઉત્તર છે કે સાચી વાત છે. પ્રાગભાવ પણ માનવાની જરૂર નથી. અને પ્રાગભાવ અને પ્રધ્વંસાભાવના અભાવમાં પણ 'પૂર્વ કાળ' 'ઉત્તર કાળ' એવો વ્યવહાર સંભવશે કારણ કે કાળમાં અખંડ ઉપાધિરૂપ પૂર્વકાલત્વ અને ઉત્તરકાલત્વને લઈને વ્યવહારની ઉપપત્તિ છે. પરપક્ષીને પણ ધ્વંસત્વ આદિ અખંડ ઉપાધિ કલ્પવી જ પડે છે. પરપક્ષી દલીલ કરે કે જન્ય હોઈને અભાવરૂપ હોય તે ધ્વંસ અને તે ધ્વંસત્વ સખંડ જ છે. પણ આ દલીલ બરાબર નથી કારણ કે આમાં અતિવ્યાપ્તિનો દોષ છે. ઘટ ધ્વંસના પ્રાગભાવરૂપ છે; આમ જન્ય હોઈને તે અભાવરૂપ છે તેથી પરપક્ષીએ આપેલા લક્ષણ પ્રમાણે ઘટને ધ્વંસરૂપ માનવો પડશે, જે અયુક્ત છે. માટે પ્રધ્વંસાભાવ નામનો સ્થાયી પદાર્થ નથી.

**न च सप्तमपदार्थरूपाभावत्वं विवक्षितम् । घटस्य प्रागभावं प्रत्यपि ध्वंसत्वाभावप्रसङ्गेन घटकाले प्रागभावोत्तरकालत्वव्यवहारस्य निरालम्बनत्वापत्तेः । न च प्रतियोग्यतिरिक्तः प्रागभावध्वंसः । तथा सति तुल्यन्यायतया ध्वंसप्रागभावोऽपि प्रतियोग्यतिरिक्तः स्यादिति प्रागभावध्वंसस्यापि प्रागभावोऽन्यः, तस्यापि कश्चिद् ध्वंसः, तस्यापि प्रागभावोऽन्य इत्यप्रामाणिकानवधिकध्वंसप्रागभावकल्पनापत्तेः । न चान्यद् ध्वंसत्वमात्माश्रयादिशून्यं निर्वक्तुं शक्यम् । एवं प्रागभावत्वमपीत्यन्यत्र विस्तरः ।**

અને ધ્વંસ હોવું એટલે સાતમા પદાર્થરૂપ અભાવ હોવું વિવક્ષિત છે એમ માનવું બરાબર નથી, કારણકે (ઘટના) પ્રાગભાવ પ્રતિ પણ ઘટના ધ્વંસત્વના અભાવનો પ્રસંગ હોવાથી (ઘટને ઘટપ્રાગભાવના ધ્વંસરૂપ માની શકાશે નહિ તેથી) ઘટકાળમાં પ્રાગભાવનો ઉત્તરકાળ હોવાનો વ્યવહાર નિરાલંબન થઈ જશે. અને પ્રાગભાવનો ધ્વંસ પ્રતિયોગીથી અતિરિક્ત છે એવું નથી એનું કારણ એ કે એમ હોય તો સમાન ન્યાયથી ધ્વંસનો પ્રાગભાવ પણ પ્રતિયોગીથી અતિરિક્ત હોવો જોઈએ એ માટે પ્રાગભાવના ધ્વંસનો પણ અન્ય (બીજો) પ્રાગભાવ, તેનો પણ કોઈક ધ્વંસ, તેનો પણ અન્ય પ્રાગભાવ એમ અપ્રામાણિક, અવધિરહિત (અસંખ્ય) ધ્વંસ–પ્રાગભાવની કલ્પના કરવી પડશે. અને આત્માશ્રય આદિ (દોષોથી) શૂન્ય એવા અન્ય ધ્વંસત્વનું નિર્વચન કરવું શક્ય નથી એ જ રીતે પ્રાગભાવત્વનું પણ (નિર્વચન કરવું શક્ય નથી) એમ અન્યત્ર વિસ્તાર કર્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ :** શંકા થાય કે जन्यत्वे सति सप्तमपदार्थरूपाभावत्वम्, 'જન્ય હોઈને સાતમો અભાવરૂપ પદાર્થ તે ધ્વંસ' એવું ધ્વંસનું લક્ષણ વિવક્ષિત છે. અત્યન્તાભાવ, પ્રાગભાવ, અન્યોન્યાભાવમાં આ લક્ષણની અતિવ્યાપ્તિ ન થાય એટલા માટે 'જન્ય હોઈ ને' એમ કહ્યું છે. ઘટધ્વંસના પ્રાગભાવરૂપ ઘટને લક્ષણ લાગુ ન પડે એટલા માટે 'સપ્તમ અભાવરૂપ પદાર્થ' એમ કહ્યું છે (—'જે જન્ય છે તે ધ્વંસાભાવ છે' એટલું જ લક્ષણ હોય તો ઘટ આદિમાં પણ અતિવ્યાપ્તિ થાત). વૈશેષિકો અભાવને સાતમો પદાર્થ માને છે—દ્રવ્ય ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય અને અભાવ પદાર્થો વૈશેષિક દર્શનમાં માન્યા છે તેમાં અભાવ સાતમો પદાર્થ છે.

આ શંકાનું ખંડન કરતાં કહ્યું છે કે આ દલીલ બરાબર નથી. ઘટના પ્રાગભાવના ધ્વંસ તરીકે સ્વીકારવામાં આવેલા ઘટમાં ઉક્ત લક્ષણ નથી તેથી ઘટ પ્રાગભાવ પ્રતિ ધ્વંસરૂપ ન હોઈ શકે. પણ આ ઇષ્ટ નથી. ઘટકાળમાં ઘટપ્રાગભાવના ધ્વંસનો અભાવ હોય તો પ્રાગભાવના ધ્વંસનો કાળ હોવા રૂપ ઉત્તરકાલત્વ નહીં હોય, અને ઘટકાળને પ્રાગભાવનો ઉત્તરકાળ કહેવામાં આવે છે તે વ્યવહાર આલંબન વિનાનુ બની જશે.

**શંકા :** ઘટના પ્રાગભાવના ધ્વંસને ઘટથી અતિરિક્ત સાતમો પદાર્થ માનવામાં આવે છે તેથી દોષ નથી.

**ઉત્તર :** આ દલીલ બરાબર નથી. જો ઘટના પ્રાગભાવનો ધ્વંસ પ્રતિયોગીથી અતિરિક્ત હોય તો ઘટધ્વંસનો પ્રાગભાવ પણ ઘટરૂપ પ્રતિયોગીથી વ્યતિરિક્ત હોવો જોઈએ, કારણ કે ધ્વંસાભાવ અને પ્રાગભાવ બન્ને કાદાચિત્ક અભાવરૂપ છે. જેમ ઘટપ્રાગભાવનો ધ્વંસ પ્રતિયોગીથી વ્યતિરિક્ત છે તેમ ઘટપ્રાગભાવના ધ્વંસનો પણ પ્રાગભાવ ઘટપ્રાગભાવથી અન્ય માનવો પડશે, કારણ કે ધ્વંસનો પ્રાગભાવ પણ ધ્વંસના પ્રતિયોગીથી ભિન્ન છે. એ જ રીતે પ્રાગભાવના ધ્વંસનો પણ પ્રાગભાવ જુદો હશે અને તેનો કોઈ જુદો ધ્વંસ હશે અને તેનો પણ જુદો પ્રાગભાવ હશે—આમ અનવસ્થા દોષ હશે.

**શંકા :** જો જન્ય અભાવરૂપ ધ્વંસ ઉક્ત રીતથી અનવસ્થા દોષથી દૂષિત હોય તો ધ્વંસનું ભલે આવું લક્ષણ હોય—'ધ્વંસનો પ્રતિયોગી ન હોઈ ને ત્રૈકાલિક અભાવ (અન્યોન્યાભાવ અને અત્યન્તાભાવ)થી ભિન્ન અભાવ હોય તે ધ્વંસ'.

**ઉત્તર :** આ બરાબર નથી. ધ્વંસના લક્ષણમાં ધ્વંસનો પ્રવેશ હોવાથી આત્માશ્રય દોષ છે. આવું કોઈ બીજું ધ્વંસત્વ આત્માશ્રય દોષમાં ફસાયા વિના બતાવી શકાતું નથી.

**શંકા :** પ્રાગભાવ, અને અત્યન્તાભાવથી ભિન્ન હોઈને સંસર્ગાભાવ હોય તે ધ્વંસ એમ લક્ષણ હોય તો આત્માશ્રય દોષ નહીં રહે.

**ઉત્તર :** આ બરાબર નથી કારણ કે પ્રાગભાવ આદિના નિર્વચનમાં પણ પ્રધ્વંસાભાવભિન્નત્વનો પ્રવેશ છે તેથી અન્યોન્યાશ્રયનો દોષ રહેશે. આમ આ અન્ય ધ્વંસત્વનું નિર્વચન આત્માશ્રય, અન્યોન્યાશ્રયથી દૂષિત રહેવાનું જ. ધ્વંસની જેમ પ્રાગભાવને પણ સખંડ નિરૂપી નહીં શકાય.

કહેવાનો આશય એ છે કે 'અનાદિ હોઈ ને સાન્ત અભાવ તે પ્રાગભાવ' એમ નહીં કહી શકાય કારણ કે ઘટધ્વંસના પ્રાગભાવરૂપ ઘટમાં અનાદિત્વ નથી તેથી તેને આ લક્ષણ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લાગુ નહીં પડે. તેમ 'પ્રતિયોગીનો જનક અભાવ તે પ્રાગભાવ' એમ પણ નહીં કહી શકાય કારણ કે જનકત્વના લક્ષણમાં પ્રવિષ્ટ પૂર્વવૃત્તિત્વ (પહેલાં હોવું તે) કાર્યપ્રાગભાવકાલવૃત્તિત્વ રૂપ હોવાથી આત્માશ્રયનો દોષ રહેવાનો. એ જ રીતે બીજા કોઈ પણ લક્ષણમાં આવો દોષ રહેશે જ. તેથી પ્રાગભાવ જેવું કશુ છે નહિ.

**तस्मान्न पूर्वं प्रागभावः, न च पश्चात् ध्वंसाभावः । मध्ये परं कियत्कालमनिर्वचनीयोत्पत्तिस्थितिध्वंसरूपभावविकारवान् घटाद्यध्यासः । एवं चाविद्यानिवृत्तिरपि ब्रह्मसाक्षात्कारोदयानन्तरक्षणवर्ती कश्चिद् भावविकार इति तस्या मुक्तावनुवृत्त्यभावान्न तदनिर्वाच्यत्वे कश्चिद् दोष इत्यद्वैतविद्याचार्याः ॥२॥**

તેથી (ઉત્પતિની) પહેલાં પ્રાગભાવ નથી અને પછી પ્રધ્વંસાભાવ નથી. પણ વચ્ચે કેટલોક વખત અનિર્વચનીય ઉત્પત્તિ સ્થિતિ અને ધ્વંસરૂપ ભાવવિકારવાળો ઘટાદિ-અધ્યાસ છે. અને આમ અવિદ્યાની નિવૃત્તિ પણ બ્રહ્મસાક્ષાત્કારના ઉદય પછીની તરતની ક્ષણમાં રહેનારો કોઈ ભાવ-વિકાર છે તેથી તેની મુક્તિમાં અનુવૃતિ ન હોવાથી તે અનિર્વાચ્ય હોય તો કોઈ દોષ નથી એમ અદ્વૈતવિદ્યાચાર્ય કહે છે (૨)

**વિવરણ :** પરપક્ષને માન્ય પ્રાગભાવ આદિને સિદ્ધ કરનાર કોઈ પ્રમાણ નથી તેથી ઘટાદિની ઉત્પત્તિની પહેલાં પ્રાગભાવ નથી અને નાશ પછી પ્રધ્વંસાભાવ નથી. શંકા થાય કે પ્રાગભાવાદિનો સ્વીકાર ન કરવામાં આવે તો તેમના પ્રતિયોગી ઘટાદિ કાર્યનો પણ અંગીકાર કરવો જોઇએ નહિ, કારણ કે તેમનો અંગીકાર કરતાં દ્વૈતની આપત્તિ થાય છે. આ શંકાનું સમાધાન એ છે કે ઘટાદિ કાર્ય શુક્તિરજત આદિની જેમ અધ્યાસરૂપ માનવામાં આવ્યુ છે તેથી અદ્વૈતના વિરોધ નથી. શંકા થાય કે પરમતમાં ધ્વંસત્વ આદિનું નિરૂપણ થઈ શકતું નથી તેમ સિદ્ધાન્તમાં ભાવવિકારરૂપ ઉત્પત્તિ, સ્થિતિ, ધ્વંસનું પણ નિરૂપણ નથી જ કરી શકાતું. આ શંકાનો ઉત્તર એ છે કે તેમનું દુર્નિરૂપત્વ સિદ્ધાન્તના ભૂષણરૂપ છે તેથી કોઈ દોષ નથી.

આમ ઘટાદિનો ધ્વંસ ક્ષણિક ભાવ વિકાર રૂપ સિદ્ધ થતાં અવિદ્યાનો ધ્વંસ પણ બ્રહ્મસાક્ષાત્કારના ઉદય પછી થતો ક્ષણિક ભાવવિકાર છે જેની મુક્તિ અવસ્થામાં અનુવૃત્તિ નહીં હોય. આ અદ્વૈતવિદ્યાચાર્યનો મત છે. (૨)

**(३) नन्वेवमविद्यानिवृत्तेः क्षणिकत्वे मोक्षः स्थिरपुरुषार्थो न स्यादिति चेत्, भ्रान्तोऽसि । न ह्यविद्यानिवृत्तिः स्वयमेव पुरुषार्थ इति तस्या ज्ञानसाध्यत्वमुपेयते । तस्याः सुखदुःखाभावेतरत्वात् । किं त्वखण्डानन्दावरकसंसारदुःखहेत्वविद्योच्छेदे अखण्डानन्दस्फुरणम्, संसारदुःखोच्छेदश्च भवतीति तदुपयोगितया तस्यास्तत्त्वज्ञानसाध्यत्वमुपेयते ॥**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૩) શંકા થાય કે આમ અવિદ્યાનિવૃત્તિ ક્ષણિક હોય તો મોક્ષ સ્થિર પુરુષાર્થ હોઈ ન શકે. આવી શંકા કોઈ કરે તો ઉત્તર છે કે તમને ભ્રમ થયો છે. અવિદ્યાનિવૃત્તિ પોતે જ પુરુષાર્થ છે માટે તેને જ્ઞાનસાધ્ય માનવામાં આવે છે એવું નથી, કેમ કે તે (અવિદ્યાનિવૃત્તિ) સુખ અને દુઃખાભાવથી ઇતર (વસ્તુ) છે. પરંતુ અખંડ આનંદનું આવરણ કરનાર અને સંસારદુઃખની હેતુભૂત અવિદ્યાનો ઉચ્છેદ થતાં અખંડ આનંદનું સ્ફુરણ અને સંસારદુઃખનો ઉચ્છેદ થાય છે માટે તેમાં (અનર્થાત્મક દુઃખની નિવૃત્તિ અને આનંદની પ્રાપ્તિમાં) ઉપયોગી હોવાથી તેને (અવિદ્યાનિવૃત્તિને) તત્ત્વજ્ઞાનથી સાધ્ય માનવામાં આવે છે.

વિવરણ : અવિદ્યાનિવૃત્તિ મોક્ષના સાધનભૂત જ્ઞાનથી સાધ્ય છે એવું ઉપપાદન સિદ્ધાન્તીએ કર્યું તેથી અવિદ્યાનિવૃત્તિ જ મોક્ષ તરીકે સિદ્ધાન્તીને માન્ય છે એવો ભ્રમ પૂર્વપક્ષીને થયો; તે ભ્રાન્તિને આધારે થતી શંકાની રજૂઆત કરીને તે ભ્રમને દૂર કર્યો છે. અવિદ્યાનિવૃત્તિ સુખ નથી તેમ દુઃખાભાવ નથી તેથી તે પુરુષાર્થ નથી. પણ તે અનર્થાત્મક દુઃખની નિવૃત્તિ અને અખંડ આનંદનું સ્ફુરણ જે બે સ્વતઃ પુરુષાર્થભૂત છે તેનું સાધન હોવાથી તેને જ્ઞાનસાધ્ય માની છે.

चित्सुखाचार्यास्तु—दुःखाभावोऽपि मुक्तौ न स्वतःपुरुषार्थः । सर्वत्र दुःखाभावस्य स्वरूपसुखाभिव्यक्तिप्रतिबन्धकाभावतया सुखशेषत्वात् सुखस्यैव स्वतःपुरुषार्थत्वम् । अन्येषां सर्वेषामपि तच्छेषत्वमिति सुख-साधनताज्ञानस्यैव प्रवर्तकत्वे सम्भवति दुःखाभावस्यापि स्वतःपुरुषार्थत्वं परिकल्प्य तत्साधनप्रवर्तकसङ्ग्रहाय इष्टसाधनताज्ञानस्य इच्छाविषयत्व-प्रवेशेन गुरुघटितस्य प्रवर्तकत्वकल्पनायोगात् ।

જ્યારે ચિત્સુખાચાર્ય કહે છે કે મુક્તિમાં દુઃખાભાવ પણ સ્વતઃપુરુષાર્થ નથી. સર્વત્ર દુઃખાભાવ સ્વરૂપભૂત સુખનાં અભિવ્યક્તિ (સ્ફુરણ)માં પ્રતિબંધકના અભાવરૂપ હોવાથી સુખનો શેષ છે માટે સુખ જ સ્વતઃ પુરુષાર્થ છે. બીજાં બધાંય તેના શેષ (અંગ) છે માટે સુખનું સાધન હોવાનું જ્ઞાન જ પ્રવર્તક સંભવતું હોય ત્યારે દુઃખાભાવને પણ સ્વતઃ પુરુષાર્થ કલ્પીને તેનાં સાધનોમાં પ્રવર્તક (—દુઃખાભાવનાં સાધન હોવાનાં જ્ઞાન—)ના સંગ્રહને માટે ઇષ્ટસાધનતા-જ્ઞાન, જે ઇચ્છાવિષયત્વના પ્રવેશને કારણે ગૌરવથી યુક્ત બન્યું છે, તેની પ્રવર્તક તરીકે કલ્પના કરવી બરાબર નથી.

વિવરણ : અવિદ્યા નિવૃત્તિની જેમ દુઃખનિવૃત્તિ પણ સ્વતઃપુરુષાર્થ નથી, તેથી બ્રહ્માનન્દના સ્ફુરણના સાધન તરીકે જ અવિદ્યા–નિવૃત્તિને જ્ઞાનસાધ્ય માનવામાં આવે છે એવો ચિત્સુખાચાર્યનો મત રજૂ કર્યો છે. દુઃખાભાવ મુક્તિમાં સ્વતઃ પુરુષાર્થ નથી. 'મુક્તિમાં' એમ કહ્યું છે તેથી એવી ભ્રાન્તિ સંભવે છે કે સંસારદશામાં સુખની જેમ દુઃખાભાવ પણ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્વતઃ પુરુષાર્થ છે. એ ભ્રાન્તિનું નિવારણ કરવા માટે કહ્યું છે કે સર્વત્ર સુખ જ સ્વતઃ પુરુષાર્થ છે. સુખ આત્માનું સ્વરૂપભૂત હોવા છતાં દુઃખયુક્ત દશામાં જેને અભિવ્યક્તિ કહેવામાં આવે છે તેવું તેનું વિશેષ સ્ફુરણ થતું નથી તેથી દુઃખને સુખની અભિવ્યક્તિમાં પ્રતિબંધક કલ્પવામાં આવે છે. અને આમ દુઃખાભાવ સુખની અભિવ્યક્તિને શેષ, અર્થાત્ તેનું અંગ હોવાને કારણે જ તેની ઇચ્છા કરવામાં આવે છે. સુખની જેમ તે સ્વતઃ પુરુષાર્થ છે એટલા માટે તેની કામના કરવામાં નથી આવતી એવો ભાવ છે. દુઃખાભાવ સુખને શેષ હોય તો દુઃખાભાવનાં સાધનો પણ સુખનાં સાધનો બને છે. અને આમ સુખનાં સાધનોમાં અને દુઃખાભાવનાં સાધનોમાં સર્વત્ર એ સુખનાં સાધન છે એ જ્ઞાન જ પ્રવર્તક સંભવે છે. બીજી બાજુએ જો દુઃખાભાવને સ્વતઃ પુરુષાર્થ કલ્પવામાં આવે તો દુઃખાભાવનાં સાધનોમાં સુખ-સાધનતાનો બાધ થતો હોવાથી, એ સુખનાં સાધન છે એ જ્ઞાનથી તેમનામાં પ્રવૃત્તિ ન સંભવે એવી દલીલ કરવામાં આવે કે "તેમને વિષે એ દુઃખાભાવનાં સાધન છે એ જ્ઞાન જ ભલે પ્રવર્તક હો!" તો એ બરાબર નથી, કારણ કે એમ હોય તો પ્રવૃત્તિમાત્રમાં અનુગત કારણનો અભાવ હશે (—અર્થાત્ દરેક પ્રવૃત્તિ માટે જુદું કારણ માનવું પડશે; સુખસાધનતાજ્ઞાન સર્વ પ્રવૃત્તિમાં અનુગત કારણ છે તે નહીં સંભવે).

શંકા થાય કે એમ હોય તો 'ઇષ્ટનું સાધન છે' એ જ્ઞાનને કારણે સર્વત્ર પ્રવૃત્તિ ભલે થતી: સુખની જેમ દુઃખાભાવ પણ ઇચ્છાનો વિષય હોવાથી તેનો પણ 'ઇષ્ટ'માં સમાવેશ કરી શકાશે પણ આ શંકા બરાબર નથી. પ્રવૃત્તિમાત્રના કારણ ઇષ્ટસાધનતાજ્ઞાનમાં 'ઇષ્ટ' અંશમાં સુખત્વ જાતિનો પ્રવેશ કલ્પવામાં આવે તો કારણતાના અવચ્છેદકમાં લાઘવ પ્રાપ્ત થાય છે, જ્યારે ઇષ્ટત્વ ઇચ્છાવિષયત્વ રૂપ ઉપાધિનો પ્રવેશ કલ્પવામાં કારણતાના અવચ્છેદકમાં ગૌરવ દોષ થશે માટે સુખ જ સ્વતઃપુરુષાર્થ છે એ પક્ષ યુક્તિયુક્ત છે.

[જુઓ ચિત્સુખાચાર્યની તત્ત્વપ્રદીપિકા (ચતુર્થ પરિચ્છેદ, પૃ. ૫૬૩) (ષડ્દર્શન પ્રકાશન, વારાણસી, ૧૯૭૪)—नात्र दुःखाभावः स्वतन्त्रतया पुरुषार्थः, सुखाभिव्यक्तिशेषत्वात् । न च विपरीतवृत्तिप्रसङ्गः, विकल्पासहत्वात् । किं सुखं दुःखाभावस्योत्पादकमुताभिव्यञ्जकम्, नोभयथापि ।—દુઃખાભાવ સ્વતંત્રપણે પુરુષાર્થ નથી, કારણ કે તે સુખની અભિવ્યક્તિને શેષ છે (—તેનું અંગ છે). શંકા થાય કે સુખ જ દુઃખાભાવનું અંગ છે એમ ઊલટો પ્રસંગ કેમ ન થાય, તો ઉત્તર છે કે આ વિપરીત પ્રસંગ ન હોઈ શકે કારણ કે વિકલ્પને સહન નહીં કરી શકે—શું સુખ દુઃખાભાવનું ઉત્પાદક છે કે તેનું અભિવ્યંજક છે. બેમાંથી કોઈ રીતે ન હોઈ શકે.]

न च दुःखाभाव एव स्वतः पुरुषार्थः, तच्छेषतया सुखं काम्यमिति वैपरीत्यापत्तिः । बहुकालदुःखसाध्येऽपि क्षणिकसुखजनके निन्दितग्राम्य-धर्मादौ प्रवृत्तिदर्शनात् । तत्र क्षणिकसुखकालीनदुःखाभावस्य पुरुषार्थत्वे तदर्थं बहुकालदुःखानुभवायोगात् । न च तत्र क्षणिकसुखस्य पुरुषार्थत्वेऽपि दोषतौल्यम् । भावरूपे सुखे उत्कर्षापकर्षयोरनुभवसिद्धत्वेन क्षणमप्यत्यु-

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**स्कृष्टसुखार्थं बहुकालदुःखानुभवोपपत्तेः । दुःखाभावे चोत्कर्षापकर्षा-सम्भवात् । तस्मान्मुक्तौ संसारदुःखनिवृत्तिरप्यविद्यानिवृत्तिवत् सुखशेष इत्यनवच्छिन्नानन्दप्राप्तिरेव स्वतःपुरुषार्थ इत्याहुः ॥३॥**

અને "દુઃખાભાવ જ સ્વતઃપુરુષાર્થ છે અને તેના શેષ તરીકે સુખ કામ્ય છે એમ વૈપરીત્યની પ્રસક્તિ છે"—એમ કહી શકાય નહિ, કારણ કે લાંબા કાળના દુઃખથી સાધ્ય હોવા છતાં પણ ક્ષણિક સુખ ઉત્પન્ન કરનાર નિન્દિત ગ્રામ્ય ધર્મ (જેમ કે અગમ્યાગમન—ગુરુપત્ની આદિ અગમ્ય સ્ત્રીઓ સાથે સમાગમ હોવો) આદિમાં પ્રવૃત્તિ જોવામાં આવે છે. ત્યાં (ઉક્ત નિન્દિત પ્રવૃત્તિસ્થળમાં) જો ક્ષણિક સુખકાલીન દુઃખાભાવ પુરુષાર્થ હોય તો તેને માટે લાંબા સમય સુધી દુઃખનો અનુભવ સંભવે નહિ. અને ત્યાં ક્ષણિક સુખને પુરુષાર્થ માનવામાં આવે તો પણ દોષ સમાન છે એવું નથી, એનું કારણ એ કે ભાવરૂપ સુખમાં ઉત્કર્ષ અને અપકર્ષ અનુભવથી સિદ્ધ હોવાને કારણે એક ક્ષણ માટેના પણ અત્યન્ત ઉત્કૃષ્ટ સુખને માટે લાંબા કાળ સુધી દુઃખનો અનુભવ ઉપપન્ન છે; અને દુઃખાભાવમાં ઉત્કર્ષ અને અપકર્ષનો સંભવ નથી. તેથી મુક્તિમાં સંસારદુઃખની નિવૃત્તિ પણ અવિદ્યા-નિવૃત્તિની જેમ સુખને શેષ છે માટે અનવચ્છિન્ન આનન્દની પ્રાપ્તિ જ સ્વતઃપુરુષાર્થ છે (એમ ચિત્સુખાચાર્ય કહે છે). (૩)

**વિવરણ :** કેટલાક દલીલ કરે છે કે આ શંકાને અવકાશ નથી કારણ કે વૈપરીત્ય-પક્ષમાં (દુઃખાભાવ સ્વતઃપુરુષાર્થ છે અને સુખ તેને શેષ છે એ પક્ષમાં) દુઃખાભાવરૂપ ઉપાધિનો જ પ્રવર્તક જ્ઞાનની કારણતાના અવચ્છેદકના શરીરમાં પ્રવેશ માનવો પડશે તેથી ઇચ્છાવિષયત્વરૂપ ઉપાધિનો પ્રવેશ માનનાર પક્ષમાં છે તેમ અહીં ગૌરવ દોષ સમાન છે. પણ આ દલીલ બરાબર નથી. સિદ્ધાન્તમાં સુખ આત્મરૂપ હોવાથી એક વ્યક્તિ છે તેથી સુખત્વ જાતિનો સંભવ નથી અને સુખત્વ ઉપાધિરૂપ છે એમ માનીને શંકાનો સંભવ છે જ. ઇચ્છાવિષયત્વની જેમ સુખત્વ પણ ઉપાધિરૂપ હોય તો સુખત્વના પ્રવેશમાં પણ કારણતાવચ્છેદકનું ગૌરવ સમાન છે તેથી વિનિગમક (સુખને સ્વતઃ પુરુષાર્થ માની શકાય, દુઃખાભાવને નહિ એમ કહેવા માટે કોઈ નિર્ણાયક કારણ) ન હોવાથી વૈપરીત્યની શંકા યુક્ત જ છે.

સિદ્ધાન્તમાં વસ્તુતઃ સુખવ્યક્તિ એક હોવા છતાં ઔપાધિક ભેદ માનવામાં આવે છે તેથી સુખત્વનું જાતિ હોવું અક્ષત છે માટે વિપરીતપક્ષ શક્ય નથી એમ મનમાં રાખીને બીજો દોષ બતાવ્યો છે—લોકમાં જોઈએ છીએ કે ક્ષણિક સુખની ખાતર લાંબા કાળ સુધી દુઃખાનુભવ સ્વીકારીને પણ અગમ્યાગમન આદિ નિંદિત અને પાપી કૃત્યમાં માણસો પ્રવૃત્ત થાય છે. જો દુઃખાભાવ જ સ્વતઃપુરુષાર્થ હોય તો આ પ્રવૃત્તિ સંભવે નહિ. સુખ દુઃખાભાવને શેષ છે, તેનું અંગ છે એ પક્ષમાં સુખકાલીન જે દુઃખાભાવ છે તેની જ પ્રતિ સુખ શેષ છે એમ કહેવું પડશે કારણ કે અન્ય સમયના દુઃખાભાવ પ્રતિ તે સુખ શેષ હોઈ શકે નહિ. અને આમ ક્ષણિક સુખ સમયનો દુઃખાભાવ જે ક્ષણિક છે તેને લક્ષ્યમાં રાખીને લાંબા કાળ સુધીના દુઃખનો અનુભવ કોઈ સ્વીકારે નહિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શંકા થાય કે સુખને સ્વત પુરુષાર્થ માનવામાં આવે તો પણ ક્ષણિક સુખને અર્થે લાંબા કાળ માટે દુઃખનો અનુભવ કોઈ સ્વીકારે નહિ એ દોષ સમાન છે. પણ આ શંકા બરાબર નથી કારણ કે ભાવરૂપ સુખમાં ઉત્કર્ષ અને અપકર્ષ શક્ય છે તેથી એક ક્ષણ માટેના પણ અત્યંત ઉત્કૃષ્ટ સુખને માટે લાંબા સમય સુધીના દુ.ખનો અનુભવ લોકો સ્વીકારે એ ઉપપન્ન છે શંકા થાય કે દુઃખાભાવ સ્વતઃપુરુષાર્થ છે એ પક્ષમાં પણ ક્ષણિક સુખ સમયના દુઃખાભાવમાં ઉત્કર્ષ કલ્પી લો તો શો વાંધો છે. આનો ઉત્તર છે કે અભાવને ઉત્કર્ષ આદિનો આશ્રય માનવામાં નથી આવતો. આમ દુઃખાભાવ સ્વતઃપુરુર્ષાથ ન હોઈ શકે તેથી અવિદ્યાનિવૃત્તિની જેમ સંસારદુઃખની નિવૃત્તિ સુખનો શેષ છે અને સ્વરૂપભૂત અનવચ્છિન્ન આનંદની પ્રાપ્તિ એ જ સ્વતઃપુરુષાર્થ છે. (૩)

**(४) नन्वनवच्छिन्नानन्दः प्रत्यग्रूपतया नित्यमेव प्राप्तः । सत्यम् । नित्यप्राप्तोऽपि अनवच्छिन्नानन्दस्तमावृत्य तद्विपरीतमर्थं प्रदर्शयन्त्या अविद्यया संसारदशायामसत्कल्पत्वं नीत इत्यकृतार्थताऽभूत् । निवर्तितायां च तस्यां निरस्तनिखिलानर्थविक्षेपे स्वकण्ठगतविस्मृतकनकाभरणवत् प्राप्यते इवेत्यौपचारिकी तस्य प्राप्तव्यतेति केचित् ॥४॥**

(૪) શંકા થાય કે અનવચ્છિન્ન આનંદ સ્વરૂપભૂત હોવાથી નિત્ય જ પ્રાપ્ત છે. આનો ઉત્તર છે સાચું. (પણ) અનવચ્છિન્ન આનંદ નિત્ય–પ્રાપ્ત હોવા છતાં તેનું આવરણ કરીને તેનાથી વિપરીત (દુઃખાત્મક સંસાર)ને બતાવનારી અવિદ્યાથી સંસાર–દશામાં તે નહિવત્ બનાવી દેવામાં આવ્યો છે તેથી અકૃતાર્થતા થઈ (-પૂર્ણ આનન્દની અપ્રાપ્તિ થઈ). અને તે (અવિદ્યાનો નાશ કરવામાં આવતાં સમગ્ર અનર્થરૂપ વિક્ષેપનો નિરાસ કરાતો હોવાથી પોતાના ગળામાં રહેલા પણ ભુલાઈ ગયેલા સોનાના અલંકારની જેમ તે જાણે કે પ્રાપ્ત થાય છે માટે તેની પ્રાપ્તવ્યતા (તેનું પ્રાપ્તિનો વિષય હોવું, તેને મેળવવાપણું) ઔપચારિક (ગૌણ) છે એમ કેટલાક કહે છે.

**વિવરણ :** અનવચ્છિન્ન આનંદ જીવનું પોતાનું સ્વરૂપ છે તેથી તે નિત્ય પ્રાપ્ત છે અને વાસ્તવમાં તેને મેળવવાપણું રહેતું નથી. પણ અવિદ્યા તેનું આવરણ કરે છે અને સંસારદુઃખરૂપ અનર્થનો વિક્ષેપ કરે છે તેથી તે નિત્ય પ્રાપ્ત આનંદ જાણે કે અપ્રાપ્ત હોય તેવો બની જાય છે. સોનાનો હાર ગળામાં જ હોવા છતાં તે વાત ભુલાઈ જતાં સ્ત્રી શોધ કરવા લાગી જાય અને તેનો ખ્યાલ આવતાં તેને એમ લાગે કે તેની પ્રાપ્તિ થઈ છે પણ વાસ્તવમાં તે પ્રાપ્ત જ હોય છે તેના જેવું જ આ સ્વરૂપભૂત અનવચ્છિન્ન આનંદનું છે. અવિદ્યાની નિવૃત્તિ થતાં તેનાથી વિક્ષિપ્ત સંસારરૂપ અનર્થની પણ નિવૃત્તિ થાય છે અને આનંદ જાણે કે પ્રાપ્ત થયો હોય એમ લાગે છે, જો કે વાસ્તવમાં તે નિત્ય પ્રાપ્ત જ હોય છે. આમ આનંદની પ્રાપ્તિનું કથન ઔપચારિક કે ગૌણ અર્થમાં સમજવાનું છે. ખરી રીતે તો આનંદ નિત્ય પ્રાપ્ત જ છે—એમ કેટલાક કહે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अन्ये तु—संसारदशायां 'नास्ति न प्रकाशते' इति व्यवहारयोग्यत्वरूपाज्ञानावरणप्रयुक्तस्य 'मम निरतिशयानन्दो नास्ति' इति प्रत्ययस्य सर्वसिद्धत्वात् तदालम्बनभूतः कश्चिद् ब्रह्मानन्दस्याभावः काल्पनिको यावदविद्यमनुवर्तते । अविद्यानिवृत्तौ च तन्मूलत्वान्निवर्तते इति 'यस्मिन् सत्यग्रिमक्षणे' इत्यादिलक्षणानुरोधेन मुख्यमेव तस्य प्राप्यत्वमित्याहुः ॥

જ્યારે બીજાઓ કહે છે કે સંસારદશામાં '(નિરતિશય આનંદ) નથી, નથી પ્રકાશતો' એ વ્યવહારને યોગ્ય હોવારૂપ અજ્ઞાનના આવરણથી પ્રયુક્ત 'મારો નિરતિશય આનંદ નથી' એ જ્ઞાન સર્વસિદ્ધ હોવાથી તેના આલંબનરૂપ કોઈ બ્રહ્માનન્દનો કાલ્પનિક એવો અભાવ અવિદ્યા રહે ત્યાં સુધી અનુવૃત્ત રહે છે. અને અવિદ્યાની નિવૃત્તિ થતાં તન્મૂલક (અવિદ્યામૂલક) હોવાને કારણે (બ્રહ્માનન્દનો કાલ્પનિક અભાવ) નિવૃત્ત થાય છે; માટે 'જે હોતાં ઉત્તર ક્ષણમાં' ઇત્યાદિ લક્ષણના અનુરોધથી (બ્રહ્માનન્દ) ની પ્રાપ્યતા મુખ્ય છે.

વિવરણ : 'एतस्यैवानन्दस्यान्यानि भूतानि मात्रामुपजीवन्ति' (બૃહદ્. ૪ ૩ ૩૨) 'आनन्दं ब्रह्मणो विद्वान्' (તૈત્તિ. ૨.૯) ઇત્યાદિ વેદાંતવાક્યોથી પ્રતિપાદિત જે નિરતિશય આનંદ તે નથી એવો અનુભવ સર્વને થાય છે. અને આમ સ્વસ્વરૂપ હોવાને લીધે તેવો આનંદ નિત્ય જ વિદ્યમાન હોવા છતાં તેના અભાવનું જ્ઞાન જોવામાં આવે છે. તેથી એ આનંદનો વાસ્તવમાં અભાવ સંભવતો ન હોવા છતાં અવિદ્યાકૃત આવરણને અધીન જેની સ્થિતિ છે તેવો અનાદિ કાલ્પનિક અભાવ આનંદના અભાવના જ્ઞાનનો વિષય છે એમ માનવું પડશે. અને આ બ્રહ્માનન્દનો અભાવ અવિદ્યા ટકે ત્યાં સુધી ટકે છે 'નિરતિશય આનંદ નથી પ્રકાશતો, અપ્રકાશમાન હોવાને કારણે તે નથી જ એ વ્યવહાર સદા થતો ન હોવાથી અને આવરણ સદા હોવાથી 'યોગ્યત્વ' સુધીનું વચન છે એમ સમજવાનું છે —આવો વ્યવહાર ન થતો હોય તો પણ થઈ શકે ખરો. यस्मिन् सति अग्रिमक्षणे यस्य सत्त्वम्, यदभावे च यस्य अभावः तत् तत्साध्यम्—જે હોતાં ઉત્તર ક્ષણમાં જેનું અસ્તિત્વ શક્ય હોય અને જેના અભાવમાં જેનો અભાવ હોય તે તેનાથી સાધ્ય છે—એ લક્ષણ અનુસાર બ્રહ્મજ્ઞાન હોય તો ઉત્તર ક્ષણમાં નિરતિશય આનંદનું અસ્તિત્વ હોય છે અને જ્ઞાનના અભાવમાં ઉક્ત આનંદનો અભાવ હોય છે તેથી જ્ઞાનથી એ સાધ્ય છે. માટે નિરતિશય આનંદ પ્રાપ્ત હોવા છતાં મુખ્ય અર્થમાં તે પ્રાપ્ય છે, તેને ખરેખર મેળવવાપણું છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अपरे तु—अवेद्यस्यापुरुषार्थत्वात् संसारदशायां सदप्यनवच्छिन्नसुखमापरोक्ष्याभावान्न पुरुषार्थः । न च स्वरूपज्ञानेनापरोक्ष्यं तदाऽप्यस्ति, तस्य सर्वदा स्वरूपसुखाभिन्नत्वात् । वृत्तिज्ञानेनापरोक्ष्यं तु न मुक्तावपीति वाच्यम् । न हि स्वव्यवहारानुकूलचैतन्याभेदमात्रमापरोक्ष्यम् । घटावच्छिन्नचैतन्याभिव्यक्तौ तदभिन्नस्य घटगन्धस्यापि आपरोक्ष्यापत्तेः । किं त्वनावृतार्थस्य तदभेदः । तथा चानावृतत्वांशस्तत्त्वसाक्षात्कारे सत्येवेति निरतिशयसुखापरोक्ष्यस्य पुरुषार्थस्य विद्याप्राप्यत्वं युक्तमित्याहुः ।

જ્યારે બીજાઓ કહે છે કે જે અવેદ્ય છે તે પુરુષાર્થ ન હોઈ શકે તેથી સંસારદશામાં અનવચ્છિન્ન સુખ હોવા છતાં તે અપરોક્ષ નથી માટે તે પુરુષાર્થ નથી અને એવી દલીલ કરવી નહિ કે "સ્વરૂપજ્ઞાનથી અપરોક્ષતા ત્યારે (સંસારદશામાં) પણ છે કારણ કે તે (સ્વરૂપજ્ઞાન) સર્વદા સ્વરૂપસુખથી અભિન્ન છે; જ્યારે વૃત્તિજ્ઞાનથી અપરોક્ષતા તો મુક્તિમાં પણ નથી." (આ દલીલ બરાબર નથી) કારણ કે પોતાના વ્યવહારને અનુકૂલ ચૈતન્યથી અભેદ માત્ર અપરોક્ષત્વ નથી, કેમ કે (એમ હોય તો) ઘટથી અવચ્છિન્ન ચૈતન્યની અભિવ્યક્તિ થતાં તેનાથી અભિન્ન ઘટગંધની પણ અપરોક્ષતા પ્રસક્ત થાય (—ઘટની ગંધને પણ અપરોક્ષ માનવી પડે કારણ કે તે અભિવ્યક્ત ચૈતન્યથી અભિન્ન છે). પરંતુ અનાવૃત અર્થનો તેનાથી (અનાવૃત ચૈતન્યથી) અભેદ એ જ તેની અપરોક્ષતા છે. અને આમ (નિરતિશય સુખમાં) અનાવૃતત્વ અંશ તત્ત્વસાક્ષાત્કાર થાય તો જ સંભવે છે, માટે નિરતિશય સુખના અપરોક્ષત્વરૂપ પુરુષાર્થ વિદ્યાથી પ્રાપ્ય હોય એ યુક્ત છે.

**વિવરણ :** અહીં જે મત રજૂ કર્યો છે તેમાં પૂર્વમતથી વિશેષતા એ છે કે પૂર્વમતમાં બ્રહ્માનંદનું સ્વરૂપ જ પુરુષાર્થ છે જ્યારે આ મતમાં બ્રહ્માનન્દની અપરોક્ષતા પુરુષાર્થ છે અને એ અપરોક્ષત્વ અવિદ્યાની નિવૃત્તિ દ્વારા વિદ્યાથી સાધ્ય છે; તે વિદ્યાના ઉદયની પહેલાં હોતું નથી.

શંકા થાય કે વિદ્યાથી પ્રાપ્ય આનન્દાપરોક્ષત્વ સ્વપ્રકાશ ચૈતન્યરૂપ હોઈ શકે, કે વૃત્તિરૂપ હોઈ શકે; પણ આ બેમાંથી કોઈ રીતે તે સંભવતું નથી. પોતાના વ્યવહારને અનુકૂલ ચૈતન્યથી અભિન્ન હોવું તેને જો નિરતિશય આનંદનું અપરોક્ષત્વ કહેવાનું હોય તો સંસારદશામાં બ્રહ્માનંદ આવૃત હોવા છતાં તેવું અપરોક્ષત્વ તેનું છે જ કારણ કે બ્રહ્માનંદના વ્યવહારને અનુકૂલ સાક્ષિ-ચૈતન્યથી અભેદ બ્રહ્માનંદમાં સદા હોય છે; તેથી તે જ્ઞાનથી પ્રાપ્ય નથી. અને વૃત્તિરૂપ અપરોક્ષત્વ તો મુક્તિમાં પણ નથી.

આ શંકાનું સમાધાન એ છે કે અપરોક્ષત્વના શરીરમાં પ્રવિષ્ટ જે અનાવૃતત્વની નિવૃત્તિ તેના સંપાદન દ્વારા બ્રહ્માનન્દનું અપરોક્ષત્વ વિદ્યાસાધ્ય છે. શબ્દથી અપરોક્ષ જ્ઞાન થાય છે એ વાદ અનુસાર પોતાના વ્યવહારને અનુકૂલ ચૈતન્યથી અભિન્ન હોવા માત્રથી કોઈ વસ્તુ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અપરોક્ષ નથી બનતી. કારણ કે તેમ હોય તો ઘટાવચ્છિન્ન ચૈતન્યની અભિવ્યક્તિ થતાં એ અભિવ્યક્ત ચૈતન્યથી અભિન્ન ઘટગન્ધનું પણ અપરોક્ષત્વ થવું જોઈએ. પણ અપરોક્ષત્વ એટલે અનાવૃત અર્થનું અનાવૃત ચૈતન્યથી અભિન્નત્વ તત્ત્વસાક્ષાત્કાર થાય ત્યારે નિરતિશય સુખમાં અનાવૃતત્વ અંશ સંભવે છે તેથી ચૈતન્યરૂપ (—વૃત્તિરૂપ નહિ—) નિરતિશય સુખાપરોક્ષત્વ પુરુષાર્થ છે અને તે વિદ્યાથી પ્રાપ્ય છે. માટે મુક્તિમાં નિરતિશય સુખનું અપરોક્ષત્વ સંભવતું નથી એમ નથી.

**इतरे तु—अस्तु व्यवहारानुकूलचैतन्याभेदमात्रमापरोक्ष्यम् । तथाऽप्यज्ञानमहिम्ना जीवभेदवच्चिदानन्दभेदोऽपि अध्यस्त इति संसारदशायां पुरुषान्तरस्य पुरुषान्तरचैतन्यापरोक्ष्यवद् अनवच्छिन्नसुखापरोक्ष्यमपि नास्ति । अज्ञाननिवृत्तौ तु चिदानन्दभेदप्रविलयात् तदापरोक्ष्यमिति तस्य विद्यासाध्यत्वमित्याहुः ॥४॥**

જ્યારે બીજા કહે છે કે ભલે વ્યવહારને અનુકૂલ ચૈતન્યાભિન્નત્વ માત્ર અપરોક્ષત્વ હોય તો પણ અજ્ઞાનના પ્રભાવથી જીવ-ભેદની જેમ ચિત્ અને આનંદનો ભેદ પણ અધ્યસ્ત છે એટલે સંસારદશામાં જેમ એક પુરુષનું ચૈતન્ય બીજા પુરુષને અપરોક્ષ નથી હોતું તેમ અનવચ્છિન્ન સુખનું અપરોક્ષત્વ પણ નથી હોતું. પણ અજ્ઞાનની નિવૃત્તિ થતાં ચિત્ અને આનંદના ભેદના પ્રવિલયને કારણે તેનું અપરોક્ષત્વ થાય છે તેથી તે વિદ્યાથી સાધ્ય છે. (૪)

**વિવરણ** : આ મતમાં અપરોક્ષત્વ એટલે વ્યવહારને અનુકૂલ ચૈતન્યાભિન્નત્વ માત્ર. આ લક્ષણમાં અનાવૃતત્વને અર્થનું વિશેષણ માનવાની આવશ્યકતા નથી સ્વીકારી. શંકા થાય કે આમ હોય તો ઘટથી અવચ્છિન્ન ચૈતન્યની અભિવ્યક્તિ થતાં તેનાથી અભિન્ન ઘટગન્ધનું પણ અપરોક્ષત્વ થવું જોઈએ. પણ આ શંકા બરાબર નથી. ધર્માદિ સાક્ષીમાં અધ્યસ્ત છે અને તે અનાવૃત સાક્ષિચૈતન્યથી અભિન્ન હોવા છતાં તેનું અપરોક્ષત્વ જોવામાં આવતું નથી; તેની જેમ ઘટગન્ધ પણ અભિવ્યક્ત ઘટાવચ્છિન્ન ચૈતન્યથી અભિન્ન હોવા છતાં તેમાં અપરોક્ષત્વ ન હોય એ ઉપપન્ન છે. એવી દલીલ કરી શકાય નહીં કે ધર્માદિ પ્રત્યક્ષયોગ્ય નથી તેથી તે અપરોક્ષ છે. આ દલીલ યુક્તિયુક્ત નથી કારણ કે આમ હોય તો પ્રકૃતમાં પણ ચાક્ષુષવૃત્તિથી અભિવ્યક્ત ચૈતન્ય પ્રતિ ફળના બળે ગન્ધને અયોગ્ય કલ્પવાથી (—ગંધ ચક્ષુથી ગ્રાહ્ય નથી માટે) તેની અપરોક્ષતાની પ્રસક્તિ નહીં થાય.

શંકા થાય કે એમ હોય તો સ્વરૂપાનન્દનો સદા સ્વવ્યવહારને અનુકૂલ સાક્ષિચૈતન્યથી અભેદ હોવાને કારણે વિદ્યાને અપરોક્ષત્વનું સાધન માનવું યુક્તિયુક્ત નથી. આ શંકાનું સમાધાન એ છે કે સ્વવ્યવહારને અનુકૂલ ચૈતન્યથી અભેદ એ જ અપરોક્ષત્વ એમ માનીએ તો પણ કોઈ હાનિ નથી. જેમ એક પુરુષને બીજા પુરુષનું ચૈતન્ય અપરોક્ષ નથી હોતું

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેમ સંસારદશામાં જીવને અનવચ્છિન્ન આનંદનું અપરોક્ષત્વ પણ નથી જેમ જીવોનો અજ્ઞાનમૂલક અનાદિ પરસ્પર-ભેદ છે તેમ સાક્ષિચૈતન્ય અને બ્રહ્માનંદનો પણ અજ્ઞાનથી અધ્યસ્ત અનાદિ ભેદ છે તેથી બ્રહ્માનંદનો પોતાના વ્યવહારને અનુકૂલ સાક્ષિચૈતન્યથી અભેદ ન હોવાથી, અર્થાત્ વાસ્તવ અભેદ પરસ્પરભિન્ન જીવોમાં સર્વસાધારણ વિદ્યમાન હોવા છતાં તે અકિંચિત્કર હોવાથી બ્રહ્માનંદનું અપરોક્ષત્વ નથી. તત્ત્વજ્ઞાન અજ્ઞાન અને તેનાથી પ્રયુક્ત ભેદનો નાશ કરે છે અને તે દ્વારા અનવચ્છિન્ન આનંદના અપરોક્ષત્વનું સંપાદક બને છે. આને કારણે તેવું આનંદાપરોક્ષત્વ તત્ત્વજ્ઞાનથી સાધ્ય માનવામાં આવે તો તે યુક્ત છે. (૪)

(५) अथ विद्योदये सत्युपाधिविलयादपेतजीवभावस्य किमीश्वरभावापत्तिर्भवति, उत शुद्धचैतन्यमात्ररूपेणावस्थानम् इति विवेचनीयम् ।

उच्यते— एकजीववादे तदेकाज्ञानकल्पितस्य जीवेश्वरविभागादिकृत्स्नभेदप्रपञ्चस्य तद्विद्योदये विलयान्निर्विशेषचैतन्यरूपेणैवावस्थानम् ।

(૫) હવે શંકા થાય કે વિદ્યાનો ઉદય થતાં ઉપાધિનો વિલય થવાથી જેનો જીવભાવ જતો રહ્યો છે તે (મુક્ત) શું ઈશ્વરરૂપ થશે કે શુદ્ધ ચૈતન્યમાત્ર રૂપથી રહેશે એનું વિવેચન કરવું જોઈએ

કહીએ છીએ—એકજીવવાદમાં તે (એક જીવ)ના એક અજ્ઞાનથી કલ્પિત જીવ-ઈશ્વરના વિભાગ આદિ સકલભેદ-પ્રપંચનો તે (જીવ)ના વિદ્યાનો ઉદય થતાં વિલય થાય છે તેથી નિર્વિશેષ ચૈતન્યરૂપે જ રહેશે.

**વિવરણ :** વિદ્યાનો ઉદય થતાં ઉપાધિનો લય થવાથી જીવભાવ જતો રહે ત્યારે જે જીવ હતો તે ઈશ્વરરૂપે રહે કે શુદ્ધ ચૈતન્યરૂપે જ રહે? આ પ્રશ્નનો એક ઉત્તર નહીં આપી શકાય. એકજીવવાદ અને અનેકજીવવાદની દૃષ્ટિએ જુદું જુદું વિવેચન કરવું પડશે. એકજીવવાદમાં જીવ એક હોવાથી તેનું મૂળ અજ્ઞાન પણ એક જ છે અને આમ તે એક જીવને જ્યાં ક્યાંય અન્તઃકરણમાં તત્ત્વસાક્ષાત્કારનો ઉદય થતાં દેવ, તિર્યક્, મનુષ્ય આદિ સર્વ પ્રમાતાને સાધારણ અજ્ઞાનનો તેનાં કાર્યો સાથે તે જ ક્ષણે નિઃશેષ નાશ થાય છે તેથી શુદ્ધ ચૈતન્યમાત્ર રહે છે.

શંકા થાય કે શુક આદિના અન્તઃકરણમાં ઉત્પન્ન થયેલા તત્ત્વજ્ઞાનથી જ જો સર્વ પ્રમાતાને સાધારણ સંસારનો તેના મૂળ અજ્ઞાન સાથે નાશ થઈ ગયો હોય તો સંસારની ઉપલબ્ધિ ન થવી જોઈએ, જ્યારે આપણે તો સંસારની અનુવૃત્તિ અનુભવીએ છીએ. આ શંકાનું સમાધાન એ છે કે શુક આદિની મુક્તિમાં પ્રમાણ નથી અને શુક આદિની મુક્તિનું પ્રતિપાદન કરનાર શાસ્ત્રનું બીજું તાત્પર્ય છે એ અગાઉ બતાવ્યું છે. તેથી સંસારની અનુવૃત્તિને કારણે કોઈ અનુપપત્તિ નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अनेकजीववादमभ्युपगम्य बद्धमुक्तव्यवस्थाऽङ्गीकारेऽपि यद्यपि कस्यचिद् विद्योदये तदविद्याकृतप्रपञ्चविलयेऽपि बद्धपुरुषान्तराविद्याकृतो जीवेश्वरविभागादिप्रपञ्चोऽनुवर्तते, तथाऽपि 'जीव इवेश्वरोऽपि प्रतिबिम्बविशेषः' इति पक्षे मुक्तस्य बिम्बभूतशुद्धचैतन्यरूपेणैवावस्थानम् । अनेकोपाधिष्वेकस्य प्रतिबिम्बे सति एकोपाधिविलये तत्प्रतिबिम्बस्य बिम्बभावेनैवावस्थानौचित्येन प्रतिबिम्बान्तरत्वापत्त्यसम्भवात् । तत्सम्भवे कदाचिज्जीवरूपप्रतिबिम्बान्तरत्वापत्तेरपि दुर्वारत्वेनावच्छेदपक्ष इव मुक्तस्य पुनर्बन्धापत्तेः । अत एवानेकजीववादे अवच्छेदपक्षो नाद्रियते । यदवच्छेदेन मुक्तिस्तदवच्छेदेनान्तःकरणान्तरसंसर्गे पुनरपि बन्धापत्तेः ।

**અનેકજીવવાદ** સ્વીકારીને બદ્ધ અને મુક્તની વ્યવસ્થાનો અંગીકાર કરવામાં આવે તેમાં પણ જો કે કોઈના જ્ઞાનનો ઉદય થતાં તેની અવિદ્યાથી કરવામાં આવેલા પ્રપંચનો વિલય થાય તોય બદ્ધ એવા અન્ય પુરુષોની અવિદ્યાથી કરવામાં આવેલા જીવ–ઈશ્વર વિભાગ આદિ પ્રપંચની અનુવૃત્તિ રહે છે, તો પણ 'જીવની જેમ ઈશ્વર પણ પ્રતિબિંબવિશેષ છે' એ પક્ષમાં મુક્ત બિંબભૂત શુદ્ધ ચૈતન્યરૂપે જ રહેશે, કારણ કે અનેક ઉપાધિઓમાં એક(બ્રહ્મચૈતન્ય)નું પ્રતિબિંબ હોય તો એક ઉપાધિનો વિલય થતાં તેમાંનું પ્રતિબિંબ બિંબભાવે જ રહે એ ઉચિત હોવાથી તેણે બીજું પ્રતિબિંબ બની જવું જોઈએ એ આપત્તિ સંભવતી નથી. તેનું કારણ એ છે કે તે (પ્રતિબિંબાન્તરભાવની આપત્તિ) સંભવતી હોય તો ક્યારેક જીવરૂપ અન્ય પ્રતિબિંબ બની જાય એ આપત્તિ પણ ટાળવી મુશ્કેલ હોવાથી અવચ્છેદપક્ષમાં થાય છે તેમ મુક્તને ફરી બન્ધની આપત્તિ થાય. માટે જ અનેકજીવવાદમાં અવચ્છેદપક્ષનો આદર કરવામાં નથી આવતો (—તેને સ્વીકારવામાં નથી આવતો) કેમ કે જે (ચૈતન્યપ્રદેશ)ના અવચ્છેદથી મુક્તિ થઈ હોય તેના અવચ્છેદથી (ત્યાં ચૈતન્યમાં) અન્ય અન્તઃકરણનો સંસર્ગ થતાં ફરીવી પણ બંધની આપત્તિ થાય.

**વિવરણ** : વ્યાખ્યાકાર **કૃષ્ણાનંદતીર્થ** કહે છે કે **અપ્પય્યદીક્ષિતને એકજીવવાદ** પસંદ નથી એમ સૂચવવા તેઓ **નાનાજીવવાદ**નો પુરસ્કાર કરે છે. **નાનાજીવવાદ**માં મુક્તને ઈશ્વરભાવની આપત્તિ સંભવે છે એમ યદ્યપિ...થી બતાવ્યું છે. **નાનાજીવવાદમાં** મુક્તને સર્વની મુક્તિ થાય ત્યાં સુધી અન્ય બદ્ધ પુરુષોની અવિદ્યાથી કૃત ઈશ્વરભાવની આપત્તિ સંભવે છે.

**શંકા** : આ પ્રમાણે 'यद्यपि...' એ ઉક્તિ બરાબર નથી કારણ કે તે ઉક્તિથી જો કે ઈશ્વરભાવની આપત્તિ સંભવે છે તો પણ નથી સંભવતી એવી પ્રતીતિ થાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉત્તર : આ દોષ નથી. **નાનાજીવવાદ** અનેકવિધ છે. અને આમ સર્વ **અનેકજીવવાદોમાં** મુક્તને ઈશ્વરભાવની આપત્તિ સંભવતી નથી એમ 'यद्यपि...' એ ઉક્તિનું તાત્પર્ય છે. આ જ तथापि...(તોપણ) ઇત્યાદિથી સમજાવ્યું છે. વિદ્યાનો ઉદય થાય ત્યારે અનેક ઉપાધિઓમાંથી એક ઉપાધિનો લય થતાં તેમાનું પ્રતિબિંબ બિંબમાત્રથી જ રહેશે; તે પ્રતિબિંબવિશેષરૂપ ઈશ્વરરૂપથી નહી રહે. જો પ્રતિબિંબભૂત બિંબ બની જાય છે એ નિયમ છોડીને એ બીજું પ્રતિબિંબ બની શકે એમ માનવામાં આવે તો ફરી બંધના આપત્તિ આવશે. પૂર્ણ ચૈતન્યમાં જે ચૈતન્યપ્રદેશના અવચ્છેદથી મુક્તિ થઈ હોય તે પ્રદેશના અવચ્છેદથી ત્યાં ચૈતન્યમાં જો બીજી ઉપાધિ સાથે સંબંધ થાય તો ફરી બંધની આપત્તિ આવે એવો અર્થ છે; જે ચૈતન્યપ્રદેશ મુક્ત થયો છે તેનો ફરી બંધ થવાની શક્યતા માનવી પડે. માટે જ **અનેકજીવવાદમાં અવચ્છેદવાદને** આવકાર નથી સાંપડયો.

**કૃષ્ણાનંદતીર્થ** કહે છે કે આ બાબતમાં થોડો વિચાર કરવો ઘટે. ચૈતન્ય તો સ્વતઃ નિત્યમુક્ત છે. તે અનાદિ અવિદ્યાથી ઉપાધિથી અવચ્છિન્ન હોય કે ઉપાધિથી ઉપહિત હોય ત્યારે તે જીવ બને છે અને તેનો બંધ થાય છે એ સ્થિતિ છે. અને આમ મુક્તિની પહેલાં જે ઉપાધિને અધીન ચૈતન્યપ્રદેશનો બંધ હતો તેને ફરી બંધની પ્રસક્તિ સ્વીકારી શકાય જ નહિ, કારણ કે મુક્તિકાળમાં તે ઉપાધિની નિવૃત્તિ થવાથી તેને પરતંત્ર અને પહેલા બંધનો આશ્રય એવો જે જીવભૂત ચૈતન્યપ્રદેશ તેની પણ નિવૃત્તિ થઈ જાય છે. તેથી તેને ફરી બંધ થઈ શકે નહિ; તેમ મુક્ત એવા શુદ્ધ ચૈતન્યને પણ બંધની પ્રસક્તિ સંભવતી નથી. કેમ કે તેનો અન્ય બદ્ધ જીવની ઉપાધિ સાથે સંબંધ થતાં તે બીજો જીવ બને તો પણ 'પહેલાં જે બદ્ધ હોઈને મુક્તિ પામ્યા તેને બંધની પ્રસક્તિ નથી તેથી તેને 'ફરી બંધની આપત્તિ થશે એમ કહેવું બરાબર નથી. વળી મુક્ત ચૈતન્ય અન્ય અન્તઃકરણ સાથે સંબંધમાં આવતાં તે ઉપાધિવાળો જીવ બને ત્યારે 'જે હું પહેલાં સંસારી હોઈને કોઈક રીતે મુક્ત બન્યો તે હું ફરી સંસારી બન્યો છું' એવું અનુસંધાન સંભવતું નથી, કેમ કે મુક્ત જીવ અને બદ્ધ જીવની એક ઉપાધિ નથી હોતી. તેથી બીજો જીવ બની જવાની આપત્તિ બતાવી છે તે અકિંચિત્કર છે તેથી દૂષણરૂપ નથી. એ જ રીતે પૂર્વોક્ત મુક્તના પ્રતિબિંબરૂપ અન્ય જીવ બની જવાની પ્રસક્તિ પણ અકિંચિત્કર છે.

(વ્યાખ્યાકાર કૃષ્ણાનંદ સૂક્ષ્મ વિવેચક છે તેમાં શંકાને સ્થાન નથી!).

'प्रतिबिम्बो जीवः, बिम्बस्थानीय ईश्वरः, उभयानुस्यूतं शुद्धचैतन्यम्' इति पक्षे तु मुक्तस्य यावत्सर्वमुक्ति सर्वज्ञत्वसर्वकर्तृत्वसर्वेश्वरत्वसत्यकामत्वादिगुणपरमेश्वरभावापत्तिरिष्यते । यथा अनेकेषु दर्पणेषु एकस्य मुखस्य प्रतिबिम्बे सति एकदर्पणापनये तत्प्रतिबिम्बो बिम्बभावेनावतिष्ठते, न तु मुखमात्ररूपेण, तदानीमपि दर्पणान्तरसन्निधानप्रयुक्तस्य मुखे बिम्बत्वस्यानपायात्, तथैकस्य ब्रह्मचैतन्यस्यानेकेषूपाधिषु प्रतिबिम्बे सति एकस्मिन् प्रतिबिम्बे विद्योदये तेन तदुपाधिविलये तत्प्रतिबिम्बस्य

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**बिम्बभावेनावस्थानावश्यम्भावात्। न च मुक्तस्याविद्याऽभावात् सत्यकामत्वादिगुणविशिष्टसर्वेश्वरत्वानुपपत्तिः, तदविद्याऽभावेऽपि तदानीं बद्धपुरुषान्तराविद्यासत्त्वात्। न हीश्वरस्येश्वरत्वं सत्यकामादिगुणवैशिष्ट्यं च स्वाविद्याकृतम्, तस्य निरञ्जनत्वात्, किं तु बद्धपुरुषाविद्याकृतमेव तत्सर्वमेष्टव्यम् ।**

'જીવ પ્રતિબિંબ છે, ઈશ્વર બિંબસ્થાનીય છે (અને) ઉભયમાં અનુસ્યૂત શુદ્ધ ચૈતન્ય છે' એ પક્ષમાં તો બધાની મુક્તિ થાય ત્યાં સુધી મુક્ત સર્વજ્ઞત્વ, સર્વકર્તૃત્વ, સર્વેશ્વરત્વ, સત્યકામત્વ આદિ ગુણોવાળા પરમેશ્વરરૂપ બને છે એમ સ્વીકારવામાં આવે છે. જેમ અનેક દર્પણોમાં એક મુખનું પ્રતિબિંબ પડ્યું હોય ત્યારે એક દર્પણ ખસેડી લેતાં તેમાં પડેલું પ્રતિબિંબ બિંબરૂપે રહે છે, પણ મુખમાત્રરૂપે રહેતું નથી, કારણ કે ત્યારે પણ બીજાં દર્પણની હાજરીને કારણે મુખમાં બિંબત્વ જતું રહેતું નથી (—મુખ બિંબરૂપથી ચાલુ રહે છે); તેમ એક બ્રહ્મચૈતન્યનું અનેક ઉપાધિઓમાં પ્રતિબિંબ પડ્યું હોય ત્યારે એક પ્રતિબિંબમાં વિદ્યાના ઉદય થતાં તેનાથી તે (વિદ્વાન જીવ)ની ઉપાધિના વિલય થાય છે તેથી તેમાં પડેલું પ્રતિબિંબ (—મુક્ત થયેલ પ્રતિબિંબ જીવ—) બિંબભાવથી અવશ્ય રહેશે. અને એવી દલીલ કરવી નહિ કે "અવિદ્યાનો અભાવ હોવાથી મુક્ત સત્યકામત્વાદિ ગુણોથી વિશિષ્ટ સર્વેશ્વર હોય એ અનુપપન્ન છે." (આ દલીલ બરાબર નથી) કારણ કે તે(મુક્ત)ની અવિદ્યાનો અભાવ હોય તો પણ ત્યારે અન્ય બદ્ધ પુરુષોની અવિદ્યા વિદ્યમાન છે. એ દેખીતું છે કે ઈશ્વરનું ઈશ્વર હોવું કે સત્યકામ આદિ ગુણોથી વિશિષ્ટ હોવું એ પોતાની અવિદ્યાથી જન્ય નથી, કારણ કે તે નિરંજન (દોષોનો અનાશ્રય) છે; પરંતુ એ બધું બદ્ધ પુરુષોની અવિદ્યાથી જન્ય છે એમ જ માનવું જોઈએ.

**વિવરણ** : શંકા થાય કે અનેક જીવને માનનાર વાદમાં ઈશ્વર પ્રતિબિંબ છે એ પક્ષમાં મુક્ત ઈશ્વરરૂપ હોઈ શકે નહિ; અને અવચ્છેદપક્ષમાં મુક્તિ જ સંભવતી નથી, તો ઈશ્વરરૂપ થવાની વાત જ દૂર રહી. આમ હોય તો કયા પક્ષમાં એમ માનવામાં આવે છે કે મુક્ત ઈશ્વરભાવે રહે છે. આ પ્રશ્નનો ઉત્તર આપતાં કહ્યું છે કે જે પક્ષ એમ માને છે કે જીવ પ્રતિબિંબ છે, ઈશ્વર બિંબ છે અને બંનેમાં શુદ્ધ ચૈતન્ય અનુસ્યૂત છે એ પક્ષમાં બધા બદ્ધ જીવોને મુક્તિ ન મળે ત્યાં સુધી મુક્ત સર્વજ્ઞત્વાદિ ગુણોથી વિશિષ્ટ ઈશ્વરરૂપે રહે છે એમ માનવામાં આવે છે. જ્યારે બધા જીવોની મુક્તિ થશે ત્યારે તો મુક્ત નિર્વિશેષ શુદ્ધ ચૈતન્યમાત્ર રૂપે જ રહેશે, કારણ કે ત્યાં સર્વ ઉપાધિઓનો ચિન્માત્રમાં પૂરેપૂરો લય થતાં જીવ-ઈશ્વર વિભાગ રહેશે નહિ. પણ બધા જીવોની મુક્તિ ન થાય ત્યાં સુધી એક પ્રતિબિંબરૂપ જીવમાં વિદ્યાનો ઉદય થતાં તે વિદ્યાના ઉદયથી તે વિદ્વાનની ઉપાધિનો લય થશે અને તે મુક્ત થયેલ પ્રતિબિંબ-જીવ હવે ઈશ્વરરૂપે રહેશે.

શંકા થાય કે મુક્ત તો ઉપાધિ વિનાનો થઈ ગયો છે તો તેનું ઐશ્વર્ય કેવી રીતે સંભવે? આનો ઉત્તર એ છે કે તેની અવિદ્યા ભલે ન રહી હોય પણ અન્ય બદ્ધ જીવોની અવિદ્યા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તો રહી જ છે અને તેની અપેક્ષાએ ચૈતન્ય બિંબરૂપે, ઈશ્વરરૂપે જ ચાલુ રહે છે. અહીં અવિદ્યાઓ અનેક છે એવા વ્યવહારથી અનેક જીવો અનેક અવિદ્યાઓમાં પ્રતિબિંબરૂપ છે, જ્યારે અન્તઃકરણો તેમના કર્તૃત્વ આદિની ઉપાધિ છે એમ સૂચવ્યું છે. અને આમ મુક્તનું ઐશ્વર્ય અવિદ્યાપ્રયુક્ત છે એમ માન્યું છે. તેથી પરમાર્થતઃ મુક્તિ સદા એકરૂપ જ છે માટે બ્રહ્મસૂત્રના ત્રીજા અધ્યાયના અન્તિમ અધિકરણમાં નિર્ગુણ વિદ્યાના ફલભૂત મુક્તિની એકરૂપતાનું પ્રતિપાદન છે તેનો કોઈ વિરોધ થતો નથી એવો ભાવ છે.

શંકા થાય કે જેમ જીવનું સંસારીપણું તેની પોતાની અવિદ્યાથી જન્ય છે. તેમ ઈશ્વરનું ઈશ્વરપણું (તેનું ઐશ્વર્ય) તેની પોતાની ઉપાધિથી જન્ય હોવું જોઈએ અને મુક્તને તો પોતાને કોઈ ઉપાધિ રહેતી નથી તેથી તેનું ઐશ્વર્ય સંભવે નહિ. આ શંકાનો ઉત્તર આપતાં કહે છે : શું અવિદ્યા ઈશ્વરની ઉપાધિ છે, કે અવિદ્યાથી ભિન્ન માયા તેની ઉપાધિ છે ? આ બંને પક્ષ યુક્ત નથી; અવિદ્યાઓમાં બિંબભૂત ચૈતન્યનું જીવોમાં આશ્રિત અવિદ્યાઓથી ઐશ્વર્ય સંભવે છે તેથી તેમનાથી ભિન્ન માયાને ઉપાધિ કલ્પવાનું વ્યર્થ બને છે. વળી, તે તે જીવગત તત્ત્વજ્ઞ નથી તે તે અવિદ્યાની નિવૃત્તિ થતી જશે એ ક્રમથી બધા જીવોની મુક્તિ થશે તે પછી પણ માયાનો નાશ કરનાર કોઈ ન હોવાથી ત્યારે પણ માયા બાકી રહેશે એમ માનવું પડશે. અવિદ્યાઓનો પણ બિંબભૂત ઈશ્વર સાથે સંબંધ છે તેથી તેમની વિક્ષેપશક્તિને પ્રાધાન્ય આપીને ઈશ્વર પાસે એવો નિર્દેશ કરાવ્યો હોય કે मम माया दुरत्यया (ભગવદ્ગીતા ૭.૧૪) તો એ ઉપપન્ન છે इन्द्रो मायाभिः पुरुरूप ईयते (ઋગ્વેદ ૬.૪૭.૧૮; બૃહદ્. ૨.૫.૧૯), यो योनिं योनिम् (શ્વેતા. ૪.૧૧) ઇત્યાદિ શ્રુતિ-વાક્યોથી અવિદ્યાના નાનાત્વની સિદ્ધિ થાય છે તેથી જ્યાં માયામ્ એમ એકવચનથી નિર્દેશ હોય ત્યાં એ જાતિના અભિપ્રાયથી એ ઉપપન્ન છે તેથી અવિદ્યાથી ભિન્ન માયા નથી. અવિદ્યા પણ ઈશ્વરની ઉપાધિ નથી કેમ કે ઈશ્વરનું ઐશ્વર્ય પોતાને આશ્રિત અવિદ્યાથી જન્ય નથી, પણ તે બદ્ધ પુરુષોમાં આશ્રિત અવિદ્યાથી કૃત છે. અવિદ્યાઓ જીવોને આશ્રિત છે; ઈશ્વર દોષોના આશ્રય નથી.

**न च 'यथाक्रतुरस्मिन् लोके पुरुषो भवति तथेतः प्रेत्य भवति (छा. ३.१४.१), 'तं यथा यथोपासते' इत्यादि श्रुतिषु सगुणोपासकानामपीश्वरसायुज्यश्रवणाद् मुक्तेः सगुणविद्याफलाविशेषापत्तिः । सगुणोपासकानामखण्डसाक्षात्काराभावाद् नाविद्यानिवृत्तिः, न वा तन्मूलाहङ्कारादेर्विलयः । आवरणानिवृत्तेर्नाखण्डानन्दस्फुरणम् । 'जगद्व्यापारवर्जं प्रकरणादसन्निहितत्वाच्च' (ब्र. सू. ४.४.१७), 'भोगमात्रसाम्यलिङ्गाच्च' (ब्र. सू. ४.४.२१) इत्यादिसूत्रोक्तन्यायेन तेषां परमेश्वरेण भोगसाम्येऽपि सङ्कल्पमात्रात् स्वभागोपयुक्तदिव्यदेहेन्द्रियवनितादिसृष्टिसामर्थ्येऽपि सकलजगत्सृष्टिसंहारादिस्वातन्त्र्यलक्षणं न निरवग्रहमैश्वर्यम् । मुक्तानां तु निरस्तनिखिलबन्धमीश्वरभावं प्राप्तानां तत्सर्वमिति महतो विशेषस्य**

सद्भावात् । न च परमेश्वरस्य रघुनाथाद्यवतारे तमरित्वदुःखसंसर्गादि-श्रवणाद् मुक्तानामीश्वरभावे पुनर्बन्धापत्तिः । तस्य विप्रशापामोघत्वादि-स्वकृतमर्यादापरिपालनाय कथञ्चिद् भृगुशापादिसत्यत्वं प्रख्यापयितुं नटवदीश्वरस्य तदभिनयमात्रपरत्वात् । अन्यथा तस्य नित्यमुक्तत्वनिरवग्रहस्वातन्त्र्यसमाभ्यधिकराहित्यादिश्रुतिविरोधात् । तस्माद्यावत्सर्वमुक्ति परमेश्वरभावो मुक्तस्येति बिम्बेश्वरभावे न कश्चिद्दोषः ॥

અને "જેવા ક્રતુ (સંકલ્પ)વાળો પુરુષ આ લોકમાં હોય છે તે પ્રમાણે મૃત્યુ પામ્યા પછી થાય છે' (છા. ૩.૧૪.૧), 'તેની જે જે પ્રમાણે ઉપાસના કરે છે' ઇત્યાદિ શ્રુતિઓમાં સગુણના ઉપાસકોને પણ ઈશ્વરના સાયુજ્યનું શ્રવણ છે તેથી મુક્તનો સગુણવિદ્યાના ફલથી ફરક નહીં હોય" એમ માનવાની ફરજ નથી પડતી. તેનું કારણ એ કે સગુણના ઉપાસકોને અખંડ સાક્ષાત્કાર નથી હોતો તેથી અવિદ્યાની નિવૃત્તિ થતી નથી, કે તન્મૂલક (અવિદ્યા જેનું મૂળ છે તેવા) અહંકારાદિનો વિલય થતો નથી. આવરણની નિવૃત્તિ ન થઈ હોવાને કારણે અખંડ આનંદનું સ્ફુરણ થતું નથી. "જગતના વ્યાપાર (સમગ્ર જગતની સૃષ્ટિ, સ્થિતિ, સંહારના કર્તા બનવારૂપ વ્યાપાર)ને છોડીને (બાકી બધું પોતાના ઉપભોગને માટેના ભોગ્યના ઉપકરણ માત્રની સૃષ્ટિના સામર્થ્યરૂપ ઐશ્વર્ય આ ઉપાસકોને પ્રાપ્ત થાય છે) કારણ કે (સૃષ્ટિ વાક્યોમાં પરમાત્મા) પ્રસ્તુત છે અને (ઉપાસકોનું) સંનિધાન નથી" (બ્ર.સૂ. ૪.૪.૧૭), અને (પરમેશ્વરની સાથે) (ઉપાસકોના) ભોગમાત્રના સામ્યનું લિંગ છે." (બ્ર. સૂ. ૪. ૪ ૨૧) ઇત્યાદિ સૂત્રમાં ઉક્ત ન્યાયથી તેમનું પરમેશ્વરની સાથે ભોગનું સામ્ય હોવા છતાં સંકલ્પમાત્રથી પોતાના ભોગને માટે ઉપયોગી દિવ્ય દેહ, ઇન્દ્રિય, વનિતા આદિના સર્જનનું સામર્થ્ય હોવા છતાં સકલ જગતના સૃષ્ટિ, સંહારાદિની બાબતમાં સ્વતંત્ર્યરૂપ અપ્રતિહત ઐશ્વર્ય નથી. જ્યારે મુક્તો જે પૂરેપૂરા ઈશ્વરભાવને પ્રાપ્ત થયેલા છે તેમને તે બધું હોય છે તે મોટો ફરક હોય છે. અને "પરમેશ્વરને રામ આદિ અવતારમાં અજ્ઞાન, દુઃખસંબંધ આદિ થયેલાં એવું શ્રવણ છે તેથી મુક્તોને ઈશ્વરભાવ પ્રાપ્ત થતાં ફરી બન્ધની આપત્તિ છે" એવી શંકા કરવી નહિ. તેનું કારણ એ કે બ્રાહ્મણોના શાપનું અમોઘત્વ, આદિ પોતે કરેલી મર્યાદાના સંપૂર્ણ પાલન માટે કોઈક રીતે (અર્થાત્ સ્વેચ્છાએ) ભૃગુના શાપ આદિના સાચાપણાની ખાતરી કરાવવા માટે નટની જેમ ઈશ્વરનો એ અભિનય માત્ર છે એમ બતાવવા એ શ્રવણ છે. અન્યથા (—આવું ન માનીએ તો—) તેના નિત્યમુક્તત્વ અપ્રતિહત સ્વાતંત્ર્ય, સમ અને અધિકથી રહિત હોવ પણ આદિ અંગે જે શ્રુતિ છે તેનો વિરોધ થાય. તેથી બધા મુક્ત થાય ત્યાં સુધી મુક્તનો પરમેશ્વરભાવ હોય છે માટે બિમ્બેશ્વરભાવમાં કોઈ પણ દોષ નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વિવરણ** : શંકા થાય કે નિર્ગુણબ્રહ્મવિદ્યાના ફલભૂત મુક્તિમાં પણ ઈશ્વરસાયુજ્ય માનવામાં આવે તો સગુણવિદ્યાના ફલથી ફરક ન રહે, તેથી સગુણવિદ્યા અને નિર્ગુણવિદ્યાનો ફળની દૃષ્ટિએ ભેદ ન રહે. શ્રુતિવાક્યો છે કે જેવા ગુણોવાળા ઈશ્વરનું ધ્યાન જે ધરે તેને તેવો ઈશ્વર દેહ પડયા પછી પ્રાપ્ત થાય છે. સગુણના ઉપાસકને માટે કહ્યું છે કે 'એ સ્વારાજ્યને પ્રાપ્ત કરે છે' (प्राप्नोति स्वाराज्यम्–તૈત્તિ. ૧.૬). તેથી બ્રહ્મલોકને પ્રાપ્ત થયેલાઓને નિર્ગુણવિદ્યાનો આશ્રય લેવો વ્યર્થ છે. આ શંકાનો ઉત્તર અહીં આપ્યો છે. ઈશ્વરભાવ પ્રાપ્ત થયેલા મુક્તોને ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે. પણ સગુણોપાસકોને પોતાના ભોગને માટે ઉપયોગી થાય તેવાં સાધનોની જ સૃષ્ટિ કરી શકે એવું સામર્થ્ય પ્રાપ્ત થાય છે: પણ સમગ્ર જગત્‌ની ઉત્પત્તિ આદિના સ્વતંત્ર રીતે કર્તા બનવારૂપ ઐશ્વર્ય તો નિત્યસિદ્ધ ઈશ્વરનું જ હોય છે; સકલ જગત્‌નું સર્જન આદિ કરવાનું તેમને માટે શક્ય નથી 'आत्मनः आकाशः सम्भूतः (તૈત્તિ. ૨.૧) ઇત્યાદિ સૃષ્ટિવિષયક વાક્યોમાં પરમેશ્વરની જ વાત ચાલે છે; ઉપાસકો ત્યાં અસંનિહિત છે તેથી સગુણોપાસકોનું નિરંકુશ ઐશ્વર્ય નથી હોતું હિરણ્યગર્ભના શરીરમાં પ્રવેશ કરીને ભોગ ભોગવતા નિત્યસિદ્ધ પરમેશ્વર સાથે ઉપાસકોનું ભોગમાત્રની બાબતમાં સામ્ય છે એમ માનવા માટે પુરાવો છે—'तमाह आपो वै खलु मीयन्ते लोकोऽसौ —પોતાની પાસે આવેલા ઉપાસકને હિરણ્યગર્ભે કહ્યું : 'મારાથી અમૃતરૂપ જળનો ભોગ કરવામાં આવે છે આ જળરૂપ પદાર્થ તારે માટે પણ ભોગ્ય છે. છાન્દોગ્ય ઉપ. (૮.૨)માં કહ્યું છે કે પિતા આદિ જે જે પદાર્થોની તે અભિલાષા કરે છે તે તે પદાર્થ તેના સંકલ્પથી જ ઉપસ્થિત થાય છે. આ શ્રુતિમાં ભોગ્યાદિ પદાર્થો જ તેના સંકલ્પ માત્રથી સિદ્ધ થાય છે એવું પ્રતિપાદન છે; તેમના પૂરતું જ ઉપાસકોનું સત્યસંકલ્પત્વ સીમિત છે એવું તાત્પર્ય છે જે બ્ર.સૂ. ૪.૪.૨૧માં સમજાવ્યું છે.

બીજી બાજુ, જે નિર્ગુણ વિદ્યાથી અવિદ્યાનો નિરાસ કરીને મુક્ત થયા છે તેમને અપ્રતિહત ઈશ્વરભાવ પ્રાપ્ત થાય છે.

શંકા થાય કે પરમેશ્વર અર્થાત્ મહાવિષ્ણુને રામ અવતારમાં અજ્ઞાનનો અનુભવ થયો હતો, દુઃખીપણાનો અનુભવ થયેલો. સુગ્રીવને શરણે ગયા તેમાં દૈન્યનો અનુભવ પણ થયેલો. શ્રીરામનાં વાક્યોથી જ આ જ્ઞાત થાય છે. જેમ કે आत्मानं मानुषं मन्ये रामं दशरथात्मजम् (હું પોતાને મનુષ્યરૂપ દશરથપુત્ર રામ માનું છું).

राज्यनाशो वने वासः सीता नष्टा द्विजो हतः ।
ईदृशीयं ममालक्ष्मीर्निर्दहेदपि पावकम् ॥

(રાજ્યનો નાશ, વનમાં વાસ, સીતાનું ખોવાઈ જવું, બ્રાહ્મણની હત્યા થવી — આવી મારી અલક્ષ્મી અગ્નિને પણ બાળી નાખે.)

न मद्विधो दुष्कृतकर्मकारी (મારા જેવો ખરાબ કર્મ કરનારો નથી) ઇત્યાદિ જો આવું જ હોય તો મુક્ત ઈશ્વરભાવને પ્રાપ્ત કરીને ફરી બંધને પ્રાપ્ત કરે.

આ શંકાનો ઉત્તર આપતાં કહ્યું છે કે ઈશ્વર પોતાની ઈચ્છાથી અજ્ઞાનાદિને વશ થાય છે, નટની જેમ આ તેનો અભિનય માત્ર છે એમ સમજવાનું છે. ઈશ્વરે કેટલીક

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મર્યાદા નક્કી કરી છે કે બ્રાહ્મણનો શાપ અમોઘ હોય છે. તે ફળ્યા વિના રહે જ નહિ ઇત્યાદિ. આ મર્યાદાના પરિપાલન માટે તેણે પોતે પણ એવી જ રીતે વર્તવું જોઈએ કે તે મર્યાદાનો ભંગ ન થાય. સર્વજ્ઞ હોવા છતાં મહાદેવ, બ્રહ્મા, ઇન્દ્ર આદિ દેવોની હાજરીમાં રામ કહે છે કે 'હું પોતાને મનુષ્ય માનું છું'. 'દેવોની હાજરીમાં મનુષ્યે વિનય બતાવવો જોઈએ; પ્રગલ્ભતા ન બતાવવી જોઈએ કારણ કે એમ કરે તો મનુષ્યનો અનર્થ થાય છે' એ પરમેશ્વર કૃત મર્યાદાનું પાલન રામે આ રીતે કર્યું. પરમેશ્વરે મનુષ્યોના હિત માટે ગુરુશિષ્યભાવ આદિ જે બીજી મર્યાદા કરી છે તે બધી મર્યાદાઓનું પાલન રામ, કૃષ્ણ આદિએ કર્યું છે.

ભૃગુના શાપના અંગીકાર અને તેના સત્યત્વને વાલ્મીકિના ઉત્તરરામાયણમાં વ્યક્ત કર્યાં છે. વસિષ્ઠની હાજરીમાં દુર્વાસા દશરથને કહે છે :

"પહેલાં દેવો અને અસુરોનું યુદ્ધ થયું. દેવો દૈત્યોને મારતા હતા તેથી દૈત્યો ભૃગુની પત્ની પાસે ગયા. તેણીએ તેમને અભયવચન આપ્યું તેથી ત્યાં નિર્ભય બનીને રહ્યા. ભગવાને આ જોઈને ક્રોધે ભરાઈને તીક્ષ્ણ ધારવાળા ચક્રથી ભૃગુની પત્નીનું માથું કાપી નાખ્યું. પત્નીની આ હાલત જોઈને ક્રુદ્ધ થયેલા ભૃગુએ સહસા વિષ્ણુને શાપ આપ્યો કે તમે મનુષ્ય-લોકમાં જન્મ લેશો અને અનેક વર્ષો સુધી પત્નીના વિયોગ સહન કરશો. વિષ્ણુની શક્તિથી પ્રતિહત થયેલો શાપ પોતાની પાસે ફરી આવ્યો એમ જાણીને ભૃગુ ભયભીત અને વ્યથિત થયા. લાંબા સમય સુધી તેમને શાપના ગાઢ અંધકારથી ઢંકાએલા અને બેભાન જોઈને ઋષિઓએ કૃપા કરી અને શાપને તેનાથી દૂર કર્યો. ભૃગુએ સામે ઊભેલા શાપથી રક્ષણ કરવા ઋષિઓને વિનંતિ કરી ઋષિઓએ બ્રહ્માદિ દેવોથી રાત દિવસ સ્તવાતા વિષ્ણુની સ્તુતિ કરવા સલાહ આપી. ભૃગુએ તેમ કર્યું તેથી પ્રસન્ન થયેલા ભક્તવત્સલ વિષ્ણુ ત્વરાપૂર્વક ભૃગુની પાસે આવ્યા અને કહ્યું—ડરશો નહિ તમે દ્વિજ છો, તમારું વચન ખોટું નહીં થાય. તમને શાપમુક્ત કરીને મેં એ શાપ લીધો છે. લોકોના હિત ખાતર તે શાપ ગ્રાહ્ય છે. ઋષિના શાપને સાચો કરવા ભગવાન વિષ્ણુ તમારા (દશરથના) પુત્ર તરીકે જન્મ્યા છે અને રામ તરીકે ત્રણેય લોકોમાં વિખ્યાત છે."

આમ પરમાત્મા અવતાર ગ્રહણ કરીને અજ્ઞાનાદિને વશ થાય છે તે તો લોકહિતાર્થે અભિનય માત્ર છે. આવું તાત્પર્ય ન હોય તો 'एष त आत्माऽन्तर्याम्यमृतः (બૃહદ્. ૩.૭.૩) (આ તમારો આત્મા અમર અને સર્વનો અન્તર્યામી છે), एष सर्वेश्वरः (બૃહદ્. ૪.૪.૨૨) (એ સર્વનો ઈશ્વર-નિયામક છે), 'न तत्समश्चाभ्यधिकश्च दृश्यते' (શ્વેતા ૬.૮) (તેના જેવો કે તેનાથી ચઢિયાતો દેખાતો નથી), 'सोऽध्वनः पारमाप्नोति तद्विष्णोः परमं पदम्' (કઠ. ૩.૯) (તે માર્ગના પારને પામે છે એ વિષ્ણુનું પરમ પદ છે). ઇત્યાદિ શ્રુતિઓમાં જે નારાયણના નિત્યમુક્તત્વ, સર્વેશ્વરત્વ, સમાભ્યધિકરહિતત્વ, મુક્તપ્રાપ્યત્વનું કથન છે તેનો વિરોધ થાય. નારાયણમાંથી બ્રહ્મા જન્મે છે (नारायणाद् ब्रह्मा जायते) 'अन्तर्बहिश्च तत्सर्वं व्याप्य नारायणस्थितः' (અંદર બહાર તે બધું વ્યાપીને નારાયણ અવસ્થિત છે) ઇત્યાદિ હજારો વચનોથી ઈશ્વર સિદ્ધ છે.

આમ મુક્તને ઈશ્વરભાવ પ્રાપ્ત થાય તેમાં કશું બાધક નથી.

Jain Education International  For Personal & Private Use Only  www.jainelibrary.org

अयमेव पक्षः श्रुतिसूत्रभाष्याद्यनुगुणः । तथा हि—समन्वयाध्याये तावद् 'दहर उत्तरेभ्यः' (ब्र. सू. १ ३.१४) इत्यधिकरणे 'अथ यदिदमस्मिन् ब्रह्मपुरे दहरं पुण्डरीकं वेश्म दहरोऽस्मिन् अन्तराकाशः' (छा. ८.१ १) इत्यादिश्रुतिनिर्दिष्टो दहराकाशो न भूताकाशः, नापि जीवः, किं तु परमेश्वरः, उत्तरेभ्यः वाक्यशेषेभ्यः । "उभे अस्मिन् द्यावापृथिवी अन्तरेव समाहिते (छा. ८.१.३), यावान्वा अयमाकाशस्तावानेषोऽन्तर्हृदय आकाशः (छा. ८.१.३), एष आत्माऽपहतपाप्मा विजरो विमृत्युर्विशोको विजिघत्सोऽपिपासः सत्यकामः सत्यसङ्कल्पः (छा. ८.१ ५)" इत्यादिना प्रतिपाद्यमानेभ्यो द्यावापृथिव्याद्याधारत्वलक्षणगुणेभ्यो हेतुभ्य इति निर्णीय 'उत्तराच्चेदाविर्भूतस्वरूपस्तु' (ब्र.सू. १.३.१९) इति सूत्रान्तरेण दहरविद्यानन्तरमिन्द्रप्रजापतिसंवादे 'य आत्माऽपहतपाप्मा' (छा. ८.७.१) इत्यादिना अपहतपाप्मत्वादिगुणाष्टकयुक्तमात्मानमुपदेश्यमुपक्षिप्य 'य एषोऽक्षिणि पुरुषो दृश्यते एष आत्मा' (छा. ८.७.४) इति जाग्रदवस्थायां द्रष्टृत्वेनाक्षिसन्निहितस्य 'य एष स्वप्ने महीयमानश्चरति एष आत्मा' (छा. ८.१०.१) इति स्वप्नावस्थापन्नस्य "तद्यत्रैतत्सुप्तस्समस्तस्सम्प्रसन्नः स्वप्नं न विजानाति एष आत्मा" (छा. ८.११.१) इति सुषुप्त्यवस्थापन्नस्य "एष सम्प्रसादोऽस्माच्छरीरात् समुत्थाय परं ज्योतिरुपसम्पद्य स्वेन रूपेणाभिनिष्पद्यते स उत्तमः पुरुषः" (छा. ८.१२.३) इत्यवस्थात्रयोपन्यासेन च जीवस्योपदेशाज् जीवेऽप्यपहतपाप्मत्वादिगुणाष्टकमिति न तद् दहराकाशस्य परमेश्वरत्वनिर्णायकम् । 'य एष स्वप्ने' इत्यादिपर्यायेषु प्रतिपर्यायम् 'एतं त्वेव ते भूयोऽनुव्याख्यास्यामि' इति श्रवणेन स्फुटस्वप्नादिजीवलिङ्गानां द्वितीयादिपर्यायाणामिव जीवविषयत्वम्, प्रथमपर्यायस्य च ब्रह्मविषयत्वमिति चोद्यानन्तरमाशङ्क्य तत्र चतुर्थपर्याये निरूप्यमाणः सकलबन्धनिर्मुक्तत्वेनाविर्भूतस्वरूपो जीवः प्रतिपाद्यः । न तु सांसारिकावस्थाभेदकल्पितः, तत्र सत्यसङ्कल्पत्वादिगुणबाधात् । अवस्थात्रयोपन्यासस्य तत्तदवस्थादोषाभिधानेन चतुर्थपर्यायोपदेशशेषत्वप्रतिपत्तेरिति समादधानः सूत्रकारश्चतुर्थपर्याये प्रतिपाद्यस्य मुक्तस्येश्वरभावापत्तिं स्पष्टमाह । तदभावे मुक्तेऽपि सत्यसङ्कल्पत्वाद्ययोगाद् अनुक्रान्तस्य गुणाष्टकस्य

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ईश्वरादन्यत्रापि भावे कृतशङ्कापरिहारात्तु भाच्च । तस्मिन् सूत्रे 'तस्मादविद्याप्रत्युपस्थापितमपारमार्थिकं जैवं रूपं कर्तृत्वभोक्तृत्वरागद्वेषादिदोषकलुषितमनेकानर्थयोगि तद्विलयनेन तद्विपरीतमपहतपाप्मत्वादिगुणकं पारमेश्वरं रूपं विद्यया प्रतिपद्यते' इति (ब्र.सू.शा. भा. १.३.१९) भाष्यकारोऽप्यतिस्पष्टं मुक्तस्य सगुणेश्वरभावापत्तिमाह ।

આજ પક્ષ શ્રુતિ, સૂત્ર ભાષ્ય આદિ અનુસાર છે જેમ કે, સમન્વય ધ્યાયમાં दहर उत्तरेभ्यः (દહર આકાશ બ્રહ્મ છે, કારણ કે પછી આવતા અર્થાત્ વાકયશેષોને આધારે એમ માની શકાય) (બ્ર. સૂ. ૧.૩.૧૪) એ અધિકરણમાં પરમાત્મા (ની ઉપલબ્ધિના સ્થાનભૂત) શરીરમાં જે આ અલ્પ, વેશ્માકાર નાનું પુંડરીક છે, તેની અંદર દહર આકાશ' (છા. ૮.૧.૧) ઇત્યાદિ શ્રુતિથી નિર્દિષ્ટ દહ' આકાશ ભૂતાકાશ નથી તેમ જીવ પણ નથી પણ પરમેશ્વર છે. પાછળ આવતા વાકયશેષોથી—'તેમાં દ્યુ અને પૃથ્વી બન્ને અંદર જ રહેલાં છે' (છા. ૮.૧.૫), 'જેટલું આ (ભૂત) આકાશ છે તેટલું હૃદયની અંદર આ આકાશ છે' (છા. ૮.૧.૩), 'આ આત્મા પાપસંબંધથી રહિત, જરાથી રહિત, મૃત્યુ વિનાનો, શોકરહિત, ભક્ષણની ઇચ્છાથી રહિત, તરસ વિનાનો, સત્યકામ, અને સત્યસંકલ્પ છે' (છા. ૮.૧.૫) ઇત્યાદિ (શ્રુતિ) થી પ્રતિપાદિત કરાતા દ્યુ, પૃથ્વી આદિના આધાર હોવારૂપ ગુણોને હેતુઓ માની એમ નિર્ણય કરીને, 'उत्तराच्चेदाविर्भूतस्वरूपस्तु [પછીના વાકયથી જીવ માનવો પડશે એમ કહેવામાં આવે તો ઉત્તર છે કે તે પછી આવતા વાકયમાં જેના (બ્રહ્મરૂપ) સ્વરૂપનો આવિર્ભાવ થયો છે એવા જીવનું કથન છે] —એ બીજા સૂત્રથી દહરવિદ્યાની પછી ઇન્દ્ર પ્રજાપતિના સંવાદમાં 'જે આત્મા પાપરહિત' (છા. ૮.૭.૧) થી અપહતપાપ્મત્વ આદિ આઠ ગુણોથી યુક્ત આત્માને ઉપદેશના વિષય તરીકે રજૂ કરીને 'આંખમાં જે પુરુષ દેખાય છે તે આત્મા છે' (છા. ૮.૭.૪) એમ જાગ્રત્ અવસ્થામાં દ્રષ્ટા તરીકે આંખમાં હાજર રહેલા (જીવ)નો, 'જે આ સ્વપ્નમાં (વનિતા આદિથી) પૂજાતો ફરે છે (વાસનામય વિષયોનો ભોગ કરે છે) એ આત્મા છે'' (છા. ૮.૧૦.૧) એમ સ્વપ્નાવસ્થામાં આવેલા જીવનો, 'જ્યાં સુતેલો એ પૂરેપૂરાં વિલીન થઈ ગયેલાં કરણોવાળો, સ્વરૂપભૂત આનંદના અનુભવવાળો સ્વપ્નને જાણતો નથી એ આત્મા છે' (છા. ૮.૧૧.૧) એમ સુષુપ્ત અવસ્થાને પામેલા, અને 'આ સંપ્રસાદ (સુષુપ્ત અવસ્થાથી ઉપલક્ષિત જીવ) આ શરીરમાંથી ઉત્ક્રમણ કરીને, પર જ્યોતિને પ્રાપ્ત કરીને પોતાના રૂપને પ્રાપ્ત કરે છે તે ઉત્તમ પુરુષ છે'' (છા. ૮.૧૨.૩) એમ અવસ્થાત્રયથી પર એવા જીવનો ઉપદેશ છે તેથી જીવમાં પણ અપહતપાપ્મત્વ આદિ આઠ ગુણો છે માટે એ (આઠ ગુણો હોવા એ) દહરાકાશ પરમેશ્વર છે એ બાબતમાં નિર્ણાયક નથી, કારણ કે 'જે આ સ્વપ્નમાં' ઇત્યાદિ પર્યાયોમાં પ્રત્યેક પર્યાયમાં 'આ તો તને ફરી સમજાવીશ' એવું શ્રવણ છે તેથી સ્વપ્ન આદિ જીવનાં લિંગ સ્પષ્ટ છે તેવા દ્વિતીય આદિ પર્યાયો જ જીવવિષયક છે, અને પ્રથમ પર્યાય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બ્રહ્મવિષયક છે એવી હકીકતને અવકાશ નથી—એવી શંકા રજૂ કરીને ત્યાં ચોથા પર્યાયમાં જેનું નિરૂપણ કરવામાં આવે છે તે બધાં બંધનથી મુક્ત હોઈને જેના સ્વરૂપનો આવિર્ભાવ થયેલો છે તેવો જીવ પ્રતિપાદ્ય છે; સાંસારિક અવસ્થાભેદ (અમુક અમુક વિશેષ અવસ્થા)થી કલુષિત (જીવ ત્યાં પ્રતિપાદ્ય નથી) કારણ કે ત્યાં (સંસારી જીવમાં) સત્યસંકલ્પત્વાદિ ગુણોનો બાધ છે (જાગ્રત્ આદિ) ત્રણ અવસ્થાની રજૂઆત તે તે અવસ્થાના દોષના કથનને લીધે ચતુર્થ પર્યાયના ઉપદેશના શેષ (અંગ) તરીકે જ્ઞાત થાય છે — એમ સમાધાન કરતાં સૂત્રકારે ચતુર્થ પર્યાયમાં પ્રતિપાદ્ય મુક્ત ઈશ્વરભાવને પામે છે એમ સ્પષ્ટ કહ્યું છે; કારણ કે તેના અભાવમાં (—મુક્તને ઈશ્વરભાવની પ્રાપ્તિ ન હોય તો—) મુક્તમાં પણ સત્યસંકલ્પત્વ આદિ સંભવે નહિ અને જેની વાત શરૂઆતમાં કરી છે તે આઠ ગુણો ઈશ્વરથી અન્યત્ર પણ હોય તો કરવામાં આવેલી શંકા અને તેનો પરિહાર પ્રાપ્ત ન થાય. તે સૂત્રમાં "તેથી અવિદ્યાથી કલ્પિત જે અપારમાર્થિક જીવનું રૂપ કર્તૃત્વ, ભોક્તૃત્વ, રાગ, દ્વેષ આદિ દોષથી કલુષિત, અનેક અનર્થોના સબંધવાળું છે તેનો વિલય કરીને તેનાથી વિપરીત અપહતપાપ્મત્વ આદિ ગુણોવાળું પરમેશ્વરનું રૂપ તે વિદ્યાથી પ્રાપ્ત કરે છે'—એમ ભાષ્યકારે પણ અત્યન્ત સ્પષ્ટ રીતે કહ્યું છે કે મુક્ત સગુણ ઈશ્વરભાવ પ્રાપ્ત કરે છે.

**વિવરણ** : શંકા થાય કે મુક્ત જીવને ઈશ્વભાવ પ્રાપ્ત થાય છે એમ માનવામાં કશું બાધક ન હોય તો પણ સાધક પ્રમાણ વિના તે કેવી રીતે સિદ્ધ થઈ શકે ? આના ઉત્તરમાં બ્રહ્મસૂત્રના સમન્વયાધ્યાયના દહરાધિકરણનો દાખલો આપ્યો છે. બ્રહ્મની ઉપલબ્ધિના સ્થાનભૂત પુર અર્થાત્ શરીરમાં નાનું પુંડરીક છે અને તેમાં દહર આકાશ છે એવી જે શ્રુતિ છે તેમાં દહરાકાશનો શો અર્થ સમજવો. રૂઢિના બળે ભૂતાકાશ સમજવો જોઈએ એવો એક પૂર્વપક્ષ છે; આકાશને દહર' એવું વિશેષણ લગાડયું છે તેથી અલ્પ ઉપાધિથી પરિચ્છિન્ન જીવ એવો અર્થ લઈ શકાય એવો બીજો પૂર્વપક્ષ છે. તે બન્નેનું ખંડન કરીને સૂત્રકારે સિદ્ધ કર્યું છે કે દહરાકાશથી પરમેશ્વરનો અર્થ સમજવાનો છે કારણ કે વાકયના બાકીના ભાગોમા પરમેશ્વરના ગુણો બતાવેલા છે ભૂતાકાશને ભૂતાકાશની જ ઉપમા ન આવી શકાય (—જેટલું આ ભૂતાકાશ છે તેટલું આ હૃદયમાં દહરાકાશ છે—) અને ભૂતાકાશમાં સત્યકામત્વ આદિ ગુણો પણ સંભવે નહિ. પરિચ્છિન્ન જીવને આકાશ સાથે સરખાવી શકાય નહિ અને તે દ્યુ, પૃથ્વી આદિનો આધાર બની શકે નહિ, તેમ તેમાં અપહતપાપ્મત્વ આદિ ગુણો પણ સંભવે નહિ. જ્યારે આ બધું પરમેશ્વરમાં સંભવે છે તેથી દહરાકાશ એટલે પરમેશ્વર. તેનું દહરત્વ (અલ્પત્વ) સ્વાભાવિક નથી પણ ઉપાસના અર્થે કલ્પિત છે.

એક બીજા સૂત્રમાં પણ (उत्तराच्चेदाविर्भूतस्वरूपस्तु—બ્ર સૂ. ૧.૩.૧૯) જીવમાં પણ અપહતપાપ્મત્વ આદિ આઠ ગુણો સંભવે છે તેથી એ પરમેશ્વર અર્થ લેવામાં નિર્ણાયક બની શકે નહિ એવી શંકા રજૂ કરીને સૂત્રકારે મુક્ત ઈશ્વર ભાવને પામે છે એમ બતાવ્યું છે. ઇન્દ્ર પ્રજાપતિના સંવાદમાં અપહતપાપ્મત્વાદિ ગુણોથી યુક્ત આત્માને ઉપદેશના વિષય તરીકે રજૂ કરીને પછી પ્રજાપતિએ જીવનો ઉપદેશ આપ્યો છે એમ માનવાને કારણ છે. પ્રજાપતિએ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચાર પર્યાયો દ્વારા આત્માનું જ્ઞાન આપ્યું છે જે આ આંખમાં અર્થાત્ સર્વ ઇન્દ્રિયો જે રૂપાદિના જ્ઞાનની ક્રિયા કરે છે તેમાં દેખાય છે, અર્થાત્ રૂપાદિની ઉપલબ્ધિની ક્રિયાના કર્તા તરીકે જેનું અનુમાન કરવામાં આવે છે તે આત્મા છે —અહીં જાગ્રત્ અવસ્થાવાળો જીવ વિવક્ષિત છે એમ સમજાય છે. એ જ રીતે સ્વપ્નાવસ્થાવાળા અને સુષુપ્તિ-અવસ્થાવાળા જીવનો ઉપદેશ આપ્યો છે અને ચોથા પર્યાયમાં શરીરમાંથી ઉત્ક્રાન્ત થઈને દેવયાન માર્ગે જઈને પોતાની ઉપાસનાના ફળભૂત ઐશ્વર્યથી વિશિષ્ટરૂપની પ્રાપ્તિ થઈ છે એવા જીવનો ઉપદેશ છે. તે અપહતપાપ્મત્વ આદિ ગુણથી યુક્ત જીવ છે એમ પૂર્વપક્ષ રજૂ કરી શકાય.

શંકા થાય કે આ ચાર પર્યાય જાગ્રત્ આદિ અવસ્થાવાળા જીવ વિષયક છે એમ માનવું બરાબર નથી કારણ કે પ્રથમ પર્યાયમાં જાગ્રત્ અવસ્થાનો વાચક કોઈ શબ્દ નથી. વળી ત્યાં ઇન્દ્ર અને વિરોચને પ્રશ્ન કર્યો છે તે તો અપહતપાપ્મત્વ આદિ ગુણોવાળા આત્માને વિષે જ છે અને તે બ્રહ્મ જ હોઈ શકે માટે પ્રજાપતિના વાક્યમાં પણ બ્રહ્મનો જ અપહતપાપ્મત્વાદિ ગુણથી યુક્ત તરીકે ઉપદેશ છે, જીવનો નહિ.

પૂર્વપક્ષી ઉત્તર આપે છે કે આવી શંકાને અવકાશ નથી. દ્વિતીય આદિ પર્યાયમાં તો સ્પષ્ટ સ્વપ્નાદિ અવસ્થાનો ઉલ્લેખ છે અને તે જીવની જ સંભવે. દ્વિતીયાદિ પર્યાયમાં જીવ ઉપદેશ્ય હોય અને પ્રથમમાં બ્રહ્મ ઉપદેશ્ય એવી શંકાને કોઈ સ્થાન નથી, અને અપહતપાપ્મત્વ આદિ ગુણો જીવમાં સંભવે જ નહિ એવું નથી જાગ્રત્ આદિ અવસ્થાથી પર ગયેલા જીવમાં આ ગુણો સંભવે છે. પ્રજાપતિનું જ વાક્ય આને માટે પ્રમાણભૂત છે.

આવા સબળ પૂર્વપક્ષનો ઉત્તર સિદ્ધાન્તીએ આપ્યો છે કે ચતુર્થ પર્યાયમાં તત્ત્વસાક્ષાત્કારથી અવિદ્યાના નિવૃત્તિ થતાં એ અવિદ્યાથી પ્રયુક્ત સર્વ બંધન છૂટી જાય છે અને જીવનું અમૃત અભય બ્રહ્મરૂપ સ્વરૂપ આવિર્ભૂત થાય છે. આ 'આવિર્ભૂતસ્વરૂપ' (જેના સ્વરૂપનો આવિર્ભાવ થયો છે તેવા) જીવનો ઉપદેશ ચતુર્થ પર્યાયમા છે, સંસારના દૂષણોથી યુક્ત જીવનો નહિ કારણ કે 'શરીરમાંથી ઉત્ક્રાન્ત થઈને' એમ કહ્યું છે. આમ ચતુર્થ પર્યાય આઠ ગુણોથી યુક્ત મુક્ત જીવ વિષયક છે. પૂર્વપક્ષી માને છે તેમ સગુણવિદ્યાથી બ્રહ્મલોકમાં ગયેલા જીવમાં અપહતપાપ્મત્વ આદિ આઠ ગુણ સંભવે છે તેથી આ પર્યાયને આત્યન્તિક મુક્ત વિષયક લેવાની જરૂર નથી એમ દલીલ કોઈ કરે તો તે બરાબર નથી. સગુણ વિદ્યાના ફલભૂત આ હોય તો પણ અવિદ્યાની નિવૃત્તિ ન થઈ હોવાથી નિરંકુશ અપહતપાપ્મત્વ આદિ સંભવે નહિ. બાદરાયણે સમન્વયાધ્યાયમાં પ્રજાપતિના વાક્યનું નિર્ગુણ બ્રહ્મ રૂપ તરીકે નિરૂપણ કર્યું છે. નિર્ગુણ બ્રહ્મનું જ્ઞાન જેને હોય તેને શરીરમાંથી ઉત્ક્રાન્તિ આદિ સંભવે નહિ. તેથી ઉક્ત તાત્પર્ય અનુસાર ચતુર્થ પર્યાયનો આવો અર્થ થાય—શરીરમાંથી સમુત્થાન એટલે ત્રણ શરીરોથી વિલક્ષણ એવા ત્વમ્ પદથી લક્ષ્યનો નિર્ણય; પર જ્યોતિ એટલે બ્રહ્મ; તેની પ્રાપ્તિ એટલે તેનો સાક્ષાત્કાર; તેનું ફળ મુક્તિ, પોતાના સ્વરૂપનો આવિર્ભાવ તે પોતાના રૂપથી અભિનિષ્પત્તિ અને આ મુક્ત ઉત્તમ પુરુષ પરમાત્મા જ છે.

પ્રશ્ન થાય કે ચતુર્થ પર્યાયમાં અપહતપાપ્મત્વાદિ ગુણોવાળા આત્માનું નિરૂપણ કરવાનું હતું તો પહેલા ત્રણ પર્યાયોમાં જાગ્રત્ અવસ્થાઓની રજૂઆત વ્યર્થ કરી. આનો ઉત્તર એ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે કે જાગ્રત્ અવસ્થામાં અન્ધત્વ, વિનાશિત્વ આદિ દોષ બતાવ્યા છે, સ્વપ્નાવસ્થામાં રોદનાદિ દોષ બતાવ્યા છે અને સુષુપ્તિ અવસ્થામાં તેને પોતાનું કે બીજાનું જ્ઞાન નથી હોતું, તે વિનષ્ટપ્રાય છે ઇત્યાદિ દોષો બતાવ્યા છે. અર્થાત્ આ ત્રણ અવસ્થાથી કલુષિત જીવ-રૂપ જે લોકસિદ્ધ છે તે હેય છે, ત્યજવા યોગ્ય છે એવું સમજાવીને જિજ્ઞાસુ અધિકારીને માટે વાસ્તવ બ્રહ્મસ્વરૂપના નિરૂપણને માટે ચતુર્થ પર્યાય છે. આમ પહેલા ત્રણ પર્યાય ચતુર્થ પર્યાયને શેષ છે, તેના અંગભૂત છે માટે વ્યર્થ નથી.

સૂત્રકાર એમ કહેવા માગે છે કે મુક્ત જીવને ઈશ્વરભાવ પ્રાપ્ત થાય છે: આવું ન હોય તો બદ્ધ જીવની જેમ મુક્ત જીવમાં પણ અપહતપાપ્મત્વાદિ ગુણો ન સંભવે.

શંકા થાય કે જીવ અને ઈશ્વર વસ્તુતઃ ભિન્ન છે તેથી મુક્તને ઈશ્વરભાવ પ્રાપ્ત થાય તો જ અપહતપાપ્મત્વ આદિ આઠ ગુણો તેમાં સંભવે એવું શા માટે? સ્વતઃ જ કેમ ન સંભવે?

આનો ઉત્તર છે કે જો આ આઠ ગુણો ઈશ્વરના અસાધારણ ગુણો ન હોય અને જીવમાં પણ સંભવતા હોત તો આ આઠ ગુણ ઈશ્વરનાં લિંગ નથી એવી જે શંકા उत्तराच्चेत् એ સૂત્ર-ભાગથી કર્યા પછી જો આઠ ગુણોથી યુક્ત મુક્ત વસ્તુતઃ ઈશ્વરથી ભિન્ન માનવામાં આવે તો તે શંકાનો પરિહાર પ્રાપ્ત થતો નથી. આમ સૂત્રથી વિરોધ ઊભો થાય માટે મુક્ત ઈશ્વરથી ભિન્ન નથી.

[અહીં વ્યાખ્યાકાર કૃષ્ણાનંદ થોડું સ્વતંત્ર વિવેચન કરે છે—

શંકા થાય કે મુક્તને ઈશ્વરભાવ પ્રાપ્ત થાય છે એમ માનવા માટે "આમ ન માનીએ તો उत्तराच्चेत् એ સૂત્રભાગમાં કરેલી શંકાનો પરિહાર પ્રાપ્ત થતો નથી એ આપત્તિ આવી પડે છે" એ જ નિયામક છે? કે પછી પ્રજાપતિનું વાક્ય જ મુક્તને ઈશ્વરભાવ પ્રાપ્ત થાય છે એમ નિર્ણય કરવામાં નિયામક છે?

આ શંકાનું સમાધાન છે કે પહેલો પક્ષ સ્વીકાર્ય નથી. મુક્ત બિંબભૂત ઈશ્વરભાવ પ્રાપ્ત કર્યા વિના કેવળ ચિન્માત્રરૂપથી રહે છે એમ માનવામાં આવે તો આ આઠ ગુણોનો બિંબભૂત ઈશ્વરથી અન્યત્ર અભાવ હોવાથી ઈશ્વરનાં અસાધારણ લક્ષણ છે તેથી 'આકાશ'નો નિર્ણય ઈશ્વર તરીકે કરાવી શકશે. બીજો પક્ષ બરાબર નથી. પ્રજાપતિના વાક્યમાં નિર્ગુણવિદ્યાનું પ્રતિપાદન પ્રસ્તુત છે તેથી ગુણોની વિવક્ષા નથી માટે મુક્ત જીવમાં પણ આઠ ગુણોનું વૈશિષ્ટ્ય પ્રતિપાદ્ય નથી આનંદમયાધિકરણના (બ્ર. સૂ. ૧ ૧.૧૨થી) આરંભના ભાષ્યમાં શંકરાચાર્યે સ્પષ્ટતા કરી છે કે જ્ઞેય બ્રહ્મના પ્રકરણમાં ગુણવૈશિષ્ટ્ય પ્રતિપાદ્ય બનતું નથી. બ્રહ્મ એક જ હોવા છતાં ઉપાધિઓના સંબંધની અપેક્ષાએ તેને ઉપાસ્ય માન્યું છે અને ઉપાધિના સંબંધ વિનાનું તે જ્ઞેય છે એમ ઉપદેશ આપ્યો છે. આમ જ્ઞેય બ્રહ્મના પ્રકરણમાં ગુણવૈશિષ્ટ્યનું પ્રતિપાદન હોઈ શકે નહિ. તેથી પ્રજાપતિના વાક્યના ઉપક્રમમાં સત્યસંકલ્પત્વ આદિનું શ્રવણ છે તે જ્ઞેય બ્રહ્મની પ્રશંસા માટે જ છે કે ઉપલક્ષણ માત્ર છે; દહરવિદ્યામાં કહેલા આઠ ગુણોની જેમ એ પ્રતિપાદ્ય નથી. શંકરાચાર્યે કહ્યું છે કે 'તેનાથી વિપરીત અપહતપાપ્મત્વાદિ ગુણવાળા પરમેશ્વર રૂપને તે વિદ્યાથી પ્રાપ્ત કરે છે' એ પણ આઠ ગુણોથી ઉપલક્ષિત બ્રહ્મ વિષે છે એમ સમજવું.]

[આ જે છેલ્લી ચર્ચા કૃષ્ણાનંદની વ્યાખ્યામાં મળે છે તેમાં વ્યાખ્યાકારનું પોતાનું વિવેચન જણાય છે કે દહરવિદ્યાનું સમર્થન પ્રજાપતિ-વાક્યથી થતું નથી કારણ કે પ્રજાપતિના વાક્યનું તાત્પર્ય નિર્ગુણ પરબ્રહ્મપરક છે, ગુણવૈશિષ્ટ્યપરક નહિ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

अविरोधाध्यायेऽपि "एष ह्यव साधु कर्म कारयति तं यमेभ्यो लोकेभ्य उन्निनीषते एष उ एवासाधु कर्म कारयति तं यमधो निनीषते" (कौषीतक्युपनिषद् ३.८) इत्यादिश्रुतेस्तत्तत्कर्मकर्तृत्वेन तत्तत्कर्मकारयितृत्वेन च उपकार्योपकारकभावेनावगतयोर्जीवेश्वरयोरंशांशिभावरूपसम्बन्धनिरूपणार्थत्वेनावतारिते 'अंशो नानाव्यपदेशात्' (ब्र. सू. २.३.४३) इत्यधिकरणे "जीवस्येश्वरांशत्वाभ्युपगमे तदीयेन संसारदुःखभोगेन ईश्वरस्यापि दुःखित्वं स्यात् । यथा लोके हस्तपादाद्यन्यतमांशगतेन दुःखेनांशिनो देवदत्तस्यापि दुःखित्वं तद्वत् । ततश्च तत्प्राप्तानां महत्तरं दुःखं प्राप्नुयात्, ततो वरं पूर्वावस्था संसार एवास्त्विति सम्यग् ज्ञानानर्थक्यप्रसङ्गः" इति शङ्काग्रन्थेन । (ब्र.सू.शा.भा. २ ३ ४६–शङ्का) भामत्यादिषु स्पष्टीकृतं बिम्बप्रतिबिम्बभावकृतासङ्करमुपादाय समाहितेन भाष्यकारो मुक्तस्य ईश्वरभावापत्तिं स्पष्टीचकार ।

અવિરોધાધ્યાયમાં પણ 'આ (ઈશ્વર) જ જેને આ લોકોથી ઉપર (ઉત્કૃષ્ટ લોકમાં) લઈ જવા ઇચ્છે છે તેની પાસે સારું કર્મ કરાવે છે, જેને નીચે લઈ જવા ઇચ્છે છે તેની પાસે તે જ ખરાબ કર્મ કરાવે છે" (કૌષીતકિ ઉપ. ૩ ૮) ઇત્યાદિ શ્રુતિથી તે તે કર્મના કરનાર તરીકે અને તે તે કર્મના કરાવનાર તરીકે ઉપકાર્ય અને ઉપકારક તરીકે જેનું જ્ઞાન થયું છે તેવા જીવ અને ઈશ્વરના અંશાંશિભાવ રૂપ સંબંધના નિરૂપણને માટે છે એ તરીકે રજૂ કરવામાં આવેલા "(જીવ ઈશ્વરનો) અંશ છે, કારણ કે ભેદનો ઉપદેશ છે" (બ્ર સૂ ૨ ૩ ૪૩) એ અધિકરણમાં—(નિમ્નલિખિત) શંકાગ્રન્થ છે — જેનું સમાધાન ભામતી આદિમાં સ્પષ્ટ કરવામાં આવેલા બિમ્બપ્રતિબિમ્બભાવ કૃત અસંકરને માનીને કરવામાં આવ્યું છે—તેમાં ભાષ્યકારે મુક્તને ઈશ્વરભાવ પ્રાપ્ત થાય છે એવી સ્પષ્ટતા કરી છે. શંકાગ્રન્થ (૨ ૩ ૪૬) આ પ્રમાણે છે :—"જીવને ઈશ્વરનો અંશ માનવામાં આવે તો તેના સંસારદુઃખભોગથી ઈશ્વર પણ દુઃખી થાય. જેમ લોકમાં હાથ, પગ કે એવા કોઈ એક અંશમાં રહેલા દુઃખથી અંશી દેવદત્તને પણ દુઃખ થાય છે તેની જેમ. અને તેથી તેને (ઈશ્વરને) પ્રાપ્ત થયેલાઓનું વધારે મોટું દુઃખ પ્રાપ્ત કરે તેના કરતાં તો પહેલાંની સંસારાવસ્થા જ ભલે રહી. આમ (વિચારતાં) સમ્યગ્જ્ઞાનની નિરર્થકતાનો પ્રસંગ થશે."

વિવરણ : વ્યાખ્યાકાર કૃષ્ણાનંદતીર્થ માને છે કે સમન્વયાધ્યાયનું જે ઉદાહરણ આપ્યું છે તે મુક્તની ઈશ્વરભાવાપત્તિ બાબતમાં પ્રમાણ બની શકે નહિ તેથી બીજું ઉદાહરણ અહીં રજૂ કર્યું છે. અવિરોધાધ્યાય એટલે બ્રહ્મસૂત્રનો બીજો અધ્યાય. પ્રથમ અધ્યાયમાં વેદાન્તના સમન્વયનું નિરૂપણ કર્યું. તેના અન્ય પ્રમાણો સાથે વિરોધ છે એવી શંકા થાય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તો તેનું સમાધાન આ બીજા અધ્યાયમાં કર્યું છે તેથી એ અવિરોધાધ્યાય કહેવાય છે. અવિરોધાધ્યાયમાં પણ જેનું સમાધાન કર્યું છે તે શંકાગ્રન્થથી મુક્તની ઈશ્વરભાવાપત્તિની જ સ્પષ્ટતા ભાષ્યકારે કરી છે. કર્મ કરનાર જીવ ઉપકાર્ય છે અને કર્મ કરાવનાર ઈશ્વર ઉપકારક છે એમ શ્રુતિથી જ્ઞાત થાય છે તેથી જીવ અને ઈશ્વર વચ્ચે કોઈ સંબંધ હોવો જોઈએ; સંબંધ વિના ઉપકાર્ય-ઉપકારકભાવ જોવામાં નથી આવતો. તે સંબંધનું નિરૂપણ બ્ર. સૂ. ૨.૩.૪૩ માં કર્યું છે કે જીવ અંશ છે અને ઈશ્વર અંશી છે. અહીં સૂત્રનો એક ભાગ જ આપ્યો છે. પૂરું સૂત્ર આ પ્રમાણે છે—अंशो नानाव्यपदेशादन्यथा चापि दाशकितवादित्वमधीयत एके (બ્ર.સૂ. ૨.૩.૪૩). જો જીવ ઈશ્વરનો અંશ હોય તો અંશી ઈશ્વર બધા જીવોના દુઃખોથી દુઃખી થાય અને તેનું દુઃખીપણું ઘણું વધારે હોય. અને ઈશ્વરભાવ પ્રાપ્ત થયેલા જીવની અવસ્થા પહેલાં કરતાં પણ વધારે દુઃખી હોય; તેના કરતાં તો સંસારની પૂર્વાવસ્થા વધારે સારી એમ વિચારી ઈશ્વરભાવાપત્તિ માટે કોઈ સમ્યગ્જ્ઞાનને વિષે પ્રવૃત્ત થાય નહિ એ પ્રસંગ આવે એવી શંકા અહીં (બ્ર.સૂ. ૨.૩.૪૬—શંકા) રજૂ કરવામાં આવી છે. આ શંકાનું સમાધાન કરતાં સૂત્ર અને તેના પરના શાંકરભાષ્યમાં એમ કહ્યું છે કે જીવ અને ઈશ્વર જે અંશ અને અંશી છે તેમના ધર્મોનો સંકર નહીં થાય. ત્યાં ભાષ્યકારે ભામતી આદિ ગ્રંથોમાં જીવ અને ઈશ્વરનો સંબંધ બિમ્બ-પ્રતિબિંબરૂપ છે એ અર્થમાં અંશાંશિભાવ છે અને તેથી ધર્મનો સંકર નથી એમ જે સ્પષ્ટતા કરી છે તે પ્રકારે માનીને સ્પષ્ટતા કરી છે. જીવો અવિદ્યામાં પ્રતિબિંબરૂપ છે એ અર્થમાં ઈશ્વરના અંશ તરીકે શ્રુતિ, સૂત્ર અને ભાષ્યમાં વિવક્ષિત છે; હાથ, પગ વગેરેની જેમ તેઓ અવયવ નથી. તે જ પ્રમાણે બિંબભૂત ઈશ્વર અંશી તરીકે વિવક્ષિત છે; અવયવી ઈશ્વર વિવક્ષિત નથી અને બિંબ અને પ્રતિબિંબનો ધર્મસંકર નથી એ લોકમાં જાણીતું છે. તેથી જીવના દુઃખોની ઈશ્વરમાં પ્રસક્તિ નથી એવી સ્પષ્ટતા કરી છે.

વ્યાખ્યાકાર **કૃષ્ણાનંદતીર્થ**ને ઉપરની ચર્ચાથી સંતોષ નથી. તેમણે વિસ્તૃત વિવેચન કર્યું છે. શંકા થાય છે કે મુક્તને ઈશ્વરભાવ પ્રાપ્ત થાય છે એ સિદ્ધાંતને સંગત નથી. જેમ કે જ્યાં સુધી બધા જીવ મુક્ત ન થાય ત્યાં સુધી મુક્ત જીવને ઈશ્વરભાવ પ્રાપ્ત થાય એમ માનવામાં આવે તો છેલ્લે જે મુક્ત થયો હોય તે જીવની મુક્તિ નિર્વિશેષ ચિન્માત્ર સ્વરૂપથી અવસ્થાનરૂપ હશે. પણ તેની પહેલાં જે મુક્ત થયેલા તે સ્વતઃ ચિન્માત્રરૂપ રહેલા હતા તેમને ઈશ્વરભાવ પ્રાપ્ત થતાં અપરિમિત ઐશ્વર્યપ્રાપ્તિરૂપ મુક્તિ થશે. આમ પરમ-મુક્તિમાં અનેક જીવોને ઐશ્વર્યપ્રાપ્તિ અને એકને નહિ એવું એક વૈષમ્ય થશે. બીજું, અનેકને ઐશ્વર્યપ્રાપ્તિ થાય છે તેમાં ક્રમથી મુક્ત થતા જીવોને વધારે ઓછા સમય માટે ઐશ્વર્ય પ્રાપ્ત થશે એ બીજું વૈષમ્ય. અને વળી જેઓને ઐશ્વર્ય પ્રાપ્ત થયું છે તેમને કેટલાક કાળ માટે ઐશ્વર્ય અને પછી તેનો અભાવ ઇત્યાદિરૂપ વૈષમ્ય માનવું પડે છે. અને એ તૃતીય અધ્યાયના અંતિમ અધિકરણથી વિરુદ્ધ છે ત્યાં એમ પ્રતિપાદિત કર્યું છે કે સગુણવિદ્યાના ફલરૂપ અવાન્તર મુક્તિમાં જ તારતમ્ય છે, પરમ-મુક્તિમાં નહિ. અને એવી દલીલ નહિ કરી શકાય કે પરમ-મુક્તિમાં વસ્તુતઃ તારતમ્ય નથી એવું પ્રતિપાદિત કરવાનું એ અધિકરણનું તાત્પર્ય છે તેથી કાલ્પનિક તારતમ્ય હોય તો પણ તે અધિકરણનો વિરોધ નથી. આ દલીલ બરાબર નથી કારણ કે સિદ્ધાંતમાં સગુણવિદ્યાની ફલભૂત અવાન્તર-મુક્તિમાં પણ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**વાસ્તવ** તારતમ્ય નથી તેથી સગુણ મુક્તિમાં જ તારતમ્ય છે, નિર્ગુણ વિદ્યાની ફલભૂત પરમ-મુક્તિમાં નહિ એવું પ્રતિપાદન કરનાર ભાષ્યાદિ આધાર વિનાના બની જાય. તેથી મુક્તની ઈશ્વરભાવાપત્તિ સિદ્ધાન્તને સંમત નથી. આ પરિસ્થિતિ હોય તો શંકાભાષ્યની પર્યાલોચનાથી મુક્તની ઈશ્વરભાવાપત્તિ **ભાષ્યકારને** માન્ય છે એવી કલ્પના કરવામાં આવે છે, કે પરિહાર ભાષ્યના અભિપ્રાયની આલોચનાથી તેમ કલ્પવામાં આવે છે? પહેલો વિકલ્પ બરાબર નથી કારણ કે શંકા કરનાર સિદ્ધાન્તીને અભિપ્રેત કે માન્ય હોય તેનો આધાર લઈને જ પ્રસંગ આપે છે એવું સર્વત્ર જોવા નથી મળતું. તેથી એમ ન કહી શકાય કે સિદ્ધાન્તીને મુક્તની ઈશ્વરભાવાપત્તિ માન્ય છે. બીજો પક્ષ આ રીતે રજૂ કરી શકાય. ઈશ્વરભાવ પ્રાપ્ત થયો હોય તેવા જીવોને વધારે મોટું દુઃખ હશે એવી શંકાનો પરિહાર બે રીતે સંભવે છે. ઈશ્વર બધા જીવોના દુઃખોથી દુઃખી થતો હોય તો પણ મુક્તોને વધારે મોટા દુઃખની પ્રાપ્તિ ન થાય, કારણ કે તેઓ શુદ્ધ ચિન્માત્ર રૂપથી જ રહે છે એવો સ્વીકાર હોવાથી તેઓ ઈશ્વરભાવ પામે છે એવું સ્વીકારવામાં નથી આવતું. આ પરિહારનો એક પ્રકાર છે. ઈશ્વરને દુઃખ નથી હોતુ એવું સમર્થન થતાં તેને પામેલા મુક્તોને દુઃખ હોઈ શકે એ શંકાનું નિવારણ આમાં સમાએલું છે એ આશયથી બિંબ–પ્રતિબિંબભાવથી કરેલા ભેદને અધીન ધર્મની વ્યવસ્થા—(—કે બિંબરૂપ ઈશ્વરને દુઃખ નથી પણ પ્રતિબિંબરૂપ જીવને હોઈ શકે—)નું સમર્થન કરવું એ પ્રતીકારનો બીજો પ્રકાર. પરિહારભાષ્ય, **ભામતી** આદિ ગ્રંથોમાં પરિહારનો પ્રથમ પ્રકાર છોડીને, બીજા પ્રકારનો આશ્રય લીધો છે તેથી જ્ઞાત થાય કે શંકાગ્રંથમાં કહેલ મુક્તોની ઈશ્વરભાવાપત્તિ **ભાષ્યકાર** આદિને માન્ય છે. માટે જ **સિદ્ધાંતલેશસંગ્રહ**માં કહ્યું છે કે 'શંકાગ્રંથ જેનું સમાધાન ભામતી આદિમાં સ્પષ્ટ કરેલા બિંબ–પ્રતિબિંબભાવકૃત અસંકરને લઈને કર્યું છે'.

**કૃષ્ણાનંદતીર્થ** વ્યાખ્યાકાર આનું વિવેચન કરતાં કહે છે કે આમ ઊભો થતો પરિહારભાષ્યપર્યાલોચનારૂપ બીજો પરિહાર–પ્રકાર પણ મુક્તની ઈશ્વરભાવાપત્તિમાં અનન્યથા-સિદ્ધ હેતુ નથી, અર્થાત્ આ હેતુને મુક્તની ઈશ્વરભાવાપત્તિ માન્યા સિવાય સમજાવી જ ન શકાય તેવો નથી, તેની અન્યથા પણ સિદ્ધિ હોઈ શકે. પરિહારભાષ્ય આદિમાં પ્રથમ પ્રકારનો આધાર લઈને, મુક્તોની ઈશ્વરભાવાપત્તિ સમજાતી નથી કારણ કે તેઓ શુદ્ધ ચિન્માત્રરૂપથી જ રહે છે એવું સ્વીકારવામાં આવે છે: તેથી જ્ઞાનની નિરર્થકતાનો પ્રસંગ નથી. એમ વાસ્તવ પરિહાર રજૂ કરવામાં આવતાં જ્ઞાનની નિરર્થકતાની શંકાનો પરિહાર થાય તો પણ ઈશ્વર સકલ જીવોના દુઃખોથી દુઃખી થશે એ પ્રસંગનો પરિહાર થતો નથી તેથી એ પ્રસંગની શંકા બાકી રહે છે. એ શંકા પણ ન રહે એમ વિચારીને પરિહારનો પ્રથમ પ્રકાર છોડીને બીજા પ્રકારનો આશ્રય લઈને ખૂબ યત્નથી પરમેશ્વરના દુઃખિત્વના પ્રસંગનો પરિહાર **ભાષ્યાદિ**માં કર્યો છે એમ કહી શકાય. પરિહારભાષ્ય આદિમાં પરમેશ્વરના દુઃખિત્વ–પ્રસંગનો પરિહાર કર્યા પછી 'અને આમ મુક્તોની ઈશ્વરભાવાપત્તિ અનુપપન્ન નથી' એમ કહીને વિરોધીએ જે અનુપપત્તિની શંકા ઊભી કરી હોય તેનો અભાવ બતાવીને ઉપસંહાર કરાતો જોવામાં નથી આવતો. વળી **છાંદોગ્ય ઉપ.**ના સાતમાં અધ્યાયમાં—

"स एकधा भवति त्रिधा भवति पञ्चधा ।
सप्तधा नवधा चैव पुनश्चैकादशः स्मृतः ॥
शतं च दश चैकं च सहस्राणि च विंशतिः ।" (છા. ૭.૨૬.૨).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એ વાક્યથી પરબ્રહ્મવિદ્‌ને અનેકશરીરપરિગ્રહ આદિરૂપ ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે એવું શ્રવણ છે. અને મુક્ત ઈશ્વરભાવ પામે છે એ પક્ષમાં તે ઐશ્વર્ય પરમમુક્તને જ સંભવે છે. અને એવું હોય તો एकधा भवति' ઇત્યાદિ વચન નિર્ગુણ વિદ્યાના ફળની રજૂઆત નથી કરતું પણ સગુણ-ઉપાસનાના ફળની રજૂઆત કરે છે. અને નિર્ગુણ વિદ્યાના ફળની પ્રશંસા કરવા માટે નિર્ગુણ-વિદ્યાના પ્રકરણમાં તેનું કથન છે એમ ભાષ્યાદિમાં કહ્યું છે તેનો વિરોધ થાય છે. જેમ કે સગુણવિદ્યાના ફળના વિચારના પ્રસ્તાવમાં ભાષ્યમાં કહ્યું છે કે "જો કે નિર્ગુણ ભૂમવિદ્યામાં અનેકધાભાવ-વિકલ્પનું કથન છે તો પણ તે સગુણ અવસ્થામાં જે ઐશ્વર્ય વિદ્યમાન જ છે તેનું ઉચ્ચારણ ભૂમવિદ્યાની સ્તુતિને માટે કર્યું છે". (બ્ર.સૂ. શાંકરભાષ્ય ૪ ૪.૧૬) જો મુક્તને ઈશ્વરભાવ પ્રાપ્ત થાય છે એવું સૂત્રકાર અને ભાષ્યકારને અભિપ્રેત હોત તો 'स एकधा भवति' એ વચન જેનો અર્થ નિર્ગુણવિદ્યાના ફળની રજૂઆત કરનાર તરીકે પ્રકરણમાં સમવેત છે તે સગુણવિદ્યાના ફળની રજૂઆત ન હોઈ શકે. તેથી આ વચન તેના ફળની રજૂઆત કરે છે એમ માનીને સૂત્ર અને ભાષ્યમાં પ્રવૃત્ત થયેલો 'भावं जैमिनिर्विकल्पामननात्' (ब्र.सू. ४.४ ११) ઇત્યાદિ વિચાર પાયા વિનાનો જ બની જાય. 'બ્રહ્મલોકમાં ગયેલા સગુણ ઉપાસકને સ્થૂળ શરીર હોય છે એમ જૈમિનિ આચાર્ય માને છે. 'स एकधा भवति' ઇત્યાદિથી અનેકધાભાવરૂપ વિકલ્પનું શ્રવણ છે: સ્થૂળ શરીરના ભેદ વિના એક ઉપાસક અનેક બની ન શકે"—એવો સૂત્રનો અર્થ છે.

તેથી જે શંકાભાષ્યગ્રંથ અને તેના પરિહારરૂપ ભાષ્યાદિગ્રંથનો દાખલો આપ્યો છે તે મુક્તોની ઈશ્વરભાવાપત્તિમાં અનન્યથાસિદ્ધ પ્રમાણ નથી અને ટાંકેલાં અનેક અધિકરણ અને તેના ભાષ્યાદિ સાથે તેનો વિરોધ છે તેથી મુક્તોની ઈશ્વરભાવાપત્તિ ભાષ્યને અભિપ્રેત છે એમ કહેવું શક્ય નથી. માટે આ દલીલથી સંતોષ ન થતાં હવે પછીના ગ્રંથમાં બીજી દલીલ આપી છે—साधनाध्यायेऽपि...।

साधनाध्यायेऽपि 'सन्ध्ये सृष्टिराह हि' (ब्र. सू. ३ २ १) इत्यधिकरणे स्वप्नप्रपञ्चस्य मिथ्यात्वे व्यवस्थापिते तत्र मिथ्याभूते स्वप्नप्रपञ्चे जीवस्य कर्तृत्वमाशङ्क्य 'पराभिध्यानात्तु तिरोहितं ततो ह्यस्य बन्धविपर्ययौ' (ब्र.सू. ३.२ ५) इति सूत्रेण 'जीवस्येश्वराभिन्नत्वात् सदपि सत्यसङ्कल्पत्वादिकमविद्यादोषात्तिरोहितमिति न तस्य स्वप्नप्रपञ्चे स्रष्टृत्वं सम्भवति' इति वदन् सूत्रकारः 'तत्पुनस्तिरोहितं सत् परमभिध्यायतो यतमानस्य जन्तोर्विधूतध्वान्तस्य तिमिरतिरस्कृतेव दृक्शक्तिरौषधवीर्यादीश्वरप्रसादात् संसिद्धस्य कस्यचिदेवाविर्भवति, न स्वभावत एव सर्वेषां जन्तूनाम्' इति तत्सूत्राभिप्रायं वर्णयन् भाष्यकारश्च मुक्तस्य स्वप्नसृष्ट्याद्युपयोगिसत्यसङ्कल्पत्वाद्यभिव्यक्त्यङ्गीकारेण परमेश्वरभावापत्तिं स्पष्टीचकार ॥

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાધનાધ્યાયમાં પણ 'જાગ્રત્ અને સુષુપ્તિના) સંધિસ્થાનમાં (અર્થાત સ્વપ્નસ્થાનમાં) સૃષ્ટિ છે કારણ કે કહ્યું છે' (બ્ર.સૂ. ૩.૨.૧) એ અધિકરણમાં સ્વપ્નપ્રપંચનું મિથ્યાત્વ વ્યવસ્થાપિત કરાતાં ત્યાં મિથ્યાભૂત સ્વપ્નપ્રપંચને વિષે જીવના કર્તૃત્વની આશંકા કરીને "પરમાત્માના ધ્યાનથી તિરોહિત થએલું તે અભિવ્યક્ત થાય, કારણ કે તેથી (ઈશ્વરના અજ્ઞાનથી અને તેના જ્ઞાનથી) બન્ધ અને તેનો વિપર્યય (અર્થાત્ ઐશ્વર્યનો આવિર્ભાવ) છે" — એ સૂત્રથી 'જીવ ઈશ્વરથી અભિન્ન હોવાથી સત્યસંકલ્પત્વ આદિ વિદ્યમાન હોવા છતાં અવિદ્યા-દોષથી તિરોહિત છે માટે તે (જીવ) સ્વપ્રપંચની બાબતમાં સ્રષ્ટા સંભવતો નથી" એમ કહેતા સૂત્રકારે, અને "તે તિરોહિત હોઈને પરમાત્માના ધ્યાન કરતા, પ્રયત્ન કરતા જન્તુનું (જીવનુ) (તે સત્યસંકલ્પત્વાદિ ઐશ્વર્ય) ઈશ્વરના પ્રસાદથી સંસિદ્ધ થયેલા (અર્થાત અપ્રતિબદ્ધ પરમેશ્વર–સાક્ષાત્કારવાળા) કોઈકનું જ આવિર્ભાવ પામે છે, જેમ જેનો અંધકાર દૂર થયો છે એવાની લોચનશક્તિ જે તિમિરરોગથી તિરસ્કૃત હતી તે કોઈકની જ ઓષધના બળથી આવિર્ભાવ પામે છે તેમ, (પણ) સ્વભાવથી જ બધા જન્તુઓની બાબતમાં તેમ થતું નથી" — એમ તે સૂત્રનો અભિપ્રાય વર્ણવતા ભાષ્યકારે મુક્તની બાબતમાં સ્વપ્નસૃષ્ટિ આદિમાં ઉપયોગી સત્યસંકલ્પત્વ આદિની અભિવ્યક્તિનો સ્વીકાર કરીને મુક્તની પરમેશ્વર-ભાવાપત્તિ સ્પષ્ટ કરી છે.

**વિવરણ** : બ્રહ્મવિદ્યાનાં સાધન વૈરાગ્ય આદિનું પ્રતિપાદન કરનાર બ્રહ્મસૂત્રના ત્રીજા અધ્યાયમાં પણ સૂત્રકારે તથા સૂત્રનો અભિપ્રાય વર્ણવતા ભાષ્યકાર **શંકરાચાર્યે** મુક્તની ઈશ્વરભાવાપત્તિ સ્પષ્ટ કરી છે. જાગ્રત્ અને સુષુપ્તિના સંધિસ્થાનમાં અર્થાત્ સ્વપ્નસ્થાનમાં રથાદિ-સૃષ્ટિ સત્ય હોવી જોઈએ કારણ કે રથાદિ-સૃષ્ટિનું શ્રવણ છે—**अथ रथान् रथयोगान् पथस्सृजते** ઇત્યાદિ. (બૃહદ્ ઉપ. ૪.૩.૧૦). શ્રુતિસિદ્ધ સૃષ્ટિ અસત્ય હોઈ શકે નહિ કારણ કે આકાશાદિની શ્રુતિસિદ્ધ સૃષ્ટિમાં અસત્યત્વ દેખાતું નથી. (રથયોગ=અશ્વ). આ અધિકરણમાં એવી શંકા કરી છે કે જેમ અગ્નિના અંશભૂત તણખામાં અગ્નિની જેમ દહન અને પ્રકાશનનું સામર્થ્ય છે, તેમ જીવ પરમેશ્વરનો અંશ હોઈને તેમાં ઈશ્વરની જેમ જ સ્વપ્નાદિસૃષ્ટિને અનુકૂલ સત્યસંકલ્પત્વ આદિરૂપ સામર્થ્ય છે તેથી તે સ્વપ્નસૃષ્ટિનો કર્તા હોઈ શકે. આ શંકાનો પરિહાર કરતાં કહ્યું છે કે હા, જીવમાં સત્યસંકલ્પ આદિ છે પણ સંસારદશામાં તે તિરોહિત હોય છે તેથી સૃષ્ટિ આદિમાં તેનો ઉપયોગ નથી પર અર્થાત્ બિંબભૂત ઈશ્વરનો સાક્ષાત્કાર થાય ત્યાં સુધી તેનું ધ્યાન કરવાથી તિરોધાન કરનાર અવિદ્યાનો નાશ થતાં તે ઐશ્વર્ય અભિવ્યક્ત થાય છે, કારણ કે ઈશ્વર અજ્ઞાત હોવાને લીધે જીવનો બંધ છે અને તે જ ઈશ્વર જ્ઞાત થતાં તેનાથી વિપરીત અવસ્થા અર્થાત્ ઐશ્વર્યનો આવિર્ભાવ છે. સત્ય-સંકલ્પત્વ આદિ ઐશ્વર્યના આવિર્ભાવને માટે પ્રયત્ન કરતો, શ્રવણ–મનનરૂપ વિચારનું અનુષ્ઠાન કરતો ક્રમે કરીને પરમેશ્વરનું અભિન્ન તરીકે ધ્યાન કરતો કોઈક જ જીવ જેને શ્રવણ, મનન, ધ્યાનના અનુષ્ઠાનથી ઉત્પન્ન થયેલા ઈશ્વર-પ્રસાદથી પરમેશ્વરનો અપ્રતિબદ્ધ સાક્ષાત્કાર થાય છે, તેના ઐશ્વર્યનો આવિર્ભાવ થાય છે. આ યથોક્ત સાધનસંપત્તિ વિના સ્વભાવથી જ થાય એવું બનતું નથી. ઈશ્વરભાવાપત્તિ વિના મુક્તને સત્યસંકલ્પત્વ આદિની અભિવ્યક્તિ સંભવે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નહિ. તેથી અહીં પણ મુક્તની ઈશ્વરભાવાપત્તિનું જ સ્પષ્ટીકરણ **સૂત્રકાર અને ભાષ્યકારે** કર્યું છે

આ ઉદાહરણનું પણ વિવેચન કરતાં વ્યાખ્યાકાર **કૃષ્ણાનંદતીર્થ** કહે છે : —અહીં આ વિચાર કરવામાં આવે છે કે પ્રતિબિંબત્વથી વિશિષ્ટ ચૈતન્યરૂપ જીવમાં રહેલાં સત્યસંકલ્પત્વાદિના મુક્તિમાં શક્ય થતા આવિર્ભાવનું પ્રતિપાદન છે, કે બિંબત્વથી વિશિષ્ટ ચૈતન્યરૂપ ઈશ્વરના સત્યસંકલ્પત્વાદિના અવિર્ભાવનું પ્રતિપાદન છે ? પહેલું હોઈ શકે નહિ કારણ કે ઈશ્વરમાં રહેલાં સત્યસંકલ્પત્વ આદિની અપેક્ષાએ જીવમાં જુદાં સત્યસંકલ્પત્વ આદિના અસ્તિત્વ માટે પ્રમાણ નથી. ઈશ્વરની જેમ જીવમાં પણ તેવું જુદું ઐશ્વર્ય છે એવું પ્રતિપાદન કરનાર શાસ્ત્ર નથી. જીવ ઈશ્વરથી અભિન્ન છે માટે તેમાં પણ ઈશ્વરની જેમ આ ધર્મ હોવા જોઈએ એવું અનુમાન પણ કરી શકાય નહિ. લોકમાં બિંબભૂત મુખથી અભિન્ન હોવા છતાં પણ પ્રતિબિંબ-મુખમાં બિંબની જેમ સ્વચ્છતા આદિ ધર્મ જોવામાં નથી આવતા માટે પ્રતિબિંબમા બિંબના જેવા જ ધર્મો હોય એવો નિયમ નથી વળી તત્ત્વસાક્ષાત્કારથી અવિદ્યાની નિવૃત્તિ થતાં અવિદ્યાથી નિરૂપિત પ્રતિબિંબત્વની પણ નિવૃત્તિ થઈ જાય તેથી પ્રતિબિંબભૂત જીવમાં સત્યસંકલ્પત્વાદિ વિદ્યમાન જ ન હોવાથી મુક્તિમાં તેમની અભિવ્યક્તિ સંભવે નહિ. અને બંધ-દશામાં તિરસ્કૃત સત્યસંકલ્પત્વ આદિનો ઉપયોગ નથી તો સ્પષ્ટ રીતે જીવમાં તેમની જુદી કલ્પના કરવી વ્યર્થ છે. એવી દલીલ ન કરી શકાય કે બંધદશામાં જ સગુણ વિદ્યાના ફલરૂપ અવાન્તર મુક્તિમાં સત્યસંકલ્પત્વ આદિનો ઉપયોગ છે તેથી એ વ્યર્થ નથી. આ દલીલ બરાબર નથી કારણ કે ત્યાં પણ ઈશ્વર સમાન સત્યસંકલ્પત્વ આદિની અભિવ્યક્તિ માનવામાં નથી આવતી, તેથી જીવમાં તેના સમાન ઐશ્વર્ય જે તિરોહિત થયું છે તેની કલ્પના વ્યર્થ છે તેથી પ્રતિબિંબભૂત ચૈતન્યરૂપ જીવમાં પૃથક્ સત્યસંકલ્પત્વ આદિની કલ્પના માટે કોઈ પ્રમાણ નથી તેમ તેનું પ્રયોજન નથી.

તે જ પ્રમાણે બિંબભૂત ઈશ્વરમાં રહેલું સત્યસંકલ્પત્વ આદિ ઐશ્વર્ય બંધદશામાં જીવો પ્રતિ જીવોની અવિદ્યાઓથી તિરોહિત હોઈ ઈશ્વરસાક્ષાત્કારથી મુક્તિમાં તેમને એ અભિવ્યક્ત થાય છે એ બીજો પક્ષ પણ અનુપપન્ન છે, કારણ કે સત્યસંકલ્પત્વ આદિથી વિશિષ્ટ ઈશ્વર અવિદ્યાથી આવૃત બને છે એમ માનવા માટે પ્રમાણ નથી "અત્યારે હું સત્યસંકલ્પત્વ આદિ ગુણવાળો ઈશ્વર છું' એવો અનુભવ થતો ન હોવાથી સત્યસંકલ્પત્વ આદિથી વિશિષ્ટ ઈશ્વર આવૃત છે એમ કલ્પવામાં આવે છે"—એવી દલીલ કરી ન શકાય. તેનું કારણ એ કે પ્રતિબિંબભૂત જીવોનો અને બિંબભૂત ઈશ્વરનો કલ્પિત ભેદ માન્યો છે તેથી જ જેમ એક જીવને બીજા જીવનો સાક્ષાત્કાર થતો નથી તેમ જીવને ઈશ્વરનો સાક્ષાત્કાર થઈ શકે નહિ તેથી સત્યસંકલ્પત્વ આદિથી વિશિષ્ટ ઈશ્વર આવૃત છે એવી કલ્પના વ્યર્થ છે. અને ઐશ્વર્યથી વિશિષ્ટ ઈશ્વર આવૃત છે એવી કલ્પના કરવામાં આવે તો આ વિશિષ્ટનું આવરણ કરનાર અવિદ્યાના નિવર્તક જ્ઞાનનો સંભવ ન હોવાથી તેની નિવૃત્તિ નહીં થાય એમ માનવું પડશે તત્ત્વમસિ આદિ વાક્યથી જન્ય જ્ઞાન શુદ્ધચિન્માત્ર વિષયક છે, તે ઐશ્વર્યથી વિશિષ્ટ ઈશ્વરવિષયક નથી, તેથી તેનાથી ઐશ્વર્યવિશિષ્ટ ઈશ્વરના આવરણની નિવૃત્તિ ન થઈ શકે. અને અવિદ્યા શુદ્ધચિન્માત્રનું આવરણ કરે છે એમ માનવામાં આવે તો સત્યસંકલ્પત્વ આદિ ઐશ્વર્યનું અવિદ્યાથી તિરોધાન સિદ્ધ જ થતું નથી. એવી દલીલ પણ ન

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કરી શકાય કે "જીવને ઈશ્વરમાં રહેલાં સત્યસંકલ્પત્વ આદિની પ્રતીતિ પોતાનાં તરીકે થતી નથી એ જ તેનું તિરોધાન અહીં વિવક્ષિત છે". આ દલીલ બરાબર નથી કારણ કે એવું હોય તો પછીના સૂત્રમાં તિરોધાન અવિદ્યાપ્રયુક્ત આવરણરૂપ છે એવું પ્રતિપાદન છે તેનો વિરોધ થાય. માટે ઈશ્વરમાં રહેલું સત્યસંકલ્પત્વ આદિ ઐશ્વર્ય જીવની અવિદ્યાથી તિરોહિત થયેલું છે, અને તત્ત્વસાક્ષાત્કારથી ઐશ્વર્યના તિરોધાનની નિવૃત્તિ થઈ શકે છે એમ માનીને પરાભિધ્યાનાત્ એ સૂત્ર અને તેનું ભાષ્ય પ્રવૃત્ત થાય છે એમ કહેવું જોઈએ. અને આ સૂત્ર અભ્યુપેત્યવાદ પ્રકારનું છે (–એ સિદ્ધાન્ત નથી–) એમ સર્વજ્ઞાત્મમુનિએ કહ્યું છે.+ જેની ચર્ચા મૂળ ગ્રંથમાં જ આવશે. આમ મુક્તની ઈશ્વરભાવપત્તિમાં આ સૂત્ર અને તેના પરનુ ભાષ્ય પણ પુરાવારૂપ નથી તેથી અસ્વરસથી બીજો દાખલો આપ્યો છે—फलाध्यायेऽपि...

फलाध्यायेऽपि 'स्वेन रूपेणाभिनिष्पद्यते' (छा. उप. ८.३.४) इति मुच्यमानविषयायां श्रुतौ 'केन रूपेणाभिनिष्पत्तिर्विवक्षिता' इति बुभुत्सायां 'ब्राह्मेण जैमिनिरुपन्यासादिभ्यः' (ब्र. सू. ४.४.५) इति सूत्रेण ब्राह्मं रूपमपहतपाप्मत्वादि सत्यसङ्कल्पत्वाद्यवसानं सर्वज्ञत्वसर्वेश्वरत्वादि च, तेनाभिनिष्पत्तिः "य आत्माऽपहतपाप्मा (छा. ८ ७ १) इत्याद्युपन्यासेन "स तत्र पर्येति जक्षत् क्रीडन् रममाणः स्त्रीभिर्वा यानैर्वा (छा. ८.१२.३) इत्याद्यैश्वर्यावेदनेन चेति जैमिनिमतम् । 'चितितन्मात्रेण तदात्मकत्वादित्यौडुलोमिः' (ब्र.सू. ४.४.६) इत्यनन्तरसूत्रेण "एवं वा अरेऽयमात्माऽनन्तरोऽबाह्यः कृत्स्नः प्रज्ञानघन एव" (बृ. ४ ५ १३) इत्यादिश्रुत्या 'चैतन्यमात्रमात्मस्वरूपम्' इत्यवगतेः 'तन्मात्रेणाभिनिष्पत्तिः' इति मतान्तरं चोपन्यस्य 'एवमप्युपन्यासात् पूर्वभावादविरोधं बादरायणः' (ब्र.सू. ४ ४ ७) इति सिद्धान्तसूत्रेण वस्तुदृष्ट्या चैतन्यमात्रत्वेऽपि पूर्वोक्तगुणकलापस्य उपन्यासाद्यवगतस्य मायामयस्य बद्धपुरुषव्यवहारदृष्ट्या सम्भवाद् न श्रुतिद्वयविरोधः इति अविरोधं वदन् सूत्रकारः, सूत्रत्रयमिदमुक्तार्थपरत्वेन व्याकुर्वन् भाष्यकारश्च मुक्तस्येश्वरभावापत्तिं स्पष्टमनुमेने । भामतीनिबन्धप्रभृतयश्च श्रुत्युपबृंहितमिदं सूत्रजातं, भगवतो भाष्यकारस्य उदाहृतं वचनजातं च तथैवान्ववर्तन्त ।

---

\+ ऐश्वर्यमज्ञानतिरोहितं सद् ध्यानादभिव्यज्यत इत्यवोचत् ।
शरीरिणः सूत्रकृदस्य यत्तु तदभ्युपेत्योदितमुक्तहेतोः ॥—संक्षेपशारीरक ३.१७५

બેઘડી માની લઈએ કે જીવ-ઈશ્વરનો અભેદ છે તેથી જીવમાં ઐશ્વર્ય છે તો પણ તે સ્વપ્નસૃષ્ટિનો કર્તા ન બની શકે એવો આશય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ફલાધ્યાયમાં પણ 'પોતાના રૂપથી રહે છે' એ મુક્ત થતા (જીવ) વિષયક શ્રુતિમાં પણ 'કયા રૂપથી રહેવાનું વિવક્ષિત છે?' એમ જાણવાની ઇચ્છા થતાં 'બ્રહ્મના (રૂપથી) એમ જૈમિનિ માને છે કારણ કે ઉપન્યાસ વગેરે છે' (બ્ર.સૂ. ૪૪૫) એ સૂત્રથી બ્રાહ્મ (બ્રહ્મનું) રૂપ અપહતપાપ્મત્વથી માંડીને સત્યસંકલ્પત્વ સુધીનું અને સર્વજ્ઞત્વ, સર્વેશ્વરત્વાદિ તે રૂપથી રહે છે, કારણ કે 'જે આત્મા પાપ સાથેના સંબંધરહિત છે' ઇત્યાદિ ઉપન્યાસ છે, અને 'તે ત્યાં ફરે છે, હસતો રમતો આનંદ કરતો સ્ત્રીઓથી કે યાનોથી' ઇત્યાદિ ઐશ્વર્યનું આવેદન (જ્ઞાપક વિધિથી) છે એમ જૈમિનિનો મત છે. 'ચૈતન્યમાત્ર (રૂપથી), કારણ કે એ તદાત્મક (એ સ્વરૂપવાળું છે) એમ ઔડુલોમિ માને છે' (બ્ર.સૂ. ૪૪૬) એ તરત જ પછીના સૂત્રથી 'તેમ અરે આ આત્મા જેની અંદર કશું નથી, બહાર કશું નથી જે પૂરેપૂરો ચૈતન્યૈકરસ છે' ઇત્યાદિ શ્રુતિથી 'આત્માનું સ્વરૂપ ચૈતન્યમાત્ર છે' એમ સમજાતું હોવાથી 'તે તે(ચૈતન્ય) માત્ર (રૂપ)થી રહે છે' એવો બીજો મત રજૂ કરીને 'આમ પણ ઉપન્યાસ હોવાથી પૂર્વભાવથી વિરોધ નથી એમ બાદરાયણ માને છે' (બ્ર.સૂ. ૪૪૭) એ સિદ્ધાન્ત-સૂત્રથી 'પારમાર્થિક દૃષ્ટિથી ચૈતન્યમાત્ર હોવા છતાં ઉપન્યાસ આદિથી જ્ઞાત થતો પૂર્વોક્ત માયામય ગુણ-સમૂહ બદ્ધ (સંસારી) પુરુષની વ્યવહાર દૃષ્ટિથી સંભવે છે તેથી એ શ્રુતિઓનો વિરોધ નથી એમ અવિરોધ કહેનાર (બતાવનાર) સૂત્રકારે, અને આ ત્રણ સૂત્રોને ઉક્ત અર્થપરક તરીકે સમજાવતા ભાષ્યકારે મુક્તની ઈશ્વરભાવાપત્તિનું અનુમાન (શ્રુતિને આધારે દલીલ કરીને સિદ્ધ—) કર્યું. અને ભામતી આદિ નિબંધો શ્રુતિથી સમર્થિત આ સૂત્ર-સમૂહને અને ભગવાન ભાષ્યકારે (શંકરાચાર્યે) રજૂ કરેલ વચનોને તે જ રીતે અનુસર્યા.

**વિવરણ** : મુક્ત જીવ પોતાના રૂપથી રહે છે એમ જ્યારે શ્રુતિ કહે છે ત્યારે શું અભિપ્રેત છે—સર્વજ્ઞત્વ, સર્વેશ્વરત્વ, અપહતપાપ્મત્વ આદિ ગુણોથી વિશિષ્ટ રૂપે મુક્ત રહે છે એમ અભિપ્રેત છે, કે શુદ્ધ ચિન્માત્રરૂપથી રહે છે એમ અભિપ્રેત છે, કે દ્વિવિધરૂપથી રહે છે એમ અભિપ્રેત છે? ઉપન્યાસ, વ્યપદેશ અને વિધિ દ્વારા સમજાય છે કે અપહત-પાપ્મત્વાદિ ગુણોથી વિશિષ્ટ એવા બ્રાહ્મ રૂપથી રહે છે એમ જૈમિનિ આચાર્ય માને છે. ઉદ્દેશરૂપ વાક્યસમૂહ તે ઉપન્યાસ, જેમ કે 'य आत्माऽपहतपाप्मा विजरो विमृत्युर्विशोको... એમ શરૂ કરીને 'सोऽन्वेष्टव्यः स विजिज्ञासितव्यः એમ વિચારનું વિધાન કર્યું છે. તે જ રીતે एष सर्वेश्वर एष भूताधिपतिः ...એમ શરૂઆત કરીને तमेतं वेदानुवचनेन ब्राह्मणा विविदिषन्ति (બૃહદ ૪. ૪. ૨૨) એમ તેને જાણવા માટે યજ્ઞાદિનું વિધાન કર્યું છે તેથી ઉપન્યાસ પદ ઉપલક્ષણ છે અને તેથી સર્વજ્ઞત્વાદિ વિશેષ પણ સમજવાનો છે અને સર્વજ્ઞત્વાદિનો વ્યપદેશ છે—यः सर्वज्ञः सर्वविद् यस्य ज्ञानमयं तपः (મુણ્ડક ૧. ૧. ૯) ઇત્યાદિ જે વાક્યસંદર્ભ ઉદ્દેશરૂપ ન હોય તેમ વિધિરૂપ ન હોય તે વ્યપદેશ કહેવાય છે. સર્વજ્ઞત્વાદિ-સંદર્ભ ઉદ્દેશરૂપ નથી કારણ કે કોઈ વિધેય દેખાતું નથી; તેમ વિધિ પણ નથી. અજ્ઞાતનું જ્ઞાન કરાવો તે વિધિ —स तत्र पर्येति....यत्र શબ્દનો પ્રયોગ હોવાથી એ આગળ કહેલાના અનુવાદરૂપ છે એમ સમજાય છે. જૈમિનિના મતે આ ઉપન્યાસ વ્યપદેશ અને વિધિથી સમજાય છે કે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મુક્ત જીવ બ્રાહ્મ એવા વાસ્તવ ધર્મસમૂહથી યુક્ત રહે છે તેથી બ્રહ્મથી અભિન્ન એવો તે તેના રૂપથી યુક્ત રહે છે. જૈમિનિ માને છે કે મુક્ત જીવ સર્વજ્ઞત્વાદિ ગુણોથી વિશિષ્ટ બ્રાહ્મ રૂપથી યુક્ત રહે છે, જ્યારે ઔડુલોમિ આચાર્ય માને છે કે મુક્ત જીવ ચૈતન્યમાત્રરૂપે જ રહે છે. યાજ્ઞવલ્ક્યે મૈત્રેયીને કહ્યું કે "જેમ મીઠાનો ગાંગડો બહાર અને અંદર લવણરસ જ છે તેમ હે મૈત્રેયી! પ્રસ્તુત આત્મા શરીરની અંદર કે બહાર ચૈતન્યૈકસ્વભાવ છે" (બૃહદ્ ૪ ૫.૧૩). મુક્તિમાં બ્રહ્મથી અભિન્ન રહેનાર મુક્ત જીવનો કોઈ ધર્મ નથી. ઐશ્વર્યાદિ જે ઉપન્યાસ આદિથી સમજાય છે તે શ્રુતિના તાત્પર્યનો વિષય નથી માટે તે તુચ્છ છે એમ ઔડુલોમિનું માનવું છે. આ બન્ને મત પૂર્વપક્ષ છે. સિદ્ધાન્તસૂત્રમાં બાદરાયણ આચાર્ય સિદ્ધાન્ત પક્ષ રજૂ કરે છે કે ઉપર્યુક્ત શ્રુતિઓનો વિરોધ નથી અને મતોમાં વિરોધ નથી. પારમાર્થિક દૃષ્ટિએ જીવ ચૈતન્યમાત્રસ્વરૂપ છે. જૈમિનિ-મતની જેમ ગુણસમૂહને વાસ્તવ નથી માન્યો તેથી ચિન્માત્રત્વનું પ્રતિપાદન કરનાર શ્રુતિનો વિરોધ નથી; અને ઔડુલોમિ માને છે તેમ ગુણસમૂહને તુચ્છ નથી માન્યો તેથી ગુણવિષયક શ્રુતિઓ નિર્વિષય બની જશે એ આપત્તિરૂપ વિરોધ પણ નથી. एवमपि એ સૂત્ર-ભાગથી મુક્તનું ચિન્માત્રત્વ માનીને પૂર્વભાવ એ સૂત્રભાગથી ઉપન્યાસ આદિથી જ્ઞાત થતા ગુણસમૂહને પણ મુક્તાત્મામાં માન્યો છે. ઈશ્વર-ભાવાપત્તિ વિના મુક્તમાં ગુણસમૂહ સંભવે નહિ તેથી સૂત્રમાં મુક્તની ઈશ્વરભાવાપત્તિ માની છે એમ દેખાય છે. ભાષ્ય આદિ પણ આને પ્રતિકૂલ નથી, ઊલટાં અનુકૂલ જ છે.

આનું વિવેચન કરતાં વ્યાખ્યાકાર કૃષ્ણાનંદતીર્થ કહે છે કે મુક્તની ઈશ્વરભાવાપત્તિ માનવામાં આવે તો જે બિંબભૂત ઈશ્વર છે તે સાધક પર અનુગ્રહ કરવાને માટે માયામય શરીરનો અંગીકાર કરે છે તેથી મુક્ત જીવ પણ શરીરી જ છે એમ માનવું પડશે. અન્યથા 'क्रीडन् રમમાણઃ' ઇત્યાદિ શ્રુતિસિદ્ધ ઐશ્વર્ય ન હોઈ શકે. અને આમ માનતા 'अशरीरं वाव सन्तम्' (છા. ૮.૧૨.૧) એ શ્રુતિથી મુક્તના અશરીરત્વનું પ્રતિપાદન છે તેનો વિરોધ થાય. અને આ અશરીરત્વ કેવી રીતે સંભવે એમ આકાંક્ષા થતાં, વિદ્યાના સામર્થ્યથી પરબ્રહ્મપ્રાપ્તિ થતાં તે પ્રાપ્ત થાય છે, અન્યથા નહી એમ પ્રતિપાદન કરવા માટે 'અશરીરત્વ'નું પ્રતિપાદન કરનાર વાક્યની પછી 'परं ज्योतिरुपसम्पद्य' (છા ૮.૧૨.૩) એ વાક્ય છે એવું પ્રતિપાદન કરનાર જ્યોતિરધિકરણ (બ્ર. સૂ. ૧.૩.૪૦)નો વિરોધ થાય, કારણ કે પરબ્રહ્મપ્રાપ્તિ પછી પણ સશરીરત્વ માનવામાં આવે છે. જ્યોતિરધિકરણનું ભાષ્ય આ પ્રમાણે છે— "अशरीरं वाव सन्तम् (છા. ૮.૧૨.૧) એમ પ્રતિપાદિત અશરીરતાને માટે તેની જ્યોતિ-સંપત્તિનું કથન છે અને બ્રહ્મભાવથી અન્યત્ર અશરીરત્વ સંભવતું નથી." જ્યોતિથી અહીં બ્રહ્મ વિવક્ષિત છે. વળી મુક્તમાં સર્વજ્ઞત્વ આદિ માનવામાં આવે તો 'यत्र त्वस्य सर्वमात्मैवाभूत् तत्केन कं पश्येत्' (બૃહદ્. ૨.૪.૧૪) (જ્યાં તેને માટે બધુ આત્મા જ બન્યુ હોય ત્યાં કોનાથી કોને જુએ) ઇત્યાદિથી મુક્તને વિષે વિશેષ વિજ્ઞાનના અભાવનું પ્રતિપાદન છે તેનો વિરોધ થાય. અને આ વચન પરમ મુક્તિ વિષયક છે એમ स्वाप्ययसम्पत्त्योः (બ્ર.સૂ. ૪.૪.૧૬) એ સૂત્ર અને તેના ભાષ્ય આદિથી સ્પષ્ટ થાય છે.

વળી સર્વેશ્વરભાવ પ્રાપ્ત થયેલા મુક્ત જીવને તે ઈશ્વરભાવાપત્તિની દશામાં હોય ત્યારે સગુણ બ્રહ્મવિદ્યાનપ્રયુક્ત ઈશ્વરભાવાપત્તિની દશામાં જેમ સ્વીકારવામાં આવે છે તેમ 'જ હું' પહેલાં



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંસારી હતો તે હું હવે ઈશ્વર થયો છું" એવું પ્રતિસંધાન સ્વીકારવામાં આવે છે કે નહિ? આ પ્રતિસંધાન સ્વીકારી શકાય નહિ, કારણ કે પહેલાંની ઉપાધિનો નાશ થઈ ગયો હોવાથી તે પ્રમાણે અનુસંધાન સંભવે નહિ, કારણ કે ઉપાધિના ઐક્યનો અનુસંધાનના પ્રયોજક શરીરમાં સમાવેશ છે. પ્રતિસંધાન નથી એ પક્ષ પણ ટકી શકે તેવો નથી, કારણ કે ઈશ્વરભાવાપત્તિમાં કેવળ સ્વરૂપથી રહે તેની અપેક્ષાએ આ પક્ષમાં મુક્તથી ફલતઃ કોઈ વિશેષ જણાતો નથી. તેથી ઈશ્વરભાવાપત્તિનું ઉપપાદન કરવામાં કોઈ વધારે પડતું પ્રયોજન પ્રાપ્ત થાય છે એવું નથી. તેથી સિદ્ધ થાય કે મુક્તની ઈશ્વરભાવાપત્તિનું પ્રતિપાદન 'यत्र त्वस्य सर्वमात्मैवाभूत्...' ઇત્યાદિ શ્રુતિથી વિરુદ્ધ છે અને તેને અનુસરતાં અનેક ભાષ્યાદિથી વિરુદ્ધ છે અને પ્રયોજનશૂન્ય છે.

માટે જ **ન્યાયરક્ષામણિ**માં અપ્પય્યદીક્ષિત કહે છે કે બધા મુક્ત થાય ત્યાં સુધી મુક્તની બિંબેશ્વરભાવાપત્તિ હોય છે એમ અમે **સિદ્ધાન્તલેશસંગ્રહ**માં બતાવ્યું હોવાથી જેના સ્વરૂપનો આવિર્ભાવ થયો છે તેવા મુક્તને સત્યકામત્વ–સર્વેશ્વરભાવની પ્રાપ્તિ છે. અહીં સિદ્ધ કરવામાં આવ્યું છે તેમાં યથોક્ત અસ્વારસ્ય મનમાં રાખીને (અર્થાત્ એ કથન યુક્તિયુક્ત નથી લાગતું માટે મનને ગોઠતું નથી એમ વિચારીને) મુક્તોની શુદ્ધ ચૈતન્યભાવાપત્તિ અને તેના પક્ષમાં જક્ષણ આદિ ઐશ્વર્યની ઉપપત્તિ અપ્પય્યદીક્ષિતે જ દર્શાવી છે. તે ગ્રંથ આ પ્રમાણે છે "બધા મુક્ત થાય ત્યાં સુધી મુક્તોનું સત્યકામત્વ, સત્યસંકલ્પત્વ આદિ ઉપપન્ન છે. તેની શુદ્ધ ચૈતન્યભાવાપત્તિમાં પણ તે બધું ઉપપન્ન જ છે, કારણ કે શુદ્ધ ચૈતન્ય જીવ અને ઈશ્વરમાં અનુસ્યૂત ચૈતન્ય સામાન્ય તરીકે રહે છે. તેથી જ જેમને બ્રહ્મનો સાક્ષાત્કાર થયો છે તેમને બધા મુક્ત થાય ત્યાં સુધી સર્વાત્મતાની પ્રાપ્તિ થાય છે. માટે વામદેવને મનુભાવ, સૂર્યભાવ આદિ થાય છે એવું શ્રવણ છે (अहं मनुरभवं सूर्यश्च...). આમ મુક્તને વિષે સાર્વભૌમાદિ માનુષ તરીકે, ઇન્દ્રાદિ લોકપાલ તરીકે, અને દહરાદિ ઉપાસનાનું ફળ ભોગવનાર પુરુષ તરીકે જક્ષણ આદિ, સર્વલોકકામાવાપ્તિવાળા હોવું, બ્રહ્મલોકમાં સમાહિત સત્યકામના અનુભવ કરનાર હોવું એ કહેવું શક્ય છે; માટે જક્ષણાદિનું શ્રવણ પણ ઉપપન્ન છે." અને તેના અનુસાર પ્રકૃત સૂત્ર, **ભાષ્ય** આદિમાં બ્રાહ્મ ઐશ્વર્ય મુક્ત જીવમાં છે એવો સ્વીકાર છે. મુક્ત બ્રાહ્મરૂપથી યુક્ત રહે છે એવું માનવામાં આવતાં પણ જૈમિનિ મતની જેમ સિદ્ધાન્તમાં અદ્વૈતનો વિરોધ નથી. તે રૂપ બીજા બદ્ધ જીવોની અવિદ્યાથી કૃત છે એવો સ્વીકાર હોવાથી મુક્ત જીવ ચૈતન્યમાત્રરૂપ છે એમ પ્રાપ્ત થાય છે. તેનું તાત્પર્ય મુક્તની ઈશ્વરભાવાપત્તિપરક નથી એમ સંક્ષેપમાં કહી શકાય.

**न च श्रुत्युपबृंहितस्य एतावतः सूत्रभाष्यवचनजातस्य**
**'ऐश्वर्यमज्ञानतिरोहितं सद् ध्यानादभिव्यज्यत इत्यवोचत् ।**
**शरीरिणः सूत्रकृदस्य यत्तु तदभ्युपेत्योदितमुक्तहेतोः ॥' (अ. ३, श्लो. १७५)**
**इति संक्षेपशारीरकोक्तरीत्याऽभ्युपेत्यवादत्व युक्तं वक्तुम् ।**

**तस्मान्मुक्तानामीश्वरभावापत्तेरवश्याभ्युपेयत्वादेतदसम्भव एव प्रतिबिम्बेश्वरवादे दोषः । तदाहुः कल्पतरुकाराः—'न मायाप्रतिबिम्बस्य**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

विमुक्तैरुपगम्यता' इति । एतदसम्भवश्च एकजीववाद–पारमार्थिकजीवभेद-वादयोरपि दोषः ।

અને શ્રુતિથી સમર્થિત આટલાં સૂત્ર અને ભાષ્યનાં વચનોને

"સૂત્રકારે (पराभिध्यानात्तु એ સૂત્રથી) શરીરી (જીવ)નું ઐશ્વર્ય અજ્ઞાનથી તિરોહિત હોઈને (ઈશ્વરના સ્વરૂપના) ધ્યાનથી અભિવ્યક્ત થાય છે—એમ જે કહ્યું તે ઉક્ત હેતુથી અભ્યુપેત્યવાદ છે"—એમ સંક્ષેપશારીરકમાં કહેલી રીતથી અભ્યુપેત્યવાદ કહેવાં એ યુક્ત નથી.

તેથી મુક્તોની ઈશ્વરભાવાપત્તિ અવશ્ય સ્વીકારવાની હોવાથી પ્રતિબિંબરૂપ ઈશ્વર માનનાર પક્ષમાં તેનો (મુક્તની ઈશ્વરભાવાપત્તિનો) અસંભવ જ દોષ છે. તેથી કલ્પતરુકારે (અમલાનંદે) કહ્યું છે—"માયામાં પ્રતિબિંબરૂપ (ઈશ્વર)નું મુક્તોથી પ્રાપ્ત થવાપણું નથી". અને એનો (ઈશ્વરભાવાપત્તિનો) અસંભવ એ એકજીવવાદમાં અને પારમાર્થિકજીવભેદવાદમાં પણ દોષ છે.

**વિવરણ**: શંકા થાય કે બ્રહ્મસૂત્રના ચારેય અધ્યાયમાં ટાંકેલી શ્રુતિ, સૂત્ર અને ભાષ્યાદિ ગ્રંથમાં મુક્તની ઈશ્વરભાવાપત્તિ વિષે જે કહ્યું છે તેને સંક્ષેપશારીરકના કર્તા સર્વજ્ઞાત્મમુનિએ પ્રૌઢિવાદ તરીકે ગણ્યું છે (—આ અમે માનતા નથી છતાં તમારા સંતોષ ખાતર માની લઈએ તો પણ અમારા મતમાં દોષ નથી એમ હિંમતથી કહેવું તે)—તેથી મુક્તની ઈશ્વરભાવાપત્તિમાં આ શ્રુતિ, સૂત્ર આદિ પ્રમાણ કેવી રીતે હોઈ શકે? આનો ઉત્તર એ છે કે જ્યારે શ્રુતિથી આટલું સમર્થન મળતું હોય ત્યારે સંક્ષેપશારીરકકારનો મત પડતો મૂકવો જોઈએ. (વ્યાખ્યાકાર કૃષ્ણાનંદતીર્થ કહે છે કે જે દલીલો ઉપર આપવામાં આવી છે—મુક્તની ઈશ્વરભાવાપત્તિમાં અનુપપત્તિઓને કારણે અસ્વારસ્ય બતાવવા—તે દલીલો સર્વજ્ઞાત્મમુનિને उक्तहेतोः થી વિવક્ષિત છે). મુક્તની ઈશ્વરભાવાપત્તિ અવશ્ય સ્વીકાર્ય છે. તેથી ઊલટું જ્યાં એનો સંભવ ન હોય, ઈશ્વરભાવાપત્તિની અનુપપત્તિ હોય ત્યાં જ દોષ છે, જેમ કે ઈશ્વરને માયામાં પ્રતિબિંબ માનનાર પક્ષમાં, તેમજ એકજીવવાદમાં અને જીવ અને ઈશ્વરનો ભેદ પારમાર્થિક છે એમ માનનાર વાદમાં. વ્યાખ્યાકાર કૃષ્ણાનંદતીર્થ કહે છે કે જીવ અને ઈશ્વરનો ભેદ પારમાર્થિક છે એમ માનનાર વાદમાં તો મુક્ત શુદ્ધબ્રહ્મરૂપે રહે છે એ લક્ષણવાળી મુક્તિ પણ સંભવતી નથી એમ પણ આનાથી વધારામાં સમજવું.

यत्तु कैश्चिद् द्वैतिभिरुच्यते—भेदस्य पारमार्थिकत्वेन मुक्तौ जीवस्येश्वरभावाभावेऽपि तत्रापीश्वर इव पृथगपहतपाप्मत्वादिगुणसम्भवाद्-विरोध इति । तत्तुच्छम् । तथा सति जीवस्यापहतपाप्मत्वादिकमस्तीति न तस्य ब्रह्मलिङ्गत्वमिति शङ्कापरिहारालाभेन 'उत्तराच्चेदाविर्भूत-स्वरूपस्तु' (ब्र.सू. १.३.१९) इति सूत्रविरोधात् । 'ब्राह्मेण जैमिनिः' (ब्र.सू. ४.४.५) इति सूत्रे जीवगतस्यापहतपाप्मत्वादेः, 'उपन्यासादिभ्यः'

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

इत्यत्रादिशब्दार्थत्वेन परेषामप्यभिमतस्य 'जक्षत् क्रीडन् रममाणः' (छा. ८.१२.३) इत्यादिश्रुत्युदितस्य जक्षणादेश्च ब्राह्मत्वनिर्देशविरोधाच्च । भेदे तेषां गुणानां सत्यत्वेन 'चितितन्मात्रेण' (ब्र.सू. ४.४.६) इति सूत्रोक्तस्य मुक्तजीवानां चैतन्यमात्रत्वस्य 'एवमपि' (ब्र.सू. ४.४.७) इति सिद्धान्तसूत्रेऽङ्गीकारविरोधाच्च, 'सम्पद्याविर्भावः' (ब्र.सू. ४.४.१-३) इत्यधिकरणविरोधाच्च । तत्र हि 'स्वेन रूपेणाभिनिष्पद्यते' (छा. ८.१२.३) इति श्रुतौ आगन्तुना केनचिद्रूपेणाभिनिष्पत्तिर्नोच्यते स्वेनशब्दवैयर्थ्यापत्तेः; येन रूपेण आगन्तुना स्वयमभिनिष्पद्यते तस्यात्मीयत्वस्यावक्तव्यत्वात् । तस्मादात्मवाचिस्वशब्दोपादानाद् नित्यसिद्धेन स्वस्वरूपेणैवाभिनिष्पत्तिर्विवक्षिता, न तु केनचिद्धर्मेणेति व्यवस्थापितम् ।

કેટલાક દ્વૈતવાદીઓ કહે છે કે "ભેદ પારમાર્થિક હોવાથી મુક્તિમાં જીવનો ઈશ્વરભાવ થતા નથી તો પણ ત્યા (મુક્તમાં) ઈશ્વરમાં છે તેમ અલગ અપહતપાપ્મત્વ આદિ ગુણનો સંભવ છે તથી વિરોધ નથી"—તે તો તુચ્છ (કાઢી નાખવા જેવું) છે. તેનું કારણ એ કે તેમ હોય તો જીવમાં અપહતપાપ્મત્વ આદિ હોય છે (એમ માનવું પડે) તેથી તે બ્રહ્મનું લિંગ ન રહે તેથી શંકાનો પરિહાર પ્રાપ્ત ન થાય, માટે 'उत्तराच्चेत्...' (બ્ર. સૂ. ૧.૩.૧૯) એ સૂત્ર સાથે વિરોધ થશે. અને 'ब्राह्मेण जैमिनिः' (બ્ર.સૂ. ૪.૪ ૫) એ સૂત્રમા જીવમાં રહેલા અપહતપાપ્મત્વ આદિનો, અને 'उपन्यासादिभ्यः' એમાં 'આદિ' શબ્દના અર્થ તરીકે બીજાઓને પણ માન્ય 'હસતો, રમતો, આનંદ કરતો' ઇત્યાદિ શ્રુતિથી કથિત જક્ષણ વગેરેનો 'બ્રાહ્મ' (બ્રહ્મ સાથે સબંધિત) તરીકે નિર્દેશ છે તેનો વિરોધ થાય. અને (જીવ અને બ્રહ્મનો) ભેદ હોય તો તે ગુણો સત્ય હોવાથી 'चितितन्मात्रेण' (બ્ર.સૂ. ૪.૪.૬) એ સૂત્રમાં કહેલા મુક્ત જીવોના ચૈતન્યમાત્રત્વનો 'एवमपि' (બ્ર.સૂ. ૪.૪.૭) એ સિદ્ધાન્તસૂત્રમાં સ્વીકાર કર્યો છે તેનો વિરોધ થાય. અને 'सम्पद्याविर्भावः' એ અધિકરણનો (બ્ર.સૂ. ૪.૪.૧-૩) વિરોધ થશે કારણ કે ત્યાં 'स्वेन रूपेणाभिनिष्पद्यते' (છા. ૮.૧૨.૩) એ શ્રુતિમાં આગન્તુક (ઉત્પાદ્ય) કોઈક રૂપથી અભિનિષ્પત્તિ કહી નથી કેમકે એમ હોય તો 'સ્વ' શબ્દ વ્યર્થ બની જાય. તેનું કારણ એ કે જે આગન્તુક (ઉત્પાદ્ય) રૂપથી તે અભિનિષ્પન્ન થતો હોય તેને 'આત્મીય' કહેવું યોગ્ય ન થાય. તેથી 'આત્મા (પોત)ને વાચક 'સ્વ' શબ્દ પ્રયોજ્યો છે માટે નિત્યસિદ્ધ સ્વરૂપથી જ અભિનિષ્પત્તિ વિવક્ષિત છે, નહિ કે કોઈક ધર્મથી એમ વ્યવસ્થાપિત કરવામાં આવ્યું છે.

વિવરણ : અદ્વૈતી માને છે કે પ્રજાપતિવિદ્યામાં મુક્તના અપહતપાપ્મત્વ આદિ આઠ ગુણોનું પ્રતિપાદન છે. જો મુક્ત જીવને ઈશ્વરભાવ પ્રાપ્ત થાય છે એમ ન માનવામાં આવે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તો આ સંભવે નહિ માટે મુક્તનો ઈશ્વરભાવ માનવો જોઈએ. અને જીવનો ઈશ્વરથી સાચો ભેદ હોય તો જીવનો ઈશ્વરભાવ સંભવે નહિ. દ્વૈતવાદીઓ આ બાબતમાં સંમત નથી તેમને એ ઠીક નથી લાગતું. તેઓમાંના કેટલાકે શ્રુતિ અને સૂત્રની વ્યાખ્યા કરીને એમ બતાવ્યું છે કે જીવ અને ઈશ્વરનો ભેદ માનીને પણ શ્રુતિ અને સૂત્રમાં નિરૂપિત મુક્તના અપહતપાપ્મત્વ આદિ ગુણો, મુક્તને ઈશ્વરભાવ પ્રાપ્ત ન થાય તો પણ, સંભવે છે. દ્વૈતવાદીઓના આ મતનું અહીં ખંડન કર્યું છે. જો જીવમાં ઈશ્વરથી જુદાં અપહતપાપ્મત્વ આદિ માનવામાં આવે તો उत्तराच्चेद् એ સૂત્રભાગમાં જે શંકા કરી છે તેનું, 'आविर्भूतस्वरूपस्तु' એ પરિહારભાગથી મુક્ત જીવમાં અપહતપાપ્મત્વ આદિ આઠ ગુણોના આવિર્ભાવનું કથન છે તેમાં પણ સમાધાન પ્રાપ્ત થતું નથી. જો આ આઠ ગુણો જીવ અને ઈશ્વર જે ભિન્ન છે તે બન્નેમાં હોય તો બ્રહ્મનાં અસાધારણ લક્ષણ માની ન શકાય, અને બ્રહ્મલિંગ તરીકે પ્રાપ્ત ન થતાં, દહરાકાશ ઈશ્વર છે એવો નિર્ણય એ ગુણોના આધારે કરી શકાય નહિ. જો જીવ અને ઈશ્વર ભિન્ન હોય તો અપહતપાપ્મત્વ આદિને 'બ્રાહ્મ' (બ્રહ્મના) ન કહી શકાય, જ્યારે દ્વૈતીઓ પણ અહીં અપહતપાપ્મત્વ આદિ અને જક્ષણ આદિ ઐશ્વર્યને 'બ્રાહ્મ' માને છે. જીવ અને બ્રહ્મ ભિન્ન હોય તો આ સત્ય ગુણોવાળા જીવમાં ચિન્માત્રત્વ કેવી રીતે હોય? વળી આ ગુણોનો સમૂહ મુક્તિમાં ઉત્પન્ન થાય છે કે નિત્યસિદ્ધ છે? જો એ સ્વર્ગાદિની જેમ ઉત્પાદ્ય હોય તો વિદ્યાથી 'સ્વ'રૂપથી આવિર્ભાવ પામે છે એમ કહેવાનો કોઈ અર્થ રહે નહિ. 'સ્વ' શબ્દથી તેમ ન કહ્યું હોય તો પણ 'મુક્તિ' રૂપ મુક્તમાં ઉત્પન્ન થાય તે તે તેનું 'સ્વીય' 'પોતાનું' જ હોય. આમ 'સ્વ' ને 'સ્વીય' અર્થમાં લેવું તે વ્યર્થ છે. તેથી 'સ્વ'નો અર્થ 'સ્વસ્વરૂપ' લેવો જોઈએ. કારણ કે એ અર્થમાં પણ 'સ્વ' શબ્દ રૂઢ છે. નાના અર્થ હોવાથી અને 'સ્વકીય' એવો અર્થ આ સંદર્ભમાં સંભવતો ન હોવાથી 'સ્વ' શબ્દ 'આત્મસ્વરૂપ'નો વાચક છે એમ નિશ્ચિત થાય છે એવો ભાવ છે.

किञ्चेदमपहतपाप्मत्वादि जीवस्य मुक्तावागन्तुकं चेत्, 'सम्पद्याविर्भावः' इति मुक्तावागन्तुकरूपनिषेधेन 'पराभिध्यानात्तु तिरोहितम्', 'उत्तराच्चेदाविर्भूतस्वरूपस्तु' इत्यपहतपाप्मत्वादेर्बन्धमुक्त्योस्तिरोभावाविर्भावप्रतिपादनेन च विरोधः स्यादिति नित्यसिद्धं वाच्यमिति बन्धस्य मिथ्यात्वं दुर्वारम्। नित्यसिद्धमपहतपाप्मत्वं हि सर्वदा पाप्मरहितत्वम्। न च वस्तुतः सर्वदा पाप्मरहिते पाप्मसम्बन्धः, तन्मूलककर्तृत्वभोक्तृत्वसम्बन्धो वा पारमार्थिकः सम्भवति। एवं च जीवस्येश्वराभेदोऽपि दुर्वारः। श्रुतिबोध्यादभेदविरोधिबन्धस्य सत्यत्वाभावात्। अन्यथा संसारिणि नित्यसिद्धसत्यसङ्कल्पतिरोधानोक्त्ययोगाच्च। न हि जीवस्य संसारदशायामनुवर्तमानो यात्किञ्चिदर्थगोचरः कश्चिदस्त्यवितथसङ्कल्पस्तिरोहित इति परैरपीष्यते। किं त्वीश्वरस्य यन्नित्यसिद्धं निरवग्रहं सत्यसङ्कल्पत्वम्,

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**तदेव जीवस्य संसारदशायामीश्वराभेदानभिव्यक्त्या स्वकीयत्वेनानवभासमानं तं प्रति तिरोहितमित्येव समर्थनीयमिति घट्टकुटीप्रभातवृत्तान्तः।**

વળી, મુક્તિમાં જીવનાં અપહતપાપ્મત્વાદિ આગન્તુક છે એમ માનવામાં આવે તો 'सम्पद्याविर्भावः' એમ મુક્તિમાં આગન્તુક રૂપનો નિષેધ છે તેનાથી, અને 'पराभिध्यानात्तु तिरोहितम्', 'उत्तराच्चेदाविर्भूतस्वरूपस्तु' એમ અપહતપાપ્મત્વ આદિના, બંધ અને મુક્તિમાં, (અનુક્રમે) તિરોભાવ અને આવિર્ભાવનું પ્રતિપાદન છે તેનાથી વિરોધ થાય માટે (અપહતપાપ્મત્વાદિને) નિત્યસિદ્ધ કહેવું (માનવું) જોઈએ તેથી બંધનું મિથ્યાત્વ દુર્વાર છે (બંધ મિથ્યા છે એમ માન્યા સિવાય છૂટકો નથી, બંધનું મિથ્યાત્વ વારવું મુશ્કેલ છે). એ જાણીતું છે કે નિત્યસિદ્ધ અપહતપાપ્મત્વ એટલે સર્વદા પાપરહિત હોવું, અને જે વાસ્તવમાં સર્વદા પાપરહિત છે તેમાં પાપનો સંબંધ પારમાર્થિક હોઈ શકે નહિ; અથવા તે (પાપ-સંબંધ) જેનું મૂલ છે એવો કર્તૃત્વ, ભોક્તૃત્વનો સંબંધ પારમાર્થિક સંભવતો નથી. અને આમ (બંધ મિથ્યા છે માટે) જીવનો ઈશ્વરથી અભેદ પણ દુર્વાર છે (—માનવો જ પડશે) કારણ કે શ્રુતિથી પ્રતિપાદિત એવો તેમનો જે અભેદ તેનો વિરોધી બંધ સત્ય નથી; અને અન્યથા (—બંધ સત્ય હોય તો) સંસારીમાં નિત્યસિદ્ધ સત્યસંકલ્પના તિરોધાનનું કથન અયુક્ત બની જાય. જીવનો સંસારદશામાં ચાલુ રહેતો કોઈક એકાદ અર્થને વિષય કરતો કોઈક સાચો સંકલ્પ તિરોહિત છે એમ બીજાઓ પણ સ્વીકારતા નથી, પરંતુ ઈશ્વરનું જે નિત્યસિદ્ધ નિરવગ્રહ (અપરિમિત) સત્યસંકલ્પત્વ છે તે જ જીવની સંસારદશામાં ઈશ્વરથી (તેના) અભેદની અભિવ્યક્તિ ન હોવાથી સ્વકીય (પોતાના) તરીકે અવભાસમાન થતું નથી તેથી તેની પ્રતિ તે તિરોહિત છે એમ જ સમર્થન કરવું પડશે માટે ઘટકુટ્ટીવૃત્તાન્ત થયો.

**વિવરણ** : ઉપર બતાવ્યું તેમ 'स्वेन रूपेण...'માં આત્મવાચક 'સ્વ' પદના પ્રયોગનું પ્રયોજન એ છે કે મુકિત સ્વર્ગાદિની જેમ આગન્તુક છે, ઉત્પાદ્ય છે એવી ગેરસમજનો નિરાસ થાય. અન્યથા આ પદ વ્યર્થ બની જાય. સત્યસંકલ્પત્વાદિરૂપ જે 'स्वेन रूपेण'માં મુકિત માનવામાં આવે છે તે જો આગન્તુક હોય તો તેના આગન્તુકત્વનો નિષેધ કરનાર અધિકરણનો જેમ વિરોધ થાય છે તેમ બંધ દશામાં સત્યસંકલ્પત્વાદિનું તિરોધાન થાય છે એવું પ્રતિપાદન કરનાર સૂત્રથી અને મુકિત દશામાં સત્યસંકલ્પત્વાદિનો આવિર્ભાવ થાય છે એમ પ્રતિપાદન કરનાર સૂત્રથી તેનો વિરોધ થાય. મુકિતમાં સત્યસંકલ્પત્વાદિ નવેસરથી ઉત્પન્ન થતાં હોય તો શ્રુતિ-સૂત્રમાં કહ્યા પ્રમાણે તેમના તિરોભાવ અને આવિર્ભાવનો પ્રશ્ન જ ન રહે; તિરોભાવ અને આવિર્ભાવનું કથન અસંગત અને અયુકત બની જાય. અને ઈશ્વરની જેમ જીવમાં પણ અપહતપાપ્મત્વાદિ નિત્યસિદ્ધ હોય તો બંધને મિથ્યા માનવો જોઈએ. અપહતપાપ્મત્વ એટલે પાપનો જીવ સાથે કદી પારમાર્થિક સંબંધ ન હોવો, અને એમ હોય તો પાપસંબંધમૂલક કર્તૃત્વ-ભોક્તૃત્વ-સંબંધ પણ પારમાર્થિક હોઈ શકે નહિ. આમ બંધ મિથ્યા છે તો જીવનો ઈશ્વરથી અભેદ માનવો જ પડશે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભાસ્કરાચાર્યે શંકા ઊભી કરી છે કે બંધને મિથ્યા સાબિત કરવાનું શું પ્રયોજન છે? બંધ સાચો હોય તો પણ જીવ અને ઈશ્વરના અભેદનું પ્રતિપાદન છે તે સંભવે છે. આ શંકાનો ઉત્તર આપતાં કહ્યું છે કે બંધ સત્ય છે એમ માનીએ તો પરમાત્માનું નિત્યમુક્તત્વ પણ સત્ય હોવાથી બે સાચા પણ વિરુદ્ધ ધર્મોવાળા જીવ અને બ્રહ્મનો (અગ્નિ અને હિમની જેમ) શ્રુતિ પ્રતિપાદિત અભેદ સંભવે નહિ. તેમનો અભેદ માનવો હોય તો જીવના બંધનું મિથ્યાત્વ માનવું પડશે.

તિરોધાનનું કથન કેવી રીતે અયુક્ત બને છે એ સમજાવતાં પ્રશ્ન કર્યો છે કે જીવમાં રહેલું નિત્યસિદ્ધ સત્યસંકલ્પત્વાદિ તિરોહિત થયેલું છે એમ 'પરાભિધ્યાનાત્...' સૂત્રથી કહ્યું છે, કે ઈશ્વરમાં જ રહેલું નિત્યસિદ્ધ સત્યસંકલ્પત્વાદિ છે પણ જીવ પ્રતિ તે તિરોહિત છે એમ એ સૂત્રથી કહ્યું છે. પહેલો વિકલ્પ બરાબર નથી કારણ કે અદ્વૈતીઓની જેમ બીજાઓ (વિરોધી પક્ષના ચિંતકો) પણ કોઈક એકાદ અર્થને વિષય કરનારો જીવમાં રહેલો સત્યસંકલ્પ તિરોહિત છે એમ માનતા નથી. તો પછી સર્વ અર્થને વિષય કરનારો સત્યસંકલ્પ તિરોહિત છે એમ તેઓ નથી માનતા એમ કહેવાની જરૂર જ નથી. અદ્વૈતસિદ્ધાન્તમાં "પ્રતિબિંબચૈતન્યરૂપ જીવોમાં બિંબચૈતન્યરૂપ ઈશ્વરમાં રહેલાં સત્યસંકલ્પત્વાદિની અપેક્ષાએ જુદાં સત્યસંકલ્પત્વાદિ સંસારદશામાં તિરોહિત હોય છે" એમ સ્વીકારવામાં નથી આવતું કારણ કે તેમ માનવા માટે પ્રમાણ નથી, અને તેમ માનવાનું કોઈ પ્રયોજન નથી. બીજો વિકલ્પ સ્વીકારતાં ગમે તેટલું દૂર જઈને પણ સિદ્ધાન્તીનો જ મત સ્વીકારવાનો આવે છે. આમ ઈશ્વરથી જીવનો પારમાર્થિક ભેદ સિદ્ધ થતો નથી. બિંબભૂત ઈશ્વરની સાથે જીવનો જે વાસ્તવ અભેદ છે તે જીવની સંસારદશામાં અભિવ્યક્ત થતો નથી તેથી ઈશ્વરનું નિત્યસિદ્ધ સત્યસંકલ્પત્વાદિ સ્વકીય તરીકે ભાસતું નથી અને આ અર્થમાં તેનાથી તિરોહિત છે એમ માનીને જ તિરોધાનનું સમર્થન કરવાનો વખત આવે છે અને અન્તે ફરી ફરીને પણ અદ્વૈતસિદ્ધાન્ત સ્વીકારવો પડે છે. આ ઘટ્ટકુટીપ્રભાતવાળી વાત થઈ. દાણ આપવું ન પડે એટલે દાણની ઓરડીથી અંધારામાં દૂર દૂર રહીને રસ્તો કાપવાનો પ્રયત્ન કર્યો પણ સવાર એ ઓરડા આગળ જ પડી. એમ જીવના ઈશ્વરથી અભેદ માનવો ન પડે માટે ગમે તેટલા પ્રયત્ન બીજાઓ કરે પણ છેલ્લે શ્રુતિને સમજાવવા અદ્વૈતસિદ્ધાન્ત જ માનવો પડે છે.

नन्वपहतपाप्मत्वं न पाप्मविरहः किं तु पाप्महेतुकर्माचरणेऽपि पापोत्पत्तिप्रतिबन्धकशक्तियोगित्वमिति न तस्य नित्यसिद्धत्वेन बन्धस्य मिथ्यात्वप्रसङ्गः । एवं सत्यसङ्कल्पत्वमपि शक्तिरूपेण निर्वाच्यमिति नेश्वराभेदप्रसङ्ग इति चेत्, मैवम् । एवं शब्दार्थकल्पने प्रमाणाभावात् । न हि पापजननप्रतिबन्धिका शक्तिः संसाररूपपरिभ्रमणदशायां पापानुत्पत्त्यर्थं कल्पनीया । तदानीं तदुत्पत्तेरिष्टत्वात् । विद्योदयप्रभृति तु विद्यामाहात्म्यादेवाश्लेषः 'तदधिगम उत्तरपूर्वाघयोरश्लेषविनाशौ तद्व्यपदेशात्' (ब्र.सू. ४.१.१३) इति सूत्रेण दर्शितः । तत एव मुक्तावप्यश्लेष

**उत्पद्यते इति व्यर्था शक्तिकल्पना । तस्मादुदाहृतश्रुतिसूत्रानुसारिभिर्मुक्तजीवानां यावत्सर्वमुक्ति वस्तुसच्चैतन्यमात्रत्वाविरोधिबद्धपुरुषाविद्याकृतनिरवग्रहैश्वर्यतदनुगुणगुणकलापविशिष्टनिरतिशयानन्दस्फुरणसमृद्धनिस्सन्धिबन्धपरमेश्वरभावापत्तिरादर्तव्येति सिद्धम् ।**

વિરોધી શંકા કરે કે અપહતપાપ્મા હોવું એટલે પાપનો અભાવ હોવો એમ નહિ, પરંતુ પાપનું કારણ (બની શકે) એવાં કર્મનું આચરણ હોવા છતાં પણ પાપની ઉત્પત્તિમાં રુકાવટ કરે એવી શક્તિથી યુક્ત હોવું તે; તેથી તે (અપહતપાપ્મત્વ) નિત્યસિદ્ધ હોય તેને લીધે બંધને મિથ્યા માનવાનો પ્રસંગ થતો નથી (—બંધને મિથ્યા માનવો પડે તેવું નથી). એ જ પ્રમાણે સત્યસંકલ્પત્વને પણ શક્તિરૂપે સમજાવી શકાય તેથી (જીવના) ઈશ્વર સાથેના અભેદનો પ્રસંગ નથી (—અભેદ માનવો પડે તેવું નથી). (આવી શંકા કરે તો ઉત્તર છે કે) આમ ન બોલશો, કારણ કે આમ શબ્દાર્થની કલ્પના કરવા માટે પ્રમાણ નથી. પાપના ઉત્પાદનમાં રુકાવટ કરે એવી શક્તિ સંસારરૂપ પરિભ્રમણની દશામાં પાપ ઉત્પન્ન ન થાય તે માટે કલ્પવાની જરૂર નથી, કારણ કે ત્યારે તેની (પાપની) ઉત્પત્તિ (વિરોધીને) માન્ય છે. જ્યારે જ્ઞાનના ઉદયથી માંડીને તો વિદ્યાના બળે જ (પાપ) ચોંટતું નથી એમ "તે (જ્ઞાન) પ્રાપ્ત થતા પછીનાં પાપ ચોંટતાં નથી અને પૂર્વનાં પાપ નાશ પામે છે કારણ કે (શ્રુતિ આદિમાં) તેવું કથન છે (શ્રુત્યાદિથી તેવું સિદ્ધ છે)" (બ્ર.સૂ. ૪.૧.૧૩) સૂત્રમાં બતાવ્યું છે. તેનાથી જ મુક્તિમાં પણ પાપ ન ચોંટે (તેનો સંબંધ ન હોય—) એ ઉપપન્ન બને છે માટે (પાપને ઉત્પન્ન ન થવા દે એવી) શક્તિની કલ્પના વ્યર્થ છે. તેથી ટાંકેલાં શ્રુતિ અને સૂત્રને અનુસરનારાઓએ બધા જીવો મુક્ત બને ત્યાં સુધી મુક્ત જીવોની વસ્તુસત્ ચૈતન્યમાત્ર હોવાની અવિરોધી, બદ્ધ પુરુષની અવિદ્યાથી કરેલ નિઃસીમ ઐશ્વર્ય અને તેને અનુરૂપ ગુણ-સમૂહથી વિશિષ્ટ નિરતિશય આનન્દના સ્ફુરણથી સમૃદ્ધ એવી અખંડ પરમેશ્વરભાવાપત્તિ માનવી જોઈએ એમ સિદ્ધ થાય છે.

(વિવરણ : જીવ અને બ્રહ્મનો અભેદ માનવો પડે એ બીકે વિરોધી મતવાળો ચિંતક જીવમાં જુદું જ અપહતપાપ્મત્વ આદિ માનીને તેને વાસ્તવ બંધનું અવિરોધી બતાવવાનો પ્રયત્ન કરે એમ માનીને તેનું ખંડન અહીં કર્યું છે. વિરોધી ચિંતક અપહતપાપ્મત્વનો અર્થ નિષિદ્ધ કર્મના આચરણ છતાં પાપની ઉત્પત્તિમાં પ્રતિબંધક શક્તિવાળા હોવું એમ કરતો હોય તો તે આ શક્તિ વિદ્યાના ઉદય પહેલાં પાપની ઉત્પત્તિને રોકવા માટે માને છે કે વિદ્યાની ઉત્પત્તિ પછી તેને માન્ય મુક્તિની પહેલાં પાપની ઉત્પત્તિ રોકવા માટે માને છે? કે તેને માન્ય મુક્તિ સમયે મુક્તને દેહ, ઇન્દ્રિય આદિ હોવાથી પાપનું કારણ બની શકે તેવાં નિષિદ્ધ કર્મનું આચરણ સંભવતું હોવાથી ત્યારે પાપની ઉત્પત્તિને રોકવા માટે માને છે? પહેલો વિકલ્પ બરાબર નથી કારણ કે વિદ્યાના ઉદય પહેલાં સંસારદશાનાં પાપ ઉત્પન્ન થાય છે

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એમ વિરોધી ચિંતકને સ્વીકાર્ય છે અને વિદ્યાના ઉદય પછી આવી કોઈ શક્તિ માનવાની જરૂર નથી કારણ કે વિદ્યાના બળે પૂર્વનાં પાપ નાશ પામે છે અને આગામી પાપ ચોંટતાં નથી એમ શ્રુતિ અને સૂત્રથી સિદ્ધ છે. તેથી એમ માનવું જ પડશે કે બધા જીવો મુક્ત ન બને ત્યાં સુધી મુક્ત જીવને ઈશ્વરભાવ પ્રાપ્ત થાય છે જેનું ઐશ્વર્ય વસ્તુસત્ ચૈતન્યમાત્રત્વથી અવિરુદ્ધ છે. આ અખંડ નિર્બંધ ઐશ્વર્ય તેને અનુરૂપ ગુણસમૂહથી વિશિષ્ટ અને નિરતિશય (જેનાથી ચઢિયાતું કશું નથી એવા) આનંદસ્ફુરણથી સમૃદ્ધ છે.

विद्वद्गुरोर्विहितविश्वजिदध्वरस्य
श्रीसर्वतोमुखमहाव्रतयाजिसूनोः ।
श्रीरङ्गराजमखिनः श्रितचन्द्रमौले-
रस्त्यप्पदीक्षित इति प्रथितस्तनूजः ॥१॥

तन्त्राण्यधीत्य सकलानि सदाऽवदात-
व्याख्यानकौशलकलाविशदीकृतानि ।
आम्नायमूलमनुरुध्य च सम्प्रदायं
सिद्धान्तभेदलवसङ्ग्रहमित्यकार्षीत् ॥२॥

सिद्धान्तरीतिषु मया भ्रमदूषितेन
स्यादन्यथाऽपि लिखितं यदि किञ्चिदस्य ।
संशोधने सहृदया सदया भवन्तु
सत्सम्प्रदायपरिशीलननिर्विशङ्काः ॥३॥ *

इति सिद्धान्तलेशसङ्ग्रहे चतुर्थः परिच्छेदः समाप्तः ।

જેણે વિશ્વજિત્ યજ્ઞ કર્યો છે, જે શ્રીસર્વતોમુખમહાવ્રત કરનાર (આચાર્ય દીક્ષિત)ના પુત્ર છે, જેણે ચન્દ્રમૌલિનો આશ્રય લીધો છે એવા વિદ્વાન્ ગુરુ શ્રી રંગરાજાધ્વરીનો અપ્પદીક્ષિત (અપ્પય્યદીક્ષિત) નામે જાણીતો પુત્ર છે. (૧)

* આ શ્લોક કેટલીક પ્રતમાં નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સદા શુદ્ધ વ્યાખ્યા કરવાની (ગુરુની) કૌશલ–કળાથી સ્પષ્ટ કરવામાં આવેલાં સંપૂર્ણ શાસ્ત્રોનું અધ્યયન કરીને અને વેદમૂલક સંપ્રદાયને અનુસરીને તેણે 'સિદ્ધાન્તલેશલવસંગ્રહ' (જુદા જુદા સિદ્ધાન્તોના મુદ્દાઓનો સંક્ષિપ્ત સંગ્રહ) કર્યો છે. (૨)

ભ્રમથી દૂષિત થયેલા મારા વડે એના સિદ્ધાન્તની રીતિઓમાં જો કશું અન્યથા પણ લખાઈ ગયું હોય તો સહૃદય (વાચકો) જે સાચા સંપ્રદાયના પરિશીલનથી તદ્દન શંકામુક્ત છે (અર્થાત્ જેમના નક્કર જ્ઞાનમાં શંકાને સ્થાન નથી) તેઓ તેને સુધારી લેવામાં દયાયુક્ત બનો. (૩)

**સિદ્ધાન્તલેશસંગ્રહના ભાષાનુવાદનો ચતુર્થ પરિચ્છેદ સમાપ્ત.**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ

## सिद्धान्तलेशसङ्ग्रहમાં નિર્દિષ્ટ આચાર્યો, દર્શનો, સિદ્ધાન્તો, ગ્રંથો


અદ્વૈતદીપિકા ૩૮૫, ૪૧૧.

અદ્વૈતવિદ્યાકૃત્ ૩૨૪.

અદ્વૈતવિદ્યાચાર્ય ૧૯૭, ૩૭૯, ૪૯૬, ૫૪૮.

અધ્વરમીમાંસક ૪૪૦.

અનિર્વચનીયત્વ ૨૩૭.

અનેકજીવવાદ ૧૦૯, ૫૫૭.

અન્યથાખ્યાતિવાદ ૨૩૭.

अन्ये ૧૧, ૪૪, ૫૭, ૯૪, ૧૦૬, ૧૧૧, ૧૧૫, ૧૧૮, ૧૩૨, ૧૩૮, ૧૪૨, ૧૪૪, ૧૪૭, ૧૬૦, ૧૭૭, ૧૯૦, ૧૯૮, ૨૩૯, ૨૪૧, ૨૪૫, ૨૫૯, ૨૭૧, ૩૧૦, ૩૧૬, ૩૪૧, ૩૪૭, ૩૫૪, ૩૭૦, ૩૮૨, ૩૯૫, ૪૦૧, ૪૫૦, ૪૫૯, ૪૮૯, ૪૯૩, ૫૧૭, ૫૨૫, ૫૩૨, ૫૩૫, ૫૫૩.

અપચ્છેદન્યાય ૨૯૭, ૩૦૭.

अपरे ૨૬, ૧૧૨, ૧૧૬, ૧૨૦, ૧૩૩, ૧૪૧, ૧૪૩ ૧૪૯, ૧૬૧, ૨૦૦, ૨૦૫, ૨૫૯, ૨૭૩, ૩૧૪, ૩૪૮, ૩૫૭, ૩૯૬, ૪૦૩, ૪૫૯, ૪૮૮, ૪૮૯, ૪૯૪, ૫૨૫, ૫૩૫, ૫૫૪.

અર્વાચીન ૪૦૯.

અવચ્છેદપક્ષ ૫૫૭.

અવિશેષાનેકશરીરૈકજીવવાદ ૧૦૭.

આચાર્ય ૩૪૬, ૪૭૩, ૫૦૮.

આનંદબોધ ૫૩૯.

इतरे ૧૦૯, ૧૧૪, ૨૦૧, ૨૪૫, ૩૯૭, ૪૦૫, ૫૫૫.

એકજીવવાદ ૫૫૬, ૫૭૯.

એકશરીરૈકજીવવાદ ૧૦૬.

एके ૧૧૪, ૩૯૭.

કઠ ઉપ. ૧૪, ૧૨૪, ૩૯૬, ૪૨૦, ૪૭૬, ૫૦૮.

કલ્પતરુ ૮૭, ૧૧૮, ૧૨૧, ૩૬૪, ૪૩૭.

કલ્પતરુકૃત્ (કાર) ૪૮૬, ૫૭૮.

કલ્પસૂત્ર ૪૭૯.

કવિતાર્કિકચક્રવર્તી (નૃસિંહભટ્ટોપાધ્યાય) ૨૦૬, ૨૩૨.

कस्यचित् ૩૩૫.

કૂટસ્થદીપ ૧૬૫, ૧૭૦, ૧૭૧, ૧૯૫, ૨૦૨.

केचित् ૫૮, ૬૦, ૧૦૫, ૧૧૦, ૧૧૭, ૧૩૧, ૧૩૭, ૧૪૧, ૧૪૪, ૧૪૬, ૧૫૩, ૧૫૮, ૧૭૫, ૧૯૫, ૨૪૦, ૨૪૪, ૨૫૯, ૨૭૦, ૩૧૦, ૩૩૯, ૩૪૬, ૩૫૨, ૩૫૮, ૩૬૮, ૩૮૧, ૩૯૧, ૪૦૦, ૪૦૫, ૪૩૬, ૪૪૯, ૪૭૫, ૪૮૪, ૪૮૮, ૪૯૨, ૫૧૬, ૫૨૫, ૫૩૨, ૫૩૫.

કૌમુદી (વેદાંત) ૧૭૨, ૩૬૩.

કૌમુદીકાર ૪૩, ૧૨૪.

કૌષીતક્યુપનિષદ્ ૫૬૯.

કેન ઉપ. ૪૭૯, ૪૮૯, ૪૯૦.

ગીતાભાષ્ય ૨૫.

ગીતાવિવરણ ૪૯૦.

ગૌડપાદીયવિવરણ ૮૩.

ચિત્રદીપ ૭૦, ૭૯, ૮૫.

ચિત્સુખાચાર્ય ૩૭૬, ૫૪૯.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છાન્દોગ્ય ઉપ. ૩૧, ૪૮, ૧૧૭, ૪૨૦, ૪૬૬, ૪૬૭, ૫૬૦, ૫૬૪, ૫૭૫, ૫૯૨.

જાબાલશ્રુતિ ૪૬૩.

તત્ત્વદીપન ૧૫૮.

તત્ત્વપ્રદીપિકા ૧૭૦, ૧૭૧, ૧૯૫, ૩૬૩.

તત્ત્વવિવેક ૬૭.

તત્ત્વશુદ્ધિ ૧૭૪.

તત્ત્વશુદ્ધિકાર ૧૨૩, ૨૬૨, ૩૮૨.

તૈત્તિરીય આરણ્યક ૪૦.

તૈત્તિરીય ઉપ. ૧૪, ૪૭, ૧૧૭, ૪૨૦, ૪૯૦.

દૃગ્દૃશ્યવિવેક ૮૫.

દૃષ્ટિસૃષ્ટિવાદ ૩૭૩, ૩૭૪, ૩૭૮.

દૃષ્ટિસૃષ્ટિવાદી ૩૬૭.

દ્વૈતી ૫૭૯.

ધ્યાનદીપ ૪૭૬.

નાટકદીપ ૧૬૯, ૧૭૧.

નારદસ્મૃતિ ૨૭૪

નૈયાયિક ૨૩૩.

નૈષ્કર્મ્યસિદ્ધિ ૭૫, ૪૩૩.

ન્યાયચન્દ્રિકાકૃત્ ૧૫૧.

ન્યાયનિર્ણય ૩૬૩.

ન્યાયમત ૧૧૫, ૧૧૭, ૧૯૭.

ન્યાયરત્નમાલા ૩૦૦

ન્યાયસુધાકૃત્ ૨૬૭.

ન્યાયૈકદેશિમત ૧૧૧.

પઞ્ચપાદિકા( ટીકા ) ૨૦૨, ૨૨૮, ૨૩૨, ૩૭૬, ૪૮૮.

પઞ્ચપાદિકાવિવરણ ૪૮૮ ( જુઓ વિવરણ ).

પઞ્ચીકરણ ૪૭૯.

પદાર્થતત્ત્વનિર્ણયકાર ૫૯.

પારમાર્થિકજીવભેદવાદ ૫૭૯.

પૂર્વમીમાંસાસૂત્ર ૫, ૧૩, ૨૧, ૩૨૨, ૪૪૦, ૪૬૩.

પૈઙ્ગિરહસ્યબ્રાહ્મણ ૧૭૫.

પ્રકટાર્થકાર ૮, ૧૨૨.

પ્રકટાર્થવિવરણ ૬૫.

પ્રતિબિમ્બસત્યત્વવાદ ૩૩૯.

પ્રતિબિમ્બેશ્વરવાદ ૫૭૮.

પ્રતિબિમ્બેશ્વરવાદિન્ ૮૫.

પ્રશ્ન ઉપ. ૫૨, ૪૭૬.

બૃહદારણ્યકભાષ્ય ૧૦૪.

બૃહદ્ ઉપ. ૩, ૧૪, ૧૬, ૨૫, ૬૫, ૭૨, ૯૦, ૧૦૯, ૧૨૦, ૧૭૨, ૩૯૧, ૩૯૧, ૩૯૨, ૪૦૯, ૪૨૧, ૪૨૩, ૪૩૧, ૪૪૪, ૪૮૮, ૪૯૦. ૪૯૪, ૫૦૮.

બ્રહ્મસિદ્ધિકાર ૫૩૭.

બ્રહ્મસૂત્ર ૩૧, ૪૭, ૫૬, ૬૦, ૮૭, ૧૦૦, ૧૦૧, ૧૨૧, ૧૨૪, ૧૭૨, ૧૭૫, ૩૬૩, ૩૭૦, ૩૮૯, ૩૭૫, ૪૦૫, ૪૧૧, ૪૨૩, ૪૩૬. ૪૩૭, ૪૪૬, ૪૪૯. ૪૫૩, ૪૫૬, ૪૬૬, ૪૬૭, ૪૭૦, ૪૭૬, ૪૮૪, ૫૬૦, ૫૬૪, ૫૬૯, ૫૭૨, ૫૭૫, ૫૭૯, ૫૮૦, ૫૮૩.

બ્રહ્મસૂત્રશાઙ્કરભાષ્ય ૯, ૧૩, ૨૨, ૩૨, ૩૪, ૪૭, ૫૫, ૬૦, ૯૦, ૧૦૯, ૧૨૨, ૧૭૫, ૨૦૨, ૩૪૭, ૩૭૬, ૪૦૫, ૪૨૩, ૪૨૫, ૪૨૮, ૪૫૪, ૪૬૧, ૪૬૩, ૪૬૫, ૫૧૬.

બ્રહ્માનન્દ ૭૯.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભગવત્પાદ ૮૩, ૪૫૪.
ભગવદ્ગીતા ૩૯૨, ૪૧૧, ૪૩૭, ૪૪૪, ૪૭૬.
ભામતી ૬૦, ૨૮૧, ૫૬૯, ૫૭૫.
ભામતીમતાનુવર્તિન્ ૪૨૮.
ભારત ૪૦૧.
ભારતીતીર્થ ૧૨૨, ૩૫૨, ૪૭૬.
ભાષ્યકાર ૧૨૦, ૧૨૪, ૪૭૬, ૫૬૫, ૫૬૯, ૫૭૨, ૫૭૫.
માણ્ડૂક્ય ઉપ. ૭૭, ૭૯, ૮૨.
માયાડવિદ્યાભેદવાદિન્ ૫૨, ૫૪.
યાયાડવિદ્યાડભેદવાદિન્ ૫૫
મીમાંસક ૩૦૩, ૪૪૦.
મુણ્ડક ઉપ. ૧૬, ૧૯, ૩૧, ૪૮, ૫૨, ૫૬, ૧૧૧, ૧૨૪, ૧૬૬, ૧૭૫, ૪૨૧, ૪૮૪, ૪૮૮.
રામાદ્વયાચાર્ય ૩૭૬.
વાચસ્પતિપક્ષાનુસારી ૪૦.
વાચસ્પતિમિશ્ર ૬૩, ૧૨૭, ૧૬૦.
વાર્ત્તિક ૧૦૪, ૨૮૬, ૪૫૮, ૪૬૧, ૪૬૩, ૫૦૮, ૫૧૬.
વાર્ત્તિકકાર ૪૪૫.
વાર્ત્તિકવચનાનુસારી ૩૨.
વિદ્યારણ્યગુરુ ૩૨૪.
વિવરણ ૫૫, ૭૫, ૧૧૮, ૧૨૧, ૧૨૮, ૧૫૪, ૧૫૭, ૧૫૮, ૧૬૨, ૧૮૦, ૧૯૨, ૨૪૫, ૨૮૬, ૩૪૭, ૩૭૬.
વિવરણાનુસારી ૨૨, ૪૮, ૮૭, ૩૧૯, ૪૩૧.
વિવરણોદ્દેશી ૨૪, ૧૩૪.
વિવરણોપન્યાસ ૩૫૨.
વિવર્તવાદ ૫૭, ૪૦૩.
વૃદ્ધ ૨૭૭.
વૈશેષિક ૧૫૭.
શાસ્ત્રદર્પણ ૩૭૦.
શાસ્ત્રદીપિકા ૨૯૯, ૩૦૨.
શ્વેતાશ્વતર ઉપ. ૫૯, ૬૫, ૧૨૪, ૧૬૬, ૧૭૨, ૪૦૯, ૪૨૭, ૫૦૮, ૫૩૦.
સર્વજ્ઞાત્મગુરુ ૫૩૫.
સવિશેષાનેકશારીરૈકજીવવાદ ૧૦૬
સિદ્ધાન્તમુક્તાવલી ૨૭૪.
સૂત્રકૃત્ (૦કાર) ૧૦૧, ૫૬૪, ૫૭૨, ૫૭૫.
સૃષ્ટિદૃષ્ટિવાદ ૩૭૪, ૩૭૮.
સંક્ષેપશારીરક ૩૦, ૩૧, ૪૮, ૬૮, ૨૦૨, ૩૫૪, ૪૪૦, ૫૭૮.
સંક્ષેપશારીરકકૃત્ (૦કાચાર્ય) ૬૨, ૨૬૮.
સંક્ષેપશારીરકાનુસારી ૨૭, ૪૭.

# શુદ્ધિપત્રક

કેટલીક જગ્યાએ ા, િ, ં, ઃ, ે, ૈ, ૅ, જેવાં તદ્દન ઝાંખાં છપાયાં છે, ક્યાંક દેખાતાં પણ નથી આ અને આવી બીજી અશુદ્ધિઓ રહી છે તેમાંથી કેટલીક વાંચવામાં સરળતા રહે તે માટે નીચે દર્શાવી છે.

| પૃષ્ઠ | પંક્તિ | ના સ્થાનમાં વાંચો | શુદ્ધ |
|---|---|---|---|
| ૧ | ૯ | नानाविधा... | नानाविधा दर्शिताः |
| ૨ | ૨૮ | व्युपत्ति... | व्युत्पत्तिः प्रत्य |
| ૨ | ૨૯ | सा... | सा चानवस्थिता |
| ૨૧ | ૮ | ० व्युत्पत्तिमा द्यात् | ० व्युत्पत्तिमान्द्यात् |
| ૨૨ | ૨૨ | तन्मूलक .. | तन्मूलकल्पसूत्रात्मीय० |
| ૭૨ | ૨૭ | अरेऽष्यमात्मा | अरेऽयमात्मा |
| ૯૬ | ૨૧ | ०वर्तिनश्चतन्यस्य | ०वर्तिनश्चैतन्यस्य |
| ૧૫૩ | ૨૮ | जानामि' ति | जानामि' इति |
| ૧૬૯ | ૩૦ | ०न्नर्तकी- | ०न्नर्तकी- |
| ૧૭૦ | ૩ | साक्षी ब्रह्मकोटिरपि | साक्षी न ब्रह्मकोटिरपि |
| ૧૭૫ | ૬ | ति मन्त्रः | इति मन्त्रः |
| ૧૮૮ | ૧૭ | મલિતતાના | મલિનતાના |
| ૧૮૯ | ૧૫ | પ્રશ્ય | પ્રશ્ન |
| ૨૦૦ | ૨૧ | प्रमास्त्ववच्च | प्रमात्ववच्च |
| ૨૪૦ | ૧૬ | तस्या दम० | तस्या इदम० |
| ૨૪૯ | ૯ | 'यदज्ञान | 'यद्भुतानं |
| ૨૫૧ | ૫ | सन्निकर्ष | सन्निकर्षं |
| ૨૫૩ | ૧૦ | तदशे | तदंशे |
| ૨૬૨ | ૯ | न्द्रिया न्वय- | इन्द्रियान्वय- |
| ૨૭૭ | ૬ | वायु | वायुं |
| ૨૯૯ | ૨૮ | तत्तनैमित्तिक- | तत्तन्नैमित्तिक- |
| ૩૦૩ | ૩૨ | व्याप्य | व्याप्यं |
| ૩૧૯ | ૧૧ | ભેદ સંભવતો હોવાથી | ભેદનો અધ્યાસ સંભવતો હોવાથી |
| ૩૨૧ | ૧૮ | ०त्तदन्तगमनेना० | ०त्तदन्तर्गमनेना० |
| ૩૩૦ | ૧૫ | ०न्यायन | ०न्यायेन |
| ૩૩૫ | ૧૮ | व्यर्थ | व्यर्थं |
| ૩૪૮ | ૨૦ | ०सिद्धः | ०सिद्धेः |
| ૩૭૦ | ૩૦ | મૃષ્ટિ | સષ્ટિ |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| પૃષ્ઠ | પંક્તિ | ના સ્થાનમાં વાંચો | શુદ્ધ |
|---|---|---|---|
| ३७४ | २२ | रो न्त | रोचयन्ते |
| ३८५ | ५ | ०स्वभाव | ०स्वभावं |
| ४०८ | १७ | श्रुत्यनुराधा० | श्रुत्यनुरोधा० |
| ४०९ | २५ | यागिनां | योगिनां |
| ४१२ | २६ | पट | पटं |
| ४३७ | १२ | ०यज्ञाद्यत्पादित० | ०यज्ञाद्युत्पादित० |
| ४४९ | २२ | स्मृतरापातताऽपि | स्मृतेरापाततोऽपि |
| ४५६ | २४ | सन्न्य स्य | सन्न्यासस्य |
| ४५६ | २७ | सन्न्या... | सन्न्यासापूर्वनिवर्त्यमिति कर्मव० |
| ४५६ | २८ | तदु योग | तदुपयोगः |
| ४७६ | १४ | निगुणोपास्तेः | निर्गुणोपास्तेः |
| ४७८ | २१ | ०वेद्यत्वश्रति० | ०वेद्यत्वश्रुति० |
| ४८८ | १४ | काम तुर० | कामातुर० |
| ४८९ | ३० | जीव मुत्ति० | जीवन्मुक्ति० |
| ४९० | ९ | पराकर्तु | पराकर्तुं |
| ४९२ | ७ | ०ज्ञान विना | ज्ञानं विना |
| ५०६ | ६ | संसर्गगोचर० | संसर्गागोचर० |
| ५०७ | ६ | असंसर्ग विषयक | संसर्गाविषयक |
| ५२६ | २६ | जन्यत्वऽ– | जन्यत्वेऽ– |
| ५२७ | ३ | मूल ज्ञाना० | मूलाज्ञाना० |
| ५६४ | ७ | विमृत्युविशोको | विमृत्युर्विशोको |
| ५६४ | १७ | सम्प्रसाद्धो | सम्प्रसादो |
| ५६४ | २५ | सांसारिका स्थाभेद० | सांसारिकावस्थाभेद० |
| ५७८ | २२ | संक्षेपशारीरकाक्त....त्व | संक्षेपशारीरकोक्त...त्वं |
| ५८० | २ | ब्रह्मत्व नर्देश० | ब्रह्मत्वनिर्देश० |
| ५८१ | २४ | बन्धमुक्त्यास्तिरो० | बन्धमुक्त्योस्तिरो० |
| ५८१ | ३१ | यात्किञ्चिदथगोचरः | यत्किञ्चिदर्थगोचरः |
| ५८१ | ३२ | ०च्यत | च्यते |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org